શ્રીસ્વામિનારાયણીય

સંત આખ્યાન

ભાગ-૧



શ્રીસ્વામિનારાયણીય
સંતઆખ્યાન

ભાગ-૧

શ્રીસ્વામિનારાયણીય
સંતઆખ્યાન

લેખક	:	પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)
પ્રકાશક	:	શ્રીસ્વામિનારાયણ મંદિર, કુંડળધામ તથા શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ-વડોદરા © સર્વ હક્ક પ્રકાશકને આધીન
પ્રકાશન તિથિ	:	સં.૨૦૬૮, નૂતન વર્ષ; તા.૨૭/૧૦/૨૦૧૧
આવૃત્તિ	:	પહેલી
કુલ પ્રત	:	૬,૦૦૦
પડતર કિંમત	:	₹ ૧૧૦/-
ISBN	:	978-93-83456-08-6

: પ્રાપ્તિસ્થાન :

- કુંડળ : શ્રીસ્વામિનારાયણ મંદિર મો.૯૬૦૧૨ ૯૦૦૦૧
- વડોદરા : શ્રીસ્વામિનારાયણ મંદિર, કારેલીબાગ મો.૯૬૦૧૨ ૯૦૦૦૫
  Website : www.swaminarayanbhagwan.com
  Email : karelibaug@gmail.com
- વડતાલ : શ્રીજી સાહિત્ય મહિમા કેન્દ્ર, 'કાનજીભુવન' દુકાન નં.૧૮
  શ્રીસ્વા.મંદિર સામે, મેઈન બજાર. મો. ૯૬૦૧૨ ૯૨૪૦૦
- મુંબઈ : શ્રીસ્વામિનારાયણ મંદિર દહીંસર(ઈસ્ટ), ભરૂચા રોડ,
  ભાટલાદેવી મંદિરની સામે. મો.૯૮૩૩૩ ૨૮૫૨૩
- સુરત : શ્રીસ્વામિનારાયણ મંદિર, 'મૂર્તિબાગ' સમસ્ત પાટીદાર
  સમાજની વાડીની સામે, વેડ રોડ. મો.૯૬૦૧૨ ૯૧૨૫૨

।। श्रीस्वामिनारायणो विजयतेतराम् ।।

સપ્રેમ ભેટ

સુજ્ઞ સ્નેહી શ્રી..

ગામ .... **તા.**.............................. **જિ.** ....

જેમાં લખાયેલા સંતોનાં આખ્યાનો આપણા જીવનમાં પગલે પગલે પ્રકાશ પાથરે છે, જીવન જીવવાની નવી દિશા, નવો ઉત્સાહ અને નવી ચેતના જગાવે છે. એવા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનના અતિ પ્યારા પાંચ પરમહંસોના જીવનકવન આધારિત આ **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ભાગ-૧ ગ્રંથ આપની આધ્યાત્મિક ઉન્નતિ, ધ્યેયશુદ્ધિ, સમજણશુદ્ધિ, જીવનશુદ્ધિ અને આંતરિક સુખ-શાંતિ માટે અતિ ઉપયોગી બની રહેશે. એવી શુભેચ્છા સાથે આ પુસ્તક સપ્રેમ ભેટ કરું છું.

આપનો સ્નેહી

....

તારીખ ....

સૌજન્ય

જેમની મુમુક્ષુતા અનેકને માટે આદર્શરૂપ છે. જેઓને સાચા સંત મળ્યા ત્યારથી તેમના જીવનમાં ક્યારેય ઓટ આવી નથી. સદા ચડતો ને ચડતો રંગ રહ્યો છે. જેમને કથા-વાર્તા અને સત્સંગમાં ખૂબ જ પ્રીતિ છે. જેમની સમજણ, સમર્પણભાવ, નિર્માનીતા, સંતસેવામાં શ્રદ્ધા, સંતો-ભક્તોમાં દિવ્યભાવ, ઉદારતા, નિષ્કામભક્તિ અને સર્વોપરી નિષ્ઠા જેવા અનેક સદ્‌ગુણો સદા અમારા હૈયાને સ્પર્શે છે. એવા **સત્સંગપ્રેમી, સેવાભાવી પ.ભ.શ્રીમહેશભાઈ પુરુષોતમભાઈ અને તેમના પુત્ર મેહુલ તથા મિતેષ આદિ પરિવારે** (લેકજેક્શન - USA) આ **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ગ્રંથ પ્રકાશનની આર્થિક સેવા સસ્નેહ સ્વીકારી છે.

આ સેવાથી સર્વાવતારી શ્રીહરિ, સર્વે મુક્તો તથા સર્વ સંતો-ભક્તો તેમના ઉપર ખૂબ જ રાજી થઈ તેમને તથા તેમના પરિવારને શ્રીહરિનું યથાર્થ જ્ઞાન અને પરાભક્તિ આપે; એવી અમે અતિ રાજી થઈને શ્રીહરિના ચરણોમાં પ્રાર્થના કરીએ છીએ.

લિ. સ્વામી જ્ઞાનજીવનદાસ
કુંડળધામ

પ્રસ્તાવના

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન નવયુગના પ્રભાતના સૂર્ય સમાન હતા, તો તેમની સાથે ફરનારા અને તેમની અલૌકિક પ્રભાને જાણનારા-માણનારા શ્રીહરિના પરમહંસો તેમની દિવ્ય નક્ષત્રમાળા સમાન હતા. આ નક્ષત્રમાળાનો એક એક ચળકતો ચાંદ એટલે **સર્વાવતારી શ્રીહરિના પ્યારા પરમહંસ.**

આ પરમહંસો શ્રીહરિનું સામર્થ્ય અને સદ્‌ગુણો જોઈને ખેંચાયા. પ્રથમ દર્શને જ મોહી ગયા અને તેમને અર્પાઈ ગયા. પછી તો આજીવન શ્રીહરિની મરજીના મરજીવા બનીને જીવ્યા, શ્રીહરિની સર્વોપરી ઉપાસના તથા આજ્ઞામાં પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી નાખ્યું.

આવા વિરલ સંતોએ પોતાના જીવનથી અનેકને જીવનઘડતરની અનુપમ પ્રેરણા આપી છે. ધર્મનિષ્ઠા, સ્વરૂપનિષ્ઠા, આજ્ઞા અને ઉપાસનાની તમામ સંતો તથા સત્સંગીઓમાં શાન વધારી છે. સંતોના જીવન માત્ર કથા કે કોઈ કલ્પનાનો વૈભવ નથી; પરંતુ એક અલૌકિક ઈતિહાસ છે, અનુભવના ખજાનારૂપ છે. તેમના જીવનના એક એક પ્રસંગો આપણા જીવનને ઉજાળવા પ્રતિનિધિત્વ પૂરું પાડે છે. એટલે જ તે બધા પ્રસંગો આપણા અંતરને સ્પર્શતા હોય અને કોઈ ને કોઈ રીતે પ્રેરણાનાં ઝરણાં વહાવતાં હોય એવું તેમના જીવન વાંચતા અનુભવાય છે.

દેહભાવના ભૂક્કા કરી બ્રહ્મરૂપે વર્તનારા આ પરમહંસોએ સંઘર્ષની ઝંઝાવાતમાં શાંતિનાં બીજ રોપ્યાં છે. જીવતરનું પૂરું મૂલ્ય વસુલ કરવા હરપળ સાવધાનીમાં જીવ્યા છે. આ સંતોને શ્રીહરિની કોઈ પણ આજ્ઞા માતાની ગોદ કરતાં પણ સવાઈ હુંફાળી અનુભવાતી. **શ્રીહરિની પ્રસન્નતા એ જ એમના જીવનની સાચી પ્રાપ્તિ હતી. પ્રભુના પ્રેમભર્યા સાનિધ્યને જાણવું-માણવું એ જ એમની જીજ્ઞાસાની ચરમ સીમા હતી. શ્રીહરિની સર્વોપરી ઉપાસનાનું દઢ બળ, એકાંતિક ધર્મની ધારણા, સેવા, સમર્પણ, નિયમોની દઢતા, અખંડ જાગૃતિ, નિર્માનીતા અને આત્મા-પરમાત્માના આનંદમાં નિમગ્ન રહેવા જેવા**

અનેક સદ્‌ગુણોનો સંદેશ આ પરમહંસોએ પોતાના જીવન દ્વારા આપણને આપ્યો છે. સંપ્રદાયના આ વિરલ સંતોના જીવનપ્રસંગોમાં ચૈતન્યની શાશ્વત સુગંધ અને બ્રહ્મરસનો અનુપમ આસ્વાદ ઘોળાય છે. આ સંતોના જીવન આપણને ભવસાગરમાંથી મુક્ત કરી ભગવાનને ભેટાડે એવા અસરકારક છે.

એટલે જ અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી (કુંડળધામ) એ શ્રીહરિ તથા મોટા સંતો-ભક્તોની પ્રસન્નતાર્થે આવા અનેક આખ્યાનોનો ગ્રંથ બનાવી તેને સત્સંગમાં પ્રકાશિત કરવાનો ઘણો બધો પ્રયાસ કર્યો છે. અને આ ગ્રંથનું **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** એવું સાર્થક નામાભિધાન કરેલ છે. તેમાં આ પ્રથમ ભાગમાં (૧) **સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી,** (૨) **સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી(મોટા),** (૩) **સદ્.શ્રીશુકાનંદસ્વામી,** (૪) **સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી** તથા (૫) **સદ્.શ્રીઆધારાનંદ(સિદ્ધાનંદ)સ્વામી** – આ પાંચ પરમહંસોના જીવનનો સમાવેશ કર્યો છે.

આ પાંચ મહાસંતોમાં કોઈ દ્વારા શ્રીહરિએ ઐશ્વર્ય વહાવ્યું છે, અન્યને પરચાઓ પૂર્યા છે તો કોઈ દ્વારા પરચા ન પણ પૂર્યા હોય; પરંતુ સંત દ્વારા પરચા થાય એમાં જ તેનું સંતત્વ સમાયેલું નથી. નરસિંહ મહેતાને જેલમાં હાર ન મળ્યો હોત તો..? અથવા પિતાનું શ્રાદ્ધ કરવા પ્રભુ ન પધાર્યા હોત તો શું ! નરસિંહ મહેતાની ભક્તિમાં ન્યૂનતા ગણાત..? કદાચ મીરાના ઝેરના કટોરા અમૃતમય ન બન્યા હોત તો શું ! પરમેશ્વરનું અસ્તિત્વ અને મીરાનું સતિત્વ શું ખોટું પડત..? ના, હરગીજ નહીં. એ જ રીતે આ ગ્રંથમાં લખાયેલા કોઈ સંત દ્વારા શ્રીહરિએ પરચા ન પૂર્યા હોય તેથી તે નાના છે એવું મૂલ્યાંકન ક્યારેય ન કરવું. કેમ જે, આ સંતોની મહાનતા એમના સદ્‌ગુણોથી, સર્વોત્તમ ધ્યેયથી, સર્વોપરી ઉપાસનાથી, શુદ્ધ સમજણથી અને સામર્થી હોવા છતાં નમ્રતાના નિધિ બનીને જીવ્યા તેમાં છે. અને તેવા સદ્‌ગુણો કે સમજણ જ આપણી સંસ્કૃતિના આધારસ્તંભ છે.

માટે આપણી સંસ્કૃતિને, સમજણને તથા સત્સંગને કાયમ જાળવી રાખવા હોય તો શ્રીહરિ તથા મોટા સંતોને પ્રસન્ન કરવા માટે પોતાનું આત્મસુદ્ધા સર્વસ્વ સમર્પણ કરનારા એવાં સંતો-ભક્તોનાં આખ્યાનો અતિ આવશ્યક, ઉપયોગી અને પ્રેરણાદાયક છે. તત્ત્વચિંતકો કહે છે કે, 'કોઈ

પણ સંપ્રદાય, સંસ્કૃતિ કે જાતિને પૃથ્વી ઉપરથી ભૂંસી નાખવી હોય તો પહેલાં તેનો ઈતિહાસ ભૂંસી નાખો; એટલે તે આપોઆપ અદશ્ય થઈ જશે.' આ વાક્ય વિચારતાં સ્પષ્ટ સમજાય છે કે, **'સત્સંગના અણમોલ વારસાને જીવંત રાખવા માટે આપણો સાચો ઈતિહાસ અને સંતો-ભક્તોનાં આખ્યાનો ચેતનવંતી પાઠશાળાની ગરજ સારે એવા છે.'**

દરેક વ્યક્તિએ પોતે જે બનવું છે તેનો શ્રેષ્ઠ આદર્શ નજર સમક્ષ રાખવો અતિ આવશ્યક છે. જો તે આદર્શને ધ્યાનમાં રાખીને સંપૂર્ણ જીવન જીવાય તો સહેજે સિદ્ધિ થાય. જેમ વર્ષો સુધી ડૉક્ટરનું ભણેલા વ્યક્તિને પણ લાયસન્સ આપતા પહેલા અનુભવી ડૉક્ટર નીચે પ્રેક્ટિકલ અનુભવ લેવાનું કામ ફરજિયાત કરાવવામાં આવે છે. એ જ રીતે આ આખ્યાનોના દરેક પાત્રો મુમુક્ષુઓનો એક પરમ આદર્શ છે. એટલે જ **આમાં લખાયેલા પાંચ મહામુક્તોનાં આખ્યાનો મુમુક્ષુને અવનીથી અક્ષરધામ સુધી પહોંચાડનારા સેતુ સમાન છે.** સ્વામીશ્રીએ આ આખ્યાનોની એવી સુંદર ઘટમાળા ગૂંથી છે કે ઘણીવાર તો વાંચતાં વાંચતાં આપણે તેમાં ખોવાઈ જઈએ છીએ. વળી, ચોટદાર સંવાદો દ્વારા **લેખકશ્રીએ આ ગ્રંથને ચેતનવંતો બનાવ્યો છે.**

તદુપરાંત કોઈ આખ્યાનોના પ્રારંભે કે કોઈ અતિ મહત્ત્વના પ્રેરક પ્રસંગે **પૂ.સ્વામીશ્રીએ નિજઅનુભવના નિચોડરૂપે ઉચ્ચત્તમ સમજણ કે ઉપદેશની સરવાણી વહાવી છે. માટે આ ગ્રંથનો લાભ લેનારા મુમુક્ષુઓને આધ્યાત્મિક માર્ગે ચાલવામાં ખૂબ જ ફાયદો થશે.**

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા **કારેલીબાગ-વડોદરા** દ્વારા આ **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ભાગ-૧ પ્રકાશિત થઈ રહ્યો છે. આ સાહિત્યસેવાથી શ્રીહરિ તથા સત્સંગપ્રેમી સર્વે નાના-મોટા સંતો-ભક્તો અમારા ઉપર પ્રસન્ન થાય, એવી અભ્યર્થના સહ...

– સાધુ ઈશ્વરચરદાસ

ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

ગ્રંથ વિશે બે બોલ...

સત્ય સદા અમર છે. અસત્યની આયુષ્ય અલ્પ છે. નક્કર સત્ય અને સાચા પ્રસંગો જ ભણેલ કે અભણ, બુદ્ધિજીવી કે અલ્પબુદ્ધિ, સાંપ્રદાયિક કે બિનસાંપ્રદાયિક તમામ વ્યક્તિઓના જીવનમાં નવચેતના જગાવવાનું ઓક્સિજન પૂરું પાડે છે. તેથી જ અમારા ગુરુવર્ય હંમેશા સત્યના આગ્રહી રહ્યા છે. ગાંધીજી પણ કહેતા કે, 'મેં હરિશ્ચંદ્ર રાજાનું આખ્યાન એકવાર જોયું છે. પરંતુ તેને હૈયામાં હજારવાર ભજવ્યું છે. તેથી હું ક્યારેય સત્યના પંથથી ચલિત થયો નથી.'

આવા પ્રસંગો કે આખ્યાનોને યથાર્થ ન્યાય આપવા માટે તેમણે ઘણા સાંપ્રદાયિક ગ્રંથો, તેમજ જે તે સંતોની શિષ્ય પરંપરાના સંતો, તેમની પૂર્વાશ્રમની કુળપરંપરાની વ્યક્તિઓ, તે તે ગામના તથા નાતના માણસો અને તેના બારોટોની મુલાકાત લીધી અને અન્ય પાસે લેવડાવી છે. આમ આ સંતોના જીવન વિશેની સાચી જાણકારી મેળવવા માટે તેમણે પૂરતો પ્રયાસ કર્યો છે. આ રીતે ઘણું કાળજીપૂર્વક સંશોધન કરીને પછી જ તેઓ કથા પ્રસંગોમાં પણ જે તે સંતો-ભક્તોના જીવન પ્રસંગોની રજૂઆત કરે છે. તેથી તે સર્વે પ્રસંગો તમામ સંતો-ભક્તો માટે અતિ ચેતનવંતા અને માર્ગદર્શક બની રહે છે.

એટલે જ ઘણા સંતો-ભક્તોએ અમારા ગુરુજીને વિનંતિ કરી કે, "આપ આવા સંતો-ભક્તોનાં આખ્યાનનો સુંદર ગ્રંથ તૈયાર કરો તો સારું. કેમ જે, આ આખ્યાનોની તમે જ્યારે અમને પ્રસંગોપાત્ કથાઓમાં, રવિસભાઓમાં વાતો કરી છે ત્યારે અમને સર્વને અતિશય બળ મળ્યું છે. જો આ બધી વાતો ગ્રંથસ્થ થાય તો કાયમ માટે તે સત્ય હકીકત સચવાઈ રહે તથા પરંપરામાં પણ સર્વને બળ પોષતી રહે અને વિકૃત થતી અટકે." આવી સંતો-ભક્તોની લાગણી અને માગણીને માન આપી એવા સંતોનાં જીવનકવનનું સંશોધન કરીને અમારા ગુરુજી પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)એ આ ગ્રંથ લખવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. અને **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** આવું નામાભિધાન કર્યું છે.

ગ્રંથ વિશે બે બોલ...

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની અંતઃપ્રેરિત સ્ફૂરણા અને કૃપાથી અમારા ગુરુજી આ પ્રકારની આદર્શ સત્સંગ સાહિત્યની સેવા કરવામાં પ્રેરાયા છે. તેઓ અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ગ્રંથ લખવામાં તેમણે સમય ફાળવીને, દિલ રેડીને મહેનત કરી છે. તથા આજના જમાનાની માંગને સમજીને સંગીતમય શૈલીમાં પણ આની કથા કરી શકાય એવા હેતુથી આ સંતઆખ્યાનોને અનુરૂપ કેટલાક નૂતન દોહા-ચોપાઈઓ કે સોરઠા જેવા પદ્યો રચી આ ગ્રંથને અનુપમ ઓપ આપ્યો છે. તેમાં જે સંખ્યાના ક્રમનંબરવાળા દોહાદિક છે તે અમારા ગુરુજીની રચના છે અને નંબર વિનાના દોહાદિક છે તે જે તે ગ્રંથકર્તાઓની રચના છે તે ઉપયોગી હોય પ્રમાણરૂપે જે તે સ્થળે મૂક્યા છે. અને તેનો સંદર્ભ ત્યાં જ ટૂંકમાં દર્શાવ્યો છે. અને તેની સંકેત સૂચિ તથા આ ગ્રંથમાં જે જે ગ્રંથોના સંદર્ભ ટાંક્યા છે તે સંદર્ભ સૂચિ આ ગ્રંથના પાછળના પેજ ઉપર આપેલ છે.

આ આખ્યાનોના પ્રત્યેક પ્રસંગના આપણે પણ એક પાત્ર બનીને જો તેને વાંચીએ કે સાંભળીએ તો ખરેખર જે તે પાત્ર સમાન આપણને પણ આધ્યાત્મિક ઊંચાઈએ પહોંચાડે તેવો સુંદર આ ગ્રંથ છે. જેમ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ વાંચીને રઘુવીરજી મહારાજે કહેલું કે, 'આમાંથી મારે માટે ઘણા અધ્યાયો નવીનના નવીન રહે છે.' તેમ જ આ ગ્રંથ વાંચતા સર્વે સંતો-ભક્તો અને ઈતિહાસના અભ્યાસુઓને પણ ઘણા પ્રકરણો નવીનના નવીન બની રહે એવો આ અદ્ભુત ગ્રંથ છે. અંતમાં આ ગ્રંથમાં લખાયેલા મહામુક્ત સંતો જેવા સદ્ગુણો, સમજણ અને જીવન આપણું પણ બની રહે એવી શ્રીહરિ તથા સહુ સંતોના પાવનકારી ચરણોમાં પ્રાર્થના સહ...

– સાધુ કૃષ્ણપ્રિયદાસ

ગુરુ : પ.પૂ.સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી(કુંડળધામ)

સમર્પણ

જેમણે સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની મને સાચી ઓળખાણ આપી. મારા અંતરમાં ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ આદિક સદ્‌ગુણોનું અનુપમ વાવેતર કર્યું. જેમનું જીવન જ મારા માટે સર્વોત્તમ બળ પ્રેરક બની રહ્યું છે. વળી, જેમણે મારા પર અકારણ કરુણા વહાવી રૂડા આશીર્વાદ આપ્યા અને મારા દોષો કાપ્યા છે. એવા મહાનિષ્કામી, પંચવર્તમાને પૂરા-શૂરા, તપસ્વી, ધ્યાની અને વડતાલધામના મહાસંત, **મહાભજનાનંદી અમારા ગુરુદેવ પ.પૂ.સદ્.શ્રીરાધારમણદાસજીસ્વામી(ખાનદેશી) ના વરદ કરકમળોમાં આ ગ્રંથરૂપી પુષ્પાંજલી અર્પણ કરી હું ધન્યતા અનુભવું છું.**

લિ.સેવક સ્વામી જ્ઞાનજીવનદાસના

અનંત પ્રણામ સહ જય શ્રીસ્વામિનારાયણ

અનુક્રમણિકા

પ્રકરણ-૧

સિદ્ધયોગી સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૨

ધ્યાનમૂર્તિ સદ્‌ગુરુ શ્રીનૃસિંહાનંદસ્વામી(મોટા)નું આખ્યાન

પ્રકરણ-૩


દાસત્વમૂર્તિ સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીનું આખ્યાન

INDEX

પ્રકરણ-૪

વચનમૂર્તિ સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૫
સદ્‌ગુણમૂર્તિ સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનું આખ્યાન



શ્રીસ્વામિનારાયણીય

સંતઆખ્યાન

૧ સિદ્ધયોગી

સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીનું

આખ્યાન

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

સિદ્ધયોગી
સદ્. શ્રીસ્વરૂપાનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૧

અધ્યાય-૧
મંગલાચરણ તથા વંદના

દોહા : મહા મનોહર મૂર્તિ, સ્વામી સહજાનંદ;
અખંડ મારા અંતરે, આપો છો આનંદ...૦૧

સર્વોપરી છો શ્રીહરિ, સર્વનું છો કારણ;
સર્વેશ્વર સુખદ શામળા, પ્યારા સ્વામિનારાયણ...૦૨

મુજ આત્માના આત્મા, પ્રાણનાય પ્રાણ નાથ;
સર્વાત્મા સર્વાધાર હરિ, સદા રહ્યા સંગાથ...૦૩

મુજ નેત્રના નેત્ર છો, કર્ણના છો વળી કાન;
હૈયાની ધડકન શ્રીહરિ, સર્વોપરી ભગવાન...૦૪

હાથમાં હાથ રૂપે રહો, પગમાં રહો પગરૂપ;
મુજ ચૈતન્યમાં સદા રહી, સુખડાં આપો અનુપ...૦૫

આવા મોટા વાલમાં, કરું વંદન વારંવાર;
તમારા મુક્ત સંતના, ગુણ ગાવું કરી પ્યાર...૦૬

સ્વામી સ્વરૂપાનંદનું, રૂડું લખું આખ્યાન;
'જ્ઞાન' ગુણ ગાતાં સંતના, રીઝે સદા ભગવાન...૦૭

સ્વરૂપાનંદ સદા રહે, હરિના સ્વરૂપે સમાય;
બ્રહ્મખુમારીમાં ફરે, ક્રિયા કરે સદાય...૦૮

આવું આખ્યાન સુણતાં, હરિ મહિમા સમજાય;
પ્રેમ વધે પ્રગટ પ્રભુમાં, મન નિર્મળ થઈ જાય...૦૯

વહાલા ભક્તો ! મહામુક્ત શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાંથી આપણે બહુ જાણવા જેવું અને માણવા જેવું છે. સ્વામીના એક એક પ્રસંગ અનુપમ છે. શ્રીહરિમાં હેત વધારે, આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરાવે અને સમજી-વિચારીને જીવનમાં ઉતારીએ તો છતાં દેહે 'હું મુક્ત છું' આવી સ્થિતિ પ્રાપ્ત કરાવે એવા છે. આવા મહા સંતની વંદના કરતાં વાઘજીભગત 'પુરુષોત્તમચરિત્રપુષ્પમાળા'માં કહે છે,

શાર્દુલ૦ : **જેણે આ જગમાં જરા ન નીરખ્યું, શ્રીજી વિના સ્વપ્નમાં,**
જાતાં દેશવિદેશમાં વિચરવા, વૃત્તિ રહે મૂર્તિમાં;
જેના વાયુ વડે વિકાર વિરમે, પામે પ્રભુને વળી,
એવા સ્વામી સ્વરૂપાનંદ ચરણે, સ્તુતિ કરું છું લળી.

જેણે સર્વાવતારી સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન સિવાય બીજું સ્વપ્નમાં પણ અનુભવ્યું નથી, અર્થાત્ જે અખંડ ભગવાનની મૂર્તિમાં જ રમનારા હતા; **શ્રીહરિમાં જ જેને સુખબુદ્ધિ, હેતબુદ્ધિ, મમત્વબુદ્ધિ અને આત્મબુદ્ધિ થયેલી હતી અને જ્યાં જુએ ત્યાં જેને એક શ્રીહરિ જ દેખાતા હતા; એવા આ અક્ષરધામના મુક્તરાજ સંત હતા.** જેમ ભગવાન અનંત જીવોના ઉદ્ધાર માટે અવતાર ધારણ કરી લીલાઓ કરે છે, તેમ જ આવા મોટા સંતો પણ અવની ઉપર આવી માત્ર બીજા જીવના હિત માટે મનુષ્યલીલા કરે છે.

જેમ શ્રીહરિએ સગાંમાંથી સ્નેહ તોડ્યો, ઘર છોડ્યું, વનમાં જઈ તપ કર્યું, ગુરુદેવ રામાનંદસ્વામીને મળ્યા, **'પ્રગટ પ્રભુનાં મને અખંડ દર્શન થાય'** એવી પ્રાર્થના કરી વગેરે નાટકવત્ લીલા બતાવી; તેમજ

મોટા પુરુષો પણ મનુષ્ય અવતાર ધરે ત્યારે અનેકને પરમેશ્વરની પ્રાપ્તિનો પંથ બતાવવા ગૃહત્યાગ વગેરે અનુકરણ કરે છે. સ્વામી દેશમાં હોય કે વિદેશમાં હોય, મંદિરમાં હોય કે વગડામાં, સૂતા હોય કે જાગતા હોય, ખાતા હોય કે પીતા હોય, ગમે તે દૈહિક ક્રિયા કરતા હોય પરંતુ તેમની આંતરિક વૃત્તિ એક જ કામ કરતી, શું..? તો અખંડ સર્વાવતારી શ્રીહરિની સાથે એકમેક રહેવું. મહારાજનું મહાસુખ માણવું. જેમ ધરતીના રસને ચૂસીને ઝાડવાં લીલાં રહે છે, તેમ **સ્વરૂપાનંદસ્વામીનાં ઈન્દ્રિયો-અંતઃકરણ મહારાજની મૂર્તિમાં સંલગ્ન રહી, અખંડ એનો જ આનંદ લીધાં કરતાં; મૂર્તિનું સુખ જ ભોગવ્યાં કરતાં; અખંડ શ્રીહરિની મૂર્તિમાં જ રમમાણ રહેતાં હતાં.**

સ્વામિનારાયણ ભગવાનનું અખંડ સ્મરણ, અખંડ દિવ્યદર્શન અને અખંડ શ્રીહરિનાં કથા-કીર્તનોનો આનંદ માણવો - એ જ એમના આત્માનો ખોરાક બની ગયો હતો. જેમ દેહાભિમાની જીવની વૃત્તિઓ દેહાકારે વર્તે છે, તેમ **સ્વરૂપાનંદસ્વામીની વૃત્તિઓ શ્રીહરિના આકારે વર્તતી હતી. તે દેહધારી નહિ મૂર્તિધારી સંત હતા.** તેમણે પોતાનું અહં જડ દેહ અને દુનિયામાંથી બદલીને ચૈતન્યમૂર્તિ શ્રીહરિમાં એકાકાર કર્યું હતું. અને તેથી જ શ્રીહરિની દિવ્યમૂર્તિના ધ્યાનનો મહાઆનંદ પામ્યા હતા. એટલે તેમને દેહ અને દુનિયાનાં સુખો નરકના ઢગલા જેવાં લાગતાં હતાં. પંચવિષયનાં સુખો મળ-મૂત્ર જેવાં તુચ્છ જણાતાં હતાં.

શ્રીહરિ વચ.વડતાલના ઓગણીસમાં સાચા ભક્તની ઓળખાણ આપતાં કહે છે કે, "**જે ભગવાનનો ભક્ત હોય તે તો જે જે મનોરથને કરે તે સર્વે સત્ય થાય છે.** માટે ભગવાન વિના બીજા પદાર્થને અણસમજણે કરીને જે ઈચ્છે છે, એ જ એને મોટો અવિવેક છે. અને જે ભગવાનનો ભક્ત હોય તેને તો ચૌદ લોકનાં જે ભોગ-સુખ છે, તેને કાકવિષ્ટા તુલ્ય જાણ્યાં જોઈએ અને મન-કર્મ-વચને કરીને ભગવાન ને

ભગવાનના ભક્તને વિશે જ દૃઢ પ્રીતિ કરી જોઈએ." શ્રીહરિ ભક્તને માટે ચૌદલોકનાં સુખ કાકવિષ્ટા તુલ્ય કહે છે. વિષયસુખની મૂલવણી કેટલી તુચ્છ વસ્તુ સાથે કરી ? વિષયસુખને વિષ્ટાની પણ વિષ્ટા જેવાં માને, તે જ સાચો ભક્ત છે.

મૂર્તિનો આનંદ એ જ આપણો સાચો આનંદ છે, બાકી બધા ઉછીના આનંદ છે. જ્યારે મૂર્તિના મહાઆનંદમાં દૃષ્ટિ પહોંચે ત્યારે જ અનંતકોટિ બ્રહ્માંડનાં સુખ રાખનાં પડીકાં જેવાં લાગે છે, નરકના કુંડ જેવાં ભાસે છે. **સ્વરૂપાનંદસ્વામીના અંતરમાં તો સહજાનંદસ્વામી એ જ સાચો આનંદ હતો. મહારાજની મંગલમય મૂર્તિના સ્મરણનું, ચિંતનનું, તેમની કથા-વાર્તાનું સ્વામી અખંડ મહાસુખ ભોગવતા.** અને તેથી જ સ્વામીના અંગને અડેલો વાયુ બીજાને અડે તો તેના પણ વિકારો વિરામ પામી જતા; અર્થાત્ સ્વામી જેવા વિરલ સંત ઉપરવાસ બેઠા હોય અને તેના શરીરને સ્પર્શેલો પવન આપણા શરીરને અડે તો આપણા વિકારો નાશ પામી જાય, વાસના ટળી જાય, આપણી વૃત્તિઓ હરિની મૂર્તિમાં વળી જાય, જીવ ભગવાનને પામી જાય. આવો આ સંતનો મહાન પ્રતાપ છે. માટે સ્વરૂપાનંદસ્વામીનાં પાવન ચરણોમાં લળી લળીને વારંવાર વંદના કરું છું.

આવા વિરલ સંતના સદ્‌ગુણો ગાતાં **શતાનંદસ્વામી સ.જી. પ્ર.૧/૧માં કહે છે,**

ब्रह्मर्षिः सुव्रतस्तत्र भक्त आसीद्धरेर्महान् ।।
स्वधर्मज्ञानवैराग्यशान्त्यादिगुणमण्डितः ।।२४।।

સુવ્રતમુનિ ઉર્ફે સ્વરૂપાનંદસ્વામી કેવા સંત હતા ? તો ભગવાનના મહાન ભક્ત હતા. દુનિયામાં મોટામાં મોટી પદવી ભક્તપણું છે. શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ વાત ભગવાનના ભક્ત થાવું તે છે. જેનામાં ભગવાનની ભક્તિ નથી તે ગમે તેવો ડૉક્ટર હોય એન્જિનિયર હોય, ભણેલો

હોય, વિદ્વાન હોય તોપણ અંતે અધોગતિને પામે છે. ભક્તિરૂપી એક ગુણ જ એવો છે કે જે સર્વ ગુણોને સાર્થક કરે છે. જો ભગવાનમાં ભક્તિ ન હોય, સંતમાં પ્રેમ ન હોય, સત્સંગ ન હોય તો સર્વે ગુણો મીઠા વિનાના ભોજન જેવા નકારા થઈ જાય છે.

બ્રહ્મા હોય જો ભક્તિ હીણો, તો તે પણ કાળ ચવીણો.

સત્સંગ અને ભક્તિ વિનાના ગુણો તો એકડા વિનાના મીંડાની જેમ અર્થહીન છે. આધ્યાત્મિક માર્ગમાં ભક્તિ એકડો છે. જેમ સરસ જલેબી કે સાટા બનાવ્યા હોય પણ ચાસણીમાં બોળ્યા વિના તેનો સ્વાદ ન આવે, તેમ ભક્તમાં બીજા અનેક સારા ગુણો હોય પણ શ્રીહરિ અને સંતોમાં સ્નેહ ન હોય તો તેને સત્સંગનો અલૌકિક સ્વાદ ન આવે.

સ્વરૂપાનંદસ્વામી શ્રીહરિમાં પરાભક્તિવાળા મહાન સંત હતા. વળી, સદ્ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ આદિક અનેક સદ્ગુણોથી શોભતા હતા. અર્થાત્ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય, શાંતિ વગેરે ગુણો તેમના અંતરમાં અખંડ નિવાસ કરીને રહ્યા હતા. સ્વામી શ્રીહરિના પ્રેમસાગરમાં ડૂબેલા રહેતા, તેથી તેમની તમામ વાસના વિનાશ પામી ગઈ હતી, એટલે શાંત હૃદયવાળા હતા. જેના હૈયામાં અહં અને આસક્તિ હોય તેને અશાંતિ હોય. જેના અહં અને આસક્તિ નાશ પામ્યા તેને અશાંતિ કોણ કરે ? માટે અખંડ શાંતિ જોઈતી હોય તો સ્વામીની જેમ હૈયામાં મૂર્તિ રાખવી.

જે સદા ધર્મમાં રહે તેને દુઃખ આવે જ નહીં. સ્વામી તો સદા સદ્ધર્મવાન હતા. વળી મહાજ્ઞાની હતા. અહં અને આસક્તિ જ મનુષ્યને ભૂલો કરાવે છે. તે સ્વામીમાં બિલકુલ ન હતાં. એટલે જીવનમાં કોઈ ભૂલ કે અવિવેક થાવાનો સંભવ જ ન હતો. અને જેના જીવનમાં કોઈ ભૂલ જ ન હોય તેને ઉદ્વેગ, અશાંતિ કે દુઃખ થાય જ નહીં. સ્વામી વૈરાગ્ય તથા અનાસક્તિ જેવા સદ્ગુણોથી શોભતા હતા.

भक्त्या वशीकृतो येन गृह्णाति भगवान्स्वयम् ॥
पूजोपहारान् सकलान् प्रत्यक्षं प्रतिवासरम् ॥२५॥

વળી, સ્વરૂપાનંદસ્વામીએ પરાભક્તિ દ્વારા પરમાત્માને વશ કર્યા હતા. ભગવાનને વશ કરવા તે બહુ અઘરી વાત છે. જે જેટલો નાનો માણસ તે તેટલો જલદી વશ થાય. અને જે જેટલા મોટા હોય એટલો તેમને વશ કરવાનો દાખડો અધિક કરવો પડે. થોડી નિષ્ઠા, મહિમા, શ્રદ્ધા કે પ્રેમથી પરમેશ્વર વશ ન થાય. ત્યાં તો નક્કર નિષ્ઠા જોઈએ, પૂર્ણ વાસ્તવિકતા જોઈએ, શુદ્ધ ભક્તિ જોઈએ; ત્યારે શ્રીહરિ વશ થાય છે.

સ્વરૂપાનંદસ્વામી સર્વે સદ્‌ગુણોના ખજાનારૂપ હતા. તેમની ભક્તિથી વશ થયેલા ભગવાન રોજ રોજ તેમની પૂજામાં પ્રગટ થતા. અને પૂજાના ઉપચારો શ્રીહરિ હાથોહાથ ગ્રહણ કરતા. સત્સંગમાં મોટીબા, લાડુબા કે રામાનંદસ્વામી જેવા અમુક જ નામાંકિત મહાન ભક્તો છે, કે જેમની પૂજામાં રોજ પ્રભુ પ્રગટ થતા. સ્વરૂપાનંદસ્વામી એવા સંત હતા કે જેમની પૂજા નિત્ય હરિને હાજર થઈને સ્વીકારવી પડતી. **આ સત્સંગ દિવ્ય છે, અલૌકિક છે. માટે આ સત્સંગમાં આવા સંતો-ભક્તો તો કાયમ થાતા રહેશે;** કેમ જે, સત્સંગમાં સદાય શ્રીહરિ પ્રગટ છે. સત્સંગ મોક્ષદાતા છે, સુખદાતા છે, શાંતિપ્રદાતા છે, તેથી સત્સંગમાં આવાં અણમોલ રત્નો પાકે છે. માટે સર્વાવતારી શ્રીહરિએ કરોડો જીવોનાં કલ્યાણ માટે સ્થાપેલા આ સત્સંગને મારાં કરોડો વંદન છે. જેને વાલમજીને વશ કરવા હોય તેણે સત્સંગ કરવો. શ્રીહરિ સત્સંગને આધીન છે.

ज्ञानं त्रैकालिकं प्राप्तः प्रसादादेव तस्य यः ॥
वेद्यश्च भगवद्भक्तैर्विशुद्धधिषणैर्नृभिः ॥२६॥

વળી, સ્વામી કેવા હતા ? તો સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી ત્રણેય કાળનું જ્ઞાન પામ્યા હતા. શું થયું હતું ?

શું થાય છે ? અને આગળ શું થશે ? એ સર્વે વાતને જાણતા હતા. જે સાચા ભગવાનના ભક્ત હોય તે જ સ્વામીને ઓળખી શકે. જેનું અંતર શુદ્ધ ન હોય તેવા ભક્તથી આવા મહાન સંત-ભક્ત ઓળખી શકાતા નથી. વિશુદ્ધ બુદ્ધિવાળા ભક્ત જ ઓળખી શકે. સ્વામીને વંદના કરતાં કવિ દલપતરામ પુ.ચ.પ્ર.૨માં કહે છે,

चोपाई : वंदुं स्वरूपानंद सुसंता, आत्म स्थिति में अचळ रहंता ।
अखंड हरिमूर्ति दृगे देखे, तुच्छ विश्ववैभव कु लेखे ॥
सदेह यह परलोक सिधावे, जीनकु कछु आवरण न आवे ।
कालही कु पुनि निज वश आने, अपार प्रभु को महिमा जाने ॥

જેઓ અખંડ આત્મસ્થિતિમાં અચળ રહેતા; હરિમૂર્તિને અખંડ નજર સમક્ષ દેખતા; સમગ્ર વિશ્વના વૈભવને તુચ્છ ગણતા; સદેહે સર્વ લોકમાં વિચરણ કરતા, કોઈ આવરણ જેમને આડું આવતું નહીં; અષ્ટાવરણ પાર રહેલા અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણનો મહિમા યથાર્થ જાણતા, તેથી મહાકાળ પણ જેને વશ વર્તતો; એવા ગુણસાગર સ્વરૂપાનંદસ્વામીને વંદના કરી તેમના આખ્યાનને આલેખવાનો પ્રારંભ કરું છું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ કર્યું તથા સ્વામીને વંદના કરી' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

સંપ્રદાયમાં ત્રણ સ્વરૂપાનંદસ્વામી

સંપ્રદાયમાં સ્વરૂપાનંદસ્વામી નામના ત્રણ સંતો હતા. તેની વિગત આપતાં મંજુકેશાનંદસ્વામી નંદમાળામાં કહે છે,

ચોપાઈ : **સ્વરૂપાનંદ મોટા એક સંત, સમાધિનિષ્ઠ સદા બુદ્ધિવંત;**
સ્વરૂપાનંદ બીજા તે પંડિત, ત્રીજા ત્યાગ વૈરાગે મંડિત.

(૧) સ્વરૂપાનંદસ્વામી (મૂળી) :

શ્રીહરિ એકવાર મેથાણ પધાર્યા. તે સમયે ગામમાં રહેતા તુલસી પટેલે પ્રભુને પોતાને ઘેર પધરાવ્યા. પ્રેમથી પૂજા કરી, ભાવથી ભોજન જમાડ્યાં. શ્રીહરિનું સ્વરૂપ જોતાં જ પૂર્વના મુક્તાત્મા આ પટેલનું ચિત્ત ખેંચાણું. મહારાજે દયા કરી તેમને પોતાના દિવ્ય સુખનો અનુભવ કરાવ્યો. તેથી સંસાર તુચ્છ થઈ ગયો. આ વાત મેંથાણની લીલા વર્ણવતાં સંતો કહે છે,

ચોપાઈ : **તુલસી પટેલ તો ભાવિક, જમાડ્યા પ્રભુ કરી વિવેક;**
જમીને બિરાજ્યા પ્રભુ જ્યારે, પોતે વિનંતી કરી તે ત્યારે.
વહાલા પૂરી કરો મારી આશ, હું જગતથી અતિ ઉદાસ;
તમે કૃપા કરી અવિનાશ, રાખો ચરણમાં જાણીને દાસ.
એવી વિનંતી સુણી મોરારી, વાત અંતરે લીધી વિચારી;
ત્યાર પછી ગયા થોડા દન, કરી વિચાર જગજીવન.
કીધા સાધુ ધરીને આનંદ, નામ પાડ્યું છે સ્વરૂપાનંદ;

શ્રીહરિએ તુલસી પટેલને ત્યાં જ દીક્ષા આપી. હરિના સ્વરૂપમાં ખેંચાઈ ગયા તેથી **'સ્વરૂપાનંદસ્વામી'** નામ આપ્યું. તે ત્યાગ-વૈરાગે યુક્ત હતા. બ્રહ્માનંદસ્વામી સાથે રહેતા. મૂળી દેશના ગામડાંઓમાં ફરી સત્સંગનું ખૂબ પોષણ કરતા. મૂળીના મહંત સમર્થ સંત શ્રીહરિ-નારાયણદાસજીસ્વામીએ આ સ્વરૂપાનંદસ્વામી પાસેથી જ વર્તમાન સ્વીકારેલા. તેમનો સેવા-સમાગમ કરેલો. તેમના કાકાને પણ સ્વામી પાસે વર્તમાન ધરાવેલા ને તેમનો ઉદ્ધાર થયેલો. એવા આ સત્સંગપ્રેમી મહાન સંત હતા. અને મૂળીધામથી જ અક્ષરવાસી થયા હતા.

(૨) સ્વરૂપાનંદસ્વામી (વડતાલ) :

આ સ્વરૂપાનંદસ્વામી પણ મેથાણ ગામના જ હતા. તેમનું પૂર્વાશ્રમનું નામ **માધવજીભાઈ** હતું. તેમના પિતાનું નામ **જીવા પટેલ**

હતું. તેમના ભાઈનું નામ **હરખાભાઈ** હતું. અને શ્રીહરિ એકવાર મેથાણ આવ્યા ત્યારે મહારાજનો પ્રૌઢપ્રતાપ જાણી આ પરિવાર સત્સંગના રંગે રંગાયો. પછી પૂર્વના મુક્તાત્મા એવા જીવા પટેલ અને તેમના બંને પુત્રોએ શ્રીહરિને સદા સેવામાં રાખી લેવા પ્રાર્થના કરી. મહારાજે તેમના સદ્‌ગુણો, ત્યાગ-વૈરાગ્ય અને પ્રભુપ્રાપ્તિની લગની પિછાણી.

પછી અનુક્રમે ત્રણેયને પરમહંસની દીક્ષા આપી. **જીવા પટેલનું નામ ચૈતન્યાનંદસ્વામી રાખ્યું.** તેમના **મોટા પુત્ર હરખાભાઈનું નામ પરમચૈતન્યાનંદસ્વામી રાખ્યું** અને **માધવજીનું નામ સ્વરૂપાનંદસ્વામી રાખ્યું.** તેઓ ભણીને મહા પંડિત થયા હતા.

છ્યાસીની સાલમાં શ્રીજીમહારાજના શરીરે કસર હતી. તે સમયે પૂર્ણાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામીને શ્રીહરિએ મેથાણ તથા મેથાણ પાસેના ગામોમાં જવાની આજ્ઞા કરી. ત્યારે એ બે સાધુએ કીધું, “તમારા શરીરમાં કસર છે ને તમારી પાસેથી દૂર જવું પડે તેથી અમારો જીવ ઉદાસ થઈ જાય છે.” એમ કહેતાં તો આંખમાંથી આંસુની ધારાઓ ચાલવા લાગી. ત્યારે મહારાજ બોલ્યા કે, “તમને દર્શન દીધાં વગર હું નહિ જાઉં. માટે તમે જઈ આવો.” એમ કીધું એટલે તે બંને સંતો પાંચ સાધુને ભેગા લઈ મેથાણ ગયા.

પછી મેથાણનો એક હરિભક્ત ગઢડે જઈને આવ્યો. ત્યારે તેને આ સંતોએ મહારાજની ખબર પૂછી. ત્યારે તેણે કહ્યું કે, “હવે મહારાજ દેહ રાખે એમ જણાતું નથી.” એવું સાંભળ્યું ત્યાં તો તેમની વૃત્તિ ઉદાસ થઈ ગઈ.

પછી સવારમાં ગામથી બહારની બાજુ નીકળીને વિચાર્યું કે, ‘બીજે ગામ જવાની પણ મહારાજે આજ્ઞા કરી છે. ને હવે સીધા ગઢડે જઈશું તો મહારાજ નારાજ થશે ને કહેશે, એટલે છેટે ગયા ને એક ગામ પડતું મૂક્યું ? માટે આપણે એ ગામ જઈ આવીએ.’

એમ વિચાર કરીને ચાલ્યા ને દશ-વીસ ડગલાં ભર્યાં ત્યાં તો પૂર્ણાનંદસ્વામીનો પગ પાછો પડ્યો. ત્યારે તે બોલ્યા કે, "આ મારો પગ પાછો કેમ તણાયો ?" ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા, "મારો પગ પણ પાછો તણાયો." તેથી એમણે એક વિચાર કર્યો કે, 'આપણા પગ મહારાજ પાછા ખેંચે છે, એટલે જેમ બને તેમ ઉતાવળા ગઢડે પહોંચાય તેમ કરો.' પછી ત્યાંથી પાછા વળ્યા, તે રાત-દિવસ ચાલીને બીજે દિવસે દોઢ વાગે ગઢડે પહોંચ્યા. ત્યારે મહારાજ પાસે કોઈને જવા ન દેવા એવો બંદોબસ્ત કરેલો; પરંતુ આ સંતોએ અક્ષરઓરડીમાં માણસ પાસે કહેવરાવ્યું કે, 'પૂર્ણાનંદસ્વામી અને સ્વરૂપાનંદસ્વામી આવ્યા છે.'

ત્યારે મહારાજ કહે, 'આવવા દો.' પછી એ સાધુ દંડવત કરી પગે લાગ્યા. મહારાજે તેમની ખબર પૂછી. પછી તે વખતે મહારાજે થાળ મંગાવ્યો. ને થોડુંક જમીને થાળની પ્રસાદી આ સાધુને આપી, ને કહ્યું, 'હવે તમે જાઓ.' પછી બંને સંતો નદી ઉપર ઉતારે ગયા. બીજે દી બપોરે મહારાજે દેહત્યાગ કર્યો. પછી સર્વે અગ્નિસંસ્કાર કરવા વાડીએ ગયા. પછી નાહી-ધોઈ સર્વે માણસ મંદિરમાં આવ્યા.

પૂર્ણાનંદસ્વામી અને સ્વરૂપાનંદસ્વામી તો નાહ્યા નહિ ને ગામમાં પણ ગયા નહિ. ને શ્રીહરિના વિયોગે કરીને મનમાં ઘણું દુઃખ થયું. પછી જ્યાં મહારાજની ચિતા ભડભડ બળી હતી, તેની પાસે આ સાધુ બેઠા. ને આંખમાંથી ચોધાર આંસુ ચાલ્યાં જાય. આમ વિરહમાં બેઠા બેઠા અરધી રાત વીતી ગઈ. ત્યારે એ ચિતામાંથી મહારાજ પ્રગટ થયા ને બોલ્યા, "**તમે કેમ રોવો છો ? શું મને મરી ગયેલો જાણો છો ? હું તો સત્સંગમાં સદાય પ્રગટ છું.** ને મને મરી ગયેલો જાણશો, ત્યારે તમે શું સમજ્યા છો ? માટે ઉદાસ થાશો નહિ. તમારા વિયોગને જોઈ અમે ફરી દર્શન દીધાં ને હવે તમે ગોપાળાનંદસ્વામી કહે તેમ કરજો." એમ કહીને મહારાજ અદૃશ્ય થઈ ગયા. ત્યારે તે સાધુઓને શ્રીહરિના

વિયોગનું અતિ દુઃખ હતું તે ઓછું થયું. પછી નાહી-પરવારીને સવારે મંદિરમાં ગયા અને ગોપાળાનંદસ્વામીને બધી વાત કહી.

પછી આ સ્વરૂપાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીનો સેવા-સમાગમ કરીને સ્વામીની કૃપાથી બ્રહ્મસ્થિતિ પ્રાપ્ત કરી હતી. અને સ્વામીની આજ્ઞાથી વડતાલ દેશના ગામડાંઓ ફરતા. સત્સંગનું ખૂબ પોષણ કરતા. તેમના શિષ્ય શાસ્ત્રી ત્રિકમચરણદાસજીસ્વામી પાળેજના વતની હતા. અને તેમણે નાપામાં હરિમંદિર બંધાવેલું. તેઓ વડતાલમાં જ પંચભૌતિક દેહનો ત્યાગ કરી અક્ષરવાસી થયા હતા.

(૩) સ્વરૂપાનંદસ્વામી (સુવ્રતમુનિ) :

દોહા : **સ્વામી શતાનંદજીએ, ભણાવ્યું સત્સંગિજીવન;**
એવા સ્વરૂપાનંદજીનું, કહું પાવનકારી આખ્યાન...૧૦

પરંતુ આપણે જેનું આખ્યાન લખવું છે, તે સંત એટલે સત્સંગિજીવનના વક્તા સુવ્રતમુનિ. સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની આજ્ઞાથી તેમની સાનિધ્યે રહીને જ શતાનંદસ્વામીએ શ્રીહરિના ગુણો તથા મહિમાને ગાતો એવો સંપ્રદાયનો અણમોલ ગ્રંથ સત્સંગિજીવન લખ્યો. પરંતુ આ ગ્રંથને હૈયામાં ઝીલે એવું પાત્ર કોણ ? પછી અનેક પરમહંસોમાંથી સહુના મતે સ્વરૂપાનંદસ્વામીની પસંદગી કરી. અને જેમ વ્યાસજીએ ભાગવત શુકદેવજીને ભણાવ્યું, તેમ જ ત્રિકાળજ્ઞ એવા શતાનંદસ્વામીએ **'સત્સંગિજીવન'** નામનો ગ્રંથ સ્વરૂપાનંદસ્વામીને ભણાવ્યો. આ તેમની વિશેષતા છે.

સ્વામીનું જીવન પાંચસો પરમહંસોમાં નિરાળું તરી આવે છે. એમની સ્થિતિ, સમજણ, આત્મનિષ્ઠા, શ્રીહરિની સર્વોપરી ઉપાસના, સાધુતા, ત્યાગ-વૈરાગ્ય, તપ, દેહનો અનાદર વગેરે સદ્ગુણો અન્ય સંતો કરતાં કોઈ અનોખી ભાત પાડે છે. તેથી જ ગોપાળાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામીએ પોતાની વાતોમાં તેમનો અનેક વાર ઉલ્લેખ

કર્યો છે. જેમને અખંડ મૂર્તિમાં રહેનારા યોગીરાજ ગોપાળાનંદસ્વામી તથા બ્રહ્મખુમારીમાં જીવનારા સદ્‌ગુરુ ગુણાતીતાનંદસ્વામી જેવા સંત વારે વારે વખાણતા હોય, તે સંત કેટલા મહાન હશે ? તે વિચારવું.

ગોપાળાનંદસ્વામીને કોઈએ પૂછ્યું કે, “માની પ્રકૃતિ હોય ને વળી માન મળતું હોય, તેનું માન કેમ ટળે ?” તેનો ઉત્તર સ્વામીએ કર્યો જે, “શ્રીહરિજી મહારાજના મોટા મોટા સાધુ જે શતાનંદમુનિ ને સ્વરૂપાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી તથા હરિભક્ત પર્વતભાઈ એમના જેવી સામર્થી મારામાં કેટલી છે, જે હું માન રાખું ?’ એમ વિચારે તો માન રહે નહીં.” *(સંદર્ભ : ગોપા. વાત-૪૧૬)*

આ વાત પ્રમાણે ગોપાળાનંદસ્વામીના મતે સ્વામી મહા સામર્થી-વાળા છે, એવું સિદ્ધ થાય છે. વળી, તે સમર્થ હોવા છતાં દાસના દાસ થઈને રહેતા એવું સુચિત થાય છે. અને અભિમાન ટાળવાનો ઉત્તમ ઉપાય પણ મળે છે.

ગુણાતીતાનંદસ્વામી સ્વરૂપાનંદસ્વામીની અનોખી સાધુતા બતાવતાં કહે છે, **‘દેહનો ભાવ ન જણાય એવા તો સ્વરૂપાનંદસ્વામી. કેમ જે, એ તો દેહમાં વર્તે નહિ ને બીજાને તો દેહના ભાવ જણાય છે. અને એક શબ્દે કરીને તો સ્વરૂપાનંદસ્વામીને જ્ઞાન થાય ને આપણને તો કરોડ શબ્દ પડે ત્યારે જ્ઞાન થાય, પણ તરત ન સમજાય.’**

(સંદર્ભ : ગુણા. વાત-૧/૧૯૧,૧૯૨)

આ તેમની દિવ્ય પ્રતિભા, અલૌકિક ગ્રહણશક્તિ અને અખંડ ગુણાતીત સ્થિતિ બતાવે છે. સ્વામી અક્ષરધામના મુક્ત હતા. તેવું હવેની ગુણાતીતાનંદસ્વામીની વાત પરથી સ્પષ્ટ જણાઈ આવે છે. તે શું ? તો ‘બીજાના જન્મ છે તે તો પોતપોતાની ખોટ મૂકવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા સારુ છે, ને એકાંતિકના જન્મ છે તે તો અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજાવવા સારુ

છે. ને આ વાતો છે તે તો ગોપાળાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી તેના અંગની છે.' *(સંદર્ભ : ગુણા. વાત-૨/૪૧)*

'સત્સંગ ક્યારે થાય ? તો જ્યારે બદરિકાશ્રમ જેવું ને શ્વેતદ્વીપ જેવું સ્થાનક હોય ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, સ્વરૂપાનંદસ્વામી ને કૃપાનંદસ્વામી એવા મોટા મોટાનો નિરંતર સંગ હોય ને બ્રહ્માના કલ્પ પર્યંત આયુષ્ય હોય, ત્યાં સુધી જ્ઞાન-ગોષ્ઠી કરીએ ત્યારે સત્સંગ થાય.' *(સંદર્ભ : ગુણા. વાત-૨/૪૫)*

ગુણાતીતાનંદસ્વામીએ યોગીરાજ ગોપાળાનંદસ્વામી અને સત્સંગની મા મુક્તાનંદસ્વામીની હરોળમાં સિદ્ધયોગી સ્વરૂપાનંદસ્વામીને મૂકી એમની બહુ મોટાઈ બતાવી છે. ભાગ્યશાળી વિરલા જ આવા સંતને ઓળખી શકે છે. **જેને છેલ્લો જન્મ કરી લેવો હોય તે જ આવા સંતને સમજી શકે, સેવી શકે અને સમર્પિત થઈ જીવન સુધારી શકે.**

દોહા : **ગુણાતીત ને ગોપાળમુનિ, કરતા જેનાં વખાણ;**
તે સ્વરૂપાનંદસ્વામી, કેવા હશે ગુણખાણ...૧૧

આ વાતો પરથી સિદ્ધ થાય છે કે સ્વામી અક્ષરધામના મુક્ત હતા. અનેકને બ્રહ્મરૂપ કરવા અને પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ સમજાવવા શ્રીહરિ પોતાની સાથે લાવ્યા હતા. આ સ્વરૂપાનંદસ્વામીનું આખ્યાન હવે હું વિસ્તારથી લખું છું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સંપ્રદાયમાં રહેલા ત્રણ સ્વરૂપાનંદ સ્વામીની વિગત કહી' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

જન્મભૂમિનો પરિચય

દોહા : **અક્ષરાતીત અગમ અતિ, તે સુગમ થયા સુખકંદ;**
આનંદ નિજનો આપિયો, પુરુષોત્તમ પરમાનંદ...૧૨

સહજાનંદ સાગરમાં, સંત સરિતા સમાય;
મેળવી સહજાનંદને, સુખમાં વિરમી જાય...૧૩

કોટી બ્રહ્માંડાધીશને, મળવા નીકળ્યા સંત;
પામી પુરુષોત્તમને, પામ્યા ભવનો અંત...૧૪

સ્વામી સ્વરૂપાનંદનું, લખું રૂડું આખ્યાન;
સુણતાં સદ્‌ગુણો પ્રગટે, તેથી રીજે ભગવાન...૧૫

સર્વોપરી શ્રીહરિજીને, અતિ પ્યારા છે સંત;
સંતના ગુણલા ગાવતાં, રાજી થાય ભગવંત...૧૬

સ્વરૂપાનંદ જ્યાં જનમ્યા , એ ભૂમિને ધન્ય ધન્ય;
ધન્ય ધન્ય એના કુળને, માત તાત ધન્ય ધન્ય...૧૭

જેણે લાડ લડાવિયા, તેને કરીએ વંદન;
આવા સંત જ્યાં વિચરે તે, ભૂમિ બને છે નંદન...૧૮

જ્યાં આવા મહાન સંતો જન્મે તે ભૂમિ ભાગ્યશાળી ગણાય. ગોપાળાનંદસ્વામીના જન્મથી નિષ્કુળાનંદસ્વામીએ ભક્તચિંતામણિમાં આખા ઈડર દેશને અનુપમ કહ્યો છે, આખી બ્રાહ્મણની જ્ઞાતિને ધન્યવાદ આપ્યા છે તથા આખા કુળને પાવન કહ્યું છે; તેમ સ્વામીનો જ્યાં જન્મ થયો તે પણ સર્વે વંદન કરવા યોગ્ય છે. તે ભૂમિ કઈ હતી ?

पुण्यं भुवि कुरुक्षेत्रं धर्मवृद्धिमभीप्सुभिः ।।
सेव्यमानं सुमतिभिर्वर्षे भवति भारते ।।२३।।

સત્સંગિજીવનમાં શતાનંદસ્વામી ભારતમાં આવેલા કુરુક્ષેત્રને પુણ્યકારી ભૂમિ કહે છે. જેમણે ધર્મપરાયણ થવું હોય, ધર્મ પ્રત્યે ખૂબ શ્રદ્ધા કેળવવી હોય તથા પોતાના અંતરમાં ધર્મ-નિયમની વૃદ્ધિ કરવાની ઈચ્છા હોય; તેમના માટે આ ભૂમિ સેવવા જેવી છે. કેમ જે, ત્યાં સ્વરૂપાનંદસ્વામી જેવા વિરલ સંતનો જન્મ થયો છે. વળી, આ ભૂમિ પાવનકારી શા માટે છે ? આનું કુરુક્ષેત્ર નામ શાથી થયું ? આ ઈતિહાસ પણ જાણવા જેવો છે.

ચંદ્રવંશમાં ભરતકુળમાં એક કુરુ નામે મહાન રાજા થયા. તે ધર્મવાન, પ્રજાપ્રેમી અને પ્રામાણિક હતા. એક દિવસ તે સવારના પહોરમાં પોતાના મહેલની બહાર ઓટલે બેસી દાતણ કરતા હતા. ત્યાં તેમને વિચાર આવ્યો કે, 'આ દેહનો કોઈ નિર્ધાર નથી. કાલે શરીર હતું ન હતું થઈ જશે. આજે તો હું રાજા છું, એટલે સહુ ખમ્મા ખમ્મા કરે છે, પણ કાલે દુનિયા ભૂલી જશે. માટે યુગો સુધી મારું નામ અમર રહે એવું કાંઈક કામ કરીને મરું તો સારું. પરંતુ શું કરું તો સહુનું હિત થાય અને મારું નામ રહે.' એમ જ્યાં વિચારે છે ત્યાં હળ જોડીને ખેતી કરવા એક ખેડૂત જતો હતો તેને જોયો. આ ઉપરથી રાજાને સંકેત મળી ગયો.

પછી રાજાએ વિચાર કર્યો, 'હું પણ ખેતી કરી અમર બનું, પણ ખેતી શાની કરવી ? જારની, બાજરાની, તુવેરની, ચણા વગેરેની, ના... ના... મારે તો સદ્‌ગુણોની ખેતી કરવી છે. પરંતુ બળદ વિના ખેતી થાય નહીં. કેમ જે, ખેતી કરવામાં ધરતી ખેડવી પડે. આવા સારા બળદ કોની પાસે છે ?' પછી નક્કી કર્યું કે, 'શંકરદાદા પાસે નંદી નામનો બળદ છે.' પછી કુરુ રાજાએ તપશ્ચર્યા કરી શિવને પ્રસન્ન કર્યા.

ભોળાનાથે માગવાનું કહ્યું. ત્યારે તે કહે, 'મારે ખેતી કરવી છે, માટે તમારો પોઠિયો આપો.' શિવજી કહે, 'એક બળદથી ખેતી થાય ?' ત્યારે તે કહે, 'બીજો યમરાજા પાસેથી પાડો લઈ આવીશ.' તેથી શિવજીએ તેમની સદ્‌ભાવના જોઈને પોઠિયો અર્પણ કર્યો. આમ કુરુ રાજા ભોળાનાથ પાસેથી ખેતી કરવા માટે નંદી લાવ્યા અને યમરાજાને રાજી કરી તેમની પાસેથી પાડો લાવ્યા. બંને દેવોનાં વાહન પ્રાપ્ત કર્યાં. પછી ખેતી કરવા માટે મોટું હળ તૈયાર કરાવ્યું.

આ હળ જોડીને રાજા સમંતપંચક નામના પ્રાંતમાં ખેતી કરવા માટે ગયા. ત્યાં રાત્રિ-દિવસ દેવોનાં વાહન જોડી હળ હાંકવા લાગ્યા.

સાત ગાઉ વિસ્તારમાં જમીન ખેડી નાખી. ત્યારે વિષ્ણુને વિચાર થયો કે, 'આ રાજા આમને આમ ખેતર ખેડતા જ રહેશે, તો આખી દુનિયા ખેડી નાંખશે, ગજબ થઈ જશે ! કેમ જે, રાજા મહા બળવાન છે. માટે આમને ખેતી કરતા રોકવા જોઈએ.'

આમ વિચાર કરી રાજા જ્યાં આઠમા ગાઉમાં હળનો પ્રવેશ કરે છે, ત્યાં વિષ્ણુ ભગવાન પ્રગટ થયા. અને કુરુ રાજાને પ્રશ્ન કર્યો કે, 'આ તમે શું કરો છો ? અને શા માટે કરો છો ? ધરતી ખેડીને શું વાવશો ?' ત્યારે રાજા કહે, 'હે પ્રભુ ! હું મારું નામ અમર રાખવા ધરતી ખેડું છું. તેમાં મારે સત્ય, દયા, ધર્મ, ન્યાય, શાંતિ આ પાંચ સદ્‌ગુણોનું વાવેતર કરવું છે. કેમ જે, આ ધરતીનું નામ પંચક્ષેત્ર છે. માટે આ પાંચ ગુણ વાવીશ.'

ભગવાન કહે, 'એનું બિયારણ ક્યાંથી કાઢશો ?' કુરુ રાજા કહે, 'મારા શરીરના ટુકડા કરીને ધરતીમાં વાવીશ. કેમ જે, મારા શરીરની રગેરગમાં આ ગુણો વણાયેલા છે.' વિષ્ણુ કહે, 'તે વાત તમારાથી બનશે ?' રાજા કહે, 'કેમ નહિ બને ?' ભગવાન કહે, 'હે રાજન્! તમે શરીરના ટુકડા કરશો તો તમારું મોત થશે. પછી તમારાથી વાવેતર કઈ રીતે થશે ?' રાજા કહે, 'પ્રભુ, તમારી વાત સાચી છે, માટે હે પ્રભુ ! એક કામ કરો, તમો મારી કાયાના કટકા કરી વાવો; જેથી શ્રેષ્ઠ સદ્‌ગુણોનું વાવેતર થાય. એવી મારી ઈચ્છા છે.'

પછી વિષ્ણુ ભગવાન કહે, 'તો ધરો તમારું શરીર.' એટલે કુરુ રાજાએ શરીર ધર્યું. તેથી પ્રભુએ પ્રથમ તેમના હાથ કાપીને જમીનમાં રોપ્યા. પછી પગ કાપીને રોપ્યા. વળી, બીજો ભાગ માગ્યો, ત્યારે રાજાએ મસ્તક ધર્યું. પછી તેમનો સદ્‌ગુણો પ્રત્યેનો સદ્‌ભાવ અને પ્રજાના કલ્યાણની ઉત્તમ ભાવના જોઈ વિષ્ણુ ભગવાન પ્રસન્ન થયા. અને વરદાન આપતાં કહ્યું કે, **'તમારી આ નિષ્ઠા તમને અમર બનાવશે. બીજું જે માગવું હોય તે માગો.'**

ત્યારે કુરુરાજા કહે, 'મેં જેટલી જમીન ખેડી તે યુગો સુધી ધર્મક્ષેત્ર તરીકે ઓળખાય. અહીં સર્વે દેવોનો વાસ થાય, આ પુણ્યભૂમિ કહેવાય. અને અહીં જે કોઈ મરે તે સ્વર્ગમાં જાય. આ વરદાન મને આપો.' ત્યારે વિષ્ણુ ભગવાન 'તથાસ્તુ' કહી અંતર્ધાન થયા. ત્યારથી આ ભૂમિ 'ધર્મક્ષેત્ર' કહેવાણી. અને કુરુ રાજાએ ખેડેલી તેથી આ ભૂમિ 'કુરુક્ષેત્ર' તરીકે પણ ઓળખાય છે. હાલ દિલ્હીની ઉત્તર દિશાએ ૧૪ માઈલને આશરે આ કુરુક્ષેત્ર આવેલ છે.

જ્યારે કૌરવો અને પાંડવોને યુદ્ધ કરવું હતું, ત્યારે તેમના પૂર્વજોએ માગેલા આ વરદાનને કારણે તેમણે કુરુક્ષેત્રની ભૂમિ યુદ્ધ માટે પસંદ કરી હતી. તે વાતને વર્ણવતાં શ્રીહરિ વચ.વ.૧માં કહે છે કે, "કૌરવને ને પાંડવને યુદ્ધ કરવાનો પ્રારંભ થયો ત્યારે કૌરવ ને પાંડવે વિચાર્યું જે, "આપણે એવે ઠેકાણે યુદ્ધ કરીએ જે, તે યુદ્ધમાં જે કોઈ મરે તોપણ તેના જીવનું રૂડું થાય." એવું વિચારીને કુરુક્ષેત્રને વિશે યુદ્ધ કર્યું. કેમ જે કુરુ રાજાએ ભગવાન પાસેથી વરદાન માગેલું કે, 'અહીં જે મરે તે સ્વર્ગમાં જાય અને આ પુણ્યભૂમિ તથા ધર્મક્ષેત્ર ગણાય.' તેથી તે યુદ્ધમાં જે જીત્યા તેનું પણ સારું થયું, ને એ સંગ્રામમાં મરાયા તેમને પણ દેવલોકની પ્રાપ્તિ થઈ, ને રાજ્ય થકી પણ અધિક સુખને પામ્યા. આ કલ્યાણકારી ભૂમિ સ્વરૂપાનંદસ્વામીની જન્મભૂમિ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની જન્મભૂમિનો પરિચય કહ્યો' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

જન્મ, ગૃહત્યાગ અને શ્રીહરિનું મિલન

આવા પવિત્ર કુરુક્ષેત્રમાં બ્રાહ્મણ કુળમાં સ્વરૂપાનંદસ્વામીનો જન્મ થયો. તેમના માતપિતાનું નામ કે પૂર્વાશ્રમનું નામ મળતું નથી. કેમ

જે, પહેલાં આપણા દેશમાં એક રિવાજ હતો કે, 'નદીઓના મૂળ અને સંતોના કુળ જોવા નહીં.' આ ન્યાયે ઘણા સંતોની પૂર્વાશ્રમની માહિતી લૂપ્તપ્રાયઃ થઈ ગઈ છે. મહાપુરુષોના સત્ય ઈતિહાસ સાચવવા લોકો હવે જાગૃત થયા છે. તેથી તેમનાં સગાંસંબંધીઓનાં નામ પ્રાપ્ત થાય છે, તે સારું છે.

સ્વરૂપાનંદસ્વામી નાનપણથી જ કુટુંબના ભક્તિમય વાતાવરણમાં મોટા થવા લાગ્યા. અતિ મુમુક્ષુ અને મુક્તાત્મા હોવાથી નાનપણથી જ તેમનામાં પૂર્વના સંસ્કારો ખીલી ઊઠ્યા. યોગ્ય ઉંમરે પિતાએ યજ્ઞોપવિત સંસ્કાર કર્યો. પછી વિદ્યાભ્યાસ કરવા બેસાડ્યા. પૂર્વની પ્રતિભાને કારણે ટૂંક કાળમાં જ વેદાદિક તમામ સદ્‌ગ્રંથો ભણી લીધા. મહા વિદ્વાન થયા. તેથી તેમના માતપિતા બહુ રાજી થયા.

પરંતુ સ્વામીએ શાસ્ત્રચિંતન દ્વારા નક્કી કર્યું કે, "મારે આ અસાર સંસારમાં રહેવું નથી. મારું-તારું, હું-તું, રાગ-દ્વેષ, અહં-મમત્વ અને મોહ-માયાના કૂટણામાં કુટાવું નથી. હું તો આત્મા છું, બ્રહ્મ છું. પરબ્રહ્મને પામવા માટે સર્જાણો છું. મારે કોઈ માતા નથી, પિતા નથી, કુળ-કુટુંબ નથી. કેમ જે હું સચ્ચિદાનંદરૂપ આત્મા છું. માટે જો આ લોકમાં બંધાઉં તો મારો જન્મ એળે જાય. અને શાસ્ત્રમાં કહ્યું છે કે, **'જે જીવ મનુષ્યજન્મ પામી પરમાત્માને મેળવતો નથી તે આત્મઘાતી છે.'** માટે સર્વના ભોગે મારે સર્વાત્માને પામવું છે, પામવું છે ને પામવું જ છે."

દોહા : **નક્કી કર્યું નિજ મનમાં, પામવા પ્રગટ ભગવાન;**
મનુષ્યદેહનું ફળ એ જ છે, એ જ રાખ્યું એણે તાન...૧૯

શાસ્ત્રના અભ્યાસથી આ મુમુક્ષુના હૃદયમાં વિચાર પ્રગટ્યો કે, 'જેમ રાખના ઢગલામાં આપેલી આહૂતિઓ વ્યર્થ જાય છે, તેમ ભોગ ભોગવવા માટે વાપરેલો સમય વ્યર્થ જાય છે. ભોગ ભોગવવા તે જનમ

વગોવવા બરોબર છે. આ મનુષ્યદેહ ભોગ માટે નહિ, ભગવાન ભેટવા માટે છે. માટે **કોઈ પણ ભોગે મારે ભગવાનને પામવું છે, પામવું છે ને પામવું જ છે. હવે છેલ્લો જન્મ કરી લેવો છે.'** આ લગની એમના હૈયામાં લાગી હતી. અને પછી તેઓ તે લક્ષ્યને સિદ્ધ કરી ચૂક્યા હતા. અને જે કોઈ શરણે આવે તેને પણ એ જ વાત કરતા. તેથી જ પ્રતાપસિંહ રાજાએ જગન્નાથપુરીમાં જ્યારે સ્વરૂપાનંદસ્વમીને પ્રશ્ન પૂછ્યો કે, **'મનુષ્યદેહે કરીને શું કરવાનું હોય ?'** ત્યારે સત્સંગિજીવનમાં પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામી કહે છે,

साधु पृष्टं त्वया भूप ! यतोऽस्ति हितमात्मनः ॥
कार्यं नृदेहेनैतद्वै यद्विमुच्येत संसृतेः ॥४२॥

'હે રાજા ! તે સુંદર પ્રશ્ન પૂછ્યો. કેમ જે, આમાં તમારા આત્માનું કલ્યાણ સમાયેલું છે. મનુષ્યદેહ ધર્યા પછી જો કાંઈ પણ કરવા યોગ્ય કર્તવ્ય હોય તો એ છે કે જેનાથી સંસૃતિનું બંધન છૂટે.' દેહ અને દુનિયાનાં બંધન તોડી આત્માને પરમાત્મામાં જોડી દેવો, એ જ દરેક મનુષ્યનું કર્તવ્ય છે. અનંત કાળથી ભટકતા જીવને શ્રીહરિના શાશ્વત સુખે સુખિયો કરી દે, તે જ સમજુ છે. સ્વામીના દિલનો આ અભિપ્રાય હતો, તો ઠેઠ સુધી આ એક જ વાત એમણે કરી છે. અને અનેકને પણ આવી વાતો દ્વારા ભગવાનમાં જોડ્યા છે. ક્રિયા અનેક પણ તાન એક – હે હરિ ! સર્વે ટળો પણ તમે મળો. આ વાતને સિદ્ધ કરવા માટે શું કરવું જોઈએ ?

કરી હરિ સંતનો આશરો રે, અતિ ભાવે સેવા નિત્ય કરો રે;
સંત સમાગમ કરી નિત્ય રે, પ્રગટ પ્રભુમાં કરવી પ્રીત રે...૨૦

ભગવાને કૃપા કરી આપણને બધાને પણ મનુષ્ય બનાવ્યા છે. પવિત્ર ભૂમિ અને પવિત્ર કુળમાં જન્મ આપ્યો છે. આજ પરમેશ્વરને પામવાનું ટાણું છે, અનુપમ મોકો છે. આ અવસરે જે જાગે અને

શ્રીહરિમાં લાગે તે મરદ કહેવાય. જે માન-મોટપ, પદ-પ્રતિષ્ઠા અને સંત્તા-સંપત્તિમાં સુખ માનીને બેઠા છે, તે સર્વે મૂર્ખ છે. ગુણાતીતાનંદ સ્વામી કહેતા કે, 'કરોડો કામ બગાડીને એક મોક્ષ સુધારી લેવો. અને કરોડો કામ સુધાર્યા અને મોક્ષ બગાડ્યો તો શું મળ્યું..?' માટે ચેતી જાજો. તેજીને ટકોર હોય અને ગધેડાને ડફણા હોય. અક્કલવંતને ઈશારો કાફી છે. આજ ભવજળ તરવાનું ટાણું છે, શુભ ચોઘડિયું છે. માટે પોતાના આત્માનો મોક્ષ કરી લેવો. તે માટે સ્વામીના વિચારો જીવનમાં અપનાવવા જેવા છે.

આ મુમુક્ષુએ ઠેરાવ કર્યો કે, **'પ્રગટ પ્રભુની ઉપાસના કરી લખચોરાશીના ચક્રમાંથી છૂટી જાવું, એ જ મનુષ્ય જન્મની સાર્થકતા છે.'** આ વિચારો સ્વામીના હૈયામાં હરહંમેશ ઘોળાયા કરતા. જેમ, ત્રણ દિવસના ભૂખ્યાને ખબર પડે કે, અમુક જગ્યાએ અન્ન અપાય છે, તો તે તત્કાળ ત્યાં દોડી જાય. એમ જ સાચા મુમુક્ષુને ખબર પડે કે, આંહીં સાચા સંત કે ભગવાન છે, તો તમામનો ત્યાગ કરી ત્યાં પહોંચી જાય. તેને સમર્પાઈ જાય અને જીવન સુધારી લે. સ્વરૂપાનંદસ્વામી એવા મુમુક્ષુ હતા અને તેમના જીવનમાં પણ એવું જ બન્યું.

ગુજરાતમાં દ્વારકા-સોમનાથની યાત્રા કરી લોકો પોતાના વતન કુરુક્ષેત્રમાં પાછા ગયા. તેમણે વાત કરી કે, 'પશ્ચિમમાં ગુજરાત પ્રાંતમાં જીવનમુક્તા પ્રગટ થયા છે; અનેકને સમાધિ કરાવે છે; પરચા બતાવે છે; અનેક લોકો તેમને ભગવાન માનીને પૂજે છે.' વાત સાંભળતાં જ કુરુક્ષેત્રના પવિત્ર બ્રાહ્મણનું હૈયું ખેંચાણું. ઉત્તર હિંદુસ્તાનમાં જન્મેલા આ મુમુક્ષુ તત્કાળ ઘરબાર, કુટુંબ-પરિવાર સર્વસ્વનો મળવત્ ત્યાગ કરી ચાલી નીકળ્યા.

દોહા : **ગંગા મળવા સાગરને, ઊપડે ગાંડી થઈ;**
તેમ આ તો ઊપડ્યા, ન શક્યા ઘરમાં રઈ...૨૧

આ મુમુક્ષુ સહજાનંદ સાગરને પામવા આતુર બન્યા. જેમ, બે કાંઠામાં વહેતી ગાંડી બંનેલી ગંગા સમુદ્રને મળવા આતુર હોય, તેવી જ આતુરતાપૂર્વક જીવનમુક્તાને ગોતતાં ગોતતાં અને અનેક તીર્થોમાં ફરતાં ફરતાં માંગરોળમાં આવ્યા. ત્યાં તેમણે સાંભળ્યું કે, આંહીં જીવનમુક્તા પ્રગટ બિરાજે છે. ચાલો, હું તેમનાં દર્શન કરું, એમ વિચારી શ્રીહરિનાં દર્શને આવ્યા. સ્વામિનારાયણ ભગવાને તેમને આદરથી બોલાવ્યા. નેહ ભરેલી નજરોથી સ્વાગત કર્યું. પાસે બેસાર્યા અને પરિચય પૂછ્યો. ત્યારે તેમણે પોતાની વાત કરી. પછી ઊમેર્યું કે, **'હું ભોગ માટે નહિ ભગવાન પામવા માટે સજાર્યો છું. પ્રભુ પ્રાપ્તિ મારો જીવનધ્યેય છે. પ્રગટ પરમાત્માને પામી તેમની આજ્ઞા-મરજીમાં આયખું ઓગાળી નાખવું છે. તે માટે હું અહીં આવ્યો છું.'**

શ્રીહરિ પણ તેમનું નૂર પારખી ગયા. પછી કહે, 'થોડા દિવસ આંહીં રહો; ભગવાન તમારી ઈચ્છા પૂરી કરશે.' આ મુમુક્ષુ મહારાજ પાસે રોકાયા. તેમણે સાંભળેલું કે, રામાનંદસ્વામી ભગવાન છે, પરંતુ સ્વામી તો અત્યારે સ્વધામ સિધાવ્યા. શ્રીહરિનો નિશ્ચય હજી જેમ છે તેમ થયો નહોતો. તેથી અંતરમાં ઊણપ અનુભવતા. ભક્તને જ્યાં સુધી પૂરો મહિમા ન હોય, પૂર્ણ નિષ્ઠા ન હોય, ખપમાં ખોટ હોય ત્યાં સુધી અંતરમાં અધૂરાશ રહે છે. વાતની વાતમાં ધોખા થયા કરે. આ મુમુક્ષુને પણ શ્રીહરિની નિષ્ઠાના અભાવે અંતરમાં ઊણપ અનુભવાય છે.

પૂરો પક્વ ન હોય નિશ્ચય રે, ત્યાં સુધી સુખ આવશે નય રે;
હોય નિષ્ઠામાં જ્યાં સુધી ખામી રે, સત્સંગમાં તે ન શકે જામી રે...૨૨
જાણો નિષ્ઠા છે સર્વેનો પ્રાણ રે, નિષ્ઠા સર્વે ગુણોની છે ખાણ રે;
હોય નિશ્ચયમાં ડગમગાટ રે, તો અંતરે રહે છે કચવાટ રે...૨૩

જ્યાં સુધી અંતરમાં ડગમગાડ હોય ત્યાં સુધી કચવાટ અને ઉચાટ રહ્યા કરે છે. અભાવ-અવગુણ આવ્યા કરે, હૈયું ઠરે નહીં. એકવાર

શ્રીહરિ કે સંતનો નિશ્ચય અંતરમાં ઊતરી જાય, લોહીના કણકણમાં વણાઈ જાય તો બેડો પાર થઈ જાય, અંતર આનંદથી નાચી ઊઠે. નિષ્ઠા આધ્યાત્મિક માર્ગનો પ્રાણ છે. નિષ્ઠા સદ્‌ગુણોની ખાણ છે. નિષ્ઠા પરમેશ્વર પ્રાપ્તિનું ઓક્સિજન છે. જ્યારે વ્યક્તિ નિષ્ઠામાં ડગમગે ત્યારે અંતરમાં અશાંતિ, ઉદ્વેગ અને ઉચાટ રહ્યા કરે છે. માટે સત્સંગ કરી, કથા-વાર્તા સાંભળી વજ્ર જેવી લોખંડી નિષ્ઠા કેળવવી. આ મુમુક્ષુની શ્રીહરિએ કેવી રીતે નિષ્ઠા પક્વ કરાવી ? તે હવે વાંચીએ...

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીનો જન્મ, ગૃહત્યાગ તથા શ્રીહરિનું મિલન કહ્યું' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

સમાધિમાં સર્વોપરી નિશ્ચય તથા દીક્ષા

એક વખત શ્રીસ્વામિનારાયણ ભગવાન માંગરોળના પાદરમાં આંબલીના વૃક્ષ નીચે ગાદી-તકિયા નંખાવીને બિરાજમાન હતા. પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદસ્વામી, વ્યાપકાનંદસ્વામી, સંતદાસજી, સ્વરૂપાનંદસ્વામી, રામચરણદાસજી વગેરે ઘણાક સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. તે વખતે મહારાજે સ્વરૂપાનંદસ્વામી સામી દૃષ્ટિ કરીને જોયું.

તે જ ઘડીએ સ્વામીને સમાધિ થઈ ગઈ ને અક્ષરધામમાં ગયા. ને ત્યાં અક્ષરધામને વિષે મહાઆશ્ચર્યકારી રૂપે શ્રીજીમહારાજને દિવ્ય સિંહાસન પર બિરાજમાન દીઠા, ને ફરતાં અનંતકોટિ મુક્ત બેઠેલા દીઠા, તોપણ તેમને મહારાજનો ભગવાનપણાનો પાકો નિશ્ચય ન થયો. શ્રીહરિ રામાનંદસ્વામી તથા અન્ય અવતાર જેવા છે, એટલી પ્રતીતિ આવી. શ્રીહરિના હૈયામાં એમ હતું કે, 'મારે આને મારો સર્વોપરીપણાનો નિશ્ચય કરાવવો છે. કેમ જે, ભવિષ્યમાં આને મારે

સંપ્રદાયના સર્વોત્તમ ગ્રંથના વક્તા બનાવવાના છે. અને વક્તામાં જ નિષ્ઠાની પક્વતા ન હોય તો શ્રોતામાં ક્યાંથી આવે ?!'

તેથી સમાધિમાં ગયેલા સ્વરૂપાનંદસ્વામીની નિષ્ઠાને પૂર્ણ કરવા માટે મહારાજે તેમને કહ્યું, "સ્વામી ! આ અનતંકોટિ મુક્તો છે. તેમની તમે એકસાથે પૂજા કરો, ને પછી તેમને તમારે વિષે લીન કરો." ત્યારે તેઓ બોલ્યા કે, "હે મહારાજ ! એટલા રૂપે કેમ કરી થવાય ? કેમ જે, બધા મુક્તોની એક સાથે પૂજા કરવી હોય તો અનંત રૂપ ધરવા પડે, વળી સહુની એકસાથે પૂજા કરવા માટે અનંત પૂજાપો જોઈએ. તે કેમ બને ?"

ત્યારે મહારાજ કહે, "ચોવીસ અવતારનાં જુદા જુદા નામ લઈને સંકલ્પ કરો કે, એ પુરુષોત્તમનારાયણ અવતારી હોય તો તેમના સામર્થ્યે કરીને હું એટલે રૂપે થાઉં." ત્યારે તેમણે એ સર્વે અવતારનાં જુદાં જુદાં નામ લઈને સંકલ્પ કર્યા કે, તે જો સર્વોપરી અવતારી હોય તો તેમના સામર્થ્યે કરીને હું અનંત રૂપે થાવું. પરંતુ અનંત રૂપે ન થવાણું.

પછી મહારાજ કહે, **"હે સ્વામી ! તમે હવે અમારું નામ લઈ સંકલ્પ કરો કે, આ ધર્મ-ભક્તિના પુત્ર શ્રીસહજાનંદસ્વામી પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી અવતારી હોય તો હું તેમના પ્રતાપે અનંત રૂપે થાઉં."** પછી તેમણે તે પ્રમાણે સંકલ્પ કર્યો, કે તરત જ તે અનંત રૂપે થયા. અને એકકાળાવચ્છિન્ન અનંત મુક્તોની પૂજા કરી.

પછી શ્રીહરિ કહે, "સ્વામી ! હવે એમ સંકલ્પ કરો કે, 'આ સહજાનંદસ્વામી સર્વોપરી પુરુષોત્તમનારાયણ હોય તો તેમના પ્રતાપે આ બધા મુક્તો મારા સ્વરૂપમાં લીન થઈ જાય." ત્યારે તેમણે સંકલ્પ કર્યો કે, **"આ શ્રીહરિકૃષ્ણ મહારાજ, સ્વામિનારાયણ ભગવાન અનંત અવતારના અવતારી, સર્વોપરી, અદ્વિતીય મૂર્તિ પુરુષોત્તમનારાયણ હોય તો બધા જ મુક્તો મારામાં લીન થઈ જાવ."**

આમ જ્યાં સંકલ્પ કર્યો ત્યાં સર્વે મુક્તો તેમને વિષે લીન થઈ ગયા. આવો શ્રીહરિનો પ્રતાપ જોયો. પછી નિશ્ચયમાં શું ખામી રહે ! આ કાંઈ નાનોસૂનો પ્રતાપ છે !! પછી તેઓ પાછા સમાધિમાંથી બહાર આવ્યા. શ્રીહરિના સ્વરૂપનો સર્વોપરી નિશ્ચય થયો. તેથી હીહોરા કરવા લાગ્યા. 'વાહ..! વાહ..!! મને કેવી પ્રાપ્તિ થઈ ! મને કોણ મળ્યું ! સર્વે અવતારનું કારણ, અવતારી અને સર્વોપરી સ્વરૂપ મને મળ્યું !' આમ કહેતાં જ શ્રીહરિમાં ખેંચાઈ ગયા. અને આજીવન આત્મસુદ્ધાં સમર્પાઈ ગયા.

પછી તેમને તે આંબલી નીચે જ સભામાં ઊભા કરી શ્રીહરિએ કહ્યું, "તમને જે અનુભવ થયો, તેની બધી વાત વિસ્તારીને સભામાં કહો." તે દિવસથી સ્વામીને શ્રીહરિએ વક્તા બનાવી દીધા. સ્વામી કહે, "મારું દિલ નાનું અને વાત મોટી છે, છતાં જે હૈયામાં અનુભવાયું તે કહું છું. આ શ્રીજીમહારાજ છે તે સર્વે અવતારના અવતારી પૂર્ણપુરુષોત્તમનારાયણ છે. ને અક્ષરધામના મુક્ત, પ્રકૃતિપુરુષ, પ્રધાનપુરુષ તથા વિરાટપુરુષ એ આદિક સર્વે અક્ષરને આધારે છે અને તેને આધીન છે. અને અક્ષર તો આ આંબલી નીચે બેઠેલા પ્રગટ પુરુષોત્તમ શ્રીહરિને આધારે છે.

જે હરિ અક્ષરબ્રહ્મ આધાર, પાર કોઈ નવ લહે રે લોલ.

જેમ પૃથ્વીને આધારે મનુષ્ય, ઝાડ, પર્વતાદિક છે; તેમ અક્ષરાદિક સર્વે આ શ્રીહરિને આધારે છે. અને તે સર્વે શ્રીહરિકૃષ્ણ પ્રગટ પુરુષોત્તમ નારાયણની ઉપાસના કરે છે, ને તે પુરુષોત્તમ કેવા છે ? તો મહાતેજોમય મૂર્તિ છે અને અનંત ધામના મુક્તોનાં તેજ અને અક્ષરધામના મુક્તોનાં તેજ તે સર્વે અક્ષરધામના એક સોપારી રહે તેટલા દેશમાં સમાઈ જાય છે. ને તે અક્ષરધામનું તેજ શ્રીજીમહારાજના એક રોમને વિષે સમાઈ જાય છે. એવા શ્રીજીમહારાજ છે."

આમ, સ્વરૂપાનંદસ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનો સર્વોપરી મહિમા ગાતા બુલંદ અવાજે પોતાને થયેલો અનુભવ સભામાં કહ્યો.

ને ઊભા થઈ બે હાથ જોડી મહારાજની સ્તુતિ કરી. પછી દંડવત તથા પરિક્રમા કરીને પગે લાગ્યા. ને સંત-હરિભક્તને નમસ્કાર કરીને સભામાં બેઠા. *(સંદર્ભ : હ.ચ.ચિં.ભા.૧/૧૦૪)*

જેવો મહારાજનો સર્વોપરી નિશ્ચય થયો ત્યારથી તેમનું જીવન આખું બદલાઈ ગયું. અંતરમાં આનંદનો સાગર રેલાયો.

દોહા : **થયો નિશ્ચય પાકો અતિ, રાજી થયા મનમાંય;**
તે દિન ને તે ઘડીથી, ગયા હરિને સમર્પાય...૨૪
સહજાનંદ સાગરમાં, આ સરિતા ગઈ સમાય;
પ્રભુએ રાજી થઈ દીધી, દીક્ષા માંગરોળમાંય...૨૫

શ્રીહરિને સંપ્રદાયની દીક્ષા આપવા પ્રાર્થના કરી. સદા સ્વસ્વરૂપમાં, કહેતાં આત્મસ્વરૂપમાં રહેનાર આ સંતનું શ્રીહરિએ 'સ્વરૂપાનંદસ્વામી' એવું સાર્થક નામ આપ્યું. બથમાં ઘાલીને ભેટ્યા, ખૂબ રાજી થયા. સંત બન્યા પછી અષ્ટાંગયોગનો અભ્યાસ કર્યો. શ્રીહરિએ અનેક સ્થળોએ સંતોને યોગાભ્યાસ કરાવ્યો હતો. તીર્થધામ કુંડળમાં ઉતાવળી નદીમાં પણ શ્રીહરિ સંતોને યોગ શીખવતા હતા. શ્રીહરિ યોગકળામાં મહા કુશળ હતા. સ્વામી તેમની પાસે યોગ શીખ્યા અને થોડા સમયમાં શ્રીહરિની કૃપાથી ધ્યાનમાં સિદ્ધિ મેળવી, સમાધિનિષ્ઠ બન્યા, ત્રિકાલજ્ઞ બન્યા. ત્યારથી તેમની સ્થિતિ સંપૂર્ણ બદલાઈ ગઈ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સમાધિ કરાવીને સ્વામીને સર્વોપરી નિશ્ચય કરાવ્યો તથા દીક્ષા આપી' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

નરકના કુંડો ખાલી કર્યા અને શ્રીહરિની સર્વોપરીતા

એકવાર મહારાજ કાલવાણીમાં આવ્યા. ત્યાં શ્રીહરિએ વ્યાપકાનંદ સ્વામીને કહ્યું, "તમે ઈન્દ્રલોકમાં જઈ આવો." ત્યારે કહે, "જઈ

આવ્યો.” ત્યારે કહ્યું જે, “ગોલોક તથા બ્રહ્મધામને વિષે જઈ આવો.” ત્યારે કહ્યું, “જઈ આવ્યો.” ત્યાર પછી ફરી આજ્ઞા કરી જે, “ભૂમાપુરુષ પાસે જઈ આવો.” ત્યારે તે વ્યાપકાનંદસ્વામી કહે જે, “હજાર માથાનો દૈત્ય માર્ગ રોકીને રહ્યો છે.” ત્યારે મહારાજે કહ્યું જે, “તમે પણ એવું રૂપ ધરીને તેને જીતીને જાઓ.” પછી તેણે તેમ કર્યું. પછી ફરીને કહ્યું. ત્યારે કહે જે, “હે મહારાજ ! નથી જવાય તેમ. કેમ જે, બીજો દસ હજાર માથાનો દૈત્ય આગળ છે.” ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, “અમારી મૂર્તિ સંભારીને તેથી મોટું રૂપ ધરીને તેને જીતીને જાઓ.”

પછી સ્વામી તેમ કરીને ભૂમાપુરુષ પાસે ગયા. ત્યારે તે ભૂમાપુરુષે વ્યાપકાનંદસ્વામીને પૂછ્યું જે, “પુરુષોત્તમનું પ્રગટપણું પૃથ્વીને વિષે થયું ?” ત્યારે તે કહે જે, ‘થયું.’ એ વાર્તા સાંભળીને ભૂમાપુરુષ અતિશે ગદ્‌ગદ કંઠે થઈને રાજી થઈ જતા હવા. ને સંતને પોતાના સિંહાસન ઉપર બેસાડીને અતિશે સુગંધીમાન પુષ્પ-ચંદનાદિકે કરીને તેમની આરતી-પૂજા કરી. ને અતિશે આનંદથી શ્રીજીમહારાજના સમાચાર પૂછીને બોલ્યા જે, “મને પ્રથમ શ્રીજીમહારાજે કહ્યું હતું જે, ‘અમો જ્યારે બ્રહ્માંડમાં પધારશું ત્યારે તમ પાસે સંત મોકલીશું.’ તે વચન આજ સત્ય કર્યું.” એવી રીતે પરસ્પર બે જણે શ્રીજીમહારાજના મહિમાની વાર્તા સારી પેઠે કરી.

તે પછી ભૂમાપુરુષના કહેવાથી વ્યાપકાનંદસ્વામીએ તે લોકમાં ચાર ભુજાવાળા જે મુક્તો હતા, તે સહુને શ્રીજીમહારાજના પ્રગટપણાની અને સર્વોપરી મહિમાની વાતો કરીને સહુને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો. ને તે સર્વે મુક્તને બ્રહ્મપુરમાં કહેતાં અક્ષરધામમાં મોકલી દીધા. પછી સમાધિમાંથી પાછા આવીને શ્રીજીમહારાજને જેમ થયું તેમ વાત કરી દેખાડી. તે વાતને સાંભળીને ભીમભાઈએ શ્રીજીમહારાજને કહ્યું, “હે મહારાજ !

પૂર્વછાયો : **રાજા બેસે જ્યારે ગાદીએ, ત્યારે છોડાવે છે બંધીજન;**
તમે છોડાવો નર્કવાસીને, દયા કરો પ્રાણજીવન...૨૬

જ્યારે બાદશાહ ગાદીએ બેસે ત્યારે બંદીવાનમાત્રને છોડી મૂકે છે, તેમ તમે પણ કૃપા કરો. આ બ્રહ્માંડની જેલ યમપુરી છે. તેને દૂધે ધૂઓ. કેમ જે, આપ તો દયાસિંધુ છો ને રાજાધિરાજ છો."

એક ભક્ત સ્તુતિ કરે અને ભગવાન સ્વામિનારાયણ કેવાં કામ કરે છે ? તે સાંભળો. તરત શ્રીહરિએ સ્વરૂપાનંદસ્વામીને આજ્ઞા કરી જે, "તમે યમપુરી જાઓ ને સર્વે નરકકુંડના જીવમાત્રને ચતુર્ભુજરૂપ ધરાવીને ભૂમાપુરુષના લોકમાં મોકલો." પછી શ્રીહરિની આજ્ઞાથી સ્વરૂપાનંદસ્વામી સંયમીની પુરી, કે'તાં જમપુરીમાં ગયા. ત્યાં જઈને જોયું તો અઠ્યાશી હજાર નરકના કુંડોમાં અપાર જીવો પડ્યા હતા. ચૌદ હજાર યમદૂતો સહુને પારાવાર દંડ આપતા, અનેક પ્રકારે મારતા, પીડા કરતા; તેથી જીવો રાડ્યો પાડતા. તે જોઈને સ્વામીના અંતરમાં દયા આવી.

પછી શ્રીહરિની મૂર્તિને અંતરમાં ધારી 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ' મહામંત્રનો જાપ કર્યો. આ મંત્ર કેવો બળિયો...!! જેવો મંત્રનો જાપ થયો એવો જ ત્યાં પ્રકાશ પથરાયો. આકાશમાં કરોડો વિમાનો આવ્યાં. તમામ મલિન નારકી જીવોનાં બંધનો છૂટી ગયાં. સહુ દિવ્ય ચતુર્ભૂજરૂપ ધારણ કરીને બહાર નીકળ્યા. પીળું પીતાંબર, માથે મુગટ, કાને કુંડળ, કંઠમાં વૈજયંતી માળા, આવા અલૌકિક સ્વરૂપ ધારણ કરી સહુ સ્વામીના પગમાં પડ્યા. આ વાતનું વર્ણન કરતાં વિહારીલાલજી મહારાજ હરિલીલામૃતમાં કહે છે,

ચોપાઈ : **જોયા નરકમાં પિડાતા પ્રાણી, અતિ અંતરમાં દયા આણી;**
લીધું સ્વામિનારાયણ નામ, નાઠા સાંભળી દૂત તમામ.
પ્રાણી નીકળ્યા કુંડ બહાર, વંદ્યા સાધુને વારમવાર;
નારાયણ સ્વામી ભજન કરાવ્યું, પાપ સંચિત સર્વે બળાવ્યું.

થયા સર્વ ચતુર્ભુજ રૂપ, દેહ દિવ્ય દેખાય અનુપ;
ધામ ભૂમાપુરુષનું છે જ્યાંય, સંતે સર્વને મોકલ્યા ત્યાંય.
સંતે શ્રીજીની આગળ આવી, વાત વિગત સહિત સુણાવી;
સુણી રાજી થયા શ્રીગોવિંદ, દીધાં છાતિમાં ચરણારવિંદ.

(હ.લી.૫/૬/૪૩ થી ૪૬)

આમ, સ્વામી ઉપર ખૂબ રાજી થયા. પછી શ્રીહરિ કહે, “હે સંતો ! અમો કોઈ દિવસ અક્ષરધામમાંથી આ બ્રહ્માંડમાં આવ્યા નથી, ને આવશું પણ નહિ. માટે આજ તો અમારે અગણિત જીવનાં કલ્યાણ કરવા છે. તે માટે અમો તથા અક્ષરધામ તથા અક્ષરના મુક્ત તથા બીજાં ધામના ભગવાન તથા બીજા ઈશ્વરકોટિ તેણે સહિત અમે આંહીં પધાર્યા છીએ. માટે તે સર્વેને અક્ષરધામમાં લઈ જાવા છે.” એવી રીતે સંત આગળ મહારાજે પોતાના મહિમાની વાત કરી.

(સંદર્ભ : ગુ.સ્વામી પ્ર.૪/૧૦)

આમ, શ્રીહરિના પૌઢ પ્રતાપે, સર્વોપરી ઉપાસનાના બળે તથા સ્વામિનારાયણ મહામંત્રના ઉચ્ચારણ માત્રથી સ્વરૂપાનંદસ્વામીએ જમપુરી દૂધે ધોઈ. લાખો જીવોને એક સાથે યમપાશમાંથી છોડાવ્યા. વિના સાધને મોક્ષગતિ આપી. કારણશરીર બાળ્યા વિના બધાં સંચિત કર્મો ટાળી દીધાં. આ ઘટનાની નોંધ લેતાં મુક્તાનંદસ્વામી પોતાના એક કીર્તનમાં શ્રીહરિનો અલૌકિક મહિમા વર્ણવતાં કહે છે,

પોતે પરબ્રહ્મ રે સ્વામી સહજાનંદ, નારાયણ પ્રબળ પ્રતાપ છે...ટેક.
સ્વામિનારાયણ મુખે ઓચરે, તેને જન્મમરણ રે જમનો ભય જાય..નારા૦ ૧
સર્વે નરકના કુંડ ખાલી કર્યા, ભૂખ્યા જમગણ રે કર ઘસી પસ્તાય.. નારા૦ ૨
પામ્યા અનંત જીવ હરિ ધામને, તેની ગણના રે કે’તાં શેષ લજાય.. નારા૦ ૩
મુક્તાનંદ કહે મહિમા અતિ ઘણો, તેને એક મુખે રે કવિ કેટલો ક ગાય.. નારા૦ ૪

મુક્તાનંદસ્વામી જેવા સત્પુરુષની કલમે આ મહિમા લખાયો છે.

આ બ્રહ્માંડ રચાણું પછી ક્યારેય બન્યું ન હતું, એવું સર્વાવતારી શ્રીહરિ અક્ષરધામમાંથી પધાર્યા ત્યારે બન્યું. જેના સંત દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર થાય એ જ શ્રીહરિની સર્વોપરીતા છે. તેથી જ નિષ્કુળાનંદસ્વામી પુરુષોત્તમપ્રકાશ પ્ર.૩૨માં કહે છે,

આ વારનો જે૨ અવતાર રે, એવો ન થાયે વારમવાર રે;
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે.

આવો શ્રીહરિનો મહિમા જો એકવાર અંતરમાં ઊતરી જાય તો જીવ આખો બદલાઈ જાય. જે સ્વામિનારાયણ ભગવાનને સર્વાવતારી પુરુષોત્તમનારાયણ સમજે છે, તેમાં જ આવું સામર્થ્ય આવે છે. શ્રીહરિને અવતાર જેવા સમજતો હોય તેમાં આવી અલૌકિક સામર્થી પ્રગટે નહીં. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, વિધાત્રાનંદ સ્વામી, અક્ષરાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, નિર્ગુણદાસસ્વામી વગેરે સંતોએ શ્રીહરિને જેમ છે તેમ જાણ્યા છે, માણ્યા છે અને અનુભવ્યા છે. અને પોતાના અનુભવો તેમણે લખ્યા છે. તેમના લખેલા ઘણા ગ્રંથો તો સંપ્રદાયની લાઈબ્રેરીઓ કે મંદિરોના પટારામાં છે. તે વાંચતાં અને વિચારતાં જેમ છે તેમ શ્રીહરિનો મહિમા સમજાય છે. જે સ્વામિનારાયણ ભગવાનની સાથે રહ્યા હોય તેને ખબર હોય કે સ્વામિનારાયણ ભગવાન અવતારી હતા કે અવતાર હતા ? નંદસંતો જે કહે તેની આગળ અન્ય કોઈ પ્રમાણની જરૂર નથી.

ગુણાતીતાનંદસ્વામી એકવાર અમદાવાદ સભામંડપમાં વાતો કરતા હતા. ત્યારે કોઈએ કહ્યું કે, “શ્રીહરિને સર્વોપરી કેમ કહો છો ?” ત્યારે સ્વામી બોલ્યા કે, “સ્વામિનારાયણ ભગવાને અમને કાનમાં મંત્ર આપ્યો છે કે, ‘અમે તો સર્વોપરી પુરુષોત્તમનારાયણ છીએ.’ અમે શ્રીહરિના મુખેથી જે સાંભળીએ છીએ અને તેણે અમારા જીવમાં જે સમજાવ્યું છે, તે કહીએ છીએ.”

આવા શ્રીહરિને ઓળખવામાં ઘણા ભૂલ ખાય છે. ગોપાળાનંદ સ્વામી કહેતાં, "જેને પૂર્વનું બીજબળ ઓછું હોય તે શ્રીહરિને જેમ છે તેમ સર્વોપરી ન જાણી શકે." આ તો 'ન ભૂતો ન ભવિષ્યતિ' એવી વાતો છે. જેના સંત દ્વારા અનંત જીવોનો ઉદ્ધાર થાય એ જ શ્રીહરિની સર્વોપરીતા છે. માટે આ વાતને વારંવાર વિચારી હૈયામાં ઉતારવી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામી દ્વારા નરકના કુંડ ખાલી કરાવ્યા અને શ્રીહરિની સર્વોપરીતા વર્ણવી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

અવતાર જેવી કળા શ્રીહરિના મુક્તમાં

જેના અનંત જન્મનાં પુણ્ય ઉદય થયાં હોય, તેને સ્વામિનારાયણ ભગવાન જેમ છે તેમ સમજાય છે. સ્વામિનારાયણ ભગવાનનો મહિમા તેમની સાથે આવેલા અક્ષરમુક્તો ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે પરમહંસો જેટલો જાણે એટલો તે પહેલા થયેલા વાલ્મીકિ વગેરે ઋષિઓ કેમ સમજી શકે ? કેમ જે, તે લોકોના પરાક્રમો ઘણા હોય, પરંતુ જ્ઞાનની દૃષ્ટિએ જોવા જઈએ તો મોટા મોટા કહેવાતા ઋષિઓમાં ઘણું ઘણું ખૂટતું હોય એવું સ્પષ્ટ જણાય છે. ત્રણ પ્રકારના પ્રલયથી પરનું જ્ઞાન તો કોઈને જણાતું નથી. જ્યારે સ્વામિનારાયણ ભગવાન તો ચાર પ્રકારના પ્રલયથી પરનું જ્ઞાન લઈને અવની ઉપર આવ્યા અને અનંત જીવનો ઉદ્ધાર કર્યો.

એક ગામમાં એક મોટા મહાત્મા કથા-વાર્તા કરતા હતા. ત્યારે સત્સંગીના નાના છોકરાએ પ્રશ્ન પૂછ્યો કે, 'બાવાજી ! જીવનું સ્વરૂપ કરો.' ત્યારે તે બાવો તેની મસ્તીમાં કહે, 'જીવ અંગૂઠા જેવડો છે.' એટલે પેલો સત્સંગીનો દીકરો કહે, 'તો તો બાવાજી..! કીડીને તેનો જીવ પાછળ ઢસડાતો હશે ને..?!' તે જોઈ સભામાં કોઈ કાંઈ બોલી શક્યા નહીં.

જગતમાં તો લોકો ભજન પણ એવા ગાય છે કે, 'કરવા કાયાનું કલ્યાણ, પ્રભુ નામ નહિ છોડું.' હજી જગતના લોકોને તો દેહ અને આત્મા પણ જુદા પડતા નથી. જ્યારે શ્રીહરિ આવ્યા અને સાથે પાંચસો પરમહંસો લાવ્યા; રાત-દિવસ સત્સંગ-કથાવાર્તાનો અખાડો જમાવ્યો, બ્રહ્મરસની હેલી વરસાવી, ત્યારે જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના ચોખ્ખા ભેદ સમજાયા. આ બધી શ્રીહરિની દયા છે; તેમના પરમહંસોની કરુણા છે.

સદ્.વિધાત્રાનંદસ્વામીએ **'પુરુષોત્તમનિરૂપણ'**માં કહ્યું છે, "એક હરિભક્તે સ્વરૂપાનંદસ્વામીને પૂછ્યું જે, 'આ શ્રીજીમહારાજનો અવતાર કેવો જાણવો ?' ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, "આ અવતાર નહિ, આ તો રામકૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી પ્રકટ પુરુષોત્તમ છે, ને બીજા અવતારના જેવી કળાઓ તો પોતાના ભક્તમાં છે." અને નિત્યાનંદસ્વામી તથા ગોપાલાનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી જેવા સમર્થ અને વિદ્વાન સંતો પણ આ રીતે શ્રીહરિનું પુરુષોત્તમનિરૂપણ કરતા હતા, તો આપણે પણ તે માનવું જ રહ્યું.

વળી, આ જ વાતને વિશેષ સમજાવતાં ગોપાળાનંદસ્વામી વાત-૨/૨૯૬માં કહે છે કે, "અવતાર-અવતારીના સંકલ્પમાં ન્યૂન-અધિકપણું અતિશે છે જે, અવતારીના મુક્ત તો સંકલ્પ કરે તે માત્રમાં તે ક્રિયા સિદ્ધ થાય છે ને અવતાર છે તે તો સંકલ્પ કરીને તે ક્રિયામાં પોતે ભળે ત્યારે સિદ્ધ થાય; એવી અનેક પ્રકારની વાર્તા સત્સંગમાં છે."

અવતારી શ્રીહરિ સંકલ્પ કરે અને કાર્ય સિદ્ધ થાય, એમ નથી લખ્યું; શ્રીહરિના સંતો કે ભક્તો સંકલ્પો કરે અને ઘડાઘડ કામ થાય એમ લખ્યું છે. સાત પેઢીમાં છોકરો ન થાય એવું કઠણ પ્રારબ્ધ હોય પણ શ્રીહરિના સંતો-ભક્તો સંકલ્પ કરે તો લેખ ઉપર મેખ વાગે અને પુત્રનો જન્મ થાય. આમ, શ્રીહરિના સંતો-ભક્તોના સંકલ્પથી સૃષ્ટિમાં અનેક પ્રકારના ફેરફાર થાય.

હરિલીલામૃત ક.૫/૬માં પણ આ જ વાતને લખતાં આચાર્યશ્રી વિહારીલાલજી મહારાજ કહે છે કે, "એકવાર અગત્રાઈના ભીમભાઈ સીમમાં ગયા અને ત્યાં કીડિયારું જોઈને દિલમાં દયા આવી કે, 'અમારો તો પ્રગટ પ્રભુના પ્રતાપે ઉદ્ધાર થયો, પરંતુ આ કીડીઓનો મોક્ષ ક્યારે થશે ?' એમ જ્યાં સંકલ્પ કર્યો, ત્યાં આકાશમાં અનેક વિમાનો આવ્યાં. તમામ કીડીઓ દિવ્યદેહ ધરી વિમાનમાં બેસી ભગવાનના ધામમાં ગઈ. આ ઘટનાથી અત્યંત આનંદિત થયેલા ભીમભાઈએ સભામાં આવી શ્રીહરિને જે બન્યું હતું તેની વાત કરી. ત્યારે મંદમંદ હસતા મહારાજ કહે, 'આજની વાત ન્યારી છે. કેમ જે,

ચોપાઈ : **થાય અંશ કળા અવતાર, ત્યારે ભક્ત પામે ભવપાર.**
પુરુષોત્તમ પોતે પધારે, તેની રીત જુદી હોય ત્યારે;
નહિ ભક્ત અભક્ત પ્રમાણ, કરે સંકલ્પથી જ કલ્યાણ.
તેના સેવક સંકલ્પ કરે, એથી પણ બહુ જીવ ઉદ્ધરે;
અવતાર અને અવતારી, એની એટલી રીત છે ન્યારી.
કીડિયો કેરા કલ્યાણ માટ, ઘડ્યો અંતરમાં તમે ઘાટ;
થયો તે થકી તેનો ઉદ્ધાર, પામી તે ભવસાગર પાર
એવી વાત સુણી નરનારી, જાણ્યા અવતારના અવતારી;

આમ, અવતાર અને અવતારીના સંતો-ભક્તોના સંકલ્પોમાં પણ ન્યૂનાધિકપણું છે. સત્સંગમાં આવી અનેક પ્રકારની વાતો છે.

ગોપાળાનંદસ્વામીના શિષ્ય મહાપુરુષદાસજીસ્વામીને શ્રીહરિએ ઊના મંદિરમાં દર્શન આપી ગ્રંથ લખવાનું કહ્યું. પછી મહાપુરુષદાસજી સ્વામીએ શ્રીહરિ અને મોટા સંતોની આજ્ઞાથી **'પુરુષોત્તમનિરૂપણ'** નામનો ગ્રંથ કર્યો. તેમાં સ્વરૂપાનંદસ્વામીની સમજણની વાત આવે છે.

એકવાર શ્રીજીમહારાજ આખા ગામમાં નારાયણ દવેને ઘેર સભા કરીને બેઠા હતા. તે સભામાં ભૂજના હરિભક્તોને મહારાજ કહે,

"તમારે પ્રશ્ન પૂછવો હોય તો આ સ્વરૂપાનંદસ્વામીને પૂછો." ત્યારે ગંગારામ મલ્લે પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! આ બ્રહ્માંડના ભગવાન શ્રીકૃષ્ણ, નરનારાયણ, વાસુદેવનારાયણ, વિષ્ણુ, શિવ, બ્રહ્મા, સૂર્ય, ચંદ્રમાં, વાયુ, ધર્મરાજા, ઇંદ્ર, વરુણ, કુબેર, બાર મેઘ તથા ઈશ્વરો તેમાં અને અક્ષરાતીત એવા જે પ્રગટ પુરુષોત્તમનારાયણ તેમાં કેટલો ફેર છે ? એ પ્રશ્ન છે."

ત્યારે તેનો ઉત્તર સ્વરૂપાનંદસ્વામીએ કર્યો જે, "જેમ તારા ને ચંદ્રમામાં ફેર છે, તેમ પ્રગટ પુરુષોત્તમમાં ને બીજા અવતારોમાં ફેર છે. બીજા અવતાર તો પુરુષોત્તમ એવા જે આ શ્રીસહજાનંદસ્વામી મહારાજ તેમને ભજીભજીને અને તેમની આજ્ઞામાં રહીને તથા ધ્યાન, ઉપાસના કરીને મોટપને પામ્યા છે. ને આ પુરુષોત્તમનારાયણ તો બ્રહ્માના પચ્ચાસ વર્ષ થયાં ત્યાં સુધી દશે અવતારે સ્તુતિ કરી, ત્યારે આ બ્રહ્માંડમાં કૃપા કરીને પધાર્યા છે. ને ભેગા અનંત અક્ષરમુક્તો તથા આ બ્રહ્માંડના દશ અવતારો ને તેમના શિષ્યો(મુક્તો) તે મહારાજ ભેગા આવ્યા છે. તે મહારાજની આજ્ઞામાં રહીને ઉપાસના કરશે તો અક્ષરધામમાં જાશે. ને જો બીજા અવતારોનો કાંઈક ભાર રહે, અર્થાત્ ઉપાસનામાં ફેર રહે ને મહારાજને શ્રીકૃષ્ણ જેવા જાણે તો ગોલોકમાં જાય, ને નરનારાયણ જેવા જાણે તો બદરિકાશ્રમમાં જાય, જેવા જાણે તેવા ધામની પ્રાપ્તિ થાય છે."

તે સાંભળીને ભૂજના ગંગારામ મલ્લ આદિકને શ્રીજીમહારાજનો પાકો નિશ્ચય થયો. આ પ્રસંગ સં.૧૯૮૪માં જૂનાગઢ મંદિર તરફથી પ્રકાશિત થયેલ શ્રીહરિચરિત્ર ચિંતામણિની પ્રથમ આવૃત્તિની ૧/૧૫૫મી વાતમાં પણ છે.

દોહા : **પાકો નિશ્ચય રાખવો, સર્વોપરી સદાય;**
સર્વોપરી શ્રીહરિને, અન્યવત્ ન કહેવાય...૨૭

એ જેવા એ એક જ છે, નથી અક્ષરપર્યંત કોય;
સર્વોપરી નિષ્ઠા બળે, મોક્ષ સદા હાજર હોય...૨૮
સર્વોપરી પ્રગટ નિષ્ઠા, તથા મોક્ષ જાણો એક;
એક વસ્તુના બે નામ છે, જાણજો એ વિવેક...૨૯

સર્વાવતારી શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય થાય એટલે સર્વોપરી કલ્યાણ થઈ ગયું. નિષ્ઠા અને કલ્યાણ બે વસ્તુ નથી. જેવી નિષ્ઠા હોય તેવું કલ્યાણ થાય. માટે આપણા કલ્યાણ સારુ જેમ છે તેમ શ્રીહરિ અને તેમના સંતો-ભક્તોની નિષ્ઠા કેળવવી, તો સહેજે બેડો પાર થશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'અવતાર જેવી કળા તો શ્રીહરિએ તેમના સંતો-ભક્તોમાં બતાવી એમ નિરૂપણ કર્યું' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

જામનગરમાં સંતો સાથે સ્વામીનાં તપ-ત્યાગ

હવે આવા સમર્થ અને સ્થિતિવાળા સંતોને પણ શ્રીહરિએ આપણો આદર્શ પૂરો પાડવા કેવાં તપ કરાવ્યાં ? કેવો ત્યાગ રખાવ્યો ? અને તપ-ત્યાગાદિક પ્રકરણમાં આ સંતોએ કેવી ધીરજ રાખી ? કેવું ભગવદ્‌બળ રાખ્યું ? તે બધું સમજવા જેવું છે. અખંડાનંદસ્વામી કૃત 'શ્રીહરિચરિત્ર પરિચ્છેદ-૧/૨૧' અને 'અદ્‌ભુતાનંદસ્વામીની મૂળ વાત-૪૪'ના આધારે આ પ્રસંગ નિહાળીએ.

સંવત્ ૧૮૬૫ ભાદરવા મહિનામાં શ્રીહરિ કારિયાણીમાં પધાર્યા. ત્યાં ૪૦ દિવસ ચાલે એવો મોટો મહારુદ્રયાગ કર્યો. અને ૪૦ દિવસ સુધી હજારો બ્રાહ્મણોને ભોજન કરાવ્યાં, દક્ષિણાઓ આપી. આસો વદ તેરસે યજ્ઞ પૂર્ણ કર્યો. પછી મહારાજે સંતોનાં બે મંડળ બનાવ્યાં. તેમાં એક મંડળમાં આત્માનંદસ્વામી અને મુક્તાનંદસ્વામીને મુખ્ય કરી સુરત મોકલ્યા. અને બીજા મંડળમાં સ્વરૂપાનંદસ્વામીને મુખ્ય કરી અઢીસો

સંતો સાથે જામનગર મોકલ્યા. તે સંતો ફરતાં ફરતાં જામનગર પહોંચ્યા. શહેરથી ઉત્તરાદિ કોરે લખોટા તળાવે ઉતારો કર્યો. ઝાડવે ઝોળીઓ ટિંગાડી. તળાવમાં સ્નાન કરે, વડલા નીચે બેસી ભજન કરે. પૃથ્વીનું પાથરણું અને આભનું ઓઢણું કરી સૂઈ રહે. ભૂખ લાગે ત્યારે નિત્ય ગામમાં એકવાર ઝોળી માંગવા જાય.

શ્રીહરિએ આ સંતોને એવી આજ્ઞા કરેલી કે, 'જે ગામમાં સન્માન થાય ત્યાંથી ચાલી નીકળવું; અપમાન થાય ત્યાં રહેવું.' શ્રીહરિની આજ્ઞા મુજબ સંતો ઝોળી માગવા જાય ત્યારે કોઈ ચપટી જારનો લોટ આપે, તો કોઈ ઘઉંનો લોટ આપે, કોઈ થોડા રોટલા આપે, તો કોઈ થોડી ખીચડી આપે. એવી રીતે ભિક્ષા કરીને સંતો ઉતારે આવે. પછી સર્વે સંતો મળીને નદી ઉપર જાય અને ભિક્ષાનું અન્ન જોળીમાં નાખી તળાવના પાણીમાં બે-ચાર વાર જબોળે; તેથી તેમાંથી રસકસ નીકળી જાય અને કૂચા જેવું વધે. આ રીતે શુદ્ધ કરીને ગોળા કરી સર્વેને ભાગે પડતું વહેંચી આપે. તે સંતોને કોઈક દિવસ નવટાંક(૬૦ ગ્રામ) મળે, કોઈક દિવસ પાશેર(૧૨૫ ગ્રામ) મળે, તેને જમી ઉતારા ઉપર આવીને અખંડ સ્વામિનારાયણનું ભજન કરતા.

ચોપાઈ :

અન્ન મળતું નહિ ઘણીવાર રે, ઉપવાસ થતા તેહ ઠાર રે;
એકવાર દિવસ પાંચ છય રે, કંઈ અન્ન જોળીમાં મળ્યું નય રે...૩૦

પછી એક દિવસ સંતોએ મહારાજ ઉપર કાગળ લખ્યો જે, "અહીં તો નવટાંક નવટાંક અન્ન કોઈ દહાડે મળે છે, ને કોઈ દહાડે નથી મળતું." તેને વાંચીને શ્રીજીમહારાજે ઉત્તર લખ્યો જે, "એક કુગ્રામ હતું. તેમાં એક સદ્‌ગુરુ આવીને ત્યાં રહ્યા. તેમને એક વાણિયો દરરોજ એક શેર ચોખા આપે, તેને જમે ને ત્યાં રહે. તે સમે એક મુમુક્ષુ સદ્‌ગુરુને ખોળતો ખોળતો ત્યાં આવ્યો. એને કાળની મૂર્તિ દેખાતી હતી. તે

ત્યાં આવ્યો ત્યારે કાળ દેખાતો બંધ થઈ ગયો. ત્યારે આવું આશ્ચર્ય જોઈને તે મુમુક્ષુએ એમ વિચાર કર્યો જે, 'આ ગામમાં કોઈ સદ્‌ગુરુ છે.' એમ જાણીને ગામમાં ખોળતો ખોળતો સદ્‌ગુરુ પાસે આવ્યો. ને કહે જે, 'મારે આંહીં તમારી પાસે રહેવું છે.'

ત્યારે તેમણે કહ્યું જે, 'અહીં ખાવાનું મળતું નથી.' ત્યારે મુમુક્ષુ કહે જે, "તમે શું જમો છો ?" ત્યારે સદ્‌ગુરુ કહે કે, 'અમને તો એક વણિક શેર ચોખા આપે છે, તે જમું છું.' ત્યારે તે મુમુક્ષુ કહે જે, "હું હાંડલીનું ધોવરામણ પીને રહીશ, પણ તમને મેલીને નહીં જાઉં." પછી તે હાંડલીમાં ચોખા રાંધે, તે ગુરુ જમે. અને તે હાંડલીનું ધોવરામણ પીને મુમુક્ષુ રહ્યો.

ત્યાં બીજો મુમુક્ષુ આવ્યો. તે માત્ર ચોખાનું ધોવરામણ પીને સદ્‌ગુરુ પાસે રહ્યો. ત્યાં ત્રીજો મુમુક્ષુ આવ્યો. એ માત્ર સદ્‌ગુરુ જમે તેમના પાત્રનું ધોવરામણ પીને રહ્યો. એવી રીતે ત્રણે જણાને ખપ હતો તો સદ્‌ગુરુ પાસે રહ્યા. ને તમને તો નવટાંક કે પાશેર અન્ન તો મળે છે."

એવો શ્રીહરિએ કાગળનો ઉત્તર લખીને સંત ઉપર મોકલ્યો. પછી સર્વે સંત ભેગા થઈને કાગળ વાંચીને મહા હરખ પામ્યા અને ઉત્સાહથી ભજન કરવા લાગ્યા. દેહ પડવો હોય તો ભલે પડી જાય, પરંતુ શ્રીહરિને રાજી કરી લેવા છે. આવી ત્યાગ-વૈરાગ્યની ખુમારી સંતોને ચડી.

દોહા : **ત્યાગ વિરાગની ટેકથી, ભજન કરે દિનરાત;**
કેફ ચડ્યો પ્રભુ પ્રગટનો, અમને મળ્યા સાક્ષાત...૩૧

ત્યારે તે સંતમંડળમાં તૈલંગ દેશના ગોપાળાનંદસ્વામી આદિક પાંચ સાધુ નાના હતા. તેમણે સ્વરૂપાનંદસ્વામીને એમ કહ્યું જે, "આ નદીમાં લોકોએ મૂળા ધોયાં છે તેનાં પાકાં પાંદડાં પડ્યાં રહ્યાં છે, તેને તમે કહો તો અમે ગોળામાં નાખીને જમીએ ?"

ત્યારે સ્વામી કહે, "તમને આજ્ઞા કરીએ છીએ, માટે તમે જમો." ત્યારે સંતો કહે, 'તમે જમો તો અમે જમીએ.' સ્વરૂપાનંદસ્વામી કહે, "મહારાજની આજ્ઞા નથી; તેથી મારાથી ન જમાય." ત્યારે નાના સંતો કહે, "તમારે કલ્યાણનો ખપ છે ને અમારે શું ખપ નથી ? માટે અમે પણ નહિ જમીએ." એમ કહીને કહે જે, "તમે કહો તો આ તળાવની ખરવટ ચાટીએ." ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, "ભાવે તો જમો, તેમાં બાધ નથી." નાના નાના સંતો હતા તે બહુ ભૂખ્યા થયા હતા; તેથી કાદવની ખરવટ જમ્યા. એમ ચાર દિવસ ખરવટ ચાટીને જમ્યા. પાંચમે દિવસે ભિક્ષામાં જે મળ્યું તેનો મધ્યાહ્ને ગોળો વાળી જમ્યા. પછી નદીને કાંઠે હાથ ધોઈને બેસતા અને ત્યાં ઘણીવાર પ્રશ્ન-ઉત્તર કરતા.

આમ, જેને પ્રગટ પુરુષોત્તમનો હૈયામાં કેફ હોય તેનાથી આવા આકરા નિયમમાં પણ આનંદથી રહી શકાય. શ્રીહરિનાં વચને દેહાભિમાનના ભુક્કા કાઢી નાખવા તે છોકરાના ખેલ નથી. અને આવા સંતને ઓળખવા તે પણ બહુ દુર્લભ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'અઢીસો સંત સાથે સ્વામી જામનગર આવ્યા તથા સંતોના તપ-ત્યાગનું વર્ણન કર્યું' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

જામનગરના દિવાન વગેરેને કૃષ્ણાદિક અવતારો રૂપે દર્શન

તપ-ત્યાગની ખુમારીવાળા આ સંતો જામનગરના તળાવને કાંઠે ઘણીવાર પ્રશ્નોત્તર કરતા હતા. તેમાં એક સમે ગામમાંથી વણિકજન ભેગા થઈ સંતો પાસે આવ્યા. ને સ્વરૂપાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "તમારામાં કોઈ કૃષ્ણ જૈસા હૈ ?" ત્યારે એ સાંભળીને સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, "દેખ, તેરા બાપ એ સબ કૃષ્ણ જૈસા હૈ." એવું જ્યાં સ્વામીએ કહ્યું કે તરત જ તે સમે તે સર્વે વાણિયાઓ અઢીસો સંતોને

કૃષ્ણરૂપે દેખતા હતા.” આવો ચમત્કાર તો જેના સંતના વચનમાં હતો, ત્યારે એમના નિયંતા એવા જે સહજાનંદસ્વામી તેમને વિશે અનંત પ્રકારનાં આશ્ચર્ય હોય તેમાં શું કહેવું ? એ તો હોય જ.

આ જ વાતને વિસ્તારથી વર્ણવતાં બ્ર.અખંડાનંદસ્વામી ‘શ્રીહરિ-ચરિત્ર’ ગ્રંથ પરિચ્છેદ-૧/૨૧માં કહે છે કે, એક દિવસ જામસાહેબના દીવાન હરિદાસ શાહુકારો સાથે સંતોનાં દર્શને આવ્યા. સંતોના દુર્બળ શરીરને જોઈ કહે, ‘કોઈ સારા સ્થાનમાં રહી ખોરાક લ્યો. શા માટે ટાઢ-તડકો સહી દેહને દમો છો ? અમે અન્ન આપીએ તે સુખેથી જમો. કેમ જે, ભિક્ષામાં તો તમને કોઈ આપતું નથી.’

એવું તેનું વચન સાંભળીને સ્વરૂપાનંદસ્વામી કહે, “દીવાનજી, અમે સ્વામિનારાયણ ભગવાનના સંત છીએ. અને અવતારી શ્રીસ્વામિ-નારાયણ ભગવાનની આજ્ઞાથી અનેક જીવનું કલ્યાણ કરવા માટે ભૂમિ ઉપર ફરીએ છીએ. અને તેને રાજી કરવા તપ કરીએ છીએ અને જીવોનાં કલ્યાણ કરીએ છીએ.”

એવું સ્વરૂપાનંદસ્વામીનું વચન સાંભળીને સંતનો મહિમા જેને નથી એવા દીવાન હરિદાસ કહે, “જીવોનું કલ્યાણ કરવું તે શું તમારા હાથમાં છે ? તમને તો પૂરું ખાવા પણ મળતું નથી; તો જીવોનું કલ્યાણ કેમ કરશો ? સાધુરામ..! કળિયુગમાં જીવનું કલ્યાણ થાવું ઘણું કઠણ છે. એ તો પૃથ્વી ઉપર રામ, કૃષ્ણ કે દત્તાત્રેય જેવા ભગવાનના અવતાર પ્રગટ હોય તો જીવનું કલ્યાણ થાય. અથવા શુક-સનકાદિક જેવા મોટા સંત પ્રગટ હોય તો જીવનું કલ્યાણ થાય; બાકી તમારું કામ નથી.”

ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, ‘દીવાનજી ! તમે પ્રેમથી આ સંતોનાં દર્શન કરો. તે અવતારો જ આ સંતોના રૂપમાં અત્યારે પ્રગટ્યા છે; માટે આ સંતો રામ-કૃષ્ણાદિક અવતારો સમાન જ છે, એમ તમે સમજો.’

આમ જ્યાં સ્વામીએ કહ્યું, ત્યાં તે જ સમયે દીવાનજી હરિદાસ તથા બીજા સર્વે શાહુકારોને તે સંતોમાં કેટલાક ભગવાનના રામ-

કૃષ્ણાદિક અવતારો તે તે રૂપે દેખાણા, કેટલાક અક્ષરધામના મુક્તરૂપે દેખાણા, તો કેટલાક અન્ય અવતારો રૂપે દેખાયા. તેમાં કેટલાક સંતો દ્વિભુજ હતા, તો કોઈ અષ્ટભુજ, સોળભુજ તો કોઈ હજાર હાથવાળા દેખાયા. તેમનાં ચરણકમળમાં શુભ રેખાઓ હતી. હાથમાં શંખ, ચક્ર, ગદા વગેરે દિવ્ય આયુધો ધારણ કર્યાં હતાં. કમરે રેશમી પિતાંબર પહેર્યાં હતાં. મસ્તકે મુગટ ધારણ કર્યા હતા. કાનમાં કુંડળ પહેર્યાં હતાં. કમરે કંદોરા બાંધ્યા હતા. ભુજાઓ ઉપર બાજુબંધ તથા ચરણોમાં ઝાંઝર શોભતાં હતાં. કરોડો સૂર્ય, ચંદ્ર અને અગ્નિના તેજને જાંખા કરે એવા તેજસ્વી હતા. અનંત સિદ્ધિઓ, ઐશ્વર્યો, પાર્ષદો અને શક્તિઓ તેમની સેવામાં હાજર હતાં.

આ રીતે દીવાન હરિદાસ તથા સાથેના વણિક શાહુકાર લોકોએ એક મૂહુર્ત(૪૮ મિનિટ) સુધી સંતોનાં દર્શન થયાં. આ રીતે બધા સાધુને અવતારો તથા મુક્તોના સ્વરૂપે જોયા ત્યારે તેને સ્વામિનારાયણીય સંતોનો મહિમા સમજાણો.

દોહા : **પડ્યા સંતના પગમાં, અને સ્તુતિ કરી અપાર;**
જીવના કલ્યાણ કરવા, તમે લીધા અવતાર...૩૨
મુનિવર્યો ક્ષમા કરજો, આપ છો અતિ મહાન;
અમ અપરાધ માફ કરી, અમને દ્યો રૂડું જ્ઞાન...૩૩

'હે સ્વામી ! અમે તમારે શરણે છીએ. તમે મહાન છો, ત્યાગ-વૈરાગ્યની મૂર્તિ સમાન છો, મુક્તો અને અવતારો સમાન છો. અમારા અપરાધને ક્ષમા કરો અને અમારું સંસારના ભયથી રક્ષણ કરો.' આમ સંતોની સ્તુતિ કરી.

પછી સ્વરૂપાનંદસ્વામીએ શ્રીહરિનો મહિમા સમજાવ્યો. અને વર્તમાન ધરાવ્યા અને શ્રીહરિના આશ્રિત કર્યા. પછી દીવાન શહેરમાં ગયા. ત્યાંના રાજા જામસાહેબને પોતાનો અનુભવ કહ્યો.

તે સાંભળીને જામસાહેબને એમ થયું કે, 'અહો..!! આવા સંતો મારે ગામને પાદરે ઊતર્યા છે. માટે મારે દર્શન કરવા જવું જોઈએ.' આમ વિચારી બીજે દિવસે જામસાહેબ સંતોનાં દર્શન માટે આવ્યા. સંતોનાં દર્શનથી અંતરમાં શાંતિ થઈ ગઈ. પછી રાજાએ જાસૂસને પૂછ્યું કે, "આટલા સાધુ ક્યાં જમે છે ?" ત્યારે જાસૂસ કહે જે, "ભિક્ષા કરે છે." ત્યારે રાજાએ કહ્યું જે, "આટલાનું ભિક્ષામાં પૂરું કેમ થાય !" એમ કહીને કહે જે, "સવારે આપણી રસોઈ છે, એમ કહો." ત્યારે તે જાસૂસે આવીને સ્વરૂપાનંદસ્વામીને કહ્યું, "સવારે રાજાની રસોઈ છે." એ વાતને સાંભળીને સ્વરૂપાનંદસ્વામી કહે, "અમારા મહારાજની રસોઈ લેવાની આજ્ઞા નથી."

જાસૂસ સંતોને કહે જે, "રાજાની રસોઈ લેવી પડશે." ત્યારે સ્વામી કહે જે, "તમારું ગામ પડી રહ્યું, બીજે ગામ જઈશું." તેવું સાંભળીને જાસૂસે આવીને રાજાને કહ્યું જે, "એ તો આવું કહે છે." તે વાતને સાંભળીને રાજા કહે જે, "એમને કુરાજી ન કરવા." તમે એમની પાસે જઈને એમ કહો જે, "અમે તમારી વાતમાં કાંઈ સમજતા નથી, પણ અમારું અન્ન તમારે મોઢે આવે તેવો ઉપાય અમને બતાવો." એમ કહીને જાસૂસને ફરીથી સ્વરૂપાનંદસ્વામી પાસે મોકલ્યો. અને તે જાસૂસે જેવું રાજાએ કહેવરાવ્યું તેવું જ સ્વરૂપાનંદસ્વામીને કહ્યું.

સ્વામી કહે જે, "ગામમાં સાધુ ઝોળી માગવા સારુ આવે ત્યારે જે ઝોળીમાં અન્ન નાખશો, તે સંત જમશે." એ વાતને જાસૂસે રાજા પાસે આવીને કરી. તેને સાંભળીને રાજાએ નવી બાજરી દળાવીને લોટ મોદીખાને તૈયાર રખાવ્યો. ને ગોળની ભેલીઓ ને થીનું ઘી તૈયાર રખાવીને દરવાજે દરવાજે મનુષ્ય ઊભા રાખ્યા. ને કહે જે, "આ સાધુ ગામમાં ઝોળી માગવા સારુ આવે ત્યારે સાધુને મોદીખાને તેડી લાવીને લોટ તથા ઘી તથા ગોળની ભેલીઓ આપજો અને ગાંસડી બંધાવીને

ઉતારે મેલવા સારુ જજો.” એવી રીતે જે સાધુ ઝોળી માગવા જાય તેમને સર્વેને તે રીતે ગાંસડી બંધાવીને ઉતારે મોકલે.

તેને જોઈને સ્વરૂપાનંદસ્વામીએ સાધુને પૂછ્યું જે, “આ ક્યાંથી લાવ્યા ?” ત્યારે સાધુએ કહ્યું જે, “રાજાએ દરવાજે દરવાજે મનુષ્ય ઊભા રાખ્યા છે. તે મનુષ્ય મોદીખાને લઈ જઈને આપે છે. તે અમે લાવ્યા છીએ.” ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ કહ્યું જે, “મહાપુરુષો, કુલેર કરીને ઠાકોરજીને નૈવેદ ધરીને જમો.” એવી રીતે છ દિવસ રાજાએ સાધુને જમાડ્યા.

પછી સ્વરૂપાનંદસ્વામી કહે જે, “ગામ ચેત્યું, હવે ઊઠો મહાપુરુષો; આપણે અહીં રહેવું નથી. કેમ જે, મહારાજની આજ્ઞા છે કે જ્યાં સન્માન થાય ત્યાંથી ચાલતા થવું. ગુજરાતમાં મહારાજ જેતલપુરમાં યજ્ઞ કરવાના છે. માટે ચાલો સૌ જેતલપુર જઈએ.” એમ કહીને સર્વે સંતમંડળ લઈને સ્વરૂપાનંદસ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં ‘સ્વામીએ જામનગરના દિવાન વગેરેને રામ-કૃષ્ણાદિક અવતારો રૂપે દર્શન આપ્યાં’ એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

જેતલપુરમાં શ્રીહરિનું મિલન અને અનુપમ સંવાદ

અઢીસો સંતમંડળ સાથે સ્વામી ગામોગામ ફરતા અને અનેક લોકોને પાવન કરતા હતા. ફરતાં ફરતાં એક દિવસ રસ્તામાં વચ્ચે નિત્યાનંદસ્વામી બહુ ભૂખ્યા થયા. તે રહેવાયું નહીં. પછી એક ખેતરમાં ગુવાર હતો. તેને સીંગો ન હતી. તેથી તેનાં પાંદડાં તોડીને જમ્યા. આમ ભૂખ-તરસને સહન કરતા સંતો કારિયાણી આવ્યા. ત્યાંથી ફરતાં ફરતાં જેતલપુર આવ્યા.

ચોપાઈ :

આવ્યા ફરતા સંત જેતલપુર રે, પ્રભુ પ્રત્યે હૈયે પ્રેમપૂર રે;
ત્યારે ઢોલિયેથી ઊઠ્યા નાથ રે, દોડ્યા સામે ને લીધી છે બાથ રે...૩૪

સંતોને આવતા જોઈ શ્રીહરિ ઢોલિયા ઉપરથી નીચે ઊતર્યા. ખંભેથી ખેસ પડી ગયો. શ્રીહરિ સંતોની સામા દોડ્યા. અને બાથમાં ઘાલીને ભાવથી ભેટ્યા.

અતિ રાજી થયા મારો નાથ રે, ઘણીવાર છોડી નહિ બાથ રે;
એમ સ્વરૂપાનંદની ઉપર રે, રાજી થયા છે ધર્મકુંવર રે...૩૫

સંતોનાં શરીર હાડપિંજર જેવાં થઈ ગયાં હતાં. મહારાજે સહુ સંતો પર અમીદૃષ્ટિ કરી. પ્રેમ અને પ્રસન્નતાનું પાન કરાવી સંતોને આનંદથી ભરી દીધા. શ્રીહરિનો પ્રેમ પામી સંતોને પડેલાં દુઃખો તો વરાળ થઈ ક્યાંય ઊડી ગયાં. પછી સ્વરૂપાનંદસ્વામીએ વિચરણની તથા સંતોના ત્યાગ-વૈરાગ્યની વાતો શ્રીહરિને વર્ણવીને કહી. તે સાંભળી મહારાજ બહુ રાજી થયા.

શ્રીહરિ અને મોટા સંતોની આજ્ઞા પાળીએ, મનગમતું મૂકી તેમનાં વચનમાં વર્તીએ ને તપ, ત્યાગ, વૈરાગ્ય રાખીએ, ધર્મ-નિયમ દૃઢ કરીને પાળીએ, દેહના દુઃખને ન ગણીએ અને એક શ્રીહરિ તથા સત્સંગનો જ ખપ રાખીએ તો મહારાજ બહુ રાજી થાય.

દોહા : **વાતો સાંભળી બોલિયા, પ્રગટ શ્રીમહારાજ;**
તમારા ત્યાગ વૈરાગ્યની, શું કહું વાત હું આજ...૩૬
ભલભલાનાં માથાં નમ્યાં, મોટાની ગઈ લાજ;
એવાં તપ ત્યાગ રાખ્યા, મને ખુશ કરવા કાજ...૩૭

તમારા ત્યાગ-વૈરાગ્યની આગળ ભલભલાનાં માથાં નમી ગયાં છે.' શ્રીહરિએ આપેલા વર્તમાન તથા નિયમો સંતો આટલી હદ સુધી પાળે છે, તેવી વાત જાણી સભાજનો દિગ્મૂઢ બની ગયા.

સંતોએ પોતાની સાધુતા અને ત્યાગ-વૈરાગ્યથી ભૂમંડળને પાથરી દીધું હોય, એવો ભાવ સહુ હરિભક્તોના હૈયામાં જાગ્રત થયો. આવી સ્વરૂપાનંદસ્વામીના જીવનની અનેક વાતો છે. કેમ જે, આ સંતને દેહ સામી દૃષ્ટિ જ ન હતી. આત્મનિષ્ઠા અને બ્રહ્મરૂપતાની આ મૂર્તિ હતી. અખંડ શ્રીહરિને સંભારતા, તેથી તેમનાં ઈન્દ્રિયો-અંતઃકરણ સહજ જિતાયેલાં રહેતાં. પિંડ-બ્રહ્માંડમાં વિરક્તિરૂપી વૈરાગ્ય તેમને સહજ વરેલો હતો. દેહાભિમાની અને અહંકારી માટે આ અશક્ય છે. માટે આપણે પણ શ્રીહરિને રાજી કરવા અંહ-આસક્તિને તોડી દિલ હરિમાં જોડવું. દેહભાવ ઉડાડવો, આત્મા હરિમાં લગાડવો, તો જ અલૌકિક આનંદની અનુભૂતિ થશે.

જેતલપુરમાં આ સમયે મોટો યજ્ઞ ચાલી રહ્યો હતો. નિત્ય શ્રીહરિ હજારો બ્રાહ્મણોને જમાડતા હતા. યજ્ઞમાં દેવી-આસુરી બંને પ્રકારની વૃત્તિવાળા બ્રાહ્મણો આવ્યા હતા. એક દિવસ આસુરી વૃત્તિના બ્રાહ્મણો ઈર્ષ્યાને કારણે સત્સંગનું ભૂંડું દેખાડવા 'ઘી ખૂટ્યું.. ઘી ખૂટ્યું..' એમ બૂમો પાડવા મંડ્યા. આનંદાનંદસ્વામીએ તત્કાળ શ્રીહરિની પાસે આવી વાત કહી. ત્યારે મંદ મંદ હસતા મહારાજ આસનેથી ઊભા થયા. અને સ્વામીને કહે, 'ઘી ખૂટે નહીં. ચાલો આપણે ત્યાં જઈએ.' એમ કહી સંતો સાથે રસોડામાં આવ્યા. અને રસોયાને પૂછ્યું, 'શું ઘી નથી..?' ત્યારે તે કહે, 'ના મહારાજ, બિલકુલ નથી. જે હતું તે બધું બ્રાહ્મણોને આપી દીધું છે.'

ત્યારે સમીપે ઊભેલા સ્વરૂપાનંદસ્વામી સામું જોઈને શ્રીહરિ બોલ્યા, 'મુનિરાજ ! આ ઘી ખૂટ્યું, તેમાં તમારી આબરૂ ગઈ. કેમ જે, તમે આ રસોડામાં મુખ્ય છો.' ત્યારે મહારાજ સાથે મીઠો સંવાદ કરતા સ્વરૂપાનંદસ્વામી કહે, 'હે નાથ ! હું તો મારા આત્માને બ્રહ્મરૂપે અખંડ અનુભવું છું અને આપનાં ચરણની ઉપાસના કરું છું. માટે બ્રહ્મરૂપ

એવો હું તે મારી આબરૂ ન જાય. અને આ યજ્ઞના આગેવાન તો લક્ષ્મીજી છે. માટે ઘી ખૂટે તો આબરૂ તો લક્ષ્મીજીની જાય.'

સ્વામીનું આવું વચન સાંભળી હસતાં હસતાં શ્રીહરિ કહે, 'કોઈની આબરૂ નહિ જાય.' એમ કહી ખાલી પડેલા ઘીના કુડલાને ધીરેથી સોટી અડાડી અને કહ્યું, 'જૂઓ તો ખરા..! આમાં ઘી છે, આમાં ઘી છે !' ત્યારે ભક્તોએ કુડલાનું મોઢું ખોલીને જોયું તો તે આખું ઘીથી ભરેલું હતું. તેથી સહુ ભક્તો વિસ્મય પામ્યા. પછી તો મહારાજ કહે, 'આ કુડલામાં ઘી છે, આમાં પણ ઘી છે.' એમ કહી જેટલા ઘીના ખાલી કુડલાઓ હતા, તેમને સોટી અડાડી તેથી બધા જ કુડલા ઘીથી ભરાઈ ગયા. પછી મહારાજ કહે, 'હવે બ્રાહ્મણોને જોઈએ એટલું ઘી આપવા મંડો. જો નદીમાં પાણી ખૂટે તો હવે યજ્ઞમાં ઘી ખૂટે.'

આમ મહારાજે સ્વરૂપાનંદસ્વામી સાથે મીઠો સંવાદ કરી જેતલપુર યજ્ઞમાં ઘીના કુડલા અખૂટ કરેલા. આવા તો સ્વામીના જીવનમાં અનેક પ્રસંગો છે. મહારાજ આવા સંતોને પોતાનો અલૌકિક આનંદ આપવા અનેક લીલાઓ કરતા, પોતાનો પ્રૌઢ પ્રતાપ જણાવતા અને સહુને સુખી કરતા. અને સ્વામીને પણ શ્રીહરિની પૂર્ણ પ્રતીતિ હતી તેથી તેઓ અખંડ મહારાજની મૂર્તિ સામું જોઈ રહેતા.

દોહા : **પ્રતાપ પ્રગટ પરબ્રહ્મનો, વિખ્યાત છે જગમાંય;**
આવા પરચા અનેક છે, જે કેતાં ન કેવાય...૩૮
આવ્યા પ્રભુ આ અંડમાં, તે દિ'થી લીલા લે'ર;
સર્વે થયા છે સુખિયા તે, સર્વોપરીની મે'ર...૩૯

શ્રીહરિએ આવો એક જ પરચો નથી આપ્યો, આવા તો અનેક પરચા આપ્યા છે, અનંત ઐશ્વર્ય જણાવ્યાં છે. તેનું કોઈ માપ થઈ શકે તેમ નથી. ભક્તચિંતામણિના પરચા વિભાગમાં તથા ઉત્તર હિંદુસ્તાનના પરચામાં શ્રીહરિએ પોતાના સંતો-ભક્તો તથા આચાર્યો દ્વારા જણાવેલું

અમોઘ ઐશ્વર્યનું અપાર રીતે વર્ણન કરેલું છે. એવા મોટા સર્વોપરી ભગવાન છે. માટે તેમના ભજનની, ધ્યાનની, આજ્ઞાપાલનની અને ઉપાસનાની ખુમારી ચડે તો આપણી સર્વ ક્ષેત્રે પ્રગતિ થાય. ચારે કોર લીલાલહેર થાય. હરપળ હરિવર આપણી સાથે રહે. સત્સંગ વધતો જાય, મંદિરો વધતાં જાય, સંતો-ભક્તો વધતા જાય અને સહુના હૈયામાં સુખ, શાંતિ અને આનંદ વધતાં જાય. માટે પ્રેમથી આવા સંતોના પ્રેરક પ્રસંગો વાંચવા, વિચારવા અને અંતરમાં ઉતારવા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'જેતલપુરમાં સ્વામીનું શ્રીહરિ સાથે મિલન અને અનુપમ સંવાદ કર્યો' એ નામે દશમો અધ્યાય થયો. ||૧૦||

અધ્યાય-૧૧

સ્વામીનાં તો દર્શને કલ્યાણ

શ્રીજીમહારાજ વખતે મહારાજ સંતોને જે દેશમાં જવાની આજ્ઞા કરતા ત્યાં સંતો દેહાભિમાનનો તથા મનગમતાનો પ્રલય કરીને જતા. તે સંતોને શ્રીહરિની મૂર્તિ જ પોતાનું જીવન હતું. ખંભે ઝોળી અને હૈયામાં હરિની મૂર્તિ રાખી સંતો ધરતી ઉપર વિચરતા. ભિક્ષામાં જે મળે તે જમતા અને મુમુક્ષુઓને ગોતીને સ્વામિનારાયણ ભગવાનની આજ્ઞા-ઉપાસનાની દૃઢતા કરાવતા. અક્ષરધામના મુક્તસમા આ અડીખમ સંતો હતા. શ્રીહરિ જ્યારે ઉત્સવ-સમૈયામાં તેડાવે ત્યારે સંતો સમંડળ આવતા, શ્રીહરિ તેમને સન્માનવા ઘોડે ચડી સામે જતા. સંતોને દંડવત કરતા. બાથમાં ઘાલીને ભેટતા. હેતની ગંગામાં નવડાવતા. પ્રેમથી પીરસીને જમાડતા. માથે દૂધપાક રેડતા. રાસ અને રંગે રમાડતા ને સંતોને લીલાલે'ર કરાવતા. તેથી સર્વત્ર બ્રહ્માનંદ લહેરાતો.

શ્રીહરિની આજ્ઞા મુજબ એકવાર સ્વરૂપાનંદસ્વામી નિમાડ દેશ (મધ્યપ્રદેશ)ના ગામડાં ફરવા ગયા. તેમનાં દર્શનથી જ અનેક લોકોને

સત્સંગ થયો. પછી સંતો સાથે સ્વામી નાગડકા આવ્યા. ત્યારે મહારાજ સુરા ખાચરના દરબારમાં લીંબતરું નીચે સભા કરી બિરાજમાન હતા. લીંબડાની છાંયામાં સંતો-ભક્તોની સભા ભરાઈને બેઠી હતી. એવામાં નિમાડ દેશને પાવન કરી પાછા આવેલા સ્વરૂપાનંદસ્વામી મહારાજને દંડવત પ્રણામ કરવા લાગ્યા. તેથી મહારાજ ઊભા થયા. સ્વામીને ભાવથી ભેટ્યા. મીઠા વેણેથી બોલાવ્યા. પ્રેમથી પાસે બેસાર્યા અને હેતથી નિમાડ દેશના સમાચાર પૂછતાં કહ્યું, 'દૂર દેશમાં વિચરણ કરીને આવ્યા તો તે દેશમાં મનુષ્ય કેવા છે ?'

ત્યારે સ્વરૂપાનંદસ્વામી ધીરા રહીને બોલ્યા જે, 'હે મહારાજ ! મનુષ્ય તો લીંબડી કે નીચે દેખા હે ને બીજે મનુષ્ય તો નહિ હે.' ત્યારે મહારાજ કહે જે, 'દેશ ફરીને આવ્યા ને મનુષ્ય તો દીઠા જ નહિ.' ત્યારે સર્વે સંતોએ કહ્યું જે, 'હે મહારાજ ! સ્વામીએ મનુષ્યોને જોયા જ નહિ તો કલ્યાણ કેનાં કર્યાં હશે ?' ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "સંતો ! તમે તો બીજાને નિયમ ધરાવો, ઉપદેશ આપો ને વર્તમાન પળાવો ત્યારે કલ્યાણ થાય ને સ્વરૂપાનંદસ્વામીનાં તો દર્શને કરીને જીવોનાં કલ્યાણ થાય." *(સંદર્ભ : ગુ.સ્વામી વાત.૪/૭)*

આવો સ્વામીનો મહિમા શ્રીહરિએ નાગડકાની સભામાં સહુ સંતોને સ્પષ્ટ કહ્યો. અને સ્વામીને કોઈ મનુષ્ય દેખાણા જ નહિ, તેનો શો અર્થ સમજવો ? તો તેના બે અર્થ થાય.

એક સ્વરૂપાનંદસ્વામીની દૃષ્ટિ પિંડ-બ્રહ્માંડથી પાર વર્તતી હતી. તેથી સ્વામીને એક મહારાજની મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાતું જ ન હતું. જ્યાં જ્યાં સ્વામીની વૃત્તિ જાય ત્યાં ત્યાં તેમને મહારાજની મૂર્તિ જ દેખાતી હતી. આવા તે સ્થિતિવાળા સાધુ હતા. તેથી તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! મનુષ્ય તો લીંબડે કે નીચે હી હૈ.' અર્થાત્ મહારાજ સિવાય બીજો કોઈ મનુષ્યાકાર એમને દેખાણો જ નહોતો.બીજો

અર્થ એ થાય કે, 'સ્વરૂપાનંદસ્વામીના હૃદયમાં સ્પષ્ટ હતું કે, અત્યારે અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર પ્રગટ બિરાજે છે. તેમના મુક્તો પ્રગટ બિરાજે છે. તેમની જેને ઓળખાણ થાય તે જ મનુષ્ય છે. બાકી બધા પશુ સમાન છે.' સ્વામી પ્રગટ ઉપાસી સંતો-ભક્તોને જ મનુષ્ય સમજતા હતા.

જેને સત્સંગ નથી, પ્રગટ શ્રીહરિ કે સંતો-ભક્તોની ઓળખાણ નથી, પ્રગટનો આશરો નથી, પ્રગટ પ્રભુને ભજતા નથી ને નમતા નથી; તે બધા મનુષ્ય હોવા છતાં પશુસમાન છે. અને જેને શ્રીહરિનો આશરો હોય તેવા ભક્તોના ભાગ્યનો તો કોઈ પાર નથી. તેમને તો મોટા મોટા દેવો પણ વંદન કરે છે અને તેમના ભાગ્યને વખાણે છે.

શ્રીહરિએ સભામાં એમ કહ્યું કે, 'સ્વરૂપાનંદસ્વામીનાં તો દર્શને કરીને અનંતનું કલ્યાણ થઈ જાય; તેનું કારણ શું ?' તો.. આ જ વાતને સકારણ ઘનશ્યામલીલામૃત ઉત્તરાર્ધ ત.૫૬માં ભૂમાનંદસ્વામી કહે છે,

ચોપાઈ : **સ્વરૂપાનંદસ્વામીનાં જેહ, કરે દર્શન નિઃસંદેહ;**
કોટિ જીવોનું થાય કલ્યાણ, એવા સમર્થ છે તે પ્રમાણ.
એનું કારણ સુણો વિખ્યાત, અમે કૈયે છૈયે સાચી વાત;
અખંડ અમારી મૂર્તિ જેહ, ધારણ કરી રહ્યા છે તેહ.
અમારી મૂર્તિ વિના તે કાંઈ, નથી દેખતા બીજું તે ક્યાંઈ;
માટે એવાનાં તો દર્શન, અમે પણ ઈચ્છિયે છૈયે મન.

શ્રીહરિ પોતે કહે છે કે, 'સ્વામીને અમારી મૂર્તિ સિવાય બીજું કાંઈ દેખાતું નહીં. આ જ તેમની સાચી મોટાઈ છે. જે સંત પોતાના આત્મામાં અખંડ સ્વરૂપાનંદસ્વામીનાં જેમ સ્વામિનારાયણ ભગવાનને રાખે તો તેમાં પણ સ્વામીની જેવાં જ ઐશ્વર્ય-સામર્થ્ય આવે.' સમર્થ અને મહાન બનવાનું મુખ્ય કારણ શ્રીહરિની મૂર્તિનું ધ્યાન છે. જે શ્રીહરિની મૂર્તિને અખંડ રાખે તેનાં દર્શને કરીને અનંતનાં કલ્યાણ

થાય. અને એવા સંતનાં દર્શને કરી ભગવાનનાં દર્શનનું ફળ થાય.

તે વાત શ્રીહરિએ વચ.સા.૧૦માં કરી છે કે, “એવા સંતનું દર્શન થયું ત્યારે એમ જાણવું જે ‘મને સાક્ષાત્કાર ભગવાનનું દર્શન થયુ.’ ને એવી સમજણવાળા જે સંત છે તે તો કૃતાર્થ છે.” વળી, વચ.ગ.પ્ર.૩૭માં શ્રીહરિ કહે છે કે, “જે એવા યથાર્થ ભગવાનના ભક્ત-સંત છે તેનું દર્શન તો ભગવાનનાં દર્શન તુલ્ય છે અને એનાં દર્શને કરીને અનંત પતિત જીવનો ઉદ્ધાર થાય છે, એવા એ મોટા છે.” જે સંત પોતાના આત્માને ભગવાનનું શરીર સમજે અને શ્રીહરિને પોતાના શરીરી સમજીને અખંડ ભગવાનને ધારી રાખે તો તેનાં દર્શન ભગવાનનાં દર્શન સમાન જ છે. અને જેને આવી સમજણ હોય તે એવા સમર્થ બને છે કે, પછી એમનાં દર્શને કરીને અનંત જીવોનો ઉદ્ધાર થાય. સ્વરૂપાનંદસ્વામી આવા સમર્થ સંત હતા. તેથી શ્રીહરિએ કહ્યું, એનાં તો દર્શને કરીને અનંત જીવનો ઉદ્ધાર થાય.

વળી, સ્વરૂપાનંદસ્વામીએ એકવાર નાગડકામાં પૂછ્યું જે, ‘હે મહારાજ ! સત્સંગી કા કૈસા કલ્યાન હોતા હૈ ?’ ત્યારે મહારાજ કહે જે, ‘જેસા કલ્યાન બડે બડે અવતારકા હોતા હૈ તૈસા કલ્યાન સત્સંગીકા હોતા હૈ.’ ત્યારે સ્વામી બોલ્યા જે, ‘ગુરુસાહેબ ! તબ તો બોત બડા કલ્યાન હોતા હે.’

ત્યારે સંતોએ મહારાજને પૂછ્યું જે, “હે મહારાજ ! આજ આવું મોટું કલ્યાણ થાય છે, તેનું શું કારણ છે ?” ત્યારે શ્રીજીમહારાજ સંતો પ્રત્યે બોલ્યા જે, “જ્યારે જૂ વિંયાય ત્યારે લીખ આવે, ને હાથણી વિંયાય ત્યારે ભેંસ જેવડું બચ્ચું આવે, તેમ પૂર્વે રામકૃષ્ણાદિક અવતાર થઈ ગયા ને આગળ બીજા થાશે ને બીજાં ધામને વિષે જે મૂર્તિઓ છે, તે સર્વેનું કારણ ને સર્વ થકી પર જે શ્રીપુરુષોત્તમનારાયણ તે અમે છઈએ, તે માટે એવું કલ્યાણ કરીએ છઈએ. તે જો એમાં ખોટું કહેતા હોઈએ તો

અમને આ સર્વે પરમહંસના સમ છે. ને આ પ્રગટ પુરુષોત્તમનારાયણના સ્વરૂપને સમજ્યામાં ખામી રહી જાશે, તો કલ્યાણમાં બહુ ફેર પડી જાશે. પછી દેહ મૂક્યા કેડે તે ખામી ભાંગશે નહીં. માટે જેમ વૈકુંઠવાસીને રહેવાનું વૈકુંઠધામ છે, ને જેમ ગોલોકવાસીને રહેવાનું ગોલોકધામ છે, એમ અમારે રહેવાનું અક્ષરધામ છે.

અને તે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમનો જેને નિશ્ચય થયો છે ને સર્વેના કારણ જે અક્ષરબ્રહ્મ તે રૂપ પોતાના આત્માને નથી માનતો તેને તો પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય નથી.

દોહા : **બ્રહ્મરૂપ નથી માનતો, નિજ આત્માને સદાય;**
તેને પ્રગટ પુરુષોત્તમનો, પૂરો નિશ્ચય ન કેવાય...૪૦

માટે જેને મહિમાએ સહિત પ્રકટ પુરુષોત્તમનો યથાર્થ નિશ્ચય થયો છે, તે તો મૂળપુરુષથી પર અક્ષરરૂપ પોતાના આત્માને માનીને અનંતકોટી અક્ષરમુક્તોએ સેવ્યા છે એવા જે અક્ષરાતીત પ્રકટ પુરુષોત્તમ તેમની ઉપાસના ભક્તિ કરતો થકો પોતાને પૂર્ણકામ માને છે. તે આ વાર્તા યથાર્થ એકાંતિક ભગવાનના ભક્ત હોય તેને પ્રસંગે કરીને સમજાય છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને તથા શાસ્ત્રે કરીને પણ પોતાની મેળે સમજાતી નથી.' *(સંદર્ભ : ગો.સ્વામીની વાત-૧૫; ગુ.સ્વામીની વાત-૪/૭)*

ખુદ શ્રીહરિ કહે છે કે, "આ વાત તો મોટા એકાંતિક ભક્તમાં વિશ્વાસ હોય, તેમાં પ્રીતિ હોય, શ્રદ્ધાથી તેનો સમાગમ કરતો હોય અને તેમાં આત્મબુદ્ધિ હોય તો સમજાય તેમ છે." જ્યારે મોટાનાં વચનમાં વિશ્વાસ આવે ત્યારે 'હું અક્ષરધામ છું, અને મારા રોમેરોમમાં સ્વામિનારાયણ ભગવાન અખંડ રમી રહ્યા છે,' તે ઘેડ્ય બેસે. પછી તેનો કેફ જુદો હોય, એની વાત જુદી હોય. પરંતુ પોતાની બુદ્ધિ- બળે કે શાસ્ત્રના વાક્યના બળે આ વાત સમજાતી નથી. આ વાતનો અનુભવ કરવા માટે મોટા સંતની અમીદૃષ્ટિ અને આશીર્વાદ અનિવાર્ય છે.

માટે શ્રીહરિ અને મોટા પુરુષનો અડગ નિશ્ચય રાખવો અને જેમ છે તેમ યથાર્થ સમજવું. આ પ્રાપ્તિ બહુ મોટી છે, આ વાતો ઘણી દુર્લભ છે. જેને સમજાય તે ન્યાલ થઈ જાય એમ છે. માટે સંતનાં વચનમાં વિશ્વાસ રાખી પોતાના આત્માને 'હું અક્ષરધામ છું,' એમ માનવું. અને શ્રીહરિને સર્વ અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ સમજવા. આ વાતનો અભ્યાસ કરશો તો ચોક્કસ શ્રીહરિ અને સંતોની કૃપા થશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીનાં દર્શને કરીને અનેક જીવનાં કલ્યાણ થાય એમ કહ્યું' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

દિવ્ય દૃષ્ટિ, દિવ્ય દર્શન

એકવાર ગઢડામાં જીવા ખાચરે અક્ષરઓરડીએ આવી મહારાજને પગે લાગી કહ્યું, 'હે મહારાજ ! તમારાં દર્શન કરવા મારાથી હંમેશાં અવાતું નથી, માટે બે સાધુને અમારે ત્યાં રહેવાની આજ્ઞા કરો.' ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી એ બંને સંતોને આજ્ઞા કરી જે, 'તમે જીવા ખાચરના દરબારમાં રહો.' પછી બન્ને સંતો ત્યાં ગયા. તેથી જીવા ખાચર સવારમાં નાહી, પૂજા કરી સાધુનાં દર્શન કરીને કામકાજ હોય તે કરે.

તે વખતે મહારાજ દાદા ખાચરના દરબારમાં છાના રહેતા હતા. તેથી તે બંને સંતો ભિક્ષાના મીશે આવી મહારાજનાં દર્શન કરે, પછી જીવા ખાચરના દરબારમાં જાય. સંતો બાપુને નિત્ય કથા-વાર્તા સંભળાવે ને બાપુ સંતોની સેવા કરે. વળી, સંતો ભગવાનનું ધ્યાન કરવા બેસે ત્યારે બાપુ સંતોને પગે લાગી પોતાના કામે જાય. આમ નિત્ય ક્રમ ચાલતો હતો.

એક દિવસ રાત્રીએ સાધુ સુતા હતા. તેમાં સ્વરૂપાનંદસ્વામીને એવાં

દર્શન થયાં જે, 'મહારાજ વિમાન સાથે કેટલાક સંતો લઈને લુવારના છોકરાને તેડવા ગયા.' તેવાં સ્વામીને દર્શન થયાં. પછી સવારે સંતો નાહી-ધોઈ પૂજા-પાઠ કરી રહ્યા, ત્યાં જીવા બાપુ પણ પૂજા-પાઠ કરી સંતોનાં દર્શને આવ્યા. ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ પૂછ્યું જે, 'આજ રાત્રીએ કોણે દેહ મૂક્યો ?' ત્યારે જીવા ખાચર કહે, 'સ્વામી, એક લુવારનો છોકરો હતો. તે એકનો એક હતો. ને તેની પાછળ આઠ માણસ ગુજરાન કરતા. તે આજ ગુજરી ગયો. માટે સ્વામી બહુ ખોટું થયું..!!'

ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, 'ઓહો.. હો..! એનાં બડાં ભાગ્ય.' ત્યારે જીવા ખાચર કહે, 'શું મહારાજ બડાં ભાગ્ય ?' ત્યારે સ્વામી કહે, 'આજ રાત્રીએ મહારાજ રથ, વિમાન, હાથી, ઘોડા, પાલખી લઈને તે લુવારના છોકરાને તેડવા ગયા હતા; ને મહારાજે તેને અક્ષરધામ આપ્યું; તે મેં પ્રત્યક્ષ દીઠું.' ત્યારે જીવા ખાચર અને મુક્તાનંદસ્વામી બંને સ્વામીની સામું જોઈ રહ્યા. પરંતુ આ વાત મુક્તાનંદસ્વામીને તથા જીવા ખાચર બેમાંથી એકેયને માનવામાં ન આવી.

પછી બીજી રાત્રીએ સ્વપ્નમાં પ્રથમ રાત્રીએ જેવી રીતે સ્વરૂપાનંદ સ્વામીને દેખાણું હતું; તેવી જ રીતે દિવ્ય રથ ને વિમાન લઈને મહારાજ તે છોકરાને તેડવા આવ્યા હતા તેવાં દર્શન તે બન્નેને થયાં. પછી સવારે મુક્તાનંદસ્વામી તથા જીવા ખાચર સ્વરૂપાનંદસ્વામીને દંડવત કરી પગે લાગ્યા ને બોલ્યા જે, 'હે સ્વામી ! તમે કાલ વાત કરી હતી તે અમારા માનવામાં નહોતી આવી, પણ આજ અમને પ્રત્યક્ષ દર્શન થયાં, તેથી નક્કી થઈ ગયું કે ભગવાન એ લુવારના છોકરાને અક્ષરધામમાં લઈ ગયા.' *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૯૩)*

સ્વામિનારાયણ ભગવાન મહાન છે. તેમનો જે વિશ્વાસ રાખે તેને તે પટ લઈને અક્ષરધામ આપી દે છે. પરંતુ પ્રગટનો મહિમા સમજવો અને તેમાં વિશ્વાસ રાખવો બહુ અઘરું કામ છે પ્રગટનો નિશ્ચય સીસું

પચાવવા જેવો કઠણ છે. સ્વરૂપાનંદસ્વામી પોતાનો અનુભવ કહે, છતાં તેમની સાથે રહેલાને મનાયું નહીં. કેમ જે, સાથે રહેતા હોય તેથી સામાન્ય બુદ્ધિ થઈ જાય છે. મોટા પણ આપણી સાથે ખાતાં હોય, પીતાં હોય, હાલતાં-ચાલતાં હોય એટલે માયિકભાવ રહે છે, દેહભાવ રહે છે; કેમ જે...

દોહા : **મહિમા સમજવો કઠણ છે, પ્રગટ જ્યારે જનો હોય;**
સાથે રેતા હોય છતાં, મહિમા સમજે કોય...૪૧
પ્રગટ હરિ કે સંતનો, રાખે જે મહિમાય;
એ જ આ બ્રહ્માંડમાં, બડભાગી કેવાય...૪૨
એને જ મોક્ષનો મુદ્દો, જાણો આવ્યો હાથ;
પ્રગટ મહિમાવાળા ઉપર, સદા ખુશ રહે નાથ...૪૩

દૂધમાં રહેલા ઘીમાં પૂરી ન તળાય તે માટે તો પ્રગટ ઘી જોઈએ, તેમ વિશ્વમાં વ્યાપી રહેલા પ્રભુથી શાંતિ કે મોક્ષ ન થાય. મોક્ષનું રહસ્ય તો પ્રગટ ભગવાન કે પ્રગટ સંત ઓળખાય અને તેમાં ગાઢ પ્રીતિ થાય એટલું જ છે. આ જ વાતને મોક્ષના મુદ્દા તરીકે સમજાવતાં શ્રીહરિ વચ.ગ.મ.૨૧માં કહે છે કે, “અને જેવું પરોક્ષ ભગવાનના રામકૃષ્ણાદિક અવતારનું માહાત્મ્ય જાણે છે તથા નારદ, સનકાદિક, શુકજી, જડભરત, હનુમાન, ઉદ્ધવ ઈત્યાદિક જે પરોક્ષ સાધુ તેનું જેવું માહાત્મ્ય જાણે છે, તેવું જ **પ્રત્યક્ષ એવા જે ભગવાન તથા તે ભગવાનના ભક્ત સાધુ તેનું માહાત્મ્ય સમજે તેને કલ્યાણના માર્ગમાં કાંઈએ સમજવું બાકી રહ્યું નહીં. તે આ વાર્તા એકવાર કહ્યે સમજો અથવા લાખ વાર કહ્યે સમજો, આજ સમજો અથવા લાખ વર્ષ કેડે સમજો પણ એ વાત સમજે જ છૂટકો છે.**

અને નારદ, સનકાદિક, શુકજી, બ્રહ્મા, શિવ એમને પૂછો તોપણ ડાહ્યા છે તે અનેક વાતની યુક્તિ લાવીને પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ

સંત તેને જ કલ્યાણના દાતા બતાવે, અને જેવું પરોક્ષ ભગવાન ને પરોક્ષ સંતનું માહાત્મ્ય છે તેવું જ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંતનું માહાત્મ્ય બતાવે છે. અને એટલો જેને દૃઢ નિશ્ચય થયો હોય તેને સર્વે મુદ્દો હાથ આવ્યો અને કોઈ કાળે તે કલ્યાણના માર્ગ થકી પડે નહીં. જેમ બ્રહ્મા, શિવ, બૃહસ્પતિ અને પરાશરાદિક તે કામાદિકે કરીને ધર્મ થકી પડ્યા તોપણ પ્રત્યક્ષ ભગવાન ને પ્રત્યક્ષ સંત તેનો પરોક્ષના જેવો જો માહાત્મ્યે યુક્ત નિશ્ચય હતો તો કલ્યાણના માર્ગમાંથી પડ્યા નહીં. માટે સર્વ શાસ્ત્રનું રહસ્ય આ વાર્તા છે."

માટે પરોક્ષ ભગવાન કે સંતો-ભક્તોના જેવો જ પ્રગટ શ્રીહરિ કે સંતનો મહિમા સમજવો તે આધ્યાત્મિક માર્ગનું નૂર છે. પ્રગટની પ્રતીતિ અને પ્રાપ્તિ જ જીવને માયા પાર કરે છે, મહા સુખથી ભરી દે છે. પરોક્ષમાં પ્રીતિ અને પ્રતીતિવાળાને દેશકાળાદિકે કરીને યુધિષ્ઠિરની જેમ મૂંઝવણ આવે ખરી, જ્યારે પ્રગટમાં પ્રીતિવાળો તો ગમે તેવા દેશકાળમાં પણ અર્જુનની જેમ બળમાં રહે અને સ્વરૂપાનંદસ્વામીની જેમ સદા આનંદમાં રહે. એવાના દર્શને કરીને તો ઘણાના કલ્યાણ થાય. આવી વાતો સ્વામિનારાયણ ભગવાને આખી જિંદગી કરી હતી, પણ જે મુમુક્ષુ હતા, સાચા ભક્ત હતા તેને મનાણી; અને જેને અતિ દેહભાવ હતો, ખપ ઓછો હતો, જેના પૂર્વનાં પુણ્ય ઘટતાં હતાં, તેને આ વાતો તે દિવસે પણ મનાણી ન હતી, અને આજ પણ મનાતી નથી.

જેને સત્સંગની ગરજ ન હોય, કલ્યાણનો ખપ ન હોય, પૂર્વનાં પુણ્ય ઘટતાં હોય, તેને આવી મોટી વાત શીરાની જેમ કેમ ગળે ઊતરે ? આ તો મોક્ષ માટે મરણિયા થયા હોય તેના કામની વાત છે. જેના પૂર્વના બલિષ્ઠ સંસ્કાર હોય, જે ભગવાનને પામી જવા માટે રાત-દિવસ તલસતો હોય, તેની માટે આ વાત અમૃતના ઘડા જેવી છે, સંજીવની ઔષધિ જેવી છે. આવા ખરા ખપવાળા ભક્તોને પ્રગટ

શ્રીહરિ કે પ્રગટ સંતો-ભક્તોનો તરત સ્વીકાર થાય છે. અને પછી લોઢા જેવી નક્કર નિષ્ઠા થાય છે, બાકીનાનું કામ નથી.

તે આ વાત પણ મહારાજે વચનામૃત ગ.મ.૧૬માં કહી છે, “જેમ પ્રગટ શ્રીકૃષ્ણમાં અર્જુને સ્વરૂપનિષ્ઠા રાખી હતી તો તેમાં ધર્મનિષ્ઠા સહેજે જ રહી છે...માટે જે બુદ્ધિવાન હોય તેને તો સ્વરૂપનિષ્ઠા જ દૃઢ રાખવી તો તે ભેળી ધર્મનિષ્ઠા પણ દૃઢપણે રહે છે.”

એક ગામમાં આગેવાન કહેવાતા હરિભક્તને મેં પૂછેલું કે, ‘તમે વર્ષોથી મંદિરમાં આવો છો, સેવા કરો છો, પરંતુ આ સંપ્રદાયમાં બે હજાર ઉપરાંત સંતો છે, તેમાંથી તમારે માટે અક્ષરધામના મુક્ત જેવા કોઈ પ્રગટ સંત ખરા..!! જેમ ગોપાળાનંદસ્વામી વગેરે સંતો અક્ષરધામમાં હતા, છતાં અહીં દર્શન આપતા હતા. આવી મુક્તબુદ્ધિ અત્યારે તમારે કોઈ સંતમાં છે ?’ ત્યારે તે ભક્ત કહે, ‘સ્વામી, પૃથ્વી ઉપર અત્યારે એવા સંત ક્યાંથી હોય..? કે એમાં મુક્તબુદ્ધિ રાખવી.’ એણે પોતાની મેળે નક્કી કરી નાખ્યું કે, ‘હવે એવા સંતો પૃથ્વી ઉપર ન હોય.’ આવા ઘણા હોય છે, કે જેને શ્રીજીમહારાજનો વિશ્વાસ ઘટે છે. તેમજ શ્રીજીમહારાજના કાળમાં એવા બહુ જ ભક્તો હતા કે જે, આવું માનતા કે અત્યારે આ કળિકાળમાં પ્રગટ ભગવાન ક્યાંથી હોય ? અને નારદ-સનકાદિક જેવા સંતો અત્યારે ક્યાંથી હોય ? તેઓને આપમેળે ગોખાય ગયેલી આ માનસિકતા છે; પણ એ કાંઈ શાસ્ત્રનો મત નથી.

શ્રીહરિ તો વચ.વડ.૧૯માં બોલ્યા છે કે, **“આ જીવને જ્યારે ભરતખંડને વિષે મનુષ્યદેહ આવે છે, ત્યારે ભગવાનના અવતાર કાં ભગવાનના સાધુ એ જરૂર પૃથ્વી ઉપર વિચરતા હોય, તેની જો એ જીવને ઓળખાણ થાય તો એ ભગવાનનો ભક્ત થાય છે.”** પ્રગટની ઓળખાણવાળાને જ શ્રીહરિ ભક્ત કહે છે. ભગવાન અને સાચા

સંતોમાં દિવ્યમતિ થયા વિના ક્યારેય દિવ્યગતિ થાતી નથી. માટે મહિમા વિના મેળ પડે તેમ નથી. આપણી સાથે રહેલા પ્રગટ સંતો-ભક્તોનો મહિમા સમજાય ત્યારે જ સાચા અર્થમાં ભક્ત થવાય છે.

'દૂરથી ડુંગર રળિયામણા' તેમ છેટાવાળાનો તો સહુ મહિમા સમજે અને સાથે રહેલાના નઈ જેવા સ્વભાવ જોઈને અભાવ લેતા હોય છે, અને દ્રોહ કરતા હોય છે; એવાથી આઘા રહેવું. કેમ જે, અહંકારીથી આઘા રહેવામાં જ મજા છે. જે અહંશૂન્ય હોય, નિર્માની હોય તે જ પ્રગટ સંત-ભક્તનો મહિમા સમજી શકે છે અને સ્વીકારી શકે છે. આપણને આપણી સાથે રહેલા સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવે છે, શ્રીહરિના સંબંધે સંતો-ભક્તો નિર્ગુણ અને દિવ્યમૂર્તિ નથી મનાતા; એનો અર્થ એ થાય કે આપણે અહંકારી છીએ. વ્યક્તિ જ્યારે પોતે જ પોતામાં શ્રેષ્ઠતા માની લે છે ત્યારે જ બીજા સંતો-ભક્તો ગૌણ મનાય છે, અને ત્યારે જ બીજા વિશે નેગેટિવ વિચારો આવે છે. જીવને જ્યારે પોતાનો મહિમા વધી જાય છે ત્યારે જ બીજાનો મહિમા ઘટે છે.

મહારાજ કહેતાં કે, **'મહિમાવાળાની દૃષ્ટિમાં તો કોઈ અલ્પ દોષ હોય તે દેખાય જ નહીં.'** જો સુખી થાવું હોય, નિર્વાસનિક થાવું હોય અને આ જ દેહે ભગવાનના ધામમાં જાવું હોય તો બીજાનો મહિમા સમજો. શ્રીહરિની કહેલી આ સમજણને આપણે આપણી પોતાની માનો. કેમ જે, જેટલી મહારાજની અને આપણી સમજણ જુદી રહેશે, એટલા આપણે મહારાજથી જુદા રહેશું. માટે સુખી થાવું હોય તો સ્વરૂપાનંદસ્વામીની જેમ મહિમા કેળવો. આ માર્ગમાં તો જે મહિમાવાન છે, તે જ સાચો ધનવાન છે. એ જ સમૃદ્ધ છે અને એને જ શ્રીહરિ પોતાની મૂર્તિનું જે સુખ તે રૂપી મોજ આપે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના પ્રસંગથી દિવ્યમતિવાળાની જ દિવ્યગતિ થાય, એમ વર્ણન કર્યું' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

ત્રણેયના જુદા જુદા જવાબ

શ્રીજીમહારાજે એક દિવસ આનંદાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી તથા સ્વરૂપાનંદસ્વામી એ ત્રણને પૂછ્યું જે, “અમે તમને જે જે આજ્ઞા કરીએ જે, આ પ્રવૃત્તિની ક્રિયા કરો, ત્યારે કેમ કરો ?” ત્યારે પ્રથમ આનંદાનંદસ્વામીએ કહ્યું જે, “જેમ તમે કહો તેમ કરીએ.” ત્યાર પછી મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, “હૃદયમાંથી એક વેંત વૃત્તિ બહાર કાઢું ત્યારે ક્રિયા થાય ને તે વૃત્તિ એક વેંત બહાર કાઢી હોય તેને હાથ પાછી વાળું ત્યારે સુખ થાય.” મુક્તાનંદસ્વામીને ભગવાનની મૂર્તિ આકારે વૃત્તિ વર્તે છે, એટલે સ્વામી મૂર્તિનું સુખ માણે છે. માટે વૃત્તિ બહાર કાઢે તેથી અધિક પાછી વાળે ત્યારે શાંતિ થાય. પછી સ્વરૂપાનંદસ્વામીને કહ્યું જે, ‘તમે કેમ કરો ?’ ત્યારે તે બોલ્યા જે, “જે ક્રિયા કરવા ને જોવા જાઉં તો તે પદાર્થ ટળી જાય ને તમારી મૂર્તિ દેખાય.”

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, ‘પદાર્થ ટળી જાય ને મૂર્તિ દેખાય, એ સર્વેને માન્યામાં આવતું નથી.’ ત્યારે સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, **“જેમ તીરમાં લીંબુ ખોસ્યું હોય ને તે તીરને જેમની કોરે કરીએ તેમની કોરે તે તીરમાં લીંબુ જ દેખાય; તેમ મારી વૃત્તિમાં ભગવાન રહ્યા છે, માટે તે વૃત્તિને જેમની કોરે કરું તેમની કોરે એક ભગવાન જ દેખાય છે.”** જેની વૃત્તિમાં ભગવાન રહ્યા હોય તેને તો આખી સૃષ્ટિ ભગવાનરૂપે દેખાય.

જ્યાં જૂએ ત્યાં રામજી બીજું ન ભાસે રે;
ભાત દેખી ભૂલે નહિ અનુભવ ઉજાશે રે.
અનુભવીને અંતરે રહે રામ વાસે રે;
તે બોલે તે સાંભળે દષ્ટિ પ્રકાશે રે.

એકવાર જડ દેહાકારે વતર્તી આત્માની વૃત્તિઓ શ્રીહરિની મૂર્તિના આકારે થાય તો માણસ આખો બદલાઈ જાય, સ્થિતિ બંધાઈ જાય. પછી

જેમ આવી સ્થિતિવાળા પર્વતભાઈનાં કામ કરવાં શ્રીહરિએ ખોરાસાના રાજાભાઈને મૂક્યા હતા, તેમ આવા ભક્તના દરેક કામ શ્રીહરિ કરે. પરંતુ શ્રીહરિમાં વૃત્તિ લાગ્યા વિના ક્યારેય સ્થિતિ બંધાતી નથી. અખંડ વૃત્તિથી જ સ્વામીના જેવી સ્થિતિ પ્રાપ્ત થાય છે.

અહીં ત્રણેય સંતોની અલગ અલગ સ્થિતિ બતાવી છે. અને તેમાં કનિષ્ઠ મધ્યમ અને ઉત્તમ, એમ ત્રણ ભેદ છે. આનંદાનંદસ્વામીને માત્ર આજ્ઞાનું જ બળ છે. ત્યારે મુક્તાનંદસ્વામીને મૂર્તિ પણ દેખાય છે અને અન્ય પણ દેખાય છે. અને સ્વરૂપાનંદસ્વામીને તો મૂર્તિ સિવાય કાંઈ દેખાતું નથી. એમની તો સર્વે ક્રિયાના કરતલ એક શ્રીહરિ જ છે.

મહારાજ વચ.કા.૭ માં કહે છે, "એવી રીતે પ્રત્યક્ષ પુરુષોત્તમને વિષે જે દૃઢ નિષ્ઠા તેને આત્યંતિક કલ્યાણ કહીએ." અને આવી નિષ્ઠાવાળાની સ્થિતિનું વર્ણન કરતાં કહે છે કે, "એવી નિષ્ઠાને પામીને જે સિદ્ધદશાને પામ્યો હોય તેની આવી દશા હોય જે, **'પિંડ-બ્રહ્માંડનો તથા પ્રકૃતિ-પુરુષનો પ્રલય થયા પછી અક્ષરધામને વિશે જે ભગવાનની મૂર્તિ અખંડ વિરાજમાન રહે છે, તે મૂર્તિને સ્થાવર-જંગમ સર્વે આકારને વિશે જ્યાં જ્યાં દૃષ્ટિ જાય ત્યાં ત્યાં સાક્ષાત્કાર દેખે અને એ મૂર્તિ વિના બીજું અણુંમાત્ર પણ ભાસે નહિ,'** એ સિદ્ધદશાનું લક્ષણ છે."

સ્વરૂપાનંદસ્વામી આવી સિદ્ધદશાવાળા સંત છે. એટલે જ શ્રીજીમહારાજે કહ્યું જે, **'ત્રણેનાં અંગ જુદાં જુદાં જણાય છે, માટે આનંદાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવો ને મુક્તાનંદ સ્વામીએ સ્વરૂપાનંદસ્વામીનો સમાગમ કરવો. એમ કરે તો એકબીજાની કસર ટળે.'** આમ ઉત્તમ, મધ્યમ ને કનિષ્ઠ સ્થિતિના ભેદ છે.

(સંદર્ભ : ગુ.સ્વામીની વાત-૨/૭)

કોને કોનો સંગ કરવો ? તે પણ સમજ્યા જેવું છે. કારણ કે, જેની સ્થિતિનું લેવલ વધારે નીચું હોય, તેને બહુ ઊંચી સ્થિતિવાળાની

વાતો સમજાતી નથી. ઘણા દોઢડાહ્યા કે મિથ્યાભિમાની વ્યક્તિને બહુ મોટા હોય એની પાસે જ બેસવાનો કે એની સાથે જ રહેવાનો શોખ હોય છે. પરંતુ છેવટે તેને ત્યાંથી કાંઈ મળતું નથી. ઘણો સમય સત્સંગમાં રહે તોપણ ગંગાના પાણાની જેમ કોરો ને કોરો રહે છે. માટે શ્રીહરિએ આનંદાનંદસ્વામીને મુક્તાનંદસ્વામીનો સમાગમ કરવાનો કહ્યું અને મુક્તાનંદસ્વામીને સ્વરૂપાનંદસ્વામીનો સમાગમ કરવાનો વિવેક શીખવાડ્યો.

આપણાથી થોડા સત્સંગમાં આગળ હોય એવા સંતો-ભક્તોનો મહિમા સમજી તેમનો સમાગમ કરીએ તો તે તેનાથી આપણને બહુ જાણવા-શીખવાનું મળે છે. અને આ માર્ગમાં સ્પીડ બહુ આવે છે. માટે 'હું તો કોઈ નાનાને નમું જ નહીં,' આવું ખોટું અહં ન રાખવું. સમજવાનું સમજવું અને આપણાથી થોડા સારા હોય તેનો સમાગમ કરી સદ્‌ગુણો, મહિમા વગેરે શીખવું અને બહુ મોટા ને ઊંચી સ્થિતિ વાળાને પરબારી બાથ ન લેવી. જેમ ક્રમ બાય ક્રમ વિદ્યાર્થીઓ ઊંચી ઊંચી કક્ષામાં ઊંચા ઊંચા ટીચરો પાસે ભણે છે તેમજ આધ્યાત્મિક માર્ગમાં પણ કરવું જરૂરી છે. વળી, એ પણ ધ્યાન રાખવું કે, ઊતરતાનો સંગ તો ક્યારેય ન કરવો; કેમ જે, સંગદોષ લાગ્યા વિના રહેતો નથી.

દોહા : **શ્રેષ્ઠનો સમાગમ કરતાં, જરૂર શ્રેષ્ઠ થવાય;**
શ્રેષ્ઠ છોડી બીજાનો, કદિ સંગ ન જ કરાય...૪૪

શાસ્ત્રોમાં કહ્યું છે કે, 'જે માણસ કનિષ્ઠને સેવે તે કનિષ્ઠ થાય છે, મધ્યમને સેવે તે મધ્યમ બને છે અને ઉત્તમને સેવે તો ઉત્તમ બની જાય છે.' ઉચ્ચ કોટિની સમજણવાળા ત્યાગ-વૈરાગ્યે યુક્ત આનંદાનંદસ્વામી અને મુક્તાનંદસ્વામી જેવા મોટા મોટા સદ્‌ગુરુઓની સમજણ પણ સ્વરૂપાનંદસ્વામીના સમાગમની અપેક્ષા રાખતી હતી. અને સ્વામીના સંગે કરીને પોતાની ખોટ ટાળવાની દિશા શ્રીહરિ ચીંધતા. એવા આ

સંતને શ્રીહરિની કેવી સર્વોપરી ઉપાસના હશે..!? અને તેથી કેવી સિદ્ધદશા પ્રાપ્ત થઈ હતી..?! માટે આપણે પણ આમાંથી શીખવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'ત્રણેય સંતોના જુદાં જુદાં અંગ અને સ્વામીની સ્થિતિ કહી' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

ધ્યાનનો મહિમા અને તેના ઉપાયો

દોહા : **શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આ જગે, જાણો શ્રીજીનું ધ્યાન;**
ધ્યાની આ બ્રહ્માંડમાં, બને સૌથી મહાન...૪૫

શ્રીહરિનું ધ્યાન જ કારણ શરીર બાળે છે. ધ્યાનથી જ આપણી સર્વે વૃત્તિઓ ભગવાનમાં વળે છે. ભગવાનનું અખંડ ધ્યાન-ચિંતવન કરવું એ મોટું પુણ્ય છે અને જગતનું ચિંતવન થાય એ મોટું પાપ છે. માટે દરેક વ્યક્તિએ રોજે પાંચ-દશ-પંદર-વીસ મિનિટ, અડધો કલાક કે કલાક મનને મારી, સંકલ્પને બંધ કરી શ્રીહરિનું ધ્યાન કરવું. પિંડ-બ્રહ્માંડનો પ્રલય કરી, શુદ્ધ ચૈતન્યરૂપ થઈને આત્મામાં મહારાજની મૂર્તિને ધારવી. પછી વૃત્તિઓ શ્રીહરિ આકારે કરીને મૂર્તિનું સુખ લૂટ્યા કરવું. દિવસમાં આવું થોડીવાર પણ ધ્યાન થાય તોપણ જીવનમાં પ્રગતિ બહુ થાય. કેમ જે,

ધ્યાન જેવું બીજું કંઈ નથી, અતિશે સાધન કઠણ;
મોટામાં મોટી પ્રાપ્તિ છે, તેથી રીઝે નારાયણ...૪૬

આ જગતના જીવોને તો સ્ત્રી, ધન, રસાસ્વાદ, પદ-પ્રતિષ્ઠા અને માનનું જ ધ્યાન થાય છે. આ પાંચ વસ્તુઓને મેળવવા માટે જ જીવ પરમેશ્વરનો ઉપયોગ કરે છે. માટે હકીકતમાં જોઈએ તો પ્રભુ ઉપાય અને ઓલ્યા પાંચ ધ્યેય થયા. આપણા જીવને પૂછો કે, 'હે જીવલડા ! તારો જીવનધ્યેય શું છે ? પુરુષોત્તમનારાયણને પામી જાવું એ જ છે કે

બીજો કોઈ છે ?' તો ઉત્તર આપતાં અંતર મૂંઝવણ અનુભવશે. આપણે શ્રીહરિનો સાધન તરીકે ઉપયોગ કરી આ જગત અને માન-મોટાઈ આદિક સાધ્ય રાખશું, ત્યાં સુધી ક્યારેય વાસના ટળવાની નથી, જીવ ઠરવાનો નથી. જેમ ગાડીની સાથે સ્પેરવ્હીલ હોય, પરંતુ જ્યારે પંચર પડે ત્યારે જ તેનો ઉપયોગ કરે. તેમ મોટા ભાગના જીવ જ્યારે આ લોકનાં કાંઈક દુઃખ આવે, માંદા થાય, આબરૂ જાય એમ હોય ત્યારે સ્પેરવ્હીલની જેમ પ્રભુનો ઉપયોગ કરે છે. આવા વ્યક્તિથી ક્યારેય ભગવાનનું ધ્યાન ન થાય, સાચા દિલથી ભજન ન થાય.

કોઈ પ્રકારની મુશ્કેલી ન હોય, દુઃખ ન હોય, ચારે બાજુ આપણી વાહ..વાહ..! થતી હોય ત્યારે પણ આપણું દિલ સતત ભગવાનમાં જોડાયેલું રહે તો ભક્ત ખરા..!! પરંતુ તપાસ કરીને જોઈએ તો દુઃખમાં જેવું ભગવાનનું સ્મરણ થાય છે, પ્રાર્થના થાય છે, તેવું પ્રાયઃ સુખમાં થતું નથી. કેમ જે, જોઈએ તેવી ભગવાનની ગરજ નથી. અને એટલે જ આ લોકની મળેલી સફળતા, સંપત્તિ, સત્તા કે સન્માનને જ જીવ ગૌરવ સાથે ભગવાનની કૃપા માને છે. ખરેખર આ પ્રભુની કૃપા નથી. સંતો કહે છે,

જબ કોપ કરત કીરતારા, તબ દેવત સુખ સંસારા.

આ જગતના કહેવાતા ભોગ-વિલાસો એ પ્રભુની કૃપાનું ફળ નથી; એ કોપનું ફળ છે. જ્યારે આપણી વૃત્તિઓ અખંડ ભગવાનની મૂર્તિમાં લાગેલી રહે, અખંડ સહેજે સહુમાં ભગવાનનાં દર્શન, સ્મૃતિ અને અનુભૂતિ થાય; તે ભગવાનની કૃપાનું ફળ છે. ભગવાનની કૃપા થાય ત્યારે આપણી દેહાકાર વૃત્તિઓ છે, તે મૂર્તિના આકારે થાય છે. જીવ દેહધારી મટી મૂર્તિધારી બને, એ જ પ્રભુની સાચી કૃપા છે. સ્વરૂપાનંદસ્વામી આવી શ્રીહરિની કૃપાનું પાત્ર બનેલા સંત હતા.

જીવને ભગવાનની જોઈએ એવી ભૂખ નથી. તેથી જ સ્ત્રી-ધન, માન-મોટપ કે પદ-પ્રતિષ્ઠા જ જીવની ક્રિયાનું કારણ બને છે; પરમેશ્વર

તમામ ક્રિયાના કારણ બનતા નથી. ભગવાન માટે જ ભગવાન ભજાતા નથી, પરંતુ સન્માન, સંપત્તિ, સ્ત્રી, સત્તા અને સ્વાદ આ પાંચ સકાર માટે ભગવાન ભજાય છે. આ લોકના સુખ માટે ભગવાનનો ઉપયોગ થાય છે. માટે જે મુમુક્ષુ હોય તેણે તપાસ કરવો કે, 'મારે શ્રીહરિ સાધન છે કે સાધ્યરૂપ છે ?' જ્યારે એક શ્રીહરિને જ સાધ્ય માની ભગવાનને જ જાણવા અને માણવા સારુ ઝંપલાવીએ ત્યારે મૂર્તિનો મહાઆનંદ મળે છે, પરમેશ્વરની પ્રાપ્તિ થાય છે. જે ભગવાનની ભૂખે ભજન કરતો હશે તેને તો સાંસારિક સુખ હશે, છતાં અખંડ ભગવાનનું ધ્યાન-ભજન થશે. જે આલોકનાં કાંઈક દુઃખ પડે અને પ્રભુ ભજે છે, તે ખરેખર પ્રભુનો ભક્ત નથી; તે તો જગતનો ભગત છે. સાચા ભક્ત થાવું ઘણું કઠણ કામ છે.

ભક્ત થાવું ભગવાનના, છે જો કઠણ કામ;
સુખ સર્વે સંસારનાં કરવા જોઈએ હરામ.

દેહ, સ્ત્રી, ધન કે માન-મોટપમાંથી સુખ આવે છે; એવું સ્વપ્નમાંય ન મનાય ત્યારે ભક્ત થવાય છે. જ્યાં સુધી ભગવાન વિના બીજા વિકલ્પો રહેશે, ત્યાં સુધી તે વિકલ્પોની પૂર્તિ માટે પરમેશ્વરનો ઉપયોગ થયા કરશે. માટે જે સમજુ હોય તે અંતરમાં તપાસજો. જ્યારે ભગવાન સિવાય કોઈ વિકલ્પ નહિ રહે ત્યારે સ્વરૂપાનંદસ્વામી જેવી સ્થિતિ થશે. સ્વરૂપાનંદસ્વામીને મૂર્તિ સિવાય ક્યાય રસ જ ન હતો. એક મૂર્તિમાં જ તેમને સુખબુદ્ધિ, હેતબુદ્ધિ, મમત્વબુદ્ધિ અને આત્મબુદ્ધિ હતી. જ્યારે આપણે પણ આવું થાય ત્યારે સમજવું કે શ્રીહરિનો મહિમા સમજાયો છે. સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ જ શાશ્વત શાંતિનું રહસ્ય છે. મૂર્તિ જ આપણા આત્માનો આત્મા છે, જીવનું જીવન છે. સ્વરૂપાનંદસ્વામીની જેમ મહારાજની મૂર્તિ એ જ આપણી દુનિયા બને ત્યારે ખરું રહસ્ય પ્રાપ્ત થશે. અને આવું બને ત્યારે જ ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થયું છે એમ સમજવું.

ભગવાન સ્વામિનારાયણ અનાદિના પરમ સત્ય અને નિર્વિકારી તત્ત્વ છે, સદા સુખકારી છે. શ્રીહરિ, તેમનું ધામ અને તેમને પામ્યા એવા મુક્ત, આ ત્રણેય અનાદિના છે, શાશ્વત છે. અને આ ત્રણ સિવાયના બીજા જે કોઈ પ્રકૃતિપુરુષમાંથી થયેલા આકાર છે, તે સર્વે મિથ્યા છે. કેમ જે, કાળે કરીને તે નાશ પામે છે. આ વાતને સમજાવતાં શ્રીહરિ વચ.ગ.અ.૩૮માં કહે છે, "અમે સાંખ્યાદિક શાસ્ત્રના વિચારે કરીને એમ નિશ્ચય કર્યો છે જે, 'માયાના કાર્યમાંથી ઉત્પન્ન થયા જે આકારમાત્ર તે સર્વે મિથ્યા છે. કેમ જે, એ સર્વે આકાર કાળે કરીને નાશ પામે છે. અને ભગવાનના અક્ષરધામને વિશે જે ભગવાનનો આકાર છે તથા તે ભગવાનના પાર્ષદ જે મુક્ત તેમના જે આકાર છે, તે સર્વે સત્ય છે ને દિવ્ય છે ને અતિશય પ્રકાશે યુક્ત છે. અને તે ભગવાનનો ને તે મુક્તનો જે આકાર તે પુરુષના જેવો દ્વિભુજ છે ને સચ્ચિદાનંદરૂપ છે. અને તે અક્ષરધામને વિશે રહ્યા જે એ ભગવાન તે જે તે, તે મુક્તપુરુષ તેમણે દિવ્ય એવા જે નાના પ્રકારના ઉપચાર તેણે કરીને સેવ્યા થકા ને તે મુક્તપુરુષને પરમ આનંદને ઉપજાવતા થકા સદા વિરાજમાન છે."

સર્વ ધામના ધામી શ્રીહરિ, તેમનું ધામ અને મુક્ત, આ ત્રણ સિવાયનું બીજું બધું જ ચાર પ્રકારના પ્રલયમાં નાશ પામે છે. માટે નાશવંતમાં ક્યાંય પ્રીતિ રખાય નહીં. ને જો તેમાં પ્રીતિ રાખો તો શ્રીહરિ પમાય નહીં. આ વાત જેમ છે તેમ નિઃસંશયપણે કહું છું. ચાર પ્રકારના પ્રલયે કરીને જેનો જેનો નાશ થાય છે, તે બધી જ વસ્તુ કાળનું ચવાણું છે. કોઈ વહેલી નાશ થાય કે કોઈ થોડાં વર્ષો વધારે જીવીને નાશ થાય, પણ અંતે બધું નાશવંત છે. નાશવંતમાં પ્રીતિ રાખવી તે નરી મૂર્ખતા છે. જે મળે પછી ક્યારેય ટળે નહિ તેને મેળવી લે તે જ સમજુ છે, જ્ઞાની છે. અને એવું તો અક્ષરધામ

અને મહારાજની દિવ્ય મૂર્તિ છે. ત્યાં જ આપણું મન લાગવું જોઈએ, ત્યાં જ આપણા આત્માની પ્રતિષ્ઠા થવી જોઈએ. શ્રીહરિ જ આપણો આધાર અને પ્યાર બની જવો જોઈએ; તો આપણે પણ ગુણાતીત અને કાળાતીત બની જઈશું. મહારાજના ધામમાં વિરામ થશે ત્યારે જ સાચો આરામ મળશે. કેમ જે, ત્યાં કાળ પહોંચી શકતો નથી. તેથી ત્યાં ક્યારેય જન્મવાનું કે મરવાનું નથી. ત્યાં માયાની માથાકૂટ નથી, કર્મનાં કૂટણાં નથી. ત્યાં તો માત્ર આનંદ આનંદ ને આનંદ જ છે. માટે માયાના આધાર મૂકી મારા મહારાજને આધારે જીવવું; એ સર્વ શાસ્ત્રનું રહસ્ય છે, સારનો પણ સાર છે.

ચાર પ્રકારના પ્રલયે કરીને નાશ થનારાં પિંડ-બ્રહ્માંડ કે પિંડ-બ્રહ્માંડમાં રહેલાં વસ્તુઓ, વિવિધ સ્થળો, સ્વર્ગાદિક લોકો, વ્યક્તિઓ, દેવો કે ઈશ્વરો કોઈ સત્ય નથી. તેમાં ક્યાંય શાશ્વત સુખ, શાંતિ, સંતોષ કે સ્થિરતા નથી; છતાં તેમાં સત્યતા અને સુખ મનાય છે, એ જ દુ:ખનું કારણ છે, ભયનું કારણ છે, ચિંતાનું કારણ છે અને એ જ અજ્ઞાન છે. નાશવંત આ દેહ અને દુનિયા રાખના પડીકાથી અધિક કશું જ નથી. અહીંયાં કોઈ અમર નથી. પરંતુ આપણે આ સત્યને ભૂલી ગયા છીએ. તેથી માન-અપમાન, સુખ-દુ:ખ અને રાગ-દ્વેષના ધક્કા વાગે છે.

આ લોક તો ચોમાસાનાં વાદળાંમાં થતાં ગંધર્વનગર જેવો છે, મલોખાના માંડવા જેવો છે, પાણીના પરપોટા જેવો છે. કાળની એક થપાટે અહીંનું બધું સેટિંગ અપસેટિંગ થઈ જશે. આ દેહને પણ સ્મશાને ચિતામાં એક વખત બાળી દેશે. માટે દેહના કીડા ન રહેવું. 'દેહભાવ ઉડાડો, મન મૂર્તિમાં લગાડો.' કેવળ દેહને સાચવ્યા કરીએ તો સેવા, ભજન, સત્સંગ કશું જ ન થાય. ધ્યાનમાં ઘડીકેય ન બેસાય.

માટે અસત્ય દેહ અને દુનિયામાંથી પ્રીતિ તોડો, તો જ રાત-દિવસ જ્યાં-ત્યાં દોડતી આપણી ઈન્દ્રિયોની વૃત્તિઓ અને અનેક સંકલ્પ

કરતું મન શાંત થશે. મન અખંડ મહારાજનું મનન કરશે. ચિત્ત અખંડ શ્રીહરિનું ચિંતવન કરશે. બુદ્ધિ અખંડ ભગવાનનો જ નિર્ણય કરશે. અને અહંકાર ‘હું હરિનો અને હરિ મારા’ આવો દાસ બનશે. વળી, કાન ભગવાનની કથા સાંભળવામાં જ લોભાયેલા રહેશે. આંખ શ્રીહરિ અને સંતનાં દર્શનમાં જ લાભ માનશે. જીભ પ્રભુનો પ્રસાદ જમવામાં અને હરિના ગુણ ગાવામાં જ સુખ માનશે. ત્વચા શ્રીહરિ ને સંતની ચરણરજનો સ્પર્શ કરવામાં જ સુખ માનશે. નાસિકાને ભગવાન અને ભગવાનના સંતને ચડાવેલાં પુષ્પનો સુગંધ લેવો જ ગમશે. આમ આપણા સર્વે ઈન્દ્રિયો અને અંતઃકરણ અખંડ ભગવાનમય રહે, ત્યારે આપણે ભક્ત થયા કહેવાઈએ. અને ભગવાન સિવાયના શબ્દાદિક વિષયો, બળબળતા ડામ જેવા દુઃખદાયક લાગે, સડેલા ઊંટિયા જેવા ગંધાતા લાગે અને મહારાજના સ્મરણમાં જ મઝા આવે ત્યારે જ ભગવાનનો મહિમા સમજાયો કહેવાય.

જે ઘડીક વિષયનું ચિંતવન કરે અને ઘડીક ભગવાનનું ભજન કરે તેનાથી શ્રીહરિનું ધ્યાન ન થાય. કેમ જે, દિવ્યમૂર્તિ શ્રીહરિનું ધ્યાન કરવા જાય ત્યાં દેહભાવને કારણે બીજાનાં હાડ, માંસ ને ચામડાંના દેહ સાંભરી આવે. સ્ત્રી, ધન અને માન-મોટપનો ચસ્કો સાંભરી આવે. તેથી અંતર ડોળાઈ જાય. આમને આમ થતું રહે તો ક્યારેય સ્થિતિ ન બંધાય. માટે પિંડ-બ્રહ્માંડમાં વૈરાગ્ય કેળવવો. નાશવંત, તુચ્છ અને અસત્ય દેહ અને દુનિયામાંથી પ્રીતિ તોડી મન મહારાજની મૂર્તિમાં જોડો.

સાચું સુખ, શાંતિ, સંતોષ અને આનંદ તો માત્ર એક સહજાનંદ છે. માટે શ્રીહરિમાં તલ્લીન થઈ જાઓ. એ જ સાચી સમજણ છે. અને આવી સમજણ કેળવવાથી જ પરાભક્તિ પ્રાપ્ત થાય છે. આવું સર્વોત્તમ જ્ઞાન, નક્કર નિષ્ઠા, શુદ્ધ સમર્પણ ભાવ અને સાચી ભક્તિ જોઈ શ્રીહરિ રાજી રાજી થઈ જાય છે. અને આવો મહિમા હોય ત્યારે

જ શ્રીહરિનું અખંડ ધ્યાન થાય છે. પછી જે સ્થિતિ બંધાય અને એમાં જે સામર્થી પ્રાપ્ત થાય છે, તેનો પ્રસંગ આપણા સંતોએ નોંધ્યો છે. તે હવે આપણે આગળના અધ્યાયમાં નિહાળીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'ધ્યાનનો મહિમા અને ધ્યાન કરવાના ઉપાયો કહ્યા' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

પ્રગટ મૂર્તિના ધ્યાનનો પ્રતાપ

એકવાર કારિયાણીમાં શ્રીજીમહારાજ સર્વ પરમહંસ સહિત સભા કરીને મંદિરમાં કૂવાના કાંઠા ઉપર બિરાજમાન હતા. પછી તે પરમહંસને મહારાજે પોતાનાં સર્વોપરી ઐશ્વર્ય દેખાડ્યાં. તેથી સર્વે પરમહંસોને પ્રગટ પુરુષોત્તમનાં મહા સમર્થપણાનો અને સર્વોપરીપણાનો અનુભવ થયો. તેથી અંગોઅંગમાં ખુમારી પ્રગટી અને એ અલૌકિક કેફમાં મસ્ત બનેલા પરમહંસો નોખા નોખા બોલવા લાગ્યા.

તેમાં કેટલાક સંતો તો કહે જે, 'હે મહારાજ ! હું આ સભા લઈને ઊડીને અક્ષરધામમાં જાઉં.' અને વળી એક સંત કહે જે, 'હે મહારાજ ! મારે તો એક બ્રહ્માંડની ક્રિયા હસ્તામળ દેખાય છે, આખું બ્રહ્માંડ દેખાય છે.' ત્યારે વ્યાપકાનંદસ્વામી બોલ્યા જે, 'તમારે તો એક બ્રહ્માંડ દેખાય છે ને મારે તો અનંત આશ્ચર્ય ને અનંત ઐશ્વર્ય યુક્ત એવા જે અનંતકોટિ બ્રહ્માંડના ઈશ્વરો તથા ગોલોક ને વૈકુંઠાદિક ધામ તે હસ્તામળ દેખાય છે.' આવી મોટી સ્થિતિ થઈ અને આવું ઐશ્વર્ય તથા આનંદ પ્રાપ્ત થયો, તેનું કારણ શું ? તો જવાબ આપતા ગુણાતીતાનંદસ્વામી કહે છે, 'એ તો રામ-કૃષ્ણાદિક સર્વે અવતારના અવતારી એવા જે આ શ્રીસહજાનંદસ્વામી પ્રગટ પુરુષોત્તમની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે.' અહો..હો..!! ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખ્યાનો પ્રતાપ તો જૂઓ..!!

તેથી જ શ્રીહરિએ વચ.ગ.પ્ર.૧માં જ કહ્યું છે કે, "જે મનુષ્યના મનની વૃત્તિ ભગવાનના સ્વરૂપમાં અખંડ રહે છે, તેને તેથી બીજી અધિક પ્રાપ્તિ શાસ્ત્રમાં કહી નથી; કાં જે, ભગવાનની મૂર્તિ છે તે તો ચિંતામણિ તુલ્ય છે. જેમ ચિંતામણિ કોઈક પુરુષના હાથમાં હોય તે પુરુષ જે જે પદાર્થને ચિંતવે તે તે પ્રાપ્ત થાય છે; તેમ ભગવાનની મૂર્તિને વિશે જેના મનની અખંડ વૃત્તિ રહે છે તે તો જીવ, ઈશ્વર, માયા અને બ્રહ્મ એમના સ્વરૂપને જો જોવાને ઇચ્છે તો તત્કાળ દેખે છે તથા વૈકુંઠ, ગોલોક, બ્રહ્મમહોલ એ આદિક જે જે ભગવાનનાં ધામ તેને પણ દેખે છે. માટે ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખવી તેથી કોઈ કઠણ સાધન પણ નથી અને તેથી કોઈ મોટી પ્રાપ્તિ પણ નથી." જેની શ્રીહરિનાં સ્વરૂપમાં અખંડ વૃત્તિ રહે તે ગોલોક-વૈકુંઠાદિક ધામો તથા અનંતકોટિ બ્રહ્માંડો જે કાંઈ જોવાને ઇચ્છે તે બધું જ દેખાય. આ સો ટકા સત્ય વાત છે. વ્યાપકાનંદસ્વામીને આ બધું શ્રીહરિનાં ધ્યાનના પ્રતાપે દેખાય છે. અને હવે સ્વરૂપાનંદસ્વામીની સ્થિતિ સાંભળો.

ત્યાર પછી સ્વરૂપાનંદસ્વામી બોલ્યા જે, "અક્ષરધામના પતિ જે આ પુરુષોત્તમ ભગવાન તે પોતાની દયાએ કરીને અગણિત જીવોનાં આત્યંતિક કલ્યાણ કરવાને અર્થે પોતાનું જે સમગ્ર ઐશ્વર્ય અને પોતાના સર્વે પાર્ષદ તથા પોતાનું જે અક્ષરધામ તથા મહાપુરુષાદિક સર્વે ઈશ્વરકોટિ તથા ગોલોક-વૈકુંઠાદિક ધામના પતિ તેણે સહિત આ પૃથ્વી ઉપર પધાર્યા છે, ને આ સર્વે છે તે આ પ્રગટ પુરુષોત્તમની સભામાં બેઠા છે તેને હું દેખું છું. એવો આ શ્રીજીમહારાજની મૂર્તિના ધ્યાનનો પ્રતાપ છે." આપણે પણ શ્રીહરિનું ધ્યાન કરીએ તો આપણી પણ આવી સ્થિતિ બંધાઈ જાય. કેમ જે,

ચોપાઈ :

પ્રગટ પુરુષોત્તમનું ધ્યાન રે, તેનો મહિમા જાણજો મહાન રે;
થાય અવતારીનું જો જ્ઞાન રે, તો જ થાય સ્નેહે તેનું ધ્યાન રે...૪૭

અવતારીનું ધ્યાન છે અનોખું રે, તેનું ફળ મોટું જાણો ચોખ્ખું રે;
જાણી સર્વોપરી ધરે ધ્યાન રે, તે તો થાય છે સહુથી મહાન રે...૪૮

જોઈને ભગવાનના સ્વરૂપમાં અખંડ વૃત્તિ રાખનારા સ્વરૂપાનંદ સ્વામી ને વ્યાપકાનંદસ્વામી જેવા સંતની સામર્થી ને સ્થિતિ !

વળી વ્યાપકાનંદસ્વામી કહે, 'હું અનંતકોટિ બ્રહ્માંડ તથા ગોલોકાદિક ધામને હસ્તામળની જેમ દેખું છું.' વળી, સ્વરૂપાનંદસ્વામી કહે, 'હું તો અનંત ધામને અને તે ધામના પતિઓને તેમના મુક્તોએ સહિત પ્રગટ પુરુષોત્તમની આ સભામાં પ્રત્યક્ષ નિહાળું છું.' આ બધો સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં વૃત્તિ રાખ્યાનો પ્રતાપ છે, ધ્યાનનો મહિમા છે. જેના સંતમાં આવું સામર્થ્ય હોય તો તે શ્રીજી-મહારાજની સર્વોપરીતાની શું વાતો કરીએ !? એવો સર્વોપરી નિશ્ચય જેને હોય તેને ભગવાન વશ થાય ને તેના વચને કરીને અનેક જીવનો ઉદ્ધાર થાય. *(સંદર્ભ : ગુ.વાત.૪/૨૪)*

તે ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, "જે શ્રીહરિની મૂર્તિ હૈયામાં ધારે તેના હૈયામાં અપાર બળ આવે છે, તેના તમામ મનોરથ શ્રીજીમહારાજ પૂર્ણ કરે છે."

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સંતોનાં જુદાં જુદાં અંગ, સામર્થી અને સ્થિતિ કહી' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

આત્મનિષ્ઠાની દઢતા

દોહા : **શ્રીપુરુષોત્તમ પધાર્યા, સર્વેના સુખસાજ;**
સહુ ધામના ધામી પોતે, સ્વયં રાજાધિરાજ...૪૯
સર્વોપરી છે શ્રીહરિ, સર્વ નિયંતા નાથ;
સર્વેના અંતરયામી છે, સહજાનંદ સુખ પાથ...૫૦

અંતિમ સત્ય મમ વાલમો, તત્ત્વનું તત્ત્વ છે શ્યામ;
અનંત સામર્થી વાવરે, સંત દ્વારે ઘનશ્યામ...૫૧

આ બ્રહ્માંડમાં આવિયા, પહેલીવાર પરબ્રહ્મ;
અનંત મુક્ત સંગ લાવિયા, ટાળવા જીવોના ભ્રમ...૫૨

મુક્તો દ્વારે મહારાજે, આપ્યો સહુને આનંદ;
આખ્યાન સાંભળો સ્નેહે, સ્વામી સ્વરૂપાનંદ...૫૩

આત્મનિષ્ઠાની મૂર્તિ હતા, હેત હરિમાં અપાર;
ગુણલા હરિના ગાવતા, કરતા ભજન એકતાર...૫૪

પુરુષોત્તમનારાયણ અનંત મુક્તો સાથે પહેલીવાર આ બ્રહ્માંડમાં પધાર્યા. આ મુક્તોનાં આખ્યાનો જીવને અનુપમ માર્ગદર્શન આપે છે. આ સંતોએ કેવી રીતે સંસાર છોડ્યો ? કેવી ધર્મ-નિયમની દૃઢતા રાખી? કેવી સર્વોપરી શ્રીહરિની ઉપાસના રાખી ? કેવું એકતાર ભગવાનનું ભજન કર્યું ? કેવી શ્રદ્ધા અને સ્નેહથી સંતો-ભક્તોની સેવા કરી ? અને સુખ-દુઃખ કે માન-અપમાનના પ્રસંગમાં કેવી આત્મનિષ્ઠા રાખી? તેનું સુંદર માર્ગદર્શન સ્વરૂપાનંદસ્વામી જેવા સંતના આખ્યાનમાંથી મળે છે. શું શું કરવું જોઈએ ? અને શું શું છોડવું જોઈએ ? તેનો સુંદર ચિતાર એટલે આવા સંતનું આખ્યાન.

સ્વરૂપાનંદસ્વામીના અનેક સદ્‌ગુણો આપણે શીખવા જેવા છે. પરંતુ એમની આત્મનિષ્ઠા, દેહનો અનાદર તો ગજબનો હતો. દેહરૂપથી એકતાર ભજન થાય નહીં. દેહરૂપથી દિવ્યભાવ પણ રાખી શકાય નહીં. માટે જેને છતા દેહે મુક્તસ્થિતિ કેળવવી હોય, તેણે સ્વરૂપાનંદસ્વામીની જેમ દેહથી પોતાનું સ્વરૂપ જુદું માનવું. હું કોઈ કાળે આ દેહ નથી. કોઈ કાળે દેહના સગાં, સંબંધી, માતા, પિતા, એ મારાં નથી. હું તો ચિદ્‌ઘન, ચૈતન્ય, સત્તામાત્ર આત્મા છું, સચ્ચિદાનંદરૂપ છું, શ્રીહરિને રહેવાનું ધામ છું. મારા રોમેરોમમાં પ્રગટ ભગવાન બેઠા છે. આવી બુદ્ધિમાં પૂર્ણ દૃઢતા થાય તેને આત્મનિષ્ઠા કહેવાય.

આવી આત્મનિષ્ઠાની દૃઢતા હોય તો ભગવાનના સ્વરૂપને સંભારવામાં ને અંતરમાં ધારવામાં ખૂબ આનંદ આવે, સહેજે શ્રીહરિ અને સંતો-ભક્તોમાં દિવ્યભાવ રહે, ભક્તિ અખંડિત રહે, પ્રભુમાં પ્રેમ કરવાનું ઘણું સાનુકૂળ થઈ જાય, સુખ-દુઃખ ને માન-અપમાન આદિક નદીઓ સહેજે તરી જવાય. અને જો આત્મનિષ્ઠા ન હોય તો દેહમાં દુઃખ આવે ત્યારે આકુળ-વ્યાકુળ થઈ જવાય, સહન ન કરી શકાય, મનમાં મૂંઝારો આવે અને ભક્તિ તથા ધર્મ-નિયમ ચૂંથાઈ જાય. માટે આત્મનિષ્ઠાએ સહિત ભગવાનની ભક્તિ હોય તો કોઈ વિઘ્ન ન આવે, જીવમાં બળ બહુ આવે અને અખંડ શ્રીહરિનું સાન્નિધ્ય અનુભવાય. સ્વરૂપાનંદસ્વામી આવા ભક્તિનિષ્ઠ સંત હતા.

એકવાર સ્વામીને શરીરે મોટું ગૂમડું થયું. તે પાક્યું. અંદર જીવડાં પડ્યાં. ઘણી ઔષધિ કરવા છતાં ગૂમડું મટે નહીં. છતાં આત્મનિષ્ઠાની દૃઢતા હતી તો તેની સ્વામીને કોઈ અસર થતી નહીં. મસ્તીથી ભજન કરતા હતા. 'દેહાતીત નિત્ય ડોલતા, બ્રહ્મખુમારીએ બોલતા.' ક્યારેક ગૂમડામાંથી એકાદ જીવજંતુ બહાર પડી જાય તો હાથેથી પકડીને પાછું તે જગ્યાએ મૂકે અને ખુમારી સાથે બોલે, 'યહ તેરા ખાજ હૈ, ખાઓ! બહાર જાઓગે તો મર જાઓગે!' આ શરીરને સ્વામી જીવડાંઓનો ખોરાક સમજતા. આવા બ્રહ્મનિષ્ઠ હતા. આપણું કેમ ? તે તપાસવું.

જ્યાં સુધી હું પુરુષ છું, હું સ્ત્રી છું, હું પટેલ છું, બ્રાહ્મણ છું, વાણિયો છું, અમુક જ્ઞાતિનો છું, રૂપાળો છું, કદરૂપો છું, હું જાડો છું, હું પાતળો છું, આવી અહંગ્રંથી ઓગળે નહિ, ત્યાં સુધી આપણી સર્વે સમજણ વૃથા છે. અને આવા દેહરૂપ ભક્તમાં ક્યારેય સાચી સાધુતા કે ભક્તત્વ આવતું નથી. 'હું હટે તો જ દુઃખ મટે.' આ દેહ તો માયામાંથી થયેલો વિકાર છે. હું તો તેનો ધારણ કરનારો ચૈતન્ય આત્મા છું. દેહ જડ છે, અજ્ઞાનરૂપ છે. હું ચિન્મય છું, જ્ઞાન છું. આમ

અખંડ જાણપણું રહે તો સ્વરૂપાનંદસ્વામી જેવી સ્થિતિ બંધાય. ગમે તેટલાં સુખ દુઃખ આવે, દેહ માંદો પડે, દેહના હાથ-પગ કપાઈ જાય કે કોઈ અંગ ખોટું પડી જાય, છતાં દેહના ભાવને ક્યારેય આત્મામાં સ્વીકારવા નહીં. સ્વરૂપાનંદસ્વામીની જેમ એકદમ દેહથી જુદા વર્તવું. સ્વામીના જીવનમાંથી દરેક સાધકોએ આ ગુણ શીખવા જેવો છે.

જ્યારે સ્વામીએ આવી આત્મનિષ્ઠા રાખી ત્યારે શ્રીહરિ પ્રસન્ન થયા. અને ટૂંકકાળમાં રોગની પીડા મટી ગઈ. આવા ગુણ કેળવવા અને એ ગુણનું માન ન આવવા દેવું એ પણ શ્રીહરિને રાજી કરવા માટે અનિવાર્ય છે. ગુણનું માન પણ ભગવાનના દિલમાં આપણું સ્થાન થવા દેતું નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની આત્મનિષ્ઠાની દૃઢતા વર્ણવી' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

બ્રાહ્મણના બાળકને જીવતો કર્યો.

આપણે આરંભમાં વાંચી ચૂક્યા કે સ્વરૂપાનંદસ્વામી હિંદુસ્તાની સંત હતા. કુરુક્ષેત્રમાં તેમનો જન્મ થયો હતો. હિંદી ભાષા સારી રીતે જાણતા હતા. એટલે શ્રીહરિ તેમને દૂર દેશાવરમાં મંડળ લઈ ફરવા મોકલતા. શ્રીહરિનાં વચને સ્વામી તન કુરબાન કરી નાખતા; એવા તે વિશ્વાસી હતા. પ્રગટ ભગવાનની આજ્ઞા પાળવામાં ક્યારેય પાછી પાની કરતા નહીં અને દેહના સુખ-દુઃખ જોતા નહીં. પ્રિયવર હરિવરને રાજી કરવા ગામડે ગામડે ફરતા અને પામર, વિષયી કે મુમુક્ષુઓને મહારાજનું સ્વરૂપ સમજાવતા; ધર્મ-નિયમની દૃઢતા કરાવતા; લોકોને સદાચારી અને સંસ્કારી જીવન જીવવાનું શીખવતા; અનેક આત્માઓને પાપ તથા કુસંસ્કારરૂપી મેલને ધોઈને પવિત્ર જીવન જીવતા કરતા; શ્રીહરિની ઓળખાણ કરાવી સહેજે તેનું કલ્યાણ કરતા.

જીવને ભગવાન ઓળખાવવા ધર્મ-નિયમની દૃઢતા કરાવવી; નાશવંત સુખોમાંથી વૈરાગ્ય કરાવી શ્રીહરિમાં પ્રેમ કરાવવો; દેહના ખોટા અહં-મમત્વને તોડીને શ્રીહરિ અને સંતો-ભક્તોમાં આત્મબુદ્ધિ અને મમત્વ કરાવવું; નાશવંત સુખ પાછળ ભટકતા જીવને શાશ્વત સુખનો રાહ બતાવવો; આ સાચા સંત-ભક્તનું કર્તવ્ય છે. સાચા સંતના પ્રતાપે જ જન્મમરણ, લખચોરાસી, ગર્ભવાસ, આધિ, વ્યાધિ, ઉપાધિના ભયંકર ત્રિવિધ તાપમાંથી જીવ છૂટે છે અને શાશ્વત શાંતિના સાગર શ્રીહરિને પામે છે. સ્વરૂપાનંદસ્વામી અનેકને ભગવાનનો ભેટો કરાવી ભવાટવીનો રોગ મટાડે એવા સંત હતા. તેથી જ શ્રીહરિ સ્વામીને દૂર દેશાવરમાં પણ સત્સંગ કરાવવા મોકલતા.

એકવાર ગઢપુરમાં શ્રીહરિએ સ્વરૂપાનંદસ્વામીને મંડળ લઈ કાશી વિસ્તારમાં જવાની આજ્ઞા કરી. પછી સ્વામી શ્રીહરિની આજ્ઞાથી વૌઠાનો સમૈયો કરીને એક પછી એક શહેર અને ગામડા ઓળંગતા કાશી તરફ ચાલ્યા જતા હતા. રસ્તામાં એક ધારાસર નામનું ગામ આવ્યું. ત્યાં સ્વરૂપાનંદસ્વામી મંડળ સાથે થોડા દિવસ રોકાયા. સંતો ગામમાંથી ભિક્ષા લાવી જમતા, દેહનો નિર્વાહ કરતા અને શાંતિથી ભજન કરતા. જે કોઈ ભાવિક જનો પાસે આવે તેને સ્વામી સત્સંગ દ્વારા પ્રગટ પ્રભુનું જ્ઞાન આપતા. પોતે સમાધિનિષ્ઠ સિદ્ધયોગી હતા તેથી અનેકને સમાધિ કરાવતા અને શ્રીહરિનું સર્વોપરી જ્ઞાન આપતા.

समाधिना चमत्कारान्, दर्शयित्वा मदाश्रयम् ।
स विधाप्य जनव्रातान्, मुक्तेः प्रावर्त्तयत्पथि ।।

સ્વામી અનેકને સમાધિ કરાવી ગોલોક, બ્રહ્મપુર આદિ ધામનાં દર્શન કરાવતા. આવા અનેક ચમત્કારો સર્જીને પોતે મહાન થઈ જવું કે સહુ લોકોને પોતામાં હેત કરાવવું; એવી રંચમાત્ર પણ ભાવના આ સંતને ન હતી. સાચા સંત એટલા માટે પરચા બતાવે છે કે,

'લોકો પોતામાં ખેંચાય તો પછી તેને પ્રગટ પુરુષોત્તમનું જ્ઞાન આપી સુખિયા કરાય.'

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, "જેમ ભરવાડ બચ્ચાને પ્રથમ આંગળી આપે. પછી તેને તેની માતાનું આંચળ પકડાવી દે. તેમ સાધુ જીવને ભગવાનમાં જોડે છે." વળી, કહેતાં કે, "જેમ બચ્ચાને ગાયના આંચળમાંથી દૂધ આવે છે, તેમ જે મોટા સંતને વળગશે તેને શ્રીહરિનું સુખ આવશે. આ બધોયે સત્સંગ તો મહારાજનું શરીર છે, પણ જે મોટા એકાંતિક સાધુ છે, તે દ્વારા તો મહારાજ અખંડ રહ્યા છે; તેથી જ જે સંતને વળગે છે તેને મહારાજનું સુખ આવે છે."

સ્વરૂપાનંદસ્વામી લોકોને શ્રીહરિના આશ્રિત બનાવી મુક્તિનો માર્ગ બતાવતા. તેથી ધારાસર ગામના અનેક લોકો સ્વામીમાં ખેંચાયા. અનંતકોટિ બ્રહ્માંડનું કારણ, સર્વાવતારી, સર્વાધાર, સર્વજ્ઞ, સર્વનિયંતા, સર્વોપરી શ્રીહરિ પ્રગટ ધરતી માથે હોય ત્યારે એમના સંતોની વાત ન્યારી છે, તેમની સ્થિતિ ન્યારી છે.

દોહા : **ભગવાન જેવું ઐશ્વર્ય છે, પ્રગટના સંત મોજાર;**
તેથી જન અતિ ખેંચાતા, જાણે હોય હરિઅવતાર...૫૫

સ્વામી સહુને સ્વામિનારાયણ ભગવાનની ઓળખાણ કરાવતા. શ્રીહરિનો અને સત્સંગનો આશ્રય કરી જીવો સુખિયા થતા. આમ, સ્વરૂપાનંદસ્વામી સહુને મહા સુખની લહાણી કરાવતા હતા. એવા સમયમાં વિષ્ણુદત્ત નામના એક પ્રતિષ્ઠિત બ્રાહ્મણનો એકનો એક યુવાન દીકરો મરી ગયો. તે રૂપ, ગુણ અને વિદ્યાદિકે સંપન્ન હતો. વળી, વિદ્વાન હતો. આવા યુવાન પુત્રનું અચાનક મૃત્યું થયું તેથી તેના પરિવારને અસહ્ય દુઃખ આવી પડ્યું. વિષ્ણુદત્ત તો પુત્ર વિયોગે વાછડું મરવાથી ગાય વ્યાકુળ થાય તેમ આકુળ-વ્યાકુળ થઈ ગયો. આક્રંદ સાથે કરુણ રુદન કરવા લાગ્યો.

પુત્ર વિયોગના શોક સાગરમાં ડૂબેલો તે વિષ્ણુદત્ત કહે, "હે પુત્ર ! મધ દરિયામાં મને નાંખી તું ક્યાં ગયો ? જેમ ધન નાશ પામતા લોભી વિલાપ કરે તેમ તારી બહેન તારા વિના રડે છે. તારામાં અત્યંત સ્નેહવાળી તારી માતા બોલી શકતી નથી. હે પુત્ર ! તારામાં અત્યંત પ્રીતિવાળા તારા મિત્રો અન્ન-જળાદિક જમતા નથી. તું તેને છંદ-વ્યાકરણ આદિ ભણાવતો, તે તારા વાક્ય સંભારી સૌ રૂદન કરે છે. હા.. હા.. પુત્ર ! હું તારા વિના નહી જીવી શકું."

એમ કહી અન્ન-જળાદિકનો ત્યાગ કરી દીધો. માથા પછાડી રુદન કરતો હતો. તેમના સગાં-સ્નેહીઓએ ઘણું સમજાવ્યું, છતાં અન્ન-જળ ન લીધું. અને સહુને કહે, "હવે પુત્ર વિના મારે આ સંસારમાં જીવીને શું કામ છે ? જેના માટે હું જીવતો હતો, આ બંગલા કરાવ્યા, ગાડીઓ કરી, રાત-દિવસ મહેનત કરી ધન-સંપત્તિ ભેગી કરી; તે મારા હૈયાનો હાર પુત્ર મને ક્યાં મળે ? હવે મારે સંસાર હરામ છે." આવું તેનું બોલવું સાંભળીને તેમના સંબંધીઓએ વિચાર્યું કે, "આ વિષ્ણુદત્ત પુત્રનો વિયોગ ભૂલશે નહિ તો નિશ્ચે પ્રાણનો ત્યાગ કરશે. હવે શું કરવું ?"

ત્યારે ગામના લોકોએ સ્વરૂપાનંદસ્વામી સામે અંગૂલી નિર્દેશ કરતાં તેમના સંબંધીઓને કહ્યું કે, "તે સિદ્ધયોગી મહા સમર્થ સંત છે. વિષ્ણુદત્તને મોતના મુખમાંથી ઊગારવો હોય તો હવે તત્કાળ તે સંત પાસે લઈ જાઓ." તેથી તેના સંબંધીઓ વિષ્ણુદત્તને કહે, "આપણા ગામની ધર્મશાળામાં 'સ્વરૂપાનંદ' નામે મહાન સંત આવ્યા છે. તું તેને શરણે થા તો તારું કામ થશે."

ત્યારે વિષ્ણુદત્ત કહે, "એ મારા દીકરાને જીવતો કરી દેશે ? તો હું ત્યાં જાઉં." સંબંધીઓ કહે, "હરિઇચ્છા હશે તો પુત્ર જીવતો થશે, નહિ તો સમર્થ સંત છે, જ્ઞાન દેશે, શાંતિ આપશે, આશીર્વાદ આપશે, તું સુખી થઈશ." ત્યારે તે કહે, "મારે શાંતિ કે જ્ઞાન જો'તું નથી. મારે

તો મારો દીકરો જોઈએ.” છતાં સંબંધીઓ તથા ગામજનોએ તેને જેમ તેમ કરી સમજાવ્યો. પછી તત્કાળ તેમના સંબંધીઓ મહાસમર્થ એવા સ્વરૂપાનંદસ્વામી પાસે ધર્મશાળામાં તેને લાવ્યા. સંબંધીઓએ પુત્રના મૃત્યુની અને વિષ્ણુદત્તની સ્થિતિની વાત કરી.

સ્વામી તઓની વાત સાંભળી કહેવા લાગ્યા કે, “હે વિપ્ર ! આમ કલ્પાંત ન કરાય. આ લોકમાં દરેક જન્મેલા માટે મૃત્યુ અનિવાર્ય છે. સગા-સંબંધી નાશવંત છે. દેહ ક્ષણભંગુર છે. અનેક પ્રકારના રોગનું ઘર છે. કાળનો કોળિયો છે. જેમ માટીના ઘડાને સહેજ ઠોકર લાગતા તૂટી જાય, તેમ કાળના એક ઝપાટે દેહ નાશ પામે છે.

આ સંસારમાં કોઈ કોઈનું સગું નથી. કોઈ વસ્તુ સત્ય નથી. અસત્યનો શોક કરવાથી શું મળે ? અને શાશ્વત એવા આત્મા અને પરમાત્માનો શોક કરવાનો હોય નહિ; માટે સમજી જા. નાશવંત દેહનો અવિનાશી આત્માએ શોક કરવો તે અજ્ઞાનીનું કામ છે. આત્મા મરતો નથી, દેહ જીવતો નથી, આવું સમજી જ્ઞાની માણસોએ શોકનો ત્યાગ કરવો જોઈએ.

હે વિષ્ણુદત્ત ! આ લોકના બધા મેળાપ સહુને માટે બે ઘડીના જ હોય છે. જેમ સાંજે પંખીઓ ઝાડ ઉપર ભેળા થાય અને સવારે ઊડી જાય છે, વળી જેમ નદીના વહેતા પ્રવાહમાં એક તરણું, બે તરણા, પાંચ તરણાં આમ ઓવાળનો લૂમખો થાય અને પાણીના એક મોજાના ઝપાટે વિખાઈ જાય છે; તેમ આ જગતમાં માતા, પિતા, પુત્ર, પુત્રી, કુટુંબ બધું ભેળું થાય અને કાળના એક ઝપાટે વિખાઈ જાય છે. અહીં બધું અસ્થિર છે. આવા અસ્થિરને નાશવંત લોકમાં પુત્રને જીવતો રાખવાની ઈચ્છાથી શા માટે શોક કરવો જોઈએ ?

આ બ્રહ્માંડમાં જન્મેલો અત્યાર સુધી કોઈ અમર રહ્યો નથી; તું પણ એક દિવસ મરી જવાનો છો, માટે શોક છોડી દે, દિલ હરિમાં

જોડી દે. તું તારું કર્તવ્ય સંભાળ્ય. દેહ જન્મ્યો છે, માટે તેનું મોત અનિવાર્ય છે. આત્મા જન્મ્યો જ નથી, એ તો આદિ અનાદિનો સત્ય છે. જેમ ભગવાન અનાદિ છે તેમ જીવ પણ અનાદિનો છે. માટે આવા આત્માને મા, બાપ, નાત, જાત, દેશ, ગામ કે પુત્રાદિક કશું જ નથી.”

ચોપાઈ : **આતમાને કોણ માત તાત, આતમાને કોણ નાત્ય જાત;**
કુળ કુટુંબ જે પરિવાર, આતમાને નહિ સુત નાર.
આતમાને નહિ આપ પર, શત્રુ મિત્ર ને નહિ અવર;
આતમાને નહિ ધરા ધામ, આતમાને નહિ દેશ ગામ.
આતમાને નહિ ધન માલ, અશન વસન ભૂષણ રસાલ;
માટે આતમા આપે મનાય, ત્યારે સર્વેથી નિઃસ્નેહ થાય.
જ્યારે મનાય આતમા આપ, ત્યારે જાય સર્વે સંતાપ.
(ભ.ચિં.૧૦૯)

શ્રીહરિ પણ વચ.ગ.પ્ર.૪૪માં આ વાત ઉપર પ્રકાશ પાડતા કહે છે કે, “આ જીવને વિપરીત ભાવના થઈ છે જે, ‘પોતાને દેહથી પૃથક્ જે જીવાત્મા તે રૂપે નથી માનતો ને દેહરૂપે માને છે.’ અને એ જીવાત્માને વિશે દેહ તો કેવી રીતે વળગ્યો છે ? તો જેમ કોઈક પુરુષ હોય તેણે દરજીને ઘેર જઈને ડગલો સિવાડીને પહેર્યો, ત્યારે તે એમ માને જે, ‘દરજી તે મારો બાપ છે ને દરજણ તે મારી મા છે’, એમ જે માને તે મૂર્ખ કહેવાય; તેમ આ જીવને આ દેહરૂપ જે ડગલો તે ક્યારેક તો બ્રાહ્મણ ને બ્રાહ્મણી થકી ઉત્પન્ન થાય છે અને ક્યારેક તો નીચ જાતિમાંથી ઉત્પન્ન થાય છે. તથા ચોરાશી લાખ જાતિ થકી દેહ ઉત્પન્ન થાય છે. તે દેહને વિશે પોતાપણું માને અને તે દેહનાં મા-બાપને પોતાનાં મા-બાપ માને તે મૂર્ખ કહેવાય. અને તેને પશુ જેવો જાણવો. અને ચોરાશી લાખ જાતમાં જે પોતાની મા-બોન, દીકરીઓ અને સ્ત્રીઓ છે તે પતિવ્રતાનો ધર્મ એકે પાળતી નથી. માટે જે એવા સગપણને સાચું માને છે તેને અહં-મમત્વના ઘાટ કેમ ટળશે ? અને

આવી રીતની સમજણ વિના જન્મભૂમિની જે દેશવાસના તે ટળવી ઘણી કઠણ છે. અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે"

સ્વામી કહે છે, "વિષ્ણુદત્ત ! તું આત્મા છો અને તારામાં અખંડ પરમાત્મા બિરાજે છે. તે પહેલાં હતા, અત્યારે છે અને કાયમ રહેશે. માટે એનું ધ્યાન કર. અખંડ શ્રીહરિને સંભાર. દેહનો અને પુત્રનો આધાર છોડી દે. પરમાત્માને આધારે જીવવા માંડ. નાશવંતનો આશરો અનંત દુઃખ દેશે. શાશ્વત શ્રીહરિનો આશરો તને સુખથી છલકાવી દેશે. એકવાર તું ભગવાનનો આશરો લે, ભગવાનના ધ્યાન-ભજનમાં ડૂબ. પછી તને એવું લાગશે કે, 'હું અજર છું, અમર છું, આનંદનો મહાસાગર છું."

આવો સ્વામીએ ઘણો ઉપદેશ દીધો છતાં તેનો શોક નાશ ન પામ્યો. તેથી વિષ્ણુદત્તે સ્વામીને પ્રાર્થના કરી, "હે દયાળુ ! કૃપા કરો; મારો વંશ રહે એવી દયા કરો."

જીવને ગજબનો મોહ થયો છે. જ્યાં સુધી મોટા સંતને સેવીને સાચું જ્ઞાન મેળવ્યું ન હોય ત્યાં સુધી સાધુ હોય કે ગૃહસ્થ; સહુને આવો મોહ રહે છે. ઘણાને દીકરા ન હોય તેની મનમાં મૂંઝવણ રહે છે કે, 'મર્યા પછી અમારું શ્રાદ્ધ કોણ કરશે ?' ભક્ત થયા પછી પણ આવું રહે એ જ મોટું અજ્ઞાન છે, મૂર્ખતા છે. આવાં આખ્યાનો સાંભળી ભગવાન કૃપા કરે તો સાચું જ્ઞાન થાય. શ્રીહરિ અને સંતની કૃપા વિના જીવનું અધૂરું પૂરું કોઈ કરી શકે તેમ નથી.

વળી, જીવનમાં અગવડતા કે દુઃખો પડ્યા સિવાય સાચું સમજાતું નથી. કઠણ કસોટીના કાળમાં જ સાચા ભક્તનું નિર્માણ થાય છે. અનેક પ્રકારની સુખ સગવડતામાં સાચા સંત-ભક્તનું નિર્માણ થતું નથી. છતાં આ દુનિયામાં જેટલા મોટા પુરુષો થયા છે તેમણે બહુ વિશાળ દિલ રાખીને જીવના ભલા માટે દૈહિક સુખ-સગવડતાઓ ઘણી આપી છે.

અનંત જીવોનું કલ્યાણ કરવાની શ્રીહરિ અને સંતના દિલમાં ભાવના છે, તેથી સામાન્ય જીવો ઉપર પણ તેઓ કૃપા વરસાવે છે. અને તેમનું જેમ ભલું થાય તેમ કરે છે.

સ્વરૂપાનંદસ્વામીની વાત જ્યારે વિષ્ણુદત્ત ન સમજ્યો અને પુત્ર મોહની ઇચ્છા રાખી ત્યારે દરિયા જેવા દિલના આ સંતે અંતરમાં શ્રીહરિનું ધ્યાન ધર્યું. પછી કહ્યું, "તમે ચિંતા ન કરો. તમારો દીકરો મર્યો નથી. ઘેર જાઓ. સ્વામિનારાયણ મંત્રની ધૂન કરો. આ મંત્ર સાંભળતા જ તમારો પુત્ર બેઠો થશે." વિષ્ણુદત્ત કહે, "શું ખરેખર બેઠો થશે ?" ત્યારે ગામના લોકો કહે, "ભૂદેવ ! સાધુના વચનમાં વિશ્વાસ રાખો. સંતનાં વચને અશક્યનું શક્ય થાય, નિર્ધન ધનવાન બને, રંક હોય તે રાજા થાય, રોગી હોય તે નિરોગી થાય અને મડદાં પણ બેઠાં થાય. માટે વિશ્વાસ રાખો."

પછી સ્વામીનાં વચનમાં વિશ્વાસ લાવી વિષ્ણુદત્ત બ્રાહ્મણ તથા તેના સહુ સંબંધીઓ ઘેર ગયા. પુત્ર પાસે જઈને થોડીવાર સ્વામિનારાયણ મહામંત્રની ધૂન બોલ્યા. અને જે ઘટના ઘટી તે વાત આધારાનંદસ્વામી શ્રીહ.ચ.સા.૭/૩૩માં નોંધે છે,

चोपाई : स्वरूपानंद मुनि रहे जेहा, श्रीहरि के प्रताप कर तेहा ।
विप्र के सुत कु देह में लाये, विप्र कु आश्चर्य देख आये ।।

જેમ શ્રીકૃષ્ણ ભગવાને સાંદીપની ઋષિનો પુત્ર લાવી આપ્યો, તેમ સ્વરૂપાનંદસ્વામી તેના યુવાન પુત્રને પાછો દેહમાં લઈ આવ્યા તેથી તે આળસ મરડીને બેઠો થયો. એ તો ભગવાન હતા અને આ સ્વામિનારાયણ ભગવાનના સંત છે. પૂર્વે અવતારોએ જે કામ કર્યું તે કામ શ્રીજીમહારાજે પોતાના સંત દ્વારા કરાવ્યું છે. આ કાંઈ નાની સુની વાત નથી. સ્વામિનારાયણ ભગવાનના સંત એટલે કાળને થપાટ મારીને પાછા વાળી દે, મડદાંને બેઠાં કરે.

દુનિયાના લોકો એમ કહે છે કે, ‘વિધિના લેખ ઉપર કોઈ મેખ મારી શકે નહીં. વિધાતાના લેખ મિથ્યા થાય નહીં.’ પરંતુ શ્રીહરિના સાધુઓએ અનેક જગ્યાએ વિધાતાના લેખ ઉપર મેખ મારી છે. કંઈકનાં આયુષ્ય ખૂટ્યાં હોય છતાં તેની આવરદા વધારી દીધી છે. જેના સંતમાં અવતારો જેવી સામર્થી હોય, તો તે જેને ઈષ્ટદેવ માને છે એવા સ્વામિનારાયણ ભગવાન કેટલા મહાન હશે..?! કેવા સમર્થ અને સર્વોપરી હશે..?! તે વિચારજો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં ‘સ્વામીએ ધારાસરમાં બ્રાહ્મણના બાળકને જીવતો કર્યો’ એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

સ્વરૂપાનંદસ્વામીની નિર્બંધતા અને વરસાદ

સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. તેમના સંત સર્વોપરી છે. અને તેમનો મહામંત્ર પણ સર્વોપરી છે. આ સ્વામિનારાયણ મહામંત્રના પ્રતાપે અનેક કામો થયા છે. કોઈ શ્રદ્ધાથી આ મંત્રનો જાપ કરે તો મડદાં બેઠાં થાય. કાળા નાગનું ઝેર ઊતરી જાય. ગમે તેવી વાસના હોય તોપણ બળી જાય. કારણ શરીરના ચૂરેચૂરા થઈ જાય. જીવ બ્રહ્મરૂપ થઈ જાય અને સાક્ષાત્ ભગવાનનો ભેટો કરાવી દે. એવો આ મહા બળિયો મંત્ર છે. આ મંત્રના પ્રતાપે તો સ્વામીએ નરકનાં કુંડ ખાલી કર્યાં હતાં. માટે હાલતાં, ચાલતાં, ખાતાં, પીતાં અખંડ હરિસ્મરણ કરો. આ મહામંત્રનો જાપ આપણા ત્રિવિધ તાપ ટાળી દેશે. હૈયાને સુખ, શાંતિ અને આનંદથી ભરી દેશે. માટે...

રૂડું સ્વામિનારાયણ નામ, નિત્ય સંભારીએ રે;
વળી કરતાં ઘરનું કામ, ઘડી ન વિસારીએ રે...ટેક.
સ્મરણ કરતા સુખ જ થાશે, ફોગટનો ફેરો ટળી જાશે;
મૂળજી કહે મહારાજ, અમને તારીએ રે...રૂડું૦

શ્રીહરિનો, સંતોનો, સત્સંગનો અને મહામંત્રનો આવો પ્રતાપ છે. પણ જીવને કથા-વાર્તાનો ઝાઝો યોગ નહિ, વળી અજ્ઞાની અને કુસંગીનો યોગ અખંડ રહે તેથી જેમ છે તેમ સમજાતું નથી. પરંતુ આ વાત જો જીવમાં ઉતરી જાય તો જીવ આખો બદલાઈ જાય. આત્મા અક્ષરધામ બની જાય. જીવ શિવરૂપ થઈ જાય. ખદ્યોત જેવા અલ્પ પ્રકાશવાળો આત્મા સૂર્ય જેવો કે મહાપ્રલયના અગ્નિ જેવો તેજસ્વી બની જાય. સ્વામિનારાયણ ભગવાનની ઉપાસનાના બળે તો અનેક જીવો સિદ્ધ, સર્વજ્ઞ, દેવો, ઈશ્વરો કે એથી પણ મોટા થયા છે. શ્રીહરિની સર્વોપરી ઉપાસના અને તેમના સાચા સાધુનો સમાગમ તો જીવના કંઈક જન્મનાં કાળ-કર્મનાં બંધનો તોડી નાખે અને અનાદિ મુક્તની પદવી આપે એવો આ સત્સંગનો પ્રતાપ છે.

સ્વરૂપાનંદસ્વામીના વચનમાં વિશ્વાસ રાખી થોડીવાર સ્વામિનારાયણ મહામંત્રની ધૂન કરી ત્યાં બ્રાહ્મણનો પુત્ર આળસ મરડીને બેઠો થયો. આ વાત વાયુ વેગે આખા ગામમાં ફેલાઈ ગઈ. રાજાને પણ જાણ થઈ કે, 'સાધુએ મડદું બેઠું કર્યું.' રાજા કહે, "યે નહીં હો શકતા." દિવાનોએ કહ્યું, "હો ચૂકા હૈ. જો નિગાહોસે દેખા હૈ, વો કહતે હૈ." ત્યારે રાજા કહે, "તબ તો બહુત બડી બાત હૈ. સંત બડે પ્રતાપી હૈ."

ત્યારે દીવાનોએ કહ્યું, "હા, તે સંત મહા સમર્થ છે, સિદ્ધયોગી છે, ગામના હજારો લોકો તેમની સેવા-સમાગમ કરે છે. અને કૃતાર્થતા અનુભવે છે. આવા સંત તો આપણા રાજ્યની શોભારૂપ છે. માટે આપણે તેને રાજ્યાશ્રય આપવો જોઈએ. તમારે તેમને ગુરુ માનવા જોઈએ અને આંહીં જ રાખવા જોઈએ." તેથી રાજાને એ વાત ગમી ગઈ. અને સહુએ મળીને સ્વરૂપાનંદસ્વામીને ત્યાં જ રોકી રાખવાનું નક્કી કર્યું. *(સંદર્ભ : હ.લી.ક.૭/૪૯-૫૦)*

પ્રધાનોની વાત સાંભળી રાજા પણ તરત તૈયાર થઈ ગયા. કેમ

જે, રાજકાજમાં તો આવાં અનેક પ્રકારનાં દુઃખ આવતા હોય છે. તેથી આવા સંત રોકાઈ જાય તો કો'કનો દીકરો જીવતો કરવામાં તો કોઈનો વ્યવહાર સારો કરવામાં કામ લાગે. વળી, કોઈ ગાંડો હોય તો સાજો કરવામાં, વળી કોઈનો ધંધો ન ચાલતો હોય તો ત્યાં પણ તેનો ઉપયોગ કરાય. આમ, સ્વાર્થી લોકો તો હંમેશાં સંતનો દુરુપયોગ જ કરતા હોય છે.

આ વાતની સ્વામીને જાણ થઈ કે બ્રાહ્મણના છોકરાને જીવતો કર્યો તેથી રાજા આપણને અહીં રોકવાના છે. તેથી સ્વામીએ જાણ્યું જે, 'બ્રાહ્મણનો દીકરો તો હરિઈચ્છાથી બેઠો થયો છે, અને જો રાજા અહીં રોકશે તો આ રાજા અને લોકો અમારો સંતોનો ખોટો દુરુપયોગ કરશે. અને મારા મહારાજને પણ આ નહીં ગમે.' તેથી વહેલી સવારે ઊઠીને સ્વામી ત્યાંથી ચાલી નીકળ્યા. જ્યાં સ્વાર્થી, મતલબી અને ખોટા માણસો ઝાઝા હોય ત્યાંથી ભાગી જવામાં જ મજા છે. અને સ્વરૂપાનંદસ્વામી તો શ્રીહરિમાં બંધાયેલા હતા. તેને આવા રાજ્યનું તુચ્છ બંધન શું કરી શકે ? અરે..!! આ લોકનું રાજ્ય શું..? અનંતકોટિ બ્રહ્માંડનું રાજ્ય મળે તોપણ ગંધાતી ગટરની જેમ છોડીને ચાલી નીકળે; એવા આ વિરલ પરમહંસ છે.

સવારમાં રાજાને ખબર પડી કે, 'હું જેને ગુરુ માનવાનો હતો તે તો વહેલી સવારે ચાલી નીકળ્યા છે.' તેથી રાજાએ સવારમાં દશેય દિશામાં પચાસ-પચાસ, સાંઈઠ-સાંઈઠ ઘોડાસ્વારોને તપાસ કરવા મોકલ્યા. રાજાની આજ્ઞાથી સવારોએ ચારે બાજુ દસ-દસ ગાઉ સુધી તપાસ કરી. એક દિશામાં ગયેલા ઘોડેસ્વારો સંતની નજીક પહોંચવા આવ્યા. શ્રીહરિને થયું આ સ્વારો જો આંબી જશે તો મારા સંતને હેરાન કરશે. તેથી સ્વરૂપાનંદસ્વામીની સાચી સ્વરૂપનિષ્ઠા અને ભક્તિરૂપી દોરીએ બંધાયેલા શ્રીહરિએ ત્યાં અચાનક વાવાઝોડું કર્યું. ધોધમાર

વરસાદ વરસ્યો. સંતો આગળ નીકળી ગયા. પરંતુ સ્વારો આગળ વધી શક્યા નહીં. તેથી સહુ પાછા આવ્યા. અને રાજાને કહે, 'એ સંતો કાંઈક અદશ્ય થઈ ગયા. આમ, બીજી-ત્રીજી વાતો કરી. પરંતુ શ્રીહરિના સાચા સંતમાં તો સ્વામિનારાયણ ભગવાન પ્રગટ રહ્યા છે. તેથી જ તેનાં વચને મડદાં બેઠાં થાય છે, વહાલો વરસાદ કરે છે અને રાજપાટ કે અનંત પ્રકારનાં સન્માન મળતા હોય, ત્યાંથી પણ તે નિર્બંધ થકા ચાલી નીકળે છે.

દોહા : **સાચા સંત મહાન છે, બંધાય નહિ તે ક્યાંય;**
રાજ્ય સત્તા કે સ્ત્રી ધનમાં, હરિ બળે ના અટવાય...૫૬
એવા સંતને શ્રીહરિ, સદાય કરે છે સહાય;
પોતાના જાણી રક્ષા કરે, તેથી બંધન ન થાય...૫૭

સ્વામિનારાયણ ભગવાન અતિ દયાળુ છે, તેથી પોતાના વહાલા સંતને ક્યાંય બંધાવા દેતા નથી; બહુ રક્ષા કરે છે. અને નિર્બંધપણે એક જિંદગી જીવી નાખવી એ જ ખરી મર્દાનગી છે. જે સંત નિર્બંધ થકો ફરે, અખંડ શ્રીહરિનું ધ્યાન ધરે તેના દ્વારા ભગવાન કરોડો જીવોનાં કલ્યાણ કરે. શ્રીહરિ એવા સંતની સાથે પળેપળ રહે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની નિર્બંધતા અને શ્રીહરિએ વરસાદ કર્યો' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

જગન્નાથપુરીમાં સ્વામી તથા પ્રતાપસિંહનું મિલન

સ્વામી ધારાસર ગામથી ફરતાં ફરતાં જગન્નાથપુરી પહોંચ્યા. જગન્નાથજીનાં દર્શન કર્યાં. ભારત દેશનાં ચાર ધામો પૈકીનું તે એક મહાન યાત્રાધામ છે. સ્વામી ત્યાં ઈન્દ્રદ્યુમ્ન સરોવરને કીનારે સ્નાન કરી એક સાદડી પાથરી બેસે. જે કોઈ મુમુક્ષુ આવે તેને સદુપદેશ

આપે. નિત્ય એકવાર મંદિરમાં દર્શન કરે અને અખંડ હરિભજન તથા સત્સંગમાં તલ્લીન રહેતા. આવા સમયમાં પ્રતાપસિંહ નામે ગુજરાતના મુમુક્ષુ રાજા ત્યાં તીર્થ કરવા આવેલા હતા. તે હરિઈચ્છાથી ભેગા થયા. સ્વરૂપાનંદસ્વામીની સાધુતા, સૌમ્ય વેશ, નિર્મળ વાણી, શુદ્ધ વર્તન અને પ્રૌઢ પ્રતાપ દેખીને રાજાએ પ્રશ્ન પૂછ્યો કે, "મારે પ્રગટ ભગવાનની જરૂર છે. મને પ્રગટ ભગવાન મળે એવો કોઈક ઉપાય બતાવો તો હું તે પ્રમાણે કરું." આ વાત આધારાનંદસ્વામી હ.ચ.સા.૧૫/૩૪માં વર્ણવતા કહે છે કે,

दोहा : **प्रगट मिले विन जिय में, शांति न होत लगार ॥**
जगन्नाथ लग आये हम, शांति न भये तिलभार ॥१३॥

'પ્રગટ ભગવાન મળ્યા વિના હું અહીં જગન્નાથપુરી સુધી આવ્યો. પરંતુ મારા દિલમાં લગાર પણ શાંતિ થઈ નથી.' વાત સાચી છે. 'જલેબી જલેબી' બોલે પેટ ન ભરાય. એ તો મોઢામાં જલેબીના ઘૂંચળાં આવે ત્યારે પેટ ઠરે. 'સાકર સાકર' આખો દિ' કહીએ સ્વાદ ન આવે. એ તો એક જ ગાંગડો મોઢામાં મૂકીએ તો સુખ થાય. તેમ જે સાચા મુમુક્ષુ હોય તેને ક્યારેય પ્રગટ ભગવાન કે પ્રગટ સંત મળ્યા વિના શાંતિ થતી નથી. પ્રગટ ભગવાન મળે ત્યારે જ તેના હૈયામાં આનંદ થાય છે.

રાજા સ્વામીને કહે, "પ્રગટ પ્રભુની પ્રાપ્તિ માટે હું દ્વારકામાં પણ જઈ આવ્યો. ઘણા માસ ત્યાં રહ્યો, પણ શાંતિ થઈ નહીં. પછી હું ગોકુળ, મથુરા અને વૃંદાવનમાં ગયો. ત્યાં પણ ઘણો સમય રહ્યો. છતાં મને મનમાં કાંઈ જ શાંતિ નથી થઈ. પછી હું ત્યાંથી અયોધ્યાપુરીમાં આવ્યો. ત્યાં પણ મને પ્રગટ ભગવાનનાં દર્શન ન થયાં. તેથી હું ત્યાંથી ચાલ્યો તે બદરિનાથના મંદિરમાં આવ્યો. તે તીર્થનું સેવન કર્યું છતાં પ્રગટ ભગવાનનાં દર્શન થયાં નહીં.

પછી ત્યાંથી પુલહાશ્રમ ગયો. ત્યાં પણ ઉત્સાહ સાથે કેટલાક મહિના રહ્યો. પરંતુ ત્યાં પણ પ્રગટ ભગવાનનાં દર્શન ન થયાં. મારા મનમાં પ્રગટ પ્રભુનાં દર્શનની ઘણી ઈચ્છા હતી. તેથી કાશી, પ્રયાગ અને કપિલાશ્રમ જેવાં તીર્થોમાં પણ હું ઘણા દિવસ રહ્યો. પ્રગટ ભગવાન મેળવી આપે એવા કોઈ જોગી પણ મળ્યા નહીં. પછી અહીં જગન્નાથપુરીમાં આવ્યો. અહીંયાં પણ મને પ્રગટ પ્રભુનાં દર્શન ન થયાં તેથી મનમાં અતિ અકળામણ થઈ. પછી હૃદયમાં જગન્નાથ ભગવાનને ધારીને મેં બહુ પ્રાર્થના કરી. ત્યારે હરિકૃપાથી સ્વામી આજે તમારાં દર્શન થયાં. આપનાં દર્શનથી મારા અંતરમાં અપાર શાંતિ થઈ છે, હૈયું ટાઢું થયું છે. અને આપનાં મિલનથી મને તીર્થફળમાં શ્રદ્ધા થઈ છે. તમે તો તીર્થના ફળરૂપ છો, તીર્થનું પણ તીર્થ છો. મેં ઘણો કાળ તીર્થ સેવન કર્યું તેના પ્રતાપથી આપ જેવા સંત મળ્યા છો. તેથી હવે હું મૂર્તિમાન તીર્થનું ફળ મળ્યું એમ સમજુ છું.

ઉપજાતિ : **તીર્થે જવું સદ્‌ગુરુ ગોતવાને, તીર્થે જવું તે પ્રભુ પામવાને;**
ત્યાં મોજ કે શોખ કરે જઈને, તે આવશે પાપ પુરું લઈને.
તીર્થે જઈને નહિ જ્ઞાન પામ્યો, તેણે બધો કાળ વૃથા જ વામ્યો;
પ્રભુતણું જ્ઞાન તહાં પમાય, ત્યારે જ જાત્રા પરિપૂર્ણ થાય.
(હ.લી.ક. ૧/૧૯)

તીર્થમાં જઈ ખાલી દેવદર્શન કે નદી-સરોવરમાં ધૂબકા માર્યે કાંઈ ન વળે. પરંતુ તીર્થોને પણ તીર્થત્વ દેનારા એવા સાચા સંત મળે, તેની શુદ્ધ ભાવથી સેવા કરીએ, ત્યારે વાસના બળે. તીર્થયાત્રાનું ફળ તીર્થમાં રહેતા સાચા સંત છે. મોટાં તીર્થધામોનું પણ તીર્થ આવા સંતો છે. તીર્થધામોથી સંત થતા નથી, પરંતુ સંત દ્વારા તીર્થો રચાય છે.

ગોપાળાનંદસ્વામી ૧૪૩મી વાતમાં કહે છે કે, **"સત્પુરુષ જે દેવને પધરાવે છે ત્યારે તે દેવમાં દૈવત આવે છે. તથા શાસ્ત્ર ને સાધુપણું તથા તીર્થ તે એ સત્પુરુષનું કર્યું થાય છે, પણ એ ચારે કરીને**

સાધુ નથી થાતા." વીરપુરમાં જલારામ બાપા થયા; સતાધારમાં આપા ગીગા થયા; પરબની જગ્યામાં સંત દેવીદાસ અને સતી અમરબાઈ થયા; નડિયાદમાં સંતરામ મહારાજ થયા તો તે મોટાં તીર્થો કહેવાયાં. અત્યારે લાખો લોકો ત્યાં દર્શને જાય છે ને સુખિયા થાય છે. આમ, ભગવાનના ધારક સંત જ્યાં રહેતા હોય અને અખંડ ભજન-ભક્તિ, સેવા-સત્સંગ કરતા હોય તે સ્થળો આજે મોટાં તીર્થો ગણાય છે. એવા સંતનાં પગલે પગલે તીર્થ જન્મે છે.

તીર્થો બે પ્રકારનાં છે : (૧) સ્થાવર અને (૨) જંગમ. જે કાયમ માટે સ્થિર રહે છે તે મોટાં યાત્રાધામોને સ્થાવર તીર્થ કહેવાય. અને **પ્રગટ મોટા પુરુષો એ જંગમ તીર્થ છે. આ જંગમ તીર્થ ચેતનવંતા તીર્થ કહેવાય.** સ્થાવર તીર્થોની અમુક મર્યાદા હોય છે. તે જીવનાં પાપ ધોવે છે; શ્રદ્ધા હોય તો અમુક કામ કરી આપે છે, પરંતુ જીવનું આમુલ પરિવર્તન સ્થાવર તીર્થ ન કરી શકે. એ તો **પ્રગટ સંતરૂપી જંગમ તીર્થ જ જીવને બદલી શકે, નિર્વ્યસની અને નિર્વાસનિક કરી શકે.** સ્થાવર તીર્થો વ્યક્તિના સંશયો નાશ ન કરે, પ્રારબ્ધ બદલી ન શકે. જ્યારે પ્રગટ સંતરૂપી જંગમ તીર્થો અનેકના સંશયો દૂર કરે, પ્રારબ્ધ બદલી નાખે. આત્માને પરમાત્માનો ભેટો કરાવી આપે. એટલી સંતરૂપી તીર્થની વિશેષતા છે. પરંતુ ઘણા માણસોને આનો ભેદ હોતો નથી. **સંત તો પ્રભુની પ્રતીતિનું જીવતું જાગતું સ્વરૂપ છે. એટલે શ્રીહરિએ વચનામૃતમાં સંતને મોક્ષનું દ્વાર કહ્યું છે, ભાગવત્ ધર્મના પોષક કહ્યા છે. છતાં જેને પ્રગટ મોટા સંતરૂપી જંગમ તીર્થનો મહિમા ન હોય તેવા લોકો સ્થાવર તીર્થમાં દોડે છે.** સત્સંગની મા મુક્તાનંદસ્વામી આવા લોકો માટે કહે છે,

કાશી કેદાર કે દ્વારકા દોડે, જોગની જુક્તિ ન જાણી રે;
ફેરા ફરીને પાછો ઘરનો ઘરમાં, ગોધો જોડાણો જેમ ઘાણી રે.

જેમ ઘાણીનો બળદ આખો દિ' ફરે છતાં તેનો પંથ કપાતો નથી. તેમ જે પ્રગટ સંતરૂપી તીર્થના રહસ્યને સમજતો નથી તે આખી જિંદગી યાત્રા કરે છતાં નિર્વ્યસની કે નિર્વાસનિક થઈ શકતો નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'જગન્નાથપુરીમાં સ્વામી તથા પ્રતાપસિંહ રાજાનું મિલન થયું' એ નામે ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

સત્પુરુષ વિના રહસ્ય સમજાતું નથી

चोपाई :

तीर्थ धातु आदिक मूर्ति ताकी, मुख से न बोले रीत हे वाकी ॥
बोले विन अंतर शांति कबही, मुमुक्षु कु न होवत सबही ॥२३॥
वेद पुराण कहावत जेते, तम जेसे संत मिले बिन तेते ॥
रहस्य हे तिमि कबु न देख आवे, सिद्धांत के ग्रंथ अपार पढावे ॥२४॥

પ્રતાપસિંહ રાજા કહે છે કે, "સ્વામી ! આપ તો તીર્થનાં ફળ સ્વરૂપ છો. તીર્થમાં રહેલી ભગવાનની પ્રતિમા મુખથી બોલે નહિ, એવી તેમની રીત છે. અને જ્યાં સુધી પ્રતિમા ન બોલે ત્યાં સુધી મુમુક્ષુના અંતરમાં ક્યારેય શાંતિ થાતી નથી.૨૩. વેદ અને પુરાણના રહસ્યો આપ જેવા સંત મળ્યા વિના ક્યારેય સમજાતા નથી. કોઈ મુમુક્ષુ પોતાની રીતે અપાર સિદ્ધાંતના ગ્રંથો ભણે છતાં પણ તેનું રહસ્ય તેને ક્યારેય પકડાતું નથી. શાસ્ત્રનું રહસ્ય તો તમારા જેવા સંતથી જાણવા મળે છે.૨૪."

તીર્થ બોલવું જોઈએ. જ્યારે તીર્થ બોલે ત્યારે મુમુક્ષુના હૃદયમાં શાંતિ થાય છે. પેલા તીર્થ બોલતા નથી, જ્યારે સંતરૂપી તીર્થ બોલે છે. એટલે જ આપણા સંતોએ કહ્યું છે કે,

અડસઠ તીર્થ સંતને ચરણે, ગંગા યમના રેવા રે;
આનંદ મંગલ કરું આરતી, હરિગુરુસંતની સેવા રે.

અહંકારી, આડોડ તથા મનધાર્યું કરવાના સ્વભાવવાળા વ્યક્તિને સત્પુરુષરૂપી તીર્થ ફાવતું નથી. કેમ જે, સાધુ તો તેની વાસના ને સ્વભાવને તોડે છે. એટલે અહંકારી વ્યક્તિ સત્પુરુષથી છેટો થઈ જાય છે. પ્રતાપસિંહ ખરા મુમુક્ષુ છે. તેથી તે સ્વરૂપાનંદસ્વામીને ઓળખી ગયા.

दोहा : **सत्पुरुष के द्वार से, मोक्ष की जितनी बात ।।**
समज में आत प्रगट ही, संशय न लेश रहात ।।२५।।

तीर्थ वेद पुरान में, प्रगट भगवान रहेउ ।।
सत्पुरुष के द्वार बिन, कबु न देख आवे तेउ ।।२६।।

મોક્ષની જેટલી વાત છે તે સર્વે સત્પુરુષ દ્વારા જ સાક્ષાત્ સમજાય છે. પછી તેમાં લેશમાત્ર પણ સંશય રહેતો નથી. માણસ પ્રગટ સત્પુરુષ વિના મોક્ષની કોઈ રીત સમજી શકતો નથી. કોઈ જીવ જીવે ત્યાં સુધી તીર્થયાત્રા કરે, આખી જીંદગી વેદ-પુરાણાદિકનો અભ્યાસ કરે, મોટા મોટા યજ્ઞ કરે પરંતુ સત્પુરુષ મળ્યા વિના કોઈ પ્રગટ ભગવાનને પામી શકતું નથી. વેદોમાં, પુરાણોમાં, તીર્થોમાં, યજ્ઞમાં ભગવાન રહ્યા છે પરંતુ તે સત્પુરુષ વિના બીજા કોઈના દેખવામાં ક્યારેય આવતા નથી. ભગવાનને જોવા હોય તો તે સત્પુરુષ દ્વારા જ દેખાય છે, પમાય છે.

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, **'સંતો જ ભગવાનને પામવાનો દરવાજો છે. જેમ દિવાલમાં માથું ભટકાડો તો બહાર નીકળાય નહીં. બહાર નીકળવું હોય તો દરવાજે જ જવું પડે. તેમ પ્રગટ પ્રભુને પામવું હોય, સાચા જ્ઞાનને પામવું હોય તો પ્રગટ સત્પુરુષરૂપી દરવાજે જવું અનિવાર્ય છે.'**

મોટા સંત વઢે, ટોકે, અપમાન કરે છતાં નિઃસ્વાર્થ સંતની સેવાથી જ બેડો પાર થાય છે. જે સ્વાર્થી કે મતલબી હોય તે આપણા ખોટા

વખાણ કરી ચાવી ચડાવે છે. જે પામર ને વિષયી હોય તેને તે સારું લાગે. મુમુક્ષુને તેનાથી શાંતિ થાય નહીં. માટે આત્માનું કલ્યાણ કરવું હોય, છતાં દેહે ભગવાનનો સાક્ષાત્ અનુભવ કરવો હોય તો પ્રગટ સંતને ઓળખો, સમર્પિત થાવ અને શ્રદ્ધાથી સેવો. પોતાની મેળે કોઈ વ્યક્તિ વેદ-પુરાણાદિકનો આખી જિંદગી અભ્યાસ કરે; મોટો શાસ્ત્રી, પુરાણી પંડિત કે આચાર્ય થાય અથવા આખી જિંદગી યજ્ઞાદિક કરે, છતાં મેળ ખાય તેમ નથી. પ્રગટ સંતની રીત ન્યારી છે.

सोरठा : प्रगट की जैसी रीत, सत्पुरुष बिन जन कोउ ।
जानत नहि खचित, मुनि तुम मिले जाने तब ।।

પરંતુ આ પ્રગટની વાત પણ પ્રગટ સત્પુરુષ મળ્યા વિના યથાર્થ રીતે જેમ છે તેમ કોઈ જાણી શકતું નથી. રાજા કહે છે, “હે મુનિવર ! આપ મને મળ્યા ત્યારે પ્રગટ ભગવાનની જે રીત છે તેની ખબર પડી. હવે મારું કામ થઈ ગયું છે.” આવી પ્રતાપસિંહની વાત સાંભળી, તેને મુમુક્ષુ જાણી સ્વામી અતિ પ્રસન્ન થયા. તેને રાજા જાણીને, રૂપિયાવાળો જાણીને, જગતનો મોટો માણસ જાણીને સંત પ્રસન્ન નથી થયા; મુમુક્ષુ જાણીને સ્વામી રાજી થયા છે. આ લોકની પદ-પ્રતિષ્ઠા કે સત્તા-સંપત્તિ જોઈને ખેંચાય એવા સંત ભગવાનનો ભેટો ન કરાવી શકે.

રાજાને સાચો મુમુક્ષુ જાણી સ્વામીના અંતરમાં શ્રીહરિએ પ્રેરણા કરી કે, ‘આ રાજાનું હિત કરવા માટે જ શ્રીહરિએ મને અહીં આવવાની આજ્ઞા કરી છે. આવા મુમુક્ષુ રાજા મળ્યા એટલે મારો તીર્થ ફરવાનો ફેરો સફળ થયો છે.’ એમ સમજી અંતરમાં અતિ રાજી થયા. જ્યારે રાજા અને સ્વામી બંનેના મનમાં પરસ્પર શાંતિ થઈ ત્યારે સ્વામી રાજાને લઈને જગન્નાથજીના મંદિરમાં ગયા. પછી સ્વામીએ રાજાને શ્રીહરિ જેવી રીતે પ્રગટ થયા હતા તે વાત કરી.

જ્યારે શ્રોતા અને વક્તાના અંતર એક થાય; ગુરુ અને શિષ્યના

અંતર એક થાય ત્યારે ગુરુ પોતાના અંતરનું રહસ્ય શિષ્યને સમજાવે છે. તેથી સ્વામીએ રાજાને શ્રીહરિએ પ્રથમ જે અવતારો લીધા તેની રીત કહી દેખાડી. તે વાત રાજાને રુચી અને મુનિમાં શ્રદ્ધા બેઠી. જ્યારે સ્વામીનો મહિમાએ સહિત વિશ્વાસ આવ્યો, શ્રદ્ધા બેઠી ત્યારે સ્વરૂપાનંદસ્વામીએ બીજા અવતાર કરતા શ્રીહરિનો અતિ અધિક પ્રતાપ જેવી રીતે હતો તે કહી સંભળાવ્યો. સીધી ઊતાવળ કરવાથી સાચી વાત સમજાતી નથી.

चोपाई :

तेहि बातसें यह अवतार ताके, कोटिक प्रताप देखाये वाके ।
सत्संग में विचरत रहे जेसे, ध्यान में प्रगट देखाये तेसे ।।
भूप कु शांति भये तब भारी, मुनि के संग चले तेहि वारी ।
गढपुर में आये जेहि वेरी, प्रगट हरि के दर्शन कियेरी ।।

જ્યારે સ્વરૂપાનંદસ્વામીમાં રાજાને વિશ્વાસ આવ્યો, મહિમા થયો ત્યારે સ્વામીએ કરુણા કરી શ્રીહરિનું સર્વોપરીપણું રાજાને સમજાવ્યું. બીજા અવતાર કરતા શ્રીહરિનો કરોડ ગણો અધિક પ્રતાપ છે. તે બધી જ વાત સમજાવી. પછી સત્સંગમાં જે રીતે શ્રીહરિ અત્યારે વિચરણ કરે છે તે રીતે ધ્યાનમાં શ્રીહરિનાં પ્રગટ દર્શન કરાવ્યાં. જ્યારે રાજાને શ્રીહરિનો સાક્ષાત્ અનુભવ થયો ત્યારે તે કૃતાર્થ થયા. અંતરમાં અપાર શાંતિ થઈ.

પછી સ્વરૂપાનંદસ્વામીની સાથે રાજા ચાલી નીકળ્યા. બંને ગઢપુર આવ્યા. સ્વામીએ સ્વામિનારાયણ ભગવાનનાં પ્રગટ દર્શન અને ઓળખાણ કરાવી. તેથી રાજા ધન્ય ધન્ય થઈ ગયો. આમ, સ્વરૂપાનંદસ્વામીએ પ્રતાપસિંહ રાજાને પ્રગટ ભગવાનને ભેટાડી મોટું કામ કરી દીધું. અને આ સંવાદમાં જ 'સત્સંગિજીવન' નામનો ગ્રંથ પછીથી રચાયો છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સત્પુરુષ વિના શાસ્ત્રોનું રહસ્ય સમજાય નહિ એવું નિરૂપણ કર્યું' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

સુરતમાં સ્વામી દ્વારા સત્સંગ

એકવાર સ્વરૂપાનંદસ્વામી ફરતાં ફરતાં મંડળે સહિત સુરતમાં પધાર્યા. ત્યારે સુરતમાં કોઈ સત્સંગી હતા નહીં. તેથી ગામની બહાર ઉતારો કર્યો. સંતો ગામમાં ઝોળી માગવા જાય. ભિક્ષામાં જે મળે તે ખાય. તે વખતે સંતોના નિયમો આકરા હતા. તેથી ભિક્ષામાં જે મળ્યું હોય તે પણ ઝોળીમાં ભેળું કરી, પાણીમાં બોળી, નિરસ કરી, ગોળા વાળી સંતો જમતા. અખંડ ભજન કરતા. ગામમાંથી જે મુમુક્ષુઓ આવે તેને કથા-વાર્તા કરતા. શ્રીહરિનો મહિમા સમજાવતા. દુઃખી માણસો પ્રત્યે દયા લાવી સ્વામી આશીર્વાદ આપતા.

સ્વામીના આશીર્વાદથી અનેકનાં કામ થઈ જતાં. સહુનાં દુઃખ દૂર થતાં. હૈયામાં શાંતિ થતી. વળી, અનેક લોકોને ધર્મ પાળવાનું અને ભજન-ભક્તિ કરવાનું બળ મળતું. માનસિક પીડા દૂર થતી. શંકાના આપોઆપ સમાધાન મળતા. આમ, સ્વામીના વાણી અને વર્તનથી સુરતમાં સત્સંગનો પ્રારંભ થયો. ભાઈચંદભાઈ, ગોવિંદભાઈ વગેરે શેઠિયાઓ પણ સત્સંગી થયા. સુરતમાં સત્સંગીઓને સંતોની વાતો સાંભળવાની બહુ જ ઈચ્છા રહેતી. સારા સંતોને ત્યાં રાખીને સત્સંગ, કથા-વાર્તા સાંભળવાનો આગ્રહ રહેતો. પરંતુ શહેર મોટું, ગીચ વસ્તી અને મંદિર નહીં. વળી, ભિક્ષાવૃત્તિ કરવા સંતો જાય ત્યારે પણ ઘણી તકલીફ પડતી તેથી સંતો ઝાઝું રોકાતા નહીં. પરંતુ સ્વરૂપાનંદસ્વામી અવાર નવાર સુરતમાં ઘણી વાર આવતા, સત્સંગ કરાવતા, સહુને સુખ આપતા.

પછી સુરતના હરિભક્તો ભાઈચંદભાઈ શેઠ વગેરેએ મળી સુરતમાં એક હરિમંદિર કરવાનો વિચાર કર્યો. કેમ જે, મંદિર હોય તો સંતો વિશેષ રોકાય. સહુને કથા-વાર્તા, સંતદર્શન અને દેવદર્શનનો અલૌકિક લાભ મળે. વળી, સંતોની કૃપાથી અંતરમાં ટાઢું થાય; અજ્ઞાન નાશ પામે; કામ, ક્રોધ, લોભાદિક વિકારો બળે અને વૃત્તિઓ ભગવાનમાં વળે. આવા હેતુથી મંદિર બનાવવાનું સહુએ નક્કી કર્યું, પરંતુ જ્યાં સત્સંગ થાય એવા વિસ્તારમાં તે સમયે પણ જમીન અથવા તૈયાર મકાન મળવું મુશ્કેલ હતું.

એવામાં હરિભક્તોને ખબર પડી કે, 'ખુરશી શેરીમાં ભૂત-પિશાચો રહે છે એવી એક હવેલી વેચાઉ છે. આ હવેલીમાં અનેક ભૂતો રહેતા હોવાથી ડરને કારણે કોઈ એ મકાન લેતું નથી.' આજે પણ દુનિયામાં આવા ઘણા મકાનો છે. અમેરિકાના વાઈટ હાઉસમાં પણ એક હોલ ભૂતનો છે. આજે પણ કોઈ તેને ખોલતું નથી. હવેલી સારી છે, સસ્તી છે પરંતુ લેવી કે કેમ ? તેનો નિર્ણય આવતો નહીં.

એવા સમયમાં સ્વરૂપાનંદસ્વામી સુરતમાં આવ્યા. તેથી ભક્તોએ સ્વામીને પૂછ્યું, "હવેલી મોટી છે, સારી છે, સસ્તી છે પણ ભૂતાવળ ત્યાં રહે છે. માટે આપણે લેવી કે કેમ ?" ત્યારે સ્વામી કહે, "ખરીદી લો, કોઈ વાંધો નહીં. અમે ત્યાં જઈ ધૂન-ભજન કરશું, કથા-વાર્તા કરશું અને મંદિર બનાવી મહારાજનું સ્વરૂપ પધરાવશું. તેથી ભૂતોનો પણ ઉદ્ધાર થશે."

આવી સ્વામીની બળભરી વાત સાંભળી ભક્તો ખૂબ રાજી થયા. અને તરત જ હવેલી ખરીદી લીધી. પછી સ્વામી વગેરે સંતો તે હવેલીમાં જઈને ઊતર્યા. ભગવાનની મૂર્તિ પધરાવી અને આરતી કરી કથા-વાર્તા, સત્સંગ-ભજન ચાલું કર્યા.

ચોપાઈ : **નિત્ય ભાગવત કથા વંચાય, વળી આરતી ને ધૂન થાય;**
સંતો હરિજનો ધરતા ધ્યાન, મુખે સ્વામીના ભજનનું તાન.

સંતો-ભક્તો મહારાજની મૂર્તિમાં એકતાન લગાડી ધ્યાન-ભજન કરવા લાગ્યા એટલે ભૂતોને અતિશય ભય લાગ્યો. તેથી ભયના માર્યા સ્વામીને પગે લાગ્યા. સ્વામીએ તેના ઉપર સ્વામિનારાયણ મહામંત્ર બોલીને જળ છાંટ્યું. સહુ ભૂતોનો ઉદ્ધાર કર્યો. ભૂતો ગયા તેથી સહુ સંતો-ભક્તોને અતિ શાંતિ થઈ. *(સંદર્ભ : શ્રીહરિકૃષ્ણ ચ.સા.અ.૮૦)*

આપણને પણ આ પંચભૂતરૂપી દેહ વળગ્યો છે. અને દેહાભિમાનને કારણે કામ, ક્રોધ, લોભ, મોહ, માનરૂપી ભૂતો વળગ્યા છે. જ્યારે મોટા સંતનાં વચનમાં વિશ્વાસ રાખી એકતાર ભજન કરશું ત્યારે દોષોરૂપી ભૂતો જશે અને હૈયામાં મહાશાંતિ થશે. સ્વરૂપાનંદસ્વામીએ ભજનના પ્રતાપે હવેલીમાંથી ભૂત કાઢ્યા અને અનેક ભક્તોના પણ વાસનારૂપ ભૂત કાઢ્યા. સહુને સુખિયા કર્યા.

સ્વામીનું સાધુતા સભર વર્તન અને અનુભવાત્મક વાણી મોટા મોટાને સત્સંગ કરાવી મૂકે એવા હતા. સ્વામીએ કેટલાય ક્ષત્રિયોને પણ સત્સંગ કરાવ્યો છે. જેમાં અનેક પ્રકારના વ્યસનો હોય, અનેક પ્રકારની કુટેવો હોય, વળી જિદ્દી અને અહંકારી સ્વભાવને કારણે કોઈનું માનતા ન હોય એવા લોકોને પણ સ્વરૂપાનંદસ્વામી પોતાની વાણી અને વર્તન દ્વારા સત્સંગ કરાવતા. અને તેમના જીવનમાં આમૂલ પરિવર્તન લાવતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં ‘સ્વામીએ સુરતમાં સત્સંગ કરાવ્યો અને ભૂતોનો ઉદ્ધાર કર્યો’ એ નામે એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

સૌરાષ્ટ્રના ક્ષત્રિયોને સત્સંગ

સ્વરૂપાનંદસ્વામી સંતમંડળ સાથે સોરઠમાં રાજકોટ આસપાસના ગામડાઓ ફરતા હતા. સ્વામી એક ગામથી બીજે ગામ જાય,

મુમુક્ષુઓને કથા-વાર્તા કરે, સત્સંગનો મહિમા સમજાવે અને જીવને પ્રગટ ભગવાનના આશ્રિત કરે. આ રીતે વિચરણ કરતાં કરતાં એકવાર સ્વામી સરધાર પાસેના પાડાસણ ગામ આવ્યા.

તે વખતે પાડસણના ભૂપ જાડેજા સરતાનસિંહજી હતા. તે દૈવી, સંસ્કારી અને મુમુક્ષુ હતા. આ સરતાનસિંહજી, વડાળીના દરબાર મેઘાભાઈ, ખાંભાના જેઠાભાઈ અને કાંકશિયાળીના દરબાર હકાભાઈ; આ ચારેય મુમુક્ષુ અને દૈવી હતા. વળી, એકબીજાના મિત્રો હતા.

ચોપાઈ : દૈવી જીવ સગા સ્નેહી ચારે, નિજ કલ્યાણ કરવાનું ધારે;
ક્યાંઈ સાંભળે સદ્‌ગુરુ વાસ, કરે ત્યાં જઈ તેનો તપાસ...૫૮

આ ચારેય મુમુક્ષુ હતા. તેથી જ્યાં કોઈ મોટા સંતનું નામ સાંભળે ત્યાં સત્સંગ કરવા પહોંચી જતા. જ્યારે સ્વરૂપાનંદસ્વામી પાડાસણ ગામ આવ્યા, ત્યારે ત્યાંના દરબાર સરતાનજી સ્વામીનાં દર્શને ગયા. તેમના ત્રણે મિત્રો પણ સ્વામી પાડાસર આવ્યા છે તેવી જાણ થતાં દર્શને આવ્યા. સ્વામીનો સૌમ્ય વેશ, અખંડ ભગવાન તરફ વૃત્તિ તથા વ્યસનરહિત, સદાચારમય અને શીલ, સંતોષ, શાંતિ આદિ સદ્‌ગુણોવાળું શુદ્ધ જીવન વગેરે રાજાને સ્પર્શી ગયાં. જીવનથી જ જીવન બદલે છે. વર્તનશાળી સંત દ્વારા જ અનેકને સત્સંગ થાય છે. જેના જીવનમાં પંચવર્તમાનનું ઠેકાણું ન મળે, એવા સંત દ્વારા તો સત્સંગ ભાંગી જાય.

સંતોની એવી સઘળી ક્રિયાય, કુસંગી દેખી સત્સંગી થાય.

સ્વામીનું જીવન જોઈ સરતાનજીએ વિચાર કર્યો કે, 'આવા ઉચ્ચ કોટીના સંત મેં ક્યાંય જોયા નથી. સમર્થ હોવા છતાં સામર્થી અને સદ્‌ગુણોને ઢાંકીને વર્તે છે. અજ્ઞાની માણસોનાં અપમાન સહન કરે છે. અને સહુને પરમેશ્વરની ઓળખાણ આપે છે. માટે એને સેવી લઈએ, સમાગમ કરી લઈએ.' આમ નક્કી કર્યું.

ચોપાઈ : દીઠા અદ્‌ભુત ત્યાગી વૈરાગી, અહોનિશ પ્રભુપદ અનુરાગી;
તજે નારીને અષ્ટ પ્રકારે, ધન ધૂળ બરાબર ધારે...૫૯
અતિ નિઃસ્વાદી ને નિરમાની, ગુણવંત તપસ્વીને જ્ઞાની;
જાણ્યા શુક સનકાદિ જેવા, અન્ય ક્યાંઇ સુણ્યા નહીં એવા...૬૦
પછી વિચારીને મનમાંય, ત્રણે મિત્રને તેડાવ્યા ત્યાંય;
મળી ચારે ગયા સંત પાસ, સાંભળ્યો શુભ જ્ઞાનવિલાસ...૬૧

સ્વરૂપાનંદસ્વામીના જીવનથી પ્રભાવિત થયેલા આ ચારેએ પોતાનો પરિચય આપ્યો. પછી વાણી દ્વારા સંતોનો સત્કાર કર્યો. અને નમ્રભાવે કહ્યું, "હે સ્વામી ! આપ ત્રણ-ચાર દિવસથી અહીં પધાર્યા છો. આપના વાણી-વર્તનથી અમે ઘણા પ્રભાવિત થયા છીએ. અમે ઘણા સંતો, મહંતો, તપસ્વીઓ અને સિદ્ધો જોયા છે. પરંતુ તમારી રીત ન્યારી છે. અમે ચાર સંપ્રદાય, બાવન દ્વારા તથા ઘણા તીર્થો જોયા પણ તમારા જેવા સંત ક્યાંય જોયા નથી. આપ ક્યાંથી આવ્યા ?"

ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, "તમે મુમુક્ષુ છો. માટે હું જેમ છે તેમ યથાર્થ વાત કહું છું...

જે છે અક્ષરધામના ધામી, બળવંત પ્રભુજી બહુનામી;
જે છે સર્વોપરી સુખકારી, સર્વ અવતારના અવતારી...૬૨
તેણે કળિમળ કાપવા કાજ, અવતાર ધર્યો અહીં આજ;
તેનું સ્વામિનારાયણ નામ, એને ભજીયે અમે સહુ જામ...૬૩
અમે શિષ્ય સાધુ એના છૈયે, દૈવી જીવને ઉપદેશ દૈયે;

અમે પ્રગટ પુરુષોત્તમનારાયણના ઉપાસક સંત છીએ. સ્વામિનારાયણ ભગવાન અમારા ગુરુ છે. તેથી સહુ અમને સ્વામિનારાયણના સંતો કહે છે."

પછી આ દરબારોએ બે-ત્રણ દિવસ સ્વામીનો સમાગમ કર્યો. તેથી ખ્યાલ આવી ગયો કે, 'જરૂર આમના ગુરુ પ્રગટ ભગવાન હોવા

જોઈએ. નહિ તો આવું દૈવત આવે નહીં.' એમ વિચારી સરતાનસિંહજી રાજા કહે, "હે સ્વામી ! આપ જેને પરમેશ્વર કહો છો તે સ્વામિનારાયણ ભગવાન અત્યારે ક્યાં છે ? તમારા જેવા સિદ્ધયોગી સંત જેમના શિષ્ય હોય તો તે સ્વામિનારાયણ ભગવાન કેવા મોટા હશે ? તે મને જણાઈ આવે છે. માટે તે પ્રભુ હાલ કયે ઠેકાણે છે ? તે મને બતાવો."

ત્યારે જેમ વાલ્મીકિ ઋષિએ રામચંદ્ર ભગવાનના પૂછવાથી ભગવાનનો ક્યાં વાસ છે ? તે કહ્યું હતું. તેમજ શ્રીહરિ ક્યાં સદા વસે છે ? તેનું વર્ણન કરતા સ્વરૂપાનંદસ્વામી નિજ ખુમારીમાં કહે, "હે દરબારો ! જ્યાં નિત્ય સદ્ગ્રંથોનો અભ્યાસ થાય છે, કથા-વાર્તા થાય છે, સહુ એકબીજાનો ગુણ ગ્રહણ કરતા હોય, કોઈ કોઈનો અભાવ-અવગુણ ક્યારેય લેતા ન હોય એવો જ્યાં સંસ્કારી સમાજ હોય ત્યાં સ્વામિનારાયણ ભગવાન અખંડ રહે છે.

વળી, જ્યાં હંમેશાં જ્ઞાનયજ્ઞ તથા ધ્યાનયજ્ઞ ચાલતા હોય, ને તેમાં કામ-ક્રોધાદિક દોષોરૂપી સમિધો હોમાતા હોય, નિત્ય અંતરખોજ થતી હોય, જ્યાં સહુ ભેળા મળી સંપીને પ્રેમથી પ્રભુ ભજતા હોય ત્યાં સ્વામિનારાયણ ભગવાન રહે છે.

વળી, જ્યાં વિના સાધને અસંખ્ય લોકોને સમાધિઓ કરાવાતી હોય, સહેજે લોકોને ગોલોક-બ્રહ્મપુરાદિક ધામનાં દર્શન થતાં હોય, વિના સાધને જીવ સિદ્ધદશાને પામતા હોય ત્યાં સ્વામિનારાયણ ભગવાન રહે છે.

વળી, જ્યાં માન-અપમાનમાં સમ રહેનારા જ્ઞાનદાતા સંતો રહે છે, જ્યાં કોઈ ક્યારેય વ્યર્થકાળ ગુમાવતા ન હોય, જ્યાં કામ-ક્રોધાદિક દોષોનો પ્રવેશ ન હોય, સહુને ભક્તિ-ધર્મમાં રુચિ હોય, પરસ્પર પ્રેમ હોય, આત્મીયતા હોય, એકબીજાનું હિત ઇચ્છતા હોય ત્યાં સ્વામિનારાયણ ભગવાન પ્રગટ રહે છે.

અને બ્રહ્મા-શિવાદિક દેવો પણ જેને દુર્લભ પ્રાપ્તિ કહે છે, તેવી પ્રાપ્તિ લોકોને સહેજે મળતી હોય, સંગમાં આવનારાના તમામ સંશયો દૂર થાય, વાસના નાશ પામે અને શંકાના સમાધાન થાય એવા કથા-કીર્તન નિત્ય થતા હોય ત્યાં સ્વામિનારાયણ ભગવાન નિરંતર રહે છે."

આવી સ્વામીની ચોટદાર વાતો સાંભળી પાડાસરના દરબાર સરતાસિંહજી કહે, "સ્વામી ! હવે મને સમજાઈ ગયું કે તે ચોક્કસ પ્રગટ પુરુષોત્તમનારાયણ છે. માટે અત્યારે તે કયા સ્થળે બિરાજે છે ? તે કહો." સ્વામી કહે, "હાલમાં તેઓ ગઢપુર દાદાખાચરના દરબારમાં બિરાજે છે." તેથી ચારેય દરબારો તત્કાળ ઘરબારનો ત્યાગ કરી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનને મળવા ગઢપુર આવ્યા. અને ત્યાં દાદા ખાચરના દરબારમાં અક્ષરાધિપતિ પુરુષોત્તમનારાયણનાં દર્શન કર્યાં. શ્રીહરિ લીંબતરું નીચે ઢોલિયા ઉપર બિરાજમાન હતા. માથે ત્રણ છોગાળી પાઘ ધારણ કરી હતી. મુખે મંદમંદ હસતા હતા. અને અનેક લોકોને આનંદની લહાણી કરતા હતા. એવા શ્રીહરિનાં દર્શન આ ચારેય ભક્તોને થયા.

ચોપાઈ : **પ્રભુને નિરખ્યા કરી પ્રીત, દીઠી સર્વ અલૌકિક રીત;**
સ્વરૂપાનંદસ્વામી સમાન, દીઠા સંત અસંખ્ય તે સ્થાન.
કોઈ શ્રીજી તણું ધરે ધ્યાન, કરે કોઈ તેના ગુણગાન;
કોઈ તો હરિરૂપ નિહાળે, જેમ ચંદ્રને ચકોર ભાળે.
સભામાં પ્રશ્ન ઉત્તર થાય, સુણી સંશય સૌના છેદાય;
ઘણા જણને સમાધિ થયેલી, રાખ્યા ઉપરાઉપર મેલી.
એવો પેખીને પ્રૌઢ પ્રતાપ, જાણ્યા ઈશ્વર છે આપોઆપ;
કરી વંદન વારમવાર, સતસંગી થયા મિત્ર ચાર.
(હ.લી. ૬/૨૭)

પછી પાડાસણના જાડેજા સરતાનસિંહજી, વડાળીના મેઘાભાઈ, ખાંભાના જેઠાભાઈ, કાંકશીયાળીના હકાભાઈ; આ ચારેય સત્સંગી

થયા. પછી કહે, "હે પ્રભુ ! અમારું મન તો એ તમારા ગુણિયલ સંત સ્વરૂપાનંદસ્વામીમાં જોડાઈ ગયું હતું, પરંતુ તેમણે અમને કહ્યું કે, 'મારા ભગવાન તો સ્વામિનારાયણ છે, મોક્ષ જોઈતો હોય તો તેમનું શરણ ગ્રહો.' એટલે અમે આપનાં દર્શને આવ્યા છીએ. અમે ચારેય અંદરોઅંદર સંબંધી તથા મિત્રો થઈએ છીએ." પછી મહારાજે પણ આ દરબારોને ખૂબ પ્રસન્નતા બતાવી.

ધન્યવાદ છે..! આવા સંતને કે જે જીવને હંમેશાં ભગવાનનો મહિમા સમજાવે છે, ભગવાનમાં જોડે છે. અને ધન્યવાદ છે..! આવા સમજુ સત્સંગીઓને કે સાચા સંત મળે એટલે તરત જ તેને ઓળખી લે, તેને સોંપાઈ જાય અને સંતનાં વચનમાં વિશ્વાસ રાખી પ્રગટ પ્રભુનું શરણું સ્વીકારી મોક્ષનું કામ સુધારી લે.

સ્વામીએ જેમને સત્સંગ કરાવ્યો તેવા આ ચારેય ગામના દરબારોના વંશજો હજુ સુધી શિરસાટે સત્સંગ રાખે છે. દૃઢતાપૂર્વક સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા રાખે છે. આ ચારમાં પણ પાડાસણના સરતનાસિંહજી કહીને ધામમાં ગયેલા. આ ચારેયના વંશોમાં ઘણા મહાન ભક્તો થયા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સૌરાષ્ટના દરબારોને સ્વામીએ સત્સંગ કરાવ્યો;' એ નામે બાવીસમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય-૨૩

સ્વામીના સદ્‌ગુણો અને સરલતા

સ્વરૂપાનંદસ્વામીએ અનેક દરબારોને, શેઠિયાઓને અને બુદ્ધિશાળી માણસોને પણ સત્સંગ કરાવી શ્રીહરિના રંગે રંગેલા છે. ઝીંઝાવદરના અલૈયા ખાચરને પણ સ્વરૂપાનંદસ્વામી સાથે ખૂબ સુવાણ થતી હતી. એટલે તેઓ સ્વરૂપાનંદસ્વામી સાથે અવારનવાર ગામડે ફરવા જતા.

સ્વામીનો સમાગમ કરતા અને બીજાને પણ સત્સંગ કરાવતા. જો કે અલૈયા ખાચરનો માની સ્વભાવ એટલે તેને કોઈની સાથે ફાવે નહીં, પરંતુ સ્વરૂપાનંદસ્વામી ખૂબ રાખ-રખાવટવાળા, વિવેકી, વિનયી અને નિર્મળ અંતરના સંત હશે. વળી, માનના ભીખારી નહીં પણ માનના દાતા, સહન શક્તિવાળા અને મીઠીવાણીવાળા સંત હશે. તે અલૈયા ખાચરને તેમની સાથે બનતું તેમના ઉપરથી સાબિત થાય છે.

વળી, નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ પ્ર.૨માં સંતની અદ્ભુત વિશેષતાઓ બતાવતા કહે છે કે,

ચોપાઈ : **સાવધાન લજ્જાવાન ખરા, લોકઆચરણ ન જુવે જરા**
મોટી બુદ્ધિ શુદ્ધિ છે વિશેષ, એવા સંતને નામું હું શીષ
સુણી પારકા દોષને દાટે, તે જીવના રૂડા થવા માટે
ઉરે અધર્મને નહિ પ્રવેશ, એવા સંતને નામું હું શીષ
કૃપાળુ ને પરઉપકારી, જ્ઞાનદાનથી ન જાય હારી
કેની નિંદા દ્રોહ નહિ લેશ, એવા સંતને નામું હું શીષ

આ પંક્તિઓમાં સંતના જે સદ્ગુણો કહ્યા છે, તેનું મૂર્તિમંત સ્વરૂપ સ્વરૂપાનંદસ્વામી હતા. ઘણા સાધુઓને બીજાની ખટપટમાં જ રસ હોય છે. અન્યના દોષો ખોળવા અને બીજાને કહેવા, એમાં જ પોતાની હોંશિયારી માનતા હોય છે. જેમ બગીચામાં લઈ જાઓ તોય ભૂંડ ખાંધો જ ખોળે અને કાગડા હંમેશાં પશુના સડેલા ભાગને જ ઠોલે; તેમ ઘણા આવી ભૂંડવૃત્તિ અને કાગવૃત્તિવાળા સંત-ભક્ત હોય છે. જે હંમેશાં બીજાના અભાવ, અવગુણો અને નબળાઈઓ કહેવામાં અને બીજાની નિંદા-ટીકા કરવામાં જ રચ્યા-પચ્યા રહેતા હોય છે. માટે આવા દુષ્ટવૃત્તિવાળા લોકોથી ચેતતા રહેવું, છેટા રહેવું.

સ્વરૂપાનંદસ્વામી પરોપકારી અને મહા દયાળુ સંત છે. બીજાની નબળાઈઓ અને દુર્ગુણોને ઢાંકે અને સદ્ગુણોને ઉપસાવે એવા સંત

છે. અને આવા સંત હોય તો જ દરબારોને સત્સંગ થાય. અલૈયા ખાચર જેવા માની માણસને પણ સ્વામી સાથે હેત રહેતું અને તેમના સમાગમની ઈચ્છા રહેતી. તે સ્વામીની સાધુતા, સરળતા અને અનેક સદ્‌ગુણોની આપણા અંતરમાં આપોઆપ ઝાંખી કરાવે છે.

અન્યના અવગુણો કહેતા તો અસુરોને પણ આવડે, પરંતુ માન, કામ, ક્રોધાદિકથી ખરડાયેલા જીવોમાં પણ શ્રીહરિ અને સંતોના સદ્‌ગુણોનું વાવેતર કરવું; પરસ્પર એકબીજામાં પ્રીતિ કરાવવી અને જીવને ભગવાનમાં જોડી દેવો એ સાચા સંતનું કર્તવ્ય છે. ટૂંકમાં કહીએ તો વેરાયેલાને એક કરે અને વિફરેલાને શાંત કરે તે સાચા સંત છે. સ્વરૂપાનંદ સ્વામી આવા મહાપુરુષ હતા. તેથી જ શ્રીહરિ પણ તેમને સંભારતા.

એકવાર સ્વામીએ ગામડાઓમાં અનેક ભક્તોને સત્સંગ કરાવ્યો. જેમ દાવાનળમાં દાઝેલા હાથીઓ ગંગાના ધરાને પામીને શાંતિ પામે છે તેમ આધિ, વ્યાધિ અને ઉપાધિરૂપી ત્રિવિધ તાપથી સળગતા અનેક આત્માઓ સ્વામીના પ્રસંગમાં આવતા શ્રીહરિના રંગે રંગાયા. આમ, સ્વામીએ અનેકના માયાના બંધનો કાપી જીવોને પ્રગટ પ્રભુમાં જોડ્યા. પછી ગઢપુર આવ્યા. શ્રીહરિને વંદન કર્યું, ત્યાં જ મહારાજની મૂર્તિમાં સ્વામીનું મન તદાકાર થઈ ગયું, ચિત્તની વૃત્તિઓનો મૂર્તિમાં નિરોધ થયો, દેહભાન ભૂલી ગયા. બે ઘડી(૪૮ મિનીટ) સુધી મૂર્તિના મહા સુખમાં ગરકાવ બનેલા આ સંત દેહ અને દુનિયાનું ભાન ભૂલી ગયા. જ્યારે ભાનમાં આવ્યા ત્યારે હરિભક્તોએ આપેલી ભેટ સામગ્રી સંતો પાસે મંગાવી શ્રીહરિને ભેટ ધરી. પછી જેમ ચકોર ચાંદને જૂએ તેમ શ્રીહરિના મુખચંદ્રને જોતા થકા બેસી ગયા. આવી સ્વામીની પરાભક્તિ, નિર્બંધતા અને સરળતા જોઈ શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

પછી ગઢપુરમાં ભક્તિબાગની પાસે ઉન્મત્ત ગંગાને કિનારે ગયા. અને સ્વામીએ શ્રીહરિને પ્રાર્થના કરી, "હે નાથ ! આપે અહીં ઘણીવાર

સ્નાન લીલા કરી છે, પણ એકવાર મારી સાથે અહીં સ્નાન કરો." તેથી શ્રીહરિએ અત્યંત રાજી થઈ સ્વામી સાથે ત્યાં સ્નાન કર્યું. સહુ સંતો-ભક્તોએ પણ સ્નાન કર્યું.

પછી સહુએ કોરા વસ્ત્રો પહેર્યા અને ત્યાં જ મોટી સભા ભરી. તે સભાને સંબોધતા શ્રીહરિ કહે, "આજ હું આ મહાયોગી સ્વરૂપાનંદસ્વામી ઉપર ખૂબ જ પ્રસન્ન થયો છું. અહીં અમે બંનેએ સાથે સ્નાન કર્યું તે સ્થળ સહુને કાયમ યાદગાર બની રહે તે માટે આ સ્થળનું નામ હું **'સ્વરૂપાનંદસ્વામી ઘાટ'** રાખું છું. હવેથી આ ઘાટ એવા નામે જગતમાં પ્રસિદ્ધ થશે. એકાંત અને એકાગ્રતા પૂર્વક ધ્યાન કરવા ઈચ્છતા યોગીઓને પણ સેવવા લાયક આ સ્થળ છે." આમ, શ્રીહરિએ સ્વામીની ઉપર ખૂબ પ્રસન્નતા બતાવી, ભાવથી ભેટ્યા. પછી સહુ દાદાખાચરના દરબારમાં આવ્યા.

સ્વામિનારાયણ ભગવાનના આ એક એક સંતો દુનિયામાં ભગવાન થઈને પૂજાય તેવા સમર્થ હતા. છતાં તેમણે ક્યારેય કોઈને પોતામાં જોડ્યા નથી, સહુને પ્રભુમાં જોડ્યા છે. સાચા સંત હંમેશાં કથા-વાર્તા કરી જીવને શ્રીહરિનો મહિમા સમજાવે છે, ભગવાનમાં જોડે છે અને વિષય-વાસના તોડાવે છે. અને તેથી જ એવા સંતોની સાથે શ્રીહરિ અખંડ રહે છે.

શ્રીહ.ચ.સા.માં આધારાનંદસ્વામી કહે છે કે, **"મહારાજ એમ કહેતા કે, 'જે સંત અખંડ મારી કથા-વાર્તા અને ધૂન-કીર્તન કરે છે; તે સંતમાં હું પ્રગટ પ્રમાણ રહું છું અને જે સંત વહેવારમાં જ રચ્યાં-પચ્યાં રહે છે, તે સંતનાં અંતરથી હું દૂર થઈ જાઉં છું."** સ્વરૂપાનંદસ્વામી અખંડ શ્રીહરિના કથા-કીર્તન અને ધ્યાન-ભજનમાં ગુલતાન રહેનારા સંત હતા. તેથી જ તેમનામાં ભગવાન જેવા ગુણો આવ્યા હતા. આપણે પણ સદ્‌ગુણો કેળવવા અને શ્રીહરિનો રાજીપો મેળવવા આવા સદ્‌ગુણો કેળવીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના સદ્‌ગુણો અને સરળતા વર્ણવી' એ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય-૨૪

વ્યાપકાનંદસ્વામીનો અક્ષરવાસ અને સ્વામીને મંદવાડ

સંવત ૧૮૭૧ના આસો માસમાં મોટા વ્યાપકાનંદસ્વામી ફરતાં ફરતાં સંતો સાથે બોચાસણ ગામે આવ્યા. ત્યારે વ્યાપકાનંદસ્વામી માંદા થયા. તે માંદા સંતને એકલા મેલીને સૌ સમૈયામાં શ્રીહરિનાં દર્શન કરવા ગઢડા જવા ચાલી નીકળ્યા. ને એક માધવાનંદસ્વામીને સેવામાં રાખ્યા. તેમને પણ એવો સંકલ્પ થયો જે, 'સર્વે મહારાજનાં દર્શન કરશે ને મને દર્શન નહીં થાય.' એવો સંકલ્પ થયો તેને વ્યાપકાનંદસ્વામીએ અંતરજામીપણે જાણ્યો.

પછી વ્યાપકાનંદસ્વામીએ માધવાનંદસ્વામીને કહ્યું જે, "તમને જાવાનો સંકલ્પ થાય છે ?" ત્યારે માધવાનંદસ્વમી કહે જે, "હા." ત્યારે વ્યાપકાનંદસ્વામી કહે જે, "તમે ચાલ્યા જાવ, હું છઉં ને મહારાજ મારી સાથે છે." એવું સાંભળીને માધવાનંદસ્વામી પણ સ્વામીને એકલા મેલીને ચાલ્યા, તે સર્વે સંત મળીને ગઢડા દિવાળીનો સમૈયો કરવા આવ્યા. ત્યારે મહારાજ અક્ષરઓરડીમાં વિરાજતા હતા. તે સમે મહારાજને કહ્યું જે, "સાધુ દર્શને આવે ?"

ત્યારે મહારાજ કહે જે, "માંદા વ્યાપકાનંદસ્વામીને એકલા મેલીને એ અમારાં દર્શન સારુ આવ્યા છે. ને દર્શન કરીને મુને રાજી કરવો છે. તે હું એમ રાજી નહીં થાઉં, ને દર્શન નહીં દઉં. ને તે સંતોને કહો જે, બધા પાછા જાય." એવાં મહારાજનાં વચન સાંભળીને સાધુ પાછા ગયા. પછી મહારાજ ગઢડા અન્નકૂટ ઉત્સવ કરી પ્રબોધની ઉત્સવ કરવા વડતાલ પધાર્યા અને પેલા સંતો બોચાસણ વ્યાપકાનંદસ્વામીની

પાસે જ્યાં આવ્યા ત્યાં તો જાણ્યું કે સ્વામી આસો માસમાં ધામમાં ચાલ્યા ગયા હતા. તેથી સાધુને બહુ દુઃખ થયું અને આખી જિંદગી પસ્તાવો રહ્યો. આમ, માંદા સંતની ખબર નહી રાખીને ભગવાનના દર્શન નથી થતા. માટે આવી કોઈ વાતના મોહમાં તક ચૂકી જઈએ તો પાછળથી બહુ દુઃખ વેઠવું પડે. માટે આવી ભૂલ આપણે ન કરવી.

(સંદર્ભ : અદ્‌ભુતા.વા.૨૧૧)

સ્વામી અક્ષરધામમાં ગયા. પછી બોચાસણગામના સત્સંગીઓએ મળી સ્વામીના દેહનો અગ્નિસંસ્કાર કર્યો હતો. અને પછી વડતાલમાં આવી મહારાજને આ સમાચાર કહ્યા. બોચાસણમાં મોટા વ્યાપકાનંદસ્વામી ધામમાં પધાર્યા; આ સમાચાર સાંભળી મહારાજ ‘હરિ હરિ’ બોલવા લાગ્યા અને દિલગીર થઈ ગયા. પછી વડતાલમાં પ્રબોધિનીનો ઉત્સવ કરી શ્રીહરિ ગઢપુર પધાર્યા.

ત્યારે ખબર પડી કે, ‘સ્વરૂપાનંદસ્વામી બહુ જ બિમાર છે. અને સંતો સાથે જીવા ખાચરના દરબારમાં રહે છે. જીવા ખાચર અને સંતો સારા વૈદ્યને બોલાવી દવાઓ કરાવે છે.’ તે સાંભળી શ્રીહરિ કહે, “અત્યારે સ્વરૂપાનંદસ્વામીને કેમ છે ?” ત્યારે ભગુજીએ કહ્યું, “હે મહારાજ ! માંદગી વધુ છે. જીવા ખાચરે સંતો માટે જે જગ્યા આપી છે ત્યાં રાખ્યા છે. સ્વામીને આપનાં દર્શનની ઝંખના ઘણી રહ્યા કરે છે.” ત્યારે મહારાજ કહે, “આજે રાત્રે આપણે સ્વામીને દર્શન દેવા જઈશું.” પછી અડધી રાત્રે મહારાજ ઊઠ્યા.

ચોપાઈ :

મધ્ય રાતે ઉઠ્યા મહારાજ રે, કહે ભગુજીને ઉઠો આજ રે;
પછી હરિએ સજ્યા શણગાર રે, અતિ શોભિતા હતા તે અપાર રે...૬૪
જામનગરનો ગુઢો રેંટો રે, બાંધ્યો શિર બુરાનપુરી ફેટો રે;
દેવા સ્વરૂપાનંદને આનંદ રે, શણગાર સજ્યા સહજાનંદ રે...૬૫

સોનાના તારથી વણેલ કસુંબલ રેંટો કેડ્યે કસ્યો. હાથમાં સોનાનાં વેઢ-વીંટીઓ ધારણ કર્યાં. કમરે તલવાર બાંધી. પીઠે ઢાલ બાંધી ને બોકાની વાળી. આમ, એક સંતને દર્શન દેવા અડધી રાત્રે સર્વાવતારી શ્રીહરિએ અલૌકિક શણગાર સજ્યા. ખોલેલા સિંહમુખવાળા અને અત્યંત ચમકતા એવા રમણીય સોનાનાં કડાઓ બંને હાથમાં ધારણ કર્યાં. આંગળીઓમાં વેઢ-વીંટી ધારણ કર્યાં. પીળાં વસ્ત્રની બોકાની બાંધી.

પછી ભગુજી અને જેહાજી બે પાર્ષદો મહા શૂરવીર હતા, તેને સાથે લઈ અડધી રાત્રે જીવા ખાચરના દરબારમાં મહારાજ સ્વરૂપાનંદસ્વામીને દર્શન દેવા પધાર્યા. સ્વામીના ખાટલા પાસે આવી ગાદિ-તકિયે બેઠા. સ્વામીએ મહારાજની આ સલૂણી મૂર્તિ નિહાળી ! દર્શન કરી તેઓ ગદ્‌ગદિત થઈ ગયા !

મહારાજે તેમના શરીરે હાથ ફેરવ્યો ને પૂછ્યું, “સ્વામી ! મંદવાડનું દુ:ખ બહુ થાય છે ?” ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, “ના ના મહારાજ ! ટટ્ટુ દુબલા હૈ, અસવાર તો તાજા હૈ. દુ:ખ તો આ દેહને છે, આ પોતાને આત્મનિષ્ઠાની મનાણેલી શ્રેષ્ઠતાનો કેફ જણાય છે અને પછી એમ કહ્યું કે હે મહારાજ મને હું આત્મા છું એવું અતિ દૃઢ છે અને આત્માને અખંડ દેખું છું છતાં પણ અંતરમાં અશાંતિ રહ્યા કરે છે. અને હૈયું બળ્યા કરે છે.” મહારાજ જાણતા હતા કે સ્વામીની સ્થિતિ અલૌકિક હતી. અને હૈયું શા માટે બળતું ? તે પણ શ્રીહરિ જાણતા હતા. સ્વામીની વૃત્તિમાં મહારાજની મૂર્તિ અખંડ રહેતી છતાં આત્મનિષ્ઠાના કેફને કારણે શ્રીહરિના સબંધવાળી વસ્તુઓ ગૌણ રહેતી અને ક્યારેક સંતો-ભક્તો ગૌણ થતાં તે મહારાજને રુચતું નો’તું.

એકવાર શ્રીહરિ કારિયાણીમાં હતા. ત્યાં ઘણા સંતો બિમાર પડ્યા. તે સમયે ત્યાં મંદિર ન હતું. તેથી મહારાજે માંદા સંતોની સગવડતા માટે વસ્તા ખાચરને પ્રેરણા કરી નાનું દવાખાનું કરાવ્યું. સંતોને ત્યાં રાખ્યા.

પછી મહારાજ સંતોની ખબર કાઢવા ગયા. સ્વરૂપાનંદસ્વામી સાથે હતા. ખબર કાઢી મહારાજ કહે, "સ્વામી ! માંદા સંતોને મોટું દુઃખ છે." ત્યારે સ્વરૂપાનંદસ્વામી કહે, "આકાશકું ક્યું ચુવા કાટતા હે ? આત્મા તો આકાશ જેવો નિર્લેપ છે. માટે મહાપુરુષો બ્રહ્મરૂપ હો જાઓ."

માંદા સંતોને આશ્વાસન આપવાને બદલે આત્મનિષ્ઠાની ખુમારીમાં સ્વામીને સંતો ગૌણ થઈ ગયા. તે શ્રીહરિને ગમ્યું ન હતું. સ્વામીના આખ્યાનમાંથી આ શીખવા જેવો અતિ મહત્ત્વનો પોઈન્ટ છે. આપણામાં ગમે તેવું આત્મજ્ઞાન હોય, ભગવત્‌જ્ઞાન હોય કે ઉચ્ચ સ્થિતિ બંધાયેલી હોય; છતાં ક્યારેય ભગવાનના સંતો-ભક્તો ગૌણ થવા જોઈએ નહીં.

શ્રીહરિ વચ.ગ.પ્ર.૭૨માં ઉત્તમ ભક્તનાં લક્ષણ બતાવતા કહે છે, "જે ભક્ત પોતાને દેહ થકી જુદો જે આત્મા તે રૂપ માને અને દેહના ગુણ જે જડ, દુઃખ, મિથ્યા, અપવિત્રપણું ઈત્યાદિક છે તે આત્માને વિષે માને નહિ અને અછેદ્ય, અભેદ્ય, અવિનાશી ઈત્યાદિક જે આત્માના ગુણ તે દેહને વિષે માને નહિ; અને પોતાના શરીરને વિશે રહ્યો જે જીવાત્મા તેને દેખે અને તે આત્માને વિશે રહ્યા જે પરમાત્મા તેને પણ દેખે અને બીજાના દેહમાં જે આત્મા રહ્યો છે તેને પણ દેખે; અને એવો સમર્થ થયો છે તોપણ એ **આત્મદર્શન થકી ભગવાન અને ભગવાનના સંત તેને અધિક જાણે છે, પણ પોતાને આત્મદર્શન થયું છે તેનું અભિમાન લેશમાત્ર ન હોય; એવાં જેનાં લક્ષણ છે તે ઉત્તમ ભક્ત કહેવાય."**

અખંડ મૂર્તિ દેખાતી હોય તોપણ સંતો-ભક્તો ગૌણ થવા જોઈએ નહીં. જો સંતો-ભક્તો ગૌણ થયા તો અંતકાળે ગમે તેટલી આત્મનિષ્ઠા હશે, ધર્મનિષ્ઠા હશે, વૈરાગ્યનિષ્ઠા હશે, જ્ઞાનનિષ્ઠા હશે તોપણ હૈયું બળ્યા કરશે. ગુણનું અભિમાન તો દૂધ પાઈને ઉછેરેલા સાપ જેવું છે. તે પોતાને જ નડે છે. વર્ષો પહેલા એક હરિભક્ત મને મળ્યા હતા. એ

બ્રહ્મચર્ય પાળતા હતા. એટલે મને કહે, "જે હરિભક્ત બ્રહ્મચર્ય પાળતા ન હોય તે ભક્ત મને દીઠોય ગમે નહીં." આખો સત્સંગ બ્રહ્મચર્ય પાળતો હોય એવું ક્યાંથી બને ? અને એ ક્યાં ગૃહસ્થનો ધર્મ છે ?

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, 'ગોરધનભાઈ ને પર્વતભાઈ મહા સ્થિતિવાળા હતા તોય વર્ષે વર્ષે દીકરા થતા.' તે પર્વતભાઈને પાંચ દીકરા હતા. અને એક તો એમની ચુમ્માલીસ વર્ષની ઉંમરે થયો હતો. તે ભેળા રહે તો થાય, પરંતુ એ તો મહા ભગવદીય હતા. અને દાદા ખાચરને તો મહારાજે બીજી પત્ની કરાવી હતી. છતાં આપણા નંદસંતોએ દાદાખાચર અને પર્વતભાઈ આદિકના પાને પાને વખાણ કર્યા છે. અને અખંડ બ્રહ્મચર્ય પાળતા એવા અલૈયા ખાચરને અન્યનો અભાવ-અવગુણ આવતો તો તેમને નિમ્ન ગણ્યા છે. માટે કોઈ પણ વ્રત-તપાદિક સાધનના બળે કરીને ભગવાનના સંતો-ભક્તોને ગૌણ કરવા તે શ્રીહરિને હરગીજ ગમતું નથી.

જે પોતા કરતા બીજા ભક્તને મહાન માને છે તેને જ શ્રીહરિ મહાન ગણે છે. અને જે બીજાને તુચ્છ માને છે તે અંતે જતા પોતે જ તુચ્છ થઈ જાય છે. માટે સાવધાન રહેવું. જેને સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના છે, નિષ્ઠા છે અને તેમનું અખંડ ધ્યાન-ભજન કરે છે; તો તે કોઈ કરોડો વર્ષોથી બ્રહ્મચર્ય પાળતો હોય, કરોડો પ્રકારે આત્મનિષ્ઠા અને વૈરાગ્યાદિક દૃઢ કર્યા હોય તે કરતા પણ મહાન છે. કેમ જે, સર્વાવતારી શ્રીહરિનો યોગ જ અલૌકિક છે.

આ વાતનો અર્થ કોઈ અવળો ન લેતા. હું બ્રહ્મચર્યાદિક ધર્મ કે આત્મનિષ્ઠાદિક ગુણોનું ખંડન નથી કરતો. તે છોડી દેવાનું નથી કહેતો. પરંતુ આપણાથી બે-પાંચ ધર્મ-નિયમ વધુ પળતા હોય તેના અભિમાનમાં ભગવાનના સંતો-ભક્તોને ગૌણ ન કરવા, તેમ કહું છું.

સ્વરૂપાનંદસ્વામીના જીવનમાંથી આ અતિ અગત્યનું શીખવા

જેવું પાસું છે. આપણે નિઃસ્વાદી વર્તમાન પાળીએ, બ્રહ્મચર્ય રાખીએ, આત્મનિષ્ઠા રાખીએ, વૈરાગ્ય રાખીએ તેનો અર્થ એ ન થાય કે પછી ભગવાનના સંતો-ભક્તોનો મહિમા ઘટાડી દેવો.

ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી, મોટીબા, લાડુબા વગેરે સંતો-ભક્તો સદ્ગુણોના મહાસાગર હતા. અન્ય ધામના મુક્તો પણ આ સંતોના સદ્ગુણોને શીખવા રાત્રી-દિવસ ઝંખતા હતા. છતાં તેઓ સહુના દાસના દાસ થઈને રહેતા હતા. નિર્માની થઈને રહેતા. અને સહુનો મહિમા સમજતા. શ્રીહરિના સંબંધે સહુને ચૈતન્યની મૂર્તિ સમજતા.

માટે કોઈ પણ સાધનના બળે કરીને શ્રીહરિ કે સંતો-ભક્તોનો મહિમા ઘટાડવાનો ધંધો ન કરવો. સંતો-ભક્તોમાં વિશ્વાસ અને પ્રીતિ ઓછા ન થવા દેવા. કેમ જે, સર્વે સાધનો શ્રીહરિ અને સંતો-ભક્તોનો મહિમા, પ્રીતિ અને વિશ્વાસ વધારવા માટે જ છે, ઘટાડવા માટે નથી. આપણે તો શ્રીહરિ અને તેમના મુક્તોની સાથે અક્ષરધામમાં અખંડ ભગવાનની સેવામાં રહેવું છે. માટે અંતે તો સાધનો છોડી દેવાના છે. અને શ્રીહરિ અને સંતો-ભક્તો તો ધામમાં પણ આપણી સાથે રહેવાના છે. આપણે તે મુક્તોના સાનિધ્યમાં જ ધામમાં શ્રીહરિનો આનંદ માણવાનો છે. માટે નાશવંત પદાર્થો કે સાધનના જોરે ભગવાન કે ભગવાનના સંતો-ભક્તોને ક્યારેય ગૌણ પડવા દેવા નહીં.

અમુક સ્થળે થોડા ઝાઝા હરિભક્તો ભેગા થઈને પોતાની રીતે કથા-વાર્તા કરતા હોય, થોડા ઘણા શાસ્ત્રોનું વાંચન કર્યું હોય, વક્તા બની થોડું ઝાઝું બીજાને સમજાવ્યું હોય પછી તે ટોળું થઈ જાય. અને એમ વાતો કરતા હોય છે કે, 'આપણે સમજીએ છીએ એવું તો સંપ્રદાયમાં કોઈ હરિભક્તો સમજતા નથી. અને ક્યાંય મોટા મોટા સાધુને પણ આપણા જેવું જ્ઞાન નથી.' આમ થોડું જ્ઞાન થાય ત્યાં તેના કેફમાં કોઈ

સંતો-ભક્તોનો મહિમા ન રહે. આ સમજણ કે જ્ઞાનની ખુમારી ન કહેવાય ખોટી વેવલાઈ અને અહંકાર કહેવાય. આવા કહેવાતા જ્ઞાની અને ખરેખર અજ્ઞાની ગામડે-શહેરે ઘણાય હોય છે.

ભગવાન જેવા ગુણ આવે છતાં સહુનો દાસનો દાસ થઈ રહે અને સહુ સંતો-ભક્તોને પોતાથી મોટા માને તે જ સાચો જ્ઞાની છે. અને શ્રીહરિ તેવા સંત-ભક્તને જ પોતાનો પ્રાણપ્યારો માને છે. જે થોડાક જ્ઞાન કે નિયમ-ધર્મના બળે સંતો-ભક્તોને ગૌણ કરી નાખે છે અને ભોળા ભક્તોને પણ અહંને કારણે અવળે રસ્તે ચડાવે છે તેને એક દિવસ રોવાનો વારો આવવાનો છે. જે દિ' પુરુષોત્તમનારાયણ હૈયામાં બળતરા મૂકશે તે દિ' પોતાના મનમાનેલા જ્ઞાન, સિદ્ધાંતો કે સાધનો એને કોઈ કામમાં આવશે નહીં. માટે આત્મનિષ્ઠાદિક કોઈ પણ ગુણના કેફે કરીને સંતો-ભક્તોને ક્યારેય ગૌણ માનવા નહીં.

સ્વરૂપાનંદસ્વામી સદ્‌ગુણની ખાણ જેવા સંત હતા. શ્રીહરિ તેને વશ વર્તતા હતા. ભગવાન જેવું તેમાં ઐશ્વર્ય હતું. સ્વામીનું બધું જ મહારાજને ગમતું હતું, પરંતુ ગુણના ગર્વમાં એકવાર મનમાં સંતો સહેજ ગૌણ થયેલા તે શ્રીહરિને ગમ્યું ન હતું. થોડીવાર પણ સંતો-ભક્તો ગૌણ થાય તે મહારાજને ન ગમતું હોય અને તેનો પાઠ શીખવાડવા શ્રીહરિ આવા સંતને પણ અંતે આવી બળતરા મૂકતા હોય તો જે વાતની વાતમાં સંતો-ભક્તોને ગૌણ કરી નાખતા હોય, અને ગમે તેનો અભાવ-અવગુણ બોલતા હોય તેની અંતે શું દશા થશે ? જે દિ' પ્રભુ કસોટી લેશે તે દિ' ભૂક્કા કાઢી નાખશે. માટે ચેતી જજો. ભગવાન આપણને પાઠ ભણાવે એ પહેલા જ આપણે એનું ગમતું કરવા મંડીએ તો આપણું જ્ઞાન કે સાધનો આપણને કામ લાગ્યા કહેવાય.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'વ્યાપકાનંદસ્વામીનો અક્ષરવાસ અને સ્વામીના મંદવાડનું રહસ્ય સમજાવ્યું' એ નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય-૨૫

સ્વામીની અંતિમ પ્રાર્થના અને અક્ષરવાસ

સાધુતાની મૂર્તિ એવા સ્વરૂપાનંદસ્વામીને મહારાજમાં અસાધારણ હેત હતું. તેથી મહારાજ તેમને શાંતિ પમાડવા માટે નિત્ય રાત્રીએ શણગાર સજીને આવતા. અને ચાર ઘડી સુધી નિત્ય નવી વાતો કરતા. તે સાંભળીને સંત તૃપ્ત થતાં નહીં. અરુણોદય થાય ત્યારે પાર્ષદો સૂચન કરે, તેથી મહારાજ દાદા ખાચરના દરબારમાં આવતા ને પલંગ પર સૂઈ જતાં. આમ, નિત્ય મહારાજ સ્વામીને દર્શન દેવા જતાં. ત્યાં કોઈ દિવસ પ્રેમાનંદસ્વામી પાસે કીર્તન ગવડાવતા, ક્યારેક રામાનંદસ્વામીની વાતો કરતા, ક્યારેક આત્માનંદસ્વામીની ચમત્કારી વાતો કરતા. ક્યારેક આશ્ચર્યકારી ષટ્ચક્રની વાતો કહેતા, તો ક્યારેક અયોધ્યાપુરીની વાતો કરતા, ક્યારેક વનવિચરણના અજાણ્યા ચરિત્રો કહેતા. જ્યાં સુધી શ્રીહરિ વાતો કરે, દર્શન આપે ત્યાં સુધી સ્વામીના અંતરમાં શાંતિ રહેતી. તે વિના બીજા સમયમાં બળતરા થાતી.

સ્વરૂપાનંદસ્વામીની સેવામાં નિષ્કુળાનંદસ્વામી તથા પરમહંસાનંદ સ્વામી હતા. તેમને પણ આ વાતોનો લહાવો મળતો. જ્યારે અરુણોદય થાય ત્યારે પાર્ષદો સૂચન કરે એટલે શ્રીહરિ ચાલી નીકળતા. આ ક્રમ નિત્ય ચાલતો.

શ્રીહરિ વાતો કરતા જ્યારે બંધ થઈ જાય ત્યારે સ્વરૂપાનંદસ્વામીના દેહમાં બહુ જ દાહ થતો. આખું શરીર બળવા લાગતું. તેના શમન માટે સેવા કરવાવાળા સંતો તેમને લીલી દ્રાક્ષ ખવરાવતા, સાકરનું પાણી પાતા. પાણીનો છંટકાવ કરતા. ચંદનનો લેપ કરતા. શ્રીહરિ પોતે પણ ચંદન ઉતારી કટોરો ભરી તેમના અંગે લેપ કરતા. એમ ઠંડકના બધા ઉપાયો કરવા છતાં દાહની પીડામાં ફેર પડતો નહિ.

પછી એક દિવસ શ્રીહરિએ તેમને કહ્યું,

दोहा : देह में तुम वरतत नाहीं, तिन अवस्थामाहीं ।।
एसे रहाये सिद्ध महा, बात कहां रहाहीं ।।२६।।

"સ્વામી ! તમે મહા સમર્થ છો. ત્રણ દેહ અને ત્રણ અવસ્થાથી પર વર્તો એવા મહાન સિદ્ધ છો. માટે આ દેહની બળતરા તમારે શું હોય ? આત્માને કોઈ દેહના દુઃખ નડે નહીં ?" આમ જ્યાં શ્રીહરિએ કહ્યું ત્યાં સ્વામીના હૈયામાં ઝબકારો થયો. કારિયાણીમાં પોતે આત્મનિષ્ઠાનું અભિમાન કરીને સંતને ગૌણ કર્યા હતા તે સમજાઈ ગયું. હૈયામાં પસ્તાવાનું ઝરણું ફૂટ્યું. અને બે હાથ જોડી કહે,

तब मुनि कहे करजोरही, सिद्धपने को अभिमान ।।
विघ्न से बचाये तुम हरि, समर्थ हीं तुम भगवान ।।२७।।

"હે નાથ ! તમે મહા સમર્થ છો. સર્વોપરી ભગવાન છો. આજ આપે કૃપા કરી મને સિદ્ધપણાના અભિમાનરૂપી વિઘ્નથી બચાવ્યો છે. હે વ્હાલા ! આપ વિના આ સિદ્ધપણાના અભિમાનના વિઘ્નથી મને કોણ બચાવવા સમર્થ છે ? હવે મને સમજાયું છે કે આ અભિમાન જ મને બળતરારૂપે વિઘ્ન કરી રહ્યું છે.

सोरठा : तुम ही करो जिसविध, तिसविध होवत सबहि ।।
तुम हो सिद्ध की निध, जथार्थ अब देख परेउ ।।२८।।

હે નાથ ! તમે જે કરો તે થાય. મારે આત્મનિષ્ઠા સિદ્ધ છે. ત્રણ દેહ કે ત્રણ અવસ્થાને ક્યારેય હું મારું સ્વરૂપ માનતો નથી. છતાં આ બળતરાનો અનુભવ થાય છે, તે આપની ઈચ્છાથી થાય છે. આપે મને આ દંડ દીધો છે. આપ તો અનંતકોટિ બ્રહ્માંડના તમામ જીવોને સુખ અને દુઃખનો અનુભવ કરાવનારા છો. તમારા વિના બીજો કોઈ કર્મફળપ્રદાતા પરમેશ્વર નથી. તમે જ ભૂલોને સમજાવો છો. અને સુધરાવો છો. આપ સિવાય અકારણ કરુણા કરીને અમારું ભલું કરે એવો બીજો કોણ છે ? કોઈ નથી. આપ તો સિદ્ધોના પણ નિધિ છો. અર્થાત્ સિદ્ધોના પણ સિદ્ધ છો, સર્વજ્ઞ છો.

तुम न देखावो भूल, जन-देव सें न देख परत ।
तुमारी कोउ न तूल, अक्षरधाम लग हि अब ।।२९।।

હે નાથ ! તમે જો ભૂલ ન દેખાડો તો મોટા મોટા દેવો કે લોકોને પણ પોતાની ભૂલ દેખાતી નથી. અત્યારે હું દૃષ્ટિ કરીને જોઉં છું કે અનંતકોટિ બ્રહ્માંડમાં કે અક્ષરધામ સુધી તમારા જેવો બીજો કોઈ સમર્થ નથી. આપ જ એક સર્વોપરી ભગવાન છો. એકમેવાદ્વિતીયં બ્રહ્મ મૂર્તિ આપ છો. હે પ્રભુજી ! આ શરીર ક્યારેય જીવવાનું છે નહિ. તેથી હું આપને શરણે આવ્યો છું. તમે જેવા તનમાં રાખ્યો તેવા તનમાં આજ સુધી હું રહ્યો. અને હવે જેવા તનમાં રાખશો તેવા શરીરમાં હું રહીશ. પરંતુ તે તે શરીરમાં રહ્યા થકા પણ ક્યારેય આપની આ મૂર્તિની વિસ્મૃતિ ન થાય, એક તમારું જ બળ રહે, તમારા સંતો-ભક્તોનું જ બળ રહે, ક્યારેય સાધનનું બળ ન આવી જાય; એવી કૃપા કરો.

चोपाई :

तुमारी यह मूर्ति ताकी, विस्मृति न कबउ होवे वांकी ।।३१।।
तुम चरित्र अब करेउ जे ते, देखे में सब आयेउ ते ते ।
ताकी विस्मृति कबहु न होउ, कर जोरि ईतनो मागत सोउ ।।३२।।
तुमारे भक्त के द्रोह न होई, अजान में कोउ तनमें जोई ।
तुमारी सेवा में मति मोरी, नित रहे ईतनो वर दीयोरी ।।३३।।

આપની આ મૂર્તિની મને ક્યારેય વિસ્મૃતિ ન થાઓ. આપે આ વખતે જે જે ચરિત્રો કર્યાં છે તે બધાં મેં મારી નજરે નિહાળ્યાં છે. તો હવે પછી તે ચરિત્ર ક્યારેય મને ભૂલાય નહીં, એવી માંગણી હું બે હાથ જોડીને કરું છું. વળી, કોઈ પણ દેહમાં રહ્યો હોઉં પરંતુ અજાણતા અને ભૂલથી પણ આપના કોઈ નાના-મોટા સંતો-ભક્તોનો સૂક્ષ્મ દ્રોહ પણ ન થાય એવી કૃપા કરો. તેઓ મને ક્યારેય ગૌણ ન મનાય. સંતો-ભક્તોના અભાવ-અવગુણ કે દ્રોહરૂપી પાપથી મને

સદાય બચાવજો. અને કાયમ આપની સેવામાં મારી બુદ્ધિ સ્થિર થઈને રહે. આટલા વર હું માગું છું. માટે આપ કૃપા કરીને આ વરદાનો મને આપો.

धाम में जाना हे हाथ तुमारे, यामें नहीं कछु जोर हमारे ।
तुम दीये तिहां लग रहे जोरा, खिंच लीये जोर अब रहे कोरा ।।३४।।

વળી, હે સર્વાવતારી શ્રીહરિ ! હે હૃદયેશ્વર મહારાજ ! મારે ધામમાં જવું કે ન જવું તે આપના હાથમાં છે, તેમાં મારું કાંઈ બળ ચાલતું નથી. જ્યાં સુધી આપે બળ આપ્યું ત્યાં સુધી મારું જોર રહ્યું હતું. તે જોર આપે ખેંચી લીધું એટલે હવે હું સાવ કોરો થઈ ગયો છું."

ગમે તેવા સિદ્ધ ગણાતા હોય; મોટા ગણાતા હોય; અનેક જીવનો ઉદ્ધાર કરતા હોય; અનેક પરચા પૂર્યા હોય; બીજાને સમાધિઓ કરાવતા હોય, પરંતુ એ બધી સામર્થી શ્રીજીમહારાજની છે. મહારાજ જ્યાં સુધી ચાલવા દે, ત્યાં સુધી ચાલે. એ જ્યારે સામર્થી ખેંચી લે ત્યારે કોઈનું કાંઈ ચાલે નહીં. માટે હંમેશાં સહુને નમતા રહેવું, સહુનું ખમતા રહેવું અને શ્રીહરિ અને સંતોને ગમતા રહેવું. શ્રીહરિ અને સંતો પાસે ખોટી હોંશિયારી ન કરવી. ત્યાં હાથ જોડવા. હાથ જોડવાથી જે મળે છે તે હોંશિયારી કે યુક્તિ-પ્રયુક્તિ કરવાથી મળતું નથી.

સ્વરૂપાનંદસ્વામીએ હાથ જોડી આર્તનાદપૂર્વક હરિવરને પ્રાર્થના કરી. ત્યારે મહારાજે કહ્યું, "સ્વામી ! અમારા સર્વ ચરિત્ર, ક્રિયા તથા નામસ્મરણ એ કલ્યાણકારી છે. તે વિના સૂઝે તેટલું આત્મામાં લીન રહેશો તોપણ શાંતિ નહિ થાય. અરે ષટ્ચક્ર દેખાય કે ગોલોક-વૈકુંઠધામ દેખાય તોય શાંતિ નહિ થાય. માટે હે મુનિવર ! અમે જીવા ખાચર તથા દાદા ખાચરના દરબારમાં બહુવાર રંગે રમ્યા છીએ; તે દરબારના ઓરડાઓ અમે ઘણીવાર રંગથી ભરી દીધા છે. તેને તમે ઘણીવાર જોયું છે. તથા સંતો-હરિભક્તોની સભા ભરી છે, તે સર્વે પણ તમે જોયું

છે. માટે જે સભાની મધ્યે અમે પ્રગટ બેઠા હોઈએ તથા અમે જ્યાં રંગે રમ્યા છીએ, તે બધાનું તમારા ચિત્તમાં સ્મરણ કરો. તેથી તમારી બળતરા દૂર થશે." શ્રીહરિની વાત સાંભળી સ્વામી રાજી થયા. પછી,

एसे चिंतवन मुनि करे जबहु, अंतर में सुख हो गये तबहु ।
अंतर सुख भये जेही वारा, तन में सुख हो गये तेहि वारा ।।३७।।

મહારાજના કહેવા મુજબ સ્વામીએ એવી રીતે ભગવાન અને ભગવાનના સંબંધવાળા સંતો-ભક્તો તથા વસ્તુ-પદાર્થને મહાન માની અહોભાવ સાથે તેનું ચિંતવન કર્યું. શ્રીહરિના સંબંધે સંતો-ભક્તો તથા વસ્તુ-પદાર્થને દિવ્ય માની સંભાર્યા ત્યાં સ્વામીના અંતરમાં શાંતિ થઈ ગઈ. દરેક વ્યક્તિને પોતે પોતાની રીતે પોતામાં માની લીધેલી મહાનતા અને શ્રેષ્ઠતારૂપી માન જ દુઃખ દે છે. જ્યારે આપણે શ્રીહરિ અને સંતો-ભક્તોને મહાન માનીએ એટલે તરત અંતરમાં શાંતિ થાય. પછી કોઈ વાતનું દુઃખ ન રહે. માટે શ્રીહરિના સબંધવાળી વ્યક્તિ હોય કે વસ્તુ હોય તેમાં ક્યારેય ગૌણભાવ કે માયિકભાવ ભૂલેય ન કરવો, ઊંઘમાંય સાવધાન રહેવું.

શ્રીહરિની જ બીજી અનેક વાતો સાંભળવા છતાં સ્વરૂપાનંદસ્વામીને શાંતિ નહોતી થઈ, પરંતુ મહારાજના કહેવા મુજબ શ્રીહરિના સબંધવાળી વસ્તુ અને સંતો-ભક્તોની મહાનતા સ્વીકારી એટલે તરત અંતરમાં ટાઢું થઈ ગયું. મનના રોગ જ મોટે ભાગે તનમાં હેરાન કરતા હોય છે. મન નિરોગી થાય તો તન આપોઆપ નિરોગી થઈ જાય. ભગવાનના સંબંધમાં આવેલા સંતો-ભક્તો કે વસ્તુ-પદાર્થને દિવ્ય અને ભવ્ય સમજવાથી મન નિરોગી થાય છે. એવું આ કથા સમજાવે છે.

दोहा : मायिक तन को त्याग हि, कर दीने ततखेव ।
गये मुनि अक्षरधाम प्रति, देखत सब संत रहेव ।।३८।।

જ્યારે મનનો રોગ નાશ પામ્યો ત્યારે તરત જ શ્રીહરિની

સાનિધ્યમાં સ્વામીએ માયિક શરીર છોડી દીધું અને અક્ષરધામમાં ગયા. સ્વરૂપાનંદસ્વામી અક્ષરધામમાં ગયા તે સહુ સંતોએ પ્રત્યક્ષ જોયું. આ વાત વર્ણવતા વચ.ગ.મ.૩૫માં શ્રીજીમહારાજ કહે છે, **"અમારા સર્વે ચરિત્રો, ક્રિયા તથા નામસ્મરણ તે કલ્યાણકારી છે.** આવી રીતે અમે સ્વરૂપાનંદસ્વામીને વાત કરી હતી. તે વાર્તાને અંતરમાં ધારી ત્યારે તેમના દેહમાં જે મંદવાડનું ઘણું દુઃખ હતુ તે સર્વે નિવૃત્તિ પામી ગયું ને પરમ શાંતિ થઈ. પણ એ ઘણાય આત્માને દેખતા, તોપણ તેણે કરીને કાંઈ સિદ્ધિ થઈ નહીં." માટે સુખિયા થાવું હોય તો અખંડ શ્રીહરિનું સ્મરણ, શ્રીહરિનાં ચરિત્રો સંભારવા. અને શ્રીહરિની આજ્ઞા-ઉપાસનામાં ખબરદાર થઈને વર્તવું.

પછી શ્રીજીમહારાજે વિમાન આકારે સુંદર પાલખી બનાવી. ભક્તિબાગમાં ઉન્મત્તગંગાને કિનારે સહુ ગાજતે-વાજતે ગયા. ત્યાં સ્વરૂપાનંદસ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો. *(સંદર્ભ : હ.ચ.સા.૧૫/૪૭)*

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની અંતિમ પ્રાર્થના અને અક્ષર-વાસનું નિરૂપણ કર્યું' એ નામે પચ્ચીસમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય-૨૬

નૃસિંહ અવતાર સ્વરૂપાનંદસ્વામી તથા સેવક પર રાજીપો

ગઢપુરમાં ભક્તિબાગમાં સદ્‌ગુરુ સ્વરૂપાનંદસ્વામીનો તથા ભાઈ રામદાસજીનો અગ્નિસંસ્કાર કર્યો ત્યારે તે બંનેની અંતિમ યાત્રામાં મહારાજ ત્યાં ભેળા ગયા હતા. ને મહારાજે ત્યાં તે બેય મહાપુરુષોના મહિમાની કેટલીક વાતો કરી હતી. પછી જ્યારે સ્વરૂપાનંદસ્વામીનો અગ્નિસંસ્કાર થઈ રહ્યો ત્યારે મહારાજ એમ બોલ્યા હતા જે, "આ સ્વરૂપાનંદસ્વામી નૃસિંહજી ભગવાનનો અવતાર હતા. અનેક સદ્‌ગુણોની ખાણરૂપ હતા. તેમના દ્વારા અમે અનંત આત્માઓનો ઉદ્ધાર કર્યો છે. સ્વામી દ્વારા

અમે યમપુરી દૂધે ધોઈ હતી." આમ અનેક રીતે સ્વામીના સદ્ગુણોને બિરદાવ્યા. પછી કહે, "જાતે દહાડે અહીં નારસિંહી શીલા કહેવાશે."

વળી, ભાઈરામદાસજીનો અગ્નિ સંસ્કાર થઈ રહ્યા પછી શ્રીહરિ કહે, "આ શંકરનો અવતાર હતા. તે સ્થળ શરભેશ્વર મહાદેવ કહેવાશે. અને આ વખતે અમારા તેજ બળના પ્રતાપે તેમનું કાંઈ સામર્થ્ય જણાણું નથી, પણ પાછલા દિવસે બદરિકાશ્રમમાં રહેલ શરભેશ્વર અને નારસિંહી શીલાનું જેવું માહાત્મ્ય છે તેવું જ આ સ્થળનું માહાત્મ્ય થશે." આમ, આ સંતોની મહાનતાની વાર્તા સહુને કહીને પછી મહારાજ દરબારગઢમાં પધાર્યા. *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૧૩)*

શ્રીહરિએ દરબારગઢમાં આવીને ગુણાનુવાદસભા કરી. તેમાં પણ બહુવાર સુધી સ્વરૂપાનંદસ્વામીના ગુણો અને મહાનતાને બિરદાવી. પછી તેમની સેવા કરતા નિષ્કુળાનંદસ્વામી અને પરમહંસાનંદસ્વામી ઉપર બહુ પ્રસન્ન થયા. તેમને ભાવથી ભેટ્યા અને વારેવારે ઉત્સવોમાં સંતો-ભક્તોની સભામાં આ બંને સંતોની પ્રશંસા કરી મહારાજ કહેતાં,

सोरठा : दुःखी संत की जो जेही, दुःखी वर्णी पदात्ति हुकि ।
सेवा करत हित तेही, सेवा मेरी कियेउ यह ।।४१।।

"બીમાર કે દુઃખી સંત, વર્ણી અને પાર્ષદોની જે સેવા કરે છે, તે મારી જ સેવા કરે છે; એમ જાણવું." વળી, શ્રીહરિ કહેતા, "આપણા સત્સંગમાં જે સંતો, પાર્ષદો ને ભક્તો છે તે બધા અલૌકિક છે.

सोरठा : मायिक तन कर जोउ, मायिक देखे आत तेहि ।
मायिक न देखना सोउ, सत्संग के जोग कर हि ।।
सत्संग हि जेतेउ, करत भये जन हि जेहि ।
अलौकिक रहे तेउ, समझना दृढ एसे मन ।।

માયિક શરીરના યોગથી ભલે તે માયિક દેખાય; પરંતુ સત્સંગના યોગે કરીને તેમને માયિક જોવા નહીં. સહુને દિવ્યભાવે જોવા. જે

મનુષ્યએ સત્સંગ સ્વીકાર્યો છે, તે બધા અલૌકિક છે એમ દૃઢપણે માનવું. **જે સંતો-ભક્તોને જેવા માને છે તેવો તે પોતે બની જાય છે. સંતો-ભક્તોને બ્રહ્મની મૂર્તિ સમજે તો તે પોતે બ્રહ્મરૂપ બની જાય છે. માટે જે બીમાર સંતો-ભક્તો કે પાર્ષદોની અલૌકિક ભાવે સેવા કરે છે તે તત્કાળ અલૌકિક સ્થિતિને પામે છે.** અને અલૌકિક ભાવે સેવા કરવી તે સત્સંગની રીતી છે. તે સેવાથી થયેલો લાભ કોઈ કાળે નાશ થતો નથી. મોક્ષ માટે આ અતિ ઉત્તમ વાત છે.

જે કોઈ પણ પદાર્થના લોભથી સંતો-ભક્તોની સેવા કરે છે તેની માયિક મતિ સમજવી. અને તેને તેનું ફળ પણ માયિક જ મળે છે. કેમ જે, પદાર્થના લોભથી જે સેવા કરે છે તેના ઉપર શ્રીહરિ તથા સંતો-ભક્તો ક્યારેય દિલથી પ્રસન્ન થતા નથી. જ્યારે ભગવાન અને સંતના વચનની મહત્તા પદાર્થ કરતા વધારે સમજાય ત્યારે જ શુદ્ધભાવે સેવા થાય છે. અને શુદ્ધભાવે સેવા થાય ત્યારે તરત જ અંતઃકરણ પણ શુદ્ધ થઈ જાય છે." *(સંદર્ભ : હ.ચ.સા.૧૫/૪૮)*

સદ્‌ગુરુ સ્વરૂપાનંદસ્વામીની શુદ્ધભાવ સાથે અતિ શ્રદ્ધા રાખી નિષ્કુળાનંદસ્વામી અને પરમહંસાનંદસ્વામીએ સેવા કરી. તેથી શ્રીહરિએ વારેવારે તેમની પ્રશંસા કરી અને ખૂબ જ રાજીપો આપ્યો. આવી રીતે પ્રગટ ભગવાન કે મોટા સંતનો રાજીપો જીવને માયા પાર કરી દે છે. પરંતુ મનધાર્યું મૂકી શ્રીહરિ અને સંતના ગમતામાં રહીએ ત્યારે જ તેઓ રાજી થાય છે. અને **સત્સંગમાં આવ્યા પછી શ્રીહરિ અને મોટા સંતની પ્રસન્નતા પ્રાપ્ત કરવી એ જ સત્સંગનું ફળ છે. જે રોજેરોજ શ્રીહરિ અને સંતમાં પ્રીતિ વધારતો જશે અને પ્રસન્નતા મેળવતો જશે તે ટૂંક કાળમાં છતાં દેહે અક્ષરધામનો મુક્ત બની જશે.** મોટા સંતની અમીદૃષ્ટિથી જ આપણું અધુરું પૂરું થાય છે. અને સર્વે સિદ્ધિ પ્રાપ્ત થાય છે. આ વાત ક્યારેય ભૂલવી નહીં.

શ્રીહરિના દર્શનના લોભે અને ઉત્સવનો આનંદ માણવાના

ઉત્સાહમાં મોટા વ્યાપકાનંદસ્વામીને સંતો એકલા આવ્યા. આ વાતને જ્યારે શ્રીહરિને ખબર પડી ત્યારે મહારાજ તે સંતો ઉપર નારાજ થયા હતા. માટે આપણે ક્યારેય મહારાજ કે મોટા નારાજ થાય એવું કાંઈ પણ કરવું નહીં. સારું ન થાય તો ચાલશે, પરંતુ ખરાબ તો ન જ કરવું. પાછળથી પસ્તાવું પડે, રોવું પડે એવું કોઈ કાર્ય પ્રથમથી જ ન કરે તે બુદ્ધિશાળી છે. જે સહુના ગુણ લે છે, સહુનો મહિમા રાખે છે, સહુમાં શ્રીહરિને જુએ છે અને શુદ્ધભાવે સેવા કરે છે તેને ક્યારેય પસ્તાવાનો વારો નહિ આવે.

માટે શ્રીહરિ અને સંતોને રાજી કરવા સત્સંગમા રહેલા સહુ સંતો-ભક્તોને અલૌકિક સમજવા. અને અહોભાવ સાથે સેવા કરવી; તો મહારાજ બહુ રાજી થશે. કેમ જે મહારાજે શિક્ષાપત્રીમાં લખ્યું છે જે, માતા, પિતા, ગુરુ અને રોગાતુર એવો જે કોઈ મનુષ્ય તેમની સેવા જીવંત પર્યંત કરવી જુઓ, હરિભગત ન હોય અને આપણા સબંધી કે ઓળખીતા ન હોય એવા માંદાની પણ સેવા કરવાની આજ્ઞા કરી છે તો માતા-પિતા, ગુરુજનો કે સંતો-ભક્તોની સેવા તો કરવી જ જોઈએ તો ભગવાન બહુ જ રાજી થાય.

અંતમાં સ્વરૂપાનંદસ્વામીના થોડા સદ્ગુણોને યાદ કરી વંદના કરીએ જેથી એવા સદ્ગુણો આપણામાં પણ આવે.

પૂર્વછાયો : માયિક પદાર્થ નો'તું પેસતું, કદી જેના અંતર મોઝાર;
અણીશુદ્ધ જીવન જીવતા, સહુનો આદર્શ થનાર...૬૬
ધન્ય ધન્ય સ્વામીની સાધુતા, જેણે વશ કર્યા ભગવાન;
વંદન કરીએ કોટી કોટી, એવા સ્વરૂપાનંદ મહાન...૬૭

જે અખંડ આત્મસ્થિતિમાં વર્તતા હતા, મહારાજની મૂર્તિને અખંડ દેખતા હતા, સદેહે લોક-પરલોકમાં ગતિ કરતા, જેને કોઈ આવરણ આડું આવતું નહીં અને જેનાં દર્શનમાત્રથી અનેક જીવનો ઉદ્ધાર થતો. એવા આ સંતને કોટિ કોટિ વંદન...

દોહા : અખંડ આત્માની સ્થિતિમાં, જે લીન રહેનાર;
પોતાની વૃત્તિમાં હરિને, રાખતા એકતાર...૬૮
શ્રીહરિના સંત મોટા, સ્વામી સ્વરૂપાનંદ;
એવા ગુણ મને આપજો, કૃપાથી સહજાનંદ...૬૯
આવા આખ્યાન સુણતા, કહેતા શાંતિ થાય;
રાજી થાય હરિ તેથી, તેવા ગુણ પમાય...૭૦

જેમને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાને નરસિંહ ભગવાનનો અવતાર કહીને બિરદાવ્યા છે; એવા સમર્થ સિદ્ધયોગી, સમાધિનિષ્ઠ, શ્રીહરિના પ્રતાપે નરકના કુંડ ખાલી કરનાર અને અખંડ શ્રીહરિની મૂર્તિમાં રમનાર સ્વરૂપાનંદસ્વામીનાં શ્રીચરણોમાં કોટી કોટી વંદન...

આ આખ્યાન આપણે શ્રીહરિ તથા સ્વરૂપાનંદસ્વામીનાં ચરણોમાં સમર્પણ કરી ગદ્‌ગદભાવે પ્રાર્થના કરીએ કે, **'હે શ્રીહરિ ! હે સ્વામી ! અમારા જીવનમાં પણ આપનું ગમતું હોય એવું જ થાય. આપને જે ન ગમતું હોય તેવા વિચારો પણ અમને ક્યારેય ન આપતા. અને તમારા ગમતામાં અમારું સર્વસ્વ ખર્ચી નાખજો. એ જ પ્રાર્થના...'**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પ્રથમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામી નૃસિંહજીનો અવતાર હતા તથા સ્વામીની સેવા કરનાર સંતોની પ્રશંસા કરી' એ નામે છવ્વીસમો અધ્યાય થયો. ॥૨૬॥

**ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી લિખિત
શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે
સિદ્ધયોગી સદ્‌ગુરુ શ્રીસ્વરૂપાનંદસ્વામીનું આખ્યાન કહ્યું
એ નામે પ્રથમ પ્રકરણ સમાપ્ત ॥૧॥**



શ્રીસ્વામિનારાયણીય

સંતઆખ્યાન

૨ ધ્યાનમૂર્તિ

સદ્‌ગુરુ શ્રીનૃસિંહાનંદસ્વામીનું

આખ્યાન

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

ધ્યાનમૂર્તિ
સદ્. શ્રીનૃસિંહાનંદસ્વામી(મોટા)નું આખ્યાન

પ્રકરણ-૨

અધ્યાય-૧
મંગલાચરણ

પૂર્વછાયો :

સર્વકર્તા છો એક શ્રીહરિ, તમે પુરુષોત્તમ સદાય;
તમારી મરજી વિના વહાલા, કોઈથી તરણું ન તોડાય...૦૧

આનંદ મૂર્તિ તમે એક છો, તમે જ મારે આનંદ;
અખંડ સુખ આપો આપનું, મારા પિયુ સહજાનંદ...૦૨

સર્વોપરી છો શ્રીહરિ, સદાય સુખના ધામ;
હૈયે વસો મારે સદા, કરાવો તુજમાં વિરામ...૦૩

ગુણલા ગાવા તવ સંતના, મારે હૈયે છે ઘણી હામ;
મોટા નૃસિંહાનંદ સ્વામીની,કથા સાંભળો સુખધામ...૦૪

વહાલા ભક્તો ! મોટા નૃસિંહાનંદસ્વામીનું આખ્યાન મુમુક્ષુને મોક્ષમાર્ગે દીવાદાંડીરૂપ છે. અનુભવી ભોમિયાની ગરજ સારે તેવું અદ્‌ભુત છે. આપ સહુ સંતો-ભક્તો રાજી થાઓ એવા હેતુથી ઘણી મહેનતથી સંશોધન કરીને જે-તે પ્રસંગોને આલેખી રહ્યો છું અને તેને

જરૂરી દોહા-ચોપાઈથી ગૂંથી રહ્યો છું. એક મહાન સંતના ઈતિહાસમાં ડોકિયું કરવાથી શ્રીહરિની પ્રેરણાથી અંતરમાં જે પ્રકાશ થયો, તે તમારી આગળ પીરસું છું.

મારું એવું માનવું છે કે, પૃથ્વીના વજન કરતાં પણ કર્તૃત્વનો વજન વધારે ભારે છે. અર્થાત્ જેને જેટલું કર્તાપણાનું અભિમાન વધારે હોય, તેટલો તે માણસ ટેન્શનથી, ચિંતાથી, ભયથી દબાયેલો રહે છે. જાણે કે માથે પૃથ્વી કરતા પણ વધારે વજન મૂક્યું હોય એવો પીસાય છે. 'આ હું કરું છું.' 'આ મેં કર્યું છે.' 'આ મારે કરવાનું છે.' આવું કર્તાપણાનું અહં એ વ્યક્તિ-વ્યક્તિની ભયંકર આંતરિક પીડા છે, એક વિચિત્ર પ્રકારનો રોગ છે. આ રોગ જ જીવને શ્રીહરિનો યોગ થવા દેતો નથી. અને કોઈ પ્રકારની શાંતિ રહેવો દેતો નથી.

સર્વત્ર શ્રીહરિનું જ કર્તાપણું મનાય અને પોતાને અકર્તા મનાય, ત્યારે જ આ રોગથી બચી શકાય. 'હું કર્તા એ જ બંધન છે અને શ્રીહરિ જ સર્વમાં કર્તા મનાય એ જ મુક્તિ છે.' અકર્તા રહેનાર આત્મા જ હળવોફૂલ રહી શકે છે. અકર્તા થાય ત્યારે જ અહં ચૂરેચૂરા થાય છે. અહં અનેક દુ:ખનો જનક છે. અહં અને આનંદને વૈર છે. માટે જેટલો અહં વધારે એટલો ઉદ્વેગ વધારે.

આંતરિક જગતની તમામ જગ્યા અહં રોકી લે છે. તેથી અંતરમાં શ્રીહરિ હોવા છતાં તેમની અનુભૂતિ થતી નથી. ભગવાનનું કર્તૃત્વ સ્વીકારાય અને પોતે અકર્તા બને ત્યારે અંતરમાં જગ્યા ખાલી થાય છે. પછી એમાં ભગવાનનો આનંદ પ્રગટે છે, સ્વયં ભગવાન પ્રગટે છે. આ આખ્યાન આપણને અહંશૂન્ય થવાની પ્રેરણા આપે છે. શ્રીહરિના કર્તૃત્વને સ્વીકારીને જીવન ઝંપલાવવાની ટકોર કરે છે.

રેકોર્ડિંગ થયેલી કેસેટમાં બીજું રેકોર્ડિંગ થાય નહિ; ને જો તેમાં ફરી સારું રેકોર્ડિંગ કરવું હોય તો પહેલાં કરેલું રેકોર્ડિંગ ડીલેટ કરી

નાખવું જોઈએ; તો જ ફરીવાર સારું રેકોર્ડિંગ થાય. તેમ ‘આ મેં કર્યું છે.’, ‘આ હું કરીશ.’, ‘આ મારું છે.’ આવું ખરાબ રેકોર્ડિંગ આત્મારૂપી કેસેટમાં થયેલું છે. આમ, ‘હું’ અને ‘મારું’ એવી અહં-મમતારૂપ માયાથી આત્મા પૂરો ભરેલો છે; તેથી શ્રીહરિનાં દર્શન થતાં નથી, સારા વિચારો પણ આવતા નથી. માટે સુખિયા થાવું હોય તો ‘હું’ને હટાવો અને ‘મમતા’ને મારો.

આ દુનિયામાં જે જે મોટા પુરુષો થયા છે તેમણે ખૂબ વિચારી, મનન-ચિંતન કરીને ભગવાનનનું કર્તાપણું સ્વીકાર્યું હોય છે, પોતે અકર્તા અને અહંશૂન્ય બન્યા હોય છે, તેથી જ તેઓએ સુખી જીવન જીવીને અનેકને સુખિયા કર્યા હોય છે. મોટા પુરુષની એ મહાનતા છે કે, તેઓ પોતે કરેલું કાર્ય તરત ભૂલી જાય છે, સત્કાર્ય કરે છતાં ચૂપ રહે છે; જ્યારે આપણે થોડું કરીએ અને દેખાડો ઝાઝો કરીએ છીએ, ફુલાતા ફરીએ છીએ. તેથી જ અંતરમાં અશાંતિ અને ઉદ્વેગ રહે છે.

સ્વામિનારાયણ ભગવાને અમદાવાદમાં નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. તે વખતે રાજાઓથી પણ ન થઈ શકે એવી બ્રાહ્મણોની જબ્બર ચોરાસી કાંકરિયા સરોવરને કાંઠે એક દિવસમાં જ કરી હતી. ત્યારે હજારો માણસો ભેગા થયા હતા અને સર્વત્ર તેમના નામનો જયજયકાર થયો હતો. પછી બીજે જ દિવસે મહારાજ ત્યાંથી ચાલી નીકળ્યા. જેતલપુર થઈ ગણેશધોળકાની રાયણમાં આવીને રાત રહ્યા.

પછી વિચાર કરવા મંડ્યા કે, ‘હું અમદાવાદ ગયો જ નથી. મેં બ્રાહ્મણોની ચોરાસી કરી જ નથી. મોટો સમૈયો થયો જ નથી. ત્યાં માણસો ભેળાં થયાં જ નહોતાં.’ આમ પોતે કરેલું તમામ કાર્ય ભૂલી ગયા અને ખાલીખમ થયા; ત્યારે અંતરવૃત્તિ થઈ. તે વાતને જણાવતાં પોતે જ વ.ગ.મ.૨૨માં કહે છે કે, “જ્યારે લૌકિક ઘાટ મટી ગયા ત્યારે અંતર્દૃષ્ટિ રહેવા માંડી. પછી અલૌકિક આશ્ચર્ય દેખાવાં માંડ્યાં

અને દેવતા સંબંધી જે ભોગ છે તે દેખાવા માંડ્યા ને અનંત પ્રકારનાં વિમાન ને અનંત પ્રકારની અપછરા ને અનંત પ્રકારનાં વસ્ત્ર, અનંત પ્રકારના અલંકાર તે જેમ અહીં મૃત્યુલોકને વિશે છે તેમ જ ત્યાં દેખાવા લાગ્યાં; પણ અમારા અંતરમાં તો એક ભગવાન વિના બીજું કાંઈ ગમ્યું નહીં. ને જેમ અહીંના પંચવિષય તે અમને તુચ્છ ભાસ્યા ને તેમાં અમારું મન લોભાયું નહિ, તેમ જ દેવલોક-બ્રહ્મલોક પર્યંત અમારું મન ક્યાંય લોભાયું નહીં. તેને દેખીને દેવતા સર્વે અમારાં વખાણ કરવા માંડ્યા જે, 'તમે ભગવાનના એકાંતિક ભક્ત ખરા; કેમ જે, તમારું મન ભગવાનને મૂકીને ક્યાંય લોભાતું નથી.' પછી તેમનાં વચન સાંભળીને અમારે હૈયાને વિશે સુધી હિંમત આવી.

પછી અમે મનને કહ્યું કે, તારું જેવું રૂપ છે તેવું હું જાણું છું. જો ભગવાન વિના બીજાં પદાર્થનો ઘાટ ઘડ્યો તો તારા ભૂકા કરી નાંખીશ. તેમ જ બુદ્ધિને કહ્યું જે, ભગવાન વિના બીજો નિશ્ચય કર્યો તો તારી વાત છે. તેમ જ ચિત્તને કહ્યું જે, ભગવાન વિના બીજું ચિંતવન કર્યું તો તારા પણ ભૂકા કરી નાંખીશ. તેમ જ અહંકારને કહ્યું જે, ભગવાનના દાસત્વ વિના બીજું અભિમાન ધર્યું તો તારો નાશ કરી નાંખીશ. પછી તો અમારે જેમ આ લોકના પદાર્થની અત્યંત વિસ્મૃતિ થઈ હતી તેમ જ દેવલોક-બ્રહ્મલોકના પદાર્થની પણ અત્યંત વિસ્મૃતિ થઈ ગઈ. અને જ્યારે એ સર્વે સંકલ્પ ટળી ગયા ત્યારે સંકલ્પનો મંદવાડ હતો તે પણ ટળી ગયો. એવી રીતે ભગવાનનો ભક્ત હોય તેને વર્તવું."

શ્રીજીમહારાજ તો સર્વોપરી ભગવાન છે, પૂર્ણપુરુષોત્તમનારાયણ છે, આનંદનો ઘૂઘવતો મહાસાગર છે, છતાં આપણને શીખવવા માટે પોતે આ ચરિત્ર કરીને બતાવ્યું છે કે, 'અહંરૂપી કેસેટને ભૂસતાં શીખજો. મેં કર્યું, હું કરું છું, આ ડીલેટ કરશો તો જ અંતરવૃત્તિ થશે. **'મેં કાંઈ કર્યું જ નથી.'** આવી સમજણ રાખો તો જ હળવા થવાય.

ભક્તે તો હંમેશાં બીજાના જ સંકલ્પો કરાય, પોતાના નહિ. શ્રીહરિ તથા સંતો-ભક્તોની ઇચ્છા પૂરી કરવી, એ જ શ્રેષ્ઠ દાસપણું છે. એમ રહે છે એ જ અકર્તાપણે રહ્યો કહેવાય; અહંશૂન્ય થયો કહેવાય. આપણે અનેક પ્રકારની ઇચ્છાઓ કર્યા કરીએ અને શ્રીહરિ તથા મોટા સંતોને પ્રાર્થના કરીકરીને પોતાની ઇચ્છાઓ પૂર્ણ કરાવ્યા કરીએ તો વાસના વધે, ઘટે નહિ. માટે નિર્વાસનિક થાવું હોય, મુક્ત બનવું હોય તો મનનું ધાર્યું મૂકીએ, પોતાની ઇચ્છાઓને ત્યાગીએ અને ભગવાનનું તથા મોટાનું ગમતું, તેમની રુચિ, મરજી, સમજણ અને સિદ્ધાંતને જ પોતાના બનાવીએ, તો જ મુક્ત બની શકીશું.

જ્યાં સુધી આપણે આપણી ઇચ્છાઓ મોટા પાસે પૂરી કરાવતા રહીએ ત્યાં સુધી આપણે સ્વામી અને તે આપણા સેવક થયા કહેવાય. જ્યારે આપણે તેમની ઇચ્છામાં ભળીએ ત્યારે આપણામાં સાચું દાસત્વ આવે છે. અને દાસત્વ એ જ સાચી મહાનતા છે. માટે જેને અહંરૂપી કેસેટ ડીલેટ કરવી હોય તેણે બીજાની ઇચ્છાઓ પૂરી કરવી અને પોતે ઇચ્છાશૂન્ય થવું-રહેવું. આ આખ્યાન આપણને આવા સંકલ્પશૂન્ય, અહંશૂન્ય અને સાચા અર્થમાં દાસ થવાનું શીખવે છે. હવે આપણે દાસત્વની મૂર્તિ સદ્ગુરુશ્રી મોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં પ્રવેશ કરીએ.

ઇતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ કર્યું અને શાંતિનો સચોટ ઉપાય બતાવ્યો' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

વીરસિંહનો જન્મ, રાજા તથા ગૃહત્યાગ

દોહા : ધન્ય નૃસિંહાનંદ મોટા, જેણે રીઝવ્યા મુરાર;
પ્રગટ પુરુષોત્તમને સેવી, ઊતર્યા ભવજળ પાર...૦૫

ધન્ય ધન્ય તેમની સ્થિતિને, ધન્ય ત્યાગ વૈરાગ્ય;
સુખ માન્યું શ્રીજી-સંતમાં, જગ ભગભડતી આગ્ય...૦૬
કોણ હતા એ સ્વામીજી, તેની આપું ઓળખાણ;
ભાવેથી સહુ સાંભળો, આ અતિ રૂડું આખ્યાન...૦૭
ભારતના ઉત્તર પ્રદેશે, જબરું ગૌંડા રાજ;
તે પ્રાંતના રાજા હતા, વીરસિંહ મહારાજ...૦૮

મોટા નૃસિંહાનંદસ્વામી પૂર્વાશ્રમમાં ભારતના ઉત્તર પ્રદેશમાં ગૌંડા પ્રાંતના મહારાજા વીરસિંહ હતા. તેમની સેવા કરનારા અનેક દાસદાસીઓ હતા. હિંડોળા ખાટે ઝૂલવું, સારાં સારાં ખાનપાન ખાવા-પીવા, મોજ-મઝા કરવી તેવો ઠાઠ હતો. હાજી કહેતાં હજારો સૈનિકો તેમના માટે માથું દેવા તૈયાર હતા. આ લોકની સત્તા અને સંપત્તિથી છલકતું તેમનું જીવન હતું.

આ બધું જ હોવા છતાં તે પૂર્વના જબરા મુમુક્ષુ હતા. આગલા જન્મમાં જપ-તપ કરતાં કરતાં કાંઈક ખામી રહી ગયેલી, તે અધૂરું પૂરું કરવા સર્જાણા હતા. તેથી પૂર્વના પુણ્યને કારણે આ લોકની અપાર સુખ-સાયબી મળી છતાં તેમાં તેમને ક્યાંય શાશ્વત સુખ-શાંતિ દેખાણી નહીં. દુનિયા જેમાં સુખ જોવે છે એમાં આ વીરપુરુષ વીરસિંહે દુઃખ ભાળ્યું. અસ્થિર આ દેહ અને દુનિયામાં તેને સતત નાશવંત અને તુચ્છપણાનું અનુસંધાન રહેતું. રાજ્યનો તમામ વહિવટ કરતા હતા, સત્તા અને સંપત્તિ વચ્ચે રહેતા હતા, પણ તેમના હૈયામાં પ્રભુમિલનની લગની અખંડ લાગેલી રહેતી. નાશવંત દેહથી અવિનાશીને મેળવી લેવા એ જ એમને પોતાનું કર્તવ્ય લાગતું હતું. અને તેથી જ રાજા હોવા છતાં નિર્માની થઈ નિત્ય સાધુ-સંતોનો સમાગમ કરતા હતા. કથા-વાર્તા સાંભળતા, સંતોને રાજ્યમાં તેડાવી જમાડતા ને સેવા કરતા, અખંડ સદ્‌ગ્રંથોનું વાંચન રાખતા અને કાંઈક પ્રશ્ન ઊઠે તો જિજ્ઞાસાથી સંતોને

પૂછતા; અને તેનું યોગ્ય સમાધાન મેળવતા અને તે મુજબ પોતાનું જીવન જીવવાની શરૂઆત કરતા હતા.

જીવનમાં જ્યાં સુધી એક પણ પ્રશ્ન હોય ત્યાં સુધી માથે ગુરુ રાખવા અનિવાર્ય છે. સાચા ગુરુ મળ્યા વિના અને તેમને સેવ્યા વિના ભવસાગરનો પાર પામી શકાતો નથી. જેને આ લોકમાં મોટા થવું હોય તેને જ્યાં-ત્યાં ભટકવું પડે છે, પરંતુ જેને આધ્યાત્મિક જગતમાં મોટા થવું હોય તેણે કોઈક મોટા પુરુષનાં ચરણોમાં અટકવું પડે છે; અને તેવા માણસ જ આ માર્ગમાં સફળતા પ્રાપ્ત કરે છે.

મહારાજા વીરસિંહે પોતાનું જીવન અખંડ સત્સંગપરાયણ કરી રાખ્યું. નાશવંતમાંથી નેહ તોડી અવિનાશી સુખમાં લગન લગાવી. જેમ જેમ ભગવાન પામવાની લગની વધતી ગઈ તેમ તેમ સંસારમાંથી, રાજ્યમાંથી, સત્તામાંથી, ધનમાંથી, સ્ત્રીમાંથી, સંબંધીઓમાંથી સ્નેહ તૂટતો ગયો. નિષ્કુળાનંદસ્વામી સારસિદ્ધિ ક.૧૯માં કહ્યા પ્રમાણે હૈયામાં સતત વૈરાગ્યના વિચારો ઘોળાવા લાગ્યા...

ઢાળ : **કૈક વાર સત્યલોક પામ્યો, કૈકવાર પામ્યો કૈલાસ;**
કૈકવાર ઈન્દ્રપદવી પામ્યો, તોય ન ટળી વિષય સુખ આશ.

શ્રીહરિ વ.ગ.મ.૪૭માં કહે છે, “પંચવિષય છે તે તો પૂર્વે દેવ-મનુષ્યાદિકને વિશે અનંત દેહે કરીને આપણે જીવે ભોગવ્યા છે તોપણ હજી લગણ એ વિષયની તૃપ્તિ થઈ નથી; તો હવે ભગવાનના ભક્ત થઈને વર્ષ કે બે વર્ષ કે પાંચ વર્ષ વિષય ભોગવીને પૂર્ણ થવાશે નહીં. જેમ પાતાળ સુધી પૃથ્વી ફાટી હોય તેને પાણીએ કરીને ભરવા માંડીએ તે ક્યારેય ભરાય નહિ, તેમ ઈન્દ્રિયો છે તેને ક્યારેય વિષય થકી તૃપ્તિ થઈ નથી ને થશે પણ નહીં. માટે હવે તો વિષયની આસક્તિનો ત્યાગ કરીને અને સાધુ જેમ વઢીને કહે તેમ ગુણ લેવો, પણ અવગુણ લેવો નહીં. તે મુક્તાનંદસ્વામીના કીર્તનમાં કહ્યું છે જે, ‘શૂળી ઉપર શયન

કરાવે તોય સાધુને સંગે રહિયે રે.' માટે આવો અવસર પામીને તો અશુભ વાસના ટાળીને જ મરવું, પણ અશુભ વાસના સોતાં મરવું નહિ. અને 'આ દેહમાંથી નીસરીને નારદ, સનકાદિક, શુકજી જેવા બ્રહ્મરૂપ થઈને ભગવાનની ભક્તિ કરવી છે."

મહારાજાના હૈયામાં સતત આવા જ વિચારો ઘોળાયા કરે છે. જેમ પાતાળ સુધી ફાટેલી પૃથ્વી લોટાના જળથી ક્યારેય ભરાય નહિ; ગંગાનો ધસમસતો ઠંડો પ્રવાહ સળગતા કાંકડાથી ગરમ થાય નહિ; તેમ ગમે તેટલી સત્તા, સંપત્તિ કે લૌકિક ભોગો ભોગવીએ તેનાથી જીવને તૃષ્ણા ટળવાની નથી. વાસના ન બળે તો સાચી શાંતિ પણ થવાની નથી. અને આવું તો જીવે કંઈકવાર ભોગવ્યું છે.

ઢાળ : **કૈકવાર સુરપુર પામ્યો, વિબુધકન્યા વિમાન;**
કૈકવાર ભૂમાં ભૂપતિ થયો, કૈકવાર થયો ધનવાન.
એમ અનેકવાર પામિયો, ભોમે વ્યોમે અવતારને;
એક ન પામ્યો વૈરાગ્યને, ત્યારે શું પામ્યો જન સારને.

જીવ બધુંય પામ્યો પરંતુ જો વૈરાગ્ય ન પામ્યો, તો મેળવેલું બધું ધૂળમાં મળી જવાનું છે. જીવનમાં વૈરાગ્ય કવચનું કામ કરે છે. વૈરાગ્યવાન અનેક દુઃખો અને ચિંતાથી સહેજે મુક્ત રહી શકે છે. વીરસિંહ મોટા રાજા હોવા છતાં વૈરાગ્યવાન છે. તેથી સંસારમાં રહેવા છતાં અનાસક્ત રહ્યા છે. જેને આવા વિચારો આવે તેને જ વૈરાગ્ય ભાવે. નિષ્કુળાનંદસ્વામી ધીરજાખ્યાન પદ-૭માં કહે છે કે --

અનેક જન્મ ખોયા અણઅર્થે, તેહ દેહ કાંયે નાવ્યા કામે;
હવે આ દેહ હરિ અરથે કરી, રાખવું છે અચળ તે આઠું જામે.
એમ દૃઢ ધીરજ ધરી કરીને, ભજે જેહ ભગવાન ભાવે;
નિષ્કુળાનંદ કહે એમ જાણવું, અંતે અરથ પણ એ જ આવે.

કરોડો કરોડો જન્મ સ્ત્રી માટે, ધન માટે, સત્તા માટે વ્યર્થ વગોવ્યા

છે. હવે આ એક જન્મ ભગવાનને માટે જીવી સફળ કરવો છે. પ્રભુની પ્રાપ્તિ એ જ નરદેહની સાર્થકતા છે. બીજું બધું મેળવ્યું પણ ભગવાન ન મેળવ્યા તો તે અંતે કોઈ કામ આવતું નથી. મનુષ્યજન્મ પામ્યા પછી જે છેલ્લો જન્મ કરી લે, મોક્ષ મેળવી લે, પોતાના આત્માને પરમાત્મા ભેળો કરી દે તે જ ડાહ્યો છે, એ જ સમજુ છે અને એ જ કુશાગ્રબુદ્ધિવાળો છે. જીવને માથે જન્મમરણ, લખચોરાસી, ગર્ભવાસ તથા આધિ-વ્યાધિ-ઉપાધિના અનેક ત્રાસો છે. તે અવિનાશીની પ્રાપ્તિ થાય તો જ મટે એમ છે.

આ જગત એક સ્વપ્નાથી વિશેષ કાંઈ નથી. ઉનાળામાં બંધાયેલાં વાદળાં જેવું છે. તે પવનના એક ઝપાટે વાદળા હતા ન હતા થઈ જાય. આજ સુધીમાં કોઈ આ લોકમાંથી ખાટ્યો નથી. આ લોકમાંથી કાંઈ લેવાનું નથી. આપણો કહેવાતો દેહ પણ આપણી સાથે આવવાનો નથી, તો બીજું તો કોણ સાથે આવશે ? આ લોકમાં ગમે તેટલું કરો તોપણ આધિ, વ્યાધિ અને ઉપાધિનું કૂટણું તો રહેવાનું જ ! હું-તું, મારું-તારું, હાય-વોય ને કાવા-દાવા કરી ગમે તેટલું મેળવ્યું હશે છતાં છેવટે બધું મૂકીને એકલા નનામીમાં જવાનું છે. આપણે આવ્યા ત્યારે અનામી હતા, જાશું ત્યારે નનામીમાં હશું. ને પાછલાવાળા દેહને સ્મશાનમાં બાળી દેશે. દશ-બાર દિવસ સૂતક પાળશે. દાઢી-મૂછો મૂંડાવશે. પછી સઘળું સૂતક કાઢી નાખીને સુખેથી બારમાના લાડવા ખાશે. અહીં કોઈ કોઈનું નથી. માટે પ્રભુ ભજી ફેરો સફળ કરે તે ડાહ્યો છે.

સર્વાત્મા શ્રીહરિ સિવાય સર્વે અસત્ય છે. શ્રીહરિ સત્ય છે, તેમનો આનંદ સત્ય છે. અને તે આત્માના ઘરનો આનંદ છે, બાકી તમામ આનંદ પરાયા છે; ભાડુતી છે. માટે ભાડુતી સુખ છોડી શ્રીહરિમાં દિલ જોડે એ જ મહાન બને છે. આ લોકમાં તો કાંઈક મોટા મોટા મરી ગયા, કેટલાકનાં રાજરજવાડાં પડ્યાં રહ્યાં, કેટલાકના મહેલો

સાવ ખંડેર થઈ ગયા.

આવા વિચાર આવતાં વીરસિંહે નક્કી કર્યું કે, **મારે નાશવંત લોકના માર્ગે ચાલવું નથી; મારે તો પરમેશ્વરના પંથે પગલાં માંડવાં છે.** આ વિચારમાં વીરસિંહને રાજ્યવૈભવમાંથી મન સાવ ઊતરી ગયું. પરમાત્મામાં એવું દિલ જોડાણું કે, જગત સાવ ઝેર બની ગયું. પછી એક દિવસ સદાને માટે રાજ્યત્યાગ કરવાનો નિર્ણય કરી લીધો. અને વૈરાગ્યની ભગવી કંથા ધારણ કરી અને પરમેશ્વરને પામવાનો પંથ પકડ્યો. તે દિવસે આખા પંથકમાં સન્નાટો છવાયો. રાજ્યની બધી પ્રજા વીરસિંહને આશ્ચર્ય સહિત ઉદાસ ચહેરે જોતી રહી. તેના ત્યાગ-વૈરાગ્યને નિહાળતી રહી. લોકો આસુંડાં પાડે છે, રાણીઓ તથા દાસ-દાસીઓ માથા કૂટે છે; પરંતુ જેમ ગોપીચંદ તથા ભરથરી રાજાએ બાણુલાખ માળવાનું રાજ્ય છોડ્યું, એમ વીરસિંહ રાજાએ પણ મળવત્ ગૌંડા પ્રાંતના રાજ્યને તિલાંજલી આપી.

તેઓ અયોધ્યામાં આવ્યા. ત્યાં સાધુ-સંતોના ઘણા અખાડા જોયા. પછી જ્યાં પોતાનું મનમાન્યું તેવા એક રામજી મંદિરમાં પવિત્ર સંતની સાનિધ્યે પોતે વાસ કર્યો. પોતાના માર્ગને અનુકૂળ વાતાવરણ જોઈને ત્યાં સ્થિર થઈને રહ્યા. ત્યાંના આગેવાન મહંતે તેમને દીક્ષા આપી 'નરસિંહરામ' નામ ધારણ કરાવ્યું. હવે તે વીરસિંહ રાજા મટીને નરસિંહરામ નામે સંત બન્યા. પરંતુ હૈયામાં હજુ નિત્ય એક વિચાર ઘોળાય છે કે, **'મારે પ્રભુ પામવા છે. માટે મને ભગવાન જલદી મળે એવા કોઈ ઉપાય કરું.'** પછી થોડા સમયમાં તો તેમની સેવા-ભક્તિભાવથી સ્થાનિક સંતો ઘણા રાજી થયા.

પછી એક દિવસ પ્રભુને જલદી પ્રસન્ન કરવા તેમણે ૧૨ વર્ષ સુધી રામ, લક્ષ્મણ અને જાનકીની સેવા કરવાનું નિયમ લીધું. હવે પોતે મંદિરના પુજારી બન્યા. હૈયામાં એક ભાવના છે કે, ક્યારે મને

ભગવાનનાં દિવ્ય દર્શન થાય ? આમ, પરમાત્માનાં પ્રગટ દર્શનની તાલાવેલીમાં નરસિંહરામ બાર બાર વર્ષની તપશ્ચર્યા સાથે ભગવાનની સેવા કરવાનું વ્રત રાખ્યું. દિન પછી દિન જાય છે. નિત્ય મંદિરમાં પાંચ આરતી કરે, ભગવાનને શણગાર ધરે, થાળ ધરાવે, પ્રેમમગ્ન બની કીર્તનો ગાય, પ્રભુને ભાવથી ભેટે, રાત્રે પોઢાડતી વખતે પ્રભુની પગચંપી કરે; આમ પ્રતિમામાં પ્રગટભાવ રાખી નિત્ય સેવા-પૂજા કરે છે; પરંતુ હજુ તેઓ મનમાં સંતોષ ન પામ્યા.

જેમ સાતસો ગામનાં મહારાણી ધરમપુરનાં કુશળકુંવરબાઈ સાધુ-સંતોની સેવા કરતા અને નિત્ય આંગણે બ્રાહ્મણ પાસે ભાગવતની કથા વંચાવતાં. તેમાં એક દિવસ રુક્મિણીહરણની કથા આવી. ત્યારે રાણી બોલ્યા, ‘ભટ્ટ કથા બંધ રાખો ! આમને આમ તમે વાંચીવાંચીને મરી જાઓ અને હું સાંભળીસાંભળીને મરી જાઉં તોપણ જ્યાં સુધી જેમ રુક્મિણીનું કાંડું ભગવાને ઝાલ્યું તેમ આપણું કાંડું પ્રત્યક્ષ ભગવાન ન ઝાલે ત્યાં સુધી મોક્ષ ન થાય.’ આમ, જેનો આત્મા પ્રત્યક્ષ પ્રભુને ઝંખતો હોય તેને માત્ર મૂર્તિથી કે બીજા-ત્રીજાથી સંતોષ થાય નહીં.

આ નરસિંહરામ મંદિરમાં નિત્ય ભાવથી પ્રભુની સેવા-પૂજા કરે છે, પણ ‘જ્યાં સુધી પિયુડો હસી ન બોલાવે, આભૂષણ સર્વે ડેરો રે.’ આ ન્યાયે તેમનું હૈયું હરિમિલન માટે સદા તત્પર રહે છે. મંદિરમાં યાત્રાળુ સાધુ-સંતોને ઉતારા કરાવે, ભાવથી ભોજન આપે, શ્રદ્ધાથી ને સ્નેહથી તેમની સેવા કરે, તેમના સત્સંગનો લાભ લે છે. આમ બીજાને મોટા માની પોતે નિર્માની થઈને રહે છે.

આમ સાધના-આરાધના કરતાં કરતાં ચાર વર્ષનાં વાણાં વહી ગયાં. બરાબર એ જ સમયે સર્વાત્મા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાન અસંખ્ય પરમહંસો સાથે ગુજરાતની ભૂમિમાં વિચરી રહ્યા છે. જ્યારે ગૌંડા પ્રાંતના મહારાજા વીરસિંહ અયોધ્યાના એક મંદિરમાં રહી, ભગવો ભેખ પહેરી, પ્રગટ પ્રભુને પામવા ઝંખી રહ્યા છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'વીરસિંહનો પરિચય, ગૃહત્યાગ અને પ્રભુમિલનની ઝંખના કહી' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

વૈરાગીની વાતથી નરસિંહરામને સમાધિ

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન કાઠિયાવાડમાં વિચરણ કરી રહ્યા છે. હરિવર ઘોડાના પગતળે અધર્મ-અન્યાયને કચડી રહ્યા છે. મુમુક્ષુ આત્માઓને ખોળીખોળીને સામે ચાલી વાલમજી મળવા જાય છે. જ્યાં જ્યાં સાચા સંત કે ભક્ત હોય ત્યાં ત્યાં મહારાજ માણકીએ ચડીને જાય છે અને તેને દર્શન આપે છે. અને કોઈકને તો સમાધિ કરાવી પોતાના દિવ્ય સ્વરૂપનો અનુભવ કરાવી પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવે છે. આમ, અનેક આત્માઓનો ઉદ્ધાર કરવા શ્રીહરિ માણકીને આરામ કરવા દેતા નથી. આ રીતે ગામડાઓમાં વિચરણ કરતા કારિયાણીમાં આવ્યા. ત્યાં સેવાયજ્ઞનો આરંભ કર્યો. ગામના પાદરમાં મોટું તળાવ ગળાવતા હતા. તથા 'રામકુંડ' અને 'ભીમકુંડ' વગેરે કાર્ય ચાલતું હતું; તેથી...

દોહા : **હતા હરિ કારીયાણીમાં, ભક્તો આવ્યા અપાર;**
આવ્યા સુરત આદિના, સંઘો ઘણા તે ઠાર...૦૯
પ્રભુ ગળાવે તળાવને, બેસી ખીજડા છાંય;
કહે સહુને હાલો ગાળો, કરો ભાવે સેવા આંય...૧૦
આમ સહુને પ્રેરીને, કામે વળગાડે નાથ;
પોતે ક્યારેક હોંશથી, ટોપલી લે નિજ હાથ...૧૧

હરિવર ખીજડાને છાંયે બેસે, સહુને ઉમંગ આવે તેમ સાથ આપે. આ રીતે પરોપકારનાં કાર્ય માટે આજથી બસો વર્ષ પહેલાં શ્રીહરિએ ત્યાં જળઅભ્યાન ખોલ્યું. ક્યારેક તો પોતે મહારાજ ટોપલા ઉપાડતા.

તેથી ભક્તોને સેવા કરવાનો નિત્ય ચડતો ને ચડતો રંગ રહેતો. ઘણા ભક્તો કહે, 'મહારાજ ! તમે રહેવા દ્યો, અમે સેવા કરશું.' પરંતુ શ્રીહરિ જાણતાં કે 'હું ખીજડાને છાંયે બેસી રહું તો સહુના અંતરમાં ઉત્સાહ નહિ આવે.' આમ વિચારી પ્રભુ પોતે જ ટોપલા ઉપાડતા. જ્યારે પ્રભુ ટોપલા ઉપાડવા મંડે ત્યારે કોઈને કહેવું ન પડે કે 'હવે તમે સેવામાં લાગો.' આમ, શ્રીહરિ સહુને સેવાનો મહિમા સમજાવતા. એ વખતે સહુના અંતરમાં અનેરો આનંદ હતો.

વળી, મહારાજ તળાવ ખોદવા આવેલા ભક્તો માટે સાંજે વીસ કોઠીમાં વીસ મણ બાજરો પલાળે અને દશ કોઠીમાં પાંચ મણ તલ પલાળે. સવાર થતાં તે કોઠીઓ આખી ભરાઈ જાય. શ્રીહરિ સવારે તે પલાળેલો બાજરો અને પલાળેલા તલ ખોબો ભરીભરીને પોતાને હાથે આપે; અને સાથે એક એક ગોળનો મોટો ગાંગડો આપે. આમ, સહુને શિરામણ કરાવે. પછી સૌ સંતો-ભક્તો તળાવ ખોદવા જાય. પાછળથી મહારાજ માણકીએ ચડી સહુને દર્શન દેવા જાય. આ પ્રસંગનું વર્ણન હ.લી.૫/૨૭માં આ રીતે કર્યું છે.

ચોપાઈ : **વાજાં વિવિધ પ્રકારનાં વાજે, છડીદાર તણા શબ્દ છાજે;**
ખીજડો સારો સરોવર પાળે, તેની છાયામાં ઢોલિયો ઢાળે.

બેસે તે પર શ્રીઘનશ્યામ, કરે હરિજન ખોદ્યાનું કામ;
સહુ જય જય શબ્દ ઉચ્ચારે, કામ કરતાં કોઈ ન હારે.

સાંજ સુધી કરે એમ કામ, પછી સૌને ભેટે ઘનશ્યામ;
કચરાળાં થયાં વસ્ત્ર હોય, હરિ હેતે મળે તેને તોય.

આપે પુષ્પ પ્રસાદિના હાર, આપે ચરણ તે છાતિ મોઝાર;
માથે કોઈને મૂકે છે હાથ, દેખાડે છે પ્રસન્નતા નાથ.

તપ કરતાં મોટા ઋષિરાય, તન પર રાફડા વળી જાય;
તોય દર્શન દેતા ન જેહ, આજ રીજ્યા સહજમાં તેહ.

અહો ભાગ્ય અહો મહાભાગ્ય, જે જે આવ્યા જનો એહ જાગ્ય;
તેના પુણ્ય તણો નહિ પાર, શું વખાણિયે વારમવાર.
નિત્ય નિત્ય લીલા નવી થાય, જોવા દેવ આવે નભમાંય;
બ્રહ્મા આદિ ધરી સંત વેષ, કરે જૂથમાં આવી પ્રવેશ.
પછી પુરમાં પધારે મોરારી, ગાજતે વાજતે ગિરધારી;

અનેક જીવોના ઉદ્ધાર માટે પ્રભુ વાજતે-ગાજતે પૂરમાં પધારતા. મહારાજ માણકીએ બિરાજે, ડાબા હાથમાં માણકીનું ચોકડું પકડે, જમણા હાથમાં રેશમી રૂમાલ ધરે, પગમાં ઘૂઘરિયાળી મોજડી અને સુંદર સોનેરી શણગાર સજે. વળી, મુક્તાનંદસ્વામી પગમાં ઘૂઘરા અને હાથમાં કરતાલ લઈ નાચતા જાય અને ઝીલણિયાં કીર્તનો બોલતા જાય. સવારી ધીરે ધીરે આગળ ચાલે, માણકી પણ નાચતી હોય, હજારો સંતો-ભક્તો આજુબાજુ પ્રેમઘેલા બની દર્શન કરતા હોય, ત્યારે તારે વીંટ્યા ચંદ્રની જેમ મહારાજ અતિશય શોભતા. એ શોભાનું વર્ણન તો જે જાણે એ જ માણે ! તેમાં એક સમયે એક વાત બની.

પૂર્વછાયો : **એહ સમે હિંદુસ્તાનનો, એક વૈરાગી સાધુરામ;**
દ્વારિકાની યાત્રા કરીને, આવ્યો છે કારિયાણી ગામ...૧૨
મહારાજ પ્રવેશ્યા ગામમાં, ત્યારે થયાં બાવાને દર્શન;
કોણ છે એમ ત્યાં પૂછિયું, આ તો છે સ્વામિનારાયણ...૧૩

એક હિંદુસ્તાની અયોધ્યાવાસી બાવો દ્વારકામાં દર્શન કરી ફરતો ફરતો કારિયાણી ગામના પાદરમાં પહોંચ્યો. તેણે ઉપરોક્ત શ્રીહરિની સવારીનાં દર્શન કર્યાં. શોભા જોઈ લોકોને પૂછ્યું, 'આ ઘોડીએ બેઠા તે કોણ છે ?' ત્યારે કોઈએ કહ્યું, 'આ સ્વામિનારાયણ છે. લોકો તેમને જીવન્મુક્તા કહે છે. પહેલાં જેમ રામકૃષ્ણાદિક અવતાર થયા તેમ આજે આ પ્રગટ ભગવાન કહેવાય છે. હજારો લોકો તેમને આજે પ્રગટ પરમેશ્વર માનીને પૂજે છે. કોઈ લોકો તેમને રામ કહે છે, કોઈ

તેમને કૃષ્ણ કહે છે અને ઘણા તો તેમને સર્વોપરી પુરુષોત્તમનારાયણ કહે છે. તેમને હજારો સંતો અને લાખોની સંખ્યામાં હરિભક્તો પ્રગટ પ્રભુ માનીને પૂજે છે, સેવે છે, તેમનું ધ્યાન-ભજન કરે છે. ઘણા લોકો સંસારનો ત્યાગ કરી તેમના સંત થયા છે. સોનાની થાળીમાં જમનારા અને રાજદરબારમાં સન્માન મેળવનારા મોટા મોટા તેમના સેવક બનીને રહે છે. કાંઈક મોટા કવિઓ, મોટા યોગીઓ, મોટા પંડિતો ભગવો ભેખ પહેરીને આ પુરુષોત્તમનારાયણની ભક્તિ કરે છે. તેઓ પોતાના સંતો-ભક્તોને છતાં દેહે મુક્તિનો મહાઆનંદ આપે છે. અસંખ્ય લોકો તેમનાં દર્શનથી પોતાને કૃતાર્થ માને છે.'

આ સાંભળીને બાવો અતિ વિસ્મિત થયો; પરંતુ આ બાવો નાસ્તિક જેવો હતો. તેના મનમાં પૂર્વાગ્રહ હતો કે 'કળિયુગમાં ભગવાન હોય જ નહિ.' તેથી પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન થયા અને પ્રભુની આશ્ચર્યકારી ઘણી બધી વાતો સાંભળવા-જોવા છતાં તે પ્રગટ પ્રભુ કે મુક્તોને ઓળખી શક્યો નહિ, સત્ય સમજાયું નહિ. પરંતુ મહારાજની માધુરી મૂર્તિ તેના હૈયામાં વસી ગઈ. શ્રીહરિની નમણી નાસિકા, અણિયાળી આંખડી, તેજસ્વી ભાલ, તેમાં શોભતો તિલક-ચાંદલો, ગોરા ગોરા ગાલ અને મંદ મંદ હાસ્ય વગેરે બધું તેના કાળજામાં કોરાઈ ગયું હતું. આમ, શ્રીહરિની શોભાયાત્રા ધીરે ધીરે દરબારગઢમાં પહોંચી.

પછી આ વૈરાગી ફરતો ફરતો અયોધ્યા પહોંચ્યો. ત્યાં જે મંદિરમાં નરસિંહરામ પુજારી હતા, તે મંદિરે દર્શન કરવા ગયો. ત્યાં તેના ઓળખીતા બે-ચાર બાવા મળી ગયા. સવારનો સમય હતો. પૂજારી નરસિંહરામે પ્રભુને શણગાર ધરાવ્યા, આરતી ઉતારી, હેતથી હરિનાં દર્શન કર્યાં. પછી નિત્યના નિયમ મુજબ હાથમાં માળા લઈ ઠાકોરજી પાસે ભજનમાં તલ્લીન બન્યા.

બરાબર તે વખતે અન્ય બાવાઓએ તે વૈરાગીને સમાચાર પૂછ્યા કે, **'तुम कहाँ से आते हो?'** ત્યારે તેણે ઉત્તર આપતા કહ્યું, **'अभी मैं द्वारिका की यात्रा तथा गिरनार दर्शन करके आता हुँ।'** ત્યારે પે'લા બાવે ફરીને પૂછ્યું કે **'हमने ऐसा सुना है की गुजरात में जीवन्मुक्ता प्रगट भये हैं। वो बडा पाखँड चलाते हैं। बहुत लोग उनको प्रगट प्रभु मानते हैं। क्यां वो बात सच है?'** ત્યારે તે કહે, **'हाँ, वो बात सच ही है। एक दिन मैं काठियावाड के कारियाणी नामक गावँ पहुंचा। वहाँ मैंने जीवन्मुक्ता को देखा था। लोग उनको स्वामिनारायण नाम से पुकारते हैं। और कई लोग वो राम या कृष्ण का अवतार है ऐसा कहते हैं। बहुत लोग उनका ही ध्यान भजन करते हैं। उन्होने पहने हुए मूल्यवान वस्त्र और आभूषण की तो मैं क्यां बात करुं! ऐसा तो पहले कभी मैंने देखा ही नहि था! वो मूल्यवान अश्व उपर बैठे थे, और एक संत उनकी आगे घूंघर बांधकर नाच रहे थे। उसका वर्णन मैं मेरे मुख से नहीं कर सकता। ऐसा बहुत सा पाखंड चलाया है।'** આમ તે બાવાએ શ્રીહરિની મૂર્તિનું તથા સવારીની શોભાનું વર્ણન કર્યું. આ બધી વાત ઠાકોરજી આગળ ભજનમાં મસ્ત બનેલા પૂજારી નરસિંહરામે સાંભળી.

દોહા : **એટલા શબ્દો સાંભળી, ઢળી પડ્યા નૃસિંહરામ;**
સમાધિ થઈ અદ્‌ભુત અતિ, દીઠા ધામે ઘનશ્યામ...૧૪

તેમને સમાધિમાં અક્ષરધામનાં દર્શન થયાં. દિવ્ય તેજની વચ્ચે વૈરાગીએ વર્ણન કરી તેવી જ મહારાજની મૂર્તિનાં અલૌકિક દર્શન થયાં. તેથી તેના અંતરમાં દિવ્ય શાંતિનો અનુભવ થયો. પછી એક કલાકે સમાધિમાંથી તે જાગ્રત થયા. પરંતુ તેજમાં જે મૂર્તિ દેખાણી હતી તે મૂર્તિ નેત્ર આગળ દેખાવા લાગી. આંખમાંથી હર્ષનાં આંસુ વહેવાં લાગ્યાં. થોડીવારે તેઓ સ્વસ્થ થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'વૈરાગીની વાત સાંભળીને નૃસિંહરામને સમાધિ થઈ' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

નરસિંહરામનું મનોમંથન અને મહંતાઈનો ત્યાગ

પછી નરસિંહરામને મનોમન વિચાર થયો કે, 'આજ મારો જન્મ સફળ થયો. હું વર્ષોથી જેની વાટ જોતો હતો તેની મને ઝાંખી થઈ. આહા..હા..! જેનું નામ વૈરાગીઓ દ્વેષભાવથી બોલતા હતા તોપણ તે સાંભળતાં જ મને દિવ્ય લોકમાં દિવ્ય મૂર્તિ પરમાત્માનાં દર્શન થયાં ! માટે આજે પૃથ્વી ઉપર ચોક્કસ પરમેશ્વર પ્રગટ થયા જ હોવા જોઈએ.'

પછી વળી વિચાર્યું કે, "મેં પ્રભુમિલન માટે રાજપાટ તથા સગાં-સંબંધીનો ત્યાગ કર્યો. ચાર વર્ષથી અહીં શ્રીરામજીની સેવા કરું છું, પ્રભુને સ્નેહથી નિત્ય થાળ જમાડું છું, કથાવાર્તા કરું છું અને સાંભળું છું, વળી આ મંદિરની મહંતાઈ પણ ઘણી કરી, તદ્‌ઉપરાંત ચાલીસ શિષ્યનો ગુરુ પણ થયો, છતાંય સ્વપ્નમાં પણ મને કદી શ્રીરામનાં દર્શન થયાં નહીં. અને આ તો એક વૈરાગીએ બીજા બાવાઓને વાત કરી તેમાં જીવન્મુક્તા તથા સ્વામિનારાયણ એવું ફક્ત નામ આવ્યું ત્યાં મંદિરમાં અતિ પ્રકાશ થયો અને મને સમાધિ થઈ ગઈ. વળી તેમાં સાક્ષાત્ ભગવાનનાં દર્શન થયાં. માટે હવે મારે અહીં બંધાઈ રહેવું નથી. તીર્થોના સેવનનું ફળ તો ભગવદ્‌પ્રાપ્ત કોઈ સંત મળે અને તેના દ્વારા પ્રગટ ભગવાન મળે એટલું જ છે. હ.લી.માં કહ્યું છે,

ચોપાઈ : **તીર્થે જવું સદ્‌ગુરુ ગોતવાને, તીર્થે જવું તે પ્રભુ પામવાને;**
તીર્થે જઈને નહિ જ્ઞાન પામ્યો, તેણે બધો કાળ વૃથા જ વામ્યો.
પ્રભુ તણું જ્ઞાન જહાં પમાય, ત્યારે જ જાત્રા પરિપૂર્ણ થાય;

સાચા સંત કે શ્રીહરિનું સાક્ષાત્ જ્ઞાન થાય ત્યારે યાત્રા પૂરી થઈ કહેવાય. બાકી તો 'ચાર ધામ ને સાત પુરી, સાચા સંત મળે તો

પૂરી, નહિ તો અધુરી.' માટે હવે હું આ મંદિરની મહંતાઈને તથા પૂજારીપદને શું કરું ? મારે તો જ્યાં પ્રગટ પ્રભુ નિત્ય નવલી લીલા કરે છે, વિચરણ કરી પોતાના ભક્તોને આનંદ આપે છે, ત્યાં પહોંચવું છે.

દોહા : **એ જ રીતે ત્યાં જઈને, હું દેખું જો ભગવાન;**
દૃઢ ભરોસો આવે મને, અતિ પાકું થાય નિદાન...૧૫

જેવા વૈરાગીએ વર્ણન કર્યાં અને મને સમાધિમાં જે દિવ્ય દર્શન થયાં, એવાં દર્શન મને સ્વામિનારાયણ ભગવાન આપે તો હું તેમને સાત વાર કેડે બેસારું, અલૌકિક લાભ લઉં અને આત્મસુધા સર્વસ્વ સમર્પણ કરી આજીવન તેમની સેવામાં રહું."

આમ, નરસિંહરામરૂપી ગંગા સહજાનંદરૂપી સાગરને મળવા હવે થનગનવા લાગી. જીવનમાં એકવાર પ્રગટ ભગવાન કે પ્રગટ સત્પુરુષની ઓળખાણ થાય છતાં જો આપણું અહં તેમાં ન ઓગળે તો સમજવું કે આપણે ઘણા વાસનિક, અહંકારી અને ખોટી માન્યતાઓથી બંધાયેલા છીએ. આપણે રાગ તથા પૂર્વગ્રહો છોડીએ તો જ પ્રભુ આપણા ઉપર અનુગ્રહ કરવા બંધાય છે.

નરસિંહરામે નક્કી કર્યું કે 'હવે મારે એક પ્રગટ પ્રભુના રંગે જ રંગાવું છે, મારાં રુંવાડે રુંવાડે તેના આનંદને ભરવો છે. પછી એ આનંદમાં હું અખંડ ડૂબ્યો રહીશ.' પ્રગટ પ્રભુ કે પ્રગટ સાચા સત્પુરુષની ઓળખાણ થયા પછી જેના અંતરમાં આવી ખુમારી ચડે છે તે જ સાચો મર્દ કહેવાય, સમજણો કહેવાય અને તે જ પ્રગટના પરમાનંદને પામી શકે છે. શંકા-કુશંકાવાળાનું આ માર્ગમાં કામ નથી.

નરસિંહરામે વળી વિચાર્યું કે, 'મારે આ ચાલીસ સાધુઓ છે. તેનો હું ગુરુ કહેવાવ છું. આ મંદિર અને સંપત્તિ પણ મારા હકની ગણાય છે. આ પંથકમાં પણ માન-આબરૂ સારાં છે. પરંતુ તે મને પ્રત્યક્ષ પ્રભુનો અનુભવ ન કરાવી આપે તો શું કામના..?!

દોહા : **અહીં સાધુ ચાલીશમાં, મને મળી છે મોટાય;**
તે તો મારે શું કામની, જો મળે નહિ હરિરાય...૧૬

ખજાનો પણ છે ઘણો, સાયબીનો નહિ પાર;
એ તો મારે શું કામના, જો જવાય ન ભવપાર...૧૭

આ તો મારે કલ્યાણમાં, નહીં જ લાગે કામ;
મારે જોઈએ એકલા, પ્યારા પૂરણકામ...૧૮

આવા વિચાર પોતાને, ત્યાં આવ્યા અપરંપાર;
મારે અહીં રહેવું નથી, એવો કર્યો નિરધાર...૧૯

આમ, જેને પ્રગટ ભગવાન જોઈતા હોય તેણે મંદિરની મહંતાઈ, દેવસેવા કે દેશસેવાને બહાને બંધાઈ જવાય તો પ્રભુપ્રાપ્તિરૂપ ધ્યેય સિદ્ધ ન થાય. નિર્બંધ જીવન જીવવું એ જ સાચી મર્દાનગી છે. નિર્બંધતા એ નૌતમ નિધિ છે. જીવ તો ગમે ત્યાં બંધાઈ જાય છે. આ નરસિંહરામને ધન્યવાદ છે કે ક્યાંય બંધાણા નહીં. નાની નાની વાતમાં પણ બંધાઈ જતાં મુમુક્ષુઓએ આમાંથી ઘણું શીખવા જેવું છે.

પછી નરસિંહરામે પોતાના તમામ સાધુઓને ભેગા કર્યા. સુંદર રસોઈ કરાવી. સહુને પીરસીને પ્રેમથી જમાડ્યા. પછી કહ્યું, ‘સહુ મારી એક વાત સાંભળો. હવે મારે ગંગાકાંઠે અષ્ટાંગયોગ સાધવા માટે જાવું છે; માટે હું કાલે સવારે ચાલીશ.’

ત્યારે એક કહે, ‘ગુરુદેવ, તમારે તો બધું સિદ્ધ જ છે ને..!’ તે સમયે સજાગ અને ધ્યેયનિષ્ઠ એવા નરસિંહરામ કહે, ‘તમારી મારા પરત્વેની ભાવના સારી છે, તમારે ગુણ લેવાની ટેવ છે તે સારુ છે, પરંતુ મારે મારા જીવનમાં હજુ પ્રભુપ્રાપ્તિનું કામ બાકી છે. જો પ્રભુ ન મળે તો મારો જન્મ વ્યર્થ જાય, હું મૂર્ખમાં ખપું. માટે તમે બધા મને રાજી થઈને રજા આપો.’

ત્યારે ઘણાની આંખમાં આંસુ આવી ગયાં. રડતાં રડતાં તે કહે,

આજ સુધી આપણે દૂધમાં સાકર ભળે તેમ હળીમળીને સહુ રહ્યા ને આજ તમે જાઓ છો; તે અમારો શો વાંક છે ? વળી આ મંદિરના મહંત અમારે કોને કરવા ? અને કોની આજ્ઞામાં રહીએ ?

ત્યારે નરસિંહરામ કહે, 'એની તમે ચિંતા ન કરો; હું બધી વ્યવસ્થા કરી આપું છું.' એમ કહી પોતાના સુજ્ઞ અને મુખ્ય શિષ્ય રામદાસને મહંતાઈ આપી. તેને પોતાની ગાદીએ બેસાડી તિલક કર્યું અને સહુને કહ્યું કે, 'આ રામદાસની આજ્ઞામાં રહેજો અને સહુ હળી મળી રામભજન કરજો. હવે હું ગંગાકાંઠે યોગ સિદ્ધ કરવા માટે જાઉં છું. યોગ સિદ્ધ થશે તો પાછો આવીશ, નહિ તો ત્યાં જ જિંદગી પૂરી કરીશ. કોઈ મને ગોતવા આવતા નહિ ને મારી રાહ પણ જોતા નહીં. આ રામદાસની આજ્ઞામાં સહુ રહેજો.' ત્યારે ઘણા શિષ્યો કહે, 'અમે સાથે આવીએ ?' તો કહે, 'ના, મારી સાથે કોઈ નહીં.'

આમ સહુને રામદાસની આજ્ઞામાં રહેવાની ભલામણ કરી પોતે નિશ્ચિંત થયા. ગૌંડા પ્રાંતના રાજ્યને તથા રાણીઓને છોડતાં કઠણ ન પડે એટલું જીવને આ છોડતાં કઠણ પડે એવું છે. કેમ જે, ત્યાગાશ્રમની મળેલી મોટાઈ છોડવા બહુ ઝાઝું જ્ઞાન જોઈએ.

પૂર્વછાયો : છૂટે રાજ્ય ધન માલ સહુ, છૂટે સત્તા ને ગૃહસ્થાશ્રમ;
પણ એકવાર ત્યાગી ભરાણો, તે છૂટે નહિ ત્યાગાશ્રમ.

કેમ જે, ત્યાગીએ વર્ણ અને આશ્રમ આ બન્નેનાં બંધન છોડવાં પડે છે. શ્રીહરિ ગ.પ્ર.૪૪માં કહે છે, "એવો સાધુ તો હું છું જે 'મારે વર્ણાશ્રમનું લેશમાત્ર માન નથી.' અને જ્યાં સુધી દેહને પોતાનું રૂપ માને છે ત્યાં સુધી એની સર્વે સમજણ વૃથા છે અને જ્યાં સુધી વર્ણનું કે આશ્રમનું માન લઈને ફરે છે ત્યાં સુધી એને વિશે સાધુપણું આવતું નથી. માટે દેહ ને દેહનાં સંબંધીને વિશે અહંમમત્વનો ત્યાગ કરીને ને પોતાના આત્માને બ્રહ્મરૂપ માનીને ને સર્વ વાસનાનો ત્યાગ કરીને

સ્વધર્મમાં રહ્યો થકો જે ભગવાનને ભજે છે તે સાધુ કહેવાય છે. અને જેને એવું સાધુપણું આવ્યું તેને ને પુરુષોત્તમ ભગવાનને કાંઈ છેટું રહેતું નથી. અને બીજું સર્વે થાય પણ એવી સાધુતા આવવી તો ઘણી કઠણ છે."

વળી શ્રીજીમહારાજ ગ.પ્ર.૩૧માં કહે છે કે, **"સાધુની મોટપ તો પ્રત્યક્ષ ભગવાનના નિશ્ચયે કરીને તથા તેમની આજ્ઞામાં વર્તવે કરીને છે. અને એ બે વાનાં જેને ન હોય ને તે ગમે તેવો વ્યવહારે કરીને મોટો હોય તોપણ એ નાનો જ છે."**

સાધુની મોટપ અને સંસારીની મોટપમાં ફેર છે. ગૃહસ્થોને તો અધિક સંપત્તિ, સારી ગાડીઓ, મોટા બંગલા, મોટા ફાર્મ કે પદપ્રતિષ્ઠા મળે તે તેની મોટપ છે. જ્યારે સાધુની મોટપ સત્તા, સંપત્તિ કે મઠ-મંદિરની મહંતાઈથી નથી; સાધુની મોટપ તો ભગવાનના ભજને કરીને તથા તેમનાં વચનમાં વર્તવે કરીને છે. આ નરસિંહરામ એવા વીરપુરુષ છે. તેથી તેણે પોતાના તમામ શિષ્યોને સાચી વાત સમજાવી દીધી.

બીજે દિવસે ચાલ્યા સવારે રે, ખુલ્લા પગે તે એકલા ત્યારે રે;
જીયાં જેવું મળે તેવું ખાય રે, મુખે અખંડ હરિગુણ ગાય રે...૨૦

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'નરસિંહરામનું મનોમંથન અને મહંતાઈનો ત્યાગ કર્યો' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

સન્માનનો ત્યાગ અને હરિમાં અનુરાગ

પૂર્વછાયો : **નરસિંહરામ ચાલ્યા નેહથી, પ્રગટને પામવા કાજ;**
જ્યાં પડે રાત ત્યાં રહેતા, રટતા અખંડ મહારાજ...૨૧
લગની લાગી જેને લાલની, તે બીજે કેમ બંધાય;
સાચો ધ્યેય હોય જીવમાં, તો જ પ્રગટને પમાય...૨૨

નરસિંહરામ એકાએકી ચાલી નીકળ્યા. ચાલતાં ચાલતાં ઝાડીમાં એક કણબીનું ગામ આવ્યું. તે ગામમાં એક મંદિર હતું, ત્યાં પૂછીને ઉતારો કર્યો. તે સમયે ચોમાસું બેઠેલું હતું. ગામ વચ્ચે હનુમાનની જગ્યા હતી. તેની ઓસરીમાં બ્રાહ્મણ ભાગવતની કથા કરે છે, એવું સાંભળીને ત્યાં ગયા. અને પૂછ્યું કે, 'શેની કથા કરો છો ?' ત્યારે કહે, 'ભાગવતના દશમ સ્કંધની.' પછી પોતાને ચાતુર્માસમાં એક વખત દશમ સ્કંધ સાંભળવાનો નિયમ હતો, તેથી કથા સાંભળવા ત્યાં જતા. ગામના પટેલિયાઓ સહુ કથામાં આવે. સહુને મજા આવતી, તેથી ભૂદેવને આજીવિકા માટેનું તેઓ કરી આપતા.

પછી અડધે ચોમાસે વરસાદે ખેંચ્યું. તેથી મોલ સુકાવવા લાગ્યો. એટલે કણબી લોકો કોસ જોડવાનો વિચાર કરી સીમમાં ગયા. તેથી તેઓ કથા સાંભળવા આવ્યા નહિ અને નરસિંહરામ તો રોજના સમય પ્રમાણે હનુમાનજીના મંદિરની ઓસરીમાં કથા સાંભળવા ગયા. પણ બ્રાહ્મણ કથા ચાલુ કરે નહિ. તેથી તેમણે કારણ પૂછ્યું. ત્યારે તે બ્રાહ્મણ બોલ્યો કે, 'કથા બંધ પડી છે.' ત્યારે નરસિંહરામ બોલ્યા કે, 'કાયકું બંધ કિયા ?' ત્યારે તે કહે, 'વરસાદ થતો નથી તેથી લોકો કોસ જોડવા ગયા છે. તેઓ કથા સાંભળવા ન આવે, ત્યારે આજીવિકા વિના હું શું ખાઈને બેસું ?'

ત્યારે કથાપિપાસુ નરસિંહરામ બોલ્યા કે, 'વરસાદ થાય તો કથા કરશો ?' ત્યારે તે કહે, 'હા. કેમ જે, વરસાદ થાય તો પટેલિયા નવરા થાય અને કથા સાંભળવા આવે, એટલે મારા સારુ કંઈક લાવે. તેથી મારી આજીવિકા ચાલે. પણ સાધુરામ ! વરસાદ થશે ક્યારે ?' ત્યારે નરસિંહરામ કહે, 'પરમ દહાડે સાંજે હોયગા.'

પછી સાંજે સર્વે કણબી લોકોને ભેગા કરીને બ્રાહ્મણે તે વાત કરી. ત્યારે કેટલાક કણબી એમ બોલ્યા જે, 'શું, એ વૈરાગીના હાથમાં છે,

તે મેહ કરશે ?' ને કેટલાક એમ બોલ્યા જે, 'એ તો અલખના ઘરના ઓલિયા છે, માટે તેમના વચને મેહ થાય જ; માટે શંકા કરો મા.'

ચોપાઈ :

બોલ્યા વિશ્વાસુ જન વિચારી રે, આતો ઓલિયા પુરુષ ભારી રે;
સંતવાણી મિથ્યા નહિ થાય રે, થાશે વર્ષા ન શંકા કરાય રે...૨૩

પછી જેમને વિશ્વાસ આવ્યો તેમણે કોસ જોડવા બંધ રાખ્યા. અને ખરેખર વિશ્વાસ હોય તો જ આશીર્વાદ ફળે છે. એક ખૂબ સરસ વાત છે.

એકવાર વરસાદે બહુ ખેંચ્યું. તેથી ગામના સહુ લોકો વરસાદ થાય તે સારુ રામજી મંદિરે ધૂન તથા પ્રાર્થના કરવા ગયા. સાથે એક વિશ્વાસુ શુદ્ધ હૃદયનો બાળક આવેલો. તે છત્રી લઈને આવ્યો હતો. એટલે અમુક લોકોએ તેને કહ્યું કે, 'અત્યારે વરસાદનો છાંટો નથી, વાદળા નથી ને તું છત્રી શા માટે લાવ્યો ?'

ત્યારે તે બાળક વિશ્વાસ સાથે બોલ્યો જે, 'આપણે બધા ભગવાનની ધૂન તથા પ્રાર્થના કરવા આવ્યા છીએ. તેથી ભગવાન આપણી પ્રાર્થના સાંભળી જરૂર વરસાદ કરશે.' ત્યારે જે આગેવાન હતા તે બોલ્યા કે 'એમ થોડા ભગવાન પ્રાર્થના સાંભળે.' પછી તે સહુ પ્રાર્થના કરવા બેઠા અને સાથે આ વિશ્વાસુ બાળકે પણ પ્રેમથી પ્રાર્થના કરી. ત્યારે મુશળધાર વરસાદ થયો. છત્રી લઈને આવ્યો હતો એટલે તે એક ન પલળ્યો.

વિશ્વાસ ન હોય તો માત્ર ઊંચા સાદે ગાવાથી કાંઈ ન થાય. વિશ્વાસ તો આ માર્ગનો શ્વાસ છે, ઓક્સિજન છે. વિશ્વાસીના જ વહાલો કામ કરે છે. ભગવાનને ક્યારેય વિશ્વાસઘાત કરતા આવડતું નથી. આપણે વિશ્વાસ મૂકી શકીએ એટલી પાત્રતા હોવી જોઈએ. વિશ્વાસ ન હોય તો પ્રભુને કોઈ અસર ન થાય. અને વિશ્વાસ રાખીને ઝંપલાવીએ તો વહાલાજીનું દિલ ડગી જાય કે 'આણે મારા વિશ્વાસે કામ આદર્યું છે, માટે મારે જરૂર તેની મદદે જવું જોઈએ. મહારાજ કે

મોટા સંતો કોઈ દિવસ વિશ્વાસઘાત કરતા નથી. વચન આપીને પાળવું નહિ, ગમે તેનો વિશ્વાસઘાત કરવો, તે કામ સામાન્ય માણસનું છે.

જેને સંત વચને વિશ્વાસ રે, ભાગ્યશાળી ગણો તેને ખાસ રે;
બહુ જન્મનાં પ્રગટે પુણ્ય રે, મોટા સંતને આપે તે મન રે...૨૪

જેના અનંત જન્મના પુણ્ય ઉદય થયા હોય તે જ શ્રીહરિ કે સંતનાં વચનમાં વિશ્વાસ મૂકી શકે છે અને તેમને મન અર્પી શકે છે. જે પટેલિયાઓને વિશ્વાસ આવ્યો તે કોસ બંધ રાખીને બીજે દિવસે કથામાં આવ્યા.

ત્રીજે દિવસ સાંજની વખત એ હનુમાનજીની ઓસરીમાં કથા વંચાતી હતી. સાધુએ વરસાદનો વાયદો કરેલો તે ફળશે એવી આશાએ તે સમયે ગામનાં સર્વે માણસ ભેગાં થયાં હતાં. તેવામાં આકાશમાં એક ઈશાન કોણમાં વાદળી થઈ ને ઝીણા ઝીણા છાંટા પડવા મંડ્યા. પછી થોડા વખતમાં મોટી ધારાએ વરસાદ બહુ પડ્યો. બધે પાણી... પાણી...થઈ ગયું. એટલે બ્રાહ્મણે કથા બંધ કરી ને પોથી બાંધીને ઘેર ગયો. પણ લોકો કહેવા લાગ્યા કે, આપણા ગામમાં તો ભગવાન જેવા સાધુ આવ્યા. આપણે તેને ઓળખ્યા નહિ. ઘણા ચતુર લોકો કહે, 'બાપુએ વરસાદ વરસાવ્યો, માટે આ સાધુ ભગવાન જેવા જ છે; કાં તો કોઈ સિદ્ધ છે.' એવી રીતે પરસ્પર બોલવા લાગ્યા.

પછી એ ગામલોકોને નરસિંહરામનો બહુ ભાર પડ્યો. સહુને તેમાં દિવ્યભાવ થયો. તેથી અનેક જાતનાં ભોજન તથા ભેટસામગ્રી લાવીને અર્પણ કરવા મંડ્યા. બાઈભાઈ સર્વેને એમનાં દર્શનમાં બહુ પ્રેમ થયો. પછી કથામાં બેસે ત્યારે લોકો કથા વાંચનાર સામું જુએ નહિ ને નરસિંહરામ તરફ જ સર્વે જોયા કરે.

પછી નરસિંહરામે એમ વિચાર્યું કે, 'અહીંયાં તો હું ભગવાન થઈ પડ્યો ને લોકો મારો કેડો નહીં મૂકે; તેથી મારે હવે અહીં રહેવું

નથી. કેમ જે, મારો ધ્યેય તો પ્રભુપ્રાપ્તિ છે.' પરમાત્માને પામવાનો જેના અંતરમાં આવો તલસાટ હોય તેને જ સાચો મુમુક્ષુ કહેવાય. તેથી તેમણે વિચાર્યું કે, 'મારે ધ્યેયભ્રષ્ટ થાવું નથી અને અહીં રહેવું નથી.' છતાં ગામના લોકોએ આગ્રહ કર્યો, ત્યારે તેમણે ગામના માણસોને કહ્યું કે, 'મારી પાસે બાઈઓ આવે તે નહીં ફાવે. માટે મને ગામથી ઉત્તરાદી કોરે નદીને કાંઠે એકાંતમાં એક ઓરડી કરી આપો તો રહું. કેમ જે, જોગીને ચોમાસામાં ગામતરું થાય નહીં.' પછી ગામના સર્વેએ મળીને બે દિવસમાં નદીના કાંઠે ઓરડી કરી આપી.

હવે નરસિંહરામ ત્યાં રહેવા ગયા. દિવસે વસ્તીમાં જઈને ભિક્ષા માંગી આવતા ને સાંજ વખતે કથા સાંભળવા જતા. એ રીતે કથા સાંભળવાનું નિયમ પૂરું કર્યું ને ચાતુર્માસ સુધી એ ગામમાં નિવાસ કરીને રહ્યા. ચોમાસું પૂરું થયું અને પોતાને દશમસ્કંધ સાંભળવાનું નિયમ હતું તે પણ પૂરું થયું. એટલે એક સમયે વિચાર કર્યો જે 'હવે મારે ચાલી નીકળવું; પણ ગામના માણસોને કહીશ તો જાવા દેશે નહિ. કેમ જે, તેઓ તેમના સ્વાર્થમાં હોય; માટે કોઈને કહેવું નથી.'

ચોપાઈ :

મારે ચાલી નીકળવું જરૂર રે, વે'લા ઊઠીને જાવું દૂર દૂર રે;
માન સન્માનનું શું મારે કામ રે, મારે પામવા છે ઘનશ્યામ રે...૨૫
આમ વિચારી નીકળ્યા ચાલી રે, પાંચ રાત કોતરોમાં ગાળી રે;
ગામ લોકોએ ઘણી શોધ કરી રે, ખોળ્યા ગામોગામ ઘણું ફરી રે...૨૬

ગામના માણસોએ નરસિંહરામને ખૂબ ખોળ્યા પરંતુ ક્યાંય જડ્યા નહિ, તેથી પાછા ફર્યા. આ બાજુ નરસિંહરામ ફરતાં ફરતાં કારિયાણી ગામ આવ્યા. ગામમાં ઘણી શોધ કરી, પણ પ્રભુમિલન ન થયું. તેથી ગામની બહાર આવ્યા. કારિયાણી ગામની ભાગોળે આવેલા નરસિંહરામે ત્યાંના લોકોને પૂછ્યું, 'સ્વામિનારાયણ ક્યાં છે ?' લોકોએ કહ્યું, 'તે

તો અત્યારે સરધાર તરફ વિચરણ કરે છે.'

એટલે ત્યાંથી ચાલી નીકળ્યા અને ફરતા ફરતા સરધાર ગયા. ત્યાં પૂછ્યું કે, 'અહીં સ્વામિનારાયણ છે ?' ત્યારે લોકોએ કહ્યું, 'અહીંથી તો સ્વામિનારાયણ કચ્છ ભૂજ ગયા છે.' આ સમાચાર મળતાં જેના અંતરમાં એક પ્રભુ પામવાનો જ તલસાટ છે એવા તે નરસિંહરામ જોડિયા બંદર આવ્યા. ત્યાંથી વહાણમાં બેસી માંડવી બંદર ઊતર્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સન્માનનો ત્યાગ અને હરિમાં અનુરાગ રાખ્યો' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

નરસિંહરામ બન્યા નૃસિંહાનંદસ્વામી

માંડવીમાં જઈને કોઈને પૂછ્યું, "અહીં સત્પુરુષ કે કોઈ ભગવાન છે ખરા ?" ત્યારે એક વૈરાગીએ કહ્યું, 'અહીંના ખયાખત્રી સત્પુરુષ છે. તેમને મળો તો તમારું કામ થશે.' એટલે નરસિંહરામ તેમને મળ્યા. ખયાખત્રીએ તેમને આદરથી બોલાવ્યા અને કહ્યું, 'સાધુરામ, ભેખ શા માટે લીધો છે ?' નરસિંહરામે કહ્યું, "પ્રગટ ભગવાનને ભેટવા ભેખ લીધો છે. અને તે માટે જ તીર્થયાત્રા કરતાં કરતાં તમારી પ્રશંસા સાંભળીને અહીં આવ્યો છું. તમે સત્પુરુષ છો; માટે મને ભગવાનનાં દર્શન કરાવો."

એટલે ખયાખત્રીએ કહ્યું, 'સર્વત્ર વ્યાપક નિરાકાર બ્રહ્મનાં દર્શન કરવા હોય તો હું બતાવું; અને બોલતાં ચાલતાં મૂર્તિમાન સાકાર પરબ્રહ્મનાં દર્શન કરવા હોય તો તે હાલ ભુજમાં ગંગારામ મલ્લને ઘેર છે. લોકો તેમને જીવન્મુક્તા અથવા સ્વામિનારાયણ નામથી ઓળખે છે.' ત્યારે નરસિંહરામ કહે,

દોહા : **મારે વ્યાપક બ્રહ્મનું, નથી જરાય કામ;**
હું ઈચ્છું છું મૂર્તિમાન, પ્રગટ બ્રહ્મ ઘનશ્યામ...૨૭

એમ કહી ત્યાંથી ચાલી નીકળ્યા અને ફરતાં ફરતાં ભુજ પહોંચ્યા. ત્યાં પૂછતાં પૂછતાં ગંગારામ મલ્લની ખડકીએ જઈને ઊભા રહ્યા. અનેક લોકો ત્યાં પ્રભુનાં દર્શને આવતા હતા. તેમાંથી એક હરિભક્તને ઊભા રાખીને કહ્યું કે, 'મારે સ્વામિનારાયણનાં દર્શન કરવાં છે.' તેણે જઈને મહારાજને કહ્યું, 'હે નાથ ! એક હિંદુસ્તાની વૈરાગી બાવો આવીને ઊભો છે. તેને આપનાં દર્શનની ઈચ્છા છે.' ત્યારે મહારાજે જવાબ દીધો, "એવા કામી, ક્રોધી અને અહંકારી વૈરાગી તો ઘણા આવે છે. માટે જાવ એને કહી દો અમે તેમને નહીં મળીએ. જ્યાંથી આવ્યા હોય ત્યાં પાછા ચાલ્યા જાય."

પછી ભગતે પાછા આવી સમાચાર આપ્યા કે, 'તમને પ્રભુ દર્શન નહિ આપે. કેમ જે, પ્રભુનાં દર્શન કરવાં હોય તો ઘણી પાત્રતા જોઈએ. માટે પાછા ચાલ્યા જાઓ.' જ્યાં આ વાત સાંભળી ત્યાં નરસિંહરામની આંખમાંથી દડ દડ આંસુની ધારા ચાલુ થઈ. આ તેની છેલ્લી પરીક્ષા હતી.

સાધુરામને ચોધાર આંસુડે રડતો જોઈ રસ્તે જતાં લોકોએ પૂછ્યું, 'મહાત્માજી ! શા માટે રડો છો ?' ત્યારે તે કહે, 'મારે સ્વામિનારાયણનાં દર્શન કરવાં છે. પરંતુ તેઓ ના કહે છે.' એટલે લોકો કહે, 'એમાં શું, કાલે સવારે કરજો. વહેલા હમીર સરોવરે સ્નાન કરવા જાય ત્યારે કરજો.' પરંતુ નરસિંહરામ ન તો રોતા બંધ થયા કે ન તો સ્થાન છોડી દૂર ગયા. મલ્લની ખડકીએ ઊભા ઊભા રડ્યા કરે છે.

જૂઓ તો ખરા..! કેવા નિર્માની છે ? કેવો પ્રભુમિલનનો તલસાટ છે ? કેવો ખપ અને ગરજ છે ? જે વ્યક્તિ આમ પળો ગાળે તે જ પ્રભુને ભાળે છે. શ્રીહરિએ તેમની અહં ઓગાળવા માટેની આ છેલ્લી કસોટી કરેલી. સંસારનાં સુખને માયા કહેવાય છે; તેને છોડી. ત્યાગાશ્રમનાં સુખને મહામાયા કહેવાય છે; તેનેય છોડી. પછી છેલ્લી કારણમાયા છે; માન, તનનું અભિમાન. શ્રીહરિએ આ માન પણ

છોડાવ્યું. 'જ્યારે હું હટે ત્યારે દુઃખ મટે.' આ સિદ્ધાંત છે.

નરસિંહરામ ખડકીએ ઊભા ઊભા રડતા હતા. તેની ગંગારામ મલ્લને ખબર પડી. તેથી તેઓ સાધુરામ પાસે આવ્યા ને કહ્યું, 'તમોને સ્વામિનારાયણનાં દર્શનની એટલી બધી ઇચ્છા શા માટે છે ?' ત્યારે નરસિંહરામે પોતાના ગૌંડા પ્રાંતના રાજ્ય તથા ગૃહત્યાગની વાત કરી. અયોધ્યામાં થયેલા પરચાની અને રસ્તામાં થયેલા વરસાદની વાત કરી. તથા સમાધિની વાત કરી. પોતાના જીવનધ્યેયની સર્વે હકીકત કહી અને કહ્યું, 'હું તો સમજી વિચારીને સ્વામિનારાયણ ભગવાનનનાં દર્શને આવ્યો છું. સમાધિમાં ધામમાં રહેલા પ્રભુજીનાં દર્શન તો થયાં છે; પરંતુ મારે પ્રત્યક્ષ પ્રભુનાં દર્શન કરવાં છે. તે મૂર્તિ હજી મને અંતરમાં દેખાયા જ કરે છે. તેના માટે હું તલસું છું.

ચોપાઈ :

હું તો સમજી આવ્યો છું અહીં રે, સ્વામિનારાયણ પ્રભુ સહી રે;
દર્શન વિના જીવ મારો જાય રે, દર્શ થાય એવો કરો ઉપાય રે...૨૮
આપો પ્રભુને આ સમાચાર રે, કરો પ્રાર્થના ધરીને પ્યાર રે;
પછી ગંગારામે કહી વાત રે, સુણી હરખ્યા હરિ સાક્ષાત રે...૨૯

દોહા : **સાંભળી એવી વાતડી, હરખ્યા જગદાધાર;**
જોઈ ખપ પ્રેમ તેમનો, થઈ નેણે નીર ધાર...૩૦

આવી તેની વાત સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા અને કહ્યું, 'આવા ત્યાગી, વૈરાગી, પ્રેમી અને ખરા ખપવાળા મુમુક્ષુ માટે તો મારો અવતાર છે. માટે એને જલદી બોલાવો.' એમ કહેતાં તો હરિવરની આંખમાં આંસુ આવી ગયાં. અને નરસિંહરામને મળવા માટે પોતે મેડીએથી નીચે ઊતરી ચોકમાં આવી ઊભા રહ્યા.

ગંગારામ મલ્લે ખડકી ખોલીને કહ્યું કે, 'ચાલો દર્શને.' નરસિંહરામે જ્યાં બારણામાં પગ દીધો ત્યાં સામે જ શ્રીજીમહારાજને

દેખ્યા. ગાયને જોઈ વાછરડું જેમ હીંહોરા કરે તેમ દોડી મહારાજ પાસે ગયા. તે જ વખતે જેવું વૈરાગીએ વર્ણન કર્યું હતું અને તેમને સમાધિમાં જે દિવ્ય દર્શન થયું હતું તેવાં જ શ્રીહરિનાં દિવ્ય દર્શન થયાં અને તરત જ સમાધિ થઈ ગઈ. શ્રીહરિ કહે, 'અલ્યા, ઝાલજો.' એટલે બાજુમાં ઊભેલા ભક્તોએ તેમને ઝાલી લીધા ને એક સ્થળે બેસાડ્યા. પછી ત્રણ કલાકે જાગૃત થયા.

પછી શ્રીહરિને કહે, "આપ તો પ્રગટ પુરુષોત્તમનારાયણ છો. આજ મારાં પૂર્વનાં પુણ્ય ઉદય થયાં. અનંત જન્મનાં વ્રત, તપ, જપ ફળ્યાં. જેથી મને તમારાં દર્શન થયાં. હે નાથ ! આપ જ મારા હૈયાના હાર છો, તારણહાર છો, મારો અંતિમ વિશ્રામ છો." આમ, નરસિંહરામને પ્રગટ પ્રભુની લગની લાગી. પછી શ્રીહરિએ કહ્યું, 'તમને સમાધિમાં જે દિવ્ય દર્શન થયાં તે તથા તમારા ત્યાગની વાત સર્વે સભાજનોને કહો.

તેથી નરસિંહરામે પોતે રાજપાટ અને ગૃહત્યાગની વાત કરી તથા અયોધ્યાના મંદિરમાં થયેલી સમાધિની વાત તથા ત્યાંથી નીકળીને અહીંયાં કેવી રીતે આવ્યા ? વગેરે બધી વાત વિસ્તારથી કહી સંભળાવી. તે સાંભળી સભામાં બેઠેલા સહુ જનો મંત્રમુગ્ધ બની ગયા. સહુએ મનોમન નરસિંહરામની મુમુક્ષુતાને અને શ્રીહરિની સર્વોપરિતાને વંદન કર્યાં.

પછી નરસિંહરામ શ્રીહરિને કહે, 'મારો સંકલ્પ છે કે પ્રગટ પ્રભુ મળે ત્યારે તેને મારે સાત વાર બાથ ભીડીને ભેટવું તથા મારી કેડે બેસારવા. માટે કૃપા કરો.' શ્રીહરિએ હા કહી. તેથી વારંવાર બાથ ભીડીને નીતરતાં નેત્રે હૈયાના હેતથી હરિજીને ભેટ્યા અને કેડે બેસાર્યા. પછી મહારાજે કહ્યું, 'સાધુરામ, હવે રાજીને ?' 'હા મહારાજ, હવે હું બહુ રાજી થયો.' ત્યારે મહારાજ કહે, 'બસ હવે રહેવા દો.'

પછી સભામાં બેઠા અને ગદગદિતભાવે પ્રાર્થના કરતાં કહ્યું, 'હે વાલમ ! હવે મને આપનો માની, સાધુદીક્ષા આપવા કૃપા કરો.'

શ્રીહરિ પણ તેમની મુમુક્ષુતા અને ખપ જોઈ ખૂબ રાજી થયા. અને ત્યાં ગંગારામ મલ્લના ફળિયામાં જ પ્રભુએ દીક્ષા આપી. હવે તે **નરસિંહરામ મટી અને પુરુષોત્તમના પ્યારા પરમહંસ 'નૃસિંહાનંદસ્વામી' બન્યા.** જેઓ સત્સંગમાં **'મોટા નૃસિંહાનંદસ્વામી'** તરીકે કહેવાતા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'નરસિંહરામ બન્યા નૃસિંહાનંદ સ્વામી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

નૃસિંહાનંદસ્વામીને સમાધિ અને સર્વોપરી નિશ્ચય

હવે નૃસિંહાનંદસ્વામી પોતાને અતિ કૃતાર્થ માનવા લાગ્યા. પછી બે હાથ જોડીને પ્રાર્થના કરતાં કહ્યું કે, "હે મહારાજ ! હવે આપ મને જેમ કહો તેમ હું કરું."

વહાલા ભક્તો ! ગોપાળાનંદસ્વામી કહેતાં કે, 'જે સાચો મુમુક્ષુ હોય તે ક્યાંય બંધાય નહિ. અને પ્રગટ ભગવાન કે મોટા સંત મળે એટલે પોતાનું બધું જ તેને સમર્પણ કરી સહુના દાસના દાસ થઈને રહે તેને ઉત્તમ મુમુક્ષુ કહેવાય.' માટે આપણે આવા મુમુક્ષુ થાવું. મોક્ષ પામવો તેના કરતાં પણ આવી મુમુક્ષુતા આવવી એ દુર્લભ છે.

મહારાજે સ્વામીને કહ્યું, "આ સંતમંડળ ભેળા રહો અને સંતો સાથે અહીંથી માંડવી જાવ ને ત્યાં જઈને સંસ્કૃત ભણજો. ફરીવાર આપણે ક્યારેક ભેગા થઈશું." એમ કહી શ્રીહરિ ભૂજથી વિદાય થયા.

આ બાજુ સ્વામી માંડવીમાં સંતો સાથે રહ્યા. ત્યાં ઘણો અભ્યાસ કર્યો. ત્યાર બાદ સંતમંડળ સાથે ફરતાં લોજ પધાર્યા. ત્યાં મહારાજનાં દર્શન થયાં. ત્યારે શ્રીહરિ સભામાં ગાદિતકિયા નંખાવીને બેઠા હતા. કથાવાર્તા કરતા હતા. અને સંતોભક્તો જે પ્રશ્નો પૂછે તેનો જવાબ આપતા હતા. તે સમયે સભામાં ભગવત્સ્વરૂપ વિશેની ઘણી ઊંડી ચર્ચા થઈ રહી હતી.

પછી શ્રીહરિએ સંતોને કહ્યું, 'તમે પરસ્પર પ્રશ્ન-ઉત્તર કરો.' ત્યારે નૃસિંહાનંદસ્વામીએ હાથ જોડીને સંતદાસજીસ્વામીને પ્રશ્ન પૂછ્યો કે, 'મારે સ્વામિનારાયણ ભગવાનનો મહિમા કેવો જાણવો ?' ત્યારે સંતદાસજીસ્વામી કહે, 'સાધુરામ ! આ પ્રત્યક્ષ બેઠા તે મહારાજ તો સર્વે અવતારના અવતારી છે, અનંત ધામના ધામી છે અને અક્ષરધામના પતિ પુરુષોત્તમનારાયણ છે. આ જ પરમ તત્ત્વ સર્વોપરી અંતિમ સત્ય છે.' આમ ઘણીક વાતો કરી; છતાં સ્વામીને શ્રીહરિનું સર્વોપરીપણું સમજાયું નહિ; મનમાં થોડો સંશય રહ્યો.

પછી મહારાજે તેમને સમાધિ કરાવી અક્ષરધામમાં મોકલ્યા. ત્યાં દિવ્ય સિંહાસન ઉપર સર્વ અવતારના અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન બેઠા છે. સિંહાસન ફરતાં અનંતકોટી મુક્તો હાથ જોડીને ઊભા છે અને રામકૃષ્ણાદિક ચોવિસ અવતારો મહારાજની સ્તુતિ કરતા જોયા. અને તે તમામ અવતારો પૂર્ણપુરુષોત્તમ અવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની મૂર્તિમાં સ્તુતિ કરતાં કરતાં લીન થયા.

સમાધિમાં આવાં દર્શનથી, આ અનુભવથી તેમની સંશયરૂપી ગાંઠ છૂટી ગઈ. અને શ્રીહરિ જ સર્વ કારણનું કારણ, સર્વ અવતારના અવતારી, સર્વોપરી, અનાદિ પુરુષોત્તમનારાયણ છે; એવો અતિ દૃઢ નિશ્ચય થયો. પછી શ્રીહરિએ તેમને સમાધિમાંથી જગાડ્યા. એટલે જાગ્રત થઈ ગદ્‌ગદભાવે મહારાજની સ્તુતિ કરતાં બોલ્યા...

ચોપાઈ :

સર્વોપરી તમે અવતારી રે, મૂળ કારણ છો સુખકારી રે;
સર્વે ધામના છો તમે ધામી રે, પ્રગટ પુરુષોત્તમ બહુનામી રે...૩૧
સહુ રહ્યા તમને શિર નામી રે, સર્વ ઉપર એક તમે સ્વામી રે;
એવા મળ્યા મને હરિવર રે, ભાગ્યશાળી હું જેવો ન અવર રે...૩૨

શ્રીહરિ વ.ગ.મ.૪માં કહે છે, "ભગવાન તો મનુષ્ય જેવા જણાતા હોય તોપણ એને માયિક પદાર્થ બાધ કરવાને સમર્થ થાય નહિ અને ગમે તેવા વિષય હોય તો તેમાં કોઈ દિવસ લોપાય નહિ; એવું ભગવાનનું અલૌકિક સામર્થ્ય છે."

એમ ભગવાનનું માહાત્મ્ય જાણે તો તેને ભગવાનનું અખંડ ચિંતવન થાય. અને જ્યાં સુધી વિષયનો લીધો લેવાય ત્યાં સુધી એ ભક્તે ભગવાનનો અલૌકિક મહિમા જાણ્યો જ નથી. અને જો ઉદ્ધવજી હતા તેને ભગવાને એમ કહ્યું જે, "હે ઉદ્ધવ ! તમે હું થકી અણુમાત્ર ન્યૂન નથી." તે શા માટે જે, ઉદ્ધવજીએ અલૌકિક ભગવાનનું માહાત્મ્ય જાણ્યું હતું ને પંચવિષયના લીધા લેવાતા નહોતા.

અને જેને ભગવાનનો મહિમા સમજાય છે તેને રાજ્ય હોય અથવા ભીખ માગી ખાય તે બેય સરખું વર્તે; અને બાળક સ્ત્રી અને સોળ વર્ષની સ્ત્રી અને એંશી વર્ષની સ્ત્રી તે સર્વમાં સરખો ભાવ વર્તે; અને જે જે સંસારમાં સારું-નરસું પદાર્થ હોય તે સર્વેમાં સરખી ભાવના રહે, પણ સારા પદાર્થમાં પતંગિયાની પેઠે અંજાઈ જાય નહિ અને ભગવાન વિના બીજા કોઈ પદાર્થમાં લોભાય નહિ, એક ભગવાનની મૂર્તિમાં જ લોભાય. અને એવી રીતે જે વર્તતો હોય તે ભક્ત ગમે તેવા મોટા વિષય હોય તેમાં બંધાય નહિ."

આ પ્રસંગથી નૃસિંહાનંદસ્વામીને આ વચનામૃતમાં કહ્યા મુજબ શ્રીહરિનો અલૌકિક મહિમા સમજાણો. પછી દેહદશા ભુલાણી અને શ્રીહરિની મૂર્તિ એ જ પોતાની દુનિયા મનાણી. ધીરેધીરે તેમની આવી અલૌકિક સ્થિતિ બંધાણી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'નૃસિંહાનંદસ્વામીને સમાધિ અને સર્વોપરી નિશ્ચય થયો' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

જેને મૂર્તિ સિદ્ધ થઈ તે જ ખરો વિજ્ઞાની છે.

એકવાર મહારાજ ફરતાં ફરતાં સારંગપુર આવ્યા. ત્યાં મોટો ઉત્સવ કરવાનું નક્કી કર્યું. સહુ સંતો-ભક્તોને દેશદેશાવરથી તેડાવ્યા. સારંગપુરમાં શ્રીહરિ સમૈયો કરે છે તેવું સાંભળતાં નૃસિંહાનંદસ્વામી સંતમંડળ સાથે ફરતાં ફરતાં સારંગપુર આવ્યા.

જીવા ખાચરના દરબારમાં ઉતારો કર્યો. ત્યારે ભિક્ષા માગવાનું પ્રકરણ ચાલતું હતું. તેથી ત્યાં દિવસે ભિક્ષા માંગે અને જે મળે તે જમી લે. બાકીના બધા સમયમાં ભાવથી મહારાજનાં દર્શન કર્યા કરે અને એ મૂર્તિને હૈયામાં ધાર્યા કરે. આવા તે હેતાળા અને સ્મૃતિના તાનવાળા હતા. હવે સ્વામીએ પોતે જે અનુભવ્યું હતું તે મોનજી ભગતની વાતો નં.૫૧ને આધારે સ્વામીના જ શબ્દો પ્રમાણે જોઈએ.

"એકવાર હું (નૃસિંહાનંદસ્વામી) રોટલાના ટુકડા માગીને સારંગપુરના ચોરામાં આવી જમ્યો. પછી મેં એમ વિચાર કર્યો જે, 'હું ધ્યાન કરું.' આમ વિચારી મહારાજની મૂર્તિ સંભારવા માંડી, પણ દેખાય જ નહિ. ને અંતઃકરણ સામું જોયું તો કાળું ઠીકરા જેવું લાગ્યું; તેનું બહુ દુઃખ થવાથી રોવા લાગ્યો. પછી ઘડીક રોઈ સ્વસ્થ થયો. અને જેટલા ધ્યાનમાં ઊતરવાના મારગ હતા તે માર્ગે હેતે કરીને, મહિમાએ કરીને તથા બ્રહ્મભાવે કરીને અંતરવૃત્તિ કરી.

આમ, મેં મૂર્તિ જોવાનો પ્રયત્ન ખૂબ કર્યો, પરંતુ યથાર્થ મૂર્તિ દેખાણી નહિ અને અંતરમાં ઊંડું પણ ઊતરાણું નહિ. આ વાતનું મને બહુ દુઃખ થયું. પછી મહારાજ પાસે જવા ચાલ્યો.

તે વખતે મહારાજ ખીજડા આગળ મોટી સભા કરીને બેઠા હતા. તેમણે મને નદીનો સામો કાંઠો ઊતરીને આવતા જોયો. ત્યારે મહારાજે મુક્તાનંદસ્વામીને પૂછ્યું કે, 'પેલા કયા સાધુ આવે છે ?' ત્યારે સ્વામી

કહે જે, 'નૃસિંહાનંદસ્વામી આવે છે.' ત્યાં તો હું એ સભામાં પાછળ આવી ઊભો રહ્યો.

ત્યારે શ્રીજીમહારાજે નેત્રની સાન કરી મને પાસે બોલાવ્યો ને આગલી સભા સામું જોઈ ઈશારો કર્યો, ત્યાં સભાની વચમાં માર્ગ પડી ગયો. તેમાં થઈ હું શ્રીજીમહારાજના મોઢા આગળ આવી ઊભો રહ્યો ને નેત્રમાંથી જળની ધારા ચાલી જાય. તે જોઈને મને મહારાજે બે-ત્રણ વાર પૂછ્યું કે, 'હે સ્વામી ! તમે કેમ રોવો છો ?' પણ મારાથી કાંઈ બોલી શકાયું નહિ. પછી મુક્તાનંદસ્વામીએ પણ કહ્યું કે, 'સ્વામી, કેમ બોલતા નથી ? તમારે શું દુઃખ છે ? કહો તો ખરા ?'

પછી હું મારાં આંસુ લૂછીને ધીમે રહીને બોલ્યો જે, 'હે મહારાજ, તમોએ સર્વે સંતને માંડવી બંદરમાં ભણવાની આજ્ઞા કરી તે દિવસથી મેં પણ ભણવા માંડ્યું છે. તેમાં પંચસંધિ ભણી ગયો ને આગળના પાઠ ચાલે છે. પણ મેં પ્રથમ અયોધ્યામાં આપના પ્રગટ પ્રતાપની વાત એક વૈરાગીના મોઢેથી સાંભળી ત્યારે મને સમાધિ થઈ ગઈ ને તેજમાં આપની મૂર્તિ દેખાઈ હતી. તે પછી જ્યારે ધ્યાન કરતો ત્યારે તેવી ને તેવી મૂર્તિ સાંભરતી. વળી, આપે મને લોજમાં સમાધિ કરાવી આપનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો તે મૂર્તિ પણ મને અંતરમાં અખંડ દેખાતી. પરંતુ પંચસંધિ ભણી રહ્યા પછી ધ્યાનમાં બેસીને તે મૂર્તિ જોવા માંડી પણ ન દેખાણી. એટલે ધ્યાનમાં ઊતરવાના જેટલા ઉપાય છે તે બધા ઉપાયે કરીને – વૃત્તિ દ્વારે, પ્રાણ દ્વારે, હેતે કરીને, મહિમાએ કરીને, બ્રહ્મભાવે કરીને વગેરે સર્વે કળાએ કરીને – મૂર્તિ સંભારી પણ કાંઈ મૂર્તિનો આભાસ થતો નથી ને દેખાતી નથી. ને અંતઃકરણ કાળું ઠીકરા જેવું થઈ ગયું છે, તેનું બહુ દુઃખ છે; તેથી રડું છું."

ભગવાનની મૂર્તિ ભુલાય અને જેના અંતરમાં આવું દુઃખ થાય એવા સંતો-ભક્તોને લાખો લાખો ધન્યવાદ છે. કેમ જે, એણે સત્સંગ

કરીને જે વાતને પકડવાની હતી તે પકડી. ત્યારે શ્રીહરિ મને કહે જે, "સ્વામી ! છાના રહી જાઓ. હવે રોવો નહિ." એમ કહી હરિવરે હેતાળો હાથ મારા મસ્તકે મૂક્યો અને અમૃતસમાન વેણે બોલ્યા...

ચોપાઈ :

ભણવે કરીને મૂર્તિ ભુલાય રે, એવું કામ સારું ન કહેવાય રે;
જો ભૂલી જાતા હો અમને રે, તો નથી ભણાવવા તમને રે...૩૩

તમ જેવા જે સારા સાધુ જન રે, જે અખંડ કરે છે ભજન રે;
જેને અખંડ મૂર્તિ સાંભરે રે, સર્વે વિદ્યા આવી તેને વરે રે...૩૪

સર્વે વિદ્યાનું ફળ પણ એ જ રે, મૂર્તિ સિદ્ધ થાય જાણો તે જ રે;
જેને મારી મૂર્તિ સિદ્ધ થાય રે, તે જ જ્ઞાની વિજ્ઞાની ગણાય રે...૩૫

દોહા : **જેને અખંડ અનુભવાય, આત્મામાં ભગવાન;**
સિદ્ધ થાય મારી મૂર્તિ, તો પામ્યો સહુ જ્ઞાન...૩૬

શ્રીહરિ કહે, 'સાધુરામ ! વિદ્યાનું ફળ પણ મૂર્તિ જ છે. વિદ્યા ભણવા જતાં મારી મૂર્તિ ભુલાઈ જતી હોય તો હવે આપણે એવી વિદ્યા નથી ભણવી. માટે મૂર્તિ રાખો અને વિદ્યા છોડો. જેને આત્મામાં મારી અખંડ મૂર્તિ અનુભવાય છે, તે જ સાચો સિદ્ધ છે, જ્ઞાની છે, ભણેલો છે, તપસ્વી છે, ધ્યાની છે અને વિજ્ઞાની છે. જેણે મારી મૂર્તિ અંતરમાં રાખી તેના સર્વે મનોરથ સિદ્ધ થાય છે. માટે સ્વામી, તમે ચિંતા ન કરો. હવે ભણવું છોડી દ્યો અને અખંડ મારી મૂર્તિનું ધ્યાન ધરો.'

વળી અતિ હેતે કરીને શ્રીહરિએ મને કહ્યું કે, 'હે સ્વામી ! પણ એ ધ્યાનના કરનારાને મોટા મોટા વિઘન આવે છે, તેને તમો જાણો છો ?' ત્યારે મેં કહ્યું કે, 'મહારાજ, તેને તો હું નથી જાણતો.'

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "ભગવાને કેવી કળા કરી છે ? જે માયાના મોહે કરીને સ્ત્રીને પુરુષમાં આસક્તિ થાય અને પુરુષને સ્ત્રીમાં આસક્તિ થાય ને તેથી જીવને દેહ સર્જી આપે છે. તે દેહ શાને

અર્થે છે ? તો પંચવિષયનું સુખ પમાડવા તથા મોક્ષને અર્થે આપ્યો છે. તેમાં પામર અને વિષયીને ભોગ માટે ભગવાને દેહ આપ્યો છે અને મુમુક્ષુને ભગવાનનો ભેટો કરાવવા માટે ભગવાને આ દેહ આપ્યો છે. પરંતુ તેમાં કેવું ડહાપણ કર્યું છે જે, જુઓને ! એક શબ્દ બોલવે કરીને જીવમાં જ્ઞાન ઊતરી જાય.

તે ઉપર દૃષ્ટાંત છે, જેમ તાંબાનું નગારું દેવમંદિરમાં વગાડવાનું કરે છે, તેને તળિયે છિદ્ર પાડે છે. પછી નગારાને ઉપરથી ડાંડી મારે તે ભેગો થઈને પવન એ છિદ્રે દ્વારે નીકળી જાય છે. તેમ જગતના શબ્દરૂપી ડાંડી કાનરૂપી નગારા ઉપર મારે તે ભેગો શબ્દ ઈન્દ્રિયો તથા મન, ચિત્ત, બુદ્ધિ, અહંકાર તથા પ્રાણ એ આદિક સર્વેમાં એકકાલાવછિન્ન પ્રવેશીને જીવમાં ઊતરી જાય છે તેથી જીવને વિષય તરફ પ્રતિલોમ વૃત્તિ થાય છે અર્થાત્ વિષયમય બની જાય છે. વળી, જેમ ગંધરૂપ ડાંડી નાસિકારૂપ નગારા ઉપર મારે તે ભેગો ગંધનો ભાવ ઈન્દ્રિયો-અંતઃકરણ આદિકમાં થઈ જીવમાં પહોંચી જાય છે. વળી રૂપ જોવારૂપ ડાંડી નેત્રરૂપ નગારા ઉપર મારે તે ભેગું રૂપ ઈન્દ્રિય તથા અંતઃકરણ આદિ દ્વારે જીવમાં ઊતરી સાક્ષાત્ ખડું થાય છે. તથા સ્વાદરૂપ ડાંડી રસનારૂપ નગારા ઉપર મારે તે ભેગું સ્વાદનું જાણપણું ઈન્દ્રિયો તથા અંતઃકરણ આદિકમાં એકકાલાવછિન્ન થઈ જીવમાં ઊતરી જાય છે. એમ પંચવિષય છે તે એકકાલાવછિન્ન પાંચેય ઈન્દ્રિયોમાં પ્રવેશ કરીને જીવમાં પ્રવેશ કરી જાય છે.

તેવી જ રીતે જીવને જે સમે જેવો રાગ ઊપજે તેવો પ્રથમ પ્રાણ દ્વારે અહંમાં ટચકારો મારે છે, ત્યારે મન આદિ અંતઃકરણમાં થઈને નેત્ર-શ્રોત્રાદિક ઈન્દ્રિયો દ્વારા બહાર મૂર્તિમાન વિષય દેખાય છે ; તેને વિષયનો અનુલોમ થયો એમ જાણવું.

ટૂંકમાં પ્રથમ જીવ બાહ્ય દૃષ્ટિએ કરીને શબ્દ, સ્પર્શ, રૂપાદિક

વિષય અંદર નાંખે છે. તેથી તેની વાસના બંધાય છે. પછી અંદર ગયેલા વિષયો અંતરમાં મૂર્તિમાનની પેઠે સાંભરે એટલે વિષય સન્મુખ વૃત્તિ થાય. તેને વિષયનો અનુલોમ થયો કહેવાય."

માટે સુખી થાવું હોય તો આસક્તિ ટાળવી. આસક્તિ અનેક ભૂલોની જનની છે. આસક્તિ અનેક ખોટાં કામો કરાવે છે. માટે આંખ, કાન, નાક, જીભ વગેરે ઇન્દ્રિયોને કાબુમાં રાખવી; મન ફાવે એમ ભોગ ભોગવવા નહિ. ભોગ ભોગવવાથી તો વાસના વધે જ છે; ત્યાગ કરીએ તો જ બચાય. જેની આંખ અને આહાર કાબુમાં હોય તેને ક્યારેય કલંક લાગે નહિ. જે આસક્તિ ટાળે છે તે જ ભગવાનને ભાળે છે. નાશવંત પદાર્થની ઇચ્છા છોડવાથી જ અવિનાશી પ્રભુની પ્રાપ્તિ થાય છે. ભોગની ઇચ્છાવાળો સદા દરિદ્ર રહે છે. આસક્તિ અંતઃકરણને અશુદ્ધ કરે છે, જ્યાં-ત્યાં ભટકાવે છે અને સુખ-શાંતિનો નાશ કરે છે. અનાસક્ત પુરુષના જીવનમાં એક પણ ભૂલ થતી નથી. માટે વાસના ટાળો, ઇન્દ્રિયોને દંડ આપો અને અખંડ મહારાજની મૂર્તિ સંભારો. ઉત્સાહ સાથે કથા, વાર્તા, કીર્તન, સેવા, સત્સંગ, ભજન કરો. અંતરમાં શ્રીહરિ અને સંતોનું બળ રાખો. જે સતત ભગવાનનું સ્મરણ કરે છે અને ભગવાન પોતાની સાથે જ છે એમ સ્વીકારે છે તેના સર્વે દોષો તત્કાળ નાશ પામે છે.

"શ્રીહરિની આ વાત સાંભળી (હું)નૃસિંહાનંદસ્વામી, મુક્તાનંદ સ્વામી તથા નિત્યાનંદસ્વામી આદિ સર્વે સંત રાજી થઈ બોલ્યા જે, 'આ ચમત્કાર તો આજ જણાયો. એ તો સર્વે ઠેકાણે એકકાલાવછિન્ન ખબર પડી જાય છે.' પછી 'જય સચ્ચિદાનંદ' કહી શ્રીજીમહારાજ જીવાખાચરના દરબારમાં પધાર્યા ને સંતો પોતપોતાને ઉતારે ગયા.

તે દિવસથી મેં ભણવું પડ્યું મૂક્યું ને ધ્યાનનો અભ્યાસ કર્યો. પછી બીજે દિવસે સભા થઈ. ફરી હું મહારાજ પાસે આવ્યો.

ત્યારે શ્રીહરિએ મને કહ્યું, 'તમે ધ્યાન કર્યું હતું ?' ત્યારે મેં કહ્યું, 'હા મહારાજ, ધ્યાન કર્યું હતું. અને તમારી કૃપાથી મૂર્તિ પણ પ્રત્યક્ષ દેખાણી.' તે સાંભળી મહારાજ બહુ રાજી થયા. પછી બોલ્યા, 'હે સ્વામી ! તમો અખંડ ભગવાનની સ્મૃતિ રાખજો.

પછી બોલિયા શ્રીજી સુખકારી રે, રાખો અખંડ સ્મૃતિ અમારી રે;
સ્મૃતિ છે એટલા અમ પાસ રે, સ્મૃતિ તૂટે છેટે થાય વાસ રે...૩૭
સ્મૃતિ સર્વે ગ્રંથીઓ ગાળે રે, સ્મૃતિ સર્વે પાપ પ્રજાળે રે;
કારણ શરીર વજ્રસાર જેવું રે, સ્મૃતિ રાખ્યાથી નાશ પામે એવું રે...૩૮
સ્મૃતિ જેવો મોટો નથી લાભ રે, સ્મૃતિ સાધન મોટું અગાધ રે;
પ્રભુ પામ્યાનું શ્રેષ્ઠ સાધન રે, મારી સ્મૃતિ છે કહે ભગવાન રે...૩૯

અમારી સ્મૃતિ છે એ જ અમારામાં જોડાણ છે. જેટલી સ્મૃતિ તૂટે એટલા અમારાથી છેટા થઈ જવાય. માટે સતત સ્મૃતિ રાખજો. સ્મૃતિ રહેશે એટલી અહંગ્રંથી, મમત્વગ્રંથી, મૈથુનગ્રંથી, સંશયગ્રંથી, કર્મગ્રંથી એ આદિ સર્વે ગ્રંથીઓ બળી જાશે અને વજ્રસાર જેવું કારણશરીર પણ નાશ પામશે. માટે સ્મૃતિ રાખવા જેવો બીજો કોઈ મોટો લાભ નથી અને એથી સર્વોપરી સાધન પણ કોઈ નથી."

તે સાંભળી સંતો રાજી થયા. સ્વામીએ અભ્યાસ કર્યો તેથી ટૂંક કાળમાં પ્રભુકૃપાથી ફરી મૂર્તિ સિદ્ધ થઈ અને મહાસુખિયા થયા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'જેને મૂર્તિ સિદ્ધ થઈ તે જ ખરો વિજ્ઞાની છે એમ કહ્યું' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

સત્સંગ વિચરણ, ધુવાબરાઈમાં મૂર્તિપ્રતિષ્ઠા અને દિવ્ય દર્શન

દોહા : **એક સમે મૂક્યા વાલમે, મંડળ હિંદુસ્તાન;**
ગ્વાલિયર લખનૌ પરગણે, મોકલ્યા સંતો મહાન...૪૦

એક સમયે શ્રીજીમહારાજે મોટા નૃસિંહાનંદસ્વામી તથા સુખાનંદ સ્વામી એ બે સંતોનાં મંડળો બાંધ્યાં. તેમાં નૃસિંહાનંદસ્વામીના મંડળને હિન્દુસ્તાન દેશમાં ગ્વાલિયર તથા લખનૌ પરગણામાં ફરવાની આજ્ઞા કરી. મોટા સુખાનંદસ્વામીના મંડળને ગંગાપાર પંચમહાલ દેશ તથા બુંદેલ ખંડમાં જાવાની આજ્ઞા કરી. ત્યારે તે બંને સંતો પોતાનાં મંડળ સાથે શ્રીજીમહારાજને પગે લાગીને ચાલ્યા. તે ઝાડી દેશ ઓળંગીને રતલામ શહેરમાં ગયા. ત્યાં એક મારવાડી વણિક ગણેશલાલ રહેતા હતા. તેણે સંતોને તેની વખારના મેડા ઉપર ઉતારો કરાવ્યો. ત્યાં એક માસ રહ્યા ને કેટલાક જનને શ્રીજીમહારાજના પ્રતાપની વાર્તા કરીને શ્રીજીમહારાજનો નિશ્ચય કરાવ્યો.

પછી નૃસિંહાનંદસ્વામી પોતાના મંડળે સહિત ત્યાંથી ચાલ્યા, તે ઉજ્જૈન શહેરમાં ગયા. ત્યાં ક્ષીપ્રા નદી કાંઠે મહાદેવજીની જગ્યામાં કેટલાક દિવસ રહી ત્યાંના ઘણાક જનને શ્રીજીમહારાજના પ્રગટપણાની વાતો કરીને ભગવાનપણાનો નિશ્ચય કરાવ્યો. પછી ત્યાંથી ચાલ્યા તે ફરતાં ફરતાં કેટલેક દિવસે કરીને ગ્વાલિયર પરગણામાં ધુવાબરાઈ ગામમાં ગયા.

ધુવાબરાઈ ગામના સત્સંગી વણિક પુરણદાસ, સુરચંદ, કૃપારામ, સકટુ લુહાર, ઠાકોરદીન તથા મોજીરામ એ આદિક સર્વે હરિજનોએ મળીને સ્વામીનું સન્માન કર્યું. ને ત્યાં નવા મંદિરમાં ઉતારો કરાવ્યો. પછી સ્વામીએ ચાતુર્માસ ત્યાં રહીને લોકોને કથાવાર્તા સંભળાવી. તેથી ઘણા લોકોએ સત્સંગ કર્યો અને વર્તમાન ધારી સત્સંગી થયા. આમ અનેકને સત્સંગ કરાવ્યો.

પછી વળી તે મંદિરમાં માગસર માસને વિષે સ્વામીએ પોતાના હાથે રાધાકૃષ્ણદેવની મૂર્તિઓની પ્રતિષ્ઠા કરવાનું નક્કી કર્યું. આજુબાજુ પ્રદેશમાં સહુને આમંત્રણ આપ્યું. તેથી તે સમે ગામ ધુવાના બળદેવપ્રસાદ

લુહાર, મદારીભાઈ, હરિભંજન, રામચરણ એ આદિક કેટલાક હરિભક્ત તથા ગામ બામરોલીના ગુર્જર જગપાલ તથા ગિરધારીલાલ એ આદિક કેટલાક ગામોના ભક્તો તે અવસરે આવ્યા ને બહુ મોટો સમૈયો થયો.

દોહા : **પછી વળી તે મંદિરમાં, સ્વામીએ નિજ હાથ;**
પ્રતિષ્ઠા કરી અતિ ભાવે, સ્થાપ્યા દેવ લૈ બાથ...૪૧
રૂડો માગસર મહિનો, સ્થાપ્યા રાધાકૃષ્ણદેવ;
નિજ હાથે પ્રતિષ્ઠા કરી, ખુશ થયા હરિ તતખેવ...૪૨

ચોપાઈ :
તેથી પ્રત્યક્ષ આપ્યાં દર્શન રે, રાજી થયા સંતોભક્તો મન રે;
એવી રીતે બરાઈ જે ગામ રે, તેમાં મૂર્તિ પધરાવી કરી કામ રે...૪૩
કર્યો સ્વામીએ ભારે દિગ્વિજય રે, બોલે જનો શ્રીજીનો જય જય રે;
એમ મોટા જે નૃસિંહાનંદ રે, તેને વશ છે સહજાનંદ રે...૪૪

પછી સ્વામી ત્યાંથી ચાલ્યા તે ગામ ધુવા, બામરોલી, સાંખ્યની તથા મગરોલી એ આદિક કેટલાક ગામોમાં ફરીને અસંખ્ય લોકોને સત્સંગ કરાવતા થકા ગ્વાલિયર શહેર ગયા. ત્યાંના હરિજનોએ મળીને સ્વામીનું સન્માન કર્યું. રાજા જીવાજીએ પોતાના દરબારમાં સ્વામીને કેટલાક દિવસ રાખ્યા ને રૂડી રીતથી સેવા કરીને રાજી કર્યા હતા. પછી સર્વે હરિભક્તોની રજા લીધી.

ત્યાંથી ચાલ્યા તે લખનૌ પરગણાના ગામ નતીપનગર, ગોસાઈગંજ, ચનહટ તથા છત્રીક એ આદિ કેટલાક ગામોમાં ફરીને ઘણા લોકોને સત્સંગ કરાવ્યો. પછી સ્વામીને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શનની અંતરમાં અતિ તાણ થઈ. તેથી ત્યાંથી પાછા વળ્યા. તે ગામ ધુવામાં આવીને શાંતાનંદસ્વામી તથા અદ્‌ભુતાનંદસ્વામી એ બે સંતને ગામ સાંખ્યની મોકલ્યા ને કાશીરામ જમાદાર આદિક કેટલાક હરિજનને બોલાવીને પાછા ગામ બરાઈમાં આવ્યા. ત્યાંથી ચાલ્યા તે કેટલાક

હરિભક્તનો સંઘ લઈને નૃસિંહાનંદસ્વામી કેટલાક દિવસો ફરી ગઢપુરને વિશે આવ્યા.

સ્વામીએ ગઢપુરમાં આવી શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં. સ્વામીને આવ્યા સાંભળી શ્રીહરિ બહુ રાજી થયા અને સ્વામીને ભાવથી ભેટ્યા. પછી સર્વે સમાચાર પૂછ્યા. બપોરે પ્રેમથી પીરસીને જમાડ્યું. સહુ સંઘના ભક્તોને પણ મળ્યા; ઉતારા અપાવ્યા તથા પ્રેમથી જમાડ્યા. પછી એ સર્વ હરિજન કેટલાક દિવસ ત્યાં રહ્યા અને શ્રીહરિનાં દર્શન તથા કથાવાર્તાનું મહા સુખ માણતા હતા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીનું સત્સંગ વિચરણ, સ્વહસ્તે ધુવા-બરાઈમાં મૂર્તિપ્રતિષ્ઠા કરી તથા શ્રીહરિએ દિવ્ય દર્શન આપ્યાં' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

શ્રીહરિએ પ્રસાદીની વસ્તુઓ દ્વારા જણાવેલી સર્વોપરિતા

એક દિવસ શ્રીજીમહારાજનાં દર્શને આવેલા આ બધા ભક્તોએ મહારાજની અતિ હેતે સહિત યથાવિધિ પૂજા કરી. પછી પોતાના દેશમાં ચાલવાની તૈયારી કરી. એટલે શ્રીજીમહારાજ તેમના ઉપર ઘણા પ્રસન્ન થયા. ને તે સર્વ હરિભક્તોને પોતાનાં ચરણારવિંદ, પાઘ, જામા, જરીઓ ચોંટાડેલી મૂર્તિઓ, શિક્ષાપત્રીઓ તથા ગુલાબના હાર વગેરે કેટલીક પ્રસાદીની વસ્તુઓ આપી.

પ્રગટ પુરુષોત્તમની આ બધી દિવ્ય પ્રસાદી લઈને તે સૌ સંઘના માણસો મહાઆનંદ પામતાં પોતપોતાના દેશ પ્રત્યે ગયા. જતાં જતાં રસ્તામાં શ્રીહરિનું ધ્યાન કરતા. ઉત્સાહ સાથે ભજન કરતા. ને સાથે રહેલી તે પ્રસાદીની વસ્તુઓને જે કોઈ જુએ તેને શ્રીજીમહારાજની ઇચ્છાથી તરત સમાધિ થતી. ને સમાધિમાં મહારાજનું મહા અલૌકિકરૂપે

દર્શન થતું. આવો મહા અદ્‌ભુત પ્રતાપ જોઈને તે વાત સૌ એકબીજાને કહેતા. તેથી ઘણાને પોતાના સત્સંગની મજબૂતાઈ થઈ અને કેટલાક નવા ગામોના લોકો પણ પ્રગટ પ્રમાણ શ્રીજીમહારાજનું ભજન કરવા લાગ્યા.

ચોપાઈ :

જડ વસ્તુમાં મૂકી ચમત્કાર રે, બહુ જીવ ઉતાર્યા ભવપાર રે;
આમ હરિએ સંત-ભક્ત દ્વારા રે, વળી નિજ પ્રસાદી વસ્તુ દ્વારા રે...૪૫
નિજ પ્રતાપ દેખાડ્યો અમાપ રે, એવા અલૌકિક શ્રીજી આપ રે;
એવી રીતે જીવોને સ્વધામે રે, પહોંચાડ્યા છે શ્રીઘનશ્યામે રે...૪૬

આમ, મહારાજે સંતો દ્વારા તથા પ્રસાદીની વસ્તુઓ દ્વારા પોતાનો અલૌકિક પ્રતાપ વાપરી અનેક લોકોને અક્ષરધામના અધિકારી બનાવ્યા હતા. આ તો શ્રીહરિની સર્વોપરિતા છે. ગોપાળાનંદસ્વામી પોતાની વાતમાં કહે છે કે, "શ્રીહરિએ તો સમાધિઓ કરાવીને જેવો તેવો હોય તેને પણ અષ્ટાવરણ પાર જે અક્ષરધામ તે દેખાડ્યું; તથા તે સમાધિને વિશે પોતાના અવતાર દેખાડીને પોતાને વિશે લીન કર્યા; તથા ભક્તને વિશે લીન કરી દેખાડ્યા; તથા પુષ્પ તથા સોટીને સ્પર્શે કરીને પોતાનાં ધામ દેખાડ્યાં; એ સર્વે પોતાને વિશે પુરુષોત્તમપણું દેખાડ્યું. એવી રીતે મહારાજે પોતાને વિશે પૂર્વે જે જે અવતારે કરીને જે જે કાર્ય કર્યું છે તે પોતે સહજ લીલાએ કરીને કર્યું.

આવી રીતે આ વાતને વિચારીને પછી એમ નિર્ધાર કરવો જે, જ્યારે સર્વે અવતારનો ભાવ મહારાજે પોતાને વિશે દેખાડ્યો, તે માટે સર્વે અવતારના અવતારી તે આ પ્રગટ ભક્તિ-ધર્મના પુત્ર એવા શ્રીહરિકૃષ્ણ મહારાજ છે અને બીજા અવતાર તો એમના આજ્ઞાકારી છે; એમ મહારાજના સ્વરૂપને સમજવું."

ઇતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ પ્રસાદીની વસ્તુઓ દ્વારા સર્વોપરિતા જણાવી' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

સ્વામીના વચને બળદનો ઉદ્ધાર

દોહા : **મોટા સંતના પ્રતાપથી, પશુ પણ ઉદ્ધરી જાય;**
દૃષ્ટિ પડે એવા સંતની, તો કલ્યાણ કેમ ન થાય ?..૪૭

ગઢડામાં સ્વામી એકવાર રાત્રે ફળિયામાંથી લઘુશંકા કરવા માટે જતા હતા. ત્યાં પાસે બળદિયો માથું નમાવીને બેઠો હતો. તેના શિંગડાં વચ્ચે સ્વામી પડ્યા. અને શિંગડાંમાં ડોકું ભરાઈ ગયું. ત્યારે તેમના મનમાં વિચાર થયો જે બળદ ઊભો થશે કે માથું આઘું-પાછું કરશે તો જિવાશે નહિ. તેથી સ્વામી ધીમે ધીમે 'સ્વામિનારાયણ...સ્વામિનારાયણ...' એમ ભજન કરવા મંડ્યા. બળદ શાંતિથી એમ ને એમ બેઠો રહ્યો. સ્વામીનું ભજન સાંભળીને પાર્ષદો જાગ્યા. તેથી દોડતા ત્યાં આવ્યા અને ધીરે રહીને સ્વામીને શિંગડામાંથી કાઢ્યા. આ બધા સમયમાં બળદ જાણે કોઈ યોગી હોય તેમ બેસી રહ્યો. તેથી સ્વામી બહુ રાજી થયા. અને આશીર્વાદ આપતાં સહજ બોલ્યા કે,"આજ બળદે મને જાળવ્યો છે. માટે આ બળદને ઘી-ગોળ ખવરાવો. અને આ બળદે જેમ મારી અત્યારે રક્ષા કરી છે, તેમ અંતકાળે હું તેની રક્ષા કરીશ. અને અક્ષરધામમાં તેડી જઈશ. તેને હવે ફરીને જન્મ લેવો નહિ પડે. આ દેહે જ તેનો ઉદ્ધાર થઈ જશે." *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૨૨૮)*

દોહા : **આવા સંતના પ્રતાપથી, બહુ પામ્યા અક્ષરધામ;**
સેવ્યા જેણે સંતને, તેને રીઝ્યા શ્યામ...૪૮

મોટા સંતોની વાતો ન્યારી છે. મહારાજે સંતો દ્વારા અનેક જીવોનો ઉદ્ધાર કર્યો છે. ગુણાતીતાનંદસ્વામી એકવાર જૂનાગઢમાં કાળવા નદીએ સ્નાન કરવા જતા હતા. નિજ મસ્તીમાં ધૂન-ભજન બોલતા હતા. તે જોઈને રસ્તામાં એક ફકીરને સ્વામીનો ગુણ આવ્યો. એટલે તે ફકીરથી સહજ બોલાઈ ગયું 'અરે..! દેખો દેખો સ્વામિનારાયણકે ઓલિયા કી

ક્યાં મસ્તી હૈ !' તે સાંભળી સ્વામીએ પાછું વાળીને જોયું. પછી રાજી થયેલા સ્વામીએ તે ફકીરને કહ્યું, 'તને મારો ગુણ આવ્યો, તેથી જા હું આશીર્વાદ આપું છું જે, અંતકાળે તને ધામમા લઈ જઈશ. આજથી તારે બાંગ પોકારવી મટી.' તેથી ફકીર સ્વામીના પગમાં પડ્યો. આમ સ્વામીએ તેનું સહજમાં કલ્યાણ કર્યું.

સંત કૃપાથી પામિયા, સહજમાં બહુ બહુ સુખ;
સંતના આશીર્વાદથી, ટળ્યાં જગે મોટાં દુઃખ...૪૯

ધોરાજીમાં એક મુસ્લિમ બિરાદરને સહુના ગુણ લેવાની ટેવ હતી. એમાં કોઈ કારણોવશાત્ તે ગાંડો થઈ ગયો. પરંતુ જે મળે તેનાં વખાણ કરે. આ ટેવ તેની એમની એમ રહી. એકવાર ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો ધોરાજી આવ્યા. ત્યારે સંતોની મસ્તી જોઈને આ મુસ્લિમ સંતોનાં વખાણ કરતો કહે, **'क्यां स्वामिनारायण के ओलिया का नूर है ! वो तो सबसे बडा ओलिया है।'** આમ સ્વામીનાં વખાણ કર્યાં અને સંતનો ગુણ લીધો તો ઈતિહાસ એમ બોલે છે કે, જ્યારે તેનો અંતકાળ આવ્યો ત્યારે શ્રીજીમહારાજ તેને તેડવા આવ્યા અને અક્ષરધામનો અધિકારી બનાવ્યો. ગુણ લેવાનો સ્વભાવ સત્પુરુષનાં વખાણના કામમાં આવ્યો તો મોક્ષ થઈ ગયો, જન્મ સુધરી ગયો. માટે સહુમાંથી ગુણ લેવાનો સ્વભાવ પાડવો. જે ગુણ લે છે તેનો સત્સંગમાં અચળ પાયો થાય છે. ગુણ લેવાથી જ જીવમાં બળ આવે છે. ગુણ લેનારનું જીવન જ સદ્‌ગુણી બને છે. અને તે જ પ્રભુનો પ્યારો બને છે. જેમ ભગવાન આપણા દોષો નથી જોતા, તેમ આપણે પણ બીજાના દોષો ન જોવા; અને જેમ પ્રભુ આપણા થોડા ગુણને કે સેવાને બહુ મોટી માની કલ્યાણ કરે છે, તેમ આપણે પણ સહુના નાના ગુણને કે નાની સેવાને બહુ મોટી માનીએ તો આપણું સહેજે કલ્યાણ થાય અને અંતરમાં સુખ-શાંતિ પણ બહુ થાય. માટે ગુણગ્રાહી દૃષ્ટિ કેળવજો.

સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી સારસિદ્ધિમાં કહે છે કે,

સાચા સંતથી સરી ગયાં, કૈક જીવોનાં કાજ;
એવા સંતને સેવવા, અવસર આવિયો છે આજ.

જેમ મહા અર્ણવ ઉલ્લંઘવા, નથી ઉપાય બીજો નાવ વિના;
તેમ સંસાર સાગર પાર કરવા, જાણો સંત અજર ઝાઝ બન્યા.

મોટે ભાગ્યે કરી મળે માનો, સાચા સંતનો સમાગમ;
તો તેણે કરી મહા સુખ પામે, વળી વામે વેળા વિષમ.

સર્વે વાત જાય સુધરી, જો થાય એવા સંતશું પ્રીત;
નૂન્ય ન રહે તેહ જનને, જાણો જોરે થઈ જાય જીત.

પાર આવી જાય સર્વે પંથનો, વળી સરી જાય સહુ કામ;
નિષ્કુળાનંદ શુદ્ધ સંત સેવ્યાથી, પમાયે પૂરણ પરમધામ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના વચને બળદનો ઉદ્ધાર થયો' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

શ્રીહરિએ સ્વામી દ્વારા સર્વોપરી પ્રતાપ વહાવ્યો.

પુરુષોત્તમનારાયણનાં અસાધારણ લક્ષણો દર્શાવતાં ગોપાળાનંદ સ્વામીએ કહ્યું છે, "જેના સ્વરૂપ સંબંધી વાર્તાને કોઈક પ્રદેશમાં જઈને કરે ને તે સાંભળે ત્યાં મનુષ્યને અલૌકિકપણું જણાઈ આવે એવો જેનામાં પ્રતાપ હોય તેને સર્વાવતારી પુરુષોત્તમનારાયણ જાણવા." આવો જ એક પ્રસંગ બન્યો સ્વામીના જીવનમાં...

ગઢપુરમાં દાદાના દરબારમાં શ્રીહરિ સભા ભરીને બેઠા હતા. મોટા મોટા પરમહંસો પાસે બેઠા હતા. તેમને ઉદ્દેશીને શ્રીહરિ કહે, "હે પરમહંસો ! જેને ભગવાનની નિષ્ઠા થાય તેને પ્રભુ સદા પાસે મનાય છે. અને જેને નિષ્ઠામાં ખામી તેને ભગવાન અને અક્ષરધામ દૂર

મનાય છે. પરંતુ જે પોતાના આત્માને અક્ષરધામ માની, પ્રત્યેક ક્ષણે ભગવાન મારી સાથે જ છે, એમ માનશે તેને ભગવાનનું પ્રગટપણું થશે એટલે તત્કાળ વાસના નાશ થશે.” પ્રગટ પ્રભુની નિષ્ઠાના કેફવાળા આ સંત શ્રીહરિએ કહેલી આ વાતોને વાગોળતા થકા મહારાજની આજ્ઞાથી ગામડાં ફરવા ગયા.

સત્સંગ પ્રચાર માટે ફરતાં ફરતાં નૃસિંહાનંદસ્વામી એકવાર જીંજરી ગામમાં ગયા. ચોરામાં ઉતારો કર્યો. ત્યાં એકાંતમાં બેસી ભગવાનનું ધ્યાન કરતા હતા. તે સમયે માણાવદરના કર્મચારી અને દીવાન પણ ત્યાં ઉતરેલા. તેઓએ દેવદર્શન કરી ચારેય તરફ જોયું તો એક યોગીપુરુષ ધ્યાનમાં બેઠેલા જોયા. તેથી તે સ્વામી પાસે જઈને બેઠા. ત્યાં બેસતાં તેમના હૈયામાં શાંતિ શાંતિ થઈ ગઈ, અંતરમાં ટાઢું થઈ ગયું. થોડીવારે સ્વામી ધ્યાનમાંથી જાગ્રત થયા.

પછી દીવાને પૂછ્યું, ‘મહાત્માજી ! આપનું નામ શું છે ? આપના ગુરુ કોણ છે ? અને સંપ્રદાય કયો છે ?’ ત્યારે સ્વામી નિજ છટામાં બોલ્યા, ‘અમે તો રમતા રામ છીએ. આજ આંહી તો કાલ બીજે. છતાં આપ કહો છો તેથી કહું છું કે, મારા આ દેહનું નામ નૃસિંહાનંદસ્વામી છે. હું સ્વામિનારાયણ ભગવાનનો શિષ્ય છું. મારા ગુરુ પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણ છે. તેમના આદેશથી અમે ગામડે ફરીએ છીએ.’

સ્વામિનારાયણનું નામ બોલતાં જ ચોરામાં ચારેય તરફ દિવ્ય તેજ ફેલાયું. દીવાનને અને કર્મચારીને સમાધિ થઈ. સમાધિમાં તેમને અક્ષરધામમાં દિવ્ય સિંહાસન ઉપર બેઠેલા શ્રીહરિનાં દર્શન થયાં. સિંહાસનની ફરતા અનંત મુક્તો, અનેક અવતારો તથા મોટા મોટા દેવો અને ઈશ્વરો શ્રીહરિની સ્તુતિ કરતા હોય એવાં દર્શન થયાં. તે જોઈ તેઓને સ્વામિનારાયણ ભગવાનનો પાકો નિશ્ચય થયો.

થોડીવારે તેઓ સમાધિમાંથી જાગ્યા. પછી સ્વામીના હાથે વર્તમાન

ધરી તે પણ સ્વામિનારાયણ ભગવાનના આશ્રિત થઈ ગયા. આવો હતો, સ્વામીના જીવનનો પ્રભાવ ! તેથી જ શ્રીહરિ તેમના દ્વારા અપાર પ્રતાપ વહાવતા હતા, અનેક લોકોનું કલ્યાણ કરતા હતા. અને આવી હતી, સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરિતા ! તેથી જ તેમનું નામ સાંભળતાં અનેક લોકોને સમાધિ થઈ જતી, દિવ્ય ધામનાં દર્શન થતાં.

ગોપાળાનંદસ્વામી આ વાતને સમજાવતાં કહે છે કે, 'શ્રીજીમહારાજે તો પોતાનું કીર્તન ગાયું તેનું તથા કોઈ સત્સંગીનો ગુણ લીધો તેનું તથા જે જે સંતના ઉપયોગમાં આવ્યા તે સર્વેનું કલ્યાણ કર્યું, તો પોતાના સંબંધને પામ્યા તેના મોક્ષમાં શું કહેવું ? તથા સાધુ દ્વારે, સત્સંગી દ્વારે, સોટી દ્વારે, લાકડી દ્વારે કરીને સમાધિ કરાવી; તો પોતાને જોઈને સમાધિ થાય તેમાં શી મોટી વાત કહેવાય ? એવી રીતે મહારાજની સામર્થી જોઈને વિચારીએ તો એ પૂર્વના અવતાર કરતાં લાખ ગણું હેત શ્રીજીમહારાજને વિશે કર્યું જોઈએ. તથા પોતાને દર્શને કરીને હજારું, લાખું સત્સંગી તથા કુસંગી તે સર્વેને સમાધિ થઈ અને બ્રહ્મપુરાદિક ધામ દેખાડ્યાં; તે તો જેમ ચિંતામણિ હોય તેને વિશે જે જે ચિંતવે તે તે મળે, તેમ મહારાજનો જેને સંબંધ થયો તથા સત્સંગીનો સંબંધ જેને થયો તે સર્વેનું કલ્યાણ શ્રીજીમહારાજે કર્યું. તે એવું સામર્થ્યપણું તો પુરુષોત્તમ વિના બીજા અવતારમાં ન હોય.' *(સંદર્ભ : ગો.સ્વામી વાત-૬)*

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સર્વોપરી પ્રતાપ વહાવ્યો' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

પ્રભુમાં વૃત્તિ રાખવાથી જ કારણ શરીર બળે છે.

દોહા : **આવ્યા આ બ્રહ્માંડમાં, પુરુષોત્તમ પ્રથમવાર;**
ફાવ્યા સહુ આ સમામાં, થયો આ હરિમાં પ્યાર...૫૦

નિષ્કુળાનંદસ્વામી પુરુષોત્તમપ્રકાશ પ્ર.૩૨માં કહે છે.

ચોપાઈ :

આ વારનો જે અવતાર રે, એવો ન થાયે વારમવાર રે;
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે.

શ્રીહરિ કહેતાં કે,'આ બ્રહ્માંડની અડધી આવરદા પૂરી થઈ ત્યારે આજ હું પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી સ્વયં પધાર્યો છું. આ પહેલા મારા અવતારો ઘણા થયા, પરંતુ હું સ્વયં ક્યારેય આવ્યો નહોતો.' જ્યારે બ્રહ્માંડની અડધી આવરદા થાય ત્યારે દરેક બ્રહ્માંડમાં એકવાર સર્વાવતારી પોતાનું દિવ્ય જ્ઞાન તથા ઉપાસના સમજાવવા પધારે છે. સાથે અનેક મુક્તોને લાવે છે. તે રીતે શ્રીહરિ આ બ્રહ્માંડમાં મુમુક્ષુઓને પોતાની મૂર્તિનો મહાઆનંદ આપવા અને પોતાનું સ્વરૂપ સમજાવવા તથા સર્વોપરી ઉપાસના શીખવાડવા પહેલીવાર પધાર્યા છે. એ અવસરે આપણને મનુષ્યનો જન્મ મળ્યો અને શ્રીહરિની ઓળખાણ થઈ માટે આપણા ધન્ય ભાગ્ય છે.

આજે આ બ્રહ્માંડમાં સૂર્ય, ચંદ્ર, પૃથ્વી, જળ, તેજ, વાયુ, સાગર, નદીઓ, સરોવરો બધું જ સર્વાવતારી શ્રીહરિનું પ્રસાદીભૂત થયું છે. તેમના સ્વરૂપને સમજાવનારાં શાસ્ત્રો રચાઈ ગયાં છે. એવા આ દિવ્ય સત્સંગમાં આપણે આવ્યા છીએ. આપણે મૂળ સંપ્રદાયના દિવ્ય જ્ઞાનને શ્રીહરિની કૃપાથી પામ્યા છીએ.

આજ આત્યંતિક મોક્ષ કરવો હોય તો સહેજે થઈ શકે એમ છે. કેમ જે, સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે. તેમનાં વચનો સર્વોપરી છે. તેમના સંતો-ભક્તો સર્વોપરી છે. તેમણે કરેલી વાતો સર્વોપરી છે. તેમણે સ્થાપેલાં મંદિરો સર્વોપરી છે. તેમણે આપેલાં વરદાનો સર્વોપરી છે. તેમનું અક્ષરધામ સર્વોપરી છે. અને તેમણે આપેલી આત્યંતિકી મુક્તિ પણ સર્વોપરી છે. માટે આ સર્વોપરીના યોગમાં જે આવે તે બધા મહા

ભાગ્યશાળી છે. ઘણાં જન્મનાં પુણ્ય ઉદય થાય ત્યારે સ્વામિનારાયણ ભગવાનની નિષ્ઠા થાય; તેમની સેવા, પૂજા અને મંત્ર જપવાનો લાભ મળે. આ તો **'न भूतो न भविष्यति'** એવી વાત છે.

જેમ સૂર્ય દિવસને શોભાવે છે, ચંદ્ર રાત્રીને શોભાવે છે; તેમ નૃસિંહાનંદસ્વામીનું જીવન અનેક મુમુક્ષુઓના જીવનને પ્રેરણાના પિયુષ પાઈને જીવનને શોભાવે છે. સ્વામી શ્રીહરિને બહુ વહાલા સંત હતા, તેથી શ્રીહરિએ ઘણી વાર અતિ હેતથી સ્વામીને વાતો કરી છે. આ વાતો ભગવાનને પામવા માટે અનુપમ ઔષધ સમાન છે.

જેમ સૂર્યમાંથી અનેક પ્રકારની ઊર્જાઓ મળે છે, તેમ સ્વામીને શ્રીહરિએ કરેલી આ વાતોમાંથી આપણા જીવનને સુધારવાની અનેક પ્રકારની ઊર્જાઓ મળે છે. ભગવાનને સંભારવાનું, સમજણ સુધારવાનું, સંગ સુધારવાનું વગેરે અનેક પ્રકારનું બળ આમાંથી મળે એવી અણમોલ આ વાતો છે. આપણે સર્વાવતારી શ્રીહરિએ સ્વામીને કહેલી આ વાતો વાગોળીએ.

પૂર્વછાયો : **વાતો કરી મારે વાલમે, નિત્ય નિત્ય નવી અપાર;**
આવી વાતો સુણી ન કોઈ દિ', આગે થયા ઘણા અવતાર...૫૧
સાગરમાંથી આચમન, વળી કરાવું તમને આજ;
નૃસિંહાનંદ સ્વામીને કારણે, આવું બોલ્યા'તા મહારાજ...૫૨
અનુપમ એક એકથી એવી, વાતો સુણાવું છું આજ;
સમજે વર્તે આ પ્રમાણે, એને જરૂર મળે મહારાજ...૫૩

એક દિવસ મહારાજ ગઢપુરમાં સાંજના સમયે ઉગમણાબારના ઓરડાની ઓસરી ઉપર ઢોલિયો ઢળાવી ગાદી-તકિયા નંખાવીને તે ઉપર વિરાજમાન થયા હતા. ને મુક્તાનંદસ્વામી આદિક સર્વે સાધુ તથા સર્વે હરિભક્તની સભા ભરાઈને બેઠી હતી.

તે સભામાં સદ્ગુરુ નૃસિંહાનંદસ્વામીએ આવીને મહારાજનાં

દર્શન કર્યાં. ત્યારે મહારાજ બોલ્યા જે, "આવો સ્વામી આવો..." એમ રાજીપા સાથે બોલાવીને પાસે બેસાર્યા. પછી મહારાજ તેમને કહે, "હે સ્વામી ! તમો ધ્યાન કરો છો ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "હા મહારાજ, ધ્યાન કરું છું, ને મૂર્તિ પણ ઠીક દેખાય છે." તે સાંભળી મહારાજ ઘણું રાજી થયા.

ચોપાઈ :

સ્નેહે બોલ્યા શ્રીજીમહારાજ રે, સુણો નૃસિંહાનંદ સ્વામી આજ રે;
સ્મૃતિ હરિની રાખજો તમે રે, તેથી રાજી બહુ થાશું અમે રે...૫૪

"હે સ્વામી ! તમે અમારામાં અખંડ સ્મૃતિ રાખજો. તેથી અમે બહુ રાજી થઈશું." આનો અર્થ એ થાય કે મહારાજને આપણી પાસે આ જ કરાવવું છે. આપણે શ્રીહરિની સ્મૃતિ રાખીએ એમાં જ તે બહુ રાજી થાય છે. કેમ જે, હરિસ્મૃતિથી જ હુંની વિસ્મૃતિ થાય છે.

જ્યારે સ્મૃતિ હરિની રહે છે રે, ત્યારે જ ગ્રંથીઓ સર્વે દહે છે રે;
અહં ગ્રંથી તથા સંશયગ્રંથી રે, કર્મગ્રંથી ને મમત્વગ્રંથી રે...૫૫
ચારેય ગ્રંથી તેથી ગળી જાય રે, સ્મૃતિ અખંડ જો રખાય રે;
માટે સ્મૃતિ રાખજો તમે સ્વામી રે, તેમાં રાખશો નહિ કાંઈ ખામી રે...૫૬

"હે સ્વામી ! કારણ શરીર વજ્રસાર જેવું છે. કોઈ રીતે ટળે એવું નથી. પરંતુ પ્રગટનું ભજન કરે અને પ્રગટ ભગવાન તથા પ્રગટ સંતો-ભક્તોની મહાનતા સ્વીકારે અને અમે આ વાત કહીએ તે પ્રમાણે અભ્યાસ કરે તેનાં કારણ શરીરનો ભંગ થાય છે. વાસનાલિંગ દેહનો વિનાશ થાય છે. અને છતાં દેહે બ્રહ્મરૂપ બની પરબ્રહ્મમાં ગુલતાન બને છે."

એમ કહી સ્વામીને ઉદ્દેશીને શ્રીહરિ બોલ્યા, "હે સ્વામી ! તેત્રીસ કરોડ દેવતાના રાજા ઈન્દ્રએ વિશ્વરૂપને માર્યો તેથી ચાર બ્રહ્મહત્યા લાગી. તેમાં એક બ્રહ્મહત્યા પૃથ્વીને ક્ષારરૂપે આપી, બીજી પાણીને લીલરૂપે આપી, ત્રીજી સ્ત્રીઓને રજસ્વલારૂપે આપી. આમ, ત્રણ અન્યને

વહેંચી દીધી, પણ એક બાકી રહી. તે બ્રહ્મહત્યાએ ભૂંડું રૂપ ધર્યું. વાઘરણના જેવો દેખાવ અને મોઢું ગંધાય એવી થકી છેટેથી ઈન્દ્રને કહેવા લાગી, 'ઊભો રહે... ઊભો રહે... મારે તારામાં પ્રવેશ કરવો છે.' તે સાંભળી ઈન્દ્ર બહુ દુઃખી થયો અને તેનાથી ઊગરવા ઈન્દ્રાસન છોડીને ભાગ્યો. તેથી બ્રહ્મહત્યા તેની પાછળ પડી.

ઈન્દ્ર ઋષીઓના આશ્રમમાં ગયો. પરંતુ ગુરુદ્રોહી ઈન્દ્રની કોઈ ઋષીએ સહાય ન કરી. તેથી બહુ જ દુઃખ થયું. દોડી દોડીને થાકી ગયો. પોક મૂકીને રડવા લાગ્યો. શું કરવું ? અને ક્યાં જાવું ? તે સૂઝતું નથી. આવું તેનું દુઃખ જોઈ જ્યા ઈન્દ્ર ઊભો હતો, ત્યાં ભગવાનનું મન એવા નારદજી આવ્યા. તેમને પગે લાગીને ઈન્દ્ર કહે, 'હે મહારાજ, આવા સમામાં તેમોએ દર્શન દીધું તે બહુ સારું કર્યું. કેમ જે, હું અતિ દુઃખીયો છું. આ બ્રહ્મહત્યા મારામાં પ્રવેશ કરવા ઊભી છે. તે મારામાં આવે તો કેમ ખમાશે ?' ત્યારે નારદજી બોલ્યા, 'હે ઈન્દ્ર, તેં બ્રહ્મહત્યા કરી તે તારે જ ભોગવવી પડશે.' ત્યારે રડતા હૃદયે દીનભાવે ઈન્દ્ર બોલ્યો, 'હે નાથ ! આપનું દર્શન થયું છતાં મારે દુઃખ રહે તો હું કોની પાસે જઈને ઊગરું ?'

પછી દયાળુ નારદજી રાજી થઈને કહે, 'હે ઈન્દ્ર ! હું કહું તેમ તું કર તો તારી બ્રહ્મહત્યા નાશ થશે અને સુખિયો થઈશ.' એટલે ઈન્દ્ર કહે, 'બોલો મહારાજ !...' ત્યારે નારદજી કહે, 'હે ઈન્દ્ર ! તારા નાના ભાઈ વામનજી છે, તે ભગવાનનો અવતાર છે. મનુષ્ય જેવા જણાય છે, છતાં તે ભગવાન છે. પરંતુ તને તેમાં ભગવાનપણાનો ભાવ નથી. તું સત્તા, સંપત્તિ અને લોકોની વાહવાહને કારણે તેમની મોટપ સ્વીકારતો નથી. જો તેમને પ્રગટ ભગવાન જાણી, તેમની સ્મૃતિ રાખીશ તો બ્રહ્મહત્યા નાશ પામશે. પ્રત્યક્ષના ભજનથી એક શું અનેક બ્રહ્મહત્યા જેટલાં પાપ હોય તોપણ તેમાંથી મુક્તિ મળે છે.'

ત્યારે ઈન્દ્રને એમ થયું, 'આ સાધુએ મારી મશ્કરી કરી.' એમ નારદજીના વચનમાં સંશય કર્યો. તેથી નારદજી કોચવાઈને ચાલી નીકળ્યા. પછી તો બ્રહ્મહત્યા તેને અતિશય પીડવા લાગી. તેનાથી થાકી ઈચ્છા ન હોવા છતાં પેલા દુઃખમાંથી મુક્ત થવા નારદજીના કહેવા પ્રમાણે ઈન્દ્રએ પોતાના નાના ભાઈ વામનજીની સ્મૃતિ કરી. એટલે બ્રહ્મહત્યા છેટે જઈ ઊભી રહી. તેથી ઈન્દ્રને વિશ્વાસ આવ્યો. પછી વામન ભગવાન પાસે આવી તેમના પગ પકડી રડવા લાગ્યો. અને કહ્યું,'મને આ બ્રહ્મહત્યાના પાપથી ઊગારો.' ત્યારે વામન પ્રભુ કહે, 'મારા પ્રત્યક્ષ સ્વરૂપની નિષ્ઠા રાખી સ્મૃતિ રાખ તો તું બ્રહ્મહત્યા આદિક તમામ પાપથી મુક્ત થઈશ.' પછી ઈન્દ્રએ એમ કર્યું એટલે બ્રહ્મહત્યા ટળી ગઈ, અતિ શાંતિ થઈ."

આ દૃષ્ટાંત આપી શ્રીહરિએ કહ્યું,

દોહા : **આ જીવને છે બ્રહ્મહત્યા, કારણ દેહરૂપ જાણ;**
અનાદી કાળથી વળગી, મોટી દુઃખની ખાણ....૫૭
કોઈ રીતે આ જીવથી, નથી જુદી થતી તેહ;
એતો જુદી થાય ક્યારે, તેનો સુણો ઉત્તર એહ....૫૮
સ્મૃતિ પ્રત્યક્ષ ભગવાનની, જો અખંડ રાખી શકાય;
ટૂંક કાળે કારણ તનનો, નક્કી નાશ થઈ જાય...૫૯

પૂર્વછાયો :

માટે સ્મૃતિ રાખવા જેવો, બીજો કોઈ નથી મોટો લાભ;
સ્મૃતિ રાખવી એ સાધન તો, છે સર્વોપરી જાણો આભ...૬૦
માટે હે નૃસિંહાનંદ સ્વામી, તમો સ્મૃતિ અખંડ રાખશો;
થોડા કાળે કારણ દેહનો, તેથી નાશ કરી નાખશો...૬૧
અભ્યાસ કરજો રાત'દી, તો જરૂર થાશે કામ;
નાની મોટી બધી વાસના, એ તો ટળી જાશે તમામ...૬૨

"માટે હે નૃસિંહાનંદસ્વામી ! પ્રગટ ભગવાનની નિષ્ઠા રાખી તેમાં અખંડ સ્મૃતિ રાખવી. તેના જેવો કોઈ મોટો લાભ નથી. કઠણમાં કઠણ કારણ શરીર સ્મૃતિ રાખવાથી નાશ થાય છે. માટે તેના જેવું બીજું કોઈ સર્વોપરી સાધન નથી. પણ ઘણાને સ્મૃતિ રાખવારૂપી સાધન નજરમાં નથી. તેથી બિચારા દુઃખીયા થાય છે, હેરાન થાય છે અને પસ્તાવામાં તથા બળતરામાં દિવસો જાય છે. માટે સતત સ્મૃતિ રાખવી, તો સર્વે વાત સિદ્ધ થશે. જેમ પ્રકાશ થાય એટલે અંધારું જાય, તેમ અખંડ સ્મૃતિ રાખે તેના સર્વે દોષો ટળે છે."

ચોપાઈ :

એહ વાત સાંભળી સર્વે સંત રે, રાજી થયા છે મનમાં અત્યંત રે;
સ્વામી નૃસિંહાનંદજી જેહ રે, તેણે અભ્યાસ વધાર્યો છે એહ રે...૬૩

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'પ્રભુમાં વૃત્તિ રાખવાથી જ કારણ શરીર બળે છે' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

શ્રીહરિએ સ્વામીને કહેલી સંગશુદ્ધિની વાત

દોહા : **સંગ શુદ્ધિની વારતા, વ્હાલે કરવા ધાર્યું મન;**
સંગ ઉપર સહુ કોઈનું, નિરભર છે જીવન...૬૪
જગતમાં કહેવત છે, જેવો સંગ તેવો રંગ;
નબળા સંગમાં આવતાં, થાય મોક્ષે જાણો ભંગ...૬૫

શ્રીહરિએ સ્વામીને કહેલી સંગશુદ્ધિની વાત મુમુક્ષુને દીવાદાંડીરૂપ છે. મોક્ષમાર્ગે ચાલેલાને આંખો ઉઘાડી દે એવી અનુપમ છે. એક દિવસ સાંજના સમયે શ્રીજીમહારાજ અક્ષરઓરડીમાં ઢોલિયા ઉપર વિરાજમાન હતા. તે સમે સદ્ગુરુ મુક્તાનંદસ્વામી આદિ દસ-પંદર મોટેરા સાધુ તથા દાદા ખાચર વિગેરે પાંચ-સાત હરિજન બેઠા હતા. તે સમામાં

સદ્.નૃસિંહાનંદસ્વામીએ આવીને શ્રીજીમહારાજનાં દર્શન કર્યાં ને પાસે બેઠા. મહારાજ તેમની સામું જોઈને બોલ્યા, "નૃસિંહાનંદસ્વામી ! તમો ભગવાનની સ્મૃતિ રાખો છો કે ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "હા, સ્મૃતિ બહુ રાખું છું, ને સુખ પણ બહુ સારું આવે છે."

પૂર્વછાયો : **સ્વામીની સામુ જોઈને, વળી બોલ્યા પરમાનંદ;**
અતિ હેતે કરી શ્રીહરિ, કહે સાંભળો નૃસિંહાનંદ...૬૬
સંગની શુદ્ધિ રાખજો, આ મોક્ષ માર્ગે જરૂર;
સંગ પ્રમાણે થાય જીવનું, કલ્યાણ નજીક ને દૂર...૬૭

જેની સમજણ ઊંચી હોય, ઉપાસના ઊંચી હોય, જેને જ્ઞાનશુદ્ધિ હોય, ભક્તિશુદ્ધિ હોય, જીવનશુદ્ધિ હોય, તેના સંગે રહીએ તો સર્વોત્તમ કલ્યાણ થાય અને જેની સમજણ કે ઉપાસના નિમ્ન હોય તેનો સંગ રાખીએ તો તેના જેવી હલકી પ્રાપ્તિ થાય છે. ગોપાળાનંદસ્વામી કહેતાં કે, 'ઉત્તમનો સંગ મળે તો કરવો, પણ નીચાનો સંગ તો ન જ કરવો.' શ્રેષ્ઠનો સંગ ન મળે તો એકલા બેસીને ભજન કરવું, વાંચન કરવું, સ્મરણ કરવું, સેવા કરવી; પણ ગમે તેનો સંગ ન કરવો. શ્રીહરિ સ.જી.માં કહે છે કે, 'નીચાનો સંગ કરનાર નીચ થાય છે, મધ્યમનો સંગ કરનાર મધ્યમ બને છે અને ઉત્તમનો સંગ કરનાર ઉત્તમ બને છે.' વળી, મોક્ષધર્મમાં કહ્યું છે જે, 'જે માણસ ચોરને સેવે છે, તે ચોર થાય છે. વ્યસનીને સેવે છે તે વ્યસની થાય છે. ભક્તને સેવે છે તે ભક્ત થાય છે. સાધુને સેવે છે તે સાધુ થાય છે. અને મુક્તને સેવે છે તે મુક્ત થાય છે.' ટૂંકમાં જેનો જે સહવાસ રાખે તે તેના જેવો થઈ જાય છે. માટે સંગશુદ્ધિમાં તો સહુએ ધ્યાન રાખવું જોઈએ.

દોહા : **ઊંચી નીચી પ્રાપ્તિનું, કારણ પણ છે સંગ;**
પ્રાપ્તિ એને થાય એવી, જેવો સંગ તેવો રંગ...૬૮

પાણી ગમે તેટલો પાવર કરે પણ માઈનસ ચાર ડીગ્રી વાતાવરણ

થાય તો પાણી બરફ થઈ જાય, તેમ વ્યક્તિ ગમે તેટલી હોંશિયારી કરતો હોય, પરંતુ નબળાનો સંગ કરે તો જરૂર બગડી જાય. માટે સુખી થાવું હોય તો કોઈ દિ' નબળાનો કે ઊતરતાનો સંગ ન કરવો. હોરે હોરે ચડી ન જવું. ઊતરતાના સંગે કૈકેયી તથા ભીષ્મપિતા જેવા સારા સારાને પણ મોટી ખોટ આવી છે, અંતે પસ્તાણા છે, અંતરમાં ઉદ્વેગ રહ્યો છે. તેથી શ્રીહરિ કહે છે, 'હે સ્વામી ! તમ જેવા ધ્યાની હોય ને પૂર્વાપર એકાંતિકના માર્ગમાં સમજતા હોય તેમનો જ તમે સંગ રાખજો. તે ઉપર એક દૃષ્ટાંત છે.

એકવાર ગિરનાર પર્વતના પંખીઓએ એમ વિચાર કર્યો જે, આપણે મહાવનને વિષે જાવું ને બીજાં પંખીની રીત-ભાત જોવી. તેમ જ હિમાચલ પર્વતના પંખીઓએ પણ વિચાર કર્યો જે, આપણે મહાવનમાં જાવું ને બીજાં પંખીની રીત-ભાત જોવી. પછી તે બંને પર્વતના પંખીઓ ઊડ્યાં ને મહાવનને વિશે તે બંને ભેગાં થયાં. એવી જ રીતે મેરુ પર્વતના પંખીઓએ પણ એમ વિચાર કર્યો કે, આપણે મહાવનને વિશે જાવું ને બીજાં પંખીની રીત-ભાત જોવી. પછી તે સર્વે પંખીઓ ઊડ્યાં ને મહાવનને વિશે જે બે ડુંગરાનાં પંખી હતાં ત્યાં ભેગાં થયાં. પછી લોકાલોક પર્વતનાં પંખીઓએ એમ વિચાર કર્યો જે, આપણે મહાવનને વિશે જાવું ને બીજાં પંખીની રીત-ભાત જોવી. પછી તે ઊડ્યાં ને મહાવનને વિશે જે બીજા ત્રણે ડુંગરાનાં પંખી હતાં તેની ભેગાં થયાં. આમ, ચારેય પર્વતનાં પક્ષીઓ ભેગાં થયાં.'

આ પંખીઓની વાત પરથી શ્રીહરિ કહે, 'ગિરનારના પંખીની જગ્યાએ દેવલોકના મુક્તો છે. હિમાલયના પંખીની જગ્યાએ વૈકુંઠલોકના મુક્તો છે. મેરુંના પંખીની જગ્યાએ ગોલોકના મુક્તો છે. અને લોકાલોક પર્વતના પંખીની જગ્યાએ અક્ષરધામના મુક્તો છે. આ ચારેય ધામના મુક્તો આ સત્સંગમાં આવ્યા છે અને અહીં સહુ ભેગા થયા છે.

પછી ભેગા થયેલાં પક્ષીઓએ પરસ્પર એકાબીજા સાથે હેત કરવા માંડ્યું. કેટલાક પંખીએ ગિરનાર પર્વતનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખીએ હિમાચલ પર્વતનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખી હતાં તેમણે મેરુ પર્વતનાં પંખી સાથે હેત કર્યું. તથા કેટલાક પંખી હતાં તેમણે લોકાલોક પર્વતનાં પંખી સાથે હેત કર્યું. પછી એ સર્વે પંખીઓ સાધન કરવામાં તથા ધર્મ પાળવામાં તથા દેહને દમન કરવામાં તથા ઉપાસના કરવામાં એકસરખો દાખડો કરવાં લાગ્યાં. આમ, તે સર્વે પંખીઓએ એકબીજા સાથે હેત કર્યું.

પછી જ્યારે એ ચારે ડુંગરાનાં પંખીએ ઊડવાનો વિચાર કર્યો કે, 'આપણે સર્વેએ સૌ સૌનાં સ્થાનમાં જવું.' ત્યારે જેને જે ડુંગરાનાં પંખી સાથે હેત થયું હતું, તે તેની સાથે ચાલ્યાં ગયાં. તેમાં ગિરનાર કે હિમાલયના પંખીઓએ લોકાલોક પર્વતના પંખીઓ સાથે હેત કર્યું અને તેમની સાથે રહીને ધર્મની, સમજણની તથા ઉપાસનાની દૃઢતા કરી તો તે ઉત્તમ ગતિને પામ્યા. અને લોકાલોક પર્વતવાળા પંખીએ ગિરનારના પંખીઓ સાથે હેત કર્યું, તેમની ભેગા ભળ્યા તો તે ઊંચા હતાં છતાં નિમ્ન ગતિને પામ્યાં.

એ તો દૃષ્ટાંત છે, પણ તેનો સિદ્ધાંત એ છે જે, ગિરનારને ઠેકાણે દેવતાનો લોક છે. તે જેણે એની સાથે હેત કર્યું, તે દેવતાના લોકને પામ્યાં. તથા હિમાચલ પર્વતના ઠેકાણે વૈકુંઠ છે. તે જેણે એની સાથે હેત કર્યું, તે વૈકુંઠલોકને પામ્યાં. ને મેરુ પર્વતને ઠેકાણે ગોલોક છે. તે જેણે એની સાથે હેત કર્યું, તે ગોલોક ધામને પામ્યાં. તથા લોકાલોક પર્વતને ઠેકાણે અક્ષરધામ છે. તે જેણે એની સાથે હેત કર્યું, તે અક્ષરધામને પામ્યાં. માટે આ લોકમાં મોટા કહેવાતા હોય તોપણ જેના વર્તનશુદ્ધિની સાથોસાથ સમજણશુદ્ધિ અને ઉપાસનાશુદ્ધિ હોય તેવાને ઓળખીને તેમનો સમાગમ કરવો.'

શ્રીહરિ કહે છે,

ચોપાઈ :

માટે સુણો નૃસિંહાનંદ રે, કહું વાતોનો સાર સુખકંદ રે;
સર્વે પંખીએ દાખડો બહુ રે, કરી સાધના ભેળા રહ્યા સહુ રે...૬૯
પણ પ્રાપ્તિમાં ફેર પડી ગયો રે, સંગશુદ્ધિનો ખ્યાલ નવ રહ્યો રે;
થયુ શ્રેષ્ઠ સાથે હેત જેને રે, શ્રેષ્ઠ પ્રાપ્તિ થઈ છે તેને રે...૭૦

આ સત્સંગમાં આવ્યા પછી ઘણાને આ પંખીઓને થયું તેમજ થાય છે, તેથી પ્રાપ્તિમાં ફેર પડી જાય છે. માટે ગુણાતીતાનંદસ્વામી અને ગોપાળાનંદસ્વામી જેવી સર્વોપરી સમજણવાળા હોય એવા શ્રેષ્ઠને ગોતીને સેવવા. જે માત્ર વાંહો થાબડતા હોય, ખાન-પાન અને માન આપતા હોય, ત્યાં મોટભા થઈને બંધાવું નહિ. જેમ ઢોરને ખાણ વહાલું લાગે તેમ માણસને વખાણ વહાલાં લાગે છે. એટલે જે પોતાને વખાણતો હોય તેમાં કાંઈ લેવાનું ન હોય, છતાં તેને આધીન વર્તે છે. આ લોકમાં તો વાંધો નહિ, પરંતુ અંતે મોટી ખોટ આવશે. માટે સાવધાન થઈ જાવું.'

ગોપાળાનંદસ્વામી આવી સંગશુદ્ધિની વાત સમજાવતાં કહેતાં કે, "શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે જે, 'એકાંતિક ન હોય તેનો સંકર્ષણાદિકમાં પ્રવેશ થાય છે.' તેનું કેમ સમજવું ?" ત્યારે સ્વામીએ જ તેનો ઉત્તર કરતાં કહ્યું જે, "સંકર્ષણાદિક તો બીજે નથી, એ તો સર્વે સત્સંગમાં જ છે. તે જ્યારે પુરુષોત્તમ પ્રગટ થાય છે ત્યારે મહાપુરુષ છે આદિ અને ઈન્દ્ર છે અંતે એવા જે સર્વે ઐશ્વર્યાર્થી, તે સર્વે પોતાના કલ્યાણને અર્થે દેહ ધરીને અહીં આવે છે. તથા બીજા જે અવતાર એ સર્વે પુરુષોત્તમ ભેળા આવ્યા હોય. ત્યારે જે એકાંતિક હોય તે તો પુરુષોત્તમની સાથે જ હેત કરે તથા તે પુરુષોત્તમની સાથે એકાંતિક ભક્તિએ કરીને સર્વે પ્રકારે જોડાણો હોય. માટે એ તો જ્યારે દેહ

મૂકે ત્યારે પુરુષોત્તમ એવા જે શ્રીહરિકૃષ્ણજી મહારાજ એમની સેવામાં અક્ષરધામમાં જઈને રહે. અને જે એકાંતિક સાથે જોડાણો હોય તેને પણ અક્ષરધામમાં લઈ જાય છે.” એટલે ડાહ્યા માણસોએ તો એવા એકાંતિક મોટા સંતો સાથે જ જોડાવું.

વળી સ્વામી કહે છે, “અને પૂર્વે કહ્યા એવા જે ઐશ્વર્યાર્થી તે પણ સત્સંગમાં મોટા ગુરુ થયા હોય, એ જેને મહારાજની વાત કરે તથા સત્સંગની વાત કરે ને સત્સંગ કરાવે, તેને જો મહારાજને વિશે જ હેત થયું હોય, તો તો એ અક્ષરધામમાં જાય, અને પૂર્વે કહ્યા તેમ અન્ય ધામના મુક્તોની સાથે હેત થયું હોય તો એ જ્યાંથી આવ્યા હોય ત્યાં લઈ જાય છે. કેમ કે, તેને પૂર્વનો જે દેહ હોય તે દેહની આવરદા ભોગવવી જોઈએ, પણ આ દેહે છૂટકો ન થાય.” આ અતિ ઉચ્ચતમ મોક્ષના રહસ્યની વાત છે. આવી વાતો સત્સંગમાં સમજે એવા કેટલા? આ વાતને સમજીને જીવનમાં અપનાવી શકે એવી પાત્રતા જેને હોય તે બહુ ભાગ્યશાળી ગણાય.

ઈતર ધામના મુક્તો મુમુક્ષુને અક્ષરધામમાં જતા કેવી રીતે રોકે છે ? તે સમઝાવતાં સ્વામી કહે છે કે, “જે જે એમને વળગ્યા હોય તેને તેઓ પોતા પાસે રાખે, પણ મહારાજ સાથે હેત ન થાવા દીએ. ને જે એકાંતિક સાધુ હોય તેનો પણ અવગુણ ઘાલીને તે સાથે પણ હેત ન થવા દે. કેમ જે, એ એમ જાણે જે, ‘જો એમને એકાંતિકની સાથે હેત થાશે તો એ મહારાજની સાથે હેત કરાવશે ને મારું જેવું રૂપ છે તેવું તેને ઓળખાવશે’ એમ જાણીને હેત ન થાવા દીએ. તે વાત વિચારે તો ખબર પડે.

કેમ જે, જ્યારે મહારાજ ગઢડે વિરાજમાન હતા ત્યારે એમ કહેતાં જે, ‘જૂનેગઢ જાય તેને પાંચ વાર મળીએ તથા તેના અમે જમાન છીએ.’ ત્યારે કોઈક જાવાનું કહે ત્યારે તેના ગુરુ હોય તે એમ કહે

જે, 'જો તું જઈશ તો પથરામાં ત્યાં અથડાઈ અથડાઈને મરી જઈશ.' એમ કહીને તેને અળસાવી નાંખતા તથા કોઈકને મહારાજની સેવામાં રહેવું હોય તોપણ તેને તેના ગુરુ અળસાવી નાંખતા." *(ગો. સ્વામી વા.૮)*

આ વાત પરથી સ્પષ્ટ થાય છે કે, સંકર્ષણાદિક બીજે ક્યાંય નથી, પણ આ સત્સંગમાં જ છે. પરંતુ ગોપાળાનંદસ્વામી તો અનાદિ મહામુક્તરાજ હતા, તેથી આવું ઝીણું સમજી શકે અને સહુને સમજાવી શકે. માટે જેને છેક મહારાજની સેવામાં ધામમાં પહોંચવું હોય, તેને આ વાત સમજવી અને સંગશુદ્ધિ કરવી. બાકી જેને ધન, ધામ, પુત્ર, પરિવાર અને આ લોકનાં માન, મોટપ તથા ખાનપાન જોઈતાં હોય, એ તો ગમે તેનો સંગ કરે તો પણ મળી રહે. સામાન્ય બાવાઓ પણ આ આપી શકે. પરંતુ છેક પુરુષોત્તમનારાયણની સેવામાં રહેવું હોય તો તેની માટે આ વાત હીરાની ખાણ જેવી છે.

વળી, ગુણાતીતાનંદસ્વામી કહેતાં, "અક્ષરધામનો મુક્ત હોય, ને સ્વાધીન થકો આંહીં આવ્યો હોય, ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય ને કુસંગ કરે તો જડ સંજ્ઞાને પામી જાય. ને સો જન્મે પણ કલ્યાણ થાય એવો ન રહે. ને કુસંગી હોય ને સત્પુરુષનો સંગ કરે તો પૂર્વનું જ્ઞાન પ્રગટ થાય ને આ ને આ જન્મે મોક્ષ થાય, એવો સંગ બળવાન છે." *(સંદર્ભ : ગુ.વા. પ્ર.૨/૭૩)*

વળી સ્વામી કહેતાં, ત્રણ પ્રકારનો કુસંગ છે : (૧) બહારનો કુસંગ. વ્યસની, જુગારી, વ્યભિચારી કે આ લોકનું જ તાન હોય એવાના સંગને બહારનો કુસંગ કહેવાય. (૨) ઈન્દ્રિયો-અંતઃકરણનો કુસંગ. ઈન્દ્રિઓ અંતઃકરણ ભગવાનમાં જોડાય જ નહિ, કેવળ જગતના જ ઘાટ કરે, દેહને પોતાનું રૂપ મનાવે અને વિષયમાં સુખબુદ્ધિ કરાવે. તે અંતરનો કુસંગ કહેવાય. અને (૩) સત્સંગનો કુસંગ. તે સત્સંગમાં કુસંગ તે શું? તો, મહારાજને અને અવતારાદિકને સરખા કહે, અર્થાત્ અવતાર

અવતારીમાં કોઈ ભેદ જ નથી, બધા સરખા જ છે; એવું જ લખે, બોલે અને સમજાવે. તથા મોટા એકાંતિક સંત તથા સાધારણ સાધુને સરખા કહે ને પ્રગટની નિષ્ઠામાંથી પાડે. તથા સારા સંત-હરિભક્તમાં ખટપટ કરાવે ને એકાંતિક સંતનો દ્રોહ કરાવે; તે સત્સંગમાં કુસંગ છે.

સામાન્ય સાધુ અને બીજા સાધુને સરખા કહે; સર્વોપરી શ્રીહરિ અને અન્ય અવતારોને સરખા કહે; સ્વામિનારાયણ ભગવાનનાં વચનો અને ઇતર ગ્રંથોનાં વચનોને સરખા માને; ધર્મ, નિયમ, ભજન, ભક્તિ, સાધના, ઉપાસના ગમે તેની કરાવે; આવાનો સંગ થાય તો આપણે સારા હોઈએ છતાં ઊતરી જઈએ. પરંતુ આ વાત બધાને સમજાય એવી નથી. જેને જ્ઞાનનું અંગ હોય કાં તો હરિમાં બહુ હેત હોય, તેને આ વાત જોવાની આંખો પ્રભુ આપે છે.

આ સત્સંગમાં રહેલો કુસંગ જેમાં હોય તેનો સંગ થાય તો અક્ષરધામમાં જાવાનું બહુ મોડું થઈ જાય. ધ્યાન એટલું રાખવાનું કે, સત્સંગમાં જે કુસંગી છે તે આસુરી જીવો ન હોય, દૈવી હોય, મુમુક્ષુ હોય, મોક્ષ માટે સાધના કરતા હોય, પરંતુ ભગવાનને સમજવામાં ફેર હોય. તેની સાથે આપણે હેત રાખીએ તો જેમ લોકાલોક પર્વતના પંખીઓ ગિરનારનાં પક્ષીઓ સાથે ભળ્યા તો મોટો લોચો પડ્યો, તેવું આપણે થાય. તેથી નિષ્કુળાનંદસ્વામી વચનવિધિમાં કહે છે,

પય સાકર સુંદર ત્યાં લગી, જ્યાં લગી ન ભળી લાળ ભોયંગની;
તેમ હરિજન સારો ત્યાં લગી, જ્યાં લગી નથી સોબત કુસંગની.

માટે સંગની શુદ્ધિ રાખવી અને પૂર્વાપર વિચારીને એકાંતિક સાધુનો સંગ કરવો, તો કલ્યાણના માર્ગમાં કોઈ રીતે વિઘ્ન ન આવે.

શ્રીહરિએ કહેલી આ વાત સાંભળી સ્વામી બહુ રાજી થયા ને બોલ્યા જે, “હે મહારાજ ! સંગ કરવામાં કાંઈક ગાફલતા રહેતી હશે તે હવે હું નહીં રાખું અને સદા ઉત્તમનો જ સંગ કરીશ.” પછી...

પૂર્વછાયો : **સ્વામી મુક્તાનંદ આદિ, બોલ્યા સર્વે સાધુગણ;**
ચડતી ઊતરતી પ્રાપ્તિનું, અમે સમજ્યા ચોખ્ખું કારણ...૭૧
હે મહારાજ ! તમે સાંભળો, અતિ ભૂંડો ઊતરતાનો સંગ;
મોક્ષ માર્ગે બહુ વિઘ્ન છે, તેથી ચેતશું રાખી ઉમંગ...૭૨

મુક્તાનંદસ્વામી કહે, “હે મહારાજ ! હવે અમે ખબડદાર રહીશું. આજ આ વાત ચોખ્ખી સમજાણી.” જેણે આ જન્મે જ અક્ષરાધિપતિ પૂર્ણ પુરુષોત્તમ સર્વાવતારી શ્રીહરિના દિવ્યાનંદમાં પહોંચવું હોય, તે આ વાતને ખાસ વારંવાર સાંભળજો, વિચારજો અને જીવનમાં ઉતારજો. આ પૃથ્વીના ગોળામાં કોઈ પણ જગ્યાએ રહેલા મુમુક્ષુઓ માટે મોનજીભગતની આ વાત બહુ ઉપયોગી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં ‘શ્રીહરિએ સ્વામીને સંગશુદ્ધિની વાત કહી’ એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

ભગવદ્‌પ્રાપ્તિમાં સત્પુરુષની અનિવાર્યતા

જેમ પ્રભુપ્રાપ્તિમાં સંગશુદ્ધિની આવશ્યકતા છે તેમજ સત્પુરુષની પણ અનિવાર્યતા છે. સદ્‌ગુરુ તો સાચા સૂર્ય સમાન છે.

દોહા : **કલ્યાણ કેરા પંથમાં, સદ્‌ગુરુ સાચો ભાણ;**
તે વિના કોટી ઉપાયે, ટળે નહિ તમ અજ્ઞાન....૭૩
સત્પુરુષ છે ભોમિયા, આ મોક્ષના માર્ગમાંય;
સદ્‌ગુરુ બિન કોઈ દિ, શ્રીહરિ નહિ પમાય...૭૪
માટે મુમુક્ષુ જીવને, મોટા પુરુષ સુખદાય;
સર્વ પ્રકારે સેવવા, જેથી તરત સુખ થાય...૭૫

જેમ સૂર્ય વિના ગમે તેટલા ઉપાય કરે છતાં અંધારું જાય નહિ તેમ સત્પુરુષ વિના ગમે તેટલા ઉપાય કરવા છતાં અંતર અજ્ઞાન

જાય નહિ. જેમ પતિ પત્નીના સંગ વિના પુત્રની પ્રાપ્તિ થાય નહિ તેમ સત્પુરુષને સોંપાયા વિના પ્રભુપ્રાપ્તિ થાય નહિ. સત્પુરુષ તો મોક્ષમાર્ગના ભોમિયા છે. સાચા સંત મળ્યા વિના ક્યારેય જેમ છે તેમ શ્રીહરિનું સ્વરૂપ સમજાતું નથી. આપણી કસર ટળતી નથી. માટે સત્પુરુષ તો મુમુક્ષુને સર્વ રીતે સુખદાયક છે. જે તેને સોંપાય તેની સર્વે કસર જાય.

એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં શ્રીવાસુદેવનારાયણના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને વિરાજમાન હતા. ને કંઠમાં એક ગુલાબનો જાડો હાર પહેર્યો હતો. ને જમણા હાથમાં ગુલાબનાં પુષ્પનો ગોટો લઈને ઉછાળતા હતા. તથા મુક્તાનંદસ્વામી વિગેરે સર્વે સંતો તથા દાદા ખાચર વિગેરે સર્વે હરિજનની સભા ભરાઈને બેઠી હતી. તે સમામાં સદ્‌ગુરુ નૃસિંહાનંદસ્વામી શ્રીહરિનાં દર્શન કરવા સારુ આવ્યા. ને મહારાજનાં દર્શન કરીને પગે લાગી સમીપમાં બેઠા.

પછી શ્રીજીમહારાજ નૃસિંહાનંદસ્વામી સામું જોઈને તેમના પ્રત્યે બોલ્યા જે, “હે સ્વામી ! તમારે ધ્યાનનું સુખ કેવું આવે છે ?” ત્યારે સ્વામી બોલ્યા જે, “તમારા પ્રતાપે બહુ સારું ધ્યાનનું સુખ આવે છે.” ત્યારે શ્રીજીમહારાજ તેમના પ્રત્યે બોલ્યા જે, “માણસમાત્રનો પ્રાણ ઊંચો ભ્રકૂટિ સુધી ચાલે છે. તેણે કરીને માણસમાત્રની વૃત્તિ નેત્રદ્વારે બહાર આવે છે. તેને લીધે બહારના પંચવિષયનું સુખ આવે, પણ પોતાના જીવાત્મા તથા ભગવાનનું સુખ એને આવતું નથી. ઈન્દ્રિયો બર્હિમુખી છે એટલે તે હંમેશા બાહ્ય જગતના શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ગંધાદિકને જ પ્રથમ પકડે છે. અને તેથી જ તેની વૃત્તિઓ બહાર ફેલાયેલી રહે છે. જેણે આત્મા અને પરમાત્માનું સુખ લેવું હોય તેણે અંતરવૃત્તિ કરવી અનિવાર્ય છે.”

શ્રીહરિ ગ.પ્ર.૨૦માં કહે છે જે, "કેવળ બાહ્યદૃષ્ટિએ કરીને પદાર્થને જોયા કરે છે; પણ પોતે પોતાને નથી જોતો તે જ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે. અને જેમ નેત્રે કરીને અનંત પ્રકારના રૂપના સ્વાદને લે છે તેમજ શ્રોત્ર, ત્વક્, રસના, ઘ્રાણ ઈત્યાદિક સર્વે ઈન્દ્રિયોએ કરીને વિષયસુખને ભોગવે છે ને જાણે છે, પણ પોતે પોતાના સુખને ભોગવતો નથી ને પોતે પોતાના રૂપને જાણતો નથી, એ જ સર્વ અજ્ઞાનીમાં અતિશય અજ્ઞાની છે અને એ જ ઘેલામાં અતિશય ઘેલો છે અને એ જ મૂર્ખમાં અતિશય મૂર્ખ છે અને એ જ સર્વ નીચમાં અતિશય નીચ છે." અને જેને સત્સંગ થયો છે તેને તો પોતાનું રૂપ જોવું તે પોતાના હાથમાં છે. પરંતુ ભગવાનનો પ્રતાપ વિચારી અંતર્દૃષ્ટિ કરે તો કામ થાય. પરંતુ ભક્તને આળસે કરીને આ કામ સિદ્ધ થતું નથી. માટે અંતરવૃત્તિ વાળતા શીખવું.

આ વાત સમજાવતા શ્રીહરિ કહે, 'એક પુરુષ મોટા વડ ઉપર ચઢ્યો ને વડને માથે ચઢીને બેઠો. તે વડનું થડ એક પાણીનો મોટો કૂવો હતો તેમાં ચોંટેલું હતું. એ વડની ટોચે બેઠેલો પુરુષ ઊંચું ને ઊંચું જોયા કરે પણ નીચું તો જુએ જ નહિ. વળી ઊંચું જુએ તેણે કરીને તડકો લાગે, ટાઢ લાગે, પવન વાય તેથી વસમું લાગે તે દુઃખને સહન કરે. પરંતુ જો હેઠે જુએ તો પાણીએ છે ને સુખ પણ છે, પણ હેઠું જોતો નથી. આમ જીવ પણ પોતામાં જ ભગવાન રહ્યા છે તેને જોતો નથી, સ્વીકારતો નથી તેથી દુઃખિયો રહે છે. ઝાડ ઉપર ચઢેલો પુરુષ જો નીચું જુએ તો ઉપરનાં દુઃખ મટી જાય. પરંતુ આ કામ અનુભવી સંતથી જ થાય.

પછી તે સમયે ભગવાનના એકાંતિક સાધુ એ વડ તળે આવીને ઊભા. તેમણે વડને મથાળે ઊંચે જોયું. ત્યારે જે પુરુષ માથે બેઠો હતો તેણે નીચું જોયું. એટલે તે બન્નેની દૃષ્ટિ એક થઈ ગઈ. ત્યારે

એ સાધુ બોલ્યા કે, "તું કોણ છે ? ને જો હેઠે ઊતર તો દેહે સુખિયો થઈશ. ને પીવાનું પાણી તથા જમવાનું નીચે છે." ત્યારે એણે જવાબ આપ્યો કે, "તમો ઠીક કહો છો, લો હું હેઠો આવું." પછી માથેથી ડાળ ઉપર આવ્યો ને ત્યાંથી થડ ઉપર આવ્યો ને ત્યાંથી કૂવાને કાંઠે આવીને ઊભો રહ્યો.

ત્યારે સાધુ બોલ્યા જે, "જો આ કૂવામાં પાણી છે તે તું પી." ત્યારે તે કહે, "કેમ ઊતરાય ?" ત્યારે સાધુએ દોરડું બતાવ્યું ને થડ સાથે બંધાવ્યું ને કહ્યું, "હવે દોરડું ઝાલી ઊતર્ય." ત્યારે તેણે એમ કર્યું, તે અડધે પૂગ્યો ત્યાં તો ટાઢી હવા આવવા માંડી. પછી પાણીએ પહોંચ્યો ને જળપાન કરી તૃપ્ત થયો, ને મહાસુખિયો થઈ ગયો." એ દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે --

દેહરૂપી વડ છે. તેના ટોચની જગાએ આંખ, કાન નાક વગેરે ઈન્દ્રિયો છે. પછી ત્યાંથી નીચેની ડાળીઓ ફંટાણી તેને ઠેકાણે મન, બુદ્ધિ વગેરે અંતઃકરણ છે. ને ત્યાંથી થડની જગાએ અહં છે. તે અહંમાં આવ્યો ત્યારે કાંઠે ઊતર્યો કહેવાય. ને પછી આત્મજ્ઞાનરૂપી હવા આવી તેથી હૈયામાં ટાઢું થયું, ત્યાંથી દોરડીરૂપી વૃત્તિએ કરીને કૂવામાં ઊતરતાં ઊતરતાં વચમાં આવ્યો, એ કૂવાના મધ્યભાગની જગ્યાએ પહોંચ્યો તે આત્મનિષ્ઠાની દૃઢતાએ આવ્યો એમ જાણવું. ને પછી ત્યાંથી પાણીના તળની જગ્યાએ પહોંચ્યો તે ઠેકાણે ભગવાનનું ધામ છે એમ જાણવું. ને પાણીને ઠેકાણે ભગવાન છે. તે જેમ પાણી પીને સુખિયો થાય, તેમ આ જીવ ભગવાનને પામવે કરીને અને ભગવાન સંબંધી નિર્ગુણ સુખ તેને એકકાલાવછિન્ન ભોગવીને તૃપ્ત થાય ત્યારે મહા મોટા સુખને પામે છે અને અતિ સુખી થાય છે.

આ જીવ પ્રાણીમાત્રની વૃત્તિ બહાર અવરભાવમાં છે, કહેતાં દેહભાવમાં રહે છે. અને તેથી જ તે ઈન્દ્રિયો દ્વારે માયિક વિષય

ભોગવીને તૃપ્ત થાય છે, પણ પરભાવમાં રહેલું ભગવાન સંબંધી નિર્ગુણ સુખ પોતાની સાથે જ હોવા છતાં અંતર્દષ્ટિ કર્યા વિના તેને ક્યારેય પામતો નથી. તે પામવા માટે સત્પુરુષનો સંગ કરવો અનિવાર્ય છે. સંત દ્વારા જ અજ્ઞાનરૂપી માયાનું અંધારું ટળી જાય અને જ્ઞાનરૂપી સૂર્યના અજવાળે પરભાવના સુખને પામે છે. કહેતાં આત્મા અને પરમાત્માના આનંદને પામે છે.'

સાચા સંત જ જીવને શાશ્વત આનંદને પમાડે છે. મોટા સંત મળે ત્યારે જ તેમની પાસેથી દેહ અને દુનિયાનું નાશવંતપણું અને શ્રીહરિના દિવ્યાનંદની અનુભૂતિ સમજાય છે. માટે મન, કર્મ, વચને એવા સંતને સેવી લેવા તો કામ થાય.

નિષ્કુળાનંદસ્વામી વચનવિધિમાં કહે છે,

જેમ રવિ વિનાની રજની, જાણો નથી જાવાની જરૂર;
તેમ સંત વિના અજ્ઞાન અંધારું, કે દી ન થાયે દૂર.
જેમ વરસાત વિના વસુંધરા, સદાયે સૂકી રહે;
તેમ સંત વિના જીવ જગતના, કહો સુખ ક્યાંથી લહે.
ઘણું રાજી કરી સંતને, કૈક પામિયા પરમ ધામ;
સંત વિના શોધી જુવો સઘળે, કહો કેનું સરિયું કામ.
માટે સાચા સંત સેવીને, કરિયે રાજી રળિયાત;
નિષ્કુળાનંદ તો નરને, સુધરી જાયે સર્વે વાત.

શ્રીહરિ સ્વામીને કહે છે, "હે સ્વામી ! તે હેતુ માટે મુમુક્ષુએ સર્વે પ્રકારે સત્પુરુષ સેવવા યોગ્ય છે."

વળી, શ્રીહરિ સત્સંગિજીવન - ૨/૩૦માં કહે છે,

सन्त एव हि जीवानां, सर्वथा हितकारिणः ।।
सन्तीति तेषां विश्वासः, कर्तव्यः कृष्णचेतसाम् ।।४३।।

સાધુ જ જીવનું સર્વપ્રકારે હિત કરે છે. બીજા કોઈ તેવું હિત કરી

શકતા નથી. કેમ જે, સંતનું દિલ ભગવાનમાં અખંડ લાગેલું છે. માટે એવા સંતનો વિશ્વાસ કરજો. જેનું મનડું મહારાજની મૂર્તિમાં રંગાયેલું હોય એવા સંતથી જીવને સર્વ પ્રકારે સુખ થાય છે. તેના સર્વે દોષો નાશ પામે છે. માટે જેને સુખી થાવું હોય તેણે

मान्याः पूज्या भोजनीयाः, सेवनीया यथोचितम् ।।
साधवः कृष्णहृदयं, तेभ्योऽन्यन्नास्ति वै महत् ।।४४।।

એવા સાધુને અતિ વિશ્વાસથી માનવા, પૂજવા, સેવવા, જમાડવા. ઘણાક અજ્ઞાની લોકો એવું સમજે છે કે સંતને સેવવા પૂજવા તે વ્યક્તિ પૂજા કહેવાય. આવું સમજનારાને પણ સત્સંગમાં કુસંગ છે એમ જાણવો. કેમ જે, તે રાગ, દ્વેષ અને ઈર્ષ્યાને કારણે સત્સંગિજીવન જેવા સત્શાસ્ત્રથી વિરુદ્ધ બોલે છે. આપણા તમામ શાસ્ત્રો સંતોને માનવાનું અને પૂજવાનું કહે છે. અને એમ કરવાથી જ જીવમાં રહેલી જડતા તથા અજ્ઞાન નાશ પામે છે, તેની બુદ્ધિમાં પ્રકાશ થાય છે, અંતર નિર્મળ બને છે અને નિર્મળ અંતરમાં ભગવાનનાં પ્રત્યક્ષ દર્શન થાય છે. આવું મોટું કામ સંતોને માનવાથી, સેવવાથી અને પૂજવાથી થાય છે. તેથી જ શ્રીહરિ કહે છે કે, '**तेभ्योऽन्यन्नास्ति वै महत् ।**' મને આ વિશ્વમાં સંતથી અધિક વ્હાલું બીજું કોઈ નથી. સંતો જ સર્વથી મહાન છે.

લક્ષ્મીજી અર્ધાંગના મારી, તે મારા સંતની દાસી રે;
અડસઠ તીરથ મારા સંતને ચરણે, કોટિ ગંગા કોટિ કાશી રે.

આખી દુનિયામાં ભગવાનની સાથે પૂજાતા એવા લક્ષ્મીજીને પણ શ્રીહરિ પોતાના સંતની દાસી માને છે. દુનિયાના કહેવાતા મોટા મોટા સત્તાધિશો, ચમરબંધીઓ કે ધનવાનો લક્ષ્મીના ગોલા છે. અને તે લક્ષ્મીજી સંતની દાસી છે; એવો સંતનો પ્રતાપ છે. તેથી શ્રીહરિ કહે છે કે, "**तेभ्योऽन्यन्नास्ति वै महत् ।** હું સંતથી અધિક વિશ્વમાં કોઈને મોટા માનતો નથી. સાચા સંતો ભક્તો જ સર્વથી મહાન છે. માટે

તેમને સેવવા, માનવા, પૂજવા. તેમના પક્ષમાં રહેવું. તેમનો વિશ્વાસ રાખવો અને અતિ હેતથી તેમનો સંગ કરવો." શ્રીહરિએ સત્પુરુષના સંગની આવી મહત્તા કહી છે.

શ્રીહરિએ નૃસિંહાનંદસ્વામીને પ્રથમ અખંડ સ્મૃતિ રાખવાની વાત કહી, બીજી વાત સંગ શુદ્ધિની અને ત્રીજી વાત સત્પુરુષના સંગની મહત્તા કહી. આ સર્વે વાતો મોક્ષ માટે તથા સુખિયા થાવા માટે અતિ ઉપયોગી છે. તેને જીવનમાં ઉતારજો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'ભગવદ્‌પ્રાપ્તિમાં સત્પુરુષના અનિવાર્યતા કહી' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

સૂર્ય અને રાહુના દષ્ટાંતે કરીને અખંડ સ્મૃતિની વાત

જે માણસ જેમાં વૃત્તિ રાખે તેવો તે બની જાય છે. જેને શ્રીહરિની સ્મૃતિ રહે છે તેને પ્રભુ પ્રત્યક્ષ છે અને વિસ્મૃતિ થાય છે એને પ્રભુ પરોક્ષ છે. ભગવાનમાં વૃત્તિ રહે તો જીવ ભગવાન જેવો સુખિયો થાય છે. તેથી શ્રીહરિએ પહેલા જ વચનામૃતમાં અખંડવૃત્તિને સર્વોત્તમ પ્રાપ્તિ કહી છે. આ બ્રહ્માંડમાં સર્વાવતારી શ્રીહરિએ પધારી પોતાની મૂર્તિમાં અખંડવૃત્તિ રાખવાના અનેક ઉપાયો બતાવ્યા છે. અને વૃત્તિ રાખવાની રહસ્યમય વાતો આપણને આવા આખ્યાનોના માધ્યમથી પ્રાપ્ત થાય છે, તે સદ્‌ભાગ્યની વાત છે.

દોહા : **સ્મૃતિ રાખવી શ્રીજીની, સારનું સાર કે'વાય;**
અખંડસ્મૃતિ રાખવાનો, હરિએ આપ્યો ઉપાય....૭૬
અનુપમ કહી છે વારતા, સમુદ્ર મંથન દષ્ટાંત;
સંભળાવું છું તે આપને, ગ્રહણ કરજો સિદ્ધાંત...૭૭

એક સમાને વિષે શ્રીજીમહારાજ દાદા ખાચરના દરબારમાં ઉગમણાબારના ઓરડાની ઓસરીમાં ઢોલિયા ઉપર ગાદી-તકિયા નંખાવીને તે ઉપર વિરાજમાન હતા. તે સમે સદ્‌ગુરુ મુક્તાનંદસ્વામી આદિ સાધુ તથા મુકુંદાનંદ આદિ બ્રહ્મચારી તથા દાદા ખાચર આદિ હરિજન સર્વેની સભા ભરાઈને બેઠી હતી. તે સમામાં નૃસિંહાનંદસ્વામીએ આવી મહારાજનાં દર્શન કર્યાં. ને પગે લાગી મુખ આગળ બેઠા. પછી મહારાજ તેમના પ્રત્યે બોલ્યા જે, "તમો દિવસ બધો પરમેશ્વરને સંભારો છો, તે કટકે કટકે સંભારો છો કે સળંગ ?"

ત્યારે નૃસિંહાનંદસ્વામી બોલ્યા જે, "મહારાજ, દિવસ બધો તો ભગવાન નથી સાંભરતા, પણ સમે સમે સાંભરે છે; ને જ્યારે ધ્યાન કરું છું, ત્યારે તો ખરેખરા ભગવાન સાંભરે છે. ને તેમાં હેત પણ બહુ થાય છે." તે સાંભળીને શ્રીજીમહારાજ અતિ પ્રસન્ન થયા ને બોલ્યા જે, "હે સ્વામી ! લ્યો, હું તમને એક વાત કરું." ત્યારે સ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! કહો."

ત્યારે શ્રીજીમહારાજ બોલ્યા જે, "દેવતા ને દૈત્યે ભેગા થઈને ચૌદ રતન કાઢવા સારુ સમુદ્રમંથન કરવાનો વિચાર કર્યો. ને રવૈયાની જગ્યાએ મંદ્રાચલ પર્વતને લાવી સમુદ્રમાં નાખ્યો. ને વાસુકી નાગનું નેતરું કર્યું. ને સામ સામા દેવ ને દૈત્યના બે પક્ષ થઈ દરિયાને વલોવવા માંડ્યો, પણ મંદ્રાચલ સ્થિર ટકી શક્યો નહિ ને હેઠે ઊતરી જવા માંડ્યો. ત્યારે દેવો તથા દૈત્યોએ મળી ભગવાનની પ્રાર્થના કરી. ત્યાં તો ભગવાને આવી કાચબાનું રૂપ ધરી મંદ્રાચલ પર્વતને પોતાની પીઠ ઉપર ઠેરાવી સ્થિર કર્યો. પછી વલોવવા મંડ્યા. તે ઘણી મહેનત કરીને થાકી ગયા, પણ કોઈ રતન નીકળ્યાં નહિ.

ત્યારે બન્ને પક્ષના દેવ તથા દૈત્ય નિરાશ થઈ ગયા. તે સમે ભગવાન ત્યાં આવ્યા ને હિંમત આપી પોતે દેવો તરફનું નેતરું ઝાલી

તાણવા લાગ્યા. આમ સમુદ્રને વલોવ્યો. તેમાંથી અનુક્રમે ચૌદ રત્નો નીકળ્યાં. તેમાં છેલ્લે ધનવંતરી ભગવાન અમૃતનો ઘડો લઈને નીકળ્યાં. ત્યારે દેવતા ને દૈત્ય બહુ રાજી થયા ને બોલ્યા જે, 'આપણો સર્વે અર્થ સિદ્ધ થયો.'

પછી ભગવાન કહે, 'આ અમૃતનો ઘડો છે તે સહુ-સહુના દાખડા પ્રમાણે ને ભાગ પ્રમાણે વહેંચી લો.' એમ પ્રભુએ કહ્યું છતાં દૈત્યો અમૃતનો ઘડો લઈને નાસી ગયા. ત્યારે દેવતા બોલ્યા જે, 'એક તો દૈત્યો અમારાથી બળિયા છે ને વળી અમૃત પીશે એટલે અમને અમારા સ્થાનમાં પણ નહીં રહેવા દે, એવા બળિયા થશે.' એમ કહી નિરાશ થયા. ને ભગવાન આગળ આવી પગે લાગીને બેઠા ને પ્રાર્થના કરી જે, 'હે મહારાજ ! અમારે શું કરવું ?'

પછી ભગવાને ઇન્દ્રાદિક સર્વે દેવતાને હિંમત દીધી ને કહ્યું, 'તમે કાંઈ ફિકર રાખશો નહિ, ભગવાન સહુનું સારું કરશે.' એમ કહી ભગવાન મોહિનીનું રૂપ ધારણ કરી અસુરોની સમીપમાં ચોગાન જગામાં જઈને ઊભા રહ્યા. ત્યાં દૈત્યો મોહિનીરૂપ ભગવાન સામું જોઈ કામાતુર બની વિહ્‌વળ થઈ ગયા ને માંહોમાંહી લડવા લાગ્યા. પછી અમૃતનો ઘડો લઈ મોહિનીરૂપ ભગવાન પાસે આવ્યા. ને એમ બોલ્યા જે, 'આ અમૃતનો ઘડો તમે લ્યો અને અમને સર્વેને વહેંચી આપો.' ત્યારે તેમાં ધર્મવાળા દૈત્યો હતા તે બોલ્યા જે, 'હે મોહિની ! દેવો અને દૈત્યો બંનેનો સરખો દાખડો છે, માટે સર્વેને સરખા ભાગે વહેંચી આપો.'

ત્યારે મોહિનીરૂપ ભગવાન બોલ્યા જે, 'હું તો સ્વૈરિણી સ્ત્રી છું. મારો વિશ્વાસ કરશો નહિ ને જો કરશો તો હું મારી નજરમાં આવશે તેમ કરીશ.' ત્યારે દૈત્યોએ કહ્યું, 'ઠીક, તમારી નજરમાં આવે તેમ અમૃતનો ઘડો વહેંચી આપો.' પછી મોહિનીરૂપ ભગવાન દેવો અને

દૈત્યો પ્રત્યે બોલ્યા જે, 'બે પંક્તિમાં થઈ જાઓ.' એટલે પંક્તિ થઈ. પછી મોહિનીરૂપ ભગવાને પ્રથમ દેવતાને અમૃત પાવા માંડ્યું. ત્યારે રાહુએ જાણ્યું જે, 'રખે બધુ અમૃત દેવોને પાઈ દેશે તો આપણે રહી જાશું.' આમ વિચારી તે દૈત્યની પંક્તિમાંથી ઊઠીને દેવોની પંક્તિમાં આવી ચંદ્ર અને સૂર્યની વચમાં બેસી ગયો. તેથી સૂર્ય તથા ચંદ્ર દબાઈ ગયા, પણ બીકના માર્યા તેની સામે બોલી શક્યા નહિ.

પછી ભગવાને દેવતાની પંક્તિમાં અમૃત પાતાં પાતાં સૂર્યને પાઈ, રાહુને આપ્યું. તે સમામાં સૂર્યને ચંદ્રએ શાન કરીને કહ્યું, 'આ દૈત્ય છે.' ત્યારે મોહિનીએ ચક્ર મેલી દૈત્યનું માથું કાપી નાંખ્યું. તે દિવસથી સૂર્ય અને ચંદ્ર સાથે રાહુને વૈર બંધાણું છે, તે હજી સુધી એ બેને પીડે છે. તે કઈ રીતે ? તો રાહુનું મંડળ સૂર્યના મંડળથી દસ હજાર જોજન દૂર છે. ત્યાંથી કોઈ સમયે વૈર લેવા માટે સૂર્ય સામું લડવા આવે છે, ત્યારે સૂર્ય પણ પોતાના દસ હજાર બાણ તે રાહુ ઉપર નાંખે છે, પણ કોઈ રીતે એનો પરાભવ થતો નથી. તેથી સૂર્ય ગ્લાનિ પામે છે ને ભગવાનની પ્રાર્થના કરે છે. પછી ભગવાનની સ્મૃતિ કરે છે અને કહે છે –

'હે ભગવાન ! આ રાહુ મારાથી તો જિતાય તેમ નથી. ને તે મને મારશે. ને તમે મને અહીં સ્થાપ્યો છે, પરંતુ હવે રહેવા દેશે નહિ.' એવી પ્રાર્થના સાંભળી ભગવાન સૂર્યની રક્ષા કરવા સુદર્શન ચક્રને મોકલે છે. તે સુદર્શન ચક્રે પૂર્વે રાહુનું માથું કાપી નાંખેલું છે, તેથી તે જોઈને રાહુ ભાગે છે. ને તેની વાંસે ચક્ર થાય છે. પછી તેનાથી ડરીને તે પોતાને જે જગ્યાએ સ્થાપન કર્યો છે ત્યાં જતો રહે છે. પછી ચક્ર પાછું ફરી સૂર્ય પાસે આવે છે. એટલે સૂર્ય તે ચક્રની પૂજા-સ્તુતિ કરીને એમ કહે જે, 'હવે તમો તમારી જગ્યાએ પધારો.' એવી પ્રાર્થના કરે ત્યારે ચક્ર પોતાની જગ્યાએ જઈને બેસે છે. એ

દૃષ્ટાંતનું સિદ્ધાંત એ છે જે –

સૂર્યને ઠેકાણે જીવ છે ને રાહુને ઠેકાણે કારણ શરીરરૂપ સંકલ્પ-વિકલ્પ છે. એ બેને અનાદિનું વૈર છે. તે કેવી રીતે ? તો માયાના સંકલ્પ છે જે વિષય ભોગવવા અને જીવને વિષય ભોગવવા દેવા નથી. તેથી તેનું વૈર લેવા જીવના સામા પૂરે સંકલ્પ ચાલે છે. તે જીવને હઠાવી નાંખે છે ને તેનું કાંઈ ચાલવા દેતા નથી. ને સંકલ્પરૂપ થઈ પોતાના સ્વરૂપને તથા ભગવાનના સ્વરૂપને ભૂલી જાય છે. અને દેહરૂપ, ધનરૂપ, સ્ત્રીરૂપ તથા માન મોટપરૂપ થઈ જાય છે. તેથી તે માયા આગળ પરાજય પામે છે. અને જન્મમરણ તથા લખચોરાશીમાં ભટકે છે, દુઃખી થાય છે. એવો અસમર્થ જીવ જ્યારે ભગવાન સામું જૂએ છે, ત્યારે ભગવાન સુદર્શન ચક્રરૂપ પોતાની સ્મૃતિને પ્રેરે છે. પછી જીવ જેમ જેમ શ્રીહરિની સ્મૃતિ કરે છે તેમ તેમ તેના સંકલ્પો નાશ પામે છે. કહેતાં કારણશરીર નાશ પામે છે.” કેમ જે, ભગવાનના ભક્તને કારણશરીરના સંકલ્પરૂપ રાહુને મારવા માટે ભગવાનની સ્મૃતિ એ જ સુદર્શન ચક્ર છે.

તે વાત સાંભળીને નૃસિંહાનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી વગેરે સર્વે સાધુ તથા સર્વે સભાજનો બહુ રાજી થયા. અને પરસ્પર એમ બોલ્યા જે, “આ પ્રત્યક્ષ મહારાજ છે. તેમની સ્મૃતિ રાખવી એ જ મોટામાં મોટો લાભ છે. અને તેની સ્મૃતિ નથી થાતી તે બહુ મોટી ખોટ છે.”

દોહા : **માટે અભ્યાસ કરવો, વૃત્તિ રાખવા દિ’ રાત;**
તો પોતાના આત્મામાં, પ્રગટશે હરિ સાક્ષાત...૭૮

જેમ સાકર ખાય તો મોઢું ગળ્યું થાય, તેમ જો શ્રીહરિની સ્મૃતિ રાખીએ તો જીવન સુધરી જાય, અંતરમાં ટાઢું થાય. દોરી ઉપર સુકવેલા ભીનાં કપડાં જેમ વાયુના લહરકે સુકાઈ જાય છે તેની ખબર રહેતી

નથી. તેમ જે મૂર્તિમાં વૃત્તિ રાખે છે તેની તમામ વાસના બળી જાય છે. માટે વારે વારે શ્રીહરિને સંભાર્યા કરવા, એક સેકન્ડ પણ પ્રભુને ભૂલતા નહિ. કેમ જે, અખંડ સ્મૃતિ રાખવી એ જ આપણું કર્તવ્ય છે, આપણું લક્ષ્ય છે. ને આ સિદ્ધ થશે ત્યારે જ આપણો જન્મ સફળ થશે. સ્મૃતિ વિનાની સર્વે ક્રિયા તો દિનકઢણી કરીને સમય પસાર કર્યા જેવી છે. સ્મૃતિવાન જ મહાન બને છે. તેનો જ જીવ અતિ બળિયો થાય છે. અને તેને જ છતાં દેહે અક્ષરધામનો અનુભવ થાય છે. માટે સુખિયા થાવું હોય તો શ્રીહરિની સ્મૃતિ અને સત્પુરુષનો સંગ, આ બે ક્યારેય છોડતા નહિ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સૂર્ય અને રાહુના દૃષ્ટાંતે કરીને અખંડ સ્મૃતિની વાત કહી' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

સનકાદિકની મોટાઈ તથા કસરની વાત

દોહા : **નૃસિંહાનંદને વાલમે, કરી અલૌકિક વાત;**
સનકાદિકની શામળે, તે સંભળાવું સાક્ષાત...૭૯

શ્રીહરિએ આ વાતમાં સનકાદિકોની મોટપ તથા તેમની કસર બંને કહી છે. તે આપણા માટે અતિ ઉપયોગી છે.

એક સમયે શ્રીજીમહારાજ ગઢપુરમાં લક્ષ્મીવાડીએ પધાર્યા હતા. ત્યાં નાના નાના આંબાની હાર સોંસરા ચાલ્યા અને તે આંબાની હાર જોઈને એમ બોલ્યા જે, "જુઓને ! આંબા ઉતાવળા થાય છે અને કહે છે કે, 'ઝટપટ કેરીના ફળ આવે અને મહારાજ જમે તો સારું." તેમ કહી મહારાજ હાલમાં જે ઓટો છે તે ઉપર બિરાજમાન થયા. અને પોતાના મુખારવિંદની આગળ મુક્તાનંદસ્વામી આદિક પરમહંસ, મુકુંદાનંદ આદિક બ્રહ્મચારી તથા દાદા ખાચર આદિક હરિજન સર્વેની સભા

ભરાઈને બેઠી હતી. તે સમયે નૃસિંહાનંદસ્વામી આવીને મહારાજનાં દર્શન કરી, પગે લાગી સભામાં બેઠા. તેથી શ્રીહરિને બહુ આનંદ થયો, અતિ હેતથી બોલાવ્યા અને પોતાની સમીપે બેસાર્યા.

ચોપાઈ :

સ્વામી સામુ જોઈને મારો હરિ રે, કહે સાંભળો સ્વામી વાત ખરી રે;
ચાર સનકાદિકનું રહસ્ય રે, તમે જાણો છો કે સ્વામી નય રે...૮૦
ત્યારે સ્વામી બોલ્યા મહારાજ રે, નથી જાણતો હું તેહ રાજ રે;
પછી શ્રીજી કહે સુણો સહુ રે, સનકાદિક છે મોટા બહુ રે...૮૧

"કેમ જે, બ્રહ્માએ પ્રથમ સૃષ્ટિ કરી ત્યારે પ્રથમ એ ચારેયને સર્જ્યા. પછી બ્રહ્મા એમ બોલ્યા જે, 'હવે તમે સૃષ્ટિ કરો.' ત્યારે સનકાદિક બ્રહ્મા પ્રત્યે એમ બોલ્યા જે, 'હે પિતા ! અમે સૃષ્ટિ નહી કરીએ; કેમ જે, અમે તો નિવૃત્તિ ધર્મના પ્રવર્તક છીએ અને અખંડ બ્રહ્મચર્ય વ્રતને પાળવાવાળા છીએ.' ત્યારે બ્રહ્મા કહે, 'તમો મારા પુત્ર થઈને મારું નહિ માનો ?'

પછી સનકાદિક બોલ્યા જે, 'હે પિતાજી ! એ તમારું વચન તો મનાય તેમ નથી.' તેથી બ્રહ્માને રીસ ચડી ને પોતાની ભ્રકુટિ ખેંચાણી ને ક્રોધ થયો. તેમાંથી શિવજી ઉત્પન્ન થયા. પછી તેના દ્વારા સૃષ્ટિ કરાવી. અને સનકાદિકોને બ્રહ્માએ શાપ આપ્યો કે તમે સદા આવાને આવા રહેશો અને કાઢી મૂક્યા. એવા એ સનકાદિક મોટા છે અને અખંડ અહિંસાધર્મ તથા બ્રહ્મચર્યવ્રતને પાળનાર તથા પળાવનાર છે.

હવે એ સનકાદિકની બીજી મોટાઈઓ કહું છું કે, તેઓ કાળની વૃત્તિથી સદા પર રહે છે. અર્થાત્ તેઓ કાયમ પાંચ જ વર્ષના રહે છે. તેમને કાળ કાંઈ કરી શકતો નથી. બીજું આત્મસત્તારૂપમાં સ્થિતિ રહે ને તે આત્માનો ભાવ નિરંતર સ્ફૂર્યા કરે, કહેતાં સદા બ્રહ્મરૂપ રહે છે. અને ત્રીજી સ્થિતિ ભગવાનને અખંડ જોયા કરે છે તથા ભગવાનમાં

બહુ હેત કરે છે. અને તે રીતે કરવામાં તેમને શ્રદ્ધા બહુ છે. પણ તેમાં કોઈ દિવસ પ્રમાદ, આળસ કે કોઈ દોષ આડો આવે નહિ, એમ નિરંતર કર્યા કરે, મોળા પડે નહિ.”

આમ, (૧) અખંડ અહિંસા ધર્મવાળા, (૨) બ્રહ્મચર્યવાળા, (૩) કાળથી પર, (૪) આત્મનિષ્ઠાની દઢતા અને (૫) અખંડ સ્મૃતિ રાખવી આ પાંચ ગુણો તેમનામાં મહાન છે. આ તેમની મોટપ છે. અને આ સનકાદિકનું રહસ્ય છે. ત્યારે કહેશો જે, તો એ ધામને કેમ નથી પામતા ?

પછી શ્રીજીમહારાજ બોલ્યા જે, “તે સનકાદિકની સમજણમાં બે દોષ છે, તે કહીએ છીએ : એને હૈયામાં એમ રહે છે જે, ‘આલોકમાં નિવૃત્તિધર્મના પ્રવર્તક અમે છીએ’ એવો અહં એને રહે છે.” આત્મામાં સ્થિતિ છે, અખંડવૃત્તિ છે છતાં કર્તાપણાનો રાગ છૂટતો નથી. ‘અમે નિવૃત્તિધર્મના પ્રર્વતક છીએ.’ આવો પોતામાં કર્તાભાવ માનવો એ જ બંધન છે. ઘણાને પોતે કાંઈ દાન પુણ્ય કર્યું હોય, વ્રત, તપ કે જપ કર્યા હોય તેનું લીસ્ટ મગજમાં સતત રમ્યા કરે છે. આ અહં ઈશ્વરપ્રાપ્તિમાં આડો ગઢ બને છે.

‘ભગવાન જ સર્વકર્તા છે. મેં કાંઈ કર્યું જ નથી અને મારે કાંઈ કરવાનું જ નથી. શ્રીહરિ જે કરે છે તેને અકર્તાપણે રહી સાક્ષીભાવે જોયા કરવાનું છે. આટલું જ મારે કરવાનું છે.’ આવું જ્ઞાન સનકાદિકને નહોતું. તેઓ કોઈ મોટી સંસ્થાના સંસ્થાપક કે વ્યવસ્થાપક નહોતા પરંતુ ‘અમે નિવૃત્તિધર્મના પ્રવર્તક છીએ.’ આવું સદ્‌ગુણનું અહં પણ તેમને અક્ષરધામમાં જતા આડું આવ્યું. બાહ્યદષ્ટિએ ઊંટની જેમ બીજાનાં જ અંગો વાંકાં છે એમ દેખ્યા કરીએ અને ખોટ ખોળ્યા કરીએ તેથી આપણને શું લાભ થાય ? માટે આપણામાં આવી ખોટ હોય તો તેને ઓળખવી અને ટાળવી.

હવે શ્રીહરિ બીજી ખોટ બતાવતા કહે છે, "વિરાટપુરુષની એમને ઉપાસના છે." એમને ઉપાસનામાં લોચો છે. વિરાટપુરુષને જ પુરુષોત્તમનારાયણ માને છે. શ્રીહરિ તો વ.ગ.મ.૩૧માં કહે છે કે, "જેમ જીવને ત્રણ દેહ છે તેમ એ વૈરાજપુરુષનાં વિરાટ, સૂત્રાત્મા, અવ્યાકૃત એ ત્રણ દેહ છે. ને તે દેહ અષ્ટાવરણે યુક્ત છે. ને તે દેહ મહત્તત્ત્વાદિક જે ચોવીસ તત્ત્વ તે દ્વારે થયા છે. તે એ વિરાટને વિશે ઈન્દ્રિયો, અંતઃકરણ ને દેવતાએ પ્રવેશ કર્યો ને એને ઉઠાડવા માંડ્યો. ને વિરાટનો જીવ પણ માંહી હતો તોપણ એ વિરાટ ઊઠ્યું નહીં; અને જ્યારે ક્ષેત્રજ્ઞ એવા જે વાસુદેવ ભગવાન તે પુરુષરૂપે કરીને એમાં આવ્યા ત્યારે એ વિરાટ દેહ ઊઠ્યું. ને એ વૈરાજપુરુષ પોતાની ક્રિયાને વિશે સમર્થ થયા.

એવી રીતે ઈશ્વર જે વૈરાજપુરુષ ને આ જીવ એ સર્વેના પ્રકાશક તો પુરુષરૂપે કરીને પુરુષોત્તમ એવા વાસુદેવ છે. અને એ વૈરાજપુરુષ પણ જીવની પેઠે બદ્ધ છે, તે દ્વિપરાર્ધ સુધી પોતાની આવરદા ભોગવે છે ત્યાં સુધી બદ્ધ વર્તે છે."

આવા બદ્ધ ઈશ્વરને તે સનકાદિકો ભગવાન માનીને ભજે છે. એ જ એમનામાં મોટી ખોટ છે. તેથી તે ભગવાનના ધામને નથી પામતા.

"અને વૈરાજપુરુષનો પ્રલય થાય ત્યારે એને એ પુરુષનો સંબંધ સાક્ષાત્ થાય છે. કેમ જે, એનો બાપ જે પુરુષ તે સમર્થ છે, તે એને એટલો જાળવે છે. અને વૈરાજપુરુષને માયાનો સંબંધ રહ્યો છે માટે પ્રલયને અંતે પાછો માયામાંથી ઊપજે છે. અને આ જીવ છે તે જેવો પોતે બદ્ધ છે ને અસમર્થ છે, તેવી રીતે જ એનો જે બાપ હોય તે પણ બદ્ધ ને અસમર્થ હોય. માટે એ બાપ તે દીકરાને શી સહાય કરે ? માટે એને સુષુપ્તિરૂપ માયાનો સંબંધ નિરંતર રહે છે, ટળતો નથી. એ તો જ્યારે પૂર્વે કહ્યો તેવી રીતે નિરંતર પોતાના પ્રકાશક જે બ્રહ્મ

તેનો મનન દ્વારા સંગ કરે ત્યારે ટળે.

અને વળી એ વિરાટપુરુષ પણ સંકર્ષણ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે. તેમાં પ્રલયરૂપ અવસ્થાને વિશે સંકર્ષણની ઉપાસના કરે છે ને સ્થિતિરૂપ અવસ્થાને વિશે પ્રદ્યુમ્નની ઉપાસના કરે છે ને ઉત્પત્તિરૂપ અવસ્થાને વિશે અનિરુદ્ધની ઉપાસના કરે છે.

અને તે સંકર્ષણાદિક ત્રણ જે તે વાસુદેવ ભગવાનનાં સગુણ રૂપ છે ને તેની ઉપાસનાને બળે કરીને એ વૈરાજપુરુષ જે તે ઉત્પત્તિ, સ્થિતિ ને પ્રલયરૂપ ક્રિયાને વિશે સામર્થ્યને પામે છે. અને જ્યાં સુધી એ ત્રણની ઉપાસના કરે છે ત્યાં સુધી એને ઉત્પત્તિ-સ્થિતિ-પ્રલયરૂપ જે માયાનો સંબંધ તે ટળતો નથી.

અને જ્યારે એ નિર્ગુણ એવા જે વાસુદેવ ભગવાન તેની ઉપાસના કરે છે ત્યારે એ વૈરાજપુરુષ માયાનો ત્યાગ કરીને બ્રહ્મરૂપ થાય છે. જેમ આ જીવ છે તે બ્રહ્માદિક દેવરૂપે ભગવાનની ઉપાસના કરે છે ત્યારે ધર્મ, અર્થ, કામરૂપ ફળને પામે છે, અને જ્યારે ભગવાનના અવતાર જે રામકૃષ્ણાદિક તેની ઉપાસના કરે ત્યારે બ્રહ્મરૂપ થાય ને એની મુક્તિ થાય; તેમ એ વિરાટપુરુષને પણ છે.

અને એ વૈરાજપુરુષ દ્વારાએ અવતાર થાય છે એમ શાસ્ત્રમાં કહ્યું છે, તે તો એમ સમજવું જે, 'એ જે વાસુદેવનારાયણ તે પુરુષરૂપે કરીને વૈરાજપુરુષને વિશે આવીને વિરાજમાન હોય ત્યારે અવતાર કહ્યા છે.' માટે તે અવતાર તો સર્વે વાસુદેવ ભગવાનના જ છે, પણ વૈરાજપુરુષના નહિ તેમ સનકાદિકોને સમજાતું નથી. પણ વાસુદેવ ભગવાન જ્યારે પ્રતિલોમપણે એ વૈરાજપુરુષ થકી નોખા પડી જાય ત્યારે એ કેવળ વૈરાજપુરુષ થકી અવતાર સંભવે જ નહિ; માટે એ થકી અવતાર તો એને વિશે વાસુદેવ આવ્યા છે તે સારુ કહ્યા છે. અને એને વિશે વાસુદેવ જે ક્ષેત્રજ્ઞ તેણે પ્રવેશ કર્યો નહોતો ત્યારે એ વૈરાજપુરુષ પોતાની ક્રિયા કરવી તેને વિશે પણ સમર્થ નહોતા થયા.

અને પૂર્વે જે પુરુષ કહ્યા તે માયામાં ગર્ભ ધરે ત્યારે પ્રધાનપુરુષ દ્વારાએ એક એવો જે વૈરાજપુરુષ રૂપ દીકરો તે થાય, અને એ જ માયામાંથી અનેક પ્રધાનપુરુષ દ્વારાએ બીજાં પણ ઘણાંક એવાં વૈરાજપુરુષરૂપ બ્રહ્માંડ થાય છે." માટે આવા વૈરાજપુરુષરૂપ ઈશ્વરોનો પાર જ નથી. તેમને સર્વકર્તા પરમેશ્વર માનીને ભજનારાને સર્વોપરી પરમેશ્વરનું ધામ મળતું નથી.

સનકાદિક જેવા સમજુ પણ વિરાટપુરુષને પરમેશ્વર માની ઉપાસના કરે છે અને એ દોષે કરીને જ આત્યંતિક કલ્યાણ નથી પામતા તો બીજા બધાની તો શું વાત કહેવી ? આ તો સર્વોપરી પુરુષોત્તમનારાયણ આવ્યા અને આવું ઝીણું જ્ઞાન સમજાવ્યું તેથી સમજાય છે. સત્સંગ વિના આવી શ્રેષ્ઠ સમજણ આવવી અશક્ય છે.

જેમાં અહિંસાધર્મ, બ્રહ્મચર્ય, કાળાતિત રહેવું, આત્મામાં સ્થિતિ અને અખંડવૃત્તિ જેવા પાંચ મોટા ગુણો છે છતાં તેમને કર્તાપણાનો રાગ અને ઉપાસનાની ખામી આ બે દોષ નડે છે. અને એ બે દોષે કરીને ભગવાનના અક્ષરધામમાં જવાની એમની ગતિ નથી. માટે આપણે સરખું સમજીએ તો સારું, નહિતર આપણી તો શું દશા થાશે તે નક્કી નહીં.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સનકાદિકની મોટાઈ તથા કસરની વાત કહી' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

ઈશ્વરોની ચાર પ્રકારની ખામી

ભગવાનની ક્યારેય ભૂલ થાય નહિ. ભગવાનનું કોઈ પણ વિધાન દયા વિનાનું હોય નહિ. બધું ભગવાન જ કરે છે. એક શ્રીહરિ જ કર્તાહર્તા છે. આમ પોતાના આત્મામાં શ્રીહરિને કર્તાપણે પકડી રાખવા. અને પાછા શ્રીહરિને કર્તા થકા અકર્તા માનવા. આમ જ્યારે સમજાય

ત્યારે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય કહેવાય. માત્ર શ્રીહરિને જ કર્તા માનીએ તો સવિકલ્પ નિશ્ચય કહેવાય એમ ગોપાળાનંદસ્વામી કહેતા.

નંદસંતોની આ વાતોના વાંચનનો નિત્ય અભ્યાસ રાખીએ તો ઉપાસના શુદ્ધિ તથા સમજણ શુદ્ધિ થાય. ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામીની વાતો તો સગી માના ધાવણ જેવી છે. જે માતાનું ધાવણ ધાવ્યો હોય તે જીવ સંસ્કારી અને ચારિત્ર્યવાન થાય છે. કેમ જે, માતાનું દૂધ જ જીવને સાચું હિતકારી, પોષણકારી, શક્તિવર્ધક, પ્રેમ દેનારું અને સંસ્કાર દેનારું છે; તેમ મોટા નંદસંતોની વાતો જ જીવને સાચી હિતકારી, પોષણકારી, શક્તિવર્ધક અને પ્રેમ દેનારી છે. તથા સાચી સમજણ અને ઉપાસના શીખવનારી છે. માટે તે વાંચવી અને શ્રીહરિની સર્વોપરી ઉપાસના શીખવી તો અક્ષરધામમાં જવાશે.

આ વાતને વિશેષ સમજાવતા શ્રીહરિ અમદાવાદ પ્રતમાં રહેલ વિશેષ વચનામૃત અશ્લાલી-૧માં કહે છે કે, "શિવ બ્રહ્માદિક મોટા દેવો કે જગતસ્રષ્ટા ઈશ્વરો તે અક્ષરધામને કેમ નથી પામતા ? તો તેની સમજણમાં ચાર ભુલો છે તેથી વારંવાર સૃષ્ટિ ભેળા ઉત્પન્ન થાય છે અને અંતે પાછા માયાને વિશે લીન થાય છે." તે કઈ ચાર ભૂલો ? તો...

(૧) "પોતાની મુક્તિ થવી તેને વિશે ક્રિયાનું, કહેતાં સાધનનું જ બળ સમજે છે પણ ભગવાનના આશરાનું બળ સમજતા નથી." મુક્તાનંદસ્વામી કહેતાં 'મેલો સાધનનો ઉર આંબળો વ્રજવાસીજી' સાધનનું બળ કદિ ન રખાય. ભગવત્કૃપાનું બળ જ રખાય. આ સમજણની ખામી મોટા મોટા દેવો અને ઈશ્વરોને છે. આપણામાં તો આવી અનંત ખામીઓ છે. તેને ટાળવા માટે આ વાતો છે.

(૨) "બ્રહ્મરૂપ થઈને પુરુષોત્તમનારાયણની સેવા કરવી તે જ મુક્તિ છે એમ નથી માનતા." અર્થાત્ દેહરૂપને પણ મુક્તિ મળે એવું

તે સમજે છે. ખરેખર તો જીવને દેહમાંથી જ મુક્ત થવાનું છે. દેહથી મુક્ત અને મૂર્તિથી યુક્ત થવું એ જ સાચી મુક્તિ છે. પરંતુ તેમને કર્તાપણાના રાગને કારણે આ સમજાતું નથી.

(૩) "જીવોના કલ્યાણ માટે પ્રગટ થયા એવા રામકૃષ્ણાદિ ભગવાનના અવતારો તેને તે અંશે કરીને જાણે છે, તે મોટી ભૂલ છે. અનંત જીવોના ઉદ્ધાર માટે પ્રભુ ઈશ્વરોના અંતરમાં પ્રવેશ કરીને અવતાર ધારે છે. એટલે તે ભગવાનના અવતારને પોતાના અંશ માને છે." અર્થાત્ પોતાથી નાના સમજી બેસે છે. તે કારણે તેની ઉર્ધ્વગતિ થતી નથી. અને ઉપાસનાની શુદ્ધિ પણ થતી નથી.

(૪) "બ્રહ્માંડની ઉત્પત્તિ કેમ થતી હશે ?' એવો સંકલ્પ રહે છે તેથી ભગવાને તેને ઉત્પત્તિ આદિમાં જોડ્યા છે." આમ, આ જગતને જાણવાની જીજ્ઞાસારૂપી વાસના પણ જીવને નડે છે. જાણવા માણવા જેવા તો આત્મા અને પરમાત્મા આ બે જ છે. તેનું જ્ઞાન જ જીવને મુક્તિ આપે છે. તેથી જ શ્રીહરિ ગ.પ્ર.૨૪માં કહે છે જે, 'જ્ઞાન તો પ્રકૃતિપુરુષ થકી પર છે.' અર્થાત્ આ બ્રહ્માંડોની ઉત્પત્તિ આદિક બધું જ જાણતો હોય છતાં તે એક પ્રકારનું અજ્ઞાન છે. કેમ જે, એ એને બંધન કરે છે.

આ ચાર પ્રકારની ખોટ મોટા મોટા દેવો તથા ઈશ્વરોને છે તેથી તે સર્વોપરી પુરુષોત્તમનારાયણના અક્ષરધામને પામતા નથી. અને આજે આ સત્સંગમાં કોઈ અક્ષરધામના મહામુક્ત જેવા સંતો ભક્તો હોય અને તેમની પાસેથી જો સાચી સમજણ શીખીએ અને તેમનો મહિમા રાખી સમાગમ કરીએ તો આપણી આ કસર ઓળખાય. પછી અન્ય સંકલ્પો છૂટે અને આ ભૂલો સુધરે. તેથી જ શ્રીહરિ કહે છે કે, "તે ભૂલ અને સમજણ ભગવાનના એકાંતિક જ્ઞાની ભક્તનો સમાગમ કરી અને યથાર્થ જ્ઞાનની દૃઢતા કરે ત્યારે ટળે. પછી બ્રહ્મરૂપ થઈ

ભગવાનના ધામને પામે અને મહાસુખિયા થાય." આવી આ દિવ્ય વાતો છે. માટે...

પૂર્વછાયો : **કોઈ વાતનો ક્યારેય, આવવા ન દેવો અહંકાર;**
સારા સારા નિજગુણમાં, નિજને પડવા ન દેવો ભાર...૮૨

કોઈ વાતનો ક્યારેય અહંકાર આવવા દેવો નહિ. **'यह काम मैने किया वो सबसे बडा अज्ञान है।'** 'હું કરું છું.' આ ભાવ જ મોટું અજ્ઞાન છે. **'હું કરું હું કરું એ જ અજ્ઞાનતા, સકટનો ભાર જેમ શ્વાન તાણે.'** માટે એક શ્રીહરિને જ કર્તા માનવા એ જ પરમ કલ્યાણ છે. દાદા ખાચર સ.જી.માં બોલ્યા છે, **'निमित्तमात्रमेवाहं कर्ता कारयिता भवान्।'** 'હું તો માત્ર નિમિત્ત છું. હે નાથ ! કરોય છો આપ અને કરાવો છોય આપ.' આમ જ્યારે જીરો બનાય ત્યારે આધ્યાત્મિક માર્ગે હીરો થવાય છે. કેવળ પોતાને પોતાના ગુણોનો ભાર પડે અને પોતાને જ પોતામાં શ્રેષ્ઠતા મનાય એ જ અહં છે. બધા ગુણો કે સમજણ આપનારા એક શ્રીહરિ છે. આમ પ્રભુની મોટપ સમજાય ત્યારે અનાદિમુક્ત થવાય છે.

આ સમજાવતાં નિષ્કુળાનંદસ્વામી હરિબળગીતા ક.૩૪માં કહે છે,

જોને પે'રી ઘરેણાં પરનાં, મને માનવી મોટાઈ કેમ;
જ્યારે ઉતારી લેશે અંગથી, ત્યારે રહીશ તેમનો તેમ.

પારકાં ઘરેણાં પહેરી પટલાઈ કરવાની કે ફુલાવાની જરૂર નથી, તેમ પ્રભુએ આપેલા ગુણથી આપણે ફુલાવાની જરૂર નથી. જેમ ચંદ્રમાં જે કાંઈ તેજ છે તે સૂર્યનું છે. ચંદ્ર તો પરપ્રકાશિત છે, તેમ આપણામાં પણ જે કાંઈ કળા, ગુણ, આવડત કે બુદ્ધિ છે તે સર્વપ્રકાશક શ્રીહરિનું છે. પ્રભુએ પ્રકાશ્યું એટલે પ્રકાશે છે. જો હરિ વિસ્મૃતિ કરાવે તો કશું જ યાદ ન આવે.

માટે મોટપ ન માનવી, ગુણ પરના પામીને;
દીન આધીન વરતવું, સૌ સંતને શીશ નામીને.
અલ્પ ગુણના અભિમાનમાં, અપરાધ થાય શુદ્ધ સંતનું;
પામવાનું સુખ રહે પાછળે, આવે દુઃખ અત્યંતનું.
માટે વિચારી વરતવું, ઘણું ઘણું ગરજુ થઈ;
અલમસ્તી ન દેવી આવવા, બેગરજુ થાવું નઈ.
આવી વાતને અંતરે, રાખશે જન રૂડી રીતશું;
નિષ્કુળાનંદ તે ઉપરે, પ્રસન્ન થાશે પ્રભુ પ્રીતશું.

'હું કરું છું. મારે કરવું છે. હું કરીશ.' આવા અભિમાનને કારણે જો કોઈ સંતનો અપરાધ થઈ જાય તો પ્રભુ પામવાનું તો છેટું રહે અને નરકમાં નિવાસ થાય. માટે ગરજુ બનીને આ સત્સંગમાં પડ્યું રહેવું. સહુને હાથ જોડતા રહેવું. નમતા રહેવું. સહુના દાસ અને ગોલા બનીને રહેવું; એ જ સાચી સમજણ તથા મોટપ છે. આમ જે સમજે છે તેના ઉપર શ્રીહરિ અને સંતો ખૂબ રાજી થાય છે.

ચોપાઈ :

વાત આ તો કરી અતિ સારી રે, જીવના અહં ઓગાળનારી રે;
અહં અતિશે નડતરરૂપ રે, નથી તેથી થવાતું હરિરૂપ રે...૮૩

માટે ગુણનું અહં સર્વ પ્રકારે આવવા દેવું નહિ, તે સિદ્ધાંત વાત છે. શ્રીહરિની આવી વાત સાંભળીને સર્વે સાધુ, બ્રહ્મચારી તથા હરિજન રાજી થયા અને બોલ્યા જે, "આ વાત તો યથાર્થ એમ જ છે." માટે દેહમાંથી, ઈન્દ્રિયો-અંતઃકરણમાંથી, પંચવિષયમાંથી, માયામાંથી, જગતમાંથી પ્રીતિ તોડવી. અને છેવટે આત્મામાંથી પણ પ્રીતિ તોડી શ્રીહરિના સ્વરૂપમાં જોડવી. જો આત્મામાં પણ હેત રહી ગયું અને 'હું આત્મા છું.' એવી ગ્રંથી પડી ગઈ, પણ પરમાત્મામાં પરાપ્રીતિ ન થઈ હોય તો અહં પ્રભુમાં ઓગળે નહિ. અને અહંરૂપી ગાંગડો ઓગળે નહિ ત્યાં સુધી પ્રભુનો આનંદ પણ મળે નહિ.

જેમ સાકરનો ગાંગડો દૂધમાં ગળે તો તે દૂધરૂપ બને અને સુંદર સ્વાદ મળે, તેમ આપણું આત્માપણાનું અહં પણ પુરુષોત્તમનારાયણમાં પ્રેમ થવાથી ઓગળે અને શ્રીહરિના આકારે આકાર આપણી વૃત્તિઓ તદાકાર થાય ત્યારે એક મહારાજ જ અનુભવાય. પછી જેવું ભગવાનને સુખ છે તેવું જ ભક્તને પણ મળે. માટે પ્રથમ દેહ અને દુનિયામાંથી પ્રીતિ તોડવી. પછી આત્માનું અભિમાન પણ છોડી દેવું, ત્યારે શ્રીહરિમાં સાચી ભક્તિ ઉદય થાશે. આ વાત ઘણી અઘરી છે. પરંતુ તે પ્રમાણે કરવું તો પડશે જ. સંતો કહે છે,

હું ટળે હરિ ઢુંકડા, તે ટળાય દાસે રે;
મુક્તાનંદ મહાસંતને, પ્રભુ પ્રગટ પાસે રે.

જેની દુકાનમાં જે વસ્તુ હોય તે ત્યાંથી મળે. તેમ સંતરૂપી દુકાનમાં શ્રીહરિ રહ્યા છે. માટે સંતના જે દાસ થાય તેને શ્રીહરિ મળે. દેહમાંથી, દુનિયામાંથી અને અંતે પોતાના આત્મામાંથી પણ પ્રીતિ તોડી શ્રીહરિ અને સંતમાં આત્મબુદ્ધિ અને હેતબુદ્ધિ કરવી. સ્વાર્થ છોડી પરમાર્થી થાવું. પરમાર્થીના અંતરમાં જ પરાભક્તિ ઉદય થાય છે, એ સિદ્ધાંત વાત છે. અહંને ટાળવા એક સંતોનો સમાગમ અને બીજું પ્રભુનું ધ્યાન આ બે અનિવાર્ય છે. તેથી હવે શ્રીહરિ ધ્યાનની વાત સમજાવે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'ઈશ્વરોની ચાર પ્રકારની ખામી તથા અહં ટાળવાનો ઉપાય કહ્યો' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

ધ્યાન તથા આત્મા પરમાત્માને વિષે સ્થિતિ કરવાની રીત

વળી, એકવાર શ્રીહરિ ગઢપુરમાં અક્ષરભુવનમાં બેઠા હતા. પાસે થોડા સંતો બેઠા હતા. તે સમયે નૃસિંહાનંદસ્વામી ત્યાં આવ્યા. મહારાજે તેમને અતિ હેતથી બોલાવ્યા અને પોતાની પાસે બેસાડ્યા. પછી શ્રીહરિ

કહે, 'હે સ્વામી ! ધ્યાન કરવા માટે શું શું કરવું જોઈએ ? તો

(૧) પ્રથમ સિદ્ધ આસન કરીને બેસવું. આસન જીતાય તો જ ધ્યાન થાય.

(૨) નાસિકાના અગ્ર સામી દૃષ્ટિ રાખવી. એકાગ્રવૃત્તિ થાય તો જ મૂર્તિમાં સ્થિર થવાય.

(૩) હૃદયની વચમાં જોઈ રહેવું, પછી તેમ જોતાં જોતાં આંખ મીંચાઈ જાય.

(૪) હૃદયમાં જે ઠેકાણે પાન-અપાન વાયુની ગાંઠ પડે છે તે જગ્યાએ જોઈ રહેવું.

(૫) તે જોતાં જોતાં જો શુભ કે અશુભ સંકલ્પ ઊઠે તેને ખોટા કરવા.

(૬) શ્વાસ-ઉશ્વાસ ઊઠે છે તેને જોઈ રહેવું.

(૭) જોનારો જે જીવ તેમાં સુરત રાખવી, કહેતાં જાણપણું રાખવું.

શ્રીહરિ કહે, 'હે સ્વામી ! ધ્યાન કરનારાએ પ્રથમ આ સાતવાના સિદ્ધ કરવા.' આ ભગવાનની મૂર્તિને અંતરમાં ધારવાનું ફાઉન્ડેશન થયું. જેમ સિંહણનું દૂધ સોનાના પાત્રમાં જ રહે છે, તેમ જેમાં ઉપરોક્ત કહી તેવી પાત્રતા હોય તેની વૃત્તિ જ ભગવાનમાં રહે છે.

વળી, શ્રીહરિ કહે, 'હે સ્વામી ! પ્રગટ ભગવાનના ભજને કરીને આત્માને વિષે સ્થિતિ કરવી હોય તથા ભગવાનની મૂર્તિને વિશે સ્થિતિ કરવી હોય તેની રીત કહું છું; તે તમે સાંભળો.

(૧) પ્રથમ જીભે કરીને ભજન-સ્મરણનો આઠે પહોર સુધી આગ્રહ રાખવો. (૨) સૂતાં, બેસતાં, કામકાજ કરતાં નિશદિન ભજનનો આગ્રહ રાખવો. (૩) આંખનાં મટકાં તજવાં. (૪) શ્વાસોશ્વાસ 'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...' આ નામનું ભજન કરવું. (૫) દૃષ્ટિ એકાગ્ર રાખવી, મેષોન્મેષ દૃષ્ટિ થવા દેવી નહીં. અર્થાત્ વૃત્તિ એકધારી સ્થિર રાખવી. આમતેમ જોયા કરવું

નહી. (૬) પછી અંતઃકરણના જાણતલ જે સાક્ષી, કે જ્યાંથી મનનો સંકલ્પ ઊઠે છે ને મનના સંકલ્પને જાણે છે, તે ઠેકાણે જોઈ રહેવું; પણ શ્વાસથી વૃત્તિ જુદી પડવા દેવી નહિ, શ્વાસ ભેગી વૃત્તિ એક કરીને જોઈ રહેવું. (૭) એવી રીતે જાણપણામાં રહીને ભગવાનનો મહિમા વિચારવો. (૮) શ્રદ્ધાએ સહિત ભજન કરવું. (૯) પછી જોતાં જોતાં મહારાજની મૂર્તિ દેખાય ત્યારે તે સામું જોઈ રહેવું. (૧૦) વળી, પાન-અપાન વાયુ જે ઠેકાણે ઊઠે છે ને બેસે છે તેની સ્મૃતિ રાખવી; પણ વિસ્મૃતિ થવા દેવી નહિ, તો સદાય જાણપણું રહે. તેથી અખંડ સ્મૃતિ રહે અને જગતના તમામ સંકલ્પો નાશ પામે.

આવા ભજને કરીને આત્માને વિશે તથા ભગવાનની મૂર્તિને વિશે સ્થિતિ થાય છે. એવી રીતે શ્રીજીમહારાજે ધ્યાન કરવાની રીત જૂના ખરડામાં કહેલી છે તે પ્રમાણે લખી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'ધ્યાન તથા આત્મા પરમાત્માને વિષે સ્થિતિ કરવાની રીત કહી' એ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

મુક્ત અને મહારાજનો સંવાદ

એક સમયે ગઢપુરમાં શ્રીજીમહારાજ વાસુદેવનારાયણના ઓરડે સભા કરીને વિરાજમાન હતા. એ વખતે સદ્‌ગુરુ નૃસિંહાનંદસ્વામી ત્યાં ગયા. હરિવરે અતિ હેતથી સ્વામીને બોલાવ્યા અને કહ્યું,

ચોપાઈ :

આવો સ્વામી બેસો મુજ પાસ રે, એમ કહી બેસાડ્યા છે પાસ રે;
રાજી બહુ હતા હરિ આજ રે, સામુ જોઈને બોલ્યા મહારાજ રે...૮૪

"આ અવસરે ભગવાનનો રાજીપો બહુ છે. એમ કહેવાનો અર્થ એ છે કે આજે અમે જીવો ઉપર અકારણ કરુણા કરી છે. હું જ પરમેશ્વર

છું. અને મેં આજે મોટો પ્રતાપ વાપર્યો છે. તે અમે અક્ષરધામમાં બેઠા હતા ત્યાં એવો સંકલ્પ થયો જે, અમે આગળ જેને જેને મોકલ્યા હતા તે કોઈ મુમુક્ષુને અહીં અક્ષરધામમાં મુક્ત કરીને લાવ્યા નહિ. અર્થાત્ આગળ મેં અનેક અવતારોને મોકલ્યા હતા પણ તે કોઈએ કોઈ જીવને અક્ષરધામમાં મોકલ્યા નહિ. તે સારુ અમે વિચાર કર્યો જે, અમારે આ બ્રહ્માંડમાં જાવું. તે અમારો સંકલ્પ અક્ષરમુક્તો જાણી ગયા. પછી ઊભા થઈ હાથ જોડી પ્રાર્થના કરીને એમ બોલ્યા જે, 'હે મહારાજ ! આપે શો સંકલ્પ ધાર્યો છે ? તે અમને કહો.' ત્યારે અમે અમારો સંકલ્પ મુક્તોને કહી સંભળાવ્યો.

પછી મુક્તો હાથ જોડીને બોલ્યા જે, 'હે મહારાજ ! આપ જ્યારે એ બ્રહ્માંડમાં પધારશો ત્યારે અમારે ક્યાં જાવું ?' ત્યારે અમે કહ્યું જે, 'અમારું સ્વરૂપ અહીં તો આવું ને આવું જ રહેશે અને અમો પંડે જઈશું.' ત્યારે સર્વે મુક્તો બોલ્યા જે, 'આપ પંડે ત્યાં પધારો અને અમને પણ સાથે લઈ જાવો. કેમ જે, આપનાં મનુષ્ય ચરિત્ર જોવાની અમારી ઈચ્છા છે.'

ત્યારે અમે કહ્યું જે, 'એ લોકમાં તો કામ-ક્રોધાદિક વ્યાપે છે. તે કોઈ મુક્તની સ્થિતિ રહેવા દે એવું નથી. અને તમારી સ્થિતિ અસ્ત-વ્યસ્ત થઈ જાય ને કોઈ વાતનો નિર્ધાર રહે નહિ. કેમ જે, એ તો મુક્તબંધન લોક છે. ગુંદરિયો લોક કહેવાય. માટે ત્યાં તો સારા સારા ચોંટી જાય. અને મુક્તની સ્થિતિ પણ અસ્તવ્યસ્ત થઈ જાય. માટે તમારે અમારી ભેગું એ લોકમાં આવવા જેવું નથી."

શ્રીહરિએ ગોપાળાનંદસ્વામીને કારિયાણીમાં છ હેતુની વાત કહી ત્યારે વિસ્તારથી પોતાને અહીં આવવાના હેતુ કહ્યા હતા. તેમાં શ્રીહરિ ગોપાળાનંદસ્વામીને કહે છે, 'તમારે અમારી સાથે આવવું પડશે.' ત્યારે ગોપાળાનંદસ્વામીએ ના પાડી કે, 'હું ત્યાં નહિ આવું.' પછી મહારાજ

કહે, 'તમે ન આવો તો અમારું સ્વરૂપ જેમ છે તેમ કોણ ઓળખાવે ? માટે તમારે તો આવવું જો'શે.' અને આ મુક્તોને મહારાજ ના કહે છે છતાં તે સાથે આવવાનું કહે છે. આમ મુક્ત-મુક્તની સમજણમાં ભેદ જણાય છે.

"ત્યારે સર્વે મુક્તોએ વિચાર કર્યો જે, 'આપણે પુરુષોત્તમની લીલા જોવા સાથે જાવું ઠીક છે, પણ આપણી સ્થિતિને વિઘ્ન ન લાગે અને પાછા આ સ્થાનને પામીએ એવો વર પ્રભુ પાસે માગીએ.' પછી સર્વેએ હાથ જોડીને ઊભા થઈ આ વિચાર કહી સંભળાવ્યો અને વર માગ્યો જે 'હે મહારાજ ! અમારી સ્થિતિને વિઘ્ન ન થાય અને આપની લીલા જોવાનું સુખ આવે એવી કૃપા કરો.' તે સાંભળીને અમે હસીને બોલ્યા જે, 'ઠીક તમને એ વર આપ્યો, તમો સર્વે અમ સાથે આવો."

હે સ્વામી ! આ રીતે અમે આ બ્રહ્માંડમાં અક્ષરાદિક સર્વે મુક્તોને પોતાની સાથે લાવ્યા છીએ. અને અમારા બળવાન સંકલ્પના પ્રતાપથી અહિંસા ને બ્રહ્મચર્યાદિક ધર્મ નિર્વિઘ્ન પળાવી તેમને નિર્બંધ રાખ્યા છે. અને પુરુષોત્તમનારાયણ એવા જે અમે તે અમારા અક્ષરધામ તથા અનંત કોટિ મુક્તો અને સર્વે ઐશ્વર્ય, પાર્ષદો સહિત જ પૃથ્વી ઉપર પધાર્યા છીએ. તેને સમાધિવાળા દેખે છે, પણ બીજા સર્વેના દેખવામાં આવતું નથી. અને જેના ઉપર અમે કૃપા કરીએ તે દેખે છે."

આ વાતને મોનજીભગત વચનામૃતોના પ્રમાણ આપી વિશેષ સમજાવે છે. પ્રથમ પ્રકરણના ૭૧મા વચનામૃતના અંતમાં કહ્યું છે કે "તમારે સર્વેને એમ સમજવું અને બીજા આગળ પણ એમ વાર્તા કરવી." એવી આજ્ઞા આપી છે. તથા ગઢડા પ્રથમના ૬૩મા વચનામૃતમાં, "જ્યાં પ્રત્યક્ષ ભગવાન બિરાજે છે ત્યાં જ પરમધામ છે." ગઢડા મધ્યના ૪૨માં વચનામૃતમાં, "જ્યાં પુરુષોત્તમની મૂર્તિ છે ત્યાં જ અક્ષરધામનું મધ્ય છે." એ સર્વે શ્રીહરિનાં વચનો મેળવતાં ખ્યાલ આવે

છે કે પંડે શ્રીહરિ અક્ષરધામમાંથી મનુષ્યનાટક ધારી પૃથ્વી ઉપર સહુને નયનગોચર થયા છે. કહેતાં શ્રીહરિ અક્ષરધામમાં બિરાજતા થકાં જ પૃથ્વી ઉપર દેખાય છે. માટે તેમને અક્ષરધામના પતિ જાણવા. એવો અભિપ્રાય સ્પષ્ટ જણાય છે. અને સર્વે શાસ્ત્રોમાં પરોક્ષપણે ભગવાનનાં સર્વે વિશેષણો આપેલાં છે, તે આ પ્રગટ સર્વાવતારી શ્રીહરિના જ છે.

માટે 'આ ને તે મૂર્તિ એક જ સમજવી' તે પણ ઘણાં વચનામૃતમાં લખ્યું છે. તેની વિગત જે, વ.ગ.પ્ર.પ્ર. ૫૬, ૬૪, ૭૮, કારિ. ૭, ૮, લોયા ૧, પંચાળા ૪, ૭, મધ્ય ૧૩, ૬૪, અંત્ય ૩૧, ૩૨, ૩૮ ઈત્યાદિક વચનામૃતોનું એકાગ્ર ચિત્તે અવલોકન કરવાથી ખાતરી થશે કે અક્ષરધામના પતિ શ્રીસ્વામિનારાયણ ભગવાન પૃથ્વી ઉપર મનુષ્યાકૃતિ ધારણ કરી સર્વ જનનાં નયનગોચર પ્રત્યક્ષ પ્રમાણ વિચરે છે. તે જ અક્ષરાદિ સર્વેના નિયંતા છે, સર્વે કારણના પણ કારણ છે, સર્વોપરી છે, સર્વ અવતારના અવતારી છે, અને સર્વેને એકાંતિક ભાવે કરીને ઉપાસના કરવા યોગ્ય છે. માટે મનુષ્યનાટ્ય એવા પ્રત્યક્ષ શ્રીહરિને વિશે જેને આવી નિષ્ઠા થઈ એને કલ્યાણના માર્ગમાં કાંઈ સમજવાનું બાકી રહેતું નથી. અક્ષરધામના પરોક્ષ સ્વરૂપને વિશે તથા ધામમાં રહેલા ત્યાંના પરોક્ષ સંતને વિશે જેવી નિષ્ઠા છે તેવી જ આ પ્રત્યક્ષ ભગવાન તથા ભગવાનના ભક્ત-સાધુ તેમને વિશે નિષ્ઠા આવે એવો જેને દૃઢ નિશ્ચય થયો તેને કલ્યાણનો સર્વે મુદ્દો હાથ આવ્યો. એ વાત શ્રીહરિએ ગ.મ.પ્ર.૨૧માં વચનામૃતમાં લખી છે તે પ્રમાણભૂત છે.

માટે જેવા પરોક્ષ અવતારનો અને પરોક્ષ મુક્તોનો, કહેતા ધામમાં રહેલા ભગવાનના સ્વરૂપનો અને ધામમાં રહેલા મુક્તનો જેવો મહિમા છે, તેમાં જેવું દિવ્યપણું છે, તે સહુ મુક્તો જેમ બ્રહ્મની મૂર્તિઓ મનાય છે તેમજ અહીં મંદિરમાં સિંહાસનમાં બેઠેલા શ્રીહરિ તથા પ્રગટ વિચરતા સંતો ભક્તો મુક્ત મનાય, દિવ્ય મનાય અને મહિમા સમજાય તો મુદ્દો

હાથ આવ્યો કહેવાય. અને આવો જેને મહિમા સમજાય તેને છતાં દેહે અક્ષરધામના મુક્ત જેવું દિવ્ય સુખ અનુભવાય.

પ્રત્યક્ષમાં આવી નિષ્ઠા કરવાની જેને કસર રહે છે તેને અનેક પ્રકારની કસર રહે છે. પરોક્ષ નિષ્ઠાનું ફળ પરોક્ષ મળે છે અને પ્રત્યક્ષ નિષ્ઠાનું ફળ પ્રત્યક્ષ મળે છે. માટે પ્રગટ નિષ્ઠામાં ખામી હોય તો તેને ઓળખવી અને ટાળવી જોઈએ. પરોક્ષ નિષ્ઠાવાળા સંતો ભક્તોને ધામમાં ગયા પછી જેવું સુખ આવે છે તેવું સુખ પ્રગટ નિષ્ઠાવાળાને અહીં છતા દેહે અનુભવાય છે.

દોહા : **નિષ્ઠાની ખામી ટાળવી, તે અતિ રહસ્ય છે વાત;**
એહ ખામી ટાળ્યા વિના, કદિ મળે ન હરિ સાક્ષાત...૮૫
એક ખામીએ બહુ ખામી, રહે છે નિજ માંય;
એક ટળ્યે સહુ ખામી, તત્કાળ ટળી જાય...૮૬

પ્રગટમાં નિષ્ઠાની ખામી એ જ મૂળ માયા છે. દેહરૂપ ભક્તથી પ્રગટ ભગવાનની એકપણ લીલા કે ક્રિયા પચાવી શકાય નહીં. જેને ભગવાન કે મોટા પુરુષના જીવનમાં કોઈ સંશય ન થાય એવી નિષ્ઠા હોય તો તે ભગવદ્‌બળે તત્કાળ બ્રહ્મરૂપ થઈ જાય છે. પ્રગટની નિષ્ઠા આવે એ જ મહાન બને છે. જન્મો જન્મની સાધનાને અંતે નિઃશંક નિષ્ઠા થાય છે. સર્વે દુઃખનું મૂળ પ્રગટમાં નિષ્ઠાની ખામી રહે છે એ છે. ભગવાન કે મોટાપુરુષના વચનમાં કે જીવનમાં સંશય રહે છે એ જ માયા છે. અને એ માયા જેને રહી છે તેને વાસના, કામ, ક્રોધ, લોભ, સ્વાદ આદિક દોષો દુઃખ દે છે.

મૂર્તિમાંથી મૂર્તિભાવ કાઢી નાખવો અને આ સાક્ષાત ભગવાન છે એમ સ્વીકારી લેવું; સંતો-ભક્તોમાંથી મનુષ્યભાવ ટાળી સર્વે બ્રહ્મની મૂર્તિઓ જ છે, એ દેવ જેવા કે મનુષ્ય જેવા નથી પરંતુ મુક્તો જ છે એમ સ્વીકારી લેવું એ જ પ્રગટની નિષ્ઠા છે. હજારોમાં કોઈક એકાદ

વિરલાને ભગવાનની કૃપાથી આવી નિષ્ઠા થાય છે. જેને ભગવાન અને સંતો-ભક્તોમાંથી મનુષ્યભાવ ગયો અને તેમાં બ્રહ્મભાવ કે મુક્તભાવ થયો તેનું અહં તરત ટળી જાય છે, કારણ શરીર નાશ થાય છે. પછી તે શ્રીહરિના સુખમાં એવો લેલીન બને છે કે પોતે પોતાને ભૂલી જાય છે. અહંને ભૂલી જવું એ જ સંપૂર્ણ દાસપણું છે. અને આવું દાસપણું એ જ ખરી મોટપ છે. માટે તમો આવું દાસપણું શીખજો અને સહુમાં મહારાજનાં દર્શન કરજો તો બહુ સુખ થશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'મુક્ત અને મહારાજનો સંવાદ કહ્યો' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

વિષય ખંડનની વાત

શ્રીહરિ સ્વધામ ગયા બાદ નૃસિંહાનંદસ્વામી મહારાજે કહેલી વાતોને અંતરમાં ઉતારી નિરંતર ગોપાળાનંદસ્વામી સાથે ખૂબ હેત રાખતા. ગોપાળાનંદસ્વામીમાં ગુરુભાવ રાખતા અને ઘણીવાર સ્વામીને હાથ જોડીને કહેતા કે, 'મારામાં કાંઈ ખામી હોય તો કહેજો.' આ તેમની સાચી મુમુક્ષુતા અને મહાનતા સૂચવે છે.

એકવાર નૃસિંહાનંદસ્વામીએ ગુરુરાજ ગોપાળાનંદસ્વામીને પૂછ્યું જે, "પંચવિષયને કેમ ભોગવવા ?" ત્યારે સ્વામી બોલ્યા જે, "જેમ કોઈક વૈરી મોટો મનુષ્ય હોય ને તે પોતાને ઘેર મહેમાન થાય તો તેને સાકરનાં સીધાં આપવાં પડે છે પણ અભાવ સોતાં આપે છે; એમ વિષય ભોગવવાને વિશે દેહને પ્રવર્તાવવો."

વળી એક દિવસ સદ્ગુરુ શ્રીગોપાળાનંદસ્વામીએ વિષયખંડનની વાત કરતાં કહ્યું, "હે સ્વામી ! માંહીલા વિષય અને બહારના વિષય, તે બન્નેની એકતા છે. અને તે જ્ઞાનેન્દ્રિયો તથા કર્મેન્દ્રિયો વડે ભોગવાય

છે. તે બે ઈન્દ્રિયોની એકતા થાય છે ત્યારે વિષયને પામીને જીવને તેનો તીવ્ર વેગ લાગે છે. અર્થાત્ જીવ બહારથી વિષયનો યોગ રાખે તો અંદર ન હોય તે પણ આવી જાય. ભજિયા ભાવતા ન હોય પણ રોજ ખાવા મંડે તો ભાવવા મંડે. આમ, બહારથી વિષય ભોગવે તો અંદર પાશ લાગી જાય છે. તે વેગ પ્રથમ મુખ્ય ઈન્દ્રિયોમાં લાગે છે. તેથી બીજી સર્વે ઈન્દ્રિયો તેને અનુસરે છે. પછી એ વિષયના વેગને ઢીલા પાડવા માટે જ્ઞાન ઈન્દ્રિય અને કર્મ ઈન્દ્રિય એ બેયને ભેગી થવા દેવી નહિ, તો વિષયના વેગ મોળા પડી જાય છે. હવે તેના પૃથક્ પૃથક્ ઉપાય કહીએ છીએ.

જેણે કરીને જ્ઞાન થાય એવી આંખ, નાક, કાન, જીભ અને ત્વચાને જ્ઞાનેન્દ્રિય કહેવાય છે. હાથ, પગ, મુખ, શિશ્ન અને ગુદા એ કામ કરનારી ઈન્દ્રિયોને કર્મેન્દ્રિયો કહેવાય છે. મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકારને અંતઃકરણ કહેવાય છે. બાહ્ય શબ્દો જે સાંભળીએ છીએ તે રાગે કરીને સાંભળીએ કે રાગે કરીને બોલીએ તો તેનો ભાવ અંતઃકરણમાં ઊતરી જાય છે. પછી બહારથી કાન ઈન્દ્રિય દ્વારા શબ્દ અંતઃકરણમાં ઊતરી મનન થઈ જીવમાં સાક્ષાત્કાર થાય. તેની કેમ ખબર પડે ? તો વાક્ ઈન્દ્રિય દ્વારા રાગે સહિત બોલાય છે ત્યારે બીજી ઈન્દ્રિયો, અંતઃકરણ ને જીવ સર્વે તદાકારભાવને પામી જાય છે. ને એમ થાય ત્યારે એ વિષયનો તીવ્ર વેગ જાણવો. પછી એ પૂરેપૂરા ભોગવ્યા વિના રહી શકે નહિ.

માટે પ્રથમ વિષય કાનને સંભળાય તે સમયે બે પ્રકારે શુભ વિચાર કરવો. એક વિષયના આકારે અને બીજો દૃષ્ટા જે જીવ તેને આકારે કરીને પ્રયોજનમાત્ર વાક્ ઈન્દ્રિયનો ઉપયોગ કરવો. એટલે વિષયને આધીન થવાય નહિ. તેથી ઈન્દ્રિય ક્ષોભને ન પામે તેને જીતેન્દ્રિય કહેવાય. તેવી જ રીતે સ્પર્શ, રૂપ, રસ અને ગંધ આ ચાર વિષયને

અને ત્વક્, નેત્ર, રસના, ઘ્રાણ એ ચાર જ્ઞાન ઇન્દ્રિયોનો પાણી, પાદ, પાયુ, ઉપસ્થ આ ચાર કર્મ ઇન્દ્રિયો સાથે અનુક્રમે એકબીજાને સંબંધ થાય છે. ત્યારે બહારથી જ્ઞાન ઇન્દ્રિય દ્વારા તે તે વિષય માંહી અંતરમાં પ્રવેશ થઈને ભોગવાય છે, અનુભવાય છે.

પૂર્વ સંસ્કાર અનુસારે જીવમાંથી જે જે વિષયની સ્ફૂર્ણા થાય છે તેનો આકાર અંતઃકરણમાં બંધાઈ જાય છે, પછી મનન દ્વારા જ્ઞાન ઇન્દ્રિયમાં થઈ કર્મ ઇન્દ્રિયની સાથે એકતા પામીને તે વિષયને ભોગવાય છે. એમ સમજીને માંહીથી અંકુર ઊઠે તેને જાણપણામાં શુભ વિચારે કરીને ખોટો કરવો, પણ સાવ ઘેંટાની જેમ ન રહેવું, જાગતા રહેવું. અને તેનો આકાર બંધાવા દેવો નહિ; તો ત્યાંને ત્યાં સમાધાન થાય. અને કદાપિ આકાર મનમાં ધરાઈ જાય તો ત્યાં આત્મા તથા પરમાત્મા સંબંધી રૂડો વિચાર કરીને તેને ખોટો કરી નાંખવો, પણ તે વખતે મનને ઇન્દ્રિયોમાં પેસવા દેવું નહિ; તો વિષય ખોટા થઈ જાય છે.

એ વાત સારંગપુરના પહેલા વચનામૃતમાં કહી છે, **'जितं जगत् केन मनो हि येन'** એ શ્લોકમાં કહી છે. અને જો વિષય મનમાં થઈને ઇન્દ્રિયોમાં પેઠો એટલે ઝટ લઈને પાછો વળી શકે નહિ. માટે જો ખબડદાર થઈ જ્ઞાન ઇન્દ્રિયો ને કર્મ ઇન્દ્રિયો સાથે એકતા થવા દે નહિ, તો વિષય પૂરેપૂરા ભોગવાય નહિ. ત્યારે વિષયનો વેગ ઢીલો પડે તેથી જિતેન્દ્રિય થવાય છે. માટે જ્ઞાન ઇન્દ્રિય ને કર્મ ઇન્દ્રિય સાથે ભેગી થાવા દેવી નહિ. અર્થાત્ ઇન્દ્રિયો ભલે વિષયમાં જાય પરંતુ મનને ત્યાં જવા દેવું નહિ. મનથી વિષયને ખોટા કરતા રહેવું. અને સતત આત્મા પરમાત્માનું મનન કરતા રહેવું તો બેડો પાર થાય. ભોગનો કોઈ અંત નથી અને ભોગ કામ, ક્રોધાદિક રોગ સિવાય બીજું કશું આપતા નથી. માટે વિષયભોગની ઇચ્છા ટાળવી, તો જ સુખિયા થવાશે.

શ્રીહરિ તથા ગોપાળાનંદસ્વામીએ અતિ કૃપા કરી નૃસિંહાનંદસ્વામી જેવા સુજ્ઞ અને સત્પાત્ર સંતને હૈયાના અતિ હેતથી આ વાતો કહી અને મોનજીભગત જેવા નિષ્ઠાવાન મુક્તરાજે લખી તો આજે આપણે તેના આધારે આ આખ્યાનમાં લઈ શક્યા. અને જીવનમાં આવતી અનેક પ્રકારની ભરતી ઓટના સમયે સ્થિર રહેવાનું તથા કસર કાઢવાનું સમજી શક્યા. માટે જે જે વાતે કરીને આપણા અંતરને જ્યાં જ્યાં અસર થતી હોય તેને સમજીને ટાળવી તો સર્વે કસર ટળશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'વિષયખંડનની વાત કહી' એ નામે એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

સ્વામીએ લખુ કંદોઈને મહાસુખિયો કર્યો

નૃસિંહાનંદસ્વામી ગઢપુરમાં હતા ત્યારે લખુ કંદોઈ પાસે પાશેર ગાંઠીયા અગર પેંડા નિરંતર મગાવ્યા કરતા. અને તે શ્રીહરિને જમાડીને કોઈ સારો ત્યાગી અથવા કોઈ સારો હરિજન આવે તેને જમાડી દેતા, પણ પોતે જમતા નહીં. પછી પોતાના સેવકે કહ્યું જે, 'હે સ્વામી ! તમે જમતા નથી અને બીજાને આપી દ્યો છો, પણ લખુ કંદોઈ બિચારો ગરીબ છે. તે ક્યાં સુધી પહોંચશે ?'

ત્યારે સ્વામી કહે, 'નારણવલ્લભદાસ ! મારે લખુને ગરીબ નથી રહેવા દેવો. મારે લખુને લોંઠકો કરવો છે. માટે રોજ તેમની પાસે પેંડા મંગાવું છું. અને હું નથી ખાતો. આ તો મહારાજને ધરાવીને બીજાને આપું છું.' પછી સ્વામીના આશીર્વાદથી તે લખુ કંદોઈ મોટા આસામી થયા. તેને આખો સંપ્રદાય જાણે છે. આમ, મોટા પુરુષની સેવાનું ફળ તો આ લોક અને પરલોક બેય લોક સુધારે એવું છે.

(અક્ષર.વા.૯૯૬)

દોહા : **ધન્ય નૃસિંહાનંદને, સુખી કર્યા હરિજન;**
લોક પરલોક સુધાર્યા, ભાવે માગી ભોજન...૮૭
જમે નહિ પોતે સ્વામી, જમાડે સંત ભક્ત;
બીજાને સુખ આપિયા, પોતે રહ્યા અનાસક્ત...૮૮

આજે પણ આ લખુ કંદોઈનો પરિવાર મુંબઈ કાંદીવલી વિસ્તારમાં રહે છે. સહુ સત્સંગી છે. અને તે એવું માને છે કે, "અમારા પરિવાર માટે નૃસિંહાનંદસ્વામીએ કહ્યું હતું કે, 'તમારી સાત પેઢી સુધી સુખ સાયબી રહેશે.' આ સંતના પ્રતાપે અમે સુખિયા છીએ." આમ સાધુ ઝોળી માગે તોપણ અનેકનું કલ્યાણ કરે છે. સાચા સંતની વાત ન્યારી છે. પોતે જમે નહિ અને બીજાને જમાડે. આવી આ સત્સંગની દિવ્યતા છે. આમાંથી આપણે શીખવું.

જેવું બિંબ હોય તેવું જ તેનું પ્રતિબિંબ પડે છે; જેવો ધ્વનિ હોય તેવો જ તેનો પ્રતિધ્વનિ સંભળાય છે; તેમ આપણે જેવી બીજા પ્રત્યે ભાવના કરીએ તેવી જ આપણને મળે છે. આપણે બીજાના કલ્યાણની ભાવના રાખીએ તો આપણું સહેજે કલ્યાણ થાય. બીજાના સુખની ભાવના રાખીએ તો આપણે સહેજે સુખી થવાય. બીજાના દુઃખ ટાળીએ તો આપણા જીવનમાં ભગવાન દુઃખ આવવા જ ન દે. ટૂંકમાં, બીજાના ભલામાં આપણું ભલું છે. માટે સ્વાર્થી અને લુચ્ચા થવું નહિ. તથા મોટા પુરુષના અંતરના આશયને સમજવો તો તેમાં સદા દિવ્યભાવ રહે.

એકવાર ગોપાળાનંદસ્વામીને કોઈએ પૂછ્યું કે, 'સત્પુરુષનો અવગુણ કેમ સમજે તો ન આવે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, જેને એમના ઠેરાવ સામી દૃષ્ટિ હોય તેને એમનો અવગુણ ન આવે. તે ઠરાવની વિગત જે, મહત્પુરુષ હોય તેમનું વર્તન તો પરલોકને અર્થે હોય પણ દેહની આબરૂને અર્થે કે આ લોકના સુખને અર્થે ન હોય.

ને એમના સંગી હોય તેમનું પણ પરલોકને વિશે સારું થાય એમ જ ઇચ્છે છે ને એમ જ તેને વર્તાવે છે.'

જૂઓને નૃસિંહાનંદસ્વામીની સાથે રહેનારા તેમના સંતને પણ પ્રથમ સ્વામીનો આશય ન સમજાણો, પરંતુ જ્યારે સ્વામીએ લખુ કંદોઈના કલ્યાણની વાત કરી અને સ્વામીના વચને સુખી થયા ત્યારે યથાર્થ સમજાણો. માટે આ વાત પણ આપણે સમજવી.

દોહા : **હેત વધે છે શ્રીજીમાં, સુખ થાય અંગોઅંગ;**
આવી વાતો સાંભળી, ચડે હરિનો ખરો રંગ...૮૯

હેતનું મળવું હરે તાપને, આપે અંતર આનંદ;
હેડું જાય હરિમાં ઠરી, મળતા કરુણાકંદ...૯૦

ઘણી હોંશ થાય અંતરે, રળિયે રાજીપો અપાર;
શ્રીહરિ સંતો ભક્તોને, સેવીએ કરી પ્યાર...૯૧

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ લખુ કંદોઈને મહા સુખિયો કર્યો' એ નામે બાવીસમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય-૨૩

નૃસિંહાનંદસ્વામીનો અક્ષરવાસ

નૃસિંહાનંદસ્વામીના સંકલ્પથી બળદ જેવા પશુનો ઉદ્ધાર થતો, નિર્ધન ધનવાન થતા, રોગી નિરોગી બનતા; એવા તે સમર્થ સંત હતા. સ્વામી ગામડે ગામડે ફરી અનેકને સત્સંગ કરાવતા અને શ્રીહરિના રંગે રંગતા. સહુને શ્રીહરિની આજ્ઞા તથા સર્વોપરી ઉપાસનાની દ્રઢતા કરાવતા. સ્વામીનાં વચને અનેક ભક્તોને અંતરમાં શ્રીહરિની મૂર્તિ દેખાતી હતી. આવા એ સિદ્ધયોગી સંત હતા. સ્વામીને અંતિમ અવસ્થામાં ઘણા વર્ષ સુધી હરસનું મહા દુઃખ રહ્યું હતું. છતાં આ દુઃખને નહિ ગણી તેઓ સત્સંગની અનેક પ્રકારની સેવા કરતા રહ્યા.

ભગવત્બળે દેહને તૃણ જેવું માનતા. આવો રોગ તથા વૃદ્ધાવસ્થા હોવા છતાં સ્વામી ગામડે સત્સંગ કરાવવા જતા.

એકવાર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજની સાથે સં.૧૯૦૭માં ફરવા ગયા. બુરાનપુર શહેરમાં વિશાળ શોભાયાત્રા નીકળી. તેમાં આચાર્યશ્રીએ સ્વામીનો અતિશય મહિમા સમજીને તથા શ્રીહરિના મળેલા સમર્થ સંત જાણીને સહુને દર્શન થાય એવા હેતુથી હાથી ઉપર બેસાડ્યા. શોભાયાત્રા ચાલુ હતી. રસ્તામાં અચાનક હાથી ભડક્યો. તેથી સ્વામી હાથી ઉપરથી નીચે પડી ગયા. સ્વામીના શરીરે થોડું વાગ્યું. મૂર્છા આવી ગઈ. તે બે કલાકે મૂર્છામાંથી જાગ્રત થયા. પછી કહ્યું, 'આ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન અનંત મુક્તો સાથે મને ધામમાં તેડવા આવ્યા છે. હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું. મારી પાછળ કોઈ રડતા નહિ. સહુ ભજન કરજો.' એમ કહી ભૌતિક શરીરનો ત્યાગ કરી અખંડ શ્રીહરિની સેવામાં પહોંચી ગયા.

મહારાજની લીલા ન્યારી છે. તેમની દરેક કળા અલૌકિક હોય છે. તેને સામાન્ય માણસો સમજી શકતા નથી. શ્રીહરિએ આ રીતે સ્વામીને હાથી ઉપરથી પાડી, સામર્થી જણાવી ધામમાં તેડી ગયા. જેમ ભજનસ્વામીનો અમેરિકાની ધરતી ઉપર એક્સીડન્ડ થયો. દવાખાને દાખલ કર્યા, બે ભાન હતા. અને બે કલાકે ભાનમાં આવીને બોલ્યા, 'આ મહારાજ મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે ધામમાં જાઉં છું.' તેમ કહી શરીર છોડ્યું. આજ રીતે નૃસિંહાનંદસ્વામી પણ હાથી પરથી પડ્યા અને કહીને શ્રીહરિની સેવામાં પહોંચી ગયા.

દોહા : **આ રીતે જેણે આયખું, ઓગાળ્યું સત્સંગમાંય;**
રાજી કરી હરિજનને, પહોંચી ગયા અક્ષરમાંય...૯૨
ધન્ય ત્યાગ વૈરાગ્યને, ધન્ય એની હરિ આશ;
ઈશક સાચો અંતરે, તજી દીધી સહુ કાશ...૯૩

ધન્ય પ્રગટ ઓળખિયા, આજ્ઞા પાળી સદાય;
ભણવાનું છોડી દઈને, રાખી વૃત્તિ હરિમાંય...૯૪

આમાંથી સહુ શીખજો, સાધુતા ત્યાગ વૈરાગ્ય;
ભક્તિ સેવા પ્રગટ પ્રાપ્તિ, આજ આવ્યો ભારે લાગ્ય...૯૫

આવા સમર્થ સંતને, વંદુ હું વારમવાર;
પ્રાર્થના કરું અતિ પ્રેમથી, દેજો એવા ગુણ અપાર...૯૬

વહાલા ભક્તો ! આપણને પ્રભુ પામવાની લગની લાગે; અખંડ સ્મૃતિનું તાન જાગે; સંગશુદ્ધિ તથા ઉપાસનાશુદ્ધિ થાય; સત્સંગનો ખરો ખપ અને ખટકો આવે; અનેક ગુણો અને સામર્થી હોવા છતાં દાસના દાસ થઈને રહેવાય તથા સહુના રાજીપા તથા કૃપાના પાત્ર બની શકાય એ જ આવા સંતોના આખ્યાનો વાંચવા લખવાનો મુખ્ય હેતું છે. સ્વામીને તથા શ્રીહરિને દિલથી પ્રાર્થના કરીએ કે, 'હે નાથ ! હે સ્વામી ! અમને આપનું ગમતું પાત્ર બનાવજો. આપના જેવા સદ્‌ગુણો આપજો. અમારા દુર્ગુણો કાપજો અને અમારી સર્વે વૃત્તિઓ આપના સ્વરૂપમાં સ્થાપજો.' અંતમાં આવા વિરલ વિભૂતિ સદ્‌ગુરુ શ્રીનૃસિંહાનંદસ્વામીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન..

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે દ્વિતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીમોટા નૃસિંહાનંદસ્વામીના આખ્યાનમાં 'નૃસિંહાનંદસ્વામીનો અક્ષરવાસ કહ્યો' એ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી લિખિત શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ધ્યાનમૂર્તિ સદ્‌ગુરુ શ્રીનૃસિંહાનંદસ્વામી(મોટા)નું આખ્યાન કહ્યું એ નામે દ્વિતીય પ્રકરણ સમાપ્ત ॥૨॥



શ્રીસ્વામિનારાયણીય

સંતઆખ્યાન

③ દાસત્વમૂર્તિ

સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીનું

આખ્યાન

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

દાસત્વમૂર્તિ
સદ્. શ્રીશુકાનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૩

અધ્યાય-૧
મંગલાચરણ

દોહા : સર્વોપરી એક શ્રીહરિ, સર્વાત્મા છો સુખકર;
દયાળુ મારા નાથજી, તમે પિયુ મારા વર...૦૧

સર્વકર્તા એક આપ છો, હિતકર્તા છો સદાય;
સહુ પર દયા કરો જેથી, સર્વેનું મંગલ થાય...૦૨

જીવના જીવન શ્રીહરિ, વેદ વેદાન્ત ગેય;
પ્રેય કરી સહુ જીવના, પ્રગટ્યા કરવા શ્રેય...૦૩

ચિદાકાશનું કારણ સ્વયં, સુખદ સર્વ આધાર;
હે મારા પ્રિય આત્મા, અમને સુખ દેનાર...૦૪

વહાલા લાગો છો અતિ, મારા મનોહર માવ;
મૂર્તિ તમારી જોઈને, મને થાય અતિશે ભાવ...૦૫

અલૌકિક લાહ્વો આપવા, તમે પ્રગટ્યા ભૂ પર;
જીવના કલ્યાણ કરવા, તમે ફર્યા ઘરોઘર...૦૬

મુક્ત ને મુમુક્ષુ જીવને, સુખ આપવા સદાય;
કર્યાં ચરિત્ર અતિ ઘણાં, પામે મોક્ષ જે ગાય...૦૭
શ્રીહરિ જેમ જ સંતનાં, ચરિત્ર સુખદેનાર;
ગાયે સુણ્યે મુમુક્ષુને, ઘણું ઘણું શીખવનાર...૦૮
સ્વામી શુકાનંદજીનું, એવું અનૂપ આખ્યાન;
જ્ઞાનજીવન હું લખું હવે, જેથી થાય રૂડું જ્ઞાન...૦૯

શ્રીહરિએ ગુરુદેવ રામાનંદસ્વામી પાસે પોતાના તમામ આશ્રિતોનાં અન્ન, વસ્ત્ર અને આબરૂનાં દુઃખ માગી લીધાં; એ સહુનું પ્રેય કર્યું. અને અંતે સહુનું કલ્યાણ થાય એવું માગ્યું; એ આપણું શ્રેય કર્યું. આમ, આપણું પ્રેય અને શ્રેય એ બંને કરનારા સર્વોપરી શ્રીહરિને લાખો લાખો વંદન. હવે **જે શ્રીહરિની માળાના મણકા હતા, હરિવરના હૃદયસમાન વહાલા હતા અને મહારાજની મરજીનું મૂર્તિમંત સ્વરૂપ હતા એવા સદ્.શ્રીશુકાનંદસ્વામીને પણ લાખો લાખો વંદન.**

શુકાનંદસ્વામીનું જીવન સંતોને સાચું સંતપણું શીખવાડે છે. સ્વામીનું જીવન ગંગાના પ્રવાહની જેમ અતિ ગહેરું અને નિર્મળ છે. તેમના જીવનમાં ક્યાંય છીછરાપણું, ઉછાળો કે ખડખડાટ દેખાતો નથી. જેમ સમુદ્ર નજીક પહોંચેલી ગંગામાં અવાજ વિનાનું જથ્થાબંધ પાણી જતું હોય તેમ સ્વામીનું જીવન અતિશય પ્રેમ, નિષ્ઠા અને સમર્પણના પ્રતિકસમું ગહેરાઈવાળું છે. એમના જીવનમાંથી આપણે સાચો પ્રેમ, નિષ્ઠા, શ્રદ્ધા અને શ્રીહરિનું કર્તાપણું સ્વીકારી મરજીમાં વહેવાનું શીખવા જેવું છે.

શુકાનંદસ્વામીની કથા શ્રીહરિના સમકાલિન સમયની છે, પરંતુ આજેય તે સહુને એટલી જ પ્રેરણાદાયી છે. કેમ જે, સ્વામિનારાયણ ભગવાન કે મોટા સંતો સદા પ્રગટ છે, તે ક્યારેય પરોક્ષ થતા નથી. તેથી જ આ સત્સંગમાં શ્રીહરિને ભજનારા, પામનારા અને મહારાજ માટે પોતાનું સર્વસ્વ ન્યોછાવર કરનારા અનેક સંતો-ભક્તો પ્રગટ બેઠા

છે. મહિમાત્મક અને દિવ્યદષ્ટિએ જો જોઈએ તો ઓળખાય અને અનુભવાય. જેને બીજામાંથી સારું સારું જોતા, સારું ગ્રહણ કરતા અને સારું સ્વીકારતા આવડે છે તેને માટે સર્વે વિશ્વ સદ્ગ્રંથ સમાન છે.

જેનું અંતર ભક્તિથી, નિષ્ઠાથી, મહિમાથી અને સમર્પણથી સુગંધિત થયું હોય તે સમગ્ર સત્સંગમાં સુખ, શાંતિ અને આનંદની ફોરમ લહેરાવે છે. શ્રીહરિ એવા સંતો દ્વારા સત્સંગમાં પ્રગટ બિરાજે છે. તેમની આંખોથી આપણને જૂએ છે, તેમના કાનથી આપણને સાંભળે છે અને તેમની વાણીથી આપણને હૂંફ, બળ, પ્રેમ અને શાંતિ આપે છે. આ સત્સંગ પ્રગટનો છે. માટે દિવ્ય છે, અલૌકિક છે, સુખદાતા તથા મુક્તિદાતા છે. આવા સત્સંગમાં બેસવું, સંતો-ભક્તોની ભીડ ખમવી અને શુકાનંદસ્વામી જેવા વિરલ સંતોનાં આખ્યાનો વાંચી-સાંભળીને આપણા જીવનને એવું બનાવવા પ્રયત્ન કરવો તે અતિ મોટા ભાગ્યની વાત છે.

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાને સંપ્રદાયના મુખ્ય ગ્રંથ વચનામૃત કા.૩માં જેની પ્રશંસા કરતાં શ્રીમુખે કહ્યું છે કે, **“આ શુકમુનિ તો બહુ મોટા સાધુ છે. અને જે દિવસથી અમારી પાસે રહ્યા છે તે દિવસથી એમનો ચડતો ને ચડતો રંગ છે, પણ મંદ પડતો નથી. માટે એ તો મુક્તાનંદસ્વામી જેવા છે.”**

અર્થાત્ શુકાનંદસ્વામીની ઉંમર ભલે નાની હોય છતાં તેઓ ગુણથી મોટા છે. તેમને સેવામાં શ્રદ્ધા, પ્રભુ-સંતમાં નિષ્ઠા, વિશ્વાસ, સમર્પણભાવ, ભજન-ભક્તિ આદિક સર્વનો રંગ ચડતો ને ચડતો રહ્યો છે. તેથી જ શ્રીહરિએ શુકાનંદસ્વામીને પોતે જેને ગુરુતુલ્ય માને છે એવા મુક્તાનંદસ્વામીની ઉપમા આપી છે. આમ, વચનામૃત જેવા ગ્રંથમાં શ્રીહરિએ જેમની મુક્તકંઠે પ્રશંસા કરી છે, એ જ સ્વામીની મહાનતા છે.

ઘણા લોકો આ સત્સંગમાં સેવા, ભજન, ભક્તિ, નિષ્ઠા, વિશ્વાસ વગેરે દૃઢ કરે છે, પરંતુ તેનો કાયમ ચડતો રંગ રહેતો નથી. થોડું મનધાર્યું ન થાય, સત્સંગમાં અપમાન થાય ત્યાં મનમાં મૂંઝાય, પાછા પડી જાય કે નેગેટીવ વિચારોમાં ચડી જાય કે બીજાના અભાવ-અવગુણ લેવા મંડે અને ઘણા તો સત્સંગ મૂકીને વયા પણ જાય. આમ, **જેના રંગ ચડ ઉતર થતા હોય એવા તો સત્સંગમાં ઘણા છે; પરંતુ શુકાનંદસ્વામીની જેમ જેનો છેલ્લા શ્વાસ સુધી એકધારો ચડતો જ રંગ રહે, એવા સંતો-ભક્તો મહારાજની માળાના મણકા બની શકે, હરિના હૈયાના હાર બની શકે.** માટે આપણે સ્વામીના જીવનમાંથી પૂનમના ચાંદાની જેમ સોળે કળાએ ખીલેલું સંપૂર્ણ જીવન બની રહે એવું શીખવું છે.

શ્રીહરિના જમણા હાથનું બિરુદ પ્રાપ્ત કરનાર શુકમુનિને યોગીરાજ ગોપાળાનંદસ્વામીએ **'ॐश्रीशुकानंदमुनिन्द्राय नमः'** આ મંત્રદ્વારા મહાપૂજામાં સ્થાન આપી **યાવત્ચંદ્રદિવાકરૌ** ગૌરવવંતા બનાવ્યા છે. સંપ્રદાયના ઈતિહાસમાં આજીવન દાસત્વના દસ્તાવેજ જેવી જિંદગી જીવનાર સદ્ગુરુવર્ય શુકમુનિ મહારાજના અતિ વહાલા સંતોમાંનું એક પ્રિય પાત્ર. તેથી જ આ.શ્રીવિહારીલાલજીમહારાજે પણ હરિલીલામૃત ગ્રંથના પ્રારંભમાં વંદના કરતાં કહે છે,

શિખરિણી : **સદા શ્રીજી પાસે, રહી રહી રહસ્યો સુણી લિધાં,**
દયા આણી વાણી, વદિ સુજનને જ્ઞાન જ દિધાં;
સદા શાંતાકારં, મહતગુણવંતં મુનિવરં,
શુકાનંદસ્વામી, પ્રણમું પ્રતિપન્ન પ્રિયકરં.

જેમણે સદા શ્રીહરિની સાથે રહી તેમના અંતરનો હૃદ્ગત અભિપ્રાય જાણ્યો હતો. પછી એ બધાં રહસ્યો દયા આણી સારા સારા સંતો-ભક્તોને જેણે ખૂબ સમજાવ્યા અર્થાત્ જીવનપર્યંત જેણે કથાવાર્તા કરી શ્રીહરિના ગુણો ગાયા, સાંભળ્યા અને સત્સંગનું ખૂબ પોષણ કર્યું. વળી, જેઓ માન-અપમાનમાં સદા શાંત રહ્યા. જેમના

જીવનમાં હર્ષ અને શોકની એડકી આવી નથી. વળી, જેમણે પોતાને શરણે આવેલાનું સદા પ્રિય કર્યું છે, એવા સદ્ગુણોના ખજાના સમાન ગુણનિધિ શુકાનંદસ્વામીની આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજે વંદના કરી છે. વળી કવિ દલપતરામ વંદના કરતાં કહે છે,

દોહા : **પુનિ પ્રણમું અતિ પ્રેમસે, શુકમુનિકું શિર નાઈ;**
એકાંતિક ભક્તિ ધરી, હરિ સંગ રહત સદાઈ.

સોરઠા : **રાખે તીવ્ર વૈરાગ્ય, તુચ્છ ગિનત સબ લોક સુખ;**
પ્રભુ પદ અતિ અનુરાગ, કિએ પ્રસન્ન પ્રગટ પ્રભુ.

શુકાનંદસ્વામી કેવા હતા ? હંમેશાં શ્રીહરિની એકાંતિક ભક્તિને અંતરમાં ધારી રહ્યા હતા. અર્થાત્ અખંડ શ્રીહરિનો અનુભવ કરતા હતા. તથા સદા શ્રીહરિની સાથે રહ્યા હતા. અતિ તીવ્ર વૈરાગ્યવાન હતા. તેથી જ ચૌદલોકના કે બ્રહ્માંડના તમામ ભોગ-સુખને તુચ્છ માનતા. જગતના જીવોને તો ધન, સંપત્તિ, સ્ત્રી, પુત્ર, પરિવાર, ગાડી, બંગલા, પદપ્રતિષ્ઠા, માન-મોટપ, સત્તા વગેરે સુખ સાકર કરતાંય મીઠું લાગે છે. ત્યારે આ તમામ સુખને સ્વામી તણખલા જેવું ગણતા. આવું કેમ થયું ? તો તેમણે પ્રગટ પરમાત્માને ઓળખી, સ્વીકારી તેમને રાજી કરવા આયખું અર્પણ કર્યું હતું. અતિ સ્નેહથી સંતો-ભક્તોની સેવા કરી. તેથી એમને સહેજે સહેજે સુખદેનારા શ્રીસહજાનંદસ્વામીનો આનંદ જ પ્રિય લાગતો, અમૃતતુલ્ય લાગતો. અને **જે સહજાનંદના આનંદમાં રહેતા શીખી જાય તેને પછી વિષયાનંદની જરૂર રહેતી નથી. પ્રભુજીમાં અતિ અનુરાગ કરવાથી તેમનો આનંદ મળે છે. અને તેથી જ પ્રભુ અતિશય પ્રસન્ન થાય છે.** આવા અનેક ગુણોથી સ્વામીએ પ્રગટ શ્રીહરિને ખૂબ પ્રસન્ન કર્યા હતા.

પરોક્ષને પ્રસન્ન કરવા તે બહુ કઠણ કામ નથી. કેમ જે, તેમાં અહંને ઘસારો આવતો નથી. પરંતુ પ્રગટ હરિ કે પ્રગટ સંતને પ્રસન્ન કરવા તે કામ ઘણું કઠણ છે. કેમ જે, **પ્રગટને રાજી કરવામાં અહં અને**

આસક્તિ બંને છોડવા પડે છે. અને તેથી જ અહં કે આસક્તિવાળા સંતો-ભક્તો પ્રગટ શ્રીહરિ કે પ્રગટ મોટા સંતોથી આઘા રહે છે. પ્રગટને પ્રસન્ન કરવા માટે તો તેમને નમવું પડે છે, તેમને ગમે એવું જીવન ઘડવું પડે છે, દાસ થાવું પડે છે, મનધાર્યું મૂકીને તેમના ગમતામાં રહેવું પડે છે; ત્યારે પ્રગટ રાજી થાય છે. શુકાનંદસ્વામીએ પ્રગટ શ્રીહરિ અને પ્રગટ સંતો-ભક્તોને ખૂબ રાજી કર્યા હતા. માટે એ સાબિત થઈ ગયું કે એમાં અહંકાર કે આસક્તિ બીલકુલ હતા નહીં. તેથી તેમને હું કોટિ કોટિ વંદન કરું છું.

પુરુષોત્તમનારાયણના પરમહંસોમાંનું એક અતિ પ્રિય પાત્ર એવા આ શુકમુનિનો જન્મ ક્યાં થયો હતો ? તેમના માતા-પિતાનું નામ શું હતું ? કેવી રીતે દીક્ષા લીધી ? કેવી રીતે તેઓ ધામમાં ગયા ? તે હવે વિસ્તારથી જોઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ કર્યું' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

જન્મ, પરિચય તથા સંતસેવા

દોહા : **ધન્ય ધન્ય ગુજરાતને, ધન્ય ધન્ય ડભાણ ગામ;**
ધન્ય ધન્ય બ્રાહ્મણ કુળને, ધન્ય જગન્નાથ નામ...૧૦
ધન્ય ધન્ય માતા સદાબા, ધન્ય પિતા પ્રભાશંકર;
એમને આંગણ જનમ્યા, શુકમુનિ અતિ સુંદર...૧૧

જેઓ પૂર્વજન્મમાં વ્યાસભગવાનના પુત્ર શુકદેવજી હતા. જેમણે કથા સંભળાવી સાત દિવસમાં પરીક્ષિત રાજાનનો મોક્ષ કર્યો હતો. આવા સિદ્ધયોગી શુકમુનિનો જન્મ ગુજરાત પ્રાંતમાં ખેડા જિલ્લાના નડિયાદ તાલુકાના **ડભાણ** ગામે **બ્રાહ્મણ કુળ**માં થયો હતો. તેમની માતાનું નામ **સદાબા** હતું. પિતાનું નામ **પ્રભાશંકર** હતું.

આ સદાબા વડોદરાના હતા. અને તેમનાં લગ્ન ડભાણમાં પ્રભાશંકરભાઈ સાથે થયા હતા. આ બંને દંપતિ પરમાત્માના પરમ ભક્ત અને સંતપ્રેમી હતા. નિત્ય લાલજીની પૂજા કરતા હતા. ભિક્ષાવૃત્તિ કરીને જીવનનિર્વાહ કરતા હતા. ડભાણમાં ઘણા પટેલ બ્રાહ્મણોમાં ખૂબ શ્રદ્ધા રાખનારા હતા. તે પૈકીના એક બ્રાહ્મણપ્રિય જેસંગ પટેલે તેમને એક આંબો દાનમાં આપ્યો હતો. તે આંબાને જ્યારે કેરીયું આવે ત્યારે પ્રભાશંકરભાઈ કેરીઓને ઘેર લાવે. તે કેરીનો રસ કાઢી સદાબા લાલજીને થાળ ધરાવે ને ગદ્ગદ કંઠે પ્રાર્થના કરતા કહે,

ચોપાઈ : આવો નાથ પ્રગટ ભગવંત રે, આવો પ્યારા પ્રભુજીના સંત રે;
આવી રસ જમો તો કેવું સારું રે, થાય હૈયું અતિ ટાઢું મારું રે...૧૨

અંતરના ઊંડાણથી થયેલી પ્રાર્થના પ્રભુ જરૂર સાંભળે છે. સદાબાની અંતરના ઊંડાણની પ્રાર્થના પ્રભુએ એકવાર સાંભળી. પ્રભુ પોતે દિવ્ય રૂપે તેમના ઘેર જમવા પધાર્યા હતા. આવા શ્રીહરિ તથા સંતપ્રેમી સદાબા પરોક્ષના કોઈ સાધુ-સંન્યાસી આવે તોપણ અતિ આગ્રહ કરી ઘેર લઈ જતા અને તેને ભાવથી ભોજન કરાવતા, શ્રદ્ધાથી સેવતા અને સહુનો રાજીપો લેતા. આવા અતિ દયાળુ હૃદયના સદાબા હતા.

તેઓ એકવાર પ્રેમથી પ્રભુઆરાધના કરતા સૂતા હતા. તે રાત્રીએ સદાબાને અલૌકિક સ્વપ્નું આવ્યું. સ્વપ્નું પૂર્ણ થતાં તેઓ જાગ્રત થયા. અને સ્વપ્નાની વાત પોતાના પતિને કહેવા લાગ્યા, “સ્વામીનાથ ! આજે સ્વપ્નામાં મને એમ જણાણું કે, આપણે ઘેર કોઈ ગામથી મહાયોગી આવ્યા. તે આપણે ઘેર રાત રહ્યા. અને મને એમ કહ્યું કે **‘હે દેવી ! તમારે ઘેર થોડા દિવસોમાં ‘શુકદેવજી’નો જન્મ થશે. અને તમારી બધી જ પેઢીનો ઉદ્ધાર કરશે. તે યોગી કોઈ મહા તપસ્વી હોય તેવા જણાયા હતા.’** વળી તેઓ જતા જતા એમ બોલ્યા જે, ‘સદાબા ! પુત્રના જન્મ પહેલાં તમારે એકવાર આપત્કાળ આવશે, પણ તમે મૂંઝાશો નહીં; અમો તમારી રક્ષા કરીશું.”

'હે સ્વામીનાથ ! તે આપત્કાળ કેવો હશે ?' ત્યારે તે કહે, 'તે અત્યારથી આપણને કેમ જણાય ? અને બધી વાતો અત્યારથી જાણી લેવાથી પણ જીવન સુખમય રહેતું નથી. ઘણું અજ્ઞાન પણ સુખમય જિંદગી પસાર કરવામાં ઉપયોગી છે. માટે એ જાણવાની કોશિષ કરશો નહીં. જે રહસ્ય તમને યોગીએ જણાવ્યું નથી તે આપણે જાણવું નહીં. કેમ જે, એમાં જ આપણું ભલું છે.'

વળી કહે, "સ્વામીનાથ ! તે યોગીએ એમ પણ કહ્યું કે **'જે શુકજી તમારે ત્યાં જન્મશે તે અમારા ધામના નિવાસી આવશે. માટે તે બાળક તમો અમને આપશોને ?"** ત્યારે મેં કહ્યું, "હે યોગીરાજ ! સુખેથી તમે રાખજ્યો." એ પ્રમાણે આજે મને સ્વપ્નું આવ્યું.

ચોપાઈ :

વાત સુણીને રાજી થયા પતિ રે, બોલ્યા સ્નેહથી સાંભળો હે સતિ રે;
આવે સ્વપ્નમાં હરિ કે સંત રે, એ તો ભાગ્ય મોટાં છે અત્યંત રે...૧૩

હે સતિ ! તમારાં મોટાં ભાગ્ય છે. કેમ જે, સ્વપ્નમાં તમને આવી રીતે ઘણીવાર મોટા યોગી કે સંતનાં દર્શન થાય છે. વળી, આપણે ઘેર ઘણા સંન્યાસી આવે છે. તમો તેને પ્રેમથી જમાડો છો, સેવા કરો છો એટલે પ્રભુએ રાજી થઈ તમને આવું સ્વપ્નું આપ્યું છે.' એમ જવાબ આપી પ્રભાશંકરભાઈએ સદાબાને રાજી કર્યા.

પછી સદાબા હરે-ફરે, દેહક્રિયા કરે, રસોઈ કરે પણ સ્વપ્નમાં જે યોગીનાં દર્શન થયાં હતાં અને જે વાત કહી હતી તેને તેઓ વારંવાર યાદ કર્યા કરે છે અને એ દિવસની રાહ જોયા કરે છે.

દોહા : **સોણે દેખ્યા જે શ્રીહરિ, નથી વિસરતા પળવાર;**
સદાબાને નિત જોગીમાં, વધતો જાય છે પ્યાર...૧૪

આમ, દિવસો ઉપર દિવસો જતાં પ્રભુની ઈચ્છાથી સદાબાના ગર્ભમાં મુક્તાત્મા એવા શુકમુનિ આવ્યા. તેને સાત માસ થયા તે

સમયે પ્રભાશંકરને નાકમાં માલણ થઈ; કહેતાં નાકમાં નાની ફોડકી થઈ અને તે ફોડકી ફૂટી એટલે એવી નજીવી બીમારીમાં તે ધામમાં જતા રહ્યા. ત્યારે સદાબાને સ્વપ્નની વાત યાદ આવી કે 'જોગીએ કહ્યું હતું કે તમારે એક આપત્કાળ આવશે તે આ આવ્યો.' પરંતુ આ અચનાક આવેલા રંડાપાથી અંતરમાં ઘણું દુઃખ થયું. ત્યારે શ્રીહરિએ તેમના અંતરમાં પ્રવેશ કરીને ખૂબ ધીરજ આપી.

દોહા : **અંતરે રહી ધીરજ દૈ, કરાવ્યું દુઃખ સહન;**
મદદે રહ્યા પરમાત્મા, સદાય કર્યું જતન...૧૫

શ્રીહરિએ આપેલી ધીરજના કારણે તેઓ આવો મોટો આપત્કાળ પણ સહેજે પાર ઊતરી ગયા. પછી સદાબાને નવ માસ પૂરા થતાં **સં.૧૮૫૨, શ્રાવણ સુદ પૂનમ(રક્ષાબંધન)ને દિવસે મધ્યાહ્ન સમયે પુત્રનો જન્મ થયો.** પુત્રજન્મ સમયે કુટુંબીઓ તથા ગામના સર્વે માણસો ખૂબ આનંદમાં હતા.

જ્યારે આ પુત્રનો જન્મ થયો એ જ દિવસે ગામમાં એક સુખી પરિવારે મહોદય પર્વ રાખ્યું હતું. મહોદય પર્વ એટલે શ્રવણ નક્ષત્રનો મધ્યભાગ અને વ્યતિપાતનો છેલ્લો ભાગ આવે એવો એક પુન્યયોગ. તે સમયે પુન્ય કરવાથી બહુ જ ફળ મળે છે. તેથી ગામમાં ત્યારે સૌ બ્રાહ્મણો ભોજન કરતા હતા. આવા પવિત્ર સમયે સ્વામીનો જન્મ થયો. આ તેમનું મહાભાગ્ય સૂચવે છે.

દોહા : **મહોદય પર્વમાં જનમ્યા, મુક્ત આત્મા પાવન;**
સોણું સંભારી સદાબા, રાજી થયા નિજ મન...૧૬

પુત્ર આપ્યો જગન્નાથે, નામ રાખ્યું જગન્નાથ;
વિઘ્ન ટાળ્યા જગન્નાથે, ભજતા રહ્યા જગન્નાથ...૧૭

હવે દિવસે દિવસે **જગન્નાથ** મોટા થવા લાગ્યા. તે શરીરે અતિશય રૂપાળા હતા. તેમના લાલ હોઠ હતા, તેજસ્વી દાંત હતા, ઊપડતા

નખ હતા, પગના તળા ચકલાની જીભ જેવા લાલ હતા અને નેત્રો વિશાળ હતા. નાનપણથી જ તેઓ મૃદુભાષી અને ઘણા જ વાચાળ હતા. કદી કોઈને દુઃખ લાગે એવી કડવી કે કર્કશ વાણી બોલતા નહિ, જૂઠું બોલતા નહિ, વિશ્વાસઘાત કરતા નહિ.

શુકમુનિ વિ.સં.૧૮૫૨ શ્રાવણ સુદ પૂનમે જન્મ્યા છે. જ્યારે તેઓ આશરે અઢી વર્ષના હશે. એવે ટાણે સદાબા વડોદરા પોતાના પિયર મળવા ગયા હતા. તે વખતે સદાબાને નીલકંઠવર્ણીનાં દર્શન અને પ્રસાદનો લાભ મળ્યો હતો તે વાત કહું છું.

વિ.સં.૧૮૫૫ ફાગણ સુદ આઠમને મંગળવારે મહારાજ વર્ણીવેશે વડોદરા પધાર્યા હતા. અને શહેરના મધ્યમાં આવેલ માંડવીના સોળ થાંભલા પૈકી બીજી હરોળના બીજા થાંભલાને ટેકે નીલકંઠ પ્રભુ બિરાજ્યા હતા. ત્યારે સંધ્યાનો સમય હતો. નીલકંઠવર્ણીમાં અનોખું તેજ હતું. આ તેજસ્વી સ્વરૂપ વર્ણીરાજને જોઈને લોકોને અનેરું આકર્ષણ થયું. તેથી માંડવી દરવાજા આગળ લોકોની ભીડ થવા લાગી.

સદાબાનું ઘર પણ માંડવીની નજીક જ હતું. તેથી સદાબાએ માંડવીએ માણસની ભીડ જોઈ કોઈને પૂછ્યું કે, 'લોકો શું ભેળા થયા છે ?' ત્યારે જવાબ મળ્યો કે કોઈ અલૌકિક બાલાજોગી આવ્યા છે. તેથી રસ્તે આવતાં જતાં લોકો તેમાં આકર્ષાઈને દર્શન કરવા ટોળાં વળ્યા છે. આ સાંભળીને સદાબા પણ આશ્ચર્ય સાથે તે યોગીને જોવા આવ્યા.

વર્ણીરાજનાં દર્શન કરતાની સાથે જ તેમના અંતરમાં ઝબકારો થયો કે, 'અહો, આ યોગીએ જ મને સ્વપ્નામાં દર્શન દઈ આશીર્વાદ આપ્યા હતા.' લોકોની બહુ ભીડ હતી તેથી નજીક જઈ શક્યા નહીં, પરંતુ દર્શનથી હૃદયમાં અતિ આનંદ થયો. એ જ વખતે નજીકમાં રહેતા અમીચંદ શેઠે વર્ણીને ખીચડી જમવા આપી. મહારાજ થોડી જમ્યા,

બાકીની પ્રસાદી પાછી આપી. અમીચંદ શેઠ તે પ્રસાદી લઈને ઘેર ગયા અને તેમની પત્નીને આપી. પછી તે પ્રસાદી તેમની પત્ની તથા સદાબા મહિમાથી જમ્યા હતા. તેથી તેમના અંતરના તમામ સંકલ્પો શમી ગયા અને દિવ્ય શાંતિનો અનુભવ થયો હતો.

પછી તેઓ ડભાણ આવ્યા. પરંતુ નાના જગન્નાથને સદાબા ઘણીવાર આ જોગીનાં દિવ્ય દર્શનની વાતો કરતા હતા. નાનપણથી તેમાં સત્સંગ અને ધર્મના સંસ્કારો રેડ્યા હતા. તેથી જગન્નાથ બાળપણથી જ ધર્મનિયમમાં અતિ કુશળ થયા હતા. નિત્ય શાલીગ્રામ લાલજીની પૂજા કરતા હતા.

પાંચ વર્ષના થયા ત્યારે ડભાણ ગામની નિશાળમાં જ અભ્યાસ શરૂ કર્યો. અભ્યાસ કરતાં કરતાં આઠ વર્ષના થયા ત્યારે માતા સદાબાએ પુત્ર જગુને ઉપવીત સંસ્કાર કરાવ્યા. નાનપણથી સત્સંગીઓ અને સંતોના સહવાસથી તેમને સત્સંગનો રંગ ખૂબ લાગ્યો. શ્રીહરિના શબ્દોમાં કહીએ તો આ લાગેલો રંગ તેમને છેલ્લા શ્વાસ સુધી એવો ને એવો રહ્યો હતો, ક્યારેય ગૌણ પડ્યો ન હતો. બાળક જગન્નાથ ડભાણમાં આવેલ કોઈ પણ સાધુ-સંતોની શ્રદ્ધાથી સેવા કરતા.

દોહા : **સાધુ સંતને જોઈને, રાજી થતો જગન્નાથ;**
જગન્નાથના સંતને, દોડી જોડતો હાથ...૧૮

નવમાં વર્ષે પોતે સંધ્યાગાયત્રી તથા રુદ્રમહિમ્નસ્તોત્ર ભણતાં ત્યારે એક દિવસ સદાબાએ વહાલથી પૂછ્યું, ‘બેટા જગન્નાથ ! તું મોટો થઈને શું ધંધો કરવા શીખીશ ?’ ત્યારે તે કહે, ‘હે મા ! લખવાનો ધંધો કરીશ.’ સદાબા કહે, ‘શું લખીશ ?’ જગન્નાથ કહે, **‘હે મા ! મહાપ્રભુ જે લખવાની આજ્ઞા કરશે તે લખીશ.’** તે સાંભળી સદાબા વિચારે ચડી ગયા કે આ પુત્ર મહાપ્રભુ સાથે નિત્ય રહેશે..?! આમ મીઠા સંવાદ થતાં જગન્નાથનું ચૌદમું વર્ષ બેઠું. તે વર્ષે શ્રીહરિએ ડભાણમાં મોટો યજ્ઞ કર્યો.

દોહા : **અઢારસો ને છાંસઠમાં, હરિએ ડભાણ ગામ;**
મહાન જગન આદર્યો, ત્યાં આવ્યા વિપ્ર તમામ...૧૯
યજ્ઞે હવિષ્યાન્ન હોમવા, બેસાર્યા વિપ્ર બાળ;
જગન્નાથ પણ ત્યાં આવ્યા, તેને બેસાર્યા દયાળ...૨૦

પછી મહારાજે યજ્ઞશાળામાં આવી બધા સામું જોયું અને અંતે જગન્નાથ પાસે જઈ ઊભા રહ્યા. પ્રેમથી તેની સામું જોઈને શ્રીહરિએ કહ્યું, **'તારે હવે ક્યાં સુધી ઘરમાં રહેવું છે ?'** એમ કહી મહારાજ તળાવ ઉપર મોટો મંડપ હતો તે તરફ ચાલ્યા. અને ગામમાં આવતાં રસ્તામાં જગન્નાથ વિપ્રના ઘરનું નાકું મહારાજના જમણા હાથ બાજુ આવ્યું. ત્યાં સદાબા ઊભા હતા. તે મહારાજને પગે લાગ્યા. ત્યારે મહારાજ તેમને કહે જે, **'મને ઓળખો છો ? સ્વપ્નામાં જે યોગી આવ્યા હતા તે જ અમે પોતે છીએ.'**

દોહા : **વાત સાંભળી સદાબાને, આનંદ થયો અપાર;**
સ્વપ્નમાં મને આવ્યા'તા, પ્રભુ પ્રગટ કિરતાર...૨૧
વળી વડોદરે જોયા'તા, તે જ પ્રભુ છે એહ;
રોમાવલી ખડી થઈ, નેણે વરસ્યા નેહ...૨૨

શ્રીહરિની વાત સાંભળતાં સદાબાના અંતરમાં આનંદનો ધોધ વહેવા લાગ્યો. આંખમાંથી હરખનાં આંસુની ધારા થઈ. ત્યારે ધીમાં રહી મહારાજ કહે, 'અમે વાત કહી હતી તે યાદ છે ?' ત્યારે સદાબા કહે, 'હા મહારાજ ! બધું યાદ છે. તમારા કહેવા પ્રમાણે જ થયું.' મારો પુત્ર જગન્નાથ શુકજી જેવો જ છે અને મને આપત્કાળ પણ આવી ચૂક્યો. જગન્નાથ સાત માસનો મારા ઉદરમાં હતો ત્યારે હું વિધવા થઈ; મારા પતિ ધામમાં ગયા; પરંતુ આપે મારી ખૂબ રક્ષા કરી.

કરી રક્ષા તમે બહુ મારી રે, સદા સાથે રહી અવતારી રે;
પળે પળે પાલન મારું કીધું રે, જે જે જોઈએ તે સરવે દીધું રે...૨૩

સોણે કહ્યું હતું નાથ મને રે, પુત્ર આપજો તમે અમને રે;
માટે હવે તમે જગન્નાથ રે, લઈ જાઓ મારો જગન્નાથ રે...૨૪
તમે સાથે રાખજો સદાય રે, એમાં રાજી છું હું મારા રાય રે;
દીધો તમારો તમને નાથ રે, રહેજો અંતરમાં સદા સાથ રે...૨૫

સદાબાને લાખો ધન્યવાદ છે. એકનો એક દીકરો છે, વિધવા છે, છતાં હસતા મોઢે હરિને અર્પણ કર્યો. મચ્છંધરનાથે તેના એક શિષ્યને ગોરખનાથરૂપી પુત્ર આપ્યો હતો. અને કહ્યું હતું કે 'તે મોટો થાય ત્યારે મને આપજો.' ત્યારે તેની માતાએ હા પાડી હતી; પરંતુ ગોરખનાથ મોટો થયો ત્યારે મચ્છંધરનાથે પુત્રની માંગણી કરી તો તેની મા આપી શક્યા ન હતા. પછી ઘણો ચમત્કાર બતાવ્યો ત્યારે તેનાથી પુત્ર છૂટ્યો હતો. જ્યારે સદાબાએ તો સ્વપ્નમાં કહેલી વાત યાદ આવતાં જ તરત એકનો એક પુત્ર પ્રભુને અર્પણ કર્યો. માટે તેમને ધન્યવાદ છે, તેમની સમજણને તથા પ્રભુપ્રેમને ધન્યવાદ છે.

પછી ડભાણનો યજ્ઞ પૂરો થયો. મહારાજ થોડા દિવસ વડતાલ વગેરે ગામોમાં ફરીને વળી પાછા ડભાણ ગામે પધાર્યા. ત્યારે ત્યાંના વિદ્વાન વિપ્ર મયારામ ભટ્ટ પાસે મહારાજે ભાગવતની કથા વંચાવી. તે વખતે જગન્નાથ વિપ્ર પણ સાંભળવા આવતા હતા.

એક દિવસ કથામાં મહારાજે વિપ્રને પ્રશ્ન કર્યો. ત્યારે કથાકાર વિપ્રે શ્રીહરિના પ્રશ્નનો ઉત્તર આપ્યો. **આ દૃશ્ય જોઈને જગન્નાથ વિપ્રને વિચાર થયો, 'હું પણ અભ્યાસ કરી વિદ્વાન બનું અને મહારાજની સમક્ષ કથા વાંચું. પછી મહારાજ મને પ્રશ્ન પૂછે ત્યારે હું તેનો ઉત્તર કરી મહારાજને અતિ રાજી કરું.'** આમ, પોતાનો આ શુભ સંકલ્પ સફળ થાય તે માટે મનોમન તેણે પ્રભુને પ્રાર્થના કરી.

તે જ સમયે મહારાજ સંતોને કહે, 'અમારે ભણેલો ગણેલો હોશિયાર એક છોકરો જોઈએ છે.' ત્યારે સંતોએ તરત જગન્નાથને

બોલાવ્યો અને કહ્યું, **'મહારાજ, આ છોકરો તમારે જોઈએ તેવો છે.'** તેથી મહારાજે તેને સાથે આવવા પૂછ્યું. ત્યારે તેણે હા પાડી. એટલે મહારાજ કહે ગઢડા આવજે. ત્યારે તે કહે, 'અત્યારે જ આપની ભેળો આવું ?' મહારાજ કહે, 'ના. અત્યારે આમ ઉતાવળે નહિ. હું ગઢડા જાઉં પછી ત્યાં આવજે.' પછી ડભાણમાં કથા પૂર્ણ કરી મહારાજ ફરતા ફરતા અનેક જીવોને દર્શન આપી ગઢપુર પધાર્યા.

(સંદર્ભ : નથુરામ દાડમાનો ચોપડો)

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'જન્મ, પરિચય તથા સંત સેવા કહી' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

જગન્નાથનો ગૃહત્યાગ અને સત્સંગમાં પ્રવેશ

હવે જગન્નાથને શ્રીહરિનાં દર્શન અને સેવા-સમાગમની અંતરમાં તીવ્ર લગની લાગી. તેથી ચૌદ વર્ષના જગન્નાથે એકલા ઘરેથી નીકળી જવાનું નક્કી કર્યું. પછી એક દિવસ વૈરાગ્યના વેગથી ગૃહત્યાગ કરીને ચાલી નીકળ્યા. ધીરે ધીરે ચાલતા ચાલતા ડભાણથી બોટાદ પહોંચ્યા. ત્યાં ગામના પાદરમાં સત્સંગી અદાભાઈ વણિકનો ભેટો થયો.

તેમણે આ તેજસ્વી બાળકને પૂછ્યું, 'છોકરા ! ક્યાં જાવું છે ? અને ક્યાં રહે છો ?' ત્યારે તે કહે, 'હું ડભાણ રહું છું ને ગઢપુર જાવું છે.' ત્યારે અદા શેઠ કહે, 'અત્યારે સાંજ પડી ગઈ છે માટે આજે મારે ઘેર રાત રોકાઈ જા. અને વહેલા ચાર વાગ્યે અમારા બે માણસ નાગલપર જાય છે તેમની સાથે સવારે જજે. એટલે તે તને ગઢપુરનો રસ્તો બતાવશે.' એમ કહી અદા શેઠ જગન્નાથને ભગવાનના ભક્ત ભૂદેવ માની પોતાને ઘેર લઈ ગયા. સારી આગતા-સ્વાગતા કરી. રાત્રીએ દૂધમાં ઢેબરા કરી ગોળ સાથે વાળું કરાવ્યું. થોડીવાર સત્સંગની વાતો કરી, પછી સૂતા.

સવારે વહેલા ઊઠી પૂજાપાઠ કરી જગન્નાથ તેમના નોકરની સાથે ત્યાંથી ચાલ્યા, તે દિવસના દસ વાગ્યે ગઢપુરની સીમમાં પહોંચ્યા. તે સમયે જગન્નાથે ધોળી ધોતી અને લાંબી ચાળનું ધોળું અંગરખું પહેર્યું હતું. માથે ધોળો ફેટો બાંધ્યો હતો. ખંભે એક ફાળિયું ને ધાબળી હતા. એક હાથમાં લોટો, દોરી અને એક લૂગડામાં બાંધેલી પૂજાની પોટલી હતી અને બીજા હાથમાં લાકડી હતી. અને વહાલા પ્રભુજીને મળવા અતિ ઉત્સાહથી ચાલતા ચાલતા જગન્નાથ ગઢપુરની સીમમાં આવ્યા.

તે વખતે મહારાજે અંતર્યામીપણે જાણ્યું કે 'પોતાનો એક વહાલો મુક્ત આવી રહ્યો છે. તેથી મૂળજી બ્રહ્મચારીને કહે, 'અમારાં દર્શન કરવા શુકદેવજી આવે છે. માટે તમો પૂજાનો સામાન, ચંદન, હાર વગેરે પૂજાપો તૈયાર કરો. ચોખા અને કંકુ લેજો, એક બાજોઠ લેજો, આસન લેજો; આ બધું જલદી તૈયાર કરો. પછી દાદા ખાચર, સૂરા ખાચર, સોમલા ખાચર, અલૈયા ખાચર, મામૈયો પટગીર, નાજા જોગિયા વગેરે ભક્તોને બોલાવીને કહ્યું,

દોહા : **મુજ દર્શન ને સેવામાં, આવે છે શુકદેવ;**
એનું સ્વાગત કરવા સામે, ચાલો જઈએ તતખેવ...૨૬
આદરથી લઈ આવીએ, આપી જોગીને માન;
ધન્ય ધન્ય એવા મુક્તને, જેને પ્રગટ પહેચાન...૨૭

અમારાં દર્શન તથા સેવાસમાગમ કરવા માટે શુકદેવજી આવે છે. તેથી તેનું સ્વાગત કરી આદરપૂર્વક તેને અહીં લઈ આવીએ. કેમ જે, તેમને પ્રગટ પ્રભુની ઓળખાણ છે.'

અને જેને પ્રગટ પ્રભુની ઓળખાણ હોય, જે પ્રગટને સોંપાવા તત્પર હોય તેને સામાન્ય ન ગણાય. તેથી જ મહારાજ પોતે તેને સન્માનવા તૈયાર થયા. અને પાર્ષદ રતનજીને કહ્યું, 'ફૂલમાળ ઘોડી તૈયાર કરીને લાવો; અમો પણ સ્વાર થઈને સાથે ચાલશું.'

પછી મહારાજ દશ બાર સ્વારો ને દશ બાર સાધુઓ તથા બે બ્રહ્મચારી વગેરેને સાથે લઈ સામૈયું કરવા માટે ગઢપુરની બજારમાંથી નીકળ્યા. તે ભક્તિબાગે જતાં સૂરા ખાચર અને અલૈયા ખાચર શુકદેવજી કેવા હશે ? એમ ધારી ઘોડા દોડાવીને બધાની આગળ સીમ સુધી ગયા.

આ બાજુ જગન્નાથજી ચાલ્યા આવે છે. તે તેને સામા મળ્યા પણ ઓળખી શક્યા નહિ. અને જગન્નાથને મનમાં એમ થયું કે દરબારો ઘોડા દોડવીને આવે છે તે હું એને નડીશ. એમ માની તેને માર્ગ આપી એક બાજુ પાળે ચડી ગયા. તેથી તે બંને ઘોડા દોડવીને આગળ નીકળી ગયા. પછી તે જગન્નાથ આગળ ચાલ્યા. ત્યાં તેમને મહારાજ, સંતો તથા સ્વારો સામા મળ્યા.

ત્યારે શ્રીજીમહારાજ કહે, 'સોમલા ખાચર ! ઓલ્યો સૂરો ને અલૈયો ઘોડા દોડવે જાય છે અને શુકજી તો અહીં આવી ગયા; માટે તેને બૂમ પાડીને તમે પાછા બોલાવો.' ત્યારે સોમલા ખાચરે બૂમ પાડી. ને કહ્યું, 'એ સૂરા..! તમે ક્યાં ધોડ્યા જાઓ છો ? શુકદેવજી તો અહીં આવી ગયા છે. માટે પાછા વળો.' તેમ કહી પાછા બોલાવ્યા.

ત્યારે સૂરો ખાચર અલૈયા ખાચરને કહે, **'ભણે, હમણાં આપણા દેખતા ઓલ્યો ભામણનો છોકરો વયો ગયો, તેને મહારાજે શુકજી ઠેરાવ્યો. માટે મહારાજ ભણે તે જ સાચું છે.'** એમ કહી પાછા આવ્યા.

ઘણીવાર આપણે પણ આગળ નીકળવાની આશાએથી સમૂહને છોડીને ચાલ્યા જઈએ છીએ; પરંતુ તેમાં લાભ કરતાં ખોટ ઝાઝી પડે છે. માટે **સમૂહમાં જે સંપીને રહે છે તે જ શ્રેષ્ઠ છે. સત્સંગમાં સહુની સાથે હળીમળીને રહેવામાં જે ફાયદો છે તે ક્યારેય એકલા પડી જવામાં થતો નથી.** માટે હમેંશાં અકબીજા સાથે સંપ રાખવો અને સમૂહનું સેવન કરવું; તો જ પ્રગટ હરિ કે સંત ઓળખાય છે.

પૂર્વછાયો : **મોટા જ મોટાને ઓળખે, કાં ઓળખાવે મહારાજ;**
ઉકેલ્યો પણ ઊકલે નહિ, એવો ઊંડો છે એ રાજ...૨૮

જે મોટા હોય તે જ મોટા પુરુષને ઓળખી શકે છે. અને કાં તો તે દયા કરીને ઓળખાવે તો ઓળખાય. પરંતુ તે દયાએ કરીને ઓળખાવે ત્યારે તેમાં જો વિશ્વાસ અને પ્રીતિ હોય તો સવળું પડે. અભિમાનીને તો હંમેશાં અવળું જ પડે છે. અભિમાનીને સદૈવ એમ રહ્યા કરે કે 'હું આમ કરી લઉં', 'હું આ મેળવી લઉં', 'હું આ જાણી લઉં.' આમ, **અભિમાનીને શ્રીહરિ અને સત્સંગ કરતાં પણ પોતાના અહંની ગણતરી વધારે હોય છે. તેથી તે ક્યારેય સમૂહમાં ભળી શકતો નથી. મનધાર્યું મૂકી સત્સંગમાં રહી શકતો નથી. અને શાંતિથી પ્રભુ પણ ભજી શકતો નથી.** મોટા સંતને તો કોઈ એવા મોટા હોય તે અથવા તો ખુદ ભગવાન જ ઓળખી શકે છે.

જગન્નાથ ઉંમરે નાના છે પણ તેની આંતરિક સ્થિતિ મહાન છે; તે પ્રભુ જાણે છે. તેથી જ શ્રીહરિ તેમનું સામૈયું કરવા સામા આવ્યા. પછી રસ્તામાં જ બાજોઠ મુકાવ્યો.

દોહા : **મહારાજે ત્યાં મારગમાં, બાજોઠ નખાવ્યો સાર;**
જગન્નાથને તે ઉપરે, ઊભા રાખ્યા કરી પ્યાર...૨૯
ચંદન પુષ્પથી પૂજિયા, ભેટી પડ્યા ભગવાન;
ધન્ય ધન્ય જગન્નાથને, દીધા સર્વોપરિએ માન...૩૦

જગન્નાથની હજી માત્ર ચૌદ વર્ષની ઉંમર છે; સત્સંગમાં પ્રવેશ કરે છે, ત્યાં સર્વોપરી શ્રીહરિએ જેને આટલું માન આપ્યું, આટલા બિરદાવ્યા, એવું અન્ય સંતોના જીવનમાં ઓછું જોવા મળે છે. વળી, શ્રીહરિએ આટલું સન્માન આપ્યું છતાં જગન્નાથ કોઈ દિવસ છલકાયા નથી. એમના જીવનમાં ક્યારેક અહંકારનો અંકુર દેખાયો હોય એવો એકપણ પ્રસંગ નથી. જેવું ગોપાળાનંદસ્વામીનું જીવન એકસરખું નિર્દોષ રીતે ચાલ્યું જાય છે એવું જ શુકમુનિનું આખું જીવન એકપણ ભૂલ વિનાનું એકસરખું ચાલ્યું છે, એ જ તેમની મહાનતા છે. આ જ તેમના જીવનની ગહેરાઈ છે.

ભાગવતજીમાં કથા આવે છે કે, શ્રીકૃષ્ણ ભગવાને ગોપીઓને મૂકીને રાધાજીને વધારે પ્રેમ આપ્યો, તો રાધાજીને તેનું અહં આવી ગયું. પછી પ્રભુ તેને છોડીને ચાલ્યા ગયા. વળી, શ્રીકૃષ્ણ ભગવાને ગોલોકમાં વિરજા સાથે વધારે પ્રેમ કર્યો તો તે રાધાજીથી સહન ન થયો, તેથી ખીજાણા અને શાપ દીધો. આમ, એવાં ભક્તનાં જીવનમાં પણ ઉછાળા દેખાય છે, ત્યારે **શુકમુનિનું આખું જીવન ગોપાળાનંદસ્વામીની જેમ જ ભૂલ વિનાનું, માન વિનાનું, ઠેરાવ રહિત સરળ અને અહંશૂન્ય છે.**

આવું જીવન કો'ક વિરલા પુરુષથી જ જીવી શકાય છે. બાકી બીજાને તો નાનામોટા કોઈ ને કોઈ પ્રસંગમાં કર્તાપણાના રાગને કારણે અથવા સાધનના અહંને કારણે કે વિષયમાં આસક્તિને કારણે થોડોઝાઝો ધક્કો તો લાગ્યો જ હોય છે. બ્રહ્માનંદસ્વામીનો શિષ્ય ઘરે જતો હતો. તેથી મુક્તાનંદસ્વામીએ તેને સમજાવીને સત્સંગમાં રાખ્યો. તેને લઈને બ્રહ્માનંદસ્વામી સાત દિવસ સુધી મુક્તાનંદસ્વામીને પગે લાગવા ન ગયા. આવું તેમના જીવનમાં પણ બન્યું હતું; પરંતુ શુકમુનિની વાત ન્યારી છે. તેમના જીવનમાં ખૂબ શાંતિ છે. રાગ-દ્વેષથી પર છે. તેઓ આજીવન મોટાની મરજીમાં વહ્યા છે.

આવા જગન્નાથની મહારાજે પૂજા કરી. પછી મહારાજે તેમને પ્રેમથી કહ્યું, 'જગન્નાથજી, તમે આવ્યા તે બહુ જ સારું થયું.' એમ કહી પોતાની પાસે બેસાડ્યા ને કુશળ સમાચાર પૂછ્યા. પછી સહુ સંતો-ભક્તોને કહ્યું, **'આ જગન્નાથ પોતે જ શુકદેવજી છે. તે અમારી સેવા કરવા આવ્યા છે.'** એમ અભિવાદન કરી શ્રીહરિ આદરપૂર્વક જગન્નાથને ગઢપુરમાં તેડી લાવ્યા અને પોતાની પાસે રાખ્યા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'જગન્નાથનો ગૃહત્યાગ અને સત્સંગમાં પ્રવેશ કહ્યો' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

શ્રીહરિએ બ્રહ્મચારીની દીક્ષા આપી.

હવે નાના એવા જગન્નાથજી ગઢપુરમાં શ્રીહરિ તથા સંતો-ભક્તોની દોડીદોડીને સેવા કરે છે. દિવસો પછી દિવસો જવા લાગ્યા. પછી જગન્નાથ જ્ઞાતિએ વિપ્ર હોવાથી બ્રહ્મચારી સિવાય અન્યનું ભોજન-પાણી જમી ન શકે. તેથી મહારાજે તેમની પ્રથમથી જ મૂળજી બ્રહ્મચારી સાથે રહેવું-જમવું વગેરે વ્યવસ્થા કરી હતી. થોડો સમય ગયા બાદ શ્રીહરિએ તેમને પાર્ષદ બનાવ્યા.

જગન્નાથે મૂળજી બ્રહ્મચારી વગેરે બ્રહ્મચારીઓની સેવા કરી તેમને બહુ રાજી કર્યા. આખા બ્રહ્મચારી સમાજના તે પ્રીતિપાત્ર બની ગયા. પછી એક દિવસ જગન્નાથ મૂળજી બ્રહ્મચારીને કહે, 'મારે બ્રહ્મચારી થાવું છે. કેમ જે, તેથી હું શ્રીહરિ તથા સંતો-ભક્તોની ખૂબ સેવા કરી શકીશ. માટે કૃપા કરો. પછી અતિ રાજી થયેલા મૂળજી બ્રહ્મચારીએ મહારાજ પાસે આવીને કહ્યું, 'આ જગન્નાથને બ્રહ્મચારી બનવાની ઈચ્છા છે. તેમના સરળ, શ્રદ્ધાએ યુક્ત અને ત્યાગ-વૈરાગ્યપૂર્ણ જીવનથી અમે સહુ ખૂબ રાજી છીએ. માટે કૃપા કરો.'

દોહા : **અઢારસો ને અડસઠમાં, શ્રીજીએ ગઢપુર ગામ;**
પ્રબોધિની ઉત્સવ આદર્યો, આવ્યા સંતો તમામ...૩૧

सोरठा : **प्रबोधिनी नामे जेहि, एकादशी के दीन हरि ।**
जगन्नाथ कर तेहि, विप्र कु ब्रह्मचारी कीन ।।

દોહા : **મહારાજે જગન્નાથને, દીક્ષા આપી ત્યાંય;**
ગોવિંદાનંદ બ્રહ્મચારી, નામ આપ્યું હરખાય...૩૨

दोहा : **प्रबोधिनी एकादशी के, दीन उच्छव हि करेउ ।**
हरिजन श्रीहरि तिनकी जो, पूजा करे सब तेउ ।।

સં.૧૮૬૮માં પ્રબોધિની ઉત્સવ ઉપર ગઢપુરમાં અનેક સંતો-

ભક્તો આવ્યા હતા. તે સમયમાં શ્રીહરિએ જગન્નાથને બ્રહ્મચારીની દીક્ષા આપી. અને **'ગોવિંદાનંદ બ્રહ્મચારી'** એવું નામ રાખ્યું. સહુને ખૂબ આનંદ થયો. તે નિમિત્તે સહુ ભક્તોએ પોતાના અલૌકિક ભાગ્ય માની મહારાજની તથા નવા બ્રહ્મચારીની પૂજા કરી.

सोरठा : जीनकु जेसे भाव, तेसी पूजा करत भयेउ ।
लेत भये बहु लाव, एसे लाव न लिने कबु ।।
श्रीहरि ताके पास, रहत लैये होई कर ।
संसार हुके नाश, बालपने से कर रखे ।।

આ જગન્નાથ કેવા હતા ? તો જેણે બાળપણથી જ સંસારની ઈચ્છાનો નાશ કર્યો હતો. અર્થાત્ નાનપણથી જ તેને પંચવિષયમાં ક્યાંય પ્રીતિ ન હતી. માનો, અહં અને આસક્તિ આ બે દોષ ન હોય તેવું તે મૂર્તિમંત સ્વરૂપ હતા. જ્યારે શ્રીહરિએ તેમને બ્રહ્મચારીની દીક્ષા આપી ત્યારે તેમની ઉંમર **૧૫ વર્ષ** હતી. ગોવિંદાનંદ બ્રહ્મચારી નિત્ય શ્રદ્ધાથી સેવા-ભક્તિ કરતા. તેમની નમ્રતા, દાસત્વ અને સાધુતા જોઈ મહારાજે સદા તેમને પોતાની પાસે રાખ્યા હતા.

પછી એકવાર મહારાજ ગઢપુરથી વડતાલ જતા ત્યારે કહ્યું કે, **'નિત્યાનંદસ્વામી ! તમારે અમારી સાથે આવવાનું છે. કારણ કે, આ ગોવિંદાનંદ બ્રહ્મચારી નાના છે; તેને વિદ્યાભ્યાસ કરાવવાની જરૂર છે.'** આમ, શ્રીહરિએ નિત્યાનંદસ્વામી પાસે તેમને ભણવા બેસાડ્યા હતા. નિત્યાનંદસ્વામી પાઠ આપે અને ગોવિંદાનંદ બ્રહ્મચારી તરત જ કડકડાટ પાઠ તૈયાર કરી આપતા. આવી તેમની પ્રતિભા તથા યાદશક્તિ જોઈ સ્વામી બહુ રાજી થયા.

આમ, શ્રીહરિને ગઢપુરથી વડતાલ જવું હતું ત્યારે લહિયા તરીકે નાની-મોટી સેવા કરવા ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાથે લીધા. અને તેમનું ભણતર ખોટી ન થાય તેથી ભણાવવા માટે નિત્યાનંદસ્વામીને પણ સાથે

લીધા. આમ તો જગતમાં જ્યાં વિદ્યાગુરુ રહેતા હોય ત્યાં ભણનારાએ જવાનું હોય, પરંતુ આ ભણતરની રીત પણ અલૌકિક છે. શ્રીહરિએ નિત્યાનંદસ્વામીને ગોવિંદાનંદ બ્રહ્મચારીને ભણાવવા માટે સાથે લીધા. નવા બ્રહ્મચારીને અને શ્રીહરિને કેવી અલૌકિક પ્રીતિ હશે ? પ્રભુને તેમાં કેવો વિશ્વાસ હશે ? તે સમજવા જેવું છે. આવી રીતે શ્રીહરિએ તેમને ભણાવ્યા. એમ કરતાં ચાર વર્ષ ગયા.

ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે મોટા સંતોની રહેણી-કહેણી, ભજન-ભક્તિ તથા જ્ઞાન-વૈરાગ્ય વગેરે સદ્ગુણો જોઈને ગોવિંદાનંદ બ્રહ્મચારીના મનમાં ઘણીવાર વિચાર થાય કે 'હું બ્રહ્મચારી છું તેથી મારે સંતો ભેળું રહેવાતું નથી, સંતોની પંક્તિમાં બેસાતું નથી અને મોટા મોટા સંતોની પ્રસાદી પણ મળતી નથી. વળી, મોટા સંતો બ્રહ્મચારીની પંક્તિમાં પીરસવા આવતા નથી. માટે આ અલૌકિક લાભ મળતો નથી. માટે સાધુ થવાય તો રંગ રહે. વળી, હું સાધુની દીક્ષા લઈને આ મોટા મોટા સંતોની સેવા-સમાગમ કરું તો સારું. જેથી તેઓ બધા મારી ઉપર રાજી થાય તો તેમની કૃપાથી મારામાં પણ તેમના જેવા સદ્ગુણો આવે અને મહારાજ રાજી થાય.'

આમ, નાના હોવા છતાં તેમની નજર ઠેઠ મહારાજ સુધી છે. માત્ર સદ્ગુણો કેળવવા, સાધુનો સમાગમ કર્યા કરવો કે પ્રસાદી સુધી જ નથી, પરંતુ તેનાથી પુરુષોત્તમનારાયણની પ્રસન્નતા થાય ત્યાં સુધી એમની દૃષ્ટિ છે. આમ **શુકમુનિની જેમ સદ્ગુણોની ઉપયોગીતા શ્રીહરિની પ્રસન્નતા માટે જ થાય એ જ એની સાર્થકતા છે. એવી જેની સમજણ હોય તેનો બેડો પાર થઈ જાય.**

દોહા : **રાજી કર્યા બ્રહ્મચારી, સેવા કરી રહી દાસ;**
તેથી બ્રહ્મચારી બન્યા, શ્રીહરિએ કર્યા પાસ...૩૩

બ્રહ્મચારી બની સહુ બ્રહ્મચારીઓને રાજી કર્યા. હવે સંતોને રાજી

કરવાની તેમની સદ્‌ભાવના છે; તે પણ પ્રભુએ સાંભળી. અંતરનો નાદ સદા અંતર્યામી સાંભળે જ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ બ્રહ્મચારીની દીક્ષા આપી' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

ગોવિંદાનંદમાંથી શુકાનંદ થયા.

દોહા : **સદ્‌ગુણોને મેળવવા, મનમાં ઈચ્છા અપાર;**
હેતુ એનો છે એટલો, મળે શ્રીહરિનો પ્યાર...૩૪
હરિને રાજી કરવાનો, આલોચ મનમાં અપાર;
નાત-જાતનું માન મૂકી, થયો સાધુ થવા વિચાર...૩૫

જીવ ગમે તે ક્રિયા કરતો હોય પરંતુ તેનો ઊંડો ઊંડો હેતુ તો પોતાને જેમાંથી સુખ મળે તે પ્રાપ્ત કરવાનો જ હોય છે. પરંતુ **શુકમુનિને તમામ સદ્‌ગુણો કે કળા મેળવવાનો હેતુ એકમાત્ર શ્રીહરિનો પ્યાર જ છે.** આ શીખવા જેવું છે. બીજું બ્રહ્મચારીમાંથી સાધુ થાવું એટલે નાત-જાતનું માન મૂકી નીચે ઊતરવા જેવું છે; પરંતુ શુકસ્વામીને વર્ણનું, આશ્રમનું કે દેહનું રંચમાત્ર પણ માન ન હતું. તેથી તેમાં આવી સાધુતા રહી હતી. **જે અહંનો ત્યાગ કરે તેને સાધુતા આવીને વરે.**

સં.૧૮૭૨માં શ્રીહરિએ ધર્મપુરમાં કુશળકુંવરબાને રાજી કરવા વસંતપંચમીનો ઉત્સવ કર્યો. પછી મહારાજ ફરતા ફરતા ગઢપુર પધાર્યા. ત્યારે એકવાર ગોવિંદાનંદ બ્રહ્મચારીએ સોમલા ખાચરને કહ્યું, **"મારે સાધુ થાવાની ઈચ્છા છે, પણ મહારાજ આગળ મારાથી કાંઈ બોલાતું નથી. માટે તમે મહારાજના સખા છો; સદા શ્રીહરિની સાથે રહો છો; માટે તમે કહો તો મહારાજ મને સાધુ કરે."** સોમલા ખાચરે કહ્યું, 'બ્રહ્મચારી, ચિંતા કરતા નહિ. હું તમારું આટલું કામ ચોક્કસ કરી આપીશ.'

પછી સોમલા ખાચરે મહારાજને કહ્યું, 'હે મહારાજ ! ભણે ઓલ્યા ડભાણવાળા બ્રહ્મચારીને સાધુ થાવું છે. માટે તમે સાધુ કરો તો સારું.' ત્યારે મહારાજ કહે, 'તેમને મુક્તાનંદસ્વામી પાસે લઈ જાવ. તેઓ એમને સંતની દીક્ષા આપી દેશે.'

પછી સોમલા ખાચર હરખાતાં ગોવિંદાનંદ બ્રહ્મચારી પાસે આવ્યા ને કહ્યું, 'બ્રહ્મચારી ! હાલો..' ત્યારે ગોવિંદાનંદજી કહે, 'પણ કઈ બાજુ ?' ત્યારે સોમલા ખાચર કહે, 'મહારાજે તમને સાધુ થવાની છૂટ આપી છે; તેથી ચાલો ધર્મશાળામાં જઈએ; ત્યાં મુક્તાનંદસ્વામી તમને સાધુ બનાવશે.'

એમ કહી સોમલા ખાચર ગોવિંદાનંદ બ્રહ્મચારીને સાધુની જાયગામાં મુક્તાનંદસ્વામી પાસે લઈ ગયા. પછી સ્વામીને કહ્યું, 'ભણું, આ બ્રહ્મચારીને સાધુ બનાવી દેવાની મહારાજની આજ્ઞા છે. માટે સ્વામી, આને દીક્ષા આપો.' એટલે મુક્તાનંદસ્વામીએ તે જ સમયે મહારાજની આજ્ઞા માની તેમને રાજી થઈને સાધુની દીક્ષા આપી.

(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૫૯)

દોહા : **અઢારસો ને બોત્તેરનો, રૂડો હતો માઘ માસ;**
સાધુ કર્યા મુક્તમુનિએ, ધામ ગઢપુર નિવાસ...૩૬

સ્વામીએ તેમનું **'શુકાનંદસ્વામી'** નામ પાડ્યું. તરત જ શુકમુનિએ મુક્તાનંદસ્વામીનો મોટો ઉપકાર માની સ્વામીને દંડવત્ કર્યા. સ્વામીએ તેમને તેડી લીધા અને કહ્યું, 'હવે તમે મહારાજ પાસે અક્ષરઓરડીમાં જઈ મહારાજને દંડવત્ કરો.' તેથી શુકમુનિ મહારાજ પાસે આવ્યા અને દંડવત્ કરવા લાગ્યા. તરત જ મહારાજ પલંગ ઉપરથી ઊભા થયા અને અતિ ભાવથી ભેટી પડ્યા ને પૂછ્યું, 'શું નામ પાડ્યું ?'

ત્યારે તે કહે, 'મારું નામ **શુકાનંદ** પાડ્યું.' ત્યારે મહારાજ કહે, મુક્તાનંદસ્વામી પણ પૂર્વનું નામ જાણતા લાગે છે. પછી મહારાજે

શુકસ્વામીને કહ્યું, 'તમે હવે સદા અમારી પાસે રહો.' ત્યારે શુકસ્વામી કહે, **'ભલે મહારાજ, હું સદા આપની પાસે રહીશ.' પછી મહારાજ જ્યાં સુધી પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા ત્યાં સુધી સ્વામી મહારાજની સાથે જ રહ્યા.** અને નિત્યે શ્રદ્ધાથી સેવા કરતા. નાની મોટી તમામ આજ્ઞા પાળતા. તેથી શુકસ્વામી મહારાજનો જમણો હાથ કહેવાયા.

દોહા : **લહિયા બન્યા મહારાજના, રહ્યા સદાયે સાથ;**
પ્યારા પ્રગટ પ્રભુજીનો, ગણાણા જમણો હાથ...૩૭

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'ગોવિંદાનંદમાંથી સંતની દીક્ષા ગ્રહણ કરી શુકાનંદ થયા' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

લેખન સેવા તથા સદ્‌ગુણોની પ્રશંસા

દોહા : **મોંઘા મૂલા છો માવજી, શ્રીપુરુષોત્તમ રાય;**
ચિદચિદ્ વિશિષ્ટ શ્રીહરિ, અક્ષરમાં રહે સદાય...૩૮
એકદેશી થકા સર્વદેશી, સર્વત્ર એવા જ નાથ;
સહુના નિયંતા સર્વસ્વામી, રહે સર્વ સંગાથ...૩૯
આત્માના આત્મા હરિ, સર્વધારક શ્યામ;
ઉત્પત્તિ સ્થિતિ લય કરે, સમર્થ શ્રીઘનશ્યામ...૪૦
સંતોને વહાલા છે હરિ, હરિને વહાલા સંત;
મોક્ષદાતા શ્રીજી સંત છે, આણે સંસૃતિનો અંત...૪૧

વહાલા ભક્તો ! શુકસ્વામી શ્રીહરિને કેટલા વહાલા હતા અને શુકસ્વામીને શ્રીહરિજી કેટલા વહાલા હતા ? તે જાણવા જેવું, માણવા જેવું અને તેમાંથી ઘણું શીખવા જેવું છે. આવા શ્રીહરિ અને તેમના લાડીલા સંતોનાં ગુણ, ઐશ્વર્ય અને પ્રતાપ ગાતાં અખંડ મૂર્તિમય રહેવાય છે; સતત ભગવાન સાંભરે છે અને આપણું જીવન પણ આનંદમય બને છે. તેથી હું આવાં આખ્યાનો લખું છું.

દોહા : ગુણ ગાવા હરિ હરિજનના, મારે હૈયે ઉમંગ;
ગાતા મૂર્તિમાં મન રહે, હરિ સાંભરે અભંગ...૪૨
માટે ગાવું છું હેતથી, આવાં રૂડાં આખ્યાન;
શુકાનંદ સ્વામીની કથા, સુણો સહુ દઈ ધ્યાન...૪૩
જ્ઞાનજીવનને થાય છે, ગુણ ગાતા હરિમાં પ્રીત;
હરિ હરિજનના જશ ગાતા, પ્રસન્ન રહે છે ચિત્ત...૪૪

શ્રીહરિ અને સંતોના ગુણ તથા યશ ગાવામાં જેટલી ક્ષણો વીતે એટલી જ જિંદગી સફળ થઈ કહેવાય; બાકી બધી નિષ્ફળ ગઈ સમજવી. તેવી જ રીતે શ્રીહરિને સંભારવામાં જેટલા શ્વાસો જાય એટલા શ્વાસો જ સફળ છે; અને પ્રભુને ભૂલીને જેટલા શ્વાસો લેવાય તે બધા નિષ્ફળ છે. **હરિની સ્મૃતિ એ જ આત્માનું જીવન છે અને વિસ્મૃતિ એ જ મરણ છે.** ભક્તનું જીવન જ ભગવાનનું સ્મરણ છે. સ્મરણ વિનાના લીધેલા શ્વાસ તો લુહારની ધમણની જેમ વૃથા કહેવાય છે. શુકસ્વામીએ પોતાનો એકેએક શ્વાસ શ્રીહરિના સ્મરણમાં અને સેવામાં વાપર્યો હતો. આ આપણને પોકારીને કહે છે કે ‘આપણે પણ પ્રભુ પ્રસન્ન કરવા હોય અને પ્રાપ્ત કરવા હોય તો આવી જિંદગી જીવો.’

શુકમુનિને લેખ લખવામાં ખૂબ સરસ માસ્ટરી હતી. લખાણ એકદમ સ્વચ્છ અને સુંદર લખી આપતા. એટલે જ મહારાજ લગભગ પત્રો શુકમુનિ પાસે જ લખાવતા હતા. અને અત્યારે સંપ્રદાયની લાઈબ્રેરીઓમાં રહેલાં મોટા ભાગનાં પ્રસાદીનાં પત્રો શુકસ્વામીના હાથથી જ લખેલાં જોવાં મળે છે. આમ લેખનકાર્યમાં પોતાનું આખું આયખું ઓગાળી નાખ્યું.

શુકસ્વામી નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેમના અંતરમાં ક્યારેય કામનો અંકુર પણ સ્ફૂર્યો ન હતો. આવા મહા નિષ્કામી જાણી મહારાજે તેમને સદા સાથે રાખ્યા હતા. શ્રીહરિ તેમને ખૂબ ચાહતા હતા. તેઓ

તેમની માતાના એકના એક લાડકવાયા પુત્ર હતા. મહારાજ જ્યારે નરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરવા નીકળ્યા ત્યારે તેમના માતુશ્રી સદાબા અક્ષરવાસી થયા. શ્રીહરિને તેની જાણ થઈ તેથી અમદાવાદ જવાનું મોડું કરીને મહારાજ પ્રથમ સદાબાની ઉત્તરક્રિયા કરાવવા માટે શુકસ્વામીને તેડીને ડભાણ ગયા હતા. ઈતિહાસ એમ બોલે છે કે, 'શ્રીહરિએ શુકાનંદસ્વામીની હાજરીમાં જ તેમની માતા સદાબાની ઉત્તરક્રિયા કરાવી હતી.'

દોહા : **ધન્ય ધન્ય માતા સદાબા, ધન્ય ધન્ય શુકાનંદ;**
ધન્ય સ્વામી સહજાનંદ, આપે સહુને આનંદ...૪૫

સર્વાવતારી શ્રીહરિ પ્રગટ હોય ત્યારે તે આમ કરી શકે છે. આ પ્રભુજીની લીલા છે. પરમેશ્વરને કોઈ શાસ્ત્રોની આજ્ઞા કે આ લોકની રીતભાત નડતી નથી. **શ્રીહરિ તો દિવ્ય અલૌકિક મૂર્તિ છે. અને તે કેવળ પોતાના લાડકવાયા ભક્તોના મનોરથ પૂરા કરવા અને તેમને લાડ લડાવવા માટે જ મનુષ્ય અવતાર ધરે છે.** મનુષ્યરૂપે થયેલા શ્રીહરિનો એક જ નિયમ છે કે 'પોતાના નિષ્ઠાવાન, વિશ્વાસી અને પ્રેમી સંતો-ભક્તોને આનંદ આપવો, સુખ આપવું અને તેમને પોતાના સ્વરૂપમાં પ્રેમથી તરબોળ કરી દેવા.' અને તેથી જ પ્રભુ દુનિયાના કોઈ નિયમ ગણતા નથી. શ્રીહરિએ આજીવન પોતાના વહાલા સંતો-ભક્તો માટે કાયા કૃષ્ણાર્પણ કરી હતી. અને જે કરવાથી અને જેમ રહેવાથી પોતાના લાડલા સંતો-ભક્તોને પોતાના સ્વરૂપમાં ભાવ વધે, પ્રેમ વધે અને તેમનો આત્મા મૂર્તિમાં તરબોળ થાય, મૂર્તિના આનંદમાં ગરકાવ થાય; આ જ એક શ્રીહરિનું તાન હતું. તેમની દરેક ક્રિયા અનેક આત્માઓના કલ્યાણ માટે હતી.

આમ તો સંતોએ પૂર્વાશ્રમના સંબંધી સાથે બોલાય નહિ, તેના સામું જોવાય નહિ. કેમ જે, જ્યારથી તે ભાગવતી દીક્ષા લે અને ત્યાગાશ્રમમાં પ્રવેશ કરે ત્યારથી તેમના આ દેહનો સંબંધ પૂરો થાય છે;

નવો જન્મ આવ્યો ગણાય છે. એટલે ગ્રંથોમાં દેહના સંબંધીઓ સાથે ત્યાગીઓને હેત રાખવાની સ્પષ્ટ ના છે. પરંતુ પ્રભુને ક્યાં નિયમ આડા આવે છે ? એ જે કરે છે તે બધું મંગલકારી છે, કલ્યાણકારી છે અને સુખકારી છે. તેથી જ શ્રીહરિએ શુકસ્વામીને સાથે રાખી તેમની માતૃશ્રીની ઉત્તરક્રિયા કરાવી.

શંકરાચાર્ય સંન્યાસી હતા છતાં અંતકાળે તેમની માતાને દર્શન આપવાં ગયા હતા. એવું તેમના જીવનમાં નોંધાયું છે. **મોટાની વાત બધી મોટી હોય છે; તે આપણી સમજ બહાર હોય છે. માટે આપણે તો તેમાં દિવ્યભાવ જ રાખવો. કેમ જે, આવા બધા પ્રસંગો આપણે માટે મોક્ષકારી જ છે.**

શ્રીહરિ વ.લો.૪માં કહે છે જે, "કોઈ ભગવાનની માયાના બળને પાર પામ્યા નથી.' તેણે કરીને એમ જાણવું જે, એ ભગવાનની યોગકળામાં બ્રહ્માદિક જેવાને કુતર્ક થાય તો એ ભગવાનની માયાના બળના પારને ન પામ્યા કહેવાય. તે કુતર્ક તે શું ? તો જે, 'એ ભગવાન તે કેમ એમ કરતા હશે ?' આમ જે પ્રભુમાં ખામી કાઢે તો તે માયામાં ગર્યો કહેવાય; તેનું ક્યારેય કલ્યાણ ન થાય. અને જે ભગવાનને એમ સમજે કે **'એ તો સમર્થ છે, તે જેમ કરતા હશે તે ઠીક કરતા હશે.' એવી રીતે ભગવાનને નિર્દોષ સમજે તો માયાને તર્યા કહેવાય."** આમ, **શ્રીહરિ અને મોટાની સર્વે ક્રિયા કલ્યાણકારી જ છે, તે સમજી રાખવું.**

શુકમુનિની ઓરડી ગઢપુરમાં શ્રીહરિની અક્ષરઓરડીની સામે જ હતી. તેમાં બેસીને અથવા શ્રીહરિ સમીપે બેસીને તેઓ નિરંતર સંપ્રદાયના લેખો લખ્યા કરતા. **વેદરસ, વચનામૃતના ખરડા, સત્સંગિજીવન આદિક ગ્રંથોની ટીકાઓ, મૂળ લેખો તથા બીજા અનેક પ્રસંગના લેખો શુકમુનિએ તૈયાર કરેલા છે.** આ તેમનું બહુ મોટું

કાર્ય છે. તેઓ અખંડ આ સેવામાં નિમગ્ન રહેતા. લેખોનું સંશોધન પણ સ્વામી ચોકસાઈ પૂર્વક કરતા. સંપ્રદાયનું બંધારણ બંધાતું હોવાથી જરૂરિયાતના સાહિત્ય માટેનું બહોળું કામ રહેતું; અને તેમાં સ્વામીની સેવા પ્રથમ નંબરે હતી.

અનેક વખતે શુકસ્વામી આખી રાત લખતા. મહારાજ તેમને પોતાની પાસે બોલાવીને લખાવતા અથવા તેમની ઓરડીએ લખવાનું કહેતા. ત્યારે બીજા સૂતા હોય પરંતુ સ્વામી આખી રાત જાગીને લખતા હોય. તેમાં જરૂરી સૂચનો મહારાજ કરતા. ને સ્વામીને પણ કાંઈ પૂછવા જેવું લાગે, તે મહારાજને પૂછી લેતા. તે વાત આપણે શ્રીહ.ચ.સા.૧૬/૨માં કહ્યા મુજબ આધારાનંદસ્વામીના શબ્દોને આધારે જોઈએ.

એકવાર મહારાજે ગઢપુરમાં મોટો રંગોત્સવ કર્યો. સંતો હુતાશની પહેલાં દસ દિવસ ગઢપુરમાં આવી ગયા. ઉત્સવ ઉપર અનેક ભક્તો પણ આવ્યા. સૌને ઉતારા વગેરેની વ્યવસ્થા કરાવી; ભાવથી જમાડ્યા. પછી વિશાળ સભા ભરાણી. શ્રીહરિ પણ સહુને દર્શન દેવા સુંદર સ્વાંગ ધરી સભામાં બિરાજમાન થયા. સંતોએ સાંજે ઝાંઝ-મૃદંગ વાજિંત્રો વગાડી વસંતનાં પદો ગાયાં. પછી આરતી ને ધૂન કરી.

ત્યાર બાદ સ્વયં શ્રીહરિ સભામાં શુકમુનિની પ્રશંસા કરતા કહે, “અમે જેટલાં પત્રો લખાવ્યાં તેમાં તરેહતરેહની અનેક પ્રકારની વાતો હોય તે સમજાવ્યા વિના તો પંડિતોને પણ સમજાતી નથી. તે વાતને આ ડભાણ ગામના **૧૮ વર્ષના** નાના જગન્નાથ વિપ્ર(શુકમુનિ) તરત સમજી જાય છે. અર્થાત્ મહારાજ શું કહેવા માગે છે ? વાત કરી તેમાં ક્યાં વજન છે ? આ બધું સ્વામી તરત સમજી જતા. આ વાત સ્વામીની સતત મહારાજ સાથે એકતાર વૃત્તિ લાગેલી છે તે સૂચવે છે. **જ્યારે પ્રભુની મૂર્તિમાં અખંડ ડૂબેલા રહેવાય ત્યારે જ તેમના અંતરનો અભિપ્રાય જણાય.** સ્વામી એવા સંત હતા. વળી શ્રીહરિ કહે,

ચોપાઈ : सुशिल संतकी वृत्ति जोई, सेवा में हरि रखे यह सोई ।
श्रीहरि कु लगे प्रिय जेसे, सहज ही वृत्ति रहे सब तेसे ।।१९।।
पत्र जितनां कहावत जोऊ, ताकि बात जितनी सोऊ ।
श्रीहरि रहेउ स्थान जेहा, गादी तकिये पर बेठे तेहा ।।२०।।
तिहां लिखाये पत्र एकीला, विप्र तिनसे दिल रहे मीला ।
हरि बोले तब अक्षर जितना, सुरत रखि लिखत रहे तितना ।।२१।।

શુકસ્વામીમાં સાધુતાના જેટલા ગુણો હોવા જોઈએ તે તમામ હતા. આવી સુશીલ સંતની વૃત્તિ જોઈને શ્રીહરિએ સદા તેમને પોતાની સેવામાં રાખ્યા હતા. **શ્રીહરિને પ્રિય લાગે એવો સ્વામીનો સહજ સ્વભાવ હતો. શ્રીહરિને ગમે એવી જ તેમની રુચિ અને વિચારધારા હતી.** આ ગુણ કેળવવો ઘણો કઠણ છે. તેથી જ શ્રીહરિએ જેટલાં પત્રો છે તે બધાની વાત તેમની પાસે લખાવી હતી.

શ્રીહરિ અક્ષરઓરડીમાં ગાદીતકિયે બેસે અને શુકસ્વામી તેની પાસે બેસે. પછી મહારાજ જે બોલે કે જે લખાવે તે બધું પોતે લખી લેતા. આમ, શ્રીહરિ અને શુકસ્વામીનું દિલ અરસપરસ એકરસ થઈ ગયું હતું. મોટા ભાગના જીવના દિલ તો સ્ત્રી, ધન, માન, મોટપ અને દેહના સુખમાં મળેલા હોય છે.

જ્યારે સ્વામીનું દિલ શ્રીહરિ સાથે મળેલું હતું. અને તેથી જ શ્રીહરિ જ્યારે જેવું બોલે તેવું તે તરત જ ધ્યાન રાખીને લખી લેતા; એવા તે ઉત્તમ લહિયા હતા. વળી, જે વાત સમજવામાં ન આવે તે ફરી પૂછીને પાકી કરાવતા.

શ્રીહરિ ક્યારેક ભૂત, ભવિષ્ય અને વર્તમાનની વાતો તથા વેદ, પુરાણ અને સ્મૃતિની વાતો પણ લખાવતા. તેથી તમામ ગ્રંથોની વાતો શ્રીહરિના અંતરની હોય એમ સ્વામીને દેખાતું હતું. વળી, સ્વામીને શ્રીહરિના વચનમાં દૃઢ વિશ્વાસ હતો.

चोपाई :

हरि के बचन में किन निवासा, संसार के तोर दीने पासा ।
हरि की बात विन अंतरमांहि, मलिन बात सब दीने बहाही ॥२५॥
जीय हि शुद्ध रहाये जेसा, अंतर कुं शुद्ध करेउ तेसा ।
हरि के कमलमुख सुधा ताको, नित नित पान करत हि वाको ॥२६॥

ભગવાનના વચનમાં વાસ કરીને રહેવું એ ઘણું અઘરું છે. મોટા ભાગના જીવ તો પોતાના સ્વભાવ અને વાસનામાં જ વાસ કરીને રહેતા હોય છે. પરંતુ **ભગવાન અને મોટાની આજ્ઞામાં જેનો વાસ હોય અને તેમને મન અર્પણ કરીને જે જીવતા હોય તે ખરેખર ભાગ્યશાળી છે, તેની તમામ વાસના નાશ પામી જાય છે.**

સ્વામીએ શ્રીહરિનાં વચનમાં વાસ કર્યો તેથી સંસારની તમામ મલિન વાસના નાશ થઈ ગઈ. અંતર નિર્મળ બની ગયું. અને તેથી જ ગીતામાં આત્માના જે નિર્વિકારી, નિર્લેપ, અછેદ્ય, અભેદ્ય, અજર, અમર આદિક આત્માનાં લક્ષણો કહ્યાં છે તેવો શુદ્ધ તેમનો આત્મા થયો.

પછી સ્વામી નિત્ય શ્રીહરિના મુખમાંથી નીકળતા વચનામૃતનું પાન કરતા. પ્રભુ લખાવે તેમ પત્ર લખતા. અને સ્વામી દરેક પત્રો લખીને મહારાજને વંચાવતા. સભામાં પણ વાંચી બતાવતા. અક્ષર અને ઉચ્ચાર બન્ને સ્પષ્ટ હોવાથી આખી સભાને અતિ પ્રિય લાગતું. ન સમજાય તેવી કઠણ વાત હોય તો રાત્રી દસ ઘડી જાય ત્યાં સુધી શ્રીહરિ સમજાવતા. પછી પ્રભુ પલંગ પર પોઢતા. પણ શુકસ્વામી તો શ્રીહરિને રાજી કરવા ઘણીવાર આખી રાત જાગતા. આવી શ્રદ્ધા આપણે પણ કેળવીએ અને મોટાના રાજીપાને મેળવીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'લેખન સેવા અને સદ્‌ગુણોની પ્રશંસા કહી' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

શ્રીહરિએ દિવ્ય જ્યોતિનાં દર્શન કરાવ્યાં.

એકવાર મહારાજ અક્ષરઓરડીમાં રાત્રીના સમયે વિરાજમાન હતા અને શુકમુનિ પાસે કાગળ લખાવતા હતા. ત્યારે દીવો બુઝાઈ ગયો અને કાગળ લખવો અધૂરો રહ્યો. ત્યારે મહારાજ બોલ્યા જે, 'શુકમુનિ, લખોને ! કેમ બેઠા છો ?' ત્યારે શુકમુનિ કહે, 'દીવો ઓલવાઈ ગયો છે; માટે શી રીતે લખાય ?'

ત્યારે મહારાજે પોતાનો જમણો ચરણારવિંદ ઢોલિયા ઉપરથી શુકમુનિ બાજુ લાંબો કર્યો અને તે પગના અંગૂઠામાંથી તરત શ્વેત પ્રકાશ કાઢ્યો. ને શુકમુનિને કહ્યું, 'હવે તો પત્ર કખી શકાશે ને ?' સ્વામી બહુ રાજી થયા ને લખવા માંડ્યા. એ પત્ર પૂરો કર્યો. પછી મહારાજે ચરણારવિંદ ખેંચી લીધો એટલે પ્રકાશ મટી ગયો. આવા પરચા શ્રીહરિ શુકસ્વામીને ઘણીવાર દેખાડતા હતા.

આ અદ્‌ભુત ઐશ્વર્ય-દર્શનથી શુકમુનિ અતિ પ્રસન્ન થયા. પછી સ્નાનાદિક નિત્યવિધિ પતાવી નિત્યના નિયમ મુજબ મુક્તાનંદસ્વામી આદિક સંતોનાં દર્શન કરવાં ગયાં. મહારાજ તેમને પાસે રાખતા હોવા છતાં નિત્ય સંતોનાં દર્શન કરવાં જવું, આ તો બહુ ઊંચી વાત કહેવાય. તેમના મુખ પર અપૂર્વ આનંદ જોઈને મુક્તાનંદસ્વામીએ જાણ્યું જે, 'આજ સ્વામી પર મહારાજે કાંઈક નવીન કૃપા કરી લાગે છે.' તે સમયે શ્રીહરિની આશ્ચર્યમય વાતો સાંભળવાની સંતો-ભક્તોને ખૂબ ઈચ્છા રહેતી.

તેથી મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, 'હે શુકમુનિ ! આજે તમારા મુખ પર આટલો બધો આનંદ કેમ છે ? કાંઈ મહારાજે નવીન પ્રતાપ જણાવ્યો છે ?' ત્યારે શુકમુનિએ રાત્રીએ બનેલી હકીકત કહી કે 'હું રાત્રે લખતો અને દીવો ઓલવાઈ ગયો તેથી મહારાજે પોતાના પગના અંગૂઠામાંથી દીવા જેવું દિવ્ય તેજ કાઢ્યું. અને તે અજવાળે મેં પત્ર

લખ્યો.' આવો મહારાજનો પ્રતાપ સાંભળી સર્વે પરમહંસો અતિ પ્રસન્ન થયા. અને પરસપર કહેવા લાગ્યા કે **'શુકમુનિ મહાભાગ્યશાળી છે, તેથી તેમને પ્રગટ પ્રભુની આવી અલૌકિક સેવા મળી.'** *(સંદર્ભ : અક્ષ.વા.૧૩૬)*

દોહા : **મોટા મોટા વખાણતા, શુકમુનિનાં સદ્‌ભાગ્ય;**
અખંડ હરિ સાથે રાખે, કોઈને ન મળે જાગ્ય...૪૬

શુકાનંદના સદ્‌ગુણથી, બંધાણા ઘનશ્યામ;
શુક વિના નથી ચાલતું, હરિને આઠો જામ...૪૭

પોતાની મેળે 'હું કરું' એવા અંહને કારણે કરવા જાય તો કોઈને ન ગમે; પરંતુ નિર્માની થઈ, અનુવૃત્તિમાં રહી, સહુ કહે તેમ કરે અને મદદની ભાવનાથી સામાના ઉપયોગમાં આવે તો તેવાને મહારાજ કે મોટા સામે ચાલીને સદા પોતાની સાથે રાખે. શ્રીજીમહારાજે વચનામૃતમાં કહ્યું છે (વ.અમ.૩), "જે સેવક માની હશે તે તો કોઈને નહિ ગમતો હોય. અને માની સેવક પાસે જે ટેલ-ચાકરી કરાવવી તે તો જેમ કાળ પડે ત્યારે મોટા માણસ પણ કોદરા ખાઈને જીવે, તેમ માની સેવકની પાસે સેવા-ચાકરી કરાવવી તે પણ એવી છે. અને ધણીનો રાજીપો તો જેવો નિર્માની સેવક ઉપર હોય એવો માની ઉપર ન હોય. માટે ધણીનું ગમતું કરે તે જ સેવક સાચો.

વળી વચનામૃત ગ.મ.૪૧માં કહ્યું છે જે, **"જેને પરમેશ્વર ભજવા હોય તેને ભગવાનની અથવા ભગવાનના ભક્તની સેવા-ચાકરી મળે ત્યારે પોતાનું મોટું ભાગ્ય માનીને સેવા કરવી. તે પણ ભગવાનની પ્રસન્નતાર્થે કરવી ને પોતાના કલ્યાણને અર્થે ભક્તિએ કરીને જ કરવી, પણ કોઈક વખાણે તે સારું ન કરવી.**

અને જીવનો તો એવો સ્વભાવ છે જે, 'જેમાં પોતાને માન જડે તે જ કરવું સારું લાગે, પણ માન વિના એકલી તો ભગવાનની ભક્તિ કરવી પણ સારી લાગે નહીં.'

અને જેમ શ્વાન હોય તે સૂકા હાડકાને એકાંતે લઈ જઈને કરડે. પછી તેણે કરીને પોતાનું મોઢુ છોલાય અને તે હાડકું લોહીવાળું થાય. તેને ચાટીને રાજી થાય છે, પણ મૂર્ખ એમ નથી જાણતો જે, 'મારા જ મોઢાનું લોહી છે તેમાં હું સ્વાદ માનું છું.'

તેમ ભગવાનનો ભક્ત હોય તોપણ માનરૂપી હાડકાને મૂકી શકતો નથી. અને જે જે સાધન કરે છે તે માનને વશ થઈને કરે છે, પણ કેવળ ભગવાનની ભક્તિ જાણીને ભગવાનની પ્રસન્નતાને અર્થે કરતો નથી. અને ભગવાનની ભક્તિ કરે છે તેમાં પણ માનનો સ્વાદ આવે છે ત્યારે કરે છે, પણ કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે નથી કરતો.

અને માન વિના કેવળ ભગવાનની પ્રસન્નતાને અર્થે ભગવાનની ભક્તિ તો રતનજી તથા મિયાંજી જેવા કોઈક જ કરતા હશે, પણ સર્વથી તો માનનો સ્વાદ મૂકી શકાતો નથી." પછી તે ઉપર મુક્તાનંદસ્વામીએ તુલસીદાસની સાખી કહી જે,

कनक तज्यो कामिनी तज्यो तज्यो धातुको संग ।
तुलसी लघु भोजन करी जीवे मानके रंग ॥

એ સાખીને સાંભળીને શ્રીજીમહારાજ બોલ્યા જે, "જેવો જીવને માનમાંથી સ્વાદ આવે છે તેવો તો કોઈ પદાર્થમાંથી આવતો નથી. માટે **માનને તજીને જે ભગવાનને ભજે તેને તો સર્વે હરિભક્તમાં અતિશય મોટો જાણવો."**

શુકસ્વામી એવા સંત હતા તેથી મોટા મોટા સંતો તેમનાં ભાગ્યને બિરદાવતા હતા.

દોહા : **સેવામાં શ્રદ્ધા અતિ ઘણી, નૈ ઊંઘ કે નૈ થાક;**
ખોટું કદી લાગતું નહીં, વઢતા પણ વગર વાંક...૪૮

ભરસભામાં વગર વાંકે શ્રીહરિ કે સંતો ગમે તેટલું શુકાનંદસ્વામીને વઢે-ટોકે, છતાં ક્યારેય તેમને ખોટું લાગતું નહિ. ઊલટા તે પોતાનાં

મોટાં ભાગ્ય માનતા. અને સમજતા કે 'મહારાજને અને મોટા સંતોને મારા ઉપર હેત છે એટલે વઢે છે. હવે મારામાં કાંઈક ખોટ-ખામી હશે તો ટળશે.' વળી એમ વિચારતા કે 'અત્યારે ભૂલ નહિ હોય તો પહેલાંની ભૂલ હશે. અથવા ભવિષ્યમાં મારાથી આવી ભૂલ થવાની હશે. તેથી અત્યારથી મહારાજ અને સંતો મને ચેતવી અને તે ભૂલથી બચાવી લે છે.' આવી તેમની ઉત્તમ સમજણ હતી.

વાલા ભક્તો ! આવી સમજણ આવવી બહુ દુર્લભ છે. વ્યક્તિનો એવો સહજ સ્વભાવ છે કે 'કોઈ પોતાનું મનધાર્યું મરડે અથવા વઢે ટોકે એટલે પોતાનો વાંક હોય છતાં સામાની ખામી ખોળવા મંડે છે.' શુકસ્વામી આ દોષથી પર હતા. **સ્વામી ક્યારેય કોઈના ઉપર ગરમ થયા હોય એવું તેમના જીવનમાં જોવા-સાંભળવા મળતું નથી. આ બહુ મોટો ગુણ છે.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ દિવ્ય જ્યોતિનાં દર્શન કરાવ્યાં' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

શ્રીહરિએ સ્વામીને ચરણના અંગૂઠામાંથી તેજ દેખાડ્યું.

દોહા : **અનુવૃત્તિ તો અજબ હતી, દાસત્વ હતું દોમ દોમ;**
તેથી અખંડ સેવામાં, રહેતું રાત દિ જોમ...૪૯

શુકસ્વામી રોમેરોમ દાસત્વની મૂર્તિ હતા. **શ્રીહરિ અને મોટા સંતોની અનુવૃત્તિ એ જ એમની વૃત્તિ અને પ્રવૃત્તિ હતી. મહારાજની દૃષ્ટિ એ જ એમની સૃષ્ટિ હતી.** તેથી તેમને રાત-દિવસ સેવામાં ઉમંગ રહેતો. વળી ગમે તેટલી સેવા કરે છતાં અહંકારનો અંકુર પણ આવતો નહિ. જ્યારે સામાન્ય જીવ હોય તેને માન મળે ત્યાં સુધી રાત્રી-દિવસ સેવા કરે અને જેવું અપમાન થાય એટલે બધું છોડીને ચાલ્યો જાય.

આવા જે હોય તેને સાચા ભક્ત ન કહેવાય. માટે આપણે આમાંથી અકર્તાપણે તથા નિર્માનીપણે રહીને સેવા કરવાનું શીખીએ.

એક દિવસે સંધ્યા આરતી પછી સભામાંથી ઊઠીને નિત્યાનંદસ્વામી, શુકસ્વામી અને મહારાજ – એ ત્રણ મળીને લાડુબાના ઓરડાની પછવાડે બીજો ઓરડો હતો ત્યાં કામ કરવા માટે આવ્યા. પછી ત્યાં બેસીને સત્સંગિજીવન સંબંધી વાર્તાના ખરડા લખવા હતા. તે લખતાં લખતાં ત્રણ-ચાર ખરડા તૈયાર કર્યા હતા.

પછી તે ખરડા મહારાજને વાંચવા આપ્યા. તેને વાંચીને મહારાજ કહે જે, 'આ તો સારા ન થયા.' એમ કહીને ખોટા પાડ્યા. ત્યારે નિત્યાનંદસ્વામી કહે જે, 'હે મહારાજ ! વિચારીને લખાવો તો ઠીક. કેમ જે, વારેવારે ફેરવવું નહિ.' એવું સ્વામીનું વચન સાંભળીને મહારાજ તેમને કહે જે, 'સ્વામી ! અત્યારે બાર વાગ્યા છે, માટે તમે સૂઈ જાવ.' ત્યારે નિત્યાનંદસ્વામી મહારાજની આજ્ઞાથી સૂઈ ગયા.

પછી શુકસ્વામી લખતા હતા. એવામાં દીવામાં દીવેલ ખૂટ્યું. તેથી સ્વામી દીવેલ લેવા સારુ ઊઠ્યા અને કોડિયું લઈને ચાલતા થયા. એટલે મહારાજ કહે જે, 'સ્વામી ! કેમ કોડિયું લઈને ચાલ્યા ?' ત્યારે સ્વામી કહે જે, 'હે મહારાજ ! દીવેલ ખૂટ્યું છે, તે હું દીવેલ પૂરવા જાઉં છું.' ત્યારે મહારાજ કહે જે, 'અજવાળાનું કામ છે કે દીવેલનું કામ છે ?' ત્યારે સ્વામી કહે જે, 'અજવાળાનું કામ છે.' મહારાજ કહે, 'બેસો.' એટલે સ્વામી કોડિયું નીચે મૂકીને બેઠા.

પછી મહારાજે પોતાનો પલાંઠી વાળેલો જમણો પગ ઊભો કર્યો. તે સમે જમણા પગના અંગૂઠાના નખમાંથી તેજનો સમૂહ ઊંચો ચાલ્યો. જેમ ઓચિંતાનો સૂર્ય ઊગે એવી રીતનો તેજનો સમૂહ નીકળ્યો. ને સૂર્યનું તેજ તો બાળે, અને આ તેજ તો સમીપે બેઠા હોય તેને અતિ સુખ કરે એવું અલૌકિક હતું. એવું તેજ સવાર સુધી રહ્યું. અને શુકસ્વામી કહે

જે, 'મેં સવારના ચાર વાગ્યા સુધી તે દિવ્ય તેજને અજવાળે લખ્યું.' અને મહારાજ તો પોઢી ગયા હતા. પછી સવાર થયું એટલે નાહવાનું ગરમ પાણી તૈયાર કરી સેવક બોલાવવા આવ્યા; તેથી મહારાજ ઊઠ્યા અને ના'વા પધાર્યા. ત્યારે તેજ દેખાતું બંધ થઈ ગયું.

પછી મહારાજ નાહીને આવ્યા. ત્યાં થાળ તૈયાર થયો તેથી લાડુબાના ઓરડામાં શ્રીહરિ જમવા સારુ પધાર્યા. ત્યાં ઉગમણે મુખારવિંદે બાજોઠ ઉપર મહારાજ બેઠા. ને લાડુબા તથા મોટીબા પડખે બેઠાં હતાં. ને તે દિવસે લાડુબાના ઓરડામાં થઈને સોંસરું જવાતું હતું; કહેતાં વચ્ચે ચાલવાનો રસ્તો હતો. તેથી હું બધા ખરડા બાંધીને ચાલ્યો. ત્યાં મહારાજ જમતા હતા. એટલે હું ત્યાં જઈને મહારાજને પગે લાગ્યો.

ત્યારે મહારાજ કહે જે, 'હે સ્વામી ! પ્રસાદી લ્યો.' ત્યારે લાડુબાને થયું કે, થાળ દઈ દેશે. તેથી મહારાજને કહે જે, 'સ્વામી નાહ્યા નથી.' લાડુબાના મનમાં એમ કે આમ કહું તેથી મહારાજ તેમને થાળ ન આપે. તે વાત સ્વામી સમજી ગયા. એટલે તેમણે લાડુબાને ઉદ્દેશીને એમ મરમ કર્યો જે, કોઈક આપે ને કોઈક લે તેમાં કોઈને આડું ફરવું નહીં. એમ કહીને કહ્યું જે, 'મહારાજ, પ્રસાદી લાવો.'

ત્યારે મહારાજે સ્વામીને અતિ હેતથી પ્રસાદી આપી. ત્યારે લાડુબા જોઈ રહ્યા. તે પ્રસાદ સ્વામી ત્યાં ને ત્યાં જમી ગયા. પછી ચળું કરીને ઊઠ્યા. ત્યારે મહારાજ કહે જે, 'હે સ્વામી ! તમારી ઉપર હું બહુ રાજી થયો છું; તમને શું આપું ?' એમ કહીને કહે જે, 'હે સ્વામી ! તમારી પાસે કાતર છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, હા મહારાજ, કાતર તો છે.' ત્યારે મહારાજ કહે જે, **'પ્રસાદી રાખવા માટે આ અમારી શિખા કાપી લ્યો.'** એમ કહીને મહારાજ શિખા પકડીને બેઠા.

ત્યારે લાડુબા કહે જે, **'હે મહારાજ ! મુંડિયા ન થવાય.' ત્યારે**

મહારાજ કહે જે, 'જેના ચેલા મુંડિયા હોય તેના ગુરુને મુંડિયા થાતાં શો બાધ છે ? એ તો થવાય.' પછી સ્વામીએ કાતર કાઢીને મહારાજની શિખા કાપી લીધી ! ને દોરે વીંટીને કાતર ભેગી તે પ્રસાદીની શિખા રાખી. જ્યારે શ્રીહરિએ સંતોને સંન્યાસી કર્યા હતા તે વખતનો આ પ્રસંગ છે. આ પ્રસંગથી સ્વામીને સેવાની અને રાજીપાની કેવી ધગશ હતી ? અને શ્રીહરિને સ્વામી ઉપર પણ કેવો રાજીપો હતો ? તે જણાય છે. *(સંદર્ભ : અદ્.વાત-૧૩૪)*

દોહા : **ધન્ય ધન્ય શુકાનંદને, ધન્ય ધન્ય સહજાનંદ;**
અરસ પરસની પ્રીત જૂઓ, જોતાં આવે આનંદ...૫૦
સમજણા છે અતિ ઘણા, વળી દિશે છે ચતુર;
અમથા મારા વાલમાએ, નહિ રાખ્યા હોય હજુર...૫૧

વચનામૃત અંત્ય.૨૧માં શુકમુનિએ ગોપાળાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, **"ભગવાનની જે ભક્તિ છે તેણે કરીને જીવ ભગવાનની માયાને તરે છે ને અક્ષરધામને પામે છે. અને જે ધર્મ છે તેણે કરીને તો દેવલોકની પ્રાપ્તિ થાય છે ને તે પુણ્યને અંતે પાછો દેવલોકમાંથી તે જીવ પડી જાય છે.** અને ભગવાનના જે અવતાર થાય છે તે તો જ્યારે જ્યારે ધર્મની ગ્લાનિ થાય છે ત્યારે ત્યારે તે ધર્મને સ્થાપન કરવાને અર્થે થાય છે, પણ ભક્તિના સ્થાપનને અર્થે થતા નથી. અને જે પ્રાપ્તિ ભક્તિ વતે થાય છે તે પ્રાપ્તિ ધર્મે કરીને જણાતી નથી. **માટે ભક્તિ સરખી કયે પ્રકારે ધર્મમાં મોટાઈ આવે ?** એ પ્રશ્ન છે."

પછી ગોપાળાનંદસ્વામીએ એ પ્રશ્નનો ઉત્તર કરવા માંડ્યો, તે જે જે વાત કરી તેમાં ધર્મ તે ભક્તિનું અંગરૂપ થઈ જાય પણ કોઈ રીતે ભક્તિ સરખું ધર્મમાં ગૌરવ આવે નહીં. પછી તે પ્રશ્ન સાંભળીને શ્રીહરિ બહુ હસ્યા. તેનું કારણ એ હતું કે, 'આ પ્રશ્ન મોટીબા, લાડુબા અને રાજબાનો હતો.'

પરંપરાથી વાત સાંભળવા મળી છે કે, એકવાર શુકસ્વામી અક્ષરઓરડીમાં શ્રીહરિની પાસે બેઠા બેઠા પત્ર લખતા હતા. ત્યાં મોટીબા, લાડુબા અને રાજબા – આ ત્રણેય બહેનો આવી. તેથી મહારાજે સ્વામીને ઈશારો કર્યો. એટલે તેઓ શ્રીહરિના ઢોલિયા નીચે બેસી ગયા. પછી તે ત્રણેય બહેનો શ્રીહરિને પ્રણામ કરીને બેઠી અને કાંઈક વાતચીત કરતાં કરતાં શ્રીહરિને પ્રશ્ન કર્યો કે, 'રામાયણ, ગીતા વગેરે ગ્રંથમાં લખ્યું છે કે,

'जब जब होत धर्म की हानी, बाढ हि अधर्म असुर अभिमानी'

જ્યારે જ્યારે ધર્મની ગ્લાની થાય અને અધર્મ તથા અસુરો વધી જાય ત્યારે અધર્મના નાશ માટે, ધર્મના સ્થાપન માટે અને સંતોની રક્ષા માટે ભગવાન પૃથ્વી ઉપર પધારે છે. પરંતુ ક્યાંય ભક્તિ સ્થાપવા માટે ભગવાન પૃથ્વી પર પધારે છે એવું લખ્યું નથી. અને વાસ્તવમાં ભક્તિ જેવું દૈવત ધર્મમાં છે નહિ, તે કેમ સમજવું ? આમ, તે બહેનોએ શ્રીહરિને પૂછેલો પ્રશ્ન અને તેનો ઉત્તર શુકમુનિએ ઢોલિયા નીચે બેસીને સાંભળેલો.

પછી જ્યારે સભા ભરાણી ત્યારે શુકમુનિએ તે પ્રશ્ન ગોપાળાનંદ સ્વામીને પૂછ્યો. પછી તેનો ઉત્તર આપવા સ્વામીએ ઘણી યુક્તિઓ લાવીને વાત કરી, પરંતુ છેવટે ધર્મ તે ભક્તિના અંગરૂપ થઈ જતો; ઉત્તર સ્પષ્ટ થતો નહીં. આમ, શુકમુનિએ મોટીબા અને શ્રીહરિ વચ્ચે થયેલી ચર્ચાનો પ્રશ્ન અહીં કર્યો હતો; તેથી મહારાજ બહુ હસતા હતા.

વળી, સ્વામી શ્રીહરિનું પ્રિય પાત્ર હતા. એટલે સંત થયા પછી પણ શ્રીહરિ તેમને પૂર્વાશ્રમના જગન્નાથ નામથી જ બોલાવતા હતા. અને સ્વામી પણ દેહ તથા સંબંધીઓથી સદા નિસ્પૃહ હતા, ભારે સમજણા હતા, ચતુર હતા અને મહાનિષ્કામી હતા.

દોહા : **મૂળજી બ્રહ્મચારી જેવા, હતા પોતે નિષ્કામ;**
શુકમુનિને અંદર બહાર, નડતી ન હતી વામ...૫૨

ક્યારેય તેમને અંતર કે બહાર સ્ત્રી નડતી ન હતી. એવા શુકસ્વામી મહા નિષ્કામી હતા. શ્રીહરિની પ્રસાદી જમી પછી સાધુની જાયગામાં આવ્યા. ત્યાંથી તૂંબડી તથા દાતણ લઈને ઉન્મત્તગંગામાં ના'વા માટે ગયા. પ્રથમ જમી લેવાની અને પછી નાહીધોઈ-પૂજાપાઠ કરવાના – આ બધી શ્રીહરિની સર્વોપરીતા સૂચવે છે. મહિમા બતાવે છે. બીજા કોઈથી આવી રીતે ન કરાવી શકાય. સ્વામી ત્યાં નાહી-ધોઈ પવિત્ર થઈ પાછા આવ્યા. એવી રીતે મહારાજ શુકસ્વામીને અનેકવાર પ્રત્યક્ષ પુરુષોત્તમપણું જણાવતા હતા; એમ અદ્‌ભુતાનંદસ્વામી લખે છે. અને શુકસ્વામીએ મહારાજની જે શિખા કાપી લીધી હતી, તે એમના શિષ્ય પાસે હતી. અત્યારે ક્યાં છે ? તે ખબર નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીને ચરણના અંગૂઠામાંથી તેજ દેખાડ્યું અને રાજીપો આપ્યો' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

શ્રીહરિની મરજીનું મૂર્તિમંત સ્વરૂપ

શાર્દુલ : **પત્રો દેશ-વિદેશથી પ્રભુ કને, આશ્રિતના આવતા,**
ભાવેથી ભગવંત પત્ર સુણીને, રાજી અતિશે થતા;
તેનો ઉત્તર તુર્ત નિજ સમીપે, જે પાસ લખાવતા,
એવા શુકમુનિ સહાય કરજો, આ ગ્રંથને ગાવતા.

'પુરુષોત્તમચરિત્રપુષ્પમાળા' ગ્રંથના આરંભમાં પાર્ષદ વાઘજી ભગતે સ્વામીની ઉપરોક્ત વંદના કરેલી છે.

એક વખત શુકમુનિ અક્ષરઓરડીની ઓસરીમાં લખતા હતા. તે આખી રાત લખ્યું. સવાર થયું ત્યાં ચૌદ પાના લખીને તૈયાર કર્યા. ત્યાં મહારાજ અક્ષરઓરડીમાંથી આવ્યા. એટલે સ્વામીએ મહારાજના હાથમાં પાનાં આપ્યાં. શ્રીહરિએ તે લઈને જોયા વિના બધાં જ પાનાં

ફાડી નાખ્યાં અને બહાર ફેંકી દીધાં; આટલી બધી મહેનતથી કરેલા કામની કાંઈ ગણતરી ન લીધી તોપણ શુકમુનિ કાંઈ બોલ્યા નહીં. ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા જે, 'શુકમુનિ ! તમે આખી રાત ઉજાગરો કરીને લખ્યું ને મહારાજે જોયા વિના પાનાં ફાડી નાખ્યાં, છતાં તમને કાંઈ સંશય થયો નહિ ?'

ત્યારે શુકમુનિ કહે, **'મારે તો મહારાજને રાજી કરવા હતા; તે પાનાં ફાડીને રાજી થાય કે વાંચીને રાજી થાય.'** સ્વામીનો આ ઉત્તર આપણે બધાએ આજીવન કાળજામાં કોતરી રાખવા જેવો છે. બીજા હોય તો તેને અનેક પ્રકારના મનમાં સંકલ્પ થાય કે 'મહેનત કરીને મરી ગયા છતાં મહારાજે એક શબ્દ પણ વાંચ્યો નહીં.' ત્યારે સ્વામીનું લક્ષ્ય જુદું હતું. તેઓ ક્રિયામાં બદ્ધ કે અંધ ન હતા. તેમને તમામ ક્રિયા સાધન હતી અને શ્રીહરિનો રાજીપો એ જ એક સાધ્ય હતું.

(સંદર્ભ : અક્ષ.વા.૧૩૭-૧૩૮)

દોહા : **રાજીપાનું જ તાન હતું, ક્રિયામાં ન હતા અંધ;**
હરિ પ્રસન્નતા વિના બીજું, શુકમુનિને નહિ બંધ...૫૩
મૂર્તિમાન મહારાજની, મરજી હતા સ્વામી શુક;
સતત સેવા કર્યા કરતા, સદાય રહીને મૂક...૫૪
ડૂબીને સેવા કરતા, રહી પાયાનો પથ્થર;
તેના ઉપર શોભી રહ્યો, સત્સંગ મહેલ સુંદર...૫૫

સ્વામી પાયાનો પથ્થર બનીને સેવા કરતા.

વાત કરે બહુ થોડી, સેવા કરે દોડીદોડી.

આવું તેમનું અંગ હતું. અને આવી રીતે પાયાના પથ્થર બનીને સેવા કરનારા સંતો અને બાઈઓ-ભાઈઓ ઉપર જ આ સત્સંગ શોભી રહ્યો છે. જે આવી રીતે પાયામાં ડૂબે છે અને આખા સત્સંગનો વજન પોતાની માથે લઈ સત્સંગને શોભાવે છે, અને ક્યારેય બહારા

નીકળવાની કોશિષ નથી કરતા; કહેતાં, શ્રીહરિ કે મોટા સંતોને ઓશિયાળા નથી કરતા એવા સંતો-ભક્તોને મારાં લાખો વંદન છે. પ્રભુ પાસે બીજા કોઈ ભક્ત આવે તો પ્રભુ તેની સામે જોઈ રહે; પરંતુ આવી રીતે પાયામાં રહીને જે સેવા કરે છે એવા ભક્ત આવે ત્યારે તેને જોઈને પ્રભુ અત્યંત આનંદિત થઈ જાય છે અને હરખઘેલા થઈને કહે છે : **'તમારી સેવાને ધન્ય છે. તમારા સમર્પણને ધન્ય છે. તમારા ત્યાગને ધન્ય છે. તમારા નિર્માનીપણાને ધન્ય છે. તથા તમારા શુદ્ધ પ્રેમ અને ભક્તિને પણ ધન્યવાદ છે. અને તમે મને સદાય ઋણી રાખ્યો.'** આમ, હરિવર તેમના ઉપર ફિદા ફિદા થઈ જાય છે.

શ્રીહરિ વ.ગ.પ્ર.૭૬માં કહે છે કે, **"જેને પંચવર્તમાનમાં કોઈ વાતે ખોટ્ય ન હોય અને ગમે તેવા વચનના ભીડામાં લઈએ, અને એનું ગમતું મુકાવીને અમારા ગમતામાં રાખીએ તોપણ કોઈ રીતે દેહ પર્યંત મૂંઝાય નહિ, એવો હોય તે પાકો સત્સંગી છે. અને એવા હરિભક્ત ઉપર અમારે વગર કર્યું સહેજે જ હેત થાય છે."** અને આવા ભક્ત ગમે ત્યાં જાય કે ગમે તે સેવા કરતા હોય પરંતુ શ્રીહરિ અખંડ તેમની સાથે અને સહાયમાં જ રહે છે.

હવે 'હરિકૃષ્ણલીલામૃતસાગર' તરંગ-૧૨૩માં નિજ અનુભવ લખતાં માધવદાસ કહે છે કે, એકવાર અમે દાદા ખાચરના દરબારમાં મહારાજનાં દર્શન કરવા ગયા. મહારાજ સભા કરીને બિરાજમાન હતા.

ચોપાઈ : **લાગી પગે પાછળ અમે બેઠા, દયાળુને અતિ પ્રસન્ન દીઠા;**
સામા બેઠા વા'લો સાક્ષાત, શી કહું પણ આનંદની વાત.
શુકમુનિ તે કાગળ લખે છે, મહાપ્રભુજી દરશન દે છે;
માણિગર શ્રીમનોહર માવો, નેણે નીરખી લીધો લાવો.

અક્ષરધામાધિપતિ શ્રીહરિ લખાવતા હોય અને શુકમુનિ લખતા હોય, આવાં અલૌકિક દર્શન તેમણે કરેલા. એટલે તેમણે પોતાના ગ્રંથમાં આ પ્રસંગ આબેહૂબ લખ્યો છે.

એકવાર મહારાજ અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. ત્યારે શુકમુનિ સદ્‌ગુરુને કાગળ લખતા હતા. તે શુકસ્વામીએ કાગળ લખીને મહારાજને આપ્યો. ત્યારે મહારાજ કહે, 'બરોબર નથી લખાણો; માટે બીજો લખો.' ત્યારે ફરીને શુકસ્વામી કાગળ લખવા માંડ્યા. તે રાતના બાર વાગ્યા સુધી લખ્યો. પછી તે પત્ર મહારાજના હાથમાં આપ્યો. પત્ર વાંચી મહારાજ કહે, 'બરોબર ઉપમા લખાણી નથી, માટે બીજો લખો.' ત્યારે શુકસ્વામી ફરી લખવા માંડ્યા. અને ખૂબ ચીવટ રાખીને પત્ર લખ્યો. પછી તે પત્ર લખીને મહારાજના હાથમાં આપ્યો.

મહારાજે તે પત્ર વાંચ્યો અને કહ્યું, 'હજી એક હકીકત લખવી રહી ગઈ છે; માટે ફરીને લખવો પડશે.' પછી મહારાજે બતાવેલી તે વાત યાદ રાખીને તે પ્રમાણે સ્વામીએ ચોથીવાર પત્ર લખવા માંડ્યો. તે સવારના પાંચ વાગ્યા ત્યારે પત્ર લખી રહ્યા. પછી મહારાજના હાથમાં આપ્યો. તે વાંચીને મહારાજ રાજી થયા. આવા સ્વામી પ્રભુના રાજીપાના ભૂખ્યા અને શ્રદ્ધાવાન હતા. *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૨૬૦)*

હ.લી.ક.૯/૨માં 'શ્રદ્ધા' વિષે સરસ લખ્યું છે. તે આપણે શીખવા જેવું છે.

ઉપજાતિ : **શ્રદ્ધા ધરે છે જનચિત્ત જેહ, ગણાય છે ઉત્તમ ભક્ત એહ;**
શ્રદ્ધા વિના પૂજન જો કરાય, યથાર્થ તેનું ફળ તો ન થાય.
શ્રદ્ધા વિનાનો જપ જાણ્ય કેવો, કરે મજૂરો નૃપવેઠ્ય તેવો;
શ્રદ્ધા વિનાનો ઉપવાસ થાય, તો ઢોરની લાંઘણ તે ગણાય.
શ્રદ્ધા વિનાનું બહુ દાન દેય, દીધા પછી જો પસતાય તેય;
આ લોકમાં કે પરલોકમાંઈ, તેની ન તેને ફળપ્રાપ્તિ કાંઈ.
ભક્તિ કરે મંદિર કેરી કાંઈ, ન હોય શ્રદ્ધા પણ ચિત્તમાંઈ;
જો પાડ તેના ધણીને ચડાવે, તો હેત તેથી હરિને ન આવે.
શ્રદ્ધા થકી શું ન કરી શકાય, શ્રદ્ધા થકી કામ સમસ્ત થાય;
શ્રદ્ધાળુ ભક્તો નિજ દેહ ગેહ, અર્પે પ્રભુને ગણી તુચ્છ તેહ.

જેના અંતરમાં શ્રીહરિ અને સંતોનાં વચનમાં પૂર્ણ શ્રદ્ધા હોય તે જ ઉત્તમ ભક્ત કહેવાય છે. અને શ્રદ્ધાથી કરેલ સેવા, દાન, પુણ્ય કે પૂજનનું જ યથાર્થ ફળ થાય છે. શ્રદ્ધા ન હોય અને સેવાદિક કરે તો ખાલી વેઠ કરી કહેવાય. પરંતુ તેથી પ્રભુ યથાર્થ રાજી થતા નથી. અને જો સાચી શ્રદ્ધા હોય તો તેમની માટે શું ન થાય ? **શ્રદ્ધા અનેક સદ્‌ગુણોની જનની છે. શ્રદ્ધા જીવન છે અને અશ્રદ્ધા મૃત્યુ છે. શ્રદ્ધાળુ વ્યક્તિને જ ધર્મલાભ થાય છે. શ્રદ્ધાળુ વ્યક્તિ જ ધન પ્રાપ્ત કરી શકે છે. શ્રદ્ધાળુના જ સર્વ મનોરથ પૂર્ણ થાય છે. અને શ્રદ્ધાળુનો જ મોક્ષ થાય છે.** એમ નારદપુરાણમાં કહ્યું છે. દરેક કાર્યમાં શ્રદ્ધા બળવાન છે. અને મોટા સંતોના આશીર્વાદ પણ શ્રદ્ધાવાન લોકોને તત્કાળ ફળે છે. અશ્રદ્ધા કરતાં શ્રદ્ધા અનંત ઘણી મહાન છે. માટે શુકસ્વામીની જેમ દૃઢ શ્રદ્ધાવાળા થાવું.

મહારાજ શુકમુનિની આવી શ્રદ્ધાથી અતિ પ્રસન્ન થયા. પછી વડતાલ જાવું હતું તેથી મહારાજ નિત્યવિધિ કરીને થાળ જમવા બેઠા. ને જમીને પ્રસાદી શુકસ્વામીને આપી. ત્યારે સ્વામી કહે, **‘મહારાજ, હું તો હજું નહાયો નથી ને દાતણ પણ કર્યું નથી.’ ત્યારે મહારાજ કહે, ‘અમે વનમાં ફરતા હતા ત્યારે ક્યારેક નાહ્યા વિના પણ જમતા, માટે જમો.’** તેથી શુકસ્વામી તરત જમવા બેસી ગયા.

દોહા : **શુકમુનિ મહા વિશ્વાસી, સમજે હરિની સાન;**
હરિની મરજીને જાણતા, ધર્મ જ્ઞાન ને માન...૫૬

આમ, સ્વામીને મન મહારાજની મરજી એ જ ધર્મ હતો. મહારાજની મરજી એ જ જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિ હતી. મહારાજની મરજી એ જ સ્વામીને મન સર્વસ્વ હતું. આવી રીતે સ્વામી મહારાજની મરજીનું મૂર્તિમાન સ્વરૂપ બનીને જીવતાં; તેથી જ શ્રીહરિને પણ તેમના વિના ચાલતું નહીં. એવો જ એક સુંદર પ્રસંગ હવે વાંચીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિની મરજીનું મૂર્તિમંત સ્વરૂપ કહ્યું' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

શ્રીહરિએ સ્વામીનો તાવ મટાડ્યો.

દોહા : **તાવમાં તેડા મોકલ્યા, માન્યા નહિ મોરાર;**
પત્ર લખાવા કારણે, સાજા કર્યા ધરાર...૫૭

એકવાર શુકમુનિને બેસી પણ ન શકાય એવો ખરેખરો તાવ આવ્યો હતો. બરાબર એ વખતે મહારાજને કાગળ લખાવવો હતો, પણ ત્યાં કોઈ લખનાર હતું નહીં. તેથી સ્વામીને બોલાવવા શ્રીહરિએ એક હરિભક્તને મોકલ્યા; પરંતુ અતિશય તાવ આવતો હોવાથી સ્વામી આવી શક્યા નહીં. તેથી મહારાજે બીજીવાર હરિભક્તને મોકલ્યા, પરંતુ તાવની પીડા ખૂબ હોવાથી સ્વામી આવી શક્યા નહિ. તેથી મહારાજે ત્રીજીવાર બીજાને મોકલ્યા.

તેણે પાછા આવીને કહ્યું કે, "મહારાજ ! સ્વામીને અતિશય તાવ આવ્યો છે; બેઠું પણ થઈ શકાય તેમ નથી." ત્યારે મહારાજ કહે, "તોય તેડી લાવો." પછી બે જણા ટેકો આપી સ્વામીને માંડ માંડ મહારાજ પાસે લઈ આવ્યા. સ્વામી ધ્રૂજતા ધ્રૂજતા શ્રીહરિ પાસે બેઠા. ત્યારે મહારાજ કહે, "સ્વામી ! શું થયું છે ?" સ્વામી કહે, "હે મહારાજ ! અતિશય તાવ આવે છે. બેસવાની, ચાલવાની કે લખવાની પણ શક્તિ રહી નથી."

મહારાજ કહે, "સ્વામી તાવ જ આવે છે ને ? ચિંતા ન કરો; આંહીં સૂઈ જાવ." તેથી સ્વામી સૂઈ ગયા. પછી મહારાજ કહે, "સ્વામી, અમારી સામુ જુઓ." તેથી સ્વામીએ મહારાજની મૂર્તિમાં વૃત્તિ જોડી દીધી. પછી મહારાજ એક ઘડી સુધી અમીદૃષ્ટિ કરીને સ્વામી સામે જોઈ રહ્યા. એટલામાં સ્વામીનો તાવ જતો રહ્યો ! અને સ્વામી એકદમ સ્ફૂર્તિમાં

આવી ગયા ! પછી ત્યારે જ સ્વામી પાસે મહારાજે લેખ લખાવ્યો. પછી સ્વામી કહેતા કે, 'તે દા'ડાથી તાવ હજી સુધી ક્યારેય આવ્યો નથી.'

દોહા : **આ પ્રસંગ સૂચવે છે, નો'તી સ્વામીની જોડ;**
વિઘ્ન ટાળી શુકમુનિનાં, વા'લે પૂર્યા સહુ કોડ...૫૮

મહારાજ ગઢપુરમાં હોય કે વડતાલમાં, પરંતુ પત્રો તથા શાસ્ત્રો લખાવવા શ્રીહરિ શુકમુનિને સદા પોતાની સાથે જ રાખતા. તેમના અક્ષરો મોતીના દાણા જેવા શ્રેષ્ઠ હતા. વળી ઝડપ પણ ખૂબ સારી હતી. મોટા સંતો કહેતાં કે, 'મહારાજના સમકાલીન સંતોમાં શુકમુનિ સર્વોત્તમ લહિયા હતા. તેમની જોડ મળવી દુર્લભ હતી.' મહારાજ જ્યારે વડતાલ હોય ત્યારે હાલ માંદા સંતોની ધર્મશાળા છે, ત્યાં એક બુરજ કહેતાં કોઠો હતો. ત્યાં બેસી સ્વામી લખતા હતા.

ચોપાઈ : **લખે શુકમુનિ શાસ્ત્રોનો લેખ, હરિ રાખતા જૈ દેખરેખ;**
સંત કૂવાથી પશ્ચિમમાંય, હતો સંતનો ભંડાર ત્યાંય.

અને આ જગ્યાએ પણ સ્વામીએ ઘણા પત્રો તથા ગ્રંથો લખ્યાં છે. મહારાજની પ્રેરણાથી મોટા ભાગનાં વચનામૃત તથા સત્સંગિજીવનના ખરડા લખનાર અને તેને શોધનાર શુકસ્વામી હતા. સદ્.શ્રીનિત્યાનંદસ્વામી તથા સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની આજ્ઞાથી 'શ્રીહરિવાક્યસુધાસિંધુ' ગ્રંથ પર આચાર્યશ્રી રઘુવીરજીમહારાજના નામથી સંસ્કૃત ભાષામાં 'સેતુમાલા' નામની સરળ અને અર્થગંભીર ટીકા લખનાર પણ શુકમુનિ હતા. વળી, પ્રસાદાનંદસ્વામીની વાતોમાં વિશ્રામ-૮૧ તથા ૮૭માં અને અદ્ભુતાનંદસ્વામીની વાત-૧૩૪માં એવો ઉલ્લેખ જોવા મળે છે કે, શતાનંદસ્વામીને 'સત્સંગિજીવન' લખાવવામાં શુકમુનિ મદદરૂપ થયા હતા. *(સંદર્ભ : જૂનો ખરડો)*

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીનો તાવ મટાડ્યો' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

બુરાનપુરના ભક્તોની રક્ષાર્થે શુકમુનિ પાસે પત્ર લખાવ્યો.

દોહા : **બુરાનપુર લખાવ્યો તો, પત્ર વા'લે એકવાર;**
શુકમુનિને પરચો આપ્યો, સંભળાવું કરી પ્યાર...૫૯

એકવાર બુરાનપુરમાં પચાસને આશરે ગઠિયા સંન્યાસીઓ આવ્યા. તે સમયે ત્યાં ગ્વાલિયરના સિંધી રાજાનું રાજ્ય હતું. આ ગઠિયા સંન્યાસીઓએ તે રાજાને ઉપદેશ કરી મોટી મોટી વાતો કરી, તેથી રાજાને તેમનામાં ભાવ થયો અને તેમને ગુરુ કર્યા. પછી તાપીને કાંઠે માતાજીનું એક જૂનું મંદિર હતું, તેનો જીર્ણોદ્ધાર કરી આ સંન્યાસીઓને રહેવા આપ્યું. રાજ્યાશ્રય મળવાથી આ સંન્યાસીઓ ત્યાં મોજમઝા કરતા હતા. એ વર્ષે ચોમાસામાં એક વખત થોડો વરસાદ થયો. પછી એક માસ સુધી વરસાદ ન થયો. આકરો તાપ પડ્યો. તથા શહેરમાં કોગળિયાનો રોગ વ્યાપ્યો. રોજ બસો-ત્રણસો માણસોનું મૃત્યુ થવા લાગ્યું. તેથી રાજાએ સંન્યાસીઓને કહ્યું, "આપના પગલે સુખ થવું જોઈએ, પરંતુ આ વિપરીત કાળ કેમ ?"

ત્યારે આ ખળ સંન્યાસીઓ કહે, "હે રાજા ! શહેરમાં સ્વામિનારાયણના સાધુ આવે છે. તેમણે આ પુરમાં નવો ધર્મ સ્થાપ્યો છે. તે અવૈદિક ધર્મ છે. માટે તે પાપે કરીને વરસાદ આવતો નથી. તમે તેમને અહીંથી નાકકાન કાપીને કાઢી મૂકો, તો વરસાદ થશે, નહીંતર પ્રજા સહિત તમારું પણ નિકંદન નીકળી જશે."

આ સાંભળી રાજાએ સાધુઓની શહેરમાં તપાસ કરાવી પણ મળ્યા નહીં. તેથી હરિભક્તોને બોલાવ્યા અને તેમને કહ્યું, "તમે કંઠી તોડી નાખો, ટીલાં ભૂંસી નાંખો; નહિ તો અમારા ગુરુની આજ્ઞામુજબ તમારાં નાકકાન કાપીને રાજ્યની હદ પાર કરવામાં આવશે."

ત્યારે ગોવિંદભાઈ તથા શિવાશાહ આદિક ભક્તો કહે, **"અમો**

કંઠી કે ટીલાં કાઢવાનાં નથી. અમારા અંતરમાં સ્વામિનારાયણ ભગવાન અખંડ બિરાજમાન છે, તે કોઈ કાળે નીકળવાના નથી. તમને સૂઝે તો અમારાં બૈરાં-છોકરાંને મારી નાંખો અથવા ઘરબાર લૂંટી લ્યો અથવા બાળી નાંખો; પણ અમે સમજી-વિચારીને કેસરિયાં કર્યાં છે. માટે સત્સંગ તો અમારે શિર સાટે છે."

તે સાંભળીને રાજાએ કહ્યું, "મારી આગળ તમારી આ હિંમત!" તરત જ સૈનિકોને હુકમ કર્યો જે, "અત્યારે સાંજ છે માટે આ સહુને કેદમાં પૂરો અને સવારે કપાળમાં ડામ દઈ હદ પાર કરજો. ને તેમના ઘરબાર લૂંટી લઈને બાળી દેજ્યો. વળી તેઓએ એક ઘરમાં સ્વામિનારાયણનું મંદિર બનાવ્યું છે. ત્યાં ભેળા મળી સહુ ભજન કરે છે, તેને પણ સળગાવી દેજો." પછી અમલદારોએ સત્સંગી હરિભક્તોને કેદમાં નાખ્યા. ત્યારે તે ભક્તોએ વિચાર્યું કે પાખંડીઓએ ખરો દગો કર્યો; પરંતુ પ્રભુ આપણી સાથે જ છે, સ્મરણ કરીએ.

દોહા : **રાત્રે ભજન આદર્યું તે, ભક્તોએ શ્વાસોશ્વાસ;**
હતો શ્રીહરિનો એમને, અતિશે દૃઢ વિશ્વાસ...૬૦
વિશ્વાસીને મમ વાલમો, નથી કરતા નિરાશ;
પરચો પૂરીને શ્રીહરિ, કરે વિઘ્નનો નાશ...૬૧
અંતરયામી જાણી ગયા, ઊંઘમાં હતા તોય;
પ્રગટ શ્રીપુરુષોત્તમને, અવસ્થાઓ ન હોય...૬૨

મહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં રાત્રે પલંગ પર પોઢ્યા હતા. તે ઝબકીને જાગ્યા ને બોલ્યા, "શુકમુનિ ! ઊઠો ઊઠો, બુરાનપુર પત્ર લખવો છે." સ્વામી કહે, "હું દીવો કરી લઉં." મહારાજ કહે, "અત્યારે અંધારામાં દીવો કરવા ક્યાં જાશો ?" એમ કહી પોતાનો જમણો ચરણારવિંદ લાંબો કર્યો.

દોહા : **ચિહ્ન જે રાતી રેખાનું, પગના અંગૂઠામાંય;**
તેમાંથી તેજ કાઢિયું, થયો પ્રકાશ અતિ ત્યાંય...૬૩

અનંત કોટિ સૂર્ય-ચંદ્રના તેજને ઝાંખું કરે તેવા મહાતેજના સમૂહથી બધી દિશાઓ ઝળકી ઊઠી. શુકમુનિનાં નેત્ર મીંચાયાં. ત્યારે મહારાજ કહે, "ધીરા રહીને નેત્ર ઉઘાડો." તેથી શુકમુનિએ નેત્ર ઉઘાડી જોયું તો અમૃત જેવું શીતળ શાંત મહાતેજ દેખાયું. પછી મહારાજે તેજ સંકેલી લીધું અને દીવા જેટલું અજવાળું રાખ્યું. તે પ્રકાશમાં શુકમુનિ પાસે પત્ર લખાવ્યો.

"અનિર્દેશથી લિખાવિતં સ્વામી શ્રીસહજાનંદજીના જય સ્વામિનારાયણ વાંચશો. બીજું જણાવવાનું કે ખળ સંન્યાસીઓના કહેવાથી ત્યાંના રાજાએ તમને જેલમાં પૂર્યા છે. તથા સવારે ઘરબાર લૂંટી, નાકકાન કાપી દેશ પાર કરવાનો હૂકમ કર્યો છે. તે વાત જાણીને અમે આ પત્ર લખાવીએ છીએ. તમો કોઈ પ્રકારની ચિંતા કરશો નહીં. રાત્રે અનરાધાર વરસાદ થશે. તેથી તાપીમાં મોટું પૂર આવશે. જે સંન્યાસીઓએ રાજાને ખોટું સમજાવ્યું છે, તેમનું તમારા જેવા હરિભક્તોના અપરાધે કરીને સવારે મોત થશે અને તે સર્વે પૂરમાં તણાઈ જશે. તથા રાજા તમારું સન્માન કરશે. માટે આનંદમાં રહી ભજન કરજો." એમ પત્ર લખાવ્યો.

પછી સોમલા ખાચરને મોકલી ધ્યાનમાં બેઠેલા ગોવિંદરામ ભટ્ટને બોલાવ્યા. અને કહ્યું, "તમો અત્યારે જ બુરાનપુર જાઓ." ત્યારે તે કહે, "મહારાજ ! પૂજા લઈને જાઉં ?" ત્યારે શ્રીહરિ કહે, "પૂજાનું શું કામ છે ? સવારે અહીં પાછા આવીને પૂજા કરજો !" આ તો પ્રગટ ભગવાન અને તેના પ્રગટ સંતો-ભક્તોની દિવ્ય કથા છે. તરત જ ગોવિંદરામે હા કહી. એટલે મહારાજે કહ્યું કે, 'બુરાનપુરના ભક્તોને કહેજો કે કાંઈ ચિંતા ન કરે.' પછી તેમને ગુલાબના પુષ્પનો પ્રસાદીનો હાર તથા પત્ર આપ્યો અને કહ્યું કે,

દોહા : **આ હાર સહુ હરિભક્તોને, પેરાવજો કરી પ્યાર;**
જલદી પાછા આવજો, આપીને સમાચાર...૬૪

એમ કહી મહારાજે તેમને છાતીમાં ચરણારવિંદ આપ્યાં. પછી ગોવિંદરામ ભટ્ટ મહારાજને પગે લાગીને અરધી રાત્રિએ ચાલી નીકળ્યા. માંડ માંડ ઘેલાના સામા કાંઠે પહોંચ્યા. ધીમો ધીમો વરસાદ વરસતો હતો, તેથી ત્યાં નીલકંઠ મહાદેવના મંદિરમાં થોડીવાર આરામ કરવા બેઠા. ત્યાં ઊંઘ આવી ગઈ. એટલે મહારાજે યોગકળાથી તેમને તરત બુરાનપુર પહોંચાડ્યા. પછી શ્રીહરિએ જગાડી દીધા.

જાગીને ચાલતા થયા ત્યાં તો ચારે બાજુ મોટાં મોટાં મકાનો જોયાં. તેથી ગોવિંદરામના મનમાં થયું કે, 'આ કયું શહેર હશે !' કોઈને પૂછવા માટે રાતના બે વાગ્યે બુરાનપુરની બજારમાં સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા નીકળ્યા. ત્યાં રસ્તામાં મરવા પડેલા કેટલાક માણસો બેઠા હતા, કેટલાક મરી ગયા હતા, કેટલાક અતિ બિમાર હતા. પણ તે બધાએ સ્વામિનારાયણ મહામંત્ર કાને સાંભળ્યો ત્યાં તો રોગી હતા તે નિરોગી થયા ! મરી ગયા હતા તે બેઠા થયા ! ગોવિંદરામ ભગત જેવા નિષ્ઠાવાળાના મુખેથી બોલાયેલા સ્વામિનારાયણ મહામંત્રનો આ પ્રતાપ હતો..!

દોહા : **મંત્ર મહિમા અપાર છે, મંત્ર મહા સુખકાર;**
સ્વામિનારાયણ જપ્યા કરો, તો થાશે સુખ અપાર...૬૫
આળસ જરી ન રાખશો, ત્યાગ કરો ગાફલાઈ;
સ્વામિનારાયણ ભજો સદા, હૈયે અતિ હરખાઈ...૬૬
આ મંત્ર અતિ બળિયો છે, ટાળે પાપ સંતાપ;
માટે મુખે ચાલુ રાખવો, અખંડ હરિનો જાપ...૬૭
ખરચો કાંઈ થતો નથી, પડતો નથી પરિશ્રમ;
વણ યત્ને મળી જાય છે, જપતાં ઝટ પરબ્રહ્મ...૬૮

વગર ખર્ચે આ જપ જપી શકાય એમ છે. માટે ખૂબ જપ કરજો. ગોવિંદરામ સ્વામિનારાયણ ભગવાનનું સ્મરણ કરતા ચાલ્યા જતા હતા, ત્યાં ચોકી કરનારા સિપાઈઓ મળ્યા. તેમણે પૂછ્યું, "તું કોણ છો ?"

ત્યારે ગોવિંદરામ કહે, "હું સ્વામિનારાયણ ભગવાનનો ભક્ત છું. ને અહીંના રાજાએ સ્વામિનારાયણ ભગવાનના ભક્તોને કેદ કર્યા છે, તેથી તેમણે મને ભક્તોને છોડાવવા માટે મોકલ્યો છે."

ત્યારે ચોકીવાળા કહે, "તું શું છોડાવતો હતો ? અહીંથી ભાગી જા; નહીંતર હમણાં તને જ અમે કેદ કરશું." એમ કહી જ્યાં પકડવા જાય છે ત્યાં ભટ્ટનું શરીર વામન ભગવાનની જેમ વધ્યું. તે જોઈ સિપાઈઓ ત્રાસ પામીને નાઠા. પછી ગોવિંદરામ ભટ્ટ શહેર તરફ ચાલ્યા. ત્યાં ગુપ્તપણે ફરતી મારિકાગણની ચોસઠ જોગણીઓ મળી. ગોવિંદરામે તેને બે હાથ પહોળા કરીને ઝાલી લીધી અને શહેરના કોટથી બહારના કાંઠે ફગાવી, તે સર્વે મારિકાઓ સંન્યાસીઓના મંદિર માથે પડી અને તેનું મંદિર તૂટી ગયું. તે સહુનું મોત થયું. અને શહેરમાં મરકીનો રોગ ચાલતો હતો, તે સર્વે દૂર થયો. આ બધો સર્વોપરી શ્રીહરિ અને તેમના ભક્તનો પ્રતાપ છે.

દોહા : **સર્વોપરિના આશ્રિતનો, પ્રતાપ છે અણમાપ;**
આવા બળિયા થાય છે, જપે જે અખંડ જાપ...૬૯
સ્વામિનારાયણ જાપથી, ભક્ત નિરાવરણ થાય;
સ્વામિનારાયણ સમરતાં, નખશિખ દિવ્ય થવાય...૭૦

શ્રીહરિના મંત્રનો અખંડ જપ કરવાથી આવા બળિયા થવાય છે. અખંડ જપથી માયા નાશ થાય છે, દુઃખ માત્ર જાય છે અને નિરાવરણ સ્થિતિ પ્રાપ્ત થાય છે. માટે આળસ, પ્રમાદ તથા ગાફલાઈ છોડી સતત જપ કરો.

પછી ગોવિંદરામ શહેરમાં ગયા અને સિદ્ધની પેઠે આવરણ રહિત થઈ ભીંત સોંસરા પ્રવેશ કરી કેદખાનામાં પહોંચ્યા. ચોકીદારો સહુ જોઈ રહ્યા. કોઈ કાંઈ કરી શક્યા નહિ. ત્યાં જઈ સહુ ભક્તોને મળ્યા. અને શિવાશાહને મહારાજનો પત્ર આપ્યો અને કોટમાં પહેરેલ ગુલાબનો

હાર તેમને પહેરાવ્યો. એટલે તરત તેમની કોટમાં બીજો હાર આવી ગયો. તે બીજા ભક્તને પહેરાવ્યો. આવી રીતે જેટલા ભક્ત હતા, તેટલા ગુલાબના હાર કાઢી સર્વે ભક્તોના કંઠમાં પહેરાવ્યા. આવો શ્રીહરિએ તેમના દ્વારા અપાર પ્રતાપ જણાવ્યો.

પછી સહુ ભક્તોએ શ્રીહરિનો પત્ર વાંચ્યો. તેમાં લખ્યું હતું, 'તમો કાંઈ ચિંતા કરતા નહિ, સવારમાં રાજા તમારું સન્માન કરશે.' તે જાણી ભક્તોને અતિ આનંદ થયો અને ગોવિંદરામ રૂપે સ્વયં શ્રીહરિ જ પધાર્યા છે, એમ માની દંડવત કરવા લાગ્યા. ત્યારે તે ગોવિંદરામ કહે, "મહારાજ તો ગઢડા બેઠા છે. હું તો તેમની આજ્ઞાથી આ પત્ર તથા પ્રસાદીનો હાર દેવા આવ્યો છું. તમે કાંઈ ચિંતા કરતા નહીં."

એમ કહી સહુની રજા લઈ તાપી નદીએ આવ્યા. તાપીમાં સ્નાન કરવા ડૂબકી મારી. ત્યાં શ્રીહરિએ પોતાની યોગકળાથી તેમને ઘેલા નદીમાં કાઢ્યા. નદીને કાંઠે નીકળ્યા ત્યારે સવારના ચાર વાગ્યા હતા. ઘણા સંતો-ભક્તો શ્રીહરિનું સ્મરણ કરતા થકા સ્નાન કરતા હતા. તેમની સાથે ભીનાં કપડે દરબારગઢમાં આવ્યા.

કોઈ ભક્તે કહ્યું, "ભટ્ટજી ! આ તમારી વૃદ્ધાવસ્થા છે ને આટલા બધા વહેલા કેમ સ્નાન કરવા ગયા ?" ત્યારે તે કહે, "મેં માત્ર ઘેલામાં જ નહિ, પરંતુ આજ તો તાપીમાં અને ઘેલામાં એમ બંને સ્થળે એક સાથે સ્નાન કર્યું છે. હવે શાંતિથી પૂજા કરીશ." તે ભક્તને કાંઈ સમજાણું નહીં. ત્યાં ગોપાળાનંદસ્વામી આવ્યા. સ્વામીએ તરત અંતરદષ્ટિ કરીને જોયું અને તરત જ બધી વાત જાણી લીધી. પછી સહુ સંતો-ભક્તોને કહ્યું કે, "આજે રાત્રિએ મહારાજે શુકમુનિ પાસે પત્ર લખાવીને ભટ્ટને બુરાનપુરના ભક્તોને પત્ર આપવા અને એમની રક્ષા કરવા માટે મોકલ્યા હતા. એટલે તે ત્યાં અવતાર જેવો અલૌકિક પ્રતાપ જણાવી, ભક્તોની રક્ષા કરી, તાપીમાં તથા ઘેલામાં સ્નાન

કરી અહીં આવ્યા છે." એમ કહી બુરાનપુરની બનેલી તમામ વાત વિસ્તારથી કહી. **તે સાંભળી સહુના અંતરમાં મહારાજનો નિશ્ચય વધુ દૃઢ થયો, મહિમાની ખુમારી ચડી. સહુના અંતરમાં થયું, 'અહો..! સર્વોપરી શ્રીહરિના આશ્રિતનો કેવો અણમાપ પ્રતાપ છે !'** આપણે પણ તે ભક્તોની જેમ શ્રીહરિની નિષ્ઠાની દૃઢતા કરીએ.

આમ, શુકમુનિ પાસે રાત્રીએ પત્ર લખાવી, તે પત્ર ગોવિંદરામ ભટ્ટને આપીને બુરાનપુર મોકલ્યા ને ત્યાંના ભક્તોનું દુઃખ દૂર કર્યું.

(સંદર્ભ : સ્વામિનારાયણ ચરિત્રચિંતામણિ પ્ર.૪/૧)

દોહા : **શુકમુનિ પાસે લખાવતા, પરચા દઈ કાગળ;**
હરિજનનાં દુઃખ ટાળતા, શ્રીહરિ સદા સકળ...૭૧
એના સાક્ષી થતા હતા, શુકસ્વામી ઘણીવાર;
એવો સ્વામિનારાયણને, સ્વામી ઉપર બહુ પ્યાર...૭૨

આવી રીતે શુકમુનિ શ્રીહરિની સેવામાં ખૂબ ઉપયોગમાં આવ્યા છે. અને તે સેવાકાર્યને સિદ્ધ કરવા શ્રીહરિએ અનેક પરચાઓ આપ્યા છે, અજોડ પ્રતાપ જણાવ્યો છે. તેના શુકસ્વામી સાક્ષી બન્યા હતા. આપણે પણ શુકમુનિની જેમ હંમેશાં પાયાના પથ્થર બની અખંડ તનતોડ અને મનમોડ સેવા કરતા રહીએ, શ્રદ્ધાવાન બનીએ, મોટાની મરજીમાં ભળીએ અને સહુનો રાજીપો રળીએ; એ જ કરવા જેવું છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'બુરાનપુરના ભક્તોની રક્ષાર્થે શુકમુનિ પાસે પત્ર લખાવ્યો' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

શ્રીહરિએ કરેલી શુકમુનિની પ્રશંસા

સ્વામીના જીવનનો એકેએક પ્રસંગ આત્માને જગાડે એવો છે. સ્વામીનું જીવન સાગરની જેમ અગાધ અને ગહેરાઈવાળું હતું. આપણે

આપણા જીવનમાં ટચ થતી વાતોને વારંવાર વાંચીએ, વાગોળીએ અને જીવનમાં ઉતારીએ તો આપણા પર પણ પ્રભુ જરૂર કૃપા કરે.

દોહા : **સ્વામી શુકાનંદજીને, હરિ જાણતા બુદ્ધિવાન;**
પ્રગટ પ્રભુના દિલમાં સદા, હતું સ્વામી પ્રત્યે માન...૭૩

સર્વાવતારી શ્રીહરિ શુકાનંદસ્વામીને બુદ્ધિશાળી જાણતા હતા. ખુદ મહારાજના દિલમાં સ્વામીનું સ્થાન હતું. અને એટલે જ પ્રભુ તેમને ખૂબ માન આપતા હતા. જેને શ્રીહરિ બુદ્ધિશાળી કહેતા હોય તે જેવાતેવા બુદ્ધિમાન ન હોય. સ્વામી શ્રીહરિની રુચિ, મરજી અને સિદ્ધાંતને તરત સમજી જતા હતા.

એકવાર મહારાજ ગઢપુરમાં હતા. સવારે દરબારમાં આંબલી નીચે ઓટા ઉપર બેસી દાતણ કરતા હતા. ત્યારે આનંદાનંદ બ્રહ્મચારી અને વાસુદેવાનંદ બ્રહ્મચારી બંને જણ ઝોળી માગવા શ્રીહરિ પાસે થઈને નીકળ્યા. ત્યારે તેને મહારાજ કહે, “ક્યાં જાઓ છો ?” એટલે તે બંને જણા હાથ જોડી બોલ્યા જે, “હે મહારાજ ! ઝોળી માગવા જઈએ છીએ.” ત્યારે મહારાજ કહે, “મને એક એક પ્રશ્ન પૂછો, પછી જાઓ.”

પછી આનંદાનંદ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો. તે સાંભળી મહારાજ બોલ્યા જે, “આ મૂળજી બ્રહ્મચારી જેવા દૃઢ નિષ્કામી થશે ને સ્ત્રી-ધનમાં લેવાશે નહીં.” પછી વાસુદેવાનંદ બ્રહ્મચારીએ પ્રશ્ન પૂછ્યો. તે સાંભળી મહારાજે એમ કહ્યું જે, **“આ શુકસ્વામી જેવા બુદ્ધિમાન થશે.”** એમ મહારાજે તે બેયની પ્રશંસા કરી. પછી રજા આપી એટલે પગે લાગીને તે ઝોળી માગવા ચાલી નીકળ્યા. *(સંદર્ભ : અક્ષ.વા.૧૦૬)*

શ્રીહરિનાં વચન કદી ખોટાં હોય નહિ અને કોઈથી ખોટાં થાય પણ નહીં. જ્યારે વાસુદેવાનંદ બ્રહ્મચારીએ **સત્સંગિભૂષણ** નામનો ગ્રંથ કર્યો, ત્યારે શ્રીહરિનાં આ વચનો સત્ય થયાં. વળી, લોયામાં એકવાર મહારાજે વાસુદેવાનંદ બ્રહ્મચારીને પોતાની ગાદીએ બેસાડ્યા.

પછી સહુ સંતો-ભક્તોને કહ્યું કે, "આ વાસુદેવાનંદ બ્રહ્મચારી અતિ નિષ્કામી છે અને વાસુદેવનારાયણ તુલ્ય છે." એમ કહી બહુ સન્માન કર્યું. અહીં એક વાત સમજવા જેવી છે. જેને વાસુદેવનારાયણ તુલ્ય કહીને બિરદાવ્યા એવા વાસુદેવાનંદ બ્રહ્મચારીને 'આ શુકાનંદસ્વામી જેવા બુદ્ધિશાળી થશે.' એમ શ્રીહરિએ તેમને ઉપમા આપી હતી. તો શુકમુનિ કેવા બુદ્ધિશાળી હશે ?! અને સ્વામી પ્રત્યે શ્રીહરિને કેવો સદ્ભાવ હશે ?! તથા કેવી પ્રસન્નતા હશે ?! તે સમજવા જેવું છે.

એકવાર મહારાજ ગઢપુરમાં લક્ષ્મીબાગમાં હાલ જ્યાં બેઠક છે તે સ્થળે આંબાના વૃક્ષ નીચે સભા કરીને બિરાજમાન હતા. મુક્તાનંદ સ્વામી, શુકમુનિ આદિક સંતો મહારાજની સન્મુખ બેઠા હતા. આંબાની કેરીઓ મહારાજને માથે લટકતી હતી. તેમાંથી એક કેરી પોતાના હાથમાં લઈને શ્રીહરિ બોલ્યા, "હે સંતો-ભક્તો ! સાંભળો. ડભાણ ગામની ત્રણ વસ્તુ અમારી સેવામાં બહુ આવી.

દોહા : **અમ ઉપયોગે આવ્યા અતિ, ત્રણેય સેવકો મુક;**
ડભાણિયા ત્રણેય જાણજો, બળદ આંબો ને શુક...૭૪

આ ત્રણેયની આગળ ડભાણિયા એવો શબ્દ લાગે છે. તે કઈ ત્રણ વસ્તુ ? તો બળદ, આંબો અને શુકમુનિ.

(૧) **ડભાણિયો આંબો :** વૈશાખ મહિનાના તાપમાં ડભાણના આંબાની કેરીઓનો ટોપલો મૂળજી બ્રહ્મચારી માથે ઉપાડીને લાવેલા. તે કેરીઓ અમે જમ્યા. તેનું એક ગોટલું અહીં વાવ્યું તે આ આંબો થયો. તેનો છાંયડો અને કેરિયું અમારા ઉપયોગમાં ખૂબ આવે છે." તેની પ્રશંસા કરતાં પ્રેમાનંદસ્વામીએ એક કીર્તનમાં તેનો ઉલ્લેખ કર્યો છે,

ધન્ય આંબાની છાયા, ધન્ય બેઠક બેસે હરિ જો.

સંતોએ પણ કરુણા કરી આ બધી લીલાઓને પોતાનાં કીર્તનોમાં તથા ગ્રંથમાં ગૂંથી લીધી છે. તેથી આ વાતો અમર રહી છે. જે

વાતો ગ્રંથમાં ન લખાય તે વાતો કાળે કરીને નાશ પામે છે અથવા ફરી જાય છે.

(૨) "જેવો ડભાણિયો આંબો એવો જ ડભાણિયો બળદ." ડભાણ ગામનો **'વેલા'** નામનો એક બળદ હતો. તે ત્યાંના નિષ્ઠાવાન **વિષ્ણુદાસ પટેલે** મહારાજને શ્રીકૃષ્ણાર્પણ કર્યો હતો. આ બળદ કેટલાય કિલોમીટર સુધી એકધારી રેવાળ ચાલમાં ચાલતો. જેથી ગાડામાં બેઠેલાને સહેજ પણ આંચકા ન લાગે. એવો જ એક બીજો **'પારેવા'** નામનો બળદ પણ ચાલમાં સારો હતો. જે પીપળીના દાદાભાઈ વણારે મહારાજને અર્પણ કર્યો હતો.

મહારાજને ગાડે બેસવું હોય તો આ બંને બળદ જોડતા. ક્યારેક એકા ઉપર બેસવું હોય તો માત્ર **ડભાણ ગામનો વેલો બળદ** જોડતા, કહેતાં પારેવા કરતાં પણ વેલા નામનો બળદ શ્રીહરિના ઉપયોગમાં વધારે આવ્યો છે. જ્યારે મદનમોહનજી મહારાજની મૂર્તિ લઈને ભાયાત્માનંદસ્વામી ધોલેરા જતા ત્યારે મહારાજે કહેલું કે, **'વેલો અને પારેવો આ બંને બળદની ચાલ બહુ સારી છે. માટે ગાડે તે બળદ જોડીને મૂર્તિઓ લઈ જાઓ. જેથી મૂર્તિને કાંઈ વાંધો ન આવે.'**

વળી, એકવાર ગઢપુરમાં મહારાજે મુક્તાનંદસ્વામીને ગાડીમાં બેસાડી, એક માસ સુધી સહસ્રધરે સ્નાનાર્થે જવાનું નિયમ રાખ્યું હતું. ત્યારે મહારાજ રોજ આ ડભાણના બળદને ગાડે જોડતા. ને મુક્તાનંદસ્વામીને ગાડીમાં બેસાડી પોતે ગાડી ચલાવતા. આવા અનેક અગત્યના કામમાં ડભાણનો વેલો બળદ ઉપયોગમાં આવ્યો હતો. એટલે મહારાજે તેનાં વખાણ કર્યાં છે.

(૩) **ડભાણના શુકસ્વામી :**

આ ત્રણેય મહારાજની સેવામાં બહુ ઉપયોગી થયા. તેમાં પણ આંબા કરતાં બળદ વધારે ઉપયોગમાં આવ્યો અને બળદ કરતાં

શુકમુનિ વધારે ઉપયોગમાં આવ્યા. બીજી રીતે કહીએ તો ઝાડમાં આંબો, પશુઓમાં વેલા નામનો બળદ અને મનુષ્યોમાં શુકસ્વામી વિશેષ ઉપયોગમાં આવ્યા છે.

મહારાજ કહે, **"આ શુકસ્વામી બહુ મોટા સાધુ છે, ને અમારા કામમાં બહુ જ આવે છે."** એવી રીતે વાત કરીને સ્વામીનાં બહુ વખાણ કરીને કહે, **"જે દિવસથી અમારી પાસે સ્વામી રહ્યા છે તે દિવસથી ચઢતો ને ચઢતો રંગ છે, ને અમારાં ચરિત્ર-લીલા લખીને તથા અમારા કાગળ લખીને સ્વામીની આંગળી વાંકી થઈ ગઈ છે."**

એમ કહીને મહારાજે સ્વામીનો હાથ ઊંચો કરી, તેમની આંગળીઓ સૌને દેખાડીને બોલ્યા, "કોઈ ચાંદ્રાયણ વ્રત કરે છે; કોઈ ધારણા-પારણા કરે છે; કોઈ અન્ય વ્રતો કરે છે; પણ આ શુકમુનિ તુલ્ય કોઈ થાય નહીં. કેમ જે, અમારા કાગળો લખવા અને અમારા ગ્રંથો લખવાની સેવા કરવાથી સ્વામીના હાથની આંગળીઓ સજ્જડ થઈ ગઈ છે. માટે **આ શુકમુનિ તો અમારા હાથ છે."**

આ બિરૂદ શુકમુનિને શ્રીહરિએ લક્ષ્મીવાડીમાં ડભાણિયા આંબા નીચે આપ્યું હતું. વળી, શ્રીહરિ કહે, "સ્વામી તો મારો ઉછાળો, કહેતાં ઉતારો છે. **આ તો મુક્તાનંદસ્વામી જેવા છે." એમ મહારાજે શુકમુનિનાં ઘણીકવાર સુધી સભામાં વખાણ કર્યાં.** અને શુકમુનિને પણ ધન્ય છે કે શ્રીહરિએ કરેલ વખાણ પણ તેને સહજથી પચી જતાં.

મોટાનાં વખાણ પચાવવાં તે સીસું પચાવવા જેવું કઠણ છે. સામાન્ય જીવને મોટા વખાણે એટલે તરત અહંની ગાંઠ બંધાઈ જાય. પછી ગમે ત્યારે, ગમે તેની સાથે અથડાય અને કુરાજીપાનો ભોગ બને. જ્યારે શુકમુનિ સંપૂર્ણ અહંશૂન્ય સંત છે. તેથી શ્રીહરિએ કરેલું સન્માન પણ તેમને સહજમાં પચી જાય છે. અને તે સદા દાસના દાસ થઈને રહે છે અને બીજા તેમને મહાન લાગે છે. *(સંદર્ભ : અદ્.વાત.૨૧૯)*

પૂર્વછાયો : **કેવી સેવામાં શ્રદ્ધા હશે, કેવો હશે હરિમાં પ્યાર;**
શુકસ્વામીના જેવું આપણે, જો થાય તો બેડો પાર...૭૫

પ્રગટ પુરુષોત્તમનારાયણ ભર સભામાં જેમના હાથની આંગળીઓ બતાવી ઉમંગમાં આવીને વખાણ કરે એ સ્વામીએ પાયામાં રહી કેવી સેવા કરી હશે ? પ્રભુ પ્રસન્નતાર્થે ધ્રુવજીએ, નારદજીએ, ભૃગુઋષિ જેવા ઋષિઓએ કેવાં કેવાં તપ કર્યાં છે ? છતાં તેમના ઉપર ભગવાન જેટલા રાજી નથી થયા એટલા શુકસ્વામી ઉપર શ્રીહરિ રાજી થયા છે. માટે આપણે પણ સ્વામીના જેવો રાજીપાનો જ આલોચ રાખવો જોઈએ. કેમ જે, પ્રભુ તથા સંતોનો પ્રેમ અને પ્રસન્નતા તો અમૃત છે. જીવનું જીવન છે, સુખની ચાવી છે, આનંદનું દ્વાર છે. માટે આપણે પણ આવી સમજણ શીખવી.

શુકસ્વામીના જેવો એકાદ સદ્‌ગુણ પણ આપણામાં આવી જાય, તો આપણો જન્મ સફળ થઈ જાય. એવા સદ્‌ગુણો કેળવવા માટે આપણે સંતો-ભક્તોનો રાજીપો રળવાની ખૂબ જરૂર છે. **મોટાના રાજીપાથી જ માયા અને સ્વભાવ ટળે છે, વાસના બળે છે અને કલ્યાણ મળે છે.** ભગવાન અને સંતો-ભક્તોની પ્રસન્નતા માટે તો પૂર્વે કેટલાય ઋષિમુનિઓએ કઠોર તપ કર્યું હતું. અનેક કષ્ટો સહન કર્યાં હતાં. આપણા નંદસંતોએ પણ કેટલાંય દુઃખો તથા અપમાનો સહન કર્યાં હતાં. સત્સંગની બહેનો-દીકરીઓએ પણ ખૂબ સહન કર્યું છે. આ તમામની પાછળ તેમના અંતરનો એક આશય હતો કે **'વહાલા મહારાજ અને પ્યારા સંતો અમારી ઉપર પ્રસન્ન થાય.'**

જે ભક્તોના જીવનમાં સંતો-ભક્તોની પ્રસન્નતાની ભૂખ નથી તેમનું જીવન તો સુગંધ વિનાના ફૂલ અને પાણી વિનાના સરોવર જેવું નકામું છે. જેમ ફૂલની મહત્તા તેની સુગંધમાં છે, સરોવરની મહત્તા તેમાં રહેલા પાણીથી છે; તેમ સંતો-ભક્તોની મહત્તા, તેમાં રહેલી શ્રીહરિ અને સંતો-ભક્તોની પ્રસન્નતાની ભૂખથી છે. **રાજીપો આધ્યાત્મિક માર્ગનું**

તત્ત્વ છે, સારમાં સાર વસ્તુ છે. શ્રીહરિ અને મોટાના રાજીપામાં આખો આધ્યાત્મિક માર્ગ સમાયેલો છે. આપણે પણ સ્વામીની જેમ પ્રભુની પ્રસન્નતાના પાત્ર બનીએ તે માટે મહારાજને પ્રાર્થના કરવી.

પ્રસાદાનંદસ્વામીની વાતોમાં **૧૬** જગ્યાએ મહારાજે શુકમુનિ પાસે પત્રો લખાવ્યા છે, એવો ઉલ્લેખ છે. અને **૧૨ વાર** સ્વામીએ મહારાજને સ્નાન કરાવ્યું છે, **૬ વાર** શ્રીહરિનાં ચરણારવિંદ ધોયેલાં છે. અને મહારાજે રાજી થઈ શુકસ્વામીને **૧૧ વાર** થાળનો પ્રસાદ આપ્યો છે. તથા **૩ વાર** છાતીમાં ચરણારવિંદ આપ્યાં છે; એવો ઉલ્લેખ છે. આ એક ગ્રંથમાં આટલું લખ્યું છે. બાકી તો બીજા ગ્રંથોમાં પણ ઘણું હશે. આ પ્રસંગો, સ્વામીનો સેવકભાવ, દાસત્વભાવ અને ગળતા હૃદયે સહુને નમીને કરેલી સેવાના દસ્તાવેજી પૂરાવા સમાન છે.

દોહા : **પ્યારા મારા નાથજી, શું કહું તમારી વાત;**
શું કહું તમારા સંતની, જેને મળ્યા સાક્ષાત...૭૬
સુખ આપ્યાં અતિશે તમે, લડાવ્યા અતિ લાડ;
માનીએ એટલો ઓછો, પ્રભુજી તમારો પાડ...૭૭
મારા આત્માના આત્મા, સાકાર મૂર્તિ સદાય;
રાજી કરવા છે આપને, સંતના ગુણલા ગાય...૭૮
સંત ભેળા છો સદા તમે, રહો સંતને આધીન;
એવી તમારી કરુણાને, જાણે કોઈ પ્રવીન...૭૯
સુખ આપો છો સદા તમે, તમે મોટા દાતાર;
દયા કરી સહુ જીવનો, કરો છો તમે ઉદ્ધાર...૮૦
ધન્ય ધન્ય શ્રીશુકમુનિને, ધન્ય ધન્ય એનું જીવન;
પ્રેમે આખ્યાન સંતનું, લખું હું જ્ઞાનજીવન...૮૧

હે મહારાજ ! આપની અને આપના સંતોની વાત અલૌકિક છે. આપની ગતિ અને રીતિ અકળ છે. હે વહાલા ! તમોએ ભક્તોને જે

સુખ આપ્યાં છે, લાડ લડાવ્યા છે, રક્ષા કરી છે, અભયદાન આપ્યાં છે અને ઉપકાર કર્યા છે, તે બધું વિચારીએ તો અંતર ગદ્ગદિત થઈ જાય છે. આપની કૃપા સહુ ભક્તો ઉપર એકસરખી વહી રહી છે. બસ અમો આપની તે કૃપાને સમજી શકીએ, આપના ઉપકારોને સ્વીકારી શકીએ એવી અમારામાં પાત્રતા આવે તથા શુકસ્વામી જેવી આપ તથા આપના લાડીલાને પ્રસન્ન કરવાની ભૂખ અને મરજીમાં વહેવાની લટક આવે એવી દયા કરજો..!!

દોહા : **અતિ દયાળુ છે શ્રીહરિ, કરુણા તણો સાગર;**
જીવહિત કરવા તત્પર છે, સદાય કહ્યા વગર...૮૨

શ્રીહરિ અતિ દયાળુ છે. સદા ભક્તોનું અપ્રેરિત હિત કરે છે. આપણું શેમાં હિત કે અહિત છે તેની આપણને ખબર ન હોય, પણ શ્રીહરિ સારી રીતે જાણે છે. તેથી જ શ્રીહરિએ અપ્રેરિત કરુણા કરી આપણા હિત માટે શિક્ષાપત્રી લખી છે. સદા સંતો-ભક્તોનું અપ્રેરિત હિત કરવા તત્પર રહેતા એવા મહાદયાળુ મહારાજ આપણને તેમના લાડીલા સંતોની ઓળખાણ આપે ત્યારે ઓળખાય છે. સામાન્ય દેહાભિમાની અને વિષયાસક્ત જીવો સંતના મહિમાને સમજી શકતા નથી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ કરેલી શુકમુનિની પ્રશંસાનું વર્ણન કર્યું' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

શુકમુનિએ કરેલો ઈર્ષ્યાનો પરાજય

દોહા : **અનંત કોટિ બ્રહ્માંડના, નિયંતા મારો નાથ;**
પધાર્યા હરિ સર્વોપરી, અક્ષરમુક્તો લઈ સાથ...૮૩
કીર્તિ વ્યાપી ચાર ધામમાં, પોં'ચી ગઈ ચૌદલોક;
શરણે આવ્યા પ્રગટના, સુધારવા બેય લોક...૮૪

સર્વાવતારી શ્રીહરિ પૃથ્વી ઉપર પ્રગટ થયા. તેમની કીર્તિ નવખંડ ધરામાં અને સમગ્ર બ્રહ્માંડમાં વ્યાપી ગઈ. તેથી અસંખ્ય મુમુક્ષુઓ દોડી દોડીને શ્રીહરિને શરણે આવ્યા. અને સાધુ બની જીવન સમર્પણ કર્યું. પછી સર્વે લોકો કહેવા લાગ્યા કે, **'ભગવાનના અનંત અવતાર થયા, પરંતુ શ્રીજીમહારાજ જેવું કોઈ થયું નથી. કેમ જે, તેમના આશ્રિતોએ કોઈથી જિતાય નહિ તેવા મહા બળિયા દોષમાત્રને જીતી લીધા. અને સ્ત્રીઓએ કામને જીત્યો હોય એવું તો કોઈ અવતારમાં થયું નથી.** વળી ઘોર કળિયુગમાં શ્રીહરિએ અનેક સ્ત્રી-પુરુષોને નિષ્કામી કર્યા. માટે આ અવતાર તો બહુ મોટો થયો છે. વળી કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન, ઈર્ષા, અહંકાર, કાળ અને માયા આદિક સર્વને વશ કર્યા છે. અને આજ શ્રીહરિએ કળિયુગમાં સત્યુગ પ્રવર્તાવ્યો છે.'

આવો શ્રીહરિનો મહિમા જોઈ અધર્મસર્ગના તમામ દોષોએ શ્રીહરિને મૂર્તિમાન પ્રગટ થઈને કહ્યું, 'અમારે તમારા આશ્રિતોની શક્તિ જોવી છે, માટે અમને યુદ્ધ આપો.' બ્રહ્માંડના મોટા મોટા દેવો, ઋષિઓ અને ઈશ્વરોને પરાજિત કરનારા આ દોષોનો પરાભવ કરવા શ્રીહરિ સંતમંડળ સહિત ગઢપુરમાં રાધાબાગમાં ગયા. ત્યાં એક માસ સુધી રોકાયા.

એક પછી એક દોષ નિત્ય શ્રીહરિ પાસે આવતો અને યુદ્ધ માગતો. તેમાં શ્રીહરિએ સચ્ચિદાનંદસ્વામી દ્વારા કામનો પરાભવ કરાવ્યો, મુક્તાનંદસ્વામીએ ક્રોધને જીત્યો, ચૈતન્યાનંદસ્વામીએ લોભને હરાવ્યો, બ્રહ્માનંદસ્વામીએ મોહનો હઠાવ્યો, ભાયાત્માનંદસ્વામીએ મત્સરનો મદ ઉતાર્યો, **શુકમુનિએ ઈર્ષ્યાને જીતી,** યોગીરાજ ગોપાળાનંદસ્વામીએ અહંકારને પરાજિત કર્યો અને નિત્યાનંદસ્વામીએ માનને માર્યો. આમ, નિત્ય એક યોદ્ધો લડવા આવતો અને શ્રીહરિ સંતો દ્વારા તેનો પરાજય કરાવતા. જે સંતો તે દોષોને જીતે તેને શ્રીહરિ પ્રસાદી આપતા, ભાવથી ભેટતા અને પ્રસન્ન થતા. શુકમુનિએ ઈર્ષ્યાને કેવી રીતે જીતી ? તે લીલા ખૂબ સરસ છે.

સાતમા દિવસે ઝમકુબાઈ તરફથી સુતરફેણીની રસોઈ હતી. ભક્તિબાગમાં દક્ષિણાદો આંબો અને ઉત્તરાદિ આંબલીની વચ્ચે દ્રાક્ષનો માંડવો હતો. મહારાજ ત્યાં સવારમાં સભા કરીને બેઠા હતા અને સંતો કીર્તનગાન કરતા હતા. પછી અચાનક શ્રીહરિએ કીર્તન બંધ કરાવ્યા અને ગંભીર અવાજે કહ્યું, **"સંતો ! આજ ઈર્ષ્યા આવનારી છે. માટે એને જીતવાનું બીડું શુકસ્વામી લે."**

રોજ શ્રીહરિ કહેતાં 'આજે આ દોષ આવવાનો છે, તેને કોણ જીતશે ?' ત્યારે આજે મહારાજે સામે ચાલીને ઈર્ષ્યાને જીતવાનું કામ શુકસ્વામીને સોંપ્યું. કેમ જે, ઈર્ષ્યા જીતવી, એ ઘણું કઠણ કામ છે. આ વિશ્વવ્યાપી દોષ છે. આનાથી દુનિયાના સારા કહેવાતા મોટા મોટા નેતાઓ, ગુરુઓ કે ધર્મગુરુઓ પણ પીડાય છે.

ત્યારે સ્વામી કહે, **"હે મહારાજ ! હું તો તમારો સેવક છું. માટે તમારા ધ્યાનને પ્રતાપે એને જરૂર જીતીશ."** તેથી મહારાજ હસ્યા ને કહે, "કેવા ખબરદાર છે ! અમારે માથે નાંખ્યું." ત્યારે શુકસ્વામી કહે, "સેવકને શું ચિંતા ?!"

આમ જ્યાં સ્વામી અને શ્રીહરિ સંવાદ કરે છે ત્યાં ઈર્ષ્યા આવી અને મહારાજ સામે ઊભી રહી. એટલે શ્રીહરિ કહે, **"આ શુકસ્વામી સાથે યુદ્ધ કર."** જ્યાં સ્વામીનું નામ લીધું ત્યાં તે કહેવા લાગી કે **"હું તમારા સત્સંગીને નડતી નથી. માટે મને આપનાં ચરણારવિંદ અને પ્રસાદી આપો, તેથી હું ચાલી જાઉં."**

શુકસ્વામીનું નામ લીધું એટલે એ બોલી કે 'હું સત્સંગીને નડતી નથી.' આનો અર્થ એ થાય કે **સ્વામી જેવા જે સરળ, નિર્માની અને મોટાની મરજીમાં રહેનારા હોય તેનું ઈર્ષ્યા નામ ન લે.** બાકી તો આ વિશ્વમાં સારા સારાને ઈર્ષ્યા ભરખી ગઈ છે. ઉધઈ જેવી ઈર્ષ્યાએ અનેકને બોદા કરી નાંખ્યા છે. નિર્વિકારાનંદ, નિર્વિકલ્પાનંદ કે જીવા ખાચર

જેવા પ્રગટ પ્રભુને સેવનારા હોય, છતાં ઈર્ષ્યા તેને છોડે નહીં. માટે ઈર્ષ્યાથી બચવું હોય તો શુકસ્વામી જેવી સરળતા કેળવવી. સ્વામીનું નામ સાંભળતાં જ ઈર્ષ્યાએ પરાજય સ્વીકારી લીધો. પછી મહારાજે તેને ચરણારવિંદ તથા પ્રસાદી આપી એટલે ઈર્ષ્યા જતી રહી.

દોહા : **ઈર્ષ્યા વિશ્વવ્યાપી છે, સહુનાં બાળે હૃદય;**
શુકમુનિ જેવા સેવકને, ક્યારેય નડે નય...૮૫
દાસત્વનો મહિમા અતિ, આથી આવે જણાય;
શુકમુનિ કેવા દાસ હશે, કેવું બળ હશે સદાય...૮૬
પ્રગટ પ્રભુના બળ વિના, દોષો નહિ જીતાય;
સાચા દાસ થઈ રહીએ, સહેજે જીતાય જાય...૮૭

સહેજે સહેજે કામ, ક્રોધ, લોભ, મદ, મોહ તથા ઈર્ષ્યાદિક શત્રુઓને જીતવા હોય તો સાચા સેવક થવું, દાસ થવું. **જેટલું જેનું અહં ઓછું તેટલા તેને અંતઃશત્રુ ઓછા પીડે અને જેને અહં વધારે હોય તેને તો આ દોષો રાડ્ય પડાવી દે.** કેમ જે, દોષોને અહંકારી વ્યક્તિમાં રમવાની મઝા આવે છે. કામાદિક દોષો તો દાસત્વથી જ ભાગે છે. સ્વામી દાસત્વની સાક્ષાત મૂર્તિ હતા. તેથી ઈર્ષ્યા તેને અડી જ નહીં.

પછી મહારાજ કહે, **"શુકસ્વામી તમારે તો કાંઈ મહેનત જ ન પડી."** ત્યારે સ્વામી કહે, **"હે મહારાજ ! હું તો તમારે શરણે છું. જે આપને શરણે જ રહે તેને મહેનત ન પડે અને મોજ મળે."** તેથી મહારાજ બે ઘડી હસીને કહે, **"વગર મહેનતે મોજ મળે..?!"**

ત્યારે સ્વામી કહે, "મહેનત કરીને તો આખું જગત મોજ લે છે, પણ જે ખરા સેવક હોય તેને વગર મહેનતે મોજ મળે છે. હું તો આપનો શરણાગત છું, સેવક છું." આવું તેમનું પ્રગટનું બળ જોઈ મહારાજ અતિ રાજી થયા, ભાવથી ભેટી પડ્યા. પછી પ્રસન્ન થઈને શ્રીહરિ કહે, "સ્વામી ! જે માગવું હોય તે માગો."

સ્વામી કહે, **"હે મહારાજ ! જે માગવાનું હોય તે તો આપ પ્રગટ પ્રમાણ મળ્યા છો. અને હું રાત-દિવસ આપનાં ચરણની સેવા કરું છું. વળી, તમે કહો છો કે તું મારી ભુજા છો. એથી વિશેષ શું માગું..?! પણ મારી પાસે પૂજવા માટે આપનાં ચરણારવિંદ નથી, તો તે આપો."** કેવા સમજુ અને ડાહ્યા છે ?! દાસત્વભક્તિ દૃઢ થાય એવું જ માગ્યું.

પછી મહારાજે રાજી થઈ પોતા પાસે બે ચોફાળમાં ચરણારવિંદ પાડેલાં હતાં, તે બેય ચોફાળ આપ્યા. કોઈ ઊંધા માથે વર્ષો સુધી તપ કરીને મરી જાય તોય પ્રભુ આવા પ્રસન્ન ન થાય. શ્રીહરિની આવી પ્રસન્નતા સ્વબળ કે સાધનબળથી નહિ પરંતુ દાસત્વના બળથી મળે છે. **જેમાં નખશિખ દાસત્વ નીતરતું હોય તેને પ્રભુ દર્શન દે છે, રાજીપો વરસાવે છે અને અનેકના આદર્શ બનાવે છે.**

આ પ્રસંગ આપણા અંતરમાં અજવાળું કરે એવો છે. સાચો રસ્તો બતાવે એવો છે. માટે વારંવાર વાંચીને, વિચાર કરી અંતરમાં ઉતારવો. શ્રીહરિએ સ્વામીને ચરણારવિંદ આપ્યાં ત્યાં ઝમકુબા થાળ લઈને આવ્યાં. તે મહારાજ જમ્યા અને ચળું કરી પ્રસાદી શુકમુનિ તથા દાદા ખાચરને આપી. પછી સહુ સંતોને પોતે પીરસીને જમાડ્યા.

(સંદર્ભ : શ્રીહ.ચ.ચિં.૨/૪૩-૪૯)

શુકસ્વામીનાં દર્શન થતાં જ ઈર્ષ્યાને સદ્‌મતિ જાગી એટલે તે એમ બોલી કે **'હું તમારા આશ્રિતને નડતી નથી. મને પ્રસાદી આપો તેથી હું ચાલી જાઉં.'** આ શુકસ્વામીની સરળતા, નિર્માનીતા અને સાધુતાની શક્તિ છે. નહિ તો આ દુનિયામાં ઈર્ષ્યાની દુષ્ટતાનો કોઈ પાર આવે તેમ નથી. પરંતુ જે સાચા અર્થમાં સેવકના સેવક બનીને રહે, શરણાગત થઈને રહે, શ્રીહરિ અને મોટા સંતને આશરે રહે તેને માયા નડતી નથી.

શ્રીહરિ વ.લો.૧૦માં કહે છે જે, **“જેને ભગવાનનું માહાત્મ્ય સારી પેઠે સમજીને અતિશય દૃઢ ભગવાનનો આશરો થયો હોય, તેને તો અંતઃકરણરૂપ માયા છે તે દુઃખ દેતી નથી; અને જેને એવા આશ્રયમાં ફેર હોય તેને દુઃખ દે છે. જેમ કાચો સત્સંગી હોય તો તેને કુસંગી હોય તે ડગાવવાનો આગ્રહ કરે, પણ જે પાકો સત્સંગી હોય તેને ડગાવ્યાની કોઈ લાલચ રાખે નહિ અને તેને સાંભળતાં કોઈ સત્સંગનું ઘસાતું બોલી શકે નહીં. તેમ જેને એવો પરિપક્વ પરમેશ્વરનો આશરો થયો છે, તેને ડગાવ્યાની લાલચ અંતઃકરણરૂપ માયા રાખે નહિ અને સામી તેની ભક્તિમાં પુષ્ટિ કરવા લાગે.”**

માયા પણ ભક્તિમાર્ગમાં પુષ્ટિ કરે અને પગમાં પડી મદદ કરે. આ વાત શુકસ્વામીના જીવનના આ પ્રસંગથી જણાઈ આવે છે. આપણે પણ જો સ્વામી જેવા શ્રીહરિના દૃઢ આશ્રિત થઈએ; મનમુખીપણું મૂકીને દાસના દાસ થઈને રહીએ; કર્તાપણાનો અને સ્વતંત્રપણાનો ભ્રમ ટાળીએ; ‘હું કરું છું. મારે કરવું છે.’ આમ બીજાને બતાવી દેવાની ઇચ્છા છોડી દઈએ, તો આવા દોષોથી તત્કાળ બચાય. અને આ કહ્યું તેમ ન કરીએ તો જરૂર અંતઃશત્રુનો માર ખાવો પડે.

ઈર્ષ્યાની દુષ્ટતા વર્ણવતાં નિષ્કુળાનંદસ્વામી **વચનવિધિ ક.૨૪**માં કહે છે,

ઢાળ : **ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાની ભૂલ;**
અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ.
ત્રાજું લઈ બેસે તોળવા, સહુનો કાઢવા સમાર;
બીજા થકી વળી બમણો, ભાળે પોતામાં ભાર.
એવી અભાગણી ઈર્ષ્યા, જેને ગુરુ સંતની ગણતી નહિ;
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષ્યા કરે છે રહી.
હરિજનને હાણ હંમેશે, ઈર્ષ્યા કરે છે ઉર તણી;
નિષ્કુળાનંદ કહે નિત્ય પ્રત્યે, ખાટ્ય નથી છે ખોટ્ય ઘણી.

ઈર્ષ્યાવાળાને ગુરુ કે સંતની કોઈ ગણતરી હોતી નથી. તે તો બધાયની સામો થાય અને અમાપ એવા મહારાજ કે મોટા સંતોને માપવા જાય; પછી બહુ હેરાન થાય. જે આવા દોષોને જીવનમાં સાચવી, તેનો પક્ષ રાખી, સંતો-ભક્તોનો અભાવ-અવગુણ લે છે તેની જરૂર અધોગતિ થાય છે. આ વાત આજ સમજો કે કરોડો જન્મે સમજો, પણ સમજે જ છૂટકો છે. માટે **અંતઃશત્રુઓ સાથે વેર બાંધવું અને સદા સંતો-ભક્તોના પક્ષમાં જ રહેવું, એમાં જ ફાયદો છે.** પોતાના સ્વભાવો, વાસના, ઈર્ષ્યા કે દોષોને ક્યારેય હિતકારી માનીને સંઘરવા નહીં. કેમ જે, એમાંથી અંતે આપણો જ વિનાશ થાય છે.

જે શુકમુનિની જેમ સાચા હૃદયથી શરણે થાય છે અને કેવળ પ્રગટ શ્રીહરિ કે પ્રગટ સંતોનું જ બળ રાખે છે, તેને આવા વિચિત્ર ઈર્ષ્યાદિક દોષો વિના સાધને જીતાઈ જાય છે; એટલો આ પ્રસંગનો સાર છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિએ ઈર્ષ્યાનો પરાજય કર્યો' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

પ્રસન્નતા, પ્રસાદ અને ધ્યાનનો મહિમા

સ્વામીના સદ્‌ગુણોની પ્રશંસા કરતાં રઘુવીરજી મહારાજ દુર્ગપુર-માહાત્મ્ય અ.૩માં કહે છે કે, 'શુકમુનિ અખંડ શ્રીહરિની સમીપે રહેતા; અનુવૃત્તિમાં રહીને નિત્ય શ્રીહરિની સેવા કરતા હતા; સર્વે સાધુઓમાં શ્રેષ્ઠ હતા; ધર્મ, જ્ઞાન અને વૈરાગ્યાદિક સાધુતાના સર્વે ગુણે યુક્ત હતા. વળી, શ્રીહરિની કૃપાનું પાત્ર હતા.'

તેમના આવા અનેક સદ્‌ગુણો જોઈને શ્રીહરિ તેમની ઉપર સદાય પ્રસન્ન રહેતા અને પોતાના અંતરનો અભિપ્રાય હેતથી કહેતા. શુકસ્વામી

આવા મહાન હતા. શ્રીહરિને પોતાના હૃદયની વાત સ્વામીને કહેતાં ક્યારેય ખચકાટ થયો નથી. કેવું મહારાજ સાથે હૈયું મળી ગયું હશે ?!

વળી, દુર્ગપુરમાહાત્મ્યના અ.૭૮માં લખ્યું છે કે, ગઢપુરમાં જ્યારે જૂનાગઢના શિલ્પી નારાયણજીભાઈ સુતાર ગોપીનાથજી મહારાજની મૂર્તિ બનાવતા, ત્યારે મહારાજ શુકસ્વામી પાસે ભાગવતાદિક ગ્રંથની કથા વંચાવતા હતા. એક દિવસ મહારાજે અતિ પ્રેમથી પોતાની પ્રસાદીનો થાળ શુકસ્વામીને આપ્યો. તથા પોતાનાં શરીર પર ધારવાના જે સર્વે વસ્ત્રો તે બધા જ સ્વામીને આપ્યા અને અતિ પ્રેમમગ્ન થઈ બાથમાં લઈને ભેટ્યા. પછી સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં.

આટલો રાજીપો વરસાવ્યા બાદ શુકસ્વામીની પ્રશંસા કરતાં મહારાજ દાદા ખાચર વગેરે ભક્તોને કહે, **“આ સંત બહુ સારા છે, અને અમારા હાથ તુલ્ય છે. જેમણે વ્યાસપુત્ર શુકદેવજીનાં દર્શન ન કર્યાં હોય તેમણે આ શુકમુનિનાં દર્શન કરવાં. આ શુકમુનિમાં તે શુકદેવજી જેવા જ અનેક સદ્‌ગુણો છે.”**

એમ કહી સભામાં જ પોતાના અંતરનું રહસ્ય સમજાવતાં મહારાજ કહે, **“હે શુકસ્વામી ! હું જ સર્વે અવતારોનું કારણ છું. મારી મૂર્તિ સર્વોપરી વર્તે છે. મારી તુલ્ય બીજું કોઈ નથી. માટે સુંદર ચિહ્ન અને અવયવોથી યુક્ત તથા અલૌકિક શક્તિએ યુક્ત મારી આ મૂર્તિને તમે હૃદયમાં ધારો.”**

મહારાજે આમ કહ્યું એટલે સ્વામીએ સર્વ ચિહ્ન તથા અવયવોએ સહિત મહારાજની સંપૂર્ણ મનોહર મૂર્તિ પોતાના હૃદયમાં ધારી. તે જોઈ મહારાજ અતિ રાજી થયા. પછી સહુને કહ્યું, **“હે ભક્તો ! સાધુઓમાં શ્રેષ્ઠ આ શુકસ્વામી ઉપર હું અતિ રાજી થયો છું.**

साधनानां हि मन्मूर्तेर्ध्यानरूपं हि साधनम् ।
साधनानां समग्राणां श्रेष्ठमस्त्यशुभापहम् ॥३६॥

આ મારી મૂર્તિનું ધ્યાન કરવું તે સર્વે સાધનોમાં શ્રેષ્ઠ સાધન છે. અને તે સર્વ પાપોનો નાશ કરનારું છે. જેમ અરીઠાથી પાણીનો મેલ કપાય છે, તેમ આ મારી મૂર્તિના ધ્યાનથી ચિત્તનો મેલ નષ્ટ થાય છે, અંતર શુદ્ધ થાય છે. જેમ દાવાનળથી દાઝેલો હાથી ગંગાના પ્રવાહમાં પડે ત્યારે તેને શાંતિ થાય છે, તેમ **કામાદિક અંતઃશત્રુરૂપ અગ્નિથી દાઝેલું અને પીડાતું મન મારું ધ્યાન કરવાથી અતિ શાંત થાય છે.** વળી, પૂર્વે ધ્રુવ, પ્રહલાદ વગેરે બીજા ભક્તોએ સર્વથા દુષ્પ્રાપ્ય એવા ભગવાનને ધ્યાનથી તત્કાળ પ્રસન્ન કર્યા હતા. માટે મને અત્યંત પ્રસન્ન કરવા ઈચ્છતા ભક્તોએ નિરંતર મારી મંગલમૂર્તિનું ધ્યાન કરવું. કેમ જે,

ध्यानेन मेऽतिपुण्येन, कोटिजन्माऽघपञ्जरम् ।।
भिद्यते शतधा शैलो, वज्रघातादिव द्रुतम् ।।४३।।

ऊर्ध्वज्वालो मरुद्युक्तो, वह्निः कक्षं यथाऽखिलम् ।।
दहत्यघं तथाऽशेषं, ध्यायतां मामहं विभुः ।।४४।।

प्रायश्चितेषु सर्वेषु, ध्यानं मे वै विशिष्यते ।।
तस्मात्सर्वप्रयत्नेन, शुद्धिकामो हि मां स्मरेत् ।।४७।।

જેમ ઈન્દ્રનું વજ્ર પર્વતના સેંકડો ટુકડા કરી નાંખે છે, તેમ મારા ધ્યાનરૂપી પાવન કરનારું શસ્ત્ર કોટિ જન્મના પાપરૂપ પાંજરાને તોડી નાંખે છે. વળી, જેમ વાયુએ યુક્ત ઊંચી જ્વાળાવાળો અગ્નિ સૂકા ઘાસવાળા સમગ્ર વનને બાળી દે છે, તેમ મારું ધ્યાન કરનારના સર્વે અશુભ કર્મોને મહાસમર્થ એવો હું નાશ કરું છું. તમામ પ્રકારનાં પ્રાયશ્ચિતોમાં મારું ધ્યાન વિશિષ્ટ મહત્વપૂર્ણ છે. માટે જેને શુદ્ધિની ઈચ્છા હોય તેણે હંમેશાં તત્પર થઈને મારું ધ્યાન ધરવું. જે મનુષ્ય મારા સ્વરૂપનું પ્રેમથી નિરંતર ધ્યાન કરે છે, તે તત્કાળ પાપના પૂંજથી છૂટી મહાપવિત્ર થાય છે. માટે **હાલતાં, ચાલતાં, સૂતાં, જાગતાં, પવિત્ર દેહે કે અપવિત્ર દેહે, ધર્મપુત્ર એવા મારું અખંડ ધ્યાન કરવું.**

ध्यानवांश्चिन्तनाच्छ्रान्तो, जपेन्मन्त्रं शुभं हि मे ॥
चिन्तयेन्मां जपाच्छ्रान्तः, तेन तुष्याम्यहं द्रुतम् ॥५०॥
ब्रह्माहं परमं ब्रह्म, श्रीहरिर्मेऽस्त्यधीश्वरः ॥
हृद्येवं भावयन्नित्यं, ध्यायेन्मां तत्त्वविन्मुदा ॥५१॥

ધ્યાન કરનારા ભક્ત ધ્યાન કરતાં કરતાં થાકી જાય તો મારો જપ કરવો અને જપ કરતાં કરતાં થાકે તો મારું ધ્યાન કરવું. આવી રીતે જે ધ્યાન તથા જપ કરે છે તેના ઉપર હું અતિ પ્રસન્ન થાઉં છું. વળી જેણે ધ્યાન કરવું હોય તેણે 'હું બ્રહ્મ છું અને પરબ્રહ્મ એવા શ્રીહરિજી મારા નિયામક છે.' એમ હૃદયમાં દૃઢ ભાવના રાખી આનંદપૂર્વક મારું ધ્યાન કરવું.

વળી, સુજ્ઞ મનુષ્યોએ ધ્યાતા જીવને ઓળખવો, ધ્યેય સ્વરૂપ પરમેશ્વરને ઓળખવા, ધ્યાનનું પ્રયોજન વિચારવું અને ધ્યાનનું સ્વરૂપ સમજવું. ત્યાર પછી યોગનો અભ્યાસ કરવો. કેમ જે, વેદોમાં યજ્ઞ કરતાં જપનો મહિમા વધારે કહ્યો છે. મંત્રજપ કરતાં સમજણને અધિક કહી છે. અને જ્ઞાન કરતાં પણ ધ્યાનને વધારે મહત્વ આપ્યું છે. ખુદ બ્રહ્માએ પણ કહ્યું છે કે, **'કોઈ મનુષ્ય સો વર્ષ વાયુભક્ષણ કરી એક પગે ઊભા રહી તપ કરે તે કરતાં પણ એકાગ્ર ચિત્તે ભગવાનનું ધ્યાન કરે તે શ્રેષ્ઠ છે."**

આવો ધ્યાન કર્યાનો મહિમા છે; તેમ છતાં આપણને ધ્યાન કરવાનો ઉત્સાહ રહેતો નથી. આ સત્સંગમાં કોઈક જ આવી રીતે ધ્યાન કરતા હોય છે. આવો મહિમા સાંભળીએ ત્યારે થોડા દિવસ ધ્યાન કરવાનું મન થાય, પાછું જે ક્રિયા કરતા હોઈએ તે મય થઈ જવાય છે. પણ શ્રીહરિએ વચનામૃતમાં ધ્યાન ઉપર ખૂબ વજન આપ્યું છે. મહારાજ કહેતાં કે, **વર્ષે, બે વર્ષે, પાંચ વર્ષે, સો વર્ષે પણ મૂર્તિ ન દેખાય તોપણ આવી રીતે ધ્યાન કર્યાનો અભ્યાસ મૂકવો નહીં. અને**

જે હિંમત રાખીને આવી રીતે ધ્યાન કરે છે તો તેના ઉપર પરમેશ્વરની મોટી કૃપા થાય છે. માટે હિંમત રાખી હરિવરને રાજી કરવા, હેતથી ધ્યાન કરવું.

सहस्रवाजिमेधेभ्यो, राजसूयशतात्तथा ॥
सहस्रपुण्डरीकेभ्यो, ध्यानिष्वावसतिर्वरा ॥५६॥
इत्थं मेऽसावभिप्रायो, मया सङ्कीर्तितः शुभः ॥
शुकानन्देऽतितुष्टेन, भूपाले चोत्तमाभिधे ॥५७॥

"કોઈ હજાર અશ્વમેઘ યજ્ઞ કરે, સો રાજસૂય યજ્ઞ કરે, હજાર પુંડરિક નામના યજ્ઞ કરે; તે કરતાં પણ આવા ધ્યાની ભક્તોનો સમાગમ કરવો તે શ્રેષ્ઠ છે." આ પ્રમાણે શ્રીહરિએ શુકસ્વામી અને દાદા ખાચરને અતિ પ્રસન્ન થઈ પોતાના અંતરનો અભિપ્રાય કહ્યો.

શ્રીહરિએ સ્વામીને કહ્યું તે રીતે સ્વામીએ શ્રીહરિની મૂર્તિનું તિલચિહ્ને સહિત ધ્યાન કર્યું એટલે અતિ રાજી થયેલા શ્રીહરિએ સ્વામીને પોતાનો હૃદ્ગત અભિપ્રાય કહ્યો. આપણે પણ આ પ્રસંગથી શ્રીહરિનું સ્મરણ અને ધ્યાન કરવાનો અભ્યાસ કરવો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'પ્રસન્નતા, પ્રસાદ અને ધ્યાનનો મહિમા કહ્યો' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

મહારાજે શુકસ્વામીને તપાડ્યા.

પૂર્વછાયો : **રાજીપો રળવા રાત દિ, શુકસ્વામી રે'તા તૈયાર;**
એની સહુ ક્રિયાનો હતો, માત્ર રાજીપો આધાર...૮૮

સ્વામીની દરેક ક્રિયાનું ઉત્થાન શ્રીહરિના રાજીપાના આલોચમાંથી થતું હતું. પ્રથમ મનમાં એમ ઈચ્છા થાય કે 'હું શું કરું તો શ્રીહરિ રાજી થાય ?' પછી જેમાં તેમને મહારાજનો તથા મોટાનો રાજીપો

દેખાય એવું તે કાર્ય કરતા હતા. સ્વાર્થ, માન, બીજાને દેખાડવાની ઈચ્છા કે અન્ય કોઈ લાલસા સ્વામીની ક્રિયાનું મૂળ હતું નહીં. દરેક વ્યક્તિના મનમાં આવી રાજીપાની ભૂખ હોતી નથી. થોડું ઘણું સારું કામ કરે એટલે તરત મનમાં એમ થાય કે 'બીજા મારા આ કાર્યની નોંધ લે તો સારું. મારું નામ આવે, મારી પ્રસિદ્ધિ થાય તો સારું.'

વળી, ઘણાને તો અંતરમાં ઉપસવાની ઈચ્છા હોય છતાં સત્સંગનું થોડુંક જ્ઞાન હોય એટલે ઉપરથી કહે, 'આને તમે જાહેર કરો તો બીજાને પ્રેરણા મળે.' આવી ઈચ્છાથી લોકો સારાં કામ કરતા હોય છે, પરંતુ અંતરમાં સ્વામીના જેવી માત્ર રાજીપાની તમન્ના હોતી નથી. **જ્યારે શુકાનંદસ્વામી જેવી આશય શુદ્ધિ થાય; એક રાજીપા માટે જ આપણા સર્વે શ્વાસો વપરાય, સર્વે ક્રિયાઓ થાય ત્યારે હરિ આપોઆપ પ્રસન્ન થઈ જાય છે. પ્રભુ આપણને પણ પોતાની પાસે રાખે.**

એક વખત માઘ માસ ચાલતો હતો. અતિ ઠંડી હતી. છતાં શુકસ્વામી સવારમાં વહેલા ઘેલે નાહીને શ્રીજીમહારાજ પાસે અક્ષર-ઓરડીમાં આવ્યા. ત્યારે સ્વામીની અવસ્થા નાની હતી. વળી ઠંડે પાણીએ નાહીને આવ્યા તેની ટાઢ બહુ ચડી હતી. તે જોઈ મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, "દાદા આ વળિયું શેણે જડી છે ?" દાદા ખાચર કહે, "હે મહારાજ ! ખીલાથી જડી છે."

મહારાજ કહે, "આ વળિયું નીસરે નહીં ? જો નીસરે તો હું તેનાથી આ સાધુને તપાડું." વળી મહારાજ બોલ્યા જે, "દાદા ! ખપાટ્યું નીસરે કે નહીં ? જો નીસરે તો હું આ સાધુને તપાડું." શ્રીહરિને સ્વામી પ્રત્યે કેવો સ્નેહ હતો ?! તે આ શબ્દો સૂચવે છે.

દોહા : **તપપ્રિય શ્રીહરિજીને, મુનિમાં કેવો પ્યાર;**
આ સાધુને તપાડીએ, એમ બોલ્યા વારવાર...૮૯

શ્રીહરિ બે-ચારવાર આવું બોલ્યા તે સાંભળી દાદા ખાચર દરબારમાં આવ્યા ને સુતારને બોલાવી એક મોટું જૂનું લાકડું પડ્યું

હતું, તેના કટકા કરાવી, એક મોટો ગોળો ફોડી તેમાં લાકડાનો તાપ કર્યો અને પોતાને હાથે ઉપાડી મહારાજ પાસે અક્ષરઓરડીમાં લાવ્યા. તે જોઈ મહારાજ બોલ્યા જે, “દાદા, તેં શાથી જાણ્યું ?” ત્યારે દાદા ખાચર કહે, “હે મહારાજ ! તમે કહેતા હતા જે આ વળિયું નીસરે તો સાધુને તપાડું. તેથી હું સમજી ગયો.” પછી મહારાજે શુકસ્વામીને તપાડ્યા ને પોતે પણ સગડીએ તાપવા બેઠા.

આવા સમયે ત્યાં સહુ સદ્‌ગુરુઓ આવ્યા. દાદા ખાચર તાપણી બનાવીને લાવ્યા તેથી મહારાજ તેમના ઉપર બહુ રાજી થયા, એટલે સંતોને દાદા ખાચરની શ્રદ્ધાની વાત કરી અને તેમને ખૂબ બિરદાવ્યા. શ્રીહરિએ કોઈને બિરદાવવામાં કે વખાણ કરવામાં ક્યારેય કંજૂસાઈ કરી નથી. માટે **જેની જે વિશેષતા હોય તે હેતથી કહેવી. એમાં જ આપણી ભલાઈ છે અને મોટાઈ છે.**

શ્રીહરિ સંતોને કહે, “સંતો ! આ દાદા ખાચર બહુ સાવધાન છે, ચતુર છે. એમને જરાક વાત કહી ત્યાં શુકમુનિને તપાડવા સગડી લઈ આવ્યા.” આમ, તકની થોડી સેવાથી દાદા ખાચર મોટો રાજીપો કમાયા હતા. અને શુકમુનિ પણ તક જોઈને સેવા કરતા, તેથી તેમના પર પણ પ્રભુ અનેકવાર રાજી થયા હતા. *(સંદર્ભ : અક્ષર.વાત.૩૬, ૬૦૯)*

દોહા : **સેવા તો જગમાં સહુ કરે, પણ તકે કરે તે મહાન;**
તક વિના સેવા ક્યારેક, ઊલટું કરે છે જ્યાન...૯૦
તકની સેવા કામ કરે, અપાવે આશીર્વાદ;
તક સેવા સૌના દિલમાં, સદાય રહે છે યાદ...૯૧
તક ઝડપતાં આવડે તો, તક કરી દે કામ;
મળી જાય થોડા યત્ને, જાણો જબરૂ ઈનામ...૯૨

તકની સેવાથી બધા રાજી થાય છે. તો મહારાજ અને મોટા રાજી થાય એમાં શું કહેવું ? તક ઝડપતાં આવડે તે ડાહ્યો કહેવાય. સંતો કહે છે, ‘**તકને આગળ વાળ અને પાછળ ટાલ હોય છે. આવતાં**

જ ઝડપી લો તો કામ થાય; નહીંતર પાછળથી પસ્તાવો જ થાય.' શિયાળાની કડકડતી ઠંડી હોય તે વખતે ધાબળો ઓઢાડે તો રાજી થાય, પણ ઉનાળાના ધોમધખતા તાપમાં ધાબળો ઓઢાડે તો રાજીપો ન મળે.

શ્રીહરિ ગઢપુરમાં નદીને કાંઠે સ્નાન કરીને બેઠા ત્યારે સંતો મહારાજના માથા ઉપર ઢાંકવા લાકડા સાથે ચાર છેડા બાંધી પછેડી તૈયાર કરવા લાગ્યા. તેમાં ત્રણ દોરી મળી અને એક ગોતતા હતા. ત્યાં બાજુમાં રાજકોટનો ભરવાડ ઊભો હતો તેણે કડિયાની કસ તોડીને આપી અને કહ્યું, 'લ્યો બાંધો.' તે જોઈ શ્રીહરિ બોલ્યા કે, **"આ ભરવાડ કડિયાની કસમાં અક્ષરધામ લઈ ગયો."** આમ, તક જોઈને સેવા કરે તો મોટું કામ થઈ જાય.

અમે નાના હતા. નરસંડામાં ભણતા હતા. ત્યારે પુસ્તક લેવાનો એકપણ પૈસો ન હતો અને પુસ્તકની ખૂબ જરૂર હતી. તે સમયે વલ્લભભાઈ વાનાણીના પિતા જેરામદાદા આવ્યા અને અમને સારા સાધુ જાણી પુસ્તક લેવા માટે હજાર રૂપિયા આપ્યા. તે આજ વીસ વર્ષે પણ ભુલાતા નથી. આમ તકની સેવાથી શ્રીહરિ અને સંતોનો ખૂબ રાજીપો મળે છે; પણ આળસુ કે અજ્ઞાની ક્યારેય આવેલી તકને ઝડપી શકતા નથી.

દોહા : **આળસુ ને જે અજ્ઞાની, શ્રદ્ધા વિનાના જન;**
બુદ્ધિ વિનાના હોય તે, તકનું કરે છે હનન...૯૩
અતિ ડાહ્યા ને હેતાળા, સમહિમ શ્રદ્ધાવાન;
તક ચૂકે નહિ કોઈ દિ, મેળવી લ્યે ભગવાન...૯૪
તકે રાજીપો રળી લે, તકે રહે સાવધાન;
એવા પ્રેમી ચતુર જનને, ઝટ મળે ભગવાન...૯૫

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'મહારાજે શુકસ્વામીને તપાડ્યા અને તકની સેવાની મહત્તા કહી' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

શુકસ્વામીની પૂજાની વિશેષતા

એક વખત શુકસ્વામી પોતે પૂજા કરવા બેઠા હતા. અને પોતાનો બધો આહ્નિક વિધિ કરી રહ્યા પછી પૂજાનું વિસર્જન કર્યું. પણ પોતાના મનમાં અસંતોષ થયો કે મારે પૂજામાં કાંઈક વિધિ બાકી રહ્યો જણાય છે. તેથી બીજી વાર પૂજા પધરાવીને પોતાનો વિધિ એટલે દંડવત, પ્રદક્ષિણા, સંધ્યાગાયત્રી વગેરે કર્યાં. પહેલી ફેરે સ્વામી દંડવત કરવાનું ભૂલી ગયા હતા. પૂજામાં એક વિધિ ભુલાઈ ગયો તો આખી પૂજા ફરીથી કરી. કેવો તેમને પૂજા કરવામાં રસ આવતો હશે..?! અને તેમને પૂજા કરવામાં કેવી શ્રદ્ધા અને આસ્તિક્તા હશે..?! વળી, સ્વામી જ્યારે પૂજા કરવા બેસે ત્યારે **'વંદું સહજાનંદ રસરૂપ, અનુપમ સારને રે લોલ...'** એ કીર્તન બોલતા હતા. એવું જૂના સંતો કહેતા હતા.

(સંદર્ભ : અક્ષર.વાત.૬૧૦)

દોહા : **પૂજા વિધિવત્ કરતા, લેતા સંપૂર્ણ સુખ;**
એમાં ઓછું જો જણાય તો, અંતરે રહેતું અસુખ...૯૬
એવું પૂજાનું અંગ હતું, શુકમુનિને સદાય;
કીર્તન ગવરાવે ભાવથી, પૂજામાં નિમગ્ન થાય...૯૭

ઘણા ભક્તોને માનસીનું અંગ હોય તેથી માનસીપૂજામાં જરાય ઓછું સુખ આવે તો એને શાંતિ ન થાય, વ્યવસ્થિત માનસીપૂજા થાય તો જ તૃપ્તિનો ઓડકાર આવે. ઘણાને પ્રત્યક્ષપૂજાનું અંગ હોય, તેથી શાંતિથી પ્રત્યક્ષપૂજા થાય તો જ તૃપ્તિનો ઓડકાર આવે. ઘણાને ધ્યાન, ભજન કે માળાનું અંગ હોય એટલે શાંતિથી ધ્યાન કે માળા કરે ત્યારે જ અંતરમાં ટાઢું થાય. ઘણા ભક્તોને સેવા, કથા, વાર્તા કે કીર્તનનાં અંગ હોય, તે થાય ત્યારે જ તેને મઝા આવે.

આ સત્સંગ દિવ્ય છે. આમાં અનેક પ્રકારના અંગવાળા ભક્તો

હોય; પરંતુ આપણે આપણું કયું અંગ છે તે ઓળખવું અને પ્રત્યક્ષપૂજા, માનસીપૂજા, સેવા, કથા, કીર્તન આદિ જે કરવાથી અંતરમાં શાંતિ થતી હોય તે ક્રિયા કરી રોજ ભગવાનનું સુખ ભોગવી લેવું. **જે નિત્ય એકવાર ભગવાનના સુખમાં પોતાના આત્માને ઝબોળે છે તેને આખો દિવસ આનંદ રહે છે. સંસારના કે કુટુંબીઓનાં ન્યાય-અન્યાયનાં વાક્યો કે માન-અપમાનના પ્રસંગે તે તમોગુણ કે ક્રોધાદિક દોષોથી બચી શકે છે.**

સ્ત્રી પરણીને પોતાના માતા, પિતા તથા કુટુંબીઓ છોડીને પતિ સાથે સાસરે જાય પછી તેને તેના પતિનું સુખ જ ન મળે તો વાતની વાતમાં ડખા થાય, જેમ તેમ બોલાઈ જવાય અને છેવટે છૂટાછેડા પણ થાય. તેમ આપણે શ્રીહરિને શરણે ગયા એટલે પુરુષોત્તમનારાયણ એ આપણા ધણી કહેવાય, આપણા પ્રિયવર કહેવાય; આ આપણા પતિ પ્રભુજીનું આપણે સુખ લઈએ જ નહિ, તો અંતરમાં અજંપો રહે. પછી અનેક પ્રકારની અથડામણ રહ્યા કરે. માટે બીજું અંગ હોય કે ન હોય તે બહુ મહત્વનું નથી, પરંતુ **દરેક મુમુક્ષુઓને ભજનનું અંગ તો હોવું જ જોઈએ, અર્થાત્ મૂર્તિનું સુખ ભોગવવાનું અંગ તો હોવું જ જોઈએ.**

શુકસ્વામીને કેવું સરસ પૂજાનું અંગ હતું ! વળી, પૂજા પ્રસંગે કેવાં મૂર્તિના અંગનાં પદો બોલાવતા ! માટે આપણે પણ આ પ્રસંગથી સ્વામીની જેમ પ્રેમમગ્ન બની પૂજા કરવી. અને નિત્ય એક વાર તો કથા-કીર્તનના માધ્યમે હૈયાને હરિવરના આનંદમાં ગરકાવ કરવું જ; તો અંતર ટાઢું રહેશે. શુકસ્વામી કાયમ આવું ભજન કરી લેતા હતા.

દોહા : **આ રીતે હરિને ભજતા, રહેતા હરિમાં સમાય;**
અંતર્યામી જણાવતા, અગમ વાતો સદાય...૯૮

એક વખત શુકસ્વામી મહુવા પધાર્યા. ને ત્યાંથી કુંડલા પાસે ગામ ઝીંઝોડા પધાર્યા. ત્યાં બ્રાહ્મણ પાસે રસોઈ કરાવી હતી. પછી સંતોએ જ્યારે રસોઈની પ્રસાદી હરિભક્તોને આપવા માંડી ત્યારે સ્વામી બોલ્યા

જે, "હમણાં પ્રસાદી આપશો નહિ. **મહુવાના હરિજનો અહીં દર્શને આવે છે." એમ સ્વામીએ અંતર્યામીપણે વાત કરી.** પછી થોડી વાર થઈ ત્યાં મહુવાના ખીમો શેઠ વિગેરે ગામ ઝીંઝોડે આવ્યા. પછી તે સૌને જમાડ્યા. પછી વધેલી પ્રસાદી રસોઈવાળાના ઘરે મોકલાવી દીધી.

દોહા : **શ્રીહરિના પ્રતાપથી, સંત અંતર્યામી થાય;**
હરિ ઈચ્છાથી ભવિષ્યનું, ઝટ તે જાણી જાય...૯૯
વિશ્વાસી જનને મનાય છે, બીજાને રહે સંશય;
વિશ્વાસી ખાટી જાય છે, બીજાને મળે ન કંય...૧૦૦

વિશ્વાસ આધ્યાત્મિક માર્ગનો શ્વાસ છે, ઓક્સિજન છે. આ માર્ગમાં તો વિશ્વાસી જ હંમેશાં ખાટી જાય છે. **આધ્યાત્મિક માર્ગનો તમામ લાભ મહિમાવાળા અને વિશ્વાસી ભક્તને જ મળે છે.** માટે આપણે પણ આવો વિશ્વાસ કેળવવો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકસ્વામીની પૂજાની વિશેષતા કહી' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

શ્રીહરિએ સ્વામી પાસે મોક્ષ સુધારવાનો પત્ર લખાવ્યો

સં.૧૮૭૩ના ભાદરવા સુદ એકાદશીને દિવસે ગઢપુરમાં ભક્તિ-બાગમાં હરમાના વૃક્ષ નીચે બેસીને મહારાજે શુકમુનિ પાસે ખગોળ-ભૂગોળની રચના તથા મનુષ્યદેહની દુર્લભતા વર્ણવતો પત્ર લખાવ્યો. આ પત્ર સત્સંગમાં પ્રસિદ્ધ છે. ખગોળ-ભૂગોળના વચનામૃત તરીકે સહુ તેને ઓળખે છે. દરેક મુમુક્ષુઓને આ પત્ર ખૂબ વાંચવા જેવો, વાગોળવા જેવો અને સમજવા જેવો છે. હરિલીલામૃતના ૬ કળશના ૧૨ વિશ્રામમાં પણ આ પત્રને વણી લેવામાં આવ્યો છે. તેમાં શ્રીહરિ શુકસ્વામીને કહે છે કે, **'જે મનુષ્યજન્મ પામીને મોક્ષ નથી કરતો તેને સત્પુરુષ અને સત્શાસ્ત્રો મોટો મૂર્ખ ગણે છે.'**

પૂર્વછાયો : **શ્રીજી કહે શુકાનંદને, જન જન્મ પામીને જેહ;**
ઉપાય ન કરે મોક્ષનો, મોટો મૂરખ ગણવો તેહ.

ચોપાઈ : **વ્યાવહારિક કામમાં ડાહ્યો, ભલે લોકમાં ચતુર ગણાયો;**
ધરે બુદ્ધિનું બહુ અભિમાન, પણ જો ન ભજે ભગવાન.
સત્પુરુષ ને સચ્છાસ્ત્ર જે છે, તે તો તેવાને મૂરખ ગણે છે;
ભલે હોય તે માણસ મોટો, પણ તરખલાથી છેક છોટો.
સુખ વિષયનાં સ્વપ્ન સમાન, સ્વપ્ન જેવાં જ મોટપ માન;
ખોઈ આવરદા એવા માટે, જેમ રાખ લે સુવર્ણ સાટે.
તેથી મોટી તે શી મૂરખાઈ, ધિક ધિક તેની ચતુરાઈ;
વલોવ્યું લેવા માખણ વારી, પીધું ઝેરને અમૃત ધારી.
સત્ય પોતાનો અર્થ ન સાર્યો, તે તો જાણવો આત્મહત્યારો;
મોક્ષક્ષેત્રમાં જનઅવતાર, ઘણે કાળે મળે બીજીવાર.

કોઈ જગતમાં મોટો કહેવાતો હોય; વ્યવહારમાં ડાહ્યો તથા સમૃદ્ધિવાન ગણાતો હોય, પરંતુ પોતાના મોક્ષની વાતને ન સમજે તો તે તણખલા જેવો છે. જે પોતાના મોક્ષને બગાડે તેની બુદ્ધિને, સમજણને, સંપત્તિને, ગુણોને, કળાને તથા મનુષ્યજન્મને ધિક્કાર છે. વિષયસુખ તો કૂતરા, ગધેડા આદિક તમામને મળે છે, તે કાંઈ દુર્લભ નથી. દુર્લભ તો મનુષ્યદેહ, સાચી મુમુક્ષુતા, સત્સંગ અને પ્રભુની પ્રાપ્તિ થાય એ છે. માટે ડાહ્યા માણસોએ પ્રભુ ભજી લેવા અને મોક્ષ સુધારી લેવો.

શ્રીહરિ વચનામૃત ગ.પ્ર.૫૦માં કહે છે, **"જે કલ્યાણને અર્થે જતન કરે છે ને તેની બુદ્ધિ થોડી છે તોપણ તે કુશાગ્રબુદ્ધિવાળો છે.** અને જે જગત-વ્યવહારની કોરે સાવધાન થઈને મંડ્યો છે ને તેની બુદ્ધિ અતિ ઝીણી છે તોપણ તે જાડી બુદ્ધિવાળો છે...**અને જે ભગવાનના ભક્ત છે તેની બુદ્ધિ તો તે વિષયભોગને વિશે અંધકારે યુક્ત વર્તે છે, કહેતાં તે વિષયને ભોગવતા નથી. માટે એવી રીતે જે પોતાના**

કલ્યાણને અર્થે સાવધાનપણે વર્તે છે, તે જ કુશાગ્રબુદ્ધિવાળા છે અને તે વિના તો સર્વ મૂર્ખ છે." ટૂંકમાં પોતાનો મોક્ષ સુધારે તે મર્દ અને મોક્ષ બગાડે તે મૂર્ખ. આવાં અનેક પત્ર જીવના ભલા માટે શ્રીહરિએ શુકસ્વામી પાસે લખાવ્યાં છે.

વળી, સ્વામીની એ પણ વિશેષતા હતી; શું ? તો...

દોહા : **જીવની મૂંઝવણ ટાળતા, સચોટ દેતા ઉપાય;**
જેથી જીવનું સહજમાં, નિરવિઘ્ન કલ્યાણ થાય...૧૦૧

સ્વામી એવા બુદ્ધિશાળી હતા કે જે જેવો પ્રશ્ન કરે તેને તેવો સચોટ ઉત્તર આપતા હતા. શુકસ્વામી પાસે એક હરિભક્ત સમાગમ કરવા આવ્યો. થોડા દિવસ રોકાયો. સેવા-સમાગમ કર્યા; પરંતુ તેને નિરંતર પોતાનું ઘરવાળું સ્વપ્નામાં આવવા લાગ્યું. પછી તેણે સ્વામીને પૂછ્યું કે, "હે સ્વામી ! જ્યારે હું ઘરે હતો ત્યારે તમે સ્વપનામાં આવતા ને અહીં આવ્યો ત્યારે ઘરવાળી સ્વપનામાં આવે છે. માટે તમે કહો તેમ કરું ?" શુકસ્વામી કહે કે, "ઘરે જ રહે. કેમ જે, હું તો સ્વપ્નામાં આવું ! અને સંતો સ્વપનામાં આવે તો કલ્યાણ થાય. ને મારી પાસે રહે ને ઘરવાળી સ્વપનામાં આવે તે ઠીક નહીં. કેમ જે, તે કલ્યાણ બગાડે. માટે તું ઘરે જ રહે, એમાં જ તારો મોક્ષ છે."

(સંદર્ભ : અક્ષર.વાત.૬૦૮)

દોહા : **આપણા કલ્યાણ કારણે, જોઈએ હૃદયનો ભાવ;**
ભેળા રહેવાથી શું વળે, જો હોય હૈયે અભાવ...૧૦૨
મોટા પાસે સદા રહીએ, રાખીએ દિલનું હેત;
રાજીપો લઈએ તો ટળે, વાસના શત્રુ સમેત...૧૦૩

સંતોની ભેળા રહેતા હોઈએ, પરંતુ અંદરથી સંતોનો અભાવ અને પંચવિષયમાં ભાવ હોય તો કામ ન થાય. માટે મોટા સંત સાથે હૈયાનું હેત રાખવું. મન, કર્મ વચને તેમની સેવા કરવી ને હાથ જોડવા.

જેમ રહેવાથી અને જે કરવાથી તેઓ રાજી થતા હોય તેમ રહીએ તો તત્કાળ સર્વે વાસના તથા દોષો નાશ પામે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામી પાસે મોક્ષ સુધારવાનો પત્ર લખાવ્યો' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

શ્રીહરિએ શુકસ્વામીને ગોપાળાનંદસ્વામીનો મહિમા કહ્યો

દોહા : **શુકાનંદસ્વામીની ઉપરે, શ્રીહરિ રાજી અપાર;**
ઉપયોગી વાતુ કરતા, તકે જણાવી પ્યાર...૧૦૪
એક સમે ગઢપુરમાં, અક્ષરઓરડી મોજાર;
ગોપાળસ્વામીનો મહિમા, હરિએ કહ્યો અપાર...૧૦૫

શ્રીહરિને સ્વામી ઉપર અપાર હેત હતું. એટલે મોટા સંતોની ઓળખાણ શ્રીહરિ તેમને કરાવતા. એકવાર મહારાજ ગોપાળાનંદ સ્વામીની ઓળખાણ આપતાં કહે, **"હે શુકસ્વામી ! આ ગોપાળાનંદસ્વામી બહુ મોટા છે ને તે તો મૂર્તિમાન અક્ષર છે. તેમની મોટપ જેમ છે તેમ અમારાથી પણ કહેવાણી નહીં. કેમ જે, તેને આ લોકમાં બરોબરિયા ઘણા હોય, પણ છેલ્લા પ્રકરણના એકવીશમાં વચનામૃતમાં અમે એની જ મોટપ કહી છે ને સમ ખાઈને સર્વે મુક્તમાં એને જ મોટા કહ્યા છે. ને અમારી મરજી યથાર્થપણે એ જ જાણે છે.** માટે, તમે ગોપાળાનંદસ્વામી સાથે હેત રાખજો ને પૂછવું હોય તો હાથ જોડીને પૂછજો અને નિર્માનીપણે રહેજો." પછી મુક્તાનંદસ્વામીને પણ શ્રીહરિએ સ્વામીનો મહિમા કહ્યો હતો. *(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૬૦)*

દોહા : **આવું નજરે જોઈ સુણી, શુકાનંદજી અપાર;**
ગોપાળમુનિનો જાણતા, મહિમા હૈયા મોઝાર...૧૦૬

વળી ગોપાળાનંદસ્વામી કેવા હતા ? તો શુકસ્વામી કહે, **"સર્વ ક્રિયામાં નિરંતર મહારાજને જેવા અક્ષરધામમાં છે તેવા જ પ્રત્યક્ષ દેખતા. તથા જેમ ફાનસમાં દીવો દેખે તેમ સઘળા જીવો અને તેમાં રહેલા શ્રીપુરુષોત્તમનારાયણને પ્રત્યક્ષ દેખતા હતા.** છતાં પોતાના મુખે સ્વશ્લાઘા ક્યારેય કરતા નહોતા. **એક વખત બોલી ગયા હતા કે, 'હું આવી રીતે દેખું છું' એવા સમર્થ હતા."** આમ, શુકસ્વામી ગોપાળાનંદસ્વામીનો મહિમા પોતાના હૈયામાં ધારતા અને સહુને સમજાવતા. *(સંદર્ભ : અક્ષ.વા.૬૮૭, ૭૪૬)*

મહારાજને દેહ મૂકવા આડા બે-ત્રણ દિવસ રહ્યા, ત્યારે પોતે રાત્રિએ બોલ્યા જે, "મારી પાસે કોણ કોણ છે ?" ત્યારે શુકમુનિ કહે, "રતનજી બાપુ તથા મૂળજી બ્રહ્મચારી અને હું એ ત્રણ જણ છીએ." ત્યારે મહારાજે શુકમુનિને કહ્યું જે, "તમે જાઓ અને મુક્તાનંદસ્વામીને બોલાવી લાવો. બીજા કોઈને સાથે આવવા દેશો નહીં." પછી શુકમુનિ મુક્તાનંદસ્વામીને મહારાજ પાસે બોલાવી લાવ્યા.

પછી મહારાજ કહે, "અમે કહીએ તેમ કરશો ?" ત્યારે મુક્તાનંદ સ્વામી કહે, "હા મહારાજ, તમે જેમ કહેશો તેમ કરીશું. કેમ જે, અમને તમારો વિશ્વાસ છે. માટે જેની આજ્ઞામાં રાખશો તેની આજ્ઞામાં રહેશું." પછી મહારાજ મુક્તાનંદસ્વામીને કહે કે, "અમારા પગ ઝાલો." તેથી મુક્તાનંદસ્વામીએ મહારાજનાં ચરણારવિંદ ઝાલ્યાં. ત્યારે મહારાજ કહે, "હાથી તો નાંગળ્યા." પછી મહારાજે શુકમુનિને પૂછ્યું, "હું કહું તેમ કરશો ?" ત્યારે શુકમુનિ કાંઈ બોલ્યા નહીં.

પછી મહારાજ કહે કે, **"તમે સર્વે ગોપાળાનંદસ્વામીની આજ્ઞામાં રહેજો. અક્ષરધામમાં પણ એ સર્વેને વર્તાવે છે અને જે મૂળ અક્ષર છે તે જ એ સ્વયં છે."** ત્યારે શુકમુનિ કહે, "હે મહારાજ ! મેં પ્રથમ આવું જાણ્યું નહોતું અને હું તો ગોપાળાનંદસ્વામીનો જ સાધુ છું."

પછી મહારાજે મુક્તાનંદસ્વામીને કહ્યું જે, **"ગોપાળાનંદસ્વામી બહુ જ મોટા સાધુ છે. અક્ષરધામમાં પણ એ સર્વેને ધરી રહ્યા છે. એકરૂપે પુરુષોત્તમનો મહિમા સર્વેને કહે છે, એકરૂપે પુરુષોત્તમનારાયણની સેવામાં રહ્યા છે અને એકરૂપે અહીંયાં આવ્યા છે."**

ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા જે, "હે મહારાજ ! આ તો બહુ મોટા ! તે તમોએ આટલા દિવસ સુધી અમોને કેમ વાત કરી નહીં ?" ત્યારે મહારાજ કહે, "કેટલાક જૂના હોય તેને ઠીક ન પડે તે સારું મેં કહ્યું ન હતું, પણ ગોપાળાનંદસ્વામી તો બહુ મોટા સંત છે." તેથી જ્યારે મુક્તાનંદસ્વામી ધામમાં ગયા ત્યારે તેમણે પોતાના સર્વે સંતો ગોપાળાનંદસ્વામીને સોંપ્યા હતા. *(સંદર્ભ : અક્ષ.વા.૬૮૭, ૭૪૬)*

દોહા : **વાલો ગોપાળાનંદને, વખાણતા વારંવાર;**
સૌ સંતને સમજાવતા, સ્વામીનો મહિમા અપાર...૧૦૭
ગોપાળસ્વામીનો મહિમા, કહ્યો હતો હરિરાય;
તેથી શુકાનંદસ્વામીને, સ્વામીનો ભાર સદાય...૧૦૮
સર્વને ગોપાળસ્વામીમાં, શ્રીજી કરાવતા હેત;
પોતે જ કહેતા મહિમા, સદાય પ્રેમ સમેત...૧૦૯

શ્રીહરિએ શુકસ્વામીને અતિ હેતથી ગોપાળાનંદસ્વામીનો મહિમા કહ્યો હતો. તેથી શુકસ્વામી શ્રીહરિના દીક્ષિત હોવા છતાં આજીવન ગોપાળાનંદસ્વામીના શિષ્ય થઈને તથા દાસ થઈને રહ્યા હતા. શ્રીહરિના દાસ ગોપાળાનંદસ્વામી અને તેમના દાસ થઈને શુકમુનિ રહ્યા હતા. આ શીખવા જેવું છે. ક્યારેય સ્વામીએ એવો ધોખો નથી કર્યો કે, 'હું તમારા કરતાં મહારાજની ભેળો વધુ રહ્યો છું. મહારાજે મારી પાસે પોતાનાં રહસ્યો વધારે લખાવ્યાં છે.' શુકમુનિએ ગોપાળાનંદસ્વામી પાસે ક્યારેય આવું અહં રાખ્યું ન હતું. મહારાજે એકવાર કહ્યું, 'આ મોટા સંત છે. એમની આજ્ઞામાં રહેજો.' પછી પૂરું થઈ ગયું.

માટે આપણે પણ મહારાજ અને મોટા સંતનો મહિમા સમજી સેવકના સેવક બનીને રહીએ તો સહેજે માયા તરી જવાય. **જે મનગમતું મૂકી સંતગમતામાં રહે છે તેને માયા કશું કરી શકતી નથી.** માટે સદા ગરજુ બની, નિર્માની થઈ, મોટા સંતના વચનમાં વળગી રહેવું. ક્યારેય સત્સંગ છોડીને દૂર જવું નહીં, એમાં જ આપણું કલ્યાણ છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ શુકસ્વામીને ગોપાળાનંદસ્વામીનો મહિમા કહ્યો' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

મોટા સંત સાથે હેત રાખવાની અગત્યતા

જે સમૂહમાં રહે છે અને શુકસ્વામીની જેમ મોટા સંતો સાથે હેત રાખી પ્રભુનું સ્મરણ કરે છે; ધ્યાન કરે છે; કીર્તનભક્તિ કે કથાશ્રવણ કરે છે; તેના ઉપર શ્રીહરિ બહુ રાજી થાય છે. તેને જીવનમાં કાયમ કલ્યાણનું નવું નવું ભાથું મળતું રહે છે. અને આવો તેનો ખપ તથા નિર્માનીપણું જોઈને કોઈથી ન બંધાય એવા હરિ પણ બંધાઈ જાય છે. આવા કરુણાસાગર શ્રીહરિને અંતરથી ગળતા હૃદયે પ્રાર્થના કરીએ, 'હે નાથ ! અમને એવી પાત્રતા આપો.'

દોહા : **મનભાવન મહારાજની, મૂર્તિ મંગલરૂપ;**
સ્નેહે સંભારે જે જનો, તે થઈ જાય તદ્રૂપ...૧૧૦

મૂર્તિ સહુનું કારણ છે, મૂર્તિ સહુનું ધારણ;
મૂર્તિ માયા મારણ છે, મૂર્તિ જીવ તારણ...૧૧૧

મૂર્તિ સદા સર્વાધાર છે, છતાં એ અનાધાર;
મૂર્તિ સર્વ નિયામક છે, સર્વને સુખ દેનાર...૧૧૨

મૂર્તિ મુક્તોને પ્યારી છે, સ્નેહે રહ્યા સમાય;
મૂર્તિ જે જન હૈયે રાખે, તેને નડે નહિ કાંય...૧૧૩

મૂર્તિ સહુ મુક્તોમાં છે, સર્વત્ર હરિનો વાસ;
મૂર્તિ ધારી મહામુક્તને, શ્રીહરિ જ આવાસ...૧૧૪
મૂર્તિ સદા સંભારતા, સ્વામી શુકાનંદ;
મૂર્તિ ને મરજીમાં રહી, માણતા પરમાનંદ...૧૧૫

મૂર્તિ સર્વનો આધાર છે અને તેનો આધાર કોઈ નથી. માટે શ્રીહરિને સર્વાધાર થકા અનાધાર કહેવાય છે. આવી મૂર્તિમાં જેને પ્રેમ જાગે તેના કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, ઈર્ષ્યા, અદેખાઈ, રાગ-દ્વેષ, મારું-તારું, હું-તું, આ બધા જ દોષો ભાગે; જીવ પરમ સુખમાં ઝૂલતો થઈ જાય. માટે મુક્તો જેમ મૂર્તિમાં નિમગ્ન રહે છે અને મરજીમાં વહ્યા કરે છે, તેમ આપણે પણ શુકમુનિની જેમ મૂર્તિમાં અને મરજીમાં ડૂબેલા રહેવું.

દોહા : **જ્ઞાનજીવન આ મુક્તનું, સ્નેહે લખું આખ્યાન;**
દાસત્વની દઢતા થશે, સુણો થઈ સાવધાન...૧૧૬

મોક્ષનું મુખ્ય કારણ દાસત્વ છે. શુકસ્વામીની કથા આપણને દાસત્વભક્તિની દઢતા કરાવે છે. માટે સ્વામીના આ આખ્યાનમાંથી આપણે તેમના જેવું દાસપણું દઢ કરવું. એ ખાસ શીખવા જેવું છે.

એકવાર મહારાજે શુકમુનિને પૂછ્યું કે, “બધાય સંતોમાં તમને કોની સાથે વધારે હેત છે ?” ત્યારે તેમણે કહ્યું કે, “ગોપાળાનંદસ્વામી સંગાથે વધારે હેત છે.” તે સુણી મહારાજ અતિ રાજી થયા.

શ્રીહરિ સંતોને ક્યારેક આવું પૂછતા અને કોઈને કોઈ ખોટી જગ્યાએ હેત વધી ગયું હોય તો તેને ત્યાંથી ઓછું કરાવીને સાચા, સમજુ અને નિષ્ઠાવાન મોટા સંતોમાં હેત કરાવતા. ભગવાન આવું કરાવે ત્યારે પણ જે અભિમાની હોય અને જેણે જીવને પોતામાં જ જોડવો હોય એવાને દુઃખ લાગતું હતું. એને જ્યારે ખબર પડે કે હવે તે સંત કે ભક્ત મારા કરતાં તે સાધુને મોટા માને છે, શ્રેષ્ઠ માને છે

અને વિશેષ હેત રાખે છે, તો તેવાને ગમતું નહીં.

પ્રભુ તો જેનું જેમ હિત થાય તેમ કરતા હોય છે. માટે **મહારાજ જે કરે છે તે મારા માટે તથા સહુના માટે યોગ્ય છે, હિતકારી છે અને સ્વીકાર્ય છે, એમ માની ક્યારેય મૂંઝાવું નહીં.** એ જ રીતે મોટા સંત પણ જીવના કલ્યાણના શુદ્ધભાવથી કોઈ જીવ અવળી જગ્યાએ અહંમમત્વ કરી બેઠો હોય તો તેમને સાચું સમજાવતા હોય. તે સમયે પણ આપણે અહંને કારણે ગભરાવું કે મૂંઝાવું નહિ. એમાં જ આપણું હિત છે. **નિર્બંધતા નૌતમ નિધિ છે. નિર્બંધપણે એક જિંદગી જીવી નાખવી એ જ સાચી મર્દાનગી છે. જે નિર્બંધપણે ફરે તેને જ પ્રભુ વરે છે.** શ્રીહરિએ શુકસ્વામીને મોટા સંત સાથે જોડીને તેમનું ખૂબ હિત કર્યું હતું. તેને સ્વામી સમજતા હતા.

એક વખત દાદા ખાચરને મહારાજે પૂછ્યું, “કોની સાથે હેત રાખો છો ?” ત્યારે તે કહે, “ભજનાનંદસ્વામી સાથે.” એટલે શ્રીહરિએ મસ્તક ડોલાવીને કહ્યું, “ગોપાળાનંદસ્વામી જેવા મોટા સંતને મૂકીને ભજનાનંદમાં ક્યાં ભરાણા ?!” દાદા ખાચરને મહારાજમાં ખૂબ હેત હતું એટલે સાનમાં સમજી ગયા અને વાતને સવળી લીધી.

આમ કોઈ નિઃસ્વાર્થ સંત પણ પોતાના અંતરની સ્પષ્ટ વાત કહે તેને આપણે અવળી ન લેતાં સવળી લઈએ અને તે વાતનો દુરુપયોગ ન કરીએ તો તત્કાળ મહારાજ અને મોટા સંતની કૃપાનું પાત્ર બનીએ. આજ સુધી આ બાબતમાં શુકમુનિ તથા દાદા ખાચરની જેમ સવળું લે તેવા ઓછા જોવા મળ્યા છે. અને તેનું કારણ એ છે કે, આપણે નિખાલસ અને નિષ્કપટપણે મોટા સંતના થઈને જીવતા નથી. અને એટલે જ જન્મમરણ ચાલુ છે. જો એક જન્મ શુકસ્વામીની જેમ નિષ્કપટ થઈ મોટા સંતને સોંપાઈ જઈએ તો બેડો પાર થઈ જાય.

શુકમુનિ કહેતાં, “હું થોડું સારસ્વત વ્યાકરણ ભણ્યો હતો અને માત્ર ત્રણ કાવ્યો ભણ્યો હતો, પણ શ્રીહરિ તથા ગોપાળાનંદસ્વામી,

નિત્યાનંદસ્વામી તથા મૂળજી બ્રહ્મચારી વગેરે મોટા સંતોને બહુ રાજી કર્યા. તે બધાના રાજીપાને કારણે હું ઝાઝું ભણ્યો ન હતો છતાં મોટા ગ્રંથોની ટીકાઓ લખતો, સંસ્કૃત ગ્રંથોનું શોધન કરતો અને વિદ્વાનોને પણ પ્રશ્નોના જવાબ આપતો હતો.” *(સંદર્ભ : હરિપ્રિય.નો ચોપડો)*

દોહા : **રાજીપો કામ મોટું કરે, અશક્યનું કરે શક્ય;**
માટે મોટાનો રાજીપો, લેવો જોઈએ અવશ્ય...૧૧૭
શુકાનંદસ્વામીને હતો, સંતનો મહિમા અપાર;
ગોપાળાનંદસ્વામી વિશે, હતો અતિશય પ્યાર...૧૧૮

સ્વામીને ગોપાળાનંદસ્વામીમાં અતિશય હેત હતું. એનો અર્થ એ ન હતો કે તેમને મહારાજમાં હેત ન હતું, મહારાજમાં તો હેત હતું જ. **મોટા સંતમાં કરેલો પ્રેમ એ ભગવત્પ્રેમની પૂર્તિ ગણાય છે.** સંતો-ભક્તોમાં કરેલી પ્રીતિ તે સંસારી જેવી નથી, તેમાં શ્રીહરિનો સંબંધ છે. માટે તે અલૌકિક છે ને એ જ આધ્યાત્મિક માર્ગમાં આગળ વધવા માટે ઓક્સિજનરૂપ છે. ઘણા પોતાની મેળે થોડા-ઝાઝા ગ્રંથો વાંચીને કોઈના શિષ્ય ન થતાં સ્વયં ગુરુ બની જાય છે. પછી કહેતા હોય છે કે, ‘એક હરિમાં જ હેત રખાય. કોઈ સાધુમાં જોડાવાય નહીં.’ પરંતુ આ તેનું અહં છે, આછકલાઈ છે. આપણા મોટા મોટા સંતો તથા દાદા ખાચર, પર્વતભાઈ જેવા મોટા મોટા હરિભક્તો તો જે રીતે શુકસ્વામી જીવ્યા એ રીતે જ મોટા સંતો સાથે હેતથી જોડાયેલા રહેતા અને પ્રભુમાં પણ પ્રેમ કરતા હતા.

મહારાજ વચનામૃત ગ.પ્ર.૪૪માં કહે છે કે, **“સત્પુરુષનો જે પ્રસંગ છે એ જ પરમેશ્વરને વિશે દૃઢ પ્રીતિ થવાનું કારણ છે.” સંતસ્નેહી જ પ્રભુપ્રેમી બની શકે છે. જેને મોટા સંતમાં હેત નથી તેને હરિમાં પણ હેત થતું નથી.** અને તે દેખાવ કરતો હોય તોય તેમાં ઊંડાણ હોય નહીં. માટે શુકમુનિની જેમ મોટા સંતોમાં, મોટા ભક્તોમાં અતિશય

હેત રાખવું. તેનાથી કાંઈ ઉપાસનાનો ભંગ થતો નથી. **મોટા સંતોમાં થયેલો પ્રેમ તો પ્રભુપ્રીતિનો, આશ્રયનો અને ઉપાસનાનો પૂરક છે.**

દોહા : **શુકસ્વામી વાતો કરતા, જાણવા જેવી સદાય;**
વાતો તે જોઈએ જેથી, આપણે એવા થવાય...૧૧૯

સ્વામી વર્ષો સુધી શ્રીહરિની સાથે રહ્યા હતા. વળી તેમની યાદશક્તિ તથા પ્રતિભા અનોખી હતી. તેઓ મહારાજના અંતરના રહસ્યની ઘણી વાતો જાણતા હતા. વળી, જીવનમાં ક્યારેય ઠઠ્ઠામશ્કરી કે ફેલમાં સમય બગાડતા નહીં. સ્વામી ધીર, ગંભીર, અખંડ ભજનપ્રિય, સત્સંગપ્રિય અને પ્રભુપ્રેમી સંત હતા. તેઓ સહુને ખૂબ મનનીય વાતો કરતા હતા.

એક દિવસ શુકસ્વામીએ વાત કરી જે, "ભગવાન મળ્યા છે, પણ ખોટ રહી જાય છે." આ વાત સમજવા જેવી છે. પ્રગટ પ્રભુ મળે તેટલાથી પૂરું નથી થાતું. ભગવાન મળ્યા હોય છતાં ખોટ રહી જાય છે. તે કેમ ટળે ? તો જેને પ્રગટનો ખપ થાય તેની ખોટ ટળે છે. **ભગવાન આપણા કલ્યાણ માટે અવતાર ધરી અવનિ પર આવ્યા હોય, એવા મોટા સંતો પણ ધરતી પર હોય; પરંતુ તેનો ખપ ન હોય, ગરજ ન હોય તો ખોટ ન ટળે.** અને સમજ્યા વિના જો અવગુણ લઈએ તો મરીને ભૂત થવાય. તે મોટા સંતોની સાથે રહ્યા છતાં અપરાધે કરીને કેટલાય પોતાનું બગાડી બેઠા છે. માટે ખપ હોય તેની જ ખોટ ટળે છે.

તે ઉપર વિદ્યાર્થીનું દૃષ્ટાંત દીધું જે, "વિદ્યાર્થી જેમ વિદ્યા ભણવા જાય છે, તે વિદ્યાનો અભ્યાસ કરે ને શીખે ત્યારે આવડે છે; **તેમ મોટા સાધુ સાથે હેત થયા વિના સમજાય નહીં."** અભ્યાસ વિના દૃઢતા થાય નહિ અને મોટા સંત સાથે હેત રાખ્યા વિના સાચી વાત સમજાય નહીં. કેમ જે, **'મોટા હોય તે મહારાજની મરજી જાણતા હોય.' પરંતુ આપણે તેમની સાથે નિખાલસપણે હૈયાનું હેત કર્યું હોય તો તે મોટા સંત હેતથી આપણને હરિવરની મરજી સમજાવે.** તે ઉપર પોતાની વાત

કરી જે, "હું પંદર વર્ષ મહારાજની સાથે રહ્યો ને બધાં વચનામૃત મેં લખ્યાં ને કેટલાક ગ્રંથ લખ્યા ને વાંચ્યા; પણ ગોપાળાનંદસ્વામીનો સમાગમ કર્યો ત્યારે યથાર્થ સમજાયું." *(સંદર્ભ : નિર્ગુણ.વા.૧૦૯)*

જેને આ જ જન્મે મોક્ષ મેળવવો હોય, પ્રભુને પામવું હોય તેણે મોટા સાધુમાં વિશ્વાસ રાખી, હેત કરી તેમની આજ્ઞા પાળવી; તો જ જેમ છે તેમ સદ્‌ગ્રંથોનાં રહસ્યો સમજાય છે. શુકસ્વામી કહે, "હું શ્રીહરિ સાથે પંદર વર્ષ રહ્યો, વચનામૃતો તથા અન્ય ગ્રંથો ઉપર ટીકા લખી; છતાં જ્યારે ગોપાળાનંદસ્વામીનો અતિ હેતથી સમાગમ કર્યો ત્યારે ચોખ્ખું સમજાણું." આ વાત તમામ સાધુસમાજ માટે બહુ ઉપયોગી છે. સંતનું આખ્યાન સંતોને બહુ ઉપયોગી અને પ્રેરક હોય છે. હરિભક્તોનું આખ્યાન હરિભક્તોને અને સ્ત્રીભક્તોનું આખ્યાન સ્ત્રીભક્તો માટે અતિ ઉપયોગી અને દીવાદાંડીરૂપ બને છે.

પૂર્વછાયો : **શુકસ્વામી આવા મોટા હતા, હતા પ્રગટ પ્રભુના સંત;**
તોપણ એવું એ સમજતા, ના'વે સંત વિના તો અંત...૧૨૦
રાખતા સાધુમાં હેત સદા, ગાતા સંતનો મહિમાય;
કેમ જે સંત મહિમા વિના, શ્રીહરિ ન જ સમજાય...૧૨૧

આ વાત સંતો માટે અતિ ઉપયોગી છે. શ્રીહરિને સમજવા માટે અને પામવા માટે સહુએ આ વાતનો સમજીને ઉપયોગ કરવો. પરસ્પર બંધાઈ જવા માટેની આ વાત નથી, પરંતુ પ્રભુને સમજવા માટેની વાત છે. શ્રીહરિ પણ વચનામૃત ગ.મ.૧૩માં કહે છે કે, **"આવી ભગવત્સ્વરૂપ સંબંધી જે વાર્તા તે તો શાસ્ત્રમાંથી પણ પોતાની મેળે સમજાય નહીં. અને સદ્‌ગ્રંથોમાં આવી વાર્તા તો હોય, પણ જ્યારે સત્પુરુષ પ્રગટ થાય છે ત્યારે તેમના મુખ થકી જ વાત સમજ્યામાં આવે છે, પણ પોતાના બુદ્ધિબળે કરીને સદ્‌ગ્રંથોમાંથી પણ સમજાતી નથી."** માટે સાચું સમજવા અને પ્રભુપ્રેમી બનવા સંતસ્નેહી થાવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'મોટા સંત સાથે હેત રાખવાની અગત્યતા કહી' એ નામે ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

જે મોટાની મરજી જાણે તે મહાસુખ માણે.

એક વખત શુકસ્વામી લખતા હતા. તેથી ના'વાનું મોડું થઈ ગયું. ત્યારે શુકમુનિ વિચાર કરવા માંડ્યા જે, 'અત્યારે સંગાથ મળશે નહિ, માટે કોની સાથે ના'વા જઈશ ?' એમ વિચાર કરે છે ત્યાં મહારાજ શુકમુનિ પાસે આવ્યા અને બોલ્યા જે, "શુકમુનિ શું વિચાર કરો છો ?" ત્યારે સ્વામી કહે, "સ્નાન કરવા જવું છે, પરંતુ જોડ મળતી નથી."

સ્વામીએ આખી રાત જાગીને લખ્યું હતું તે શ્રીહરિ જાણતા હતા. તેથી મહારાજ કહે, "સ્વામી ! અમે નાના હતા ત્યારે ક્યારેક નાહ્યા વગર ખાઈ લેતા. ને અત્યારે પણ પંક્તિ પડી ગઈ છે ને 'વાસુદેવ હરે..' થયા છે." એમ કહીને શ્રીહરિ જતા રહ્યા. તેથી તરત જ મહારાજની મરજી સમજીને શુકમુનિ ઊઠીને ભંડારમાં ગયા. ને પંક્તિમાં બેસીને જમી લીધું. પછી મોડેથી ના'વા ગયા. **મહારાજની મરજીમાં ભળવું એ જ સર્વોત્તમ ધર્મ છે.** એવું શુકસ્વામી સમજતા હતા.

દોહા : **મરજી હરિની જાણીને, તેમ જ વર્તતા સદાય;**
ડહાપણ કદી ન ડોળતા, તાન હરિ રાજી થાય...૧૨૨

✻ થાળની પ્રસાદી મળી :

એક વખત મહારાજ થાળ જમતા હતા અને શુકમુનિ આવીને મહારાજને પગે લાગીને બેઠા. પછી મહારાજે જમીને કહ્યું, "લ્યો શુકમુનિ થાળ !" તે વખતે મહારાજ પાસે મૂળજી બ્રહ્મચારી ઊભા હતા. શુકમુનિ જેવા થાળની પ્રસાદી લેવા ગયા ત્યાં એમની સામું જોઈને મૂળજી બ્રહ્મચારી આંખ્યું તાણવા માંડ્યા; એટલે શુકમુનિ છેટે

ઊભા રહ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, "શુકમુનિ થાળ કેમ લેતા નથી ?" પણ શુકમુનિ કાંઈ બોલે નહીં. પછી મહારાજે બ્રહ્મચારીને કહ્યું જે, "ડોળા કાઢોમા અને શુકમુનિને થાળની પ્રસાદી લેવા દ્યો." ત્યારે બ્રહ્મચારી કહે, "ઠીક, કૃપાનાથ !"

પછી બ્રહ્મચારીએ શુકમુનિને થાળની પ્રસાદી આપી. એટલે સ્વામી ત્યાં જ બેસીને જમ્યા. ને વધી તે લઈ મુક્તાનંદસ્વામી પાસે ગયા અને સ્વામીને આપી. તેથી મુક્તાનંદસ્વામી પણ ખૂબ રાજી થયા કે 'શુકમુનિ શ્રીહરિ પાસે રહે છે; સેવાનો લાભ લે છે, પરંતુ રાજીપારૂપે પ્રભુ પ્રસાદી આપે તો પોતે સ્વાર્થી નથી થતા, પરંતુ સહુને વહેંચે છે. સહુને તેના ભાગીદાર બનાવે છે.'

પૂર્વછાયો : **રાજીપો મળ્યો જે નાથનો, વહેંચ્યો સંતને સદાય;**
શુકમુનિ સ્વાર્થી નથી થયા, એમ હળી મળી જિવાય...૧૨૩

આમ, સુખી થાવું હોય, મોટાના કૃપાપાત્ર બનવું હોય તો સત્સંગમાં શુકસ્વામીની જેમ સહુમાં હળી મળીને જીવાય, સ્વાર્થી ન થવાય. સ્વાર્થી ક્યારેય શ્રીહરિને પામી શકતો નથી. **જે સત્સંગમાં સ્વાર્થ રાખી સહુનો લાભ જ લીધા કરે છે અને સહુનો ઉપયોગ જ કર્યા કરે છે, પરંતુ કોઈના ઉપયોગમાં આવતો નથી, તેના અહં કે આસક્તિ ક્યારેય ટળતા નથી.** માટે આપણામાં આવી સ્વાર્થની કે અહં-મમત્વની ગાંઠો હોય તો તે શુકસ્વામીનું જીવન જોઈને છોડી દેવી; તો શ્રીહરિ અને મોટા સંતો-ભક્તો રાજી થાય.

*** સ્વામીએ જે માગ્યું તે મળ્યું :**

એક સમયે મહારાજે રાજી થઈ શુકસ્વામીને માગવાનું કહ્યું. ત્યારે સ્વામીએ મહારાજ પાસે પૂજા માગી. તેથી મહારાજે રાજી થઈ ભૂમાનંદસ્વામીએ લખેલી સારી શિક્ષાપત્રી માથે તથા છાતીએ અડાડી સ્વામીને આપી. પછી દાદા ખાચર પાસે એક લૂગડું મગાવ્યું. તેમાં

મહારાજે આઠ જોડ ચરણારવિંદ પાડી આપ્યાં. તેથી સ્વામીના અંતરમાં આનંદનો પાર ન રહ્યો. પછી તરત જ તેમાંથી સ્વામીએ અરધાં કહેતાં ચાર જોડી ચરણારવિંદ સંતો-ભક્તોને રાજી થઈને આપ્યાં અને અરધાં પોતાની પૂજામાં રાખ્યાં. કેવા ડાહ્યા અને પરોપકારી સંત છે.

દોહા : **મન માન્યું હરિ આપતા, થોડું માંગ્યે અપાર;**
શુકસ્વામી પણ મોટા થઈ, બીજાને વેં'ચતા પ્યાર...૧૨૪

આમ, શુકમુનિ ઉપર મહારાજ અતિશય રાજી હતા. તેના પ્રતિકરૂપે ઘણીવાર થાળની પ્રસાદી વગેરે સ્વામી જે માગતા તે શ્રીહરિ આપતા. અને કોઈ રોકે તો તેને વારીને શુકમુનિને પ્રેમથી જમાડતા. **જે મરજી પ્રમાણે સેવા કરે તેને આવો અપાર રાજીપો મળે છે. આપણે પણ આવી રીતે સાચા સંતો-ભક્તો પ્રત્યે અતિ કોમળ, મૃદુ અને દયામય દૃષ્ટિ રાખવી. અને દ્રવિત હૃદયવાળા થઈને સહુ રાજી રહે તેમ રહેવું; એ જ આપણા જીવનની સફળતા છે.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'જે મોટાની મરજી જાણે તે મહાસુખ માણે' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

મનગમતું મૂકી સંતગમતામાં રહે તે સુખી

દોહા : **અનુવૃત્તિથી સેવા કરે, તે પર રાજી રાજ;**
મનધાર્યું કરે તે ઉપરે, સંત હરિ નારાજ...૧૨૫

શ્રીજીમહારાજ અને મોટા શું કરવાથી રાજી થાય અને શું કરવાથી કુરાજી થાય ? શું તેમને ગમે અને શું તેમને ન ગમે ? તેનું મુમુક્ષુઓએ સતત અનુસંધાન રાખવું જોઈએ. અને **'શ્રીહરિને જે ન ગમે તે નથી જ કરવું.' એવો જેનો દૃઢ ઠરાવ હોય તે જ સાચો ભક્ત કહેવાય.**

એકવાર ગુજરાતના હરિભક્તો ગઢપુર રસોઈ આપવા આવ્યા. ત્યારે મહારાજે તેમને ઘણું કહ્યું, "મંદિરનું કામ ચાલુ છે. માટે પૈસા તેમાં આપો અને સંતોને સાદી રસોઈ આપો. તેમાં અમે રાજી છીએ." છતાં ગુજરાતી ભક્તોએ મનધાર્યું ન મૂક્યું. પછી મુક્તાનંદસ્વામીએ તેમને સમજાવ્યા, છતાં તેઓ ન સમજ્યા. ત્યારે સ્વામી કહે, "હે મહારાજ !

પૂર્વછાયો : **મુક્તમુનિ કહે હે હરિ, ગુજરાતતણા જન જેહ;**
હઠીલા હઠ નથી મૂકતા, લેશે ઊલટો અવગુણ એહ.

ત્યારે બોલ્યા ત્રિભુવનપતિ, કરો તે જેમ રાજી થાય;
પાકી રસોઈ લીધી પછી, રહ્યા પીરસવા હરિરાય.

સંતની પંગતે પીરસતા, ત્યાં તો બેસી ગયા બળવંત;
કૃષ્ણ કહે અહો આજ તો, લાગ્યો મને થાક અત્યંત.

સ્વામી નિત્યાનંદજી કહે, જાઓ આસને હે મહારાજ;
આંહીં રહી કરશું અમે, પ્રભુ પીરસવાનું કાજ.

જ્યારે ગુજરાતી ભક્તો ન સમજ્યા ત્યારે પ્રભુ સમજી ગયા. આપણા જીવનમાં પણ ઘણીવાર આવું બને. મોટા સંતો તેમની મરજી જણાવે પછી આપણે ન સમજીએ તો એ સમજી જાય. **જેણે બહુ સમાગમ કર્યો હોય, મોટા સંતને સેવ્યા હોય તેમાં જ સાચી સમજણ અને સરળતા આવે છે.**

પૂર્વછાયો : **પછી ચાલ્યા પ્રભુ આસને, ગ્રહી શુકમુનિનો હાથ;**
અક્ષરભુવન વિષે જઈ, રહ્યા કોટિ ભુવનના નાથ.

શ્રીજી કહે શુકાનંદને, જુઓ જીવની અવળી રીત;
કોટિ જનમના સ્વભાવ તે, ટાળતાં ન ટળે ખચિત.

તેને એકાંતિક ભક્તનો, જ્યારે ઘણો સમાગમ થાય;
ત્યારે સરળપણું સાંપડે, તેહ વિના સરળ ન જણાય.

સરળપણું આવ્યા વિના, પ્રભુ કે પ્રભુના મહા સંત;
રાજી ન થાય હૃદય વિષે, તે તો જાણે ન પામર જંત.

(આચાર્યોદય : ભગવદ્.મહારાજ, પ્રભાવ-૨૧)

આ બધા હરિભક્તો હતા; ઠેઠ ગુજરાતમાંથી ગઢપુર સુધી અતિ ભાવથી રસોઈ દેવા આવ્યા હતા, છતાં શ્રીહરિની મરજી ન સમજી શક્યા, સરળ બની મૂકી ન શક્યા. એટલે મહારાજે તેમને પામરની કક્ષાના ગણ્યા. પામર, વિષયી, મુમુક્ષુ અને મુક્ત - આ ચાર પ્રકારના જીવ હોય છે. તેમાં પામરને છેલ્લી કક્ષાનો કહેવાય છે. જેના જીવનમાં શુકસ્વામી જેવી સરળતા, નમ્રતા અને મૃદુતા ન હોય તેને શ્રીહરિએ પામરની ઉપમા આપી છે. પછી મહારાજ કે મોટા સંતો તો મોટા હોય એટલે તેને અભાવ-અવગુણ ન આવે અને જીવનું બગડે નહિ એટલા સારુ તેનું સાચવી લે છે. પરંતુ તેણે જે સેવા કરી હોય કે દાન-પુણ્ય કર્યું હોય તે બધા ઉપર પાણી ફરી જાય છે; રાજીપો થવાને બદલે કુરાજીપો મળે છે. માટે ક્યારેય આવો ધંધો ન કરવો. સત્સંગ કરી અહંની ગાંઠને ઓગાળવી અને સાચા સંતો સાથે દિલની પ્રીતિ રાખવી. એકાંતમાં તેમની સાથે ગોષ્ઠી કરી રાજીપો રળવાની સાચી ટેકનિક શીખવી. શુકસ્વામી શ્રીહરિની નજીકના સંત હતા, તેથી તે પ્રભુની મરજી જાણતા. અને તેમજ ધજાની પૂછડી વળે તેમ વળતા. આપણે પણ આવું શીખવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'મનગમતું મૂકી સંતગમતામાં રહે તે સુખી' એ નામે એકવીશમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

પંચાળામાં શ્રીહરિએ સંતોને બિરદાવ્યા.

દોહા : **શુકસ્વામીને હરિ સાથે, નિકટતા છે અતિશય;**
કાંઈ પણ વાત કરવામાં, સંકોચ રહેતો નય...૧૨૬

એકવાર મહારાજ લોયામાં શાકોત્સવ કરી ત્યાંથી સંતો-ભક્તો સાથે પંચાળા પધાર્યા. મહારાજ ઝીણાભાઈના દરબારમાં ઊતર્યા અને સાધુઓ ગામથી આથમણી તરફ ખાખરાના વનમાં ઊતર્યા. ત્યાં છાપરાં કરી સાધુના ઉતારા કર્યા. દરબારમાં નિત્ય રસોઈ થાય અને મહારાજ નિત્ય પીરસવા આવે. એમ કરતાં સં.૧૮૭૭, ફાગણ સુદ પૂનમ આવી. મહારાજ તે રાત્રીએ જેટલા સંતો-ભક્તો હતા તેટલા રૂપ ધરી રાસ રમ્યા. એ વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

પછી બીજે દિવસે ધામધૂમથી રંગોત્સવ કર્યો, સ્નાન કર્યું. હરિવરે હેતથી સહુ સંતોને પીરસીને જમાડ્યા. પછી સાંજે સભા થઈ. તેમાં મહારાજ કહે, **“હે પરમહંસો ! હવે દેશમાં ન્યાયવાળું રાજ્ય છે. માટે તૂંબડાં-પત્તર રાખો, તિલક-કંઠીઓ રાખો અને માથે શીખા તથા જનોઈ પણ રાખો.”** ત્યારે સંતો કહે, “હે મહારાજ ! આપ જેમ કહો તેમ કરીએ.”

પછી મહારાજે મૂળજી બ્રહ્મચારી પાસે જનોઈ તથા કંઠીઓ મગાવીને સૌ સાધુઓને પહેરાવી. પછી મહારાજે કહ્યું જે, “શકલાદ(એક જાતના મુલાયમ કાપડ)ની ટોપીઓ રાખો, હીરકોરનો રૂમાલ રાખો અને પાનદાર ધોતિયાં રાખો.”

ત્યારે શુકમુનિએ કહ્યું જે, **“મહારાજ ! એમ કરશું તો લોકો અમને રજોગુણી ઠેરાવશે. અને આવા ધોતિયા તથા ટોપીઓ જોઈને કુસંગીઓ બળી મરશે ને નિંદા કરશે.”** ત્યારે મહારાજ કહે, “મર બળે અને ભલે નિંદા કરે. કીડીના કરડથી કાંઈ હાથીનું શરીર સોજી ન જાય. મારે સંતોને લાડ લડાવવા છે, સુખ દેવું છે. હું સર્વોપરી છું, તો મારા સાધુ પણ સર્વોપરી છે એવું સહુને દેખાડવું છે.” આવો શ્રીહરિને ઉત્સાહ અને કેફ હતો. તેમ આપણે પણ હું સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનનો સંત છું કે હરિભક્ત છું એવો કેફ રાખવો. નિષ્ઠાનો આવો નશો જ બેડો પાર કરે છે.

પછી સુરતના હરિભક્ત બોલ્યા જે, "મહારાજ ! આપ સુરત પધારો તો અમે સર્વે સાધુને ટોપી તથા રૂમાલ કરી આપીએ." ત્યારે મહારાજે કહ્યું જે, "રાજા હોય તે ઉમરાવને મોરથી શિરપાવ કરે, પછી સર્વે કામ ઉપર મોકલે; તેમ તમે મોરથી શિરપાવ કરો, તો પછી અમે આવીએ." તેથી સુરતના ભક્તોએ રાજી થઈ સહુને ટોપીઓ તથા રૂમાલ કરાવી આપ્યા. ત્યારથી સંપ્રદાયમાં વ્યવસ્થિત રીતે માથે ટોપી, રૂમાલ બાંધવો તથા ધોતિયું ને ખેસ વગેરે પહેરવાનું પ્રકરણ ચાલું થયું. *(સંદર્ભ : ભાયા.વા.૨૫૬; હ.ચ.ચિં.૧/૧૮૩)*

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'પંચાળામાં શ્રીહરિએ સંતોને બિરદાવ્યા અને વ્યવસ્થિત વેશ કરાવ્યો' એ નામે બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય-૨૩

શ્રીહરિએ એક દંડવત અધિક કરવાની વાત કહી

દોહા : **ઝીણી મોટી મહારાજની, ક્રિયાનું ધરતા ધ્યાન;**
રહસ્ય એનું જાણવા, રહેતું અતિશય તાન...૧૨૭

સ્વામીને શ્રીહરિમાં અતિ હેત હતું. તેથી તેમને મહારાજની નાની ક્રિયાઓ ઉપર પણ સદા નજર રહેતી હતી. મહારાજના લટકાં, મટકાં, જાગવું, ઊઠવું, ખાવું, પીવું આદિક દરેક ક્રિયા સ્વામી હેતથી જોતા અને પ્રેમથી તેનું ધ્યાન ધરતા. આવો જ એક પ્રસંગ વાંચીએ.

સં.૧૮૮૦ના આસો વદ ત્રીજે મહારાજ ગંગાજળિયા કૂવા પાસે સ્નાન કરતા હતા. બે ઓરડીની વચ્ચે રતનજીએ સાદડી પાથરી હતી. તે ઉપર ધાબળી પાથરીને તે ઉપર મૂર્તિઓ પધરાવી શ્રીહરિની પૂજા ગોઠવી હતી. અને ત્યાં નિત્યાનંદસ્વામી, શુકાનંદસ્વામી અને આત્માનંદસ્વામી બેઠા હતા. પછી મહારાજ સ્નાન કરીને પધાર્યા અને મૂર્તિને દંડવત કર્યા.

ત્યારે શુકમુનિએ નિત્યાનંદસ્વામીને કહ્યું જે, **"મહારાજ નિત્ય એક દંડવત કરતા અને આજ બે દંડવત કેમ કર્યા ?"** ત્યારે મહારાજે કહ્યું જે, "તે શું કહે છે ?" ત્યારે નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "એ તો શુકમુનિ એમ કહે છે જે, મહારાજે આજ બે દંડવત કેમ કર્યા ?" ત્યારે મહારાજે કહ્યું જે, "લ્યો એની વાત કરું જે, અલૈયા ખાચરને અમે જોવા ગયા હતા. તે એને જેવું દુઃખ થયું, તેવું તો કોઈનું દુઃખ અમે ભાળ્યું નથી. સંતો-ભક્તોનો અભાવ-અવગુણ આવવાથી અલૈયા ખાચરને આંતરિક દુઃખ ખૂબ આવ્યું છે." *(સંદર્ભ : ભાયા.વા.૩૨૬)*

આ વાતનું જ ગ.મ.પ્ર.નું ચાલીશમું વચનામૃત બન્યું. તેમાં શ્રીહરિ કહે જે, "નિત્ય પ્રત્યે તો અમે શ્રીકૃષ્ણ ભગવાનને નમસ્કાર કરીને એમ કહેતા જે, 'હે મહારાજ ! આ દેહાદિકને વિશે અહં-મમત્વ હોય તેને તમે ટાળજ્યો.' અને આજ તો અમને એવો વિચાર થયો જે, 'ભગવાનના ભક્તનો મને, વચને અને દેહે કરીને જે કાંઈક જાણે-અજાણે દ્રોહ થઈ આવે ને તેણે કરીને જેવું આ જીવને દુઃખ થાય છે તેવું બીજે કોઈ પાપે કરીને થતું નથી.' માટે જાણે-અજાણે મને-વચને-દેહે કરીને જે કાંઈ ભગવાનના ભક્તનો દ્રોહ બની આવ્યો હોય, તેનો દોષ નિવારણ કરાવ્યા સારુ એક પ્રણામ અધિક કર્યો. અને અમે તો એમ જાણ્યું છે જે, **'ભગવાનના ભક્તના દ્રોહે કરીને જેવું આ જીવનું ભૂંડું થાય છે ને એ જીવને કષ્ટ થાય છે તેવું કોઈ પાપે કરીને નથી થતું; અને ભગવાનના ભક્તની મને-વચને-દેહે કરીને જે સેવા બની આવે ને તેણે કરીને જેવું આ જીવનું રૂડું થાય છે ને એ જીવને સુખ થાય છે તેવું બીજે કોઈ સાધને કરીને નથી થતું.'**

અને એ ભગવાનના ભક્તનો જે દ્રોહ થાય છે તે લોભ, માન, ઈર્ષ્યા અને ક્રોધ એ ચારે કરીને થાય છે અને ભગવાનના ભક્તનું જે સન્માન થાય છે તે જેમાં એ ચાર વાનાં ન હોય તેથી થાય છે. માટે જેને આ દેહે કરીને પરમ સુખિયા થવું હોય ને દેહ મૂક્યા કેડે પણ

પરમ સુખિયા થવું હોય, તેને ભગવાનના ભક્તનો મને-વચને-દેહે કરીને દ્રોહ ન કરવો. અને જો ભગવાનના ભક્તનો કાંઈક દ્રોહ થઈ જાય તો તેની વચને કરીને પ્રાર્થના કરવી, ને મને કરીને ને દેહે કરીને તેને દંડવત્પ્રણામ કરવા, ને ફરીને દ્રોહ ન થાય એવી રીતે વર્ત્યાનો આદર કરવો. પણ એકવાર દ્રોહ કરીને દંડવત્- પ્રણામ કર્યા ને વળી ફરી દ્રોહ કરીને દંડવત્પ્રણામ કરવા, એવી રીતે વર્તવું નહીં. અને આ વાર્તા દાડી સાંભરતી રહે તે સારુ આજથી સર્વે સંત તથા સર્વે હરિભક્તમાત્ર એવો નિયમ રાખજ્યો જે, 'ભગવાનની પૂજા કરીને પોતાના નિત્ય નિયમના જે દંડવત્પ્રણામ હોય તે કરવા ને તે પછી **બધા દિવસમાં જે કાંઈ જાણે-અજાણે મને-વચને-દેહે કરીને ભગવાનના ભક્તનો દ્રોહ થયો હોય તેનું નિવારણ કરાવવા સારુ એક દંડવત્પ્રણામ નિત્યે કરવો.**' એમ અમારી આજ્ઞા છે તેને સર્વે પાળજ્યો." *(વચ.ગ.મ.૪૦)*

આપણે સંસારમાં હોઈએ કે ત્યાગાશ્રમમાં પરંતુ મુમુક્ષુને સત્સંગી હોવાને નાતે અવાર નવાર સંતો-ભક્તોના પ્રસંગમાં રહેવાનું થાતું જ હોય. એમાંય કેટલાય આંટી-ઘૂંટીવાળા વ્યાવહારિક પ્રસંગો ફરજીયાત પડતા જ હોય છે. તેમજ લેવા દેવાના કે સેવાના પણ પ્રસંગો પડતા હોય છે. તેથી એકબીજાનો એકબીજાને ઝીણો મોટો દ્રોહ કે અભાવ-અવગુણ થતો આવતો હોય છે. ઘણીવાર તો આપણને ખ્યાલ પણ ન હોય અને બીજાનાં હૃદયમાં આપણાથી ઘણું બધુ દુઃખ થાતું હોય છે. તેનું બહુ જ પાપ લાગતું હોય છે. તેની આપણને ખબર પણ હોતી નથી.

પરંતુ પરમેશ્વર તે પાપ ભોગવાવ્યા વિના રહેતા નથી. આપણે એવાં દુઃખ ભોગવવા ન પડે માટે શ્રીહરિએ તેની સાવધાની આપી છે. માટે સૂક્ષ્મ સંકલ્પ વિકલ્પાત્મક અભાવ-અવગુણ લેવારૂપ, ઈર્ષ્યા કરવારૂપ જે કાંઈ સૂક્ષ્મ દ્રોહ થતો હોય તેનાથી સાવધાનીપૂર્વક દરેકે આજીવન બચવું.

દોહા : **અભાવ-અવગુણ દ્રોહ જેવું, નથી બીજું દુઃખદાય;**
સુખિયા રહેવું હોય તેણે, ગુણ જ લેવા સદાય...૧૨૮
ભૂલેય દુઃખને માર્ગે, જાવું નહિ બાય-ભાય;
અભાવ આવે કોઈનો, તો જીવનું બગડી જાય...૧૨૯

સુખી થાવું હોય તો ક્યારેય કોઈનો અભાવ-અવગુણ ન લેવો. અભાવ-અવગુણ લેનારાની ક્યારેય પ્રગતિ થતી નથી, અંતે તેની દુર્દશા જ થાય છે. માટે **સુખી થવું હોય તો કુસંગીનો પણ અભાવ ન લેવો. કેમ જે, એ પણ પ્રભુની વિસ્મૃતિ કરાવે છે. માટે અભાવને માર્ગે કદી જવું નહીં.** તે વાત કાયમ યાદ રહે એટલે જ શ્રીહરિએ આ વચનામૃતમાં નિત્ય દંડવત કરી માફી માગવાની આજ્ઞા કરી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ એક દંડવત અધિક કરવાની વાત કહી' એ નામે ત્રેવીશમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય-૨૪

હરિકૃપાથી વગર ભણ્યે સ્વામીને ભાગવત આવડ્યું.

દોહા : **મહેનત કરતા બહુવારે, સિદ્ધિ થાય કે ન થાય;**
મળે આશીષ હરિ સંતની, તો તુર્ત પામી જવાય...૧૩૦
રાજી કરીએ તો જ મળે, હૈયાના આશીર્વાદ;
સુખ શાંતિ સંપત્ત મળે, ટળે સર્વે વિખવાદ...૧૩૧
આશિષથી આ લોકમાં, સુખી થયા છે અપાર;
મોટાને રાજી કરવા, સેવીએ રાખી પ્યાર...૧૩૨

એકવાર શુકમુનિ મહારાજને કહે, "હે મહારાજ ! મને ભાગવત ભણ્યાનો વખત ન મળ્યો, તેથી તે આવડતું નથી." ત્યારે મહારાજ કહે, "તમે તો ભાગવત ભણેલા જ છો. જાઓ આજથી તમને સંપૂર્ણ ભાગવત કંઠસ્થ થઈ જશે. અને બીજા પણ તમારી પાસે ભણવા આવશે.

તેને તમે ભણાવજો.” મહારાજે રાજી થઈને આમ સ્વામીને આશીર્વાદ આપ્યા. શ્રીહરિના આશીર્વાદથી સ્વામીને બીજા જ દિવસે આખું ભાગવત કંઠસ્થ થઈ ગયું. પછી સ્વામીએ ઘણા સંતોને ભાગવતાદિક ગ્રંથો ભણાવ્યા હતા.

આમ, મહારાજ કે મોટા સંતની કૃપા થાય તો અગમ વાત સુગમ બની જાય, ઊલટી વાત સુલટી બની જાય અને અશક્યનું પણ શક્ય થાય. વળી, આંતરિક કે બાહ્ય કોઈ પણ પ્રકારના વિખવાદ હોય કે અશાંતિ હોય તે સહુ નાશ પામી જાય. અને હૈયામાં અપાર સુખ શાંતિ થાય. વળી, નિર્ધન હોય તે ધનવાન બની જાય. આવો મોટાના આશીર્વાદનો પ્રતાપ છે. શુકસ્વામીને વગર ભણ્યે અર્થે સહિત આખું ભાગવત ઉપલબ્ધ થઈ ગયું. પછી સ્વામીએ અનેક સંતોને આ ભાગવતાદિક ગ્રંથો ભણાવ્યા હતા. તે વાત પાર્ષદ ગુમાન ભગત, જે પાછળથી વાસુદેવચરણસ્વામી થયા હતા. તે પોતાના ગ્રંથ **હ.ચ.ચિં.૯૫**માં ઉલ્લેખ કરતા કહે છે,

ચોપાઈ : **હરિસ્વરૂપદાસ હરિદાસ, ભણ્યા શાસ્ત્ર શુકમુનિ પાસ;**
કૃષ્ણદાસ કરે કથા નીત, ભણે શાસ્ત્ર બીજે નહિ ચિત.
ધર્મનંદનદાસ ધર્મવાળા, ભણ્યા શાસ્ત્ર પુરાણ થયા સુખાળા;
ગોવિંદચરણદાસ ગુણ ઘણા, ભણ્યા સંસ્કૃત પ્રાકૃત નહિ મણા.
પ્રભુચરણ બહુ પ્રિત્યે, કરે સેવા સંતની રૂડી રિત્યે;
ગોવિંદચરણદાસ ગુણ એવા, કરે અક્ષરાનંદસ્વામીની સેવા.

ટૂંકમાં કહીએ તો ઘણા સંતો સ્વામી પાસે ભણ્યા હતા. અને સ્વામીને આવી વિદ્યા શ્રીહરિના રાજીપાથી સહેજે પ્રાપ્ત થઈ હતી. **મોટાના રાજીપાથી તો ગમે તેવું અઘરું કામ હોય એ પણ સરળ બની જાય છે. પરંતુ નમ્ર બની મોટાનો રાજીપો લેતા આવડવું જોઈએ.** અહંકારી માણસ મહેનત ખૂબ કરે, પરંતુ ક્યારેય મોટાનો રાજીપો ન લે; તેથી ઘણીવાર ખૂબ પ્રયત્ન કરવા છતાંય નિષ્ફળ જાય છે. જેનામાં અહં ઓછું હોય તે જ મોટાના આશીષનો પાત્ર બને છે.

એકવાર સસલાએ હાથીને કહ્યું, “ક્યારેક મારે ઘેર પધારો. હું આપનો મિત્ર છું. મારી ઝૂંપડી પાવન કરો.” મિત્રના આમંત્રણને માન આપી હાથી સસલાની ઝૂંપડીએ ગયો. એટલે સસલું ત્યાં આળોટવા મંડ્યું. તેથી હાથીએ પૂછ્યું, “આ શું કરે છો ?” ત્યારે તે કહે, “આપના સ્વાગત માટે ‘ગડથોલિયા’ કરું છું.” આવી તેની નમ્રતા જોઈ હાથી રાજી થઈ ગયો. અને સસલાને કહ્યું, “મિત્ર, તારે મારું જે કામ હોય તે કહેજે.” સસલું સરળ બન્યું તો તેનું કામ થયું. અને જગતમાં કહેવત પડી કે, મોટાના સ્વાગતમાં આપણી પાસે કાંઈ ન હોય તો સૉંસૉં ગડથોલિયા મારવા. તેનાથી પણ હાથીની જેમ મોટા રાજી થઈ જાય છે.

આમ, જે નિર્માની બને છે; મોટાને હાથ જોડતા રહે છે; તેના ગમતામાં રહે છે; તેનો આધ્યાત્મિક માર્ગ બહુ ટૂંકો થઈ જાય છે. **મોટા સંતની કૃપાથી તમામ સાધનો સરળ તથા સમાપ્ત થાય છે. મોટાની અમીદૃષ્ટિથી જ આપણું અધૂરું પૂરું થાય છે.** શુકસ્વામી એવા ડાહ્યા, ગરીબડા અને સરળ સ્વભાવના સંત હતા તેથી સહેજે સહુના આશીષ પામતા હતા. આપણે પણ આવા ગુણો કેળવવા.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં ‘હરિકૃપાથી વગર ભણ્યે સ્વામીને ભાગવત આવડ્યું અને મોટાના રાજીપાની મહત્તા કહી’ એ નામે ચોવીશમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય-૨૫

શુકમુનિની સરળતા

એક વખત મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં ઉગમણાબારના ઓરડાની ઓસરીના ખંડથી ઉતરાદાખંડમાં બિરાજમાન થયા હતા. અને સર્વ શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. અને ગુલાબના

પુષ્પના હાર કંઠને વિષે બિરાજમાન હતા. અને સંધ્યા કાળનો વખત હતો. તે સમયે દાદા ખાચર શ્રીહરિને કહે, “મહારાજ ! અહીં મંદિર ક્યારે કરશો ? અમે સર્વે મંદિર થવાની રાહ જોઈ રહ્યા છીએ.” એમ જ્યાં વાત કરે છે ત્યાં જ ભુજથી ગંગારામ મલ્લ આવ્યા. તે મહારાજને સાષ્ટાંગ દંડવત કરી પગે લાગ્યા અને ગોવિંદાનંદસ્વામીનો કાગળ આપ્યો.

તે કાગળમાં એમ લખ્યું હતું જે, ‘ભુજમાં નારાયણની જોડે નરની મૂર્તિ પધરાવી છે, તે ખંડિત થઈ ગઈ છે; માટે બીજી મૂર્તિ મોકલી આપવી.’ તે સાંભળી શ્રીજીમહારાજે સદ્ગુરુને બોલાવ્યા અને તે સંબંધી સર્વે વાત કહી. **તે વખતે શુકસ્વામી બોલ્યા જે, “આ વાસુદેવનારાયણની મૂર્તિ છે, તે બરાબર નરની મૂર્તિ જેવડી જ છે, તે લઈ જાય. કેમ જે, શાસ્ત્રમાં સ્ત્રીઓને આવી મોટી મૂર્તિ પૂજવાની ના કહી છે. માટે જીવુબાને પૂજવા લાલજી આપો અને આ વાસુદેવનારાયણની મૂર્તિ ભુજ લઈ જાય.”**

શુકસ્વામીની તે વાત મહારાજે કબૂલ કરી. પછી ભણનારા સંતોને બોલાવ્યા. તેમાં મુખ્ય નાના આત્માનંદસ્વામી, ભગવદાનંદસ્વામી, યોગાનંદસ્વામી, સેવાનંદસ્વામી – એ આદિક ચાળીશ સંતો આવ્યા. પછી મહારાજે તે સાધુઓને આજ્ઞા કરી કે, “આ વાસુદેવનારાયણની મૂર્તિને ભુજ પહોંચાડો.”

એમ નક્કી કરી સાધુઓને ભાતું વગેરે અપાવ્યું અને ચાળીશે સાધુને હૃદયને વિષે ચરણારવિંદ આપ્યાં અને ભેટ્યા. પછી મહારાજે વાસુદેવનારાયણના ઓરડામાં જઈ મૂર્તિને ગોખમાંથી ઉતારી પાલખીમાં મુકાવી. પછી મહારાજ અક્ષરઓરડીમાં પધાર્યા. આ સર્વે વૃત્તાંત સાંભળી જીવુબા ઘણા ઉદાસ થઈ ગયાં.

બીજે દિવસે પ્રભાત વખતે મહારાજ તે ઓરડાના બારણાથી

ઉતરાદા ખંડમાં ઢોલિયા ઉપર બિરાજમાન થયા. ને સાધુઓ વાસુદેવ નારાયણની ડોળી ઉપાડી મહારાજ પાસે લાવ્યા. પછી મહારાજે આજ્ઞા કરી એટલે સાધુઓ ડોળી ઉપાડીને ચાલ્યા. તે પાણીવાળી ઓકળીએ આવ્યા. ત્યાં નાગમાલાનો કૂવો છે, ને તે ખેતર અમરા ખાચરે મંદિરમાં કૃષ્ણાર્પણ કરેલ છે. તે કૂવાના ઉગમણા ગાળ ઉપર ડોળી ઉતારી. પછી સાધુઓ નાહી, પૂજા કરી, ડોળી ઉપાડવા મંડ્યા; પણ ડોળી ઊપડી જ નહીં.

પછી યોગાનંદસ્વામી તથા ભગવદાનંદસ્વામીએ પાછા આવી મહારાજને વાત કરી. તે વખતે મહારાજ દાતણ કરતા હતા. તે દાતણ કરી કોગળા કર્યા. તે સમયે દાદા ખાચર મહારાજ પાસે આવી ઘણા દિલગીર થયા ને આંખમાં આંસુની ધારા થઈ. તે જોઈને મહારાજ ઘણા અકળાઈ ગયા. અને તે વખતે રાજબાઈ તથા લાડુબાઈ પણ એ ઓસરીમાં છેટે બેસી ઘણા દિલગીર થઈ ગયાં.

પછી મહારાજે દાદા ખાચરની આંખમાંથી આંસુ લૂછ્યાં ને શું દુઃખ છે ? તે બોલાવવા લાગ્યા; પણ હૈયું ભરાઈ ગયું હતું તેથી બોલી શક્યા નહીં. તે વખતે લાડુબા બોલ્યાં જે, "દાદા ! તું રોઈ રોઈને મરી જઈશ તોપણ મહારાજને દયા આવશે નહિ." વળી, તે વખતે રાજબા પણ એમ જ બોલ્યાં. પછી કહે જે, "હે મહારાજ ! જીવુબાને મૂર્છા આવી ગઈ છે ને દેહની સૂધબૂધ રહી નથી. કેમ જે, તેમને આધારરૂપ એક વાસુદેવનારાયણની મૂર્તિ હતી, તે આપ લઈ ગયા." પછી દાદા ખાચર પણ એમ બોલ્યા ને કહે જે, "બધે ઠેકાણે મંદિર અને અમારે ઘેર મંદિર નહિ; તે અમારા એવાં શા દુર્ભાગ્ય છે ?"

તે સાંભળી મહારાજને ઘણી દયા આવી. પછી દાદા ખાચરનું મોઢું ધોયું અને હૃદય સાથે દાબ્યા ને ઢોલિયા ઉપર ખેંચી લીધા. પછી મહારાજ બોલ્યા જે, "આમાં અમારો વાંક નથી, પણ આ શુકસ્વામીનો

વાંક છે. **કેમ જે, શુકસ્વામીએ કહ્યું જે, 'સ્ત્રીઓએ આવી મોટી મૂર્તિ પૂજાય નહિ.' તેથી અમે તે મૂર્તિ મોકલી આપી. પણ જીવુબાને એવી ભક્તિ છે, તેથી તેઓ વૃત્તિ દ્વારા મૂર્તિને ખેંચે છે. માટે હવે એ મૂર્તિ સાધુથી ઊપડતી નથી. આમ, જીવુબાની વૃત્તિનું ઘણું જોર છે તેથી એ મૂર્તિ તો આ પૃથ્વી રહેશે ત્યાં સુધી અહીં જ રહેશે."** એમ કહી મૂર્તિ પાછી લાવવાની ભગવદાનંદસ્વામીને તથા યોગાનંદસ્વામીને આજ્ઞા કરી. અને દાદા ખાચરને કોલ આપ્યો કે, "અમે આજને આજ અહીંયાં મંદિરનો પાયો નાખશું." એમ કહી પાયો નાંખવાનું મુહૂર્ત જોવા બ્રાહ્મણને બોલાવવાનું કહ્યું.

તે વખતે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, **"હે મહારાજ ! મુહૂર્ત જોવામાં તો આ યોગી ગોપાળાનંદસ્વામી ઘણા કુશળ છે."** પછી મહારાજે સ્વામીને પૂછ્યું. ત્યારે સ્વામી બોલ્યા જે, **"આજ બાર બજે ઘણું સારું મુહૂર્ત છે."** પછી મહારાજે કહ્યું જે, "ક્યાં મંદિર કરશું ?" ત્યારે જેને જેમ ભાસ્યું તેમ તેમણે નોખા નોખા મત કહ્યા. છેલ્લે શ્રીહરિએ દાદા ખાચરને પૂછ્યું. ત્યારે દાદા ખાચર કહે જે, "દક્ષિણાદા બારના ઓરડા છે તે પાડો, ને ત્યાં મંદિર કરો તો સારું."

તે વાત સાંભળી મહારાજ કહે, "અમે પણ તેમ જ ધારેલું છે, પણ શિખરની છાયા ઘર પર પડે તે શાસ્ત્રમાં ગૃહસ્થને નડતરરૂપ કહી છે." ત્યારે દાદા ખાચર બોલ્યા જે, **"હે મહારાજ ! કોઈ જીવ, દેવ, ઈશ્વર કે બ્રહ્મવેત્તા આ મંદિર કરાવે તો તેમ સંશય કરવો, પણ પૂર્ણ પુરુષોત્તમનારાયણ ભગવાન આપ જ મંદિર કરાવો છો, માટે મારે તો તેમાં કાંઈ સંશય નથી. તેથી તો સહુ ગૃહસ્થને પણ આનંદ થાય."** તે સાંભળી મહારાજ ઘણા પ્રસન્ન થયા. તેટલામાં સાધુ વાસુદેવનારાયણની મૂર્તિ લઈને પાછા આવ્યા. તે મૂર્તિ ફરીને વાસુદેવનારાયણના ઓરડામાં પધરાવી.

પછી જીવુબા પાસે જઈને મહારાજે સાદ કર્યો. એટલે તરત તેમની મૂર્છા ઊતરી ગઈ ને તેઓ મહારાજને પગે લાગ્યાં. ત્યારે મહારાજે તેમને કહ્યું જે, “તમારા સંકલ્પ પ્રમાણે અમે સર્વે કર્યું છે, માટે વૃત્તિ પાછી વાળો અને શાંત થાઓ.” પછી જીવુબા કહે જે, “મહારાજ ! બહુ સારું. જેમ આપની કૃપા હશે તેમ થાશે.”

પછી મહારાજ જે જગ્યાએ બેઠા હતા ત્યાં પાછા આવ્યા. ને સાડા સાતસો પરમહંસોને બોલાવ્યા અને આજ્ઞા કરી તેથી તેમણે તત્કાળ દક્ષિણાદા બારના ઓરડા પાડી નાખ્યા ને ઊગમણી કોર જ્યાં ખાતમુહૂર્ત કરવું હતું તે જગ્યાએ પાયો ગાળી તૈયાર કર્યું. પછી મહારાજે **સં.૧૮૮૩, જેઠ સુદિ એકાદશી ને સોમવારે બપોરે ૧૨:૦૦ વાગ્યે મંદિરનું ખાતમુહૂર્ત કર્યું. પછી એમ બોલ્યા જે, “આ મંદિરના પાયાની ખીલી શેષનાગના માથા ઉપર ખોડી છે, ને આ જગ્યા મહા પવિત્ર છે. માટે અહીં મોટું મંદિર કરશું.”** એમ કહી સહુને ગોળધાણાનો પ્રસાદ અપાવ્યો. બ્રાહ્મણોને દાન દક્ષિણા આપી રાજી કર્યા.

✻ સવળું લેવાથી સ્વામી ઉપર રાજીપો થયો :

પછી મહારાજે ત્યાંથી રસોડાની મેડીના ઓટા ઉપર આવી સ્નાન કર્યું અને જમવા બેઠા. તે સમયે સર્વે સદ્‌ગુરુઓ તથા શુકસ્વામી પાસે હતા. તેથી મહારાજ દાદા ખાચરને કહે જે, **“આ તમારા શુકસ્વામી, તે તમારી પુષ્ટિ કરવાવાળા છે. શુકમુનિને કારણે આજને આજ મંદિરના પાયા નાખવા પડ્યા છે.”**

ત્યારે શુકસ્વામી કહે જે, “હે મહારાજ ! મને અમથેઅમથો શા માટે બદનામ કરો છો ? હું તો તમારી મરજી પ્રમાણે બોલ્યો હતો; છતાં મારાથી આવા ભગવદીયનો અપરાધ થયો છે, માટે હું તો આજ ઉપવાસ કરીશ.” વગર વાંકે વઢે છતાં ક્યારેય અવળું લે જ નહિ, સદા સવળું જ લે એવા સમજુ સંતો-ભક્તો બહુ ઓછા હોય છે.

સદ્.શ્રીનિષ્કુળાનંદસ્વામી ચોસઠપદીમાં કહે છે,

સમું સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે;
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત્ય જો પડે રે.

માન મોટપ્ય ને મમતા મૂકે, ગમતું ગોવિંદનું જાણી રે;
ચોટ નિશાન ઉપરથી ન ચૂકે, પરલોકે પ્રતીતિ આણી રે.

એવા જન જગતમાં જાણો, ઘરઘર ઘણા ન હોય રે;
નિષ્કુળાનંદ કહે પરમાણો, સાચા સંત કા'વે સોય રે.

વગર વાંકે ગમે તેવી વણતોળી વિપત પડે છતાં જે સવળું જ લે એવા સંતને શ્રીહરિ સદા પોતાની સાથે રાખે છે. જેને હંમેશાં મહારાજ અને મોટાના ગમતા સામી જ નજર હોય એવા ભક્તો જ અહં-મમત્વ અને માન-મોટપને મૂકી સવળી સમજણને ગ્રહણ કરી શકે છે. **જે અવળા વિચારનો ત્યાગ કરી સવળી સમજણને ગ્રહણ કરે છે એને જ વિવેકી કહેવાય છે. શુકમુનિ આવા વિવેકી હતા.**

જેવા શુકમુનિ સમજુ અને વિવેકી એવો જ દાદા ખાચરનો પરિવાર હતો. મહારાજે શુકમુનિ ઉપર વાંક નાખ્યો એટલે તરત જ દાદા ખાચર બોલ્યા જે, **"હે મહારાજ ! આ શુકસ્વામીના પ્રતાપે જ આજ અમારે ઘેર મંદિર થયું. માટે સ્વામીએ આજ ઉપવાસ કરવો જોઈએ નહીં. અને શુકસ્વામીના કોરનો અમારે કોઈને કોઈ વાતે અવગુણ જ નથી."** તેટલામાં લાડુબા કહે જે, "હે મહારાજ ! શુકસ્વામીએ તો અમારા ઉપર બહુ મોટો અનુગ્રહ કર્યો છે. માટે આજ તમે થાળની પ્રસાદી આપી શુકસ્વામીને જમાડો." પછી મહારાજે શુકસ્વામી તથા સર્વે સદ્ગુરુને થાળની પ્રસાદી આપી જમાડ્યા અને દાદા ખાચર પણ જમ્યા.

પછી લાડુબાએ મહારાજને પહેરવાનો એક સુરવાળ, ઉપર કાળા છેડાની પછેડી, અંગરખું, પાઘ અને પાસે રાખવાનો દુપટ્ટો તથા કેડે બાંધવાનો દુપટ્ટો અને રૂમાલ; એટલાં મહારાજની પ્રસાદીનાં વસ્ત્રો

શુકસ્વામીને આપ્યાં. ને એક ધોતિયું, એક રૂમાલ ને એક ચાદર, દાદા ખાચર દ્વારા શુકસ્વામીને પહેરાવ્યાં.

પછી મહારાજ બોલ્યા જે, **"આ દાદા ખાચર અને તેમની ત્રણ બહેનો ઘણા પવિત્ર જીવ છે. અને તેમનો કોઈ અવગુણ લે છતાં પણ તેનો અવગુણ તેમના મનમાં રંચમાત્ર આવતો નથી. તે ક્યારેય કોઈનું અવળું લેતા જ નથી. આવી તેમની સમજણ જોઈને અમે તેમને ઘેર નિવાસ કરી રહ્યા છીએ; નહિ તો અમે ગોદોહન માત્ર પણ ક્યાંય રહી શકીએ નહીં." અને શુકસ્વામીનો પણ એવો જ સવળું લેવાનો અને કોઈ વાતે અવગુણ નહિ જ લેવાનો સ્વભાવ હતો. આપણે પણ એવો જ સ્વભાવ રાખવો જોઈએ.**

પછી લાડુબા કહે, "મહારાજ ! આજ મંદિરનો પાયો નાખ્યો, માટે સર્વે પરમહંસ તથા પાળાને વાસ્તે રસોઈ તૈયાર કરી છે. ને ધર્મકુળ, બ્રહ્મચારી ને સંન્યાસીને વાસ્તે પણ જુદી રસોઈ તૈયાર કરી છે. માટે આજ તમે પંડે પીરસી તમામને જમાડો." પછી મહારાજે પંડે પીરસી સહુને કંસાર જમાડ્યો. ને પછી મંદિરનું કામ તડામાર ચલાવવાની સર્વેને આજ્ઞા કરી.

આમ આપણે દાદા ખાચર, મોટીબા, લાડુબા અને શુકમુનિ જેવી સવળું લેવાની ટેવ પાડીએ તો શ્રીહરિ આપણા માટે અશક્યનું પણ શક્ય કરે અને પોતાના અંતરના રહસ્યને સમજાવે. સવળું લેનારા શુકસ્વામીને શ્રીહરિએ પોતાના અંતરનું રહસ્ય સમજાવ્યું, તે હવેના પ્રસંગમાં જોઈએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિની સરળતા અને સવળું લેવા વિશે વાત કહી' એ નામે પચ્ચીશમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય-૨૬

શ્રીહરિએ શુકમુનિ આદિ સંતોને નિજસ્વરૂપનું જ્ઞાન આપ્યું.

દોહા : **શુકસ્વામીની હાજરીમાં, મોટા સંતો આગળ;**
રહસ્યની વાતો કરતા, પુરુષોત્તમજી અકળ...૧૩૩

એકવાર ગઢપુરમાં અક્ષરઓરડીમાં મહારાજ વિરાજમાન હતા. અને ગીતાના પંદરમાં અધ્યાય(પુરુષોત્તમ અધ્યાય)ની ટીકા કરાવતા હતા. મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, શુકમુનિ વગેરે સમર્થ વિદ્વાન સંતો જુદી જુદી ટીકાનાં પાનાં લઈને તે સભામાં બેઠા હતા. તે વખતે મહારાજ પોતાનાં રહસ્યોની વાતો કહેતા હતા. તે સમયે શ્રીહરિ અંગત રહસ્ય સમજાવતા બોલ્યા કે, **"આપણે તો એમને પુરુષોત્તમપણે પ્રતિપાદન કરીએ છીએ, પણ એ તો મૂળપુરુષ છે."** એ પ્રમાણે ઘણી ઘણી વાતો કરી. *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૧૭૯)*

વળી, કોઈ એક વખતે સાધુની સભા બેઠી હતી અને મધ્ય પ્રકરણનું એકત્રીશમું વચનામૃત વંચાતું હતું. **તેમાં ઉપાસનાની વાર્તાનો પ્રસંગ નીકળ્યો. ત્યારે શુકમુનિ બોલ્યા કે, "જે મૂળપુરુષ છે તે જ વાર્ષ્ણેયરૂપ(વૃષ્ણીકુળમાં જન્મ ધરનાર શ્રીકૃષ્ણ) થયા છે.** એમ અમે મહારાજના મુખ થકી ઘણી વાર સાંભળ્યું છે." આમ, શુકસ્વામી શ્રીહરિએ કહેલી વાતોના માધ્યમે સહુને મહારાજનો સર્વોપરી મહિમા ઘણી વાર સમજાવતા હતા. *(સંદર્ભ : નિર્ગુણ.વાત-૧૨૬)*

એકવાર મહારાજ ગઢપુરમાં અક્ષરઓરડીમાં બિરાજમાન હતા. તે સમયે હાથમાં વચનામૃતનું પુસ્તક લઈ શુકમુનિ મહારાજ પાસે ગયા. ને તે મહારાજને આપીને જોવા માટે પ્રાર્થના કરી. ત્યારે મહારાજે તે પુસ્તક વાંચીને કહ્યું : "આ વચનામૃત ગ્રંથ ભવિષ્યમાં ભક્તોનાં તમામ અમંગળનો નાશ કરશે અને યથાર્થ સમજણનું પોષણ કરશે. સર્વે વેદો અને ભગવદ્‌ગીતાની જેમ આ વચનામૃત ગ્રંથ સર્વ શાસ્ત્રોમાં શ્રેષ્ઠ ગણાશે, એમ સમજવું."

વળી, જ્યારે સભા ભરાણી ત્યારે મહારાજ કહે, **"આ શુકસ્વામીને મારા હૃદ્‌ગત અભિપ્રાયો સમજનારું શ્રેષ્ઠ પાત્ર સમજીને તથા નમ્રતા આદિક સદ્‌ગુણોનું પાત્ર સમજીને હું તેમના ઉપર અતિશય પ્રસન્ન થયો. પછી મેં તેમને કહ્યું, 'તમે આ વચનામૃત મારી પાસે ભણો અને બીજા ભક્તોને ભણાવજો.'** ત્યારે સ્વામી અતિ રાજી થયા. પછી જેમ વ્યાસજીએ શુકદેવજીને ભાગવત ભણાવ્યું, તેમ મેં આ સુખકારી વચનામૃત શુકમુનિને ભણાવ્યું. અને જે દિવસે આ વચનામૃતનું અધ્યયન પૂરું થયું, તે દિવસે સહુ ભક્તો સાથે અમે ઉન્મત્તગંગામાં સ્નાન કરવા ગયા. સ્નાન કરી ઘેલાને ઘાટે મોટી સભા ભરાણી.

તે સમયે દિવ્યરૂપે શુકદેવજી ત્યાં આવ્યા અને પ્રાર્થના કરતાં કહ્યું, **'હે કરુણામૂર્તિ ! જેમ વાઘનું નામ સાંભળતાં મૃગલાં નાસી જાય, તેમ આપનું સ્વામિનારાયણ નામ સાંભળતાં કામ-ક્રોધાદિક અંતઃશત્રુઓ તત્કાળ નાશ પામે છે. આવા આપના અલૌકિક મહિમાને દેખીને મને ઘણો આનંદ થાય છે.** માટે હે શરણાગતપાલક ! હે અધમોદ્ધારણ ! હું તમને પ્રાર્થના કરું છું કે, માયાના સત્ત્વાદિક ગુણોથી પર દિવ્ય અક્ષરધામમાં જ્યાં આપ અનંત મુક્તો સાથે નિવાસ કરો છો, તે ધામમાં હવે મને આપની સેવાનો અખંડ લાભ આપો.' એમ કહેતાં જ વીજળીના ઝબકારાની જેમ વ્યાસપુત્ર યોગી શુકદેવજી અદૃશ્ય થયા."

પછી વળી મહારાજે કહ્યું, **"આ શુકાનંદસ્વામી મારા હૃદ્‌ગત અભિપ્રાય તથા સિદ્ધાંતને રહેવાનું સત્પાત્ર છે, એટલે મેં તેમને મારી વાણીરૂપી વચનામૃત ભણાવ્યું છે. અને આ શુકસ્વામી જ શુકદેવજીનો અવતાર છે. તેઓ આજે અમારી પાસે આત્યંતિક કલ્યાણનું વરદાન માગવા આવ્યા હતા. માટે સહુએ સ્વામીમાં શુકદેવજીનાં દર્શન કરવાં."** આમ, શ્રીહરિએ સ્વામીનો ઘણો મહિમા કહ્યો. *(સંદર્ભ : ઉન્મ.મા.અ.૭૮)*

વળી, મહારાજ ધામમાં ગયા બાદ શુકસ્વામી વચનામૃતનાં અમુક રહસ્યો ગોપાળાનંદસ્વામી પાસેથી સમજ્યા હતા. પછી ગોપાળાનંદસ્વામી તથા નિત્યાનંદસ્વામીની આજ્ઞાથી શુકસ્વામીએ **'હરિવાક્યસુધાસિંધુ'** ગ્રંથ ઉપર આચાર્યશ્રી રઘુવીરજી મહારાજના નામે **'સેતુમાલા'** નામની ટીકા કરી છે. એમાં છેલ્લે વચનામૃતનું પરમ તત્ત્વ, રહસ્યનું રહસ્ય એવા શ્રીહરિને કેવા સમજવા..? તેનો ઉલ્લેખ કરતાં કહ્યું છે,

हेतुः सर्वावताराणाम्, अवतारी स्वयं प्रभुः ।
पिता श्रीसहजानन्दः सर्वोपरी विराजते ।।१६।।

'મારા પિતા શ્રીસહજાનંદસ્વામી સર્વ અવતારોનું કારણ એવા અવતારી, સ્વયં પુરુષોત્તમનારાયણ સર્વોપરીપણે બિરાજે છે.'

શ્રીહરિએ વ.ગ.મ.૯માં કહ્યું છે કે **"પોતાને સાક્ષાત્ મળ્યું જે ભગવાનનું સ્વરૂપ તેને સદા દિવ્ય સાકાર મૂર્તિ ને સર્વ અવતારનું કારણ અવતારી એવું જાણવું. અને જો એમ ન જાણે ને નિરાકાર જાણે ને બીજા અવતાર જેવા જાણે તો એનો દ્રોહ કર્યો કહેવાય."** માટે મહારાજને અન્ય અવતાર જેવા નહિ, પરંતુ સર્વે અવતારના અવતારી, સર્વનું કારણ સમજવા.

शार्दुल : यं साम्येन वदन्ति येऽक्षरपरं सर्वावतारैर्जनाः ।
मन्दास्ते त्ववतारिणोऽस्य न परं जानन्ति तत्त्वं प्रभोः ।
यस्याज्ञां निवहन्ति मंगलकरां सर्वेऽक्षराद्याः सदा ।
वन्दे तं पुरुषोत्तमं च सहजानन्दं सदानन्ददम् ।।

'જે લોકો અક્ષરથી પર એવા શ્રીહરિને બીજા અવતારો જેવા કહે છે, તે **મંદ બુદ્ધિવાળા** છે. અને એટલે જ અવતારી એવા શ્રીહરિના રહસ્ય જ્ઞાનને જાણતા નથી. વળી જેમની મંગલકારી આજ્ઞાને અક્ષર સહિત સર્વે હંમેશાં આદરપૂર્વક પાળે છે, તે સદા આનંદ આપનારા પુરુષોત્તમ શ્રીસહજાનંદસ્વામીને હું વંદન કરું છું.'

સ્વામીએ લખેલા આ શ્લોક ઉપરથી શુકમુનિ શ્રીજીમહારાજને સર્વોપરી સર્વાવતારી સમજતા હતા. તે સ્પષ્ટ જણાઈ આવે છે.

વળી, આ જ ટીકામાં 'હરિવાક્યસુધાસિંધુ'ના મધ્ય પ્રકરણના તરંગ ૩૧માં મહારાજે કરેલી વાત ઉપર શુકસ્વામી લખે છે,

(श्लोक) : **अन्तर्यामी तु सर्वेषां, कृष्णात्मा पुरुषोऽस्ति यः ।**
स त्वेक एव भगवान्, वेदे ब्रह्मेति कीर्तितः ।।३८।।

(ટીકા) : **यः सर्वेषां – अपरिमितजीवानां वैराजानां च, अन्तर्यामी, कृष्णात्मा – श्रीकृष्णान्तरात्मकः, पुरुषो – महापुरुषः अस्ति। एकः स – महापुरुष एव वेदे भगवान्, ब्रह्म इति कीर्तितः।**

"જે અસંખ્ય દેવ, મનુષ્ય વગેરે જીવકોટિ, વૈરાજપુરુષ આદિક તમામ ઈશ્વરકોટિના અંતર્યામી એવા શ્રીકૃષ્ણ ભગવાન છે, તે જેના અંતરાત્મા છે એવો મહાપુરુષ છે. અને એ એક મહાપુરુષને જ વેદમાં ભગવાન તથા બ્રહ્મ શબ્દથી કહ્યા છે. અને શ્રીકૃષ્ણ ભગવાન જેના અંતરાત્મા છે એવો તે મહાપુરુષ અનેક બ્રહ્માંડોની ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયનું કારણ છે. આવું જ્યારે મહારાજે કહ્યું ત્યારે શુકમુનિએ મહારાજને પૂછ્યું જે, "હે મહારાજ ! સર્વાંતર્યામી, સ્વતંત્ર અને ઈશ્વરોના ઈશ્વર એવા આપ જ તે મહાપુરુષરૂપે રહ્યા થકા અનંત કોટિ બ્રહ્માંડોની ઉત્પત્ત્યાદિકના કરનારા છો.

(श्लोक) : **ततो वेदे त्वमेवोक्तः, पुरुषः पुरुषोत्तमः ।**
अतः केन विषेशेण, बोध्या भिद्भवतोर्द्वयोः ।।४०।।

(ટીકા) : **ततो – हेतोः, वेदे पुरुषोत्तमः त्वमेव, पुरुषो – महापुरुषरूपः, उक्तः, अतस्तव तस्य चोत्पत्त्यादिसमानधर्मत्वाद्धेतोः केन विशेषेणाधिक्येन, भवतोः द्वयोः भिद् – भिदा बोध्या ?**

અને તેથી જ વેદોમાં પુરુષોત્તમ એવા તમને જ તે મહાપુરુષરૂપે કહ્યા છે. માટે હે મહારાજ ! તમારા અને તે મહાપુરુષના ઉત્પત્ત્યાદિક

સમાન ધર્મ હોવાથી કઈ વિશેષતાએ કરીને તમારામાં અને મહાપુરુષમાં ભેદ સમજવો ?" હવે મહારાજ પોતે તેનો જવાબ આપે છે,

(श्लोक) : **तयोरस्ति महान् भेदो, जीववैराजयोरिव ।**
उपासकोऽस्ति पुरुष, उपास्यो भगवान् हरिः ।।४२।।

"હે સ્વામી ! જીવ અને વિરાટનારાયણમાં જેટલો ભેદ છે, તેટલો મહાપુરુષમાં અને પુરુષોત્તમનારાયણમાં અતિશય ભેદ છે. મહાપુરુષ તો પુરુષોત્તમના એકાંતિક સેવક છે અને ભગવાન પુરુષોત્તમ શ્રીહરિ તો તેમના ઉપાસ્ય - આરાધના કરવા યોગ્ય છે. અથવા તો વિરાટનારાયણ અને તેના અંતર્યામી એવા મહાપુરુષમાં જેટલો ભેદ છે, તેટલો મહાપુરુષમાં અને પુરુષોત્તમનારાયણમાં અતિશય ભેદ સમજવો.

(श्लोक) : **बहवः सन्ति पुरुषा, ब्रह्मरूपाश्च निर्गुणाः ।**
पुरुषोत्तममेकं ते, सेवन्ते स्वामिनं तु तम् ।।४४।।

એવા અક્ષરબ્રહ્મરૂપ અને નિર્ગુણભાવને પામેલા પુરુષો અર્થાત્ મહાપુરુષો અનેક છે. અને તે બધા મહાપુરુષો તો એક એવા પોતાના સ્વામી પુરુષોત્તમ શ્રીહરિની સેવા કરે છે."

આવી શ્રીહરિની અમૃતસમાન વાણીને સાંભળીને શુકાનંદસ્વામી વગેરે સંતો અને બધા ગૃહસ્થો અતિ રાજી થયા. અને શુકાનંદસ્વામી વગેરે સંતોએ શ્રીહરિએ કહેલી તે વાતને હર્ષપૂર્વક લખી લીધી.

આમ, શુકસ્વામી મહારાજની ખૂબ નજીક હોવાથી અને મહારાજ તેના ઉપર અતિશય રાજી હોવાથી મહારાજે પોતે પોતાના મહિમાની અને શાસ્ત્રના રહસ્યરૂપ ઘણી બધી વાતો કરી છે. આ વાતો આજે પણ આપણને ખૂબ જ ઉપયોગી છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ શુકમુનિ વગેરેને નિજસ્વરૂપનું જ્ઞાન આપ્યું' એ નામે છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

અધ્યાય-૨૭

અલૌકિક દૃષ્ટિ તથા શ્રીહરિએ લખાવેલો પત્ર

શુકમુનિની સેવા, સરળતા, વિવેક, વિનય, આદિક સદ્‌ગુણો જોઈ મહારાજ તેમની ઉપર અતિશય રાજી હતા. જ્યારે મહારાજ અંતર્ધાન થયા ત્યારે પણ શુકમુનિને પોતાની સમીપે રાખ્યા હતા. શ્રીહરિની અંતર્ધાનલીલા જોવાની ઘણા સંતોને ઈચ્છા રહેતી હતી. સત્સંગમાંથી એવું જાણવા મળે છે કે, શ્રીહરિની અંતર્ધાનલીલા જોવા માટે જ મુક્તાનંદસ્વામીએ દેહ રાખ્યો હતો. વળી બ્રહ્માનંદસ્વામી પણ શ્રીહરિની અંતર્ધાનલીલા સમયે હાજર રહેવા માટે જ જૂનાગઢ મંદિરના કામે જતા થોડા ખચકાતા હતા. કેમ જે, સહુના અંતરમાં એવી ભાવના હતી કે 'સર્વાવતારી શ્રીહરિ કેવી રીતે ભૌતિક દેહ છોડે છે ? તે આપણે જોવું છે.' પરંતુ તે સમયે મહારાજે ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી અને શુકમુનિ જેવા અમુકને જ સાથે રાખ્યા હતા.

વળી, જ્યારે મહારાજ અનંત મુક્તો સાથે ધામમાં ગયા, તે વખતે જણાવેલાં ઐશ્વર્ય ગોપાળાનંદસ્વામી આદિક મોટા સંતોની જેમ જ શુકસ્વામીને પણ મહારાજે અલૌકિક દૃષ્ટિ આપી દેખાડ્યું હતું. શ્રીહરિએ દેખાડેલાં ઐશ્વર્ય, પ્રતાપ, સામર્થી વગેરેનો આંખે દેખેલો અહેવાલ શુકસ્વામીએ **'શ્રીજીમહારાજની દેહોત્સર્ગ લીલા'** નામના ખરડામાં લખ્યો છે. તે ખરડો ખરેખર અતિશય અનુપમ અને વાંચવા જેવો છે. સચ્ચિદાનંદસ્વામી શ્રીહરિની પહેલાં ધામમાં ગયા; પછી શ્રીહરિ અને તેમનો જે સંવાદ થયો તે બધી અલૌકિક વાતો શુકમુનિએ દિવ્ય દૃષ્ટિથી જોયેલી. આ બધી વાતો એ ખરડામાં લખેલી છે.

આ ખરડો વાંચ્યો ત્યારે મને ખૂબ આશ્ચર્ય થયું હતું અને શ્રીજી-મહારાજનો તથા સંતોનો બહુ જ મહિમા સમજાયો હતો. શુકમુનિએ પોતાની નજરે દેખેલી વાત આ ખરડામાં પોતાના હાથે લખેલી છે.

કોઈથી ન લખી શકાય એવો શ્રીહરિની અંતર્ધાનલીલાનો અજોડ અને નક્કર સત્ય પુરાવારૂપ આ ખરડો સંપ્રદાયના અસંખ્ય સંતો-ભક્તોને અનુપમ પ્રેરણા આપતો રહેશે.

દોહા : **લાડ પાળે છે સ્નેહીના, ધામમાં ગયા પછીય;**
દર્શન આપી સુખ આપે છે, સર્વોપરી હજીય...૧૩૪
સ્નેહી વિના શ્રીહરિને, ગમતું નથી ત્યાંય;
ક્યારેક વહાલા સંતને, મળવા આવે છે આંય...૧૩૫

મહારાજ ધામમાં ગયા તેથી શુકમુનિ તથા ભગુજીને એક દિવસ અતિશય વિયોગ થયો. એટલે ભગુજી અક્ષરઓરડીએ ગયા, તો ત્યાં મહારાજ પલંગ ઉપર બેઠા હતા. ભગુજીને આવતા જોઈને મહારાજ કહે, "ભગુજી ! શુકમુનિને બોલાવો, અમારે કાગળ લખાવવો છે." પછી ભગુજી શુકમુનિને બોલાવી લાવ્યા. એટલે મહારાજ કહે, **"શુકમુનિ ! એક પત્ર લખવો છે. તે અમે કહીએ તેમ લખો."**

એમ કહીને મહારાજે સ્વામી પાસે પત્ર લખાવ્યો. બધો કાગળ લખાઈ રહ્યો ત્યારે મહારાજ કહે, "સ્વામી ! હવે એકવાર આખો કાગળ વાંચી જાવ." તેથી શુકસ્વામીએ આખો કાગળ ફરીથી વાંચ્યો. સ્વામી પત્ર વાંચી રહ્યા કે તુરત મહારાજ અદૃશ્ય થઈ ગયા. પછી લખેલો કાગળ શુકમુનિના હાથમાં રહ્યો. તે જોઈને શુકમુનિ તથા ભગુજી બહુ આશ્ચર્ય પામ્યા. ને જાણ્યું જે, **'મહારાજ આ સત્સંગમાં સદા પ્રગટ બિરાજે છે.'** *(સંદર્ભ : હ.ચ.ચિં.૨/૩૨૫)*

દોહા : **પ્રગટ અમે ફરીએ છીએ, સદા સત્સંગમાંય;**
દેખાઈએ અમે પ્રેમીને, એવું જણાવે હરિરાય...૧૩૬
મમ પ્રેમી નિષ્ઠાવાનની, સાથે રહ્યો છું સદાય;
આનંદ દેવા હું એમને, આવું છું કદી જણાય...૧૩૭

આપણે પણ મહારાજ સત્સંગમાં સદા પ્રગટ જ છે, એમ સમજવું. **શ્રીહરિ પ્રગટ થઈને પરચો દે ત્યારે જ મહારાજને પ્રગટ માનીએ અને પરચો ન આપે તો ન માનીએ તે આપણી સમજણમાં ભૂલ છે. માટે શ્રીહરિ આપણને પરચો ન દે છતાં શુકમુનિ જેવા સંતોના અનુભવને સત્ય માનવા. 'મહારાજ આ સત્સંગમાં સદા પ્રગટ બિરાજે છે.' એવી વિશ્વાસપૂર્વક સમજણ રાખશું તો દિવ્ય દૃષ્ટિ થશે, અંતરમાં મહારાજનું બળ બહુ રહેશે, ખૂબ જ આનંદ આવશે, ટૂંક કાળમાં માયા ટળશે, વાસના બળશે અને શ્રીહરિ મળશે.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'અલૌકિક દૃષ્ટિ તથા શ્રીહરિએ લખાવેલો પત્ર કહ્યો' એ નામે સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

અધ્યાય-૨૮

સત્સંગમાં શ્રીહરિ સદા પ્રગટ જ છે.

દોહા : **પ્રગટ વિચરે સત્સંગમાં, સદા શ્રીજીમહારાજ;**
પળે પળે નિજ ભગતનાં, પ્રભુ પ્રેમે કરે કાજ...૧૩૮
આળસ છોડી આવે, દોડતા મહારાજ;
જોઈએ શ્રદ્ધા પૂરી, તો શ્રીહરિ કરે કાજ...૧૩૯

એક સમયે અયોધ્યાપ્રસાદજી મહારાજ અમદાવાદમાં નરનારાયણ દેવનાં દર્શન કરીને હિંદુસ્તાનમાં જવા માટે ચાલ્યા. કેટલાક સાધુ, બ્રહ્મચારી, પાળા, હાથી, ઘોડા, ગાડીઓ, રથ, ડંકા, નિશાન વગેરે ઘણાંક સામાને સહિત વાજતે-ગાજતે ગામ કપડવંજમાં આવ્યા. ત્યાં પાંચ દિવસ રહી ભૂધરભાઈ, વેણીભાઈ, ગણેશજીભાઈ વગેરે ભક્તોને રાજી કરી ગામ ચિખલોડ ગયા. ત્યાં બે દિવસ રહી ત્યાંના પટેલ રામદાસ, અંબાઈદાસ, કાળીદાસ વગેરેને રાજી કરી લસુંધરા ગયા. ત્યાં રામક્ષેત્રમાં ટાઢા-ઊના પાણીના સવાસો જેટલા કુંડ છે. તે તીર્થની જાયગા છે; ત્યાં નાહવા પધાર્યા.

તે સમયે એ તીર્થમાં રહેનારા કેટલાક બ્રાહ્મણ દક્ષિણાઓ લેવા સારુ આવ્યા. પછી મહારાજશ્રીએ સ્નાન કરી કોઠારીને કહ્યું જે, “પાંચ-દસ રૂપિયા લઈ આ સઘળા બ્રાહ્મણોને દક્ષિણા આપો.” ત્યારે તે બોલ્યા જે, “હે મહારાજ ! રૂપિયા તો હાલ મારી પાસે નથી.” એ સાંભળીને મહારાજશ્રીએ પોતાના અંતઃકરણમાં શ્રીજીમહારાજને સંભાર્યા. એટલે શ્રીજીમહારાજ ભારે જરિયાની વસ્ત્ર ધારણ કરી, સોનાનાં ઘરેણાં પહેરી અને હાથમાં રૂપિયાનો બટવો લઈને આવ્યા. પોતાના પુત્રને દર્શન દઈ તે બટવો તેમના હાથમાં આપી એક મોટા વરખડાના વૃક્ષ હેઠે બેઠા. પછી આચાર્ય મહારાજ તે બટવામાંથી રૂપિયા કાઢી બ્રાહ્મણોને દક્ષિણાઓ આપવા લાગ્યા.

એટલામાં ઉમરેઠથી શુકસ્વામી કેટલાક સાધુ તથા હરિજન સાથે ત્યાં પધાર્યા. ત્યારે સ્વામીને વરખડાના વૃક્ષ હેઠે શ્રીજીમહારાજ બેઠા છે તેવાં દર્શન થયાં. તેથી દંડવત કરવા લાગ્યા. ત્યારે સર્વે વિચારવા લાગ્યા જે, ‘સ્વામી અહીં વૃક્ષ હેઠે કોને દંડવત કરે છે ?’

શ્રીહરિનાં દર્શન કરી સ્વામી અયોધ્યાપ્રસાદજી મહારાજ પાસે આવ્યા. ત્યારે સુદર્શનાનંદસ્વામીએ પૂછ્યું જે, “હે શુકમુનિ ! તમે ઓલ્યા વૃક્ષ હેઠે કોને દંડવત કર્યા ?” ત્યારે સ્વામી બોલ્યા જે, **“ત્યાં શ્રીજીમહારાજ પ્રત્યક્ષ બેઠા હતા; મેં તેમને દંડવત કર્યા.”** તે સાંભળીને સૌ સંતો-ભક્તો રાજી થયા અને સહુને આશ્ચર્ય પણ થયું.

પૂર્વછાયો : **મોટા સંત હરિજનને, સદા શ્રીજી હાજરાહજૂર;**
મૂકી આ સત્સંગને પ્રભુ, નથી ગયા ક્યાંય દૂર...૧૪૦
ખોટા હોય જે દિલના, દોષે ભર્યા ભરપૂર;
ભક્તિ હીણા ધર્મ હીણા, તેથી શ્રીજી રહે છે દૂર...૧૪૧

માટે આપણે સાચા ભક્ત થાવું. સાચાને શ્રીહરિ સોંઘા છે અને ખોટાને ખોળતા પણ મળતા નથી. જે સાચા નિષ્ઠાવાન છે, પ્રેમી છે,

નિર્મળ અંતરના છે, સહુમાંથી ગુણ લેવાના સ્વભાવવાળા છે, ખોટા રાગ-દ્વેષ, ટીકા-નિંદા અને અભાવ-અવગુણથી દૂર રહે છે; એવા સંતો-ભક્તો માટે શ્રીહરિ સદા આ સત્સંગમાં પ્રગટ છે.

દોહા : **સારંગપુરમાં સ્થાપિયા, હનુમાનજી જે વાર;**
પ્રતિષ્ઠાની પ્રથમ આરતી, શુકમુનિ ઉતારનાર...૧૪૨

સં.૧૯૦૫માં આસો વદ પાંચમે ગોપાળાનંદસ્વામીએ સારંગપુરમાં શ્રીકષ્ટભંજન દેવની સ્થાપના કરી. ત્યારે ગોપાળાનંદસ્વામીએ શુકમુનિને મહા નિષ્કામી અને શ્રીહરિના કૃપાપાત્ર સમજીને તેમની પાસે પ્રથમ આરતી ઉતરાવી હતી. આ તે બંને મહાપુરુષોનો પરસ્પર દિવ્યતા, આત્મીયતા અને મહિમાના પ્રતિક સમાન પ્રસંગ છે. આમ **જ્યાં પરસ્પર એકબીજાની મોટપનો સ્વીકાર થતો હોય, અભાવ-અવગુણ ને કપટથી દૂર રહેતા હોય ત્યાં શ્રીહરિ સદા પ્રગટ રહે છે.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રી શુકાનંદસ્વામીના આખ્યાનમાં 'સત્સંગમાં શ્રીહરિ સદા પ્રગટ છે' એ નામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

અધ્યાય-૨૯

ઉમરેઠના સિકાભાઈને અક્ષરધામ

દોહા : **સ્વામી શ્રીશુકાનંદની, પામી કૃપા સુખધામ;**
ઉમરેઠના શેલત સિકા, પામ્યા સહજ બ્રહ્મધામ...૧૪૩

શુકસ્વામી ઉમરેઠના પ્રેમીભક્તને આધીન થઈ ઘણીવાર ત્યાં પધારતા. ગોપાળાનંદસ્વામી ધામમાં ગયા પછી ઉમરેઠવાસી ભક્તો કહે, **"હે સ્વામી ! હવેથી અમારે તમે ગોપાળાનંદસ્વામીના સ્થાને છો. માટે અમારું ધ્યાન રાખજો."** તેમની ભાવનાથી સ્વામી અવારનવાર ઉમરેઠ પધારતા. અને શુકસ્વામી થકી ત્યાંના ભક્તોને ખૂબ સમાસ થતો. સ્વામીના યોગમાં આવતા સિકાભાઈ શેલત સ્વામિનારાયણ

ભગવાનના આશ્રિત થયા. જ્યારથી સત્સંગ થયો ત્યારથી તેમનો રંગ ચડતો ને ચડતો રહેતો.

એકવાર સિકાભાઈ શેલતે શુકમુનિને ઉમરેઠ બોલાવ્યા ને પોતાની સર્વસ્વ મિલ્કત શ્રીલક્ષ્મીનારાયણ દેવને અર્પણ કરી દેવાની વાત કરી. ત્યારે સ્વામીએ કહ્યું કે, "સર્વસ્વ આપવાનો શાસ્ત્રમાં નિષેધ છે. માટે તમારી બે ધર્મપત્નીઓ અને એક દીકરી છે; તેને માટે ત્રણ ભાગે તેની વહેંચણી કરો. પછી બે ભાગ તેમને આપો અને એક ભાગ દેવને અર્પણ કરો."

સમજવા જેવું છે કે, દેવસેવા નિમિત્તે પણ સ્વામી વિવેક ચૂક્યા નથી. કોઈ ભક્ત આપણને દેવસેવાનું કહે તો તરત મનમાં એમ થાય કે, 'મારે ક્યાં જોતું છે ? આ તો દેવ માટે જ છેને !' અને અંદર તપાસીએ તો 'મેં દેવની સેવા ઝાઝી કરાવી.' આવી દેખાડી દેવાની ભાવના હોય. શુકસ્વામી જેવા નંદસંતોની વિચારધારા, ઉદારતા, શ્રેષ્ઠતા અને નિર્બંધતા આપણને ઘણું શીખવી જાય છે.

સ્વામીએ કહ્યું, "સિકાભાઈ ! ગૃહસ્થોએ પોતાના પરિવાનું ધ્યાન રાખવાનું હોય, માટે એક ભાગ પત્નીઓને તથા એક ભાગ દીકરીઓને આપો અને ત્રીજો ભાગ વડતાલ લક્ષ્મીનારાયણ દેવને આપો." ભગવાન આપણને આવું શુકમુનિ જેવું નિર્લોભીપણું આપે એવી પ્રાર્થના.

પૂર્વછાયો : **ધન્ય સ્વામીના વિવેકને, ધન્ય નિર્લોભી વર્તમાન;**
દેવને અર્થે પણ ન ઈચ્છ્યું, લીધું નહીં બધું ધન ધાન...૧૪૪

સદ્.આધારાનંદસ્વામી શ્રીહરિચરિત્રામૃતસાગર(૧૧/૩૦)માં કહે છે તે સહુને માટે અતિ ઉપયોગી છે. સંતો ધનના લોભથી બચે અને શાંતિથી શ્રીહરિને ભજે, એવી એ મઝાની વાત છે. **"જેવો વક્તા હોય તેવા ગુણો શ્રોતામાં આવે છે.** કેમ જે, શ્રોતાઓ વક્તાને આધીન હોય છે. જો વક્તામાં સ્વાર્થબુદ્ધિ હોય, રાગ-દ્વેષ હોય, ટીકા-નિંદા કરવાનો

સ્વભાવ હોય, અશુદ્ધિ હોય તો તે દુર્ગુણો સાંભળનારાને ખબર પણ ન પડે એમ તેનામાં આવી જાય છે.” વળી શ્રીહરિ કહે છે કે,

चोपाई : श्रोता जो कहावे जेता, वक्ता के आधीन हे तेता ॥
भाव कुभाव अंतर में आवे, वक्ता ताकुं जेसे सुनावे ॥९॥

વક્તાના મનમાં સહુના પ્રત્યે દિવ્યભાવ કે કુભાવ હોય, તેવું તેની વાણીમાં આવે અને તે સાંભળી તેના જેવા ગુણો શ્રોતામાં પણ આવે છે. શબ્દની જબ્બર તાકાત છે. **જેવા શબ્દ સાંભળે એવું જીવનું અંતઃકરણ થઈ જાય છે.** જેમ સોનાના ઘાટ ઘડવા તે સોનીના હાથમાં છે, લોખંડના ઘાટ ઘડવા તે લુહારના હાથમાં છે, લાકડાંમાં ઘાટ ઘડવા તે સુતારના હાથમાં છે અને કારીગરી કલાકારના હાથમાં છે; તેમ **શ્રોતાઓ વક્તાના હાથમાં હોય છે.** વક્તા જેવું ઈચ્છે તેવો શ્રોતાનો ઘાટ ઘડી નાંખે.

શ્રીહરિએ વચ.વડ.૧૨માં કહ્યું છે, “જેના હૃદયમાં એવો ભગવાનનો મહિમા સહિત દૃઢ નિશ્ચય ન હોય તેને તો નપુંસક જેવો જાણવો, તે એને વચને કરીને કોઈ જીવનો ઉદ્ધાર થવાનો નહિ. જેમ રાજા હોય તે નપુંસક હોય ને તેનું રાજ્ય જતું હોય ને વંશ જતો હોય, પણ એ થકી તેની સ્ત્રીને પુત્ર થાય નહિ; અને સર્વ મુલકમાંથી પોતા જેવા નપુંસકને તેડાવીને તે સ્ત્રીને સંગે રાખે તોપણ સ્ત્રીને પુત્ર થાય નહિ. તેમ જેને ભગવાનનો મહિમા સહિત નિશ્ચય નથી તો તેને મુખે ગીતા-ભાગવત જેવા સદ્‌ગ્રંથ સાંભળે પણ તેણે કરીને કોઈ શ્રોતાનું કલ્યાણ નથી થતું. અને **વળી જેમ દૂધ ને સાકર હોય ને તેમાં સર્પની લાળ પડી, પછી એને જે કોઈ પીવે તેના પ્રાણ જાય; તેમ માહાત્મ્ય સહિત જે ભગવાનનો નિશ્ચય તેણે રહિત એવો જે જીવ તેના મુખ થકી ગીતા-ભાગવતને સાંભળે તેણે કરીને કોઈનું કલ્યાણ થતું નથી, એમાંથી તો મૂળગું (શ્રોતાઓનું) ભૂંડું થાય છે.”**

માટે વિમુખ જીવના મુખથી ક્યારેય ભગવાનની કથા-વાર્તા પણ સાંભળવી નહીં. વિમુખ કે કુસંગી વાતો દ્વારા જ અભાવ-અવગુણ, રાગ-દ્વેષ તથા શંકા-સંશયરૂપી ઝેર આપી દે છે. મહાભારતમાં કહ્યું છે જે, 'જ્યાં આપણા ઈષ્ટદેવની, ગુરુજનોની નિંદા થતી હોય ત્યાંથી ચાલી નીકળવું; કાં તો કાનમાં આંગળીઓ નાખી દેવી; અથવા તે બોલતો બંધ થઈ જાય એવો સચોટ જવાબ આપવો.'

રામભાઈ સુતાર પ્રથમ લતીપુરામાં રહેતા. પરંતુ ત્યાં તેમના ગુરુ આત્માનંદસ્વામીની લોકો ટીકા-નિંદા કરવા લાગ્યા તેથી તેઓ ગામ છોડીને શેખપાટ રહેવા જતા રહ્યા. આવી તેની ગુરુનિષ્ઠા જોઈને આત્માનંદસ્વામીએ રાજી થઈ આશીર્વાદ આપ્યો કે, 'તમારે ત્યાં એક મુક્ત અવતરશે.' અને એ જ આપણા નિષ્કુળાનંદસ્વામી થયા. માટે વક્તાના મોઢેથી ગમે તેવી વાતો ન સંભળાય અને જો સાંભળીએ તો તે અશુદ્ધિ આપણામાં આવે. કેમ જે, **શ્રોતાઓ વક્તાના હાથમાં છે.**

જ્ઞાની પુરુષની જેવી રુચિ હોય તેવી તે સામાન્ય મનુષ્યની રુચિ કરી દે છે. સામાન્ય માણસોએ તો અન્ન-વસ્ત્રાદિકે કરીને સંતની સેવા કરવાની હોય છે. તે પોતાની ધન-સંપત્તિ પ્રમાણે સંતની સેવા કરતા હોય છે. **સાધુ જો ગૃહસ્થની સંપત્તિનો વિચાર કર્યા વિના તેની પાસે વધારે સેવા કરાવે, તો તે ફરીને ક્યારેય આપે નહીં.** જેમ આંચળમાં જેટલું દૂધ હોય તેટલું ગાય નિત્ય આપી દે છે; પછી વધારે આંચળ તાણીને દૂધ લેવા જાય તો તે ગાયનું પાટું ખાય; તેમ સામાની રુચિને ઓળખ્યા વિના જે વધારે જ્ઞાનવાર્તા કરે કે સેવા કરાવે તેનો બીજાને અભાવ આવે છે.

આવી જ રીતે **આપણે કોઈની પાસે મહિમા સમજીને સમાગમ કરવા જઈએ અને તે આપણને છોડે જ નહિ અથવા બીજાના અભાવ-અવગુણ આપણા અંતરમાં નાખે તો તેની પાસે ક્યારેય ન જવાય, તે**

વિવેક કહેવાય. જ્યારે ભગવાનની કૃપા થાય ત્યારે આપણને આપણા દોષો દેખાય છે. સામાના દોષો તો ગાંડાને પણ દેખાય - એ કાંઈ હોંશિયારી નથી. માટે મીઠા ઝાડનાં મૂળ ન કાઢવાં. સામાની રુચિ ઓળખીને તેને સમાસ થાય એવી અને એટલી જ જ્ઞાનવાર્તા કરવી તથા એવી અને એટલી જ સેવા કરાવવી જોઈએ, પરંતુ અભાવ આવે એવું કાંઈ પણ ન કરવું.

ચોપાઈ : ज्ञान ओट लइ लोभ करे जितनो, ज्ञानरूप हो जावे तितनो;
काम क्रोध त्यागी में आवे, प्रगट देखावे न छिपावे.

જ્ઞાનની ઓથ લઈને ત્યાગી સાધુ જેટલો લોભ કરે છે તે લોભ તેને દેખાતો નથી. કેમ જે, તે જ્ઞાનરૂપ થઈ જાય છે. તેથી મનમાં એમ લાગે કે, 'હું ક્યાં મારા અર્થે માગું છું ? દેવને અર્થે, સત્સંગને અર્થે કે ગુરુને અર્થે જ છેને !' માટે તે ઓળખવો કઠણ છે. જેમ કાલીદત્ત છોકરાનું રૂપ લઈને છોકરા ભેગો રમવા આવ્યો, ત્યારે અસુર હતો છતાં શ્રીહરિ સિવાય બીજા ન ઓળખી શક્યા. આમ, ત્યાગીમાં રહેલો લોભ તે કોઈના કળ્યામાં આવતો નથી.

કેટલાક ત્યાગીઓ ગુરુ તથા દેવને માટે માયાદિક ધન ભેગું કર્યા કરે છે, વસ્તુ-પદાર્થ ભેગા કર્યા કરે છે, પણ જ્યાં માયા હોય ત્યાં હૃદયશુદ્ધિ રહેતી નથી, એકબીજાના દોષ જ જોવાય છે. આ શ્રીહરિનાં વચન ક્યારેય ખોટાં ન પડે. અધિક સંપત્તિ મોટો વિનાશ કરે, તે સમજી જ રાખવું. જેને માયા છોડવાનું જ તાન હોય તેઓ જ પ્રસન્ન મને રહી શકે છે. **જ્યારે પ્રગટ ભગવાન ન હોય ત્યારે બધાનું માયા ઉપર જ તાન રહે છે. પિંડ-બ્રહ્માંડનો નિષેધ કરનારા તથા જ્ઞાનવાર્તા કરનારા પણ માયા મેળવવા ગૃહસ્થો સાથે કરોડો પ્રકારના ક્લેશ કરે છે;** પણ તે માયા ત્યાગીના ઉપયોગમાં લેશમાત્ર પણ આવતી નથી. આવી વાત શ્રીહરિ રોજ કરતા હતા. શ્રીહરિ બોલ્યા અને સિદ્ધાનંદસ્વામીએ આ લખ્યું છે. તે ક્યારેય ખોટું હોય નહીં.

ત્યાગીઓ સંપત્તિ માટે ગૃહસ્થો સાથે અનેક પ્રકારનો ઝઘડો કરે છે તે મેં પણ અનુભવેલું છે. હું એક ગામમાં ગયો. સાંજે સભા કરી. પછી મેં એક ભગતને પૂછ્યું, “અહીં રોજે સભામાં કેટલા ભક્તો આવે છે ?” ત્યારે તે કહે, “સાધુ ન આવ્યા હોય તો ૭૦-૮૦ ભક્તો નિત્ય આવે અને સાધુ આવ્યા હોય તો ૩૦-૩૫ જ ભક્તો આવે.” તેથી મેં તેનું કારણ પૂછ્યું. ત્યારે તે કહે, “લગભગ સાધુ ભગવાનની એક-બે વાત કરી પછી ફાળો જ કાઢે. તથા બીજી-ત્રીજી જ વાતો કરે. તેથી હરિભક્તો સાધુને જોઈને મંદિરમાં ઓછા આવે છે.”

આ શ્રીહરિએ કહ્યું તેમ ગાયને દોઈ લીધા પછી ફરી દૂધ દોવા જાય તો પાટું ખાય તેના જેવું થયું. એટલે કોઈ સંતો કે હરિભક્તોએ સંપત્તિના ભોગે સત્સંગીઓ ટાળવાનો ધંધો ન કરવો. સંપત્તિ એકઠી કરવા સત્સંગીનું શોષણ ન કરવું. અને જો સત્સંગી નહિ પણ સંપત્તિ ભેગી કરવાનું જ તાન રહેશે તો સત્સંગનું ધોવાણ થઈ જશે. સંપત્તિ માટે સત્સંગીને ટાળી દેવા નહીં.

કરોડો પ્રકારે ક્લેશ કરીને ભેગી કરેલી માયા તે ત્યાગીના ઉપયોગમાં લેશ પણ આવતી નથી. કેમ જે, તેને કાંઈ સ્ત્રી, છોકરા કે પરિવાર હોય નહીં. છતાં બીજાનો સત્સંગ ટાળીને જે પૈસા ભેગા કરે છે તે અંતે અવળે માર્ગે જ વપરાય છે. માટે સહુ સંતોએ સત્સંગીઓનું પોષણ કરવું. સંપત્તિના ભોગે સત્સંગીને રાખવા. આ આપણા નંદસંતોની રીત હતી. શુકમુનિ આવા દોષથી મુક્ત અને સાધુતાના ગુણથી યુક્ત હતા. આપણે પણ તેવું શીખવું.

સત્પુરુષના ગુણોનું વર્ણન કરતાં **સદ્.શ્રીઆધારાનંદસ્વામી હ.ચ. સા.૧૧/૩૧**માં કહે છે,

चोपाई : हरि के धाम विन वैभव जेता, मलवत देखे सब जो तेता ।
मलवत जानि भोगवे जितना, सत्पुरुष सो जानना तितना ॥१९॥

देह ब्रह्मांड लग कोउ मांही, सुख न देखे भुले कबु ताही ।
जिय में होवे वरतन एसा, सत्पुरुष सो कहावत तेसा ॥२०॥

શુકસ્વામી ભગવાન અને ભગવાનના ધામ વિનાના તમામ વૈભવને મળ સમાન દેખતા હતા. અને જે આમ સમજે તેને જ સાચા સત્પુરુષ કહેવાય. સાચા સંત ક્યારેય પિંડ-બ્રહ્માંડમાં ભૂલે પણ સુખ માને નહીં. જેને માટે શ્રીહરિ અને અક્ષરધામ સિવાય બીજે ક્યાંય સુખ છે જ નહિ; જેણે એવી દૃઢ આંટી પાડી હોય, તેનામાં સાચું સત્પુરુષપણું આવે છે. શુકસ્વામી આવા સત્પુરુષ હતા તેથી તેમણે દેવને અર્થે પણ અધિક દ્રવ્ય ન રાખ્યું. માટે તેમને લાખો વંદન છે. વિશ્વાસુ સિકાભાઈએ પણ જેમ સ્વામીએ કહ્યું તે પ્રમાણે વ્યવસ્થા કરી. તેથી સ્વામીએ તેમને વચન આપ્યું કે,

દોહા : **તમે તમારા ભાગને, પ્રેમે કર્યો અર્પણ;**
તેથી અક્ષરધામ આપશે, તમને સ્વામિનારાયણ...૧૪૫

સિકાભાઈ તમે મારા વચને તમારો ભાગ શ્રીહરિને સમર્પણ કર્યો; માટે હું પ્રાર્થના કરું છું કે 'મારો વહાલો શ્રીહરિ તમને અક્ષરધામ આપશે.' આવું વરદાન આપી સ્વામી વડતાલ પધાર્યા. થોડો સમય ગયો ત્યાં **સં.૧૯૨૦માં** સિકાભાઈને પાઠું, કહેતાં વાંસામાં ગૂમડું નીકળ્યું ને મંદવાડ થયો. તેથી તે જ સાલમાં થોડા દિવસોમાં કહે, **'આ શુકમુનિ મહારાજને લઈને મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે ધામમાં જાઉં છું.'** એમ કહી દેહત્યાગ કરી અક્ષરવાસી થયા.

(સંદર્ભ : હરિપ્રિય.ચોપડો)

દોહા : **મોટા સંતની કૃપા થકી, જીવ પામે બ્રહ્મધામ;**
તેથી સંતકૃપા ચાહે, આ સત્સંગ તમામ...૧૪૬
સંતકૃપાથી થાય છે, નાનાં મોટાં સહુ કામ;
રાજીપો લેવા મથે છે, આ સત્સંગ તમામ...૧૪૭

સંતની કૃપાથી જીવને અનેક વાતની સિદ્ધિ મળે છે. સંતકૃપાથી જ જીવનું અધૂરું પૂરું થાય છે; રોગી નિરોગી બને છે; નિર્ધન ધનવાન થાય છે; દેહરૂપ બ્રહ્મરૂપ બની જાય છે. આવી વાતો ગ્રંથોમાં અનેક જગ્યાએ લખાયેલી છે. તેથી આખો સત્સંગ મોટા સંતોના રાજીપાને લેવા સદા ઝંખે છે. **શ્રીહરિ આપણને શુકમુનિ તથા તેમના શિષ્ય સિકાભાઈ જેવું નિર્લોભીપણું, નિર્બંધપણું અને સમર્પણભાવ આપે એ જ પ્રાર્થના.**

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રી શુકાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ ઉમરેઠના સિકાભાઈને અક્ષરધામ આપ્યું' એ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

અધ્યાય-૩૦

શુકમુનિએ કરેલી નિશ્ચયના ભેદની વાત

સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનની સમાન કોઈ નથી, તો તેમનાથી અધિક તો બીજા કોઈ હોય જ કેમ ? આવી સર્વોપરી કરુણારસથી ભરેલી મૂર્તિ આપણને મળી છે. માટે સતત શ્રીહરિની સામે જોઈ રહેવું. શુકમુનિની જેમ અખંડ મૂર્તિ અને મરજીમાં રહેવાનું જ તાન રાખવું. આવું તાન અખંડ આપણા અંતરમાં રહે તે માટે ગળતા હૃદયે પ્યારા પ્રભુજીને પ્રાર્થના કરવી.

દોહા : **સર્વોપરી છે શ્રીહરિ, તે તુલ્ય નહીં કોય;**
તેથી અધિક હોય ક્યાંથી, રહું તે મૂર્તિને જોય...૧૪૮
સર્વેશ્વર છે સુખદ હરિ, સર્વાત્મા ઘનશ્યામ;
પૂર્ણ પુરુષોત્તમ પોતે, પૂરણ સુખનું ધામ...૧૪૯
અક્ષરપતિ અલબેલડો, અક્ષરાધાર અનૂપ;
સર્વ આત્માના આત્મા, કોટિ બ્રહ્માંડના ભૂપ...૧૫૦
પુરુષોત્તમ અહીં પધાર્યા, આપવા સહુને આનંદ;
અજર અમર અવિનાશી, જે પૂરણ પરમાનંદ...૧૫૧

મહા આનંદ સાગર છે, સ્વામી સહજાનંદ;
પ્રેમે વૃત્તિ રાખો એમાં, મળશે મોટો આનંદ...૧૫૨
મહિમા સમજી શ્રીજીનો, સ્વામી શ્રીશુકાનંદ;
અખંડ શ્રીહરિ સંભારતા, લૂંટતા અખૂટ આનંદ...૧૫૩
એવા મુનિ શુકાનંદને, વંદન કરું છું હજાર;
જ્ઞાનજીવન ગુણલા ગાતા, વધે પ્રભુમાં પ્યાર...૧૫૪

શ્રીહરિએ અહીં પધારી આપણા ઉપર અનેક પ્રકારે કરુણા રેલાવી છે. શુકમુનિ જેવા મોટા સંતોને સાથે લાવ્યા તે શ્રીહરિની કરુણા છે. સ્વામિનારાયણ મહામંત્ર આપ્યો તથા વડતાલમાં પોતાના હાથે પોતાનું સ્વરૂપ શ્રીહરિકૃષ્ણ મહારાજ સ્થાપ્યું એ કરુણા છે. તેમજ શિક્ષાપત્રી, વચનામૃત અને સત્સંગિજીવન જેવા અજોડ કલ્યાણકારી સદ્‌ગ્રંથો આપણને આપ્યા એ મહારાજની મોટી કરુણા છે.

આવા સુખકારી, પરોપકારી, દુઃખહારી અને કરુણામૂર્તિ મહારાજના તથા તેમના લાડલા સંતોના ઉપકારને અંતરમાં યાદ રાખીએ તો સહેજે નિર્માની થવાય, વાસના જિતાય અને જીવમાં બહુ બળ આવે. શુકસ્વામી બહુ દયાળુ સંત હતા. એટલે સહેજે સહુના ઉપર ઉપકારો કરી રહસ્યમય વાતો કરતા. થોડી વાતો આપણે સમજીએ.

દોહા : **શુકસ્વામીની વાર્તાઓ, સમજ્યા જેવી અનૂપ;**
ભાવથી જે જન સમજે, તે પામે હરિનું રૂપ...૧૫૫
ઝીણી અનુપમ વાર્તા, કરતા સ્વામી સદાય;
એમાંથી થોડી વાતને, લખી જણાવું હું આંય...૧૫૬

નિષ્ઠાની વાતો એટલે આત્યંતિક કલ્યાણની વાતો; જીવના માટે અમૃત સમાન વાતો. સ્વામીએ નિષ્ઠાના ભેદની ઊંડાણ ભરેલી વાતો કરી છે, તે પૈકી નિર્ગુણસ્વામીની વાત ૪૪૩ ખૂબ સરસ છે.

શુકમુનિએ વાર્તા કરી જે, 'આત્માને સાક્ષાત્કાર દેખતો હોય તોપણ આત્મારૂપે વર્તવું બહુ કઠણ છે.' આ વાતમાં શબ્દે શબ્દે ઊંડાણ છે. આત્માને સાક્ષાત્કાર દેખવો તે એક વાત છે અને અખંડ આત્મારૂપે વર્તવું તે બીજી વાત છે. આત્માને દેખવા કરતાં પણ અખંડ આત્મારૂપે વર્તવું તે કઠણ છે. આ વાત પરથી નક્કી થાય છે કે, આત્માનો સાક્ષાત્કાર થયો હોય છતાં પણ જીવ અખંડ બ્રહ્મરૂપે રહી શકતો નથી.

આત્મનિષ્ઠાની તારતમ્યતાએ નિર્વિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ પડે છે અને દેહાભિમાનની તારતમ્યાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ પડે છે. આમ, ત્રણ સવિકલ્પ નિશ્ચયના ભેદ અને ત્રણ નિર્વિકલ્પ નિશ્ચયના ભેદ; કુલ મળીને છ ભેદ થાય છે. આ વાત શ્રીહરિએ વ.લો.૧૨માં પણ કરી છે અને ગોપાળાનંદસ્વામીએ પણ 'નિશ્ચયના ભેદની વાતો'માં આ વાત સ્પષ્ટતા પૂર્વક વિસ્તારથી કરી છે.

નિષ્ઠાના ભેદ વિષે શ્રીહરિએ કરેલી વચનામૃતની વાત, ગોપાળાનંદ સ્વામીએ કરેલી વાત અને શુકમુનિએ કરેલી વાત - આ ત્રણેય વાત અલગ અલગ છે. આમ જુદી હોવા છતાં આ વાતો એકબીજાની પૂરક છે. એકબીજામાં બતાવેલા નિષ્ઠાના ભેદને સમજવામાં ઘણી મદદરૂપ થાય છે. જે જિજ્ઞાસુ હોય અને નિશ્ચયના ભેદને વ્યવસ્થિત સમજવા ઈચ્છતો હોય તે આ ત્રણેય ગ્રંથોની વાતોને એક સાથે બે-ચારવાર વાંચે અને અભ્યાસ કરે તો તેમાંથી તેને ઘણું મળે તેમ છે.

શુકમુનિએ જે નિશ્ચયના ભેદની વાત કરી છે, તે આપણી નિષ્ઠાનું લેવલ કેટલે પહોંચ્યું છે, તે તરત જણાવી આપે તેવી છે. વર્ષોથી આપણે સત્સંગ કરીએ છીએ, સતં કે ભક્ત થયા છીએ, વર્ષોથી આપણે શ્રીહરિને મેળવવા ઝંખીએ છીએ, અરે ! જન્મોજન્મથી ઝંખીએ છીએ, પરંતુ ભગવાનના સ્વરૂપને સમજવાની કાંઈક ને કાંઈક કસર રહી છે. અને આ નિષ્ઠાની ખામીને કારણે પ્રાપ્તિમાં બહુ મોટો ભેદ પડે છે.

નિષ્ઠાના છ પ્રકારના ભેદમાં પ્રથમ નિર્વિકલ્પ નિશ્ચયના કનિષ્ઠ, મધ્યમ અને ઉત્તમ - આમ ત્રણ ભેદની વાત કરે છે. સ્વામીના મતે નિર્વિકલ્પ નિશ્ચયના ભેદ આત્મનિષ્ઠાની દૃઢતાની ખામીને કારણે નથી પડ્યા, પરંતુ શ્રીહરિના સ્વરૂપને સમજવાની કચાશને કારણે પડ્યા છે. અને સવિકલ્પ નિશ્ચયના ભેદ આત્મનિષ્ઠાની કચાશને કારણે પડ્યા છે.

સ્વામી પ્રથમ **કનિષ્ઠ નિર્વિકલ્પ નિશ્ચયવાળા**નાં લક્ષણ જણાવે છે. તેને આત્મનિષ્ઠાની દૃઢતા હોય છે. તથા દેહાદિક માયાના કાર્યને તે નાશવંત, તુચ્છ અને દુઃખરૂપ જાણે છે, તેથી તેને તેમાં ક્યાંય પ્રીતિ થતી નથી. તેને કનિષ્ઠ નિશ્ચય છે; છતાં ભગવાનનો મહિમા બહુ સમજે છે. તેથી નૈમિત્તિક પ્રલયને વિષે તેને ભય થતો નથી; અર્થાત્ ત્રિલોકીનો નાશ થાય તેનું તેને કાંઈ નહિ, તો આ લોકમાં સગા-સંબંધી કે ધન-સંપત્તિ ટળે કે મળે તેમાં હર્ષ કે શોક ન થાય તેમાં શું કહેવું ? પરંતુ જ્યારે પ્રાકૃત પ્રલય થાય ત્યારે ભય થાય છે - આ તેમાં કસર છે. અર્થાત્ તે દેવકોટિમાં કે જીવકોટિમાં નથી બંધાતો, પરંતુ ઈશ્વરકોટિના ઐશ્વર્યોમાં લલચાયેલો હોય છે; તેથી તે ટળે ત્યારે ભય સતાવે છે.

હવે **મધ્યમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા**નાં લક્ષણ કહે છે. આ ભક્તને તેના કરતાં આત્મનિષ્ઠાની અતિશે દૃઢતા છે. અને માયાનું કાર્ય જે અનંતકોટિ બ્રહ્માંડો તેને નાશવંત, દુઃખરૂપ અને કાળગ્રસ્ત જાણે છે, કહેતાં કાળના કોળિયા જેવા જાણે છે. કનિષ્ઠ નિશ્ચયવાળો દુઃખરૂપ જાણે છે, જ્યારે આ કાળગ્રસ્ત જાણે છે. એટલે તેને તેમાં ક્યાંય પ્રીતિ થતી નથી. માટે નૈમિત્તિક પ્રલય અને પ્રાકૃત પ્રલયમાં તેને ભય થતો નથી, પણ આત્યંતિક પ્રલયને વિષે ભય થાય છે. અર્થાત્ તે વખતે તેને મૂંઝારો આવે છે. પછી તેને જ્ઞાનના વિચાર કરીને ટાળી નાંખે છે, એટલી તેમાં વિશેષતા છે. અને તે ભગવાનનો મહિમા અનંત અપાર સમજે છે.

હવે **ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચયવાળા**નાં લક્ષણ કહે છે. તે ભક્ત તો પોતાને સદા અક્ષરબ્રહ્મરૂપ સમજે છે. એક પગથિયું આગળ છે. તે માત્ર પોતાને 'હું આત્મા છું' એમ નથી માનતો. **'હું અક્ષરબ્રહ્મરૂપ છું. અષ્ટાવરણે સહ અનંતકોટિ બ્રહ્માંડો જેના એક એક રોમમાં અણુંની પેઠે ઊડતાં ફરે છે, એવું પુરુષોત્તમનારાયણને રહેવાનું અક્ષરધામ હું છું.' એમ સમજે છે. અને ભગવાનનો મહિમા અતિ અલૌકિક અને અપાર સમજે છે.** અને ભગવાનના સ્વરૂપના અતિ અપાર સુખને તે પામ્યો છે, કહેતાં તેણે પુરુષોત્તમનારાયણના સુખનો અનુભવ કર્યો છે; માટે તેને પ્રકૃતિપુરુષ અને પ્રકૃતિપુરુષનાં કાર્યમાં ક્યાંય પ્રીતિ નથી. તથા તે ભગવાન વિના સર્વને અસત્ય ને મિથ્યા જાણીને સદાય ભગવાનની સેવા કર્યા કરે છે. અને તેથી જ તે ભક્તને ચાર પ્રકારના પ્રલયને વિષે લેશમાત્ર પણ ભય થતો નથી.

વીસનગરમાં સાધુ સલાટના ચોરામાં ઊતર્યા હતા. તેમને અસુર મારવા માંડ્યા એટલે સાધુ નાસવા માંડ્યા. ત્યારે સંતદાસજી બોલ્યા કે, **'મહાપુરુષો ! મહાપ્રલયમેં કહાં જાઓંગે ?'** આમ, નિષ્ઠાના ભેદે બીજા સંતની સમજણમાં અને સંતદાસજીની સમજણમાં ભેદ દેખાયો. કોઈ બે-પાંચ નિયમો વધારે પાળે કે કોઈ એકાદ નિયમ ઓછો પાળે, તે ધર્મની બાબતને આપણે સમજીએ છીએ; પરંતુ **આત્યંતિક કલ્યાણ માટે ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચય અનિવાર્ય છે, અને આ સમજણની વાત વર્તનથી પર છે, તેને સમજતા નથી.** આવી રીતે સ્વામીએ નિર્વિકલ્પ નિશ્ચયના ભેદની વાત સ્પષ્ટ કરી.

હવે સ્વામી સવિકલ્પ નિશ્ચયના ભેદની વાત બતાવે છે. દેહાભિમાનની તારતમ્યતાએ કરીને સવિકલ્પ નિશ્ચયમાં ત્રણ ભેદ બતાવે છે.

જે **કનિષ્ઠ સવિકલ્પ નિશ્ચયવાળો** છે, તે પોતાને દેહરૂપ માને છે, તે જાડ્યતાએ કરીને ભગવાનનો મહિમા યથાર્થ સમજતો નથી.

માટે તેને બીજા મનુષ્યની બરાબર કામક્રોધાદિ વિકારે યુક્ત દિવ્ય એવાં ભગવાનનાં મનુષ્યચરિત્ર જોઈને તથા સાંભળીને ભગવાનનો નિશ્ચય રહે, પણ તેથી અધિક જોઈને તથા સાંભળીને સંશય થાય. તે દેહાભિમાની છે એટલે તરત જ ભગવાનનાં ચરિત્રમાં શંકા થાય થાય ને થાય. કેમ જે, તેણે ભગવાનના સ્વરૂપમાં દિવ્યતાની પક્વતા નથી કરી. જેને નિર્વિકલ્પ નિશ્ચય થયો હોય તેને ભગવાન ગમે તેવાં ચરિત્રો કરે કે ગમે તેવી લીલાઓ કરે, છતાં સંશય થાય જ નહીં; કેમ જે, તે દેહની ભૂમિકાથી પર ઊઠેલો છે.

હવે **મધ્યમ સવિકલ્પ નિશ્ચયવાળા**નાં લક્ષણ કહે છે. તે ભગવાનનો મહિમા પ્રથમ કહ્યો તેનાથી વધુ સમજે છે; તેથી તેને દેહાભિમાન ઓછું છે. અને દેહાભિમાન ઓછું થયું એટલે જ તેને ભગવાનનો મહિમા અધિક સમજાયો છે. ભગવાન બીજા મનુષ્ય કરતાં બમણા કામક્રોધાદિ વિકારે યુક્ત મનુષ્યચરિત્ર કરે તેને દેખે કે સાંભળે છતાં તેને નિશ્ચય રહે, પણ તેથી અધિક વિકારે યુક્ત ચરિત્ર દેખે કે સાંભળે તો સંશય થાય. આટલો આ બંનેમાં ફેર છે.

હવે **ઉત્તમ સવિકલ્પ નિશ્ચયવાળા**નાં લક્ષણ કહે છે. આ ભક્તને મનુષ્યદેહ ધારીને ભગવાન હિંસા, મદ્ય-માંસનું ભક્ષણ તથા પરસ્ત્રીનો સંગ વગેરે યુક્ત એવાં મનુષ્યચરિત્ર કરે તોપણ નિશ્ચય રહે, ને સંશય ન થાય; કારણ કે, એ એમ સમજે છે કે **'એ જ સર્વકર્તા છે ને સર્વભોક્તા છે, તેમજ તેજસ્વી છે ને સમર્થ છે. માટે તેમાં એવા દોષો હોય જ નહિ.'** વળી આને મધ્યમ સવિકલ્પ નિશ્ચયવાળા કરતાં દેહાભિમાન ઓછું છે અને જડ-ચૈતન્યનો વિવેક વધારે છે; માટે ભગવાનનો મહિમા તેના કરતાં અધિક સમજે છે. આટલી આમાં વિશેષતા છે.

દોહા : **આવી વાતો સાંભળીને, કરવો મનમાં વિચાર;**
આપણો નિશ્ચય કેવો છે, તેનો કરવો નિરધાર...૧૫૭

પ્રગટ હરિના ભક્તોને, ટાળવી સર્વે ખોટ;
ખામી કોઈ ન રાખવી, લઈને ખોટી ઓટ...૧૫૮
ઉત્તમ નિર્વિકલ્પ નિશ્ચેમાં, ન રાખો કંઈ કચાશ;
મોટા સાધુને નિત્ય સેવી, ખામી કરવી નાશ...૧૫૯

આ વાતો સાંભળીને આપણે ક્યાં ઊભા છીએ ? તે નક્કી કરવું. વાત ઘણી ઝીણી તથા ઊંડાણવાળી છે, માટે નિશ્ચયમાં ખામી હોય તો વિચારવી. જાતને છેતરવી નહિ, પરંતુ સમજીને સુધારો કરવો. વળી, મૂંઝાતા પણ નહિ. ઘણીવાર ઝીણી વાતો વાંચીએ-વિચારીએ એટલે 'હું નકામો છું. મારામાં કાંઈ નથી. હું આ માર્ગે ચાલી શકું તેમ જ નથી' એમ સમજી ઢીલા પડી જવાય, એ પણ મોટી ખોટ છે.

આ વાત આધ્યાત્મિક જીવનમાં નુકસાન કરવા માટે નથી, પરંતુ સાચી વાતને સમજીને આગળ વધવા માટે છે. આત્મનિષ્ઠાની દૃઢતા કરી અક્ષરબ્રહ્મરૂપે થવા માટે અને સ્વામિનારાયણ ભગવાનને જેમ છે તેમ સમજવા માટે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિએ કરેલી નિશ્ચયના ભેદની વાત કહી' એ નામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

અધ્યાય-૩૧

શ્રીમત્સત્સંગિજીવનની હેતુટીકા રચી.

સં.૧૯૦૫માં અમદાવાદમાં વૈષ્ણવાચાર્યોએ આપણા સંપ્રદાયને લલકાર્યો હતો. એ વખતે સંપ્રદાયમાં બધા જ હચમચી જાય એવો પ્રસંગ ઊભો થયો. વળી, એ વખતે અમદાવાદના આચાર્ય અયોધ્યાપ્રસાદજી મહારાજ તથા વડતાલના આચાર્ય રઘુવીરજી મહારાજને જોઈએ તેવો મનમેળ ન હતો. નિત્યાનંદસ્વામી વડતાલ દેશમાં હતા. અમદાવાદમાં વૈષ્ણવાચાર્યોએ એકઠા કરેલા પંડિતોને જીતવા માટે સ્વામીની આવશ્યકતા

હતી. તેથી સુજ્ઞ માણસોના કહેવાથી વિશાળ દિલ રાખી રઘુવીરજી મહારાજે સંપ્રદાયના હિત માટે સામેથી નિત્યાનંદસ્વામીને અમદાવાદમાં મોકલ્યા. અમદાવાદના આચાર્ય તથા સંતોએ સ્વામીનું ખૂબ સ્વાગત કર્યું, આવકાર્યા.

સ્વામીએ વૈષ્ણવાચાર્યોએ કરેલી સભામાં વિજય મેળવ્યો. સંપ્રદાય માથે આવેલું મોટું વિઘ્ન ટાળ્યું. પછી સહુના દિલમાં અનુભવ થયો કે **'જ્યાં એકતા છે ત્યાં જ પ્રભુતા છે.'** એટલે બંને દેશના મોટા મોટા સાધુઓ ભેળા થયા અને બંને આચાર્યોએ પણ મનમેળ કર્યો. સર્વે સાધુ અને આચાર્યોએ મળીને એવું નક્કી કર્યું કે, વર્ષમાં પંદર દિવસ એકાબીજાને ત્યાં રહેવું. તે મુજબ સં.૧૯૦૬માં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ મોટા સંતો સાથે પંદર દિવસ અમદાવાદ રહ્યા. પછી પાછા આવ્યા. તે સમયે એક દિવસ...

ચોપાઈ : **અગ્યારશ આવી વૈશાખી જ્યાંય, એકાંતે હતા આચાર્ય ત્યાંય;**
પાસે આવિયા ગોપાળસ્વામી, શુકાનંદ નિત્યાનંદ નામી.

ગોપાળાનંદસ્વામીએ રઘુવીરજી મહારાજને મળીને વાત કરી કે, 'હું અને નિત્યાનંદસ્વામી સત્સંગિજીવનની ટીકા કરીએ તો સારું. કેમ જે, ભવિષ્યમાં સહુ સત્સંગીઓ સત્સંગિજીવનના અર્થને સારી રીતે સમજી શકે.'

સુણી બોલ્યા નિત્યાનંદસ્વામી, અતિ આનંદ અંતરે પામી.
શુકાનંદ મુનિ છે સુજાણ, હાથ જમણો શ્રીજીનો પ્રમાણ;
શતાનંદે રચ્યો ગ્રંથ જ્યારે, હતા પાસે શુકાનંદ ત્યારે.
મર્મ શ્રીજીના મનતણા જેહ, સર્વ જાણે શુકાનંદ તેહ;
માટે તેને જ સોંપો તે કામ, સારી રીતે તે કરશે તમામ.

'હે યોગીરાજ ગોપાળાનંદસ્વામી ! આપણી વાત સારી છે, પરંતુ મને એવું લાગે છે કે, આ શુકાનંદસ્વામી શ્રીહરિનો જમણો હાથ છે. વળી, જ્યારે શતાનંદસ્વામીએ સત્સંગિજીવન ગ્રંથ લખ્યો ત્યારે

ખરડા લખાવવામાં શુકમુનિ તેમની સાથે હતા. અને શ્રીહરિના અંતરના અભિપ્રાયને પણ તે યથાર્થ જાણે છે. માટે આ કામ શુકમુનિને સોંપીએ તો તે સંપૂર્ણ રીતે અને સારી રીતે કરશે.' ગોપાળાનંદસ્વામીને તથા આચાર્યશ્રીને પણ આ વાત ગમી. તેથી સહુએ મળીને સત્સંગિજીવનની હેતુટીકા લખવા માટે શુકમુનિને ઠરાવ્યા.

ત્યારે સ્વામી કહે, "કોઈ શોધનારો સાથે રહે તો હું તે કામ કરી શકું. કેમ જે, આવું મોટું કામ એકલા થાય નહીં. માટે સંશોધન કરી શકે એવા માણસ મને આપો." પછી આચાર્યશ્રીએ ભોળાનાથ ભટ્ટને તપાસવા તથા નિત્યાનંદસ્વામીના શિષ્ય મધુસુદનદાસને લખવા નીમ્યા. પછી ટીકા લખવાનો આરંભ કર્યો. ટૂંક કાળમાં પૂર્ણ કરી. સં.૧૯૦૮ની સાલમાં તે ટીકા નિત્યાનંદસ્વામીની આગળ લાવીને મૂકી. આ હેતુટીકા જોઈને સ્વામી અતિશય રાજી થયા અને તે હેતુટીકાની પૂજા કરી. શુકાનંદસ્વામીને કહ્યું, **'અતિ સરસ ટીકા થઈ છે.'** એમ કહી ધન્યવાદ આપ્યા. પછી થોડા દિવસમાં જ નિત્યાનંદસ્વામી ધામમાં પધાર્યા.

(સંદર્ભ : આચાર્યોદય પ્ર.૨૨)

આમ, નિત્યાનંદસ્વામી તથા ગોપાળાનંદસ્વામીની હાજરીમાં આ ટીકા તૈયાર થયેલી છે. વળી, હ.લી.૧/૨માં કહ્યું છે,

ચોપાઈ : ટીકા સત્સંગિજીવન તણી, હેતુ નામે છે ઉત્તમ ઘણી;
રચનાર શુકાનંદસ્વામી, નથી તેમાં કશી પણ ખામી.

સંપ્રદાયનો અજોડ ગ્રંથ એટલે સત્સંગિજીવન. આ ગ્રંથને સમૃદ્ધ બનાવવા માટે શુકમુનિએ **'હેતુ'** નામની સરળ તથા અર્થગંભીર ટીકા લખી છે. માટે સ્વામીને લાખો લાખો વંદન.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીમત્સત્સંગિજીવનની હેતુ ટીકા રચી તે વાત કહી' એ નામે એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

અધ્યાય-૩૨

શુકસ્વામીની વૈરાગ્યવૃત્તિ

માધવદાસસ્વામી શુકમુનિની વિશેષતા વર્ણવતાં હરિકૃષ્ણલીલામૃતસાગર ત.૩/૨૪માં કહે છે કે,

દોહા : **શુકમુનિની કહું વળી, લીલા વર્ણવી તે રીત;**
નવરાઈ એમાં ન મળે, પ્રભુ તાણ્ય ને પ્રીત.

શુકમુનિને મહારાજની લીલા વર્ણવવી બહુ ગમતી હતી. તેઓ અખંડ શ્રીહરિનાં ચરિત્રો લખતા, વાંચતા અને સહુને કહેતા. આ કાર્યમાંથી સ્વામીને રાત્રિ-દિવસ નવરાઈ રહેતી નહીં. આ બાબત સ્વામીને શ્રીહરિમાં ગાઢ પ્રીતિ છે એવું દેખાડે છે. કેમ જે, જેને જેમાં હેત હોય તેને તે સતત સંભાર્યા કરે. વળી તે વાતની મનમાં તાણ બહુ રહે. આપણે પણ સ્વામી જેવી શ્રીહરિમાં પ્રીતિ કરવી.

જ્યારથી મહારાજે સ્વામીના દેહમાંથી તાવ કાઢ્યો ત્યારથી સ્વામી સદૈવ તંદુરસ્ત રહેતા. કદી પણ તાવ આવતો ન હતો. પરંતુ જેણે દેહનાં સુખને દુઃખરૂપ માન્યાં છે, દેહાભિમાનનો ત્યાગ કર્યો છે, એવા શુકમુનિ જેવા યોગીને દેહનું સુખ કેમ રુચે ? મહારાજ ધામમાં ગયા પછી હરિવિરહમાં વ્યાકુળ એવા સ્વામીને દેહની તંદુરસ્તી વસમી લાગવા લાગી.

મહારાજના વિયોગનું દુઃખ અસહ્ય થઈ પડ્યું. તેથી જ્યારથી મહારાજ ધામમાં ગયા ત્યારથી તેમણે પોતાને ભાવતાં દૂધપાક, વૃંતાક, કારેલાં અને ભીંડો આ ચાર ન ખાવાનું નિયમ રાખ્યું હતું. અર્થાત્ શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામીએ આજીવન દૂધપાક આદિક ચાર વસ્તુ ખાધાં જ ન હતાં. તદુપરાંત સ્વામીએ ૧૫ વર્ષ સુધી જોડાં પહેર્યાં ન હતાં. આવા પોતે દેહાતીત હતા, બ્રહ્મરૂપ હતા.

જોડાં પહેર્યાં વિના એક-બે વર્ષ નહિ પંદર વર્ષનાં વાણાં વાઈ ગયાં. તે જોઈ એક દિવસ ગોપાળાનંદસ્વામીનું હૃદય ગળી ગયું. સ્વામીને મનમાં થયું કે, 'એક ગામથી બીજે ગામ ચાલીને જવાનું, ટાઢ-તડકો વેઠવાનો અને સ્વામી જોડાં પહેરતાં નથી તે ઠીક નહીં.' તેથી એકવાર ગોપાળાનંદસ્વામીએ શુકમુનિને સમજાવ્યા અને કહ્યું, "મારું કહ્યું માનો, તમે ઘણા સમય સુધી આ જોડા ન પહેરવાનું નિયમ રાખ્યું, પરંતુ આજથી આ નિયમ છોડી દો." તરત જ સ્વામીની આજ્ઞાને માથે ચડાવી શુકમુનિએ જોડાં પહેરવાનું શરૂ કર્યું. આ વાત આપણને ઘણું બધું શીખવાડી જાય છે. આવા મોટા સંત હોવા છતાં શ્રીહરિની પ્રસન્નતા માટે દેહનાં સુખનો ત્યાગ કરીને વર્તે છે અને વળી જો તેમાં પણ મોટાની મરજી ન દેખાય તો સહજમાં પોતાની શ્રેષ્ઠતાને છોડી દે છે.

આપણે કેવળ દેહાભિમાની બની ઈન્દ્રિયોનાં સુખને ભોગવ્યા કરીએ તો દિવ્ય અલૌકિક મૂર્તિનો અલૌકિક આનંદ કેમ મળે ? આત્મા શ્રીહરિનો દિવ્ય અનુભવ કેમ પામે ? માટે અલૌકિક એવા આત્માને મહાઅલૌકિક એવી દિવ્ય મૂર્તિનો આનંદ ચખાડવો હોય તો લૌકિક તથા દૈહિક સુખો છોડવા જ પડે. આત્મનિષ્ઠા, વૈરાગ્યનિષ્ઠા અને ધર્મનિષ્ઠાની દૃઢતા કરવી જ પડે. શ્રીહરિમાં અતિ પ્રેમસ્વરૂપા ભક્તિની પક્વતા કરવી પડે. **જે વિષયનાં સુખ ત્યાગે તેને જ હરિમાં અનુરાગ થાય છે.** શુકસ્વામીની આ વાત અતિ અસર કરનારી છે.

શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામી ૩૯ વર્ષ સુધી ધરતી ઉપર રહ્યા. આવા મોટા સંત હોવા છતાં શ્રીહરિ અને મોટા સંતોને આધીન રહેતા હતા, તે તેમની વિશેષતા હતી. રાત-દિવસ સંતના વચને સત્સંગની સેવા કરતા રહ્યા. ગોપાળાનંદસ્વામીએ જોડાં પહેરવાનું કહ્યું એટલે પહેરવાં લાગ્યાં, પરંતુ દૂધપાક, ભીંડો, કારેલાં કે રીંગણાં ક્યારેય ખાધાં નહીં. આ તેમની શ્રીહરિ અને સંતો પ્રત્યેની નિષ્ઠા અને પ્રીતિ

બતાવે છે. આમ આત્મનિષ્ઠ અને ધર્મનિષ્ઠ હોવા છતાં હંમેશાં મોટા સાધુ તરફ નમતિયાળ રહેતા, સંતોનો ભાર રાખતા, મહિમા રાખતા અને સંતોને ગમે તેમ જ રહેતા.

દોહા : **સંતનું સદાય માનતા, સંતનો રાખતા ભાર;**
હરિ સ્વધામ ગયા પછી, સંત હતા આધાર...૧૬૦
મનમુખી તે થયા નથી, જિંદગીમાં કોઈ વાર;
દાસના દાસ થઈ રહ્યા, ધન્ય ધન્ય એના વિચાર...૧૬૧
આપણે આમાંથી શીખવું, મેલવું મનનું માન;
મહિમા જાણી દાસત્વનો, મેલી દેવું અભિમાન...૧૬૨

શુકમુનિ કદી મનમુખી થયા નથી, કોઈ દિવસ દેહ-ઈન્દ્રિયોના સુખે સુખી થયા નથી. આપણે દેહના સુખે સુખી અને મનમુખી જીવન જીવીએ છીએ તેથી થોડી-ઝાઝી સેવા, ભજન કે દાન-પુણ્ય કરીએ ત્યાં તેનો કેફ આવે છે, અહં આવે છે. પછી દીનપણે રહેવાતું નથી. જ્યારે સ્વામી આટલું બધું કરતા હોવા છતાં સદા અકર્તા બની નિર્માનીપણે રહ્યા છે. હંમેશાં ત્યાગ-પરાયણ, ધર્મ-પરાયણ, વૈરાગ્ય-પરાયણ અને મોટા સંતની મરજી-પરાયણ જીવન જીવ્યા છે. મોટા સંતોની મરજી એ જ એમના જીવનનો ઓક્સિજન હતો. આમ, **'જે મોટાની મરજીમાં વહી શકે તે જ મૂર્તિમાં રહી શકે છે'** તે સિદ્ધાંત વાત છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકસ્વામીની વૈરાગ્યવૃત્તિ તથા મોટાની આજ્ઞા-મરજીમાં રહેવાની વાત કહી' એ નામે બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

અધ્યાય-33

શુકમુનિની વિરહવેદનાનું વર્ણન તથા તાવની માંગણી

મહારાજ અને મોટાની મરજી એ જ જેમનું જીવન હતું, એવા શુકમુનિને ક્યારેક વાલમનો વિયોગ અતિ સતાવતો. શ્રીહરિ ધામમાં

ગયા છતાં પોતાનું શરીર તંદુરસ્ત રહ્યું, તે તેમને ગમતું ન હતું. મનમાં થતું કે, 'દેહ સારો છે, એટલે સહેજે ખવાય છે, પિવાય છે, જોવાય છે; ને આમને આમ દેહનાં સુખ ભોગવ્યા કરીએ તો નિર્વાસનિક ક્યારે થવાય ? અને શ્રીહરિ પાસે ક્યારે જવાય ?' મુમુક્ષુઓને શીખવાડવા સ્વામીએ પોતાના જીવનમાં અદ્ભુત રોલ ભજવ્યો છે.

એકવાર શ્રીહરિના વિયોગે સ્વામી અતિ વ્યાકુળ થઈ ગયા. અને અતિ દીનભાવે મહારાજને પ્રાર્થના કરી. પ્રેમાનંદસ્વામી વગેરે સંતોની ઘણી કાવ્યરચના તથા પદરચના મળે છે, પરંતુ સ્વામી કવિ હોવા છતાં ખાસ કોઈ એવાં પદો રચ્યાં નથી. છતાં ભક્તહૃદય આ સંતના દિલમાં જ્યારે વિરહસાગરે માઝા મેલી ત્યારે એક પદરચના રચાઈ છે. આપણને સંશોધન કરતાં એ પદ મળી આવ્યું છે. સ્વામીની વિરહભક્તિનું પદ સ્વામીના શબ્દોમાં જ વાંચીએ.

દર્શન દેજો રે સહજાનંદસ્વામી,
કરુણાના સાગર રે હરિ અંતરજામી...ટેક

ભક્તિધર્મસુત શ્રીપુરુષોત્તમ, મહાપ્રભુ કરજો સહાય;
ભક્તવત્સલ હરિ બિરુદ તમારું, તે જો વિસરી જાય;
રહ્યો હું તમારે રે, ચરણે શીશ નામી...દર્શન૦ ૧

શરણાગતવત્સલ તમે સમર્થ, અનેક ભુવનના ઈશ;
કરુણાદષ્ટિ કરો મુજ ઉપર, પ્રાણપ્રતિ જગદીશ;
વિસરી મ જાજો રે, દાસને બહુનામી...દર્શન૦ ૨

"હે મહારાજ ! મારી સહાય કરજો. આપનું ભક્તવત્સલ આવું બિરૂદ ભૂલી ન જાતા હો..! આપ કૃપા કરી મને સંભાળી લેજો. તમે શરણાગતવત્સલ છો, મહાસમર્થ છો, અનંત ભુવનના ઈશ છો, મારા પ્રાણના પતિ છો, અર્થાત્ મારા આત્માના આત્મા છો. મને ૧૯ વર્ષ સુધી સાથે રાખી સેવાનો અલૌકિક લાભ આપ્યો છે, તો હવે આપનો

દાસ જાણી હે બહુનામી મહારાજ ! મને ભૂલી જતા નહીં. મારી ઉપર કૃપાદૃષ્ટિ રાખજો.

ભક્તકલ્પતરુ ભક્તપતિ તમે, મહેર કરો મહારાજ;
સમર્થને એ વાત છે સે'લી, તેણે સરે મારાં કાજ;
થાઉં હું સુખિયો રે, પ્રભુ તમને પામી...દર્શન૦ ૩

આપ ભક્તો માટે કલ્પતરુ સમાન છો, ભક્તોના પતિ છો. તમારી માટે કોઈ વસ્તુ અશક્ય નથી. કેમ જે, આપ સમર્થ છો. અશક્યનું શક્ય કરી શકો એવા છો. માટે મારી વિનંતિ સાંભળજો. મુજ ઉપર કરુણા કરજો. જેથી હું તમને તરત પામી શકું, અર્થાત્ આપના સ્વરૂપમાં ડૂબી શકું.

દરશન કારણ મન તલપે છે, નથી રહેતી હૈયે ધીર;
તે માટે વિનંતી કરી કહું છું, સુણજો શ્યામ શરીર;
હવે તો ઘણી થઈ રે, કશી ન રહી ખામી...દર્શન૦ ૪

અવગુણ ચિત્ત ધરશો નહિ મારા, નિજજનના પ્રતિપાળ;
ગુણસાગર નિજ ગુણ સંભારી, દર્શન દેજો દયાળ;
આશા મારી પૂરો રે, હરિ અક્ષરધામી...દર્શન૦ ૫

હે હૃદયેશ્વર શ્રીહરિ ! આપને મળવા મારું મન તલપે છે, હૈયે ધીરજ રહેતી નથી. આપ તો નિજજનના પ્રતિપાળ છો, માટે મારા અવગુણ દિલમાં ધરશો નહીં. મારી કોઈ ખામી હોય તો તે જોશો નહીં. આપનું ગુણસાગર-ગુણગ્રાહી આવું બિરૂદ સંભારી, દયા કરી મને દર્શન દેજો. મારી આશા પૂર્ણ કરજો.

બીજી આશ તજીને તમને, વરિયા કરી અતિ પ્રીત;
તમ વિના બીજું જે જે માયિક સુખ, તે તે સર્વે અનીત;
એવું તે વિચારી રે, મતિ મારી વિસામી...દર્શન૦ ૬

હે હરિકૃષ્ણ હે કૃષ્ણ હરિ, વળી શ્રીનારાયણ નામ;
સ્વામિનારાયણ નીલકંઠ તમે, સાંભળો શ્રીઘનશ્યામ;
હાથ જોડી કહું છું રે, થઈ હું તો નિષ્કામી...દર્શન૦ ૭

જુગ જુગ પ્રગટ થઈ જન કેરા, કાજ કરો છો કરતાર;
શુકમુનિની એ જ છે વિનંતી, સુણજો કરીને વિચાર;
તો મારાં દુઃખડાં રે, સર્વે જાય વામી...દર્શન૦ ૮

હે વાલમ ! મેં તમામ આશાઓ છોડી તમારામાં પ્રીત કરી છે. મેં આપની મૂર્તિ સિવાયનાં તમામ માયિક સુખને ખોટાં જાણીને છોડ્યાં છે. ને તેથી જ આપનાં સ્વરૂપમાં મારી બુદ્ધિએ વિરામ કર્યો છે. હે હરિકૃષ્ણ મહારાજ ! હે કૃષ્ણ ! હે નારાયણ ! હે સ્વામિનારાયણ ! હે મહાપ્રભુ ! હે નીલકંઠજી ! હે ઘનશ્યામ મહારાજ ! હું હાથ જોડી નિષ્કામભાવે પ્રાર્થના કરું છું. હે નાથ ! આપ યુગોયુગમાં પ્રગટ થઈને ભક્તોનાં કામ કરો છો, તો મારી પણ આ પ્રાર્થના સાંભળી, દયા કરી દર્શન આપો અને વિરહનાં દુઃખડાં કાપો.”

આમ, સર્વાત્મા શ્રીહરિને શુકમુનિએ રડી રડીને આર્તનાદપૂર્વક પ્રાર્થના કરી. શ્રીહરિ સ્વામીની વિરહવ્યથાને માપી ગયા અને તરત જ પ્રગટ થયા. મહારાજે સ્વામીને પ્રત્યક્ષ દર્શન આપ્યાં અને પૂછ્યું, “સ્વામી ! કેમ આટલા બધા ઉદાસ થયા છો ?” ત્યારે સ્વામી કહે, “હે કૃપાનાથ ! મને આપના વિના ક્યાંય ગમતું નથી. રાત-દિવસ તમને સંભારું છું. હે પ્યારા ! આપે મારો સાથ છોડ્યો, પરંતુ મેં આપને દૂર કર્યા નથી; સતત સાથે રાખું છું.”

એમ કહી સ્વામી ચોધાર આંસુએ રડી પડ્યા. શ્રીહરિએ સ્વામીનાં આંસુ લૂછ્યાં. પછી અમૃત જેવાં વચન બોલ્યા, “હે સ્વામી ! ઉદાસ ન થાઓ. હું પણ તમારી પાસે જ છું. તમારી ઉપર ખૂબ રાજી છું. તેથી જ દર્શન દેવા આવ્યો છું. તમારી જે ઇચ્છા હોય તે માગો.”

સ્વામી કહે, "હે મહારાજ ! આપે જ્યારથી તાવ દૂર કર્યો ત્યારથી ફરી કોઈ વખત તાવ આવ્યો નથી. દેહાસક્તિ ટળે, સહેજે આ લોકમાંથી અભાવ થાય, દેહ આકરો લાગે તથા ઝટ આ દેહ છોડી આપની સેવામાં ધામમાં પહોંચી જાઉં એવી કૃપા કરો. અને તે માટે મને ફરી બિમારી આપો; જેથી હું નિર્વાસનિક થાઉં." મહારાજે તેમની પ્રાર્થના સાંભળી 'તથાસ્તુ' કહ્યું. પછી શ્રીહરિ અંતર્ધાન થયા.

તે દિવસથી આરંભીને સ્વામીને ધીમો ધીમો તાવ આવવા લાગ્યો. **તે તાવ બે-પાંચ દિવસ કે બે-પાંચ માસ નહિ, પરંતુ બાર વર્ષ પર્યંત રહ્યો; છતાં સ્વામી તો ગુણાતીત સ્થિતિમાં રહી સત્સંગની તનતોડ ને મનમોડ સેવા કરતા રહ્યા.** સ્વામીના જીવનમાં આ એક પ્રસંગ અન્ય કોઈ સંતોના જીવનમાં ન હોય તેવો અજોડ છે.

કોઈ માધવદાસ નામના ભક્તે પૂર્વે ભગવાન પાસે રોગ માગ્યો હતો, એવું સંભળાય છે. એવો પ્રસંગ સ્વામીના જીવનમાં પણ બન્યો. સ્વામીએ રોગ માગ્યો અને મહારાજે આપી દીધો. આ રોગ લેનારાને તથા દેનારાને બંનેને ધન્યવાદ છે. સ્વામીની અનાસક્તિને ધન્યવાદ છે, અને શ્રીહરિની ભક્તવત્સલતાને ધન્યવાદ છે.

દોહા : **ધન્ય ધન્ય શુકાનંદજી, ધન્ય દેહનો અભાવ;**
રોગ કોઈ માગે નહિ, પણ મુનિએ માગ્યો તાવ...૧૬૩
ધન્ય આત્મનિષ્ઠાને, ધન્ય હરિમાં ભાવ;
પ્રભુને જલદી પામવા, પિંડનો કર્યો અભાવ...૧૬૪
આ પ્રસંગથી આપણે, શીખવા જેવું અપાર;
પિંડ બ્રહ્માંડાભાવ કરી, કરવો હરિમાં પ્યાર...૧૬૫

જીવને તો જરાક બીમારી આવે ત્યાં સાજો થવા અનેક પ્રકારની માનતા કરે, અનેક પ્રકારના દોરા-ધાગા કરે; જ્યારે શુકમુનિ સામે ચાલીને તાવ માગી લે છે. કેવી એમણે આત્મનિષ્ઠાની દૃઢતા કરી હશે !

કેવો પિંડબ્રહ્માંડનો અભાવ હશે ! કેવો મહારાજની અલૌકિક મૂર્તિને પામવાનો ઉમંગ હશે ! આ બધું આપણે શીખવા જેવું છે.

દોહા : **કસરમાત્રને ટાળવા, માગ્યાં દેહનાં દુઃખ;**
આપણી કસર કેમ ટળે, નર્યાં ભોગવતાં સુખ...૧૬૬
માટે આમાંથી શીખવું, છોડવાં દેહનાં સુખ;
શ્રીજીના સુખ પામવા, બીજું જાણવું સહુ દુઃખ...૧૬૭

શુકમુનિના આ પ્રસંગથી આપણામાં જે જે ખામીઓ હોય તે તે ટાળવી. દેહનાં સુખ છોડવાં, મન મૂર્તિમાં જોડવું. **દેહમાં ખાર થાય તો જ પ્રભુમાં પ્યાર થાય છે.** મોટા સંતોના આવા જીવંત પ્રસંગને વિચારીએ અને એમનો ગુણ લઈએ તો આપણું દેહાભિમાન છૂટે. અને 'હું' હટે તો જ જન્મ-મરણનું ચક્ર મટે.

મૂર્તિનો મહાઆનંદ લેવા માટે એકવાર તો દેહભાવ છોડવો જ પડશે. **જે બ્રહ્મરૂપ થાય, એ જ મૂર્તિના સુખમાં સમાય. જે દેહધારી મટીને મૂર્તિધારી થાય, તેને જ શ્રીહરિના આંનદરૂપી અલૌકિક ખજાનો હાથમાં આવે છે.** માટે પ્રભુને પામવાની ઉતાવળ હોય તો ઝટ દેહાભિમાન છોડવું, સર્વે વૃત્તિઓ શ્રીહરિની મૂર્તિમાં લગાડવી. આ જ આપણે કરવાનું છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિની વિરહવેદનાનું વર્ણન તથા તાવની માંગણી કરી' એ નામે તેત્રીશમો અધ્યાય થયો. ॥૩૩॥

અધ્યાય-૩૪

ગ્રંથોમાં વક્તાનું સ્થાન તથા સ્વામીના સદ્ગુણો

આપણી ભારતીય પરંપરા મુજબ મોટા ભાગના ગ્રંથોની રચના શ્રોતા-વક્તાના સંવાદમાં હોય છે. જેમ કે, ભાગવત શુકદેવજી તથા પરીક્ષિતના સંવાદમાં રચાયું છે. સત્સંગિજીવન સુવ્રતમુનિ અને પ્રતાપસિંહ

રાજાના સંવાદમાં રચાયું છે. અને મોટા ભાગના ગ્રંથોમાં જે તે વ્યક્તિ ધામમાં પધારે પછી તેમના સદ્‌ગુણોની તથા કાર્યોની સ્મૃતિ માટે તેમને શ્રોતા કે વક્તાનું સ્થાન આપવામાં આવે છે. જ્યારે શુકમુનિ તેમાં અપવાદ છે.

દોહા : **શુકસ્વામીનું સહુને હૈયે, જુઓ કેટલું હતું માન;**
સંસ્કૃત મોટા ગ્રંથોમાં, આપ્યું વક્તાતણું સ્થાન...૧૬૮

આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના નામે લખાયેલ, આશરે **૩૪ હજાર** શ્લોકવાળો વિશાળકાય **'શ્રીહરિલીલાકલ્પતરુ'** ગ્રંથ તેનો અપવાદ છે. જેને શ્રીહરિએ કલ્પવૃક્ષ કહીને બિરદાવ્યા હતા એવા અચિંત્યાનંદ બ્રહ્મચારીએ સં.૧૯૧૨, કારતક માસમાં આ ગ્રંથનો આરંભ કર્યો, ને એક વર્ષમાં પૂર્ણ કર્યો. તેના વક્તા તરીકે શુકમુનિની પસંદગી તેમની હયાતિમાં જ કરાઈ છે. આ વાત સહુ સંતો-ભક્તોનાં હૈયામાં શુકમુનિનું કેટલું સ્થાન અને માન હશે તે જણાવે છે.

પ્રગટ પ્રભુના પ્રગટ સંતને આવું મોટું માન મળ્યું હોય એવા તો શુકમુનિ જ છે. જેણે પ્રગટને આવું માન આપ્યું તે પણ અતિ મહાન છે. કેમ જે, મોટા ભાગના માણસો પ્રગટને માન આપી શકતા નથી. કોઈ મહાન વ્યક્તિ હોય એ જ પ્રગટને માન આપી શકે છે. નિર્માનીથી જ પ્રગટને માન આપી શકાય; બાકી અજ્ઞાની અને અંહકારી લોકો તો તે માણસ મરી જાય પછી સહુને કહે કે, 'અમારા બાપુજી બહુ સારા હતા.'

દોહા : **પ્રભુજીના પ્રગટ સંતનું, આવું જે પ્રગટ માન;**
શુકાનંદ સ્વામીને મળ્યું, જેણે આપ્યું તેય મહાન...૧૬૯
મરી ગયા પછી સહુને, બધા જ આપે છે માન;
મળે કે આપે પ્રગટને, એ બંને જાણો મહાન...૧૭૦

અને ઘણાનાં લખણ પણ એવાં હોય કે તે પ્રગટ હોય ત્યારે તેને માન ન મળે. છતાં જે સંત કે ભક્ત પ્રગટ હોય અને તેને માન

મળે છે, તો તે પ્રગટ સંત કે ભક્ત જેવા-તેવા ન હોય. જે પ્રગટને માન મળ્યું તે પણ મહાન છે અને પ્રગટને જેણે માન આપ્યું તે પણ મહાન છે. આવા પુત્ર જેમની કૂખે જન્મ્યા એવા માતા-પિતાને પણ ધન્યવાદ છે. આજ દિવસ સુધી પ્રગટ પ્રભુ કે પ્રગટ સંત બહુ ઓછાના ગળે ઊતર્યા છે.

જ્યારે રામ કે કૃષ્ણ ભગવાન પ્રગટ હતા ત્યારે તેમને કેટલાએ સ્વીકાર્યા હતા ? અને શ્રીજીમહારાજ તથા ગોપાળાનંદસ્વામી, મુક્તાનંદ સ્વામી, દાદા ખાચર, પર્વતભાઈને પણ ક્યાં બધાએ સ્વીકાર્યા હતા ? તેમના અનેક દુશ્મનો હતા. અને તે તેમને મારી નાખવા પાછળ ફરતા હતા. માટે પ્રગટનો સ્વીકાર કરવો એ ઘણો કઠણ છે. અને **જેને પ્રગટનો સ્વીકાર થાય તે તરત ભવસાગર તરી જાય. જેનો અહંકાર છૂટે તેમાં જ પ્રગટને સ્વીકારવાની શક્તિ પ્રગટે છે.** શુકમુનિને તેમની હયાતિમાં જ સંપ્રદાયના સંસ્કૃત સાહિત્યના મહાન ગ્રંથના મુખ્ય વક્તા તરીકે માન અપાયું. આવી રીતે પ્રગટના મહિમાને સ્વીકારનાર સંત-ભક્ત સમુદાયને મારા હજારો વંદન છે.

જેમ **હરિલીલાકલ્પતરુ ગ્રંથમાં સ્વામીને વક્તાનું સ્થાન અપાયું છે, તેમજ તેમની હયાતીમાં લખાયેલા દુર્ગપુરમાહાત્મ્ય ગ્રંથમાં પણ શુક સ્વામીને વક્તાનું સ્થાન આપેલું છે. તેના શ્રોતા ગણોદના જુણાભાઈ છે.** આ સ્વામીની નિર્માનિતા, સાધુતા અને દિવ્ય પ્રતિભાને સૂચવે છે. વળી, તે સમયે પ્રગટને અપનાવી શકે એવો મોટો વર્ગ હતો તે પણ સૂચવે છે.

સં.૧૯૧૧માં આચાર્ય રઘુવીરજી મહારાજે વડતાલમાં ચાતુર્માસમાં છાવણી કરી. તેમાં સત્સંગિજીવનની કથા કરેલી. આ અવસરે મેંગણીના રાજા માનભા આવી શક્યા ન હતા. પછી અમુક સમયે તેઓ વડતાલ આવ્યા. વડતાલમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ તથા અન્ય દેવોનાં દર્શન કર્યાં. પછી સંધ્યા આરતી કરી સભા થઈ ત્યાં ગયા. સભામાં શાંતિથી બેઠા.

ત્યારે સર્વનિવાસાનંદસ્વામીએ કહ્યું, "આ સભામાં શુકાનંદસ્વામી મહારાજનાં ચરિત્રો તથા મહારાજના સિદ્ધાંતને સૌથી વધારે જાણનારા સંત છે. સ્વામી મહારાજના અતિશય કૃપાપાત્ર સંત છે. **હજી શ્રીહરિએ તેમને પોતાથી દૂર કર્યા નથી. મહારાજ ઘણીવાર સ્વામીને પ્રત્યક્ષ દર્શન આપે છે. અખંડ તેમની સાથે રહે છે."** આવી સર્વનિવાસાનંદસ્વામીની વાત સાંભળીને મેંગણીના રાજા માનભાને શુકસ્વામી પ્રત્યે ખૂબ જ આદર થયો.

બીજે દિવસે સવારે તેઓ ગોમતીમાં સ્નાન કરવા ગયા. સ્નાન તથા પૂજાપાઠ કરી મહારાજે જ્યાં વચનામૃતો સંભળાવ્યાં હતાં, તે વેદિકા ઉપર ઉત્તરમુખે બેસી ધ્યાન કરતા શુકમુનિને જોયા. રાજાએ ત્યાં જઈ સ્વામીનાં દર્શન કર્યાં અને દંડવત કર્યાં. પછી સ્વામી ધ્યાનમાંથી જાગે તો મને કાંઈક વાત કરે, એવા હેતુથી સ્વામી પાસે હાથ જોડીને નમ્રભાવે બેઠા.

ત્યારે સ્વામી કેવા સદ્‌ગુણોથી શોભતા હતા ? તો **શ્રીહરિલીલા-કલ્પતરુમાં અ.૧/૫માં રઘુવીરજી મહારાજ કહે છે,**

वैतालीय :

हरिकृष्ण उदारविक्रमे, परमैकान्तिकभक्तिसंयुतः ।
भगवच्चरितादिवर्णने, श्रवणादिष्वतुलादरान्वितः ॥२०॥
जनबोधविधानपाटवो, विजितान्तःकरणाखिलेन्द्रियः ।
निरहङ्करणो यदृच्छया, परिलब्धान्नजलादितुष्टिमान् ॥२१॥

જેઓ અપાર પરાક્રમવાળા શ્રીહરિમાં અતિશય એકાંતિકી પ્રેમલક્ષણા ભક્તિએ યુક્ત હતા. શ્રીહરિનાં ચરિત્રોનું વર્ણન કરવામાં તથા શ્રવણ કરવામાં અતિશય આદરભાવવાળા હતા. લોકોને સદુપદેશ આપવામાં બહુ કુશળ હતા. તેમણે તમામ ઈન્દ્રિયો-અંતઃકરણને જીતી લીધાં હતાં. અહંકાર રહિત અને હરિઈચ્છાથી જે કાંઈ અન્ન-જળાદિ મળે

તેમાં સંતોષ માનનારા હતા. જેમાં જેટલી ઈચ્છા વધારે એટલો તેમાં અહંકાર વધારે હોય છે. સ્વામી ઈચ્છાશૂન્ય હતા તેથી અહંશૂન્ય હતા.

વળી અતિ શાંત, સરળ સ્વભાવવાળા, તૃષ્ણારહિત, દયાથી કોમળ હૃદયવાળા, દુરાગ્રહથી રહિત, દેશકાળને જાણનારા, સનાતન જ્ઞાનના જ્ઞાતા અને સ્પષ્ટ તથા રસયુક્ત ભાષાથી ઉપદેશ કરનારા હતા. તથા અષ્ટાંગ બ્રહ્મચર્ય પાળનારા, શ્રુતિ-શાસ્ત્ર-પુરાણના રહસ્યને જાણનારા, ધીરજવાળા, દંભરહિત, કામાદિ દૂષણોથી રહિત, પરોપકારી, વિશાળ આશયવાળા, ભગવાનની નવધા ભક્તિ વિના ક્ષણમાત્ર પણ કાળને વ્યર્થ ન જવા દે એવા હતા, અર્થાત્ દરેક પળ ભક્તિ માટે જ વાપરતા હતા. વળી, અતિ પ્રતિભાશાળી અને અકિંચન આદિક ગુણોથી શોભતા હતા. આવા શુકસ્વામી તે સમયે ધ્યાનમાંથી જાગ્રત થયા.

પછી રાજા માનભાને અતિ મધુર વચને બોલાવ્યા. ત્યારે રાજાએ વિનંતી કરી કહ્યું, “આપના મુખથી મહારાજનાં ચરિત્ર સાંભળવાની મને અતિ ઈચ્છા છે. માટે આપ કૃપા કરી મને સર્વાવતારી શ્રીહરિનાં ચરિત્રો સંભળાવો.” ત્યારે શુકમુનિએ કહ્યું, “હે રાજા ! બહુ સારું, હું તમને અમૃત જેવાં શ્રીહરિનાં ચરિત્ર સંભળાવું છું.”

પછી શુકસ્વામીએ માનભાને મહારાજનાં ચરિત્રો તથા મહિમા વગેરે સંભળાવ્યું. દરબાર નિત્ય આરતીનાં દર્શન કરવા જતા, બે વાર ગોમતીમાં સ્નાન કરતા અને ગોમતીને કાંઠે બેસીને જ **શુકમુનિ પાસે શ્રીહરિલીલાકલ્પતરુ ગ્રંથની કથા એકાગ્રચિત્તે સાંભળતા હતા.** તેથી જ આ ગ્રંથમાં તે બંનેનો સંવાદ લખાયેલો છે. આચાર્યોદય ગ્રંથમાં કહ્યું છે,

દોહા : **સુવ્રત મુનિના મુખ થકી, નૃપ પ્રતાપસિંહે જેમ;**
સત્સંગિજીવનની કથા, સુણી કલ્પતરુની તેમ.
તે બેયના સંવાદનો, રઘુવીરજીએ રચ્યો ગ્રંથ;
કલ્યાણનો કળિકાળમાં, એ તો પ્રસિદ્ધ નીરમ્યો પંથ.

શ્રીમદ્ભાગવત સાંભળ્યું, શુકમુખે પરીક્ષિતે જેમ;
મેંગણીપતિએ શુકમુખે, કથા કલ્પતરુ સુણી તેમ.

જેમ શુકદેવજીના મુખથી પરીક્ષિતે ભાગવત સાંભળ્યું, સુવ્રતમુનિના મુખથી પ્રતાપસિંહ રાજાએ સત્સંગિજીવન સાંભળ્યું, તેમ શુકસ્વામીના મુખથી મેંગણીના દરબાર માનભાએ પંદર દિવસ સુધી આ 'શ્રીહરિલીલા-કલ્પતરુ' ગ્રંથની કથા સાંભળી હતી.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'ગ્રંથોમાં વક્તાનું સ્થાન, સ્વામીના સદ્‌ગુણો તથા માનભાનો મેળાપ કહ્યો' એ નામે ચોત્રીશમો અધ્યાય થયો. ॥૩૪॥

અધ્યાય-૩૫

સ્વામીની કૃપાથી માનભાને શ્રીહરિનાં દર્શન

ગોમતીના કિનારે અતિ શ્રદ્ધા અને ભાવપૂર્ણ હૃદયથી માનભાએ સ્વામીના મુખથી કથા સાંભળી. પંદર દિવસે કથા પૂર્ણ થઈ ત્યારે રાજાના હૃદયમાં અતિ આનંદ થયો. પછી માનભાએ કહ્યું, "હે મુનિ, આજથી હું તમારો શિષ્ય છું, તમારે શરણે છું. માટે જેમ તમને શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય છે તેમ મને પણ શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શન થાય એવો મારા પર અનુગ્રહ કરો."

રાજાની તે પ્રાર્થના સાંભળી શુકમુનિ કહે, "હે રાજન્ ! આ કથામાં મેં શ્રીહરિની મૂર્તિનું જેવું વર્ણન કર્યું તથા મહિમા કહ્યો હતો તેવું અંતરમાં મહારાજનું સ્મરણ કરો. તેથી જરૂર શ્રીહરિ તમને દર્શન આપશે. કેમ જે, જે પ્રેમપૂર્વક આ ગ્રંથનું સ્મરણ કરે તેને પણ મહારાજ દર્શન આપે એવો આ અનુપમ ગ્રંથ છે. માટે તમને પણ મહારાજ જરૂર દર્શન આપશે."

પછી પોતાના ગુરુ શુકમુનિની આજ્ઞા અનુસાર રાજા સ્થિર આસને ધ્યાનમાં બેઠા. એ જ સમયે શુકમુનિના આશીર્વાદથી માનભાને દિવ્ય

તેજોમંડળ મધ્યે દિવ્ય સિંહાસન ઉપર અત્યંત શોભતા શ્રીહરિકૃષ્ણ મહારાજનાં દર્શન થયાં. મેંગણી નરેશના રોમેરોમમાં આનંદ વ્યાપી ગયો. આંખમાંથી આંસુની ધારા વહેવા લાગી. એક મૂહુર્ત સુધી શ્રીહરિનાં દર્શન થયાં. હૈયામાં શ્રીહરિ પ્રત્યે અને પોતાના ગુરુ પ્રત્યે અતિ હેતના હિલોળા આવ્યા. મહારાજે તેમને થોડી જ વારમાં સુખ-શાંતિથી ભરી દીધા. પછી મહારાજ અંતરધાન થઈ ગયા. ત્યારે માનભા પોતાના ગુરુ શુકસ્વામીને પગે લાગ્યા અને કહ્યું, "હે સ્વામી ! આપે મારા ઉપર બહુ કૃપા કરી. આપની પ્રાર્થનાથી આજે મને મહારાજનાં પ્રત્યક્ષ દર્શન થયાં. હું કૃતાર્થ થયો છું, ધન્ય ધન્ય બની ગયો છું.'

પછી સ્વામી કહે, "હે રાજા ! હવે તમે હંમેશાં સર્વાવતારી શ્રીહરિનું ચિંતવન કરજો. નિત્ય મહારાજનું ધ્યાન ધરજો. નિયમ ધર્મમાં રહી પ્રગટ પ્રભુનું ભજન કરજો. હું પ્રાર્થના કરું છું : 'અંતકાળે મહારાજ તમને દર્શન આપી ધામમાં તેડી જશે." સંતને રાજી કર્યા તો કેવું મોટું કામ થઈ ગયું ? **જે મહિમા રાખે છે, મોટા સંત પાસે નિર્માની થાય છે, શ્રદ્ધાથી કથા-કીર્તન સાંભળે છે; તેને મફતમાં મહારાજ મોક્ષ આપે છે, અક્ષરધામ આપે છે.**

દોહા : **ધન્ય ધન્ય આવા સંતોને, ધન્ય એના આશીર્વાદ;**
નિષ્ફળ કદિયે જાય નહિ, શ્રીહરિ રાખે છે યાદ...૧૭૧
શુકમુનિએ માનભાને, કરાવ્યાં પ્રગટ દર્શન;
અંતકાળે તેડવા આવી, લૈ ગ્યા પોતે જીવન...૧૭૨

સ્વામીએ જેવો આશીર્વાદ આપ્યો હતો તેવું જ અંતકાળે સત્ય થયું. શ્રીહરિ માનભાને તેડવા આવ્યા, મોટું વિમાન લાવ્યા, અનેક મુક્તોને સાથે લાવ્યા. માનભાને તેનાં દર્શન થયાં. એટલે બોલ્યા, "આ મારા ગુરુ શુકાનંદસ્વામી તથા મને વર્તમાન ધરાવનારા ગોપાળનંદસ્વામી વગેરે મોટા મોટા સંતો સાથે શ્રીહરિ મને તેડવા આવ્યા છે. હું અક્ષરધામમાં

જાઉં છું. તમે સહુ શ્રીહરિની સર્વોપરી નિષ્ઠા રાખજો. મોટા સંત સાથે હેત રાખજો." આમ કહી ભૌતિક દેહનો ત્યાગ કરી માનભા ધામમાં ગયા હતા. આ છે સંતના આશીર્વાદનો અલૌકિક પ્રતાપ !

દોહા : **આવા પ્રતાપી સંતને, શ્રીહરિ હતા હાજર;**
ભાગ્ય ઊઘડે એ જીવનાં, પડે નજર જેના પર...૧૭૩

આવા મોટાપુરુષની નજર જેના ઉપર પડે તેનાં ભાગ્યના દ્વાર ઊઘડી જાય. કેમ જે, શ્રીહરિના વહાલા સંતમાં ભગવાન અખંડ રહ્યા હોય છે. શુકમુનિ પણ આવા વચનસિદ્ધ અને શ્રીહરિના કૃપાપાત્ર સંત હતા. આવા સંતનો રાજીપો હંમેશાં આપણા ઉપર રહે, એવી તેમના ચરણોમાં પ્રાર્થના.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની કૃપાથી માનભાને શ્રીહરિનાં દર્શન થયા' એ નામે પાંત્રીશમો અધ્યાય થયો. ॥૩૫॥

અધ્યાય-૩૬

શુકસ્વામીની ધ્યાન કરવાની રીત

દોહા : **શુકસ્વામી નિત્ય કરતા, પ્રગટ હરિવરનું ધ્યાન;**
બ્રહ્મરૂપ થઈ દેખતા, હરિકૃષ્ણ ભગવાન...૧૭૪

સ્વામી નિત્ય બ્રહ્મરૂપ થઈને વહાલા વહાલા શ્રીહરિકૃષ્ણ મહારાજનું ધ્યાન કરતા હતા. એકવાર શ્રીરઘુવીરજી મહારાજ કાનમ દેશમાં ગામ દોરાએ ફરવા ગયા હતા. ત્યાં સદ્‌.શ્રીગુણાતીતાનંદસ્વામી તથા શુકસ્વામી વગેરે સાધુ સાથે હતા. ત્યાં ગામને પાદર ઊતર્યા. તે સમયે ઉતારા માટે દેરા ઊભા કરવા સારુ માણસ માત્ર ગયા હતા. ને સાધુ તથા સદ્‌.શ્રીગુણાતીતાનંદસ્વામી વગેરે આડા-અવળા ઝાડીમાં ધ્યાન કરવા બેઠા હતા.

રઘુવીરજી મહારાજનો દેરો ઊભો થયો ત્યારે મહારાજશ્રી તે

દેરામાં પધાર્યા ને શુકસ્વામી એકલા લીમડાનું ઝાડ હતું ત્યાં બેઠા હતા. થોડા સમય પછી સભા થઈ. તે સમયે મોનજી ભક્તે પ્રશ્ન પૂછ્યો જે, "હે સ્વામી ! ધ્યાન કેમ કરવું ? તથા તમે કેમ ધ્યાન કરો છો ? એ ધ્યાનની વાત કહો."

પછી શુકસ્વામી રાજી થઈને બોલ્યા જે, "**હું તો આત્મારૂપ થઈને મહારાજની મૂર્તિનું ધ્યાન કરું છું. તે પ્રથમ આત્મામાં મૂર્તિ દેખાય ત્યાર પછી અંતઃકરણ આદિકની વૃત્તિઓ એકાગ્ર થઈને મૂર્તિ સાથે સંલગ્ન થાય છે. પછી અતિ તેજ દેખાય છે અને આ બ્રહ્માંડ અણું જેવા ભાસે છે** ત્યારે તે મૂર્તિ જોતાં જોતાં કશી ખબર રહેતી નથી અને મૂર્તિમાં તલ્લીન થઈ જવાય છે. તથા ક્યારેક તો મૂર્તિએ સહિત બધી સભા દેખાય છે. એવી રીતે અમે ધ્યાન કરીએ છીએ."

પછી મોનજી ભક્ત કહે જે, "એવું ધ્યાન તો તમારે છે. બીજા તો કોઈક કોઈકને થાતું હશે, પણ સર્વને એવું ધ્યાન ન થાય." ત્યારે શુકસ્વામી કહે, "એ ધ્યાનનો અભ્યાસ કરે તો થાય."

ચોપાઈ :

ત્યારે બોલ્યા શુકાનંદસ્વામી રે, કરો અભ્યાસ તો જાઓ પામી રે;
કરે ધ્યાનનો અભ્યાસ જેહ રે, તેને ધ્યાન સિદ્ધ થાય તેહ રે...૧૭૫

કરવો ધ્યાનનો અભ્યાસ પ્રીતે રે, હું બતાવું તમને તે રીતે રે;
પ્રથમ ભક્તને મૂર્તિમાં સ્મૃતિ રે, સંલગ્ન રાખવી મનવૃત્તિ રે...૧૭૬

હવે કહું છું બીજો ઉપાય રે, આત્મારૂપે માનીને સદાય રે;
ઈન્દ્રિયો ને અંતઃકરણતણી રે, વૃત્તિ હોમવી આત્મામાં ઘણી રે...૧૭૭

એમ હોમતાં હોમતાં જવાય રે, પછી મૂર્તિ આત્મામાં દેખાય રે;
એહ મૂર્તિ સામું જોઈ ધ્યાન રે, કરવું અખંડ રહી સાવધાન રે...૧૭૮

એમ અભ્યાસ કરે જન જેવો રે, તેને લાભ મળે તર્ત તેવો રે;
વિના અભ્યાસે મળે નહિ કાંઈ રે, માટે અભ્યાસ કરો બાઈભાઈ રે...૧૭૯

"મેં કહ્યું તેમ નિત્ય ધ્યાનનો અભ્યાસ કરવો. અને વૃત્તિઓને મૂર્તિમાં સંલગ્ન રાખવી. એક તો એ ઉપાય છે. અને બીજું ઇન્દ્રિયો તથા અંતઃકરણની વૃત્તિઓ આત્માને વિષે હોમવી; કહેતાં પોતાને બ્રહ્મરૂપ માનવું. અને વૃત્તિઓને આત્માના આકારે કરી મૂર્તિ સામું જોઈ રહેવું. એ ધ્યાન કરવાનો બીજો ઉપાય છે. એમ અભ્યાસ કરે તો એવું ધ્યાન થાય." *(સંદર્ભ : મોનજી.વા.૨૪)*

જેને અભ્યાસ કરવામાં જ આળસ હોય તેને ક્યારેય અનુભવ થાય નહીં. માટે સમય કાઢીને શ્રીહરિનું ધ્યાન કરવું. **જેટલું આપણું મન મૂર્તિમાં સંલગ્ન થાય એટલો સમય સફળ થયો કહેવાય. જેટલા શ્વાસ શ્રીહરિની સ્મૃતિમાં રહે એટલું આપણું જીવન સફળ થાય. બાકીની તમામ જિંદગી નિષ્ફળ છે.** માટે દરેક શ્વાસો શ્રીહરિની સ્મૃતિમાં વહે એવું કરવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકસ્વામીના ધ્યાનની રીત કહી' એ નામે છત્રીશમો અધ્યાય થયો. ॥૩૬॥

અધ્યાય-૩૭

આણંદના કૃષ્ણ શુક્લને જીવતા કર્યા.

દોહા : **સ્વામી પધાર્યા સ્નેહથી, આણંદમાં એકવાર;**
કૃષ્ણ શુક્લને જિવાડિયા, તે સુણાવું કરી પ્યાર...૧૮૦

એકવાર શુકમુનિ આણંદ પધાર્યા હતા. આણંદના શુક્લ જેઠા વૈદ્ય મહાન ભક્ત હતા. જ્યારે સ્વામી આણંદ પધાર્યા ત્યારે તેમના પિતા કૃષ્ણ શુક્લ અતિ બિમાર હતા; છતાં જેઠાભાઈને સ્વામીમાં અતિ સ્નેહ હોવાથી સ્વામીની સેવામાં આવ્યા. પાછળથી તેમના પિતા કૃષ્ણ શુક્લનો દેહ અચાનક પડી ગયો. તે સમયે કૃષ્ણ શુક્લના ભાઈ તેમની સેવામાં હતા. તેમણે કૃષ્ણ શુક્લના દેહને મેડા ઉપર સુવરાવી ઉપર લૂગડું ઓઢાડ્યું. પછી તે પણ શુકસ્વામી પાસે આવ્યા. અને સ્વામીને

વિનંતિ કરી કે, "આપ કૃપા કરો તો મારા ભાઈ બેઠા થાય. કેમ જે, તે બહુ સારા હતા. વળી તે આ જેઠાના પિતા થાય છે." એમ કહેતાં અતિશય રડી પડ્યા. તેથી સ્વામીના હૃદયમાં અતિશય દયા આવી.

પછી સ્વામીએ શ્રીહરિની પ્રસાદીનો હાર આપ્યો ને કહ્યું કે, **"સ્વામિનારાયણ ભગવાનનું નામ લઈને આ હાર તમારા ભાઈને પહેરાવજો; ભગવાન સારું કરશે.** તમે કહેશો આનાથી શું થાય ? તો હું કહું છું કે વિશ્વાસ રાખજો. ભગવાન તમારી ઈચ્છા પૂરી કરશે." પછી તે હાર લઈ જેઠાભાઈ તથા તેમના કાકા બંને ઘેર આવ્યા. અને સ્વામીએ કહ્યું હતું તે પ્રમાણે મહારાજનું નામ લઈને હાર તેમના પિતાના કંઠમાં પહેરાવ્યો. એ જ વખતે આશ્ચર્ય થયું. તરત જ કૃષ્ણ શુક્લ બેઠા થયા. આખા કુટુંબને આનંદનો પાર ન રહ્યો.

દોહા : **વિશ્વાસ આવે મોટાનો, તો થાય જબરું કામ;**
જુઓ શુક્લ બેઠા થયા, મૃત પથારીથી આમ...૧૮૧
અશક્યનું તે શક્ય કરે, વિશ્વાસી માટે શ્યામ;
માટે વિશ્વાસ રાખવો, સુખી થવા આઠુ જામ...૧૮૨
વિશ્વાસ તો આ માર્ગમાં, કરે ઓક્સિજનનું કામ;
વિશ્વાસીને હરિ ઢૂંકડા, સુખ આપે સુખધામ...૧૮૩
સેવા સદ્ગુરુની કરો, રાખી અતિ વિશ્વાસ;
જ્ઞાનજીવન કે' વાલમો, નહીં જ કરે નિરાશ...૧૮૪

જે મોટા સંતનો વિશ્વાસ રાખે તેના માટે શ્રીહરિ અશક્યનું શક્ય કરે છે, જડનું ચેતન કરે છે. **ખરેખર વિશ્વાસ જ જીવન છે. શંકા-સંશય એ જ મોત છે.** શ્રીહરિ અને મોટા સંતનો વિશ્વાસ રાખજો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'આણંદના કૃષ્ણ શુક્લને જીવતા કર્યા' એ નામે સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

અધ્યાય-૩૮

શુકમુનિએ ખોટ ટાળવાની કરેલી વાત

ચોપાઈ : **શુકાનંદજીએ એકવાર રે, કરી વાત અનુપમ સાર રે;**
જીવ ખોટ ટાળે નિજ તણી રે, ત્યારે રાજી થાય મારો ધણી રે...૧૮૫

શુકસ્વામી કહે, "જે જીવ પોતાની ખોટ ખોળી ખોળીને ટાળે છે તેના ઉપર મહારાજ બહુ રાજી થાય છે. માટે શ્રીહરિને રાજી કરવા હોય તો પોતે પોતાની ખોટ ટાળવી. તે દોષની પીડા આપણને ટળે એટલા માટે નહિ, પણ મહારાજને ગમે છે તેથી ટાળવી."

તે ઉપર મુક્તાનંદસ્વામીની વાત કરી જે, "પ્રથમ મુક્તાનંદસ્વામીને શ્રીજીમહારાજ વઢતા ને ઠપકો પણ દેતા. પછી તે મહારાજની મરજી પ્રમાણે વર્તવા લાગ્યા; ત્યાર પછી કોઈ દિવસ કહ્યું નહીં. તેમ આપણે પણ શ્રીહરિની આજ્ઞા પ્રમાણે રહેવા મંડીએ, મનધાર્યું મૂકી દઈએ, તો કોઈ વઢે-ટોકે નહીં. અને મનધાર્યું કરીએ, સત્સંગનું તથા પોતાનું બગડે એવું કરીએ તો મોટા વઢે જ ને ! માટે સમજીને સુધરી જવું. અને પછી તો મહારાજ મુક્તાનંદસ્વામીને ગુરુ માનવા લાગ્યા. મહારાજ તો કોઈમાં સદ્‌ગુણો હોય તો તેને તરત સ્વીકારે, સન્માને અને વચ્ચે બેસાડીને પૂજા કરે. અને ભૂલ હોય તો તરત વઢીટોકીને કહે પણ ખરા. કેમ જે, **કોઈને કહ્યા વગર પોતાની ભૂલ સમજાતી નથી;** એ સિદ્ધાંત વાત છે."

વળી સ્વામી કહે, "એકવાર મહારાજે દાદા ખાચરને પૂછ્યું જે, 'તમારે કિયા સાધુ સાથે હેત છે ?' ત્યારે તે કહે, 'મારે તો ગોપાળાનંદસ્વામી સાથે હેત છે.' તે સાંભળીને શ્રીજીમહારાજ બહુ રાજી થયા. કેમ જે, તેમને મોટા સંત સાથે હેત હતું. અને મને પણ મહારાજે ભલામણ કરી હતી કે, 'તમે ગોપાળાનંદસ્વામી સાથે હેત રાખજો.' કારણ કે, મોટા વાતો કરે ત્યારે શાસ્ત્ર સમજાય છે."

તે ઉપર વચ.મધ્યના પંચાવનની વાત કરી જે, **“સોનું કાઢીને રૂપું ભેળવે તે પંદરવલું કહેવાય, તેમ જીવમાં દોષ ભળે છે. ધૂળમાંથી સોનું નીકળે છે, તે કરનારાની કિંમતે નીકળે છે; ને તે સોનું સોળવલું થાય છે. ને તેમાં જો ભેગ ન ભળવા દીએ તો સોળવલું રહે છે; તેમ જીવને જાણપણું જોઈએ.”**

તે ઉપર ભરૂચના સોનીની વાત કરી જે, ‘તેણે રૂપું ભળવા ન દીધું; પણ તે જાણતો હતો તેથી ન ભળવા દીધું. તેમ જેને મોટા સાધુ સાથે હેત હોય ને તેની પાસેથી જાણપણું શીખ્યો હોય તો પોતાના જીવમાં દોષ ન પેસવા દીએ. માટે **મોટાને વિનય વડે સેવવા ને વિશ્વાસ રાખવો, તો તે આપણા દોષ કહે અને ખોટ કાઢે. તે વિના ખોટ ઓળખાય નહીં.’**

બે વાત પર વજન છે. મોટા સંતો સાથે જીવનું હેત રાખવું. ગમે તેટલું વઢે તોપણ સદા સવળું જ પડે એવો સ્નેહ બાંધવો. અને મોટા સંતો પાસેથી જાણપણે રહેવાનું શીખવું, કહેતાં બ્રહ્મરૂપે રહેવાની લટક શીખવી અને વિનય વડે તેમની સેવા કરવી; તો કામ થાય ને ખોટમાત્ર જાય.

વળી, કેટલાક એમ બોલે છે જે, ‘શ્રીજીમહારાજના સર્વે સાધુ સરખા કહેવાય. કેને અધિક-ન્યૂન કહીએ ?’ પણ તે બોલનારાને જ્ઞાન નથી જે, મોટાને પણ નાના જેવા કહે છે. સર્વે શ્રીહરિના દીક્ષિત હોય, એક જ ગુરુના શિષ્ય હોય, ઉંમરમાં સરખા હોય, છતાં પણ સ્થિતિમાં અને સમજણમાં ભેદ હોય; એ પણ સમજવું જોઈએ. એક મુક્ત હોય અને એક મુમુક્ષુ હોય. તે બંનેને સરખા કહે તો તે અજ્ઞાની છે.

વળી, ઘણા એમ કહે છે જે, ‘આપણને ભગવાન મળ્યા છે, તે હવે કાંઈ કરવું રહ્યું નથી.’ તે બોલનારાને પણ જ્ઞાન નથી. કેમ જે, તેને પણ શ્રીહરિની આજ્ઞા પાળવી પડે, સેવા-ભક્તિ વગેરે શ્રીહરિને રાજી કરવા માટે કરવું પડે. કેમ જે, એમ ન કરે તો મહારાજે વચનામૃતમાં

કહ્યું છે જે, 'બદરિકાશ્રમમાં કે શ્વેતદ્વીપમાં જઈને વાસના બાળવી છે તથા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને માહાત્મ્યજ્ઞાન સહિત ભક્તિ કરવી છે.' તે સર્વે ખોટું પડે. માટે સત્સંગમાં રહીને થોડા જ્ઞાનવાળા સાધુ સાથે હેત થાય તો સમજવાનું છે તે ટાળી નાખે. માટે વિચારીને મોટા સંતો સાથે હૈયાનું હેત કરવું.

ચોપાઈ : **આવી વાતો વિવેકની જેહ રે, કોણ કરી શકે સંત તેહ રે;**
ધન્ય ધન્ય શુકાનંદસ્વામી રે, કરી વાતો ટાળે સહુ ખામી રે...૧૮૬
આવી વાતો છે દુર્લભ બહુ રે, એમ જાણજો મુમુક્ષુ સહુ રે;
વારે વારે સુણે આવી વાત રે, તો ખોટ ન રહે કોઈ જાત રે...૧૮૭

આવી વાતો વારે વારે સાંભળીએ ત્યારે સાચો વિવેક અને સમજણ આવે છે. અને જેને આવો ઝીણો વિવેક હોય એ જ અખંડ ભગવાનને સંભારી શકે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિએ ખોટ ટાળવાની વાત કહી' એ નામે આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

અધ્યાય-૩૯

સંતસમાગમની અને નિર્દોષભાવની આવશ્યકતા

શુકસ્વામી મહારાજની સાથે ખૂબ રહેલા. તેથી ઘણી રહસ્યમય વાતો કહેતા. અને સંતોએ પણ કૃપા કરી આપણા માટે લખી રાખી છે. તેથી આપણને વાંચવા મળે છે. એકવાર શુકસ્વામીએ મહારાજની કરેલી વાત કરી જે, **"જે ભક્ત ભગવાનને સંભારે છે, તે ભક્તને ભગવાન નિરંતર સંભારે છે."** માટે આપણે જો ભગવાનને ન ભૂલીએ તો ભગવાન પણ આપણને ક્યારેય ભૂલતા નથી.

તે ઉપર પોતાની વાત કરી જે, **"મને મહારાજે કહ્યું હતું કે, તમે ગોપાળાનંદસ્વામીનો સંગ રાખજો તો નિરંતર ભગવાન સાંભરશે તથા**

જ્ઞાન થાશે. પછી મેં ગોપાળાનંદસ્વામીનો ખૂબ હેત રાખી સમાગમ કર્યો. અને સ્વામીએ કહ્યું તેમ કર્યું ત્યારે સમજણ આવી ને યથાર્થ જ્ઞાન થયું. **તે વાત બીજાને કહીએ તો અવળું પડે. કેમ જે, મહારાજ પાસે ઘણા દિવસ રહ્યા ને જ્ઞાન ન સમજાણું અને ગોપાળાનંદસ્વામીએ સમજાવ્યું ત્યારે સમજાણું.**"

આવી વાતો સાંભળી કેટલાકને એમ થાય કે, 'આ તો ખોટો સંતનો મહિમા વધારવા સારુ આમ કહે છે.' આમ અવળું પડે, પરંતુ શુકસ્વામીએ જીવની વાસના કેમ બળે ? સ્વભાવ કેમ ટળે ? અને મહારાજનો આનંદ કેમ મળે ? તે વાત શ્રીહરિ થકી જ યથાર્થ જાણી હતી. તેથી તેઓ સંતસમાગમની અતિ આવશ્યકતા બતાવે છે. આ કાંઈ ખોટો સંતનો મહિમા વધારવા માટે નથી, જીવના કલ્યાણ માટે છે.

વળી એકવાર સ્વામી કહે, "શ્રીજીમહારાજે વાત કરી હતી જે, 'કેટલાક જીવભાવમાં લોભાયા છે ને કેટલાક ઈશ્વરભાવમાં લોભાયા છે, પણ અક્ષરભાવમાં લોભાયા હોય એવા થોડા છે. કેમ જે, **અખંડ ભગવાનમાં વૃત્તિ રહે તે અક્ષરભાવ છે.**' અને મહારાજે અમને સહુને કહ્યું હતું કે, **'અમારું સુખ તથા સર્વે મોટપ તો અમે સાધુને આપી છે,** પણ એ વાત કોઈને સમજાતી નથી. તે અમારું શું સુખ છે ? તો **કોઈ પદાર્થમાં બંધાવું નહિ તથા કોઈ પદાર્થને અર્થે ક્લેશ કરવો નહિ ને અખંડ ભગવાનમાં વૃત્તિ રાખવી એ અમારું સુખ છે.'** એમ શ્રીહરિ કહેતા હતા. અને આવું કેમ થાય ? તો જેને દત્તાત્રેયની પેઠે સહુમાંથી ગુણ લેવાનો સ્વભાવ હોય તે જ નિર્બંધ રહી શકે છે. માટે દત્તાત્રેયનું આખ્યાન નિરંતર સંભારી રાખવું. કેમ જે, તેમણે ચોવીશ ગુરુ કર્યા હતા." *(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૬૪)*

પૂર્વછાયો : **ગુણ લે હરિભક્તનો, તેના ટળે છે વિકાર;**
મોટાને નિર્દોષ જાણતા, વૃત્તિ રહે હરિ મોજાર...૧૮૮

વચનામૃતે વા'લો બોલ્યા, પ્રથમ અઢ્ઠાવને સાર;
ગુણ લે જો મોટા સંતનો, તો થઈ જાય નિર્વિકાર...૧૮૯
ભક્તિ વૃદ્ધિ પામે અતિ, વિષયનો થાય અભાવ;
જ્ઞાનાદિક સદ્ગુણો આવે, તેથી વધે હરિમાં ભાવ...૧૯૦
અહં ને આસક્તિ મૂકી, સત્સંગે રે'વું થઈ દાસ;
અહંશૂન્ય થતા અંતરે, અખંડ વસે અવિનાશ...૧૯૧

શ્રીહરિ વ.ગ.પ્ર.૫૮માં કહે છે, **"મોટા પુરુષનો જેમ જેમ ગુણ ગ્રહણ કરતો જાય તેમ તેમ એની ભક્તિ વૃદ્ધિ પામતી જાય. અને અતિશય જે મોટા હોય તેને જો અતિશય નિષ્કામી જાણે તો પોતે કૂતરા જેવો કામી હોય તે નિષ્કામી થાય** અને જો મોટા પુરુષને વિશે કામીપણાનો દોષ પરઠે તો ગમે તેવો નિષ્કામી હોય તોય પણ અતિશય કામી થાય. અને મોટાને વિશે ક્રોધી-લોભીપણું પરઠે તો પોતે ક્રોધી-લોભી થાય. **અને જો મોટા પુરુષને અતિશય નિષ્કામી, નિર્લોભી, નિઃસ્વાદી, નિર્માની, નિઃસ્નેહી સમજે તો પોતે પણ એ સર્વ વિકારથી રહિત થઈ જાય અને પાકો હરિભક્ત થાય."** આવી રીતે મોટા સંતનો સમાગમ કરવાની, તેમાં નિર્દોષભાવ રાખવાની અને હેતે સહિત તેમનું સેવન કરવાની, નિજ અનુભવવાળી અતિ ઉપયોગી વાતો શુકસ્વામી કરતા હતા. માટે આપણે પણ આમાંથી શીખવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'સંતસમાગમની અને નિર્દોષભાવની આવશ્યકતા કહી' એ નામે ઓગણચાલીશમો અધ્યાય થયો. ॥૩૯॥

અધ્યાય-૪૦

શાસ્ત્ર તો મોટા થકી જ સમજાય છે.

શુકમુનિ શ્રીહરિના હૃદય સમાન અતિ વહાલસોયા સંત હતા. પ્રભુપ્રેમી સંતનું જીવન કેવું અલૌકિક હોય ? અને કેવી રીતે ભગવાનમાં

પ્રેમ કરાય ? તે વાત સ્વામીના એક એક પ્રસંગમાંથી બહુ સારી રીતે જાણવા મળે છે. મહારાજને પ્રાર્થના કરીએ કે આપણને પણ એવા ગુણો આપે.

દોહા : **પ્રિયવર હિતકર હે હરિ ! તમે સદા સુખકર;**
લખું આખ્યાન શુકાનંદનું, રાજી થજો મુજ પર...૧૯૨
તમારો તમારા સંતનો, રાજીપો ચાહું સદાય;
રાજીપાનો બહુ ભૂખ્યો છું, બીજું ન જોઈએ કાંય...૧૯૩
તમે રાજી તો સહુ રાજી, રાજી તમારા જન;
રાજીપો માણતા આપનો, સદાય રહું હું મગન...૧૯૪
પરાત્પર પરબ્રહ્મ હરિ, મોંઘા મારા મા'રાજ;
આખ્યાન લખું તવ સંતનું, સત્સંગ સેવા કાજ...૧૯૫
જીવન મારું તવ મૂરતિ, રહ્યા સાથે સદાય;
અવિરત સુખ આપો છો, ઉપકાર કહ્યા ન જાય...૧૯૬
પળ પળ અમ હિત કરવા, સદા તમે છો તત્પર;
તમે જ મારો છો આત્મા, તમે જ મારું છો ઘર...૧૯૭
આખ્યાન શુકાનંદનું, લખો સુણો કહો નાથ;
જ્ઞાનજીવનમાં રહીને, પ્રકાશો સુખપાથ...૧૯૮

આ સત્સંગમાં ઘણા સંતો-ભક્તો એવું માને છે કે 'અમે અમારી રીતે શાસ્ત્રમાંથી બધું સમજી લઈશું. અમારે કોઈને ગુરુ કરવાની કે એમની આજ્ઞામાં રહેવાની જરૂર નથી, અર્થાત્ માથે મોટા રાખવાની જરૂર નથી.' આમ, અહંકારને કારણે દાસ થયા વિના પોતાની મેળે શાસ્ત્રમાંથી સમજવા ઘણા મથ્યા છે, ઘણા ભણ્યા-ગણ્યા છે; પરંતુ અંતે આ બધા જ નિષ્ફળ ગયા છે. જ્યારે શુકસ્વામી જેવા મહાન સંતો શ્રીહરિના કૃપાપાત્ર હોવા છતાંય એમ કહે છે કે 'શાસ્ત્રોનો મર્મ તો મોટા પાસેથી જ સમજાય.' આપણા અહંને પલટવા આ પ્રસંગ અતિ ઉપયોગી છે.

ઘણા સ્વાભિમાની માણસો સમજ્યા વિના કોઈની દેશી કાઢતા બોલતા હોય છે કે **'હું હાથ લંબાવું તો તારી ખુદાઈ દૂર નથી; પણ હું માગું ને તું આપે તે મને મંજૂર નથી.'** ભગત સારા હોય, પરંતુ કોઈની પાસે દાસ થવું તે તેને મંજૂર ન હોય. તે એવું સમજે કે 'હું ભીખારી નથી.' પરંતુ પોતે અહંકારી થઈ જાય તેનો તેને ખ્યાલ રહેતો નથી.

અહંકારી બનવું તે કરતાં શ્રીહરિ અને સંતોના ભીખારી બનવું, દાસ બનવું, તે અનંતગણું શ્રેષ્ઠ છે. અહંકારી સ્વભાવ ખતરનાક છે. **અહં પતનનું કારણ છે. અહં અનેક ભૂલોનો જનક છે.** અહંકારી દંડને પાત્ર છે, જ્યારે દાસ દયાને પાત્ર છે. શ્રીહરિ કે સંતની આગળ જે નમી ગયા છે, એમની પાસે ભીખારી બની દોષો ટાળવાની અને સદ્‌ગુણો મેળવવાની પ્રાર્થના કરી છે એ જ મહાન બન્યા છે. એની જ આબરૂ રહી છે. એને જ આ માર્ગનો ખરો લાભ મળ્યો છે. કેમ જે, **દાસત્વ એ જીવનો વાસ્તવિક ધર્મ છે અને અહંકાર રાખવો એ બિનવાસ્તવિકતા છે.** તેથી જ અહંકારી માણસો અનેક જગ્યાએ અથડાય મરે છે, જ્યારે દાસ તરી જાય છે.

માટે મિથ્યાભિમાન ન રાખવું, હંમેશાં શ્રીહરિ અને સંતને હાથ જોડતા રહેવું. એમાંથી જ સત્ય જ્ઞાન, સાચો વિવેક, વિનય અને પ્રભુની પ્રાપ્તિ થશે. શુકમુનિની વાતો અલૌકિક છે. તે પોતાના અનુભવ પરથી વાતો કરે છે, તેથી પ્રેક્ટિકલ જીવનમાં મુમુક્ષુઓને અતિ ઉપયોગી છે. સ્વામી શ્રીહરિએ કહેલી અને પોતે સાંભળેલી વાતો કરે છે. માટે સ્વામીના જીવન પ્રસંગોમાંથી અલૌકિક આસ્વાદ મળે છે.

એકવાર થોડા સંતો શુકસ્વામી પાસે બેઠા હતા. પરસ્પર ગોષ્ઠી કરતા હતા. અને પોતાના આધ્યાત્મિક જીવનમાં આગળ કેમ વધાય તેનું સંશોધન તથા પોતા ઉપર થયેલી મોટા સંતોની કરુણાની વાતો કરતા હતા. મોટાના ઉપકારને યાદ કરતા હતા. પરસ્પર કેવી ગોષ્ઠી કરાય ? તે આ વાત પરથી શીખવા જેવું છે.

જ્યારે આવી સ્વવિકાસની વાતો ચાલતી હતી ત્યારે એક સંતે શુકાનંદસ્વામીને કહ્યું જે, "શાસ્ત્ર કાળે કરીને સમજાય છે." ત્યારે સ્વામી કહે, "તમને કેમ ખબર પડી ?" એટલે તે સંત કહે, "પહેલાં મને ગોપાળાનંદસ્વામીએ કહ્યું જે, 'તું ગીતા ભણ.' ત્યારે મેં ગીતા ભણવા માંડી. તે કેવળ વાંચી જાઉં પણ કાંઈ સમજાય જ નહીં. ને હવે વાંચું છું ત્યારે અક્ષરે અક્ષર સમજાય છે. માટે એમ જણાય છે જે, શાસ્ત્ર કાળે કરીને સમજાય છે."

ત્યારે શુકસ્વામીએ કહ્યું જે, "હા, શાસ્ત્ર કાળે કરીને સમજાય છે, તે વાત સાચી છે. તે ઉપર હું મારી વાત કરું જે, 'મહારાજ વાતુ કરતા તે અમે સાંભળી ને અંતરમાં ઉતારી. ને વચનામૃતો પણ મેં લખ્યાં, શોધ્યાં ને વાંચ્યાં છે; તોય કાંઈ સમજાણું નહીં." કેવા નિખાલસ સંત છે !!

દોહા : **શુકમુનિ જેવી નિખાલસતા, ભાગ્યે કોઈમાં હોય;**
આવા સંતને જાણો મા, ભૂલેય નાના કોય...૧૯૯

શુકાનંદસ્વામી જેવા નિર્મળ અને નિર્દોષ અંતરના સંત નિખાલસપણે અને નિર્માનીપણે પોતાનો અનુભવ તથા પોતાના જીવનમાં રહેલી ખામી કહેતા હોય, વળી તે ખામીમાંથી પોતે કેમ ઊગર્યા ? તેની યુક્તિ બતાવતા હોય ત્યારે એવા નિર્મળ સંતને જોઈને આગ્રહવાળા કે રાગ-દ્વેષવાળા અટવાઈ જાય છે. તેઓ એવું માને છે કે 'આવા દોષો તો તે સંતમાં પણ છે ખરા !' પરંતુ એવું નથી. એ તો આવી રીતે ભરસભામાં પોતાની ખામીનો એકરાર કરે છે, એ જ એની મહાનતા છે. એવા સંતોને લાખો વંદન કરીએ તો ક્યારેક આપણામાં પણ એવા ગુણો આવે.

શુકસ્વામી કહે, "ગોપાળાનંદસ્વામીએ વચનામૃતમાંથી સમજાવીને કહ્યું કે 'શ્રીહરિએ કેવી અનુપમ અને રહસ્યમય વાતો કરી છે ?! આવી

વાત તો અન્ય કોઈ શાસ્ત્રમાં નથી.' તે કઈ ? તો ધર્મની; જ્ઞાનની; વૈરાગ્યની; ભગવાનના મહિમાની; સર્વોપરી ઉપાસનાની; જીવ, ઈશ્વર, માયા, બ્રહ્મ અને પરબ્રહ્મના ભેદની; અન્વય-વ્યતિરેકપણાની - આવી અનંત વાતો વચનામૃતમાંથી કરીને કહ્યું જે, 'મહારાજે આવી વાતો કરી છે અને તેવી તો બીજા કોઈ શાસ્ત્રમાં નથી.'

આવી વચનામૃતની વાતો મને ગોપાળાનંદસ્વામી પાસેથી સમજાણી હતી. અને એ વાતો તો મેં લખી હતી, પણ ત્યારે એવી સમજાણી ન હતી. **માટે શાસ્ત્રોની વાતો કાળે કરીને સમજાય છે; અને તે પણ મોટા સંતનો વિશ્વાસ હોય અને અંતરદૃષ્ટિ કરતો હોય તો એને તરત સમજાય છે.** મોટાનો વિશ્વાસ તથા નિજદર્શન ન હોય તો મોટા સાથે રહે છતાં પણ ન સમજાય."

ત્યારે તે સંતે પૂછ્યું જે, "અંતરદૃષ્ટિ રાખવાની બારાખડી તે શું છે ?" તેનો ઉત્તર શુકસ્વામીએ કર્યો જે, "જે જે ક્રિયા કરવી તે વિચાર કરીને દેહ-ઈન્દ્રિયાદિકથી જુદા પડીને 'હું તો એનો જાણનારો આત્મા છું.' એમ દેહ-ઈન્દ્રિયોથી જુદા પડીને કરવી, પણ કોઈ ક્રિયામાં આત્મા-પરમાત્માના વિચારને ભૂલીને દેહ-ઈન્દ્રિયરૂપ થઈને ક્રિયા કરવી જ નહીં. ને ક્રિયા કરવી તે ઉત્થાન ઓળખીને કરવી, પણ સંકલ્પ ભેળા ભળવું નહીં. એમ ઉત્થાન ઓળખીને જાણપણામાં રહીને સર્વે ક્રિયા કરે એ જ અંતરદૃષ્ટિ રાખવાની બારાખડી છે."

(સંદર્ભ : શુકસ્વામીની વાતો-૧૫/૧૬)

ભગવાનના સ્વરૂપમાં જોડાવું હોય તેણે અંતરદૃષ્ટિ રાખવી જ પડે. અને અંતરદૃષ્ટિની વ્યાખ્યા કરતા શ્રીહરિ વ.ગ.પ્ર.૪૯માં કહે છે જે, **"જેવા પોતાને પ્રત્યક્ષ ભગવાન મળ્યા છે તેની મૂર્તિ સામું જોઈ રહેવું એ અંતરદૃષ્ટિ છે.** અને તે મૂર્તિ વિના ષટ્ચક્ર દેખાય અથવા ગોલોક-વૈકુંઠાદિક ભગવાનનાં ધામ દેખાય તોપણ તે અંતરદૃષ્ટિ નહિ.

માટે ભગવાનની મૂર્તિને અંતરમાં ધારીને તે સામું જોઈ રહેવું અથવા બહાર ભગવાનની મૂર્તિ સામું જોઈ રહેવું તેનું નામ અંતરદષ્ટિ છે અને તે મૂર્તિ વિના બીજે જ્યાં જ્યાં વૃત્તિ રહે તે સર્વે બાહ્યદષ્ટિ છે."

સર્વે ક્રિયાઓ દેહ-ઈન્દ્રિયોથી જુદા પડીને કરવી. 'હું તો આત્મા છું અને મારા આત્મામાં શ્રીહરિ સદા પ્રગટ બિરાજમાન છે.' એમ આત્મામાં તથા બહાર જ્યાં જ્યાં વૃત્તિ જાય ત્યાં ત્યાં મૂર્તિ જ જોવી તેને અંતરદષ્ટિ કહેવાય. માટે દેહથી જુદા પડવું અને 'હું જ્ઞાતા છું અને દેહાદિક જ્ઞેય છે.' એમ સમજી સર્વ ક્રિયા કરતા પોતાને અકર્તા માની સર્વે કર્તૃત્વ શ્રીહરિને અર્પી દેવું. જેથી જલદી મૂર્તિમાળે વિરામ થાય, આત્યંતિક કલ્યાણ થાય.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શાસ્ત્ર તો મોટા થકી જ સમજાય છે તે વાત કહી' એ નામે ચાલીશમો અધ્યાય થયો. ॥૪૦॥

અધ્યાય-૪૧

ઠાસરાના રામ ભટ્ટનું કલ્યાણ

દોહા : **હરિ સંતની મરજીમાં, રહેવાનો સ્વભાવ;**
એવા શુકાનંદજીમાં, સહુને રે'તો ભાવ...૨૦૦
હરિ હરિજનની કૃપાથી, શ્રોત્રીય શ્રીશુકાનંદ;
બ્રહ્મસ્થિતિને પામીને, પામ્યા'તા પરમાનંદ...૨૦૧
જે જે શુકમુનિ બોલતા, તે સત્ય થતાં વચન;
રામ ભટ્ટને ઉદ્ધાર્યા, તે કથા લખું પાવન...૨૦૨

એક સમયે શુકમુનિ સંતમંડળ સાથે ઠાસરા ગામમાં પધાર્યા હતા. ત્યાં મંદિરની આગળ સંકડાશ ઘણી હતી. તેથી ત્યાંના વૈષ્ણવ મંદિરના પુરાણી રામ ભટ્ટે રાજી થઈને સ્વામીને મંદિરની આગળ મારગનો ચોક કાઢી આપ્યો. પછી સ્વામીએ તેમના ઉપર પ્રસન્ન થઈને કહ્યું કે, 'તમે

સત્સંગી થાઓ.' ત્યારે રામ ભટ્ટ કહે કે, **'અંત સમયે તેડવા આવો તો સત્સંગી થાઉં.'** સ્વામીએ કહ્યું કે, "જાઓ, હું તમને અંતકાળે તેડવા આવીશ." તેથી વૈષ્ણવ હવેલીના પુરાણી રામ ભટ્ટ સ્વામી પાસે વર્તમાન ધારી સત્સંગી થયા.

તેઓ ઘેર ગયા પછી સ્વામી સંતોને કહે, "રામ ભટ્ટ વૈષ્ણવ મંદિરના પુરાણી છે, છતાં આપણી મુશ્કેલી સમજી ગયા ને જગ્યા આપી; માટે ડાહ્યા છે. કેમ જે, બીજાથી આમ જમીન છૂટે નહીં. આપણા સંપ્રદાયના ન હોવા છતાં પણ આપણી મુશ્કેલી સમજ્યા. આવું બધાથી થાય નહીં." આમ, સ્વામીએ તેમનાં વખાણ કર્યાં.

જીવનમાં મોટા સંતો પાછળથી વખાણ કરે એવાં કામ કરવાં. અને ખરેખર મોટા પાછળથી વખાણે એવી આપણે સેવા કરીએ એને જ રાજીપો કહેવાય છે. અને મોટાને ગમતું ન હોય છતાં આપણાં વખાણ કરવા પડે તે રાજીપો ન કહેવાય. પરંતુ આપણી ગેરહાજરીમાં તેઓ પોતાના દિલથી બિરદાવે એ જ સાચો રાજીપો છે. એવો રાજીપો મેળવવાની આપણે ઈચ્છા રાખવી જોઈએ. આપણી હાજરીમાં જ આપણા ગુણ ગાય, વખાણ કરે અને પાછળથી એક પણ શબ્દ ન બોલે; એ વાત જુદી છે. અને આપણી ગેરહાજરીમાં બીજા પાસે આપણાં વખાણ કરે એ રાજીપો જુદો છે. આ બંને વાતમાં ઘણું ઊંડાણ છે.

શ્રીહરિ કહેતાં કે, "જેને અમે વઢીએ અને કોઈ દિવસ વખાણીએ નહિ એવા તો મુક્તાનંદસ્વામી ને ગોપાળાનંદસ્વામી છે." અને આવા પાત્રને બિરદાવ્યા વિના શ્રીહરિ પણ રહી શકતા નહીં. કેમ જે, આમ ડૂબીને રહેનારા સંતો-ભક્તોને તેમની હાજરીમાં તેનાં વખાણ કરીએ તે ન ગમે; એટલે પાછળથી એમની ખૂબીઓ અને વિશેષતાઓ આપોઆપ મોટાથી કહેવાઈ જાય છે. એ કેવું અલૌકિક પાત્ર હશે ! તે સમજવું અને આપણે પણ મોટાનો આ રીતે દિલનો રાજીપો મળે એવી સમજણ કેળવવી.

શ્રીહરિએ એકવાર શુકાનંદસ્વામીને કહેલું કે, **“પછવાડે મોટા વખાણ કરે એવું જીવન જીવજો. મોઢે વખાણ કરે તેમ તમે ન જીવતા.”** ને આ વાત સ્વામીએ પોતાના જીવનમાં આત્મસાત્ કરી હતી. કેવું એમનું દિવ્ય જીવન હશે ! **મોટેરાઓને ક્યારેય મનમાં એવું ન થાય કે, ‘આને માનની, વખાણની કે પ્રશંસાની ભૂખ છે.’ એવું જેનું જીવન હોય તેને સમજણા ભક્ત કહેવાય.** રામ ભટ્ટ એવા હતા.

પછી જ્યારે તેમનો અંત સમય આવ્યો ત્યારે શ્રીહરિને લઈને સ્વામી તેને તેડવા આવ્યા. અને કહ્યું કે, “ચાલો, અમે તેડવા આવ્યા છીએ.” પછી પુરાણી રામ ભટ્ટ સૌને કહે, “આ શુકસ્વામી સ્વામિનારાયણ ભગવાનને લઈને મને તેડવા આવ્યા છે. હું તેમની સાથે અક્ષરધામમાં જાઉં છું. એમ કહી તેણે દેહ છોડ્યો.”

(સંદર્ભ : હરિપ્રિય. ચોપડો)

દોહા : **ભટ્ટ નીકળ્યા સમજણા, ખાટી ગયા કલ્યાણ;**
હરિ હરિજનને રાજી કરે, એ જ સાચો સુજાણ...૨૦૩
જગમાં ભગત અતિ ઘણા, પણ સમજુ નીકળે કો’ક;
બાકી તો વે’વાર પડતા, હોય મેલ્યા જેવા પોક...૨૦૪

સ્ત્રીઓ તો ઘરોઘર છે, પણ સર્વે સ્ત્રીઓ સતી હોતી નથી. સર્વે સરોવરમાં કમળ હોતા નથી. તેમ ભક્તો ઘણા હોય, પરંતુ બધા ભક્ત સમજણા હોતા નથી. કોઈક ભક્ત જ સમજણા અને ડાહ્યા હોય છે; બાકી ભક્ત હોય છતાં તેની સાથે વ્યવહાર પાડો તો તરત દુઃખ આવે.

મેં એક સંતને પૂછ્યું, “સ્વામી, આ ભગત કેવા ?” ત્યારે તેઓ કહે, “ભગત બહુ સારા. દર્શન કરીએ તો ધામમાં જવાય, પણ વ્યવહાર પાડીએ તો મોત થાય.” એવું તે સંત બોલ્યા.

દોહા : **ધન્ય ધન્ય એવા પુરુષને, જેને નહિ રાગ દ્વેષ;**
હર્ષ શોકની નૈ એડકી, ન કરે કોઈથી ક્લેશ...૨૦૫

સત્સંગી તો કરોડો છે, સમજણા એમાં કો'ક;
સુખદુઃખમાં કદી ન અડે, એને હર્ષ ને શોક...૨૦૬
પર મુશ્કેલી ટાળવા, આપે ધરા કે ધાન;
અંતે પામે કલ્યાણને, જીવતાં પામે માન...૨૦૭
શુકમુનિ જેવા સંતને, ખુશ કર્યા જો જરાક;
મહા મહેનતે જે ન મળે, તે ધામ મળ્યું ફટાક...૨૦૮

આપણે પણ આવા સમજુ ભક્ત થાવું. **જેને શ્રીહરિ કે સંતના લાડલા થવું હોય તેણે સર્વ ક્રિયા તે રાજી થાય તે માટે જ કરવી.** જેમ હાથીનાં પગલાંમાં સર્વે પગલાં સમાઈ જાય છે તેમ શ્રીહરિ અને સાચા સંતના રાજીપામાં સર્વે સાધન સમાઈ જાય છે. શ્રીહરિ અને સંતો રાજી તો આખી દુનિયા રાજી થઈ સમજો. જેમ રાજા રીઝ્યા તો રૈયત રાજી, તેમ શ્રીહરિ અને મોટા સંત રાજી થાય તો તમામ દેવો, ઈશ્વરો અને ઋષિમુનિઓ રાજી થાય જ. માટે શ્રીહરિ અને સંતનું ગમતું કરવા તન, મન અને આત્મસુદ્ધા સર્વે ઘસી નાખવું.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં સ્વામીએ 'ઠાસરાના રામ ભટ્ટનું કલ્યાણ કર્યું.' એ નામે એકતાલીશમો અધ્યાય થયો. ॥૪૧॥

અધ્યાય-૪૨

મોટા પાછળથી વખાણે એવું હેત રાખવું

ચોપાઈ :

શુક સ્વામી કહે હેત કરી રે, મને વાત કરતા શ્રીહરિ રે;
કોઈ રીતે હરિભક્ત સહી રે, તેને કદી કોચવવા નહીં રે...૨૦૯
હોય ભક્ત નાનેરા કે મોટા રે, તેને દુઃખવે મોટા કે છોટા રે;
તેને ખમી શકે નહીં હરિ રે, માટે ભક્ત ન દુઃખવશો જરી રે...૨૧૦

આ વાત શ્રીહરિએ અતિ કરુણા કરીને સ્વામીને કહેલી. તેથી

સ્વામી કહેતાં કે, જીવનમાં ક્યારેય નાના-મોટા કોઈ પણ સંતો દુઃખાય એવું કામ ન કરવું. અને 'સત્પુરુષ ઉપર હેત હોય તે આપણને કેમ જણાય ?' તો શાંતાનંદસ્વામી ગોપાળનંદસ્વામી પાસે ખરડો લાવ્યા. તે વારે વારે સ્વામીએ ખોટો કરી નાખ્યો ને સભામાં વઢ્યા તથા અપમાન કર્યું; તોપણ શાંતાનંદસ્વામી મૂંઝાણા નહિ, દુઃખ લગાડ્યું નહીં.

ત્યારે ગોપાળાનંદસ્વામી કહે, 'હવે હેત થયું.' તેમ મોટા ઉપર હેત હોય તો ખમાય ને પ્રકૃતિ ટળે. વાસના, સ્વભાવ તથા માન ટળે. માટે અપમાન સહન કરીને તથા નિયમનો ભીડો અને અગવડતા વેઠીને પણ મોટા સંતનો સમાગમ કરવો. એમાં ખૂબ ફાયદો થાય છે. **મોટાના રાજીપાથી તો જેવો તેવો જીવ હોય તે પણ બળિયો થઈ જાય ને તત્કાળ મહા સુખ પામે છે.** આ સ્વામીના અનુભવની વાત છે.

જેને ભગવાન જ પ્રધાન હોય ને અખંડ ભગવાન સાંભરતા હોય તેવા સાધુના સંકલ્પે ઉપર કહ્યા તે બધા ફાયદા મળે. અને **આવા મહાન સંત કોઈ બીજા પાસે કહે જે, 'આ સાધુ બહુ જ સારો છે તથા આ હરિભક્ત બહુ સારો છે.' એમ રાજી થાય તો તેનો જીવ બહુ રૂડો થઈ જાય.** માટે મોટા પાછળથી વખાણે એવું જીવન જીવવું. કેમ જે, તેને સાચો રાજીપો કહેવાય છે.

મોટા સાધુને એમ થાય કે, 'આ સાધુ કે આ હરિભક્ત સારો નથી.' તો તેનો જીવ દિવસે દિવસે ઊતરી જાય છે, અર્થાત્ તેનાં તમામ સુકૃત ધોવાઈ જાય છે. માટે હંમેશાં મોટાના દિલમાં એમ થાય કે, 'આ સંત-ભક્ત બહુ સારા છે.' એવું આપણે વર્તન તથા સમજણ રાખવાં તો સત્સંગમાંથી ખૂબ ફાયદો થશે. અને મોટાના હૃદયમાં એમ થઈ ગયું કે, 'આ ઠીક નથી.' તો બહુ જ નુકશાન જાય છે. મહારાજ અને મોટા સંતોએ તો આ સત્સંગમાં અનેકને આશીર્વાદ આપીને સુખી કર્યા છે. અને ચોખ્ખી વાત કરવા છતાં ન માન્યું હોય તો તેને શાપ પણ આપ્યા છે. પછી તેને બધું ભોગવવું પડ્યું છે.

આ સત્સંગમાં મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, દાદા ખાચર, પર્વતભાઈ, મોટીબા તથા લાડુબા જેવાં ભક્તો પણ હોય અને શ્રીહરિના શબ્દમાં કહીએ તો કાળનેમી, રાહુ ને રાવણ જેવા પણ હોય. જેવા કે, રઘુનાથદાસ, રોળાનંદ અને નિર્વિકલ્પાનંદ શ્રીહરિના સમકાલિન જ હતા, સત્સંગમાં જ હતા અને સાધુ હતા. અને આજેય આ સત્સંગમાં એવા હોય જ. એવાના સંગે કરીને કે તેની વાત સાંભળીને સાચા શુદ્ધ સંત કે સત્સંગીની નિંદા-ટીકા કરવી નહિ, દુઃખવવા નહિ. મોટાનું દિલ દુઃખાય એવું કાંઈ પણ કરવું નહીં. જેમ તેઓ રાજી થાય એવું જ તાન રાખવું અને એવું જ કાર્ય કરવું.

શુકસ્વામીએ પોતાની વાત કરી જે, **"મને મહારાજે વાત કરી હતી જે, મોટા વાંસેથી વખાણે તેમ મોટા સાથે હેત રાખવું તથા ભગવાન સંભારતા હોય તેવા સાધુનો પક્ષ રાખવો તથા તેને કોઈ દિવસ દુઃખવવા નહીં."** એવી રીતની કેટલીક વાત કરી હતી.

(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૬૫)

દોહા : **આવી વાતો શુકમુનિને, શ્રીહરિ કરતા નીત;**
એવી શુકાનંદ ઉપરે, શ્રીહરિને હતી પ્રીત...૨૧૧
આવી પ્રીતિ પ્રાપ્ત કરવા, મથીએ કોટિ જનમ;
તોય તે રાજીપો મળવો, જાણજો ઘણો અગમ...૨૧૨

શ્રીહરિ ધામમાં ગયા પછી પણ સ્વામી ચાર દાયકા પૃથ્વી પર રહ્યા. એટલે નવી પેઢીના સંતો-ભક્તોને પણ સ્વામી મહારાજની સાંભળેલી આવી વાતોની લહાણી કરાવતા હતા. સ્વામી થકી સહુ સંતો-ભક્તોને ખૂબ આનંદ આવતો હતો, પ્રેરણા મળતી હતી અને સાચું જીવન જીવવાનો રાહ મળતો હતો.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં સ્વામીએ 'મોટા પાછળથી વખાણે એવું હેત રાખવું એ વાત કહી' એ નામે બેતાલીશમો અધ્યાય થયો. ॥૪૨॥

અધ્યાય-૪૩

શિષ્યના કર્તવ્યની વાત

હવેનો પ્રસંગ શિષ્યોને ખાસ સમજવા જેવો છે. હક અને ફરજ આ બંને એક સિક્કાની બે બાજુ જેવા છે. મોટા ભાગના લોકો હકનો દાવો કરે છે, પરંતુ મારી ફરજ શું છે? મારો શિષ્ય તરીકેનો ધર્મ શું કહેવાય? તે સમજતા નથી. તેથી રાજીપાને બદલે કુરાજીપાના ભોગ બને છે.

એકવાર શુકસ્વામી બાબરિયાવાડમાં વાંગધ્રા ગામમાં પધાર્યા હતા. સાથે સંતમંડળ હતું. આ ગામના આહીર આના ભક્ત સ્વામી આવ્યા તેથી બહુ રાજી થયા. અને તે કહે, "હે સ્વામી ! તમે મહારાજના હજૂરી સંત છો. અને અમારે આંગણે પધાર્યા એટલે અમને બહુ આનંદ થયો. હમણાં અહીં રોકાઈ જાઓ, અમને દર્શન તથા કથા-વાર્તાનું સુખ આપો. અમે તમને દૂધે નવરાવશું !" ત્યારે સ્વામી કહે, "આના ભક્ત, સમૈયો નજીક આવ્યો છે, તે વડતાલ જાવું પડશે."

ત્યારે આના ભક્ત કહે, "સ્વામી ! ત્યાં તો તમે રહો જ છો, પણ અમારે ઘેર ફરીને ક્યારે પધારો ?! માટે હમણાં રોકાઓ તો સારું." તેમનો ભાવ જોઈને સ્વામીએ રહેવાની ઈચ્છા દર્શાવી, પરંતુ સાથે તેમના શિષ્ય હતા તેઓ કહે, "ગમે તેમ કરો, છતાં અમે રોકાશું નહીં. શું અમે વડતાલ સમૈયે ગયા વિના રહેશું ??" આમ, ભક્તોની હાજરીમાં જ તેઓ સાંભળે એમ પોતાના ગુરુને બોલી ગયા.

ચોપાઈ :

ચેલા અતિશે જ્યારે વિફરે રે, ત્યારે આવી જ ભાષા વાપરે રે;
તેને મોટા સાધુ કરે છે સહન રે, પણ શ્રીહરિ કરે છે વિઘન રે...૨૧૩

મોટા સંતનું ધાર્યું કરે હરિ રે, ધાર્યું બીજાનું થાય નહિ જરી રે;
જેને રાજીપાનું નહિ તાન રે, તેને નો'ય વિવેક કે ભાન રે...૨૧૪

જેહ સાધુ મનમુખી થાય રે, તે તો પાછળથી પસ્તાય રે;
માટે સમજુ સમજજો શાને રે, રહેજો મરજીમાં સાવધાને રે...૨૧૫

હરિભક્તોને શ્રીહરિની સાથે રહેલા શુકમુનિ જેવા સંતનો પારાવાર મહિમા હતો, પરંતુ તેમની સાથે રહેલા શિષ્ય સાધુઓને સ્વામી કરતાં સમૈયાનો મહિમા વધુ હતો. હરિભક્તોને સ્વામીની મરજીમાં રહેવું ગમે છે, ત્યારે શિષ્યોને ગુરુની મરજીમાં રહેવું ગમતું નથી. હરિભક્તોની હાજરીમાં સાધુઓ આવું બોલી ગયા. તે સાધુની પોતાના ગુરુ પ્રત્યેની આવી મનસ્વી અને ઉદ્ધત વાણી સાંભળીને આના ભગત સમજી ગયા. તે કહે, “સારું સંતો, ઉતાવળ હોય તો જાઓ. આ તો મારો ભાવ હતો એટલે મેં કહ્યું.”

દોહા : **સાધુ જ્યારે સમજ્યા નહિ, સમજ્યો એક ભગત;**
મોટા સંતનું મનાય નહિ, એ જ સત્સંગમાં જગત...૨૧૬

આ સત્સંગમાં રહેતા હોઈએ પણ મોટા સંતનું ન મનાય તેટલો સત્સંગમાં કુસંગ કહેવાય, સંસાર કહેવાય. પછી શુકમુનિ સંતમંડળ સાથે ત્યાંથી નીકળ્યા ને સેંજળ પધાર્યા. ત્યારે ત્યાંના દરબાર માણસિયા ખુમાણ બહુ સારા ભગત હતા. દસમો ભાગ ચોખ્ખો કાઢતા હતા અને પોતાના ગામમાં પણ જે ધર્માદો કાઢે તેને જ રાખતા, એવા પોતે આત્મનિવેદી હતા. તેમનો યુવાન દીકરો દેહ મૂકી ગયો, છતાં શોક કર્યો નહીં; એવા બળિયા તથા નિષ્ઠાવાન ભક્ત હતા. શુકસ્વામી પધાર્યા તેથી તેઓ બહુ રાજી થયા. અતિ ભાવથી સ્વામી તથા સંતોને રસોઈ કરી જમાડ્યા.

પછી માણસિયા ખુમાણે સ્વામીને એક રાત રોકાવાનો આગ્રહ કર્યો. સ્વામીને વડતાલ જવું હતું છતાં પરિસ્થિતિ જોઈને હા કહી. ત્યારે હરિસ્વરૂપદાસે કહ્યું કે, “સ્વામી ! વચ્ચે દિવસો ભાંગશો, તો ટાઈમે સમૈયા ઉપર પહોંચાશે નહીં, માટે રોકાવું નથી.” એમ તેણે આગ્રહ કર્યો એટલે સ્વામી ત્યાંથી ચાલ્યા. દરબારો પણ સહુ સંતોને વળાવીને પાછા વળ્યા. એક ગાઉ સંતો પહોંચ્યા ત્યાં વચ્ચે ગાડી ભાંગી ને સહુ હેરાન થયા.

દોહા : **શુકસ્વામી કહે સંતને, માણસિયો ભક્તરાજ;**
તેનું તમે માન્યા જ નહિ, તેથી ફળ પામ્યા આજ...૨૧૭
માણસિયા જેવા ભક્તને, રાજી કરીએ નિદાન;
આખા ઉત્સવનું ફળ તો, તર્ત આપે ભગવાન...૨૧૮

શુકસ્વામી કેવા દયાળુ અને સરળ સંત છે ? પોતે પોતાનું નથી કહેતા કે 'હું તમારો ગુરુ છું, છતાં તમે ન માન્યા એટલે હેરાન થાઓ છો.' પરંતુ માણસિયા ભક્તને બિરદાવતા કહે, 'તે બહુ સારા ભક્ત હતા. આપણે તેનું ન માન્યા એટલે આ ફળ પામ્યા છીએ.' સ્વામીને 'હું ગુરુ છું.' એવું રંચ પણ અહં નથી. સ્વામીનું જીવન ઠેરાવ રહિત સંપૂર્ણ અહંશૂન્ય છે. પરંતુ સાથે રહેનારા શિષ્યો મોટાની મરજી ન સમજ્યા, તો કેવું વિચિત્ર ફળ આવ્યું ? તે જાણવા જેવું છે. સ્વામી કહે, "આ ભક્તને રાજી કર્યા હોત તો મહારાજ આખા સમૈયાનું ફળ આપત. કેમ જે,

દોહા : **ભગવાન ભક્તાધિન છે, ભક્તવત્સલ સુખધામ;**
ભક્તખુશીમાં પોતાની, ખુશી માને ઘનશ્યામ...૨૧૯
પ્રથમ રીઝવો ભક્તને, તો જ ખુશ થશે રાજ;
ભક્તજનને દુઃખવતાં, હરિ થાય જ નારાજ...૨૨૦
ખોટા આગ્રહ મૂકવા, હઠાગ્રહ ને દુરાગ્રહ;
તો જ હરિ હરિજન કરશે, અતિ રૂડો અનુગ્રહ...૨૨૧
રાજીપો કમાયા કરો, સંત-ભક્તનો જરૂર;
તો જ શ્રીહરિ કૃપા કરી, રાખશે નિજ હજૂર...૨૨૨
આ વાત રહસ્યરૂપ છે, સારનોય છે એ સાર;
સમજી વર્તશો આમ તો, સહજ ઊતરશો પાર...૨૨૩
સમજ્યા વિનાનું જીવવું, ભલે જીવો વર્ષ હજાર;
સમજી જીવો એક દી તો, એકે જ બેડો પાર...૨૨૪

જેમ રામ ભટ્ટ જેવા સમજણા ગૃહસ્થ ભક્ત બહુ ઓછા હોય છે, એમ સમજણા સાધુઓ પણ બહુ ઓછા હોય છે. આપણે કેવા છીએ? તે તપાસવું. અને શ્રીહરિ તથા સંતોના વિશ્વાસપાત્ર તેમજ કૃપાપાત્ર બનાય એવું જીવન જીવવું તો સહેજે બેડો પાર થશે.

(સંદર્ભ : હરિપ્રિય.ચોપડો)

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં સ્વામીએ 'શિષ્યના કર્તવ્યની વાત તથા ભગવાનને રાજી કરવા ભગવાનના ભક્તને રાજી કરવાની વાત કહી' એ નામે તેંતાલીશમો અધ્યાય થયો. ॥૪૩॥

અધ્યાય-૪૪

મોટા કૃપાદષ્ટિ કરે તેમ કરવું અને અભાવ–અવગુણને માર્ગે કદી ન જાવું.

શ્રીહરિચરિત્રમ્ ગ્રંથના ૮૫માં અધ્યાયમાં અખંડાનંદસ્વામીએ તથા હ.ચ.ચિં.૩/૬૬માં બહુ સરસ લખ્યું છે. આપણે વાંચીએ અને વિચારીએ. એકવાર વડતાલમાં સભામાં શુકસ્વામી ખુરશી ઉપર બેઠા હતા અને સ્વામી સત્સંગના મહિમાની વાતો કરતા હતા. તે સાંભળી નાજા જોગિયા કહે, "આવા સર્વોપરી ભગવાન મળ્યા, આવો અલૌકિક સત્સંગ મળ્યો, તે મહાભાગ્યની વાત છે. દેવો પણ આ સત્સંગને ઈચ્છે છે; પરંતુ આવો સત્સંગ મળ્યા છતાં જીવ પાછો કેમ પડી જાય છે ?"

ચોપાઈ : **નાજો ભક્ત પ્રીતે કહે એમ, સત્સંગમાંથી પાછો પડે છે કેમ;**
પછી શુકમુનિ બોલ્યા એહ, સંત-ભક્ત સાંભળતા તેહ.
મોટા પુરુષનો અવગુણ આવે, તેને પાપે પાછો પડી જાવે;
મોટા પુરુષનો અવગુણ એહ, કરે અતિશે અવળું જ તેહ.

તનથી, મનથી કે ધનથી ગમે તેટલી સેવા કરી હોય, મોટા ઉત્સવ કરાવ્યા હોય, છતાં જો મોટા પુરુષનો અવગુણ આવે તો એ

જીવનું અતિ ભૂંડું થાય છે. મોટા સંતો-ભક્તોના અવગુણ લેવાથી જે અંતરમાં પીડાતા હોય તેને આ વાત તરત સમજાય. આવા જે ભક્તો હોય તે **પ્રથમ તો મહારાજ અને મોટા સંતનો મહિમા કહેતા હોય; ગુણ ગાતા હોય; તેમની વિશેષતાઓને વાગોળતા હોય; ખૂબીઓ ખોળતા હોય; પરંતુ જ્યારે અભાવ-અવગુણ આવે એટલે તેનું અંતર કાળું ઠીકરા જેવું થઈ જાય. પછી તેની વાણી અને વર્તન ફરી જાય. એટલે તે મનધાર્યું કરવા લાગે છે. કારણ કે, પોતે પોતામાં બહુ શ્રેષ્ઠતા માની લીધી હોય છે.**

શ્રીહરિએ સ્વપ્નમાં દર્શન દીધાં હોય, એકાદ પરચો આપ્યો હોય, સારા વિચારો આપ્યા હોય, થોડું ભણ્યા હોય, થોડું ગોખ્યું હોય, થોડું ગાતા વગાડતા આવડતું હોય, થોડું વ્યાવહારિક જ્ઞાન હોય આવી ભૌતિક કળા-કુશળતાને કારણે પણ તેને મોટા સંતો-ભક્તો ગૌણ થઈ જાય છે અને પોતાના અહંની ગાંઠ બંધાઈ જાય છે. અથવા તો જેણે ઘણી સેવા, ભજન, તપ અને વ્રત કર્યાં હોય; સત્સંગ માટે ઘણું ઘસાયા હોય અને સત્સંગમાં જૂના થઈ ગયા હોય; તેને પછી 'હું જ આવી સેવા કે વ્રત-તપ કરી શકું છું.' એવી મનમાં ગાંઠ બંધાઈ જાય છે. એ ગાંઠ જીવનું બહુ જ બગાડે છે. માટે મુમુક્ષુઓએ સતત સાવધાન રહેવું જોઈએ, નહિ તો માઠી દશા થાય. **પોતામાં શ્રેષ્ઠતા મનાય અને બીજા નાના લાગે, બીજાનો અવગુણ આવે એ જ અસદ્‌વાસના છે. સહુના ગુણ આવે, સહુ પોતાથી શ્રેષ્ઠ મનાય એ જ સદ્‌વાસના છે.**

માટે આગળ વધવું હોય તો કોઈનો અવગુણ ન લેવો; સહુના ગુણ લેવા, સહુનો મહિમા રાખવો. **ભગવાનના જે પરમ એકાંતિક સાધુ હોય તે જો અતિ મલિન જીવની ઉપર કૃપાદૃષ્ટિ કરે તો તે અતિ શુદ્ધ થાય, તથા ધર્માદિક રૂડા ગુણે યુક્ત થઈને મોક્ષને પામી જાય છે.** દત્તાત્રેય ભગવાને પીંગળા ઉપર કૃપાદૃષ્ટિ કરી તો તે શુદ્ધ થઈ ગઈ હતી.

મોટા સંતની કૃપાથી થોડાકમાં ઘણું મોટું કામ થઈ જાય છે. માટે આગળ વધવું હોય તો સહુના ગુણ લેવા; સહુને મોટા માનવા; પરસ્પર દિવ્યભાવ અને સંપ રાખવો; ખોટો હઠાગ્રહ, વટ અને મનનું ધાર્યું મૂકી દેવું; વાણી, વર્તન નિર્મળ રાખવા, મોટાનો મહિમા અખંડ રાખવો, કોઈ વાતે કોઈ પ્રસંગે ક્યારેય મોળો પડવા દેવો નહિ. તો મહારાજ અને મોટા સંતો રાજી થશે. જે એમ ન કરે અને પોતાની શ્રેષ્ઠતાના અહંમાં મોટા સંત કુરાજી થાય એવું કરે તો શું થાય ? તો તે સમજાવતાં સ્વામી કહે છે જે, પરમ એકાંતિક સાધુની જેના ઉપર કરડી દૃષ્ટિ થાય તેનું અંતઃકરણ અતિશે મલિન અને દોષે યુક્ત થઈ જાય છે ને તે મોક્ષના માર્ગ થકી પડી જાય છે. ને **એવા પરમ એકાંતિક સાધુ હોય તેને કોઈ મલિનનો દોષ લાગે નહિ. કારણ કે, એને તો વડવાનળ અગ્નિ તુલ્ય કહ્યા છે.** માટે તેનો વાદ ન લેવો. આપણે તેમના જીવનમાંથી જે પ્રાપ્ત કરવાનું હોય તે પ્રાપ્ત કરવું.

મોટા સંત મોક્ષના દાતા છે. આપણે મોક્ષના દાતા ન થવું, પણ મોક્ષના ભીખારી રહેવું. મોટા સાધુનું સ્થાન આપણે ન લેવું. હજુ આપણો મોક્ષ થયો ન હોય, મહારાજ વિના અનેક સંકલ્પ થતા હોય, દોષો ટળ્યા ન હોય, ત્યાં મોક્ષના દાતા બની જઈએ તો ભૂંડું થાય. કેમ જે, સાધનદશાવાળાને તો મલિનનો સંગદોષ લાગે છે. કાળાતળાવવાળા સુતાર રવજીભાઈએ ઢૂંઢિયા સાથે સંવાદ કરીને તેના અંતઃકરણમાં પ્રવેશ કરીને જોયું, એટલે પોતે મલિન થઈ ગયા ને સમાધિ ટળી ગઈ. પછી ભગવાન સાંભરે એવી સ્થિતિ પણ રહી નહોતી.

દોહા : **સાચી વાર્તાને સમજવી, વર્તવું અતિ સાવધાન;**
મોટાને નાના ન જાણવા, નાના ને નહિ મહાન...૨૨૫
તેનો કુરાજીપો ન લેવો, લેવો નહિ તેનો વાદ;
જેમ ચકલી મરે ઢેફલે, એમ થવાય બરબાદ...૨૨૬

'જેમ ચકલીનું મોત ઢેફે' તેમ આપણે મોટા સંતનું જરાક વાંકું બોલીએ, થોડોક અવગુણ લઈએ, અવળા વિચારો કરીએ ત્યાં આપણા ભજન, ભક્તિ, વ્રત, તપ અને સેવાદિક બધું બળીને સાફ થઈ જાય છે. જેને સહેજ પણ સંતો-ભક્તો પ્રત્યે ગૌણભાવ થાય, તે અંતર તપાસીને જુવે તો ખ્યાલ આવે. પછી સરખી માનસીપૂજા પણ ન થાય, ધ્યાન-ભજનનું સુખ ન આવે. માટે શ્રીહરિએ વચનામૃતમાં જેની **૧૮૮ વાર** ના પાડી છે, એવો અભાવ-અવગુણ લેવાનો ધંધો આપણે ન કરવો. એ માર્ગે ન જવું, એમાં જ આપણું ભલું છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'મોટા કૃપાદૃષ્ટિ કરે તેમ કરવું અને અભાવ-અવગુણના માર્ગે કદી ન જાવું એ વાત કહી' એ નામે ચુંમાળીશમો અધ્યાય થયો. ॥૪૪॥

અધ્યાય-૪૫

શુકમુનિના મનસૂબા

સ્વામીના જીવનની હવેની વાત આપણા સહુના માટે અતિ ઉપયોગી અને સમજવા જેવી છે. આપણા અંતરમાં રોમાંચ જગાવે એવી છે.

દોહા : **મનસૂબા શુકાનંદના, હરિએ પૂર્યા બધાય;**
એ વાતને સહુ દિલમાં, સમજી રાખો સદાય...૨૨૭
વાતો ઝીણી સમજણની, શુકસ્વામી કરનાર;
જે આ વાત હૈયે ધરે, નિર્વિઘ્ન ઊતરે પાર...૨૨૮

એકવાર શુકમુનિ વચનામૃતની કથા વાંચતા હતા. આ પ્રસંગે તેમણે પોતાના ત્રણ મનસૂબાની વાત કરી જે, "મને ત્રણ મનસૂબા હતા; તેમાં બે મહારાજે પૂરા કર્યા અને એક બાકી છે; તે મહારાજ પૂરો કરે તો સારું. તે મનસૂબા શું ? તો (૧) મહારાજ ડભાણના બ્રાહ્મણ પાસે કથા કરાવતા, ત્યારે મહારાજ બ્રાહ્મણને પૂછે ને વાત

કરે. ને તે બ્રાહ્મણ મહારાજને પૂછે, ત્યારે મહારાજ તેના ઉપર વાત કરે. તેને જોઈને મને એમ મનસૂબો થયો જે, ‘મહારાજની આગળ હું પણ કથા કરું ને આમની જેમ હું પણ પૂછું ને મહારાજ મને ઉત્તર આપે. આમ, ભગવાનને રાજી કર્યા હોય તો સારું.’

પછી મહારાજે આ લોકમાં જે કામ સારુ આવ્યા તે કામની સર્વે વાત મને કહી. ને મેં મહારાજને સંપ્રદાય પ્રવર્તાવ્યાની રીતિ પૂછી તથા બહુ ઝાઝા જીવ કલ્યાણને માર્ગે ચાલે તથા થોડે દાખડે બહુ જીવ અક્ષરધામને પામે તેની રીતિ પૂછી તથા ગ્રંથ કર્યાની રીતિ પૂછી, ત્યારે તે સર્વે વાત મને કહી. વળી મહારાજે અનેક પ્રકારનાં પ્રકરણ ફેરવ્યાં તેના ખરડા મારી પાસે લખાવ્યા. આમ, મહારાજે મારો પહેલો મનોરથ બહુ પ્રકારે સારી પેઠે પૂરો કર્યો.

(૨) અને મુક્તાનંદસ્વામી આદિક સાધુને જોઈને બીજો મનસૂબો એ હતો જે, ‘હું પણ સાધુ થાઉં તો બહુ સારું. કેમ જે, મોટા સંતોની પ્રસાદી તથા રાજીપો મળે.’ તેથી મહારાજે મને સાધુ કર્યો. ને મુક્તાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી આદિક સર્વે સંતો મારી ઉપર બહુ રાજી થયા. એમ બીજો મનસૂબો મહારાજે પૂરો કર્યો.

(૩) હવે ત્રીજો મનસૂબો બાકી રહ્યો તે મહારાજ પૂરો કરે તો બહુ સારું. તે શું ? તો ‘દેહ મૂકવા સમયે **એક વર્ષ કે છ મહિના** સુધી સારી પેઠે મંદવાડ આવે તો બહુ સારું.’ તે શા સારુ ? જે મંદવાડે કરીને જીવ નિર્વાસનિક થાય છે, તેવો બીજે સાધને કરીને નથી થાતો. તે મંદવાડે કરીને ત્રણ ખોટ ટળે છે, તે કહીએ છીએ જે : **૧. વિષયમાં રાગ ટળે ૨. દેહમાં આસક્તિ ન રહે** ને **૩. શુભવાસના પણ ન રહે;** એ ત્રણેય મંદવાડે કરીને નાશ પામે છે.

તેમાં મંદવાડે કરીને પહેલાં વિષયમાંથી આસક્તિ ટળે છે. તેની વિગત કહીએ છીએ જે, **‘આ સારા સારા સાધુ કોઈ વિષયને ગ્રહણ**

કરતા જ નથી, ને સારું મિષ્ટાન્ન ભોજન જમતા જ નથી; તોય પણ જમવાનું સારું ભોજન હોય તો બે-ચાર ગ્રાસ વધુ જમાય ખરું !! ને તાવ આવ્યો હોય તો અન્નનું નામ લે ત્યાં ઊલટી થાય. ને જ્યારે મને તાવ આવે ત્યારે અડધો શેર કે પાશેર અન્ન જમાય ખરું !! ને હમણાં મંદવાડ આવ્યો, તે અન્ન તો દીઠું જ ગમે નહીં. ને કોઈ પદાર્થ સારું લાગે જ નહીં. ને મહારાજના થાળની પ્રસાદી લેવાનો મનસૂબો પણ થાય નહીં; એક ભાતનો દાણો જ લેવાય. આવી અરુચિ મંદવાડે કરીને થાય છે." એવી રીતે મંદવાડથી વિષય જીત્યાની વાત કહી.

હવે દેહમાંથી આસક્તિ મંદવાડે કરીને ટળી જાય છે, તે સ્વામી કહે છે : **"મુક્તાનંદસ્વામી આદિક મોટા મોટા સાધુને કોઈ વાસના નથી; પણ લગારેક દેહમાં હેત છે, તે મંદવાડે કરીને ટળી જાય છે.** તે જોતાં એમ થાય છે જે, સર્વેને દેહમાંથી હેત તો ભારે મંદવાડે કરીને તૂટે છે. કેમ જે, મંદવાડે કરીને દેહ ગંધાઈ ઊઠે; ને મળમૂત્ર, તેણે કરીને સામુ જોવાય નહીં; ને દિશાએ વારે વારે જાવું પડે; ને ઊલટી થાય; ને શૂળ આવે; ને તે મંદવાડે કરીને બહુ દુઃખ થાય; ત્યારે એમ થાય જે, આ પાપરૂપ દેહ પડે તો બહુ સારું થાય. આમ, દેહમાંથી આસક્તિ ટળી જાય છે. અને શુભવાસના તે પણ મંદવાડે કરીને ટળે છે. માટે મંદવાડ આવે તો સારું.

હવે **શુભવાસના કેમ ટળે ? તે કહીએ છીએ, તેને તમે સાંભળો જે, મુકતાનંદસ્વામીને શુભ વાસના હતી, તે ક્ષયરોગ થયો તોપણ દેહ રહ્યો."** શુકમુનિ નાના સંત છે, છતાં સહુને પ્રેરણા મળે એટલે નિખાલસ હૃદયે વાસ્તવિકતાને લખી છે. માટે આપણે પણ આ વાતને સવળી સ્વીકારવી. સ્વામી કહે, "એમને એવી શુભવાસના હતી જે, 'મહારાજ આ લોકમાં રહે ત્યાં લગી મારો દેહ રહે તો સારું. કેમ જે, મહારાજનાં સર્વે ચરિત્ર જોયામાં આવે.' એવી તેમને વાસના હતી, તે

સારું મહારાજે દેહ રાખ્યો. નહીંતર ક્ષયરોગવાળાનો દેહ રહે નહીં ને ક્ષયરોગ થયા પછી આઠ વર્ષ સુધી સ્વામીનો દેહ રહ્યો, તે શુભવાસનાને બળે કરીને રહ્યો."

ઈચ્છારામભાઈ, કરિયાણાના મીણબા, વ્યાપકાનંદસ્વામી, સ્વરૂપાનંદ સ્વામી, રામદાસભાઈ વગેરે સંતોને આવી કોઈ પણ ઈચ્છા ન હતી. તેથી શ્રીહરિએ પોતાની હયાતિમાં જ તેમને પોતાનું ધામ આપ્યું. અને મુક્તાનંદસ્વામીને મહારાજનાં સર્વે ચરિત્રો જોવાની ઈચ્છા હતી એટલે મહારાજે તેમને રાખ્યા.

"અને વળી સ્વામીની બીજી વાત કરીએ છીએ જે, **મુક્તાનંદ સ્વામીને દેહ મૂકવા આડા ત્રણ દિવસ રહ્યા હતા ત્યારે કહે જે, 'મંદવાડ કશો નથી, તે હવે તો સાજા થયા; તે ગાડીમાં બેસીને દેશમાં ફરશું ને મોટાં મોટાં શહેરોમાં વાતુ કરશું. ને આચાર્યજી મહારાજની પધરામણી કરાવશું ને ઉદ્ધવ સંપ્રદાયની પ્રતિષ્ઠા કરશું."**

શ્રીહરિનાં ચરિત્રો જોવાની ઈચ્છા હતી. એ સંકલ્પ તો મહારાજે પૂરો કર્યો, પરંતુ સ્વામીની ઈચ્છા પૂર્ણ ન થઈ. કેમ જે, ઈચ્છાનો અંત નથી. માટે જેને મોક્ષ પામવો હોય તેને પોતાની ઈચ્છા પૂરી કરવા ન રહેવાય, જીવનું પૂરું કરાય. મુક્તાનંદસ્વામી જેવા સંતમાં આ દોષ હોય નહિ, પરંતુ આપણને શીખવાડવા તેમણે આવું ચરિત્ર કર્યું અને શુકમુનિએ લખ્યું કે, 'શુભ વાસના પણ અંતકાળે નડે છે. અને જો બળવાન રાગ હોય તો તે પૂરો કરવા બીજો જન્મ પણ લેવો પડે છે.'

ધન્યવાદ તો શિવલાલ શેઠને છે કે, ભાયાત્માનંદસ્વામીને સેવીને રાજી કર્યા ને આયુષ્ય બાકી હતું છતાં ધામમાં લઈ જવાનું વરદાન મેળવી માત્ર ૩૩ વર્ષની નાની ઉંમરમાં જ શ્રીહરિના ધામને પામી ગયા. માટે જેને આ જન્મે જ પૂરું કરવું હોય, પ્રભુપ્રાપ્તિની ભૂખ હોય, મૂર્તિમાળે વિરામ કરવો હોય, તે આ વાત વાંચીને ચેતજો.

નિત્યાનંદસ્વામીને ખ્યાલ આવી ગયો કે 'હવે સ્વામીનો દેહ નહિ રહે; છતાં સ્વામીને ઇચ્છા ટળતી નથી.' તેથી નિત્યાનંદસ્વામીએ કહ્યું જે, "સ્વામી ! હું તમારો શિષ્ય છું. તે તમારે જે મનસૂબો હોય તે મને કહો. હું રાજી થઈને પૂરો કરીશ ને તમારો દેહ હવે નહિ રહે." ત્યારે મુક્તાનંદસ્વામીએ રાજી થઈને નિત્યાંદસ્વામીને માથે હાથ મેલીને સારી પેઠે વાંસો થાબડ્યો. પછી સ્વામીએ દેહ મૂક્યો. આમ વિષયમાં આસક્તિ, દેહમાં હેત અને શુભ વાસના તે મંદવાડે કરીને ટળે છે. શુકસ્વામીએ આ નજરે જોયેલું, તેથી સ્વામીને મનમાં ભય રહેલો. તેથી નિર્વાસનિક થવા માટે સ્વામી સદા સજાગ રહ્યા છે.

પછી કોઈ મુનિએ કહ્યું જે, "મોટાને મંદવાડ આવે એ તો ઠીક, પણ ગરીબને તો તત્કાળ દેહ પડી જાય તો ઠીક." ત્યારે શુક સ્વામીએ કહ્યું જે, **"કાંઈ જોઈએ જ નહિ, એવો વિચાર કરવો.** જેમ નિષ્કુળાનંદસ્વામીએ પોતાને કહ્યું જે, "પૂર્વને પાપે કરીને દુઃખી થા છો અને વળી ભગવાનના ભક્તના અવગુણ લઈશ તો ક્યારે છૂટકો થાશે ?" માટે આ મોટા સંતની વાત સાંભળીને આપણે સજાગ થવું. શુભાશુભ બંને પ્રકારના રાગનો ત્યાગ કરી અખંડ મૂર્તિમય બનવું.

(સંદર્ભ : શુકમુનિની વાતો-૭ થી ૯)

દોહા : **મોટ મોટાના દૃષ્ટાંતે, વાત કરી સારધાર;**
શુકમુનિ વિન આવી વાતો, બીજો કોણ કરનાર...૨૨૯

સાચી વાતો સુખભરી, સુણાવતા'તા સદાય;
આવી વાતો સાંભળતા, માંહિલો જાગી જાય...૨૩૦

હવે આવી કોણ કરે, કેથી આવું બોલાય;
અનુભવી આવા ઓલિયા, હવે ક્યાંથી ભળાય...૨૩૧

નિત નિત આવી વાતનું, દેતા હતા સદાવ્રત;
દા'ડા મહિના ને વરસો, ચાલ્યા ગયા તરત...૨૩૨

આવી રીતે સ્વામી જીવને જગાડે એવી તથા મૂર્તિમાં લગાડે એવી વાતો નિત્ય કરતા રહ્યા. અને શ્રીહરિ જેમના ઉપર અતિ રાજી હોય તેમના દાસના દાસ બનીને રહ્યા, ને એવી જ સમજણ સહુને આપી. અખંડ વૃત્તિ પણ મોટાની અનુવૃત્તિનો ભાગ હોવો જોઈએ; એવું પોતાના જીવન દ્વારા શીખવ્યું. સ્વતંત્ર કરેલું ભજન પણ ક્યારેક વિઘ્ન કરે છે. માટે સદા ભગવાન પ્રધાન હોય તેવા સંતપ્રધાન જ જીવન જીવવું, તો કોઈ વિઘ્ન ન આવે. માટે આ વાતને સમજીને જીવનમાં ઉતારીએ.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકમુનિના મનસૂબાની તથા ભગવાનને પામવાની સાવધાનીની વાત કહી' એ નામે પીસ્તાલીશમો અધ્યાય થયો. ॥૪૫॥

અધ્યાય-૪૬

શુકાનંદસ્વામીનું ટૂંકમાં જીવનદર્શન તથા અક્ષરવાસ

નિત્ય પ્રેમથી સહુના દિલમાં શ્રીહરિનો અને મોટા સંતોનો મહિમા વધારતા; મહારાજના સદ્‌ગુણો તથા તેમને ગમે એવું જીવન સહુને શીખવાડતા; સતત શ્રીહરિના કર્તૃત્વને સ્વીકારી, પોતે અકર્તા બની જીવન જીવતા; એવા શુકમુનિ હવે વૃદ્ધ થયા. શુકમુનિનો જન્મ **સં.૧૮૫૨માં** થયો. ૧૪ **વર્ષ** ઘરમાં રહ્યા. **સં.૧૮૬૭માં** ગઢપુરમાં બ્રહ્મચારી થયા. **૫ વર્ષ** ગોવિંદાનંદ બ્રહ્મચારી તરીકે રહી સહુની ખૂબ સેવા કરી. **સં.૧૮૭૨માં** ગઢપુરમાં સંતની દીક્ષા લઈ શુકાનંદસ્વામી થયા. ૧૪ વર્ષ સંતરૂપે અને ૫ વર્ષ બ્રહ્મચારી તરીકે. આમ, ત્યાગાશ્રમમાં **કુલ ૧૯ વર્ષ મહારાજ સાથે રહ્યા.**

જ્યારે મહારાજે સ્વધામગમનલીલા કરી ત્યારે સ્વામીની ઉંમર **૩૩ વર્ષની** હતી. અને મહારાજ ધામમાં ગયા બાદ **૩૯ વર્ષ** સુધી પૃથ્વી ઉપર રહ્યા; સહુને શ્રીહરિનો મહિમા સમજાવતા રહ્યા અને સત્સંગની તથા ઉપાસનાની દૃઢતા કરાવતા રહ્યા.

દોહા : **ઓગણ ચાલીસ વર્ષ સુધી, સહ્યો હરિનો વિયોગ;**
તોફાન સહ્યા આ લોકના, તનમાં રાખ્યો તો રોગ...૨૩૩

સં.૧૯૧૨માં સ્વામીએ પ્રભુને આર્તનાદે પોકાર કર્યો. મહારાજે દર્શન દીધાં ત્યારે પ્રાર્થના કરીને તાવ માગ્યો. પછી સ્વામીના તનમાં **૧૨ વર્ષ** સુધી તાવ રહ્યો હતો.

વૈરાગ્ય પૂર્ણ ને વિવેકી, નિર્વિઘ્ન રાખ્યું જીવન;
પ્રગટ પ્રભુના રહસ્યને, પ્રકાશતા કરી જતન...૨૩૪

સંતો પ્રત્યે સદ્ભાવના, રાખી હતી એકતાર;
કદી હરિ કે હરિજનનો, અભાવ ન લીધો લગાર...૨૩૫

વૃદ્ધ બીમાર અશક્તને, સેવ્યા રાખી આદર;
વિદ્યાર્થી આદિ સંતને, પાયા દૂધ સાકર...૨૩૬

સ્વામી નાના-મોટા તમામ સંતો-ભક્તોની સેવા કરતા. મમત્વ રાખી ઘરધણીની જેમ સહુની સારસંભાળ લેતા. સ્વામીએ જીવનમાં ક્યારેય કોઈનો પણ અભાવ લીધો નથી. કોઈ વૃદ્ધ હોય, બીમાર હોય, અશક્ત હોય કે ભણનારા સંતો હોય, તેને સ્વામી પ્રેમથી દૂધ-સાકર પાતા. વળી પાપડ, અથાણા વગેરે આદરથી આપતા-અપાવતા. આમ, સ્વામીએ જૂના-નવા સહુ સંતો-ભક્તોનાં દિલ જીતી લીધાં હતાં.

શુકાનંદસ્વામીને ગોવિંદાનંદસ્વામી, ધર્મપ્રસાદસ્વામી, નારાયણ-જીવનસ્વામી, હરિસ્વરૂપસ્વામી, હરિદાસસ્વામી, કૃષ્ણદાસસ્વામી, ગોવિંદચરણસ્વામી, ધર્મનંદનસ્વામી, પ્રભુચરણસ્વામી વગેરે **૨૨** જેટલા શિષ્ય સંતો હતા. તેમાં ઘણા વિદ્વાન સંતો હતા. અને ગૃહ-સ્થમાં પણ કેટલાક વિદ્વાનો સ્વામીના શિષ્યો હતા. તે પૈકીના પીજના ભોળાનાથ શાસ્ત્રી તો અતિ ઉત્તમ વિદ્વાન અને મહાન ભક્ત હતા. તેમણે **‘શ્રીહરિસંભવમહાકાવ્ય’** ઉપર ટીકા રચી સંપ્રદાયનું ઉત્તમ કામ કર્યું છે. આમ, શ્રીહરિની પ્રસન્નતા અર્થે **સ્વામી ૫૯ વર્ષ સુધી રાત્રી-**

દિવસ સત્સંગની સેવા કરતા રહ્યા.

શુકમુનિએ તાવ માગ્યો હતો એટલે છેલ્લા ચાર વર્ષ સુધી તો ઘણો વધારે તાવ રહ્યો. અને એમાંય છેલ્લા છ મહિનામાં તો તાવ અને ઝાડાનું અપાર દુઃખ રહ્યું હતું. પછી આ મંદવાડથી સ્વામી છેલ્લે અતિ કંટાળ્યા હતા અને સાધુ આગળ વાત કહેતા હતા કે,

દોહા : **મેં મહારાજની પાસે, માગ્યો હતો મંદવાડ;**
લાભ એમાં મેં જાણ્યો'તો, તે વાત છે જીવ જગાડ...૨૩૭

પણ સર્વથા સુખ તો રહે, રહીએ મરજીમાંય;
આપણે ઈચ્છા ન રાખવી, સુખ દુઃખની જરાય...૨૩૮

આવડે છે મહારાજને, ટાળતાં આપણી કસર;
હરિ મરજીમાં જ વહેવું, જાણી પ્રભુ પરાત્પર...૨૩૯

ડહાપણ કાંઈ ન ડોળવું, રે'વું જેમ રાખે તેમ;
ધ્યાન ભજન ને સેવામાં, રે'વું સદા હેમ ખેમ...૨૪૦

આવું કોઈ ન માગશો, કદિયે હરિની પાસ;
જેમ રાખે એમ જ રે'વું, એ ભૂલશો નહિ ખાસ...૨૪૧

સ્વામી બહુ નિર્મળ અને નિખાલસ હૃદયના સંત હતા. તેથી સર્વે સંતો-ભક્તોને પોતાનો અનુભવ નિખાલસપણે કહ્યો. અને ભલામણ કરતાં કહ્યું કે, "**કોઈ મહારાજ પાસે સામે ચાલીને તાવ કે દુઃખ માગતા નહીં. સુખ તો શ્રીહરિની મરજીમાં વહેવામાં જ છે. જેમ જળમાં પાંદડું વહે તેમ પ્રભુની ઈચ્છામાં આપણે વહેવું. મહારાજને આપણી તમામ કસર ટાળતાં સારી રીતે આવડે છે. તેઓ નિપૂણ સર્જન છે.** માટે આપણા દોષો કોઈ પણ રીતે ટાળી દેશે. તેની ચિંતા ન કરવી. અને મેં જેમ મહારાજ પાસે રોગ માગ્યો તેમ કોઈ પ્રભુ પાસે રોગ માગતા નહીં." એવી રીતે નિજ અનુભવ ઉપરથી નિખાલસપણે સહુને ભલામણ કરી હતી. આ પણ એમની અનુપમ મોટાઈ છે.

સં.૧૯૨૫ના માગસર વદ અમાસના રોજ **વડતાલ**માં સ્વામીને શ્રીહરિનાં દર્શન થયાં. તેથી સહુને કહે, **“આ શ્રીસ્વામિનારાયણ ભગવાન અનેક મુક્તો સાથે મને તેડવા આવ્યા છે.”** એમ કહી શ્રીહરિનાં દિવ્યરૂપે પ્રત્યક્ષ દર્શન કરી શ્રીહરિ અને અનંત મુક્તો સાથે વિમાનમાં બેસી સ્વતંત્રપણે ધામમાં સિધાવ્યા.

દોહા : **બોત્તેર વર્ષની ઉંમરે, કર્યો દેહનો ત્યાગ;**
દિવ્ય દેહે હરિ સેવામાં, સદા રહ્યા બડભાગ...૨૪૨
ઓગણીસો પચ્ચીસની, માગસર વદ અમાસ;
તે દી સ્વામી વડતાલથી, પામ્યા છે અક્ષરવાસ...૨૪૩

સત્સંગના સ્થંભ જેવા શુકાનંદસ્વામી ધામમાં ગયા, તેથી સહુને અતિશય દુઃખ થયું. શ્રીહરિના હાથસમા અને અનુભવના ખજાના જેવા સ્વામી ધામમાં ગયા, તેથી આચાર્યશ્રી પણ અતિ ઉદાસ થઈ ગયા. સર્વે સંતો રડી પડ્યા. સર્વે ગૃહસ્થ બાઈઓ-ભાઈઓ પણ અતિશય આંસુ પાડતા હતા. પછી મહારાજના પ્રતાપે સૌએ ધીરજ રાખી અને મોટા સંતોએ સ્વામી માટે સુંદર વિમાન તૈયાર કરાવ્યું.

દોહા : **મુનિની અંતિમ યાત્રામાં, સુંદર રચ્યું વિમાન;**
ઉત્સવ કરતા ચાલિયા, ગાતા કીર્તન ગાન...૨૪૪
જ્ઞાનબાગ પાસ લાવિયા, ભજન કરતા વિમાન;
અંતિમ સંસ્કાર મુનિનો, તે સ્થળે કર્યો નિદાન...૨૪૫
આજ તે સ્થળે શોભે છે, સ્મારક છત્રી સમાન;
સહુ ત્યાં વંદન કરે છે, જાણી તીર્થ મહાન...૨૪૬

હાલ વડતાલમાં જ્યાં જ્ઞાનબાગમાં જવાનો દરવાજો છે, તેની સામે સ્વામીનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તે સ્થળે સુંદર છત્રી બનાવી છે. સ્વામીની બાજુમાં જ વડતાલધામની વર્ષો સુધી અનુપમ સેવા કરનાર અને આચાર્યશ્રીની ત્રણ પેઢી સુધી સત્સંગમાં એકસૂત્રતા રાખનાર સુજ્ઞ

અને મહાન ભક્તરાજ કોઠારી ગોરધનભાઈનો અગ્નિસંસ્કાર કર્યો હતો. તેથી તેની પણ ત્યાં સુંદર છત્રી છે.

આમ, એક ભગવી છત્રી અને એક ધોળી છત્રી, આ બંને છત્રીઓ સહુને અનેક પ્રકારના સદ્‌ગુણો શીખવાની, સત્સંગમાં સંપ રાખવાની અને હળીમળીને રહેવાની શીખામણ આપતી આજે પણ મોજુદ છે. અનેક ભાવિક ભક્તો વડતાલ જાય ત્યારે આ છત્રીઓને વંદન કરી તેમાંથી પ્રેરણાના પિયુષ મેળવે છે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્‌ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'શુકાનંદસ્વામીનું ટૂંકમાં જીવનદર્શન તથા અક્ષરવાસ કહ્યો' એ નામે છેતાલીશમો અધ્યાય થયો. ॥૪૬॥

અધ્યાય-૪૭

સાહિત્ય સેવા, પરંપરા તથા ઉપસંહાર

દોહા : **સ્વામી શ્રીશુકાનંદની, સાહિત્ય સેવા સઘન;**
એનું વર્ણન હવે કરું છું, ભાવે હું જ્ઞાનજીવન...૨૪૭

શુકમુનિનો સાહિત્ય ક્ષેત્રે બહુ મોટો ફાળો છે. સ્વામીએ અનેક ગ્રંથો રચ્યા છે, અનેક ગ્રંથો ઉપર ટીકાઓ કરી છે, અનેક પત્રો લખ્યાં છે. જેમ કે, શુકમુનિએ **પાંચ ગ્રંથ સંસ્કૃતમાં** રચ્યાં છે. અને **ત્રણ ગ્રંથની સંસ્કૃતમાં ટીકા** કરી છે. તેમજ **સાત ગ્રંથની ગુજરાતીમાં ટીકા** કરી છે. અને **'શ્રીવાસુદેવવિમલામૃતધામ...'** એ સ્તોત્ર ઉપર **બે વાર સંસ્કૃતમાં ટીકા** કરેલી છે. જે અતિ અનુપમ અને જિજ્ઞાસુઓએ વાંચવા જેવી છે. એમાં પણ બીજીવાર સ્વામીએ ટીકા કરી છે તે તો મહારાજનો અતિશય મહિમા સમજાવનારી અને રહસ્યપૂર્ણ છે. વળી, સ્વામીનું એક કીર્તન પણ મળ્યું છે, જે નિર્મળ પ્રેમભાવથી ભરેલું છે. એ સિવાય **વચનામૃત, વેદરસ, દેશવિભાગનો લેખ, ખગોળ-ભૂગોળનો ખરડો** જેવા અનેક શ્રીહરિના લેખસંગ્રહોમાં **શુકમુનિ**નો

મોટો ફાળો છે. આ બધું અનુપમ સાહિત્ય આજ સત્સંગને માટે અનુભવી ભોમિયાની ગરજ સારે છે.

સ્વામીએ લખેલાં પુસ્તકોની નોંધ આ પ્રમાણે છે :

સંસ્કૃત ગ્રંથોમાં (૧) **બુદ્ધિપ્રદીપ :** સ્વામીએ આ ગ્રંથ સંસ્કૃતમાં રચ્યા બાદ તેનું ગુજરાતી પણ પોતે જ ખૂબ સરસ રીતે અને સરળ ભાષામાં કર્યું છે. (૨) **જ્ઞાનદીપ :** આ ગ્રંથમાં સ્વામીએ મહારાજનાં અસાધારણ તેર લક્ષણોની વિગત સહિત વાત કરી છે. આ ગ્રંથ નાનો છતાં અભ્યાસ કરવા જેવો છે. (૩) **પ્રાર્થનામાળા :** આ ગ્રંથમાં મહારાજને શું પ્રાર્થના કરવી ? તથા કેવી રીતે પ્રાર્થના કરવી ? વગેરે સુંદર વાતો લખી છે. અને તેનું ગુજરાતી પણ સ્વામીએ પોતે જ સહુ સંતો-ભક્તોની સુગમતા માટે કરેલું છે. (૪) **'લોકમંગલાખ્ય' નામે શ્રીહરિકૃષ્ણસહસ્રનામસ્તોત્ર** લખ્યું છે. જેમાં સર્વમંગલસ્તોત્રની જેમ જ શ્રીહરિકૃષ્ણ મહારાજનાં સ્થાન, ગુણો, ઐશ્વર્ય અને કાર્યને અનુરૂપ હજાર નામો લખ્યાં છે. વળી, (૫) **'વિશ્વમંગલઅષ્ટોત્તરશતનામસ્તોત્ર'** પણ સંસ્કૃતમાં લખ્યું છે. આ સ્તોત્રમાં જનમંગલસ્તોત્રની જેમ મહારાજના મુખ્ય મુખ્ય ગુણ, પ્રતાપ અને કાર્યને અનુરૂપ ૧૦૮ નામ લખેલાં છે. આ બંને સ્તોત્રોનો પાઠ જીવને અંતરમાં શાંતિ આપનારો અને દુઃખ ટાળનારો છે.

હવે સ્વામીશ્રીની કરેલી સંસ્કૃત ગ્રંથોની ટીકાઓનો નિર્દેશ કરું છું. યોગીરાજ ગોપાળાનંદસ્વામી તથા મુર્ધન્ય વિદ્વાન અને સર્વોપરી નિષ્ઠાવાન નિત્યાનંદસ્વામીની આજ્ઞાથી શુકમુનિએ આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજના નામે સંસ્કૃતમાં (૧) **હરિવાક્યસુધાસિંધુની 'સેતુમાળા' નામની ટીકા રચી છે.** આ ટીકા અતિ અનુપમ છે. અને અનેક જગ્યાએ વચનામૃતોનાં રહસ્યોને સમજાવનારી છે. વળી, (૨) **શિક્ષાપત્રીની 'અન્વયાર્થપ્રકાશિકા' નામની ટીકા કરી છે.** તે પણ રહસ્યપૂર્ણ છે.

અને (૩) **સત્સંગિજીવનની 'હેતુ' નામની ટીકા કરી છે.** તેની વિગત આપણે આગળ વાંચી ચૂક્યા છીએ.

હવે સ્વામીએ ગુજરાતી ભાષામાં જે સાહિત્યનું પ્રદાન કર્યું છે તે લખું છું. (૧) સ્વામીએ શ્રીમદ્‌ભાગવત ગ્રંથના 'દશમ સ્કંધ'નું ગુજરાતીમાં ભાષાંતર કર્યું છે. જે ભાગવતના રહસ્યને સમજવા માટે ખૂબ જ ઉપયોગી છે. (૨) શ્રીમદ્‌ભાગવત અંતર્ગત છઠ્ઠા સ્કંધમાં આવેલ 'નારાયણકવચ'નું પણ સ્વામીએ ગુજરાતીમાં ભાષાતંર કરેલું છે. (૩) તથા સત્સંગિજીવનના પ્રથમ પ્રકરણમાં આવેલ 'હરિગીતા' એટલે કે ઘનશ્યામ મહારાજે અયોધ્યામાં નાની ઉંમરમાં ભક્તિમાતાને અંતિમ અવસ્થામાં નોમની રાત્રીએ આપેલ ઉપદેશની ટીકા. (૪) દ્વિતીય પ્રકરણમાં ૫૧માં અધ્યાયમાં આવેલ ભક્તિનો મહિમા. આ અધ્યાયમાં સુરતના ભાલચંદ્ર શેઠને ઉદ્દેશીને શ્રીહરિએ અતિ ઉપયોગી વાતો કરેલી છે તેની ટીકા. (૫) તૃતીય પ્રકરણમાં આવેલ સત્સંગપ્રદીપ તથા (૬) ચતુર્થ પ્રકરણમાં આવેલું ત્યાગી સંતો માટે અતિ ઉપયોગી ધર્મામૃત; આ તમામ સત્સંગિજીવન ગ્રંથમાં રહેલા નાના ગ્રંથોની સ્વામીએ ગુજરાતી ભાષામાં સુંદર ટીકાઓ કરેલી છે. (૭) તેમજ ભાગવતના દશમસ્કંધમાં ઉત્તરાર્ધના ૮૯માં અધ્યાયમાં રહેલી 'વેદસ્તુતિ'ની પણ સ્વામીએ અતિ ગૂઢાર્થપૂર્ણ ગુજરાતીમાં ટીકા કરેલી છે.

આ રીતે સ્વામીનું સાહિત્યક્ષેત્રે અતિ ઉપયોગી અને બહુ મોટું પ્રદાન છે. સ્વામી ધામમાં ગયા છતાં પણ આ સાહિત્યરૂપે સદા સહુ સંતો-ભક્તોના અંતરમાં અમર બનીને રહ્યા છે.

શુકાનંદસ્વામીને **૨૨ શિષ્ય સંતો** હતા. તેની વિગત આપણે વાંચી ચૂક્યા છીએ. પરંતુ સ્વામીના ૨૨ સંતોમાંથી ધર્મપ્રસાદસ્વામીના શિષ્ય પુરાણી રૂગનાથચરણસ્વામી હતા. તેમના શિષ્ય ભક્તિવલ્લભસ્વામી હતા. તેમના શિષ્ય ભક્તિજીવનસ્વામી હતા. અને તેમના શિષ્ય લક્ષ્મણ-

ચૈતન્યસ્વામી અને પાર્ષદ ચંદુભગત આ બે હાલ વડતાલમાં છે. સ્વામીની પરંપરાના અન્ય કોઈ સંતો હાલ હોય તેવું જાણવા મળતું નથી.

હવે આપણે ગદ્‌ગદિત ભાવે સર્વાવતારી, આત્માના આત્મા એવા મહારાજને પ્રાર્થના કરીએ, ‘હે કરુણામૂર્તિ ! અમને પણ સ્વામીના જેવા સદ્‌ગુણો અને સમજણ આપજો. સ્વામી જેવું અહંશૂન્ય જીવન અને મરજીમાં રહેવાની લટક આપજો.’

દોહા : **ધન્ય ધન્ય શુકસ્વામીને, જેના ગુણનો નહિ પાર;**
પ્રભુને કરીએ પ્રાર્થના, એ મને દ્યો મોરાર...૨૪૮

હરિ મરજીના મરજીવા, થઈ જીવ્યા સદાય;
અનુવૃત્તિ પાળી એમણે, એ અતિ કઠણ ગણાય...૨૪૯

દાસત્વની હતા મૂર્તિ, નિરમાની નિષ્કામ;
અતિશય શ્રદ્ધા સેવામાં, જેથી રીઝ્યા શ્યામ...૨૫૦

અતિ વિશ્વાસ મોટાનો, ત્યાગ વૈરાગ્ય અપાર;
આસક્તિ ક્યાંય હતી નહિ, એક હરિમાં જ પ્યાર...૨૫૧

વિવેક વિનય ને નમ્રતા, હરિમાં સુહૃદભાવ;
આત્મીયતા તો અતિ હતી, શુદ્ધ ભક્તિ સુસ્વભાવ...૨૫૨

નિર્દોષ બુદ્ધિ રાખીને, જીવ્યા’તા અણીશુદ્ધ;
નિર્વિઘ્ન જીવન પૂરું કર્યું, આખું અતિશે વિશુદ્ધ...૨૫૩

ચતુર ને અતિ સજાગ હતા, રાજીપાર્થે અથાક;
સેવા કરવામાં કદી, જણાવ્યો નથી થાક...૨૫૪

ગોપાળાનંદજી આદિ, મોટા સંતના ખાસ;
દાસ થઈ જીવ્યા સદા, રાખી અતિ વિશ્વાસ...૨૫૫

આવા શુકાનંદમુનિનું, ભાવે લખ્યું આખ્યાન;
શ્રીહરિ ને શુકસ્વામી તમે, રાજી થજો કહે ‘જ્ઞાન’...૨૫૬

શુકમુનિના જેવા મને, આપો ગુણો તમામ;
જ્ઞાનજીવનની ઉપરે, રાજી થાઓ શ્યામ...૨૫૭

આ રીતે જેવી મહારાજે પ્રેરણા કરી અને જેવી મારી મતિ તથા સ્મૃતિ છે, તે પ્રમાણે મેં શુકાનંદસ્વામીનું આખ્યાન લખ્યું છે. આ શુકાનંદ સ્વામીનું આખ્યાન જીવને જગાડે એવું, વાસના, દોષો તથા સ્વભાવોને ઓળખાવે ને ભગાડે એવું અને શ્રીહરિમાં ગદ્ગદિત ભાવે લગાડે એવું છે.

આપણે જેના ગુણો તથા વિશેષતાઓ અતિ અહોભાવ સાથે સ્વીકારીએ તો તેના એ સદ્ગુણો આપણામાં જલદી આવે છે. જેનું આખ્યાન વાંચીએ તેમના જેવી આપણને પણ પ્રભુમાં પ્રીતિ થાય, સમજણની દૃઢતા થાય અને સદ્ગુણોની પ્રાપ્તિ થાય, એ જ આખ્યાન વાંચનનું ફળ છે.

ગાંધીજી કહેતા કે, 'મેં હરિશ્ચંદ્રનું આખ્યાન એકવાર જોયું છે, પરંતુ અંતરમાં હજાર વાર ભજવ્યું છે. તેથી હું ક્યારેય સત્યના પંથથી ચલિત થયો નથી.' તેમ આપણે પણ શુકાનંદસ્વામીનું આખ્યાન અંતરમાં અનેકવાર ભજવીશું, કહેતાં અંતરમાં વારંવાર આનું મનન કરશું, તો આપણે પણ મોક્ષના માર્ગમાંથી ક્યારેય ચલિત નહિ થઈએ; નિર્વિઘ્ન મોક્ષ થશે, આત્યંતિક કલ્યાણ થશે.

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે તૃતીય પ્રકરણે સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીના આખ્યાનમાં 'સાહિત્ય સેવા, પરંપરા અને ઉપસંહાર કહ્યો' એ નામે સુડતાલીશમો અધ્યાય થયો. ॥૪૭॥

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી લિખિત
શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે
દાસત્વમૂર્તિ સદ્ગુરુ શ્રીશુકાનંદસ્વામીનું આખ્યાન કહ્યું
એ નામે તૃતીય પ્રકરણ સમાપ્ત ॥૩॥



શ્રીસ્વામિનારાયણીય

સંતઆખ્યાન

૪ વચનમૂર્તિ

સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીનું

આખ્યાન

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

વચનમૂર્તિ
સદ્. શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૪

અધ્યાય-૧
મંગલાચરણ

દોહા : અહો ! આ મહારાજની, શું કહું મુખે વાત !
કોટી બ્રહ્માંડના ધણી, પુરુષોત્તમ સાક્ષાત...૦૧

સુખનો આકાર સ્વયં છે, સહુને સુખ દેનાર;
સહુનાં દુ:ખ લીધાં છે, કરી અતિશે પ્યાર...૦૨

સર્વોપરિ સર્વાવતારી, ભજવા યોગ્ય ભગવાન;
સ્વામિનારાયણ મહાપ્રભુ, સર્વે સુખની ખાણ...૦૩

ધરતી ઉપર આવિયા, સ્વયં સર્વના કારણ;
એ જ જગમાં કહાવિયા, નામે સ્વામિનારાયણ...૦૪

મહામુક્તો તે લાવિયા, અન્યના કલ્યાણ કાજ;
કોટિ જીવોને તારિયા, સ્વયં રાજાધિરાજ...૦૫

પૂર્વ અવતારના ભક્તનું, ટાળવા ઊંડું અજ્ઞાન;
અવતાર લેવારી એને, આપ્યું સર્વોપરિ જ્ઞાન...૦૬

ભાયાત્માનંદ સ્વામીનું, એવું એક આખ્યાન;
જ્ઞાનજીવન સંભળાવું છું, સુણો થઈ સાવધાન...૦૭

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની કૃપાથી જ આવો દુર્લભ મનુષ્યદેહ અને દુર્લભ સત્સંગનો યોગ આપણને પ્રાપ્ત થયો છે. આ સત્સંગરૂપી યોગ જ ભવરોગનો નાશ કરે છે. આવા સર્વોપરી ભગવાન અને આવો સત્સંગ મળે જ ક્યાંથી..?! જેને મળ્યો છે તે સહુ ભાગ્યશાળી છે. કાલ કોણે ભાળી છે ? માટે ભાયાત્માનંદસ્વામી જેવા વિરલ સંતના આખ્યાનમાંથી આપણે શીખવાનું છે કે, એકેએક ક્ષણ શ્રીહરિ અને સંતો-ભક્તોની પ્રસન્નતાર્થે ખર્ચી નાખવી. આવો સુંદર યોગ છે ત્યારે પ્રભુનાં વચન તત્પર થઈને પાળવા અને થાય એટલી સેવા, સત્સંગ, ધ્યાન, ભજન, હરિસ્મરણ તથા દર્શન કરી આત્માને ઠારી લેવો. સ્વામી જેવો શ્રીહરિનો ખપ, વચનની ખટક, દૃઢ વિશ્વાસ, આત્મનિષ્ઠા અને પ્રભુમાં પ્રીતિ કરવી એ આપણું કર્તવ્ય છે.

કેવળ પ્રભુની પ્રસન્નતાર્થે આપણું કર્તવ્ય કર્યે જાવું. એમ વિચારી શ્રીહરિની પ્રસન્નતા માટે, **'સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન'** આલેખું છું.

આ શ્રીહરિના લાડકવાયા વચનમૂર્તિ સંતને શ્રીહરિએ સાધુતાસભર જીવન જોઈને અતિ વહાલથી **'ભાઈસ્વામી'**નું બિરુદ આપ્યું છે, એવા સંતનું સાંપ્રદાયિક સદ્ગ્રંથો તથા અનુભવીના અનુભવોને આધારે જીવન લખવું એ મારા માટે મોટા ભાગ્યની વાત છે.

સંતો-ભક્તોનાં આખ્યાન સાંભળવાથી આ કરાય, આ ન કરાય. આવું બોલાય, આવું ન બોલાય. આ ભગવાનનું ગમતું છે, આ ભગવાનના ગમતાથી બારું છે; વગેરેની ચોખ્ખી વિગત આપણા અંતરમાં થાય છે. ભગવાનનાં ચરિત્ર કરતાં પણ સંત-ભક્તનાં ચરિત્રો કે આખ્યાનોથી ભક્તોને જીવન જીવવાની પ્રેરણાઓ વિશેષ મળે છે. ભગવાનનાં ચરિત્રો તો અમૃતથી પણ અધિક છે. પરંતુ ભગવાનને વેદ, શાસ્ત્ર કે ધર્મની કોઈ મર્યાદા હોતી નથી. તે તો સ્વેચ્છા પ્રમાણે

ચરિત્રો કરે અને જ્યારે જેમ અનુકૂળ હોય તેમ બોલે. તેનો કોઈ વાદ લેવા જાય તો મરે. **ભગવાન કરે તેમ નહિ, પરંતુ કહે તેમ કરે તો જ જીવ ઠરે.** તેટલો તેમાં વિવેક સમજવો અનિવાર્ય છે. જ્યારે સંતો-ભક્તોનાં જીવનચરિત્રો તો સહુ ભક્તોને બેઠા કામ લાગે છે. મહાન સંતો-ભક્તોએ પ્રભુપ્રાપ્તિ માટે જે સુંદર ઉપાયો કર્યા હોય તે આપણે બેઠા આપણા જીવનમાં અપનાવી શકીએ છીએ.

વળી, તેમના જીવનમાં કોઈ કારણોસર નાની મોટી ભૂલ કે કસર રહી હોય તો તેવી ખોટ આપણામાં તો નથી રહેતી ને..? એમ વિચારી તે ભૂલને છોડવા આપણે સાવધાન બની શકીએ. માટે સંત-ભક્તચરિત્ર તો સંતો-ભક્તો માટે અનુભવી ભોમિયાની ગરજ સારે છે. આધ્યાત્મિક માર્ગનું અનુપમ પાથેય પૂરું પાડે છે. આ જ જન્મે આપણું અધૂરું પૂરું કરવા માટે અને કામ, ક્રોધાદિક દોષો ટાળવા તથા ભવરોગને મારવા માટે સંજીવની ઔષધિની ગરજ સારે છે. આમ, ભક્તચરિત્ર અતિ ઉપયોગી હોઈ આપણે એક મહાન સંત **'વચનમૂર્તિ સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન'** અથેતિ વિચારીએ.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'લેખકે મંગલાચરણ કર્યું' એ નામે પહેલો અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય-૨

ભાયાત્માનંદસ્વામીનો પરિચય

આપણા સંપ્રદાયમાં ત્રણ આત્માનંદસ્વામી પ્રસિદ્ધ છે.

(૧) આત્માનંદસ્વામી : જે રામાનંદસ્વામીના ગુરુ હતા. તેમનો જન્મ જામનગરથી ઉત્તરમાં ચાર માઈલ દૂર **ધૂવાંવા** ગામે સં.૧૭૧૦માં આસો સુદ-૧૦(દશેરા) ગુરુવારે થયો હતો. તેમના પિતાનું નામ **'જગજીવન ભટ્ટ'** અને માતાનું નામ **'નાનબાઈ'** હતું. તેમનું પૂર્વાશ્રમનું

નામ **'વિશ્વંભર ભટ્ટ'** હતું. તેમનાં લગ્ન ૨૦ વર્ષની ઉંમરે પાલીતાણામાં આણંદજી વિપ્રની કન્યા **'રુક્માઈબાઈ'** સાથે થયાં હતાં. લગ્ન પછી તેઓ ગારિયાધાર રહેવા આવ્યા.

પ્રભુભક્તિ સાથે ગૃહસ્થાશ્રમમાં જીવન જીવતાં જીવતાં તેમને પાંચ સંતાનો થયા. તેમનાં નામ : (૧) ગોપી ભટ્ટ, (૨) ભાનુ ભટ્ટ, (૩) જયદેવ ભટ્ટ, (૪) આત્મારામ ભટ્ટ અને (૫) પુત્રી આનંદીબાઈ. તેમાં ગોપી ભટ્ટ સૌથી મોટા હતા. તેમના વંશજો અત્યારે પણ વિદ્યમાન છે. તે પૈકીના એક બ્રાહ્મણ ભાવનગરમાં પણ રહે છે. વિશ્વંભર ભટ્ટના યજમાનનું ગામ **આસોદર** હતું. તે ગામના ભાવિક લોકોના આગ્રહથી તેઓ કાયમને માટે આસોદરમાં આવીને સ્થાઈ થયા. તેથી આપણા સાંપ્રદાયિક ગ્રંથોમાં તે આત્માનંદસ્વામી આસોદરના હતા, એવો ઉલ્લેખ વિશેષ જોવા મળે છે.

સંસારમાં રહેતાં ૬૦ વર્ષની ઉંમરે તેમને આત્મા-પરમાત્માના સાક્ષાત્ અનુભવ માટે સંસારનો ત્યાગ કરવાની તીવ્ર ઈચ્છા થઈ. અને પોતાના ધ્યેયને સિદ્ધ કરવા માટે તેઓ સર્પ કાંચળી ઉતારે તેમ પાંચ પુત્રો તથા ઘરબાર સહુનો ત્યાગ કરી એકાએકી ચાલી નીકળ્યા. પછી નાના ગોપનાથમાં મહાદેવજીના મંદિરે સંન્યાસી ગોપાળાનંદ બ્રહ્મચારી રહેતા હતા. તેમની પાસેથી સં.૧૭૭૦માં મહાદીક્ષા લઈ વિશ્વંભર ભટ્ટ **'આત્માનંદસ્વામી'** થયા.

તેમના અનેક ચમત્કારો હરિલીલામૃત કળશ-૪/૧૩ થી ૧૫માં તેમજ 'મહારાજની લીલા' વગેરે ગ્રંથોમાં વિસ્તારથી લખાયા છે. આ આત્માનંદસ્વામી રામાનંદસ્વામીના ગુરુ હતા એટલે સંપ્રદાયનું મૂળ કહેવાય. તેમના શિષ્યો મુક્તાનંદ, જુક્તાનંદ, બાળાનંદ, વિઠ્ઠલાનંદ, વાલબાઈ અને હરબાઈ, આ છ હતા. સાતમા રામાનંદસ્વામી આવ્યા. રામાનંદસ્વામીનો યોગ થતા આત્માનંદસ્વામીને નિરાકારમાં જે પ્રતીતિ

હતી તે પલટાણી. પછી રામાનંદસ્વામીને સુપાત્ર અને સમર્થ જાણી પોતાના તમામ શિષ્યો તેમને સોંપ્યા. અને સહુ શિષ્યોને કહ્યું, 'હવેથી મારે સ્થાને આ સદ્‌ગુરુ શ્રીરામાનંદસ્વામી છે. તે કહે તેમ કરજો. અને તે ભગવાનને સાકાર માને છે, તે સમજણ સાચી છે; તેને સ્વીકારજો.'

આ આત્માનંદસ્વામી ઘણું લાંબું જીવ્યા હતા. શ્રીહરિ પૃથ્વી ઉપર પધાર્યા તે પહેલાં એકાદ વર્ષે ૧૨૫ વર્ષની ઉંમરે સં.૧૮૩૫-૩૬માં તેમણે દેહનો ત્યાગ કર્યો, તે પણ ચમત્કારિક રીતે કર્યો હતો. દેહ તજતા પહેલાં તેમણે રામપરાના આહિર રાણા વણજારાને કહ્યું કે, 'ધાતરવડી નદીને સામે કાંઠે, તમરાના વૃક્ષ નીચે મારો મૃતદેહ છોડી દેજો; પરંતુ તેને બાળશો કે દાટશો નહીં.' પછી તે લોકોએ તેમ કર્યું. બીજે દી રાણા વણજારા જોવા ગયા તો તેમનો દેહ તેમના દેખતાં જ આકાશમાં અદૃશ્ય થઈ ગયો !

(૨) આત્માનંદસ્વામી(નાના) : શ્રીહરિ અવની ઉપર અવતર્યા, સત્સંગની સ્થાપના કરી. ત્યાર બાદ અનેક સંતો થયા, તેમાં પણ એક આત્માનંદસ્વામી હતા. જે નિત્યાનંદસ્વામીના શિષ્ય હતા. મહાન વિદ્વાન હતા. વચનામૃતમાં જે પ્રશ્નો આવે છે તે આ આત્માનંદસ્વામીના છે. તેઓ નાના હોવાથી સહુ તેને 'નાના આત્માનંદસ્વામી' કહીને બોલાવતા હતા.

(૩) ભાયાત્માનંદસ્વામી : સંપ્રદાયમાં એક ત્રીજા આત્માનંદ સ્વામી હતા, જેને આપણે ભાયાત્માનંદસ્વામી કહીએ છીએ. જેની ઓળખ આપતાં મંજુકેશાનંદસ્વામી નંદમાળા ગ્રંથમાં કહે છે કે,

આત્માનંદભાઈ અતિ શૂરવીર, સદા હરિ આજ્ઞા પાળ્યામાં ધીર.

સ્વામીનો મુખ્ય ગુણ હતો વચનપાલનની ધગશ. **જેમ પવનને આધારે ધજાની પૂછડી ફરે તેમ તેઓ આજીવન શ્રીહરિનાં વચનમાં ફરતા રહ્યા.** અતિ ધર્મનિષ્ઠા સાથે તેમને શ્રીહરિનો વિશ્વાસ પણ પર્વતપ્રાયઃ

હતો. તેમની એક વિશેષ વિશેષતા વર્ણવતાં સદ્.શ્રીમાધવદાસસ્વામી શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર ત.૩/૫૦માં કહે છે,

દોહા : **આત્માનંદસ્વામીને વળી, હઈયે ઘણો હુલ્લાસ;**
લટકાં તમારાં ચિંતવે, આજ્ઞામાં બહુ આશ.

વળી, સ્વામીને પ્રગટ શ્રીહરિમાં ગાઢ પ્રીતિ હતી. એટલે મહારાજના કરનાં લટકાં કે આંખનાં મટકાંઓ અતિ સ્નેહથી ચિંતવતા હતા. સ્વામીને બીજા જીવોને ભગવાન તથા સત્સંગ ઓળખાવવામાં ઘણો આનંદ આવતો. પોતે હૃદયભેદક વાતો કરતા હતા. ઘણા ઉત્સાહી હતા. તેમને મહારાજમાં દૃઢ વિશ્વાસ હતો એટલે વચનમાં જરાય ફેરફાર કરતા નહીં. **વિશ્વાસ વિના આવી વચનપાલનની ખટક આવવી અશક્ય છે. વિશ્વાસી ક્યારેય વહાલાનાં વચન લોપે જ નહીં.** આપણે પણ સ્વામીના જેવો જ મહારાજના વચનમાં વિશ્વાસ રાખવારૂપી ગુણ શીખવો.

જે શ્રીહરિના વચનમાં વિશ્વાસ રાખે છે, તેની તમામ જવાબદારી ભગવાન ઉપર જતી રહે છે. કેમ જે, તેણે ભગવાનને ભરોસે જીવન ઝંપલાવ્યું. માટે હવે તેની સર્વ પ્રકારે રક્ષા કરવા તથા તેનું કલ્યાણ કરવાની ફરજ ભગવાનની થઈ જાય છે. જે ભક્ત ભગવાનનાં વચનમાં બંધાય તો તેનું આ લોક-પરલોકમાં સર્વ પ્રકારે હિત કરવા ભગવાન ચોક્કસ બંધાય છે. એવી વિશ્વાસમાં ગજબની શક્તિ છે. માટે શ્રીહરિનાં વચનમાં વળગી રહેવું. **આજ્ઞા પળે એટલી વાસના બળે અને વચનનો લોપ થાય તેટલો પ્રભુનો કોપ થાય. ભક્ત જો ભગવાનનાં વચન તોડીને ચાલે તો ભગવાન પણ તેને છોડીને છેટા રહે છે.**

ભગવાન કહે છે કે, **'જો તારે મારી જરૂર હોય તો તું મારા વચનમાં રહે. હું મારા વચનરૂપે તારા અંતરમાં પ્રવેશી તારી સર્વ પ્રકારે રક્ષા કરીશ. આ લોકનું અને પરલોકનું, કહેતાં દેહનું અને આત્માનું બંને પ્રકારનું સુખ આપીશ.'** માટે જો આપણે ભગવાનની જરૂર હોય

તથા ભગવાન પાસેથી કંઈક મહા પ્રાપ્તિ મેળવવી હોય તો તેમની આજ્ઞા-મરજીમાં રહેવું. મનગમતું મૂકી હરિગમતામાં જીવવું. ક્યારેય સ્વતંત્ર થાવું નહિ. જો આપણે સ્વતંત્ર થઈ જઈએ અને મન ફાવે તેમ વર્તીએ તો ભગવાન તો સ્વતંત્ર જ છે. પછી આપણા કલ્યાણની જવાબદારી તેઓ રાખતા નથી.

દુઃખો કે અંતકાળ અચાનક આવીને ઊભા રહે ત્યારે આપણે જ એવી પ્રાર્થના કરીએ કે 'હે પ્રભુ ! મને બચાવો.' ત્યારે મહારાજ વિચારે કે, 'તું તને મન ફાવે એમ રહેતો હતો તો હું મારી રીતે રહીશ.' માટે ભગવાન ઉપેક્ષા કરે એવું કાંઈ ન કરવું. ભાયાત્માનંદસ્વામીની જેમ દેહને, ઇન્દ્રિયોને અને મનને મારીને મહારાજનાં વચનમાં ખબરદાર થઈને રહેવું. અહોભાવ સાથે આજ્ઞા પાળવી તો જેવો ભગવાનને આનંદ છે, તેવો આનંદ આપણને શ્રીહરિ આપશે. *(સંદર્ભ : વચ.ગ.પ્ર.૩૪)*

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના જીવનનો ટૂંકમાં પરિચય કહ્યો' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય-૩

પૂર્વજન્મના પ્રબુદ્ધમુનિ

સર્વાવતારી શ્રીહરિ જ્યારે અવની ઉપર અવતર્યા ત્યારે અનેક મુક્તો, દેવો તથા ઈશ્વરો પોતાની કસર ટાળવા અને પુરુષોત્તમનારાયણનું સ્વરૂપ સમજી આત્યંતિક કલ્યાણ પામવા અવની પર અવતર્યા હતા. પુરુષોત્તમના એ પરમહંસોમાં કોઈક ધ્યાની હતા તો કોઈક જ્ઞાની હતા. કોઈક જીતેન્દ્રિય હતા તો કોઈક સ્થિતપ્રજ્ઞ હતા. કોઈક આત્મદર્શી હતા તો કોઈક સમાધિનિષ્ઠ હતા. કોઈક ઐશ્વર્યની મૂર્તિ હતા તો કોઈ વચનની મૂર્તિ હતા. કોઈ વૈરાગ્યની મૂર્તિ હતા તો કોઈ સાધુતાની મૂર્તિ કે ત્યાગી-તપસ્વી હતા, તો કોઈ કવિ-પંડિત હતા. પુરુષોત્તમનારાયણની

આ સોહામણી સંતમાળા સૂર્ય ને ચંદ્રની જેમ ચમકતી રહેતી. તેમાં **શ્રીસ્વામિનારાયણ ભગવાનની માળાના મણકા ગણી શકાય એવા, સાધુતાના શણગારરૂપ, આત્મનિષ્ઠ, અનુભવી અને વચનની મૂર્તિ સમાન સંત એટલે 'સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી'.**

આચાર્ય શ્રીવિહારીલાલજી મહારાજ રચિત **ઉન્મત્તગંગામાહાત્મ્ય** ગ્રંથના અ.૭૯માં રાજા રાયસિંહજીએ બ્રહ્મચારી આનંદાનંદસ્વામીને પ્રશ્ન પૂછ્યો જે, "ભાયાત્માનંદસ્વામી કોનો અવતાર હતા ?" આ પ્રશ્નનો ઉત્તર આપતાં સ્વામી કહે છે, "હે રાજન ! ઋષભદેવ ભગવાનને સો પુત્ર હતા. ભાગવતના પંચમ સ્કંધમાં તેનું આખ્યાન આવે છે. એક દિવસ ઋષભદેવ ભગવાને પોતાના પુત્રોને ઉપદેશ આપતા કહ્યું,

દોહા : **ઋષભદેવજી બોલિયા, સુણો પુત્ર મુજ વચન;**
ભોગ ભોગવવા માટે નથી, આ મનુષ્ય કેરું તન...૦૮
કેમ જે વિષય ભોગ તો, ભૂંડડાને પણ ઘણાય;
વિષયમાં ભોગબુદ્ધિ છે તે, મોટો મોહ ગણાય...૦૯
માટે દિવ્ય તપસા કરો, જેથી મન શુદ્ધ થાય;
અંતર શુદ્ધ થાય ત્યારે, બ્રહ્મનું સુખ પમાય...૧૦
બ્રહ્મસુખ તો અપાર છે, મહા મોટો આનંદ;
તે તજી વિષય ભોગવે, તે માણસો મતિમંદ...૧૧

'હે પુત્રો ! વિષયમાં ભોગબુદ્ધિ કે સુખબુદ્ધિ એ જ મોટું અજ્ઞાન છે. **'ભોગ એટલા રોગ.'** માટે સુખિયા થવું હોય તો દિવ્ય તપને કરો, જેથી અંતર શુદ્ધ થાય. અને જ્યારે અંતર શુદ્ધ થશે ત્યારે બ્રહ્મનું મહાસુખ પમાશે. તે બ્રહ્મસુખ અતિ અપાર છે, મહા મોટો આનંદ છે. તે આનંદને છોડીને જે વિષયભોગને ભોગવે છે તે મૂર્ખ છે, મંદબુદ્ધિ છે.' પિતાનાં વચનો પુત્રોએ અદ્ધરથી ઝીલ્યાં. કેમ જે, ત્યારે દીકરાઓ બાપનું માનતા હતા. જે માણસ પોતાના સુજ્ઞ માતા-પિતાનું કે ગુરુજનોનું

માને છે, તે માણસ બહુ મોટપને પામે છે. **મોટાના વચનની અસર થાય તેને તમામ કસર જાય છે.**

ઋષભદેવ ભગવાનનાં વચનની તેમના પુત્રોને અસર થઈ, અંતરમાં ચોટ લાગી. તેથી તેમના સો પુત્રોમાંથી નેવું પુત્રોએ તત્કાળ સંસારનો ત્યાગ કર્યો; જેમાંથી ૮૧ પુત્રો સિદ્ધ થયા અને નવ પુત્રો નવ યોગેશ્વર તરીકે જગતમાં પ્રસિદ્ધ થયા. નવ પુત્રોને ધરતીના નવ ખંડનું રાજ્ય સોંપ્યું અને સહુથી મોટા પુત્ર ભરજીને સહુના ઉપરી બનાવ્યા. તેઓ પણ અંતે પિતાના વચનને સંભારી ઊલટા અન્નની પેઠે સમગ્ર પૃથ્વીના રાજ્યનો ત્યાગ કરી પ્રભુપ્રાપ્તિ માટે વનમાં ગયા. આ વાતો આપણને ઘણું શીખવી જાય છે. ઈંડાનું કોચલું તોડે તો જ બચ્ચાઓને પાંખ મળે છે, તેમ **જે સાંસારિક સુખ છોડે એ જ આજ્ઞા ઉપાસનારૂપી મજબૂત પાંખોને મેળવી શકે છે અને તેને જ ભગવાનનો મહાઆનંદ મળે છે.**

ઋષભદેવ ભગવાનના નવ પુત્રો યોગેશ્વર થયા. તે નવ યોગેશ્વરોમાં **પ્રબુદ્ધમુનિ જ્ઞાનાદિક ગુણોને લીધે બીજા મુનિઓ કરતાં ઘણા મહાન હતા.** તે મહાજ્ઞાની હતા. તેમણે રાજાઓને તથા અનેક લોકોને જ્ઞાનરૂપી જહાજમાં બેસાડી સંસાર સાગરમાંથી પાર ઉતાર્યા હતા. જનકરાજાને પણ તેમણે આત્મજ્ઞાનનો ઉપદેશ આપી સુખિયા કર્યા હતા. તેમનો જ્ઞાનોપદેશ સાંભળી બીજા જ્ઞાનીઓ પણ વિસ્મય પામી જતા. બીજા અનેક સદ્ગુણો પણ તેમનામાં હતા. એવા ગુણિયલ, જ્ઞાની અને યોગની સિદ્ધિને પામેલા પ્રબુદ્ધમુનિએ એકવાર ભગવાનનું ધ્યાન કર્યું. ત્યારે તેમને પ્રભુપ્રેરિત સંકલ્પ સ્ફૂર્યો કે,

क्षराक्षरपरः श्रीमानवतारी स्वराड् विभुः ।।
दिव्यालौकिकसन्मूर्तिर्मुक्तमण्डलपूजितः ।।१२।।

અનંત મુક્તમંડળ જે મૂર્તિને પ્રેમથી પૂજે છે એવા દિવ્ય અલૌકિક મૂર્તિ, સર્વે અવતારના અવતારી પુરુષોત્તમનારાયણ છે. તેમની સમાન

કોઈ નથી, તો શ્રેષ્ઠ તો હોય જ ક્યાંથી ?! બ્રહ્માંડની અડધી આયુષ જાય ત્યાં સુધી જે તે બ્રહ્માંડના મોટા-મોટા દેવો, ઈશ્વરો તેમની પ્રાર્થના કરે ત્યારે એ ઈશ્વરોના ઈશ્વર, પુરુષોત્તમનારાયણ, સર્વોપરી શ્રીહરિ એકવાર તેમના બ્રહ્માંડમાં પધારે છે.

એવા તે સર્વાવતારી શ્રીહરિનો મને યોગ થાય, સેવા મળે એ જ મારા જ્ઞાન તથા યોગની સિદ્ધિનું ફળ છે. આમ જ્યાં ધ્યાનમાં બેઠા થકા વિચાર કરતા'તા ત્યાં અચાનક બ્રહ્માજી તેમની પાસે આવ્યા. તેથી હરખતા હૈયે પ્રબુદ્ધમુનિએ તેમને વંદન કર્યું. પછી ગદ્‌ગદ કંઠે પોતાના સંકલ્પ કહ્યા. તે સાંભળી બ્રહ્માજી કહે, "હે પ્રબુદ્ધમુનિ !

अस्माभिरर्थितः साक्षात् स वै प्राहाऽक्षरेश्वरः ।।
आत्यन्तिकशुभायाऽऽविर्भविष्याम्यङ्गिनां कलौ ।।२४।।

અમે સમગ્ર દેવો તથા ઈશ્વરોએ મળીને અક્ષરાધિપતિ શ્રીપુરુષોત્તમ-નારાયણની વર્ષો સુધી પ્રાર્થના કરી ત્યારે તેમણે લોકોના આત્યંતિક કલ્યાણ કરવા 'હું કળિયુગમાં દ્વિજકુળમાં અવતાર લઈશ.' એમ મને વર આપ્યો છે. તે **ભગવાન જ્યારે પૃથ્વી પર અક્ષરમુક્તોની સાથે પ્રગટ થશે ત્યારે તમો પણ તમારા પુણ્યને લીધે પ્રગટ થશો અને તે પ્રગટ પુરુષોત્તમની સેવાને પામશો."** એમ કહી બ્રહ્માજી અદૃશ્ય થયા.

આવો પોતાને અનુભવ થયો ત્યાર બાદ યોગી પ્રબુદ્ધમુનિ બદરિ-કાશ્રમમાં રહ્યા થકા અતિ ઉત્સાહથી પુરુષોત્તમનારાયણના પ્રાગટ્યની રાહ જોવા લાગ્યા. સર્વોપરી શ્રીહરિ અવની ઉપર અવતાર લેશે, એવી જ્યારે બદરિકાશ્રમમાં જાણ થઈ એટલે તેમની સેવા માટે અનેક મુક્તોની સાથે યોગેશ્વર પ્રબુદ્ધમુનિ પણ પ્રગટ થયા. અને એ જ હતા આપણા **વચનમૂર્તિ સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી.**

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'પૂર્વજન્મના પ્રબુદ્ધમુનિનો પરિચય કહ્યો' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય-૪

પુરુષોત્તમનું પ્રાગટ્ય અને પ્રતાપવર્ણન

દોહા : **પુરુષોત્તમશ્રી પધાર્યા, કરવા જીવ ઉદ્ધાર;**
અપાર સામર્થી વાવરી, આપ્યા સુખ અપાર...૧૨

જ્યારે શ્રીહરિ પ્રગટ થયા ત્યારે બ્રહ્માદિક તમામ દેવો, ઈશ્વરો તથા અનેક સિદ્ધોએ આવી શ્રીહરિની સ્તુતિ કરી. તેમની સ્તુતિ સાંભળી શ્રીસ્વામિનારાયણ ભગવાને પોતામાંથી પ્રગટ કરેલા દિવ્ય અલૌકિક તેજના સમૂહને પોતાના સ્વરૂપમાં સમાવી લીધો અને સહુને દિવ્ય બાળકરૂપે દર્શન આપ્યાં. પછી શુક્લપક્ષના ચંદ્રની પેઠે શ્રીહરિ મોટા થવા લાગ્યા. **૧૧ વર્ષની ઉંમરે પ્રથમ માતાને પછી પિતાને દિવ્યગતિ આપી.** પછી પોતાના અવતારકાર્યને સિદ્ધ કરવા માટે ગૃહત્યાગ કર્યો. ૭ વર્ષ વનમાં વિચર્યા. સં.૧૮૫૬માં લોજ પધાર્યા. પછી **પીપલાણામાં રામાનંદસ્વામી પાસે દીક્ષા લીધી અને જેતપુરમાં ગાદીએ બેઠા.** ત્યાર બાદ સમાધિ પ્રકરણ ચલાવ્યું.

ઐશ્વર્યના દોર છૂટા મૂક્યા. મોટા મોટા દેવો, ઋષિઓ અને મુનિઓને પણ દુર્લભ એવી સમાધિ, સહુને ચપટી વગાડતામાં કરાવે ! આંખના મટકે કે ચાખડીના ચટકે હજારો લોકોને સમાધિ થતી અને જેને જે દેવ, દેવીઓ, ઈશ્વરો, અવતારો કે ધામ જોવાની ઇચ્છા હોય તે તત્કાળ દેખે. અને તેના ઈષ્ટદેવો કે અવતારો જ સહુને પુરુષોત્તમનારાયણની ઓળખાણ આપે. પછી ત્યાગી હોય કે ગૃહી હોય, પંડિત હોય કે અભણ હોય, બાઈ હોય કે ભાઈ હોય, સહુ શ્રીહરિને શરણે આવે અને પ્રગટ ભક્તિ અને પ્રગટનું ધ્યાન કરવા લાગે. આમ, પૂર્વ કોઈ અવતારોએ નહિ બનાવેલું એવું મહા અલૌકિક ઐશ્વર્ય સ્વામિનારાયણ ભગવાને બતાવ્યું. અને આ દિવ્ય પ્રતાપથી તેઓ ટૂંક સમયમાં આખા વિશ્વમાં પુરુષોત્તમનારાયણ તરીકે પ્રસિદ્ધ થયા.

ગામોગામ અને ઠામોઠામ શ્રીહરિના ઐશ્વર્યપ્રતાપની વાતો વાયુવેગે પહોંચી ગઈ. તેથી જે મુમુક્ષુ કે ભક્તો હતા અને જેણે પુરુષોત્તમ-નારાયણની પ્રાપ્તિને માટે અવની ઉપર અવતાર લીધા હતા એવા ઋષિમુનિઓ, દેવો કે અન્ય ધામના મુક્તો હતા તેમણે પૂર્વજન્મના સંસ્કારને કારણે ઓળખી લીધા કે, આજ અવતારી શ્રીહરિ પ્રગટ થયા છે. પછી સહુ તૃણની માફક સંસારનો ત્યાગ કરી શ્રીહરિ પાસે આવ્યા અને પ્રગટ પ્રભુના પરમહંસો બની તેમની સેવા-ભક્તિ કરવા લાગ્યા. અને કેટલાક શ્રીહરિની આજ્ઞાથી ગૃહસ્થાશ્રમમાં રહ્યા થકા પ્રગટ ભગવાન શ્રીસ્વામિનારાયણની સેવા-ઉપાસના કરવા લાગ્યા.

આમ, સ્વામિનારાયણ સંપ્રદાય જગ જાણીતો થયો. શ્રીહરિએ જે કોઈ પોતાને શરણે આવ્યા તેને મહાસુખ આપ્યા.

પૂર્વછાયો : **સંતોને લાડ લડાવિયા, ભક્તોને આપ્યાં સુખ;**
ધર્મ-ભક્તિનો હરિ લાડલો, શ્રીઘનશ્યામ હસમુખ...૧૩
દિવ્ય મૂર્તિ ઘનશ્યામજીએ, કર્યાં ચરિત્રો અપાર;
પોતાની સામર્થીએ કરી, જીવો ઉતાર્યા પાર...૧૪
અલૌકિક ખેલ ખેલ્યા હરિ, શું કહું એની હું વાત ?
જોઈ જોઈ મુક્તો-ભક્તો, સહુ થયા અતિ રળિયાત...૧૫

શ્રીહરિ કહેતાં કે, **'મારું જે અક્ષરધામ છે તેને કોઈ જીવ સાધને કરીને મેળવી શકે તેમ નથી. તે ધામમાં હું તમને સહુને મારા પ્રતાપે પહોંચાડીશ.'** પુરુષોત્તમનારાયણની પ્રાપ્તિ જીવના સાધને કરીને થાય એમ નથી, એ તો શ્રીહરિ કે તેમના મુક્ત કૃપા કરે તો જ થાય એમ છે. અનંત આત્માને અક્ષરધામમાં લઈ જવા શ્રીહરિએ પોતે અપાર ચરિત્રો કર્યાં, અનેક પ્રકારની સામર્થી વાવરી અને એમના મુક્તો-સંતો દ્વારા પણ અપાર ઐશ્વર્ય લોકોને જણાવ્યું. પરંતુ ઘણાને આ ઐશ્વર્યનો અપચો થયો એટલે શ્રીહરિ વિશે ગમે તેમ બોલવા લાગ્યા.

પછી ઝાઝા જીવના હિત માટે શ્રીહરિએ પ્રથમ શરૂ કર્યું હતું તે સમાધિ પ્રકરણ બંધ કર્યું અને સમજણરૂપી સમાધિ ચાલુ કરાવી. અને તે માટે શ્રીહરિએ સત્સંગની સ્થાપના કરી. વળી, શ્રીહરિએ સત્સંગમાં સદા પ્રગટ રહ્યાનો કોલ આપ્યો.

શ્રીહરિ અતિ નિસ્પૃહી અને નિર્બંધ હોવા છતાં તેઓ સંતો-ભક્તો માટે કરુણાનો સાગર બનીને રહ્યા. શ્રીહરિ ઐશ્વર્ય-સામર્થ્યનો અખૂટ ખજાનો હોવા છતાં તેઓ ભક્તના ભક્ત બનીને રહ્યા, દાસના દાસ થઈને રહ્યા. શ્રીહરિ મનુષ્યરૂપે પૃથ્વી ઉપર ૪૯ વર્ષ રહ્યા, પરંતુ સત્સંગમાં અનંતના કલ્યાણ માટે સદા પ્રગટ રહ્યા છે. તેથી જ આજ પણ સત્સંગ ફાલ્યો-ફૂલ્યો છે. શ્રીહરિ સહુનાં ભવનાં બંધનો કાપી મહાસુખ આપે છે.

ઈતિશ્રી સ્વામિનારાણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'પુરુષોત્તમનું પ્રાગટ્ય અને પ્રતાપ વર્ણન કર્યો' એ નામે ચોથો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય-૫

યદુવંશનો ઈતિહાસ

દોહા : **ભાયાત્માનંદસ્વામીની, કથા છે અતિ અમુલ્ય;**
હરિ વચનની એ મૂર્તિ, કોણ આવે તે તુલ્ય ?..૧૬
ધન્ય ધન્ય હાલાર પ્રાંત, જે ભૂમિ થૈ ભાગ્યવાન;
ત્યાં યોગેશ્વર જનમ્યા, પ્રબુદ્ધમુનિ મહાન...૧૭

હવે આપણે તેઓ જે કુળમાં જન્મ્યા તે કુટુંબની પરંપરા અને પરિચય જોઈએ.

હરિવંશ પુરાણમાં તેમજ જાડેજા વંશના બારોટના ચોપડામાં તો એવું લખ્યું છે કે, સૃષ્ટિના મંડાણ થયા બાદ **બ્રહ્માજીની ૫૮મી પેઢીએ શ્રીકૃષ્ણ ભગવાનનો જન્મ થયો.** શ્રીકૃષ્ણ ભગવાન અને રુક્મિણી થકી

પ્રદ્યુમ્નનો જન્મ થયો. તેમને **અનિરુદ્ધ** નામનો દીકરો થયો. તે સમયે મિસરદેશમાં (હાલ ઈજિપ્ત) બાણાસુરનું રાજય હતું. તેને ઓખા ઉર્ફે ઉષા નામની એક પુત્રી હતી. તેને સ્વપ્નમાં અનિરુદ્ધ દેખાણો. તેથી તેણે જાગીને પોતાની બે'નપણી ચિત્રલેખાને સ્વપ્નની વાત કહી કહ્યું, 'તે પુરુષને તું મને લાવી દે.' ચિત્રલેખા કહે, 'હું જે ચિત્ર દોરું તેમાં જે તને સ્વપ્નમાં આવ્યો હોય તે પુરુષ મને કહેજે, હું તારું કામ કરી આપીશ.'

પછી ચિત્રલેખા ચિત્ર દોરે અને પૂછે, ઓખા ના કહે. છેવટે અનિરુદ્ધનું ચિત્ર દોર્યું અને દેખાડ્યું તો કહે, 'હા, આજ મને સ્વપ્નમાં આવ્યો હતો. માટે ગમે તે ઉપાયે કરીને તે મને લાવી આપો.' પછી ચિત્રલેખાએ વેશપલટો કરી, માયા રચી અનિરુદ્ધનું અપહરણ કર્યું અને ઓખાને સોંપ્યો. મહાભારતમાં આ વાત ઓખાહરણ તરીકે લખાયેલી છે, પરંતુ વાસ્તવિક અનિરુદ્ધનું અપહરણ થયેલું છે. સ્ત્રીને પુરુષ ઉપાડી જાય એવી વાતો ઘણી છે, પરંતુ અહીં સ્ત્રીએ પુરુષનું અપહરણ કર્યું છે. આસક્તિ વ્યક્તિને ન કરવાનાં કામ કરાવે છે. વાસના એક ભૂત છે, મહા દુઃખ છે. **દરેક દુઃખની જનની આસક્તિ છે.**

બાણાસુરને આ વાતની જાણ થતા અનિરુદ્ધને કેદ કર્યો. આ બાજુ દ્વારકામાં અનિરુદ્ધની તપાસ કરતા ખબર પડી કે, અનિરુદ્ધને તો બાણાસુરે કેદ કર્યો છે. તેથી રુક્મિણીના કહેવાથી શ્રીકૃષ્ણ ભગવાને તેની સાથે યુદ્ધ કર્યું. તેમાં બાણાસુરનો નાશ કર્યો. તેના પુત્રને ગાદી આપી. ત્યાં જ ઓખા અને અનિરુદ્ધના ધામધૂમથી લગ્ન કર્યાં. પછી સહુ દ્વારકા આવ્યા.

ત્યાર પછી સમય જતા શ્રીકૃષ્ણ ભગવાન આલોક છોડી સ્વધામ જવાનો વિચાર કરે છે. પરંતુ તેમને સત્તા અને સમૃદ્ધિમાં આળોટતું પોતાનું જ કુળ-કુટુંબ ધરતી ઉપર પાપ અને બોઝરૂપ જણાણું. ને મનમાં વિચાર કર્યો જે, 'ઉદ્ધત્ત થઈ ગયેલા મારા વંશનો નાશ કરું તો

જ ધરતી માથેથી પાપનો ભાર ઊતાર્યો કહેવાય અને મારા અવતારનો હેતુ સફળ થયો કહેવાય. કેમ જે, હું જ્યારે ધરતી ઉપર નહિ હોવ ત્યારે આ મારો વંશ-કુળ જ લોકોને દુઃખદાયી થશે. માટે આ ઉદ્ધત્ત યાદવોનો પહેલા નાશ કરી પછી મારે સ્વધામ જવું.'

આવા ભગવાન શ્રીકૃષ્ણએ વિચારો કર્યા. કેમ જે, પરમાત્માને પોતાના કુળ-કુટુંબમાં કદી હેત કે મોહ હોતા નથી. એમને તો ધર્મ વહાલો હોય છે અને ધર્મવાળા માણસો જ વ્હાલા હોય છે. તે હરિલીલામૃતમાં શ્રીજીમહારાજે કહ્યું છે,

'સગો નહિ અમારે કોઈ કાળે, સગો ગણું જે શુભ ધર્મ પાળે.'

જો ભગવાનને સંસારી જીવોની જેમ દેહ ને દેહના સંબંધીમાં પ્રીતિ હોય, અહં-મમતા હોય, કુળ-કુટુંબમાં, નાત-જાતમાં, વંશ-વેલામાં મમતા-વાસના હોય તો એને ભગવાન કેમ કહેવાય ? અને તે એના ભક્તને એવો ઉપદેશ કેવી રીતે આપી શકે ? કે,

'પ્રીતિ તોડજો રે, જૂઠા જાણી કુટુંબ પરિવાર.'

ભગવાન તો ભગવાન છે. તે તો ધર્મવાળા ભક્તના જ છે. પરંતુ અધર્મી, ઉદ્ધત્ત અને કુસંસ્કારી-વાસનિક એવા અભિમાની પોતાના કુળના પણ ક્યારેય નથી. **ભગવાનને રક્તનો સંબંધ નહિ ભક્તનો સંબંધ ગમે છે.** તેથી તે જ સાચો અને શ્રેષ્ઠ સંબંધ છે. આ વાત દરેક સુજ્ઞ સત્સંગીઓએ સમજવી જોઈએ.

એકવાર શ્રીકૃષ્ણ ભગવાનના દીકરાઓએ સાંબ નામના પોતાના ભાઈને સ્ત્રીનાં કપડાં પહેરાવી તેમના ગુરુ દુર્વાશાની મશ્કરી કરવા તેમને પૂછ્યું કે, 'ઋષિ મહારાજ ! આ છોકરી બહુ શરમાળ છે. માટે તેને દીકરો થશે કે દીકરી ? તે જોઈ આપોને.' અંતરદષ્ટિ કરી જોતાં દુર્વાશાને ખબર પડી કે, 'આ સુખી ઘરના છોકરાઓમાં સંસ્કારનો છાંટો પણ નથી. આમ સાધુ, સંતો કે ઋષિમુનિઓનું અપમાન કરતા

ફરે છે. બીજા તો કુસંસ્કારી હોય પરંતુ ભગવાનના વંશજો પણ આવા હલકટ ?! માટે આ ભગવાનના વંશમાં રહેવાને લાયક નથી.’ આમ વિચારી દુર્વાશાએ શાપ આપ્યો કે, ‘હે મૂર્ખાઓ ! આમાંથી જે જન્મશે તે તમારા સમગ્ર યદુકુળનો નાશ કરશે.’ આનાથી એ સાબિત થઈ ગયું કે ભગવાનનું કુળ પણ હલકટ હોઈ શકે.

દુર્વાશા તો શાપ દઈને ચાલ્યા ગયા. ભગવાનના ઉદ્ધત્ત થયેલા આ પુત્રોએ કોઈને વાત પણ ન કરી. અતિ સમૃદ્ધિ ને સત્તા માણસના ક્યારેક સંસ્કાર બગાડે છે. વ્યસની, માની, અહંકારી, વ્યભિચારી બનાવી દે છે. ને દેહસુખના કીડા બનાવી દે છે. તે ભગવાનનું કુળ હોય તોપણ તેને સાધુ-સંતોનો, ઋષિમુનિઓનો કોઈ મહિમા રહેતો નથી. તેમને ભીખારી જેવા જાણી તેમને પણ મશ્કરીથી મન ફાવે તેમ ઉડાડતા હોય છે.

પછી સાંબના પેટમાંથી એક લોઢાના સાંબેલાનો જન્મ થયો. એને તેઓએ બલરામના કહેવાથી નદીના કિનારે ઘસી નાખ્યું. તેનો છોલ પાણીમાં ગયો. તેમાંથી ઝાડ ઊગ્યાં. તેનાં તલવારની ધાર જેવાં પાંદડાઓ હતાં. તે દ્વારા પરસ્પર લડી સર્વે યદુકૂળનો નાશ થયો. તે વાત ગ્રંથોમાં પ્રસિદ્ધ છે એટલે હું વિસ્તાર કરતો નથી.

પરંતુ જ્યારે શાપ થયો ત્યારે અનિરુદ્ધની પત્ની ઓખા તેમના પિતાને ઘેર સીમંત પ્રસંગ હોવાથી ગયેલી. ઓખાને આ વાતની જાણ થઈ તેથી તે રથ જોડી દુર્વાશાઋષિના આશ્રમે ગઈ અને ગુરુને વિનય સાથે પ્રાર્થના કરતા કહ્યું, “આપ તો અમારા કુળગુરુ છો અને તમે અમારા આખા કુળનો વિનાશ નોતર્યો ? માટે કૃપા કરો. શુક્રાચાર્યે પોતાના યજમાનના ભલા માટે એક આંખ આપી હતી. અને આપે યજમાનનો વંશોચ્છેદ કરવારૂપી કલંક નોતર્યું છે, માટે યદુવંશ રહે એવી કૃપા કરો.”

ત્યારે દુર્વાશા કહે, “બેટા, તારી વાત સાચી છે. શાપરૂપી અનર્થ થઈ ગયો છે. પરંતુ હવે હું એટલી કૃપા કરું છું કે, મારો આ શાપ ત્રણ

વર્ષ સુધી રહેશે. હું તને આ વજ્રનો ગોળો મંત્રીને આપું છું. તે તું તારા પેટે બાંધજે એટલે તારા ઉદરમાં રહેલો બાળક ત્રણ વર્ષ પછી જન્મશે અને તેનાથી યદુકુળનો વંશ ચાલુ રહેશે. એવું હું તને વરદાન આપું છું." આ રીતે ઓખાએ પોતાના કુળના શાપમાંથી આટલું નિવારણ કરાવ્યું.

જ્યાં ઓખા ગુરુ દુર્વાશાને મળી તે પ્રદેશ આજે ઓખા બંદર નામથી ઓળખાય છે. દુર્વાશાના કહ્યા મુજબ યદુવંશના નાશ બાદ ત્રીજા વર્ષે તેને બાળકનો જન્મ થયો. તે બાળકનું ઉદરમાં વજ્રના ગોળાએ રક્ષણ કર્યું, માટે તેનું **'વજ્રનાભ'** નામ રાખવામાં આવ્યું. પછી મોટો થયો ત્યારે આ વજ્રનાભને તેના મામા તેનું રાજ્ય આપી પોતે વાનપ્રસ્થ આશ્રમ ગાળવા વનમાં ચાલ્યા ગયા.

મિસર દેશના શોણીતપુરમાં તેની રાજધાની હતી અને હસ્તિનાપુરમાં પરીક્ષિત રાજા તરીકે હતા. પરીક્ષિતે આ વજ્રનાભને હસ્તિનાપુર બોલાવીને ખૂબ સાથ-સહકાર આપી મથુરા નગરી ફરી વસાવી તથા દ્વારકામાં વિશ્વકર્માને હાથે શ્રીકૃષ્ણ ભગવાનનું ભવ્ય મંદિર બંધાવ્યું. આ વજ્રનાભની ચોરાસી પેઢી સુધી તેના વંશજોએ ઈજિપ્તમાં રાજ્ય કર્યું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'યદુકુળનો ઈતિહાસ કહ્યો' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય-૬

સ્વામીના કુળનો પરિચય તથા જન્મ

દોહા : **ધન્ય ધન્ય આ યદુકુળને, જનમ્યા ભાયાત્માનંદ;**
જન્મી જેણે મેળવ્યા, પ્રગટ શ્રીસહજાનંદ...૧૮

આ વજ્રનાભની ૮૪મી પેઢીએ 'દેવેન્દ્રસિંહ' નામનો રાજા થયો. તેને ચાર પુત્રો હતા : (૧) અજપતસિંહ, (૨) ગજપતસિંહ, (૩) નરપતસિંહ અને (૪) ભૂપતસિંહ. આ ચારેય મહાપરાક્રમી અને બળિયા

હતા. તે સમયે આખા મિસર દેશમાં મહંમદ પયગંબરે ઈસ્લામ ધર્મની સ્થાપના કરી તેથી આ ચારેય ઈજિપ્ત છોડી ચાલી નીકળ્યા. ત્યાંથી ચાલતા થયા તે વચમાં મહંમદ પયગંબર આડા ફર્યા અને ત્યાંનું રાજ્ય સંભાળવા વિનંતિ કરી. તેના કહેવાથી મોટા પુત્ર અજપતસિંહ પાછા ગયા અને તેણે ઈસ્લામ ધર્મ સ્વીકાર્યો. પછી તે મુસલમાનના રાજા બન્યા. તેથી **'મોગલ બાદશાહ'** કહેવાયા.

બાકીના ત્રણ ભાઈઓ વેળાવદર બંદરે આવ્યા. તેમાં ગજપતસિંહે ગુજરાતમાં આવી સુરતમાં ગાદી સ્થાપી. અને સોરઠના મહારાજા ચાવડા ધરણીવરાહની પુત્રી સાથે લગ્ન કર્યાં. તેમાંથી તેને 'ચુડચંદ્ર' નામનો પુત્ર થયો. તેણે જૂનાગઢ પ્રાંત સર કર્યો અને વામનસ્થળી *(હાલ વંથળી)* માં રાજ્ય સ્થાપ્યું. વામન ભગવાનનો ત્યાં જન્મ હોવાથી તેને વામનસ્થળી કહેવાતું. તેની અમુક પેઢીએ 'ચંદ્રચુડ' રાજા થયો. તેને રોજે ગીરનાર પર દત્તાત્રેયના દર્શને જવાનું નિયમ હતું. વળતા આવે ત્યારે સૂર્યનાં કિરણો મુખ પર આવતાં તાપ લાગતો તેથી તેણે જૂનાગઢની સ્થાપના કરી અને ત્યાં પોતાનું રાજ્ય સ્થાપ્યું. ચંદ્રચુડના વંશજો ચુડાસમા કહેવાયા. *(ધોલેરાના પૂજાભાઈ, રોજકાના કાકાભાઈ વગેરે આ વંશના હતા.)*

ભૂપતસિંહે રાજસ્થાન જીત્યું. તરણેતરમાં કિલ્લો બાંધી પોતાની ગાદી સ્થાપી અને જેસલમેર ગામની સ્થાપના કરી. તેમના વંશજો ભાટી રાજપુતો કહેવાયા. જેમાં હરજી ભાટી વગેરે થયા.

નરપતસિંહને ઈરાનના બાદશાહ તરફથી જામની પદવી મળી. તે આજાનબાહુ હતા. બંને હાથે યુદ્ધ કરી મહાબળિયા મુસ્લિમોને માર્યા એટલે સિંધી ભાષામાં તેમનાં કાંડાંનું જોષ જોઈને લોકો પણ તેમને **"જામ"** કહી બોલાવવા લાગ્યા. તેણે ગજની શહેરના બાદશાહ ફિરોજ શાહને મારી ત્યાં પોતાની ગાદી સ્થાપી. આ જામ નરપતસિંહની ૧૯મી પેઢીએ ત્રણ પુત્રો થયા. (૧) જાડાજી, (૨) વેરાજી અને

(૩) ચારાજી. આમાં મોટા પુત્ર જાડાજીને કોઈપણ સંતાન ન હતું. વચેટ પુત્ર વેરાજીને એકસાથે બેલડાના બે કુમારો જન્મ્યા. (૧) લાખાજી અને (૨) લખિયાતજી. આ બંનેમાંથી પ્રથમ જન્મેલ પુત્ર લાખાજી મોટા ભાઈ જાડાજીને દત્તક આપ્યા. તેના વંશજો જાડેજા કહેવાયા. લાખાજીના પુત્ર જામ રાયધણજી યુદ્ધ કરી કચ્છ કમાણા, કે'તાં તેણે કચ્છમાં અમુક ગજની વંશીઓ હતા તેનો નાશ કરી પોતાની ગાદી સ્થાપી.

વેરાજીના બીજા પુત્ર લખિયાતજીએ કચ્છના અમુક ભાગ સર કરી પોતાની ગાદી સ્થાપી. જે લાખિયાર પ્રાંત *(હાલ કચ્છનો વાગડ પ્રાંત)* કહેવાય છે. લખિયાતજીને સાત પુત્રીઓ હતી. આજુ-બાજુ સિંધ પ્રાંતમાં મુસ્લિમોનું રાજ્ય હતું. તેમની તે પુત્રીઓ જોઈને મુસ્લિમ રાજા મોહાંધ થયો. તેથી પોતાનો ધર્મ બચાવવા તેમના કુળગોર વિપ્ર હરદાસજી અને તેમની પત્ની પોફીયાબાઈ સાથે આ સાતેય પુત્રીઓ સતી થઈ. ઝાઝી દીકરીઓ હોવાથી આ પ્રશ્ન આવ્યો તેથી જાડેજાઓમાં દીકરીઓને દૂધપીતી કરવાનો રિવાજ ચાલ્યો.

રાયધણજીના પુત્ર ગાજણસિંહ થયા. તેમના જામ હાલાજી થયા. જેણે સૌરાષ્ટ્ર પર ચડાઈ કરી જામનગરથી સુરેન્દ્રનગર અને લીમડી સુધી આશરે અડધો સૌરાષ્ટ્ર સર કર્યો. તેથી તે હાલાર પ્રાંત કહેવાણો. વળી, કાઠી દરબારોએ તે પ્રાંત પાછો લીધો. આ હાલાજીની ૧૧મી પેઢીએ સં.૧૪૯૪ ચૈત્ર સુદ-૯, જામ રાવળનો કચ્છમાં જન્મ થયો. તેમને ચાર પુત્ર થયા : (૧) જીયાજી, (૨) વિભાજી, (૩) ભારાજી અને (૪) રાવસંગજી. જામ રાવળ ૧૨૫ વર્ષ જીવ્યા હતા. તે પોતાની ૧૦૦ વર્ષની ઉંમરે ચારેય પુત્રોને સાથે લઈ હાલાર પ્રાંતને જીતવાના હેતુથી સસૈન્ય રોજી બંદર આવ્યા.

ત્યાં ચારેય પુત્રો સાથે બેઠા હતા તે વખતે એક મહાપુરુષે આવી વિભાજીના ભાલે રાજતિલક કર્યું ને કહ્યું, 'આ જામનગરનો ધણી થાશે.'

ત્યારે જામ રાવળજી કહે, 'અમારે મોટા પુત્રને ગાદી આપવાનો રિવાજ છે.' ત્યારે સંત કહે, 'પરમેશ્વરે જે નિર્માણ કર્યું હોય તે થાય.' એમ કહી તે સંત અદૃશ્ય થઈ ગયા.

પછી રોજી બંદરથી ઘોડા ખેલવતાં જામનગર તરફ જતા મોટા પુત્ર જીયાજીનો ઘોડો પાછળ રહી ગયો. ત્યારે તેમના પિતા કહે, 'મારે તો ૧૦૦ વર્ષ થયા પણ તું તો જુવાન છો. તું શું કામ મારી સાથે ઘોડું ચલાવે છો ? જો તારા ભાઈ કેવા પૂરપાટ આગળ ચાલ્યા જાય છે ?' એટલે જોમમાં આવી જીયાજીએ એકદમ એડી અડાડી ઘોડો દોડાવ્યો. છલાંગ મારી કૂદવા જતા ઘોડાના આગલા પગ છટક્યા. તેથી ઘોડો ઉંધો થઈ ગયો. જીયાજી તેની નીચે આવી ગયા. તેમાં તેનું મૃત્યુ થયું. પછી વિભાજી વગેરે ભાઈઓએ મહા પરાક્રમ કરી જામનગર સર કર્યું. જામ રાવળ ત્યાંના રાજા બન્યા.

સં.૧૫૧૯માં જીયાજીના મોટા પુત્ર લાખાજીને ગાદી આપવી, એવી ભલામણ કરી જામ રાવળનું ૧૨૫ વર્ષની ઉંમરે મૃત્યુ થયું. પછી અગ્નિ-સંસ્કાર માટે આખો પરિવાર ભેગો થઈ સ્મશાન તરફ ચાલ્યો. પરંતુ પ્રધાનમંડળના ઈશારે વિભાજી પાદરથી પાછા વળ્યા. કેમ જે, જામનગર સર કરવામાં તેમનો મોટો ફાળો હતો. એટલે મંત્રીમંડળે મળી તેમનો જામનગરની ગાદી ઉપર રાજ્યાભિષેક કર્યો. સંતનાં વચન સત્ય થયાં.

અગ્નિસંસ્કાર કરી સહુ પાછા આવ્યા. ત્યારે વિભાજીના માણસોએ કહ્યું, 'લાખાજી સિવાયનાને દરબારગઢમાં આવવું.' આ અપમાન તથા દગો સહન ન થતા ૧૫૦ સ્વારો સાથે લાખાજી જામનગરથી ૨૬ કીલોમીટર દૂર ઝાડી વિસ્તારમાં ગયા. ત્યાં તેણે ગામ વસાવ્યા. જે તેના નામ પરથી નાના લાખાણી તથા મોટા લાખાણી કહેવાય છે. અને તે બહારવટે ચડ્યા હતા. અને ૨૦ વર્ષના બહારવટાને અંતે જામ વિભાજીએ બન્ને લાખાણી, ખિલોસા, ખાખરાબેલા, ચંદ્રગા, રાવટિયા,

સભાડા વગેરે બાર ગામો આપી સમાધાન કર્યું હતું. આ લાખાજીના વંશજો લાખાણી જાડેજા કહેવાય છે. વિભાજીના વંશજો વિભાણી જાડેજા કહેવાય છે. લાખાજીને ચાર પુત્ર હતા. (૧) મોકાજી (૨) વિભાજી (૩) નારાયણજી અને (૪) હકાજી.

તેમાં નારાયણજીને પાંચ પુત્રો હતા. (૧) સુમરાજી (૨) અબડાજી (૩) રાણાજી (૪) અમરાજી અને (૫) અલિયાજી. તેમાં મોટા પુત્ર સુમરાજીને બે પુત્ર હતા. (૧) રણમલજી અને (૨) નારાયણજી. તેમાં રણમલજીને એક **પુત્ર ડોસાજી** થયા. આ ડોસાજીના લગ્ન ધોળકાની બાજુમાં દાઢા ગામના વાઢેર ભાઈજીભાઈની દીકરી **બાઈ રાજબા** સાથે થયાં હતાં. આ બન્ને દંપતી રાજના વારસદાર હોવા છતાં નાનપણથી જ ભક્તિમય જીવન જીવતાં, સંત પ્રેમી હતાં. તેમને બે પુત્ર થયા હતા. તેમાં (૧) સં.૧૭૯૮માં મોટા પુત્રનો જન્મ થયો હતો. તેમનું નામ **ઉદેસિંહ** ઉર્ફે **અભયસિંહ** હતું. અને એ જ આપણા ભાયાત્માનંદસ્વામી થયા. અને (૨) કેસરીસિંહ હતા.

પૂર્વછાયો : **ધન્ય લાખાણી ગામને, સત્તરસો અઠ્ઠાણું સાલ;**
ધન્ય ધન્ય ક્ષત્રિય જ્ઞાતિને, રાજકુટુંબે જન્મ્યા લાલ...૧૯
ઉદેસિંહ દરબાર એવું, રૂડું પાડ્યું એનું નામ;
બાળપણથી જ એમને, ગમતું હરિભક્તિનું કામ...૨૦

જે જાડેજા કુળમાં ભાયાત્માનંદસ્વામી જન્મ્યા તે કુળની આ રીતે ઓળખાણ છે. તે ક્ષત્રિયકુળના પિતા અત્રી અને માતા અનસુયા કહેવાય છે. તેમના ગુરુ દુર્વાશા છે. તેમનો ચંદ્ર વંશ, યદુ કુળ, સામ વેદ, માધ્યાંદીની શાખા છે. વળી કેસરી ધજા, મથુરા ક્ષેત્ર, અજીત નગારું, કપિલા ગાય, કુળદેવી આશાપુરી, કુળદેવ સોમનાથ મહાદેવ તથા વાજિંત્ર વાંસળી છે. આ પરંપરામાં કોઈ મહાન સત્પુરુષ થાય તો તેને તે લોકો પીર કહે છે. જેમ કે, જેસલપીર, મોડપીર, દેદાપીર વગેરે તે પ્રાંતમાં પ્રસિદ્ધ છે.

આ કુળમાં જન્મેલા ભાયાત્માનંદસ્વામી રાજસ્થાનના ભોમિયા હતા. તેથી શ્રીહરિ ઘણીવાર તેમને એ પ્રાંતમાં સત્સંગ કરાવવા મોકલતા હતા. ઉદેપુર, ઊંટવાડા વગેરે ગામોમાં તેમણે સત્સંગ કરાવ્યો હતો. તેથી અમુક લોકોની એવી માન્યતા છે કે તેમનો જન્મ ઊંટવાડા ગામમાં થયો છે. પરંતુ જામનગરના જાડેજાના રાજબારોટ *(હેમતસિંહ અભેસિંહ)* ના ચોપડા મુજબ ઉપરોક્ત વાત સત્ય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના કુળનો પરિચય તથા જન્મનું વર્ણન કર્યું' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય-૭

નાના લાખાણી ગામમાં શ્રીહરિએ પૂરેલા પરચા

જ્યાં ભાયાત્માનંદસ્વામીનો જન્મ થયો એ જામનગર જિલ્લાનું નાના લાખાણી ગામ પ્રસાદીનું છે. એકવાર શ્રીહરિ ત્યાં પધાર્યા હતા અને ગામને પાદર હનુમાનજીની ડેરીની સામે એક પથ્થર ઉપર બેઠા. ત્યારે ગામમાંથી વિરજી સુતાર તથા દરબાર કાથડજી વગેરે ભક્તો શ્રીહરિનાં દર્શન કરવા આવ્યા. આ કાથડજી સ્વામીના નાનાભાઈ કેસરીસિંહના પુત્ર હતા અને સારા ભક્ત હતા. આ સહુ ભક્તોને ઉદ્દેશીને મહારાજ હનુમાનજી તરફ આંગળી ચીંધીને બોલ્યા કે, **'આ હનુમાનજી તમારા ગામની રક્ષા કરશે.'** તે સાંભળી ભક્તો રાજી થયા.

પછી પ્રાર્થના કરતાં કહ્યું, 'હે મહારાજ ! અમારા ગામમાં પધારો.' તેમનો ભાવ જોઈને શ્રીહરિ પ્રથમ વિરજી સુતારને ઘેર પધાર્યા. તેમના ફળિયામાં લીમડા નીચે બેઠા અને ત્યાં સભા કરીને સહુને ઉપદેશની વાતો કરી. તેવામાં વિરજીના ઘરનાએ થાળ બનાવ્યો. તે મહારાજ પ્રેમથી જમ્યા અને પ્રસાદી દરબાર કાથડજીને આપી. અને અનેકને સમાધિ કરાવી અપાર ઐશ્વર્ય જણાવ્યું.

બીજે દિવસે શ્રીહરિના પ્રતાપની વાતો સાંભળી વાણિયાની વણથળી તથા ખિલોસા ગામના માણસો દર્શને આવ્યા. ત્યારે સુતાર વિરજીના ઘરમાં દાણા થોડા હતા. તેથી કાથડજીએ વિચાર કર્યો કે, 'આપણે સહુ થોડો થોડો બાજરો લાવી આપીએ.' તે વાત જાણીને શ્રીહરિએ કહ્યું, 'તમે બધા શું વિચારો છો ?' ત્યારે વિરજી સુતાર કહે, 'મહારાજ, કોઠીમાં એક મણ જ દાણા છે તેથી સહુ દાણા લાવી આપવાનો વિચાર કરે છે.'

ત્યારે મહારાજ કહે, 'એ કોઠીનું ઢાંકણું છાંદીને સાણેથી દાણા કાઢી દળવા આપો, હવે તેમાં દાણા નહિ ખૂટે.' પછી તે વિશ્વાસી ભક્તોએ તે પ્રમાણે કર્યું અને જેને જેમ ખપે તેમ સહુને સારી પેઠે જમાડ્યા, છતાં દાણા અખૂટ રહ્યા. પછી મહારાજ જમીને લીમડા નીચે ઢોલિયા ઉપર પોઢ્યા. બપોરે જાગીને નદીએ નાહ્વા પધાર્યા. સ્નાન કરી પાછા આવી લીમડા નીચે સભા કરીને બે ઘડી વાતો કરી. ત્યાં સંધ્યા આરતીનો સમય થયો તેથી સંધ્યા વંદન કરી દરબાર કાથડજીને ઘેર થાળ જમવા પધાર્યા. ત્યાં વાળુ કરી, ચળુ કરી, મુખવાસ લઈ થાળની પ્રસાદી દરબારને આપી. પછી પાછા રાત્રે વિરજી સુતારને ઘેર આવીને સૂતા. ત્યારે વિરજી તથા દરબાર કાથડજી મહારાજની ચરણચંપી કરવા લાગ્યા અને દાબતા દાબતા કહે, 'હે મહારાજ ! અમારા ગામમાં કલ્યાણસિંહ, ખેંગારજી, દાજીભાઈ વગેરે ચારેય ભાઈઓ મહા શૂરવીર ને બહુ બળિયા છે.' ત્યારે મહારાજ કહે, 'અત્યારે તેમને અહીં બોલાવો.'

પછી વિરજી સુતારે તેની પાસે જઈ વાત કરી કે, 'અમારા ભગવાનના પગ દબાવવા છે, પણ કોઈ પગ દાબે ત્યારે તે ચાહે તેવો બળિયો હોય તોપણ ભગવાન વેલણ ફરે તેમ ફરી જાય છે.' ત્યારે તે કલ્યાણસિંહ વગેરે ગર્વથી કહે, 'શું ફરી જાય ? અમે જરા પણ ન ફરવા દઈએ.' એમ કહી ચારે શ્રીહરિ પાસે આવ્યા. ત્યારે ભક્તો

પગ દાબતા હતા. તેને જોઈને કલ્યાણસિંહ કહે, 'લ્યો, અમે ચારેય શ્રીહરિને દબાવીએ.' ત્યારે મહારાજ પગ દાબતા હતા તે ભક્તોને કહે, 'હવે તમે રહેવા દો, આ તમે શૂરવીર કહેતા તે આવ્યા છે, માટે તેમને દાબવા દો.'

પછી તે મહારાજને દબાવવા લાગ્યા. ત્યારે મહારાજ કહે, 'ખૂબ દબાવો, ફરવા ન દિયો તો બળિયા ખરા.' પછી એક જણ પગે, બીજો સાથળે, ત્રીજો છાતીએ ને ચોથો મસ્તકે રહ્યા. ત્યારે મહારાજ કહે, 'દબાવી રાખજ્યો હો.. ફરી જાય નહીં.' ત્યારે ચારે ભાઈ કહે, 'શું ફરી જાય..? ન ફરવા દઈએ.' ત્યાં તો મહારાજ વેલણ ફરે તેમ તુરંત ફરી ગયા.

પછી ચારેય ભાઈ કહે, 'હવે તમે ઊંધા સૂઓ, અમે ફરી દબાવીએ અને તમે સવળા થઈ જાઓ તો ભગવાન ખરા.' પછી મહારાજ ઊંધા સૂતા ને ચારેય ભાઈઓએ મહારાજને દબાવ્યા. ત્યારે શ્રીહરિ કહે, 'સારી પેઠે દબાવી રાખજ્યો હો..!!' ત્યારે તે કહે, 'સારું, હવે તમને નહિ ફરવા દઈએ.' એમ કહી ખૂબ દબાવ્યા. પરંતુ મહારાજ તરત વેલણ ફરે તેમ ફરી ગયા. **આવો પ્રતાપ જોઈને ચારે ભાઈઓએ વર્તમાન ધરાવ્યા ને સત્સંગી થયા.** *(સંદર્ભ : શ્રીહરિચરિત્ર ચિંતામણિ ભાગ : ૩/૩૮૨)*

પછી શ્રીહરિ પોઢ્યા. સવારે ઊઠી ગામના પાદરમાં વાવ છે ત્યાં સ્નાન કરીને મહારાજ ચાલ્યા. ત્યારે વિરજી તથા દરબાર દાજીભાઈ વગેરે ભક્તો દંડવત કરવા લાગ્યા. ત્યારે શ્રીહરિ કહે, 'દંડવત કરવા રાખો.' એમ કહીને મહારાજે પોતાનું અંગરખું હતું તે દાજીભાઈને આપ્યું. આ દાજીભાઈ, કલ્યાણસિંહ, ખેંગારજી વગેરે ચારેય ભાઈઓ નારાયણજીના પુત્ર અમરાજીના દીકરાઓ હતા. એટલે સ્વામીના દાદાના પૌત્રો થાય. તે અંગરખું હાલ પણ દાજીભાઈના વંશજો પાસે તેમના ઘેર નાના લાખાણી ગામમાં છે. અને સ્વામીના ભત્રીજા કાથડજીને

મહારાજે પ્રસાદીનો '**સ્વામિનારાયણાય નમઃ। ભક્તિધર્માત્મજાય નમઃ। ઘનશ્યામાય નમઃ।**' એવો લખેલો પ્રસાદીનો રૂમાલ તથા ઘોડીનો શણગાર ભેટ આપેલો. તે પ્રસાદીની વસ્તુ હાલ ત્યાં નાનાલાખાણી ગામમાં આપણા સ્વામિનારાયણ મંદિરમાં છે. અને વિરજીભાઈ સુતારની કોઠીમાં દાણા હતા તે તેણે ઘણાં વર્ષો સુધી ખાધા છતાં પણ ખૂટ્યા ન હતા. પછી એકવાર તેની પત્નીએ કેટલાક દાણા છે ? તે જોવા સારુ ઢાંકણું ખોલ્યું પછી દાણા ધીરે ધીરે ખૂટી ગયા. એ કોઠી વિરજીભાઈના પરિવાર પાસેથી ત્યાંના દરબાર ભીમસંગભાઈએ મકાન લીધું ત્યાં સુધી હતી.

આવા આ પ્રસાદીના ગામમાં ત્યાં જાડેજા કુળમાં જ જન્મેલા પૂ.રામસ્વરૂપસ્વામી(મૂળી)એ મંદિર બંધાવ્યું. તેમાં એક બાજુ જૂની મૂર્તિ પધરાવી છે. તેમાં મહારાજ સાથે બન્ને આચાર્યો તથા ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો છે. વચ્ચે હરિકૃષ્ણ મહારાજ તથા રાધા-કૃષ્ણ દેવની મૂર્તિઓ છે. અને ડાબી બાજુ મહારાજ તથા મહારાજની એક બાજુ બ્રહ્માનંદસ્વામી અને બીજી બાજુ ભાયાત્માનંદસ્વામીની મૂર્તિ સિંહાસનમાં સ્થાપેલી છે. અત્યારે આ ગામના મોટા ભાગના જાડેજા દરબારો નિત્ય સવાર-સાંજ મંદિરમાં જાય છે, ભજન-ભક્તિનું ભાથું બાંધે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'નાના લાખાણી ગામમાં શ્રીહરિએ પુરેલો પરચો કહ્યો' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય-૮

ઉદેસિંહનો ગૃહત્યાગ

ઉદેસિંહ નાનપણથી જ વિરક્ત હતા. પોતે રાજકુમાર હોવાથી માતા-પિતા તેમને લાડકોડથી ઉછેરતા હતા. પોતે ગામધણી યુવરાજ હોવા છતાં રાજ-કાજ કે રાજકીય ખટપટોથી સદા વિરક્ત રહ્યા અને

સદૈવ ભજન-ભક્તિમાં નિમગ્ન રહ્યા. નાનપણથી જ સત્સંગ ગમે, સંતો ગમે અને સત્સંગ દૃઢ થાય તેમ જીવન કેળવ્યા કરતા હતા. કારણ કે, તેમને નાનપણથી જ આત્મકલ્યાણની અને પ્રભુપ્રાપ્તિની તીવ્ર ઝંખનારૂપી જ્યોત જાગી હતી. કેમ જે, તેઓ પૂર્વજન્મના પ્રબુદ્ધ મુનિનો અવતાર હતા. અને તેથી જ,

પૂર્વછાયો : **સંતો વ્હાલા બહુ લાગતા, ગમતો અતિ સત્સંગ;**
ભક્તિ હતી પૂર્વ જન્મની, હતો ઉત્સાહ અભંગ...૨૧

કુટુંબીઓનો આગ્રહ હોવા છતાં લગ્ન ન કર્યાં. વિશ્વના કોઈ પદાર્થમાં તેમનું મન ચોંટ્યું નહોતું. તેમને યુવાવસ્થાએ સંસારની અસારતા સમજાઈ ગઈ. **'મારે આ દેહે કરીને એક ભગવાનને જ પામી જવું છે. મારો જન્મ કેવળ પ્રભુપ્રાપ્તિ માટે જ છે. દેહના કે વિષયના સુખ મારે હરામ છે.** જો હું કોઈ વિષય-પદાર્થમાં મન ચોંટાડું તો મારો જન્મારો એળે જાય.' આ વિચારમાં પોતાનું ધ્યેય નક્કી થયું. તેથી જ

દોહા : **ઠરાવ કર્યો દૃઢ ઉરે, કરવો જગમાં ખાર;**
જગે સારા થવા માટે, મારો નથી અવતાર...૨૨
સારમાં સાર હરિ મૂર્તિ, તેમાં જ કરવો પ્યાર;
હું મારું ને સારાપણું, ધરવું મૂર્તિ મોઝાર...૨૩

જગતમાં સારો થાવા નહિ, પણ પ્રભુનો પ્યારો થવા માટે જ મારો જન્મ છે. આ વાતની દૃઢતા થતાં વિચાર આવ્યો કે, 'જગતનો અભાવ થાય તો જ ભગવાનમાં ભાવ થાય. ઈંડામાં રહેલા બચ્ચાને ગગનમાં ઊડવું હોય તો ઈંડાનું કોચલું તોડી નાખવું જોઈએ. તેમ મારે પરમેશ્વરને પામવા માટે આજ્ઞા-ઉપાસનારૂપી બે પાંખોથી ધામ સુધી ઊડવું હોય તો રાજપાટ અને ભોગ-વિલાસરૂપી કોચલું તોડી નાખવું જોઈએ. હવે મારે ભોગ ભોગવી જન્મ વગોવવો નથી.' આ પ્રબુદ્ધ મુનિના અવતાર એવા ઉદેસિંહના વિચારો હતા.

નિષ્કુળાનંદસ્વામી ધીરજાખ્યાન પદ-૭માં કહે છે,

અનેક દેહ ખોયા અણઅરથે, તેહ દેહ કાંયે નાવ્યા કામે;
હવે આ દેહ હરિ અરથે કરી, રાખવું છે અચળ તે આઠું જામે.
એમ દૃઢ ધીરજ ધરી કરીને, ભજે છે જેહ ભગવાન ભાવે;
નિષ્કુળાનંદ કહે એમ જાણવું, અંતે અરથ પણ એ જ આવે.

અનેક જન્મ સ્ત્રી, ધન અને કુટુંબ માટે વૃથા વગોવ્યા છે. આ એક જન્મ શ્રીહરિને સમર્પણ કરી સાર્થક કરવો છે. કોટી કોટી જન્મો સત્તા, સંપત્તિ અને સાંસારીક સુખ માટે બાતલ ગયા, ફેલ થયા; હવે આ એક દેહ સર્વેશ્વરને અર્થે ચોવિસે કલાક કરી રાખવો છે. **સર્વના ભોગે સર્વેશ્વરને પામવું જ છે,** આવો ઠેરાવ કર્યો. અને આવા ઠેરાવ વિના આધ્યાત્મિક માર્ગે ટકાય નહિ. કેમ જે, જ્યારે જગતના, સંબંધીઓના, દેહના, ઈન્દ્રિયોના કે મનરૂપી કુસંગના ધક્કા લાગે ત્યારે ખોખલા ઠેરાવો તૂટી જાય. અહિંયાં તો સહુ મતલબના છે. મા, બાપ, સ્ત્રી, સગા, સંબંધી કે ગામના કોઈ હાથમાં નાળિયેર આપી શ્રીહરિને માર્ગે કેસરિયા કરવાની રજા ન આપે. સહુ સ્વાર્થ હોય ત્યાં સુધી કામ કઢાવે અને અંતે ભેગા મળી બે-પાંચ મણ લાકડાંમાં સ્મશાનમાં સળગાવી દે. આ દેહ સ્મશાનની ચિતામાં સળગેલી રાખથી અધિક કાંઈ નથી, પણ મોહ છૂટવો કઠણ છે. ઉદેસિંહ જેવો ઠેરાવ થાય ત્યારે વાસના જાય. નમાલા લોકોનું કામ નથી. જે વાસના અને મોહ છોડે તે જ સાચો મર્દ છે. સંતો કહે છે,

માયા મોટી નાગણી, છોરું પોતાના ખાય;
તેમાંથી જે ઊગરે, તે મોટો મણિધર થાય.

અમુક નાગણી કુંડાળું કરીને તેમાં ઘણાં ઈંડાં મૂકે. પછી બચ્ચાં સેવાતા જાય તેમ ખાતી જાય, પરંતુ તેમાંથી એકાદ કણો છટકી જાય તો તે મોટો મણિધર નાગ થાય. તેમ જે માયાના કુંડાળામાંથી બહાર

નીકળે તે વિશ્વવંદનીય પુરુષ થાય. માયા મૂકવી અને મહારાજને પામવું, એટલું જ કરી કરીને કરવાનું છે. જેમ રુક્મિણીએ લાંબા હાથ કરી શ્રીકૃષ્ણ ભગવાનને કહ્યું, 'હવે મને ઉપાડી લ્યો. હું શીશુપાલ માટે નહિ, પણ તમારા માટે જન્મી છું.' તેમ આપણે આપણો આત્મા પ્રભુને દઈ દેવો જોઈએ. અને ઉદેસિંહની જેમ ઠેરાવ કરવો જોઈએ કે, 'હે નાથ ! હું તારા માટે જન્મ્યો છું અને તને પામીને જ જંપીશ.'

પછી શૂરવીર ઉદેસિંહે પરમેશ્વર સુધી દૃષ્ટિ પહોંચાડી. એક દિવસ વહેલા ઊઠી વૈરાગ્યના વેગથી ઘરબારનો ત્યાગ કરી જેમ નદી સાગરને મળવા ચાલી નીકળે તેમ સાક્ષાત્ પ્રભુનાં દર્શન કરાવે તેવા સદ્‌ગુરુની શોધ કરવા માટે ચાલી નીકળ્યા.

ચોપાઈ :

મને ક્યાં મળે એવા સદ્‌ગુરુ રે, જેથી થાય કલ્યાણ મારું પુરું રે;
એવા હરિને વ્હાલા મળે સંત રે, જે ભેટાડે પ્રગટ ભગવંત રે...૨૪

જેના અંતરમાં સતત સંસાર મૂકવાની ઈચ્છાના રણકારા વાગે તેને મુમુક્ષુ કહેવાય. જેને આવી વાતની અસર થાય તેની કસર જાય. જેને કોઈ વાતની અસર જ ન થાય તેને સત્સંગ, શાસ્ત્રો કે સંતો શું કામના છે ? ઉદેસિંહને કલ્યાણ કરવું છે, એટલે જેમ માંદો ડૉકટરને ગોતે તેમ તે સદ્‌ગુરુને ગોતે છે.

તીર્થોમાં ફરે છે. કોઈ મોટા સાધુનું નામ સાંભળે તો તેની પાસે જાય છે, જૂએ છે. તેમની સેવા-ભક્તિ કરે છે. તેમની પાસે જેટલું મળે એવું હોય તેટલું શીખે છે. આમ, ગૃહત્યાગ બાદ આઠ-દશ વર્ષનું તીર્થાટન કરી યોગ-સાધના તથા સાધુનો સમાગમ કર્યો, છતાં પોતાની મનોકામના પૂર્ણ ન થઈ. પછી પોતાની રીતે સાધુ બની ગયા. તીર્થ-સ્થળોમાં વિચરતા **સૌરાષ્ટ્ર**માં આવ્યા. ત્યાં **રામાનંદસ્વામી**નું મિલન થયું. થોડો સમય સાથે રહ્યા. વળી, તીર્થયાત્રા કરવા નીકળી ગયા.

પરંતુ હવે હૈયામાં હરિમિલનની તીવ્ર ઝંખના વધવા લાગી. જાણે કે એનો અંતર આત્મા આ રીતે પોકારવા લાગ્યો.

(ઢાળ : જીવનને તુચ્છ કરી નાખમાં હો જીવડા)

નાથ મને દયા કરી મળજો હો વાલમા...નાથ મને(૨)
અંતરના શત્રુ સર્વે દળજો હો વાલમા, નાથ મને...ટેક.

કેદિ મળશો કાન મને જાણીને તમારો;
બાથમાં લઈને મને ભીડજો હો વાલમા...નાથ૦ ૧

વાટડી જોઉં છું હું તો રાત દિન તારી;
તમારો વિયોગ હવે ટાળજો હો વાલમા...નાથ૦ ૨

જ્ઞાનજીવન રડે મારી આંખો તારે માટે;
તમારો જાણીને મળી પાળજો હો વાલમા...નાથ૦ ૩

આવી રીતે અંતરના આર્તનાદથી પરમેશ્વરની પ્રાર્થના કરે છે. નાભિમાંથી નીકળેલો પ્રેમ અને પ્રાર્થનાનો પ્રવાહ પ્રગટ પુરુષોત્તમનારાયણ સુધી પહોંચી ગયો. શ્રીહરિએ ઉદેસિંહની પ્રાર્થના સાંભળી.

આમ પ્રાર્થના કરતા કરતા ઉદેસિંહ જૂનાગઢ ગિરનારનાં દર્શન કરી પાછા ફર્યા. ત્યાં સાંભળ્યું કે, **સ્વામિનારાયણ કરીને ભગવાન પ્રગટ થયા છે.** ત્યાં તેના કાન ચમક્યા અને એમની જ પ્રાર્થનાથી અંતરમાં બિરાજેલ શ્રીહરિએ આ વાતની હા પડાવી તેથી તરત જ નિશ્ચય થયો અને વિચાર આવ્યો કે, ‘હું જેની શોધમાં છું તે પ્રભુ પ્રગટ પ્રમાણ વિચરે છે ! ઘણા લોકો તેમને અક્ષરથી પર સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ કહે છે. તેમનાં દર્શનથી ઘણાને સમાધિ થાય છે. તેથી એ દિવ્ય અલૌકિક મૂર્તિનું અનેક ભક્તો ધ્યાન-ભજન કરે છે, એમને સેવે છે. તે અત્યારે **મેઘપુર**માં બિરાજે છે.’ જેમ ઝાડ-પહાડને તોડતી ગંગા સાગરને મળે છે, તેમ અનેક આપત્તિઓ અને મનની માન્યતાઓરૂપી પહાડોને તોડી આ મુમુક્ષુરૂપી ગંગાએ

સહજાનંદરૂપી સાગરને મળવાની દિશા પકડી. અને તુરંત **સં.૧૮૫૯માં સોરઠના મેઘપુર ગામે** આવ્યા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ઉદેસિંહને વૈરાગ્ય થયો તથા ગૃહત્યાગ કર્યો' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય-૯

ઉદેસિંહમાંથી આત્માનંદસ્વામી

દોહા : **સર્વોપરી જે શ્રીહરિ, મળ્યા એને પ્રથમવાર;**
તે ખુદે લખ્યું નિજ વાતે, એ સુણો સહુ નરનાર...૨૫

સર્વોપરી શ્રીહરિના પ્રથમ મિલનની વાત તેમણે પોતે જ પોતાની વાતમાં લખી છે. તે તેમના શબ્દના આધારે આપણે વાંચીએ. સ્વામી કહે, "પહેલાં મારે મેઘપુરમાં મહારાજનાં દર્શન થયાં. ત્યારે મહારાજ નારાયણ સોનીના ફળિયામાં પોતિયાભર બિરાજેલા હતા. ને છોકરાને સમાધિ કરાવતા હતા. કેમ જે, ત્યારે સમાધિ પ્રકરણ ચાલતું હતું."

સં.૧૮૫૮માં શ્રીહરિ ગાદીએ બેઠા પછી ઐશ્વર્યના દોર છૂટા મૂક્યા. પાંચ વર્ષ સુધી નાના-મોટા, સ્ત્રી-પુરુષ કે નાત-જાતના ભેદભાવ વિના સહુને સમાધિ કરાવતા. **તે સમયે સં.૧૮૫૯માં મેઘપુર ગામમાં પ્રથમવાર ભગવાન શ્રીસ્વામિનારાયણના ઉદેસિંહને દર્શન થયા.** પ્રથમ દર્શને અંતરમાં ભક્તિના પૂર ઉમટ્યા. આશરે ૬૦ વર્ષની ઉંમરે પહોંચેલા **ઉદેસિંહે** વીસ વર્ષના યુવાન સહજાનંદસ્વામીના ચરણોમાં પોતાની જાતને સમર્પિત કરી. તેમના હૈયે પ્રથમ મિલનમાં જ હા પડી ગઈ કે આ ભગવાન છે.

પ્રગટ ભગવાન હોય અને આમ સહજમાં તેની નિષ્ઠા થાય અને સમર્પણ થઈ જાય તે ભલભલા માટે કઠણ છે. અવતારો તો અનેક થયા છે, પણ આવા નિષ્ઠાવાન અને સમજુ ભક્તો ઓછા થયા છે.

રામ અને કૃષ્ણાવતાર વખતે પણ કો'કને જ તે સમજાણા હતા. અને સમજાણા પછી સમર્પિત તો બહુ ઓછા થયા હતા. ભીષ્મપિતાને શ્રીકૃષ્ણ સમજાણા હતા, પણ સમર્પણ ન હતું એટલે પ્રભુ સામે લડ્યા.

જ્યારે સ્વામિનારાયણ ભગવાનના વખતે તો લાખોની સંખ્યામાં સંતો-ભક્તોએ તેમને પ્રગટ ભગવાન તરીકે ઓળખ્યા અને વળી સમર્પિત થઈ ગયા. એ જ તેમની સર્વોપરીતા સૂચવે છે. ૨૦ વર્ષના યુવાન શ્રીહરિને ૬૦ વર્ષના ઉદેસિંહે પ્રથમ દર્શને જ ઓળખી લીધા અને સમર્પિત થયા એ નાનો પરચો ન કહેવાય. કેમ જે, મનમાં એમ થાય કે, 'હું કેટલાય ધર્માચાર્યોને મળેલો, યોગ શીખેલો, તીર્થો ફરેલો; તે આવા ૨૦ વર્ષના યુવાનને કેમ સોંપાઈ શકું ?' પરંતુ આ તો સ્વામિનારાયણ ભગવાનનો પ્રતાપ હતો. અને આ તો પ્રભુ માટે જ જન્મ્યા હતા. એટલે તેણે શ્રીહરિને પોતાને દીક્ષા આપવાની વિનંતિ કરી. શ્રીહરિએ તેમને ત્યાં જ દીક્ષા આપી અને **'આત્માનંદસ્વામી'** નામ પાડ્યું. સ્વામી મોટી ઉંમરે સાધુ થયા તેથી સહુ તેમને **'મોટા આત્માનંદસ્વામી'**ના નામે ઓળખતા હતા.

પછી મહારાજે તેમને કહ્યું, 'ધ્યાનમાં બેસો.' એટલે થોડીવાર ધ્યાન કર્યું. પછી સાંજને સમયે ના'વા ગયા. નાહીને પાછા આવ્યા ત્યારે મહારાજે રામદાસસ્વામીને પૂછ્યું, 'આત્માનંદસ્વામીને લાંબો સમય ધ્યાનમાં બેસાશે ?' ત્યારે તેમણે કહ્યું, 'હા.' પછી સ્વામીને ધ્યાનમાં બેસાડ્યા અને ભજન કરવાની રીત બતાવીને કહ્યું, **'અંતરમાં દૃષ્ટિ રાખો ને જીભ હલાવ્યા વગર ભજન કરો.'** પછી તેમ ભજન કર્યું એટલે ભજનમાં સૂરતા લાગી ગઈ. ત્યારે મહારાજે પૂછ્યું જે, 'ભજન થાય છે..?' ત્યારે તેમણે કહ્યું જે, 'ભજન કરીએ તો થાય.' ત્યારે મહારાજે કહ્યું, **'આ રીતે ભજન-સ્મરણ કરજો અને અંતરદૃષ્ટિ રાખજો. તથા નિશ્ચય રાખજો ને આનંદમાં રહેજો.'** *(સંદર્ભ : ભાયા.વાત : ૧-૨)*

માયા છૂટવી સહેલી છે, પણ મહામાયા છૂટવી કઠણ છે. સંસારના વ્યવહાર છૂટવા સહેલા છે, પણ ત્યાગી થઈ મંદિરોના કે સંસ્થાઓના વ્યવહારમાં જોડાયા પછી ત્યાંથી પાછું વળવું કઠણ છે. કેમ જે, ભલભલા ત્યાગી અહીંયા છેતરાણા છે. એના મને એને એમ રમાડ્યા છે કે, 'આ બધું હું ભગવાન માટે જ કરું છું.' પરંતુ વાસ્તવિક ઊંડું વિચારે તો જ ખ્યાલ આવે કે આ માન-મોટપ માટે જ થાય છે. 'મેં કર્યું, હું આવો મહાન છું, પાછળથી બધા મને યાદ કરશે, મારું નામ અમર રહેશે.' એમ પોતાનો મહિમા વધારવા જ લગભગ ક્રિયાઓ થતી હોય છે. તે ત્યાગાશ્રમમાં ઓળખાવી કઠણ છે. અને ગૃહસ્થને તો સંસાર ચોખ્ખો માયા જ લાગે છે. આ રીતે મંદિર, સંસ્થા, આશ્રમ વગેરે ત્યાગીએ ઊભી કરેલી આ દુનિયામાં રહેલી માયા ત્યાગીને કળવી કઠણ છે.

સંસારનું કૂટણું તે માયા છે. તે માયાને છોડીને ભગવાન ભજે તે કરતાં સત્સંગની મહામાયાને છોડીને ભગવાન ભજે, તે બહુ મોટો છે. **જો એક પ્રભુપ્રસન્નતા સિવાયના બીજા કોઈપણ સ્વાર્થથી સત્સંગ, સંસ્થા, મંદિર કે આશ્રમને લગતી સેવા પ્રવૃત્તિ કરવામાં આવે તો તે મહામાયા છે.** શ્રીહરિએ ભાયાત્માનંદસ્વામીને બંને માયાથી મુક્ત કરી ભજનની રીત બતાવી. જેમ પૈસા રળવા તે એક ટેકનિક છે, તેમ પ્રભુમાં દિલથી જીવને જોડી દેવો તે પણ એક ટેકનિક છે. તે યુક્તિ શ્રીહરિએ સ્વામીને શીખવી અને તે તેમને ફીટ પડી ગઈ.

આખા ભાગવતની પારાયણ સાંભળતા જે અસર ન થાય એટલી અસર તેમને શ્રીહરિએ કહ્યું કે, **'અંતરદૃષ્ટિ રાખી ભજન કરજો.'** એટલી વાતમાં થઈ. કેમ જે, એ શબ્દ બોલનારાની તથા સાંભળનારાની અદ્‌ભુત તાકાત હતી. તલવાર તો એક જ હોય પણ રણશીંગા ફૂંકાય અને યુદ્ધની નોબત વાગે ત્યારે ફોશીના હાથમાં હોય તો પડી જાય અને શૂરવીરના હાથમાં હોય તો સો-બસોનાં માથાં કાપે. તેમ એક જ શબ્દ

હોય પણ તેને બોલનારાની અને સાંભળનારાની જેવી સ્થિતિ હોય તે પ્રમાણે અસર થાય છે. **તેમ સ્વામીને 'અંતરદષ્ટિ રાખી જીભ હલાવ્યા વગર ભજન કરજો.' આ શબ્દની અસર આજીવન રહી.**

પછી શ્રીહરિએ કહ્યું, **'હવે આ નિશ્ચય રાખજો. તે શું ? તો હું જે તમને પુરુષોત્તમનારાયણ મળ્યો છું, તે તમારું ચોક્કસ કલ્યાણ કરીશ. આ વાતને ફગવા દેતા નહીં. તો અખંડ આનંદમાં રહેવાશે.'** એટલે શ્રીહરિએ કહ્યું હતું કે આનંદમાં રહેજો. આ વાત શ્રીહરિએ તેમને સં.૧૮૫૯માં કીધેલી. ત્યાર બાદ તેમણે આશરે ૪૦-૪૫ વર્ષ પછી પુસ્તક લખ્યું. ત્યારે પણ તે શબ્દો તેમના અંતરમાં તેવા જ ચોખ્ખા ચિતરાયેલા હતા. એટલે પ્રથમ મુલાકાતની વાત પણ આબેહૂબ તેમણે લખી છે.

ત્યાંથી લાગી પ્રગટમાં પ્રીત રે, ચોટ્યું પ્રગટ હરિમાંહી ચિત્ત રે;
થયા સમાધિમાં દિવ્ય દર્શન રે, તેથી સંતોષ પામિયું મન રે...૨૬

જ્યારે મેઘપુરમાં નારાયણ સોનીના ફળિયામાં એક ધોતી પહેરીને બેઠેલા શ્રીહરિમાં તેમનું ચિત્ત લાગ્યું. ત્યારે તરત તેમને સમાધિ થઈ ગઈ હતી. તેમાં શ્રીહરિનાં દિવ્યદર્શન થવાથી પરમ સંતોષ થયો હતો અને દઢ નિશ્ચય થઈ ગયો હતો કે, 'આ ૨૦ વર્ષના સહજાનંદસ્વામી નિશ્ચે ભગવાન છે.' પછી સ્વામી શ્રીહરિને પ્રગટ પ્રભુ જાણીને શ્રીહરિની આજ્ઞા પ્રમાણે વર્તવા લાગ્યા.

પરંતુ જ્યારે તેઓ ૬૦ વર્ષની ઉંમરે શ્રીજી પાસે આવ્યા ત્યારે તેમના ઘણાખરા દાંત પડી ગયેલા હતા. તે જોઈ શ્રીહરિ કહે, "અત્યારથી દાંત પડી ગયા તે સારું નહીં." **તે જ રાત્રે સ્વામીને નવા દાંત ફૂટ્યા હતા. તે ૧૧૭ વર્ષની ઉંમરે સ્વામીએ દેહ છોડ્યો ત્યાં સુધી તે સુદઢ રહ્યા હતા. જૂના સંતો કહેતા કે સ્વામી રહ્યા ત્યાં સુધી શેરડી ખાતા હતા.**

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ઉદેસિંહ દીક્ષા લઈ આત્માનંદસ્વામી બન્યા' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય-૧૦

ધ્યાન ધારણા તો ભગવાનની આજ્ઞામાં છે

દોહા : **સ્વામી રાચ્યા સત્સંગમાં, આનંદનો નથી પાર;**
હરતા ફરતા મહાલતા, મળે હરિદર્શન પ્યાર....૨૭

વળી, એકવાર મહારાજના દર્શને સ્વામી ફરેણી ગામમાં આવ્યા. ત્યાં મહારાજને પૂછવાનું તેમને ઘણું મન થાય, પણ સંકોચને કારણે પૂછી શક્યા નહીં. પછી મહારાજ લઘુશંકા કરવા ગયા ત્યારે રામદાસસ્વામીને વાત કરી કે, 'મારે મહારાજને પૂછવું છે, પણ બોલી શકાતું નથી.' ત્યાં મહારાજ પાછા આવ્યા. અને ભાઈરામદાસસ્વામીને કહ્યું, 'આત્માનંદ સ્વામીએ શું પૂછ્યું ?' ત્યારે તે કહે, 'કાંઈક સવૈયો કે'તા.'

એટલે મહારાજે કહ્યું, 'તે કોનો કરેલો છે ?' ત્યારે આત્માનંદસ્વામી બોલ્યા જે, 'એ તો દિલ્હીમાં ચરણદાસ થઈ ગયા તેનો કરેલો છે.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એને શુકજી મળ્યા છે ?' ત્યારે સ્વામી કહે જે, 'એના મતવાળા કહે છે મળ્યા છે.' પછી મહારાજે કહ્યું, 'એ સવૈયામાં શી વાત છે ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'મૂળ શોધીને અપાન વાયુને પાછો તાણે. પછી પાન અપાનને ભેળો કરીને દશમે દ્વાર ચડી જાય, ત્યાં કાળનો ભય નથી.'

પછી મહારાજ બોલ્યા જે, "તે તો હઠજોગની વાત છે. અને તેમણે તમને શું શું શીખવ્યું હતું ?" કેમ જે, સ્વામી પહેલાં ચરણદાસના અનુયાયીઓ ભેળા રહેલા અને થોડી યોગસાધના વગેરે શીખેલા તે શ્રીહરિ જાણતા હતા એટલે પૂછ્યું. ત્યારે સ્વામીએ કહ્યું જે, "નેતી, ધોતી, ગજક્રિયા, શંખપ્રક્ષાલન આદિક ક્રિયા શીખવી હતી." પછી મહારાજ બોલ્યા જે, "એ તો પૂર્વે મોટા થયા તેમણે હઠજોગ પ્રવર્તાવ્યો છે. તે ક્રિયા કરતાં કરતાં કોઈકને સિદ્ધિ થઈ છે અને **આજ તો કૃપાસાધ્ય છે. માટે અનંતને સમાધિ થાય છે.** (અર્થાત્ હું સાક્ષાત્ પુરુષોત્તમનારાયણ

આજ મારી ઈચ્છાથી કેવળ કૃપાથી જ સહુને સાધ્ય છું.) તે આ બ્રહ્માંડમાં પ્રસિદ્ધ થઈ છે. માટે આજ તો હઠજોગી કોઈ નથી અને જો હોત તો આવ્યા વિના રહેત નહીં. શા માટે જે, ગોરખનાથ હઠજોગી હતા. તે કબીરની વાણી સાંભળીને કાશીમાં ગયા ને એ બે ત્યાં મળ્યા. એ બેયના સંવાદનો ગ્રંથ છે."

એટલે શ્રીહરિ કહે છે કે, 'આ ટાણે જો કોઈ હઠયોગી હોય તો તે મને મળ્યા વગર રહે જ નહીં. કેમ જે, મેં જે સમાધિ પ્રકરણ ચલાવ્યું છે, તે વાત આખા જગતમાં પ્રસિદ્ધ થઈ છે. એ વાત હઠજોગીને કાને અથડાય તો તે કોઈનો રોક્યો રોકાય નહીં.' પણ આ વાત પરથી શ્રીહરિ એવું કહેવા માગે છે કે, હવે એવા કોઈ હઠયોગી જગતમાં છે નહિ, જે છે તે સર્વે સત્સંગમાં છે.

એટલી વાત કહીને પછી શ્રીહરિ હરિજનને ઘેર જમવા પધાર્યા. તે હરિજન ખૂબ પ્રેમી હતા. તેથી અઢી શેર ઘી હતું, તે બધું શ્રીહરિના પત્તરમાં પીરસ્યું. ત્યારે રામદાસજી બોલ્યા જે, "આટલું બધું કેમ પીરસ્યું ?" ત્યારે મહારાજ કહે, "ભલે પીરસ્યું." પછી મહારાજ એમને એમ સવા કીલો ઘી પી ગયા. પછી જમીને ઉતારે આવ્યા. અને ઢોલિયા ઉપર ઉગમણે મુખારવિંદે બિરાજમાન થયા અને બોલ્યા જે, "આ કાગળ મોકલવો છે તે કોના ભેળો મોકલશું ?"

પછી આત્માનંદસ્વામી સામે જોઈને કહ્યું, "તમે સરધાર જાઓ." ત્યારે સ્વામી શ્રીહરિને પગે લાગીને ચાલ્યા. ત્યારે મહારાજ બોલ્યા જે, **"હે આત્મારામ ! આજ તો ધ્યાન, ધારણા અને સમાધિ તે ભગવાનની આજ્ઞામાં રહી છે."** આ વચનો સ્વામીના અંતરમાં ઊંડાં ઊતરી ગયાં. પછી તો સદા તેઓ વચનમાં જ રહ્યા. અને પછી તેમને જે ફરીને સમાધિની ઈચ્છા હતી તે મહારાજના આ વચનથી ટળી ગઈ. ઈચ્છાઓ પૂર્ણ થઈ તેથી અંતરમાં આનંદ છવાયો. અને,

દોહા : **અહિંથી તેના અંતરમાં, વચનની લાગી ખટક;**
જીવ્યા ત્યાં સુધી પાળતા, વચનને થઈ કડક..૨૮
કહેવાણા વચનમૂર્તિ, સ્વામી ભાયાત્માનંદ;
હરિઆજ્ઞા પાળવામાં, પડ્યા નથી તે મંદ..૨૯
સ્વામી જેમ જ આપણે, પાળવા જોઈએ વચન;
ધર્મ-નિયમને પાળતા, મોક્ષ થાય નિરવિઘન...૩૦
હરિરાજીપો બહુ મળે, નિર્ભય રહે જીવન;
સહુ આનંદનું મૂળ છે, પ્રગટ હરિનાં વચન...૩૧

સર્વે સુખનું મૂળ શ્રીહરિનાં વચન છે. જે આજ્ઞામાં રહે છે તેને ભગવાન જેવો આનંદ આવે છે. માટે આજ્ઞાનું મૂલ્ય સમજવું. શ્રીહરિએ શિક્ષાપત્રીમાં કહ્યું છે કે, **मद्रुपमिति मद्वाणी, मान्येयं परमादरात् ।** મારી વાણી તે મારું સ્વરૂપ છે. આમ ભગવદ્ આજ્ઞાનું મહત્ત્વ સમજી મનગમતું છોડી હરિગમતામાં રહેવું. ભગવાન જેમ ચૈતન્યની મૂર્તિ છે, તેમ ભગવાનની આજ્ઞાઓ પણ તેમનું મૂર્તિમાન સ્વરૂપ છે. માટે જેમ મૂર્તિના દર્શન કરી અંતરમાં ધરીએ છીએ તેમજ શ્રીહરિની આજ્ઞાને ચૈતન્યની મૂર્તિ સમજી અંતરમાં ધારવી તો સુખે આજ્ઞા પળશે. અને આજ્ઞા પળશે તો સર્વે દુઃખો ટળશે. *(સંદર્ભ : ભાયા.વાત.૬-૭)*

વળી એકવાર મહારાજ બંધિયા ગામે ડોસા વાણિયાના ફળિયામાં રામાનંદસ્વામી છતાની ઓરડી હતી ત્યાં ઢોલિયા ઉપર ઉત્તરમુખે બેઠા હતા. ત્યારે આત્માનંદસ્વામીએ પૂછ્યું જે, "જીવનું રૂપ કેવું હશે ?" પછી મહારાજ દીવા સામું જોઈને બોલ્યા જે, "આ દીવો શી વસ્તુ છે ? તો કોડિયું, વાટ, અગ્નિ, તેલ એ સર્વે મળીને દીવો એવું નામ છે. ને એ અગ્નિ કેવો સમર્થ છે ? તો સર્વને બાળે તેવો છે. તેમ એ જીવ છે તે સમર્થ છે, ચૈતન્ય છે પણ દેહને અભિમાને કરીને અહં-મમતાને કારણે જન્મ-મરણ ભોગવે છે. જેમ ઘાસના પૂળામાં અગ્નિ

ઝિલાય નહિ, તેમ દેહરૂપમાં શ્રીહરિ રહેતા નથી. બ્રહ્મરૂપ થાય તેને જ અખંડ શ્રીહરિનો અનુભવ રહે છે.

દોહા : **માટે દેહભાવ ટાળી, ભક્તિ કરો થઈ બ્રહ્મ;**
તો જ ધારણ કરી શકાય, પ્રગટ શ્રીપુરુષોત્તમ...૩૨

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, "જૂનાગઢનું મંદિર તૈયાર થયું ત્યારે અમે મૂર્તિઓ લેવા સલાટ પાસે માણસ મોકલ્યા. પછી સારામાં સારી મૂર્તિઓ જોઈને કહ્યું, 'આ અમારે લેવી છે.' ત્યારે સલાટે કહ્યું, 'આવી મૂર્તિઓ તો લાખો રૂપિયાનું મંદિર હોય ત્યાં પધરાવાય.' ત્યારે ભક્તો કહે, 'એવું જ મંદિર છે, માટે માગીએ છીએ.' એ તો દૃષ્ટાંત છે તેનો સિદ્ધાંત જે, આપણે બ્રહ્મરૂપ થયા વિના પુરુષોત્તમનારાયણને પધરાવશું ક્યાં ? જેમ સોનાના પાત્રમાં જ સિંહણનું દૂધ રહે, તેમ બ્રહ્મરૂપ થાય તેમાં જ ભગવાન અખંડ રહે છે. માટે અખંડ મહારાજનો આનંદ માણવો હોય તો બ્રહ્મરૂપ થાવું. દેહરૂપથી હરિ દૂર રહે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીને શ્રીહરિએ ધ્યાન-ધારણા તો ભગવાનની આજ્ઞામાં છે એમ કહ્યું' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય-૧૧

સત્સંગરૂપી જહાજ

સં.૧૮૯૨માં ધોરાજીમાં હુતાશનીનો સમૈયો કરવાનું નક્કી થયું. તેથી સંતો ત્યાં તૈયારી માટે પધાર્યા. પછી મહારાજ જેતપુર, સાંકળી થઈ ધોરાજી પધાર્યા. પછી સંતો આવે છે એવું સાંભળીને મહારાજ તેમની સામે ગયા ને ભાદર નદીના કિનારે ભેળા થયા. સામેથી સંતોને આવતા જોઈને મહારાજ ઘોડેથી ઊતર્યા ને સર્વે સાધુને ભાવથી ભેટ્યા. પછી સાધુએ કહ્યું, "હે મહારાજ ! ઘોડે બેસો." એટલે મહારાજ કહે, "પગ અકડાઈ ગયા છે તેથી પગપાળા ચાલશું."

પછી મહારાજ સંતો સાથે ચાલ્યા ત્યારે રસ્તામાં આત્માનંદસ્વામી પ્રત્યે બોલ્યા જે, "હે સ્વામી ! આ સમામાં સત્સંગનું કામ ભારે છે. જેમ કોઈ મોટો શાહુકાર હોય તે માલ ખરીદવા મોટું જહાજ લઈને પરદેશ જાય છે ને તેને ઊંડા પાણીમાં ઊભું રાખી હોડીએ કરીને ઊતરીને કાંઠે આવે. પછી સમુદ્રના કિનારાના મોટા શહેરો હોય તેમાંથી માલ ખરીદે. તેમાં પ્રથમ સારો માલ લે, ને તેથી જહાજ ન ભરાય તો તેથી ઊતરતો માલ ખરીદે, ને તેથી ન ભરાય તો છેવટે પાણા પણ ભરે; તેમ **અમે સત્સંગરૂપી મોટું જહાજ લાવ્યા છીએ. તે કેવડું છે ? તો મોટા શહેર જેવડું છે. તે પ્રથમ ઉત્તમ મુમુક્ષુરૂપી માલ ભરશું, પછી સોના-ચાંદીરૂપી માલ ભરશું."** આ વાતને શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર અ.૧૦ માં માધવદાસસ્વામીએ આ રીતે લખી છે.

તોય પણ ન ભરાય કહું, લાવે તેથી ઊતરતો બહુ;
એમ કરતાં ન ભરાય જહાજ, ભરે પાણી ધૂળ બેક ઝાઝ.
કેમ જે ભાર પૂરો થયા વિના રે, ડોલે વહાણ ચાલે ન કિનારે;
તેમ સંસાર રૂપી સાગર, વિષય વિકાર જગ ગહવર.
ધન સ્ત્રીનાં મટકાં પ્રમાણો, એ જ સાગરના લોઢ જાણો;
નાવ વિના બૂડ્યા કંઈ જન, ત્યારે આવ્યા પોતે ભગવન.
એમ સત્સંગરૂપી મોટો જહાજ, શાહુકારના ઠેકાણે મહારાજ;
મોટા મોટા સંત તે ખેવટ, હરિની કૃપા છે વાયુ સમસ્ત.
મત પંથરૂપી મોટા શહેર, ઉત્તમ માલ મુમુક્ષુ બહુ પેર;
હરિના સંકલ્પરૂપી હુંડી કહાવે, તેમાં ભરી ભરીને માલ લાવે.
પ્રથમ ઉત્તમ મુમુક્ષુને લઈ, પછે મધ્યમ પણ લાવે કંઈ;
કનિષ્ટ ઊતરતા માલ ઠેકાણે, તેને પણ લાવી ભર્યા વહાણે.
વિષયી પામર ધૂડ્ય પાણા જેવા, તેને પણ સત્સંગમાં લેવા;
એવો વાલાનો સંકલ્પ સહી, માટે લીધા વિના ચાલે નહીં.

હરિ કહે સાગરથી ઉજ્જૈન જાણો, નર્ક કોઈ જીવ ન જાય પ્રમાણો;
એવાં વાલમે વચન કીધાં, સર્વે સંતે સત્ય માની લીધાં.

શ્રીહરિને સહુને ધામમાં લઈ જવા છે. અનંત જીવનો ઉદ્ધાર કરવો તે મહારાજનો સંકલ્પ છે. અને આ શ્રીહરિના સંકલ્પરૂપી હોડીમાં આપણે બેસશું તો મહારાજ આપણને સત્સંગરૂપી જહાજમાં બેસાડી અક્ષરધામમાં પહોંચાડશે.

આ સંસારરૂપી સાગર કેવો છે ? તો એમાં વિષય-વિકારરૂપી મોટી ગુફાઓ કે ભમરીઓ છે. સ્ત્રી અને ધનરૂપી મોટા તરંગો ઊઠે છે અને સ્ત્રીનાં લટકાં-મટકાં જીવને ખેંચે છે અને ધનના લોઢ જીવને તાણી લે છે. એમાં સત્સંગરૂપી નાવ વિના લાખો ને કરોડો જીવો ડૂબી મર્યા છે. ત્યારે કરોડો જીવના કલ્યાણ માટે શ્રીહરિ પોતે સત્સંગરૂપી નાવ લઈને આવ્યા છે. આ નાવના માલિક મહારાજ છે. સંતો ખેવટિયા છે અને શ્રીહરિની કૃપાથી મતપંથરૂપી શહેરોમાંથી શ્રેષ્ઠ મુમુક્ષુરૂપી માલ લાવે છે. અને જેમ નિભાડે નળિયું પાકે તેમ સત્સંગના ભીડામાં રાખી શ્રીહરિ સહુનું કલ્યાણ કરે છે. તે મહારાજ આત્માનંદસ્વામીને કહે, **'આ દરિયાથી ઠેઠ ઉજ્જૈન સુધી મારે કોઈ જીવને નરકે જવા દેવા નથી.'**

એમ વાત કરતાં મહારાજ ધોરાજી પધાર્યા. ક્ષત્રિય બકાભાઈ ખીમાણીને ઘેર ઉતારો કર્યો. બીજે દિવસે લાલવડ નીચે મોટી સભા કરી. ત્યારે વિશાળ સભા જોઈને આત્માનંદસ્વામીએ મહારાજને કહ્યું, 'હે મહારાજ ! સત્સંગ બહુ થયો.' ત્યારે શ્રીજીમહારાજે કહ્યું જે, 'હજી સત્સંગ ક્યાં થયો છે ?' એમ કહીને બોલ્યા જે, **'એક એક એકાંતિક સાધુ વાંસે લાખ લાખ મનુષ્ય ફરશે ત્યારે જાણીએ જે સત્સંગ થયો અને વળી બ્રહ્માંડ આખાના જીવ 'સ્વામિનારાયણ, સ્વામિનારાયણ'** ભજન **કરશે ત્યારે સત્સંગ થયો એમ જાણવું.'** એમ કહીને વળી બોલ્યા જે,

'કરોડ વહાણે કરીને એક મનવાર ભરાય એવી સો કરોડ મનવારો ભરાય એટલા જીવનું કલ્યાણ કરવું છે. તે સારુ અમે અક્ષરધામમાંથી અમારા પાર્ષદે સહિત આંહીં પધાર્યા છઈએ, પણ અમે વિચાર કર્યો જે, 'તેટલા જીવનું કલ્યાણ શી રીતે થાય ?'

પછી અમે વિચારતાં વિચારતાં એ નિર્ણય કર્યો જે, **'જે જીવ અમારું દર્શન કરે તેનું કલ્યાણ થાય. પછી વળી એમ વિચાર કર્યો જે, અમારાં દર્શન પણ કેટલાક જીવને થાશે ? માટે અમારા સાધુનાં દર્શન કરે તેનું તથા તેનો ગુણ લે તેનું પણ કલ્યાણ થાય.'** પછી વળી વિચાર કર્યો જે, 'અમારા સાધુનાં પણ દર્શન કેટલાક જીવને થાશે ? માટે અમારા સત્સંગીનાં દર્શન કરે તથા સત્સંગીને જમાડે તથા સત્સંગીને પાણી પાય તથા સત્સંગીનું પાણી પીએ તથા સત્સંગીનો ગુણ લે એ સર્વેનું અમારે કલ્યાણ કરવું છે. એવી રીતે સો કરોડ મનવારો લાવ્યા છઈએ તે ભરવી છે; પણ તે કલ્યાણમાં અનંત પ્રકારના ભેદ છે. **માટે જેટલો જીવને ભગવાનનો નિશ્ચય ને સંબંધ થાય છે તેવું જીવનું કલ્યાણ થાય છે.'** *(સંદર્ભ : સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીની વાતો : પ્ર.૪/૨૦)*

આવી વાતો તો સર્વોપરી ભગવાનથી થાય. કેમ જે, અનંત કોટિ બ્રહ્માંડ તેણે કર્યાં છે, અનંત જીવોને સુખ તે આપે છે અને ચપટી વગાડતામાં સહુનો મોક્ષ પણ સમર્થ મૂર્તિ શ્રીહરિ કરે છે. આ ભગવાનનો સંકલ્પ છે, તેમાં વિશ્વાસ રાખવામાં જ આપણું કલ્યાણ છે. માટે તેમના સંકલ્પમાં આપણે આવી ગયા છીએ એટલે આપણું જરૂર કલ્યાણ થશે. એવો વિશ્વાસ રાખવો. બીજું સમજવા જેવું છેલ્લું વાક્ય છે. શ્રીહરિ કહે, **'અમારે સહુનું કલ્યાણ કરવું છે. તે એક પ્રકારનું નથી. પરંતુ અનેક પ્રકારનું છે.'** કલ્યાણમાં અનંત પ્રકારના ભેદ છે. જે જીવ જેટલો ભગવાનનો નિશ્ચય અને સંબંધ રાખે તેવું તેનું કલ્યાણ થાય છે.

શ્રીહરિએ સારંગપુરના મુક્તભેદના ૧૭માં વચનામૃતમાં ઈન્દ્રથી માંડીને ઠેઠ અક્ષરધામના મુક્તો સુધી બધાને મુક્તો કહ્યા છે. અને બધાનું કલ્યાણ થયું એમ કહ્યું છે. પણ તે તે કલ્યાણમાં ભેદ બતાવ્યા છે. જેને જેવો ભગવાનનો નિશ્ચય તથા ભજનની સ્થિતિ બંધાય તેનું તેવું કલ્યાણ થાય. વળી, નિશ્ચયના ભેદે કલ્યાણમાં અનેક ભેદ પડે છે. સર્વોપરી નિશ્ચયવાળાનું સર્વોપરી કલ્યાણ થાય છે.

દોહા : **થાય નિશ્ચય જેવો જેને, એવું જ થાય કલ્યાણ;**
નિશ્ચય ભેદે કલ્યાણમાં, અનેક ભેદ છે જાણ...૩૩
સર્વોપરિ નિષ્ઠાવાનનો, સર્વોપરિ મોક્ષ થાય;
નિશ્ચયે જો રહે ન્યૂનતા, તો મોક્ષે ફેર જણાય...૩૪

આપણે કેવું કલ્યાણ કરવું છે ? તે વિચારીને તેવા શ્રીહરિને જાણવા. **'નિશાન ચૂક માફ, ન તાક નીચું નિશાન.'** નીચું નિશાન શું કામ તાકવું ? માટે શ્રીજીમહારાજ સર્વોપરી ભગવાન છે અને મારે તેમના સર્વોપરી એવા અક્ષરધામમાં જાવું છે અને તેમની સેવામાં રહેવું છે, આવો બળિયો સંકલ્પ રાખવો. આપણી હિંમત હશે તો શ્રીહરિ જરૂર આપણી મદદ કરશે અને રાજી થઈ સાચી સમજણ આપશે. કેમ જે,

'હિંમતે મર્દા તો મદદે ખુદા'

માટે હિંમત રાખી હરિ ભજવા.

જો હોય હિંમત રે, નરને ઉરમાંહિ ભારી;
દૃઢતા જોઈને રે, તેની મદદ કરે મોરારી.

આવું બ્રહ્માનંદસ્વામીએ કહ્યું છે. માટે આપણે સર્વોપરી કલ્યાણ પામવાનો દૃઢ ઠરાવ કરીને આજીવન તે ઈશકને વળગી રહેવું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીને શ્રીહરિએ સત્સંગનો મહિમા કહ્યો' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય-૧૨

શ્રીહરિ, સત્સંગ તથા નિયમની મહત્તા

દોહા : **પ્રીતમ પુરુષોત્તમજી, ચિદચિદ્ વિશિષ્ટ શ્યામ;**
એકદેશી સર્વદેશી, સ્વામિનારાયણ નામ...૩૫

સર્વ ધામ ધામી પોતે, સર્વ ધામ આધાર;
ધરિયા એણે કરુણાથી, જગમાં બહુ અવતાર...૩૬

અવતારી આજ આવિયા, રાજી થઈ સુખધામ;
આત્યંતિક મોક્ષ આપિયો, પોતાનું અક્ષરધામ...૩૭

કારણ છે ચિદાકાશનું, શ્રીહરિજીનું સ્વરૂપ;
સ્નેહે એમાં રાખીએ, વૃત્તિ કરી એકરૂપ...૩૮

આવા પ્રભુ મળે ક્યાંથી, સર્વેનું એ કારણ;
ભાવે એને ભજી લેવા, સદા સ્વામિનારાયણ...૩૯

સ્વામી આત્માનંદનું, લખું છું હું આખ્યાન;
એવા સદ્‌ગુણ પામવા, વાંચો થૈ સાવધાન...૪૦

સાધુના સદ્‌ગુણ પામવા, સાધુના ગુણો ગવાય;
જ્ઞાનજીવન એમ કરતા, સહેજે એવા થવાય...૪૧

સુખી થાવું હોય તો હૃદયેશ્વર શ્રીહરિનો મહિમા પ્રથમ હૈયામાં ધારવો. અને એકાગ્ર ચિત્તે આવા વિરલ સંતનાં આખ્યાન વાંચવાં. આવા સંતના આખ્યાનથી સહુને ખૂબ સમાસ થાય છે. **સંતો-ભક્તોના ગુણો ગાવાથી તેમના ગુણો આપણામાં આવે છે.** માટે સદ્‌ગુણી બનવા તેમના ગુણો ગાવા-સાંભળવા અનિવાર્ય છે. આ આખ્યાનો દ્વારા આપણને ભગવાનને ગમતી બાબત શું છે ? અને ન ગમતી બાબત શું છે ? તે બંને પકડાય છે. પછી શ્રીહરિને ન ગમતી એવી ખોટી વાતને છોડી સાચી વાત સમજવાનો અને જીવનમાં ઉતારવાનો અનુપમ રાહ મળે છે. **આ આખ્યાન તો અનુભવી ભોમિયાની ગરજ સારે છે.**

એકવાર મહારાજ સત્સંગ વિચરણ કરતાં કરતાં કોટડે પધાર્યા. ત્યાં એક વાણિયો હતો તેણે સહુ સંતો-ભક્તોને રસોઈ આપી. એટલે પ્રથમ મહારાજ સંતોને પીરસવા આવ્યા. પાંચવાર પંગતમાં શીરો લઈને ફર્યા. પણ કોઈ સંતોએ શીરો લીધો નહીં. અને સર્વે બોલ્યા કે 'પૂર્ણ થયા છીએ.' પછી મહારાજે જમવા જતા જતા રસોયા ભક્તોને કહ્યું કે, 'તમે ખીચડી પીરસો.' એટલે ભક્તોએ સંતોને ખીચડી પીરસી અને સાધુએ ખીચડી લીધી. તેથી મહારાજ કહે, **'તમે બધા કહેતાં જે પૂરણ થયા છીએ ને ખીચડી કેમ લીધી ? માટે વર્તમાન ચૂક્યા.'** એમ વાતો કરતાં કરતાં ઉતારે આવ્યા. ત્યારે કૈવલ્યાનંદસ્વામી કહે, 'મહારાજ ! કહો તો આંકડો ખાઈને જીવીએ, કહો તો લીમડો પીને રહીએ, કહો તો રાખ પીને રહીએ પણ શીરો તો ન ભાવે.' ત્યારે મહારાજ મૂળજી બ્રહ્મચારીને કહે, 'હવે નિત્ય શીરો કરાવજો.' એટલે બ્રહ્માનંદસ્વામી બોલ્યા કે, **'મહારાજ ! કલ્યાણનો ખપ હશે તો શીરો ખાઈને જીવશું.'** એટલે મહારાજ હસ્યા. પછી મહારાજ જમ્યા.

પછી બીજે દિવસે નડાળા ગામ આવ્યા. ત્યાં સહુ સંતો ભેળા થયા. પછી પરસ્પર વાત કરતા કહે, 'કાલે મહારાજે આપણને કહ્યું કે તમે નિઃસ્વાદી વર્તમાન ચૂક્યા છો. માટે આપણે મહારાજને પૂછી તેનું પ્રાયશ્ચિત કરીએ તો સારું.' પણ કોઈ સાધુ શ્રીહરિને પૂછવા જવા તૈયાર ન થયા. ત્યારે આત્માનંદસ્વામી કહે, 'હું જઈને પૂછું.' પછી તેમણે મહારાજને હાથ જોડીને પૂછ્યું જે, **"કાલ તમે કહ્યું જે નિઃસ્વાદી વર્તમાન તમે સર્વે ચૂક્યા છો. માટે તેનું જે પ્રાયશ્ચિત હોય તે કહો, અમે કરીએ."** ત્યારે મહારાજે કહ્યું જે, "અમે કહ્યું ત્યારે જ ચૂક્યા ? નહિ તો નથી ચૂક્યા, ખરું..?! માટે જાઓ સૌ સહુના અંતરમાં વિચારો જે ચૂક્યા કે નથી ચૂક્યા ?" પછી વિચારીને આત્માનંદસ્વામી તો એમ બોલ્યા જે, "અમે તો નથી ચૂક્યા; કેમ જે શીરો જમ્યા પછી ખીચડું નથી લીધું, માટે નથી ચૂક્યા."

અહીં બીજા કોઈ સાધુ મહારાજ પાસે પ્રાયશ્ચિત લેવા આવ્યા હોય તેવું જણાતું નથી. કેમ જે, તેઓ મહારાજ પાસે જવા જ તૈયાર ન હતા; ત્યારે આત્માનંદસ્વામીને અખંડ મહારાજની પ્રસન્નતાનું તાન હતું, સજાગ સાધુ હતા, મહારાજ કુરાજી થાય તેની તેના હૈયામાં બળતરા હતી અને શ્રીહરિને પ્રસન્ન કરવાની દિલમાં ધગશ હતી. તેથી તે વર્તમાન નહોતા ચૂક્યા છતાં મહારાજ પાસે માફી માગી અને પ્રાયશ્ચિત લેવા ગયા. તેમની આ સજાગતા અને પ્રભુ પ્રસન્નતાના તાનને આપણે વંદન કરીએ. આવા મહાન સંતોનાં જ આખ્યાનો લખાય, ગવાય અને તેમાંથી અનેક પ્રકારની પ્રેરણા મળે. *(સંદર્ભ : ભાયા.વાત-૧૭)*

જેને પ્રગટ ભગવાન કે પ્રગટ મોટા સંત મળ્યા હોય, વળી તેમની સાથે રહેતા હોય; પરંતુ તેમના રાજીપા-કુરાજીપા ઉપર જેનું ધ્યાન ન હોય તે આખી જિંદગી ભેળા રહે છતાં તેમના જીવનમાં કોઈ પરિવર્તન ન થાય, તેને કોઈ મોટી પ્રાપ્તિ ન થાય. કેમ જે, તેમને ભગવાન કે મોટા સંતને શું ગમે છે ? અને તેમના અંતરની શું ઈચ્છા છે ? ત્યાં દૃષ્ટિ જ નથી એટલે મન ફાવે તેમ જીવન જીવે છે. **મનધાર્યું જીવન જીવનારને અંતે પસ્તાવો અને ઉદ્વેગ જ પ્રાપ્ત થાય છે.**

જેના હૈયામાં ભગવાન કે મોટા સંતને રાજી કરવાનો આલોચ હોય, તેમનું ગમતું કરવું એ જ ભક્તિ માનતા હોય; તેનાથી જ સ્વભાવ જીતાય છે.

અને આધ્યાત્મિક માર્ગના બે મોટા સ્પીડબ્રેકર છે. એક સ્વભાવ અને બીજો અભાવ. આ બેથી કોણ બચી શકે છે ? તો જેના હૃદયમાં શ્રીહરિ અને મોટા સંતને રાજી કર્યાનું જ તાન હોય તે જ એ બે સ્પીડબ્રેકરથી બચી શકે છે.

અને તેથી જ તેના તમામ અંતઃશત્રુ તથા પંચવિષયની આસક્તિ નાશ પામે છે. તેના જીવનમાં વિનય, વિવેક, સરળતા વગેરે સાધુતાના

સદ્‌ગુણો પ્રાપ્ત થાય છે. માટે આપણે આપણા જીવનમાં તપાસવું કે, ‘હું મારા મનને રાજી કરવા અને લૌકિક લાભ લેવા સત્સંગમાં આવું છું કે શ્રીહરિ અને સંતોને રાજી કરી મોક્ષપ્રાપ્તિરૂપી અલૌકિક લાભ લેવા આવું છું ?

આપણે સવારથી સાંજ સુધીમાં અનેક કામ કરીએ છીએ. અનેક વિચારો કરીએ છીએ. અનેક નિર્ણયો લઈએ છીએ. **આ બધા વિચારો, નિર્ણયો કે ક્રિયાઓ શ્રીહરિ અને સંતો-ભક્તોનો રાજીપો વધારે છે કે ઘટાડે છે ?’ તેના ઉપર જેની સતત દૃષ્ટિ રહેતી હોય તેને સજાગ સાધુ કહેવાય.**

આત્માનંદસ્વામી આવા સજાગ સાધુ હતા. એટલે મહારાજને ન ગમ્યું તો તરત શ્રીહરિ પાસે ગયા અને માફી માગી પ્રાયશ્ચિત આપવા કહ્યું. આપણો નંબર આત્માનંદ સ્વામીની પંક્તિમાં લાગે કે અન્યની..? તે વિચારવું. સ્વામીને કલ્યાણનો ખપ હતો, સત્સંગના ગરજુ હતા એટલે જે ભગવાનને ન ગમે તે મારે નથી જ કરવું એવું તેને તાન હતું. આવી ધગશ કોઈ સંતો, ભક્તો કે મુમુક્ષુ શીખે તો તે આખો બદલાઈ જાય. છતાં દેહે તે મુક્તાત્મા બની જાય.

શ્રીહરિ પણ અલૌકિક જીવનના સાચા ઘડવૈયા હતા. એટલે મહારાજે કહ્યું, **‘તમે વર્તમાન ચૂક્યા છો કે નહિ તે તમે જ તપાસો.’** કેમ જે, જેને સુધરવાનું છે તેને પોતાને જ પોતાના દોષો સૂઝે કે મારે ઈર્ષ્યા છે, મારે અદેખાઈ કે આડોડાઈ કરવાનો સ્વભાવ છે, મને કોઈક કાંઈ કહે તો વસમું લાગે છે, અહંકાર કે આસક્તિ મને નડે છે, મારા નેગેટીવ સ્વભાવને કારણે હું ગમે ત્યારે ગમે તેની ઉપર અભાવ-અવગુણના સંકલ્પો કરું છું, બીજાની ટીકા-નિંદા કે કુથલી કરું છું. અને આ બધા સ્વભાવ મારું કલ્યાણ નહિ કઠણાઈ કરનારા છે. આમ, **પોતાના નાનામાં નાના દોષો કે ભૂલો પોતાને સમજાય તે ભગવાનની મોટી કૃપા કહેવાય.**

સાખી : **હરિકૃપા જબ હોત તબ, સૂઝત અપના દોષ;**
મુક્ત કહે તેહિ પ્રભુ બિના, સબસે હોત સંતોષ.
હરિકૃપા જબ હોત તબ, રહત સદા સુવિચાર;
મુક્ત બઢત તેહિ નિત્ય નયો, હરિ હરિજનસું પ્યાર.

જેને નિજદર્શન કરવાની ટેવ હોય તે જ પોતાના દુર્ગુણો ટાળી શકે અને વૃત્તિઓ શ્રીહરિમાં વાળી શકે. દુનિયામાં લાખો માણસો છે, પણ અમુકને જ નિજદર્શન કરવાની ટેવ હોય છે. અને જે **આત્મખોજ કરે છે તે જ અનેકના આદર્શ બને છે, મહાન બને છે.**

આણંદ કે પરમાણદા, માણસે માણસે ફેર;
એક લાખો દેતા ન મળે, બીજા તાંબિયાના તેર.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિ, સત્સંગ અને ધર્મ-નિયમની મહત્તા કહી' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય-૧૩

ધર્મ કોનો રહેશે..?!

પછી સાંજને સમયે મહારાજ ગામ બહાર ગયા. ત્યાં સહુને ઉતારા કરાવ્યા અને સર્વે સંઘ ફરતી ચોકી મૂકી. પછી મહારાજ સંઘથી આથમણા આવીને બેઠા. ત્યાં સંતોએ એક વસ્ત્ર પાથર્યું તે ઉપર આડે પડખે થયા. પછી મહારાજ બોલ્યા જે, **'આત્માનંદસ્વામી ! ધર્મ કેનો રે'શે ?'** પછી સ્વામી કાંઈ ન બોલ્યા. ત્યારે મહારાજે પોતે જ ઉત્તર કર્યો કે, **'જે ભગવાનને અંતર્યામી જાણશે કહેતા જે એમ જાણશે જે, આપણા ઘાટ-સંકલ્પને ભગવાન જાણે છે, ને આપણે ક્રિયા કરીએ છીએ તે ભગવાન સર્વે દેખે છે; આમ જે ભગવાનને પ્રત્યક્ષ અને પોતાની સાથે સમજશે તેનો ધર્મ રે'શે.'**

હરિને પરોક્ષ જાણશે, તેથી ધર્મ નૈ પળાય;
પ્રભુને પ્રત્યક્ષ જ જાણવા, સદા આત્માની માંય...૪૨

ભગવાન મારી ક્રિયાઓને જૂએ છે, વિચારોને જાણે છે. મારા આત્મામાં જ પ્રત્યક્ષ બેઠા થકા શ્રીહરિ મારું તથા સર્વનું સર્વ જાણે છે. આમ જે ભગવાનને અંતર્યામી સમજતો હોય તેનાથી અધર્મ થઈ શકે ? ચોરી, ચુગલી કે છાનું-માનું કાંઈક જોઈ લેવું કે ખાઈ લેવું, તે થઈ શકે ? તેનાથી યુક્તિ-પ્રયુક્તિ કરી શકાય ? ક્યારેય ન થાય. અને જો એવા દોષો પીડતા હોય તો તે ભગવાનને અંતર્યામી જાણતો જ નથી અને તેને ભગવાનની કોઈ બીક પણ નથી. ને જે ભગવાનથી નથી બીતા તેને બીજા બધાની બીક રાખવી પડે છે.

જે ભગવાનથી ડરે છે તેને કોઈનો ડર રહેતો નથી. એ તો કાળ, કર્મ અને માયાથી પણ ડરતો નથી. તેના માથા ઉપર પગ દઈને પ્રભુને પામવાની તેમાં શક્તિ પ્રગટે છે. પરંતુ **જે પરમેશ્વરને પ્રત્યક્ષ જાણે છે અને દેખે છે તેને જ પ્રભુનો ડર લાગે છે.** જેને ભગવાન ધામમાં કે માત્ર મંદિરમાં જ મનાતા હોય તેને ભગવાનનો ડર લાગતો નથી. અને તેને ભગવાનનો મહિમા કે ઓળખાણ નથી. એવા અજ્ઞાની માણસો તો ભગવાન મનુષ્યરૂપે પ્રગટ હોય છતાં ન બીવે. કેમ જે, તેને ભગવાનનો મહિમા જ નથી. પ્રભુને ઓળખ્યા જ નથી.

જેને અંતર્યામી પ્રભુની ઓળખાણ થાય તે ક્યારેય ઈન્દ્રિયો-અંતઃકરણથી દબાય નહીં, તેને ક્યારેય ભૂંડો ઘાટ પણ થાય નહીં. તે ક્યારેય પ્રભુનાં વચન લોપે નહીં, કોઈ ઉપર કુદૃષ્ટિ કરે નહીં. આપોઆપ તેની વાસના તથા ઈન્દ્રિયો કાબુમાં આવી જાય. વળી, જે ભગવાનને પ્રત્યક્ષ સમજે છે તેના અંતરમાં ભગવાનનું બળ બહુ રહે છે, અખંડ આનંદ રહે છે. અને તેથી જ અંતર નિર્મળ બની જાય છે, ધર્માદિક સહેજે પળાય છે. માટે સુખિયા થાવું હોય, નિર્વાસનિક થાવું

હોય તો શ્રીહરિને સદા પ્રત્યક્ષ સમજવા. આત્માનંદસ્વામી મહારાજને પ્રત્યક્ષ સમજતા તેથી તેમને વચન પાળવાની ખટક રહેતી હતી.

વચન પાળવાની મહત્તા સમજાવતા શ્રીહરિ વ.ગ.પ્ર.૩૪માં કહે છે કે, 'આ જીવ જ્યારે **પરમેશ્વરનાં વચનને મૂકીને જ્યારે આડો અવળો ડોલે છે ત્યારે કલેશને પામે છે અને જો વચનને વિશે રહે તો જેવો ભગવાનનો આનંદ છે તેવા આનંદમાં રહે છે અને જેટલું જે ભગવાનનું વચન લોપે છે તેટલો તેને કલેશ થાય છે. માટે ત્યાગીને જે જે આજ્ઞા કરી છે તે પ્રમાણે ત્યાગીને રહેવું અને ગૃહસ્થને જે પ્રમાણે આજ્ઞા કરી છે તે પ્રમાણે ગૃહસ્થને રહેવું ને તેમાં જેટલો ફેર પડે છે તેટલો કલેશ થાય છે.**

અને ત્યાગી હોય તેને અષ્ટ પ્રકારે સ્ત્રીનો ત્યાગ રાખવો ત્યારે તેનું બ્રહ્મચર્ય વ્રત પૂરું કહેવાય ને તેમાંથી જેને જેટલો ફેર પડે તેને તેટલો કલેશ થાય છે, અને ગૃહસ્થને પણ બ્રહ્મચર્ય કહ્યું છે જે પરસ્ત્રીનો ત્યાગ રાખવો તથા પોતાની સ્ત્રીનો પણ વ્રતને દિવસ ત્યાગ રાખવો ને ઋતુ સમે સ્ત્રીનો સંગ કરવો; એ આદિક જે જે ત્યાગીને અને ગૃહસ્થને નિયમ કહ્યા છે તેમાં જેટલો જેને ફેર પડે તેટલો તેને કલેશ થાય છે. અને ભગવાનથી જે વિમુખ જીવ હોય તેને જે સુખદુઃખ આવે છે તે તો પોતાને કર્મે કરીને આવે છે, અને જે ભગવાનના ભક્ત હોય તેને જેટલું દુઃખ થાય છે તે તુચ્છ પદાર્થને અર્થે ભગવાનની આજ્ઞા લોપવે કરીને થાય છે ને જેટલું સુખ થાય છે તે ભગવાનની આજ્ઞા પાળવે કરીને થાય છે." **આત્માનંદસ્વામીએ ક્યારેય તુચ્છ પદાર્થ માટે શ્રીહરિની આજ્ઞા લોપી ન હતી.** આપણું કેમ ? વિચારવું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'જે શ્રીહરિને અંતર્યામી જાણે તેનો જ ધર્મ રહેશે વગેરે વર્ણન કર્યું' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય-૧૪

એવી કળા તો ગોપાળાનંદસ્વામીમાં છે

સં.૧૮૬૭માં ખોખરા મેમદાવાદમાં સંતો ઝોળી માગવા ગયા. ત્યાં બાવાઓએ સંતોને માર્યા. તેથી મહારાજે ચારસો સંતોને સુરત મોકલી દીધા. પછી પાછળથી નરમેધ યજ્ઞ કરી અસુરોનો નાશ કર્યો. અને ત્યાંથી મહારાજ કચ્છ દેશમાં તેરા ગામ થઈને આધોઈ પધાર્યા. ધનજી સુથારને ઘેર ઉતારો કર્યો. ડુંગરજી અને સામત ચારણ બે પાળા કમાડે ચોકી કરવા રાખ્યા. ત્યાં ઉદેપુરથી આત્માનંદસ્વામી આવ્યા. ત્યારે મહારાજ પ્રાગજી દવે આગળ કથા વંચાવતા હતા. તે ભાગવતની કથામાં એમ વાત આવી જે નંદજીને ઘેર નવ લાખ ગાયો હતી ને નિત્ય જજ્ઞ થાતા અને બ્રાહ્મણને શણગારેલી ગાયુ દાનમાં દેતા તથા બીજી દક્ષિણા પણ ખૂબ દેતા. પછી મહારાજે કહ્યું જે, "જુઓને જગતમાં કોઈ બ્રાહ્મણ જમાડતા હોય તે નાના છોકરાને રાજી કરે. અને શ્રીકૃષ્ણ ભગવાને ગોવાળિયાને અન્ન લેવા મોકલ્યા તો બ્રાહ્મણોએ અન્ન ન આપ્યું. માટે એ તો મહિમા સમજવો." આ જ વાતને વર્ણવતા પ.પૂ.માધવદાસસ્વામી કહે છે,

નંદજીને દશ પંદર ગાયું હતી, પણ માહાત્મ કહેવાયું અતિ;
શ્રીકૃષ્ણ ગોપિયું સંગ રમ્યા, અને ધાતુ જાવા નહિ દિયા.
એવી યોગ કળા જે કહી છે, આજ ગોપાળસ્વામીમાં રહી છે;
એમ બોલ્યા શ્રીમુખે અવિનાશ, સાંભળીને તે લખી બેસી પાસ.

(શ્રીહ.કૃ.ચ.સા.અ. : ૩૧/૫૧-૫૨)

મહારાજ કહેતા કે, **'શ્રીકૃષ્ણ ભગવાન ગોપીઓ સંગે રમ્યા છતાં વીર્યપાત થવા ન દીધો. એવી કળા તો આજ ગોપાળાનંદસ્વામીમાં રહી છે.'** જેના સંત આવા સમર્થ હોય તો તે જેને ભગવાન માનતા હોય તે સર્વોપરી જ હોય તેમાં શું કહેવું ?! આ સંતોએ તો નજરે નિહાળેલા અહેવાલો લખ્યા છે.

વળી બીજે દિવસે મહારાજે આત્માનંદસ્વામીનો હાથ ઝાલીને તેમને આગળ બેસાડ્યા ને કહ્યું જે, "આ સાધુ કાલે ઉદેપુરથી આવ્યા છે ને ઉદેપુરમાં બહુ સત્સંગ થયો. ને તે બહુ વાતુના કરતલ છે. કેમ પ્રાગજી?" ત્યારે તે કહે, "હા મહારાજ! બહુ વાતુના કરતલ છે." પછી મહારાજે કહ્યું જે, "સ્વામી તમે વાતુ કરો." ત્યારે તેમણે વાત કરી જે,

એક ક્રોડ ગજરાજ, અરબ દશ તુરી તુરંગમ,
છત્રીસ ક્રોડ પચાસ, પાયદલ લક્ષ અઢાર;
ધરણ છત્રકી છાંહ, સુણે ઈન્દ્રાસન બાજાં,
તે રાવણ સંગ ચલે, પાંચ ક્રોડ પંદર હજાર રાજા;
ચલત સુર અંધેર અતિ, અંતકાલ એસો ભયો,
રોહો રોહ જીવ, ન કર ગર્વ, કહો રાવણ કે દિશે ગયો?

રાવણને એક કરોડ હાથી, એક અબજ ઘોડા, છત્રીસ કરોડ ને પચાસ લાખ પાયદલનું સૈન્ય હતું. અઢાર લાખ રાજા તેને છત્ર ધરતા અને પાંચ કરોડ ને પંદર હજાર રાજા રાવણની સાથે ચાલતા. અને રાવણ ઈન્દ્રાસન ઉપર બેસીને સ્વર્ગના વાજા સાંભળતો હતો. આવી તેની હાંક વાગતી હતી. છતાં આજે રાવણ કઈ દિશામાં ગયો ? તે કોઈને ખબર નથી. તેનું હાડકું પણ મળતું નથી. માટે હે જીવ ! તું ગર્વ કરતો નહીં. **અભિમાન દુઃખનું કારણ છે.** દરેક ડખા અહંને કારણે છે. દેહાભિમાન જાય તો જ હરિ વશ થાય. આવી સ્વામીએ ઘણીક વાતો કરી.

પછી દરબારો કહે, "હે મહારાજ ! લંકા સોનાની છે ને સોનાનો ગઢ છે ને વિભીષણ રાજ કરે છે એમ શાસ્ત્રો કહે છે." ત્યારે મહારાજ બોલ્યા જે, "એ વાત તો ખોટી છે ને અમારા સાધુ જોઈ આવ્યા છે; તે ધૂળનો ગઢ છે ને ભીલ રહે છે. પછી ફિરંગીના વહાણ આવ્યા તે ભીલ ભાગી ગયા. પછી બધે જોયું તે કાંઈ ન દીઠું. ને એક ખાણ છે તેમાંથી સોનું થાય છે અને તે ઉપર ચોકી મૂકેલી છે." ત્યારે તે

દરબારો બોલ્યા જે, "યાં તો પાણી ભમરી ખાય છે." ત્યારે મહારાજે કહ્યું જે, "ભમરીઓ ખાય છે તે તો આ છેડેથી ખાય છે અને રઘુનાથજી જે દી લંકા ગયા તે દી પાજ(પુલ) બાંધી ત્યાં પાણા છે. તે પાણી ત્યાં અથડાઈને ભમરી ખાય છે અને સોનાની ખાણ તે પેલી કોરે છે." આવી શ્રીહરિએ વાત કરી.

પછી મહારાજ ઉતારે ગયા અને નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, "હવે ઠીક થયું, હવે આપણે ભેળા રહી આનંદ કરશું." ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, "મારે સુવાણ હશે ત્યાં સુધી રહીશું." પછી તેણે કહ્યું જે, "રહેજો." ત્યારે સ્વામીએ કહ્યું જે, "મારે તો મહારાજ કહે એમ કરવું છે, મનધાર્યું કરવું નથી. અને મુક્તાનંદસ્વામી સોરઠમાં ગયા, તે સત્સંગરૂપી ગંગામાં ના'વા. અને આનંદાનંદસ્વામી સુરત ગયા તે સંતમંડળમાં. અને બ્રહ્માનંદસ્વામી આધોઈ ગયા તે પણ સત્સંગમાં છે. અને **તમારે ભણવાની વાસના છે** તેથી તમે અહીં ભણવા રહ્યા. માટે આ **વિદ્યા નથી, આ જ અવિદ્યા છે.** કેમ જે સંતથી નોખા પડ્યા."

સંતમંડળથી નોખા પડવા જેવી કોઈ મોટી અવિદ્યા નથી. જે આપણને સંતથી નોખા પાડે, તેને વિદ્યા કેમ કહેવાય ? વેદરસમાં તો મહારાજ વારંવાર કહે છે, 'હે પરમહંસો ! જે સંતમંડળથી નોખા પડ્યા, એ જ મોટી અવિદ્યા છે. જેમ સમૂહમાંથી જુદા પડેલ બકરાને સિંહ ફાડી ખાય છે, તેમ સંતમંડળથી જુદો પડે તેને કામ-ક્રોધાદિકરૂપી માયા ફાડી ખાય છે; માટે સંતમંડળમાં પડ્યું રહેવું તો નિર્વિઘ્ન મોક્ષ થશે. સજાગ આત્માનંદસ્વામીએ વિદ્યારૂપે આવેલી અવિદ્યાને ઓળખી લીધી.

પછી મહારાજ સાંજે આવ્યા ત્યારે નિર્વિકલ્પાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! મારે તો વાસના નથી ને આત્માનંદસ્વામી કહે છે, તમને ભણવાની વાસના છે.' ત્યારે મહારાજે કહ્યું જે, **'મુક્તાનંદસ્વામીને વાસના ન હોય.'** પણ તમારે વાસના નથી એમ ન બોલ્યા. શ્રીહરિની

વાણી મર્મ ભરેલી અને ઊંડી હોય માટે સમજવી. **ધાર્યું કરવાની ઈચ્છા એ જ વાસના છે, અહં છે.** એ રીતની ઘણીક વાર્તા કરી પછી કહ્યું જે, 'તમને વ્યાકરણ આવડે છે ?' ત્યારે તે કહે જે, 'આવડે છે.' ત્યારે આત્માનંદસ્વામી કહે જે, 'શું આવડે ? મૂળગો કકો આવડતો નથી.' ત્યારે મહારાજે કહ્યું જે, 'તેને કકો ભણાવો.' ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, 'હવે મારે કકો ભણાવવો, કહેતાં તે સત્સંગમાં રહી શકે એવી સમજણ તેને શીખવવી.'

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીકૃષ્ણ ભગવાન જેવી કળાઓ તો ગોપાળાનંદસ્વામીમાં રહી છે' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય-૧૫

વચનની મૂર્તિ તથા વચનપાલનની આવશ્યકતા

જેમ નિષ્કુળાનંદસ્વામી વૈરાગ્યમૂર્તિ હતા, સચ્ચિદાનંદસ્વામી પ્રેમમૂર્તિ હતા, યોગીરાજ ગોપાળાનંદસ્વામી અનુવૃત્તિની મૂર્તિ હતા, વ્યાપકાનંદસ્વામી ધ્યાનમૂર્તિ હતા; **તેમ ભાયાત્માનંદસ્વામી વચનની મૂર્તિ હતા.**

ભાયાત્માનંદસ્વામી સમજુ તેમજ ભારે આત્મનિષ્ઠ સંત હતા. શ્રીહરિના સદુપદેશ તેમજ સહવાસથી એમની દેહદશા ટળી ગઈ હતી. એકવાર ભાઈસ્વામી સંતમંડળ સાથે વાળાંક દેશમાં ફરવા ગયેલા તેથી રામનવમીના ઉત્સવ ઉપર વડતાલ આવી શક્યા નહોતા, એટલે મહારાજનાં દર્શનની ભારે તાણ થઈ. તેથી ગઢપુરની સીમમાં પીપળાવાળી વાડીએ રાત રહ્યા ને રામજી પટેલને પૂછ્યું કે 'મહારાજ હમણાં ક્યાં વિરાજે છે ?' એટલે પટેલે કહ્યું, **'મહારાજ તો અહીં ગઢડામાં જ છે, પણ હમણાં સંતોને દર્શનની બંધી છે, એથી આપને દર્શન થશે નહીં.'** એટલે ભાઈસ્વામીએ એને કહ્યું, 'પટેલ ! તમારે

દર્શનની છૂટ છે ?' એટલે તે કહે, હા. ત્યારે સ્વામીએ કહ્યું, 'તમે દર્શને જાવ ત્યારે મહારાજને અમારા જય નારાયણ કહેજો.'

મહારાજ કેવા સંતોને તાવતા ? હરિભક્તોને દર્શનની છૂટ અને સાધુને બંધી. કેટલું નિર્માનીપણું હોય ત્યારે આવા સમયે ભેળું રહી શકાય ?! નહીં તો તરત અહંનો કીડો માથું ઊંચું કરે કે, 'અમે તમારે માટે ઘરબાર છોડ્યા, માર ખાધા, લોકોની ગાળો સહન કરી, ભૂખ્યા રહ્યા છતાં હરિભક્તોને દર્શનની છૂટી અને અમારે બંધી..?!' આમ ધોખા થાય, અથડામણો થાય પણ આ સંતો તો અક્ષરધામના મુક્તો, રંચ પણ અહં નહિ એટલે કોઈ અથડામણ જ ન થાય. **બધી અથડામણો અહંની હોય છે. આવું દાસત્વપણું આવે એ જ સત્સંગનુ ફળ છે.**

પછી પટેલ તો વાળું કરીને મહારાજનાં દર્શને ગયા. મહારાજ પાસે જઈને કહ્યું. 'ભાઈસ્વામીએ આપને નારાયણ કહ્યા છે.' ત્યારે શ્રીહરિએ કહ્યું, 'ભાઈસ્વામી ક્યાં છે ?' એટલે પટેલે કહ્યું, 'પીપળાવાડીએ રાત-વાસો રહ્યા છે.' ત્યારે મહારાજ કહે, 'બહુ સારું, પણ અત્યારે તો થાક્યા હશે એટલે ભલે સૂતા; પ્રભાતે ઝોળી માગવા આવે તેમ કહેજો.'

પછી પટેલે સંતોને આ સમાચાર કહ્યા એટલે બીજે દિવસે પ્રભાતે ભાઈસ્વામી ને તદ્રૂપાનંદસ્વામી દરબારગઢમાં આવી ઊંચે સ્વરે 'નારાયણ હરે ! સચ્ચિદાનંદ પ્રભો !' એમ બોલ્યા. એટલે મહારાજે શબ્દ સાંભળ્યો. તેથી નાના ભગતને મોકલીને સંતોને પોતાની પાસે બોલાવ્યા. સંતો મહારાજને દંડવત કરીને પાસે બેઠા. ત્યારે મહારાજે એમને હેતથી જમાડ્યા અને પછી ક્યાં ક્યાં ફર્યા એ બધું પૂછ્યું. ત્યારે ભાઈસ્વામીએ બધી વાત કરી. પછી શ્રીજીએ ભાઈસ્વામીને પૂછ્યું, 'તમે અત્યારે કોણ છો ?' ભાઈસ્વામીએ કહ્યું, **'હે મહારાજ ! અમે તો આપની ચિઠ્ઠીના ચાકર ને વચનમાં વર્તનારા છીએ.'**

ત્યારે મહારાજ કહે, 'આ સત્સંગમાં આવીને તો વચનરૂપ થયા,

પણ સત્સંગમાં આવ્યા મોર્ય કોણ હતા ?' ત્યારે સ્વામી કહે, 'મોર્ય તો માયાનો જીવ હતો.' એટલે મહારાજે ઉલટ તપાસ કરતાં કહ્યું, 'હમણે માયાનો જીવ હશે કે ટળી ગયો હશે ?' આ સાંભળી ભાયાત્માનંદસ્વામી મૌન રહ્યા. એટલે શ્રીજીએ કહ્યું, **'અમારી આજ્ઞા પ્રમાણે વર્તે અને અમારા વચનમાં વિશ્વાસ રાખે એ વચનરૂપ થાય ને તે બ્રહ્મરૂપ પણ બની જાય છે.'**

❊ વચનપાલનની આવશ્યકતા :

જે ભગવાનનાં વચન પાળે છે તે ભગવાન જેવો સમર્થ બને છે. ટૂંકમાં સમર્થની આજ્ઞા પાળે તે સમર્થ બને છે. **જે જેનાં વચન પાળે છે તે તેના જેવો સમર્થ બને છે.** જે દેહરૂપ કે મનરૂપ હશે તે અપાર દુઃખી થવાના. કેમ જે તેને કોઈ મોટાનો ટેકો નથી. વળી, જે સગા-સંબંધીરૂપ કે માન-મોટાઈરૂપ હશે તે પણ દુઃખી થવાના છે અને પસ્તાઈને મરવાના છે. જો તરવું હોય તો શ્રીહરિ અને સંતના વચનરૂપે વર્તવું. **જે મોટાના વચનમાં રહે છે તેનું હૈયું ટાઢું બોળ રહે છે, અંતરમાં પરમ શાંતિ રહે છે.**

શ્રીહરિ ગ.પ્ર.૩૪માં કહે છે કે, **'જે ભગવાનના વચનમાં રહે છે તેને ભગવાન જેવો આનંદ આવે છે.'** માટે મહાસુખિયા થાવું હોય તો વચનમાં વળગી રહેજો. અને જે મનધાર્યું કરે છે તે લાખ સાધન કરતો હોય છતાં માયામાં ગોથા ખાય છે. **વચન લોપે તેને તનનું, મનનું, આલોકનું, પરલોકનું, સત્સંગનું કે શ્રીસહજાનંદસ્વામીનું કોઈનું સુખ રહેતું નથી.** સહુને સુખ આપનારા એક શ્રીહરિ છે. તે જેના ઉપર રાજી થાય તેને પોતાનું સુખ આપે છે. અને જે વચનમાં વળગી રહે તેના ઉપર તે રાજી થાય છે. શ્રીહરિ પોતાનું સુખ કોને આપે છે ? તો નિષ્કુળાનંદસ્વામી કહે છે,

હરિ હરખી સુખ આપે, જો વર્તીએ વચનમાંય;
મેલી ગમતું મનતણું, રહીએ શ્યામ ગમતે સદાય.

જો ભગવાન પાસેથી સુખ લેવું હોય તો તેમની મરજીમાં રહેવું. મનને મારીને શ્રીહરિના ગમતામાં રહેવું તો મહારાજ સર્વ રીતે આપણી સાથે રહેશે, દુઃખો અને વિઘ્નો ટાળશે અને સુખથી છલકાવી દેશે.

આત્માનંદસ્વામી કહે છે, 'શ્રીહરિએ વચનરૂપ થાવાની વાત કરી ત્યારથી શ્રીહરિનાં નાનાં-મોટાં વચનો મારા જીવનનું પરમ લક્ષ્ય બની ગયું. તેથી હું દૈહિક દુઃખમાં દાઝતો નહીં. અંતઃકરણના ભાવને દાબી ખબડદાર થઈ નિયમોનું પાલન કરતો. આત્મવિચાર રાખી દેહ, ઈન્દ્રિયો, અંતઃકરણ તથા પંચવિષયરૂપ જે માયાનું ટોળું એનાથી હું સદા નિરાળો રહેતો.' શૂરવીર હોય તે આમ વર્તી શકે.

બ્રહ્માનંદ કહે રે તેમ હરિજન જોઈએ પૂરા;
તન કરી નાખે રે ગુરુ વચને ચુરેચૂરા.

આવા વચનમૂર્તિ સંતો-ભક્તોનો મહિમા ગાતાં નિષ્કુળાનંદસ્વામી વચનવિધિમાં કહે છે કે,

એમ પાળે વચન પ્રભુતણા, તેને જાણો વચનની મૂર્તિ;
નિષ્કુળાનંદ એને નિરખતા, રહે નહિ પાપ રતિ.

શ્રીહરિ વચ.ગ.મ.૫૧માં કહે છે કે, **"સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે તે જ રૂડા દેશ-કાળાદિકને વિશે રહ્યો છે. અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડાં દેશ-કાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે."** માટે જે **વચનની મૂર્તિ બને તે બ્રહ્મરૂપ બની જાય છે.** એમ સમજી વચન પ્રમાણે વર્તવાનું તાન રાખવું. જે મોટાનાં વચનમાં રહે છે તે જ ખરો બ્રહ્મરૂપ છે અને વચનથી બા'રો રહે છે તેને દેહરૂપ સમજવો. અને એ જ તેને ભૂંડા દેશકાળનો યોગ સમજવો. અને જે મોટાનાં વચનમાં રહે છે તે જ એને રૂડા દેશકાળનો યોગ સમજવો. જે આજ્ઞામાં રહે તેમાં અવિનાશી રહે છે અને અહંકારીથી અલબેલો આઘા રહે છે.

જેમ બિલાડી અને ઉંદરને વેર છે, તેમ **અહં અને શ્રીહરિને વેર છે.**

સ્વામી ખરેખર વચનની મૂર્તિ બનીને રહ્યા તેથી જ અનેકવાર પુરુષોત્તમનો રાજીપો પામી ગયા. ગઢડા અંત્યના ૨૪માં વચનામૃતમાં મોટેરા પરમહંસ તથા હરિભક્તોનાં અંગ ઓળખાવતાં શ્રીહરિ સ્વમુખે કહે છે, **"મોટા આત્માનંદસ્વામીને અમારા વચનનું ઉલ્લંઘન થાય નહિ એવું અંગ."** આમ શ્રીમુખના વચનની એમને મહોરછાપ લાગી ગઈ હતી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'વચનની મૂર્તિ તથા વચનપાલનની આવશ્યકતાનું વર્ણન કર્યું' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય-૧૬

શ્રીહરિએ સ્વામીને હાર આપી સભામાં પ્રશંસા કરી

વડતાલમાં એકવાર શ્રીહરિ સભા કરીને બેઠા હતા. જમણા હાથની આંગળીમાં હારને લઈને સુદર્શન ચક્રની જેમ ઝડપથી શ્રીહરિ ઘુમાવી રહ્યા હતા. આખી સભા દિગ્મૂઢ બની જોઈ રહી હતી. આ હાર ક્યાં પડશે ? કોની ઉપર પડશે ? ચોતરફ કુતૂહલ ફરી વળ્યું હતું અને હાર છૂટ્યો..! સીધો જ ભાયાત્માનંદસ્વામીના ખોળામાં ! તેઓ ધન્ય બન્યા. હાર હાથમાં લઈ તેને આંખે દાબી દીધો. ત્યારે બ્રહ્માનંદસ્વામી બોલી ઊઠ્યા, **'મહારાજ, ધન્ય છે આત્માનંદસ્વામીને ! આ હાર માટે તેઓ યોગ્ય અધિકારી છે. કેમ જે, જેમ...**

દોહા : **આપની આંગળી આધારે, ફરતો હતો આ હાર;**
તેમ સ્વામી સત્સંગમાં, ફરે વચન આધાર...૪૩

સત્સંગમાં તો સહુ ફરે છે, પણ મનગમતું મૂકી મોટાનાં વચનના આધારે ફરે તેમાં બહુ મોટપ આવે છે. જે મનગમતું મૂકી મોટાનાં ગમતામાં ફરે તેની કીંમત થાય છે અને તેનો સહુને વજન પડે છે. **જેને પોતાના મનનો જ નિર્ણય સાચો લાગતો હોય તેનો કોઈને વજન**

ન પડે. જેને સંતો-ભક્તોનો ભાર નહિ, તેનો ભાર ભગવાનને પણ નથી. જે ઇન્દ્રિયો-અંતઃકરણનો ગુલામ થઈને રહેતો હોય તે ભગવાન કે મોટા સંતને શું ગમે ? સ્વામીનું વર્તન શ્રીહરિને ખેંચતું હતું.

❊ આવા હોય તે બોલો..!

એકવાર મહારાજે સહુ સંતોને ઉદ્દેશીને કહ્યું, "સંતો, તમારામાંથી જેણે પોતાના દેહને અર્થે કોઈ પાસે કાંઈપણ માગ્યું ન હોય એ બોલો ?" આ સાંભળીને એક સંત ઊભા થઈને બોલ્યા, 'મહારાજ, મેં કોઈ પાસે ક્યારેય કાંઈપણ માગ્યું નથી.' ત્યારે મહારાજ કહે, 'તમે ઓલા પીપળિયા ગામમાં લુવાર વેલા પાસેથી તમારું ધોતિયું સીવવા સોય-દોરો માગ્યાં હતાં કે નહિ ? બોલો, કાંઈ યાદ આવે છે ?' ત્યારે તે કહે, 'હા મહારાજ, લૂગડું સાંધવા સોય-દોરો માગ્યાં હતાં.' સ્મૃતિને સતેજ કરીને સંતે ભૂલનો એકરાર કર્યો.

અંતર્યામી આગળ કોનો ગજ વાગે ? ત્યાં કાંઈ ખોટું બોલાય નહિ કે દંભ થાય નહીં. તરત શ્રીહરિ સમય સાથે બધું જ કહી દે. શ્રીહરિએ તેને કહ્યું એટલે બધી સભા સ્તબ્ધ થઈ ગઈ. સહુ પોતપોતાના અંતરનો ચોપડો તપાસવા માંડ્યા. કોઈ કશું બોલતું નહોતું. એવામાં આગલી હરોળમાં બેઠેલા ભાઈસ્વામી ઊભા થયા એટલે સહુની નજર એમના પર નોંધાણી. બે હાથ જોડીને એમણે નમ્ર સ્વરે કહ્યું, "હે મહારાજ !

પૂર્વછાયો : મારા દેહને અર્થે મેં, કોઈ પાસે કોઈ વાર;
કાંઈપણ વસ્તુ માગી નથી, કર્યો તપાસી ઉચ્ચાર...૪૪

એમના આ શબ્દો સહુના કાનમાં ગુંજી રહ્યા. અને એનો પ્રતિભાવ સાંભળવા ઉત્સુક બનેલા સહુ પ્રભુના મુખ સામે તાકી રહ્યા. ત્યારે ભાઈસ્વામીની વાતને માન્ય રાખતા મહારાજ કહે, 'હા, તમે ખરા... તમે ખરા..! તમે ક્યારેય કોઈ પાસે કશુંય માગ્યું નથી.' એમ શ્રીહરિએ મોરછાપ મારી. પછી સ્વામીને મહારાજે વૈજયંતી માળા પહેરાવી અને

પોતાને સ્થાને બેસવા કહ્યું. ત્યારે સ્વામીએ ના કહી. એટલે મહારાજ કહે, 'તમારા જેવા સાધુ બ્રહ્માંડમાં ક્યાંય નથી. માટે મારી પાટે બેસો.' સર્વાવતારી શ્રીહરિ જેને આટલું માન આપતા હશે, તે સંત કેટલા મહાન હશે ?! આ વાત ભક્તચિંતામણિના ૭૧મા પ્રકરણમાં નિષ્કુળાનંદસ્વામી લખે છે કે...

પછી નાથ કહે સંત શૂરા, આમાં કોણ કઠણ વ્રતે પૂરા;
જેવા છે આતમાનંદ, એવા હો તે બોલો મુનિ ઈન્દ.
પછી સંત ઊઠ્યા જોડી હાથ, જેમ કહો તેમ કરીએ નાથ;
કહો તો મટકું ન ભરીએ મીટે, કહો તો અન્ન ન જમીએ પેટે.

સંતો કહે, 'હે નાથ ! કહો તો ઉઘાડા ફરીએ. કહો તો ઓઢવાનું છોડી દઈએ. કહો તો મૌન રહીએ. કહો તો પાણી છોડી દઈએ. કહો તો એક આસને બેસી રહીએ.

એવું કઠણ નથી કાંઈ કામ, તમે કહોને ન થાય ઘનશ્યામ;
એમ હિંમત છે મનમાંય, તમે કહો તે કેમ ન થાય.

સહુ સંતોએ આમ વર્તવાની તૈયારી બતાવી ત્યારે મહારાજ બહુ સરસ બોલ્યા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીને હાર આપી સભામાં પ્રશંસા કરી' એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય-૧૭

બ્રહ્મરૂપ થવાની આવશ્યકતા

એક વાત કહું માનો તેહ, આપણે આતમા નહિ દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.

આ પંક્તિ મને બહુ ગમે છે. શ્રીહરિ કહે, 'મારે તમને અન્ન-જળ છોડાવવા નથી. એક આસને મૌન બેસાડવા નથી. તમને ઉઘાડા

ફેરવવા નથી.' અહીં શ્રીહરિને સ્થૂળદેહ ટાળવાના તાન કરતાં પણ સૂક્ષ્મદેહમાં રહેલી સમજણમાં ફેરફાર કરવાનું વિશેષ તાન જણાય છે. તેથી કહે છે કે, 'મારી એક વાત માનો. શું ? આપણે આ પિંડ કે બ્રહ્માંડમાં દેખાય તે કશું જ નથી. તમે સહુ પોતાને બ્રહ્મરૂપ એકરસ ચૈતન્ય સમજો.' સ્થૂળ દેહે પાળવું સહેલું છે, પણ હું આત્મા છું, બ્રહ્મરૂપ છું. તેમ સૂક્ષ્મદેહમાં હા પડી જવી તે કઠણ છે. હજારોમાં કો'ક વિરલા સત્સંગી ત્રણ દેહના બંધન તોડી બ્રહ્મરૂપ થઈ શ્રીહરિમાં દિલ જોડતા હશે.

ઘણો ધર્માદો આપે, વહેલા ઊઠે, ધર્મ-નિયમ પાળે, સંડાસ જઈ સત્તરવાર હાથ ધોવે, માળા, દંડવત, પ્રદક્ષિણા વગેરે નિયમ રાખી કરે. કેળનાં પાણીના ભરેલા ટીપણામાં માથાબોળ ઊભો ઊભો બીલકુલ સોળે રસોઈ કરે; જપ, તપ, વ્રતાદિક ઘણું કરે છતાં દેહભાવ જાતો નથી. અને મહારાજને આપણો દેહભાવ ટાળી બ્રહ્મરૂપ કરવા છે. તેથી કહે છે કે,

એક વાત કહું માનો તેહ, આપણે આતમા નહિ દેહ;
માનો ચૈતન્યરૂપ તમારું, દુઃખરૂપ દેહ તેહ ન્યારું.

ધારણા-પારણા સહેલા છે. શીશુ, દંડ, કીડી, જવ કે ઋષિ જેવાં ચાંદ્રાયણો કરવાં તથા માઘસ્નાન કરવું સહેલું છે; પણ પોતાને બ્રહ્મરૂપ સમજવું તે અઘરું છે. જે દેહભાવ ઉડાડે અને મન મૂર્તિમાં લગાડે તે જ બ્રહ્મરૂપ બની શકે છે. જગતમાં સારું વર્તનારા ઘણા મળે, પરંતુ સાચું સમજનારા ઓછા મળે છે. કેમ જે, વર્તવું સહેલું છે, સમજવું એથી પણ કઠણ છે. **સમજણ બદલે તો જ સ્થિતિ બદલે છે. જો બદલે ખ્યાલ, તો થઈ જાય નિહાલ. હું કામી છું, ક્રોધી છું, માની છું, સ્ત્રી છું, પુરુષ છું; આ તમામ ખોટી સમજણ છે. કેવળ જીવે મૂર્ખાઈએ કરીને માની લીધી છે.**

શ્રીહરિએ વચનામૃત ગ.મ.૧૨માં કહ્યું છે કે, “એકને વિશે સર્વે સાધન આવી જાય એવું એક બળવાન કલ્યાણનું સાધન છે તે કહીએ છીએ જે, દેહને વિશે જે જીવ છે તે એમ જાણે છે જે, ‘કામ-ક્રોધાદિક ભૂંડી પ્રકૃતિઓ છે તે મારા જીવ સાથે જડાણી છે.’ એવી રીતે કામાદિક જે જે પ્રકૃતિ જેને વિશે મુખ્ય હોય તે પ્રકૃતિને યોગે કરીને પોતાના જીવને કામી, ક્રોધી, લોભી ઈત્યાદિક કુલક્ષણે યુક્ત માને છે, પણ **જીવને વિશે તો એ એકે કુલક્ષણ છે નહીં; એ તો જીવે મૂર્ખાઈએ કરીને પોતાને વિશે માની લીધાં છે. માટે જેને પરમપદ પામવા ઈચ્છવું તેને કાંઈક પોતાને વિશે પુરુષાતન રાખવું, પણ છેક નાદાર થઈને બેસવું નહિ.** અને એમ વિચાર કરવો જે, **‘જેમ આ દેહમાં ચાર અંતઃકરણ છે, દશ ઈન્દ્રિયો છે, પંચ પ્રાણ છે તેમ હું જીવાત્મા છું તે પણ આ દેહને વિશે છું તે સર્વ થકી અધિક છું ને એ સર્વનો નિયંતા છું.’** પણ એમ ન માનવું જે, હું તો તુચ્છ છું.”

માટે જો તમે મારા હો તો હું અક્ષરબ્રહ્મ છું, ચિદાકાશ છું, ભગવાનને રહેવાનું ધામ છું અને મારા રોમરોમમાં પ્રગટ પ્રમાણ ભગવાન બેઠા છે. આમ પોતાના આત્માને ચૈતન્યરૂપ સમજો અને તેમાં રોમેરોમ ભગવાન બેઠા છે એમ સમજો તો લાખ નિયમ પાળ્યા કરતાં પણ શ્રેષ્ઠ છે. આ તો અંદરથી બદલવાની વાત છે, સમજણની વાત છે. તે ભલભલાથી થાતી નથી.

ગુણાતીતાનંદસ્વામી કહેતાં કે, ચાર ઘાટીઓ છે તેને ઉલ્લંઘવી તે ઘણું કઠણ છે. તેમાં એક તો ભગવાનની ઉપાસના સમજવી, તે શું ? તો શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ સમજવા. આ ઘણાથી નથી થાતું. બીજું સાધુ ઓળખવા. સાધુ પણ ઘણા નથી ઓળખી શકતા. ‘અમારે તો સહુ સરખા.’ એમ બોલતા હોય છે. **ત્રીજું દેહથી આત્મા જુદો સમજવો**. દેહરૂપને તો શ્રીહરિ

અજ્ઞાનીમાં અજ્ઞાની, નીચમાં નીચ અને મૂર્ખમાં મૂર્ખ કહે છે. અને જે બ્રહ્મરૂપે વર્તે તેને શ્રીહરિ લાખો ધન્યવાદ આપે છે. છતાં અહંના ડીંડાને કારણે બ્રહ્મરૂપે વર્તાતુ નથી. ને ચોથું ઉત્તમ ભોગમાંથી રાગ ટાળવો, કહેતાં પંચવિષયમાંથી પ્રીતિ તોડી શ્રીહરિમાં મન જોડવું. તે કરવાનું છે.

પરંતુ તે સર્વેનું કારણ સાધુ છે. સાચા સંત મળે અને તેને ઓળખી તેની અનુવૃત્તિમાં જીવે તો બાકીની ત્રણ ઘાટી સાધુ ઉકેલી દે. અને બેડો પાર થઈ જાય. પણ સહુને પોતાની રીતે જીવવું ગમે છે. તેથી જ ગોપાળાનંદસ્વામી કે મુક્તાનંદસ્વામી જેવા સાધુમાંથી પણ ખામીઓ કાઢે છે. જ્યારે માથામાં અહંનો કીડો સળવળે ત્યારે તે કોઈને નમી શકતો નથી, સોંપાઈ શકતો નથી કે આધીન રહી શકતો નથી. અને એટલે જ હજી સુધી કલ્યાણ થયું નથી. **મોટાને સોંપાઈ જવું તે કલ્યાણનો સરળ માર્ગ છે.**

દોહા : **ભગવાન કે સુસંતની, જેને વાત કરે અસર;**
તેની સર્વે જાય ટળી, નાની મોટી કસર...૪૫
જેને વાત અસર ન કરે, જેમ પથર પર પાણી;
એની કસર ટળતી નથી, વાત રાખજો જાણી...૪૬

શ્રીહરિ કહે, 'મારે કોઈને મૌન પળાવવું કે જપ-તપ કરાવવા નથી, પણ સહુને બ્રહ્મરૂપ કરવા છે. દેહધારી મટાડી મૂર્તિધારી કરવા છે.' શ્રીહરિની આ વાતની સ્વામીના અંતરમાં ઊંડી અસર થઈ તેથી સંસારના પદાર્થમાત્રની અરુચિ થઈ ગઈ. શ્રીહરિની વાતની અસર થઈ તો દેહભાવરૂપી કસર ગઈ, ખરેખરી આત્મનિષ્ઠા દૃઢ થઈ. પછી સુવિધામાત્રનો ત્યાગ કર્યો. શરીરના લાલન-પાલનમાં અત્યંત અભાવ થયો અને શ્રીહરિનાં વચન આકારે ચૈતન્યની વૃત્તિઓ થઈ ગઈ. મહારાજની મૂર્તિમય જીવન બની ગયું. આપણે પણ આવું થાય તો સમજવું કે વાતની અસર થઈ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'લેખકે બ્રહ્મરૂપ થવાની આવશ્યકતાને વર્ણવી' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય-૧૮

સ્વામીને દેહનો અભાવ તથા સંતમહિમા

એક સમયે ગામ વટામણની સીમમાં નદીને કાંઠે એક ફૂલવાડી હતી ત્યાં ભાયાત્માનંદસ્વામી બેઠેલા. તે સમયે વરસાદ આવ્યો તે ભાઈસ્વામી પલળી ગયા. પછી તે ફૂલવાડીમાંથી ઊઠ્યા ને બહાર આવી ડાંગરો વાવેલા કેરાના જે ઢોરા, તે ઉપર આવીને બેઠા. તે ગોદડીનો કટેવાળો પણ પલળી ગયેલો. કટેવાળો એટલે ગોદડીનો છેડો. ને ઢોરા ઉપર આથમણે મોઢે બેઠેલા. તે સમે ડાંસ ઊડે ને ભાઈસ્વામીને કરડે. પછી સ્વામી હાથે કરીને ઉડાડે તોપણ પગ લોહીજાણ(લોહીલુહાણ) કરી નાંખ્યા. તે એવા સમામાં ઓતરાદી કોરથી મહારાજ ઊભે મારગે ચાલ્યા આવે. તે મહારાજે છેટેથી ભાઈસ્વામીને ભાળ્યા. પછી ભાઈસ્વામીની પાછળ આવીને ઊભા રહ્યા અને બોલ્યા જે, 'આ કોણ સાધુ બેઠા છે ?'

ત્યારે ભાઈસ્વામીએ મહારાજનો સાદ ઓળખ્યો, તે સાંભળીને તરત ઊભા થઈને મહારાજ સામું જોયું ને બોલ્યા જે, 'હે મહારાજ! તમે અહીં ક્યાંથી ?' ત્યારે મહારાજ બોલ્યા જે, 'અમે તો આ ઉતરાદી દિશાથી આવીએ છીએ. ત્યાં આંહીં તમને ભાળ્યા ત્યારે તમારી પાસે આવ્યા.' પછી સ્વામી બોલ્યા જે, 'મહારાજ, દર્શન દીધાં તે બહુ સારું કર્યું.'

પછી મહારાજ તેમની સામું જોઈને બોલ્યા, 'હે ભાઈસ્વામી ! તમારે હાથેપગે લોહી કેમ નીકળ્યું છે ?' ત્યારે સ્વામી બોલ્યા, 'હે મહારાજ ! આ તો ડાંસ કરડે છે તેણે કરીને લોહી નીકળ્યું.' ત્યારે મહારાજ બોલ્યા જે, 'એ ડાંસને તમે ઉડાડતા નથી ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! ઉડાડીએ છીએ તોય પણ કરડે છે.' પછી

મહારાજ બોલ્યા જે, 'એ ડાંસ તમને કરડે છે ત્યારે નિદ્રા નહિ આવતી હોયને ?' ત્યારે સ્વામી કહે, 'હે મહારાજ ! જ્યારે કરડે ત્યારે નિદ્રા તો ન જ આવેને !' પણ સ્વામી તો દેહને ગણતા જ નહીં એવો દેહનો અનાદર હતો. તેમણે પોતાનું **'આત્માનંદ'** એવું નામ સાર્થક કર્યું હતું.

દોહા : **આમ દેહને ગણવો નહિ, માનવું પોતે આતમ;**
એને અક્ષરે એક કરી, ભજવા પુરુષોત્તમ...૪૭
આવું સર્વોપરિ જ્ઞાન છે, સહજાનંદે દીધેલ;
નંદસંતોએ સ્નેહથી, અદ્ધરથી ઝીલેલ...૪૮
એવા સંતનો મહિમા, ગાઈ શકે ન કોઈ;
હરિમૂર્તિ જે સિદ્ધ કરે, તે નારા'ણ સમ હોય...૪૯

બધાથી આમ વર્તી શકાતું નથી. આ તો જેણે પોતાના આત્મામાં શ્રીહરિની મૂર્તિ સિદ્ધ કરી હોય તેવા સંતનો મહિમા છે. અને તે તો **'જેનું ઉલટી પલટ્યું આપ, સંત તે સ્વયં હરિ.'** આવા મોટા ગણાય. એવા સંતના હાથમાં હરિના હાથ છે, પગમાં હરિના પગ છે, મુખમાં મહારાજનું મુખ છે, વેણમાં વહાલાનાં વેણ છે અને નેણમાં નાથનાં નેણ છે. તેથી જ નિષ્કુળાનંદસ્વામી કહે છે,

ઢાળ : **જક્તદોષ જેના જીવમાં, વળી અડ્યો નથી અણુ ભાર;**
એવા સંત શુદ્ધ શિરોમણિ, ત્રિલોકના તારનાર.
ઘણું રાજી કરી સંતને, કૈક પામિયા પરમ ધામ;
સંત વિના શોધી જુવો સઘળે, કહો કેનું સરિયું કામ.
એવા સંત મળે મળ્યા સ્વામી, ખામી કોઈ ના રહી;
કહે નિષ્કુળાનંદ શીશ નામી, સાચી સહુને કહી.

જેનાં મોટાં ભાગ્ય હોય તેને એવા સંતનાં દર્શન કે સ્પર્શ થાય. એવા એક સંત મળે તોય અનંત જન્મનાં પાપ બળે અને તત્કાળ મોક્ષ થાય. અને તે સંત એક ઘડી વધારે પૃથ્વી ઉપર રહે ત્યાં અનંત

જીવનો મોક્ષ થઈ જાય. એવી તેમની ઉત્તમ સ્થિતિ હોય. કેમ જે, તેમાં ભગવાનનો અખંડ વાસ હોય છે. જેમ ભગવાન અક્ષરધામમાં રહે છે, તેમ જ એવા સંતમાં પણ એવા ને એવા અખંડ રહે છે; એમ ગોપાળાનંદસ્વામી કહેતા હતા. **જેને એવા સંતમાં થાય વિશ્વાસ ને પ્રીતિ, તે જગ જાય જીતી.** એની તો વાત જ ન્યારી છે.

પછી મહારાજ બોલ્યા જે, 'હે ભાઈસ્વામી ! તમે આ નિદ્રાના સ્વરૂપને જાણો છો ? એ ક્યાંથી આવે છે ને ક્યાં રહે છે ?' ત્યારે સ્વામી કહે, 'હે મહારાજ ! એ વાતને હું નથી જાણતો.' ત્યારે મહારાજ બોલ્યા જે, **'હે સ્વામી ! નિદ્રા તો મનુષ્યમાત્રની પગની પાનીમાં રહે છે. તે નિદ્રા બીજાને કેમ માપ્યામાં આવે ?'** ત્યારે સ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! નિદ્રા અમને માપ્યામાં આવે એવી રીતે વાતનું તમે નિવારણ કરો.'

પછી મહારાજ બોલ્યા જે, 'હે ભાઈસ્વામી ! આ દેહમાં નિદ્રા એવી રીતે પગની પાનીમાં રહે છે, જ્યારે મનુષ્યને ઊંઘ આવવાની થાય ત્યારે પ્રથમ મનુષ્યના પગ કળવા માંડે. ત્યાર પછી નિદ્રા ઊંચી ચડવા માંડે તેમ તેમ મનુષ્યના બધા શરીરે કળતર થવા માંડે. પછી નિદ્રા બધે શરીરે આંટો લઈ જાય, પણ આંખો ઉઘાડી હોય ત્યાં સુધી જાગ્રત અવસ્થા જાય નહિ ને ત્યાં સુધી મનુષ્યને કાંઈક જ્ઞાન રહે. ને જ્યારે આંખો બિડાય જાય, ત્યારે મનુષ્યમાત્રને દેહની ખબર ન રહે ને કાંઈ જ્ઞાન ના રહે; ત્યારે તે જાગ્રત અવસ્થા ન કહેવાય. માટે હે ભાઈસ્વામી ! નિદ્રા તો પગની પાનીમાં રહી છે.'

આ વાત આજના મનોવૈજ્ઞાનિકો દ્વારા પણ સિદ્ધ થયેલી છે. તેઓ પણ કહે છે કે 'મનુષ્યના પગ કળવા મંડે તે ઊંઘ આવ્યાની પ્રથમ નિશાની છે.' આ વાત શ્રીહરિએ તે સમયે સ્વામીને કહેલી.

(સંદર્ભ : મોનજીભગતની વાત-૨૮)

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીને દેહનો અનાદર તથા એવા સંતનો મહિમા કહ્યો 'એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય-૧૯

રાજીપાનો આલોચ તથા શ્રીહરિ અને સંતોની મહાનતા

સ્વામી વર્તમાનપાલનમાં ભારે સજાગતા રાખતા, 'હું કાંઈ ભૂલતો તો નથી ને ?' એવું એમને હંમેશાં અનુસંધાન રહેતું. એકવાર કારિયાણીમાં વસ્તા ખાચરના દરબારગઢમાં શ્રીહરિ શેરડીના માંદળિયા આરોગતા હતા. ને ભાઈસ્વામી તથા વ્યાપકાનંદસ્વામી દર્શને આવ્યા. દંડવત કરીને સન્મુખ બેઠા એટલે શ્રીહરિએ શેરડીના માંદળિયાની તાંસળી એમની તરફ ઠેલી અને કહ્યું, 'બન્ને જમો.' ત્યારે ભાઈસ્વામીએ હાથ જોડ્યા ને કહ્યું, 'આપે મેઘપુરમાં ગળ્યા-ચીકણાની બંધી કરી છે એટલે આ નહિ જમીએ.' આ સાંભળી શ્રીહરિએ કહ્યું, **'તમે ખરા સજાગ સંત છો,** પણ હવે અમે પ્રકરણ બદલાવ્યું છે ને સહું સંતો જમે છે માટે તમે પણ જમો.'

શ્રીહરિ વિવિધ પ્રકરણો બદલતા જેનું અનુસરણ તેઓ તૂર્ત જ કરતા, પરંતુ એની નિવૃત્તિ તો ખાત્રી થયા પછી જ લેતા. આપણે તો પાળવામાં ઢીલા અને મૂકવામાં ઉતાવળા, જ્યારે સ્વામી વચન પાળવામાં ઉતાવળા અને મૂકવાનું થાય તો પૂરું પાકું કરીને મૂકે; એવા તે ભારે શૂરવીર હતા.

દોહા : **લોપ થાય રખે વચનનો, જાણે ફડકે હરણ;**
સ્વામી કાયમ રાખતા, ખટકો પાળવા વચન...૫૦

વચનમાં પડવા દેતા નહિ, ફેર એક તલભાર;
તેથી મળી'તી સંતોમાં, મોટપ અતિ અપાર...૫૧

હરિ પણ તેમની ઉપરે, રાજી રે'તા સદાય;
પ્રસન્ન ચિત્ત સ્વામી સદા, પ્રગટના ગુણ ગાય...૫૨

શ્રીહરિની આજ્ઞા પાળવી. મોટાની મરજીમાં રહેવું. કોઈ ગોટા વાળવા નહીં. જે વચનમાં વર્તે તે અનેકનો આદર્શ બને અને શ્રીહરિ તેના ઉપર પ્રસન્ન થાય. **આપણે જેની આજ્ઞામાં રહીએ તેનો રાજીપો આપણા ઉપર થાય.** શ્રીહરિની આજ્ઞામાં રહીએ તો તે રાજી થઈ મોટું સુખ આપે. માટે...

ઢાળ : **પૂરણ સુખને પામવા, રહીએ હરિઆજ્ઞા અનુસાર;**
તે વિના મોટપ્ય નવ મળે, જન જોવું કરી વિચાર.

ભવ બ્રહ્મા આ બ્રહ્માંડમાં, મહા મોટા કહે સહુ કોય;
તે મોટપ્ય શ્રીમહારાજથી, એહ સમજવું જન સોય.

શશી સૂર્ય સમર્થ સહી, કરે સર્વે લોકે પ્રકાશ;
તે પ્રસન્ન કરી પરબ્રહ્મને, અંગે પામ્યા એવો ઉજાસ.

શેષ સુરેશ ને શારદા, ગણપતિ ગુણના ભંડાર;
રામ રાજિયે હનુમાન હુવા, અતિ મોટા પરમ ઉદાર.

ભૂત ભવિષ્ય વર્તમાનમાં, હરિ રાજીપામાં જે રહ્યા;
દેવ દાનવ માનવ મુનિ, તે સર્વે મોટા થયા.

મોટા ગણાણા તે માનવું, કર્યું ગમતું જેણે ગોવિંદતણું;
તે વિના મોટપ્ય નવ મળે, ફરી ફરી શું કહિયે ઘણું.

રાધાજિયે રાજી કર્યા, શ્રી કૃષ્ણ કૃપાનિધાન;
તેણે કરીને મોટપ્ય મળી, વળી પામિયા બહુ સનમાન.

આ રીતે બ્રહ્મા, વિષ્ણુ, શિવ, હનુમાનજી, ગણપતિ, સૂર્યાદિક દેવો તથા રાધાદિક અનેક ભક્તો શ્રીહરિનાં વચનમાં રહેવાથી મોટપ્યને પામ્યા છે. જે જેટલો જેના વચનમાં રહે તે તેટલો સમર્થ થાય છે. માટે

મોટું થાવાનું હોય મનમાં, તો હરિવચનમાં હંમેશ રૈ'યે;
નિષ્કુળાનંદ કહે ન લોપિયે, વાલમનું વચન કૈયે.

(વચનવિધિ ક. ૧, ૩)

આવી વચનની મહત્તા નિષ્કુળાનંદસ્વામીએ વચનવિધિમાં કહી છે. આત્માનંદસ્વામીનું જીવન એટલે મૂર્તિમાન વચનવિધિ ગ્રંથ જોઈ લો. આપણે પણ સ્વામીના જેવી સજાગતા, વચનપાલનનો ખટકો, શ્રીહરિને રાજી કરવાનો આલોચ, ઉત્સાહ, ભગવાનનો દૃઢ ભરોસો, અચળ વિશ્વાસ અને દેહનો અનાદર જેવા સદ્ગુણો શીખીએ.

❊ શ્રીહરિ અને સાચા સંતોની મહાનતા :

દોહા : **પ્રત્યક્ષ પુરુષોત્તમજી, શ્રીહરિ અક્ષરાતીત;**
સ્વામી સહજાનંદજી, કરવા યોગ્ય છે પ્રીત...૫૩
સર્વે ઉપાસકના એ છે, ઉપાસ્ય મૂર્તિ સદાય;
સર્વેને આનંદરૂપ છે, સારના સાર ગણાય...૫૪
સર્વ તત્ત્વના તત્ત્વરૂપ, દૈવતનું છે દૈવત;
સર્વ ક્ષેત્રમાં ક્ષેત્રજ્ઞ, રાખો વૃત્તિ સતત...૫૫
સર્વ મંગળમાં મંગળ, પાવનમાં પાવન;
સર્વ ગુહ્યમાં ગુહ્યરૂપ, ગુણીના ગુણી જીવન...૫૬
સર્વ ધામના ધામી છે, સર્વ કારણના કારણ;
અવતારના અવતારી, ખુદ સ્વામિનારાયણ...૫૭

શ્રીજીમહારાજ સદા પ્રત્યક્ષ છે; અક્ષરાતીત છે; સર્વે પુરુષોમાં, દેવોમાં, ઈશ્વરોમાં, અવતારોમાં અને મુક્તોમાં ઉત્તમ છે; માટે પુરુષોત્તમ નારાયણ છે. શ્રીહરિ સર્વ ઉપાસકોના સદા સર્વોત્તમ ઉપાસ્યમૂર્તિ છે. સર્વ કારણના કારણ છે. સુપ્રિમ પાવર કે અંતિમ તત્ત્વ એક મહારાજ જ છે. સારનો સાર અને સર્વોત્તમ આનંદ શ્રીહરિની મૂર્તિ છે. જે કોઈ તત્ત્વો છે તે શ્રીહરિને લઈને તત્ત્વપણું ધરાવે છે.

સ્વામિનારાયણ ભગવાન બધાના જીવનપ્રાણ છે. દેવ-દેવીઓમાં, ઈશ્વરોમાં કે ઋષિ-મુનિઓમાં જ્યાં કાંઈ થોડું-ઝાઝું દૈવત કે પ્રતાપ દેખાય છે તે બધો સ્વામિનારાયણ ભગવાનનો આપેલો છે. આવા

પાવનમાં અતિ પાવન, તમામ મંગલમાં અતિ મંગલકારી અને સહુને પવિત્ર કરનારા શ્રીહરિમાં અખંડ મનની વૃત્તિ રાખવી તે આપણું કર્તવ્ય છે. **મહારાજ જ એક પ્રીતિ કરવાનું સર્વોત્તમ પાત્ર છે. જે શ્રીહરિમાં પ્રેમ કરે છે તે તેમના જેવો સમર્થ બની જાય છે.**

આ જગતમાં જેટલું કાંઈ ખાનગી કે સિક્રેટ ગણાતું હોય તે બધા ગુપ્તથી પણ ગુપ્ત શ્રીહરિનું સ્વરૂપ છે. મહારાજ સર્વ ગુણીના ગુણી છે, કહેતાં જ્યાં જ્યાં ગુણ દેખાય છે તે બધા શ્રીહરિમાંથી આવેલા છે. માટે સર્વ ગુણના ગુણી, સર્વ ધામના ધામી, સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને કાળના પણ કાળ એવા સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન એક છે. આવા સર્વોપરી શ્રીહરિને જેમણે પ્રગટ પ્રભુ માનીને એમની આજ્ઞા પ્રમાણે જ જીવન વીતાવ્યું તે આત્માનંદસ્વામીમાંથી આપણે ઘણું શીખવા જેવું છે.

દોહા : **સદા શ્રીહરિને સેવતા, સ્વામી આત્માનંદ;**
હરિઆજ્ઞા દૃઢ પાળતા, હૈયે પામી આનંદ...૫૮
એવા વિરલ મહા સંતનું, વિશેષ કહ્યું આખ્યાન;
સુણતાં સદ્‌ગુણ સાંપડે, રાજી થાય ભગવાન...૫૯

ભગવાનને કોઈ નાત-જાતનું બંધન નથી. ભગવાન નાત જોઈને કે રૂપ જોઈને રાજી કે કુરાજી થતા નથી. પ્રભુ તો સદ્‌ગુણ જોઈને રાજી થાય છે અને દુર્ગુણ જોઈને કુરાજી થાય છે. માટે પ્રભુને પ્રસન્ન કરવા સદ્‌ગુણો કેળવવા જોઈએ. આત્માનંદસ્વામી સદ્‌ગુણી સંત હતા. આવા સંતો-ભક્તોનાં આખ્યાન શ્રીહરિમાં પ્રીતિ ઉપજાવે છે અને તેમના જેવા ગુણો કેળવવા અને મેળવવાની પ્રેરણા આપે છે. આવું જ અનુપમ સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'રાજીપાનો આલોચ તથા શ્રીહરિ અને સંતોની મહાનતા કહી' એ નામે ઓગણીશમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય-૨૦

શ્રીહરિની સર્વોપરીતાનું વર્ણન

સ્વામિનારાયણ ભગવાન ગુરુદેવ રામાનંદસ્વામીની ગાદીએ બેઠા એટલે રામાનંદસ્વામીના તમામ શિષ્યો મહારાજના ગુરુભાઈ કહેવાય. તેમાં ઘણા ગુરુભાઈઓને મહારાજે ગાદીએ બેઠા પછી દયા કરી ફરેણીમાં ખાટલા ઉપર સુવાડી ધામમાં મોકલી દીધા અને તેમની ઈચ્છા પૂર્ણ કરી હતી. પરંતુ રામાનંદસ્વામીના રામદાસભાઈ, સ્વયંપ્રકાશાનંદસ્વામી, આનંદાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, પરમચૈતન્યાનંદસ્વામી વગેરે બાર મોટેરા શિષ્યો હતા. તેને શ્રીહરિ **'ભાઈ'** કહીને બોલાવતા. અને સભામાં આવે તોપણ કહેતા, 'આવો બાર ભાઈ.' આમ કહી સન્માનતા હતા.

આત્માનંદસ્વામી તો શ્રીહરિના શિષ્ય હતા, પરંતુ શ્રીહરિએ પોતે તેમને ભાઈનું બિરુદ આપેલું તે એમના જીવનની ગૌરવવંતી ગાથા છે. આ વાત સાંભળવાથી ઘણું જાણવા મળશે, શીખવા મળશે અને શ્રીહરિ તથા સંતો-ભક્તોનો મહિમા વધશે. પરિવર્તનના આવા અજોડ ઈતિહાસો દુનિયાના કોઈ સંપ્રદાયમાં નથી.

અમુક વર્ષો જશે એટલે સ્વામિનારાયણ સંપ્રદાય આખા વિશ્વમાં વ્યાપી જશે. પછી ગામોગામ અને ઘરોઘર સ્વામિનારાયણ ભગવાનને સમર્પિત થયેલા પરમહંસો અને શિવલાલ શેઠ, ગોરધન શેઠ તથા પર્વતભાઈ જેવા ભક્તોની વાતો તમામ કથાકારો કહેશે. જરૂર છે થોડો સમય જવા દેવાની. અત્યારે આપણે આપણાથી થાય એટલા સત્ય ઈતિહાસોને શોધીને સત્સંગ સમાજને પીરસીએ. પછી આ સંશોધન કરેલું સાહિત્ય દુનિયાના તમામ વિદ્વાન વક્તાઓ, ચિંતકો કે કથાકારો ગાશે, અનુસરશે અને શ્રીહરિને ઓળખી, સર્વોત્તમ પ્રાપ્તિને પામશે.

આજે તીર્થધામ કુંડળમાં ઉતાવળીના આરે અમે આ શ્રીહરિના સર્વોપરીપણાની વાતો લખીએ છીએ અને શ્રીહરિને સમર્પિત થયેલા ધામ

ધામના મુક્તો ધરતી પર આવેલા, તેમની અદ્‌ભુત કથાઓને કરીએ-સાંભળીએ છીએ. આ સાંભળતાં દિલમાં ખુમારી આવે છે એકવાર પ્રાણઆધાર શ્રીહરિને માટે કુરબાન થવાની. અને તેમને રાજી કરવાનું તાન જાગે છે. દિલમાં એમ થાય છે કે, 'અનંત જન્મ પદ-પ્રતિષ્ઠા, સગાં-સંબંધી અને સ્ત્રી-છોકરા માટે વ્યર્થ ગુમાવ્યા, ખૂબ કૂટાણા અને લખચોરાશી ઊભી રહી. હવે આ એક જન્મ સ્વામિનારાયણ ભગવાન માટે કુરબાન થઈએ તો પ્રભુ રાજી થઈને મોટી પદવી આપે. જેનાં અનંત જન્મનાં ભાગ્ય ઉદય થાય તેના હૈયામાં 'હું સ્વામિનારાયણ ભગવાનનો છું.' એવી દઢતા થાય. **'સ્વામિનારાયણનો શિષ્ય તો દુનિયાનો ઈશ બને છે.'** જેના કંઠમાં શ્રીહરિની કંઠી, તેની લખચોરાસી જાય વંઠી. આવી અલૌકિક વાત છે.

ગુણાતીતાનંદસ્વામી કહે, 'જેમ છે તેમ જો વાતો કરું તો કોઈથી ઊભા થઈને ઘેર જવાય નહીં. **આ તો અનંત ભગવાનના ભગવાન છે.** પણ જીભ ઝાલીને બોલીએ છીએ.' વળી સ્વામી કહે, **'આજ તો પુરુષોત્તમ અક્ષરધામ ને મુક્તે સહિત પધાર્યા છે, તે ભેળા અનંત ધામોના ભગવાન તેના મુક્તે સહિત અહીં પધાર્યા છે.** તે શા સારુ ? તો પોતપોતાની ખોટ કાઢવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા આંહીં આવ્યા છે, નહિ તો આવો ભીડો વેઠાય કેમ ? તે મહારાજે કહ્યું જે, "એ અવતારમાં ત્રણ-ત્રણ ભીડામાં આવ્યા છે ને આજ તો બધાયને ભીડામાં લેવા છે." એમ કહીને વળી બોલ્યા જે, **'બીજાના જન્મ છે તે તો પોતપોતાની ખોટ મૂકવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજવા સારુ છે ને એકાંતિકના જન્મ છે તે તો અનંત જીવોને બ્રહ્મરૂપ કરવા ને પુરુષોત્તમનું સ્વરૂપ સમજાવવા સારુ આ પૃથ્વીને વિષે પધારે છે.** ને આ વાતો છે તે તો ગોપાળાનંદસ્વામી ને મુક્તાનંદસ્વામી ને સ્વરૂપાનંદસ્વામી તેના અંગની છે. તે આ સાધારણ જીવમાં નાખી દીધી છે તે પથ્ય

પડતી નથી ને ઊલટી થઈ જાય છે. જેમ સો જન્મનો શુદ્ધ બ્રાહ્મણ હોય તેના પેટમાં સોમવલ્લી ઔષધિ રહે છે ને એવો ન હોય તેના પેટમાં રહેતી નથી, તેમ અક્ષરધામનો મુક્ત હોય તેને આ વાત પથ્ય પડે છે ને બીજાને તો ઊલટી થઈ જાય છે, પણ પથ્ય પડતી નથી.'

આવી વાતો તો જે જાણનારા હોય તે જાણે અને માણનારા હોય તે માણે. જે સ્ત્રી-ધન અને પદ-પ્રતિષ્ઠા માટે જ કૂટણાં કૂટતા હોય તેને આ વાતમાં ઝાઝી ખબર ન પડે; પણ જે આ સત્સંગમાં બેસી કથા-વાર્તા સાંભળી આત્યંતિક મોક્ષ માટે મંડાણા હોય, ઘડાણા હોય તેની વાત જુદી છે. તેને આ વાત શ્રીહરિ સમજાવે છે.

કહેવત છે કે, 'પાકા ઘડે કાંઠા ન ચડે.' પરંતુ આ કુંડળમાં સો-દોઢસો જેટલા વૃદ્ધો જીવન બદલીને અખંડ ભજન કરે છે. આ શ્રીજીમહારાજનો પ્રતાપ છે. જેને સ્વામિનારાયણ ભગવાન ઓળખાય તે તેમના માટે મરણિયો થાય. કેમ જે એ ભગવાન જ એવા છે. ભાયાત્માનંદસ્વામી જેવા સંતની કથામાંથી આપણને તેમની પોઝેટીવ અને નેગેટીવ બંને સાઈડ જાણવા મળશે. જેથી આપણામાં પણ કોઈ ભૂલ હોય તો તેમની જેમ સુધારવાની પ્રેરણા મળશે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિની સર્વોપરિતાનું વર્ણન કર્યું' એ નામે વીશમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય-૨૧

રામદાસભાઈની સમજણ તથા પરિવર્તન

ગઢપુરમાં અક્ષરઓરડીએ મહારાજ પાસે મોટા મોટા સાધુની સભા બેઠી હતી. મુક્તાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી વગેરે સંતો ભગવાનના અવતારમાં અંશ, કલા, પૂર્ણ એમ ન્યૂનાધિકપણું છે તથા અવતાર-અવતારીમાં ભેદ છે એ પ્રકરણની વાત કરતા હતા. આ

ત્રણેય સંતો પૂર્વાશ્રમમાં બ્રાહ્મણના દીકરા હતા, પ્રકાંડ પંડિતો હતા અને ત્રણેયે પ્રગટ પુરુષોત્તમનારાયણને ઓળખ્યા હતા.

વળી ભાગવત, ગીતાજી, ઉપનિષદો, શારીરિકસૂત્રભાષ્ય આદિક દુનિયાનાં તમામ દાર્શનિક શાસ્ત્રો તથા પુરાણોનો તલસ્પર્શી અભ્યાસ કરેલો હતો. અને તે શ્રીહરિ પાસે બેઠાં બેઠાં અવતાર-અવતારીપણાની ચર્ચા કરતા હતા. પરંતુ તે ભાઈરામદાસસ્વામી અને આત્માનંદસ્વામીથી સહન ન થયું એટલે મહારાજ બેઠા હતા છતાં બોલ્યા કે, 'તમે પાશેર, અર્ધોશેર, પોણોશેર એમ ભગવાનના અવતારોને કેમ જોખો છો ? બધા અવતારો સરખા છે.'

ત્યારે નિત્યાનંદસ્વામી બોલ્યા કે, "ભાગવતમાં કહ્યું છે કે, **अन्ये चांशकलाः पुंसः, कृष्णस्तु भगवान् स्वयम्।** 'બીજા અંશ કે કલા અવતાર છે અને શ્રીકૃષ્ણ પૂર્ણ અવતાર છે.' જ્યારે હાલમાં આ સ્વામિનારાયણ ભગવાન તો પરિપૂર્ણ, કહેતાં સર્વ અવતારના અવતારી છે." છતાં તે બંનેને આ વાત ન મનાણી. ત્યારે મહારાજ બોલ્યા કે, 'સંતો ! માથાકૂટ ન કરો, એ તો આગળ માનશે હમણાં નહિ માને.'

(સંદર્ભ : નિર્ગુણ.વાત-૯૯; ઉપદેશામૃત)

સંપ્રદાયના સાહિત્યોમાં મહાન સંતોની કલમે લખાયું છે કે, ભાઈ રામદાસસ્વામી શિવજીનો અવતાર હતા અને આત્માનંદસ્વામી નવ યોગેશ્વર માંહેલા એક પ્રબુદ્ધમુનિનો અવતાર હતા. આ બંને પૂર્વજન્મના આવા જબરા હતા તોપણ શ્રીહરિનું સર્વાવતારીપણું, સર્વોપરીપણું જ્યારે ચર્ચાતું ત્યારે તેના હૈયામાં આ વાતની હા ન પડી. વિચારવા જેવી વાત છે. જગતના ઐશ્વર્યમૂર્તિ ગણાય, પૂર્વજન્મના યોગ વિભૂતિ યોગેશ્વર ગણાય, પણ સ્વામિનારાયણ ભગવાનને જેવા છે તેવા સમજવાની વાત આવે ત્યારે આંચકો ખાઈ જાય ! પછી શ્રીહરિને કહેવું પડે કે, હજી સમય પાક્યો નથી.

ચોપાઈ :

જોને એવા મોટા હોય કોય રે, સર્વોપરી જાણે નહિ તોય રે;
સર્વોપરી જાણે જેહ જન રે, એને ભાગ્યશાળી જાણો મન રે..૬૦
હરિ કૃપા કરે જ્યારે અતિ રે, ત્યારે થાય સર્વોપરી મતિ રે;
હરિ કૃપા વિના નવ થાય રે, સર્વોપરી નિશ્ચય સુખદાય રે...૬૧
હોય સર્વ રીતે બહુ સારા રે, ધર્મ-નિયમ દૃઢ પાળનારા રે;
ભલે ત્યાગની મૂર્તિ ગણાય રે, પણ સર્વોપરી જે નિષ્ઠાય રે...૬૨
હરિ કૃપા વિના નવ થાય રે, વાત સમજજો બાઈ-ભાઈ રે;
નિષ્ઠા પ્રમાણે કલ્યાણ થાય રે, એમાં શંકા નથી જન કાંય રે...૬૩

શ્રીહરિનો સર્વોપરીપણે નિશ્ચય થવો તે તેમની કૃપાનું ફળ છે. આપણા નંદ સંતો હાંકલ કરીને કહતાં કે, જો તમે સ્વામિનારાયણ ભગવાનને રામ જેવા જાણશો તો વૈકુંઠમાં જશો. શ્રીકૃષ્ણ જેવા જાણશો તો ગોલોકમાં જશો. અને શ્રીહરિને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ, સર્વોપરી પુરુષોત્તમ જાણશો તો સર્વથી પર એવું જે અક્ષરધામ તેને પામશો. માટે સ્વામિનારાયણ ભગવાનને જાણવામાં જો કસર રહેશે તો તે વાંધો કોઈ કાળે નહિ ભાંગે. *(વ.ગ.મ.૯; પંચાળા-૧,૭)*

માટે શ્રીજીમહારાજને બીજા અવતાર જેવા-સરખા ન કહેવાય, એ તો જોખવા જ પડે. મોટા મોટા નંદ સંતોએ પણ જોખ્યા છે. અને બધા રૂપિયા જ કહેવાય પરંતુ પાંચની, દશની, પચાસની, સોની, પાંચસોની કે હજારની નોટ તે બધી સરખી ન કહેવાય. અને સો રૂપિયાની નોટને સો રૂપિયાની અને હજાર રૂપિયાની નોટને હજાર રૂપિયાની કહેવી તે કાંઈ એકબીજાની ટીકા-નિંદા કે દોષ લીધો ન કહેવાય. તે સમજવું જરૂરી છે. તેમ શ્રીજીમહારાજને સર્વ અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને સર્વોપરી કહીએ અને બીજાને તેમના અવતાર કહીએ તે કાંઈ અવતારોની નિંદા-ટીકા નથી, તે વાસ્તવિકતા છે. અને જેને આ જ જન્મે આત્યંતિક કલ્યાણ કરવું હોય તેને આમ સમજવું અનિવાર્ય છે.

ગોપાળાનંદસ્વામી કહેતાં, ઉપાસના ચોખી સમજવી. પરંતુ બીજા શાસ્ત્રોનો બહુ અભ્યાસ કર્યો હોય અને સગી મા જેવા નંદ સંતોની વાતોનો અભ્યાસ ન કર્યો હોય તેને જ્યાં મહારાજની પુરુષોત્તમપણાની અને સર્વોપરીતાની વાતો આવે ત્યાં ગુડિયા વળે. કદાચ તેના તપ, ત્યાગ, વૈરાગ્ય, ધર્મ, વિનય, વિવેક, સાધુતા વગેરે આત્માનંદસ્વામીની જેમ ઘણું સારું હોય તોપણ શ્રીહરિ અહિંયાં શું હેતુથી આવ્યા હતા ? તે વાતને યથાર્થ ન સમજી શકે, એવી આ અગમ વાત છે.

ગઢડાની આ અવતાર-અવતારીપણાની વાત થયા પછી ઘણો કાળ ગયો. ત્યારે એક સમયે રામદાસભાઈને શ્રીકૃષ્ણએ સાક્ષાત્ દર્શન દીધું. ત્યારે રામદાસભાઈએ કહ્યું કે, 'તમે સર્વોપરી ભગવાન છો ?' ત્યારે તેમણે કહ્યું કે, **'અવતારના અવતારી, સર્વ કારણના કારણ અને અક્ષરાધિપતિ તો શ્રીજીમહારાજ છે.' ત્યારે તેમણે પૂછ્યું, 'તમે કોણ છો ?' એટલે શ્રીકૃષ્ણ કહે, 'અમે તો એમના અવતાર છીએ અને તે અમારા અવતારી છે.' એમ કહીને અંતર્ધાન થયા.** આમ મહારાજે રામદાસભાઈને ગોલોકાધિપતિ દ્વારા પોતાનો અક્ષરાધિપતિ સર્વોપરી પુરુષોત્તમનારાયણ સહજાનંદસ્વામી છે, એમ નિશ્ચય કરાવ્યો.

(સંદર્ભ : નિર્ગુણ.વાત-૫૬૯)

ગુણાતીતાનંદસ્વામીની વાતોમાં ચોથા પ્રકરણમાં કહ્યું છે કે, 'જ્યારથી ભાઈરામદાસજીને શ્રીકૃષ્ણ ભગવાન અને રામાનંદસ્વામીએ દર્શન દઈને આ વાત કરી ત્યારથી તેઓ ત્રણેય અવસ્થામાં તેજોમંડળ મધ્યે પ્રગટ પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાનને અખંડ દેખતા હતા.' આવી સ્થિતિ થઈ ગઈ. પછી અમુક વર્ષો ગયા. રામદાસભાઈની ઉંમર લગભગ હવે એકસો વર્ષની થવા આવી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'રામદાસસ્વામીની સમજણ તથા પરિવર્તનનું વર્ણન કર્યું' એ નામે એકવીશમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય-૨૨

ભાઈ રામદાસસ્વામીના અંતિમ ઉદ્‌ગાર

હવે જે હું વાત લખું છું તે સહજાનંદ ચરિત્ર વા.૧૩ અને આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ કૃત દુર્ગપુર માહાત્મ્ય અ.૬૯માં વિસ્તારથી કરેલી છે.

વૃદ્ધ રામદાસભાઈ બીમાર થયા ત્યારે મહારાજ કારિયાણી ગામમાં હતા. દાદા ખાચરે એક સેવક મોકલી સ્વામીની બીમારીના સમાચાર શ્રીહરિને પહોંચાડ્યા. રામદાસભાઈની બીમારીના સમાચાર સાંભળી મહારાજ તત્કાળ ગઢપુર આવ્યા. માણકીએથી ઊતરી શ્રીહરિ સીધા સ્વામી પાસે ગયા. ત્યારે રામદાસભાઈ ઊંડા ઊતરી ગયા હતા. તેથી મહારાજે ત્રણ વખત ઊંચા સ્વરથી બોલાવ્યા. એટલે સ્વામી જાગ્રત થયા. મહારાજનાં દર્શન કરીને અતિ રાજી થયા.

પછી સ્વામી કહે, **'હે મહારાજ ! મારો અંતકાળ સમીપ આવ્યો છે. હવે આ દેહ અને દુનિયા છોડી દેવાં છે. તમારા દિવ્ય ધામમાં અખંડ રહેવું છે, પણ મારે મારી જિંદગીની ખાનગીમાં ખાનગી અને સર્વોત્તમ રહસ્યની વાત છેલ્લે સહુ સંતો-ભક્તોને કહેવી છે. માટે આપની અનુમતિ હોય તો સમગ્ર સાધુ તથા ભક્તોને બોલાવો.'**

પછી મહારાજે રાજી થઈને સહુ સંતો-ભક્તોને બોલાવ્યા. તેથી સર્વે સંતો, ભક્તો, પાર્ષદો વગેરે તત્કાળ આવ્યા. પછી પ્રથમ સ્વામીએ ઊભા થઈને મહારાજની પૂજા કરી. કપાળે ચંદનની અર્ચા કરી, ભાલે કંકુનો ચાંદલો કરી, ચોખા ચોડ્યા અને હાર પહેરાવ્યો. પછી નખથી શિખાપર્યંત મહારાજની મૂર્તિને વારંવાર નીરખી હૃદયમાં ઉતારી. પછી સહુ સંતો-ભક્તો સામુ જોઈ રહ્યા.

ત્યારે મહારાજે સહુ સંતો-ભક્તોને કહ્યું કે, 'રામદાસભાઈની આ અંતિમ ઘડીઓ છે. તેઓ પોતાના જીવનની ચિંતામણિ સમાન અતિ

શ્રેષ્ઠ વાત સહુને કહેવા માગે છે. માટે સહુ તમે તેમની જિંદગીના અનુભવનો સાર અને આત્યંતિક કલ્યાણ માટે અનુપમ ચિંતામણિ તુલ્ય આ વાતોને ધ્યાન દઈને સાંભળો.'

એટલે રામદાસભાઈ બોલ્યા, "હે વહાલા સંતો ! હું જે આ વાત કહું છું તેને તમે જીવનમાં અણમોલ હીરાની જેમ સાચવજો. આ વાત આત્યંતિક કલ્યાણની ચાવી સમાન છે. સંતો મને ઘણીવાર પૂછતા કે, **'મહારાજને રામ જેવા જાણવા ? કૃષ્ણ જેવા જાણવા ? કે અન્ય અવતારો જેવા જાણવા ?** અથવા સર્વ અવતારના અવતારી અક્ષરાધિપતિ કહેવા.' આવું મને પૂછતા ત્યારે હું કહેતો કે, 'સાકર તથા સાકરના નાળિયેર એક સરખા હોય, તેમાં ભેદ નથી કરાતો. તેમ બધા જ અવતારો સરખા, તેમાં ભેદ કરવો જોઈએ નહીં.' પરંતુ હવે હું મહારાજની હાજરીમાં જેમ છે તેમ સત્ય હકીકત કહું છું, અનુભવ કહું છું.

એક વખત શ્રીકૃષ્ણ ભગવાન તથા ઉદ્ધવાવતાર રામાનંદસ્વામીએ મને દર્શન દીધાં. ને મારા ઉપર રાજી થઈને શ્રીકૃષ્ણ ભગવાન અમૃત તુલ્ય વચન બોલ્યા. **'હે યોગીવર્ય ! આ શ્રીહરિકૃષ્ણ ભગવાન સાક્ષાત્ પરાત્પર પુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ છે. ને તે સર્વ અવતારના અવતારી ને કારણના પણ કારણ છે. ને કાળ-માયાના નિયંતા છે. ને અતુલ્ય છે, કહેતાં એમની તુલ્ય બીજું કોઈ નથી. એમનું પરાક્રમ પણ અતુલ્ય છે. તથા અનંત શક્તિએ યુક્ત અને કલ્યાણગુણના સમુદ્રરૂપ એવા આ શ્રીહરિને તમો સર્વ અવતારના અવતારી જાણશો ત્યારે તમારું આત્યંતિક કલ્યાણ થશે.'**

આમ, અમૃતરૂપ વચન કહી તે બન્ને અંતર્ધાન થઈ ગયા. ત્યારથી હું આ શ્રીહરિને સર્વ અવતારના અવતારી અને સર્વ કારણનું કારણ માનું છું. માટે આ સાક્ષાત્ શ્રીહરિ સર્વોપરી છે, સર્વ અવતારી છે. ને તેમના થકી પર બીજું કોઈ તત્ત્વ નથી, કહેતાં એ જ અંતિમ તત્ત્વ

છે એમ હું માનું છું. એમાં જો હું અસત્ય બોલતો હોઉં તો મને આ પાંચસો પરમહંસના સોગંદ છે.

अत्रासत्यं यदा स्याच्चेत्तर्हि मे शपथः सताम् ।
अस्ति ब्रह्माण्डभंगस्य, पातकं मे तथा महत् ।।

જો આ વાત હું ખોટી કહેતો હોઉં તો મને બ્રહ્માંડ ભાંગ્યાનું પાપ લાગે. અને પહેલા ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે મોટા સંતો શ્રીહરિની સર્વોપરીપણાની વાતો કહેતા ત્યારે હું નો'તો માનતો અને કહેતો કે, 'અવતાર નાના અને અવતારી મોટા એ ભેદ જ ખોટો છે.' પરંતુ તે મારી ભૂલ હતી તે મને સમજાણી, પછી મેં સુધારી એટલે મારા હૈયામાં ખૂબ આનંદ વર્તે છે. અને હું આજે દેહ છોડીને શ્રીહરિના સર્વોપરી એવા ધામમાં જવાનો છું."

આ વાત સાંભળીને મહારાજ મંદ મંદ હસ્યા. અને કહ્યું, 'સ્વામી ! અમે ત્યારે કહ્યું હતું કે એક દિવસ તમને સમજાશે.' ત્યારે રામદાસભાઈ હાથ જોડીને કહે, 'હે મહારાજ ! આપે કૃપા કરીને સમજાવ્યું છે. માટે હવે મને આપનાં ચરણકમળ છાતીમાં ચાપવા આપો.' એમ કહી શ્રીહરિનાં ચરણ હાથમાં લીધાં. ત્યારે મહારાજ કહે, 'હે સ્વામી ! આપણે તો ગુરુભાઈ કહેવાઈએ. હું આપની મોટાઈ જાણું છું, માટે તમારી છાતીમાં મારાં ચરણ આપીશ નહીં.'

ત્યારે સ્વામી કહે, **'હે નાથ ! આપ તો ગુરુઓના પણ ગુરુ છો. પુરુષોત્તમનારાયણ છો. સર્વ અવતારના અવતારી છો. જેમ મોટા સરોવરમાંથી અનેક નહેરો નીકળે, તેમ તમારામાંથી અનેક અવતારો નીકળે છે અને પાછા તમારામાં સમાય છે. તમે તો મૂળ કારણમૂર્તિ છો. તે આજે પ્રગટ થયા છો. માટે હવે રમત કરો મા, આપનાં ચરણારવિંદ આપો.'**

પછી મહારાજ તેમનો નિશ્ચય અને સમજણ જોઈ બહુ રાજી થયા

અને પ્રેમથી સ્વામીની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ત્યાર બાદ સંત ઉપર વાત્સલ્ય વરસાવનારા શ્રીહરિએ સાકરની રાબ કરી તે થોડી પોતે પીધી અને પછી સ્વામીને કહ્યું, 'લ્યો, આ પ્રસાદીની રાબ છે, આપ પીવો.' આમ પ્રસાદી આપી સ્વામીના અંતરમાં આનંદ રેલાવ્યો. પછી મહારાજે સહુ સંતોને કહ્યું કે, 'હવે તમે સહુ અહીં રહ્યા થકા કીર્તન ગાજો.' તેથી સંતોએ આખી રાત સ્વામી પાસે રહીને કીર્તનો ગાયાં.

સં.૧૮૭૬, ભીમ એકાદશીની સવાર થઈ. સવારે મહારાજ તેમની પાસે આવ્યા. સ્વામીએ દેહ છોડવાની ઈચ્છા બતાવી. ત્યારે મહારાજ કહે, 'હવે તમારે આલોકમાં નથી રહેવું માટે એક કામ કરો, આટલા બધા સાધુમાં તમારે વધુ કેની સાથે બને છે ? તે મને કહો.' ત્યારે તેમણે કહ્યું, **'આત્માનંદસ્વામી** સંગાથે મારે વધારે બને છે.' કેમ જે, બેયની સમજણ સરખી હતી. તેથી બંનેને હેત બહુ હતું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ભાઈ રામદાસજીસ્વામીના અંતિમ ઉદ્‌ગારો કહ્યા' એ નામે બાવીશમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય-૨૩

રામદાસસ્વામીનો અક્ષરવાસ તથા તેમના ગુણોની પ્રશંસા

પછી ભાઈરામદાસસ્વામીએ પોતાની દૃષ્ટિ આગળ બિરાજમાન શ્રીહરિના તેજોમય દિવ્ય સ્વરૂપનું ધ્યાન ધર્યું. અને મહારાજના સાંનિધ્યમાં **સં.૧૮૭૬ જેઠ સુદ-૧૧,** (ભીમ એકાદશી) **શનિવારના દિવસે શ્રીહરિના તેજોમય દિવ્ય સ્વરૂપને અંતરમાં ધારી સ્વતંત્ર થકા ભૌતિક દેહનો ત્યાગ કરી ગઢપુરથી અક્ષરવાસી થયા.**

મહારાજે સહુ સંતોને કહ્યું, 'તત્કાળ સુંદર વિમાન બનાવો.' સંતો વિમાન બનાવી, શણગારીને લાવ્યા. રામદાસભાઈને તેમાં પધરાવ્યા અને ધામધૂમથી ઘેલા કિનારે ભક્તિબાગમાં અગ્નિસંસ્કાર કરવા લઈ

ગયા. મહારાજે સમીપે રહી તેમનો અગ્નિસંસ્કાર કરાવ્યો. તે વખતે પણ તેમના ગુણોની ખૂબ પ્રશંસા કરી. પછી સહુ ઘેલામાં સ્નાન કરી દાદાના દરબારમાં પધાર્યા. પરંતુ **પછી તેમના વિયોગે શ્રીહરિ અત્યંત ઉદાસ બની ગયા. ને કાયમ તેમના ગુણોની પ્રશંસા કર્યા કરે** અને કહે, 'તેમના જેવા સંત ક્યાંથી મળે ?'

ચોપાઈ :

ભાઈ રામદાસ જેવા કોઈ રે, આ સત્સંગમાં ક્યાંથી હોય રે;
રામદાસ હતા ગુણ ખાણ રે, મહા જ્ઞાની સમર્થ સુજાણ રે...૬૪
ત્યાગ-વૈરાગ્ય તપની મૂરતિ રે, પળ ભૂલે ન અમારી સુરતી રે;
અતિ વિવેકી ને હેતવાળા રે, વળી દિલના મહા દયાળા રે...૬૫
સર્વે સંતની રાખતા ખબર રે, સદા મીઠી રાખતા નજર રે;
એવા ક્યાંથી મળે સંત અવર રે, કેમ ચાલશે સ્વામી વગર રે...૬૬

'સહુ સંતોની ખબર રાખનારા, સહુ ઉપર મીઠી નજર રાખનારા, સહુને પ્રેમથી બોલાવનારા મહા દયાળુ રામદાસભાઈ હવે ક્યાં મળે ?' આમ, મહારાજ ઉદાસીપણું બતાવ્યા કરે તેથી એક દિવસ મુક્તાનંદ સ્વામીએ કહ્યું, 'હે મહારાજ ! આમ કેટલાક દિવસ ઉદાસ રહેશો ?' શ્રીહરિ કહે, 'સ્વામી ! ભાઈની યાદ અમોને સતાવે છે. હવે અમો કોને ભાઈ કહીશું ?' ત્યારે મુક્તાનંદસ્વામી બોલ્યા કે, 'આ સંતોમાંથી આપને જે યોગ્ય લાગે તેને ભાઈ બનાવી લ્યો તો ભાઈનો આનંદ શરૂ રહે. બીજું તો અમે શું કહીએ.' મુક્તાનંદસ્વામીની આ વાત સાંભળી શ્રીહરિ થોડા ઊંડા ઊતરી ગયા કે, વાત સાચી છે. સહુને કામની અને ઉપયોગી છે.

દરેક મુમુક્ષુ માટે સ્વામીની આ વાત અમૃત જેવી છે. આપણા હૈયામાં ભરેલો અમૃત જેવો પ્રેમ મા, બાપ, સ્ત્રી, ભાઈ, બહેન, પુત્ર વગેરેમાં વહેંચાયેલો છે. તેને **શ્રીહરિ અને સંતોમાં વાળી દઈએ તો આપણી આસક્તિ ભક્તિ બની જાય અને ભગવાનનો ભેટો કરાવી દે,**

બેડો પાર થઈ જાય. કોઈને પોતાની માતાએ બહુ હેત આપ્યું હોય, લાડ-કોડથી જમાડ્યા હોય તો તેમાં અતિ હેત થઈ ગયું હોય. પછી તે એમ માને કે, 'શ્રીજીમહારાજ મારી માતા છે.' તો બધું જ હેત તરત મહારાજમાં વળી જાય અને મોટું કામ થઈ જાય. એ જ રીતે કોઈને પોતાના પિતા વહાલા હોય અથવા ભાઈ-બહેન વહાલાં હોય તો શ્રીહરિને જ પોતાના પિતા કે ભાઈ માને તો એનું તમામ હેત તેમાં વળી જાય. એની શક્તિ ભક્તિમાં રૂપાંતર થઈ જાય. અને આસક્તિ મુક્તિ દેનારી બની જાય. એટલે મહારાજે વચનામૃત ગ.મ.૫૯માં કહ્યું છે કે, **"ભગવાનના સંત સાથે તો એવું હેત રાખવું જેવું હેત સ્ત્રી ઉપર છે, કે પુત્ર ઉપર છે, કે મા-બાપ ને ભાઈ ઉપર છે, તેવું હેત રાખવું; તો એ હેતે કરીને જીવ કૃતાર્થ થઈ જાય છે."**

માટે આ દિવ્ય સત્સંગમાં આપણે કોઈ સારા સંતો-ભક્તોને પોતાના ભાઈ, મા, બાપ, દીકરા કે મિત્ર માની લઈએ અને તેમની સેવા કરીએ તો આપણી આસક્તિ સંતો-ભક્તોમાં વળી જાય; આપણી શક્તિ આ માધ્યમે શ્રીહરિ કે સંતોમાં વળે તો તમામ ઉદાસીનતા ટળી જાય, છતા દેહે કૃતાર્થતા અનુભવાય, હૈયું ભર્યું ભર્યું લાગે. ભાગવતમાં યોગેશ્વર ભગવાન પ્રત્યે કેવા કેવા ભાવો રાખવા જોઈએ તે કહે છે કે,

त्वमेव माता च पिता त्वमेव, त्वमेव बन्धुश्च सखा त्वमेव ।
त्वमेव विद्या द्रविणं त्वमेव, त्वमेव सर्वं मम देव देव ।।

આસક્તિને ભક્તિમાં બદલી નાખવાનો આ અનુપમ ઉપાય છે. જો આમ કરીએ તો નરકમાં લઈ જનારી આસક્તિ આપણને અક્ષરધામના અધિકારી બનાવી દે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'રામદાસજીસ્વામીનો અક્ષરવાસ તથા શ્રીહરિએ તેમના ગુણોની પ્રશંસા કરી' એ નામે ત્રેવીશમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય-૨૪

આત્માનંદસ્વામીને ભાઈનું બિરુદ

મુક્તાનંદસ્વામી અનુભવી સંત છે એટલે શ્રીહરિએ પણ સ્વામીની વાત સહર્ષ સ્વીકારી અને કહ્યું કે, 'ભાઈની ગોદડી કોને આપીશું ?' પછી કેટલાકે આનંદસ્વામીનું કહ્યું તો કેટલાકે બીજા સંતોનું કહ્યું. આ રીતે જેને જેમ સમજાયું તેણે તેમ કહ્યું. પછી મહારાજ કહે, **'અમારી નજર તો મોટા આત્માનંદસ્વામી ઉપર ઠરે છે.** રામદાસભાઈની જેમ તે અમારા ભાઈનું સ્થાન શોભાવે તેવા છે. તમારું શું કે'વું છે ?' ત્યારે મુક્તાનંદસ્વામી કહે, 'હે મહારાજ ! આપે યોગ્ય પસંદગી કરી છે. કેમ જે, રામદાસભાઈને આત્માનંદસ્વામી ઉપર ભારે હેત હતું.' પછી મહારાજ કહે, 'તો બહુ સારું. આ રામદાસભાઈની ગોદડી આત્માનંદ સ્વામીને જ આપીએ અને તેમને જ અમારા ભાઈ કરીને સ્થાપીએ.'

તે સમયે સ્વામી ઝમરાળા હતા. અને વસ્તા ખાચર મહારાજ પાસે હતા. તે કહે, 'લાવો મહારાજ, હું તે ગોદડી સ્વામીને પહોંચાડીશ.' તેમની તકની સેવાથી શ્રીહરિ પ્રસન્ન થયા અને કારિયાણીના વસ્તા ખાચર સાથે રામદાસભાઈની ગોદડી આત્માનંદસ્વામી માટે મોકલાવી કહ્યું, 'આ ગોદડી તમે તેમને આપજો અને કે'જો કે મહારાજે આ ભાઈની ગોદડી આપી છે. તેથી...

દોહા : **ભાઈ કહી બોલાવશે, આજથી તમને સમાજ;**
આત્માનંદને ભાઈની, પદવી આપી મહારાજ...૬૭

આ પ્રસંગથી મહારાજે ઉદાસી છોડી. પછી કેટલાક દિવસ કેડે આત્માનંદસ્વામી ગઢડે આવ્યા ત્યારે મહારાજ હેતે કરીને તેમને ભેટ્યા અને રાજી થયા. પછી મહારાજે જમીને થાળ મયારામ ભટ્ટને આપ્યો અને કહ્યું જે, 'ભાઈસ્વામીને જમાડી આવો અને તે જમી લે તે પહેલા ઊઠશો મા. શા માટે જે, નહિ તો એ નહિ જમે.'

કેમ જે મહારાજનો થાળ પાકો હોય અને સ્વામી તો વૈરાગી સંત એટલે બાજરો કે જારના રોટલા ખાઈ લે. રસકસવાળું તેમને ભાવે નહીં. તેથી મહારાજે ભટ્ટજીને અગાઉથી ચેતવ્યા.

પછી ભટ્ટ થાળ લઈને સ્વામી પાસે આવ્યા અને કહ્યું જે, 'મહારાજે આ થાળ તમારા સારુ મોકલ્યો છે, માટે તમે જમો.' ત્યારે આત્માનંદ સ્વામીએ કહ્યું જે, 'અમે જમીશું, તમે જાઓ.' ત્યારે ભટ્ટે કહ્યું જે, 'તમે જમશો ત્યાર પછી જ મારે જવું છે. કેમ જે, મહારાજે કહ્યું છે કે જમ્યા પહેલાં ઊઠતા નહીં.' ત્યારે આત્માનંદસ્વામીએ કહ્યું જે, 'બીજુ ઠામ લાવો તો સાધુ સારુ પ્રસાદી કાઢીએ, પછી હું જમું.'

ત્યારે ભટ્ટે કહ્યું જે, 'નોખી કાઢવાની નથી. તમે જમો પછી જેને લેવી હશે તે તમારી અને મહારાજની બંનેની પ્રસાદી લેશે.' સ્વામીને થયું જે, 'આજ નક્કી મને રસકસવાળું જમાડશે. કેમ જે, મહારાજે આમને શીખવાડીને મોકલ્યા છે.' પણ આ તો સજાગ સાધુ છે. એટલે તરત જ આત્માનંદસ્વામીએ કહ્યું જે, **'ભટ્ટજી ! મહારાજને કહો જે કોઈ અંતઃશત્રુ ન પીડે તો જમીએ.'** તેથી ભટ્ટે મહારાજ પાસે આવીને વાત કરી. પછી મહારાજે રાજી થઈને કહ્યું જે, 'ભટ્ટ જાઓ અને સ્વામીને કહો જે, **તમને અંતઃશત્રુ નહિ પીડે.'** એ રીતે ભટ્ટે કહ્યું ત્યારે ભાઈસ્વામી જમ્યા અને વાંસે વધી તે પ્રસાદી બીજાએ લીધી.

આવી ખબર તો ભાયાત્માનંદસ્વામી જેવા વિરલા સંતને પડે કે પ્રસાદને બહાને પણ રોજ સારાં ભોજન જમીએ તો ઇન્દ્રિયો બળવાન થાય. પછી તે તોફાને ચડે અને ભજનનું સુખ ન આવે. એટલે સ્વામી અગાઉથી ચેત્યા અને મહારાજે અંતઃશત્રુ ન નડે એવું વરદાન આપ્યું પછી થાળ જમ્યા. જે ઓછી બુદ્ધિના અને ભોળા હોય તે ફસાઈ જાય. ભાઈસ્વામી સુજ્ઞ અને શૂરવીર સંત છે. તેમનું કામ પાકું છે. આપણે શીખવા જેવું છે.

આવા સંતના પ્રેરક પ્રસંગો જીવને જગાડે છે અને શ્રીજીમાં લગાડે

છે. તેથી જ સંતોએ કહ્યું છે કે, **'માન તજી નિત્ય સાધુનો સમાગમ કરવો. રોજ કથા-વાર્તા સાંભળવી તો અંતરનો કજિયો ઓળખાય.'** થોડું ઘણું દાન-પુણ્ય કરી ખોટી હોંશિયારી કરીએ તેનાથી કાંઈ દોષો ટળતા નથી. અંતઃશત્રુ જીતવા માટે તો સ્વામીની જેમ આત્મખોજી સ્વસંશોધનવાળા બનવું પડે. પછી મહારાજે મૂળજી બ્રહ્મચારીને આજ્ઞા કરી કે, 'નિત્યે અમારા થાળમાંથી પ્રસાદી ભાઈસ્વામીને આપવી.' બ્રહ્મચારી કહે, 'સારુ મહારાજ, જેમ આપ કહો તેમ કરીશ.' *(સંદર્ભ : ભાયા.વાત-૩૧૪)*

દોહા : **રાજીપો પામ્યા સ્વામી, હરિનો અપરંપાર;**
ધન્ય ધન્ય આત્માનંદજી, પામ્યા હરિનો પ્યાર...૬૮
ભાઈ બનાવ્યા ભગવાને, તેથી ભાયાત્માનંદ;
સત્સંગમાં પ્રસિદ્ધ થયા, સહુને થયો આનંદ...૬૯
મનુષ્યલીલા મા'રાજની, ઘણું શીખવાડી જાય;
મનની ઉદાસી ટાળવા, આ છે રૂડો ઉપાય...૭૦
મનનો ખાલીપો ભરવા, ભાવને દેવું સ્થાન;
તો મનડું ત્યાં જ વિરમશે, રાજી થશે ભગવાન...૭૧

બીજા બધા તો આપણી ઉપર રાજી થાય પણ ભગવાન આપણી ઉપર રાજી થાય, ભગવાન પ્રેમ આપે અને ભગવાન વખાણે એવું થાય ત્યારે આપણો જન્મ સફળ થયો કહેવાય.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ આત્માનંદસ્વામીને ભાઈનું બિરુદ આપ્યું' એ નામે ચોવીશમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય-૨૫

મહારાજે સ્વામીને પકવાન જમાડ્યાં

એક વખત મહારાજે ગઢપુરમાં સૌ સંતને કહ્યું જે, 'સૌ એકેક જણ ફરવા જાઓ. અને જે મારો આશરો રાખશે તેની મારે ફીકર

અને જે બીજાનો આશરો રાખશે તેની મારે ફીકર નહીં.' ત્યારે સોમલા ખાચર કહે, 'મહારાજ ! સાધુ એકલા ફરવા જાય ત્યાં વૈરાગી મારે, દુઃખ આપે અને કોઈ દ્વેષી રાજા હોય તો સાધુને હાથીને પગે બાંધે; માટે જોડ હોય તો સારુ.' ત્યારે મહારાજ કહે, 'હાથીમાં કોણ રહ્યું છે ? મારનારમાં કોણ રહ્યું છે ?'

ખરેખર મહારાજને રક્ષા કરવી હોય તો વહાણમાં ડૂબતા એ જ બચાવે. ઝેર ખાઈ ગયા હોય તો એ જ તેની અસર ન થવા દે. વૈરાગીનો માર પણ પ્રહ્‌લાદની પેઠે અડવા ન દે. કેમ જે, પ્રભુ સર્વ રીતે સમર્થ છે.

મહારાજ કહે, 'અમારો આશરો રાખજો. આશરો અતિ બળવાન છે. આશરો વ્યક્તિને આનંદથી ભરી દે છે.' આમ હિંમત આપી શ્રીહરિએ સૌ સંતને ફરવા મોકલ્યા.

મહારાજની આજ્ઞાથી ભાયાત્માનંદસ્વામી એકલા જીવોના કલ્યાણ માટે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. પરંતુ સદ્‌ગુણના ધામ એ સંત કેવા શોભતા હતા ? તો આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ હ.લી.ક.૧૧/૧૦માં કહે છે,

महातपःकृशतनुर्जितस्वान्तेन्द्रियो मृदुः ।।
सदसद्व्यक्तिनिपुणो, भूरिवैराग्यराजितः ।।१७।।
अविच्छिन्नं हरिं ध्यायन्, तैलधारावदन्वहम् ।।
बोधदक्षोऽनवद्यात्मा, भूरिसद्गुणभूषणः ।।१८।।

મહા તપને કારણે જેનું શરીર કૃશ થઈ ગયું છે, વળી જેણે સર્વે ઈન્દ્રિયો અને અંતઃકરણ જીતેલાં છે, જે મૃદુ સ્વભાવના છે, સાચા-ખોટાની વિક્તિ કરવામાં અતિ નિપુણ છે, દઢ વૈરાગ્યરૂપી શણગારથી શોભી રહ્યા છે, અખંડ શ્રીહરિના ધ્યાનમાં અને સ્મરણમાં નિમગ્ન રહે છે, વળી બીજાને ભગવાનનું સ્વરૂપ સમજાવવામાં જે મહા હોશિયાર છે, જેના અંતરમાં કોઈ પાપ નથી; આવા અનેક સદ્‌ગુણરૂપી આભૂષણોથી શોભતા ભાયાત્માનંદસ્વામી રાજસ્થાનમાં આબુ પર્વતની તળેટી સુધી

પહોંચ્યા. દર્શનથી અનેકને પાવન કરનારા આ સંતની એક ઘટનાને કવિ દલપતરામ 'પુરુષોત્તમ ચરિત્ર' અધ્યાય-૧૧૨માં આ રીતે વર્ણવે છે.

ચોપાઈ :

અનન્ય આશ્રિત આત્માનંદા, સદા ભજત શ્રીસહજાનંદા;
કરન મુમુક્ષુકું ઉપદેશા, વિચરત હે સો દેશ-વિદેશા.
અર્બુદ ગિરિપે પહુંચે જબહી, અદ્ભુત ઘનવૃષ્ટિ ભઈ તબહી;
મુનિકું કોઉ અન્ન નહિ દીના, તબ મુનિ તીન ઉપોષન કીના.
આગે ચલત ગ્રામ ઈક આયા, વૈરાગીકા મંદિર પાયા;
ગયે તિંહા આરામ કરનકું, વૈરાગી ન દિયે ઉતરનકું.
રહે ઉજર થલમેં મુનિ ધીરા, તીન ઉપોષનકી ભઈ પીરા;
જાની બાત સો અંતરજામી, દ્વિજ રૂપે આયે બહુનામી.
થાલ ભરી લાયે પકવાના, કહે સંતકું જિમહું સુજાના;
યૌ કહી ભોજન સરસ જિમાયા, સો મુનિકું સંતોષ પમાયા.

આબુ પર્વતની તળેટીમાં અતિ વૃષ્ટિ થઈ, ત્રણ ઉપવાસ થયા. પછી સ્વામી એક વૈરાગીના મંદિરમાં ગયા. તેણે સ્વામીને ઊતરવા ન દીધા. ત્રણ દિવસના ભૂખ્યા આ સંતની પીડા જાણી સ્વયં શ્રીહરિ બ્રાહ્મણના રૂપે સુંદર થાળ ભરીને આવ્યા અને સ્વામીને પ્રેમથી જમાડ્યા.

દોહા : **જિમાયકે નિજ સંતકું, અદર્શ ભયે ભગવાન;**
જાને આત્માનંદ તબ, સો પ્રભુ પ્રગટ પ્રમાન.

જ્યારે શ્રીહરિ અદૃશ્ય થયા ત્યારે સ્વામીને ખબર પડી કે આ તો સ્વયં શ્રીહરિ હતા. આમ, આશરાવાળાની તમામ આપત્તિ શ્રીહરિ વગર પ્રાર્થનાએ ટાળે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'મહારાજે સ્વામીને આબુની તળેટીમાં પકવાન જમાડ્યા' એ નામે પચીશમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય-૨૬

ધોરાજીમાં શ્રીહરિએ ખીચડી જમાડી

વળી એકવાર ભાયાત્માનંદસ્વામી ફરતાં ફરતાં ગામ ધોરાજી આવ્યા. તે વખતે ચોમાસું હતું તેથી વરસાદ પણ થોડો થોડો વરસતો હતો અને રાત્રી પડી. પછી એક પડી ગયેલ ઘરનું ખંઢેર હતું તેમાં એક ખૂણે બેસીને આખા દિવસના ભૂખ્યા સ્વામીશ્રી **'સ્વામિનારાયણ... સ્વામિનારાયણ...'** એમ ભજન કરવા લાગ્યા. રાતના આઠ વાગ્યા સુધી અન્ન-જળ મળ્યું નહીં. પરંતુ સ્વામીને મહારાજનો બહુ વિશ્વાસ હતો. તેથી મહારાજે રાત્રીએ એક હાથમાં ખીચડી ભરેલી થાળી અને કઢીનો વાટકો લીધો ને બીજા હાથમાં છત્રી ઓઢીને આવ્યા.

પછી સ્વામી પાસે આવીને મહારાજ બોલ્યા જે, 'કોઈ ભૂખ્યું છે ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'હા, હું ભૂખ્યો છું, પણ તમે કોણ છો ?' ત્યારે મહારાજ કહે, 'હું બ્રાહ્મણ છું. ને ભૂખ્યાને જમાડીને મારે જમવાનો નિયમ છે. માટે તમે ભૂખ્યા હો તો લ્યો ખીચડી ને કઢી જમો.' એમ કહી સ્વામીને જમવા બેસાર્યા ને મહારાજ સ્વામીની માથે છત્રી ઝાલીને ઊભા રહ્યા.

મહારાજની દાસત્વ ભક્તિને ધન્યવાદ છે ! પોતે વચનામૃત ગ.મ.૨૮માં કહ્યું છે કે, **'એવા જે ભક્ત હોય તે ભક્તનો પણ હું ભક્ત છું. અને તે ભક્તની ભક્તિ પણ હું કરું છું.'** ભગવાન પણ ભક્તના ભક્ત બનીને રહે છે અને તેમની સર્વે પ્રકારે સેવા કરે છે. તે આપણને ઘણું શીખવી જાય છે. માટે દૃઢ આશરો રાખવો. પછી સ્વામી જ્યારે જમી રહ્યા એટલે પાણી પાઈને મહારાજ અદૃશ્ય થઈ ગયા.

દોહા : **રાખવો હરિનો દૃઢપણે, અખંડ આવો વિશ્વાસ;**
વિશ્વાસી જનની શ્રીહરિ, રક્ષા કરે છે ખાસ...૭૨

વિશ્વાસીને વહાલો ઢૂંકડા. વિશ્વાસીનાં ગમે તેવાં દુઃખ હોય તોપણ મહારાજ પોતે ટાળી દે છે. માટે ભગવાનનો દૃઢ વિશ્વાસ રાખવો. થોડા

દિવસ થયા પછી ભાયાત્માનંદસ્વામી ગઢપુર આવ્યા ને મહારાજને દંડવત કરીને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેમને પૂછ્યું જે, 'સ્વામી ! કાંઈ દુઃખ પડ્યું હતું ?' ત્યારે સ્વામી કહે, 'ના મહારાજ, તમારા પ્રતાપથી કાંઈ દુઃખ નથી પડ્યું.' પછી મહારાજ કહે, 'સ્વામી, ધોરાજીમાં ઓ-લ્યા ખંઢેરમાં રાત્રે ભૂખ્યા બેઠા હતા ત્યારે હું ખીચડી ને કઢી લઈને આવ્યો અને તમને જમાડ્યા હતા, તે ભૂલી ગયા ?' ત્યારે સ્વામી કહે, 'મહારાજ ! તે બ્રાહ્મણના રૂપે તમે હતા..?!' ત્યારે મહારાજ કહે, 'હા, અમે જ આવ્યા હતા. કેમ જે, **તમે અમારા વિશ્વાસે હતા. ને જે મારે વિશ્વાસે રહે તેનું મારે સર્વે રીતે રક્ષણ-પોષણ કરવું તે મારી ટેક છે.**' એમ કહી પછી રાજી થઈ મહારાજે પછેડી ઓઢાડી.

(સંદર્ભ : અક્ષર.વાત-૯૭૪)

સ્વયં શ્રીહરિ આવ્યા છતા સ્વામીને ખબર ન પડી. મહારાજે કહ્યું ત્યારે સમજાણું. આમ, શ્રીહરિ આપણી અનેક જગ્યાએ અનેક રૂપે આવીને રક્ષા કરે છે, પરંતુ આપણે ભગવાનનો સ્વીકાર કરતા નથી તે આપણી નબળાઈ છે.

साखी : **तुलसी ईस संसारमें, सबसे मिलिए धाय ।**
न जाने कीस रूपमें, नारायण मील जाय ।।

સ્વામીએ કહ્યું કે, 'મહારાજ ! તમે આવ્યા હતા ?' ત્યારે મહારાજે હેતુ બતાવતા કહ્યું કે, 'તમે અમારા વિશ્વાસે હતા અને મને વિશ્વાસઘાત કરતા આવડતું નથી.' આવા સ્વામિનારાયણ ભગવાનનો આપણે આશરો છે. માટે ફાવી ગયા છીએ. હવે તો...

દોહા : **વિશ્વાસ રાખવો હરિનો, દઢ કરીને ખાસ;**
ટાણા ઉપર રક્ષા કરે, જાળવે છે નિજદાસ...૭૩
હરિ વિશ્વાસઘાતી નથી, પાળે વિશ્વાસી જન;
જે વિશ્વાસે રહીને, કરે છે સદા ભજન...૭૪

સુખ-દુઃખ આ સંસારમાં, આવે ને વળી જાય;
હરિજને હરિ વિશ્વાસે, રહેવું આનંદમાંય...૭૫

રાખીએ વિશ્વાસ હરિનો, તો કરે સર્વ કામ;
આ લોક ને પરલોકનું, પૂરું કરે ઘનશ્યામ...૭૬

વિપત્તિમાં બળ રાખીએ, હરિ કરશે જ ઠીક;
તો જ અંતર નિર્ભય રહે, મટી જાય સર્વે બીક...૭૭

અર્જુનની જેમ વિશ્વાસી, ઘસઘસાટ ઊંઘી જાય;
પછી ઉપાધિ કરે હરિ, ભક્તને નહીં કાંય...૭૮

આમ વિશ્વાસીને વહાલો વશ વર્તે છે. વિશ્વાસ મોક્ષમાર્ગનું ઓક્સિજન છે. માટે વહેમમાં નહિ વિશ્વાસમાં જીવવું. **'જો થાય વિશ્વાસ ને પ્રીતિ, તો જગ જાઈએ જીતી.'**

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ધોરાજીમાં શ્રીહરિએ સ્વામીને ખીચડી જમાડી' એ નામે છવ્વીશમો અધ્યાય થયો. ॥૨૬॥

અધ્યાય-૨૭

સ્વામીની સમજણ તથા જલસેણ ગામમાં ઝેરથી રક્ષા

એકવાર મહારાજ મેઉ ગામમાં ભુખણ ભાવસારને ઘેર બેઠા હતા. અને ત્યાં સભા ભરાઈને બેઠી હતી. પછી રાત ઝાઝી ગઈ તેથી ગામનાં માણસ સૌ વેરાઈ ગયાં. પછી મહારાજે કહ્યું જે, 'આત્માનંદસ્વામી ક્યાં છે ?' ત્યારે કહ્યું જે, 'હે મહારાજ ! ઓરડીમાં ઊતર્યા છે.' ત્યારે મહારાજ કહે જે, 'તેડાવો.' એટલે બોલાવા ગયા. તેથી સ્વામી આવ્યા.

ત્યારે તેને મહારાજે કહ્યું જે, 'ત્યાં વાદી ભરાયા હતા તેણે કહ્યું જે, **'एकमेवाद्वितीयं ब्रह्म'** તેને તમે કેમ સમજો છો ?' ત્યારે સ્વામીએ કહ્યું જે, 'અમને તો તમે જે પ્રગટ પ્રભુ મળ્યા છો, તે જ અદ્વિતીય બ્રહ્મ છો.' પછી મહારાજે હસીને કહ્યું જે, 'તમે બીજી રીતે સમજ્યા ને

તેની તો સમજણ બીજી છે.' ત્યારે સ્વામીએ કહ્યું જે, **'એની સમજણનું અમારે શું કામ છે ? અમારે તો તમે મળ્યા છો તે જ અદ્વિતીય બ્રહ્મ છે. અને તે વિના જે બીજાને માનવા તે કિંચિત્ નાસ્તિકતા છે.'** અર્થાત્ પ્રગટ મળ્યા પછી બીજાને માનીને શું કામ છે ? *(સંદર્ભ : ભાયા. વાત-૨૧૫)*

દોહા : **આવી રીતે પ્રભુ પ્રગટમાં, વળગવું જોઈએ જરૂર;**
એવા દૃઢ હરિઆશ્રયથી, કલ્યાણ નથી દૂર...૭૯
પ્રગટ શ્રીજી કે સંતની, નિષ્ઠામાં ભર્યું છે સુખ;
નિષ્ઠામાંથી જે ડગમગે, તે ઝાઝું પામે દુઃખ...૮૦

નિષ્ઠા એક તેજ છે. નિષ્ઠા એક બળ છે. નિષ્ઠા અંતરનું અનેરું ઓજસ છે. આવા દૃઢ નિષ્ઠાવાળાથી શ્રીહરિ ક્યારેય દૂર રહેતા નથી. નિષ્ઠાથી જ કલ્યાણ થાય છે. માટે સુજ્ઞજનોએ સ્વામીના જેવી અડગ નિષ્ઠા શીખવી.

❊ જલસેણ ગામમાં ઝેરથી રક્ષા :

નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ પ્ર.૧૩૫માં સ્વામીની શ્રીહરિએ ઝેરથી રક્ષા કરી તે વાત વર્ણવતાં કહે છે,

ચોપાઈ : **વળી વાત એક સુણો સહુ, સંત સહાય કરે હરિ બહુ;**
એક ગામ નામે જલસેણ, તિયાં સંત ગયા સુખદેણ.
કરે હરિકથા કરી પ્રીત, અતિ તને ત્યાગી ઈન્દ્રિયજીત;
દિયે મોક્ષ મારગ દેખાડી, સત્ય અસત્ય વિગતિ પાડી.
એવા દેખી સાધુ શિરોમણિ, થઈ દુષ્ટદલે દાઝ્ય ઘણી;
આ તો ખરા વેરી છે આપણા, જાય જીવથી તો ન રહે મણા.
પછી પાપી નરે પરિયાણ્યું, મુનિ મારવાને વિષ આણ્યું;
મૂકી રાખ્યું તે અન્નમાં મેલી, નાખ્યું ઝોળીમાંહી ઝેર ભેળી.

સંતો તો અજાણતા જમી ગયા. તરત જ હળાહળ ઝેર જઠરમાં વ્યાપી ગયું. કંઠ રૂંધાયો. ઉગરવાની આશા ન રહી. પછી સંતોએ આર્તનાદે

અંતર્યામીને પોકાર્યા. તરત જ સેવકની સાર લેવા શ્રીસહજાનંદસ્વામી ગરુડ પર સ્વાર થયા ને તત્કાળ સંતો પાસે આવ્યા. ને એવું અલૌકિક દર્શન દીધું કે તરત જ ઝેર ઊતરી ગયું. સર્વે સંતોને દુઃખ મટી ગયું. સહુને રોમેરોમમાં સુખ વ્યાપી ગયું.

હરિદર્શનથી અતિ પ્રસન્ન થયેલા સંતો સ્તુતિ કરતાં કહે, 'હે દયાનિધિ ! સમગ્ર તાપની શાંતિ કરનાર આપનાં દર્શનથી અમો અત્યારે અત્યંત સુખ પામ્યા છીએ. આપે અમારી મૃત્યુથી રક્ષા કરી. જો આપ ન આવ્યા હોત તો અમારું મોત થાત. માટે હે હરે ! અત્યંત દૂરથી ક્ષણમાં આપ અહીં પધાર્યા, સંતોની રક્ષા કરી તે આપની દયાનું વર્ણન કરવા શેષ, શારદા કે ઈશ્વરો પણ સમર્થ નથી.' એમ સંતો સ્તુતિ કરતા હતા ત્યાં ભક્તવત્સલ ભગવાન અંતર્ધાન થઈ ગયા. આ પ્રસંગને શુકમુનિ હરિલીલાકલ્પતરુમાં માનસિંહ રાજાને કહે છે,

શાર્દુલ :

राजन्नेवमतर्क्यचित्रपरमैश्वर्य्यादिपाथोनिधिः ।
सर्वज्ञो ह्यवतारहेतुरतुलः श्रीस्वामिनारायणः ।।
आत्मानन्दपुरःसरान् द्रुततरं, साधूनरक्षद्विषात् ।
नानाऽप्राकृतशक्तियोगविभवो, ब्रह्माण्डनाथेश्वरः ।।३६।।

અતર્ક્ય, વિચિત્ર અને અપરંપાર ઐશ્વર્યના મહાસાગર ભગવાન સ્વામિનારાયણ સર્વજ્ઞ છે. અને તેથી જ તત્કાળ આત્માનંદસ્વામી તથા સહુ સંતોની પ્રગટ થઈને ઝેર થકી તત્કાળ રક્ષા કરી. કેમ જે, શ્રીહરિ સર્વે અવતારનું કારણ, સર્વનું મૂળ સર્વાવતારી છે. તેમની તુલ્ય બીજું કોઈ નથી. એવા સ્વામિનારાયણ ભગવાન અનેક દિવ્ય શક્તિથી સંપન્ન અને મહા વૈભવશાળી છે. અનંત બ્રહ્માંડોના નાથ, વિરાટ આદિક ઈશ્વરોના પણ ઈશ્વર, સર્વેશ્વર સ્વામિનારાયણ ભગવાન છે. તે આપણને મળ્યા છે. માટે આપણે ફાવી ગયા છીએ. આપણે પણ સ્વામીની જેમ

શ્રીહરિનો દઢ વિશ્વાસ રાખીને સેવા, સત્સંગ, ભજન, ભક્તિ કરશું તો આપણી પણ મહારાજ વાસનારૂપી ઝેરથી રક્ષા કરશે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની સમજણ તથા જલસેણ ગામમાં ઝેરથી રક્ષા કરી' એ નામે સત્યાવીશમો અધ્યાય થયો. ॥૨૭॥

અધ્યાય-૨૮

સ્વામીએ મત્સર ઉપર વિજય મેળવ્યો

અનંતકોટિ બ્રહ્માંડના નાથ ને નિયંતા એવા સર્વોપરી પુરુષોત્તમ નારાયણ પૃથ્વી પર પધાર્યા. શ્રીહરિની કીર્તિ ચાર ધામ અને ચૌદ લોકમાં વ્યાપી ગઈ. સહુ કહેવા લાગ્યા કે, **ભગવાનના અનંત અવતાર થયા, પરંતુ શ્રીજીમહારાજ જેવું કોઈ થયું નથી. કેમ જે, તેમણે આશ્રિતમાત્રના દોષ જીતી લીધા. અને સ્ત્રીઓએ કામને જીત્યો એવું તો કોઈ અવતારમાં થયું નથી.** વળી ઘોર કળિયુગમાં અનેક સ્ત્રી-પુરુષોને નિષ્કામી કર્યા; માટે આ અવતાર તો બહુ મોટો થયો છે. વળી, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, માન, ઈર્ષા, અહંકાર, કાળ અને માયા સર્વને વશ કરી કળિયુગમાં સત્યુગ પ્રવર્તાવ્યો.

આવો શ્રીહરિનો મહિમા જોઈ અધર્મસર્ગના તમામ દોષોએ શ્રીહરિને મૂર્તિમાન પ્રગટ થઈને કહ્યું, 'અમારે તમારા આશ્રિતોની શક્તિ જોવી છે, માટે અમને યુદ્ધ આપો.' બ્રહ્માંડના મોટા મોટા દેવો, ઋષિઓ અને ઈશ્વરોને પરાજિત કરનારા આ દોષોનો પરાભવ કરવા શ્રીહરિ સંતમંડળ સહિત એકવાર રાધાબાગમાં ગયા ને ત્યાં એક માસ રોકાયા.

ત્યાં એક પછી એક દોષો નિત્ય આવતા હતા. તેમાં સચ્ચિદાનંદ સ્વામીએ કામનો પરાભવ કર્યો. મુક્તાંદસ્વામીએ ક્રોધને જીત્યો. ચૈતન્યાનંદસ્વામીએ લોભને હરાવ્યો. બ્રહ્માનંદસ્વામીએ મોહનો નાશ કર્યો. શુકમુનિએ ઈર્ષ્યાને જીતી. **ભાયાત્માનંદસ્વામીએ મત્સરનો મદ**

ઉતાર્યો. યોગીરાજ ગોપાળાનંદસ્વામીએ અહંકાર પર વિજય મેળવ્યો અને નિત્યાનંદસ્વામીએ માનને માર્યો.

નિત્ય એક યોદ્ધો લડવા આવતો. તેમાં છઠ્ઠે દિવસે તે યુદ્ધમાં મોટા રામબાઈની જલેબીની રસોઈ ને ઉત્સવ હતો. તે દિવસે પ્રભાતમાં મહારાજ જાગી નિત્યકર્મ કરી દક્ષિણાદા આંબા હેઠે સભા કરીને બેઠા. પછી મહારાજ કહે, 'આજ મત્સરનો વારો છે, તે કોણ બીડું ઝીલશે ?' ત્યારે ભાયાત્માનંદસ્વામીએ ઊભા થઈ કહ્યું જે, 'હે કૃપાનાથ ! હું બીડું લઉં છું.'

પછી ઉત્સવ થવા લાગ્યો. તે વખતે મત્સર આવ્યો, પરંતુ સ્વામીની ત્યાગ-વૈરાગ્યની છટા, દેહનો અનાદર અને આત્મનિષ્ઠાદિક સમજણની દૃઢતા જોઈને મત્સરે નક્કી કરી લીધું કે, લડ્યા વિના જ આ સાધુને શરણે જાવામાં સારું છે. જો હું તેમની સાથે યુદ્ધ કરીશ તો નક્કી મારાં હાડકાં ભાંગી નાખશે. ડાહ્યા માણસનું લક્ષણ છે કે સમર્થની સામે ક્યારેય ન થવું.

આમ વિચારીને મત્સર સીધો સ્વામીને શરણે ગયો ને કહે, '**હું કોઈ દિવસ સાચા ભાવથી સત્સંગ કરનારને નડીશ નહીં.** તમારી સામે મારું કોઈ ગજું વાગતું નથી. માટે આપ મારા ઉપર કૃપા કરો, મને મહારાજનાં દર્શન કરાવો.' ત્યારે સ્વામી કહે, 'તો ચાલ, તને મહારાજ પાસે લઈ જઉં.' પછી તેને શ્રીહરિનાં દર્શન કરાવી, પ્રસાદી આપીને વિદાય કર્યો. તેથી મહારાજ ભાયાત્માનંદસ્વામી ઉપર અતિ પ્રસન્ન થયા. તેને ચરણારવિંદ ને પોશાક આપ્યો. તેટલામાં મોટા રામબાઈ ડોસીઓએ સહિત મહારાજ સારુ થાળ લઈને આવ્યા. ત્યારે મહારાજ જમવા બેઠા. તે જલેબી વગેરે પકવાન, શાક અને અથાણાં વગેરે જમ્યા. પછી ભાત, દૂધ અને સાકર જમી, ચળું કરી મુખવાસ જમ્યા. ને તે પ્રસાદી ભાયાત્માનંદસ્વામીને આપી. આમ સત્સંગનો રંગ જામ્યો.

(સંદર્ભ : શ્રીહરિચરિત્ર ચિંતામણિ. ૨/૪૩-૪૮)

દોહા : **મત્સર શત્રુ જીણો અતિ, કરે ભક્તને ખુવાર;**
ઓળખવો પણ કઠણ છે, જીતે શું નરનાર ?...૮૧
પ્રગટ પ્રભુના પ્રતાપથી, જીત્યા શત્રુ અપાર;
ધન્ય ધન્ય આ સર્વોપરિ, શ્રીહરિનો અવતાર...૮૨
ભાયાત્માનંદ સ્વામીને, નમીએ વારંવાર;
મત્સર જેવા મહા શત્રુને, તરત પમાડ્યો હાર...૮૩

આ તો ભાયાત્માનંદસ્વામી જેવા ભજનાનંદી અને સજાગ સાધુનું કામ છે. સર્વોપરીના આશ્રિતથી જ આ દોષો જીતાય. બાકી આ મત્સર, ઈર્ષ્યા, કામ, ક્રોધાદિક દોષો જીતવા તે છોકરાના ખેલ નથી. આ દોષો તો જીવને માથું ફાડી નાખે એટલા નડે છે અને જાડધારા માણસોને તો આ દોષો ઓળખવા પણ મુશ્કેલ છે. જે દોષો ઓળખી શકે નહિ તો તે ટાળી તો શકે જ કેમ ?

શ્રીહરિએ પણ વચ.કા.૬માં મત્સર દોષની દુષ્ટતા વર્ણવતાં કહ્યું છે કે, **'કોઈક લે અને કોઈક દે તેમાં પણ જે મત્સરવાળો હોય તે વચમાં ઠાલે ઠાલો બળી મરે છે.' અર્થાત્ મત્સરવાળો બીજાના ઉત્કર્ષને કે ઉદારતાને પણ સહી શકતો નથી.** અને જેના હૃદયમાં સ્ત્રીમાં, ધનમાં કે સારું સારું ખાવામાં આસક્તિ હોય અથવા વખાણ બહુ ગમતા હોય તેના હૈયામાં વગર આમંત્રણે મત્સર આવીને વસે છે. અને મત્સરવાળો મોટા સંત તો શું ? પરંતુ પ્રગટ ભગવાન હોય તો તેની ઉદારતા કે મહાનતા જોઈને પણ ખોટે ખોટો હૈયામાં સળગતો રહે છે. આવો ઝીણો મત્સર દોષ ભાયાત્માનંદસ્વામીની સામુ પણ ન જોઈ શક્યો. તે સંત કેટલા મહાન હશે ?! તેને કેવું ભગવાનનું બળ હશે ? **ભગવતબળ જ જીવને માયા પાર કરે છે.**

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ મત્સર પર વિજય મેળવ્યો' એ નામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

અધ્યાય-૨૯

દેવોએ મૂકેલી માયા તથા કથા-વાર્તાનો મહિમા

દોહા : હરિ આશ્રયનું બળ તો, મોટું બળ કહેવાય;
રક્ષા કરે નિજ ભક્તની, તે જાણતોય ન હોય...૮૪
બાહ્ય શત્રુ ને અંતઃશત્રુથી, બચાવે નિજ આશ્રિત;
એવા અવતારી હરિમાં, કરવી અખંડ પ્રીત...૮૫
સ્વામી આત્માનંદનો, સુણીએ એવો પ્રસંગ;
સાંભળી હરિ વિશ્વાસનો, ચડે અંતરે રંગ...૮૬

જેને સાંભળતાં જ અંતરમાં શ્રીહરિનું બળ વ્યાપે, પ્રભુમાં પ્રીતિ પ્રગટે અને સત્સંગનો રંગ ચડે એવો એક સ્વામીનો સુંદર પ્રસંગ સાંભળીએ. એક વખતે આત્માનંદસ્વામી મંડળ લઈને કાનમ દેશમાં ફરવા ગયા હતા. ત્યાં કોઈક ગામમાં રાત્રીએ ચોરામાં સૂતા હતા. ત્યાં તો કોઈકે સ્વામીને ઉપાડીને એક ખાટલામાં સ્ત્રી-પુરુષ નગ્ન સૂતાં હતાં, તેમની ભેગા મૂક્યા. પછી સ્વામી જાગ્યા એટલે તરત ત્યાંથી ભાગી નીકળ્યા. અને ચોરે આવી બીજા સાધુને જગાડીને આ વાત કહી કે, મને આવી રીતે કોઈક ઉપાડી ગયું હતું. પછી સંતો તે ગામ છોડીને ચાલી નીકળ્યા. અને જ્યારે મહારાજ પાસે આવ્યા ત્યારે આ વાત કહી.

ત્યારે શ્રીહરિએ કહ્યું કે, 'એ તો દેવતાઓએ તમારા ત્યાગ-વૈરાગ્યમાં વિઘ્ન કરવા માટે તમને ઉપાડીને ત્યાં મૂક્યા હતા, પણ અમે તમારી તે દેવતાઓએ મૂકેલી માયા થકી રક્ષા કરી તેની ખબર તમને ન પડી.' *(સંદર્ભ : નિર્ગુણ.વાત.૪૧૩,૨૨૮)*

આવી રીતે આપણને ખબર પણ ન હોય તેમ રાત-દિવસ શ્રીહરિ આપણી રક્ષા કરે છે. વ્યાવહારિક, શારીરિક, માનસિક, કૌટુંબિક અને સામાજિક, આમ સર્વ પ્રકારે શ્રીહરિ આપણી ખબર રાખે છે. ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, "ભગવાન આપણી બહુ રક્ષા કરે છે ને

જો રક્ષા ન કરતા હોત તો કાળ, કર્મ ને માયા એ કોઈને પ્રભુ ભજવા દે એવાં નથી. કેમ જે, મૂળ માયાને કોઈએ છેડી નહોતી, તેને આપણે છેડી છે; તે શું ? તો લાજું કાઢીને તેનો વારંવાર તિરસ્કાર કરીએ છીએ; ને જો ભગવાન રક્ષા ન કરતા હોય, તો આ કરો પાડીને મારી નાંખે ને કાં તો પૃથ્વી ફાડીને માંહી ઘાલી દે, એવી માયા ખીજી છે. ને હમણાં શ્રીહરિ રક્ષા કરે છે ને પછી નહિ કરે એમ ન સમજવું. એ તો જેમ પૂર્વ દેશમાંથી પુરુષ ચાલ્યો આવતો હતો, તેની આગળ લાખો તાડ આડાં આવ્યાં; તેને જોઈને એક તાડને હડસેલો માર્યો તે લાખો તાડને પાડીને ચાલ્યો ગયો. તેમ શ્રીહરિએ પૃથ્વી ઉપર આવીને કાળ, કર્મ ને માયાને હડસેલો માર્યો છે, તે ઊભાં થઈને દુઃખ દેવાને સમર્થ નહિ થાય.” આવા શ્રીહરિ દયાળુ છે. *(સંદર્ભ : ગુ.સ્વામી વા.૨/૬)*

ચોપાઈ :

અહો કેવા દયાળુ મહારાજ રે, રક્ષા કરે છે આપણી આજ રે;
રક્ષા કરે નહિ મહારાજ રે, તો તો રહે નહિ કદિ લાજ રે...૮૭
સોવાર ધોઈને ચરણ રે, પાણી પીધા કરે આજીવન રે;
તોય ભક્ત છૂટે ન ઋણમાંથી રે, એવા દયાળુ છે ભક્ત સાથી રે...૮૮
આવા સર્વોપરી મહારાજ રે, પ્રગટ્યા છે આપણે જ કાજ રે;
માટે સેવી લેવા લેવા ભજી રે, એના વિનાનું દેવું સર્વે તજી રે...૮૯

માટે આવા ભગવાન ભાવથી ભજી લેજો, શ્રદ્ધાથી સેવી લેજો. મન મૂકી મહારાજનો વિશ્વાસ રાખજો તો શ્રીહરિ આપણી અંતઃશત્રુ તથા બાહ્યશત્રુ એમ સર્વ પ્રકારે રક્ષા કરશે.

❊ શ્રીહરિ તથા કથા-વાર્તાનો મહિમા :

દોહા : **સ્વામી સહજાનંદનું, સુખદાયી છે ધ્યાન;**
ધ્યેય રાખી જે ધ્યાન ધરે, તેનું ટળે છે અજ્ઞાન...૯૦
સર્વોપરી શ્રીહરિજીની, મૂર્તિ છે મંગળરૂપ;
સ્નેહે જે જન સંભારે, તે થાય હરિ સ્વરૂપ...૯૧

સર્વોપરિ ઘનશ્યામના, સ્નેહે સુણો ચરિત્ર;
પાપ સર્વે તો જાય બળી, થઈએ મહા પવિત્ર...૯૨

પ્યારા લાડીલા લાલનું, દિવ્ય સુખદ દર્શન;
ભાવથી કરે જે ભક્ત તેનું, સ્થિર થઈ જાય મન...૯૩

સ્નેહે સહજાનંદને, અખંડ સંભારે સંત;
તેથી સંતો શ્રીહરિને, વ્હાલા લાગે અત્યંત...૯૪

એવા ભાયાત્માનંદની, પાવનકારી કથાય;
સંભળાવું અતિ સ્નેહથી, સાંભળો મળી બધાય...૯૫

જે ભગવાનને નથી ભૂલતો તેને ભગવાન પણ નથી ભૂલતા. જે શ્રીહરિને અખંડ સંભારે તેને શ્રીહરિ પણ અખંડ સંભારે છે. શ્રીજીમહારાજને પામી ગયેલા મોટા સંતોની જીવનગાથાઓ આપણને ઘણું શીખવી જાય છે. કેમ જે, તેમના આખ્યાનમાં સીધો જ શ્રીહરિનો સંબંધ આવે છે. તેથી આ કથા શ્રીહરિનો મહિમા દૃઢ કરાવે છે.

દોહા : **પ્રગટ શ્રીપુરુષોત્તમની, કથા સારમાં સાર;**
સાંભળે જે જન સ્નેહથી, સે'જે ઊતરે પાર...૯૬

ભગવાનની કથા સાંભળવી, શ્રીહરિ-સંતનાં દર્શન કરવાં, સંતો-ભક્તોનાં આખ્યાન સાંભળવાં, તેમના સહવાસમાં રહેવું; તે મોટાં સદ્‌ભાગ્યની વાત છે. જેને કથા સાંભળવી હોય તેના માટે તો આ યુગ બહુ સારો છે. સી.ડી., વી.સી.ડી. વગેરે કેસેટોના માધ્યમથી હાલતાં-ચાલતાં, ઘરમાં કે ગાડીમાં કથા-કીર્તન સાંભળ્યા કરવા તો જીવ આપોઆપ શુદ્ધ થઈ જાય. જે કૂવામાં પાણી હોય તે ખેતર લીલું રહે; તેમ જેને કથા-વાર્તા સાંભળવાનું અંગ હોય તેનું હૈયું ટાઢું રહે, સદ્‌ગુણોથી ભરેલું રહે.

શ્રીહરિ વચ.ગ.અ.૨૪માં કહે છે કે, "ભગવાનની કથા-વાર્તા સાંભળ્યામાં જેને જેટલી પ્રીતિ હોય તેને તેટલો જગતનો અભાવ થાય

છે. તથા કામ, ક્રોધ, લોભાદિક દોષનો નાશ થાય છે. અને જો **કથા-વાર્તામાં જેને આળસ હોય તેની કોરની એમ અટકળ કરવી જે, 'એમાં મોટા ગુણ નહિ આવે.'** અને શાસ્ત્રમાં નવ પ્રકારની ભક્તિ કહી છે તેમાં શ્રવણ ભક્તિને પ્રથમ ગણી છે. માટે જેને **શ્રવણ ભક્તિનું અંગ હશે તેને તો પ્રેમલક્ષણા પર્યંત સર્વે ભક્તિનાં અંગ પ્રાપ્ત થશે.**" કથા જ અંતરના મેલને ધોવે છે, હૈયું નિર્મળ બનાવે છે અને અંતરશુદ્ધ થાય પછી જ શ્રીહરિનું ધ્યાન થાય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'દેવોએ મૂકેલી માયા તથા કથા-વાર્તાનો મહિમા કહ્યો' એ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

અધ્યાય-૩૦

બંને સંતો ઉપર પ્રસન્નતા

દોહા : **ધન્ય ભાયાત્માનંદને, ધન્ય ધન્ય મુક્તાનંદ;**
એક હતા વચનની મૂર્તિ, બીજા સમજુ સુખકંદ...૯૭

એકવાર મહારાજની આજ્ઞાથી પચાસેક સંતો મારવાડ દેશમાં ફરવા ગયા. તેમાં આત્માનંદસ્વામી તથા મુક્તાનંદસ્વામી મુખ્ય હતા. કાળ જેવું વર્ષ હતું. ગામડે ભિક્ષામાં લોટ પણ પૂરો મળતો નહીં. સંતોને ઘણી મુશ્કેલી પડતી. પરંતુ શ્રીહરિને રાજી કરવા દુઃખ સહન કરીને પણ ગામડાં ફરતા હતા. ત્યાં મહારાજના સમાચાર આવ્યા તેથી સંતો ગઢપુર તરફ પરત જવા ચાલી નીકળ્યા.

રસ્તામાં એક ગામના પાદરે શિવમંદિરમાં ઉતારા કર્યા. સંતો જોળી માગવા ગયા, પણ કાંઈ અન્ન મળ્યું નહીં. આ પ્રમાણે સહુને ત્રણ ઉપવાસ થયા. ચોથે દિવસે સાંજના એક બ્રાહ્મણ શિવજીનાં દર્શન કરવા આવ્યો. સંતોને જોઈને તેને ભાવ થયો કે સારા ભજનાનંદી સાધુ છે. તેથી પાસે આવીને પૂછ્યું, 'મહારાજ, કાંઈ જમ્યા છો ?' ત્યારે

સંતો કહે, 'જેવી ભગવાનની ઈચ્છા.' તેથી બ્રાહ્મણ સમજી ગયો કે સંતો ભૂખ્યા છે.

પછી વિશેષ જાણવા ફરી પૂછ્યું કે, 'કયે ગામ જમ્યા હતા ?' સંતોએ તે ગામનું નામ આપ્યું. ત્યારે તેણે જાણ્યું કે તે તો અહીંથી ૩૦ ગાઉ દૂર છે. માટે આ સંતો ત્રણ દિવસના ભૂખ્યા છે. આવા સંતોને જમાડીએ તો પ્રભુ રાજી થાય. પછી મુક્તાનંદસ્વામીને કહ્યું, 'તમો ભૂખ્યા છો, તે જો આજ્ઞા કરો તો મારે ઘેર ખીચડી બનાવું અને આપ સહુ સંતો મારે ઘેર જમવા પધારો.'

ત્યારે મુક્તાનંદસ્વામીએ કહ્યું કે, 'ભૂદેવ ! સંતોને ગળ્યાં-ચિકણાંનાં તથા ખટરસનાં નિયમ છે, માટે ખીચડીમાં ઘી પણ નાખશો નહીં.' બ્રાહ્મણ કહે, 'સારું.' પછી ભૂદેવ ઘેર ગયા. અને આશરે પોણો મણ ખીચડી રાંધી. તે તૈયાર થઈ ત્યારે સંતોને બોલાવવા આવ્યા. તેથી સંતો તેને ઘેર ગયા ને ઓસરીમાં બેઠા. ભાવિક ભૂદેવે વિષ્ણુને નિવેદની ખીચડીમાં ઘી નાખ્યું હતું અને તે પ્રસાદરૂપે સર્વે ખીચડીમાં ભેળવેલું. પછી સંતોને જમવાનું કહ્યું. સંતો સહુ પોતપોતાનાં પાત્ર લઈને જમવા આવ્યા. પ્રથમ આત્માનંદસ્વામી પછી મુક્તાનંદસ્વામી વગેરે સંતો જમવા બેઠા. બ્રાહ્મણે ખીચડી પીરસવાનું શરૂ કર્યું. આત્માનંદસ્વામીને વરાળ દ્વારા ઘીની જરાક સુગંધ આવી. તેથી એકદમ ઊભા થઈ બોલ્યા કે, 'અનેડો..! ખીચડી ન ખાતા, આમાં તો ઘી નાખેલું છે.'

આ સાંભળીને બ્રાહ્મણ બહુ દિલગીર થઈ ગયો. તે જોઈને મુક્તાનંદસ્વામીએ પૂછ્યું, 'ભૂદેવ ખીચડીમાં ઘી નાખ્યું છે ?' ત્યારે વિપ્રએ વાત કરી કે, 'તમારા માટે ઘી નથી નાખ્યું, પણ ઠાકોરજીના થાળની ખીચડીમાં ઘી નાખ્યું હતું. અને તે ખીચડી આમાં ભેળવેલી છે. એટલે ઘીની સુગંધ આવતી હશે. માટે આપ કૃપા કરીને જમો તો સારું.' પછી મુક્તાનંદસ્વામીએ વિચાર કર્યો કે, બ્રાહ્મણે સંતો માટે ઘી નથી

નાખ્યું ને આ તો ધર્મસંકટ છે. જો નહિ જમીએ તો બ્રાહ્મણની ખીચડી બગડશે. વળી, સાધુનો અભાવ આવશે તો એનો મોક્ષ બગડશે. બીજું સંતો ત્રણ દિવસથી ભૂખ્યા છે. હજુ સત્સંગીનાં ગામ ઘણા દૂર છે. ભિક્ષા પૂરી મળતી નથી. અને હજી બે-ત્રણ દિવસ મળે તેમ લાગતું નથી. ત્યાં સુધી સાધુ ચાલીને ન પહોંચે. માટે સમય વરતી સંતોને જમાડવા જોઈએ.

પછી મુક્તાનંદસ્વામીએ સમય પારખી મહારાજ વઢે તે પોતાના માથે જવાબદારી લઈ સહુ સંતોને કહ્યું, 'સંતો જમી લો. કેમ જે ત્રણ દિવસના ઉપવાસ છે. વળી બ્રાહ્મણે ભાવથી ખીચડી રાંધી છે, તે બગડશે. માટે મારી આજ્ઞાથી બેસો. ને મહારાજ જે પ્રાયશ્ચિત આપશે તે તમારા સહુના વતી હું કરીશ. ભાઈસ્વામીનો વાદ લેશો નહીં. તે તો આત્મનિષ્ઠ છે.'

એમ કહી મુક્તાનંદસ્વામી પહેલા જમવા બેઠા. તેથી સહુ સંતો પણ જમવા બેસી ગયા. એક આત્માનંદસ્વામી ન બેઠા. બ્રાહ્મણે પ્રેમથી સંતોને જમાડ્યા. આમ, સ્વામીએ શ્રદ્ધાળુની શ્રદ્ધાને સાચવી. આ રીતે ભૂદેવને રાજી કરી સંતો ત્યાંથી ચાલી નીકળ્યા.

થોડા દિવસે સહુ સંતો ગઢપુર આવ્યા. મહારાજને દંડવત કરીને સભામાં બેઠા. શ્રીહરિ કહે, 'મારવાડમાં કેમ રહ્યું ?' ત્યારે સંતો કહે, 'આપની કૃપાથી સારું રહ્યું.' પછી મુક્તાનંદસ્વામીએ ઊભા થઈ મહારાજને હાથ જોડી કહ્યું, 'હે કૃપાનાથ ! મેં આપની આજ્ઞા લોપી છે. તેથી મને પ્રાયશ્ચિત આપો.' ત્યારે મહારાજ હસી કહે, 'સ્વામી! તમે મારી આજ્ઞા કોઈ દિવસ લોપો નહીં તેની મને ખાતરી છે. છતાં શું બન્યું છે તે કહો.' ત્યારે મુક્તાનંદસ્વામીએ વિસ્તારીને વાત કહી. તેથી મહારાજ તેમના ઉપર અતિ રાજી થયા અને તરત ઊભા થયા.

પૂર્વછાયો : **બાથમાં લઈ ભેટ્યા હરિ, સ્વામી મુક્તાનંદને;**
પછી બોલ્યા પ્રભુ પ્રેમથી, આવા મધુરા વચનને...૯૮

તમે ખરા દેશકાળને, જાણવાવાળા છો સંત;
માનું બિરુદ આજ તમે, શોભાવ્યું છે અત્યંત...૯૯
તમે જો એમ ન કર્યું હોત, તો બ્રાહ્મણનું બગડત;
તમ જેવા રૂડા સંતનો, અભાવ એને આવત...૧૦૦
અન્ન બગડે તે તો ઠીક છે, એના જીવનું પણ બગડેત;
માટે તમોને ધન્ય છે, એનું સાચવી લીધું હેત...૧૦૧
તમે જમાડ્યા છે સંતને, માટે નથી તમને કોઈ દોષ;
સત્સંગની મા સ્વામી તમે, કરશો નહિ અપશોસ...૧૦૨

આ રીતે મહારાજે મુક્તાનંદસ્વામીને વાત કહી અને બથમાં લઈને ભેટ્યા તે સહુ સંતો જોઈ રહ્યા. અને વિચારવા લાગ્યા કે, 'અહો..!! મહારાજ કેવા દયાળુ છે ! કરુણાના સાગર છે. કેવા સ્વામી ઉપર રાજી થયા ?' પછી સહુના મનમાં એમ થયું કે, 'ભાયાત્માનંદસ્વામીને શું કહેશે ?' ત્યાં તો શ્રીહરિ સ્નેહથી બોલ્યા :

દોહા : **ધન્ય ધન્ય આત્માનંદને, ધન્ય ધન્ય એના નિયમ;**
ધન્ય ધન્ય આત્મનિષ્ઠાને, ધન્ય ધન્ય યમ સંયમ...૧૦૩
એના જેવું તો બીજાથી, વર્તી નહીં શકાય;
બિચારા બાપડા સાધુઓ, ભૂખ્યા હેરાન થાય...૧૦૪

મહારાજની મોટાઈ, એમની ઊંચાઈ, આવડત અને સહુમાંથી સાર ગ્રહણ કરવાની વૃત્તિ અનોખી છે. મુક્તાનંદસ્વામીએ આ પ્રસંગે સહુ સંતોને જમાડ્યા એટલે તે સત્સંગની મા કહેવાણા અને **ભાયાત્માનંદસ્વામીએ ભૂખનું દુઃખ સહન કરીને પણ વચન પાળ્યું તેથી તે વચનમૂર્તિ કહેવાયા.**

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિ મુક્તાનંદસ્વામી તથા ભાયાત્માનંદ સ્વામી ઉપર પ્રસન્ન થયા' એ નામે ત્રીશમો અધ્યાય થયો. ।।૩૦।।

અધ્યાય-૩૧

મરજીમાં રહે તે મોટા તથા પ્રસન્નતાનું પાત્ર

ગોપાળાનંદસ્વામી કહેતાં કે, **"પોતાની જાણે ઘણું કરે તોપણ શ્રીહરિજી રાજી ન થાય અને મોટા કહે તેમ થોડું કરે તોપણ મહારાજ બહુ રાજી થાય."** માટે મરજીમાં રહે તેને જ ભગવાનનો મહિમા સમજાણો છે. ભાયાત્માનંદસ્વામી સતત શ્રીહરિની આજ્ઞા-મરજીનું અનુસંધાન રાખતા. દેશકાળ અને સમયને જોઈને જે નાની આજ્ઞા પણ પાળે તેના ઉપર શ્રીહરિ બહુ રાજી થતા. આવો જ એક સ્વામીનો પ્રસંગ સમજીએ.

દોહા : **દિવ્ય દૃષ્ટિ આપી હરિએ, રાજી થઈ તે વાર;**
આજ્ઞા પાલક ઉપરે, શ્રીહરિને બહુ પ્યાર...૧૦૫

ભાઈસ્વામી કહેતા હતા કે, મહારાજ જ્યારે વડોદરે પધારવા તૈયાર થયા ત્યારે ગઢડામાં દાદા ખાચરને ત્યાં કોઈ નહીં રહે એમ જણાણું. ત્યારે મહારાજે સહુને કહ્યું, પણ કોઈ રહેવા તૈયાર ન થયું. કેમ જે, ચોવીસો ગામના ધણી સયાજીરાવ સરકાર શ્રીહરિનું સન્માન કરવાના હતા. તેથી આખા સત્સંગમાં ઉત્સાહનું મોજું ફરી વળેલું અને સહુને એ દર્શનની ઇચ્છા હતી. પરંતુ મહારાજની મરજી જોઈને ભાયાત્માનંદસ્વામીએ રહેવાની ઇચ્છા દર્શાવી. એટલે મહારાજે તેમને આજ્ઞા કરી તેથી તેઓ ગઢપુરમાં રોકાણા, પણ મહારાજની કૃપાથી વડોદરામાં જે જે થાય તેને તેઓ ગઢપુરમાં રહ્યા થકા દેખતા હતા. આમ, શ્રીહરિની મરજી પાળી તો મહારાજે તેને દિવ્ય દૃષ્ટિ આપી દીધી.

દોહા : **માટે ભાઈના જેવું, રહેવું મરજીમાંય;**
ઉત્સવ સમૈયે યાત્રામાં, જવાય કે ન જવાય...૧૦૬

સ્વામી મહારાજને રાજી કરવા રોકાયા તો આવો મોટો લાભ મળ્યો. **સંતો-ભક્તોની ખુશીમાં શ્રીહરિની ખુશી છે. બીજાને આનંદ આપવા માટે પોતે ખમી લેવું તે વાત બહુ ઊંચી છે** અને તે જ સાચી

મોટાઈ છે. સ્વામીનો આ સદ્‌ગુણ આપણે શીખીએ તો આપણને પણ શ્રીહરિ દિવ્ય દૃષ્ટિ આપે.

❊ સજાગતા અને પ્રસન્નતાનું પાત્ર :

મહારાજે લોયામાં ભવ્ય શાકોત્સવ કર્યો. તેમાં એકવાર તો વીસ મણ ઘીનો વઘાર મેલી શ્રીહરિએ રીંગણાનું શાક કર્યું હતું. આ શાકોત્સવમાં મરચાં ઝાઝાં નાખતાં અને ઘઉંની રોટલી કરતા. એ રીતે નિત્યે રસોઈ થાય અને મહારાજ નિત્ય સંતો-ભક્તોને પીરસે. દેવતાઓ પણ આ લાભ લેવા આવતા. આ જોઈને સૂરા ખાચર અને શાંતાબા બહુ રાજી થતાં.

એક દિવસ ભાયાત્માનંદસ્વામી આવ્યા ત્યારે મહારાજ મંચ ઉપર ઉગમણે મુખારવિંદે વિરાજમાન હતા. અને સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં. પછી સ્વામીએ મહારાજનું પૂજન કર્યું. **તેથી મહારાજે રાજી થઈ સ્વામીને પુષ્પના હાર પહેરાવ્યા, ગજરા પહેરાવ્યા, તોરા ધારણ કરાવ્યા. અરે..! સ્વામીએ ના પાડવા છતાં મહારાજે પોતાને હાથે જ બાજુબંધ પણ બાંધ્યાં. ને તે જોઈને મહારાજ બહુ હસ્યા.** પછી સવારમાં રસોઈ થઈ. તે મહારાજ ચાકળા ઉપર બેઠા થકા સહુને શાક દેતા જાય ને સાધુ શાક લઈને પંગતમાં બેસે અને બીજા સાધુ રોટલી પીરસે.

પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, 'તમે લ્યો.' ત્યારે તે કહે જે, 'મરચા વિનાનું હોય તો લઉં.' પછી મહારાજ કહે જે, 'આ તપેલામાં શાક છે તે મરચા વિનાનું છે, માટે આ લ્યો.' ત્યારે સ્વામી કહે, 'લાવો.' પછી મહારાજે ડંકો ભરીને એ જ તીખું શાક આપ્યું અને સ્વામી પણ મહારાજની મરજી જાણીને જમી ગયા, પરંતુ મહારાજે તેમાં કમાલ એ કરી કે શાકમાં મરચું છે કે નહિ તે ખબર જ ન પડી. આવા તે મહારાજના નિષ્ઠાવાન સંત હતા. *(સંદર્ભ : ભાયા.વાત.૨૫૪)*

મહારાજ અને તેમના સંતની લીલા અલૌકિક હોય. તેને જે સાચા ભક્ત હોય તે જ સમજી શકે છે. આમ, સ્વામીની આજ્ઞાપાલનની ધગશ,

શ્રદ્ધા અને દઢતા જોઈ મહારાજ બહુવાર રાજી થઈ મોજ આપતા.

એકવાર વડતાલ મહારાજ સાત દિવસ રોકાયા. નિત્ય સભા થતી. એક દિવસ એક પ્રેમી ભક્તે સુંદર પોશાક મહારાજને પહેરાવ્યો. મહારાજે તરત જ તે પોશાક ભાયાત્માનંદસ્વામીને પહેરાવ્યો અને જમાવટ કરી દીધી. તે જોઈને સહુ સંતો-ભક્તો પણ બહુ રાજી થયા. તે વાત સદ્.નિષ્કુળાનંદસ્વામી ભક્તચિંતામણિ પ્ર.૮૪માં લખે છે :

સામેરી : **એક વૃદ્ધ સાધુ વિકાર વિના, નાથની નજરે આવિયો;**
પ્રસન્ન થઈ પોતે પછી, સુંદર સ્વાંગ પહેરાવિયો.
બહુ વાત કરી હરિ, સંતને સુખિયા કર્યા;
અનેક જન જીવન જોઈને, ભવસાગરનો ભય તર્યા.

આવી રીતે સંતો-ભક્તોએ શ્રીહરિનો અલૌકિક પ્રેમ પામીને ભવસાગરમાં બૂડવાના ભયને ફેંકી દીધો. મરવાની ચિંતા છોડી સહુ નિર્ભય થકા મસ્તીમાં જીવતા. કેમ જે, આ દર્શનનો લાભ સહુને મળતો નથી. જેણે આ લીલા જોઈ અને પચાવી તે પૂર્ણકામ થયો. પછી મહારાજે સ્વામીના વર્તનની ખૂબ પ્રશંસા કરી અને કહ્યું, 'આ તો જબરા સાધુ છે. અમે ગમે તેટલું તેમને માન આપીએ છતાં તેનો તેને અપચો થાય તેમ નથી, માટે અમને બહુ વહાલા છે.'

એકવાર મહારાજ ગઢડામાં ભક્તો આગળ શૂરાતનની વાતો કરતા હતા. તેવા સમામાં ભાયાત્માનંદસ્વામીનું મંડળ આવ્યું. ત્યારે મહારાજે કહ્યું જે, **'વાહ..! વાહ..!! આ અમારા શૂરા આવ્યા.'** એમ કહીને મહારાજે સ્વામીને શૂરાનું બિરુદ આપ્યું અને સ્વામી દંડવત કરતા હતા ત્યાં સામે જઈને ભેટી પડ્યા.

પછી સ્વામી મહારાજને અતિ હેતે કરી પગે લાગવા ગયા ત્યારે મહારાજે પાછલી કોરથી એક હાથે કરીને સ્વામીના બંને હાથ ઝાલ્યા ને બીજો હાથ સ્વામીની છાતી ઉપર ફેરવ્યો. અને એમ બોલ્યા જે,

'જુઓને એકલાં હાડકાં છે. એ તો ત્વચાએ કરીને દેહ ઢાંક્યો છે, માટે જણાતાં નથી.' પછી સ્વામીને કાખમાં લઈને બાઈઓ સામા ઊભા રાખ્યા. તેથી સ્વામી આંખો મીંચી ગયા. એટલે બે આંખો મહારાજે પોતાને હાથે કરીને ઉઘાડવા માંડી, પણ સ્વામી તો આંખો મીચી ગયા તે ઉઘાડી જ નહીં. પછી મહારાજ બહુ હસ્યા ને બાઈઓ હરિભક્ત પણ હસ્યા. એ રીતે હાસ વિનોદ બહુ થયો. *(સંદર્ભ : ભાયા.વાત.૨૭૯)*

આમ ઘણીવાર મહારાજ સ્વામી ઉપર રાજીપો વરસાવતા, પરંતુ આ બધું માન સ્વામીને પચી જતું. સહેજ પણ અભિમાન આવતું નહીં કે, 'હું મહારાજની નજીક છું. મને મહારાજ કેટલો રાજીપો આપે છે !' જેમ જેમ શ્રીહરિ રાજીપો આપતા તેમ તેમ સ્વામી સરળ થઈને વર્તતા, સહુને વિશેષ નમતા રહેતા. **હરિએ આપેલું હેત પચાવવું કઠણ છે.** નાનું પાત્ર હોય તો તરત છલકાઈ જાય. સ્વામી તો સાગર જેવા દિલના હતા.

શ્રીહરિની આવી પ્રસન્નતા ને પ્રશંસાનું અંતરમાં અહં ન આવી જાય એ માટે તેઓ પોતાના અંતરના ચોપડાને કાયમ તપાસતા રહેતા હતા કે, 'મને આનું રંચમાત્ર પણ અહં નથી આવતું ને ? મારામાં શ્રેષ્ઠપણું તો નથી મનાઈ જતું ને ?' આવા અડગ આજ્ઞાકારી સંત પ્રભુની પ્રસન્નતાનું પાત્ર બની રહે એમાં શું કહેવું ?!

વળી, મહારાજે ૧૧૪ પ્રકરણો ફેરવ્યાં તેમાં સ્વામી સજાગપણે રહ્યા. સ્વામી વિચરણ ખૂબ કરતા. બીમારી સિવાય વાહન પર બેસતા નહીં. વળી દેહનો કેટલો અનાદર કે શરીરે હાથ ઘસીને સ્નાન પણ ન કરે. શરીરે પુષ્કળ વાળ, તેથી ધીરે-ધીરે શરીર પર ટોલા થઈ ગયેલા. ખસના ફોલ્લાઓ પણ હતા ને એકવાર તો ગૂમડાંમાં જીવાતો પડેલી. **તે કોઈ જીવડું શરીર પરથી નીચે પડી જાય તો ઉપાડીને ફરી ગૂમડાંમાં પાછું મૂકે ને કહે કે 'યહ શરીર તેરા ખાજ હે.' આવી દેહાતીત સ્થિતિમાં નિરંતર વર્તતા હતા.** વચનરૂપ થતાં બ્રહ્મરૂપ બની ગયા હતા.

દોહા : **સ્વામી આત્માનંદને, દેહનો અતિ અભાવ;**
પડતો તેથી સહુ સંતને, સ્વામીનો બહુ પ્રભાવ...૧૦૭
આવા સદ્‌ગુણ શીખવા, આપણે રાખી ઉમંગ;
સ્વામી જેવો ચડાવવો, હરિનો સાચો રંગ...૧૦૮

સ્વામી આવા સજાગ હતા, વૈરાગ્યવાન હતા, વચનની મૂર્તિ હતા તોપણ એકવાર સહેજ ભૂલ પડી ગયેલી. તે સ્વામીને જીવ્યા ત્યાં સુધી કાયમ ખૂંચતું અને તેઓ પોતે કહેતાં કે 'એકવાર મને મહારાજનું થોડુંક મનાણું ન હતું, તેથી દુઃખ આવ્યું હતું.' હવે તે વાત જોઈએ...

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'મરજીમાં રહે તે મોટા તથા સજાગતાને કારણે પ્રસન્નતાનું પાત્ર બન્યા' એ નામે એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

અધ્યાય-૩૨

મનના વિશ્વાસનું માઠું ફળ

એકવાર મહારાજ ગઢપુરમાં સભા કરીને બેઠા હતા. સામે સંતો-ભક્તો બેઠા હતા. તેમાં મહારાજે કહ્યું જે, 'બ્રહ્માનંદસ્વામીના માતપિતાને સત્સંગ કરાવવા અમારે એક મંડળ રાજસ્થાન મોકલવું છે. ત્યાં આબુની તળેટીમાં **'ખાણ'** ગામ તરફ જાય એવા કોઈ છે ?' ત્યારે ભાયાત્માનંદસ્વામીએ કહ્યું, 'ભલે મહારાજ હું જાઉં.' પછી મહારાજ કહે, 'હું તમને કાગળ લખી દઉં જે આબુની છાયામાં બ્રહ્માનંદસ્વામીનું ખાણ ગામ છે.' ત્યારે સ્વામી કહે, 'આપને જે કહેવું હોય એ મોઢે કહો, કાગળિયું અમારે ભેળું ક્યાં સાચવવું ?'

પછી મહારાજ કહે, 'શંભુદાનજીનો સંદેશો હતો કે આ બાજુ સંતોને મોકલો તો સત્સંગનો લાભ મળે એટલે એમને ત્યાં ખાણ ગામ જવાનું છે ને તેમને અમારા નારાયણ કહેજો. વળી, તમે એ બાજુ ક્યારેય ગયા ન હો એટલે કહો તો ઠામ ઠેકાણું ચિઠ્ઠીમાં લખી આપીએ.'

આમ, મહારાજે બે-ત્રણવાર કહ્યું છતાં સ્વામીએ કહ્યું, 'કાંઈ ચિઠ્ઠી લખી આપવાની જરૂર નથી, આટલું તો યાદ રહેશે. જેમ જારની ખાણ, ધૂડની ખાણ, પથ્થરની ખાણ, એમ આ ખાણ ગામ; એ હવે નહિ ભુલાય.'

બીજે દિવસે ભાયાત્માનંદસ્વામી છ સંતોની સાથે રાજસ્થાન તરફ રવાના થયા. સિદ્ધપુર સુધી ગયા. પછી આગળ ભોજનનું પૂરું થયું નહિ તેથી ચાર સંતો પાછા આ દેશમાં આવ્યા અને ગોવિંદાનંદસ્વામી તથા ભાયાત્માનંદસ્વામી આગળ ચાલ્યા. ચાલતાં ચાલતાં દિશા ભૂલી જવાથી આબુથી આગળ દશ-બાર ગાઉ નીકળી ગયા. પણ પોતાને કાંઈ સ્મૃતિ ન રહી.

પછી એક ગામને પાદર તળાવ આવ્યું ત્યાં વડ નીચે બેઠા. પછી ભાઈસ્વામીએ ગોવિંદસ્વામીને પૂછ્યું, 'આપણે ક્યાં જઈએ છીએ ?' ત્યારે તે કહે, 'મને ખબર નથી કે મહારાજે કયું ગામ કીધું છે.' સ્વામી કહે, 'હું પણ ભૂલી ગયો.' પછી ઘણો વિચાર કર્યો છતાં ક્યાં જવું છે, તે યાદ જ ન આવ્યું. આ દુઃખ કોને કહેવા જાવું ! બધું મહારાજના હાથમાં છે, મહારાજ જેટલી સ્મૃતિ આપે એટલી સ્મૃતિ રહે અને કરાવે એટલું થાય. આ વાત શ્રીકૃષ્ણ ભગવાને ગીતામાં પણ આ રીતે કહી છે જે –

सर्वस्य चाहं हृदि सन्निविष्टो, मत्तः स्मृतिर्ज्ञानमपोहनं च ।

'હું સહુના હૃદયમાં રહેલો છું. અને મારાથી જ બધાને જ્ઞાન, સ્મૃતિ અને વિસ્મૃતિ થાય છે.' માટે હોશિયારી મૂકી શ્રીહરિની મરજીમાં રહેવું, એમાં જ મજા છે.

દોહા : **આ વાત ઘણું શીખવે છે, આપણે થયું છે આમ;**
જાવું છે બ્રહ્મધામે પણ, ભુલાઈ ગયું છે નામ...૧૦૯
આમને આમ રડવડતાં, ગયો અતિશે કાળ;
કોણ જાણે ક્યારે મૂકશે, સ્મૃતિ દીનદયાળ...૧૧૦

જો જો હોય જે કરવાનું, તે ભૂલી ન જવાય;
જાવાનું હોય ક્યાંય ને, નીકળીએ બીજે ક્યાંય...૧૧૧

લખી વિચારી રાખજો, કર્તવ્ય સદા યાદ;
નહિતર કરવાનું રહી જશે, જીવન થશે બરબાદ...૧૧૨

ભલ ભલા ધ્યેય ભૂલ્યા છે, નથી જ રહી ખબર;
ક્યાંયનું ક્યાંય કરી નાખ્યું, તેઓએ ભાન વગર...૧૧૩

મોક્ષ કરવા નીકળ્યા, તે ભૂલવું નહિ 'જ્ઞાન';
લખવું વાંચવું વિચારવું, તો જ રહેશે ભાન...૧૧૪

હું કોણ છું ? અને મારે ક્યાં જવાનું છે ? તે ભુલાઈ ગયું છે તેથી આપણે કરોડો જન્મોથી રખડીએ છીએ. ધન, સ્ત્રી ને પદ-પ્રતિષ્ઠા માટે આથડીએ છીએ. દેહરૂપ થઈ દુનિયામાં ખોટી દોટો દઈએ છીએ. ક્યારે મહારાજ સ્મૃતિ મૂકશે કે, હું આત્મા છું, બ્રહ્મ છું અને અક્ષરધામમાં જવા માટે જ જન્મ્યો છું. આલોકનું નહીં, અક્ષરધામમાં પહોંચાય અને ત્યાં રહેવાય એવું જ મારે પાકું કરવાનું છે, એ જ મારો જીવનધ્યેય છે. જો આવો સાચો ધ્યેય પકડાય તો સુખિયા બહુ થવાય. **ધ્યેયવાન જ મહાન બને છે. ધ્યેયની કચાશ માણસને હતાશ કરે છે.**

ક્યાં જવાનું છે ? તે ભૂલી ગયા તેથી બંને સંતો નિરાશ થઈ વડલા નીચે બેઠા છે ત્યાં બે-ચાર બાવા નીકળ્યા. તેણે કહ્યું, 'સાધુરામ, શું બેઠા છો ? આ બાજુમાં સદાવ્રત અપાય છે ત્યાં ઝટ જાઓ, નહિતર બંધ થઈ જશે તો ભૂખ્યા રહેશો.' તેથી બન્ને સંતોએ જઈને સદાવ્રતમાંથી લોટ લીધો અને વડ નીચે આવી, છાણાં લાવી ચૂલો કર્યો. કોઈ વાસણ હતું નહિ તેથી પાણીગરણામાં લોટ બાંધ્યો. બાટી બનાવી. છાણાં મૂકી અગ્નિ પ્રગટાવ્યો. તેથી ધુમાડો થતાં તે ઝાડ ઉપર ભમરિયું મધ હતું તે ઊડ્યું ને ખીજાઈને પાછળ થયું. તેનાથી બચવા બંને તળાવમાં પડ્યા. હેરાન..હેરાન...થયા. અને લોટ કાગડા-કૂતરા ખાઈ ગયા. આમ સાંજ

પડી ગઈ. એ તો સારું થયું કે ત્યાં તળાવ હતું, નહિ તો શું થાત ?

પછી બંને સંતો ગામના પાદરમાં બેઠા. જ્યાં જવું હતું એ ગામનું નામ ભૂલી જવાથી કાંઈ ઠામ ઠેકાણું ન મળે. ભિક્ષા ન મળવાથી ત્રણ ઉપવાસ થયા. આમ તેમ આંટા મારે પણ સરનામું ભૂલી ગયેલા તેનું દુઃખ કોને કહેવું ? વળી, અમુક મધમાખીઓ કરડી ગઈ હતી...

(ઢાળ : જન્મ્યા ત્યાંથી જરૂર જાણો, મરવાનું છે માથેજી)

ત્રણ દિવસના ઉપવાસીને, ભ્રંમર તણું ઝેર ચડિયુંજી;
વચન તણી મૂરતિ પણ આજ્ઞા, લોપ તણું ફળ જડિયુંજી.
બન્ને સંત વિચાર કરે છે, આપણ ચાલ્યા જ્યારેજી;
ચિઠ્ઠી લઈ જાઓ હરિએ કહ્યું'તું, વેણ પળ્યું નહીં ત્યારેજી.
એ જ દુઃખ આપણને નડિયું, બીજું કાંઈ નવ ધારોજી;
બનવાનું તે બની ગયું પણ, હરિને અખંડ સંભારોજી.
એમ કહીને સ્વામિનારાયણ, અંતરમાં સંભાર્યાજી;
તેહ સમે હરિ વિપ્ર બનીને, ગામથી નીકળ્યા બહારાજી.
ડાબા કરમાં ફાનસ લીધું, જમણે સુખડીની થાળીજી;
કોઈ ભૂખ્યા છો ? એમ બોલતા, આવ્યા ત્યાં વનમાળીજી.

(શ્રીસ્વામિનારાયણ ચરિત્ર રત્નાકર ત.૩૫૩)

સંતોએ શ્રીહરિને સંભાર્યા એટલે તરત જ વિપ્ર વેશે મહારાજ હાથમાં સુખડી તથા ગાંઠિયાની થાળી ભરીને આવ્યા. પછી પૂછ્યું 'મહાપુરુષ ક્યાં રે'વું ?' સ્વામી કહે, 'કાઠિયાવાડમાં.' વળી વિપ્ર કહે, 'ક્યાં જાવું છે ?' બન્ને સંતોનાં મુખમાંથી તેનો જવાબ ન નીકળ્યો. પછી વિપ્ર કહે, 'હે સંતો ! આ સુખડી ખાઈ લ્યો.' આમ કહી વિપ્રે હેતથી તેમને જમાડ્યા. મહારાજની પ્રસાદી જમતા બન્ને સંતોને બોલવાની સાધ આવી. ઝેર ઊતરી ગયું. અંતરમાં શાંતિ થઈ.

પછી બંનેએ વિપ્રની સામે જોઈ વિચાર્યું કે, આ કોણ હશે ? પછી સંતોએ વિપ્રને કહ્યું, 'અમે સ્વામિનારાયણ ભગવાનના સંત છીએ. તેમણે અમને અહીં મોકલ્યા છે, પણ ગામનું નામ અમે ભૂલી ગયા છીએ.' પછી મહારાજ પાસે બેઠા ને કહે, 'હું આ પ્રદેશના ગામનાં નામ બોલું છું. યાદ આવે તો કહેજો, તો ત્યાં પહોંચાડી દઈશ.' પછી મહારાજ એક પછી એક ગામનાં નામ બોલવા લાગ્યા. જ્યાં ખાણ ગામનું નામ લીધું કે તરત સંતોએ કહ્યું, 'હા, અમારે એ જ ગામ જાવું છે.' ત્યારે વિપ્ર કહે, 'એ ગામ તો અહીંથી ત્રીશ કોશ પાછળ રહી ગયું. પરંતુ મારે પ્રભાતે ત્યાં જાવું છે. મારું ગામ ત્યાં નજીક જ છે. માટે સવારે વહેલાં તમને બોલાવવા આવીશ.' ત્યારે...

વિચાર કરીને સંતો બોલ્યા, તમે ગૃહસ્થ કા'વોજી;
કામકાજમાં રખે રોકાઓ, ચિઠ્ઠી આપતા જાઓજી.
સંતોએ અતિ આગ્રહ કરિયો, ચિઠ્ઠી લખાવી લીધીજી;
સંત બેઉ અંતર સુખ પામ્યા, સહાય શ્રીજીએ કીધીજી.

આમ, આપણે કાયમ ભૂલતા રહ્યા અને ભગવાન સદા આપણી મદદ કરતા રહ્યા છે. હવે આપણે આપણી ગાફલાઈ, આળસ અને પ્રમાદ છોડીને જાગવાનો સમય આવી ગયો છે. **જો જાગી જઈએ અને પ્રભુમાં લાગી જઈએ તો મોટું કામ થઈ જાય.** પછી તે રાતે બંને સંતોએ મહારાજનો મહિમા વિચાર્યો અને કહે, 'શ્રીહરિની ઈચ્છાથી જ આ ભૂદેવ આવ્યા. તે આપણું તો મોટું કામ થઈ ગયું.'

ઈત્યાદિક વિચાર કરતાં, વિપ્રરૂપ હરિ આવ્યાજી;
હે સંતો ! તૈયાર થાઓને, એમ કહીને બોલાવ્યાજી.
સંતો ને હરિ ત્યાંથી ચાલ્યા, ગામ નજીકમાં આવ્યુંજી;
હે સંતો ! આ ખાણ ગામ છે, એમ કહીને બતાવ્યુંજી.

સંતોએ ભૂદેવને કહ્યું, 'તમે અમારું બહુ સારું કર્યું. આપનો

ખૂબ ખૂબ આભાર.' આમ કહી બંને સંતો ગામ તરફ ચાલ્યા. પછી પાછું વળી જોયું તો વિપ્રરૂપે આવેલા શ્રીહરિ અદશ્ય થઈ ગયા. બન્ને સંતોને આનંદ થયો, પણ ઓળખાણા નહિ. પછી ખાણ ગામમાં ગયા. શંભુદાન ગઢવીને મળ્યા. તેમણે સારા ઉતારા આપ્યા. ત્રણ મહિના સંતો ત્યાં રોકાણા. શંભુદાન ગઢવીને ખૂબ સત્સંગ કરાવ્યો. આજે પણ ત્યાં સત્સંગ સારો છે. પછી તેમની રજા લઈ ત્યાંથી ચાલ્યા તે ફરતા ફરતા છ મહિને પાછા ગઢપુરમાં આવ્યા.

ઉત્તમના દરબારમાં આવ્યા, સહુ સંતો જે વારેજી;
લિંબ તળે સિંહાસન પર, બેઠા દીઠા હરિ ત્યારેજી.

સભા સંત-હરિભક્તની પણ, ત્યાં જ ભરાણી હતીજી;
તેહ સમે શ્રીહરિને મળવા, સંતોએ કરી ગતિજી.

બંને સંતોને જોયા ત્યાં તો મહારાજ ઢોલિયા ઉપરથી ઊભા થઈ સામા ચાલ્યા ને કહે, 'આ અમારા શૂરવીર સાધુ આવ્યા.' એમ કહી એક હાથ ભાઈસ્વામીને ખભે અને બીજો હાથ ગોવિંદસ્વામીને ખભે મૂક્યો. સંતોને થયું કે, 'આ તો મહારાજ છે. તે આપણી સામા આવે તે બરોબર છે, પણ આપણે વિવેક રાખવો જોઈએ.' એમ માની બંને સંતો શ્રીહરિનાં ચરણોમાં પડ્યા. પછી...

નમન કરીને પુરુષોત્તમને, ચરણોમાં શિર ધરિયાજી;
સમાચાર પૂછે છે ત્યાં તો, જળ લોચનથી ઝરિયાજી.

હરિ કહે સ્વામી તમને કંઈ, દુઃખ તો નો'તું પડિયુંજી;
વળી પરદેશ ઝાડીમાં તમને, વિઘન તો નથી નડિયુંજી.

ત્યારે સ્વામી ધીરા રહીને, બોલ્યા વિનય વચનજી;
અમને દુઃખ તો ઝાડીમાંહી, બહુ પડિયું ભગવનજી.

શ્રીજી કહે મારી ચિઠ્ઠીને, સ્વીકાર નવ કીધીજી;
ઝાડીમાં બ્રાહ્મણની પાસે, કેમ લખાવી લીધીજી.

પછી ભાયાત્માનંદસ્વામી કહે, 'હે મહારાજ ! મારી ભૂલ થઈ. આપે કહ્યું છતાં મેં ગામનું નામ ન લખાવ્યું તેથી દુઃખ આવ્યું. મને માફ કરજો.' પછી મહારાજ રાજી થયા. પણ સ્વામી ઘણીવાર કે'તા જે, 'મેં મહારાજની ક્યારેય આજ્ઞા લોપી નથી, પણ આ મરજી હું જાણી શક્યો નહીં તેથી મારે જ દુઃખ આવ્યું હતું.'

દોહા : **મરજી હરિની જાણવી, એ છે કઠણ કામ;**
જાણીને પછી પાળવી, રાજી કરવા શ્યામ...૧૧૫
આપણે પણ વિચારવું, જીવીએ છીએ કેમ ?
હરિમરજીમાં કે પછી, મનમાં ફાવે તેમ...૧૧૬
મરજી ને મૂર્તિમાં રહેવું, તજી આસક્તિ અહમ્;
તો જ સુખી રહી શકીએ, આપણે દરેક કદમ...૧૧૭

જેને અખંડ મહારાજ અને મોટાની મરજીમાં રહેવાનો આલોચ હશે તેને ક્યારેય માયા કે કામ-ક્રોધાદિક દોષો પીડશે નહીં. જેમ સિંહની ગર્જના થતાં સસલાં નાશી જાય છે, તેમ મહારાજની મરજીમાં રહેનારા ભક્તમાંથી માયાનો ભાવ નીકળી જાય છે. તે બ્રહ્મરૂપ થઈ જાય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ મનનો વિશ્વાસ કર્યો તો દુઃખ આવ્યું' એ નામે બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

અધ્યાય-૩૩

સામર્થ્ય ઢાંકે તે સંત

પૂર્વછાયો : **એકવાર હરિ કુંડળમાં, મામૈયાને દરબાર;**
ઉગમણે મુખે ઓસરીએ, બેઠા'તા સભા મોજાર...૧૧૮
વાલજી આવ્યો ભુજથી, લાવ્યો છે એક કાગળ;
કરી વંદન શ્રીહરિજીને, કાગળ મેલ્યો આગળ...૧૧૯

શ્રીહરિ કુંડળમાં મામૈયા પટગરના દરબારમાં બેઠા હતા. ત્યાં ભુજથી વાલજી સુતાર આવ્યા. મહારાજને વંદન કરી એક પત્ર આપ્યો.

એટલે મહારાજ તે કાગળ વાંચવા મંડ્યા. ત્યારે વાલજીએ કહ્યું, 'એકાંતે જઈને વાંચો તો ઠીક.' તેથી મહારાજે ઢોલિયેથી ઊતરી એકાંતે જઈ વાંચી કાગળ ફાડી નાખ્યો. પછી પાછા આવી ભાઈસ્વામી સામે જોઈને કહ્યું, 'તમે રવજી સુતારને ઓળખો છો ? તે કાનાતળાવ ગામના છે. રામાનંદસ્વામી વખતના સત્સંગી છે. સમાધિનિષ્ઠ અને બાળબ્રહ્મચારી છે. અમારી કૃપાથી સમાધિમાં સ્વતંત્રપણું પામ્યા છે. પણ અમારાં વચનનો લોપ કર્યો છે તેથી ભુજથી સુંદરજીભાઈએ તેનો આ કાગળ મોકલ્યો.' ત્યારે સ્વામી કહે, 'હા, નામ સાંભળ્યું છે. તે સારા ભગત છે.'

પછી મહારાજે કહ્યું, **'એ તો પ્રભુ થયો છે. જૂઓને જીવનો સ્વભાવ કેવો છે ? જેને પ્રતાપે એ ધામ પમાય છે તેને તો વિસારી મેલે છે, ને પોતે ધામી થઈને બેસે છે.'** એમ કહીને હોઠ ભીંસીને થોટ ઉપાડીને સ્વામીને કહ્યું જે, "તમે ભુજ જાઓ ને એને બે થોટ મેલજો ને એમ કહેજો જે, **'તું કોઈકની નાડી તાણ કાં હું કોઈકની નાડી તાણું અને કાં તું કોઈકને બ્રહ્મમહોલમાં તેડી જા, નહિ તો હું તેડી જાઉં છું."**

આ રવજી સુતારને મહારાજે ઐશ્વર્ય આપ્યું હતું, પરંતુ સ્ત્રી સાથે ન બોલવું, પાકો થાળ ન જમવો, ઢુંઢિયાના હૃદયમાં પ્રવેશ ન કરવો; આ નિયમો આપ્યા હતા. તે નિયમો તોડી રવજી છકી ગયો અને આ બધું પોતાનું જ સામર્થ્ય માનવા લાગ્યો ને મહારાજને ભૂલી ગયો તેથી શ્રીહરિ ગરમ થયા.

પછી મહારાજે દૃષ્ટાંત દઈને વાત કરી જે, 'એક લીમડો ઘૂંટીને તાંસળી ભરી હોય અને બીજી સાકર ઘોળીને તાંસળી ભરી હોય એમાં કયું પાણી સારું ?' પછી એ વાત સમજવા સારુ દસવાર ફરી ફરીને કરી. ત્યારે સહુએ કહ્યું જે, 'સાકર ગળી.' પછી મહારાજે કહ્યું જે, **'રોગીને લીમડો ગુણ કરે ને રોગ ગયા કેડ્યે સાકર ગુણ કરે. તેમ અમારાં વચન લીમડા જેવાં કડવાં લાગે છે પણ મન, કર્મ, વચને**

કરીને જે દિવસ માનશે તે દિવસે જીવના વાસના ને જન્મ-મરણરૂપી રોગ નાશ પામશે ને જીવ સુખિયો થાશે.'

વળી બીજું દૃષ્ટાંત દીધું જે, 'જેમ બાદશાહ ઓરડામાં બેઠો હોય ને તેની પછીત કાચની હોય. પછી તે બાદશાહ જેમ બેઠો હોય તેવું ને તેવું તેનું પ્રતિબિંબ કાચમાં દેખાય. ત્યારે બાદશાહને સલામ કરવા આવે તે પ્રતિબિંબને સલામ કરે, ત્યારે બાદશાહને કેવું સારું લાગે ?' ત્યારે સહુએ કહ્યું જે, 'કાંઈ સારું ન લાગે.' પછી મહારાજ બોલ્યા જે, 'સારું શું લાગે ? તેને તો તત્કાળ તોપને મોઢે બાંધે. કાં જે હું સાક્ષાત્કાર બેઠો છું ને મારા ઓછાયાને પગે લાગે છે ? તેમ **જીવ સમાધિમાં કાંઈક ચમત્કાર જેવું દેખે છે ત્યારે ત્યાં મોહ પામી જાય છે, પણ એમ નથી જાણતો જે મુને સમાધિ કરાવે છે તેના હાથમાં અનંત ચમત્કાર રહ્યા છે.'**

આમ નાના જીવને થોડુંક મળે ત્યાં છકી જાય છે. અને હજારો લોકો માનતા-પૂજતા હોય છતાં જે નમ્ર બનીને રહેતા હોય, અહંશૂન્ય થઈને રહેતા હોય, સહુ કહે તેમ કરતા હોય તો સમજી લેવું કે એ તો ગોપાળાનંદસ્વામી કે ભાયાત્માનંદસ્વામી જેવા કોઈ મુક્ત હશે. કેમ જે, **મુક્તને માન પચે, માણસને ન પચે.**

પછી આત્માનંદસ્વામીને કહ્યું જે, 'તમે ભુજ જાઓ અને રવજીને અહીં મોકલજો. અને અહીં ન આવે તો તે સત્સંગમાં નહીં.' આમ કહ્યું. અને મહારાજે કુંડળમાં થોટ ઉપાડી ત્યારથી ત્યાં ભુજમાં તેની સમાધિ ટળી ગઈ અને મોર્ય હતો તેવો પણ ન રહ્યો. **પછી ગોપાળાનંદસ્વામી બોલ્યા જે, 'હે મહારાજ ! તમોએ અહીંયાં થોટ મારી તે તેને ત્યાં વાગી છે. ને ત્યાં તેની સમાધિ તૂટી ગઈ છે, છતાં ભાઈસ્વામીને મોકલવા હોય તો મોકલો.'** પછી શ્રીહરિએ સ્વામીને ભુજ જતા અટકાવ્યા.

(સંદર્ભ : સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાત.૬૯-૭૦)

દોહા : ઐશ્વર્યનો તો અપચો, ભલભલાને થાય;
માટે પ્રગટ પ્રભુ પાસે, ઐશ્વર્ય ન મંગાય...૧૨૦
દાસના દાસ થઈ જીવવું, સહુ જનોની જેમ;
એમાં હરિ રાજી જ છે, માટે વર્તવું એમ...૧૨૧
સ્વતંત્ર કદી થાવું નહીં, પામી હરિનો પ્રતાપ;
અતિ ઘણા ઐશ્વર્ય મળે, છતાં દાસ રે'વું આપ...૧૨૨

જે જેટલો દાસ થશે તેટલો તેમાં પ્રભુનો વાસ થશે. અને પ્રભુનો વાસ થશે એટલું અહં નાશ થશે. ભગવાન શરણાગતપાલક છે. માટે એક મહારાજ તરફ નજર રાખી નિર્માની થઈને રહેવું. સહુમાં ભગવાન જોવા. જેટલું અહં ઓગળશે એટલા પ્રભુ દેખાશે. અને સંપૂર્ણ અહં છૂટશે ત્યારે અખંડ ભગવાનની અનુભૂતિ રહેશે.

જો આપણે સત્સંગમાં દાસના દાસ થઈને રહેશું તો જેમ સર્જન ડૉક્ટર ક્લોરોફોર્મ આપી માણસને ખબર ન પડે એમ તેના શરીરમાં રહેલી ગાંઠ ઓપરેશન કરીને કાઢી નાખે છે, તેમ સહુના સર્જનહાર શ્રીહરિ પણ આપણી કામ, ક્રોધ અને માનાદિકની ગાંઠ ખબર નહિ પડે તેમ કાઢી નાખશે, શુદ્ધ કરી દેશે. માટે સેવકના સેવક બનીને જીવવું અને સદા આનંદમાં રહેવું. **દાસને કોઈ દુઃખ હોતા નથી. દાસ કદી ઉદાસ હોતો નથી. અહં જ અનેક ભૂલો કરાવે છે અને દુઃખ આપે છે. દાસપણું એ જ સાચી મોટાઈ છે.** ભાયાત્માનંદ સ્વામી વગેરે સંતોમાં દાસપણારૂપી મોટાઈ હતી એટલે તેમને ક્યારેય માન-સન્માન કે ઐશ્વર્યનો અપચો થતો નહીં.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામી સમર્થ હોવા છતાં છલકાયા નહિ' એ નામે તેંત્રીશમો અધ્યાય થયો. ॥૩૩॥

અધ્યાય-૩૪

શ્રીહરિએ સ્વામીને સદ્ગુરુ બનાવ્યા

પૂર્વછાયો : **ભાયાત્માનંદ સ્વામીને, સદ્ગુરુ કર્યા શ્રીહરિએ;**
મોટપ આપી એવી મોટી તોય, ફુલાણા નહિ જરીએ...૧૨૩
ઐશ્વર્ય માન મોટપ મળે, તો બહેકી જાય છે જન;
હરિના ગુણ પચાવવા તે, કામ છે ઘણું કઠણ...૧૨૪

સં.૧૮૭૬માં મહારાજે આદરજમાં મોટો અન્નકૂટ ઉત્સવ કર્યો. ત્યાં બ્રહ્માનંદસ્વામી, નિત્યાનંદસ્વામી, ચૈતન્યાનંદસ્વામી ને મુક્તાનંદ સ્વામી; આ ચાર સદ્ગુરુ સ્થાપ્યા. પછી મહારાજ અમદાવાદ, અશ્લાલી થઈ જેતલપુર પધાર્યા. દેવ સરોવરને કાંઠે મોટી સભા કરી. ત્યાં પ્રાંતિજના તુલજારામ શ્રીહરિને પગે લાગ્યા. ત્યારે મહારાજે તેને પૂછ્યું, 'તું કોણ ?' ત્યારે તે કહે, 'હું આત્મા છું.' મહારાજે બે-ત્રણવાર પૂછ્યું. છતાં તેનો તે જ ઉત્તર આપ્યો. એટલે મહારાજ કહે, 'પ્રાંતિજનો ઘાયજો છો અને કહે છો કે હું આત્મા છું.' ત્યારે તે કહે, 'એ તો દેહ છે અને હું તો બ્રહ્મ છું, આત્મા છું.' એટલે મહારાજ કહે, 'આત્મા કપાય નહીં. માટે અહીં માથું મૂક.' ત્યારે તેણે શ્રીહરિના પલંગની કોરે માથું મૂક્યું.

પછી મહારાજે તેની ડોકે તલવાર અડાડી કહ્યું, 'કહે હું દેહ છું, નહિ તો કાપી નાખીશ.' છતાં તે કહે, 'હું તો આત્મા જ છું. કપાય તો દેહ કપાશે.' આવી તેની આત્મનિષ્ઠા જોઈ મહારાજ અતિ રાજી થયા. ને પૂછ્યું, 'આવું જ્ઞાન કોની પાસેથી શીખ્યા છો ?' ત્યારે તે કહે, 'આ સંતો પાસેથી શીખ્યો છું.'

ત્યાં અમદાવાદનો માળી મહારાજનું પૂજન કરવા હાર લાવ્યો અને મહારાજનું પૂજન કર્યું. પછી મહારાજ કહે, 'આ તુલજારામ જેવા જે હોય તે આવો, તેને હાર પહેરાવીએ.' ત્યારે સભામાંથી ઘણા ભક્તો

આવ્યા. જે આવે તેને મહારાજ એક હાર પે'રાવે કે તરત બીજો હાર કંઠમાં આવી જાય. આમ, મહારાજે બધા ભક્તોને હાર પહેરાવ્યા. આવું ઐશ્વર્ય જોઈ સહુ રાજી થયા. પછી મહારાજ કહે, 'સદ્‌ગુરુઓ થકી આવું જ્ઞાન પમાય છે. માટે આપણે થોડા સદ્‌ગુરુઓ વધારવા છે.' એમ કહી નવા આઠ સદ્‌ગુરુઓ ત્યાં બનાવ્યા.

આનંદાદિક સંત જે બાર, ઠરાવ્યા સદગુરુ તેહ ઠાર;
તેમાં પ્રથમ કર્યા હતા ચાર, બીજા આઠ કર્યા એહ વાર.
આત્માનંદ જે ભાઈ કહાવે, સ્વયંપ્રકાશાનંદ સુહાવે;
તથા મા'નુભાવાનંદસ્વામી, એહ આદિ પૂરા નિષકામી.
સર્વ જનને કહે સુખકારી, જેમ પૂજા કરો છો અમારી;
વળી આજ્ઞાઓ માનો છો જેમ, સદ્‌ગુરુઓને સેવજો તેમ.
જેમ વિશ્વમાં કરવા પ્રકાશ, રવિ બાર કર્યા છે આકાશ;
તેમ પાડવા જ્ઞાનનું તેજ, કર્યા બાર આ સદ્‌ગુરુ એ જ.

(સંદર્ભ : શ્રીહરિલીલામૃત : ૭/૭૫; હ.ચ.સા.૧૮/૩૦-૩૨)

પછી મહારાજે સહુ સદ્‌ગુરુઓને પલંગ ઉપર બેસાડ્યા. ત્યાર બાદ હરિભક્તોને કહ્યું, **'આજથી સર્વે સત્સંગની જવાબદારી આ સદ્‌ગુરુઓને અમે સોંપીએ છીએ. માટે અમારી પેઠે આ સદ્‌ગુરુઓને તમારે સર્વેએ માનવા. આ સદ્‌ગુરુઓ સત્સંગના સ્તંભ સમાન છે માટે તેમની આજ્ઞામાં સહુ વર્તજો. ને જેમ અમારી પૂજા કરો છો તેમ તેમની પણ પૂજા કરજો. ને અમારી સેવા કરો છો તેમ તેમની સેવા કરજો. આ સંતો ભવસાગર તરવાના વહાણરૂપ છે. અનંતકોટી બ્રહ્માંડમાં આવા કોઈ સંત નથી.'**

એમ કહી શ્રીહરિએ સદ્‌ગુરુઓને રેશમી કોરની ધોતી ઓઢાડી, ભાલમાં ચંદનની અર્ચા કરી ચાંદલો કર્યો. ફૂલના હાર, બાજુબંધ તથા પોંચી પહેરાવ્યાં. શ્રીફળ અને સાકરના થાળ અર્પણ કર્યા. અને પોતે

દંડવત કરી પગે લાગ્યા. પછી સહુ સંતો-ભક્તો પાસે પણ એ પ્રમાણે પૂજા કરાવીને અતિ પ્રસન્ન થયા. આમ, ભરસભામાં શ્રીહરિએ અનેક વાર તેમની ઉપર પ્રસન્ન થઈ સંપ્રદાયના અગ્રગણ્ય સંત તરીકે સ્થાપ્યા હતા છતાં તેઓ નિર્માનીપણે રહ્યા. અને રવજી સુતારને થોડુંક મળ્યું ત્યાં છલકી ગયા. આપણું કેમ ? તપાસવું.

ભગવાનને અતિશય પ્રસન્ન કરવાના ઉપાય બતાવતા શ્રીહરિએ વચનામૃત ગ.મ.૨૫માં કહ્યું છે કે, 'જ્યારે ઘરમાં એક મણ અન્ન મળતું હોય ને ત્યારે જેવી સંતની ઉપર પ્રીતિ હોય ને જેવું દીનપણું હોય, અને પછી તેને એક ગામનું રાજ્ય આવે અથવા પાંચ ગામનું રાજ્ય આવે અથવા પચાસ ગામનું રાજ્ય આવે અથવા સો ગામનું રાજ્ય આવે અથવા સર્વે પૃથ્વીનું રાજ્ય આવે તોપણ સંતની આગળ જેવો કંગાળ હતો ને દીન-આધીન રહેતો તેવો ને તેવો જ પ્રીતિએ યુક્ત થકો દીન-આધીન રહે. તેમજ ઈન્દ્રલોક તથા બ્રહ્મલોકનું રાજ્ય પામે તોપણ સંતની આગળ તેવો ને તેવો જ દીન-આધીન રહે.

અને ત્યાગી હોય ને તે જેવો પ્રથમ ગરીબ હોય અને જેમ સૌ સંતની ટેલ-ચાકરી કરતો હોય, તેવી ને તેવી જ પોતામાં ભગવાનના જેવાં ઐશ્વર્ય આવે તોપણ કરતો રહે, પણ સાધુ સાથે પિતરાઈદાવો બાંધે નહિ ને બરોબરિયાપણું કરે નહિ; એવાં જેનાં લક્ષણ હોય તેની ઉપર ભગવાન અતિ પ્રસન્ન થાય છે.' બહુ સમજણની પક્વતા હોય ત્યારે આવા ગુણો આવે છે. શ્રીહરિ તથા સંતોનાં ચરણોમાં પ્રાર્થના કરીએ કે, દયા કરી અમને આવા ગુણો આપજો.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ જેતલપુરમાં સ્વામીને સદ્ગુરુ બનાવ્યા' એ નામે ચોંત્રીશમો અધ્યાય થયો. ॥૩૪॥

અધ્યાય-૩૫

મહિમારૂપી મંગલાચરણ તથા બીજ ભેળો જ જીવ

દોહા : મૂર્તિ આંનદ આપણો, મૂર્તિ સર્વનો આધાર;
મૂર્તિ છે મોક્ષદાયીની, મૂર્તિમાં કરવો પ્યાર...૧૨૫
મૂર્તિ અખંડ સંભારવી, મૂર્તિના કરો વિચાર;
મૂર્તિને પળ ન ભૂલવી, મૂર્તિ છે સુખાકાર...૧૨૬
મૂર્તિનાં દર્શન દોયલાં, મૂર્તિ સર્વનું કારણ;
મૂર્તિ રહે ચિદાકાશમાં, મૂર્તિનું ત્યાં વિચરણ...૧૨૭
મૂર્તિ મુક્ત જોઈ રહ્યા, મૂર્તિનું ભોગવે સુખ;
મૂર્તિ મંદમંદ હસે છે, મૂર્તિ છે હસમુખ...૧૨૮
મૂર્તિ મળે તે જ મોક્ષ છે, મૂર્તિ શાંતિ અપાર;
મૂર્તિને મળવા મંડી પડો, મૂર્તિમાં કરવો પ્યાર...૧૨૯
મૂર્તિ મૂર્તિ કર્યા કરો, મૂર્તિ રાખોને ઉર;
મૂર્તિ પળ નવ ભૂલશો, મૂર્તિથી રહો ભરપૂર...૧૩૦
મૂર્તિ સદા સંભારતાં, મૂર્તિમય આત્માનંદ;
મૂર્તિ મનમાં ધારણ કરી, કથા લખું સુખકંદ...૧૩૧

સર્વેનું કારણ શ્રીહરિની મૂર્તિ છે. મૂર્તિ સિવાયનું અનંતકોટિ બ્રહ્માંડમાં જે કાંઈ દેખાય છે, તે બધું કાર્ય છે. જે સર્વના કારણ એવી શ્રીહરિની મૂર્તિને પકડી રાખે તેનું વજ્ર જેવું કારણ શરીર નાશ પામે છે. અને તે આત્મા ચૈતન્યની મૂર્તિ બની શ્રીહરિના મહાઆનંદમાં ઝૂલતો થાય છે. જેમ ચિંતામણિ કોઈની પાસે હોય, તે જે સંકલ્પ કરે તે બધું થાય છે. કેમ જે, ચિંતામણિનો ગુણ જ એવો છે. ચિંતામણિમાંથી સર્વે થાય છે, તેથી તે કારણ છે અને બીજું તેમાંથી થયેલું છે તે તેનું કાર્ય છે. તેમ મહારાજની મૂર્તિરૂપી ચિંતામણિ સર્વનું કારણ છે. માટે જે મૂર્તિ રાખે છે, તેને બધું જ રહે છે.

સર્વોપરી શ્રીહરિની આવી અલૌકિક મૂર્તિને જે અખંડ સંભારે છે, તેના સર્વે મનોરથો સિદ્ધ થાય છે અને મૂર્તિને ભૂલી જાય તેનું છેવટે બધું જ જતું રહે છે. જે મૂર્તિ સંભારે છે, તે તો દેવોનો દેવ અને ઈશ્વરોનો પણ ઈશ્વર બની શકે એવો મહાન થાય છે. જો મૂર્તિ રહી તો બધું જ રહ્યું સમજો. કેમ જે, મૂર્તિનો મહિમા અપાર છે. આવી મૂર્તિને ભાયાત્માનંદસ્વામી અખંડ સંભારતા હતા. તે મરજી અને મૂર્તિમય સંત હતા.

જેને આવા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનો આશરો છે, જે તેમનું નામ જપે છે, ધ્યાન કરે છે, વળી તેમના સંતો-ભક્તોની શ્રદ્ધાથી સેવા કરી રાજીપો મેળવે છે; મન-કર્મ-વચને સત્સંગ કરે છે; તેનો બેડો પાર થઈ જાય છે; તેને કાંઈ કરવાનું બાકી રહેતું નથી. માટે સ્નેહથી મૂર્તિને અંતરમાં સંભારવી. અહં અને આસક્તિ છોડી શ્રદ્ધાથી સંતસમાગમ કરવો તો બહુ સુખ આવે.

❊ બીજ ભેળો જ જીવ :

શ્રીહરિ એકવાર કચ્છ દેશમાં પુનડી ગામમાં પરમહંસો સાથે ગયા. પ્રભુજી અને પરમહંસોનાં પગલાંથી ઈતિહાસમાં આ ગામ અમર બની ગયું. મહારાજ આ પુનડી ગામમાં એક સુતારને ઘેર ઊતર્યા. બાજુમાં પરમહંસો ઊતર્યા. ત્યાં જ આત્માનંદસ્વામી આવ્યા. પછી ચિદ્રૂપાનંદસ્વામીએ આત્માનંદસ્વામીને પૂછ્યું, 'ભાગવતમાં કહ્યું છે જે, જીવ ગર્ભમાં પાંચ મહિને આવે છે તે કેમ સમજવું ?' ચિદ્રૂપાનંદસ્વામીના મનમાં શંકા છે કે, 'પાંચ મહિને ગર્ભમાં આકાર બંધાય ત્યાં સુધી તેમાં જીવ જ ન હતો તો પાંચમે મહિને કેમ પ્રવેશ કરતો હશે ?' આ પ્રશ્નની ચર્ચા થતી હતી.

ત્યાં બાઈઓએ કહ્યું, 'રસોઈની આજ્ઞા કરો.' ત્યારે મહારાજ કહે, 'બાજરાના રોટલા અને મગની દાળ કરો તો જમીએ.' પછી

બાઈઓએ કહ્યું જે, 'સારું મહારાજ.' પછી રોટલા ને દાળ કર્યાં. તૈયાર થયા એટલે સમાચાર આવ્યા. તેથી મહારાજ ને સાધુ જમવા પધાર્યા. જમ્યા બાદ પાછા મહારાજ ઢોલિયા ઉપર આવીને બેઠા. અને વાત કરી જે, "આજ તો અમે વડ તળે બેઠા ને આકાશ સામું જોયું; તો આકાશમાં એકલો જીવ ભર્યો છે. **જેમ તળાવમાં ગારો હોય, તેમાં ડોબા બેસે ત્યારે માગ થાય અને ઊઠે ત્યારે ગારો ભેળો થઈ જાય; એમ નકરા જીવ આકાશમાં ભર્યા છે.** તે કોઈ માણસ ચાલે ત્યારે જીવ આઘા-પાછા થાય છે. આમ જીવ વિનાની કોઈ જગ્યા નથી, એટલા જીવો છે. *(સંદર્ભ : સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાત.૧૦૫)*

દોહા : **જીવનો પાર જ નથી, જીવ તો છે અપાર;**
એ માંહીલા આપણે, ભર્યો જેથી સંસાર...૧૩૨
એમાંથી નંબર આપણો, લાગી ગયો છે આજ;
પસંદ કર્યા છે હરિએ, કલ્યાણ કરવા કાજ...૧૩૩

શ્રીહરિએ પુનડી ગામમાં જે વાત કરી તેના ઉપર હું કહું છું કે, આટલા બધા જીવો છે. તે માંહેલા આપણે એક છીએ. અસંખ્ય જીવોને હજી ભગવાનનું, મોક્ષનું, પોતાના જીવનું કે સત્સંગનું કોઈ જ્ઞાન નથી. મહારાજે આપણી ઉપર કૃપા કરી મનુષ્યજન્મ આપ્યો, રૂડા સાધુનો સમાગમ આપ્યો, આ સત્સંગ આપ્યો, સાચી સમજણ આપી અને પોતાની ઓળખાણ આપી આપણને કલ્યાણ કરવા માટે પસંદ કર્યા અને કલ્યાણને યોગ્ય જ્ઞાન આપ્યું. માટે અનંત બ્રહ્માંડમાં આપણા જેવો કોઈ ભાગ્યશાળી નથી.

આજ મહારાજે દયા કરી મોક્ષ થાય એવો આપણો નંબર લગાડ્યો છે. માટે આ સત્સંગ છોડીને ક્યાંય જાવું નહીં. કોઈનો અભાવ-અવગુણ લેતા નહીં. અનંત જન્મનાં પુણ્ય ઉદય થયા ત્યારે શ્રીહરિની નિશ્રામાં, આ સભામાં બેસાય છે. આ ભજન, ભક્તિ અને સત્સંગનો લાભ મળે

છે. આવા મહારાજના સર્વોત્તમ જ્ઞાનનો લાભ મળે છે. આવો કલ્યાણ કરવાનો આજ રૂડો અવસર છે, મોકો છે. માટે **ભગવાનને સંભારી લેવા. તેમના સંતો-ભક્તોને રાજી કરી લેવા. સ્ત્રી, ધન, કુટુંબ, દેહ કે પંચવિષય આપણને ભગવાન ભુલાવી ન શકે એવા બળિયા થઈ જાવું. કલ્યાણનું કામ પ્રથમ નંબરે કરી લેવું.**

હવે શ્રીહરિ સરસ વાત કરે છે કે, “કોઈક કહે જે જીવ પાંચમે મહિને ઉદરમાં આવે છે, તે વાત ખોટી છે. એ તો બીજ ભેળો જીવનો પ્રવેશ છે એમ સમજવું.” એવી રીતે મહારાજે વાત કરી. તે આત્માનંદસ્વામીને પૂછવાનો સંકલ્પ હતો તેનો મહારાજે અંતરજામીપણે ઉત્તર કરી દેખાડ્યો.

દોહા : **અંતર્યામીએ અંતરની, જાણીને કર્યો ઉત્તર;**
સાંભળી આત્માનંદનું, આનંદ પામ્યું અંતર...૧૩૪

શ્રીહરિ વચ.ગ.મ.૩૦માં કહે છે કે, “શ્રીમદ્ભાગવત આદિક જે સત્શાસ્ત્ર તે સત્ય છે અને એ શાસ્ત્રમાં જે કહ્યું હોય તે તેવી જ રીતે થાય છે, પણ બીજી રીતે થતું નથી. જૂઓને, શ્રીમદ્ભાગવતમાં સુવર્ણને વિશે કળિનો નિવાસ કહ્યો છે, તો તે સુવર્ણ અમને દીઠું પણ ગમતું નથી. અને જેવું બંધનકારી સુવર્ણ છે તેવું જ બંધનકારી રૂપ પણ છે.” અહીં...

દોહા : **ભાગવત આદિક શાસ્ત્રને, સત્ય કહે મહારાજ;**
વળી તેમાં કહેલાને, ખોટું કહે છે આજ...૧૩૫

શ્રીહરિ વચ.ગ.અં.૩૬માં કહે છે, **“ભગવાનની મૂર્તિની જે ઉપાસના ને ધ્યાન તે વિના જે આત્માને દેખવો ને બ્રહ્મને દેખવું તે તો થાય જ નહિ** ને ઉપાસનાએ કરીને જ આત્મા દેખાય, બ્રહ્મ દેખાય છે...અને નિર્બીજ એવા જે સાંખ્ય ને યોગ તેણે કરીને જે આત્માનું દર્શન શાસ્ત્રમાં કહ્યું છે તે ભલે કહ્યું છે, પણ અમે એવો કોઈ દીઠો નથી ને અનુભવમાં પણ એ વાર્તા મળતી આવતી નથી. માટે એ વાર્તા

ખોટી છે." તો આવી રીતે એક જ શાસ્ત્રમાં પરસ્પર વાક્યવિરોધ જે આવ્યો તેનું કેમ સમજવું ? તે આગલા અધ્યાયમાં જોઈએ.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'મહિમારૂપી મંગલાચરણ તથા બીજ ભેળો જ જીવ આવે છે' એ નામે પાંત્રીશમો અધ્યાય થયો. ॥૩૫॥

અધ્યાય-૩૬

વચનની મહત્તા તથા મરેલો જીવતાને ઢસડી જાય

એક જગ્યાએ શ્રીહરિ શાસ્ત્રની વાત સત્ય કહે છે અને એક જગ્યાએ ખોટી છે એમ કહે છે, તેનું કેમ સમજવું ? તો **જ્યારે ભગવાન ધરતી ઉપર પ્રગટ હોય ત્યારે તે જે બોલે તે જ શાસ્ત્ર અને તે જે બોલે તે જ સત્ય છે, એમ સમજવું.** અને ભગવાન ધરતી ઉપર ન હોય ત્યારે મોટા પુરુષો શાસ્ત્રમાંથી જે અર્થ કાઢીને બતાવે, તે સત્ય છે; એમ સમજે તેને કલ્યાણના માર્ગમાં કોઈ દિવસ ભૂલ ન થાય. પણ જે પોતાની રીતે ડહાપણ ડોળવા જાય તેને તો અથડામણ ઊભી જ રહેવાની.

દોહા : **માટે શાસ્ત્ર તે શાસ્ત્ર છે, ભગવાન છે ભગવાન;**
એ વાત જેમ છે એમ, જાણે કોઈ કૃપાવાન...૧૩૬

પ્રગટ ભગવાન કહે ત્યારે, શાસ્ત્ર જોવા ન જવાય;
કાં તો પ્રગટ મહા સંતથી, શાસ્ત્ર સરખું સમજાય...૧૩૭

લખાણ કરતાં લખનારા, ઘણા શ્રેષ્ઠ ગણાય;
લખનારા મળી જાય તો, લખાણ ગૌણ મનાય...૧૩૮

લખાણથી લખનારાને, મોટા માનો સદાય;
લખનારા કહે તેમ કરવું, તે જ હિતકારી ગણાય...૧૩૯

માટે શ્રીહરિએ કહ્યું તે સોળવલા સોના જેવું છે. કેમ જે, તે સર્વોપરી ભગવાન છે, અને પુરુષોત્તમનાં વચનને કોઈ પ્રમાણની જરૂર નથી. એ સ્વતઃ પ્રમાણભૂત છે. માટે માની લેવું. એવી જ રીતે પુરુષોત્તમનારાયણનાં

મહામુક્તો ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી જેવા કાંઈક વાત કરે તે પણ આપણા માટે સ્વતઃ પ્રમાણભૂત છે. કદાચ કોઈક શાસ્ત્રો સાથે તે વાત ન મળતી હોય તોપણ પુરુષોત્તમનારાયણને તે વાત માન્ય હોવાથી તે પ્રમાણભૂત જ ગણાય. કેમ જે, વડતાલમાં સંતોની ધર્મશાળામાં ૨૭ ઉપવાસને અંતે ગોપાળાનંદસ્વામીને દર્શન દઈને શ્રીહરિએ કહ્યું કે, 'જ્યાં સુધી અમારું પુરુષોત્તમપણું નહિ પ્રવર્તાવો ત્યાં સુધી અમે તમને ધામમાં નહિ લઈ જઈએ.' પછી ગોપાળાનંદસ્વામી જેમ છે તેમ મહારાજના મહિમાની અને સર્વોપરીપણાની વાતો કરવા માંડ્યા. અને ગુણાતીતાનંદસ્વામીએ પણ શ્રીહરિના કહેવાથી મહારાજને જેમ છે તેમ સર્વોપરીપણે ગાયા.

આ બંને મહાપુરુષોએ કરેલી વાતોના ગ્રંથો સગી માના ધાવણ જેવા છે. તેને ધાવી ધાવીને બહુ જીવ બળિયા થયા છે. આ ગ્રંથો વાંચ્યા-સાંભળ્યા વગર જીવમાં માયા તરવાની તાકાત આવવી અઘરી છે. માટે બીજા માને કે ન માને પણ આપણે તો શ્રીહરિને જેમ છે તેમ સર્વોપરી માનવા. અને તે સંતોએ જે કહ્યું તેને પરમ પ્રમાણભૂત માનવું.

❊ મરેલો જીવતાને ઢસડી જાય :

કચ્છ દેશમાં રામપર ગામમાં મહારાજે ભાગવતની પારાયણ કરાવી હતી. ત્યાં સૌ સંતો પહોંચ્યા હતા, પણ ભાયાત્માનંદસ્વામી જઈ શક્યા ન હતા. પછી જ્યારે સ્વામી મહારાજ ભેળા થયા ત્યારે મહારાજે કહ્યું જે, "સ્વામી ! અમે પારાયણ કરાવી ત્યાં તમે આવી શક્યા નહીં ?" તે સાંભળી સ્વામી બોલ્યા જે, 'હા, મારાથી ત્યાં પહોંચાણું નહીં. માટે તેનું રહસ્ય હોય તે કહો.' પછી શ્રીજીમહારાજ બોલ્યા જે,

દોહા : **મરેલ મકોડો જીવતાને, જૂઓને તાણી જાય;**
જડ માયા આ જીવને, પરાણે ઢસડી જાય...૧૪૦
એક કોર માયાનું ટોળું, બીજી તરફ છે જીવ;
જીવને ભગવાન ભજવા, પણ માયાનું બળ અતિવ...૧૪૧

માયા જડ અને જીવ ચેતન છે, છતાં મરેલો મકોડો જીવતા ચેતનને ઢસડી જાય છે. અર્થાત્ વ્યસન, ફેશન, પંચવિષયની આસક્તિ, કામ, ક્રોધાદિક દોષો જડ માયાજન્ય છે. તે આત્માને પરમાત્મામાં જોડાવા દેતા નથી. **માયાનું બળ એવું જબરું છે કે તે જીવને ભગવાન સન્મુખ થાવા દેતી નથી અને માયારૂપ કરી નાંખે છે. દેહ, ઈન્દ્રિયો અને વિષયરૂપ કરી મૂકે છે. માટે જીવ બ્રહ્મરૂપ થઈને ભગવાનનાં શરણને પામે તો માયા તરે; એ સિદ્ધાંત વાત છે.'** આમ મહારાજે માયા તરવાનો સુગમ ઉપાય કહ્યો. અને ગુણાતીતાનંદસ્વામી કહેતા, "કોટિ કલ્પ થયા જીવે વિષય ભોગવ્યા છે તેનો પાસ લાગ્યો છે. તેને ટાળવાનું કારણ શિક્ષાપત્રીમાં મહારાજે કહ્યું છે,

निजात्मानं ब्रह्मरूपं, देहत्रय विलक्षणम् ।
विभाव्य तेन कर्तव्या, भक्तिः कृष्णस्य सर्वदा ।।

તે કથા કરે, કીર્તન કરે ને વાતું કરે પણ 'આ દેહ હું નહિ.' એમ માને નહીં. માટે આઠ પહોર ભજન કરવું જે, **હું દેહ નહિ ને દેહમાં રહ્યો એવો જે હું, તે આત્મા છું, બ્રહ્મ છું, અક્ષર છું ને મારે વિષે પરમાત્મા પરબ્રહ્મ પુરુષોત્તમ પ્રગટ પ્રમાણ અખંડ રહ્યા છે. તે કેવા છે ? તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણના કારણ છે, ને સર્વ થકી પર છે; તે પ્રગટ પ્રમાણ આ મને મળ્યા છે."** માટે અખંડ મંત્રજાપ જપ્યા કરવા, હરિનામની રટના લગાડી દેવી અને વિચારોથી જે દેહભાવ ઉડાડે અને મન મૂર્તિમાં લગાડે તો તેને માયા ટળતા વાર ન લાગે. માટે આ વ્યવસ્થિત પાયાવાળું જ્ઞાન છે. આ વાતમાં સાંખ્ય ને યોગ બેય આવી જાય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'વચનની મહત્તા તથા મરેલો જીવતાને ઢસડી જાય તે વાત કહી' એ નામે છત્રીશમો અધ્યાય થયો. ॥૩૬॥

અધ્યાય-૩૭

અસરકારક ઉપદેશ

ભાયાત્માનંદસ્વામી પણ આવી અસરકારક અને બળભરી વાતો સહુને કરતા હતા. તે એક-બે સાંભળીએ...

દોહા : **અસરકારક વાતો કરતા, સ્વામી ભાયાત્માનંદ;**
સાંભળીને શ્રોતા જનને, આવતો અતિ આનંદ...૧૪૨

સુરતમાં પ્રજ્ઞાનંદસ્વામી વગેરે સંતો બેઠા હતા. ત્યાં કેટલાક બ્રહ્મજ્ઞાનીઓ બેસવા આવ્યા. તેમણે વાત કરી જે, 'સ્વામી ! જેમ માટલીમાં મકોડો પૂર્યો હોય, તે તેમાં જેમ ચારે કોર ભમ્યા કરે છે, પણ તેને ઠરવાનું ઠામ શું છે ?' ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, 'સૌ સાંભળો. તે માટલીમાં એક સાકરનો ગાંગડો નાખ્યો હોય તો ત્યાં મકોડો સ્થિર થાય છે. એ દૃષ્ટાંતનું સિદ્ધાંત તો એ છે જે, **આ સંસારરૂપી માટલી છે. તેમાં જીવરૂપી મકોડા છે. તે ચારે કોર ભટક્યા જ કરે છે, પણ તે સાકરરૂપી ભગવાનનાં ચરણાવિંદમાં જીવ ચોટે અર્થાત્ દેહધારી મટી મૂર્તિધારી થાય તો તેના જન્મમરણ ટળી જાય ને મહાસુખિયો થાય.'**

દોહા : **દૃષ્ટાંત એવું આપતા, સમજાય જાતું ઝટ;**
સાંભળનારાને સિદ્ધાંત, ઊતરી જાતો પટ...૧૪૩

(સંદર્ભ : અક્ષરાનંદસ્વામીની વાત-૯૮૩)

આ તો પૂર્વજન્મના પ્રબુદ્ધમુનિનો અવતાર હતા. મહા જ્ઞાની અને ડાહ્યા હતા. પૂર્વજન્મમાં પણ આકર્ષક રીતે વાતો કરતા. તે ગુણાતીતાનંદસ્વામી કહે, 'નવ યોગેશ્વરમાં પ્રબુદ્ધ ઋષિએ વાત કરી તેથી બીજા આઠે ભાઈ ઝાંખા પડી ગયા. તે શા સારુ ? જે આઠેના મનમાં એમ થયું જે, પ્રબુદ્ધ ઋષિ આપણાથી સરસ થઈ ગયા ને બધાય તેમાં તણાય છે. આપણી પાસે તો કોઈ બેસતું પણ નથી. તેથી આઠે જણા પ્રબુદ્ધ ઋષિને ગાંસડીમાં બાંધીને કૂવામાં નાખવા ચાલ્યા. ત્યારે

પ્રબુદ્ધ ઋષિ બોલ્યા જે, 'મારો શો વાંક છે ?' ત્યારે કહે જે, **'તમારી વાતોમાં સર્વે તણાઈ જાય છે ને અમારી પાસે કોઈ આવતું નથી; તેથી અમારું અપમાન થાય છે.'**

પછી પ્રબુદ્ધ ઋષિ કહે, 'આ એકવાર માફ કરો. હવે હું વાત નહીં કરું.' ત્યારે જીવતા રહ્યા. એમ આ તો આપણું સૌનાથી સરસ અને જ્ઞાનમાં, ધ્યાનમાં, તપમાં ને ઉપાસનામાં કોઈ પહોંચી શકે નહિ ને ખમી પણ શકે નહીં એટલે આપણી ઈર્ષ્યા કરે છે, પણ એમાં બીજું કાંઈ નથી.'

નિષ્કુળાનંદસ્વામી વચનવિધિ ક.૨૪માં કહે છે,

ઈર્ષ્યા દેખે દોષ પરના, ભાળે નહિ પોતાની ભૂલ;
અમાપને જાય માપવા, વળી કરે અમૂલનું મૂલ.
એવી અભાગણી ઈર્ષ્યા, જેને ગુરુ સંતની ગણતી નહિ;
વિનાશ એવો નહિ વિમુખ સંગથી, જેવો ઈર્ષ્યા કરે છે રહિ.

સુખિયા થાવું હોય તો આ ઈર્ષ્યારૂપી આગથી બચવું. જેમ ઉધઈ લાકડાને કોરે, તેમ ઈર્ષ્યા સહુના હૈયાને કોરે છે. વિમુખના સંગ કરતાં પણ ઈર્ષ્યાને કારણે પરસ્પર અભાવ-અવગુણ આવે તેથી સહુનું બહુ ભૂંડું થાય છે. પ્રભુને પ્રાર્થના કરીએ કે, 'આપણે બીજાની મોટપ સ્વીકારી શકીએ એવી સદ્‌બુદ્ધિ અને પાત્રતા આપે. કેમ જે, **અત્યારે સત્તા અને સંપત્તિ કરતાં પણ સન્મતિની વધારે જરૂર છે.'**

દોહા : **જેવો જે પ્રશ્ન પૂછતા, તેવો દેતા ઉત્તર;**
હાજરજવાબી તે હતા, બળિયા હતા જબ્બર...૧૪૪

વળી એક જણે પ્રશ્ન કર્યો જે, 'સ્વામી ! આ બ્રહ્માંડ ગાળ્યું તેનો ગાળ ક્યાં નાખ્યો હશે ?' ત્યારે ભાયાત્માનંદસ્વામી કહે જે, 'આ બ્રહ્માંડ કાંઈ ગાળે કરીને નહોતું ભર્યું; આ તો અવિદ્યાએ કરીને ભર્યું હતું. તે સૌને વહેંચી દીધી અને જેટલી વધી તેટલી તારા ઘરમાં નાખી.' એટલે સભામાં સૌ હસવા લાગ્યા અને પ્રશ્ન પૂછનારો શરમાઈ ગયો.

દોહા : **સ્વામી ચોખ્ખા બોલા હતા, વાતો કરતા સચોટ;**
સાંભળનારના અંતરમાં, ઉતરી જતી ચડી ચોટ...૧૪૫

તોરીનો કરસનજી સત્સંગમાં રાંદેલ તેડતો પણ આત્માનંદસ્વામીએ રાંદલનો અર્થ કર્યો જે, 'છતે ધણીએ જ્યાં-ત્યાં એકલી રખડે તે સ્ત્રીને રાંદલ કહે છે.' તેમ આ પણ તેના પતિ જે સૂર્ય તેને મૂકીને એકલી પૂજાય છે માટે તેને સૌ રાંદલ કહે છે. તે જે રાનીયા હોય તે ઘરમાં બેસારે પણ સત્સંગી હોય તેનાથી રાંદલને ઘરમાં બેસારાય નહીં. તેથી સત્સંગી રાંદલ તેડતા આળસી ગયા. *(સંદર્ભ : ઉપદેશામૃત વાત-૮)*

પૂર્વછાયો : હરિ નિષ્ઠા એક રાખવી, પાક્કો રાખવો વિશ્વાસ;
જ્યાં ત્યાં જઈ દેવ-દેવીએ, માથા ઘસો નહીં ખાસ...૧૪૬

રસ્તે જતા દેવ-દેવી આવે તો તેને આદર આપવો, નમન કરવું પણ તેની ઉપાસના ન કરાય. જ્યાં-ત્યાં માથા ઘસતા ન ફરાય. આત્માનંદ સ્વામીને એક શ્રીહરિની જ નિષ્ઠા હતી. તેથી આવી જોરદાર વાતો કરતા. અને એટલે જ ગોપાળાનંદસ્વામી અને ગુણાતીતાનંદસ્વામી જેવા સંતોએ તેમનું આચરણ તથા શ્રીહરિમાં રહેલી પ્રીતિને વખાણી છે.

દોહા : **ગુણાતીતાનંદજીએ, વખાણ્યા આત્માનંદ;**
સંતો તેમને જોઈને, પામતા હતા આનંદ...૧૪૭

કૃપાનંદસ્વામી, ગોપાળાનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી, આત્માનંદ સ્વામી, કૃષ્ણાનંદસ્વામી આદિ દશ-વીસ નામ લઈને કહ્યું જે, 'આવા મોટા સંતોનો સમાગમ એક કલ્પ સુધી કરશું ત્યારે સત્સંગી થાશું. અને એમાં લાખ જન્મ સુધી અથડાશું ત્યાર કેડે તેલધારાવત્ વૃત્તિ રહેશે. **વ્યવહારમાં બહુ જોડાશે તેને તો ભગવાનમાં વૃત્તિ રહેનારી જ નહીં.** શ્વાસ ઊઠે છે ત્યાં વૃત્તિ રાખીને બે મહિના સુધી આગ્રહ કરે, તો પછી ભજનમાંથી બહાર નીકળવું મુશ્કેલ પડે.

વ્યવહાર વિસ્મૃતિનું કારણ છે. **વારે વારે શ્રીહરિની વિસ્મૃતિ કરાવે**

તેનું નામ વ્યવહાર. માટે ક્યારેય ચોટલી સુધી વ્યવહારમાં ઊતરી જવું નહીં. વ્યવહારના કીડા ન રહેવું. હંમેશાં વ્યવહારપ્રધાન નહિ પરંતુ શ્રીહરિ અને સંતપ્રધાન જીવન રાખવું, તો જ ભગવાનમાં જોડાવાશે. આ મોટા સંતોની અનુભવ વાણી છે, તે ખોટી નહિ પડે.

(સંદર્ભ : ઉપદેશામૃત વાત-૮, ૨૨૧)

દોહા : **માટે આગ્રહ ભજનનો, રાખવો તજી પ્રમાદ;**
અખંડ હરિની મૂર્તિને, આપણે રાખવી યાદ...૧૪૮
એમાં જ રાજી સંતો, એમાં ખુશ મહારાજ;
એ જેવી ન કોઈ પ્રાપ્તિ, એ જ છે શ્રેષ્ઠ કાજ...૧૪૯

અખંડ શ્રીહરિની મૂર્તિને યાદ રાખવી તેનું નામ જ ભજન કહેવાય છે. ભગવાન ભૂલવા નહિ તેનું નામ ભજન. જેમ જગતના માણસો પૈસા પાછળ મંડી પડ્યા છે, તેમ આપણે ભજન કરવા મંડી પડશું ત્યારે કામ થશે. કેમ જે, ગોપીઓ, ગોપાળાનંદસ્વામી, મોટીબા, લાડુબા જેવો શ્રીહરિમાં પ્રેમ કરવો તે આપણું કર્તવ્ય છે. કર્તવ્ય હોય તે કરે તેને ડાહ્યો કહેવાય.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના અસરકારક ઉપદેશનો હેતુ વગેરેનું વર્ણન કર્યું' એ નામે સાડત્રીશમો અધ્યાય થયો. ॥૩૭॥

અધ્યાય-૩૮

કોઈનું વાંકું ન બોલવું તથા સ્વામીની ક્ષમા

કોઈ વાંકુ બોલે તેને મહારાજ ખિજાતા. મહારાજને તે નહોતું ગમતું. નિર્વિકલ્પાનંદસ્વામી ભણેલા હતા પણ પદાર્થ ભેળા કરતા. મુક્તાનંદસ્વામી ને આત્માનંદસ્વામી તેના પદાર્થોનું ખંડન કરતા. એટલે તેણે દ્વેષભાવથી મહારાજ ઉપર **ધરમપુર** કાગળ લખ્યો. તેમાં મહારાજને બહુ જ સારી રીતે ઉપમા લખીને પ્રાર્થના કરી જે, 'મોદકાનંદ અને

અનાત્માનંદ એ બેઉ મારા દ્વેષી છે તે મને બહુ દુઃખ દે છે. માટે તે થકી મારી રક્ષા કરજો.'

પછી મહારાજે પૂછ્યું જે, 'આ બે જણ કોણ છે ?' ત્યારે ભાયાત્માનંદ સ્વામીએ કહ્યું જે, 'મોદકાનંદ તે મુક્તાનંદસ્વામીને કહે છે ને અનાત્માનંદ મને કહે છે. કારણ કે, અમે બેય તેના વિષયનું ખંડન કરીએ છીએ, તે તેને ગમતું નથી. તે સાંભળી મહારાજ કહે, "તેણે અમને લાંચ્યા છે. તે શું, અમે એવા લાંચિયા છીએ ?" એમ કહીને ખિજાણા ને કાગળ ફાડી નાખ્યો.

માટે કોઈનું વાંકું બોલશું તો મહારાજ દુઃખાઈ જાશે. અન્યની ટીકા-નિંદા કરીએ, બીજાનું હલકું બોલીએ, કોઈ તરફ નેગેટીવ વિચાર કરીએ કે ખોટી કલ્પનાઓ કરીએ તે કોઈને નથી ગમતું. ઈર્ષ્યાને કારણે ઉપરોક્ત પ્રવૃત્તિ થાય છે. અભાગણી ઈર્ષ્યા શું ન કરાવે ? ભગવાન જેવા સંતની પણ ટીકા-નિંદા કરાવે, પણ તે શ્રીહરિને ગમતું નથી.

(સંદર્ભ : ઉપદેશામૃત વાત.૫૯૮)

દોહા : **વાંકું બોલવું નહિ કોઈનું, મહારાજ જશે દુઃખાય;**
નિંદા કરનારા ઉપરે, શ્રીહરિ બહુ ખિજાય...૧૫૦
વિષયનું ખંડન જ કરવું, એ છે સંતનો ધરમ;
મોટા સંત તે પાળતા, આત્માનંદ પરમ...૧૫૧

વિષયનું ખંડન કરવું એ સાધુનો ધર્મ છે. કેમ જે, ખંડન કર્યા વિના તેમાંથી પ્રીતિ તૂટતી નથી અને જીવને વૈરાગ્ય થતો નથી. માટે વિષયમાંથી પ્રીતિ તોડવા અને જીવને ભગવાનમાં જોડવા સંતો વિષયનું ખંડન કરતા. ભાયાત્માનંદસ્વામી સાધુના આ ધર્મનું પાલન કરતા હતા.

દોહા : **એવા ગુણો જે સંતના, સંતે શીખવા જરૂર;**
એવા વિષયવૈરી સંતથી, શ્રીહરિ ન રહે દૂર...૧૫૨

જેને વિષયમાં વેર અને પ્રભુમાં પ્યાર છે, એવા સંતથી શ્રીહરિ પળ પણ દૂર રહેતા નથી.

❊ સ્વામીની ક્ષમા :

શ્રીહરિએ સંતોને ગામડે મોકલ્યા ત્યારે કહ્યું હતું હે પરમહંસો ! તમો અજ્ઞાની લોકો ઉપહાસ કરે તે સહન કરજો. ક્ષમા રાખજો. ક્ષમા મોટું તપ છે. ક્ષમા તેજ છે. ક્ષમા સંતની શોભા છે. માટે

કહે સંતને શ્રીભગવંત, તમે સૌ રહેજો ક્ષમાવંત;
આવ્યા અક્ષરધામથી જ્યારે, આપણે કર્યું છે દૃઢ ત્યારે.

ક્ષમા ખડગ વડે એહ વાર, હરવો ભૂમી તણો ભાર;
માટે જો દુઃખ આપે અજાણ, તોય ઈચ્છજો એનું કલ્યાણ.

ક્ષમા રાખશો અંતરે ધારી, થશે ત્યાં સુધી જીત તમારી;
લડશો અભિમાનથી જ્યારે, હાર્ય પામશો નિશ્ચય ત્યારે.
(હ.લી.૭/૭૦)

શ્રીહરિનાં આ વચન ભાયાત્માનંદસ્વામીએ અદ્ધરથી ઝીલ્યા હતા. તેથી સ્વામી અતિશય સહનશીલ હતા. અને **જે સહન કરે, માફ કરે તે જ મહાન બને છે.** ખારીગુંદરણ ગામમાં એક બાવે ભાયાત્માનંદસ્વામીને ખાસડું માર્યું. ત્યારે સ્વામી ખાસડું લઈને તે બાવાને દેવા ગયા. ત્યારે તે બાવો બીજું ખાસડું મારવા તૈયાર થયો. તેથી ગામના લોકોએ બાવાને વાર્યો કે ખબરદાર આ સંતને માર્યા છે તો, તેણે તારું શું બગાડ્યું છે ? એટલે તે મારતો આળસ્યો. *(સંદર્ભ : ઉપદેશામૃત વાત.૨૯૮)*

દોહા : **ધન્ય ધન્ય સહનશીલતા, ધન્ય છે નિર્માનીપણું;**
સ્વામીના આવા ગુણોને, કેટલા હું કહી ભણું...૧૫૩

આવા સમયે એક શ્રીહરિને જ કર્તા-હર્તા સ્વીકાર્યા હોય તો જ સહન કરી શકાય, માફી આપી શકાય અને રાગ-દ્વેષથી પર રહી શકાય. અને જેમ ભગવાન અન્યના દોષો કે સ્વભાવોને સહજતાથી

માફ કરે છે, તેમ **જે સંત માફી આપી શકે તે સંતમાં જ શ્રીહરિનો વાસ થાય છે.** અને તેવું ક્યારે થઈ શકાય ? તો સર્વે વાતમાં શ્રીહરિને જ મોર રાખે. મહારાજને જ કર્તા-હર્તા જાણે, **'सबका मालिक एक है।'** અને **'ઠાકોર કરે તે ઠીક.'** આમ સર્વ ક્રિયામાં શ્રીહરિને જ કર્તા રાખે અને પોતે અહંશૂન્ય થઈને ફરે ત્યારે જ આવી સહનશક્તિ અને ક્ષમાભાવના આવે છે. **જેનામાં જેટલી સહનશક્તિ વધુ તેટલી તેમાં સામર્થી વધારે છે. ક્ષમા એ વીરોનું ભૂષણ છે અને સંતની શોભા છે.** સ્વામી આવા ક્ષમાધર્મને શોભાવનારા વિરલ સંત હતા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'કોઈનું વાંકું ન બોલવું તથા સ્વામીની ક્ષમાનું નિરૂપણ કર્યું' એ નામે આડત્રીશમો અધ્યાય થયો. ॥૩૮॥

અધ્યાય-૩૯

દેશ વિભાગની વિટંબણા

હવે એક સરસ વાત આવે છે. શ્રીજીમહારાજ આ લોકમાં આવ્યા. કરોડો જીવોના કલ્યાણ માટે સત્સંગ સ્થાપ્યો. જેમ કબાટમાં કપડાં સારાં રહે તેમ તમામનાં જીવન સારાં રાખવાં શ્રીહરિએ અણમોલ સત્સંગની ભેટ આપી. પછી શ્રીહરિએ વ્યાવહારિક રીતે સહુના હિત માટે વડતાલ અને અમદાવાદ – આમ બે દેશના વિભાગ કર્યા. પરંતુ સત્સંગના વિભાગ નથી કર્યા. સત્સંગ તો શ્રીહરિનું અંગ છે, છતાં અજ્ઞાની લોકો સદા આની ખેંચાતાણમાં સત્સંગને ચૂંથતા રહ્યા છે. જ્યારથી બે દેશના વિભાગ કર્યા ત્યારથી ખેંચાતાણ ચાલુ છે. અત્યારે તો સત્સંગરૂપી વડલો ઘણો મોટો થયો છે. આ સમયે ઘણી સમજણ હોય તો આ ડખાથી પર રહી શકાય.

દોહા : **મરજી જાણવા હરિની, તડપતો સ્વામીનો જીવ;**
શું કર્યે ક્યાં રહેવાથી, રાજી થશે મુજ પીવ...૧૫૪

જ્યારે શ્રીહરિએ દેશવિભાગ કર્યા ત્યારે આત્માનંદસ્વામીના અંતરમાં અખંડ એમ રહેતું કે હું કયા દેશમાં રહું તો મહારાજ રાજી થાય ? મહારાજને શું ગમતું હશે ? તે જાણવા અને એમ રહેવાનો સ્વામીને સતત આલોચ રહેતો.

એકવાર મહારાજ અમદાવાદથી **અસલાલી** પધાર્યા. ને હરિભક્તને ઘેર રસોઈ થઈ તે જમ્યા ને સંતને જમાડ્યા. પછી સાંજના મહારાજ ચાલ્યા તે અસલાલી અને જેતલપુરની વચમાં સારી જાયગા આવી ત્યાં બેઠા. ત્યાં મહારાજે વાત કરી જે, ‘નરનારાયણના દેશમાં રહેવું હોય તે બ્રહ્માનંદસ્વામીની પાસે નામ લખાવે અને લક્ષ્મીનારાયણના દેશમાં રહેવું હોય તે નિત્યાનંદસ્વામીની પાસે નામ લખાવે.’ તેથી સંતો નામ લખાવતા. એમાં **બ્રહ્માનંદસ્વામીએ આત્માનંદસ્વામીનું નામ તેણે ના પાડી છતાં લખી વાળ્યું.**

પછી મહારાજ જેતલપુર પધાર્યા. ત્યાં આત્માનંદસ્વામીએ મહારાજની આગળ કહ્યું જે, ‘મારું નામ પરાણે બ્રહ્માનંદસ્વામીએ લખી વાળ્યું, અને હું તો તમે કહો ત્યાં રહું.’ ત્યારે મહારાજે કહ્યું જે, **‘અમારે કાંઈ કહેવાય નહિ. કાં જે, અમે કહીએ તો પક્ષ વદે. માટે અમારે તો આ કોર કે ઓ કોર ન કહેવાય.** અને જો કહીએ તો અમે પક્ષપાત કરીએ છીએ એમ અણસમજુ લોકો કહે.’ મહારાજ ઉપર પણ આવા આક્ષેપો કરનારા લોકો હતા, તો અત્યારે મોટા માથે આક્ષેપ કરે તેમાં શું નવાઈ ? રામપ્રતાપભાઈ પણ ઘણીવાર કહેતા કે, ‘શ્રીહરિએ સારો દેશ રઘુવીરને આપ્યો અને મારા અવધપ્રસાદને મોળો દેશ આપ્યો.’

માટે ડાહ્યા માણસોએ ખોટી ખેંચાતાણમાં પડવું નહીં. કેમ જે, ખોટા પક્ષપાતે કરીને જીવનું બહુ બગડે છે. મહારાજને થયું કે મારું ભજન કરનારા પણ મને પક્ષપાતી ગણશે. એટલે કશું જ બોલ્યા નહીં.

પછી આત્માનંદસ્વામીને તો બહુ ઉદ્વેગ થયો, તે આંખોમાં આંસુ ચાલ્યા જાય. પછી મહારાજે કહ્યું જે, 'સ્વામી, શીદ મૂંઝાઓ છો ? તમને સુવાણ થાય ત્યાં રહેવું.' *(સંદર્ભ : ભાયા. વાત.૨૭૧)*

આ વાત એવું સૂચવે છે કે સ્વામીને સતત મહારાજને શું ગમતું હશે ? તેમ કરવામાં જ નજર હતી અને એટલે તે દુઃખી થયા. ઘણાને મહારાજને શું ગમે ? અને શું નથી ગમતું ? મહારાજ શું કરવાથી રાજી થાય અને શું કરવાથી કુરાજી થાય ? ત્યાં નજર જ નથી હોતી. બસ ગમે તેમ કરીને મારો ઢગલો મોટો કરવો આ જ તાન હોય છે. આવાથી બીજાનું શું રૂડું થાય ? મહારાજની મરજી સમજે અને તેમ રહે તેવા સંતની સાથે અખંડ શ્રીહરિ રહે છે.

દોહા : **આવી મરજીની મૂર્તિ, હતા ભાયાત્માનંદ;**
એ જોઈ રાજી થતા, સ્વામી સહજાનંદ...૧૫૫
ખેંચતાણ દેશ વિભાગની, છે આગળથી એમ;
એમાં થયો બહુ વધારો, એનું તે કરવું કેમ ?..૧૫૬
મારું તારું ને પક્ષા-પક્ષી, છે દુઃખના કારણ;
એમાં ક્યાંથી રાજી થશે, પ્રભુ સ્વામિનારાયણ...૧૫૭

માટે ખોટી માથાકૂટમાં ન પડવું. આયુષ્ય થોડું છે, કામ મોટું કરવાનું છે. માટે જેના સંગે રહેવાથી અને જ્યાં રહેવાથી આપણું દિલ ભગવાનમાં જોડાઈ જાય, સુખે ભજન થાય, ત્યાં રહેવું. અને સેવા, સત્સંગ તથા ધર્માદિકની દૃઢતા કરી લેવી. જે **નિર્વાસનિક થાશે, તે ભગવાનને પામશે. પોતાની વાસનાને મારે તે જ ખરો મર્દ છે.** માટે આ કરજો.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'દેશવિભાગની વિટંબણાનું વર્ણન કર્યું' એ નામે ઓગણચાળીશમો અધ્યાય થયો. ॥૩૯॥

અધ્યાય-૪૦

ધોલેરા સેવામાં

મહારાજને ધોલેરામાં સુંદર મંદિર બાંધવાનો વિચાર હતો. અને સ્વામીએ આવા પ્રાંતમાં સત્સંગ કરાવવા અનેક દુઃખો વેઠીને પણ ખૂબ મહેનત કરેલી. આમ શ્રીહરિને રાજી કરેલા.

દોહા : **ધોલેરા ધામ બાંધવાનું, શ્રીહરિને ઘણું જ મન;**
તેથી આત્માનંદજીએ, વાપર્યું હતું જીવન...૧૫૮

એક સમે ધોલરા મંદિર કરવાની મહારાજે વાત ઉચ્ચારી. પછી પુંજાભાઈએ કહ્યું જે, 'હે મહારાજ ! તમે ઠીક કહો છો, પણ ત્યાં સાધુ રહેતા નથી, અને કોઈક મંડળ આવે છે તે માંડ માંડ એક-બે રાત રહે છે.' પછી મહારાજે કહ્યું જે, **'કાંઈ ચિંતા રાખશો મા. બીજા મંદિર કરતાં તમારું અધિક કરી દેખાડવું છે.'** પછી મહારાજની મરજી જાણીને પૂજાભાઈએ ધોલેરા જઈને ત્યાં એક ભારે ફરજો(ઉપરથી માળેલું ખુલ્લું મકાન; શેડ) કરાવ્યો અને ફરતી વંડી કરાવી. પછી પૂજાભાઈ ગઢડે આવ્યા અને મહારાજને કહ્યું જે, 'સાધુને મોકલો તો ઠીક.' પછી મહારાજે સર્વે સાધુને કહ્યું જે, '**ધોલેરે** આપણે દેવ પધરાવવા છે. માટે જે ધોલેરે જાય તેને મળીએ અને તેને માનત કરીએ.' એમ બે-ત્રણ વાર કહ્યું, પણ કોઈ બોલ્યું નહીં.

દોહા : **મરજી જાણી મહારાજની, બોલ્યા છે આત્માનંદ;**
કહો તો મહારાજ હું જાવું, રાજીપે પામી આનંદ...૧૫૯
શરીરની ચિંતા પરહરી, સ્વામી થયા તૈયાર;
શ્રીહરિને રાજી કરવા, હૈયામાં હોંશ અપાર...૧૬૦

સ્વામી કહે, 'મહારાજ ! કહો તો હું જાઉં. અમારે ને પૂજાભાઈને બનશે.' ત્યારે મહારાજ કહે, 'વાહ સ્વામી ! બહુ સારું, તમો જાઓ એમાં અમે રાજી છીએ.' ત્યારે મૂળજી બ્રહ્મચારી બોલ્યા જે, 'ક્યાં જાય ?

એમને બાજરાનો રોટલો જોઈએ છે અને ત્યાં તો કેવળ ઘઉંના રોટલા છે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'એ તો સૌ સારાં વાનાં થઈ રહેશે.' પછી સવારમાં મહારાજે ગાડામાં મદનમોહનજીની મૂર્તિ બેસાડી અને ગાંડો અને પારેવો એ બે બળદ ગાડે જોડ્યા. પછી ભાયાત્માનંદસ્વામીની સાથે નિષ્કુળાનંદસ્વામીને મોકલ્યા. તે બંને ધોલેરા આવ્યા અને ફરજામાં મદનમોહનજી મહારાજને પધરાવ્યા. પછી ભાયાત્માનંદસ્વામી ત્યાં રહ્યા, અને નિષ્કુળાનંદસ્વામી પાછા ગઢડે આવ્યા. તે સમયે ધોલેરામાં રહેવું મોટી તપશ્ચર્યા ગણાતી. *(સંદર્ભ : ભાયા.વાત.૨૯૬-૨૯૭)*

દોહા : **પે'લાં હતી બહુ મુશ્કેલી, ભાલમાં ધોલેરે ગામ;**
તોય રુચિ હતી શ્રીહરિને, બાંધવા મોટું ધામ...૧૬૧

તે સમયે ભાલમાં ખાવા-પીવાની બહુ મુશ્કેલી હતી, તો મેવા-મીઠાઈ તો મળે જ ક્યાંથી..! પણ મહારાજે મંદિર કર્યું. પછી મહંત થાવા કોઈ તૈયાર નહીં. આજની વાત જુદી છે. આજે તો મહંતાઈની ખેંચાતાણ થાય છે. ત્યારે મહંતાઈમાં નહિ પણ સેવા-ભક્તિમાં રુચિવાળા ભજનાનંદી સંતો ઝાઝા હતા. તેથી કોઈ ધોલેરાના મહંત થવા તૈયાર ન થયું. પછી મહારાજે વડતાલમાં સભા કરી. ત્યારે ગોપાળાનંદસ્વામીની પ્રેરણાથી પ્રથમ અદ્‌ભુતાનંદસ્વામી તૈયાર થયા. પછી તેમની સાથે ભાયાત્માનંદસ્વામી, નિષ્કુળાનંદસ્વામી તથા ત્યાગાનંદસ્વામી વગેરે સંતો મંડળ સાથે તૈયાર થયા. તેથી મહારાજ તેમના પર બહુ રાજી થયા ને ભાવથી ભેટ્યા. આ સંતોએ ધોલેરા ધામની ખૂબ સેવા કરી.

અદ્‌ભુતાનંદસ્વામી મહંત થયા. અને સં.૧૯૧૮ સુધી એટલે ૩૫ વર્ષ તેમણે મહંતાઈ કરી. ત્યાર બાદ અદ્‌ભુતાનંદસ્વામી વડતાલ આવ્યા. પછી ભાઈસ્વામીનાં મંડળના સંતોએ જ પ્રાયઃ ધોલેરાની મહંતાઈ કરી છે.

દોહા : **સુખમાં માણસ સહુ રહે, દુઃખમાં રહે નહિ કોય;**
આત્માનંદસ્વામી જેવા, રહે જે વિરલા હોય...૧૬૨

દુઃખ વેઠીને પણ સેવા કરવી એ બહુ અઘરું કામ છે. ભગવાનના રાજીપા ખાતર દેહના તમામ સુખ-સગવડ છોડે અને શ્રીહરિની મરજીમાં દિલ જોડે એવા સંતોને મારા લાખો વંદન છે. જેને ભગવાનનું બળ હોય, ભગવાનના ગમતાનું અનુસંધાન હોય, તે સંત જ શ્રીહરિની સેવા કરવામાં આવતા ડરની સામે નીડર થઈને ઊભા રહે. લોકો શું કહેશે ? મારું શું ? આવા ભયની સામે તે નિર્ભય થઈને ટકી શકે છે. અને સેવા કરતાં દુઃખો આવે તો પ્રેમથી પ્રભુની પ્રસાદી સમજીને સહન કરી શકે છે, માટે તે મહાન છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં ‘ધોલેરાધામમાં સ્વામીએ કરેલી સેવાનું વર્ણન કર્યું’ એ નામે ચાળીશમો અધ્યાય થયો. ॥૪૦॥

અધ્યાય-૪૧

મહારાજનાં છેલ્લા દર્શન

શ્રીહરિએ પોતાનું કરવાનું તમામ કાર્ય કરી લીધું. પછી શ્રીહરિ પોતાની જીવન લીલા સંકેલવા ઈચ્છતા હતા. તેથી ગઢપુરમાં રહ્યા થકા માંદગી ગ્રહણ કરી.

ચોપાઈ :

માંદા સુણી હરિને શરીરે રે, ભેળા થયા’તા સહુ ગઢપુરે રે;
ઘણા આવ્યા હતા સાધુ સંતો રે, ઝાઝા ભેળા થયા હરિભક્તો રે...૧૬૩

પછી પૂજાભાઈએ આત્માનંદસ્વામીને કહ્યું જે, ‘આપણે સર્વે અહીં છીએ અને મંદિરમાં કોઈ નથી. માટે તમે એકવાર ત્યાં આંટો દઈ આવો.’ સ્વામીના દિલમાં થયું કે મહારાજ બીમાર છે અને કદાચ દેહ છોડે તો હું અંતિમ દર્શન વિના રહી જાઉં, માટે ન જાઉં તો ઠીક. પરંતુ પૂજાભાઈનો બહુ આગ્રહ જોયો, તેથી આત્માનંદસ્વામી **ધોલેરા** જાવા સાબદા થઈને ચાલ્યા અને પાળા બેસતા ત્યાં ઉપર અગાશી હતી. તે

ઉપર ઢોલિયો હતો તે ઉપર મહારાજ આડે પડખે સૂતા હતા. અને મોઢા આગળ દાદા ખાચર બેઠા હતા, અને આંખોમાં આંસુ ડણક ડણક ચાલ્યા જાય છે.

પછી મહારાજે કહ્યું જે, 'આવડા દિલગીર કેમ થાઓ છો ?' પછી દાદા ખાચર બોલ્યા જે, 'હે મહારાજ ! શું કરું ? હવે મારો કોણ ધણી ?' **ત્યારે મહારાજે કહ્યું જે, 'શીદને ચિંતા રાખો છો ? દેહ છતાં ખબર રાખી છે, તે કરતાં પણ વધુ ખબર અમે રાખીશું.'** પછી આત્માનંદસ્વામીને મહારાજે કહ્યું જે, 'ક્યાં જાવું છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'ધોલેરે.' ત્યારે મહારાજે કહ્યું જે, 'ત્યાં શું કામ છે ?' ત્યાં પૂજાભાઈ બોલ્યા જે, 'મહારાજ, જાવા દ્યો કામ છે.'

પછી મહારાજે કહ્યું જે, 'શું ધૂડ્ય કામ છે ?' ત્યારે આત્માનંદ સ્વામીએ જાણ્યું જે, મહારાજને તો ગમતું નથી. પણ પૂજાભાઈનો ત્યાં મંદિર બંધાવામાં મોટો ફાળો તેથી તેમનું ગમતું જાણીને સ્વામી ગયા તો ખરા.! પણ જીવ તો ઊંચો ને ઊંચો રહ્યો. પછી રાત ધોલેરે રહીને બીજે દિવસ કમિયાળે ગયા. ત્યાં રાત રહ્યા. ત્યારે રાતે આકાશ ને પૃથ્વીમાં સમાય નહિ એવું તેજ દેખાયું. તેથી સ્વામી વિચારે ચડી ગયા જે, આટલું બધું તેજ કેમ દેખાય છે ? ને સાનમાં સમજી ગયા.

દોહા : **તેજ દેખાડી તેડાવિયા, અંતિમ દર્શન કાજ;**
એવા સ્વામીની ઉપરે, રાજી હતા મહારાજ...૧૬૪

મનમાં એમ સંકલ્પ થયો જે, 'મહારાજે દેહોત્સર્ગ કર્યો કે શું ?!' પછી તેમનાથી ત્યાં રહેવાયું નહીં. તે સાંજે કારિયાણી આવ્યા ને વસ્તા ખાચરને પૂછ્યું જે, 'તમે ગઢડેથી આવ્યા તે મહારાજની શી ખબર છે ?' ત્યારે તેમણે કહ્યું જે, 'કાલ ગોળ વહેંચ્યો અને કહ્યું જે, અમે સાજા થયા, માટે સૌ સૌને ઘેર જાઓ. પણ મને તો એમ જણાય છે જે ઝાઝા માણસ ભેળા થયા છે, તે જુદા પડે તે સારુ આ ચરિત્ર કર્યું

લાગે છે. પણ દેહ તો હવે નહિ રાખે, એમ જણાય છે.'

પછી સવારમાં સ્વામી ગઢડે આવ્યા. ત્યારે સજયાના ઓરડાની આથમણી ઓસરીએ ઢોલિયા ઉપર શ્રીહરિ ઉગમણે ઓશીકે પડખાભર પોઢ્યા હતા અને નિત્યાનંદસ્વામી પાસે હતા. તે સ્વામીને આવ્યા જાણીને નિત્યાનંદસ્વામીએ મહારાજના મુખ ઉપરથી વસ્ત્ર કોરે કર્યું. ત્યારે મહારાજના મુખારવિંદનાં દર્શન કરીને સ્વામી ચાલી નીસર્યા.

દોહા : **ધન્ય ધન્ય આત્માનંદને, જેને વ્હાલા સહજાનંદ;**
હરિનાં દર્શન વિના એને, રહેતો નહિ આનંદ...૧૬૫

પછી સં.૧૮૮૬ જેઠ સુદ-૧૦ ના દિવસે મહારાજ સ્વધામ પધાર્યા. પછી ડોલી બનાવી તેમાં બેસારીને ચંદન-પુષ્પ-ગુલાલે પૂજા કરી ને ડોલી લીધી ને કીર્તન ગાતાં ગાતાં લક્ષ્મીવાડીએ લઈ ગયા. ત્યાં સંતોએ રામપ્રતાપભાઈ સાથે જેમ ઘટે તેમ દેહનો સંસ્કાર કર્યો. પછી ખરચને દિવસે દેશાંતરના બ્રાહ્મણ બહુ ભેળા થયા. તેને રૂડી રીતે જમાડ્યા. અને દક્ષિણાઓ આપીને બ્રાહ્મણોને બહુ રાજી કર્યા.

(સંદર્ભ : ભાયા.વાત.૩૩૮ થી૩૪૦)

દોહા : **આત્માનંદની જાણજો, વિશેષતા અહિ ભ્રાત;**
પોતે હરિને જ્યાં જ્યાં મળ્યા, તે સર્વે લખી વાત...૧૬૬
બીજી વાતો લખી નથી, પરચા ન લખ્યા ક્યાંય;
પોતે પોતાનો પરચો, લખ્યો નથી જરાય...૧૬૭

સ્વામીએ પોતાને જ્યાં જ્યાં મહારાજ મળ્યા અને જે જે વાત કરી, જે જે સુખ આપ્યું તે સર્વે વાત રોજનીશીની જેમ પોતાની વાતોમાં ચોકસાઈ પૂર્વક લખ્યું છે. પરંતુ મહારાજે તેમને ઘણા પરચા પૂર્યા છે; ઘણીવાર ઝેર વગેરે કષ્ટોથી રક્ષા કરી છે. તે પોતાનો એકપણ પરચો પોતે લખ્યો નથી. આ તેમની અહંશૂન્યતા અને દાસત્વભક્તિ સૂચવે છે. સત્સંગમાં પાયાનો પથ્થર બની, ડૂબીને રહેનારાનું આ લક્ષણ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ શ્રીહરિના અંતિમ દર્શન કર્યાં' એ નામે એકતાળીશમો અધ્યાય થયો. ॥૪૧॥

અધ્યાય-૪૨

આચાર્યશ્રી પણ આદર આપતા

મોટા મોટા સહુ સંતો-ભક્તો સ્વામીને આદર આપતા હતા. આચાર્યશ્રી પણ સ્વામીનું માન રાખતા અને આદર તથા પૂજ્યભાવથી સન્માનતા. સ્વામીને દ્વેષી લોકોએ ઝેર આપેલું. તેથી શરીરમાં લોહીનો વિકાર થતો, બહુ ગરમી થતી, વારે-વારે બીમાર પડી જતા. બેચેની રહેતી. ફરતા ફરતા ભાલ પ્રદેશમાં વાગડ, મોરસિયા ગામે આવતા. ત્યાંના એક કૂવાના પાણીથી તે ઝેરની અસર ઘટવા લાગી. શરીરે સારું થયું એટલે સ્વામીએ ત્યાં સત્સંગ કરાવ્યો ને હરિમંદિર કરી ત્યાં જ રહેતા. શ્રીહરિની નિષ્ઠા અને વચનસિદ્ધિના પ્રતાપથી ત્યાં હજારો માણસોને શ્રીહરિની સન્મુખ કર્યા.

હવે સ્વામીની ઉંમર આશરે ૧૦૦ વર્ષ જેટલી થઈ ચૂકી હતી. વડતાલ સમૈયે પધારે ત્યારે આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ પણ તેમને આદર આપતા અને એમ કહેતા કે, 'સ્વામી ! આપ મહારાજ ભેળા બહુ રહ્યા છો. મહારાજે તમને 'ભાઈ'નું બિરુદ આપ્યું છે. વળી, મહારાજનાં લીલાચરિત્ર તથા લટકાં-મટકાં આપે બહુ જોયાં છે. માટે તમે સભામાં વાતો કરો.' એમ આચાર્ય મહારાજ સ્વામીને વાતો કરવાની વિનંતિ કરતા. પછી સ્વામી વાતો કરતા. તે પ્રસંગ માધવદાસસ્વામીએ શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર ત.૧૪૮માં લખ્યો છે,

ભાઈ આત્માનંદસ્વામી પાસે આવે, જૂની પ્રભુની વાતું કરાવે;
ત્યાગ વચન વૈરાગ તણી, વાતું કરાવે એ પણ ઘણી.
ધ્યાન ધારણા સમાધિયું તણી, વાતું કરાવે ઘણી ઘણી;
સ્વામી હાલ્યા માલ્યા સાક્ષાત, તેની બહુ કરાવે છે વાત.

મહારાજની વાતું વખાણે, સ્વામી રહ્યા જ્યાં પ્રગટ પ્રમાણે;
સ્વામી સહજાનંદમાં બહુ તાન, જાણે પુરુષોત્તમ ભગવાન.

આમ, આચાર્યશ્રી તથા મોટા મોટા સંતોને સ્વામી પ્રત્યે ખૂબ આદર હતો. તેથી જ તેમની વાતો અતિ ઉપયોગી જાણી એકવાર આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજે સ્વામીને તે વાતો લખી લેવાની આજ્ઞા કરી. તેથી ભાયાત્માનંદસ્વામીએ પોતે મહારાજની જે જે લીલા જોઈ, વાતો સાંભળી તે લખી છે. જે આજે સંપ્રદાયમાં **'ભાયાત્માનંદસ્વામીની વાતો'** તરીકે પ્રસિદ્ધ છે.

સ્વામીએ પોતે જ વાતોને અંતે આ પ્રસંગ લખ્યો છે કે, "પરચાની વાત તો મેં નથી લખી. તે શા સારુ ? તો મહારાજે વાત કરી હતી જે, 'કોણ પરચામાં સમજે છે ? જૂઓને, પાણીના બુંદમાંથી આવો મનુષ્યદેહ સર્વ અવયવે યુક્ત થાય છે ! આકાશમાંથી વાદળાં કેમ થયાં ? તથા ગાજ-વીજ, પાણી, તારા આદિક ક્યાંથી થયાં ? ને ક્યાં સમાય છે ? માટે સમજે તેને તો એ પરચો જ છે. અને જે બુદ્ધિહીન છે તેને તો અઢાર ભાર વનસ્પતિ લીલી કરી, તે નજરમાં નથી આવી. અને હળાહળ કળિમાં સત્યયુગ કર્યો, એ પરચો પણ ન સમજાય. ત્યારે બીજો શો પરચો સમજે ? **માટે મૂરખને તો ભક્તનો કેરડો લિંબડો પલાવ્યો તે નજરમાં આવે છે."**

અર્થાત્ કોઈ ભક્તે કેરડો, લિંબડો કે વડલો વાવ્યો તે વર્ષો જૂનો હોય તેનો બહુ મહિમા સમજે અને પાડાને પગે માથા ઘસે, પણ જેનાં દર્શને તમામ દોષો ટળે એવા પ્રગટ ભગવાન કે પ્રગટ સંતનો મહિમા ન જાણે. ભગવાનને ભેટાડી દે એવા સંતને ઓળખે નહીં. એવાને મહારાજ મૂર્ખ કહે છે. 'અને **મહારાજને દર્શને અનંતના પ્રાણ લીન થઈ જાતા. તે જોઈને કોઈ સત્સંગી નથી થયા. માટે ધર્મ, જ્ઞાન, ભક્તિ ને ભગવાનનો આશરો દૃઢ કરવો,** એ સંબંધી વાર્તા

મુખ્યપણે કરવી. આ દિશની વાર્તા મહારાજે ઘણી કરી હતી. તેથી મેં પરચા લખ્યા નથી.' *(સંદર્ભ : ભાયા.વાત.૩૪૧)*

પૂર્વછાયો : **આચાર્ય શ્રી રઘુવીરજી, લખવાની આજ્ઞા દીધી;**
તેણે મહારાજ સાંભરે, એ કેવળ કૃપા કીધી.
સંત હરિભક્ત સઉ, એવી મહેરબાની કીજિયો;
મહારાજ વિના બીજું ન સાંભરે, એવી દુવા દીજિયો.

સ્વામી આવું થોડું ઝાઝું કાવ્ય પણ બનાવતા.

દોહા : **સદા દિવાળી સંતને, ઉત્સવ બારે માસ;**
પ્રગટ દર્શન ભગવાનનાં, જક્તશું રહે ઉદાસ.

આ પણ સ્વામીનો બનાવેલો જ દોહો છે. પરંતુ તેમની ભક્તિ ભાવના અને નાના-મોટા સહુના રાજીપાનો આલોચ તથા નિર્માનીપણું વગેરે શીખવા જેવું છે. તો શ્રીહરિ રાજી થઈ પોતાનો આનંદ આપે. અને જીવનમાં આવતાં દુઃખો કાપે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીને આચાર્યશ્રી પણ આદર આપતા તેનું વર્ણન કર્યું' એ નામે બેતાળીશમો અધ્યાય થયો. ॥૪૨॥

અધ્યાય-૪૩

સ્વામીની કાળથી રક્ષા

કાળ, કર્મ, માયા કે કામ, ક્રોધાદિક અંતઃશત્રુઓને ભગવાન ભજવા નીકળેલા ભક્તોને પકડીને ઊંધે માથે નાખવાની પણ દુષ્ટ ભાવના રહે છે. પણ સમર્થ ધણી શ્રીહરિ આપણી રક્ષા કરવા બેઠા છે. માટે કાળ-કર્મથી ડરતા નહિ, માયાથી મૂંજાતા નહિ, હિંમત હારતા નહિ, વિશ્વાસમાંથી ડગતા નહિ અને શ્રીહરિનું સ્મરણ ચૂકતા નહીં.

દોહા : **કાળ કર્મ ને માયા તો, ખીજ્યા છે અતિ અપાર;**
પણ ભક્તને ભેં ન રાખવી, હરિ રક્ષા કરનાર...૧૬૮

જૂઓ આત્માનંદજીને, કાળે કર્યું તોફાન;
બચાવ્યા તેને હરિએ, એવા દયાળુ ભગવાન...૧૬૯

એકવાર ભાયાત્માંનંદસ્વામી ગામ વાગડમાં સૂતા હતા. અને કાળે આવીને સ્વામીની ઢોલણી ઉપાડી, તે બરવાળા ગામે ભરવાડણો છાશ તાણતી હતી તેના નેહમાં મૂકી દીધી. ને સ્વામીને ખબર પણ પડવા ન દીધી. પછી સ્વામી સવારે જ્યારે જાગ્યા અને જ્યાં જોયું ત્યાં તો પોતાનો ખાટલો ભરવાડના નેહમાં દીઠો. ત્યારે પૂછ્યું, 'આ કયું ગામ છે ?' લોકો કહે, 'આ તો બરવાળા છે. ને તમે ઢોલિયો લઈને અહીં ક્યાંથી આવ્યા ?' સ્વામી કહે, 'મને પણ ખબર નથી, પરંતુ મારે વાગડ જાવું છે.' પછી હરિભક્તોને બોલાવીને ગાડી કરીને સ્વામી વાગડ પધાર્યા.

તે ઉપર ગુણાતીતાનંદસ્વામી વાત કરતાં જે, 'વિષય છાતી ઉપર ચડી બેઠા છે. તે શું ? જે સ્ત્રી, ધન ને સ્વાદ તેની જ વાસના છે. ને ધનની વાસનાએ કરીને સર્પ થાવું પડશે. ને કાળ, કર્મ ને માયા તો છાતી કૂટે છે. પણ સત્સંગની લાજ તો મહારાજના હાથમાં છે. તે ભાઈસ્વામીને તો કાળે ઢોલણી ઉપાડી હતી તોપણ મહારાજે તેમની રક્ષા કરી અને કાળનું કાંઈ ચાલ્યું નહીં.'

(સંદર્ભ : અક્ષર વા.૯૮૨; ઉપદેશામૃત.૫૪૧)

આના ઉપરથી એમ વિચાર આવે છે કે, સ્વામીને એકસો વર્ષ ઉપર ઉંમર થઈ તેથી કાળ ખિજાણો હશે.

ચોપાઈ :

હશે સ્વામીની આયુષ્ય ખૂટી રે, તેથી કાળ આવ્યો છાતી કૂટી રે;
પણ લેવા ન દીધા હરિએ રે, ચાલ્યું નહિ કાળનું જરીએ રે...૧૭૦
તેથી ખીજાઈને ક્રોધી કાળે રે, મૂક્યા હશે સ્વામીને બરવાળે રે;
કાંઈ ચાલે નહિ જેનું જ્યારે રે, કરે આવાં તોફાન તે ત્યારે રે...૧૭૧

પોતે પોતાની કસર તજવી રે, પાંચ દિવસ વધારે જીવી રે;
હરિ જીવાડે તો જ જીવાય રે, નથી બીજાના હાથમાં કાંય રે...૧૭૨

હરિ જીવાડે છે દયા કરી રે, સ્વયં સ્વને જણાવે સર્વોપરિ રે;
સર્વોપરી જાણ્યાની કસર રે, હતી આત્માનંદને જરૂર રે...૧૭૩

તેથી જાણ્યે હરિએ જીવાડ્યા રે, કાળ જેવા શત્રુને ભગાડ્યા રે;
ધન્ય ધન્ય હરિ સર્વોપરી રે, મારા ઠાકોરે કૃપા બહુ કરી રે...૧૭૪

શા માટે મહારાજ સ્વામીને ધામમાં લઈ જતા નહીં અને આયુષ્ય વધારતા જાતા ? તો સ્વામીને મહારાજ વહાલા બહુ હતા, પરંતુ જેમ છે તેમ શ્રીહરિને સર્વોપરી સમજવાની ખામી હતી. તેથી શ્રીહરિ તેમને ધામમાં લઈ જતા નહિ. પરંતુ આ સંત બહુ મહાન હતા, શુદ્ધ હૃદયના હતા.

દોહા : **મોટા વખાણે જેમને, તે નાના ન કહેવાય;**
ગોપાળાનંદ સ્વામીએ, વખાણ્યા સ્વામી ભાય...૧૭૫

ગોપાળાનંદસ્વામી કહેતા હતા કે, 'ગુણાતીતાનંદસ્વામી, મુક્તાનંદ સ્વામી, બ્રહ્માનંદસ્વામી, આત્માનંદસ્વામી અને કૃપાનંદસ્વામી એ જે પાંચ સાધુ તેમનો રાત્રિપ્રલય સુધી સમાગમ કરીએ ત્યારે સંપૂર્ણ સાધુ થવાય.' *(સંદર્ભ : નિર્ગુણ.વાત-૨૨૮)*

ગોપાળાનંદસ્વામી મોટા સંત હોવા છતાં આ પાંચ સંતને તેમણે વખાણ્યા છે. સંત એને કહેવાય કે જે બીજાના વખાણ કરે. **માણસ જ્યારે પોતાના વખાણ અને બીજાની ટીકા-નિંદા કરે ત્યારે તે ખૂબ વામણો લાગે છે; અને બીજાનાં વખાણ કરે અને પોતાના દોષ કહે ત્યારે તે ખૂબ સારો લાગે છે.** ગોપાળાનંદસ્વામીએ સ્વામીના વખાણ કર્યા છે. માટે..

દોહા : **એવી સાધુતા શીખવી, નાની સુની નહિ વાત;**
કાં જે સાધુતાના ગુણથી, હરિ થાય રળિયાત...૧૭૬

અન્ય સંતો-ભક્તોના વખાણ કરવામાં, ગુણ ગાવામાં જ આપણું સારું છે. ગોપાળાનંદસ્વામી કેટલા મહાન સંત હતા ? છતાં બીજાને મોટા કરતા. **જે બીજાને મોટા કરે છે તે જ ખરેખર મોટા છે.** જેને અહં હોય, જીદ્દી સ્વભાવ હોય, નાના થઈ જવાની બીક લાગતી હોય તે ક્યારેય બીજાને મોટા કરી શકતો નથી કે બીજાના ગુણ ગાઈ શકતો નથી. જે બીજાને બીરદાવી શકે છે, સત્ય વાત સમજાવી શકે છે તે જ પ્રભુનો પ્યારો બની શકે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિની સ્વામીએ કાળથી રક્ષા કરી' એ નામે તેતાળીશમો અધ્યાય થયો. ॥૪૩॥

અધ્યાય-૪૪

મનમુખી સદા દુઃખી

દોહા : **અન્યને સમજાવવામાં, સ્વામી હતા ચતૂર;**
બીજાનું ભલું કરવામાં, રહેતા સદા આતુર...૧૭૭

ભાયાત્માનંદસ્વામી સત્સંગમાં રહીને વિમુખ થવાની ઈચ્છાવાળાને પણ ઘણી સમજૂતી આપતા. જેને પોતામાં શ્રેષ્ઠતા મનાય અને બીજા નબળા લાગે તે સત્સંગમાંથી જરૂર પડે. શ્રીહરિએ આવાનાં લક્ષણ બતાવતાં વચ.ગ.પ્ર.૨૮માં કહ્યું છે કે, "જે સત્સંગી સત્સંગમાંથી પાછો પડવાનો હોય તેને અસદ્‌વાસનાની વૃદ્ધિ થાય છે ને તેને પ્રથમ તો દિવસે દિવસે સત્સંગીમાત્રનો અવગુણ આવે છે ને પોતાના હૈયામાં એમ જાણે જે, 'સર્વે સત્સંગી તો અણસમજુ છે ને હું સમજું છું' એમ સર્વથી અધિક પોતાને જાણે અને રાત્રિ-દિવસ પોતાના હૈયામાં મૂંઝાયા કરે અને દિવસમાં કોઈ ઠેકાણે સુખે કરીને બેસે નહિ અને રાત્રિમાં સૂવે તો નિદ્રા પણ આવે નહિ અને ક્રોધ તો ક્યારેય મટે જ નહિ અને અર્ધબળેલા કાષ્ઠની પેઠે ધૂંધવાયા કરે, એવું જેને વર્તે ત્યારે તેને એમ

જાણીએ જે, 'એ સત્સંગમાંથી પડવાનો થયો છે." આવા સંતો-ભક્તોને સમજાવવામાં સ્વામી ચતુર હતા. માન મૂકી સામે ચાલી તેની પાસે જઈ સ્વામી કહેતા કે, 'ભાઈ સત્સંગમાં પડ્યો રહે. તેમાં જ તારું કલ્યાણ છે.'

એક સમયે ભાઈસ્વામી જૂનાગઢ આવ્યા. ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ તેમને કહ્યું કે, "મનોહરદાસ અને અક્ષરજીવનદાસ આ બેય મૂર્ખને સમજાવો. કેમ જે, સત્સંગ છોડીને જાવા તૈયાર થયા છે. અને ઓલા ચૂડાનો હરિકૃષ્ણ ભગવાન થયો છે, તેના ગુણ ગાય છે." તેથી ભાઈસ્વામીએ તે બેયને ઘણું સમજાવ્યા પણ ન સમજ્યા. અને પછી તે બેય સવારે વહેલા ઊઠીને ચૂડા ગામમાં હરિકૃષ્ણ પાસે ગયા. પણ મોટા સંતનું ન માન્યું તેથી બહુ દુઃખી થયા હતા.

દોહા : **માને નહિ જે મોટાનું, દુઃખી થાય અપાર;**
માટે મોટાના વચનમાં, કરવો નહિ ફેરફાર...૧૭૮
સત્સંગ છોડી જાવું નહિ, મનમુખીની પાસ;
દિવ્ય આ સત્સંગે રહો, થઈને દાસના દાસ...૧૭૯

જે આ સત્સંગમાં દાસનો દાસ થઈને રહે તેને કોઈ વિઘ્ન ન આવે. માટે સુખી થાવું હોય તો જેમ પવન પડી જાય છતાં ઝીણી રજકણો હવામાં ઊડતી દેખાય છે. એવા હળવાફૂલ થઈ આ સત્સંગમાં રહેવું. જેમ વાળે તેમ વળવું અને સહુમાં ભળવું. **જેમ સાકરનો ગાંગડો દૂધમાં ગળે તો સુંદર સ્વાદ મળે તેમ જે પોતાનો અહંરૂપી ગાંગડો સંતો-ભક્તોમાં ગાળશે તે ભગવાનને ભાળશે.**

વળી, સ્વામીની બીજી વિશેષતા એ હતી કે તેમની ટોકણી આકરી બહુ હતી, વાણી ધારદાર હતી.

દોહા : **સ્વામીની ટોકણી આકરી, કાપતી ભક્તબંધન;**
શિવલાલ જેવાનાં પણ, છોડાવ્યાં'તાં વ્યસન...૧૮૦
મોટા જાણી બીજા તો, કહી શકે નહિ કાંય;
જીવનું રૂડું કરવા માટે, શરમ ન રાખતા ભાય...૧૮૧

ગુણાતીતાનંદસ્વામીએ પોતાની વાતોમાં એક પ્રસંગ લખ્યો છે કે, “આજ તો છોકરો સત્સંગી થાય ત્યારે રાજી થાય. એકને મણ સાકર ખવરાવીને સત્સંગી કર્યો ને એક જણને સોપારીનું બંધાણ છોડાવ્યું. ને શિવલાલભાઈ સોપારીનો કટકો ખાતા હતા ને સભામાં બેસીને ભાયાત્માનંદસ્વામીની વાતું સાંભળતા હતા. ત્યારે વારે વારે કટ કટ થાતું સાંભળી સ્વામી કહે જે, ‘આટલામાં કૂતરાની પેઠે કોણ હાડકું કરડે છે ?’ તે સાંભળી શિવલાલભાઈ ઊભા થયા ને બહાર જઈને કટકો થૂંકી નાખ્યો ને સોપારી ન ખાવી, એવું નિયમ લીધું.”

તે **વઢીને કહે તોય ગુણ લે એવા થોડા હોય.** બહુ ખપવાળાનું આ કામ છે. જેમ ઢોરને ખાણ ગમે તેમ જીવને તો વખાણ જ ગમે છે. પરંતુ સાચું કીધા વિના ઘડતર થાય નહીં. ભણતર, ચણતર અને ઘડતર આ જ્યારે થતું હોય ત્યારે કઠણ પડે, બહુ ન ગમે. પરંતુ એકવાર ઘડાય પછી સહુ લોકો આદર આપે.

સમુ સમજે શોધતાં એવા, જોતાં ઝાઝા નવ જડે રે;
જેને ન આવડે અવળું લેવા, વણતોળી વિપત્ય જો પડે રે.

વિપત્તિ વેળાએ પણ સવળું જ લે એવા ઝાઝા હોતા નથી. અને વઢીને કહે ને સવળું લે એવા તો કદાચ હોય પણ વઢી-ટોકીને જેમ છે તેમ કહી શકે એવા વિરલ પુરુષો પણ બહુ ઓછા હોય છે. મહાદેવભાઈ દેસાઈ કહેતા કે, ‘ગાંધીજીની આત્મકથા સાંભળવી સહેલી છે. તેમની વાતો કહેવી-સાંભળવી સારી છે. પણ તેમની ભેળા રહેવું તે તલવારની ધાર પર ચાલવા જેવું કઠણ છે. અને જીવન તો તેમના જેવા વિરલ પુરુષથી જ ઘડાય છે.’

દોહા : **સાચું કહેનાર થોડા, પંપાળનારા અનેક;**
વખાણી વખાણી સાધે, સ્વાર્થ પોતાનો એક...૧૮૨
ભાયાત્માનંદ સ્વામી તો, ટોકતા હતા અપાર;
દર્દી ઉપર પ્રેમ હતો, દર્દ ઉપર તો ખાર...૧૮૩

ડૉક્ટરને દર્દી વહાલો હોય છે પણ તેનું દર્દ નહીં. તેમ મોટા સંતોને પણ સંતો-ભક્તો બહુ વહાલા હોય છે, પણ તેમના દોષો કે દુર્ગુણો નહીં. અને એટલે જ તે કડવાં વચન કહીને પણ ડૉક્ટરની જેમ આપણા દુર્ગુણો દૂર કરે છે. એ એમની મહાનતા છે. માટે આપણને વઢનારા ગમે છે કે વખાણનારા ગમે છે ? તે તપાસવું.

દોહા : **સ્વામી વાગડ ગામમાં, રહ્યા'તા વર્ષ ત્રીશ;**
સાલાસરને મોરસિયા, વાગડ પામ્યા આશીષ...૧૮૪

વાગડ અને મોરસિયા બન્નેની સીમમાં વીસ વીઘાની વાડી છે. તેની ફરતો ગઢ જેવો વંડો છે. તે વાડીના કૂવાનું પાણી સ્વામીને બહુ જ માફક આવ્યુ હતું. તે પાણીના સેવનથી તેમને દ્વેષીઓએ ઝેર આપેલું હતું તે પીડામાં બહુ જ રાહત રહેતી હતી. અહીં નિવાસ કરતા સ્વામીને એકસો સોળ વર્ષ પૂરાં થયાં. પરંતુ મહારાજ તેમને ધામમાં લઈ જતા ન હતા. તેની ચિંતા તેમને સતાવતી હતી કે, ક્યાં સુધી આ દેહને લઈને ફરવું ? મહારાજ મને કેમ તેડી જતા નથી ?

દોહા : **ભાઈ કહી બોલાવતા, હેત રાખતા અપાર;**
પણ તેડવા આવવામાં, કેમ લગાડી વાર...૧૮૫

આમ ચિંતા રહેતી. એવામાં ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજને પધરાવવાનો અવસર આવ્યો. તેથી આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ ગઢપુર આવ્યા. અને ભાઈસ્વામીને વાગડથી તેડાવ્યા. તેથી સ્વામી હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા ઉત્સવમાં ગઢપુર પધાર્યા.

દોહા : **આચાર્ય તેમને તેડાવતા, આપતા આદર-માન;**
જાણી સ્વામીને મોટા, કરતા અતિ સન્માન...૧૮૬

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'મનમુખીને અપાર દુઃખ આવે અને સંતમુખી સુખી રહે' એ નામે ચુંમાળીશમો અધ્યાય થયો. ।।૪૪।।

અધ્યાય-૪૫

શિવલાલ શેઠને ઉપદેશ તથા જ્ઞાન માટે સંતની આવશ્યકતા

સ્વામી આવ્યા તેથી આચાર્યશ્રી તથા સહુ સંતો-ભક્તો અતિ રાજી થયા. આ સમયે એક પ્રસંગ બન્યો તે ઉન્મત્તગંગા માહાત્મ્ય અ.૮૦માં વિહારીલાલજી મહારાજે લખ્યો છે,

ઉન્મત્ત ગંગા માહાત્મ્યે, વાત લખી સુખદાઈ;
આત્માનંદસ્વામી કહે, સુણે શિવલાલભાઈ...૧૮૭

એકવાર શિવલાલ શેઠે ગઢપુરમાં પરમહંસોની ધર્મશાળામાં પ્રસન્ન મુખે બેઠેલા ભાયાત્માનંદસ્વામીને વિનયપૂર્વક પ્રશ્ન પૂછ્યો, 'હે કરુણાનિધિ સ્વામી ! સાક્ષાત્ પરમાત્માનું જ્ઞાન મને જે કરવાથી થાય તેવો ઉપાય બતાવો ?'

ત્યારે ભાયાત્માનંદસ્વામી કહે, "**જેને યથાર્થરૂપમાં સમજવાથી અમૃતત્ત્વ, કહેતાં મોક્ષની પ્રાપ્તિ થાય છે, એવા તો એક સ્વામિનારાયણ ભગવાન છે.** તે એકવાર મારા કહેવાથી શ્રીહરિ ઉન્મત્તગંગામાં સ્નાનાર્થે આવ્યા. અને મારી સાથે મહારાજે તથા પરમહંસોએ સ્નાન કર્યું. પછી ભક્તને ઈચ્છિત ફળ દેનારા શ્રીહરિએ ત્યાં સભા કરી. અમે સ્નાન કર્યું તેનું નામ **'આત્માનંદ ઘાટ'** રાખ્યું. પછી મહારાજે કહ્યું કે, **'અહીં જ્ઞાનફલપ્રાપ્તિ નામે શુભ તીર્થ રહેશે. જે અહીં સ્નાન કરશે તેને અનુભવાત્મક જ્ઞાન પ્રાપ્ત થશે.'** માટે તમો તે ઘાટે જઈને વિધિએ સહિત સ્નાન કરો તેથી તમને ભગવાનના સ્વરૂપનું યથાર્થ જ્ઞાન થશે."

ત્યારે શિવલાલ શેઠે પ્રશ્ન પૂછ્યો જે, 'હે સ્વામી ! આપ ભગવાનના સ્વરૂપનું જ્ઞાન થાય તે માટે લોકોને ઉપદેશ કરો છો, તે હું સાંભળવા ઈચ્છું છું.' ત્યારે અખંડ મહારાજના સ્વરૂપમાં વૃત્તિ રાખનારા ભાઈસ્વામીએ ધીરા રહીને કહ્યું કે,

हरिवाक्यसुधासिन्धोः, श्रवणं सद्गुरोर्मुखात् ।।
कुर्याद् यः पुरुषः सोऽपि, ज्ञानं यायाद्धरेर्जनः ।।३२।।

સદ્‌ગુરુ સંતના મુખથી હરિવાક્યસુધાસિંધુ કહેતાં વચનામૃત જેવા ગ્રંથનું જે આદર થકી શ્રવણ કરે તે ભક્તને ભગવાનનું જેમ છે તેમ જ્ઞાન થાય છે. વળી, જ્ઞાન મેળવવાનો અભ્યાસ કરનારાએ એક બાબત સમજી રાખવી જોઈએ, શું..? **તો તેને ભગવાનનાં સ્વરૂપનું સતત ચિંતવન કરવું. અખંડ ભગવત્‌પરાયણ થવું.** તેનું નામ જ જ્ઞાનનો અભ્યાસ છે. ત્રીજું જિજ્ઞાસુ ભક્તોએ ભેગા મળી ભગવત્‌સ્વરૂપને પરસ્પર સમજવું અને સમજાવવું. જ્યારે મનુષ્યને ભગવાનનાં સ્વરૂપનું જ્ઞાન થાય છે ત્યારે તે ભક્ત અદ્વેષ્ટા, કહેતાં સુખ-દુઃખથી અને હર્ષ-શોકથી પર થાય છે. તથા રાગ-દ્વેષથી રહિતપણું વગેરે ગુણો આપોઆપ તેમાં આવે છે.'

સ્વામી કહે, 'હું એવું માનું છું કે જે ભક્તો એકાંતિક ધર્મમાં પરિપક્વ થયા હોય, નિર્મળ મનના હોય તેમાં આ સદ્‌ગુણો આવે છે. અને તે બધા અક્ષરધામમાં જાય છે. બીજાને તે ધામ મળતું નથી.' આવી સ્વામીની વાત સાંભળી શેઠ બહુ રાજી થયા. પછી સ્વામીએ કહ્યું તે પ્રમાણે આત્માનંદઘાટે જઈ સ્નાન કર્યું. ને વસ્ત્ર-આભૂષણાદિક પદાર્થો મંદિરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજને અર્પણ કર્યા.

દોહા : **સ્વામીની આજ્ઞા પ્રમાણે, કરતા હતા શિવલાલ;**
ભાઈસ્વામીનાં વચનમાં, માન્યો હતો બહુ માલ...૧૮૮
સ્વામીનું એવું વર્તન હતું, ભલભલાને આવે ગુણ;
સ્વામીના નિર્મળ વચનનો, અનાદર કરે જ કુણ ?..૧૮૯

આમ, આ સંતના એક એક પ્રસંગ આપણને ઘણું ઘણું શીખવી જાય છે. આપણાં બહુ મોટાં ભાગ્ય છે કે આપણને શ્રીહરિના અતિ વહાલા આવા સંતો-ભક્તોની જીવનગાથાઓ મળી છે.

❊ શ્રીહરિને સમજવા મોટા સંતની આવશ્યકતા :

દોહા : **સાચા સંત સંસારમાં, મળવા અતિ મુશ્કેલ;**
સાચા સંત મળ્યા વિના, મળે નહીં ઉકેલ...૧૯૦

સર્વોપરી શ્રીહરિના, સર્વોપરિ જે સંત;
સર્વોપરી જાણે હરિને, એવા મોટા મહંત...૧૯૧

એને શ્રદ્ધાથી સેવીએ, રાખી અતિ વિશ્વાસ;
સર્વોપરિ તો થાય નિષ્ઠા, પહોંચીએ પ્રભુ પાસ...૧૯૨

પામીએ મહા આનંદને, એવા સંતને પ્રતાપ;
એવા સંતને જે સેવશે, એને મળશે હરિ આપ...૧૯૩

એવા સંતનો સમાગમ તો, મોટા મોટાને દુર્લભ;
એવાને મળતા સર્વોપરિ, નિષ્ઠા થાય સુલભ...૧૯૪

સ્વામિનારાયણ ભગવાનને જેવા જાણવા જોઈએ તેવા સર્વોપરી, સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ સમજે; પછી રાત્રિ-દિવસ આનંદથી શ્રીહરિની ઉપાસના કરે; મહારાજની મરજી પ્રમાણે જીવન જીવે; આવા સાધુ મળવા બહુ દુર્લભ છે.

સંતોનો મહિમા અપાર છે. સંતોનાં ચરિત્ર અદ્‌ભુત છે. તેમના એક એક પ્રસંગ અનુપમ પ્રેરણા આપે એવા હોય છે. સંતસમાગમનું ફળ મહાન છે. સંતોનું મિલન અતિ દુર્લભ છે. અને સંત મળે તે મોટા સદ્‌ભાગ્યની વાત છે. સંતોનાં દર્શન પાપને નાશ કરનાર અને જીવનને પાવન કરનાર છે. સાચા સંતની સેવા મોક્ષનું દ્વાર ઉઘાડનારી છે. પરંતુ એવા મોટા સંત મળવા દુર્લભ છે. અને **મળે પછી ઓળખવા પણ દુર્લભ છે. જેને સંત મળ્યા, તેને ઓળખ્યા અને તેને સોંપાઈ ગયા તેનાં સર્વે કામ પૂરાં થયા.** જેને પંચવર્તમાને પૂરા અને શ્રીહરિની સર્વોપરી નિષ્ઠામાં શૂરાં સંતનાં વચનમાં દૃઢ વિશ્વાસ આવ્યો, તો તેને કોઈ ખામી ન રહે. ભૂંડા દેશકાળનાં વાવાઝોડાંમાં પણ જે એવા સંતને ડગ્યા વિના સેવે છે, સદા તેમનાં વચનમાં વિશ્વાસ રાખે છે, તો તે અંતે અક્ષરધામમાં ભગવાનનાં ચરણમાં જ નિવાસ પામે છે. અક્ષરમુક્ત જેવી મોટપ મળે છે, તેમાં કોઈ ફેર ન પડે.

દોહા : **મોટા મળે મોટપ મળે, મળે સર્વોપરિ જ્ઞાન;**
એવી નિષ્ઠા દૃઢ થાતા, મળે સર્વોપરિનું દાન...૧૯૫
એવી કથા આત્માનંદની, વાંચી કરવો વિચાર;
સર્વોપરિ 'જ્ઞાન' પામીને, થાવું સુખિયા અપાર...૧૯૬

હવે ભાયાત્માનંદસ્વામીના જીવનની અંતિમ અને રહસ્યમય કથા આવે છે. આ કથા શ્રીહરિનો મહિમા સમજાવનારી છે. ભટકેલાને રસ્તો બતાવનારી છે. સમજણમાં કાંઈક ઊણું રહ્યું હોય, તો તે પૂરી કરે તેવી કથા છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શિવલાલ શેઠને ઉપદેશ તથા જ્ઞાન માટે સંતની આવશ્યકતા બતાવી' એ નામે પિસ્તાળીશમો અધ્યાય થયો. ॥૪૫॥

અધ્યાય-૪૬

ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા

દોહા : **સંવત ઓગણીસો સોળની, હતી મનોહર સાલ;**
તે દિ ગઢડે પધરાવિયા, હરિકૃષ્ણ ભક્તિલાલ...૧૯૭
સમૈયો બહુ સારો થયો, માણસો આવ્યા અપાર;
સૌના હૈયામાં હોંશ છે, નિરખવા ધર્મકુમાર...૧૯૮

સંવત ૧૯૧૬ની સાલમાં મોટીબાના અંતરમાં ખૂબ ઉમંગ હતો. દાદાના દરબારમાં શ્રીહરિ વર્ષો સુધી રહ્યા. મહારાજ જે વાસણોમાં જમેલા, જે ઘરેણાં પહેરેલાં, તે પ્રસાદીનાં તાંબાં-પિત્તળનાં બધાં વાસણ અને સોનું વગેરેને ઓગળાવીને તેમાંથી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બનાવડાવી. અને એ મૂર્તિ ગોપીનાથજી મહારાજની બાજુમાં સ્થાપન કરવાની મોટીબાની ઈચ્છા હતી. તે સમયે આવા મોટા ઉત્સવના યજમાન બની રૂપિયા ખર્ચી શકે એવા ભક્ત મળવા દુર્લભ હતા. પરંતુ મોટીબાની નજરમાં બોટાદના શિવલાલ શેઠ આવ્યા. મોટીબાએ શેઠને વાત કરી.

શેઠે મોટીબાની ઇચ્છાને સહર્ષ વધાવી લીધી. ગઢપુરમાં બહુ સારો સમૈયો થયો. દેશદેશાવરથી અસંખ્ય સંતો-ભક્તો આવ્યા.

પછી શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિ પધરાવવાનો સમય થયો. ત્યારે શ્રીહરિકૃષ્ણ મહારાજની મૂર્તિને લઈને શ્રીગોપીનાથજી મહારાજની પડખે ઊભી રાખી. પછી સર્વે કડિયાઓ મૂર્તિને આડી-અવળી ફેરવે, પણ બેસતી ન આવે. એમ ત્રણ પહોર રાત્રી ગઈ. પછી તો સર્વે કડિયા જ્યાં આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ અને ગુણાતીતાનંદસ્વામી વગેરે સંતો બેઠા હતા ત્યાં આવ્યા. અને કહે, 'મહારાજશ્રી ! હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ ફેરવી ફેરવીને અમે તો થાકી ગયા, પણ કાંઈ બેસતું આવતું નથી ને સવારમાં તો આરતી કરવાની છે. તેનું હવે અમારે કેમ કરવું ?'

ત્યારે ગુણાતીતાનંદસ્વામી તથા ભાયાત્માનંદસ્વામી વગેરે સર્વે સંતો વિચાર કરવા મંડ્યા કે, 'હવે આપણે શું કરવું ? ને હમણાં સવાર થઈ જાશે, અને સવારમાં તો આરતી કરવી છે.' પછી ભાયાત્માનંદસ્વામી તથા ગુણાતીતાનંદસ્વામી બોલ્યા જે, **"હે રઘુવીરજી મહારાજ ! આ હરિકૃષ્ણ મહારાજ તમારા બાપ છે, તે તમારું માનશે. માટે તમે જઈને મહારાજને પધરાવો."** ત્યારે રઘુવીરજી મહારાજ બોલ્યા જે, "ઠીક, આપ કહો છો તેથી હું જાઉં છું."

પછી રઘુવીરજી મહારાજે જઈને હરિકૃષ્ણ મહારાજને હાથે કરીને જરાક ફેરવ્યા ત્યાં ઝટ દઈને આપોઆપ સિંહાસનમાં બેસી ગયા. અને તેમાં કાંઈ પણ આડું-અવળું કરવું પડ્યું નહીં. આ એક પરચો છે. કેમ જે, હરિકૃષ્ણ મહારાજની મૂર્તિ બાવીસ મણની છે. તે ઉપાડવા કેટલા બધા વ્યક્તિ જોઈએ !? પરંતુ શ્રીહરિ આપોઆપ બેસી ગયા.

પૂર્વછાયો : **સંતનાં વચને હરિ બેઠા, આચાર્યશ્રીને હાથ;**
હરિકૃષ્ણ મહારાજ છે, પ્રત્યક્ષ સહુના નાથ...૧૯૯

ભાયાત્માનંદ સ્વામીને, વ્હાલે આપ્યાં દર્શન;
તેહ કથા સહુ સાંભળો, સુણાવું જ્ઞાનજીવન...૨૦૦

હરિકૃષ્ણ મહારાજ તો મહારાજશ્રીએ સ્પર્શ કર્યો ત્યાં સ્વસ્થાને બેસી ગયા. પછી ભાઈસ્વામી પોતાને આસને આવીને સૂતા. ત્યાં તો સવારના ચાર વાગ્યા. ત્યારે મહારાજ જેવા મનુષ્યરૂપે હતા તેવા જ પ્રત્યક્ષરૂપે ભાઈસ્વામી સૂતા હતા, ત્યાં તેની ખાટલી ઉપર ઓશીકે આવીને બેઠા. ત્યારે ભાઈસ્વામીએ મહારાજનાં દર્શન કર્યાં.

પછી ભાઈસ્વામી ખાટલી ઉપરથી બેઠા થયા અને હેઠા ઊતરવા માંડ્યા. ત્યારે મહારાજ કહે, 'ભાઈ ! બેઠા રહો.' એટલે ભાઈસ્વામી પાંગતે બેઠા અને મહારાજ ઓશીકે બેઠા. પછી સ્વામી મહારાજ સામું થોડીવાર જોઈ રહ્યા. ત્યાં મહારાજ ખાટલા ઉપરથી ઊતર્યા ને ચાલ્યા. **મહારાજને ચાલતા જોઈ ભાઈસ્વામી ઊભા થયા. પછી મહારાજ ચાલતાં ચાલતાં મંદિરમાં જ્યાં ગોપીનાથજી મહારાજની બાજુમાં શ્રીહરિકૃષ્ણ મહારાજની સ્થાપના કરી તે મૂર્તિમાં જઈને પ્રવેશ કરી ગયા.** એટલે ભાઈસ્વામી પાછા ખાટલી ઉપર આવીને બેઠા.

ત્યાં રઘુવીરજી મહારાજના પાળા ભાઈસ્વામીને તેડવા આવ્યા. અને કહે, 'હે સ્વામી ! રઘુવીરજી મહારાજ તમને દર્શન કરવાં સારુ બોલાવે છે.' ત્યારે ભાઈસ્વામી બોલ્યા જે, 'અમને તો હમણાં મહારાજનાં દર્શન થયાં. ને મહારાજ અત્યાર સુધી અહીં હતા. હમણાં જ ઊઠીને અહીંથી મંદિરમાં આવ્યા અને હરિકૃષ્ણ મહારાજની મૂર્તિમાં પ્રવેશ કરી ગયા; તે મેં નજરે જોયું. માટે **આ હરિકૃષ્ણ મહારાજ તો પ્રત્યક્ષ ભગવાન છે.'**

પછી એ વાત ભાઈસ્વામીએ રઘુવીરજી મહારાજ પાસે આવીને વિસ્તારીને કરી દેખાડી. તે વાત સાંભળીને રઘુવીરજી મહારાજ તથા ગુણાતીતાનંદસ્વામી વગેરે સહુ સંતો-ભક્તો બહુ રાજી થયા. અને એમ બોલ્યા જે...

દોહા : **ગઢપુરમાં બિરાજે છે, શ્રીહરિકૃષ્ણ મહારાજ;**
ઘોર કળિમાં સાક્ષાત્ છે, પ્રત્યક્ષ પ્રભુજી આજ...૨૦૧

ચોપાઈ :

આવા સ્વરૂપો આપણે ઘેર રે, નિજ ભક્તોને કરાવે છે લે'ર રે;
દુ:ખ ટાળી સુખ સારી પેર રે, આપે છે શ્રીહરિ કરી મે'ર રે...૨૦૨

(સંદર્ભ : મોનજીભગતની વાત.૩૫)

આમ, સ્વામિનારાયણ ભગવાન આ સંપ્રદાયમાં સદા પ્રગટ બિરાજે છે. માટે આ સંપ્રદાય બહુ ભાગ્યશાળી છે. ભગવાનની કૃપાનું પાત્ર છે. સ્વામિનારાયણ ભગવાનના આશ્રિતો સહુ સનાથ છે. કેમ જે, તેઓ પ્રગટના આધારવાળા ને બળવાળા છે. આ દિવ્ય ભગવત્સ્વરૂપોનો આધાર શ્રીહરિએ પોતે જ રાજી થઈને આપ્યો છે. આ સ્વરૂપોનું ધ્યાન, ભજન, સેવા કરતાં કરતાં સહેજે ભક્તો અક્ષરધામને પામે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ગઢપુરમાં શ્રીહરિકૃષ્ણ મહારાજ પધરાવ્યા' એ નામે છેતાળીશમો અધ્યાય થયો. ॥૪૬॥

અધ્યાય-૪૭

સ્વામીને સર્વોપરી નિશ્ચય થયો

ભાયાત્માનંદસ્વામી મહારાજશ્રીના આમંત્રણથી શ્રીહરિકૃષ્ણ મહારાજના પ્રતિષ્ઠા પ્રસંગે ગઢપુર આવ્યા. શિવલાલ શેઠને જ્ઞાન આપ્યું. પ્રભુએ સ્વામીને દિવ્ય દર્શન આપ્યાં. હવેની કથા મહારાજની ઈચ્છા પ્રમાણે ચાલનારી છે. અને આપણા માટે અતિ ઉપયોગી છે.

દોહા : **ભાયાત્માનંદ સ્વામીનું, કરવા રૂડું કામ;**
અંતરમાં કરી પ્રેરણા, રાજીપે ઘનશ્યામ...૨૦૩
પંચતીર્થી જૂનાગઢની, કરવા થયો વિચાર;
જુનાગઢની જાત્રાએ, જવા કર્યો નિરધાર...૨૦૪

એકસો સત્તર વર્ષની, સ્વામીની છે ઉંમર;
સર્વોપરિનો રાજીપો, અતિ થયો સ્વામી ઉપર...૨૦૫

જેહ કસરને કારણે, રાખ્યો હતો દેહ;
તેહ કસરને કાઢવા, કર્યો છે ઉપાય એહ...૨૦૬

સર્વોપરી નિશ્ચયમાં, સ્વામીને હતી કસર;
કસર ટાળવા કૃપા કરી, હરિએ સ્વામી ઉપર...૨૦૭

એહ કથા તો અનુપ છે, સહુને જાણવા જોગ;
સર્વોપરી નિશ્ચયમાં, ખામી તે મોટો રોગ...૨૦૮

નિજમાં હોય તો ટાળવી, આવી ખામી જરૂર;
અક્ષરધામ તો વસીએ, સદા હરિની હજૂર...૨૦૯

નહિ તો બીજા ધામમાં, ગતિ આપણી થાય;
આવી સત્ય કથા સુણી, કસર તજો બાઈ-ભાય...૨૧૦

સ્વામીને વા'લા હરિ છે, હરિને વા'લા ભાઈ;
તેથી રાજી થઈને, કૃપા કરી હરિરાઈ...૨૧૧

પ્રેરણા આપી મોકલ્યા, જૂનાગઢ જાત્રાય;
છૂપું રહસ્ય એ જ છે, જાણો આ યાત્રામાંય...૨૧૨

ગઢપુરમાં હરિકૃષ્ણ મહારાજની પ્રતિષ્ઠા બાદ સ્વામીશ્રી સંતમંડળ સાથે યાત્રા કરતા જૂનાગઢ પધાર્યા અને ત્યાં રોકાયા. જેના રોમરોમમાં સ્વામિનારાયણ ભગવાનની ખુમારી છલકાઈ રહી છે એવા ગુણાતીતાનંદ સ્વામી જૂનાગઢના મહંત છે. ભાયાત્માનંદસ્વામીને સ્વામી સાથે ખૂબ હેત છે, તો ગુણાતીતાનંદસ્વામી ભાયાત્માનંદસ્વામી વિશે ગુરુભાવ રાખે છે.

પહેલાં ગુણાતીતાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી સાથે રહેતા. પરંતુ બ્રહ્માનંદસ્વામી મોટા કવિ એટલે ખાવા-પીવા વગેરે દૈહિક સગવડો ખૂબ જ મળે. અને ભાયાત્માનંદસ્વામી મહા ત્યાગી એટલે તેમની સાથે રહેવામાં સહેજે ત્યાગ-વૈરાગ્યની દઢતા થાય તેવા હેતુથી

ગુણાતીતાનંદસ્વામી બ્રહ્માનંદસ્વામી પાસેથી ભાયાત્માનંદસ્વામી ભેળા રહેવા ગયેલા. ત્યારથી ભાયાત્માનંદસ્વામી સાથે તેમને ખૂબ હેત હતું. તેથી ભાયાત્માનંદસ્વામી જૂનાગઢ આવ્યા એટલે ગુણાતીતાનંદસ્વામી ખૂબ રાજી થયા.

તે જ રાત્રીએ મહારાજે ગુણાતીતાનંદસ્વામીને દર્શન દીધાં અને કહ્યું, 'આ ભાયાત્માનંદસ્વામી અમને બહુ જ વહાલા છે. તેમણે અમારાં વચને આખી જિંદગી ઘસી નાખી. આ ઉંમરે પણ અમારું નાનું સરખું વચન લોપ્યું નથી. પરંતુ અમારું સ્વરૂપ સમજવામાં તેમને ખામી છે. તેથી અમે તેમને ધામમાં તેડી જતા નથી. અને આયુષ્ય લંબાવ્યે જઈએ છીએ. મનમાં એમ થાય છે કે, ભાઈસ્વામી અમારા સ્વરૂપને જેમ છે તેમ સમજે તો સારું. કેમ જે, તો અમારા ધામમાં, અમારી સેવામાં બહુ સુખ આવે. તે માટે આજે અમારી ઈચ્છા અને પ્રેરણાથી અહીં આવ્યા છે, તો તમો તેમને બોલાવીને જેમ છે તેમ અમારું સ્વરૂપ સમજાવો અને અમારી સર્વોપરી નિષ્ઠા કરાવજો.' ત્યારે સ્વામી કહે, 'મહારાજ, ભાઈસ્વામી માનશે ?' એટલે મહારાજ કહે, 'હવે તેમને તમારાં વચન મનાશે.' એમ કહી શ્રીહરિ અંતર્ધાન થઈ ગયા.

ગુણાતીતાનંદસ્વામી વિચારતા રહ્યા. સવાર થયું. સ્નાન, પૂજાપાઠ કર્યા પછી તરત જ સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામી ભાઈસ્વામીને મળવા ગયા. બંને મહાપુરુષો ભાવથી ભેટ્યા. પછી બેઠા ત્યારે ગુણાતીતાનંદ સ્વામીએ કહ્યું, 'ભાઈસ્વામી ! આપ ખોટું ન લગાડતા. મહારાજનો એક સંદેશો કહેવા આવ્યો છું. ને મારો એક પ્રશ્ન છે કે તમારો દેહ નથી પડતો એનું કારણ તમે જાણો છો ? આ તમારે ૧૧૭મું વર્ષ ચાલે છે, શરીર સાજું રહેતું નથી; છતાં મહારાજ તમને ધામમાં કેમ તેડી જતા નથી ?' ત્યારે ભાયાત્માનંદસ્વામી કહે, 'ના મહારાજ, હું એનું કારણ જાણતો નથી.'

દોહા : **મારામાં શું ખામી છે ? કહોને જોગીરાજ;**
તેડી જાતા કેમ નથી, ધામમાં મને મહારાજ...૨૧૩

આવા મોટાને પણ પોતાની ખામી પોતાની મેળે સમજાતી નથી. વ્યાસ ભગવાને સત્તર પુરાણ લખ્યા, છતાં શાંતિ ન થઈ અને પોતાની ખામી ન પકડાણી. પછી નારદજી પાસે હાથ જોડ્યા અને નારદજીએ કહ્યું તેમ કર્યું ત્યારે શાંતિ થઈ. આવા મોટાઓ પણ પોતાની ખામી ટાળવા બીજાને હાથ જોડતા અને આપણે નાના તથા અજ્ઞાની હોવા છતાં કોઈને પૂછતા નથી, અભિમાની થઈને ફરીએ છીએ. નાના થવું ગમતું નથી, પણ યાદ રાખો **'જે મોટાની આગળ નમી જાય, તે હરિને ગમી જાય. જે મોટા આગળ હળવાફૂલ થઈને રહે છે, સેવા કરે છે, તેની તમામ કસર ટળે છે.'**

સાચા મુમુક્ષુએ આ કથા સાંભળીને જાગવું ને અંતરનું અભિમાન ત્યાગવું. ધર્મનું, વૈરાગ્યનું, જ્ઞાનનું, સદ્‌ગુણોનું, સેવાનું, અભિમાન કે જૂનાપણાના કેફમાં મોટા હોય તેને નમી ન શકતા હોઈએ તો તે પણ દેહાત્મબુદ્ધિને દૃઢ કરાવે. આપણે જૂના હોઈએ એટલે મહાન છીએ એવું નથી, મહાનતા વસ્તુ જુદી છે. જેમ બાળક માતાનું દૂધ ચૂસીને મોટો થાય છે, તેમ મુમુક્ષુ મોટા સંતોને પૂછી પૂછીને મહાન બને છે. અને તેજસ્વીની વય જોવામાં આવતી નથી. ભાયાત્માનંદસ્વામીએ નાની ઉંમરના ગુણાતીતાનંદસ્વામી પાસે હાથ જોડ્યા. અને કહ્યું,

દોહા : **એકસો સત્તર વર્ષનો, થયો છે મારો દેહ;**
ધામમાં કેમ હું ગયો નહિ, સમજાવો રહસ્ય તેહ...૨૧૪
હરિ મને લઈ જાતા નથી, પોતાના અક્ષરધામ;
હવે મારા આ દેહને, ક્યાં સુધી રાખું આમ...૨૧૫

હવે સમય પાક્યો એટલે સમજાશે. સમય પહેલાં સોના જેવી વાત પણ કચરા જેવી થઈ જાય છે. ભાયાત્માનંદસ્વામીએ સામે ચાલીને

હાથ જોડીને પૂછ્યું. ત્યારે ગુણાતીતાનંદસ્વામીએ ધીરેથી કહ્યું, "તમે મહારાજને બહુ વહાલા છો. અખંડ મહારાજની આજ્ઞા પાળો છો. વળી મહારાજ પણ તમને બહુ વહાલા છે, પણ મહારાજનું સ્વરૂપ જાણવામાં તમારે કાંઈક ફેર છે. માટે મહારાજ એમ જાણે છે જે, **'ભાયાત્માનંદસ્વામી મને બહુ વહાલા છે ને મારી મૂર્તિ વિના રહી શકે તેમ નથી.** *(સંદર્ભ : લીલાચરિત્ર વા.૧૭૧)*

ચોપાઈ :

બહુ વર્ષ જીવીને પણ મારું રે, સમજે સ્વરૂપ તો ઘણું સારું રે;
મને જાણીને પછી દેહ છોડે રે, તો અક્ષરધામે મુજ જોડે રે...૨૧૬

રહેવામાં સુખ બહુ આવે રે, મુજ સેવાનંદ સદા પાવે રે;
એમ હરિને ચિંતા થાય છે રે, દેહ તમારો રાખ્યે જાય છે રે...૨૧૭

આ કારણથી મહારાજ તમને ધામમાં તેડી જતા નથી. માટે આ ખોટને ઓળખો અને ટાળો. ને હું તમને વાતો કરું તે પ્રમાણે તમારા જીવમાં ઘેડ બેસાડી દો, તેથી મહારાજ તમને ધામમાં તેડી જશે."

પછી ગુણાતીતાનંદસ્વામીએ વાત કરી કે, "**મહારાજ તો અનંત અવતારના અવતારી છે. અનંત ભગવાનના ભગવાન છે.** બ્રહ્માંડ-બ્રહ્માંડ પ્રત્યે દસ-દસ મૂર્તિઓ છે. તેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, અનિરુદ્ધ, પ્રદ્યુમ્ન અને સંકર્ષણ; આ છ સગુણ મૂર્તિ છે અને નરનારાયણ, વાસુદેવનારાયણ, લક્ષ્મીનારાયણ અને શ્રીકૃષ્ણનારાયણ; આ ચાર નિર્ગુણ મૂર્તિ છે અને એવા અનંતકોટિ બ્રહ્માંડ છે અને **સર્વે બ્રહ્માંડમાં અનંતકોટી મૂર્તિઓ છે. તે સર્વે મૂર્તિઓનું કારણ શ્રીસ્વામિનારાયણ ભગવાન છે. એ જ સર્વે અવતારના અવતારી પુરુષોત્તમ છે.** એમ શ્રીજીમહારાજની સર્વોપરી ઉપાસના કરો. એવા શ્રીજીમહારાજને સમજીને નિષ્ઠાની દઢતા કરો." *(સંદર્ભ : ગુ.સ્વા.પ્ર.૩/૧૨૪, ૧૭૧)*

દોહા : **ગુણાતીતાનંદની વાતથી, સમજ્યા ભાયાત્માનંદ;**
અવતારી સર્વ અવતારના, ઉપરી સહજાનંદ...૨૧૮

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'ગુણાતીતાનંદસ્વામીએ ભાયાત્માનંદ સ્વામીને શ્રીહરિનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો' એ નામે સુડતાળીશમો અધ્યાય થયો. ॥૪૭॥

અધ્યાય-૪૮

આ વાત આજ દિ' સુધી કેમ ન કહી ?

પછી ભાયાત્માનંદસ્વામી બોલ્યા, '**ગુરુ સાહેબ ! આજ સુધી તો હું શ્રીજીમહારાજને કૃષ્ણ જેવા સમજતો હતો. આજે સમજાયું કે શ્રીજીમહારાજ તો સર્વોપરી સર્વે અવતારના અવતારી પરાત્પર પુરુષોત્તમનારાયણ છે.** તમે આજે બહુ કૃપા કરી પરંતુ આજ દિવસ સુધી આ વાત તમે મને કેમ ન કરી ?' ત્યારે ગુણાતીતાનંદસ્વામી બોલ્યા, 'મહારાજની આજ્ઞા ન હતી અને આજે તો મહારાજે મને દર્શન દઈ કહ્યું, તેથી જેમ છે તેમ સમજાવ્યું.'

એમ કહી એક પ્રસંગની યાદી આપી કે, "એકવાર અક્ષરઓરડીમાં ગોપાળાનંદસ્વામી, નિત્યાનંદસ્વામી વગેરે મોટા-મોટા સંતો અવતાર-અવતારી ભેદની વાત કરતા હતા. ઉપાસનાનો પ્રસંગ ચાલતો હતો, ત્યારે તમે આવ્યા ને વાત સાંભળી કહેવા લાગ્યા, 'આપ રીંગણાની જેમ પાશેર, અડધોશેર, શેર, ભગવાનના અવતારોને જોખો છો. તે શું, ભગવાનની ઉપાસનાની દ્રઢતા થશે ?' પછી નિત્યાનંદસ્વામી બોલવા ગયા ત્યારે મહારાજે કહેલું કે, 'કોઈ કાંઈ બોલશો નહીં; તેમને હમણાં નહિ સમજાય, આગળ સાધુ પાસેથી સમજાશે.' તેથી મેં આજ દિવસ સુધી કહ્યું ન હતું. ને આજે પ્રભુએ કૃપા કરી સમજાવ્યું."

એ વાત સાંભળી સ્વામીને પોતાની ભૂલ ઓળખાણી. આંખમાંથી આંસુની ધારા થઈ. નિશ્ચયનું બળ પામતાં તો અંતર મહારાજના કેફથી ભરાઈ ગયું ને પૂર્ણતાનો અનુભવ થયો. ગુણાતીતાનંદસ્વામીનો અને

શ્રીજીમહારાજનો ખૂબ ખૂબ આભાર માન્યો. પછી થોડા દિવસો ત્યાં રહી પાછા વાગડ ગામ આવ્યા.

દોહા : **સ્વામી ગુણાતીતાનંદે, સમજાવ્યા આત્માનંદ;**
સર્વોપરિ નિષ્ઠા કેફથી, છલક્યો હૈયે આનંદ...૨૧૯
મોડું થયું પણ સારું થયું, સમજ્યા ચોખું ચટ;
હવે અક્ષરધામમાં સ્વામી, પહોંચી જાશે ઝટ...૨૨૦
વાત સાંભળી વિચારવું, કરવો નિજ તપાસ;
સર્વોપરિ હરિ નિષ્ઠામાં, નથી ને મારે કચાસ...૨૨૧
કચાસવાળાના સંગથી, કદી ન ટળે કચાસ;
સર્વોપરી નિષ્ઠાવાળાનો, સંગ કરો દિલ સાચ...૨૨૨
વાત સોળાની સાચી છે, ખોટી ન જાણો લગાર;
માટે કૃષ્ણ જેવા હરિને, જાણશો નહિ અવતાર...૨૨૩

શિવલાલ શેઠ ધામમાં ગયા બાદ ભગા દોશી ગુણાતીતાનંદસ્વામીનો સમાગમ કરવા જાય ત્યારે શિવલાલ શેઠની જેમ એ પણ નાની નોંધપોથી રાખતા. અને પોતાના અભ્યાસ માટે સારી સારી વાતો લખી લેતા. તે ભગા દોશીએ પોતાની નોંધપોથીમાં ગુણાતીતાનંદસ્વામીએ ભાઈસ્વામીને મહારાજની સર્વોપરીતા સમજાવી તે વાત આ પ્રમાણે લખી છે.

ગુણાતીતાનંદસ્વામી કહે, ‘જેવા પુરુષને સેવે તેવા ગુણ આવે છે. તે ભાયાત્માનંદસ્વામીને મહારાજ જેવા છે તેવી વાત ન સમજાણી, તે સારુ દેહ રહ્યો. પછી તે જ્યારે પોતે મારા ભેગા થયા અને ઉપાસનાના વચનામૃત *(ગ.મ.૯, ૧૩; લોયા.૧૪; ગ.અંત્ય.૩૮ વગેરે)* વંચાવી સમજાવ્યા ત્યારે ઘેડ બેઠી. પછી મહારાજ ધામમાં તેડી ગયા.

દોહા : **વચનામૃતમાંથી શ્રીહરિ, સર્વોપરિ સમજાય;**
એમાંથી સંતો સમજતાં, સર્વોપરિ હરિરાય...૨૨૪

વક્તા સર્વોપરી નિષ્ઠાવાળા હોય તો વચનામૃત કે સત્સંગિજીવનમાંથી પણ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ સર્વોપરી સમજે ને સમજાવે. જેમ સાકાર નિષ્ઠાવાળા ભાગવતના વક્તા હોય તો તે ભાગવતમાંથી ભગવાનના સાકારપણાનું પ્રતિપાદન કરે અને નિરાકારી હોય તો નિરાકારપણાનું પ્રતિપાદન કરે. તેમ વચનામૃતને સમજાવનારા જો સર્વોપરી નિષ્ઠાવાળા હોય તો તે જેમ છે તેમ સ્વામિનારાયણ ભગવાનનું સ્વરૂપ સમજાવે. કેમ જે, આપણા મોટા સંતો એમાંથી જ મહારાજનું સ્વરૂપ જેમ છે તેમ સર્વોપરી સમજતા અને સમજાવતા.

મહારાજને સર્વોપરી સમજનારા સંતો જ આ સંપ્રદાયમાં મહા બળિયા થયા છે. અને એમાં જ શ્રીહરિએ અતિ ઐશ્વર્યપ્રતાપ મૂક્યા છે. તેથી હજારો લોકો તેમાં ખેંચાય છે. તેવું આ સંપ્રદાયમાં પહેલેથી દેખાય છે. ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી જેવા સંતને આખો સંપ્રદાય માનતો અને પૂજતો અને તેમનો સમાગમ કરવા સહુ દોડી દોડીને વડતાલ કે જૂનાગઢ જતા.

બીજો ઘણો ત્યાગ-વૈરાગ્ય હોય પણ સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી ન સમજે એવામાં સર્વોપરી ઉપાસકના જેવો પ્રતાપ દેખાતો નથી. માટે **સ્વામિનારાયણ ભગવાનને જેમ છે તેમ સર્વોપરી સમજે છે, તેના પર શ્રીહરિ બહુ રાજી થાય છે; તેમાં મહારાજનો વાસ થાય છે.** અને તે જેમ બોલે તેમ થાય છે. અને એવા સત્પુરુષથી કરોડોનાં કલ્યાણ થાય છે. ભાયાત્માનંદસ્વામીને મહારાજની સર્વોપરીતા સમજાણી એટલે તેમનું હૈયું શ્રીહરિના કેફથી છલકાણું. અંતરમાં અનોખી મસ્તી આવી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'આ વાત આજ દી સુધી કેમ ન કહી ? તે પ્રશ્નનું કારણ બતાવ્યું' એ નામે અડતાળીશમો અધ્યાય થયો. ॥૪૮॥

અધ્યાય-૪૯

કલાભગતને આશીર્વાદ

સ્વામી વાગડમાં રહેતા ત્યારે પ્રથમથી જ વાગડના ચુડાસમા દરબાર કલ્યાણસિંહ સ્વામીની સેવા ખૂબ કરતા. તેમને ગામ લોકો કલાભગતના નામથી ઓળખતા. તેમને ચાર દીકરાઓ હતા. અઢીસો વીઘા જમીન હતી. પરંતુ ભાલની જમીન તેથી ઊપજ ઝાઝી આવે નહિ. વળી ભગત નિત્ય સ્વામીની સેવામાં રહેતા, તેથી આર્થિક સંકડામણ ખૂબ રહેતી. ક્યારેક તો ઘરે ખાવાની મુશ્કેલી પણ પડતી. એક દિવસ ભગત સ્વામીની ચરણચંપી કરતા હતા. ત્યાં ગામમાંથી એક વ્યક્તિએ આવીને કહ્યું, **'કલાભગત ! આમને આમ સ્વામીના પગ પકડીને બેસી રહો છો, પણ ઘરે ખાવાના વાંધા છે; છોકરાને શીરામણનું કરો..!!'**

સ્વામીએ આ વાત કાનોકાન સાંભળી. પછી વિચાર થયો કે, આવી ગરીબ સ્થિતિ છતાં રાત-દિવસ મારી સેવા કરે છે. અને ક્યારેય તેમની આ પરિસ્થિતિ મને જણાવવા પણ દીધી નથી. પે'લા ભાઈની વાત સાંભળીને સ્વામીએ આગ્રહથી ઘરની પરિસ્થિતિ પૂછી. તેથી સ્વામીને ગળતે હૃદયે સર્વે આપવીતી સંભળાવી. એટલે સ્વામી અતિ રાજી થયા અને **આશીર્વાદ આપતાં કહ્યું, 'કલા ! હું પ્રભુને પ્રાર્થના કરું છું કે તું હવેથી અતિ સુખિયો થઈશ. એટલું જ નહિ, તારી પરંપરામાં પણ જે સત્સંગ રાખશે તેની અન્ન, ધન અને આબરૂની રક્ષા મારો મહારાજ કરશે. તેને કોઈ વાતે કમી નહિ રહે.'**

પછી કલાભગત સ્વામીના આશીર્વાદથી મહા સુખિયા થયા. જમીનમાં થોડું વાવે છતાં અઢળક ઊપજ આવવા લાગી. ગામમાં તે પ્રતિષ્ઠિત વ્યક્તિ તરીકે ગણાવા લાગ્યા. વળી, સંતકૃપાથી સંપત્તિ સાથે સત્સંગના સંસ્કારો પણ એમના પરિવારમાં આવ્યા. અને તેમની વંશપરંપરામાં અદ્યાપિ પર્યંત તે સંસ્કારો છે. આજે વાગડ ગામના

દરબારોમાં અડધોઅડધ કલાભગતના વંશજો છે. તે સહુ સત્સંગી છે અને સર્વ રીતે સુખી છે. વળી, **કલાભગત પણ અંતે, 'આ મહારાજ મને સ્વામી સાથે તેડવા આવ્યા છે.' એમ કહી ધામમાં ગયા હતા.** આવા મહાન સંતનો આશીર્વાદ મળે તો જીવનો બેડો પાર થઈ જાય. તેથી નિષ્કુળાનંદસ્વામી વચનવિધિ ક.૨૦ માં કહે છે,

ઘણું રાજી કરી સંતને, કૈક પામિયા પરમ ધામ;
સંત વિના શોધી જુવો સઘળે, કહો કેનું સરિયું કામ.
જેમ રવિ વિનાની રજની, જાણો નથી જાવાની જરૂર;
તેમ સંત વિના અજ્ઞાન અંધારું, કેદી ન થાયે દૂર.
સાચા સંગાથી સંત છે, જાણો જીવના જગમાંય;
ભવસાગરમાં ડૂબતાં, સાચા સંત કરે છે સા'ય.
માટે સાચા સંત સેવીને, કરિયે રાજી રળિયાત;
નિષ્કુળાનંદ તો નરને, સુધરી જાયે સર્વે વાત.

ભાયાત્માનંદસ્વામીની કૃપાથી કલાભગતનું તો કામ થયું, પરંતુ તેમના વારસદારોનો પણ બેડો પાર થઈ ગયો. તેથી જ શ્રીહરિ વ.ગ.પ્ર.૫૮માં કહે છે કે, **"અતિશય જે મોટા પુરુષ હોય તેનો જે ઉપર રાજીપો થાય તેના ગમે તેવા મલિન સંસ્કાર હોય તો નાશ પામે. અને મોટા પુરુષનો રાજીપો થયો હોય તો રાંક હોય તે રાજા થાય અને ગમે તેવાં ભૂંડાં પ્રારબ્ધ હોય તો રૂડાં થાય અને ગમે તેવું તેને માથે વિઘ્ન આવનારું હોય તે નાશ થઈ જાય."**

વળી ગોપાળાનંદસ્વામી કહે, "ભગવાનનું માહાત્મ્ય જાણવાને અર્થે નિરંતર એકાંતિક સાધુનો સમાગમ મન, કર્મ, વચને કરીને રાખવો. અને સંતો સ્વભાવને ટાળવા સારું લાગતા વેણ દુઃખવીને કહે તો તેને હિતકારી માનવા અને સંત ભેળા ભળવું, પણ સ્વભાવ ભેળા ભળવું નહિ તો મોટા રાજી થાય." આપણે તપાસવું. પ્રસંગ આવે ત્યારે આપણે

આપણા મન કે સ્વભાવ ભેળા ભળીએ છીએ કે સંત સાથે રહીએ છીએ ? જે સંતનાં વચન સ્વીકારશે તેને શ્રીહરિ સ્વીકારી લે છે.

જ્યારે ભાયાત્માનંદસ્વામી બીમાર હતા. ત્યારે તેમના શિષ્યો દેવનંદનદાસ, ઘનશ્યામદાસ, સંતદાસ, વાસુદેવચરણસ્વામી, હરિવલ્લભ સ્વામી વગેરે સંતો-ભક્તોએ ખૂબ સેવા કરેલી.

સંતદાસ સાધુ પુરાણી એવા, કરે આત્માનંદસ્વામીની સેવા;

(વાસુદેવચરણ કૃત હ.ચ.ચિં.કિ.૯૯)

સંતદાસસ્વામી તેમના મંડળમાં પુરાણી હતા, વડિલ હતા અને સેવામાં ખૂબ શ્રદ્ધાવાન હતા. તેમણે તથા દેવનંદનદાસસ્વામીએ વર્ષો સુધી સ્વામીની ખૂબ સેવા કરી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'વાગડના કલાભગતનું કષ્ટ કાપ્યું' એ નામે ઓગણપચાસમો અધ્યાય થયો. ॥૪૯॥

અધ્યાય-૫૦

શિવલાલ શેઠની સેવા અને વરદાન

કલાભગતની જેમ શિવલાલ શેઠે પણ પોતાનું કામ કરી લીધું. સં.૧૯૧૬માં બે માસ જૂનાગઢ સત્સંગ કરી શિવલાલભાઈ વૈશાખ મહિનામાં ઘેર આવ્યા. ત્યાં સમાચાર આવ્યા કે, વાગડ ગામમાં ભાયાત્માનંદસ્વામી બહુ બીમાર છે. એવા સમાચાર મળતાં જ ૩૩ **વર્ષના** યુવાન શિવલાલ શેઠ સ્વામીની સેવામાં ગયા. ત્યાં નોકરની જેમ સ્વામીની સર્વ પ્રકારે સેવા કરવા લાગ્યા.

સ્વામી અતિ બિમાર હોવાથી રોજે આસપાસના ગામના હરિભક્તો તથા સંતો સ્વામીનાં દર્શને આવતા હતા. તેથી શિવલાલ શેઠે પોતાના ખર્ચે ત્યાં રસોડું ચાલું કરાવ્યું. તેમજ ધોળકા, ધંધુકાના સારા વૈદ બોલાવી સ્વામીની ઘણી દવાઓ કરી, પણ મંદવાડ મટ્યો નહીં. સ્વામીશ્રીને

વાંસામાં ભાઠું પડેલું ત્યાં પાટો બાંધેલો તેમાંથી લોહી-પરુ નીસરે. વળી, પથારીમાં જ ઝાડા-પેશાબ થાય તે શિવલાલભાઈ ધોતા હતા.

દોહા : **લાખોપતિનો દીકરો, ધોવે પરુ ને પાચ;**
સામાન્ય નર્સની જેમ, કરે સેવા દિલ સાચ...૨૨૫

સુખી ઘરનો જુવાનિયો, કરે ન સેવા આમ;
આવી સેવા કરે તો, મળી જાય ઘનશ્યામ...૨૨૬

માંદા જનને સેવવા, એ છે કપરું કામ;
અભાવ ન દિયે આવવા, તો રીજે ઘનશ્યામ...૨૨૭

માંદા મોટા સંતને, સેવતાં રાખવું ધ્યાન;
મન અવળા ઘાટ કરે તો, જ્ઞાન થાય નુકશાન...૨૨૮

શિવલાલભાઈની વાત જુદી હતી. મોટા સંતોની કૃપાથી તેમને સદાય સંતો-ભક્તોમાં નિર્દોષબુદ્ધિ રહેતી હતી. સ્વામીના શરીરે પરુ-પાચ વહે. આવી પોતાની સ્થિતિ જોઈને સ્વામીએ કહ્યું, 'શિવલાલ ! તું મને અડીશ નહીં.' ત્યારે શિવલાલભાઈ કહે, 'સ્વામી મને તમારામાં દિવ્યભાવ છે. હું આપને મહામુક્ત માનું છું. આપની કૃપાથી સત્સંગ ઓળખાયો છે. માટે તમને આવો રોગ કેમ થયો હશે ? એવો અભાવ મને નહિ આવે.'

આવી તેમની સમજણ અને સેવા-ભાવના જોઈ સ્વામી તેમના ઉપર બહુ રાજી થયા. થોડા દિવસ શિવલાલ શેઠે સેવા કરી. પછી સ્વામી કહે, 'હવે મારે આવતી કાલે દેહનો ત્યાગ કરી ધામમાં જવાનું છે, માટે જે જોઈએ તે વર માગો.' ત્યારે શેઠ બોલ્યા, 'હે સ્વામી ! જે માગીશ તે આપશો ?' ત્યારે સ્વામી બોલ્યા જે, 'માગી લે.'

દોહા : **સર્વોપરિ નિષ્ઠા કેફે, સ્વામી બોલ્યા બળભર;**
માગવો હોય તે માગો, શિવલાલ મુજથી વર...૨૨૯

હાલ મારા હૈયામાં, બળ વર્તે છે અપાર;
સર્વોપરીનો મહિમા, જાણ્યો હૈયા મોજાર...૨૩૦

માટે ફૂંક મારું ત્યાં તમામ રોગોને ઉડાડી મેલું. અને તારી ઈચ્છા હોય તો પૃથ્વીથી લઈ પ્રકૃતિપુરુષના લોક સુધીનું રાજ્ય આપી દઉં. અત્યારે મારે શ્રીહરિ સાથે એકતા વર્તે છે. માટે જે ધારું તે થાય. આ બળ મહારાજની સર્વોપરી નિષ્ઠાનું છે. માટે વિના સંકોચે જે માગવું હોય તે માગી લે.' ત્યારે શિવલાલ શેઠે કહ્યું, **'મને આ લોકની કોઈ ઈચ્છા નથી. માટે તમો ધામમાં જાવ તેના ચૌદમાં દિવસે શ્રીજીમહારાજને સાથે લઈ મને તેડવા આવજ્યો.'** તે સાંભળી સ્વામી કહે, 'શિવલાલ ! તું હજી બીજી વિશીમાં(૨૦ થી ૪૦ **વર્ષની વયમાં**) છો ને આવું શું માગી બેઠો ? બીજું કાંઈક માગ.'

ત્યારે શિવલાલભાઈ કહે, 'હે સ્વામી ! હું બીજું શું માગું ? આ લોકમાં તો મારે ત્યાં સુખ-સાયબી, વૈભવ, ધન-દોલત, દીકરા, પદ-પ્રતિષ્ઠા તથા અષ્ટસિદ્ધિ અને નવનીધિ છે. પણ આપ જેવા સદ્‌ગુરુઓની સેવા અને મહારાજની કૃપાથી તે સર્વે માયિક સુખ મારે ઝેર જેવું થઈ ગયું છે. ને પુત્રો હજી નાના છે, પણ જો તેઓ મહારાજને પ્રધાન રાખશે તો મહારાજ તેની રક્ષા કરશે. માટે આપ રાજી થયા હો તો મેં જે વર માગ્યો તે જ મને આપો.' એમ કહીને સ્વામીને પગે લાગ્યા. ત્યારે સ્વામીએ પથારીમાંથી બેઠા થઈ શિવલાલનો વાંસો થાબડ્યો. અને...

દોહા : **અતિ રાજી થઈ બોલિયા, ધન્ય તને શિવલાલ;**
હરિ વિના તે કોઈમાં, જાણ્યો નહીં જ માલ...૨૩૧
મારા ચૌદમાને દિને, હરિને લઈ સંગાથ;
આવશું તમને તેડવા, તેડી જશું અમ સાથ...૨૩૨

આમ શિવલાલ શેઠ એક મહાન સંતનું વરદાન પામી ધન્ય બન્યા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં 'શિવલાલ શેઠની સેવાથી રાજી થઈ સ્વામીએ વરદાન આપ્યું' એ નામે પચાસમો અધ્યાય થયો. ॥૫૦॥

અધ્યાય-૫૧
ભાયાત્માનંદસ્વામીનો અક્ષરવાસ

પૂ.સ્વામીશ્રી પણ મહારાજની મૂર્તિમાં નિમગ્ન બન્યા. પુરુષોત્તમ-નારાયણની સર્વોપરી ઓળખાણથી જેમનું હૈયું અહોભાવથી નીતરતું હતું, જેમના અંતરમાં નિષ્ઠાનો રણકાર અને સ્વામિનારાયણ મહામંત્રનો ઝણકાર અખંડ ગૂંજ્યા કરતો, એવા સિદ્ધયોગી ભાયાત્માનંદ સ્વામી બીજે દિવસે **૧૧૭ વર્ષની ઉંમરે, સં.૧૯૧૬, જેઠ વદ ૬ ને શનિવારે, સવારે ૧૧.૦૦ કલાકે** બોલ્યા, 'આ મહારાજ મને અનંત મુક્તો સાથે વિમાન લઈને તેડવા આવ્યા છે.'

દોહા : **એકસો ને સત્તર વર્ષ, રહ્યા ધરા મોજાર;**
સર્વોપરી સમજી મુનિ, પ્રબુદ્ધ ઊતર્યા પાર...૨૩૩
તેડવા આવ્યા સર્વોપરિ, લઈ ગયા અક્ષરધામ;
અવતાર તણા એ મુક્તને, અક્ષર આપ્યું ઈનામ...૨૩૪

આમ, સ્વામી સહુને કહીને સ્વતંત્ર રીતે અખંડ મહારાજની સેવામાં પહોંચી ગયા. મહા જ્ઞાની, ધ્યાની અને પ્રબુદ્ધમુનિનો અવતાર ગણાતા; એ અવતારના ભક્તને શ્રીહરિએ પોતે જ ગુણાતીતાનંદસ્વામી જેવા સદ્‌ગુરુના હૈયામાં પ્રવેશી પોતાનો સર્વોપરી નિશ્ચય કરાવ્યો અને પછી સર્વોપરી એવી પોતાના ધામની સર્વોત્તમ પ્રાપ્તિ આપી. અહો..! મહારાજની કરુણા, અહો..! તેમના મુક્તોની અલૌકિક જીવનગાથા. આપણે પણ એમની આ જ્ઞાનગંગા તથા કરુણાગંગામાં આપણો અહં ઓગાળી શ્રીહરિની મૂર્તિમાં સંલગ્ન બનીએ.

ઐતિહાસિક વાત એ છે કે તે જ દિવસે ગઢપુરમાં મોટીબા પણ સ્વતંત્ર રીતે શ્રીહરિના ધામમાં ગયા. સ્વામીએ વાગડ ગામમાં દેહનો ત્યાગ કર્યો. ત્યાર બાદ સ્વામીના હેતવાળા વાગડ, મોરસિયા, સાલાસર વગેરે ભાલ પંથકના હજારો ભક્તો ભેળા થઈ ગયા. સહુએ સ્વામીને

અંતિમ શ્રદ્ધાસુમન અર્પણ કર્યાં. તેમના જેવા સદ્‌ગુણોની યાચના કરી. ત્યાર બાદ મોરસિયા ગામની વાડીમાં સ્વામીના પાર્થિવ દેહનો અગ્નિસંસ્કાર કર્યો. ત્યાં હાલ ઓટો છે. વળી, પોતે આપેલા વચન મુજબ શિવલાલને પૂ.સ્વામીશ્રી તેમના ચૌદમાના દિવસે **સં.૧૯૧૭ અષાઢ સુદ પાંચમે** ધામમાં તેડી ગયા.

વાગડ, મોરસિયા અને સાલાસર એ ત્રણ ગામનાં લોકો સ્વામી સાથે બહુ જ હેતથી જોડાયા હતા. તેથી ત્યાંના ખેડૂતો અને દરબારો સ્વામીનો મહિમા જાણી હજી સુધી જેઠ વદ-૬ નો અગતો પાળે છે. અર્થાત્ તે દિ' કોઈ સાંતિ જોડતા નથી. વળી, **સ્વામીશ્રીની ચાખડીઓ, લાકડી, પહેરવાની ધોતી, તુંબડી તથા ચાકળો વગેરે તેમની પ્રસાદીની વસ્તુઓ વાગડના મંદિરમાં પધરાવી છે.** જે કોઈ યાત્રાળુઓ આવે તેને ત્યાંના ભક્તો ભાવથી દર્શન કરાવે છે.

દોહા : **વાગડ દર્શન કરજો, જઈને કોઈક દન;**
આ પ્રસંગ સંભારજો, જ્ઞાન થશે હરિ પ્રસન્ન...૨૩૫

સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામી શ્રીહરિનાં વચનની મૂર્તિ બનીને આજ્ઞા પ્રમાણે જ વર્ત્યા તો મહારાજે તેમને પોતાનું સર્વોત્તમ ધામ આપ્યું. વળી, સમજણની ખામી હતી તે પણ ગુણાતીતાનંદસ્વામીને પ્રેરણા કરીને ટળાવી. માટે મોટા સંતો રાજી થાય તેમ કરવું એ જ આ લોક પરલોકમાં સુખી થવાનો માર્ગ છે, તે જ આત્મનિષ્ઠા છે અને એ જ રૂડા દેશકાળ છે.

આ વાત સમજાવતા શ્રીહરિ વ.ગ.મ.૫૧માં કહે છે કે, "**મોટા પુરુષની બાંધેલ જે મર્યાદા તેને લોપીને કોઈ સુખી થતો નથી.** માટે જેટલા ત્યાગી છે તેને તો ત્યાગીના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલા ગૃહસ્થ હરિભક્ત છે તેમને ગૃહસ્થના ધર્મ પ્રમાણે વર્તવું અને જેટલી બાઈઓ હરિભક્ત છે તેને બાઈઓના ધર્મ પ્રમાણે વર્તવું. અને જો તે થકી ઓછું વર્તે તોપણ સુખ ન થાય અને જો તે થકી અધિક વર્તે

તોપણ સુખ ન થાય. શા માટે ? જે, પરમેશ્વરના કહેલ જે ધર્મ તે પ્રમાણે જ ગ્રંથમાં લખ્યું હોય, તેમાં કોઈ રીતે બાધ આવે એવું ન હોય ને સુખે પળે એવું હોય, ને તેથી ઓછું-અધિકું કરવા જાય, તે કરનારો જરૂર દુઃખી થાય. માટે **સત્પુરુષની આજ્ઞા પ્રમાણે જે રહે છે, તે જ રૂડાં દેશ-કાળાદિકને વિશે રહ્યો છે અને જે સત્પુરુષની આજ્ઞાથી બહાર પડ્યો તે જ એને ભૂંડાં દેશ-કાળાદિકનો યોગ થયો છે. માટે સત્પુરુષની આજ્ઞાને વિશે વર્તે છે તે જ આત્મસત્તારૂપે વર્તે છે.”**

વળી ગુણાતીતાનંદસ્વામી કહે, “મોટાનો રાજીપો હોય તેનાં અંતરમાં સુખ વર્ત્યા કરે અને દેહમાં તો સુખ-દુઃખ આવે તેનો કોઈ નિર્ધાર નહિ, પણ દિન દિન પ્રત્યે શ્રદ્ધા વૃદ્ધિ પામતી જાય અને જીવમાં બળ વધતું જાય ત્યારે જાણવું જે મોટા રાજી છે.” ભાયાત્માનંદસ્વામી ઉપર શ્રીહરિ અને મોટા સંતો રાજી હતા. તેથી દેહમાં દુઃખ હતું છતાં તેમને શ્રદ્ધા વૃદ્ધિ પામતી અને જીવ બળિયો થતો ગયો. અંતે સત્ય સમજી સર્વોપરી શ્રીહરિને પામી ગયા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં ‘ભાયાત્માનંદસ્વામી સ્વતંત્ર થકા શ્રીહરિના ધામમાં ગયા’ એ નામે એકાવનમો અધ્યાય થયો. ॥૫૧॥

અધ્યાય-૫૨

ભાયાત્માનંદસ્વામીના શિષ્યોની મહાનતા તથા પરંપરા

હવે આપણે સ્વામીના સંતોની શિષ્ય પરંપરાને જોઈએ. પૂ.દેવનંદનદાસજીસ્વામી, પૂ.સંતદાસજીસ્વામી, પૂ.ઘનશ્યામદાસજી સ્વામી, પૂ.વાસુદેવચરણદાસજીસ્વામી, પૂ.હરિવલ્લભદાસજીસ્વામી, પૂ.હંસજીવનદાસજીસ્વામી. આ છ સંતો સ્વામીના મુખ્ય શિષ્યો હતા.

ભાયાત્માનંદસ્વામીના પ્રથમ શિષ્ય દેવનંદનદાસસ્વામી : તે **કોઠડિયા** ગામના હતા. મહારાજ તેને ગામ પધાર્યા ત્યારે મહારાજનો અંગૂઠો ધાવેલા. તેનો પ્રેમ જોઈને મહારાજે કહેલું કે આ ભવિષ્યમાં મોટો

સાધુ થશે. મહારાજના આશીર્વાદ મુજબ તે સમર્થ સંત થયા હતા. **ધોલેરા દેશમાં** તેમણે અનેક મંદિરો બાંધ્યાં. તેમના વચને અનેકનાં દુઃખ ટળતાં, જીવ સુખિયા થતા એવા તે સમર્થ સંત ! તે **દેવનંદનસ્વામી સં.૧૯૫૦ ફાગણ સુદ-૪, રવિવારના રોજ સ્વતંત્ર થકા શ્રીહરિના ધામમાં ગયા હતા.**

તેમને બે શિષ્ય હતા : (૧) **માધવપ્રિયદાસ,** (૨) **ઉત્તમચરણદાસ.** તે પણ મહાસમર્થ હતા. એકવાર આ બન્ને સંતો **ખરડ**માં મંદિર બાંધતા હતા. ત્યારે ભોંયરું કરવા માટે મંદિરની ધૂળ બહાર કાઢી. અને ગામના લોકોને લઈ જવાની છૂટ આપી. થોડી રહી એટલે પૂરણી પૂરવા જોઈએ, તેથી સંતોએ ધૂળ લેવાની ના પાડી. છતાં બીજે દિવસે તે ગામના ગરાસિયા ગાડું જોડીને ધૂળ લેવા માટે આવ્યા. ભક્તોએ ના કહી. તેથી તે ગરાસિયો સંતો ઉપર ખિજાયો ને કહે, 'લઈ ગયા તે શું તમારા બાપના દીકરા..?! તે અમને ના પાડો છો.' આ રીતે જેમ તેમ બોલવા લાગ્યો. તેથી સંતો સમજી ગયા. ભક્તોને વાર્યા. ને ગરાસિયાએ પરાણે ધૂડ લીધી તેથી સંતો દુઃખાણા. આ સંતોના દ્રોહરૂપી દોષ તેને લાગ્યો.

પછી થોડા સમય બાદ તે ગરાસિયા બંને ભાઈઓ વિરમગામથી અફીણ લઈને આવતા હતા. ત્યારે ભોગાવાને કાંઠે પોલીસને ખબર પડી એટલે ઊંટ તપાસવા કહ્યું. પણ તે ઊભા ન રહ્યા અને ઊંટ દોડાવીને ભાગ્યા. તેથી પોલીસે ફાયરિંગ કર્યું. તેમાં એકનું મોત થયું. અને બીજાએ ઊંટ ભોગાવો નદીમાં નાખ્યું. તે તેમાં ખૂતી ગયું. તેથી ઊંટ સહિત તેનું પણ ત્યાં ભૂંડા હાલે મોત થયું. ને ત્રીજો ભાઈ ગાંડો થઈ ગયો.

દોહા : **દ્રોહી જનની દશા જુઓ, તે મુવા ભૂંડે મોત;**
થાય દ્રોહીઓ દુઃખી, કુળ કુટુંબે સોત...૨૩૬
માની ક્રોધી ને કપટી, લોભી ઈર્ષાળુ હોય;
એવા દ્રોહ કર્યા વિના, રહી શકે નહિ કોય...૨૩૭
સંતો-ભક્તો આગળે, છોડી દેવી દુષ્ટાય;
નિર્માની થઈ સેવીએ, તો દ્રોહ થકી બચાય...૨૩૮

અહંકારી નર અકોણા, આકરા ને આડોડ;
દ્રોહ કર્યા વિના રહે નહિ, કરીને ઊંધી દોડ...૨૩૯

માટે સુખી થાવું હોય તો ક્યારેય નાના એવા સંત-ભક્તનો પણ અભાવ-અવગુણ ન લેવો. સૂક્ષ્મ દ્રોહ પણ ન કરવો. કોઈના દિલને ઠેસ પહોંચે એવાં વાણી-વર્તન ન રાખવાં. **બીજાના ભલામાં જ આપણું ભલું છે.** જેને સંતો-ભક્તોને રાજી કરતાં આવડ્યું તેના ઉપર શ્રીહરિ તત્કાળ રાજી થાય છે. તે ક્યારેય ભૂલતા નહીં.

વળી, માધવપ્રિયદાસજીસ્વામી એકવાર **વટામણ** ગામમાં સત્સંગ કરાવવા માટે ગયા. તે ગામના કડવા પટેલ બેચરભાઈ નામે હતા. તેના પિતા નાનપણથી ધામમાં ગયેલા. અને તેને કન્યા ન મળવાથી વાંઢા રહેલા. તે અતિ ગરીબ હતા. તેથી આંબાનું રખેવાળું કરતા ને જીવન ગુજારતા. ને ત્યાં સીમમાં જ સૂઈ રહેતા.

એકવાર સ્વામી પોતાના સંતો સાથે તેમની પાસે આવ્યા. તેણે સંતોને આદરભાવથી બેસાડ્યા. ઘેરથી લોટ લઈ આવ્યા. કેરીના ભડદા ઉતારી-છોલી સંતોને ખૂબ ભાવથી જમાડ્યા. આવી તેની સેવા-ભાવનાથી સ્વામી રાજી થયા અને આશીષ આપ્યાં કે, 'તું સુખી થઈશ.' તેથી તેને કન્યા મળી. રૂડો ઘરસંસાર ચાલ્યો. ત્રણ દીકરા થયા : (૧) **મુકુંદભાઈ** (૨) **મધુસુદન અને** (૩) **ઘનશ્યામ.** વળી, પ્રતિષ્ઠા વધી, તેથી ગામના સરપંચ થયા. ૨૫ વર્ષ સરપંચ રહ્યા. વર્ષમાં એક મહિનો **ધોલેરા** સંતો સાથે સેવામાં જાવું, એ તેમનો નિયમ હતો. એકવાર પુત્રને સંત માટે સીધું લેવા મોકલ્યો. તો વેપારીએ ભૂલમાં વધુ પૈસા પાછા આપ્યા. તેની જાણ થતા બેચરભાઈએ પુત્રને કહ્યું, 'ખોટા પૈસા ન લેવાય, આપણે સત્સંગી છીએ. માટે પાછા આપી આવ.' આવા નીતિમાન, પ્રામાણિક અને સંસ્કારી હતા. અંતકાળે તેઓ કહીને ધામમાં ગયેલા. તેમના કુટુંબમાં હાલ સત્સંગ સારો છે.

દોહા : **દ્રોહી જે હરિ-સંતનો, ધરાઈને દુઃખી થાય;**
સેવા કરો અતિ ભાવથી, તો પરમ સુખ પમાય...૨૪૦

સેવા મળે તો કરવી, માની મોટાં ભાગ્ય;
બ્રહ્માદિકને મળતી નથી, સ્નેહે સેવાની જાગ્ય...૨૪૧
સેવામાં ગુડિયું વાળ મા, કરીશ નહીં લુચાય;
આળસ ઊંઘાય મૂકી, સેવા કરો હરખાય...૨૪૨

આમ, સંતસેવાથી અસંખ્ય લોકો સુખી થયા છે. જેની કૃપાથી આવા અનેક ભક્તો સુખી થયા હતા, એવા મહાન સંત સદ્. શ્રીમાધવપ્રિયદાસજીસ્વામી સં.૨૦૦૨ અષાઢ સુદ-૧૩ શુક્રવારના રોજ ધોલેરા ધામમાં શ્રીહરિના સ્મરણ સાથે અક્ષરવાસી થયા હતા. તેમને ચાર શિષ્યો હતા : (૧) કો.પૂ.કૃષ્ણસ્વરૂપદાસજીસ્વામી, (૨) પ.પૂ. નીલકંઠચરણદાસજીસ્વામી, (૩) પ.પૂ.ધર્મસ્વરૂપદાસજીસ્વામી અને (૪) પા.ચંદનભગત. આ પાર્ષદ ચંદનભગત ખૂબ ભજની હતા. અતિ દયાળુ અને સંતો-ભક્તોમાં અતિ હેતાળા હતા.

સં.૧૯૯૮ માગસર વદ-૪ ને સોમવારના રોજ ભગતે ધોલેરાવાસી તમામ સંતોને કહ્યું, 'મહારાજ મને ઠાકોરજી જાગશે ત્યારે તેડવા આવશે. માટે સહુ સંતોને બોલાવી લો.' તેથી સહુ સંતો તેમની પાસે આવી ભજન કરવા લાગ્યા. તે સમયે પૂ.નારાયણવલ્લભસ્વામી મંદિરના કામમાં હોવાથી ન આવ્યા. એટલે ભગતે કહ્યું એક સ્વામી નથી આવ્યા, તેમને બોલાવો પછી હું ધામમાં જાઉં. સંતોએ તેમને બોલાવ્યા. સહુ સંતો-ભક્તોએ તેમનાં છેલ્લાં દર્શન કર્યાં. પછી કહે, **'હવે અનેક સંતો સાથે મહારાજ મને તેડવા આવ્યા છે. ને હું ધામમાં જાઉં છું.'** એમ કહી સ્વતંત્ર થકા ધામમાં ગયેલા. ત્યારે ગુરુભાઈ પૂ.ધર્મસ્વરૂપસ્વામી હાજર હતા. તેમણે પોતે આ વાત મને કરેલી છે. તે લખેલી છે.

ભજનાનંદી સદ્.શ્રીનીલકંઠચરણદાસજીસ્વામી સં.૨૦૪૦ કારતક સુદ-૩ના અક્ષરવાસી થયા. **કો.કૃષ્ણસ્વરૂપસ્વામી** સં.૨૦૪૧ મહા સુદ-૩ના રોજ અક્ષરવાસી થયા. અને હાલ **પૂ.ધર્મસ્વરૂપસ્વામી** ૯૪

વર્ષની ઉંમરે ધોલેરામાં રહી સહુને સત્સંગનું સુખ આપે છે. તેમના શિષ્ય કો.પુરુષોત્તમચરણસ્વામી છે. તે ખૂબ સેવાભાવી છે.

ભાયાત્માનંદસ્વામીના બીજા શિષ્ય પુરાણી શ્રીસંતદાસજીસ્વામી : તેમના શિષ્ય સદ્.શ્રીવિષ્ણુપ્રસાદદાસજીસ્વામી. તેમના શિષ્ય સદ્. શ્રીહરિપ્રિયદાસજીસ્વામી. તેમના બે શિષ્યો : (૧) જગતપાવનદાસજી સ્વામી *(જે હાલ ધોલેરામાં છે.)* (૨) કો.હરિજીવનદાસજીસ્વામી. તેમના શિષ્ય હરિસ્વરૂપદાસજીસ્વામી છે. તેમને ત્રણ શિષ્યો છે : (૧) હરિપ્રકાશ સ્વામી, (૨) હરિચરણસ્વામી અને (૩) બળદેવપ્રસાદસ્વામી. તેમાં હરિપ્રકાશ સ્વામીને બે શિષ્ય છે : (૧) હરિપ્રસાદસ્વામી, (૨) હરિવલ્લભસ્વામી છે.

ભાયાત્માનંદસ્વામીના ત્રીજા શિષ્ય શ્રીઘનશ્યામદાસસ્વામી : તેમના શિષ્ય નારાયણસ્વરૂપદાસ તે પાછળથી વડતાલમાં રહેવા ગયા હતા. તેમના શિષ્ય લક્ષ્મીપ્રસાદસ્વામી (પાઠશાળાવાળા) છે. અને તેમના શિષ્ય કો.બળદેવસ્વામી તથા પૂજારી પુરુષોત્તમચરણસ્વામી હાલમાં છે.

ભાયાત્માનંદસ્વામીના ચોથા શિષ્ય સદ્.શ્રીહરિવલ્લભદાસજી સ્વામી : તેમના શિષ્ય દેવનંદનસ્વામી તેમના શિષ્ય હરિપ્રસાદ સ્વામી, તેમના શિષ્ય રામસ્વામી અને તેમના હરિકેશવસ્વામી છે. તેમને બે શિષ્યો : (૧) હરિકૃષ્ણસ્વામી (૨) દિવ્યપ્રકાશસ્વામી. તેઓ પણ ધોલેરા દેશમાં ગામડે ગામડે મંદિરોનો જીર્ણોદ્ધાર કરી ખૂબ સેવા કરી રહ્યા છે. સ્વામીના **બીજા બે સંતોને કોઈ શિષ્ય ન હતા.** આ રીતે ભાયાત્માનંદસ્વામીના સંતોની પરંપરા છે.

દોહા : **ભાયાત્માનંદ સ્વામીનું, રૂડું લખ્યું આખ્યાન;**
સુણી સંતો હરિભક્તો, રાજી થજો ભગવાન...૨૪૩
અમ પર કૃપા કીજીએ, પામીએ એવા ગુણ;
તવ રાજીપો મળે સદા, મળતાં એ સદ્‌ગુણ...૨૪૪

સ્વામીના જેવો વૈરાગ્ય, વળી દેહનો અનાદર;
અતિશે દઢ આત્મનિષ્ઠા, ભક્તિમાં અતિ આદર...૨૪૫
બનીએ વચનની મૂર્તિ, હરિમાં રાખી વિશ્વાસ;
એવા ગુણ મને આપજો, રાજી થઈ અવિનાશ...૨૪૬
વંદું સહજાનંદજી ને, વંદું ભાયાત્માનંદ;
જ્ઞાનજીવન કહે બોલજો, જય જય સહજાનંદ...૨૪૭

ભાયાત્માનંદસ્વામી જેવા વિરલ સંતના આ આખ્યાનથી આપણે તેમના જેવો વૈરાગ્ય, ભગવાનને મેળવવાનું તાન, દેહનો અનાદર, દઢ આત્મનિષ્ઠા, શ્રીહરિ અને સંતોનો પૂર્ણ વિશ્વાસ, મરજીમાં રહેવાનો સતત આલોચ, વચનની ખટક અને મહારાજનો મહિમા તથા સત્સંગની સેવા કરવાનું તાન વગેરે સદ્‌ગુણો શીખીએ. અને સ્વામીના જીવનમાં જે મહારાજને સમજવાની કસર હતી, તેવી ભૂલ આપણામાં હોય તો તે ભૂલને સુધારીએ, તો શ્રીહરિ અને સંતો આપણા ઉપર અતિ અતિ પ્રસન્ન થાય. આ વિરલ સંતનાં ચરણમાં કોટી કોટી વંદના સાથે તેમનું આ આખ્યાન શ્રીહરિ અને સંતોનાં ચરણોમાં સમર્પણ કરું છું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે ચતુર્થ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીના આખ્યાનમાં ‘ભાયાત્માનંદસ્વામીના શિષ્યોની મહાનતા તથા પરંપરા કહી’ એ નામે બાવનમો અધ્યાય થયો. ॥૫૨॥

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી લિખિત
શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે
વચનમૂર્તિ સદ્‌ગુરુ શ્રીભાયાત્માનંદસ્વામીનું આખ્યાન કહ્યું
એ નામે ચતુર્થ પ્રકરણ સમાપ્ત ॥૪॥



શ્રીસ્વામિનારાયણીય

સંતઆખ્યાન

૫ સદ્‌ગુણમૂર્તિ

સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનું આખ્યાન

શ્રીસ્વામિનારાયણો વિજયતેતરામ્

સદ્ગુણમૂર્તિ
સદ્. શ્રીઆધારાનંદસ્વામીનું આખ્યાન

પ્રકરણ-૫

અધ્યાય - ૧
મંગલાચરણ, સ્વામીનો જન્મ તથા કુટુંબ પરિચય

દોહા : **પરાત્પર પુરુષોત્તમે, ધરા ધર્યો અવતાર;**
અનેક મુક્તોને લાવિયા, કરવા નિજ પ્રચાર...૦૧
સર્વોપરી ઉપાસના, સ્થાપવા ધરા મોજાર;
પોતે દાખડો આદર્યો, વળી કરાવ્યો અપાર...૦૨

જેના એક રોમનાં છિદ્રમાં કરોડો કરોડો બ્રહ્માંડો પરમાણુની જેમ ઊડે છે. જેના ગુણોનો વેદ, નારદ, શારદા, ગણેશ અને શેષ પણ પાર પામતા નથી. જેના ભ્રકુટિના વિલાસમાં કરોડો બ્રહ્માંડો ઊપજે અને નાશ થાય એવો મહાકાળ પણ જેની આજ્ઞામાં રહે છે. જે અક્ષરધામના મધ્યમાં સદા રહે છે. અને જે સર્વના આધાર, પ્રેરક અને કારણ મૂર્તિ છે. એવા **સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન સં.૧૮૩૭ ચૈત્ર સુદ-૯ ની રાત્રે દશ ઘડી જતાં આ ફૂટલા બ્રહ્માંડમાં છપૈયા ગામમાં પ્રગટ થયા.** કેટલાય અક્ષરમુક્તોને તથા ધામધામના મુક્તોને સાથે લાવ્યા.

આ મુક્તોએ ધરતી ઉપર સ્વામિનારાયણ ભગવાનની ઉપાસના અને તેમની આજ્ઞાનું મહત્ત્વ જીવોને સમજાવ્યું. આજ્ઞા-ઉપાસનાની

દૃઢતા કરાવી, વાસના બળાવી અનેક જીવોને અક્ષરધામના દિવ્યાનંદમાં પહોંચાડ્યા. આવો જીવો ઉપર મહાન ઉપકાર કરવા સ્વામિનારાયણ ભગવાન અને તેમના મુક્તો પૃથ્વી પર પધાર્યા હતા. અને આ માટે શ્રીહરિ તથા મુક્તોએ ખૂબ જ દાખડો કર્યો હતો. આવા અનેક પરમહંસોરૂપી મુક્તોમાં માળાના મેરની જેમ શોભતા એક મહામુક્ત એટલે સદ્.શ્રીઆધારાનંદસ્વામી..!

એવા પ્રગટ શ્રીહરિને, વંદું હું વારંવાર;
વંદું આધારાનંદ સ્વામીને, કહું કથા કરી પ્યાર...૦૩

હરિચરિત્રામૃત સાગર, એવો જે મહાન ગ્રંથ;
રચી જેમણે કરોડોને, બતાવ્યો મોક્ષનો પંથ...૦૪

એવા મહાન આ સંતનું, ગાવું છે આખ્યાન;
પ્રેમે સહુ જન સાંભળજો, થઈ અતિ સાવધાન...૦૫

સ્વામી જેવા સદ્ગુણને, પામવા રાખી આશ;
વાતો સર્વે હૈયે રાખીએ, પામવા શ્રીઅવિનાશ...૦૬

હરિ હરિજનના ગુણ ગાવા, રાજી છું જ્ઞાનજીવન;
રાજી થજો હરિ હરિજનો, સાર્થક થાય જીવન...૦૭

આવા મહાન સંતનું આખ્યાન ગાવું, સાંભળવું કે વાંચવું – એ પણ સદ્ભાગ્યની વાત છે. મોટા સંતોનું ચરિત્ર આપણા જીવનને પવિત્ર કરે છે. અને વિચિત્ર ભ્રમોથી મુક્તિ આપે છે. માટે આધારાનંદસ્વામી જેવા સદ્ગુણો મારે કેળવવા છે; એમની જેવા સરળ, સમજુ અને નિર્માની બનવું છે. એવા ઠેરાવ સાથે આપણે તેમના જીવનને વાંચીએ. મૂળીમાં વાઘજીભગત રચિત પુરુષોત્તમચરિત્ર પુષ્પમાળા ગ્રંથમાં સ્વામીની વંદના કરતાં તેઓ કહે છે કે,

શાર્દુલ૦ : સિદ્ધાનંદ પ્રસિદ્ધ નામ નિજનું, આધાર આનંદજી,
કીધા શ્રીહરિને પ્રસન્ન અતિશે, છોડી સહુ ફંદજી;

કીધો ગ્રંથ તમે અમીરસ ભર્યો, સર્વોપરિ રીતથી,
તે સ્વામી મુજને સહાય કરજો, આ ગ્રંથમાં પ્રીતથી.

જેમ મહા નદીઓ મહાસાગરને મળવા થનગનતી હોય, તડપતી હોય અને ઘોડાપૂરમાં ઊછળતી જાતી હોય; તેમ જેમને સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાનને મળવાનો અંતરમાં થનગનાટ હતો, સાચી તડપન હતી; એવા સંત એટલે સદ્.શ્રીઆધારાનંદસ્વામી. જેમનું જીવન ગંગાના નીર જેવું ગહેરું અને પવિત્ર હતું. જેમના અંતરમાં પૃથ્વી જેવી ધીરજતા અને ક્ષમાભાવના હતી. જેમના જીવનમાં આકાશ જેવી વિશાળતા અને નિર્બંધતા હતી, તેજના જેવી સર્વોત્તમ કાર્ય કરવાની તેજસ્વિતા હતી, વાયુના જેવો વાલમજીને વરવાનો તીવ્ર વેગ હતો. આ પૃથ્વી, જળ, તેજ, વાયુ અને આકાશ જેવા પંચભૂતોના ગુણો જેમાં પ્રગટ દેખાતા હતા. એવા મહાન સંત એટલે **'સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામી'.**

જેમની સેવાકાર્યનાં, સદ્ગુણોનાં તથા જીવનનાં ખુદ સ્વામિનારાયણ ભગવાને વારંવાર વખાણ કર્યાં છે. તેમના જેવી સાધુતા અને સરળતા મોટા દેવો પણ ઝંખી રહ્યા છે. દુનિયાના ઘણા સાધુઓ આધારાનંદસ્વામી જેવા સેવાનિષ્ઠ બનવા મથે છે, ને ઘણાને ઈચ્છા છે, છતાં થવાતું નથી. ઘણાને અંતરમાં ઉમળકો આવે કે, 'હું પણ સ્વામી જેવો ગ્રંથ લખી નાખું. પરંતુ કોઈ લખી શક્યા નથી.' એ કામ તો એક માત્ર આધારાનંદસ્વામીએ કરી બતાવ્યું છે. માટે આધારાનંદસ્વામીને લાખો લાખો ધન્યવાદ છે. જેમણે રચેલો **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** જેવો મહાકાય ગ્રંથ સમગ્ર ભૂમંડળના તમામ માનવીઓ માટે અધ્યાત્મ-પ્રેરણાના ધોધ વહાવે છે અને સદા વહાવતો રહેશે તથા સૂર્ય-ચંદ્ર તપે ત્યાં સુધી સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસનાની વાતો દુનિયાના ચોકમાં ઢોલ વગાડીને કહેતો રહેશે. માટે આવા મહાન ગ્રંથના રચયિતા સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનાં ચરણોમાં કોટિ કોટિ વંદન !

આવા સિદ્ધયોગી સંતનો, ક્યાં થયો હતો જનમ ?
કોણ હતા તેના માતપિતા ?, કેવા જાણ્યા એણે પરમ ?..૦૮

પરમતત્ત્વ પરાત્પર પરમાત્મા શ્રીહરિને સ્વામીએ કેવા જાણ્યા હશે ? કે જેના શબ્દે શબ્દે શ્રીહરિનું નૂર ઘૂંટાઈ રહ્યું છે. આવા સંતને જન્મ આપનાર માતપિતાને વંદન..! આવા સંતે જ્યાં જન્મ લીધો તે જ્ઞાતિને વંદન..! તે દેશને વંદન..! તે ગામને વંદન..! કેમ જે, બધાને ઘેર આવા સંત જન્મતા નથી. આવા મહાન સંતના જન્મદાતા માતપિતા બનવું એ પણ બહુ મોટા ભાગ્યની વાત છે. નિષ્કુળાનંદસ્વામીએ ગોપાળાનંદસ્વામીનો જન્મ જે દેશમાં થયો તે આખા પરગણાને વંદન કરતાં કહ્યું છે કે,

અનુપમ ઈડર દેશને, ધન્ય ધન્ય ટોડલા ગામ;
ધન્ય ધન્ય દ્વિજની જાતિને, જ્યાં ઊપન્યા ભક્ત અકામ.

આમ આખા દેશ તથા પ્રાંતનાં વખાણ કર્યાં છે. માટે...

ધન્ય ધન્ય મેમકા ગામને, ધન્ય ધન્ય જ્ઞાતિ સુતાર;
ધન્ય મણિબા હંસરાજને, જ્યાં સંતે લીધો અવતાર...૦૯

સ્વામીનો જન્મ મેમકા ગામમાં થયો હતો. તેમની માતાનું નામ મણિબાઈ હતું. પિતાનું નામ હંસરાજભાઈ સુતાર હતું. સ્વામીના જન્મથી આખું ઝાલાવાડ પરગણું વંદનીય બની ગયું છે. માટે પ્રથમ આવા વિરલ વિભૂતિ સંતની જન્મભૂમી ઝાલાવાડ દેશને વંદન કરીએ.

આ ઝાલાવાડ પ્રાંતના મેમકા ગામમાં ભીમજીભાઈ તથા તેમના પત્ની ફૂલીબાઈ નામે પવિત્ર દંપતી રહેતા હતા. તેઓ જ્ઞાતિએ ગુર્જર સુતાર હતા. તેમની અટક વડગામા હતી. તેમને એક જ પુત્ર હતો. તેમનું **હંસરાજભાઈ** નામ હતું. તેમની પત્નીનું **મણિબાઈ** નામ હતું. તેમને પ્રભુએ ત્રણ પુત્રો આપ્યા હતા. તેમાં મોટા પુત્રનું નામ **'વીરજીભાઈ'** હતું. એ જ આપણા **'આધારાનંદસ્વામી.'**

તેમનો જન્મ આશરે ૧૮૫૫માં થયો છે. કેમ જે, ખુદ સ્વામી જ હ.ચ.સા.૨૧/૨માં કહે છે કે, “મહારાજે સં.૧૮૭૬ માગસર સુદ ચોથની રાતે વ.ગ.પ્ર.૧ કહ્યું. ત્યારે હું મુક્તાનંદસ્વામીની સાથે કીર્તનગાન કરતો હતો, તે સાંભળીને મહારાજ ત્યાં આવ્યા હતા. ત્યારે મારી **ઉંમર ૨૦ વર્ષ**ની હતી.” એટલે કે સં.૧૮૭૬માં સ્વામી વીસ વર્ષના હોય તો તેમનો જન્મ સં.૧૮૫૫માં હોય એવું માની શકાય.

વળી, સ્વામી પોતે હ.ચ.સા.૮/૧માં કહે છે કે,

दोहा : ओगणसाठ तन वर्ष भये, ग्रंथ आरंभ हि किन ।
संवत ओगणिश चौदमें, जिष्ट शुदि अष्टमि दिन ।।

જ્યારે મારા આ શરીરનાં ઓગણસાંઠ વર્ષ પૂર્ણ થયાં ત્યારે મેં આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો છે. અને તે દિવસ સં.૧૯૧૪ જેઠ સુદ-૮નો હતો. સં.૧૯૧૪માંથી ૫૯ વર્ષ બાદ કરીએ એટલે સં.૧૮૫૫ની સાલ થાય. આ બે પ્રમાણથી આપણે એટલું તો ચોક્કસ માની શકીએ કે, સ્વામીનો જન્મ સં.૧૮૫૫માં જેઠ મહિનામાં થયો હશે. ચોક્કસ જન્મતિથિ ઉપલબ્ધ નથી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં ‘લેખકે મંગલાચરણ કર્યું અને સ્વામીનો જન્મ તથા કુટુંબ પરિચય કહ્યો’ એ નામે પ્રથમ અધ્યાય થયો. ॥૧॥

અધ્યાય - ૨

મૂળજી શેઠ તથા હંસરાજ સુતારને સત્સંગ

હવે ઝાલાવાડ પ્રદેશમાં મેમકા ગામમાં, ખોલડિયાદમાં તથા તેમના કુટુંબોમાં સત્સંગ કેવી રીતે થયો ? તેઓ શા માટે મેમકાથી ખોલડિયાદ રહેવા માટે ગયા ? અને કેવી રીતે તે સંત બન્યા ? વગેરે વાતો આપણે વિસ્તારથી જોઈએ.

મૂળીના દરબાર પરમાર રામાભાઈ તથા તેમના ધર્મપત્ની રાજબા હતા. આ રાજબા ભાડેરના ગરાસિયા પાતળસિંહભાઈ વાઘેલાની પુત્રી હતા. અને નાનપણથી જ મહાન સત્સંગી હતા. જ્યારે તેઓ સાસરે આવવાના હતા ત્યારે શ્રીહરિએ રાજબાને વરદાન દીધેલું કે, “અમે તારા પ્રેમને ખાતર વારંવાર મૂળી આવીશું. માટે બેટા દીકરી ! તું સાસરે જા.” આ રાજબા વગેરે ભક્તોના ભાવને આધીન થઈ સં.૧૮૫૯માં શ્રીહરિ પ્રથમવાર મૂળી પધાર્યા હતા. ત્યાં નિત્ય સવારમાં અલર્કવાવે સ્નાન માટે જતા. થોડીવાર ત્યાં બેસી શ્રીહરિ ધ્યાન કરતા.

એક દિવસ સવારમાં મહારાજ વાવે સ્નાન કરવા ગયા. સ્નાન કરી વાવના પથ્થર ઉપર ધ્યાન કરવા માટે બેઠા. ધ્યાનસ્થ બેઠેલા શ્રીહરિની મૂર્તિ અદ્‌ભુત શોભતી હતી. ત્યાં જ બાજુના ગામ મેમકાથી મૂળજી શેઠ આવ્યા. વાવના પથ્થર ઉપર મહાયોગી સ્વરૂપે બિરાજતા શ્રીહરિનાં દર્શન કર્યાં. દર્શન કરતાં જ શેઠનું દિલ ઠર્યું. થોડીવાર એ મનોહર મૂર્તિનાં દર્શન કરતા થકા એકાગ્ર ચિત્તે ઊભા રહ્યા. અને નયણે નીરખી મનોહર મૂર્તિની મધુરતાનું પાન કરતા રહ્યા. દિવ્ય કાંતિવાળું મુખડું, તેજસ્વી વિશાળ ભાલ, તેમાં સુંદર તિલક અને ચાંદલો, નમણી નાસિકા, ગોરા ગોરા ગાલ, પાકા ઘીલોળા જેવા લાલ હોઠ, સુંદર મજાની ચિબુક, વિશાળ છાતિ, આજાન બાહુ; આવી અલૌકિક શ્રીહરિની મૂર્તિને મૂળજી શેઠ નખથી શિખાપર્યંત નીરખતા રહ્યા.

અંતરમાં સુખનો સાગર રેલાયો. ત્યાં જ મહારાજ ધ્યાનમાંથી જાગ્રત થયા. થોડીવાર શેઠ સત્સંગ કરવા માટે બેઠા. શ્રીહરિએ પણ તેને મુમુક્ષુ જાણી ચરિત્ર કરતાં ચરણ લાંબાં કર્યાં. શ્રીહરિનાં ચરણારવિંદમાં રહેલાં સોળ ચિહ્નનાં શેઠને દર્શન થયાં. તે જોતાં જ મૂળજી શેઠ અચંબો પામી ગયા. અંતરમાં ઝબકારો થયો. માંહેલો જાગી ગયો. અને હૈયામાંથી રણકારો આવ્યો કે, ‘આ ચોક્કસ પરમેશ્વર છે. ભગવાન સિવાય કોઈનાં ચરણમાં આવાં સોળ ચિહ્ન હોય નહીં.’

દોહા : **નિરખતા નયણે નાથને, જાણ્યા પ્રગટ ભગવાન;**
તરત હરિને શરણે થયા, ભાવે લીધાં વર્તમાન...૧૦

ભાવથી પ્રાર્થના કરી, “હે નાથ ! આપ મનુષ્યરૂપે મોરાર છો. મને દયા કરી આપનો નિશ્ચય આપે જ કરાવ્યો છે. માટે હે નાથ ! હવે મને આપનો ભક્ત બનાવો.” શ્રીહરિએ તેમને વર્તમાન ધરાવ્યાં. શેઠને બહુ જ આનંદ થયો. પછી તો તેઓ બે દિવસ મૂળી રોકાયા. મહારાજ તે સમયે મૂળીમાં અનેકને સમાધિ કરાવતા. સહુને અનેક ધામોનાં દર્શન કરાવતા. આવો પ્રગટ પ્રભુનો પ્રગટ પ્રતાપ મૂળજી શેઠે મૂળીમાં નજરે નિહાળ્યો, તેથી આનંદનો કોઈ પાર ન રહ્યો. આવા શ્રીહરિનાં ચરિત્ર, પ્રતાપ અને ઐશ્વર્ય નજરે જોઈ મૂળજી શેઠના રોમેરોમમાં સ્વામિનારાયણ ભગવાનનો રંગ લાગ્યો.

આમ પોતે સત્સંગી થઈ મેમકા આવ્યા. તેમના મિત્ર સુતાર હંસરાજભાઈને, પટેલ શ્યામજી કણસાગરાને તથા પટેલ શ્યામજી આગોલાને સ્વામિનારાયણ ભગવાનના પ્રગટ પરચાની વાતો કરી. તેમની વાતો દ્વારા મહા વિશ્વાસુ સુતાર હંસરાજભાઈને સત્સંગ થયો. બંને પટેલોને પણ પોતે શ્રીહરિનાં ચરણમાં સોળ ચિહ્ન જોયાં; એ વાત સાચી લાગી, તેથી તેમણે પણ સત્સંગ કર્યો. વળી, મૂળજી શેઠે પોતાના મિત્ર મેંથાણના અજા પટેલ અને રામગ્રી ગામના જીવા પટેલ વગેરેને વાત કરી. તેઓ પણ મુમુક્ષુ હતા. તેમણે કહ્યું, “એકવાર સહજાનંદ સ્વામીને મેમકા તેડી લાવો. અને જ્યારે તેઓ ત્યાં પધારે ત્યારે અમને તેડાવજો. કેમ જે, તમે જેને પ્રગટ પ્રભુ કહો છો, તેને અમારે નયણે નીરખવા છે. અને દિલથી અમારે તેમને સમજવાની ઈચ્છા છે.” શેઠ તે વાતમાં સંમત થયા. અને કહ્યું, ‘જ્યારે પ્રભુ મેમકા પધારશે ત્યારે હું તમને બોલાવીશ.’

દિવસ પછી દિવસ જતા હતા. નિત્ય સત્સંગની વાતો કરતા હતા. પછી સંવત ૧૮૬૦માં ચૈત્ર મહિનો હતો. શેઠને શ્રીહરિનો પૂરેપૂરો

નિશ્ચય થઈ ગયો હતો. તેથી તેમને ખ્યાલ આવે કે, 'સ્વામિનારાયણ ભગવાન નજીકના પરગણામાં આવ્યા છે,' એટલે તરત ત્યાં પહોંચી જતા. શ્રીહરિ કારિયાણી પધાર્યા છે, તેવી જાણ થતાં પોતે ત્યાં ગયા. અને મહારાજને મેમકા પધારવા પ્રાર્થના કરી. શ્રીહરિએ તેમની ભાવના સ્વીકારી. અને તેમને ગામ સંતો સાથે આવવાની હા કહી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'મૂળજી શેઠ તથા હંસરાજ સુતારને સત્સંગ થયો' એ નામે બીજો અધ્યાય થયો. ॥૨॥

અધ્યાય - ૩

શ્રીહરિ પ્રથમવાર મેમકા પધાર્યા

પછી સં.૧૮૬૦ના ચૈત્ર મહિનાના વદ પક્ષમાં મૂળજી શેઠ કારિયાણીથી મહારાજને મેમકા તેડી લાવ્યા. ભેળા મુક્તાનંદસ્વામી આદિક થોડાક સાધુ હતા. જ્યારે શ્રીહરિ મેમકા પધાર્યા ત્યારે મૂળજી શેઠે મેંથાણના પટેલ અજાભાઈ તથા રામગ્રી ગામના જીવા પટેલને આગળથી કહ્યું હતું તે મુજબ સમાચાર મોકલ્યા કે, "અમારે ગામ સ્વામિનારાયણ ભગવાન આવ્યા છે. માટે તમે બંને વહેલા વહેલા નાથને નીરખવા પધારજો. આજ ધરતી ઉપર મનુષ્ય શરીરમાં સર્વાવતારી, સર્વેશ્વર કેવા શોભી રહ્યા છે ? કેવી અલૌકિક વાતો કરે છે ? તે માણવા જેવી છે."

તે બંને પણ મહા મુમુક્ષુ હતા. એટલે, મહારાજ મેમકા આવ્યા છે, એવા સમાચાર મળતાં જ અતિ ઉત્સાહભેર તે બંને મહારાજનાં દર્શન કરવા સારુ મેમકા આવ્યા. જ્યારે તેઓ મેમકા આવ્યા, તે સમયે મહારાજ મેમકાની નદીમાં કૂવો છે, ત્યાં ના'વા ગયા હતા. વળી, ત્યારે મહારાજ મીંઢીઆવળ અને મરચાં ભેળાં વટાવીને ગોળા કરીને જમતા તથા રેચ લેતા; અને કેટલાક જનોને સમાધિ કરાવતા; આવું પ્રકરણ ચાલતું હતું. તે સમયે પણ બે-ત્રણ જણને સમાધિ કરાવી હતી,

તે ત્યાં સૂતા હતા. અને મહારાજ ખાખરાના જંગલમાં બહિર્ભૂમિએ ગયા હતા. તે ત્યાંથી પાછા આવતા હતા. ને મુક્તાનંદસ્વામી બેઠા હતા. ત્યાં એ બંને આવ્યા. એ જ સમયે શ્રીહરિ સામેથી આવતા હતા તેને જોઈ રહ્યા. તેમાં અજા પટેલને મહારાજની ચાલ જોઈને નિશ્ચય થયો. તેથી તે એમ બોલ્યા જે, 'આ જરૂર ભગવાન છે. કેમ કે, આવી ચાલ ભગવાન વિના બીજા મનુષ્યની હોય નહીં.' ત્યાં તો રામગરીના જીવા પટેલ સમાધિવાળાને જોઈને એમ બોલ્યા જે, 'શાસ્ત્રમાં એમ કહ્યું છે જે,

કળથી બળથી છળથી, કરી શકે નહિ કોય;
લે ખેંચી મન લાખનાં, જે આપે ઈશ્વર હોય.

"આમ ચપટી વગાડતામાં બીજાનાં મન તથા નાડી-પ્રાણ જીવથી ન ખેંચાય. બીજાનાં નાડી-પ્રાણ ખેંચી લેવાં, તે સામાન્ય મનુષ્યનું કામ નથી. માટે આ જરૂર ભગવાન છે." ત્યારે અજા પટેલ બોલ્યા જે, 'બીજાના નાડી પ્રાણ ખેંચે યા ન ખેંચે પણ જરૂર આ ભગવાન છે.' એમ તે બંનેને પ્રગટ પ્રભુનો નિશ્ચય થયો. પછી તે બેય જણાએ શ્રીહરિ પાસે વર્તમાન ધરાવ્યાં ને સત્સંગી થયા. આમ મેંથાણ તથા રામગ્રી ગામમાં સત્સંગનો પ્રવાહ ગયો. વળી, હંસરાજભાઈ સુતાર વગેરેને પણ મહારાજનો આ પ્રતાપ જોઈ શ્રીહરિનો પાકો નિશ્ચય થયો. મૂળજી શેઠે પોતાના મિત્ર હંસરાજભાઈ, મેંથાણના અજા પટેલ, રામગ્રીના જીવા પટેલ વગેરેને સત્સંગ કરાવેલો ને પ્રગટ હરિ અને પ્રગટ સંતો ભક્તો ઓળખાવેલા. જીવનમાં આવાને જ મિત્ર કરવા જોઈએ કે જે આપણને પાપના પંથેથી પાછા વાળે અને સત્સંગનો રાહ બતાવે.

કોઈ સાહિત્યકારે કહ્યું છે,

મિત્ર કીજીએ મર્દ, મર્દ દિલકા દર્દ મિટાવે;
મિત્ર કીજીએ મર્દ, મર્દ વિપત્તિમેં કામ આવે.

મિત્ર કીજીએ મર્દ, મર્દ સત્ય વાત કહી સમજાવે;
મિત્ર કીજીએ મર્દ, મર્દ લોભ કબહુ મનમેં ન લાવે.
મિત્ર કીજીએ મર્દ, જેના દેહ ડગે પણ નેહ ન ડગે;
મિત્ર કીજીએ મર્દ, મર્દ હરિકા મિલન કરાવે.

જે આપણને પાપ કરતાં રોકે, હિતકારી કાર્યમાં મદદ કરે, આપત્તિ સમયે સાથ ન છોડે, આપણા અંતરની ગુપ્ત વાતોને છુપાવે, જેનું શરીર પડે છતાં સ્નેહ ન છૂટે, એને સાચો મિત્ર કહેવાય. મૂળજી શેઠ હંસરાજભાઈ વગેરેના ખરા મિત્ર હતા. તેથી તેમણે શ્રીહરિનું મીલન કરાવ્યું. સાહિત્યકારો કહે છે, 'વિદેશમાં વિદ્યા મિત્ર છે. ઘરમાં પત્ની મિત્ર છે. રોગીને ઔષધ મિત્ર છે. મરણ પથારીએ સૂતેલાને શુભ કાર્યો મિત્ર છે. અને મુમુક્ષુને સાચા સંતો પરમમિત્ર છે.' જ્યારે બધા જ આપણો સાથ છોડી દે ત્યારે જે આપણી મદદે આવીને ઊભો રહે તે સાચો મિત્ર છે.

એવા ખાનદાન અને ઉદાર દિલવાળા તો શ્રીહરિ અને સંતો આ બે જ છે. માણસની ઓળખાણ પણ તે કેવા સાથે મિત્રતા બાંધે છે, તેનાથી થઈ આવે છે. આપણા મિત્રો આપણા અંતરની ઇચ્છાઓની ચાડી ખાય છે. જે ખરાબ મિત્રનો સંગી હોય તે વ્યક્તિ સત્સંગમાં આવતો હોય છતાં તેનું જીવન પરિવર્તન ન થાય. માટે દુશ્મન કરતાં પણ ખરાબ મિત્રની ખુશામતથી વધારે ડરવું. અને હંમેશા હિતની વાતો દુઃખ લગાડીને પણ કહે, એવા મિત્રને પ્રાણના ભોગે પણ છોડવા નહીં.

મહારાજ થોડા દિવસ મેમકા રહ્યા. પછી ત્યાંથી બીજે ગામ જવા નીકળ્યા ત્યારે તે ગામના શેઠ મૂળજીભાઈ, હંસરાજભાઈ, શ્યામજી કણસાગરા તથા શ્યામજી આગોલા, એ ચાર ભક્તો મહારાજને દૂર સુધી વળાવવા ગયા. ત્યારે મહારાજે એ ચારે જણને એમ કહ્યું કે, 'અમારી આજ્ઞા માનશો ?' ત્યારે તેમણે કહ્યું જે, 'હે મહારાજ ! તમે

જેમ આજ્ઞા કરશો તેમ કરશું.' ત્યારે મહારાજ કહે, "તમે આ મેમકા ગામ છોડીને બીજે ગામ રહેવા જતા રહેજો. અને તે પણ વીસ દિવસની અંદર વઢવાણ પરગણું મેલીને ઉચાળા લઈને બીજા પરગણે રહેવા જાજો. કારણ કે, બાબા સાહેબનું લશ્કર આવશે ને વઢવાણ સાથે લડાઈ થશે ત્યારે વઢવાણ ઉજ્જડ થાશે ને મેમકા ગામને બાળી દેશે. માટે બીજે રહેવા જતા રહેજો." એમ એ ચાર ભક્તોને આજ્ઞા કરીને મહારાજ ત્યાંથી ગુજરાતમાં બોચાસણ તરફ જવા નીકળ્યા.

પછી આ ચારે જણાએ વિચાર કર્યો કે, 'આપણે જેમને ભગવાન માનીએ છીએ તેમની વાત ખોટી હોય નહીં. માટે સર્વના ભોગે આપણે તેમની આજ્ઞા પાળવી છે.' અને આ બળે જ તે ચારેએ પોતાનું મૂળ વતનનું ગામ છોડી દેવાનો નિર્ણય લીધો. પરંતુ કોઈએ ગામના બીજા લોકોને આ વાત કરી નથી. કેમ જે, ભગવાને બીજાને કહેવાનું કહ્યું ન હતું. ભગવાને આપણા માટે આપેલું સુખ આપણે જ ભોગવાય.

દોહા : **કરુણાસાગર પ્રગટ પ્રભુ, બચાવિયા નિજજન;**
દયા આણીને વાલમે, ટાળી દીધાં વિઘન...૧૧
મોક્ષ કરવા કંઈકનાં, વિચરે ધરા મોજાર;
જે એને મળિયા તેનો, કર્યો બેડો પાર...૧૨

પછી મહારાજની આજ્ઞા મુજબ ચારેય ભક્તો પોતપોતાની ઘરવખરી ગાડામાં ભરી ઊપડ્યા. તેમાં મૂળજી શેઠ ગામ લીંબલીએ રહેવા ગયા. પટેલ શ્યામજી કણસાગરા ને પટેલ શ્યામજી આગોલા એ બે ભક્ત ગામ ચાણપર રહેવા ગયા. અને હંસરાજભાઈ સુતાર પરિવાર સાથે ગામ ખોલડિયાદમાં રહેવા ગયા. તે પછી વીસ દિવસે વડોદરાથી દીવાન બાબા સાહેબનું લશ્કર આવ્યું, તે વઢવાણ ઉપર ત્રાટક્યું. ત્યાં ભારે યુદ્ધ થયું. વઢવાણ તાલુકો ખેદાન મેદાન કર્યો. અને મેમકાને લૂંટીને બાળી દીધું. પરંતુ નિષ્ઠાવાન અને વિશ્વાસુ આ

ચારેય ભક્તની શ્રીહરિએ રક્ષા કરી. આવી રીતે ભવિષ્યના દુઃખથી મહારાજે પોતાના ભક્તોની રક્ષા કરી. *(સંદર્ભ : નિર્ગુણ.વા.૯)*

આપણે ભક્ત થયા એટલે શ્રીહરિની આજ્ઞા પાળવી એ આપણી ફરજ છે. અને પોતાના ભક્તની રક્ષા કરવી તે ભગવાનની ફરજ છે. ભગવાન તો પોતાની ફરજ હંમેશા બજાવે જ છે. આપણે ગાફલાઈમાં વચન લોપી નાખીએ તોપણ શ્રીહરિ અતિ દયા કરી પળે પળે આપણી રક્ષા કરે છે. માટે ખૂબ શ્રદ્ધાથી તેમનાં વચનોમાં વિશ્વાસ રાખવો. અને જેમ કહે તેમ કરવું; એમાં જ આપણું ભલું છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિ પ્રથમવાર મેમકા પધાર્યા અને ભક્તોની રક્ષા કરી' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૩॥

અધ્યાય - ૪

હંસરાજભાઈનો ખોલડિયાદમાં નિવાસ તથા તેમનાથી અન્યને સત્સંગ

સં.૧૮૬૦ વૈશાખ સુદ પાંચમે હંસરાજભાઈ પરિવાર સાથે ખોલડિયાદમાં આવીને વસ્યા. પુરુ.ચ.પુષ્પ.ગુ.૬/૫૭માં કહ્યું છે,

ચોપાઈ : **અઢારસો ને સાઠમાં એહ, સુદ વૈશાખ પંચમી જેહ.**
મેમકાથી ઉચાળો ભરાવી, રહ્યા ખોલડિયાદમાં આવી;
માની મહાપ્રભુનું વચન, આવ્યા મૂકીને મૂળ વતન.

જ્યારે તેઓ ખોલડિયાદ ગામે આવ્યા ત્યારે ત્યાં સિંધવ રજપૂતોનું રાજ્ય હતું. આ રજપૂતોએ હંસરાજભાઈને આદરથી પોતાના ગામમાં રાખ્યા હતા.

ત્યાર પછી મૂળીની ચારે બાજુ ઝાલાવાડ પ્રદેશમાં મુક્તાનંદસ્વામી વગેરે સંતોએ ખૂબ વિચરણ કર્યું. અનેકને સત્સંગ કરાવ્યો. તેથી અહીં શ્રીજીમહારાજ પણ અનેક વાર પધાર્યા હતા. અને શ્રીહરિ તથા સંતોના

વિચરણથી અહીંના ઝાલા, જાડેજા, પરમાર વગેરે ગરાસદાર ક્ષત્રિયોમાં તથા બ્રાહ્મણ, વાણિયા અને પાટીદાર આદિ જ્ઞાતિઓમાં સત્સંગનો ઘણો સારો પ્રચાર થયો. એટલે નિયમ-નિશ્ચયની ટેકવાળા, માથા સાટે સત્સંગ રાખે તેવા ભારે શૂરવીર સત્સંગીઓનું આ પ્રાંતમાં નિર્માણ થયું હતું. કચ્છ, કાનમ ને કાઠિયાવાડની પેઠે ઝાલાવાડનો સત્સંગ પણ ઉત્તમ કોટિનો ગણાય છે. એ બાજુના ગામોના નંદસંતો પણ ઘણા થયા હતા.

દોહા : **ધન્ય ધન્ય ઝાલાવાડને, શું કરું એનાં વખાણ;**
શ્રીજીએ ખુદ બિરદાવિયો, આ તો છે મુક્તોની ખાણ...૧૩

એકવાર શ્રીહરિ બોલ્યા હતા કે, ‘આ ઝાલાવાડ પ્રદેશ તો મુક્તોની ખાણ છે.’ તેમાં પણ મેંથાણ, રામગ્રી જેવા ગામોને જોઈને શ્રીહરિ કહેતા કે, **‘આ ગામોમાં તો અનેક મુક્તો ભર્યા છે.’** આ પ્રદેશમાંથી અનેક મહાન પરમહંસો થયા હતા. તેની વિગત : મેથાણ ગામમાંથી (અજા પટેલ) પૂર્ણાનંદસ્વામી, કેવલાત્માનંદસ્વામી વગેરે અઢાર નંદસંતો થયેલા. રામગ્રી ગામના જીવા પટેલ પોતે નરોનારાયણાનંદસ્વામી તથા તેમના બંને પુત્રો યોગાનંદસ્વામી ને કૃષ્ણાનંદસ્વામી તથા તેમના ભત્રીજા શૂન્યાતીતાનંદસ્વામી, વગેરે ઘણાક સાધુ થયા હતા. હેબતપરના ગજા ગઢવી કવિ પૂર્ણાનંદસ્વામી થયા હતા. કડુ ગામના કલ્યાણભાઈ અદ્ભુતાનંદસ્વામી થયા હતા. તેમના બે ભાઈ ક્રમથી નાના ચૈતન્યાનંદ સ્વામી તથા નિષ્કામાનંદસ્વામી થયા હતા. ધનાળા ગામના અંબારામ વિપ્ર ભૂજના પ્રથમ મહંત વૈષ્ણવાનંદસ્વામી થયા હતા. જેમણે **‘હરિલીલા સિંધુ’** નામનો હિંદીમાં મોટો ગ્રંથ લખ્યો છે. જેમાં સ્વામિનારાયણ ભગવાનનું સર્વોપરીપણું ખુલ્લે ખુલ્લા શબ્દોમાં પ્રતિપાદન કરેલું છે. હજી તેનો ગુજરાતીમાં અનુવાદ થયો નથી. પરંતુ ભગવાનની કૃપાથી કોઈ વિદ્વાન એનું ગુજરાતી કરશે તેથી સત્સંગને તેનો અલૌકિક લાભ મળશે.

અરે..! શિયાણીના દરબાર અજીતસિંહે પોતાના ગરાસનો ભાગ તેમના મોટાભાઈ હરિસિંહને દઈ દીધો. અને પોતે શ્રીહરિના બાર

ગુરુભાઈ સંતો માંહેના પરમચૈતન્યાનંદસ્વામી બન્યા હતા. તથા શિયાણી ગામના શિવરામ ભટ્ટ મહાન વિદ્વાન હતા. તેઓ પણ શ્રીહરિ પાસે દીક્ષા લઈ અખંડાનંદ બ્રહ્મચારી થયા હતા. જેમણે સંસ્કૃતમાં **'શ્રીહરિ-ચરિત્રમ્'** નામે સુંદર ગ્રંથ રચ્યો છે. અને આધારાનંદસ્વામી ઉર્ફે સિદ્ધાનંદ સ્વામી ખોલડિયાદ ગામના હતા. આ બધા પરમહંસો ઝાલાવાડ પ્રાંતના હતા. આ બધી હકીકત મૂળી તથા અમદાવાદ વગેરેના અનેક વૃદ્ધ સંત-હરિભક્તોને રૂબરૂ મળી ગઢપુરવાસી પ.પૂ.હરિપ્રિયદાસજીસ્વામીએ ઘણા વર્ષોની શોધખોળને અંતે ખૂબ જ ચોક્કસ કરીને લખી છે.

દોહા : **મોટા સંતના જીવનને, જાણો માણો જરૂર;**
પ્રભુના પ્યારા એ સંતમાં, હરિ હાજરાહજૂર...૧૪
સંત ચરિત્ર સુખધામ છે, સંતને અમૃતવત;
જાણતાં સેવતાં પામીએ, સાધુતા તેથી તરત...૧૫
સાધુતા મળ્યે મળી જાય, જરૂર પ્રભુ પ્રગટ;
માટે સાધુતા કેળવવા, પ્રયત્ન કરજો ઝટ...૧૬

મોટા સંતોનાં જીવન જાણવાં માણવાં જેવા હોય છે. કેમ જે, તેમના જીવનમાં હરિવર હાજરાહજૂર હોય છે. આવા સંતોનાં ચરિત્રો સુખનું ધામ છે, અમૃત સમાન છે. તેને જે અમૃત સમાન જાણીને સેવે છે, તે ભગવાનને વશ કરે એવી સાધુતાને પામે છે. અને જેમાં સાચી સાધુતા આવે તેને જરૂર પ્રગટ પ્રભુ મળે છે. શ્રીહરિ સાધુતાને વશ છે. અને સાચી સાધુતા સંતના જીવનમાંથી મળે છે. માટે સુજ્ઞ મુમુક્ષુએ સાધુતા કેળવવા માટે ખૂબ દાખડો કરવો જોઈએ. સાચી સાધુતા મેળવવા માટે સંતોનાં જીવનચરિત્ર વાંચવા-સાંભળવા બહુ જ જરૂરી છે.

જેમ મુક્તાનંદસ્વામી વગેરે સંતોએ શ્રીહરિની આજ્ઞાથી માન અપમાનાદિ ખૂબ સહન કરીને સત્સંગ કરાવ્યો. એવી જ રીતે શ્રીહરિની આજ્ઞાથી હરિભક્ત ભાઈઓએ અને બહેનોએ પણ ખૂબ જ સત્સંગનો

પ્રચાર પ્રસાર કરેલો છે. તેમાં હંસરાજભાઈ અને તેમના પત્ની મણિબાઈનું નામ મોખરે લઈ શકાય એવું છે.

❋ હંસરાજભાઇ દ્વારા ખોલડિયાદમાં સત્સંગ :

હંસરાજભાઈએ અને તેમનાં પત્ની મણિબાઈએ ખોલડિયાદમાં પોતાનું મકાન બનાવ્યું. અને તે પોતાના મકાનના એક ભાગમાં મંદિર બનાવ્યું. સવાર સાંજ ધૂન કીર્તન તથા કથા વાર્તા ચાલુ કર્યાં. ધીમે ધીમે ઘણા ગામલોકો ત્યાં આવવા લાગ્યા. હંસરાજભાઈએ તેમને શ્રીહરિનો મહિમા તથા સત્સંગની દિવ્ય વાતો સમજાવી. તેથી ધીમે ધીમે ગામમાં ઘણા લોકો સત્સંગી થયા. નિષ્કુળાનંદસ્વામીએ ભ.ચિં.૧૧૭માં કહ્યું છે,

ચોપાઈ : **ખરા ભક્ત ખોલડિયાદ ગામ, જન સુતાર હંસરાજ નામ;**
દૈવી જીવોને સુબોધ દીધો, સતસંગમાં સમાસ કીધો.

હંસરાજભાઈ સત્સંગના મહિમાવાળા તથા સત્સંગપ્રચારક ભક્ત હતા. તેમણે ખોલડિયાદમાં કથા-વાર્તા કરી અનેક દૈવી ભક્તોને ઉપદેશ આપ્યો અને ઘણા લોકોને હરિભક્ત બનાવ્યા. જેમ વંથળીના કલ્યાણ-ભાઈએ તથા બોચાસણના કાશીદાસભાઈએ ઘણાં ગામોમાં ઘણાં બાઈ-ભાઈને સત્સંગ કરાવ્યો હતો, અને અનેક જીવોને ભગવત્પરાયણ કર્યા હતા, તે જ રીતે હંસરાજભાઈએ પણ અનેકને સત્સંગ કરાવ્યો હતો અને ઘણા ભક્તોને પ્રભુ-પરાયણ બનાવ્યા હતા. માટે આવા ભક્તોને ખૂબ ખૂબ ધન્યવાદ છે. હંસરાજભાઈ અને તેમનાં પત્ની મણિબાના શુદ્ધ ભાવ ભરેલા પ્રયત્નથી આ વિસ્તારમાં ઘણા લોકોને સત્સંગ થયો હતો. તેની વિસ્તારથી નોંધ કરતાં ખુદ આધારાનંદસ્વામી હ.ચ.સા. પૂર-૧૫/૪-૫માં કહે છે કે,

चोपाई :
निवास रखे मन दई अति भावा, एकसठ में सत्संग करावा ॥
हंसराज के जोग भये जबहू, सिंधव सत्संग करे तबहू ॥१२॥

સં.૧૮૬૦ના વૈશાખ મહિનામાં તેઓ ખોલડિયાદ રહેવા ગયા. અને તરત જ એકસઠની સાલમાં તેમણે બીજા લોકોને સત્સંગ કરાવવાનો આરંભ કરી દીધો. હંસરાજભાઈના યોગમાં આવતા સિંધવ પરિવારના રાજપુરુષોએ સત્સંગ કર્યો હતો.

ખોલડિયાદમાં ત્યારે સગા સિંધવ, જીવા સિંધવ અને અજા સિંધવ આ ત્રણેય ભાઈ હંસરાજભાઈના યોગમાં આવતા બહુ જ સારા હરિભક્ત થયા હતા. વળી, સગા સિંધવને ચાર પુત્ર હતા. (૧) હરખાભાઈ (૨) રાજાભાઈ (૩) રામાભાઈ અને (૪) નારાયણભાઈ. તથા જીવા સિંધવને સાત પુત્ર હતા. (૧) ઘેલાભાઈ, (૨) હમીરભાઈ, (૩) ખેંગારભાઈ (૪) દાનાભાઈ, (૫) નરશીભાઈ, (૬) દલાભાઈ અને (૭) ગણેશભાઈ. તેમાં ખેંગારભાઈને તો મહારાજની મરજીમાં રહેવાનું જબરું અંગ હતું. તેઓ ખોલડિયાદથી ગઢપુર રસોઈ દેવા આવ્યા ત્યારે મહારાજે કહ્યું કે, ‘કડિયાના પગાર ચડ્યા છે, માટે તેમાં રૂપિયા આપો. અમે તમારી રસોઈ માની લેશું.’ શ્રીહરિની મરજી જોઈને તરત જ ખેંગારભાઈએ તેમ જ કર્યું હતું. આ વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

વળી, અજા સિંધવને બે પુત્ર હતા. (૧) રૂડાભાઈ અને (૨) મૂળાભાઈ. તેમાં રૂડાભાઈ સંતપ્રેમી હતા. પોતાના આંગણે આવેલા સંત ભૂખ્યા જાય તો તેમને ઊંઘ આવતી નહીં. તેમનો આવો સંતસ્નેહ અને ઉત્તમ ભક્તિ જોઈને તેમની તથા તેમના પરિવારની રક્ષા માટે શ્રીહરિએ માત્ર તેમના એકના જ ખેતરમાં વરસાદ વરસાવ્યો હતો. આ પરચો પણ સત્સંગમાં પ્રસિદ્ધ છે. આ તમામ ભક્તોને હંસરાજભાઈના યોગમાં આવતા સારો સત્સંગ થયો હતો. અને તે સર્વે પરિવાર જગતની નાશવંત વસ્તુઓને હરામ કરીને શ્રીહરિને ભજતા હતા. ત્યારે ગામમાં તેમનું જ મુખ્ય ચલણ હતું. વળી,

ચોપાઈ : કણબીમાં મૂળાભાઈ જેહ, તેને વાધ્યો શ્રીહરિમાં સ્નેહ.

તેના પુત્ર ને પુત્રના તન, કરે પ્રગટ પ્રભુનું રટન;
સૌને શિર સાટે સતસંગ, કરે નહીં વચનનો ભંગ.

વળી, એક અડાલજા અટકના મૂળજીભાઈ પટેલ આ ગામના મુખી હતા. તેમને દાદુભાઈ નામે એક ભાઈ હતા તથા મૂળજી પટેલના દીકરાનું નામ ડુંગરભાઈ હતું. અને તેના દીકરાનું નામ ભગુભાઈ હતું. તે સહુ પણ હંસરાજભાઈનો યોગ થતાં સારા સત્સંગી થયા હતા. મૂળજી પટેલનો આખો પરિવાર સિંધવ ભક્તના જેવી જ ભાવનાથી શ્રીહરિ અને સંતોની સેવા કરતો હતો.

સિંધવ પરિવારમાં તેમના દીકરા અને દીકરાના દીકરાઓ પણ સારા સત્સંગી થયા હતા. જેના અનંત જન્મનાં પુણ્ય ઉદય થયા હોય તેવા ભાગ્યશાળી આત્માઓને જ સત્સંગ મુખ્ય રહે છે. બધાને સત્સંગ થાય એવું નથી. જે ભાગ્યશાળી હોય તેને જ સત્સંગ થાય છે. માટે જેને સત્સંગ થાય તે ભાગ્યશાળી છે. અને જેને સત્સંગ નથી થતો તે અભાગિયો છે. વળી, સત્સંગ થયા પછી પણ જેના મોટાં ભાગ્ય હોય તેને જ સત્સંગ મુખ્ય રહે છે. બાકી તો મોટા ભાગના જીવને સ્ત્રી, ધન, માન, મોટપ, પદ-પ્રતિષ્ઠા જ મુખ્ય રહે છે. માટે સત્સંગ થયા પછી જેને શ્રીહરિ અને સંતો જ પ્રધાન રહે તે મહાભાગ્યશાળી છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'હંસરાજભાઈનો ખોલડિયાદમાં નિવાસ તથા તેમનાથી અન્યને સત્સંગ' એ નામે ત્રીજો અધ્યાય થયો. ॥૪॥

અધ્યાય - ૫

ખોલડિયાદમાં શ્રીહરિની પ્રથમ પધરામણી

ખોલડિયાદમાં હંસરાજભાઈ અને તેમનાં ધર્મપત્ની મણિબાઈનો યોગ થતાં બાઈઓ-ભાઈઓમાં ખૂબ સત્સંગનો રંગ લાગ્યો. સહુ પ્રેમભીનાં હૃદયે ભજન-ભક્તિ તથા સેવા-સ્મરણ કરવા લાગ્યાં. આ

સહુ ભક્તોની ભાવનાથી સં.૧૮૬૨ વૈશાખ સુદિ-૪ના શ્રીહરિ પ્રથમવાર ખોલડિયાદમાં પધાર્યા.

दोहा : जीवासिंधव ताहिके, भूवन रहे हरि रात ।।
रसोई जेंवाये भावकर, चलत भये प्रभात ।।१४।।

જ્યારે શ્રીહરિ ખોલડિયાદ આવ્યા ત્યારે ખેંગારભાઈના પિતા જીવા સિંધવની ઘેર રાત રહ્યા હતા. તેમણે અતિ ભાવથી રસોઈ કરી શ્રીહરિ તથા સંતો-ભક્તોને જમાડ્યા હતા. પછી સવારમાં શ્રીહરિ ખોલડિયાદના ભાવિક ભક્તોની રજા લઈને ચાલ્યા હતા.

વળી, હંસરાજભાઈનાં ધર્મપત્ની મણિબાઈ બહુ જ ધર્મનિષ્ઠ હતાં. તેથી તેમણે પોતાના ઘરમાં, કુટુંબમાં અને ગામના બહેનોમાં ધર્મના સંસ્કારો રેડી સત્સંગની બળવાન પ્રવૃત્તિ કરેલી. જેવું નામ તેવો જ ચળકતા મણિ જેવો સહુને ઉજ્જ્વલ સત્સંગ કરાવ્યો હતો. જેમને મણિબા જેવી માતા અને હંસરાજભાઈ જેવા પિતા મળ્યા હોય તે પુત્રો પણ ભાગ્યશાળી ગણાય. માતા-પિતાનાં સંસ્કારો, ભાવના અને શુભ વર્તનની છાપ બાળકો ઉપર અવશ્ય પડે છે. આ ન્યાયે હંસરાજભાઈના ત્રણેય પુત્રો પિતાની જેમ સારા ધર્મનિષ્ઠ સત્સંગી થયા હતા.

દોહા : **સહુને સત્સંગ કરાવિયો, ધન્ય ધન્ય ભક્તરાજ;**
હંસરાજભાઈને સંભારશે, કાયમ ભક્તસમાજ...૧૭

ધન્ય ધન્ય માતા મણિબાને, જેણે કરાવ્યો સત્સંગ;
ગામને વળી કુટુંબને, રંગ્યા પ્રગટને રંગ...૧૮

પોતાના તન ધન વાપરી, રાખી દિલ ઉદાર;
પોતે પ્રભુને ભજતા રહી, ભજાવે બહુ નરનાર...૧૯

મહાન આ દંપતીને, કરીએ કોટિ વંદન;
એવા થઈએ આપણે, રીઝવવા ભગવન...૨૦

ભગવાનના ભક્ત એકલા મોક્ષભાગી ન બને. એ તો અનેકને સત્સંગના રંગે રંગી નાખે, કંઈકને ભગવાનના ધામમાં લઈને જાય

એવા બળિયા હોય. અને કંઈકને પ્રભુના ધામમાં પહોંચે એવા બળિયા કરી મુકે. જેનાથી પોતાના સંગનો રંગ બીજાને લાગતો નથી, ત્યાં સુધી તે ભક્ત કાચો છે. જેના સંગનો રંગ બીજાને લાગી જાય અને એ પણ સત્સંગ-પરાયણ બની જાય, એ ભક્ત જ સાચો છે. માટે જેણે અનેકને સત્સંગના રંગે રંગ્યા છે, એવા આ દંપતીને કોટિ કોટિ વંદન કરીએ. કેમ જે, તેમને શુદ્ધભાવે એક શ્રીહરિને જ રીઝવવાનું તાન હતું. તેથી જ આ કામ થઈ શક્યું હતું.

મણિબાના શુદ્ધ સંસ્કારને કારણે તેમના મોટા પુત્ર વીરજીભાઈ તો બાળપણથી જ સત્સંગ-પરાયણ બની ગયા હતા. ધ્યાન-ભજન કરવું અને કીર્તનો ગાવાં એ એમનું મુખ્ય અંગ હતું. પિતા-પુત્ર જ્યારે કીર્તનો ગાતા હોય ત્યારે સાંભળનારા સત્સંગીઓને પણ પ્રભુભક્તિનો અલૌકિક આનંદ આવતો, અનેકને સત્સંગનો રંગ ચડતો ને સહુ શ્રીહરિના સ્વરૂપમાં તન્મય બની જતા. વળી, એમને શ્રીહરિ અને મોટા સંતોની આજ્ઞામાં તથા મરજીમાં રહેવાની સદાય ખટક રહેતી. તેથી તેમણે તેમના યોગમાં આવેલા સિંધવ પરિવાર તથા પટેલ પરિવારમાં પણ એવા જ સંસ્કારો રેડ્યા હતા.

મહાનને સેવતા જનો, સામાન્ય મહાન થાય;
જેવા ભક્તને સેવીએ, તેવું પોતે થવાય...૨૧

હંસરાજભાઈ તથા તેમના ધર્મપત્ની મણિબાઈને શ્રીહરિની મરજીમાં રહેવાનું મુખ્ય અંગ હતું. એટલે તેમણે જેને જેને સત્સંગ કરાવ્યો તે બધાને પણ 'શ્રીહરિ અને મોટા સંતોની મરજીમાં જ સુખ છે.' આવું અંગ પડાવ્યું હતું. અને એટલે જ સિંધવ પરિવાર અને પટેલ પરિવાર, આ બંને પરિવારોમાં પણ મહારાજની મરજીમાં જ રહેવું, આવા સંસ્કારો આવ્યા હતા. માણસ જેનો સમાગમ કરે એવો બની જાય છે. મહાન માણસને સેવે તો સામાન્ય ભક્ત પણ મહાન બની જાય છે. ટૂંકમાં જેવા સંત-ભક્તનું સેવન કરીએ તેવા આપણે બનીએ છીએ.

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, 'અક્ષરધામનો મુક્ત હોય ને સ્વાધીન થકો આંહીં આવ્યો હોય ને સ્વતંત્ર થકો જાય એવો હોય, પણ એને સત્પુરુષનો સંગ ન હોય અને કુસંગ કરતો હોય તો જડ સંજ્ઞાને પામી જાય છે. તે જેમ આ દેશના વાણિયા પરદેશમાં જાય છે, ત્યાં કાફરીઓ(સ્ત્રીઓ) રાખીને રહી જાય છે; તેમ અક્ષરધામના મુક્ત હોય, તે પણ આ લોકમાં બંધાઈ જાય છે. અને જો સામાન્ય જીવ હોય પણ એને સત્પુરુષનો સંગ થાય તો પૂર્વનું જ્ઞાન છે તે પ્રગટ થઈ આવે છે. અને મુક્ત બની જાય છે.' આવો સંગનો પ્રભાવ છે.

(સંદર્ભ : ગુ.સ્વામી વાત-૨/૭૩)

હંસરાજભાઈ શ્રીહરિ તથા સંતો-ભક્તોની મરજીમાં રહેનારા મુક્ત હતા. તેથી તેમનો સમાગમ કરનાર ખેંગારભગત વગેરે પણ મરજી-પ્રધાન ભક્ત બન્યા હતા. અને તેથી જ ખેંગારભગતે ગઢપુરમાં મનધાર્યું મૂકી શ્રીહરિની મરજી જોઈ પૈસા કડિયાના પગારમાં આપ્યા હતા. આ વાત પ્રસિદ્ધ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'ખોલડિયાદમાં શ્રીહરિ પ્રથમવાર પધાર્યા તથા સંગનો પ્રભાવ કહ્યો' એ નામે પાંચમો અધ્યાય થયો. ॥૫॥

અધ્યાય - ૬

વીરજી ભગતને જૂનાગઢમાં શ્રીહરિનાં દર્શન

એકવાર મહારાજે જૂનાગઢમાં ગીરનારની સમીપે સં.૧૮૬૭માં સમૈયો કરેલો. ત્યારે વીરજીભાઈ શ્રીહરિનાં દર્શને ત્યાં ગયેલા. ત્યારે તેમની ઉંમર ૧૨ વર્ષની હતી. ત્યારથી તેમનાં મનમંદિરમાં મહારાજની મૂર્તિ આબેહૂબ વસી ગઈ હતી. અને ત્યાં મહારાજે અનેકવિધ સંસારની તુચ્છતાની, ભગવાનના મહાસુખની તથા ગુરુનિષ્ઠ ભક્તોનાં આખ્યાનોની વાતો કરી હતી. તેથી તેમને સંસારમાંથી મન ઊતરી ગયું હતું. સંસાર

તુચ્છ લાગવા મંડ્યો હતો. આવી વાત સાંભળતાં જ સંસારની અસારતા સમજાઈ જાય અને જીવનમાં ઊતરી જાય તે ઉત્તમ મુમુક્ષુનું લક્ષણ છે. જૂનાગઢમાં વાતો સાંભળી ત્યારથી જ બાળ વીરજીને શ્રીહરિની સમીપ પહોંચવાનો નિત્ય ઓરતો રહેતો હતો. જૂનાગઢનો ઉત્સવ કરી તે પાછા ખોલડિયાદ આવ્યા. પરંતુ તેમનું હૈયું હરિવરમાં ચોરાઈ ગયું. સતત અંતરમાં એ જ વિચારો ઘોળાતા કે 'હવે ફરી ક્યારે મહારાજનો યોગ થશે ? જો ઘરેથી રજા મળે તો અત્યારે જ સંસાર છોડી અખંડ શ્રીહરિની સેવામાં લાગી જવું છે. સાધુ બની જાવું છે.' આવું તેનાં અંતરમાં શ્રીહરિને સેવવાનું ઘેલું લાગ્યું હતું, સત્સંગનો રંગ લાગ્યો હતો.

❊ શ્રીહરિ ખોલડિયાદમાં બીજીવાર પધાર્યા :

ખોલડિયાદના ભક્તો ભોળા અને પ્રેમી હતા. તેઓ ઘણીવાર ગઢડા કે વડતાલ ઉત્સવ સમૈયામાં જાય ત્યારે શ્રીહરિને પોતાને ગામ પધારવાની પ્રેમભીની પ્રાર્થના કરતા. ત્યારે મહારાજ કહેતા, 'સમય આવશે ત્યારે ફરી તમારે ગામ પધારશું.' એક દિવસ અહીંના ભક્તોની ભાવનાને આધીન થઈ શ્રીહરિ સં.૧૮૬૯માં જ્યારે દુષ્કાળ પડ્યો ત્યારે બીજીવાર ખોલડિયાદ પધાર્યા. સહુ ભક્તોની ખબર લીધી. હંસરાજભાઈને ઘેર રાત રહ્યા. ત્યારે વીરજીભાઈએ પોતાને ઘેર શ્રીહરિની ખૂબ સેવા કરી હતી. તેમનો સરળ અને નમ્ર સ્વભાવ જોઈ મહારાજ ખૂબ જ રાજી થયા હતા. પ્રભુએ પ્રસન્ન થઈ તેઓને ખૂબ સુખ આપ્યું હતું.

પછી મહારાજ જ્યારે ચાલતા થયા ત્યારે રૂડા સિંધવને સાથે લીધા. આ ઓગણોતેરા કાળમાં જરા પણ વરસાદ વરસ્યો ન હતો. સહુના તમામ ખેતરો સુકાઈ ગયાં હતાં. રસ્તામાં ચાલતા શ્રીહરિએ રૂડા સિંધવને કહ્યું, 'હવે પાછા વળો.' તે કહે, 'હે નાથ ! પાછા વળીને શું કરવું ? હવે તો આપ અમને વહેલા તેડવા પધારજો. કાં આપની સાથે

લઈ જાઓ. કેમ જે, આ દુષ્કાળમાં શું ખાશું ? ઘરમાં થોડું જ અનાજ રહ્યું છે. અને વરસાદ વરસતો નથી.' ત્યારે મહારાજ કહે, 'હવે આ બધો મો'લ તો બળી ગયો છે. વરસાદ વરસે તોપણ શું કામનું ?'

ત્યારે રૂડા સિંધવ કહે, 'મહારાજ ! હજી આની ગાંઠો લીલી છે. જો એકાદ વરસાદ થાય તો ઘણું અન્ન પાકે. અને અન્ન પાકે તો આંગણે આવેલા સંતોને જમાડી શકીએ. **આપની તથા આપના સંતોની સેવા થાય એ જ આ દેહનું ફળ છે**; એમ અમે માનીએ છીએ.' વાતો કરતા શ્રીહરિ ત્યાંથી આગળ ચાલ્યા. પરંતુ તેમની સેવા-ભાવના તથા સંતપ્રેમને નિહાળી શ્રીહરિ અતિ રાજી થયા. પછી એ જ રાત્રીએ શ્રીહરિએ માત્ર તેમના એકના જ ખેતરમાં વરસાદ વરસાવ્યો હતો. પછી આખું ગામ તે ભગતનું ખેતર જોવા ગયું હતું. આવો પરચો શ્રીહરિએ ખોલડિયાદમાં પૂર્યો હતો. શ્રીહરિએ આમ ખોલડિયાદવાસી ભક્તોને રાજી કર્યા હતા. તે વાત સત્સંગમાં પ્રસિદ્ધ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'વીરજી ભગતને જૂનાગઢમાં શ્રીહરિનાં દર્શન તથા શ્રીહરિ બીજીવાર ખોલડિયાદ પધાર્યા' એ નામે છઠ્ઠો અધ્યાય થયો. ॥૬॥

અધ્યાય - ૭

વીરજીભાઈ તથા તેમની માતાનો સંવાદ

વીરજીભગતને દિન પ્રતિદિન હરિમીલનની ઝંખના વધતી જાય છે. દિવસ પછી દિવસ વીતતા જાય છે. શુદ્ધભાવથી કરેલી સત્સંગની સેવા જરૂર આપણા મનોરથ સિદ્ધ કરે છે. પ્રગટ પ્રભુ અને સંતની નિષ્ઠા તથા ભજન-ભક્તિના પ્રતાપે હંસરાજભાઈ અને તેમના પુત્ર વીરજીના મનમાંથી સંસારની તમામ આસક્તિ ટળી ગઈ હતી. તેમાં

પણ વીરજીનું તો સંપૂર્ણ જીવન સત્સંગ-પરાયણ બની ગયું હતું. ભગવદ્ભજન અને સેવા જ એમને પોતાનું કર્તવ્ય લાગતું હતું. બાપ-બેટો બંને સત્સંગ, જપ, તપ અને ત્યાગ-વૈરાગ્યના માર્ગે એક પછી એક કદમ માંડી રહ્યા હતા. બંનેના જીવ વૈરાગ્યના ભગવા રંગથી રંગાઈ ગયા હતા. તે બંનેએ પોતપોતાનાં મનમાં સંકલ્પ કરેલો કે, 'હવે આ તુચ્છ સંસારનો ત્યાગ કરી હરિવરને વરી જાવું છે.' પરંતુ એકબીજાને કીધેલું નહિ, મનમાં દૃઢ ઠેરાવ કર્યો હતો કે,

દોહા : **હવે મારે સંસારમાં, નથી જીવવું જીવન;**
સાધુ દીક્ષા ગ્રહણ કરી, ભજવા છે ભગવન...૨૨
નાશવંત આ સંસારમાં, નથી લેવાનું કાંય;
સેવા કરીએ હરિ સંતની, તો જીવન સાર્થક થાય...૨૩
શેષ જીવન શ્રીહરિની, સેવામાં કરવું અર્પણ;
રાજી કરવા હરિ સંતને, કરું સેવા ને સ્મરણ...૨૪

બાપ-બેટા બંનેના અંતરમાં સતત આ જ વિચારો ઘૂઘવ્યા કરતા, 'આ નાશવંત અને તુચ્છ દુનિયામાંથી શું લેવાનું ? આ દેહ અને દુનિયામાંથી કોઈ ખાટ્યો નથી. સ્વાર્થીલા અને મતલબી સગાં તથા નાત-જાત સાથે અમારે શું લેવા દેવા ? વિષય-વાસનાથી ખરડાયેલા દંભી લોકોની સેવામાં આવી અણમોલ જિંદગી શું કામ બગાડવી ? ભોગ ભોગવવા તો જન્મ વગોવવા બરોબર છે. જે સંસારમાં બંધાય તે અંતે ખૂબ ગંધાય છે, હેરાન થાય છે. માટે હવે તો જેના છીએ, એવા સર્વાત્માને જીવન સમર્પણ કરી દેવું છે. એક જન્મ શ્રીહરિ અને સંતો માટે જ જીવવું છે. ભગવાન અને સંતોની સેવા કરી જન્મ સફળ કરવો છે.'

યાદ રાખજો આપણે કેવા છીએ ? અને ભવિષ્યમાં આપણે કેવા બનીશું ? તેનું પોતાને નિજદર્શન કરવું હોય તો આપણાં અંતરમાં ચાલતા વિચારોનો પ્રવાહ જોવો. વિચારો એક પ્રચંડ શક્તિ છે. આજના

વિચારો વ્યક્તિનું કાલનું જીવન બની જાય છે. માટે આપણી અંદર જેવા વિચારોનો પ્રવાહ ચાલે છે એવા જ આપણે છીએ. અને એક દિવસ એવા જ બની જઈશું. બીજું નવરાશની પળમાં આપણે શું કરીએ છીએ ? શું વિચારીએ છીએ ? તે ઉપરથી આપણે કેવા છીએ ? તેનું માપ નીકળે છે. ટૂંકમાં અંદર જેવા વિચારોનો પ્રવાહ ચાલતો હશે એવા જ આપણે એક દિવસ થઈને ઊભા રહીશું.

જેને રોજ ઊઠીને નબળા વિચારો આવતા હોય તેનું જીવન એક દિવસ ચોક્કસ ખરાબ બની જશે. જેને રોજ કો'કને મારી નાખવાના સંકલ્પ થતા હોય તે જરૂર ક્યારેક કો'કને મારે. જેને રોજ લોભના જ સંકલ્પ થતા હોય તે જરૂર એક દિવસ લોભને આધીન થઈ કાવા-દાવા કે ખોટું કરીને રૂપિયા ભેગા કરશે. તે જ રીતે જેને રોજ સાધુ થવાના સંકલ્પ થતા હોય તે જરૂર એક દિવસ સંત બનીને જ રહેશે. બે-ચાર દિવસે એકાદવાર સંત બનવાના વિચાર થતા હોય એવા સંત ન બની શકે. વિચારનો પ્રવાહ સતત ચાલવો જોઈએ. સતત ચાલતો વિચારનો પ્રવાહ જ સિદ્ધિ આપે છે. આ બંનેએ નક્કી કર્યું કે, 'હવે શેષ જીવન શ્રીહરિની સેવામાં સમર્પણ કરી દેવું છે. ભગવાન અને સંતોને રાજી કરી જીવન સાર્થક કરવું છે.' આ જ વિચારો રોજ ઊઠીને તેમનાં અંતરમાં ઘોળાયા કરતા.

હંસરાજભાઈના ત્રણેય પુત્રોમાં વીરજીના ત્યાગ, વૈરાગ્ય, ભક્તિ, તપ, સેવાભાવના, પ્રગટ પ્રભુની તથા સંતની નિષ્ઠા વગેરે સદ્‌ગુણો સહુથી ચઢિયાતા હતા. એટલે વીરજીભાઈએ પોતાની માતા મણિબાને એકાંતમાં બોલાવી કહ્યું, 'હે મા ! મારે તમને મારા દિલની એક વાત કહેવી છે.' મણિબા પણ સુજ્ઞ હતા. તેમણે કહ્યું, 'બોલ બેટા ! શું કહેવું છે ?' ત્યારે તે કહે, "હે માતા ! તમે જ મને શ્રીહરિ, સંતો તથા આ દિવ્ય સત્સંગ ઓળખાવ્યો છે. આપે જ મને અનેકવાર શ્રીહરિ

તથા સંતોનો અપાર મહિમા કહ્યો છે. આપ જ નાનપણથી મને કહેતા કે, ‘બેટા ! સ્વામિનારાયણ ભગવાન તો સર્વ અવતારના અવતારી છે, સર્વ કારણનું પણ કારણ છે, પૂર્ણ પુરુષોત્તમનારાયણ છે. વળી, તેમના સંતો અક્ષરધામના મુક્તો છે.’ હે મા ! આવો શ્રીહરિ અને સંતનો મહિમા સાંભળી મને રાત-દિવસ તેમની સેવા કરવાનો આલોચ રહે છે. હવે સંસારમાં જરાય ગમતું નથી. માટે જો તમે રાજી થઈને મને રજા આપો તો મારે સાધુ થવા જવું છે.”

તેમના માતુશ્રી વીરજીની આ વાત સાંભળી રહ્યા. તેઓ તો પ્રથમથી જ પુત્રની સ્થિતિ જાણતા હતા. કેમ જે, તેમણે જ બાળપણથી સતી મદાલસા તથા મેનાવતીની જેમ પોતાના પુત્રને સંસારની અસારતા સમઝાવીને આત્મકલ્યાણનાં પીયૂષ પાયાં હતાં. જગત મિથ્યા છે તથા આત્મા સત્ય છે અને તે પરમાત્માને પામીને જ પરમ સુખને પામે છે, એવું સમજાવ્યું હતું. જેઓ પોતાની કૂખે જન્મેલા બાળકને જન્મ-મરણથી મુક્તિ અપાવે એ જ સાચી જનની છે. જે પુત્રને સાચી વાત સમજાવે તેવી માતાને ધન્યવાદ છે.

પરંતુ રોજ ઊઠી પુત્રને પરણાવવાની તથા રૂપિયા રળવાની જ વાતો કરે; વળી, કો’કને છેતરીને આવે ત્યારે પુત્રને શાબાશી આપે; એવા મા-બાપને ધિક્કાર છે. આવા માતપિતા મળે તો કલ્યાણની કઠણાઈ કરે. મણિબાએ પુત્રને શ્રીહરિ, અક્ષરધામ અને આત્માનું સત્યપણું સમજાવ્યું. મોક્ષનો સાચો રાહ બતાવ્યો હતો. વળી, તે એ પણ જાણતાં હતાં કે, ‘જેની દૃષ્ટિ શ્રીહરિના સુખમાં પહોંચી હોય તે જીવને અનંત બ્રહ્માંડનાં વિષયસુખ કે રાજવૈભવનું સુખ પણ નરકતુલ્ય ભાસે, તો આ લોકના વિષય-વૈભવમાં ન લોભાય તેમાં શું કહેવું ?’ ‘વીરજીને આ વાત અંતરમાં ઊતરી ગઈ છે, સાચું સમજાઈ ગયું છે’ એ જાણીને મણિબાઈ ખૂબ રાજી થયા.

ચોપાઈ :

માતા હૃદયે કરે છે વિચાર રે, મારો પુત્ર છોડીને સંસાર રે;
સાધુ થઈને કરશે સેવા રે, હરિ સંતનો રાજીપો લેવા રે...૨૫
કરી કરાવી હરિનું જ્ઞાન રે, કરશે કોટી જીવોનું કલ્યાણ રે;
તેથી શ્રીહરિ મારી ઉપર રે, થશે રાજી ને રાખશે નજર રે...૨૬

'મારો પુત્ર સંસાર છોડી સંત બનશે. અને શ્રીહરિ તથા સંતોની સેવા કરી તેમનો અપાર રાજીપો પામશે. તેથી અમારા આખા કુટુંબનું સારું થશે.' મોક્ષમાર્ગમાં રાજીપો અતિ મહત્ત્વની બાબત છે. 'રળવા જેવો એક રાજીપો છે.' જેને રાજીપારૂપી કમાણી કરતાં આવડે છે તે જ શ્રીહરિ અને સંતોનો લાડિલો બની શકે છે. વળી, 'મારો પુત્ર સેવા-ભજન કરશે અને અનેકને કરાવશે. પ્રગટ પ્રભુને વિશેષ ઓળખશે અને અનેકને ઓળખાવશે. અનેકને શ્રીહરિનું જેમ છે તેમ જ્ઞાન આપશે, તેથી કરોડોનાં કલ્યાણ થશે. જો હું દીકરાને ઘરમાં રાખીશ તો માત્ર સત્સંગમાં ધન આપીશ. પરંતુ, જો હું પુત્રનું દાન કરીશ તો મહારાજ મારા ઉપર બહુ રાજી થશે. અખંડ શ્રીહરિ મારી ખબર રાખશે. મને કોઈ રીતે મૂંઝાવા નહિ દે.

માટે શું કામ મારે મારા મહારાજના ખોળે જતા પુત્રને રોકવો જોઈએ ? શા માટે મારે એના કલ્યાણમાં બાધક બનવું જોઈએ ? એને મળતી શ્રીહરિની પ્રસન્નતામાં આડું પડવું જોઈએ ? માટે જરૂર મારે તેને સંત બનવામાં પ્રોત્સાહન આપવું જોઈએ.' આવી ઉમદા ભાવનાથી મણિબાએ તરત જ અતિ પ્રસન્ન થઈ પુત્રને સાધુ થવાની હા પાડી. અને અંતિમ ભલામણ કરતા કહ્યું, "ભલે પુત્ર, મોક્ષને પંથે પ્રયાણ કરો. ખૂબ શ્રીહરિ અને સંતોને સેવા કરી રાજી કરજો. મારાં આશીર્વાદ છે કે, 'તારો ત્યાગ મહારાજ નિર્વિઘ્ન પાર પાડશે અને તું શ્રીહરિની સેવામાં ખૂબ કામ લાગીશ." આમ પ્રોત્સાહન આપ્યું.

ધન્ય માતા મણિબાને, પુત્રને પ્રેર્યા સંસ્કાર;
હરિભક્તિ ગુરુનિષ્ઠા દૈ, તજાવ્યો છે સંસાર...૨૭

આવી માતાઓ જવલ્લેજ જોવા મળે છે. માટે તેમને ધન્યવાદ છે. કેમ જે, યુવાન પુત્રને રાજી થઈ સુખપૂર્વક સાધુ થવાની છૂટ આપી. વળી કહ્યું, 'આપણા ગુરુદેવ મુક્તાનંદસ્વામી તથા ઈષ્ટદેવ શ્રીહરિ અને સંતો-ભક્તોને ગમે એવું જ કરજે હો..!' આ વાત સાંભળી વીરજીભાઈ ઘણા રાજી થયા. તેમનો મનરૂપી મોરલિયો નાચી ઊઠ્યો. શરીર રોમાંચિત થયું અને મનોમન માતાને વંદન કર્યાં. પછી આ વાત વીરજીભાઈએ મનમાં રાખી. અને વિચાર્યું હવે ધીમે રહી પિતાની રજા લઈ ઘરમાંથી નીકળી જાવું છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'વીરજીભાઈ તથા તેમની માતાનો સંવાદ અને સમજણ કહી' એ નામે સાતમો અધ્યાય થયો. ॥૭॥

અધ્યાય - ૮

વીરજીભાઈ તથા તેમના પિતાનો ત્યાગ

ઈશ્વરની ગતિ અકળ છે. બીજે દિવસે વાતની વાતમાં હંસરાજભાઈ પણ પોતાનો વિચાર સ્વપત્નીને કહેતા કહે કે, 'આપણા પુત્રો ધર્મવાળા છે. કામકાજ કરવામાં અને લોકવ્યવહારમાં પણ ખૂબ કુશળ છે. આપણે કોઈ પ્રકારની ચિંતા કરવી પડતી નથી.' ત્યારે મણિબાઈ કહે, 'આપ શું કહેવા માગો છો ? જે કહેવું હોય તે ટૂંકમાં કહો.' ત્યારે હંસરાજભાઈ કહે, 'સાંભળ..! હવે મારો વિચાર એવો છે કે, હું સંસારનો ત્યાગ કરી સાધુ થઈ બાકીની જિંદગી શ્રીહરિ અને સંતોની સેવામાં સમર્પણ કરવા ઈચ્છું છું. માટે હું તો કાલે જ સાધુ થવા ગઢડા જવા માગું છું. તો તારી શું મરજી છે ?'

આ વાત સાંભળી તેમનાં પત્ની બહુ રાજી થયાં. અને કહે, “તમે ઘણો સારો વિચાર કર્યો છે. પતિના સારા વિચારમાં સંમત થાવું એ તો મારો ધર્મ છે. પરંતુ તમારા કરતાં દસગણી સાધુ થવાની તૈયારી આપણા પુત્ર વીરજીએ કરી લીધી છે. હવે તમો બન્નેમાંથી સુખદુઃખ સહન કરી જે વધારે શ્રીહરિની સેવા કરી શકો, તે સાધુ થાઓ. અને સાંભળો, જો મહારાજની તમને બંનેને સાધુ કરવાની ઈચ્છા હોય તો તમે બંને સુખેથી સાધુ થઈ જજો. મારું રક્ષણ-પોષણ તો ગર્ભમાં જેણે રક્ષા કરી છે, પોષણ કર્યું છે, એવા શ્રીહરિજી કરશે જ. માટે તમે મારી ચિંતા ન કરતા. હવે શું કરવું તેનો નિર્ણય તમારે જ કરવાનો છે.” પત્નીની સમજણ જોઈને તેઓ રાજી થયા.

ધન્ય એમની નિષ્ઠાને, ધન્ય એની સમજણ;
મૂંઝાણા નહિ નિજ મનમાં, ત્યાગતા પુત્ર ને જણ...૨૮
આવો પ્રભુનો આશરો, રાખવો દૃઢ વિશ્વાસ;
સંસારી સ્વાર્થી થવું નહિ, લેવા ભરોસે શ્વાસ...૨૯

પુત્ર તથા પતિને ત્યાગ કરતાં જેમને જરાય મૂંઝવણ ન આવી, હસતા મોઢે શ્રીહરિને સમર્પણ થવાની હા કહી; તે નાની વાત નથી. આ તો ખરાખરીનો ખેલ છે. માટે આપણે સાવ સ્વાર્થિયા ન થવું. કેવળ સંસારરૂપી ઊંડા કૂવામાં પડ્યા ન રહેવું.

પત્નીની ઉપરોક્ત વાત સાંભળીને હંસરાજભાઈ વિચારમાં પડી ગયા. કારણ કે, ગુણિયલ, યુવાન અને વિવાહ યોગ્ય પુત્ર ત્યાગી થઈ જાય, એ લોકમાં ઠીક દેખાય નહીં. આવું વિચારીને હંસરાજભાઈએ એકાંતમાં વીરજીને બોલાવી ચકાસણી કરવા માટે પૂછ્યું કે, “બેટા ! તેં તારી માતાને સાધુ થવાની વાત કરેલી ?’ તે કહે, ‘હા પિતા.’ ‘પછી તેણે શું કહ્યું ?’ ત્યારે વીરજી કહે, ‘આ સંસારમાં કાંઈ લેવાનું નથી. સુખ તો એક માત્ર શ્રીહરિમાં જ છે. બીજે બધે તો ખાંડો ખૂંદવા

જેવું છે. અને સાધુતા જેવી તો કોઈ ઉત્તમ પદવી નથી. તું સંત થઈ મહારાજ અને સંતોની સેવામાં આયખું ઓગાળીશ તો તારો જન્મ સફળ થશે અને આપણા પરિવારનું નામ ઈતિહાસમાં રહેશે. વળી, મહારાજ અને સંતો રાજી થશે તો આપણા આખા પરિવારનો ઉદ્ધાર થશે.' એમ અતિ રાજી થઈને મારી માતાએ મને કહ્યું હતું."

ત્યારે હંસરાજભાઈ કહે, 'બેટા તારી વાત સાચી છે. પરંતુ સંસારમાંથી નિવૃત્તિ લેવાનો સમય મારો છે. તું તો હજી નાનો છો. વળી, તે સંસારના સ્વાદ ચાખ્યા નથી. અને સીધો તું સંત થવા જા ને ભવિષ્યમાં સંસારનો ચસ્કો લાગે તો આપણું ખરાબ દેખાય. માટે એક કામ કર, તું તારી બાની સેવામાં રહે અને હું સાધુ થવા જાઉં છું. તમે મા દીકરો મારી કાંઈ ચિંતા કરતા નહીં. અને તારી બા કહે તો પણ તારે આ નાની ઉંમરમાં ત્યાગી થવું તે ઠીક નથી. કેમ જે, તારી બુદ્ધિ હજી કાચી હોય; બે-પાંચ વર્ષે વૈરાગ્ય ઊતરી જાય ને તું પાછો ઘરે આવ તો આપણે ભૂંડા લાગીએ. અને મેં તો સંસારનાં સુખ ચાખી લીધાં છે. માટે હું સાધુ થવા જાઉં તેનો વાંધો નહીં.'

ત્યારે વીરજી કહે, 'પિતાજી ! તમે તમારી આખી ઉંમર સંસારમાં વાપરી નાંખી. હવે ઘરડા થયા એટલે સાધુ થવાની વાત કરો છો. પરંતુ, ભગવાનને કરમાયેલું નહિ, ખીલેલું પુષ્પ અર્પણ કરાય. માટે હું મારી ખીલેલી યુવાની શ્રીહરિને અર્પણ કરીશ. અને તમે હવે થોડું બાકી છે તે પૂરું કરો.' આમ થોડા સમય સુધી બાપ-બેટા વચ્ચે મીઠું ઘર્ષણ તથા સંવાદ ચાલ્યો. હંસરાજભાઈએ વીરજીને અનેક યુક્તિ પ્રયુક્તિથી ઘરમાં રહી ભજન કરવા ખૂબ સમજાવ્યું, પણ વીરજીનું મન મનાવી શક્યા નહીં. કેમ જે, વીરજીને અંતરની દૃઢતા હતી, ઘરનો ઠેરાવ હતો. સમજીને તેણે નિર્ણય કર્યો હતો. તેથી ડગ્યા નહીં. બાકી કાચા-પોચા તો કાંઈક સંસારમાં ફસાઈ ગયા છે.

પછી હંસરાજભાઈએ ફરી પોતાની પત્નીને વાત કરતાં કહ્યું, ‘મેં વીરજીને ઘણું સમજાવ્યો. પરંતુ તે માનતો નથી. તેને સાધુ થવાનો ઉમંગ છે. તો હવે હું શું કરું ?’ ત્યારે મક્કમતાપૂર્વક મણિબાઈ કહે, ‘એ નિર્ણય તમારે લેવાનો છે. તમે બંને સત્યને પંથે સિધાવો છો, ખોટે માર્ગે જતા નથી. બંને ભગવાન પામવા જાઓ છો, ભોગ મેળવવા જતા નથી. બંને સંત બનવા જાઓ છો, શેતાન બનવા જતા નથી. બંને સેવા-સ્મરણ-સત્સંગ કરવા જાઓ છો, ચોરી કરવા જતા નથી. માટે જો તમે નક્કી કર્યું હોય તો ધર્મના કામમાં મોડું ન કરાય.’

કો’ક મહિલામાં જ આવી સમજણ હોય છે. બાકી બીજા સંસારીઓની તો વાત કહેવા જેવી હોતી નથી. સહુ ભેગા મળી ભોગની વાતો કરતા હોય છે, પરમેશ્વરના યોગની નહીં. સહુ રાગ પોષવાની વાતો કરતા હોય છે, ત્યાગ-વૈરાગ્યની નહીં. પરંતુ જે ઘરમાં આવી ત્યાગ-વૈરાગ્ય અને સમર્પણની વાતો થતી હોય તે ઘર તો મંદિર સમાન સોહામણું લાગે. એવું ઘર તો અક્ષરધામમાં મહારાજ મુક્તોની સાથે બેઠા બેઠા વાતો કરતા હોય, એવું દિવ્ય લાગે. ઝાલાવાડ પ્રાંતના ખોબલા જેવા ખોલડિયાદ ગામમાં રહેતા આ કુટુંબના સંસ્કાર અને સમજણ તો જુઓ..!! દીકરો જુઓ તો બાપ ભુલાય અને બાપ જુઓ તો બેટો ભુલાય..! અને વીરજીની માતા સામે નજર કરીએ તો બાપ-બેટો બંને ભુલાઈ જાય. સહુને એક એકથી ચડિયાતો સત્સંગનો રંગ લાગ્યો છે. માટે આ આખો પરિવાર ધન્યવાદને પાત્ર છે.

પછી તો બાપ-દીકરા બંનેએ નક્કી કર્યું કે, ‘ચાલો હવે આપણે બંને શ્રીહરિની સેવામાં પહોંચી જઈએ.’ આમ એક સાથે બે મરજીવા મહારાજની મરજીમાં જીવન ઝંપલાવવા તૈયાર થયા. બંનેને એક સાથે હસતે મુખે વિદાય આપવાનો પ્રસંગ ઊભો થયો. ગમે તેટલી ધર્મનિષ્ઠ બાઈ હોય પણ પતિ-પુત્ર આમ એકાએક સંસારી જીવનને છોડી ચાલ્યા

જતા હોય ત્યારે એની લાગણીનાં પૂર વહેવા માંડે, આંખોમાંથી અશ્રુધારા ચાલુ થાય, હોઠ લાંબા-ટૂંકા થવા મંડે; કકળાટ, વલોપાત અને વિનવણીથી વાતાવરણને ઉદ્વેગમય બનાવી દે; આવા વલોપાતમાં ડૂબતા ઘણાં ઘરો મેં મારી નજરે જોયાં છે. કેમ જે, મેં ઘણા મુમુક્ષુઓને સાધુ કર્યા છે. અને તેમનાં કંકાસ તથા અજ્ઞાન ભર્યા ઉદ્વેગો કાને સાંભળ્યા છે. અત્યારે સારું છે. હવે કોઈ સંત થવા આવે તો ઘણા માતપિતાઓ રાજી થઈને રજા આપે છે. એવી સમજણ દૃઢ થાતી જાય છે.

પણ હંસરાજભાઈનાં ધર્મપત્ની મણિબા અતિ સમજુ છે. તેથી તેમણે સ્વસ્થતા તથા દૃઢતાપૂર્વક શાંતિથી કહ્યું, ‘તમારા આવા વિચારમાં સહમત થવું, એ આર્ય સન્નારીનો ધર્મ છે. આપણે તો શ્રીહરિના જ છીએ, તેમના માટે જ જન્મ્યા છીએ ને તેમના માટે જ જીવવાનું છે. અને તે કાર્યમાં તમે ઝંપલાવો એ મારા સદ્ભાગ્યની વાત છે.’ આમ કહી પતિ-પુત્ર બંનેને વિદાય આપી. સમજણ બે પ્રકારની હોય છે : (૧) મણિબા જેવી અને (૨) અજ્ઞાની જીવ જેવી. એક ત્યાગ-વૈરાગ્યને પોષે છે. બીજી રાગને પોષે છે. આપણી સમજણ કેવી છે ? તે તપાસવું. જેવી સમજણ હોય એવી પ્રાપ્તિ થાય છે. સમજણ બદલાય તો જ સ્થિતિ બદલે છે.

ધન્ય આવી માતાને, ધન્ય ધન્ય આવી નાર;
પતિ હોય કે પુત્ર તેનો, કરવા ચાહે ઉદ્ધાર...૩૦

મણિબાએ પતિ-પુત્ર બંનેને કપાળમાં ચાંદલા કર્યા ને ચોખા ચોડી કહ્યું, ‘સુખે આપ પરમેશ્વરના પંથે સિધાવો.’ આવી સમજણ ટાણે રાખવી ઘણી કઠણ છે.

એક ગામમાં એક સારા સત્સંગી હતા. ને તે સત્સંગના આગેવાન હતા. પછી તે ગામમાં એક ભાઈનો એકનો એક દીકરો સંત થવા ગયો. ત્યારે આ આગેવાન હરિભક્તે ખૂબ તેને ઉપદેશ દીધો અને કહ્યું,

'જેના મોટાં ભાગ્ય હોય તેનો પુત્ર સંત થાય.' તેથી તેઓને બળ આવ્યું. અને સહુ રાજી થઈ એકના એક પુત્રને ભગવાનને અર્પણ કર્યો.

તે આગેવાન સત્સંગીને ત્રણ દીકરા હતા. તેમાંથી એક દીકરો થોડા સમય પછી સાધુ થવા તૈયાર થયો ત્યારે તેણે આખું ગામ ઊંચું કર્યું હતું. કથા-વાર્તા તથા સત્સંગનું બધું જ જ્ઞાન ભૂલી ગયા હતા. અને વૈરાગ્ય જેવા સદ્‌ગુણ આપનારા સંતોને મારવાની વાત કરવા લાગ્યા હતા. વૈરાગ્ય થાવો અઘરો છે, સાધુ થાવું અઘરું છે, બીજાના સગાં-સ્નેહી સાધુ થાવા તૈયાર થયા હોય ત્યારે તેના સંબંધીને ઉપદેશ દેવો તે ઘણું સહેલું છે, પણ સાધુ થવા નીકળતા પોતાના દીકરા ને ભાઈ આદિકને હસતા મોઢે રજા આપી દેવી એ ઘણું અઘરું છે. માટે મણિબા જેવા સમજુ ભક્તોને વંદન છે.

જનમ આપે જે સંતને, ધન્ય ધન્ય એવી માત;
માયા તજાવી સ્વપુત્રને, ભેટાડે હરિ સાક્ષાત...૩૧
બળ આપે મોક્ષ માર્ગે, કાપે માયા બંધન;
એવા જો હોય સગાં તો, તેનેય લાખો વંદન...૩૨

મોક્ષને માર્ગે આપણને જે બળ આપે અને માયાનાં બંધન કાપે એ જ આપણા સાચા સ્નેહી છે. જે સંસારની લપ છોડાવે, અહંતા અને મમતા તોડાવે અને ભગવાન તથા સંતોમાં જીવ જોડાવે એવા સુજ્ઞ ભક્તોને વંદન..! તે આપણાં સગાં ન હોય તોપણ તેને સગાંથી સવાયા માનવા. અને જે મોક્ષમાર્ગમાં વિઘ્ન કરતા હોય તેને પાપરૂપ જાણીને તજી દેવા.

ગુણાતીતાનંદસ્વામી કહેતા કે, આ સત્સંગ રાજાને, નાતીલાને અને ઘરના માણસને નથી ગમતો; તેમ જ દેહ, ઇન્દ્રિયો અને અંતઃકરણને પણ નથી ગમતો; એક જીવને જ ગમે છે ને માયા તો પેટ કૂટે છે જે, 'મારા હાથથી ગયો.' અને સંસાર છોડે ત્યારે ગામના

હરિજન સુધી આડા ફરે, આવો સહુને સંસારનો મોહ છે. જગતના જીવ તો પરણવા જાય ત્યારે પોખાય, પણ એ સંસારના કૂવામાં પડે તેનું એકેય હાડકું સાજું ન રહે; છતાં જીવને મોહ છૂટતો નથી. નિર્બંધતા એ જ સાચો નિધિ છે. હંસરાજભાઈ તથા વીરજીભક્તની જેમ આલોકમાં ક્યાંય બંધાય નહિ એ જ સાચા મર્દ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'વીરજીભાઈ તથા તેમના પિતાના ત્યાગનું વર્ણન કર્યું' એ નામે આઠમો અધ્યાય થયો. ॥૮॥

અધ્યાય - ૯

વીરજીભાઈ બન્યા આધારાનંદસ્વામી

પિતા-પુત્ર બંને ખોલડિયાદનો ત્યાગ કરી સં.૧૮૭૩માં જન્માષ્ટમીના સમૈયા ઉપર ગઢપુર ગયા. ત્યાં હંસરાજભાઈએ એકાંતમાં મુક્તાનંદસ્વામીને મળીને પોતાની તથા પુત્રની બધી વાત કહી બતાવી. કેમ જે, સ્વામી ઝાલાવાડ પ્રદેશમાં ઘણું ફરેલા તેથી હંસરાજભાઈને સ્વામી સાથે ઘણું હેત હતું. એટલે સ્વામીને વાત કરે કે, 'હવે મારે સંસારમાં રહેવું નથી. હું તો બધું ત્યાગ કરીને આવ્યો છું. પરંતુ સાથોસાથ મારો વીરજી પણ તૈયાર થઈને આવ્યો છે. દીકરો મોટો છે અને એક કુટુંબમાંથી અમે બંને નીકળી જઈએ તો ગામના લોકોને થોડું ઓછું ગમશે. સત્સંગ વિષે જેમ તેમ બોલશે. માટે જેમ આપ કહો તેમ કરીએ. ત્યારે સ્વામી કહે, 'તમે બેય સાધુ થઈ જાઓ. એ તો ઠીક; પણ ઘરના માણસનું કેમ છે ?' ત્યારે હંસરાજભાઈ કહે, 'એ તો બહુ બળમાં છે. બંનેને રાજી-ખુશીથી રજા આપી છે.' તેથી સ્વામીએ વિચાર્યું કે, 'કુટુંબમાં ક્લેશ નથી એ સારું છે.'

પછી મુક્તાનંદસ્વામીએ વીરજીને એકાંતમાં બોલાવી તેમનાં અંતરની વાત પૂછી, તેમની પૂરી ચકાસણી કરી. પરંતુ વીરજીનો તીવ્ર

વૈરાગ્ય અને શ્રેષ્ઠ સમજણ જોઈને સ્વામીનું અંતર પીગળી ગયું. તેથી હંસરાજભાઈને કહ્યું કે, "તમે ઘરે રહી સત્સંગની વધારે સેવા કરી શકશો. માટે તમે ઘરે રહો અને વીરજી અહીં રહી સત્સંગની વિશેષ સેવા કરશે. માટે તે ભલે સાધુ થાય." આમ, સ્વામીએ બંનેને સમજાવી પરસ્પર સદા પ્રેમભાવ રહે તેવું સુખદ સમાધાન કર્યું.

પછી મુક્તાનંદસ્વામી તે બંનેને લઈને મહારાજ પાસે ગયા અને પિતા પુત્રની રસપ્રદ સંપૂર્ણ વાત કરી. તે વાત સાંભળી મહારાજ બંને ઉપર પ્રથમ તો ખૂબ જ પ્રસન્ન થયા. અને બંનેને બાથમાં લઈ અત્યંત પ્રેમથી ભેટ્યા. તે બંનેને એમ લાગ્યું કે, 'આપણા બેયનો સંત બનવામાં નંબર લાગી જશે.' પરંતુ થોડીવાર વિચારી શ્રીહરિ કહે, "હંસરાજભાઈ ! અમારી સેવામાં વધુ ઉપયોગી તો વીરજી થશે. માટે તે સંત બની અમારી સેવા કરે અને હંસરાજભાઈ ! તમે ઘેર જાઓ. તમારા ઘરને હવે સંપૂર્ણ મંદિર બનાવી દેજો." બીજું હંસરાજભાઈને સત્સંગ કરાવવાનું સારું અંગ હતું. વળી, કોમળ વાણી તથા મૃદુ અને ઉદાર સ્વભાવ હતો. તેમની વાતોથી સહુને સમાસ થતો. એટલે શ્રીહરિએ કહ્યું, "તમો તમારા ગામમાં તથા આજુબાજુના ગામમાં સત્સંગ મંડળ સ્થાપજો. સહુને કથા વાર્તા કરી અમારી તથા સંતોની ઓળખાણ કરાવજો. આ રીતે ગામમાં તથા આજુબાજુના વિસ્તારમાં સત્સંગ કરાવજો. તેમાં અમે ખૂબ રાજી છીએ." એમ કહી શ્રીહરિએ હંસરાજભાઈની છાતીમાં ચરણારવિંદ આપ્યાં. તેમણે શ્રીહરિની આજ્ઞા શિરોમાન્ય રાખી.

પછી જેમના હૈયામાં શ્રીહરિને સેવવાનો વર્ષોથી તલસાટ હતો, સંતોને રાજી કરવાનું તાન હતું, એવા વીરજીભક્તને શ્રીહરિએ પાસે બોલાવ્યા. તેમને પણ છાતીમાં ચરણારવિંદ આપ્યાં. ખૂબ રાજી થયા. અને તે જન્માષ્ટમીના સમૈયામાં ગઢપુરમાં ત્યારે જ મહારાજે વીરજીભક્તને સાધુની દીક્ષા આપી.

ચોપાઈ : વીરજીભાઈ વૈરાગ્યવંત, મહાદીક્ષા લઈ થયા સંત;
મુનિ આધારાનંદજી નામે, પોતે સાધુ કર્યા સુખધામે.
(પુરુ.ચ.પુ.ગુ.૬/૭૬)

એક શ્રીહરિના આધારે જ જીવન ઝંપલાવનાર આ વિરલ પુરુષનું શ્રીહરિએ **'આધારાનંદસ્વામી'** નામ પાડ્યું. એક ભગવાનને આધારે રહેવું અને ભગવાનનો જ આનંદ માણી તેમણે પોતાનું આધારાનંદ એવું નામ સાર્થક કર્યું હતું. આ સમયે સ્વામીની ઉંમર ૧૭ વર્ષની હતી. જૂનાગઢ ઉત્સવમાં ગયા ત્યારથી સંત બનવાની પોતાના અંતરમાં પ્રબળ ઈચ્છા હતી. ત્યાર બાદ પાંચ વર્ષે સંતની મહાદીક્ષા મળી ત્યારે તે ઈચ્છા પૂર્ણ થઈ. તેથી તેમને અંતરમાં અતિ સંતોષ થયો. જીવને સત્સંગમાં આવે ત્યારે ઘણીવાર પ્રભુ પામવાની ઈચ્છા થાય છે, પરંતુ જ્યાં ઘેર જાય ત્યાં તાન બદલી જાય છે. જેનો ઈશક બદલે જ નહિ તેને જ સાચો સત્સંગનો રંગ લાગ્યો કહેવાય. આધારાનંદસ્વામીને પાંચ પાંચ વર્ષનાં વાણાં વાઈ ગયાં. પરંતુ એકવાર ધ્યેય નક્કી કર્યો એમાં જરાય ફેર ન પડ્યો. ધ્યેયની કચાશ જ માણસને હતાશ કરે છે. અને ધ્યેયવાન માણસ જ મહાન બને છે.

પછી મહારાજે તેમને મુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહેવાનું કહ્યું. ત્યાર બાદ તેમણે પોતાનું સમગ્ર જીવન મહારાજના પ્રીતિપાત્ર બનાય તેવાં કાર્યો કરી ધન્ય બનાવ્યું. હંસરાજભાઈએ ખોલડિયાદ ઘેર આવી મહારાજની આજ્ઞા મુજબ પોતાના આખા ઘરને મંદિર બનાવ્યું. અનેકને સત્સંગ કરાવ્યો. આજે પણ ખોલડિયાદ ગામમાં એ સ્થળે મંદિર છે. મંદિરનો જીર્ણોદ્ધાર થયો છે. પરંતુ જગ્યા તો તેની તે જ છે. આ રીતે વીરજીભક્ત હવે સદ્. શ્રીઆધારાનંદસ્વામી બન્યા. જે આધારાનંદસ્વામીનો **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** નામનો ગ્રંથ અસંખ્ય ભક્તો માટે મુક્તિનો પંથ બની રહ્યો છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'વીરજીભાઈ બન્યા આધારાનંદસ્વામી એ વાત કહી' એ નામે નવમો અધ્યાય થયો. ॥૯॥

અધ્યાય - ૧૦

બે આધારાનંદસ્વામી હતા તેની ઓળખ

આપણા સંપ્રદાયમાં આધારાનંદસ્વામી નામના બે સંતો હતા. મંજુકેશાનંદસ્વામીએ નંદમાળા ગ્રંથમાં લખ્યું છે.

આધારાનંદ બેઉનાં નામ, તેમાં એક શિલ્પવેત્તા ગુણધામ.

આ બે આધારાનંદમાં એક આધારાનંદસ્વામી ઉત્તર પ્રદેશના હતા. સત્સંગમાં તેને 'છોટા આધારાનંદસ્વામી' નામે સહુ બોલાવતા. જ્યારે બીજા આધારાનંદસ્વામી ઝાલાવાડ પ્રાંતના ખોલડિયાદ ગામના હતા. જેમનું આખ્યાન આપણે વાંચીએ છીએ. તેમને સત્સંગમાં સહુ 'મોટા આધારાનંદસ્વામી' કહીને બોલાવતા. આ સ્વામી શિલ્પવેત્તા અને કળા કારીગરીમાં અતિ કુશળ હતા.

આ બે આધારાનંદમાં હિંદુસ્તાની છોટા આધારાનંદસ્વામી વિશેષતઃ વડતાલમાં રહેતા. એકવાર વડતાલમાં આ આધારાનંદસ્વામીએ મહારાજને કહ્યું કે, 'અક્ષરધામમાં અનેક કોટિ સૂર્ય, ચંદ્રમા, અગ્નિ સરખા તેજોમય ભગવાન છે. તેના તે જ ભગવાન આજ મનુષ્યરૂપે આપ થયા છો. તો આપ એવું તેજ કેમ દેખાડતા નથી ?'

ત્યારે શ્રીહરિ કહે, 'જો એવું તેજ દેખાડીએ તો ભક્તને સુખ ન થાય. માટે બતાવતા નથી. ને જો કોઈને જોવાની ઈચ્છા હોય તો બતાવું. કેમ જે, સર્વે અમારા હાથમાં છે.' ત્યારે સ્વામીએ કહ્યું કે, 'હે મહારાજ ! મારે જોવાની ઈચ્છા છે. મને દેખાડો તો ઠીક.'

પછી મહારાજે તેમને તેજ બતાવ્યું. તે અતિશય તેજ જોઈને

સ્વામીથી સહન થયું નહિ ને તેમને ઘરમાં પૂરવા પડ્યા. અને ગાંડા જેવા થઈ ગયા. તે તેજ તેજ કરીને દોડ્યા કરે. ઘણીવાર કપડાનું પણ ભાન રહે નહીં. પછી પકડીને ઘરમાં પૂરવા પડતા. આમ તેમને એક મહિનો આનું આ જ ચિંતવન ઊપડી ગયેલું અને દેહનું ભાન રહેતું નહિ. પછી એક મહિને કાંઈક સરખું થયું હતું. *(સંદર્ભ : હ.ચ.ચિં.૩/૨૫)*

સોરઠા : હરિને નો'તું મન, સ્વામી સમજી શક્યા નહિ;
તેજ ન થયું સહન, ઘરમાં પૂરવા પડ્યા તેથી...૩૩

વળી, ગુણાતીતાનંદસ્વામીએ ઉપદેશામૃતમાં કહ્યું છે કે, 'આધારાનંદ સ્વામીએ ઓરડીનાં કમાડ વાસી પુસ્તક, પાનું ને લૂગડાં જે હતું તે છકમાં બાળી નાંખ્યું. પછી જ્યારે તેની ગંધ આવવા મંડી ત્યારે કોઈએ કમાડ ઉઘાડીને પૂછ્યું જે, 'આ શું કર્યું ?' ત્યારે કહે જે, 'આત્યંતિક પ્રલય હુઆ !' આમ તેમણે હિન્દી ભાષામાં જવાબ આપ્યો. માટે તે હિન્દુસ્તાની આધારાનંદસ્વામી જણાય છે. અને આ પ્રસંગ પણ જ્યારે તેજ દેખાતું હતું ત્યારે બન્યો હોય એવું લાગે છે.

(સંદર્ભ : ઉપદેશામૃત વા.૭૦૧)

અને વડતાલમાં ક્યાંક ક્યાંક આધારાનંદસ્વામી એવું ચરણારવિંદમાં લખેલું છે, તે પણ ઉત્તર પ્રદેશના આ સંતનું નામ છે એવું મોટા સંતોનું માનવું છે.

જ્યારે મોટા આધારાનંદસ્વામી તો બહુ જ સમજુ હતા. વિવેકી હતા. સદા શ્રીહરિ અને મોટા સંતોની મરજીમાં જીવનારા હતા. અને મહારાજ અને મોટાની ઈચ્છાથી તેમણે પોતાની અંતિમ ઉંમરમાં 'શ્રીહરિ-ચરિત્રામૃતસાગર' જેવો વિશાળકાય ગ્રંથ રચ્યો. તે ક્યારેય સદ્‌ગ્રંથોને સળગાવે એવું બને નહીં. અને મહારાજની ઈચ્છા વિરુદ્ધ તે તેજ જોવાની ઈચ્છા રાખે, એ પણ તેમના જીવનમાં સંભવતું નથી. માટે ઉપરોક્ત બંને પ્રસંગો હિન્દુસ્તાની છોટા આધારાનંદસ્વામીના સમજવા.

શ્રીહરિ વ.લો.૧૮માં સમઝાવતાં કહે છે જે, "સર્વેથી પર એક મોટો તેજનો સમૂહ છે, તે તેજનો સમૂહ અધો-ઊર્ધ્વ તથા ચારે કોરે પ્રમાણે રહિત છે ને અનંત છે. અને તે તેજના સમૂહના મધ્ય ભાગને વિશે એક મોટું સિંહાસન છે ને તેની ઉપર દિવ્ય મૂર્તિ એવા જે શ્રીનારાયણપુરુષોત્તમ ભગવાન તે વિરાજમાન છે ને તે સિંહાસનને ચારે કોરે અનંત કોટિ મુક્ત બેઠા થકા તે નારાયણનાં દર્શન કરે છે. એવા જે મુક્તે સહિત શ્રીનારાયણ તેને અમે નિરંતર દેખીએ છીએ. અને તે ભગવાનને વિશે તેજનું અતિશયપણું છે, તેણે કરીને જ્યારે એ સભા સહિત તે ભગવાનનાં દર્શન નથી થતાં ત્યારે અમને અતિશય કષ્ટ થાય છે. અને તે તેજનો સમૂહ તો નિરંતર દેખાય છે, તોપણ એને વિશે રુચિ નથી. અને ભગવાનની મૂર્તિ દેખાય છે. ત્યારે તેનાં દર્શને કરીને જ અતિ સુખ થાય છે. હૈયું ઠરે છે." માટે સમજુ ભક્તોએ મુક્તોએ સહિત મૂર્તિને જ જોવા ઈચ્છા રાખવી. પ્રકાશ જોવાની ઈચ્છા રાખવી નહીં.

આજે પણ ઘણા આવી ઈચ્છાઓ રાખતા હોય છે અને પોતાનો વટ પાડતા હોય છે. મને મુંબઈમાં એક ભાઈ મળ્યા હતા. તે કહે, 'હું બધાને ધ્યાન શીખવાડું છું. મને તેજ દેખાય છે.' એટલે મેં તેને કહ્યું, 'તમે આંખો મીંચી ધ્યાન કરો ત્યારે તમને તેજ દેખાય છે. અમને તો આ ઊઘાડી આંખે તેજ દેખાય છે. માટે ખોટા વળ શું કામ ખાવા જોઈએ ?' પરંતુ ઘણાને આવું તેજ જોવાનો ડોડ હોય છે. તેથી તે માટે ઘણો પ્રયત્ન કરે. પછી શ્રીહરિ સહેજ તેજ દેખાડે ત્યારે સહન ન થાય અને ગાંડા થઈ જાય છે.

જેતપુરમાં પણ એક દરબાર ભગવાન દર્શન ન દે ત્યાં સુધી ઊઠવું નહિ કે ખાવું-પીવું નહિ એમ તાગું કરીને બેઠા હતા. તે ત્રીજે દિવસે શ્રીહરિએ થોડુંક તેજ દેખાડ્યું ત્યાં ગાંડા થઈ ગયા હતા. પછી

તેને પણ ઘરમાં પૂરવા પડ્યા હતા. માટે આપણે આવો ધંધો કરવો નહીં. મોટાની મરજીમાં રહેવામાં જ સુખ છે.

મોટા આધારાનંદસ્વામીની જેમ આપણે અખંડ મહારાજની મૂર્તિનાં અંગોઅંગનું ચિંતવન કરવું. શ્રીહરિનાં ચરિત્રોનું ચિંતવન કરવું. શણગારનું ચિંતવન કરવું. અને મૂર્તિથી જ શાંતિ પામવી. સતત મૂર્તિમય રહેવું. મૂર્તિને જોયા કરવી, ધાર્યા કરવી, સંભાર્યા કરવી, ભેટ્યા કરવી. મૂર્તિને ચૂંબન કરવું. મૂર્તિ સાથે હાલતાં ચાલતાં વાતો કર્યા કરવી. તેજ ન દેખાય તોપણ સમજવું કે, 'સર્વનું કારણ આ મૂર્તિ છે. અને એ મૂર્તિ મને પ્રગટ મળી છે. માટે મારું સર્વે કામ થઈ રહ્યું છે.' નંદસંતોનાં આવાં બધાં જ ચરિત્રો આપણને જ્ઞાન આપવા માટે છે. તેમનામાં કોઈ કસર હતી નહીં, પરંતુ તેમણે આપણને શીખવાડવા માટે આવું કરી બતાવ્યું છે. માટે મૂર્તિનું રટણ અખંડ ઉપાડી મૂકવું. જે મૂર્તિમાં અને મરજીમાં રહે છે, તેનો બેડો પાર થઈ જાય છે. કેમ જે, મૂર્તિ સુખનું મૂળ છે, સર્વનું કારણ છે.

દોહા : **સર્વને સુખ દાતા હરિ, મુજ આત્માના આધાર;**
મનોહર સુંદર મૂર્તિ, છો તમે સદા સાકાર...૩૪
કરુણારસથી ભરેલા છો, કરુણા વરસે નેણ;
કરુણામૂર્તિ આપ છો, કરુણા ભરેલાં વેણ...૩૫
સંત ભક્તમાં વસે છે, સદાય મારો નાથ;
આત્મામાં રહી રક્ષા કરો, ઝાલી અમારો હાથ...૩૬
ભક્તો તમને વ્હાલા બહુ, કરો છો એનાં કામ;
એને અર્થે પ્રગટ થઈને, વિચરો છો ઘનશ્યામ...૩૭
સ્વામી આધારાનંદનું, જીવન છે સુખરૂપ;
એવું જીવન મને આપો, ખુશ થઈ ભૂપ ભૂપ...૩૮
જ્ઞાનજીવન હાથ જોડી, માગું તમારી પાસ;
પરીક્ષામાં પાસ કરો, કરશો નહીં નાપાસ...૩૯

આ રીતે મહારાજને તથા આધારાનંદસ્વામીને પ્રાર્થના કરીએ કે, 'આપનું ગમતું એ જ અમારું જીવન બની રહે. આપની અનુવૃત્તિ એ જ અમારી તમામ પ્રવૃત્તિનો હેતુ બની રહે. તમને જે ન ગમતું હોય તેવા સંકલ્પોનો પણ પ્રલય થઈ જાય. હે મહારાજ ! આપ અને મોટા સંતોની મરજીમાં રહીને જ અમે સેવા કરીએ; એવી કૃપા કરજો. આ જ અમારી ગદ્‌ગદિતભાવે પ્રાર્થના છે."

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સંપ્રદાયમાં બે આધારાનંદસ્વામી હતા તેની ઓળખાણ આપી' એ નામે દશમો અધ્યાય થયો. ॥૧૦॥

અધ્યાય - ૧૧

સ્વામીને અનુભવ અને ઉત્તમ દઢતા

આધારાનંદસ્વામી સદા શ્રીહરિ અને મોટા સંતોની મરજીમાં રહીને સેવા કરતા. એક વખત તેમના ઉપર મહારાજ અતિ રાજી થયા. તેથી સ્વામીને ધ્યાનમાં દર્શન દીધાં. અંતરમાં તેજોમંડળ મધ્યે સર્વાવતારી શ્રીહરિની અલૌકિક, સુખાળી, હેતાળી, દયાળી મૂર્તિ દેખાણી. એટલે અંતરમાં અલૌકિક શાંતિ શાંતિ થઈ ગઈ. પછી તે જોઈને તે વખતે સ્વામીને એવો સંકલ્પ થયો જે, 'ચોવીસ અવતાર કેવા હશે ?' પર્વતભાઈને પણ એકવાર આવી ઈચ્છા થઈ હતી. આ તો આપણને સહુને સર્વાવાતારી શ્રીહરિનું સર્વોપરીપણું સમજાય, સર્વકારણપણું સમજાય, વળી અવતારો મહારાજની મૂર્તિમાંથી કેમ નીકળે છે અને કેમ પાછા લીન થાય છે તથા અવતાર અને અવતારીમાં શું ભેદ છે ? આ બધું સહુને સમજાય તે માટે મહારાજ આ મુક્તો દ્વારા આવા પ્રસંગો દેખાડતા હતા.

સ્વામી ઉપર મહારાજ બહુ રાજી હતા, એટલે તેમને જરાક સંકલ્પ થયો કે, તરત મહારાજે તેમને રામકૃષ્ણાદિક ચોવીશેય અવતારની

નોખી નોખી મૂર્તિઓ એક પછી એક પોતાના સ્વરૂપમાંથી નીકળતી દેખાડી. સર્વે અવતારોનાં સુંદર સ્વરૂપો હતાં. તેમાં પણ શ્રીકૃષ્ણનું રૂપ તો એવું દેખાણું જે, માથે મોરનાં પીંછાંનો મુગટ, પાસે કાળો કામળો ને પંડે શ્યામ સ્વરૂપ; આવી શ્રીકૃષ્ણની પ્રત્યક્ષ મૂર્તિ જોઈ. પરંતુ તેથી સ્વામીને શાંતિ થઈ નહીં. પછી તરત જ સર્વ અવતારના અવતારી સર્વ કારણના કારણ, પૂર્ણ પુરુષોત્તમનારાયણ એવા શ્રીહરિજીને પ્રાર્થના કરી, મૂર્તિ અંતરમાં ધારી. એટલે તરત જ પ્રથમની જેમ જ તેજ મધ્યે મહારાજની મૂર્તિ દેખાણી. પછી સર્વે અવતારો શ્રીહરિની મૂર્તિમાં લીન થઈ ગયા. અને એકલી મહારાજની મૂર્તિ જ રહી. ત્યારે સ્વામીના અંતરમાં અતિશય શાંતિ શાંતિ થઈ ગઈ. અને શ્રીહરિનું સર્વોપરીપણું પણ સમજાણું.

સોરઠા : **તેથી જણાણું એમ, સર્વોપરિ છે શ્રીહરિ;**
ભૂલ્યું ભુલાયે કેમ, અવતારનું અવતારીપણું...૪૦
જાણ્યા સર્વ કારણ, પ્રગટ પુરુષોત્તમ પ્રભુ;
સ્વામિનારાયણ, એવી ઉપાસના દૃઢ કરી...૪૧

આ ચરિત્ર દ્વારા શ્રીહરિએ આખી દુનિયાને ઉપદેશ આપ્યો છે કે, ઉપાસના એવી દૃઢ રાખવી જોઈએ કે, અન્ય અવતારો દેખાય છતાં શાંતિ ન થાય, કેમ જે, મહારાજ જેવું સુખ બીજે ક્યાંય નથી. સ્વામી આમ સમજ્યા. આપણે પણ જ્યારે આમ સમજશું ત્યારે જ છૂટકો થશે. કથામાં વક્તા વાણીરૂપી અનેક બાણ છોડે, પરંતુ એકાદું અડી જાય તો બેડો પાર થાય. જ્ઞાની ગુરુઓ તો જીવનો ઘાટ ઘડવા માટે ઘણી ગોળીઓ છોડતા હોય છે, પરંતુ સુજ્ઞ શિષ્યોએ સામી છાતીએ ઝીલવી જોઈએ. જે વાત આપણે હૈયે ઘસાય તેને વારંવાર પકડીને મનન કરીએ તો સુધારો થાય. જે સંતોની વાત સામી છાતીએ ઝીલે તેના ત્રણેય દેહના ભાવ ઊડી જાય, જીવ મૂર્તિમાં લાગી જાય. માટે આવા

શૂરવીર મોક્ષભાગી શ્રોતા થોડા હોય તોપણ વક્તાને ઘણો આનંદ થાય.

આધારાનંદસ્વામી સમજ્યા કે, એક સ્વામિનારાયણ ભગવાન જેવું બીજા કોઈમાં સુખ નથી અને ત્યાર પછી તેમને પોતાનાં અંતરમાં દિવ્ય તેજ મધ્યે સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ અખંડ દેખાવા લાગી. આમ શ્રીહરિએ સર્વે અવતારો પોતાની મૂર્તિમાંથી પ્રગટ કરીને અને પાછા પોતાની મૂર્તિમાં લીન કરી દેખાડ્યા. એવી મહારાજે તેમના ઉપર કૃપા કરી. તેથી સ્વામી શ્રીહરિનું સર્વોપરીપણું સમજ્યા. અને અંતરમાં મહારાજનો દૃઢ મહિમા સમજાયો કે ધર્મભક્તિના પુત્ર આ શ્રીહરિ તો સર્વ અવતારોના ઉપરી છે, અક્ષરધામના ધામી છે, મૂળ અનાદિ પુરુષોત્તમનારાયણ છે. આ બ્રહ્માંડમાં ક્યારેય આવ્યા નથી, પહેલીવાર જ આજ મનુષ્યરૂપે આવ્યા છે. અને તે સ્વરૂપ મને આજ પ્રગટ પ્રમાણ મળ્યું છે. તે વાત સમજાતાં સ્વામીની છાતી ગજગજ ફૂલાવા લાગી. પછી આવો મહિમા સમજાતાં સ્વામી પળવાર પણ મૂર્તિ મૂકી શક્તા નહીં. તેથી શ્રીહરિની તેમના ઉપર વિશેષ કૃપા થઈ. તેમના અંતરમાં મૂર્તિ અખંડ દેખાવા લાગી. અને અલૌકિક સ્થિતિ બંધાઈ ગઈ. *(સંદર્ભ : અક્ષરપુરુષદાસજીસ્વામીની વા.૧૦)*

સોરઠા : **ધન્ય આધારાનંદ, પરચા પૂર્યા શ્રીહરિએ;**
પામ્યા તે આનંદ, મૂર્તિ રહી સદા દિલમાં...૪૨
સુણીને આ પ્રસંગ, અંતરમાં સહુ રાખીએ;
લાવી હૈયે ઉમંગ, સર્વોપરિ હરિ જાણીએ...૪૩

સ્વામિનારાયણ ભગવાન તથા તેમના મહાન સંતો-ભક્તોની ગજબની વાતું છે. જો એકવાર આ મહિમાની વાતુ સમજાઈ જાય તો બ્રહ્માંડો ડોલાવી નાખે એવો તે વ્યક્તિ મહાન બની જાય. આ તો તોપના ગોળા જેવી વાતો છે. સમજાઈ જાય તો કાળજું કોરાઈ જાય. હૈયામાં સુખ-શાંતિના ફુવારા છૂટવા લાગે. અખંડ અહો અહો રહે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીને નિજ સર્વોપરિતા સમજાવી' એ નામે અગિયારમો અધ્યાય થયો. ॥૧૧॥

અધ્યાય - ૧૨

આધારાનંદસ્વામીની કળા-કુશળતા

આધારાનંદસ્વામી પૂર્વાશ્રમમાંથી જ ઘણી કલા-કારીગરીમાં કુશળ હતા. તેમને જે કામ સોંપવામાં આવે તે તેઓ પૂરી કાળજી રાખી સુંદર રીતે પૂર્ણ કરતા. સેવા નાની હોય કે મોટી હોય, સહેલી હોય કે કઠણ હોય, પરંતુ તે ધ્યાન રાખી સાંગોપાંગ પૂરી કરતા. તેમને લઘર-વઘર જેવું કામ ફાવતું નહિ. દરેક કાર્ય ચોકસાઈપૂર્વક કરતા હતા. તેમનું ખોળિયું સુતારને ત્યાં જન્મ્યું હતું. એટલે તેઓને કળા-કારીગરી તો પ્રથમથી જ આવડતી હતી. પણ સમજવા જેવી વાત એ છે કે, લાકડા ઉપર જ રંધો મારનાર આ મુક્તાત્માએ જીવન પર પણ રંધો માર્યો હતો.

વાંસલા વડે લાકડાની ગાંઠો છોલનાર સ્વામીએ જીવનમાંથી રાગ-દ્વેષ, કામ-ક્રોધ, લોભ, મદ, મોહ, માન, આશા-તૃષ્ણા, અદેખાઈ વગેરે અધર્મસર્ગના તમામ દોષોની ગાંઠો પણ છોલી નાખી હતી. આત્માને આભલા જેવો શુદ્ધ કર્યો હતો. તેથી જ તેમના નિર્મળ અંતરમાં શ્રીહરિ અખંડ દર્શન આપતા. અનેકના આદર્શ બન્યા હતા. એટલે કે અસંખ્ય સંતો-ભક્તો તેમના જેવા ગુણિયલ બનવા માટે મથતા-તડપતા હતા. અને જેમના જેવા બનવા અનેક તડપતા હોય તેને જ આદર્શ વ્યક્તિ કહેવાય. વળી, શ્રીહરિ અને મોટેરા સંતો તેમના ઉપર અતિ રાજી થયા. એટલે આધારાનંદસ્વામીમાં એક પછી એક અનેક કળાઓ તથા ગુણોએ આવીને નિવાસ કર્યો હતો. તેઓ જે ક્ષેત્રમાં હાથ અજમાવતા તેમાં તે પૂર્ણ સફળ થતા.

હવે આપણે તેમની કળાઓ વિશે થોડું જાણીએ. તેઓ સારું ગાઈ જાણતા તો સારંગી, સિતાર જેવાં વાજિંત્રો પણ વગાડી જાણતા.

સારાં કીર્તનો રચી શકતા તો હરિગીત કે મોતીદામ જેવા છંદ-ચોપાઈમાં પણ સારી ગતિ હતી. આ માત્રામેળ છંદો બનાવવા એ ઘણું અઘરું કામ છે. કારણકે તેમાં લઘુ-ગુરુ અક્ષરની ગણના કરીને અમુક નિશ્ચિત સંખ્યામાં માત્રા કરવાની હોય છે. તેમાં પણ સ્વામી હોશિયાર હતા. વળી, તેઓ કુશળ શિલ્પી હતા. મંદિરો બાંધવામાં તેમને ખૂબ સારી નજર પહોંચતી; તો સારામાં સારા ચિત્રકાર પણ હતા. તેના નમુનારૂપે શ્રીહરિની જન્મપત્રી અને સ્વામીએ ચિતરેલો યમયાતના ગ્રંથ અત્યારે સાક્ષી રૂપે વિદ્યમાન છે. આમ, અનેક કળાઓ તથા સદ્‌ગુણો તેમને વર્યા હતા.

દોહા : જે જે ગુણો ને કળાઓ, હતા સ્વામીની માંય;
તે સહુનો હેતુ એક હતો, હરિ હરિજન ખુશ થાય...૪૪

ગુણો અને કળાઓ બંને જુદા છે. નિર્માનીપણું, નિર્મોહીપણું, નિષ્કામીપણું, નિર્લોભીપણું, નિઃસ્વાદીપણું, નિઃસ્નેહીપણું, રાગદ્વેષથી રહિતપણું, સરળતા, મૃદુતા વગેરેને ગુણો કહેવાય. અને ગાવું, વગાડવું, ચિત્ર દોરવાં, લેખન કરવું, કાવ્ય કરવાં, સારી રસોઈ કરવી, રંગોળી કરવી, સારું સીવતાં આવડવું, બોલતાં કે લખતાં આવડવું વગેરેનો કળાઓમાં સમાવેશ થાય છે. આધારાનંદસ્વામી ગુણો અને કળાઓ બંનેની ખાણ હતા. આ દુનિયામાં પથ્થરની કે કોલસાની ઘણી ખાણો હોય, પરંતુ સોનાની કે હીરાની કોઈક જ ખાણ હોય. હીરાની ખાણ એટલે સદ્‌ગુણો અને સોનાની ખાણ એટલે ગાવું-વગાડવું વગેરે કળા-કારીગરી. આ દુનિયામાં એક જ ખાણમાં હીરા અને સોનું બંનેના ઢગલા નીકળે એવું ન બને. પરંતુ આપણા આધારાનંદસ્વામીમાં હીરા રૂપી સદ્‌ગુણો અને સોનારૂપી કળાઓ બંને હતાં. જે જે ગુણો અને કળાઓ કહેવાય છે, તે સહુ સ્વામીને વર્યાં હતાં. અને એ કરતાં પણ અતિ મહત્ત્વની અને ઉચ્ચ કોટીની વાત આ હતી, તે સહુ ધ્યાનથી વાંચો અને વિચારો.

પૂર્વછાયો : કળાને સાધ્ય નો'તા માનતા, માનતા હતા તે સાધન;
સાધ્ય હતો હરિ રાજીપો, જેથી રહે હરિમાં મન...૪૫

કળાને કે ગુણોને તેઓ સાધન માનતા. અને શ્રીહરિ તથા સંતો ભક્તોના રાજીપાને સાધ્ય માનતા. તેથી તે બંનેનો શ્રીહરિ અને સંતો-ભક્તોના રાજીપાર્થે જ ઉપયોગ કરતા. સ્વામી ગુણો અને કળા, આ બંનેનો માત્ર ને માત્ર પ્રગટ ભગવાન અને પ્રગટ સંતો ભક્તોના રાજીપાને અર્થે જ ઉપયોગ કરતા. એ જ સહુથી મોટો એકાંતિક ધર્મ છે. જે કળાઓ કે સદ્‌ગુણો શ્રીહરિ અને તેમના સંતો ભક્તોને સુખ ન આપે, એમનો રાજીપો આપણને ન અપાવે તો તે ગુણો કે કળાને સળગાવી દેવા જોઈએ. એવા વાંઝિયા ગુણો કે કળા શું કામના છે ?

સજી શણગાર સુભગ તન ગોરે, ગુણ રાખે અતિ ગે'રો રે;
જ્યાં લગી પિયુ હસી ન બોલાવે, આભૂષણ સર્વે ડેરો રે.

જેનાથી શ્રીહરિ અને સંતો ભક્તો રાજી ન થાય, તેમને સુખ ન થાય, એવા સદ્‌ગુણો અને એવી કળાઓ ઢોરને ગળે બાંધવાના ડેરા સમાન કહેવાય. મોટા ભાગના જીવને કળા કે સદ્‌ગુણો જ સાધ્ય હોય છે, અને ભગવાન કે મોટા સંતોનો રાજીપો સાધન હોય છે. પરંતુ ખરેખર ગુણો કે કળા સાધન છે અને તેનાથી મેળવવા જેવા સાધ્ય તો એક શ્રીહરિ જ છે. તે વાતની આધારાનંદસ્વામીને પાકી ખબર હતી.

જે શ્રીહરિને રાજી કરવા માટે ગાય, વગાડે, લખે, વાંચે, વિચારે તો તેમનું મન ભગવાનમાં રહે. અને માત્ર પોતાને કે બીજાને મજા આવે એટલે જ ગાય-વગાડે તો તેને કળા સાધ્ય થઈ ગઈ. માટે તેની વૃત્તિનો તાર ભગવાન સાથે જોડાયેલો રહે નહીં. એટલે...

આવે કળા ને કુશળતા, સત્સંગે ઉપયોગ;
એટલે જ તેને રાખતા, કરતા નહીં સ્વભોગ...૪૬
પોતાને આ સત્સંગનો, માનતા પોતે મજૂર;
માન વખાણ સન્માનથી, મનથી રહેતા દૂર...૪૭

જેને આ બધી કળાઓનો ઉપયોગ કરતાં ભગવાનમાં મન રહેતું ન હોય તો તેણે સમજવું જોઈએ કે, 'મારે હવે કળા જ સાધ્ય બની ગઈ છે.' માટે સુખી થાવું હોય તો કળા-કારીગરીનો પોતાને અર્થે ઉપયોગ ન કરવો. સત્સંગમાં કામ લાગે એટલા માટે જ કળા-કારીગરી કે તન, મન, ધન સર્વે ખર્ચી નાખવું. જો અંદરથી માન-સન્માનની ભૂખ હોય તો કળાઓ ભગવાનમાં જોડાવા ન દે. સન્માનની ઈચ્છા જાય તો જ વૃત્તિઓ મૂર્તિમાં સ્થિર થાય. આધારાનંદસ્વામીને માત્ર એક શ્રીહરિ ને સંતોનો રાજીપો જ કેન્દ્રમાં હતો. તેથી જ સ્વામી જેવા થવા સહુ કોશિશ કરતા હતા. આવા સ્વામીને વંદન કરીએ.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'આધારાનંદસ્વામીની કળા-કુશળતા કહી' એ નામે બારમો અધ્યાય થયો. ॥૧૨॥

અધ્યાય - ૧૩

આદર્શ કવિ અને સિદ્ધાનંદસ્વામી નામ રાખ્યું

સ્વામિનારાયણ સંપ્રદાયમાં ઘણા સંતો, બ્રહ્મચારીઓ તથા ભક્તો કવિ થયા, ગાયકો થયા. અત્યારે પણ ઘણા કવિ તથા ગાયકો છે, અને ભવિષ્યમાં પણ થતાં રહેશે. અને સહુએ પોતપોતાની રુચિ, શ્રદ્ધા, શક્તિ પ્રમાણે શ્રીહરિનાં ઐશ્વર્ય, પ્રતાપ, મહિમા, મોટપ અને લીલાચરિત્રનાં સુંદર ગ્રંથો તથા કીર્તનો કર્યાં છે અને કરતા રહેશે. તેમાં મુખ્ય અષ્ટકવિઓ ગણાય છે. તે અષ્ટકવિઓમાં આધારાનંદ સ્વામીની ગણના થાય છે. એવા તે ઉત્તમ કવિ હતા. પરંતુ કવિતામાં આધારાનંદ નામ બંધ બેસારવું અઘરું પડતું. તેથી શ્રીહરિના કહેવાથી તેમણે કાવ્યોમાં પોતાનું **'સિદ્ધાનંદ'** એવું નામ રાખ્યું છે.

સ્વામીએ મોટા ગ્રંથો રચ્યા તેથી તેમની કવિ તરીકે ગણના થાય છે. પરંતુ તેમનાં ગુજરાતી ભાષાનાં કીર્તનો આજ સુધી મળતાં ન

હતાં. પણ હમણાં હસ્તલેખિત ગ્રંથો-ખરડાઓનું સંશોધન કરતાં થોડા દિવસો પહેલાં જ સ્વામીના બસ્સો જેટલા હિન્દી-ગુજરાતી પદો-કીર્તનો મળ્યાં છે. તેમાંથી આપણે એક વૈરાગ્યનું કીર્તન અત્યારે વાંચીએ...

ઢાળ : કર પ્રભુ સંગાથે દઢ પ્રીતડી રે

આ અંતે નથી તન કોઈનું રે, પડી જાશે પલકમાં જરૂર;
વારે વારે આવું તન નહિ મળે રે...ટેક.

ઘડી ભજતો નથી તું ભગવાનને રે, મોહ મદિરાએ ભર્યો ભરપૂર..વારે૦ ૧
મોહ માયામાં તું નથી દેખતો રે, તારે માથે છે મોતની ઘાત..વારે૦ ૨
પાણી પે'લી વિચારી પાળ બાંધીએ રે, નૈ'તો થાશે એમાંથી ઉત્પાત..વારે૦ ૩
મેડી મંદિરે મહા સુખ માણતો રે, કાળ લઈ જાશે નથી કાંઈ વાર..વારે૦ ૪
વિષય વિકારમાં અંધધંધ ચાલતો રે, નથી એક ઘડીનો નિરધાર..વારે૦ ૫
તારું ડા'પણ પડ્યું સર્વે ધૂડ્યમાં રે, કરવાનું કર્યું નહિ કાજ..વારે૦ ૬
સિદ્ધાનંદ કહે કર રૂડું જીવનું રે, લોક તણી મેલીને સર્વે લાજ..વારે૦ ૭

આ પદમાં સ્વામી કહે છે, 'હે જીવ ! આ દેહને તું તારું રૂપ માને છો પણ તે તારું નથી. તે તો એક પલકમાં પડી જશે. પછી લખચોરાસી અને જમપુરીમાં જાવું પડશે. ફરી વારેવારે આવું મનુષ્યનું તન નહિ મળે. તું અત્યારે મોહરૂપી મદિરા પીને માયામાં અંધ બન્યો છો. તેથી માથે મોત ઝળુંબે છે તે ભૂલી ગયો છો. પરંતુ યાદ રાખ, તારી મેડી, ઘરબાર, ગાડી, બંગલા -- આ બધાંને એક પળમાં કાળ લઈ જશે. કાળના એક ઝપાટે બધું હતું નહોતું થઈ જશે. તારું બધું ડા'પણ ધૂડમાં મળી જશે. માટે પાણી પહેલા પાળ બાંધી લે; લોકલાજ છોડી શ્રીહરિને ભજી લે; સેવા, સ્મરણ અને સત્સંગ કરી લે. એમાં જ તારું ભલું છે.' આવાં સ્વામીએ અનુપમ કીર્તનો બનાવ્યાં છે. જે આપણને જગાડી દે અને ભગવાનમાં લગાડી દે એવાં છે.

આપણા સંપ્રદાયમાં સિદ્ધાનંદસ્વામી નામના બે મોટા સંત હતા: (૧) સચ્ચિદાનંદસ્વામીના શિષ્ય. જે મહારાજની મૂર્તિમાં અખંડ વૃત્તિ રાખતા. શ્રીહરિ સ્વધામ ગયા બાદ અનાદિ મુક્તરાજ સદ્.શ્રીગોપાળાનંદ સ્વામી થકી પ્રતિલોમપણે મૂર્તિ ધારવાની લટક શીખ્યા. પછી તેમણે બગડ, વલ્લભીપુર, કુંડળ, લાઠીદડ વગેરે નાનાં મોટાં અનેક ગામમાં મંદિરો બંધાવ્યાં હતાં. (૨) બીજા સિદ્ધાનંદસ્વામી ઉર્ફે આધારાનંદસ્વામી. તેમણે સ.શ્રીમુક્તાનંદસ્વામીના શિષ્ય તરીકે રહી સત્સંગની અપાર સેવા કરી છે. તથા તેઓ ઘણાક ગ્રંથના લેખક અને સારા ચિત્રકાર હતા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'આદર્શ કવિ અને શ્રીહરિએ સિદ્ધાનંદસ્વામી નામ પાડ્યું' એ નામે તેરમો અધ્યાય થયો. ॥૧૩॥

અધ્યાય - ૧૪

સ્વામીએ પિંગળ ગઢવીનો ગર્વ ઉતાર્યો.

સં.૧૮૭૪માં પેશ્વા સરકારનું અમદાવાદથી પતન થયું. પછી અંગ્રેજ સરકારના આમંત્રણથી શ્રીહરિ અમદાવાદ ગયા. અને ત્યાં રોકાયા. મહારાજના કહેવાથી એરણ સાહેબે અમદાવાદમાં મંદિરના બાંધકામની જગ્યા આપી. બીજે વર્ષે સં.૧૮૭૫માં આનંદાનંદસ્વામીએ અમદાવાદ જઈ સૌ પ્રથમ સંતો માટે રહેવાની ધર્મશાળા બંધાવી. ત્યારે પણ શ્રીહરિ ત્યાં ગયા હતા. ત્યાર બાદ શ્રીહરિએ ગઢપુરમાં આવી વસંતપંચમીનો મોટો ઉત્સવ કર્યો. પછી સર્વે સંતો મહારાજની આજ્ઞાથી દેશદેશાવરમાં ફરવા ગયા.

તે સમયે ભાવનગર નરેશ વજેસંગના રાજકવિ ચારણ પિંગળ ભાઈએ નરેશનું એક સુંદર કવિત્વ બનાવ્યું. તેથી રાજાએ રાજી થઈને તેને ઘોડો ભેટ આપ્યો. તે ઘોડો લઈને પિંગળ કવિ ગઢડે આવ્યો. ત્યાં ઊતારો કર્યો. પછી તે દાદાના દરબારમાં થઈ અક્ષરઓરડીમાં

મહારાજ પાસે આવ્યો. શ્રીહરિને વંદન કર્યાં અને પોતાનું કરેલું કવિત્વ મહારાજને સંભળાવ્યું. પછી એમ બોલ્યો જે, "હે મહારાજ ! તમારી પાસે રહેનારા મુક્તાનંદસ્વામી, બ્રહ્માનંદસ્વામી ને પ્રેમાનંદસ્વામી આદિ મહાકવિ કહેવાય છે, તેમને મારે જોવા છે કે, તેમાંથી કોઈ આવું કવિત કરી શકે છે ?" શ્રીહરિને આવી વાણી સાંભળીને તેને માન આવેલું દેખાયું. સહુ સંતો કરતાં પોતે શ્રેષ્ઠ કવિ છે, એવું તેની વાણીમાં ધ્વનિત થતું હતું. કોઈ વખાણે એટલે પ્રાયઃ માણસને આ રોગ લાગુ પડતો હોય છે. મહારાજને તેનો આ ગર્વ ઉતારવો હતો અને પોતાના સંતોનો મહિમા તેનાં અંતરમાં આવે એવું કરવું હતું.

એટલે મહારાજ બોલ્યા જે, "કરીમભાઈ, જાઓ. આપણા સાધુમાં કોઈ કવિ હોય તો તેને અહીં બોલાવી લાવો." આ કરીમભાઈ સરધારના મુસ્લિમ હતા અને શ્રીહરિના દ્વારપાળ બની સેવા કરતા હતા. મહારાજની આજ્ઞા થતાં તરત કરીમભાઈ સંતોની ધર્મશાળામાં ગયા. ત્યાં જઈ પાછા આવીને કહે, 'હે મહારાજ ! એક આધારાનંદસ્વામી છે ને તે માંદા જેવા છે; બીજા કોઈ સંત અહીં હાજર નથી. બધા જ સંતો દેશ ફરવા ગયા છે.'

પછી શ્રીહરિએ કહ્યું, 'કરીમભાઈ, જાઓ આધારાનંદસ્વામીને બોલાવી લાવો.' એટલે તરત જ કરીમભાઈ સંતોની ધર્મશાળામાંથી સ્વામીને બોલાવી લાવ્યા. સ્વામી મહારાજ પાસે આવી પગે લાગી ઊભા રહ્યા. ત્યારે શ્રીહરિ કહે, 'સ્વામી, શરીરે સારું નથી માટે બેસો.' તેથી સ્વામી બેઠા. ત્યારે શ્રીહરિ બોલ્યા જે, "સ્વામી ! જુઓ આ ગઢવી કવિત કરી લાવ્યા છે, તેવું તમે પણ કરોને..!" પછી સ્વામીએ તે કવિત વાંચીને તરત જ કાગળ ને પેન હાથમાં લઈ સુંદર કાવ્ય લખ્યું. પછી મહારાજના હાથમાં આપ્યું. શ્રીહરિએ સ્નેહથી વાંચ્યું,

श्रीहरि को सदन मदन कहुँ कोटि लजावे ।
शारद नारद शेष महेश कोउ पार न पावे ।।

अक्षररूप अनूप ओरडी अजब अनोखी ।
पावे दर्शन दास हरिजन संत संतोषी ।।
सिद्धानंद सत्य कहत है ज्यां नहीं माया आड है ।
श्रीहरि के सदन पर जुक्यो जांबु को झाड है ।।१।।

कुंडलिया :
मोहोल के आगे झुक रह्यो जेहि जांबु के झार ।
ज्यु घटा घनश्याम की झुकी हेमगिरि पहार ।।
झुकी हेमगरी पहार त्युं यह वृक्ष हि छायो ।
जो ताके फल खात तरत तेहि मोक्ष हि पायो ।।
दाखत सिद्धानंद जमकिंकर दुःख भागे ।
जेहि जांबु के झार झुक रह्यो मोहोल के आगे ।।२।।

આવું અદ્ભુત કાવ્ય તત્કાળ રચીને મહારાજને આપ્યું. એટલે મહારાજે ગઢવીના હાથમાં તે કવિતનો કાગળ આપ્યો. ને કહ્યું જે, "તમે તપાસ કરો કે તમારું કાવ્ય અને આ, તે બેમાં કયું કવિત સારું થયું છે ?" આધારાનંદસ્વામીનું કવિત વાંચતાં જ ગઢવીને ખ્યાલ આવ્યો કે, આ કાવ્ય કરતાં મારું કાવ્ય ન્યૂન છે. એટલે તરત જ તેનો ગર્વ બરફ ઓગળે તેમ ઓગળી ગયો. પછી તે પિંગળ ગઢવી બોલ્યો જે, "હે મહારાજ ! અમે તો જગતના જીવ છીએ ને એ તો પરમેશ્વરના સંત છે, તેમની બરોબર અમારો અક્ષર ક્યાંથી આવે ?" પછી તે પિંગળ કવિએ સ્વામીને તેમનું નામ પૂછ્યું. સ્વામી કહે, **'આધારાનંદ.'** તે કહે, 'ઠીક.' પછી કહે, 'તમે કેટલા ગ્રંથ ભણ્યા છો ?'

ત્યાં તો મહારાજ વચમાં બોલ્યા જે, "ગઢવી ! આ તો મુક્તાનંદ સ્વામીના સૌથી નાના શિષ્ય છે. અને અમારે પાંચસો પરમહંસ છે, તેમાં ભણ્યાનો કાંઈ મેળ નથી. પરંતુ અમે જેને આજ્ઞા કરીએ તે કવિતા કરે. તો મુક્તાનંદસ્વામી ને બ્રહ્માનંદસ્વામી કરે, તેમાં તો શું

આશ્ચર્ય છે ?!" આમ મહારાજે ગઢવીને જવાબ દીધો. શ્રીહરિના આવા શબ્દો સાંભળતાં જ હોશિયાર ગઢવી સમજી ગયો કે, આ મનુષ્ય નથી. મનુષ્યથી આ કાર્ય બની શકે નહીં. એટલે તે બોલવા લાગ્યો –

દોહા : **ચારણ બોલ્યો સ્નેહથી, તમે છો પુરુષોત્તમ;**
અક્ષરધામના ધામી છો, સર્વોપરિ અણનમ...૪૮
જીવનાં કલ્યાણ કરવા, તમે પ્રગટ્યા છો આજ;
ધન્ય ધન્ય પ્રગટ મહાપ્રભુ, સ્વયં શ્રી રાજાધિરાજ...૪૯
આ જે તમારા સંત છે, તે છે ધામોના મુક્ત;
આત્યંતિક મોક્ષ આપવા, આવ્યા મુક્તોએ યુક્ત...૫૦
જીવોને જ્ઞાન દેવા સારું, મુક્તો લાવ્યા છો આજ;
ચૌદ લોકમાં આ સંત સમા, નથી જગે મહારાજ...૫૧

"હે મહારાજ ! આપ આજ કરોડો જીવોનાં કલ્યાણ કરવા માટે પ્રગટ થયા છો. તમે જ અક્ષરધામના ધામી છો, પુરુષોત્તમનારાયણ છો અને આ તમારા સંતો પણ ધામધામના મુક્તો છે. કરોડો જીવોનાં કલ્યાણ કરવા માટે આપની સાથે અત્યારે અહીં પ્રગટ થયા છે. હે પ્રભુ ! હું જીવ એટલે મને મારા કાવ્યનો થોડો ગર્વ આવ્યો હતો, પરંતુ ચૌદલોકમાં તમારા સંતોની સમાન કોઈ થઈ શકે નહીં. હું અહંને કારણે ભૂલી ગયો હતો.

જ્યું ખગરાજ ઊડ્યો પટ બાંધ કે, તા સંગ જાન મખી હુલસાની.

જેમ ગરુડ લાખો યોજનનો પટ બાંધીને ઊડ્યો, તે જાણીને તેની સંગે જવા માટે માખીને હરખ આવ્યો. પરંતુ ક્યાં ગરુડ અને ક્યાં માંખી ! તેમ ક્યાં આપના પરમહંસો અને ક્યાં હું જીવ ! માટે મારાથી જે અપરાધ થયો હોય તે ક્ષમા કરો.' પછી મહારાજે તેમને હાર આપ્યો અને સન્માન કર્યું. *(સંદર્ભ : શ્રીસ્વા.ના.વિ.લી. વિશ્રામ-૩૮)*

શ્રીજી સહુને સન્માનતા, આપતા સહુને આદર;
સહુના ગુણ સત્કાર્યની, સદાય કરતા કદર...૫૨

આપણે પણ તે શીખવું, દેવું સહુને માન;
માન દેતાં માન પામીએ, રાજી થાય ભગવાન...૫૩

શ્રીજીમહારાજ સામાન્ય જીવને પણ ખૂબ સન્માન આપતા, બીજાનું માન વધારતા. આ તેમનો સર્વોપરી ગુણ હતો. આપણે બીજાનું માન વધારીએ તે ભગવાને બહુ ગમે છે. અને બીજાનું માન ઘટાડીએ તે શ્રીહરિને સહેજ પણ ગમતું નથી. જો આપણે સંતો ભક્તોનું માન વધારીએ તો શ્રીહરિ આપણું પણ સહુના દિલમાં માન વધારે. માટે માનના દાતા બનવું, ભિખારી નહીં. જેવું આપણે બીજાને આપીએ એવું જ પ્રતિધ્વનિત થઈને આપણને પાછું મળે છે. આ સૃષ્ટિનો નિયમ છે – જે બીજાને પ્રેમ-હૂંફ આપે તેને પ્રેમ-હૂંફ મળે છે. માન આપે તેને માન મળે છે, અને બીજાનું અપમાન કરે તેને અપમાન મળે છે. જેવું ઘો તેવું લ્યો.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ પિંગળ ગઢવીનો ગર્વ ઉતાર્યો' એ નામે ચૌદમો અધ્યાય થયો. ॥૧૪॥

અધ્યાય - ૧૫

આશીર્વાદના અધિકારી

સ્વામીમાં અનેક ગુણો તથા કળાઓ હતી, છતાં દાસના દાસ થઈ સેવા કરતા. જેમ શ્રીહરિનો જમણો હાથ બની શુકમુનિએ આદર્શ લહિયાની સેવા કરી હતી, તેમ જ સત્સંગની મા મુક્તાનંદસ્વામીના હૈયાના હાર બની આધારાનંદસ્વામી ઉત્તમ લહિયાની સેવા કરતા હતા. આ વાતને નોંધતાં ખુદ સ્વામી જ શ્રીહ.ચ.સા.૨૦/૨૩માં કહે છે, "એકવાર મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં નીંબતરુ તળે સભા કરીને બેઠા હતા. સંધ્યા આરતીનો સમય થયો. તેથી સમૂહમાં આરતી-ધૂન થયાં. ત્યાર બાદ પ્રાગજી દવેએ શ્રીહરિને કહ્યું, 'આ આધારાનંદસ્વામી મુક્તાનંદસ્વામી પાસે રહે છે,

चोपाई :

मुक्तमुनि करत ग्रंथ कछु जबही, ताके पास लिखावत तबही ।।
मुक्तमुनि उचरत चरन जेसे, धारि उर तेहि लिखत हे तेसे ।।३०।।

હે મહારાજ ! મુક્તાનંદસ્વામી જ્યારે કોઈ પણ ગ્રંથ લખે ત્યારે આધારાનંદસ્વામીને પાસે રાખી તેમની પાસે લખાવે છે. સ્વામી જે રીતે બોલે તે રીતે તે વાતને તરત જ આધારાનંદસ્વામી હૈયામાં ધારી લે છે. અને મુક્તાનંદસ્વામીનો જેવો ભાવ હોય તેવું જ તે લખી આપે છે. આવી તેમની સતેજ યાદશક્તિ છે.

लिखत रहे तेहि भाव सहिता, मुक्तमुनि की मरजी हि तिमि हिता ।।
मरजी जीमी लिखत रहाते, मुक्तमुनि तिमि बहु भाव रखाते ।।३१।।
आपके कर सम मानत ताई, कृपा बहुत रखत जो रहाई ।।

વળી, જેવી મુક્તાનંદસ્વામીની મરજી હોય તે પ્રમાણે તરત જ આધારાનંદસ્વામી સમજી જાય છે અને કદાચ બોલવામાં શરતચૂક થઈ હોય તોપણ એ પ્રમાણે જ ભાવવાળા વાક્યો લખે છે. મુક્તાનંદસ્વામી શું લખાવવા માગે છે ? એવો તેમના હૃદયનો ભાવ આધારાનંદસ્વામી પકડી લે છે. અને પછી તેમની મરજી મુજબ સ્વામીના આદર્શ લહિયા બની, લખવાની સેવા કરે છે. તેથી મુક્તાનંદસ્વામી આધારાનંદસ્વામી ઉપર બહુ જ ભાવ રાખે છે. અને તેને પોતાના હાથ સમાન માને છે. અને તેમના ઉપર બહુ જ કરુણા વરસાવે છે.

હે મહારાજ ! જેમ હરિભક્તો તમારે માટે ફળ, ફૂલ આદિક લાવે છે, તેમજ મુક્તાનંદસ્વામીને સહુ સંતોમાં મોટેરા જાણીને તેમના માટે પણ અપાર વસ્તુ લાવે છે અને સ્વામી આગળ ભેટ ધરે છે. ભક્તોને રાજી રાખવા મુક્તાનંદસ્વામી તેમાથી થોડું જમે છે. બીજું ભક્તોને પાછું આપે છે. પરંતુ...

सिद्धमुनि कु आपके मानी, प्रसाद नित देत प्रीत आनी ।।३५।।

આધારાનંદસ્વામીને પોતાના માનીને, અતિ પ્રેમથી નિત્ય પ્રસાદી આપે છે."

આમ મુક્તાનંદસ્વામીના એક આદર્શ લહિયા બની સ્વામીએ સત્સંગની ખૂબ સેવા કરી. આવું ખુદ સ્વામીએ જ હરિચરિત્રામૃતસાગરમાં પ્રાગજી દવેએ મહારાજ પાસે મારાં વખાણ કર્યાં અને મને શ્રીહરિનો રાજીપો અપાવ્યો વગેરે વાતો લખી છે. તેઓ સ્વામીની મરજીમાં રહીને સેવા કરતા તેથી જ મુક્તાનંદસ્વામી પણ આધારાનંદસ્વામીને શ્રેષ્ઠ પાત્ર સમજી તમામ શ્રીહરિનાં ચરિત્રો પ્રેમથી કહેતા હતા. જેનો હરિચરિત્રામૃતસાગર જેવો એક વિશાળ રસથાળ સત્સંગને મળ્યો છે. આધારાનંદસ્વામી હ.ચ.સા.૧/૧માં કહે છે કે,

चोपाई :

ताते मम गुरु परम दयाला, मुक्तानंद मुनि ही कृपाला ॥
मोय कहे हरिचरित्र ही जेसे, ताकि कृपासे लिखत ही तेसे ॥१५॥

'મારા ગુરુ મુક્તાનંદસ્વામી પરમ દયાળુ અને કૃપાના મહાસાગર સમાન હતા. એમણે જે જે શ્રીહરિનાં ચરિત્રો મને કહ્યાં તે તેમની કૃપાથી મેં લખ્યાં છે.' આવા મોટા હરિચરિત્રામૃતસાગર ગ્રંથનો તમામ યશ પોતાના ગુરુને આપે છે. કેવું ગુરુજન સાથે તથા સંત સાથે તેમને હેત હશે ! કેવું તેમને દાસત્વપણું હશે ! કેવી ડૂબીને સેવા કરવાની ભાવના હશે કે યશ બીજાને આપી શક્યા ! કેમ જે, માણસ અન્ન-ધનાદિક બીજાને આપી શકે છે, પરંતુ માન આપી શકતો નથી. અને યશની ઈચ્છા જાય તો જ હરિ વશ થાય. જે બીજાને યશ આપે તેને માણસ કે દેવ ન સમજવો, એ તો મહામુક્ત હોય તેનું કામ છે;અને એ જ બીજાને મોટા કરી શકે. આવું સમર્પણ હ.ચ.સા. ગ્રંથના આરંભમાં જ આધારાનંદસ્વામીએ પોતાના ગુરુ પ્રત્યે બતાવ્યું છે.

મુક્તાનંદસ્વામીએ આધારાનંદસ્વામીને શ્રીહરિનાં ચરિત્રોની સાથોસાથ મહારાજની સર્વોપરિતા પણ સમજાવી હતી. તેથી ગ્રંથના

આરંભમાં શ્રીહરિ સર્વઅવતારના અવતારી અને કરોડો બ્રહ્માંડના કારણ તરીકે વર્ણવતાં કહે છે કે,

अनंत कोटि ब्रह्मांड के स्वामी, श्रीपुरुषोत्तम यह बहुनामी ॥
करी करुना कलि महिं भारी, अनंत अवतार के अवतारी ॥१६॥

'અનંતકોટિ બ્રહ્માંડના અધિપતિ, અનંત અવતારના અવતારી, બહુનામી સર્વોપરી શ્રીપુરુષોત્તમનારાયણે આજ કળિયુગમાં અતિશય કરુણા કરી. તેથી અનંત જીવનો ઉદ્ધાર કરવા માટે અવની ઉપર પધાર્યા.'

વળી, મુક્તાનંદસ્વામીએ શ્રીહરિની મૂર્તિની અલૌકિકતા પણ તેમને અતિ દૃઢ કરાવેલી. તેના ફળ સ્વરૂપે આધારાનંદસ્વામીએ વિ.સં.૧૮૭૮ આસો સુદ-૧ ને ગુરુવારે ગઢપુરમાં રહીને **'શ્રીનારાયણ અંગ ચિંતામણિ'** ગ્રંથ રચ્યો. આ ગ્રંથ રચ્યો ત્યારે સ્વામીની ઉંમર આશરે ૨૩ વર્ષની હતી. આધારાનંદસ્વામીએ રચેલો આ સર્વ પ્રથમ ગ્રંથ છે. આ ગ્રંથ રચી સ્વામીએ પોતાના ગુરુ મુક્તાનંદસ્વામીના કરકમળમાં અર્પણ કર્યો. મુક્તાનંદસ્વામી ગ્રંથ જોઈને બહુ રાજી થયા. પછી સ્વશિષ્યને શીખવાડ્યું કે, "જ્યારે પ્રાગજી દવે મહારાજ પાસે બેઠા હોય ત્યારે તેમના હાથમાં આ ગ્રંથ આપજો અને સાનમાં કહેજો કે, 'આ ગ્રંથ મહારાજને વાંચી સંભળાવે.' સાંભળીને શ્રીહરિ પણ તમને ખૂબ જ રાજીપો આપશે.'

ગુરુની આજ્ઞા મુજબ આધારાનંદસ્વામીએ પ્રાગજી દવેને **'શ્રીનારાયણ અંગ ચિંતામણિ'** ગ્રંથ આપ્યો. પ્રાગજી દવેએ આ ગ્રંથ શ્રીહરિની આગળ વાંચ્યો.

दोहा : **नारायण अंग चिंतामणि, सुनिके श्रीमहाराज ।**
सराहत भये वेर वेर हि, सुरनर मुनि शिरताज ।।
मुक्त कहे सिद्धानंद कु, श्रीहरि निकट बोलाये ।
चरन दिये दोउ उर महि, शिर पर पीछे धराये ।।

સર્વાવતારી શ્રીહરિએ જ્યારે આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ' ગ્રંથ સાંભળ્યો ત્યારે, દેવોના દેવ અને સર્વ મુનિઓના શિરતાજ રાજાધિરાજ એવા શ્રીજીમહારાજે આ ગ્રંથની વારંવાર પ્રશંસા કરી. પછી શ્રીહરિએ આધારાનંદસ્વામીને પોતાની પાસે બોલાવ્યા. અને સ્વામીની છાતીમાં બંને ચરણારવિંદ આપ્યાં. પછી શ્રીહરિનાં બંને ચરણો આધારાનંદસ્વામીએ મસ્તકે મૂક્યાં. આમ શ્રીહરિએ બહુ જ રાજીપો બતાવ્યો. પછી સ્વામી સભામાં બેઠા.

सोरठा : मुक्तमुनि यह ताकु, श्रीहरि जो कहत भयेउ ।
काव्य में गति वाकु, पर हि निश्चे कहेऊ हम ।।
मोर हि ताके जोऊ, इंडे कु न चितरत परत ।
जाकी बुद्धि रहे सोऊ, बचनसे देख आत यह ।।

ત્યારે મુક્તાનંદસ્વામીને શ્રીહરિએ કહ્યું કે, " કોઈ પિંગળ શાસ્ત્ર ભણ્યા હોય અને કવિતા કરે તે વાતનું કાંઈ આશ્ચર્ય નથી, પરંતુ પિંગળ શાસ્ત્રને ભણ્યા વિના જે આવી કાવ્ય રચના કરવી, તે અતિ આશ્ચર્યકારી વાત છે. આ સિદ્ધાનંદસ્વામી પિંગળ શાસ્ત્ર ભણ્યા વિના કાવ્ય બનાવીને લાવ્યા છે. માટે આ સિદ્ધાનંદ મુનિને કાવ્ય કરવામાં સારી ગતિ થશે, તે મહાન કવિ થશે; એવું મને ચોક્કસ જણાય છે. જેમ મોરના ઈંડાને ચીતરવા પડતા નથી, તેમ હે મુક્તાનંદસ્વામી ! જેવા આપ મહાન કવિ છો, એવા જ તમારા આ શિષ્ય મહાન કવિ થશે. તમારા જેવા સદ્ગુરુને સેવવાથી તેમાં પણ તમારા જેવું જ ગ્રંથ લખવાનું સામર્થ્ય આવશે. કેમ જે, જેની જેવી બુદ્ધિ હોય તે તેના લખેલા પત્ર ઉપરથી જણાઈ આવે છે." આમ સ્વામીએ રચેલો આ ગ્રંથ વાંચી શ્રીહરિએ ભવિષ્યવાણી ભાખેલી કે, 'આ ભવિષ્યમાં ઉત્તમ કવિ થશે.' તે જ્યારે આધારાનંદસ્વામી દ્વારા શ્રીહરિચરિત્રામૃતસાગર જેવો મહાકાય ગ્રંથ રચાયો ત્યારે સત્ય થઈ છે.

આ 'શ્રીનારાયણ અંગ ચિંતામણિ' ગ્રંથમાં સિદ્ધાનંદસ્વામીએ શ્રીહરિના 'સ્વામિનારાયણ' મહામંત્રનો ને શ્રીહરિના ચિંતવનનો મહિમા કહેલ છે, મૂર્તિના અંગોઅંગનું મહિમાત્મક વર્ણન કરેલ છે, અને છેલ્લે ધ્યાનનો મહિમા કહેલો છે. માત્ર ૪૯ કડીનો આ ગ્રંથ છે. આ ગ્રંથ શ્રીહ.ચ.સા.ભાગ-૧૦માં અંતે સંપૂર્ણ પ્રકાશિત કરેલ છે.

વળી, આધારાનંદસ્વામી શ્રીહરિની આજ્ઞાથી મુક્તાનંદસ્વામી પાસે સંસ્કૃત સાહિત્ય ભણ્યા, તથા શતાવધાની અને ઉત્તમ કોટીના કવિ એવા બ્રહ્માનંદસ્વામી પાસેથી પિંગળ શાસ્ત્ર ભણી શ્રેષ્ઠ કવિત્વ પણ શીખ્યા હતા.

વાસુદેવચરણસ્વામીકૃત હરિચરિત્ર ચિંતામણિ કિરણ-૨૨માં કહ્યું છે,

ચોપાઈ :

માળા સુતરની સત્તર લાવી, જીષ્ણુદાસે હરિને પહેરાવી;
આધારાનંદે હાથે બનાવી, ચાખડી ચાર જોડ્ય પહેરાવી.
આધારાનંદજીને આ વાર, દીધી પાઘ પછેડી કરી પ્યાર;

એકવાર શ્રીહરિ ગઢપુરમાં બેઠા હતા. ત્યારે જીષ્ણુદાસ સ્વામીએ શ્રીહરિને સુતરની સત્તર માળા પહેરાવી. અને આધારાનંદસ્વામીએ પોતે બનાવેલી ચાર જોડ ચાખડીઓ ક્રમથી મહારાજને પહેરાવી. સ્વામીની ચાખડીઓ જોઈ મહારાજ બહુ રાજી થયા. અને તેમને પ્રેમથી એક પાઘ અને એક પછેડી ભેટ આપી હતી. આ રીતે સ્વામીને ઘણીવાર સર્વાવતારી શ્રીહરિનો આશીર્વાદ મળ્યો હતો અને મોટા સંતોનો કૃપાપ્રસાદ મળ્યો હતો. પછી તેમાં શું ખામી રહે ? મોટાની અમીદષ્ટિ તો વ્યક્તિનું ગમે તેવું કઠિન કાર્ય હોય તે પણ પૂર્ણ કરી આપે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામી આશીર્વાદના અધિકારી બન્યા' એ નામે પંદરમો અધ્યાય થયો. ॥૧૫॥

અધ્યાય - ૧૬

આદર્શ ચિત્રકાર

સં.૧૮૭૮ ફાગણ સુદ ત્રીજે મહારાજે અમદાવાદમાં શ્રીનરનારાયણ દેવની પ્રતિષ્ઠા કરી. અને પાંચમને દિવસે જગજાહેર બ્રાહ્મણોની ચોરાશી કરી. તે વખતે સર્વે પરમહંસો અને અસંખ્ય ભક્તો ભેગા થયા હતા. મહારાજે તે વખતે નરનારાયણ દેવની તથા રાધાકૃષ્ણ દેવની છાપો બધાને પૂજવા આપી. ત્યારે પ્રગટની ઉપાસના ને મહારાજનો સર્વોપરિ નિશ્ચય ધરાવતા આધારાનંદસ્વામીને થયું કે, **‘મહારાજે મને ચિતારાની કળા આપી છે, તો તેનો ઉપયોગ કેમ ન કરું..!!’** તેમણે મહારાજની બેઠી મૂર્તિ અંતરમાં ધારી લીધી અને આબેહૂબ મહારાજની મૂર્તિની ચિત્ર પ્રતિમા તૈયાર કરી શ્રીહરિને દેખાડી. તેથી મહારાજ તેમના પર અતિ પ્રસન્ન થયા.

ત્યારે શ્રીહરિનો રાજીપો જોઈને તે જ વખતે ધીરે રહીને આધારાનંદ સ્વામીએ કહ્યું, ‘હે મહારાજ ! આપની મૂર્તિની છબી પણ સૌને પૂજામાં રાખવા માટે આપો તો સારું.’ તેમની ભાવના જોઈ મહારાજે સંમતિ દર્શાવી. તાબડતોબ તેની છાપ અર્થાત્ લાકડાનું બીબું નારાયણજી સુથારે તૈયાર કરી આપ્યું. તેના વડે આધારાનંદસ્વામીએ મૂર્તિઓ છાપી. અને મહારાજની મૂર્તિઓ સૌને પૂજવા અપાઈ. આમ સંપ્રદાયમાં સૌ પ્રથમવાર નિત્યપૂજામાં મહારાજની મૂર્તિ રાખવાનું ચલણ શરૂ થયું. અને પછી પધરામણી વગેરેમાં પણ પ્રગટ સંતો-ભક્તો પ્રગટ મહારાજની મૂર્તિ રાખતા શરૂ થયા; તેનો યશ આધારાનંદસ્વામીને ફાળે જાય છે.

સ્વામીએ પોતાને સાંપડેલ હસ્તકૌશલ્ય દ્વારા શ્રીહરિની સુંદર છબીઓ બનાવી છે. આજે પણ સ્વામીએ બનાવેલી સંપ્રદાયના આભૂષણરૂપ એક ચક્ષુની શ્રીહરિની પ્રતિમા ઘણા સંતો-ભક્તો પાસે જોવા મળે છે. અને સાંપ્રદાયિક ગ્રંથોમાં પણ તેનો ઉલ્લેખ જોવા મળે

છે. એકવાર શ્રીજીમહારાજે પ્રસન્ન થઈને સ્વામીને પોતાની મૂર્તિઓ ચીતરવા તથા છાપવા કહેલું. તેનો ઉલ્લેખ શ્રીહરિલીલામૃત ૮/૩૬/૪૦માં આ મુજબ છે...

આધારાનંદને છાપો આપી, કહ્યું કાગળમાં દેજો છાપી;
મુનિએ મૂર્તિઓ છાપી દીધી, પ્રેમે પૂજવા સૌ જને લીધી.

સ્વામી શ્રીહરિની નાની કે મોટી, સાદી કે સોનેરી રંગની ભવ્ય મૂર્તિઓ બનાવતા. સ્વામીએ બનાવેલી, પૂજામાં રાખવા લાયક અને ખાતરીપૂર્વક ગુરુપરંપરાથી મળેલી મૂર્તિઓ આજે પણ કેટલાક સંતો પાસે જોવા મળે છે. આથી સ્વામી શ્રેષ્ઠ ચિત્રકાર હતા, એ ચોક્કસ થાય છે. સ્વામી મૂર્તિ છાપવાની સેવા પણ બહુ કરતા હતા. આ અંગે સત્સંગિજીવન ૪/૨૮માં પણ લખ્યું છે કે,

आधारानन्दमुनिना ततस्ताभिरचित्रयत् ।
मुद्राभिः काकुदेष्वेव प्रतिमाः स सहस्रशः ।।

જૂનાગઢથી નારાયણજી સુતારને બોલાવી મહારાજે ત્રણ મૂર્તિઓની છાપો તેની પાસે બનાવડાવી. છાપો એટલે મૂર્તિઓ છાપવાનાં લાકડું વગેરેનાં બીબાં. અને આધારાનંદસ્વામી પાસે એ છાપોથી કાગળ ઉપર હજારો મૂર્તિઓ છપાવી. પછી તે મૂર્તિઓ દરેક સંતો-ભક્તોને પૂજવા આપી. આધારાનંદસ્વામી વડતાલમાં જ્યાં મૂર્તિઓ છાપતા હતા, તે હવેલીના આઠ ખંડ હતા. જ્યારે અમોએ સૌ પ્રથમ વડતાલમાં રહેવા માટે આસન માગ્યું, ત્યારે તે સમયના કોઠારીએ અમોને જે જગ્યાએ આધારાનંદસ્વામી બેસીને મૂર્તિ છાપતા હતા, એ જ ખંડો પૈકી ચાર ખંડો ગાદિવાળે મેડે રહેવા આપેલા. પછી તે હવેલીની જગ્યાએ નવા ઊતારા બંધાણા ત્યારે અમોને હાલ વડતાલમાં આસન છે તે આપ્યું. એટલે અમે પણ સ્વામી જે જગ્યાએ મૂર્તિઓ છાપતા તે જગ્યામાં રહેવાનો લાભ માણ્યો છે.

❊ અમદાવાદમાં હનુમાનજીની મૂર્તિ બનાવી :

અમદાવાદમાં મહારાજે સં.૧૮૮૧માં ફૂલદોલ ઉત્સવ કર્યો. તે વખતે નરનારાયણ દેવના મંદિરમાં હનુમાનજી પધરાવવાના બાકી હતા. તેથી મહારાજે જયપુરના હીરાજી સલાટને હનુમાનજીની મૂર્તિ તૈયાર કરવા કહ્યું. તે કહે, ‘મને ચીતરતાં આવડતું નથી, કોઈ કાગળમાં ચીતરીને મૂર્તિનો નમુનો આપે તો તે પ્રમાણે પથ્થરમાં હું મૂર્તિ બનાવી આપું.’

चोपाई :

कागद में मूर्ति कराये जीमि, कर हि जोई के हम हि तीमि ।
आधारानंद मुनि हि तिनकु, बोलाई सब कहेउ इनकु ।।

સલાટે પ્રથમ કાગળમાં હનુમાનજી દોરી આપવાનું કહ્યું. ત્યારે યોગાનુયોગ આધારાનંદસ્વામી પણ અમદાવાદમાં હતા. મહારાજે તેમને બોલાવ્યા ને કહ્યું, ‘હું પાટ ઉપર જે રીતે બેઠો છું તે રીતે ખહરો કરો. અર્થાત્ મારી સામુ જોઈને હું જે રીતે બેઠો છું તે રીતે કાગળમાં હનુમાનજીની મૂર્તિ ચીતરો.’ એમ કહી શ્રીહરિ થોડીવાર હનુમાનજીની જેમ બેઠા. અને આધારાનંદસ્વામીએ તે મુજબ ચિત્ર દોરીને શ્રીહરિને આપ્યું. મહારાજ એ હનુમાનજીની દોરેલી મૂર્તિ જોઈને આધારાનંદસ્વામી પર અતિ રાજી થયા. પછી એ કાગળ સલાટને આપ્યો. તેમણે એવી જ મૂર્તિનું શિલ્પ કરી આપ્યું. એ હનુમાનજી આજે કાળુપુર મંદિરમાં દર્શન દે છે. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૧૮)*

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં ‘સ્વામીની આદર્શ ચિત્રકળાનું વર્ણન કર્યું’ એ નામે સોળમો અધ્યાય થયો. ॥૧૬॥

અધ્યાય - ૧૭

સ્વામીનો શ્રીહરિમાં સ્નેહ

સ્વામીના જીવનના એક એક પ્રસંગો અનુપમ છે અને સમજવા જેવા છે. તેમને શ્રીહરિ તથા સંતો-ભક્તોને પ્રસન્ન કરવાની ઉત્સુકતા

અને સેવામાં શ્રદ્ધા ગજબની છે. સહુને પ્રેરણા આપે તથા બળ પૂરે એવી છે. એકવાર સુરતના પ્રેમીભક્તો તથા અરદેશર કોટવાળે પ્રેમથી શ્રીહરિને સુરત પધારવા આમંત્રણ આપ્યું. શ્રીહરિ તેમના ભાવને પૂર્ણ કરવા સં.૧૮૮૧ના કારતક માસમાં સંતો, પરમહંસો અને કાઠીદરબારોને લઈને સુરત પધાર્યા. તે વખતે અશ્વિનીકુમારના આરેથી શ્રીહરિની ભવ્ય સવારી નીકળી હતી. હરિભક્તો મેનો લાવ્યા. મહારાજ મેનામાં બિરાજ્યા હતા. તે વખતે શ્રીહરિએ સર્વે શ્વેત વસ્ત્ર ધારણ કર્યાં હતાં, શ્વેત પુષ્પના તોરા ધારણ કર્યા હતા. ગુલાબના ગુચ્છ કાન ઉપર શોભતા હતા. એક હાથમાં છડી અને બીજા હાથમાં ગુલાબનો ગુચ્છ ધાર્યો હતો. દિવસ ઊગતાં પહેલાં અનેક હરિભક્તો દર્શને આવ્યા હતા.

પછી કહાર લોકો શ્રીહરિનો મેનો ઊઠાવીને ચાલવા લાગ્યા. ત્યારે આધારાનંદમુનિ શ્રીહરિનાં દર્શન કરવા મેનાનો દક્ષિણ પાયો પકડીને ચાલ્યા. તેથી કહાર લોકો તેમને વારે વારે છોડી દેવાનું કહેતા. પણ શ્રીહરિ કહે તો જ પાયો છોડવો, એવું તેમણે મનમાં નક્કી કર્યું હતું. તેથી કહાર લોકોએ ઘણીવાર કહ્યું, છતાં સ્વામીએ માન્યું નહીં. અંતર્યામી શ્રીહરિએ સ્વામીનો પ્રેમભાવ જોયો. તેથી શ્રીહરિએ કહાર લોકોને કહ્યું, 'તમે બોલશો નહિ. તેમણે પાયો પકડ્યો છે, તેથી મેનો ડોલશે નહીં.' આ સમયે આધારાનંદસ્વામી થોડી થોડી વારે મેનો ખભે ઊંચકવાનો પણ લાભ લેતા. અને શ્રીહરિની મૂર્તિનું ખૂબ સુખ લેતા હતા. આવો તેમને મહારાજને વિષે પ્રેમ હતો.

પૂર્વછાયો : **આવો પ્રેમ પ્રગટ પ્રભુમાં, આપણે પણ કરીએ;**
પ્રેમથી સાચું સુખ મળે, જરૂર અંતરમાં ઠરીએ...૫૪
પ્રેમ વિનાની સેવા તો, સુગંધ વિનાનાં ફૂલ;
સાચો પ્રેમ જો હોય તો, થઈ જાય માથુ ડૂલ...૫૫

પ્રેમ વિશ્વની અજબની શક્તિ છે. અણુબોંબમાં જેટલી વિનાશ કરવાની શક્તિ છે. તેથી પણ અધિક પ્રેમમાં સહુનું સારું કરવાની

શક્તિ છે. પ્રેમ હોય તો જ સુખ આવે. અને પ્રેમ હોય તો શ્રીહરિ, સંતો અને સત્સંગને અર્થે માથું દેવું હોય તો દઈ શકાય. માટે જ આપણા ગ્રંથોમાં વારંવાર શ્રીહરિ અને સંતો ભક્તોમાં પ્રેમ કરવાનું અને તેમાં આત્મીયતા તથા આત્મબુદ્ધિ રાખવાનું કહ્યું છે. પ્રેમથી કરેલી થોડી સેવા પણ મોટું ફળ આપે છે. અને શ્રદ્ધા કે પ્રેમ વિના કરેલી સેવા સુગંધી વિનાના પુષ્પની જેમ અંતે નિષ્ફળ નિવડે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીનો શ્રીહરિમાં રહેલો સ્નેહ વર્ણવ્યો' એ નામે સત્તરમો અધ્યાય થયો. ॥૧૭॥

અધ્યાય - ૧૮

શ્રીહરિએ સ્વામીને સાથે રાખી મૂર્તિઓ કરાવી

જ્યારે શ્રીહરિ સુરત પધાર્યા ત્યારે એક દિવસ મુનિબાવા પોતાના શિષ્યોને સાથે લઈ મહારાજ પાસે દર્શને આવ્યા. તેમાં એક દુલેરામ નામે ચિતારા હતા. તે ચિતારાએ મુનિબાવાની એક છબી દોરી હતી. તે મુનિબાવાએ શ્રીહરિને દેખાડી. તે જોઈ શ્રીહરિ બહુ રાજી થયા અને કહ્યું, 'આ કોણે બનાવ્યું છે ? તમારા જેવું આબેહૂબ ચિત્ર કર્યું છે.' ત્યારે મુનિબાવા કહે, 'આ દુલેરામે કર્યું છે.' શ્રીહરિ કહે, 'અમને એક મૂર્તિ ચીતરી દેશો ?' ત્યારે દુલેરામ કહે, 'હે નાથ ! એટલા માટે જ હું અહીં આવ્યો છું. આપ જેમ આજ્ઞા આપો તેમ હું કરીશ.'

ત્યારે શ્રીહરિએ દુલેરામને કહ્યું, 'શ્વેતદ્વીપપતિ વાસુદેવ જમણો પગ ડાબા સાથળે મૂકી અને બંને ભુજાઓ ઊંચા રાખીને તપ કરતા હોય અને બંને બાજુ એક એક મુક્ત હાથ જોડીને ઊભા હોય, એવી એક ચિત્ર-પ્રતિમા તમે કરો. અને તે માટે અમે આ આધારાનંદસ્વામીને તમારી સાથે રાખશું. એ પણ ચિતારા છે. તે તમને જરૂરી સલાહ-સૂચન કરશે.' પછી તેણે સ્વામીના માર્ગદર્શન મુજબ તેવી પ્રતિમા બનાવવાનું શરૂ કર્યું.

મહારાજ હજી સુરતમાં જ હતા. તે સમયે અરદેશર કોટવાળને પણ મનમાં થયું કે, 'શ્રીહરિ અહીં હાજર છે. માટે તેમની એકાદિ સુંદર મૂર્તિ બનાવી હોય તો ધ્યાન કરવામાં મઝા આવે. પરંતુ અત્યારે અહીં એવો ચિતારો કોણ હશે ? પછી તેને નવાબનો પ્રસિદ્ધ ચિતારો મીઠારામ યાદ આવ્યો. એટલે તેમણે તે વખતના સુરતના નવાબ પાસે એમના ચિતારા મીઠારામ દ્વારા એક ચિત્ર બનાવવા માટેની રજા માગી. એટલે નવાબે રાજી થઈ મીઠારામને કહ્યું, 'આ અરદેશરજી જેમ કહે તેમ તમો તેમને ચિત્ર બનાવી આપજો.'

પછી તેમણે ચિતારા મીઠારામને કહ્યું, 'તમો અત્યારે સ્વામિનારાયણ ભગવાન અહીં છે ત્યાં જાઓ અને તેમની સુંદર મૂર્તિ ચીતરી આપો.' એટલે અરદેશરભાઈની આજ્ઞાથી નવાબના ચિતારા મીઠારામ શ્રીહરિ પાસે આવ્યા. તેણે આવીને નારાયણજીભાઈને વાત કરી. તેથી નારાયણજીભાઈએ આધારાનંદસ્વામીને કહ્યું કે, 'અરદેશર કોટવાળે શ્રીહરિનું ચિત્ર દોરવા માટે અહીંના નવાબના પ્રસિદ્ધ ચિતારા મીઠારામને અહીં મોકલ્યા છે. માટે આપ તેની વ્યવસ્થા કરો અને શ્રીહરિને ગુપ્ત રીતે આ વાત કહો અને મહારાજની મરજી લઈ આવો. પછી તેને ઉત્તર આપીએ.'

પછી આધારાનંદસ્વામી શ્રીહરિની પાસે ગયા. તે વખતે શ્રીહરિ સભામાં હિંડોળા ઉપર બેઠા હતા. સ્વામી તેમની પાસે ડાબી બાજુમાં જઈને બેઠા. શ્રીહરિએ તેમની સામું જોઈને કહ્યું, 'તમો શું કામ આવ્યા છો ?' ત્યારે આધારાનંદસ્વામીએ બીજા કોઈ ન સાંભળે તેમ શ્રીહરિના કાનમાં કહ્યું કે, 'અરદેશરભાઈએ એક ચિતારો મોકલ્યો છે. ને તે ચિતારો આપની મૂર્તિ દોરવા માગે છે. તેનું કેમ કરવું ?' શ્રીહરિ કહે, 'અત્યારે કાંઈ બોલશો મા. અમે જ્યારે જમવા આવીએ ત્યારે એકાંતમાં પૂછજો.' પછી શ્રીહરિ જમવા ગયા. અને જમી રહ્યા બાદ સહુ હરિભક્તોને

વિદાય કર્યા. કેમ જે, બધાને પ્રગટ પચતા નથી. પ્રગટ પ્રભુનાં આવાં ચિત્રો બને, એ નિષ્ઠાવાનને જ પચે, બીજાનું કામ નથી. પ્રગટ ભગવાન કે મોટા સંતનો આશરો કરવો, તેથી પણ તેમના અંતરનો આશય સમજવો ઘણો અઘરો છે. અને જે મોટાના આશયને સમજે છે, તે છતાં દેહે મુક્ત બની જાય છે. પરંતુ પોતાની બુદ્ધિમાં કે ડહાપણમાં ફસાયેલાને આ વાત ન સમજાય. તેથી શ્રીહરિએ બીજાને કાઢી મૂક્યા.

પૂર્વછાયો : **સર્વોપરિ નિજ ઉપાસના, પોતે જ પ્રવર્તાવવા;**
પોતે પ્રભુજી પ્રવૃત્ત થયા, નિજ મૂર્તિ ચિતરાવવા...૫૬
પ્રગટ ઉપાસના પચવી, સહુને છે મુશ્કેલ;
આધારાનંદ જેવા સંતને, કોઈકને હોય સહેલ...૫૭

શ્રીહરિનાં અંતરમાં એક ઈચ્છા હતી કે, ‘જ્યાં સુધી જીવ મારી સર્વોપરી ઉપાસના નહિ સમજે, ત્યાં સુધી તેની મુક્તિમાં ઘણો ફેર રહેશે. માટે જેમ છે તેમ મને જાણે તો જ જીવ આત્યંતિક કલ્યાણને પામે.’ અને પોતાનું સર્વોપરી સ્વરૂપ સહુ જીવને સમજાવવા માટે જ મહારાજ અનંત મુક્તો સાથે અહીં પધાર્યા હતા. તેથી જ શ્રીહરિ આજ એ કાર્ય કરવા માટે તૈયાર થયા. પરંતુ પ્રગટ પ્રભુનો આશય સમજવો અને પ્રગટની ઉપાસના પચાવવી એ આધારાનદસ્વામી જેવા વિરલ સંત માટે સહેલું છે. બધાનું આમાં કામ નથી.

પછી શ્રીહરિએ ચિતારા મીઠારામને બોલાવીને કહ્યું, ‘અમે જે રીતે કહીએ તે રીતે મૂર્તિ સારી અને મોટી બનાવજો. આ ગોવિંદભાઈ તેના જેટલા કહેશો તેટલા પૈસા આપશે.’ પછી કહ્યું, ‘શ્વેતદ્વીપમાં તપ કરતી વાસુદેવનારાયણની મૂર્તિ કરજો.’ ત્યારે ચિતારા મીઠારામે કહ્યું, ‘વાસુદેવનારાયણ કેમ તપ કરે છે ? તેની મને ખબર નથી.’ પછી શ્રીહરિ કહે, ‘હું તને બતાવું છું.’ એમ કહી ભગવાન સ્વામિનારાયણ પાટ ઉપર ઊભા થયા. અને એક પગ સાથળ ઉપર મૂક્યો. બંને હાથ

ઊંચા કર્યા. ત્યાર બાદ મીઠારામને કહ્યું, 'આવી રીતે વાસુદેવનારાયણ શ્વેતદ્વીપમાં તપ કરે છે. માટે આ રીતે મૂર્તિ બનાવજો. અને તેની એક પડખે નર અને બીજે પડખે નારાયણ હાથ જોડીને ઊભા હોય તેમ ચીતરજો.' એમ કહી શ્રીહરિએ તેમને દશ રૂપિયા આપી પાઘ બંધાવી.

આપણે તો એવું જાણીએ છીએ કે, 'શ્વેતદ્વીપમાં શ્વેતમુક્તો તપ કરે છે. અને વાસુદેવનારાયણ તેમને પાંચવાર દર્શન દે છે. પરંતુ અહીં શ્રીહરિએ કહ્યું કે, 'વાસુદેવનારાયણ આવી રીતે તપ કરે છે. માટે તેની તમે આ રીતની મૂર્તિ બનાવજો.' ચિતારાએ હાથ જોડીને કહ્યું, 'હે મહારાજ ! જેમ આપે કહ્યું તે રીતે હું અંતરમાં ધારીને આબેહૂબ મૂર્તિ બનાવી આપીશ.' એટલે તરત જ શ્રીહરિએ તેમને શિરપાવ આપ્યો.' મહારાજ આમ કળા-કારીગરીને બિરદાવતા અને સારા પેઈન્ટર કે લેખકો હોય તેનું ખૂબ સન્માન કરતા. બીજાને બિરદાવવામાં અને મોટપ આપવામાં ભગવાન સ્વામિનારાયણે ક્યારેય લોભ રાખ્યો નથી. જે સહુનું ગમતું કરી શકે તે જ મહાન બની શકે છે.

દોહા : **સહુને સાચું સમજાવાનું, પ્રગટ પ્રભુને તાન;**
સર્વોપરિ રૂપ સમજાવા, આજ રીઝ્યા ભગવાન...૫૮
સર્વના કારણ પોતે છે, તે જાણશે સર્વે કેમ ?
તે હેતુથી શ્રીહરિએ, મૂર્તિ કરાવી એમ...૫૯
સર્વોપરી સમજ્યા વિના, પામે ન અક્ષરધામ;
તે હેતુથી શ્રીહરિ, કરાવે છે આવા કામ...૬૦

સહુને પોતાનું સર્વોપરી સ્વરૂપ સમજાવવાનું અને સર્વોત્તમ જ્ઞાન વિસ્તારવાનું શ્રીહરિને તાન હતું. કેમ જે, મહારાજ સમજતા કે, 'જીવ જ્યારે સર્વ અવતારના અવતારી અને સર્વ કારણના કારણ એવા સર્વોપરી મારા સ્વરૂપને સમજશે ત્યારે અક્ષરધામને પામશે. તે વિના જપ-તપાદિક ઘણાં સાધનો કર્યાં હશે તોપણ મને પામશે નહીં. તે હેતુ માટે જ

શ્રીહરિએ બદરિકાશ્રમવાસી નર અને નારાયણ બંને પોતાની અડખે-પડખે હાથ જોડીને ઊભા હોય એવું પોતાનું અક્ષરાતીત સ્વરૂપ મીઠારામ પાસે કરાવ્યું છે.

પછી જ્યારે શ્રીહરિ સુરતથી નીકળ્યા ત્યારે મુક્તમુનિને પોતાના રથમાં બેસાડ્યા. શ્રીહરિ રથ હાંકવા બેઠા અને આધારાનંદસ્વામીને ભલામણ કરતાં કહ્યું કે, 'તમે હમણા અહીં રહેજો અને આપણે વાસુદેવ-નારાયણની બે ચિત્ર પ્રતિમા કરવાની કહી છે; તેને તમે જાણો છો. માટે એ બેમાંથી દુલેરામની કે મીઠારામની જે મૂર્તિ પહેલી તૈયાર થાય તેને લઈને તમે ગઢપુર આવજો. ત્યાં સુધી તમો અહીં જ રોકાઓ.' શ્રીહરિની મરજી જોઈને આધારાનંદસ્વામી સુરત રોકાયા.

પછી શ્રીહરિ સુરતથી નીકળ્યા ને ફરતાં ફરતાં ગઢપુર પહોંચ્યા. અને આધારાનંદસ્વામી પોતે સુરતમાં તે ચિતારાઓની સાથે રહીને મહારાજે કહ્યું હતું તે મુજબ પ્રતિમા દોરાવતા હતા. તેમાં ચિતારા મીઠારામે શ્રીવાસુદેવનારાયણ અને તેની અડખે-પડખે નર તથા નારાયણ હાથ જોડીને ઊભા છે; તેવી પ્રતિમા પ્રથમ તૈયાર કરી.

દોહા : **ગમતું જાણી પ્રગટનું, સ્વામીએ કરાવ્યું આમ;**
નિજ ઈષ્ટની ઉપાસના, પ્રવર્તાવવાનું કામ...૬૧
મોટા સંતો જાણતા હતા, મહારાજનો આશય;
સાચું જાણ્યા વિના જીવો, અક્ષરમાં આવશે નય...૬૨

આધારાનંદસ્વામી જેવા મોટા સંતો શ્રીહરિના અંતરનો આશય સમજતા હતા. તેથી પોતાના ઈષ્ટદેવ સ્વામિનારાયણ ભગવાનની સર્વોપરી ઉપાસના પ્રવર્તે અને જીવ સાચું સમજે તો અક્ષરધામનો અધિકારી બને. આવા ઉમદા હેતુથી સ્વામીએ મીઠારામ પાસે વાસુદેવ નારાયણની અડખે-પડખે નર અને નારાયણ હાથ જોડીને ઊભા હોય એવી મૂર્તિ પ્રથમ તૈયાર કરાવી.

પછી જ્યારે ફાગણ માસ બેઠો ત્યારે સ્વામી તે પ્રતિમા લઈને ગઢપુર આવ્યા. સ્વામીની સાથે જોડમાં ધર્માત્માનંદસ્વામી પણ હતા. સ્વામી મીઠારામે બનાવેલી મૂર્તિને લઈને જ્યારે ગઢપુર આવ્યા, ત્યારે શ્રીહરિ સંતોને લાડુ પીરસતા હતા. શ્રીહરિ તે બંને સંતોને આવેલા જોઈ ખૂબ જ રાજી થયા. પીરસવાનું પડ્યું મૂકી પ્રથમ તે બંને સંતોને ભાવથી ભેટ્યા. પછી તરત જ તેમને જમવા બેસાડ્યા. અને શ્રીહરિએ તેમને અતિ પ્રેમથી ત્રણ ત્રણ લાડુ પીરસ્યા. આમ શ્રીહરિની મરજી પ્રમાણે સેવા કરનાર આધારાનંદસ્વામી ઉપર શ્રીહરિ ખૂબ જ રાજી થયા.

પછી તે જ દિવસે સાંજે આધારાનંદસ્વામીને બોલાવીને કહ્યું, 'મૂર્તિ લાવો.' તેથી આધારાનંદસ્વામી મૂર્તિ લાવ્યા અને પટ એટલે કે કવર ખોલીને બતાવી. તે જોઈને શ્રીહરિ મૂર્તિની પ્રશંસા કરતાં બોલ્યા કે, 'વાહ..વાહ..! કેવી સુંદર મૂર્તિ બનાવી છે. વાસુદેવનારાયણની મૂર્તિમાં અને આ મૂર્તિમાં એક રોમનો પણ ફેર નથી. શાસ્ત્રમાં જેવું વર્ણન કર્યું છે, તેવી જ આ મૂર્તિ થઈ છે.' આમ મૂર્તિને જોઈને શ્રીહરિ સ્વામી ઉપર અતિ રાજી થયા. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૧૮)*

सोरठा : ऐसे पट जो जेह, आधारानंद मुनि यह ।
पास रखाये तेह, श्रीहरि एक जो वर्ष लग ।।

સુરતના મીઠારામ પાસે રહી સ્વામીએ બનાવેલી આ મૂર્તિને શ્રીહરિએ એક વર્ષ સુધી પાસે રાખી હતી. અને આધારાનંદસ્વામીએ શ્રીહરિ સાથે રહી એક વર્ષ સુધી આ મૂર્તિ સાચવી હતી. અને જે કોઈ ભક્તો દર્શને આવે ત્યારે મહારાજ આધારાનંદસ્વામી પાસે આ મૂર્તિ મંગાવી સહુને બતાવતા. પછી જેવો પાત્ર હોય તે પ્રમાણે શ્રીહરિ તેને ભગવાનના મહિમાની વાતો કરતા. જે સુપાત્ર હોય તેને મહારાજ પોતાનું સર્વોપરીપણું સમજાવતા. અને જેમ છે તેમ કહેતા. અને જેને પોતાની સર્વોપરીતા પચે એવી ન હોય તેને 'આ વાસુદેવનારાયણ

સર્વોપરી છે’ એમ સમજાવતા. માટે આપણે તો જેમ શ્રીહરિ સુપાત્રને સમજાવતા એમ જ સમજવું તો જ જીવમાં બળ આવશે.

પછી બીજે વર્ષે નડિયાદમાં શ્રીહરિએ બિશપ હેબરને પણ આ પ્રતિમા બતાવેલી, ત્યારે પણ સ્વામી ત્યાં હાજર હતા; એમ ઈતિહાસ કહે છે. આમ, સ્વામીએ શ્રીહરિની સાથે રહી અનેકવાર અનેરો લહાવો લીધેલો.

પછી કોઈ એકવાર સુરતના ભક્તો મહારાજ પાસે આવ્યા. તેમની સેવાથી શ્રીહરિ રાજી થયા. ત્યારે આ મૂર્તિ સુરતના ભક્તોને પ્રેમથી આપી હતી. જે હાલ સુરત-રામપુરા શ્રીસ્વા.ના. મંદિરે સભામંડપમાં છે.

દોહા : **ધન્ય ધન્ય સુરતવાસીને, ભાગ્યનો નહિ પાર;**
શ્રીહરિ સર્વોપરી જ છે, બીજા એના અવતાર...૬૩
એવો અનુપ આ પુરાવો, હરિનો કરાવેલ જેહ;
સુરતવાસી નિત્ય નજરે, નિરખતા રહે છે તેહ...૬૪
તેથી તેને અન્ય જેવા, શ્રીહરિ કેમ મનાય ?
અવતાર જેવા સર્વોપરી, કદીયે ન કહેવાય...૬૫

શ્રીહરિએ પોતાના ભક્તોને સર્વોપરીતા સમજાવવા માટે આ સ્વરૂપ બનાવ્યું હતું, પરંતુ સુરતવાસી ભક્તો ભાગ્યશાળી છે; કેમ જે, શ્રીહરિની સર્વોપરીતાના દસ્તાવેજી પુરાવા જેવી પ્રસાદીભૂત આ મૂર્તિ સુરતમાં છે. સુરતવાસી નિત્ય તેના દર્શન કરે છે. માટે તે તો મહારાજને અન્ય અવતાર જેવા કેમ જાણે ? અને મહારાજ પણ કહેતા કે ‘પોતાને જે મળ્યું તે સ્વરૂપને સર્વોપરી જાણવું. *(સંદર્ભ : વ.ગ.મ.૯)*

ચોપાઈ :

પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળજો સહુ જન;
તમને જે મળી છે મૂરતિ, તેને નિગમ કહે નેતિ નેતિ.
અતિ અપાર અક્ષરાતીત, થઈ તમારે તે સાથે પ્રીત;
ભક્ત જક્ત માંહી છે જો ઘણા, ઉપાસક અવતાર તણા.

જે જે મૂરતિ જનને ભાવે, તે મૂર્તિ નિજ ધામ પહોંચાવે;
પણ સર્વે પાર જે પ્રાપતિ, તે છે તમારે કહે પ્રાણપતિ.
(ભ.ચિં.પ્ર.૭૯)

માટે આજ આપણને સર્વથી પર સર્વોપરી પ્રાપ્તિ થઈ છે. ખુદ સર્વોપરી શ્રીહરિએ આપણને પોતાના સ્વરૂપની ઓળખાણ આપી છે. માટે જેમ છે તેમ શ્રીહરિના સ્વરૂપની સમજણ દૃઢ કરવી તો જ મહારાજ રાજી થશે. જે શ્રીહરિને સર્વોપરી સમજે છે, તેને જ સર્વોપરી પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં જે મહારાજને જેવા જાણે તે તેવા ધામને પામે છે. મહારાજે પણ વ.ગ.મ.૬૭માં આ વાત સમઝાવેલ કે, 'તમે જેવા મને જાણશો એવો હું તમને બનાવીશ.' માટે મહિમા સમજવામાં કચાશ ન રાખવી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામીને સાથે રાખી મૂર્તિઓ કરાવી' એ નામે અઢારમો અધ્યાય થયો. ॥૧૮॥

અધ્યાય - ૧૯

શ્રીહરિએ સ્વામી પાસે ત્રીજી મૂર્તિ બનાવડાવી

એકવાર સં.૧૮૮૨માં મહારાજ ગઢપુરમાં દાદા ખાચરના દરબારમાં સવારમાં સભા ભરીને બેઠા હતા. તે વખતે આધારાનંદસ્વામીને બોલાવીને કહ્યું કે, "તમોએ સુરતમાં મીઠારામ પાસે તથા દુલેરામ પાસે એક એક વાસુદેવની ચિત્ર પ્રતિમા કરાવી છે. પરંતુ હજી એક ત્રીજી શ્વેતદ્વીપપતિ વાસુદેવની ચિત્રપ્રતિમા અમે કહીએ તેમ તમે કરો. ક્ષીર સમુદ્રમાં વેદિકાએ સહિત એક બેટ કરવો. તેમાં અતિ સુશોભિત એક કલ્પવૃક્ષ કરવું. અને તેની નીચે તપ કરતી વાસુદેવનારાયણની મૂર્તિ ઊર્ધ્વબાહુવાળી કરવી. ફરતાં વિશ્વકસેનાદિ સોળ પાર્ષદ, ગરુડ તથા નિરન્નમુક્તો કરવા. આવી મૂર્તિ બનાવો."

પછી શ્રીહરિની આજ્ઞાથી આધારાનંદસ્વામીએ તે પ્રમાણે પટ મૂર્તિ કરવાનો આરંભ કર્યો અને કહ્યા પ્રમાણે અદ્‌ભુત મૂર્તિ બનાવી.

તે જોઈને શ્રીહરિ અતિ પ્રસન્ન થયા. અને સ્વામીને પ્રસાદીનો હાર આપ્યો. પછી સહુ સંતો-ભક્તોને સભામાં તે મૂર્તિ દેખાડીને બોલ્યા કે, "તમે બધા શ્વેતદ્વીપ મુક્તોની જેમ નિષ્કામભાવે મારી ભક્તિ કરજો. સહુમાં નિષ્કામ ભક્તિ પ્રવર્તે એવા હેતુથી જ અમે આ મૂર્તિ બનાવી છે. કેમ જે, નિષ્કામ ભક્તિ અમને બહુ વહાલી છે.

દોહા : **નિષ્કામપણે ભગવાનની, ભક્તિ કરી શકે ભક્ત;**
એવા હેતુથી આ મૂર્તિ, કરાવી છે પ્રસક્ત...૬૬
નિષ્કામ ભક્તિ વ્હાલી છે, અમને અતિ સદાય;
આવાં ચિત્ર જોઈને, તમને તેવી શિખાય...૬૭
શ્વેતદ્વીપવાસી મુક્તો, બ્રહ્મરૂપે જ સદાય;
નિષ્કામ ભક્તિ કરે છે, તે શીખજો બધાય...૬૮

શ્વેતદ્વીપવાસી મુક્તો અમને બહુ ગમે છે. તેનાં બે કારણ છે. (૧) તેઓ બ્રહ્મરૂપે રહીને ભક્તિ કરે છે. (૨) તેઓ નિષ્કામભાવે ભક્તિ કરે છે. માટે તે અમને બહુ ગમે છે. તમો સહુ મારા આશ્રિત પણ બ્રહ્મરૂપે થઈ નિષ્કામભાવે ભક્તિ કરજો." આમ સહુ પ્રગટ ઉપાસી સત્સંગીઓમાં બ્રહ્મરૂપની ખુમારી અને નિષ્કામ ભક્તિનો રંગ લાગે એવા હેતુથી શ્રીહરિએ આ ત્રીજી મૂર્તિ બનાવી હતી. આ ત્રણ મૂર્તિઓમાં મીઠારામે બનાવેલી મૂર્તિ સુરત રામપુરા મંદિરના સભામંડપમાં હાલ છે. દુલેરામવાળી મૂર્તિ ગઢપુરમાં છે. પરંતુ આ વિશ્વેકસેનાદિક સોળ પાર્ષદોવાળી વાસુદેવનારાયણની મૂર્તિ ક્યાં છે ? તે મારી જાણમાં નથી.

(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૪૨-૪૩)

આવી અનુભવેલી તથા નજરે દેખેલી વાતો કે પ્રસંગો આ સંતે તેમના શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથમાં ઘણી જગ્યાએ લખ્યાં છે. જો માત્ર પરંપરામાં જ આ વાતો થતી હોત તો વર્ષો જતાં તેમાં વિકૃતિ બહુ જ આવત, પરંતુ ગ્રંથસ્થ થઈ ગઈ છે એ આપણા સહુનાં મોટાં સદ્ભાગ્ય છે. માટે આવા ગ્રંથોના માધ્યમે જેમ છે તેમ શ્રીહરિનું સ્વરૂપ સમજવું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામી પાસે ત્રીજી મૂર્તિ કરાવી' એ નામે ઓગણીસમો અધ્યાય થયો. ॥૧૯॥

અધ્યાય - ૨૦

શ્રીહરિની જન્મપત્રીમાં સ્વામીની અદ્‌ભુત ચિત્રકળા

સર્વાવતારી સ્વામિનારાયણ ભગવાન અવની ઉપર આવ્યા. અને તેમણે આ બ્રહ્માંડના જીવાત્માઓને આત્યંતિક કલ્યાણ આપવા પૃથ્વી ઉપર ચારે બાજું જન્મેલા મુક્તોને પોતાના સંકલ્પથી પાસે બોલાવ્યા. ઘણા મુક્તોને સ્વામિનારાયણ નામ સાંભળતાં જ પરચાઓ થયા. ઘણાને શ્રીહરિનાં દર્શન થતાં જ સમાધિ થઈ. પછી તે બધા મુક્તો પ્રગટ પ્રભુના પરમહંસો બન્યા. આ મુક્તોના માધ્યમે શ્રીહરિએ ભાવિ જીવોનાં કલ્યાણ માટે વિપુલ સાહિત્યનું સર્જન કર્યું. આ સાહિત્ય યુગો સુધી અમર રહેશે. અને તેને વાંચીને, વિચારીને ને મનન કરીને અનેક બદ્ધજીવો મુક્ત પદવીને પામતા રહેશે. આ મુક્તોના જીવન કથનથી પણ અનેક નવા મુક્તોના જીવન ઘડાશે. એક એક સંતની કે એક એક ભક્તની જીવનગાથાઓ અવનીથી અક્ષરધામ સુધીનો સેતુ બની રહેશે. કેમ જે, શ્રીહરિએ આ મુક્તોને, જીવાત્મા અક્ષરધામને કેમ પામે, તેની નૌતમ રીત શીખવાડી હતી. જે એકદમ સીધી, સરળ અને સહુને સમજાય એવી છે. આવાં અલૌકિક કાર્ય કરનારા શ્રીહરિને કોટી કોટી વંદન કરીએ.

દોહા : **હાથ જોડી વંદન કરું, હરિવર તમને આજ;**
દાસ તમારો જાણી, ખુશ રહો મહારાજ...૬૯
તમારે શરણે આવ્યો છું, પામવા તમારું સુખ;
માયા છોડાવી આપની, રાખો પ્રભુ સન્મુખ...૭૦
'હું'માં બિરાજો પ્રગટ તમે, રહો અખંડ એ યાદ;
રહું તમારે આધીન સદા, કદી ન થાવું આઝાદ...૭૧

કર્તા એક આપ છો, એવું કરાવજો દૃઢ;
અંદર બહાર જોઉં તમને, લાગી રહે તવ રઢ...૭૨

મૂર્તિમાં ને મરજીમાં, રાખો મને હરપળ;
એ માટે જ હું વાપરું, રાજીપો તવ સકળ...૭૩

પ્રત્યક્ષ માનું હું તમને, સદા સર્વથા હજૂર;
સેવા કરી સત્સંગની, રહી સત્સંગી મજુર...૭૪

જ્ઞાનજીવનને આપજો, રાજી થઈ મમ નાથ;
સતત ઝાલી રાખજો, હરિવર મારો હાથ...૭૫

શ્રીહરિ જ સર્વ કર્તાહર્તા છે. શ્રીહરિ જ આપણા સહુમાં સદા પ્રગટ બિરાજે છે. જે પોતાની અંદર અને બહાર શ્રીહરિને જુએ છે, તે ભવાટવીનાં દુઃખો ખૂએ છે. જે મહારાજને પ્રત્યક્ષ માની તેમની અને તેમના મુક્તોની મરજીમાં વહે છે, તે જ મહાસુખને લહે છે. આધારાનંદસ્વામી આવી જ અલૌકિક કેડી કંડારનારા અનુપમ સંત હતા. સ્વામીએ કેવાં કેવાં કાર્યો કરી શ્રીહરિ, સંતો તથા સહુ ભક્તોને રાજી કર્યા ? કેવી રીતે તે મહારાજની મૂર્તિમાં અને મરજીમાં રહ્યાં ? તે બધું તેમના આખ્યાનમાંથી શીખવા મળે છે. આધારાનંદસ્વામીમાં અજોડ ચિત્રકળા હતી. તેમાં પણ શ્રીહરિની જન્મપત્રીમાં સ્વામીની ચિત્રકળા યથાર્થરૂપમાં નીખરી છે.

વઢવાણમાં એક પંડિત લાધારામ ઠાકર હતા. તે ભાગવતના ભણેલા હતા અને જ્યોતિષ શાસ્ત્રમાં પારંગત વિદ્વાન હતા. તેમણે એકવાર શ્રીહરિને પ્રાર્થના કરી કે, 'હે મહારાજ ! હું આપની જન્મપત્રી રચીને મારી વિદ્યા સાર્થક કરવા માગું છું; માટે તેની અનુમતિ આપીને મારા પર કૃપા કરો.' તેમનો નિષ્કામભાવ જોઈને શ્રીહરિએ તેમને જન્મપત્રી રચવાની હા કહી. તેથી તેમણે હૃદયની અતિ ભાવુકતાથી શ્રીહરિની જન્મપત્રી લખી. સંપ્રદાયના ઇતિહાસમાં આ એક અણમોલ

ઘટના છે. સ્વામિનારાયણ ભગવાનને સર્વોપરી કહેનાર આ એક વિદ્યમાન અજોડ પુરાવો છે. લાધારામ ઠાકરે વિ.સં.૧૮૮૪ અષાઢ સુદ-૧૦ ને બુધવારે આ જન્મપત્રી ગ્રંથ પૂરો કરી ગઢપુરમાં શ્રીહરિને સમર્પણ કર્યો.

આ સમયે શ્રીહરિની સાથે સતત સેવામાં રહેનારા આધારાનંદ સ્વામી ત્યાં હાજર હતા. તે પણ સારા કવિ અને ચિત્રકાર હતા. સ્વામીને તે જન્મપત્રી જોઈને મનમાં વિચાર થયો કે, ‘સર્વાવતારી શ્રીહરિની આ પ્રકાંડ પંડિતે અનુપમ જન્મપત્રી લખી છે. પરંતુ તે મુજબ તેનાં ચિત્ર બનાવ્યાં હોય તો સોનામાં સુગંધ ભળી જાય.’ પછી તેમણે શ્રીહરિને હાથ જોડીને કહ્યું, ‘હે મહારાજ ! આ લાધારામ ઠાકરે સરસ મજાની આપની જન્મપત્રી લખી છે. જો આપ આજ્ઞા કરો તો હું તે જન્મપત્રીને સુંદર મજાના ચિત્રથી શણગારું.’ આધારાનંદસ્વામીનો ઉત્સાહ અને સદ્‌ભાવ જોઈ શ્રીહરિ બહુ રાજી થયા. અને તે કાર્ય કરવા માટે સ્વામીને પ્રોત્સાહિત કર્યા. આમ શ્રીહરિની આજ્ઞા લીધી.

પછી હાથના બનાવેલા સારા કાગળ નીચે સફેદ રેશમી કાપડ ચોંટાડ્યું. ૧૪૨ ફૂટ લાંબો અને ૧૧ ઈંચ પહોળો પટ્ટો તૈયાર કર્યો. તેની બંને બાજુ બહારની ધારે બહુરંગી સુંદર ફૂલવેલનું ચિત્ર તૈયાર કર્યું. તે ફૂલવેલની વચ્ચેના ભાગમાં સુંદર સંસ્કૃત ભાષામાં પંડિત લાધારામ ઠાકરે રચેલી જન્મપત્રી આધારાનંદસ્વામીએ લખી. તે જન્મ-પત્રીના મંગલ પ્રવેશનું ચિત્ર, કલા કૌશલ્યના આદર્શ ઉદાહરણરૂપ અતિ અનુપમ મૂક્યું છે. તે જોતાં આજ પણ તે કળાના નિષ્ણાંતો અચંબો પામી જાય છે.

તદુપરાંત જન્મપત્રીને અનુરૂપ એવાં ૪૧ ચિત્રો દોર્યાં છે. જે અનેક ભાવોની સ્થિતિને પ્રસ્તુત કરે છે. આ જન્મપત્રીમાં લાધારામ ઠાકરની વિદ્વત્તા અને આધારાનંદસ્વામીની ચિત્રકળા, બંને પોતપોતાના

ક્ષેત્રમાં સ્પર્ધા કરતી હોય ને શું..! એવી અજોડ નમૂનારૂપ છે. લાધારામનું પાંડિત્ય અને આધારાનંદસ્વામીનું કલાલાલિત્ય તે જન્મપત્રીમાં દોરેલી કુંડલીઓ અને ચક્રોમાં એકબીજાના પૂરક અને સંવર્ધક બનીને ગુણોની ચરમસીમા સુધી પહોંચ્યા છે. આ ૧૪૨ ફૂટના લાંબા પટ્ટા પર સુંદર કલાત્મક રીતે દોરેલી શ્રીહરિની જન્મપત્રી સં.૧૮૮૬ના મહા વદ-૮ના રોજ આધારાનંદસ્વામીએ ગઢપુરમાં પૂર્ણ કરી અને શ્રીહરિને સમર્પણ કરી. આ વાત શ્રીહરિની જન્મપત્રીના અંતિમ શ્લોકથી સિદ્ધ થાય છે.

स्रग्धरा : लाधारामेति नाम्ना गणितविधिविदा लेखितेयं द्विजेन ।
आधारानंदनाम्ना गुणिजनगुरुणा चित्रिता जन्मपत्री ।।

લાધારામ નામના જ્યોતિષ શાસ્ત્રોનાં શ્રેષ્ઠ વિદ્વાન બ્રાહ્મણે લખેલી અને ગુણિયલ ભક્તોના ગુરુ સમાન આધારાનંદ નામના સંતે ચિતરેલી આ જન્મપત્રી છે. આપણને એમ થાય કે, ‘આવી પ્રસાદીભૂત શ્રીહરિની આ જન્મપત્રી હાલ ક્યાં હશે ?’ તો આ જન્મપત્રી ગઢપુરમાં મંદિર હસ્તક છે અને તેની એક ફોટોકોપી ગાંધીનગર શાસ્ત્રી હરિપ્રકાશ-દાસજીસ્વામી પાસે છે. એમણે શાસ્ત્રી જ્ઞાનપ્રકાશદાસજીસ્વામી દ્વારા અનુવાદ કરાવી ઈ.સ.૧૯૯૯માં પ્રકાશિત કરેલ છે. તે પુસ્તકના રૂપમાં અત્યારે ઉપલબ્ધ છે. તેમાં આધારાનંદસ્વામીએ દોરેલાં સુંદર ચિત્રો છે. અને લાધારામ પંડિતે લખેલ મૂળ સંસ્કૃત તથા તેનો સરસ મજાનો ગુજરાતીમાં અનુવાદ છે. તેમાં રહેલા ચિત્રો કલાક્ષેત્રે બેનમુન છે. જે આ વાતને સમજતા હોય તે જ સમજી શકે; બધાનું કામ નથી.

જેમ સંગીતવાળા ગમે તેટલું સારું વગાડે, પરંતુ જેને સંગીતનું જ્ઞાન જ નથી, તેને તેમાં કાંઈ મજા ન આવે; જેમ ગાયક તેની આખી જિંદગીની સાધનાથી શીખેલ આલાપ કરતા હોય, ત્યારે જેને સંગીતનું જ્ઞાન જ નથી, એવા ઘણા લોકો તેની મશ્કરી કરતા હોય છે; અને જેમ આંધળાને રૂપ કામનું નથી; તેમજ અભણને આ જન્મપત્રી જોવા-

વાંચવામાં મજા ન આવે ને એની કાંઈ કિંમત પણ ન હોય. એ તો જેને ખબર પડતી હોય તે એની કિંમત કરી શકે છે અને તે ચિત્રો જોતાં જ આશ્ચર્યચકિત બની જાય છે.

આ લાધારામ વિપ્ર ભાગવત અને જ્યોતિષ ભણેલા હતા. શ્રીહરિ વઢવાણ પધારેલા ત્યારે તેમણે શ્રીહરિને ફૂલહાર પહેરાવીને પોતાના પુરમાં તથા પોતાના ઘરે પધરાવ્યા હતા.

દોહા : **ધન્ય સ્વામીની ચિત્રકળા, જન્મપત્રીથી જણાય;**
જેને જેને દેખાડીએ, તેનાં શિર ડોલી જાય...૭૬
વળી આધારાનંદ મુનિએ, ચિત્રો દોરીને અનૂપ;
નીચે પદ્યમાં વર્ણવી, યમયાતના દુઃખરૂપ...૭૭
યમયાતના ગ્રંથ જોતાં, યમપુરી નજરે થાય;
પાપ ફળ વાંચી જીવો, પાપથી અટકી જાય...૭૮
એવો ગ્રંથ આપનાર, સ્વામી આધારાનંદ;
જગત પર ઉપકાર કર્યો, દેવા સહુને આનંદ...૭૯

આધારાનંદસ્વામીમાં અનેક સદ્ગુણો તથા કળાઓ હતી. તેમાં આપણે તો અત્યારે માત્ર તેમની ચિત્રકળા કેવી હતી ? તે જ સમજીએ છીએ. અને સ્વામીએ તે ચિત્રકળા માત્ર શ્રીહરિની પ્રસન્નતાર્થે જ વાપરી હતી; એવું સમર્પણ આપણે પણ શીખીએ.

વળી, સ્વામીનો ચિત્રકળાનો બીજો નમુનો તેમણે રચેલો યમયાતના નામનો ગ્રંથ છે. જેમાં સ્વામીએ 'જીવોએ જેવા પાપ કર્યા હોય તેને તેવી રીતે યમદૂતો ત્યાં મારે છે.' તેના અદ્ભુત ચિત્રો દોરીને આબેહૂબ વર્ણન કરેલ છે. આવું ઘણું બધું નંદસંતોએ શ્રીહરિની આજ્ઞાથી સહુ-સંતો ભક્તોને રાજી કરવા માટે ખૂબ દાખડો કરીને કરેલું છે.

વળી, આધારાનંદસ્વામીએ અનેક ગ્રંથોની સાથોસાથ અનેક કીર્તનો પણ રચ્યાં છે. જેમ નિષ્કુળાનંદસ્વામીએ ઘણાં પદોમાં પાપીને

જેવાં દુઃખ ભોગવવાં પડે છે, તેનું તેવું વર્ણન કર્યું છે. તેમ જ આધારાનંદસ્વામીએ જીવને જગાડે, તેનાં વાસના-વિકાર ભગાડે અને તેને મૂર્તિમાં લગાડે એવાં ઘણાં પદો રચ્યાં છે. આ પદો સાંભળતાં આપણાં રૂવાડાં બેઠા થઈ જાય છે. સિદ્ધાનંદસ્વામીએ ચિત્રોની સાથે લેખન કરી જીવોને જમપુરી તથા લખચોરાસીમાં જતાં અટકાવવાનો મોટો દાખડો કર્યો છે. નિષ્કુળાનંદસ્વામીએ માત્ર લેખનથી જ જીવને દુઃખથી બચાવવાની મહેનત કરી છે. જ્યારે સિદ્ધાનંદ સ્વામીએ તો ચિત્રકળા તેમાં ઉમેરી છે. આ રીતે તેમણે પોતાની કળાઓ ભગવત્પ્રસન્નતાર્થે અને જીવોને સદ્માર્ગે તથા કલ્યાણના માર્ગે વાળવામાં વાપરી છે. આપણે પણ આપણા ગુણો કે કળા શ્રીહરિ અને સંતોની પ્રસન્નતાર્થે વાપરીએ તો સુખરૂપ થાય. નહિ તો એમાંથી જ દુઃખના દા'ડા ઊભા થાય.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિની જન્મપત્રીમાં અદ્ભુત ચિત્રકળા કરાવી' એ નામે વીસમો અધ્યાય થયો. ॥૨૦॥

અધ્યાય - ૨૧

સ્વામી ઉત્તમ શિલ્પી હતા.

આપણો જન્મ ભારત જેવી પવિત્ર ભૂમિમાં થયો છે. જ્યાં અનેક મંદિરો, તીર્થો, સત્શાસ્ત્રો અને સત્પુરુષો છે. નિત્ય કથા-વાર્તા અને ઉત્સવ-સમૈયા થાય છે. માટે આજનું વિજ્ઞાન, આ કળાઓ તથા ગીત-સંગીત વગેરે ભગવાન સંબંધી કરી દઈએ તો આસક્તિ ભક્તિ બની જાય. વાસના પોષક પદાર્થો વાસના નાશક બની જાય. પાપી પુણ્યવાન બની જાય. તેથી જ આપણા સત્શાસ્ત્રો અને સત્પુરુષો પોકારીને કહે છે કે 'પાપના પંથથી પાછા વળવું. હંમેશાં ધર્મના માર્ગે ચાલવું. મર્યાદામાં રહીને ભોગને ભોગવવા.' જે પાપ છોડીને ધર્મમાં નહિ ચાલે તેની અંતે ફજેતી થશે. તે આજે આગેવાન, ગુણિયલ

અને ડાહ્યા સત્સંગી કહેવાતા હશે અને ઘણી સેવા કરતા હશે, તોપણ અંતે તેની ફજેતી થશે.

માટે પંચવર્તમાન પાળવા, તિલક-ચાંદલો કરવો, નિત્ય સત્સંગ અને સત્શાસ્ત્રનું વાંચન કરવું અને 'મારા ઈષ્ટદેવ કોણ છે ?' 'મારા ગુરુદેવ કોણ છે ?' 'હું કેવા સંપ્રદાયમાં રહ્યો છું ?' તેનો કેફ રાખવો. સંપ્રદાયને કે સત્સંગને કલંક લાગે એવાં કાંઈ પણ વાણી-વર્તન રાખવાં નહીં. કુસંગી આપણી સામું જોઈને આંગળી ચીંધે એવું આપણું વર્તન હોય તો હજી આપણે સત્સંગ કર્યો ન કહેવાય. શ્રીહરિએ રચાવેલ આ બધાં સાહિત્યો આપણને પાપથી પાછા વાળવા અને સદ્‌માર્ગે જોડવા માટે છે. જો આપણે આપણાં વાણી-વર્તન સારાં રાખીશું અને સદ્‌માર્ગે ચાલશું તોપણ સંપ્રદાયની ઘણી મોટી સેવા કરી ગણાશે. માટે ઇન્દ્રિયારામ નહિ પણ આત્મારામ થાવું અને મૂર્તિમય બનવું.

આધારાનંદસ્વામી શ્રેષ્ઠ લહિયા, સર્વોત્તમ કવિ, આદર્શ ચિત્રકાર હતા તેમજ ઉત્તમ શિલ્પી પણ હતા. શ્રીહરિના સમયમાં સત્સંગમાં ચારે બાજુ શિખરબંધ નવાં મંદિરો થતાં હતાં અને હરિમંદિરો તો ઠેર ઠેર મોટે પાયે બંધાઈ રહ્યાં હતાં. શ્રીહરિએ એક સાથે અનેક સત્કાર્યોને વેગ આપ્યો હતો. તેમાં જ્યાં જેવી જરૂરિયાત હોય ત્યાં તે પ્રમાણે આધારાનંદસ્વામી અતિ શ્રદ્ધાથી ખૂબ મહેનત કરતા. અને શિલ્પ તથા કલાકારીગરીની દૃષ્ટિએ પણ મંદિરોના બાંધકામ ખાતામાં જાતે દેખરેખ રાખીને તે સેવા કરાવતા. અને કામથી ક્યારેય કંટાળતા નહીં. અતિ શ્રદ્ધા રાખીને સેવા કરતા. લગભગ ક્ષેત્રમાં સ્વામીનું યોગદાન છે.

દોહા : **હસતે મોઢે રહી સદા, એક પછી એક કામ;**
અતૂટ શ્રદ્ધાથી કરતા, થાકનું ન હતું નામ...૮૦
હરિ હરિજનની પ્રસન્નતા, એમનો હતો ખોરાક;
લીધા વિના નો'તું ચાલતું, લેતા નહિ જરાક...૮૧

શ્રીહરિ અને સંતો-ભક્તોની પ્રસન્નતા મેળવવી એ જ તેમનો ખોરાક હતો. અને આ ખોરાક તેઓ ખૂબ જ લેતા. તે વિના તેમને ચાલતું નહીં. સ્વામી શ્રીહરિ કે સંતોના રાજીપા માટે સતત મથતા. શરીર માટે મિતાહારી હતા, મિતભાષી હતા; પરંતુ પ્રસન્નતારૂપી ખોરાક તો જથ્થાબંધ લેતા.

ઘણા તો માત્ર કહેવા પૂરતું જ બોલતા હોય છે કે, 'અમે રાજી કરવા કરીએ છીએ.' પરંતુ રાજી થાવા જ બધી ક્રિયા કરતા હોય છે. ઝોળી માગવા જાય ત્યાંય જે વસ્તુ ભાળે તે હરિભક્તો પાસે માગે. આવા પણ ઘણા સાધુ-બાવાઓ હોય છે. અને હરિભક્તો પણ ઘણા એવા હોય છે કે, શ્રીહરિને પૂરો દશમો-વીસમો ભાગ પણ આપતા હોતા નથી. રોજના સેંકડો રૂપિયા રળતા હોય છતાં નામ-ધર્માદો પૂરો આપી શકાતા નથી. ત્યારે આધારાનંદ સ્વામીને ધન્યવાદ આપવા જોઈએ. કેમ જે, તેમણે શ્રીહરિ અને સંતોની પ્રસન્નતાર્થે જ પોતાનું આત્મસુધા સર્વસ્વ અર્પણ કરી રાખ્યું. સેવા ઉપસવા નહિ પણ ડૂબીને કરી. તે જોઈને શ્રીજીમહારાજ તથા મુક્તાનંદ સ્વામી વગેરે તેમની ઉપર અનેકવાર પ્રસન્ન થયેલા. મહારાજે પોતાના થાળની પ્રસાદી તથા અન્ય પ્રસાદીઓ પણ તેમને અનેકવાર આપેલી છે.

સોરઠા : કરતા મેલી પ્રમાદ, રાત દી સેવા ખંતથી;
તેથી મળતો પ્રસાદ, હરિવરથી ને ગુરુ થકી...૮૨
ધન્ય ધન્ય આવા સંત, સ્વામી આધારાનંદને;
રાજી કરે ભગવંત, બાળી કણ કણ લોહીને...૮૩

આપણે આજ્ઞા પાળવામાં ખૂબ જ આળસ-પ્રમાદ રાખીએ છીએ; ત્યારે આધારાનંદસ્વામી આળસ-પ્રમાદને છોડીને રાત્રી-દિવસ ખંતથી સેવા કરતા હતા. લોહીનું એક એક બુંદ શ્રીહરિ અને સંતોના રાજીપા માટે વાપરતા હતા. માટે સ્વામીને લાખો લાખો ધન્યવાદ છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીની ઉત્તમ શિલ્પકળા વગેરે સદ્‌ગુણો કહ્યા' એ નામે એકવીસમો અધ્યાય થયો. ॥૨૧॥

અધ્યાય - ૨૨

સિતાર વગાડી લીધેલો રાજીપો

આધારાનંદસ્વામી સિતાર પણ વગાડતા હતા. શ્રીહરિના હજૂરી સેવક લક્ષ્મીરામ દેરાસરીએ પોતે કરેલા 'લીલાચિંતામણિ' નામના ગ્રંથમાં પ્ર.૧૯માં પોતે નજરે નિહાળેલો એક પ્રસંગ આલેખ્યો છે. તેમાં તેમણે આધારાનંદસ્વામીને સિતારવાદક તરીકે લખ્યા છે. તો એ પ્રસંગ જાણીએ.

એક દિવસ મહારાજ વડનગર પધાર્યા. ગામની બહાર એક સરોવર હતું, ત્યાં સંઘે સહિત સર્વે ભક્તો તથા શ્રીહરિએ ઉતારો કર્યો. પછી ત્યાં નજીકમાં એક હાટકેશ્વર મહાદેવજીનું આથમણા બારનું મંદિર હતું. ત્યાં આસન ઉપર શ્રીહરિ બિરાજમાન થયા. એટલાકમાં તો ઘણાક ગાયનકળામાં કુશળ એવા ગાંધર્વો પોતપોતાનાં વાજાં લઈને આવ્યા. તેઓ શિવજીના ઉપાસક હતા. શિવજીને રાજી કરવા તેઓ અહીંયાં નિત્ય ગાયન કરતા હતા. તેથી આવીને તેઓ ગાવા લાગ્યા. તેમાંથી એક ગાંધર્વએ તાન છેડી.

ત્યારે તે ગાંધર્વોમાં એક સદારામ નામે હરિભક્ત હતો. તેણે સર્વે ગાંધર્વને એમ કહ્યું કે, "હે ગાંધર્વો ! તમારા મોટાં ભાગ્ય છે, જેથી તમને અત્યારે આ શ્રીજીમહારાજનાં દર્શન થાય છે. આ શ્રીહરિ અને સંતો આજ અહીં પ્રગટ બિરાજે છે. માટે તમે તમારો કસબ કરીને મહારાજ આગળ ગાઈ દેખાડો; તેણે કરીને તમારો મોક્ષ થાશે. એવા આ મહારાજ અને સંતો છે. શિવજીને રાજી કરવા તો તમોએ વર્ષોથી ગાન-તાન કર્યું છે; પરંતુ શિવજીમાં જીવોનો અંતિમ મોક્ષ

કરવાની શક્તિ નથી. મોક્ષદાતા તો આ પ્રગટ શ્રીહરિ અને તેમના આ પ્રગટ સંતો છે.” આમ, સત્સંગી ગાંધર્વએ બીજા ગાયકોને વાત કરી. તેથી દૂર બેઠેલા તે સહુ ગાયકો ઊભા થયા અને શ્રીહરિ-સંતોની નજીક આવ્યા. પછી તે સર્વે ગાંધર્વો મહારાજને તથા સર્વે સંતોને નમસ્કાર કરીને બેઠા.

મહારાજે તે ગાંધર્વોને કહ્યું જે, ‘તમે ચૌતાલનાં પદ વાજિંત્રોના ગાન સાથે બોલો.’ તેથી ગાયકોને એ વાતની ખબર પડી કે, ‘આ કોઈ સામાન્ય વ્યક્તિ નથી. કેમ જે, આમ ગાવાનું કહ્યું તેથી જ તેમની મહાનતા જણાઈ આવે છે.’ પછી શ્રીહરિ કહે, ‘તમારી જેટલી ગાયનવિદ્યા હોય તે અમને ગાઈ દેખાડો.’ ત્યારે તે એમ બોલ્યા જે, ‘હે મહારાજ ! તમે તો સર્વે વિદ્યાના પતિ છો, બોત્તેર કળાના સ્વામી છો અને સર્વેજ્ઞ છો.’

એમ કહીને પછી પોતાનાં સર્વે વાજિંત્રો સાથે મધુર સ્વરે કરીને આનંદ સાથે મહારાજની આગળ ગાવા લાગ્યા. હાટકેશ્વર મહાદેવના મંદિરમાં બેઠેલા પ્રગટ પુરુષોત્તમનારાયણ તેમનો શુદ્ધ ભાવ જાણીને ડોલવા લાગ્યા અને તેમને શાબાશી આપી બિરદાવ્યા. પછી રાજી થઈ મહારાજે સો રૂપિયા ભેટ આપી શિવજીને ભુજંગ કરાવ્યો.

પછી સર્વે ગાંધર્વો એમ બોલ્યા જે, ‘હે મહારાજ ! તમારા મુક્તાનંદસ્વામી આદિક ઘણા સંતો છે તે પણ સારા ગવૈયા છે, તેવું અમે સાંભળ્યું છે; તો તેમની પાસે પણ ચૌતાલનાં કીર્તનો બોલાવો.’ અહીં થોડું સમજવાનું છે. શ્રીહરિએ ગાંધર્વો પાસે ચૌતાલનાં કીર્તનો બોલાવ્યાં, એટલે તેમણે પણ સંતો પાસે ચૌતાલમાં કીર્તન બોલાવવાનું જ કહ્યું. કેમ જે, તેઓના મનમાં એમ હતું કે, ‘અમારી જેવો ચૌતાલ ગાતા બીજાને ન આવડે.’

શ્રીહરિએ ગવૈયા સંતોને કહ્યું કે, ‘તમારાં સર્વે વાજિંત્રો લાવો

અને તમારાં જ કાવ્યો ચૌતાલમાં બોલો. તે પણ જેમ ભગવાન રાજી થાય તેવાં પદ વાજિંત્રો સાથે મધુર સ્વરે બોલો. ત્યારે મુક્તાનંદસ્વામીએ સરોદો સજ્જ કર્યો તથા દેવાનંદસ્વામી અને જ્ઞાનાનંદસ્વામીએ પણ સરોદો લીધો. પ્રેમાનંદસ્વામીએ દોકડ લીધા. હરિહર્યાનંદસ્વામીએ મંજીરાં લીધાં તથા બ્રહ્માનંદસ્વામી અને **આધારાનંદસ્વામીએ સિતાર લીધો. પછી પ્રગટ ઉપાસી સંતો પ્રગટ હરિને રીઝાવવા ચૌતાલમાં ગાન કરવા લાગ્યા.** તે સમયે શાસ્ત્રી લક્ષ્મીરામ શ્રીહરિના કહેવાથી મુખે ઘૂઘરા વગાડવા લાગ્યા.

બધા ગાયકો તો તે જોઈ જ રહ્યા કે આ ઘૂઘરો ક્યાંથી વાગે છે..! કોઈના હાથમાં ઘૂઘરો નથી અને આ ઘૂઘરાનો રણકાર ક્યાંથી આવે છે ? તેની કોઈને ખબર ન પડી. ગાંધર્વો ઊંચા-નીચા થઈ જોવા લાગ્યા. જ્યારે સર્વ સંતોએ પોતપોતાનાં વાજિંત્રો હાથમાં લઈને મહારાજ સામે બેસી પ્રથમ ચૌતાલ વગાડ્યો. ત્યારે મુક્તાનંદસ્વામીએ રાગ આલાપ્યો અને ગાવા લાગ્યા, **'જય સ્વામિનારાયણ નારાયણ...નારાયણ સ્વામિનારાયણ...'** આ ધૂન સ્વામી ચૌતાલમાં બોલ્યા. તે સાંભળી શ્રીહરિ ખૂબ રાજી થયા. પ્રગટ પ્રભુ રાજી થયા એટલે સંતોના હૈયામાં પણ આનંદનો સાગર રેલાયો. કેમ જે, તે સહુ પ્યારા પરમહંસોને માત્ર પ્રગટ પ્રભુને જ રીઝાવવાનું તાન હતું.

સોરઠા : **સાંભળી સૂર ને તાલ, આશ્ચર્ય ઊપજ્યું સભા વિશે;**
ડોલે છે ધર્મલાલ, સંતોનું સાંભળી સંકીર્તન...૮૪
રાજીપાનું એક તાન, સંતોનાં દિલે ઘૂઘવતું'તું;
રાજી થતા ભગવાન, સંતોનાં મન નાચી ઊઠતાં...૮૫

પ્રગટ પ્રભુના પ્યારા પરમહંસોનું પ્રગટ પ્રભુને રીઝવતું ગાન-સંગીત સાંભળીને દેવોના ગાયક ગાંધર્વો પણ ઘણા પ્રભાવિત થયા. પછી તેમણે પૂછ્યું, 'હે મહારાજ ! આ ઘૂઘરો કોણ વગાડતું હતું ?' ત્યારે શ્રીહરિએ લક્ષ્મીરામ દેરાસરીને બતાવ્યા હતા. આ પ્રસંગ જોતા આધારા-

નંદસ્વામીને સિતાર વગાડતા પણ આવડતું હતું, તે સાબિત થાય છે.

ચોપાઈ :

સ્વામી આધારાનંદજી જેવા રે, સાધુ થઈ કરવી એવી સેવા રે;
કળા કુશળતા કારીગરી રે, શીખી રાજી કરવા સર્વોપરી રે...૮૬

આપણે પણ આધારાનંદસ્વામીની જેમ તમામ કળા-કુશળતા શ્રીહરિ અને સંતોને રાજી કરવા વાપરવી. ગુણવાનોના ગુણોનું, બુદ્ધિશાળીની બુદ્ધિનું અને કુશળ વ્યક્તિની કળાનું ફળ શ્રીહરિ અને સંતો રાજી થાય તથા સંતો-ભક્તોમાં પ્રેમ વધે, ભક્તિભાવ વધે એટલું જ છે. ગુણો, બુદ્ધિ કે કળા શ્રીહરિ અને સંતોમાં જો સ્નેહ વધારે તો જ તે સાર્થક છે, નહિતર તે બધું જ નિરર્થક છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ વડનગરમાં સુંદર સિતાર વગાડી સહુને રાજી કર્યા' એ નામે બાવીસમો અધ્યાય થયો. ॥૨૨॥

અધ્યાય - ૨૩

ગાયનકળામાં પણ સ્વામીની કુશળતા

આધારાનંદસ્વામી પોતે હ.ચ.સા.૨૧માં પૂરના બીજા તરંગમાં કહે છે કે, સં.૧૮૭૬ માગસર સુદ ચોથની રાતે મુક્તાનંદસ્વામી સરોદ લઈ બિહાગ રાગમાં કીર્તન ગાતા હતા. શ્રીહરિની મૂર્તિમાં સ્વામીએ ચિત્ત જોડી દીધું હતું. સ્વામીનું ગાન શ્રીહરિએ અક્ષરઓરડીમાં સાંભળ્યું. ત્યારે શ્રીહરિના પલંગને ફરતા દશ-બાર પાર્ષદો સૂતા હતા. તેમની આગળ શ્રીહરિએ કહ્યું કે, 'આ ઊંચા સ્વરે કોણ કીર્તન ગાય છે ?' ત્યારે પાર્ષદો કહે, 'બ્રહ્માનંદસ્વામી કીર્તનગાન કરી રહ્યા હોય એવું જણાય છે.'

તેથી શ્રીહરિ પાસે પચ્છમ ગામના દેવજી ભક્ત હતા તેમને કહ્યું કે, 'તમે જોઈ આવો કે આ કીર્તન કોણ ગાય છે ?' ત્યારે દેવજી

ભક્ત ઊપડ્યા. અને સંતોની જાયગાના બારણા પાસે આવ્યા ને પૂછ્યું કે, 'આ કોણ ગાય છે ?' ત્યારે બ્રહ્માનંદસ્વામીએ કહ્યું, 'અમે સંતો ગાઈએ છીએ.' એટલે દેવજીભક્તે શ્રીહરિ પાસે આવીને કહ્યું, 'બ્રહ્મમુનિ કીર્તનગાન કરી રહ્યા છે.' ત્યારે મહારાજ કહે, 'ચાલો આપણે ત્યાં જઈને સાચી વાત નક્કી કરીએ.'

દેવજીભક્ત જોઈ આવ્યા છતાં બાફીને આવ્યા હતા; પૂરી ખાતરી કરી ન હતી. આપણે પણ આવી અનેક ભૂલો કરતા હોઈએ છીએ. શ્રીહરિ કે મોટા સંતો કાંઈક કહેતા હોય અને આપણે આપણી ધૂનમાં કાંઈનું કાંઈ સમજતા હોઈએ છીએ. માટે પ્રથમ મોટા શું કહેવા માગે છે ? તે સમજવું. પછી કાર્ય કરવું તો રાજીપો વિશેષ મળે.

'કોણ ગાય છે ?' તે પાકું ન થયું તેથી રાત્રીએ શ્રીહરિ સંતોની જાયગામાં આવ્યા. ત્યારે સહુ સંતો સૂતા હતા. એક મુક્તાનંદસ્વામી પ્રભુપ્રેમમાં મગ્ન થઈને કીર્તન ગાતા હતા.

सोरठा : मुक्तमुनि ताके संग, तब मैं एक गात रहे ।।
अति परम जो उमंग, विस वर्ष तब हि भयेउ ।।३।।

જ્યારે મુક્તાનંદસ્વામી પ્રેમમગ્ન થઈ બિહાગ રાગમાં કીર્તન ગાતા હતા. ત્યારે આધારાનંદસ્વામી કહે છે કે, 'હું એકલો જ સ્વામીની સાથે બિહાગ રાગમાં ઝીલતો હતો.' બિહાગ રાગ ઘણો અઘરો છે. જેને સારું ગાતા આવડતું હોય તે જ આ રાગ ગાઈ શકે. મુક્તાનંદસ્વામી તો ગાયક હતા જ; પરંતુ તેમની સાથે વીસ વર્ષની ઉંમરના આધારાનંદ સ્વામી ઉમંગથી ગાતા હતા. આ જોતાં સ્વામી પણ સારા ગાયક છે તે સિદ્ધ થાય છે. અને આ વાત તેમણે પોતે જ પોતાના ગ્રંથમાં લખી છે.

આધારાનંદસ્વામી તો પૂર્વાશ્રમથી જ પોતાના પિતા સાથે કીર્તન-ભક્તિ કરતા ત્યારે ખોલડિયાદ ગામના ભક્તો કીર્તન-ભક્તિમાં તરબોળ થઈ જતા હતા. આથી સ્વામી કીર્તન-ભક્તિમાં ઉત્સાહી હતા અને

સારું ગાઈ જાણતા તથા સારું ઝીલી પણ શકતા હતા તે સાબિત થાય છે. જેમ ગાવું એક કળા છે તેમ જ પાછળ ઝીલવું એ પણ એક કળા છે. ને જો એ કળા ન હોય તો ગમે તે ઝીલવામાં ચાલે; પરંતુ એવું બનતું નથી. માટે આપણે પણ આવી સારી કળાઓ શીખવી અને ખૂબ ભજન કરવું.

ભજન વિના વિષયના ઘા રુઝાય નહીં. ભજન તો વિષય-વાસનારૂપી રોગને ટાળવાનું ઉત્તમ ઔષધ છે. ભજન મનના મેલને ધોવાનો સાબુ છે. શ્રીહરિની સ્મૃતિ સાથે કરેલું ભજન જ અંતરશુદ્ધિ કરે છે. હૈયાને નિર્મળ બનાવે છે. માટે ખૂબ ભજન-ભક્તિ કરવી. મુક્તાનંદસ્વામી અને આધારાનંદસ્વામી રાત્રીએ પણ કીર્તન-ભક્તિ કરતા હતા. તે જોઈને શ્રીહરિ તેમના ઉપર ખૂબ રાજી થયા. કેમ જે, કોઈ પ્રેમભીના અંતરે કીર્તન-ભક્તિ કરે તે શ્રીહરિને બહુ જ ગમે છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'ગાયનકળામાં પણ સ્વામીની કુશળતા કહી' એ નામે ત્રેવીસમો અધ્યાય થયો. ॥૨૩॥

અધ્યાય - ૨૪

સત્સંગના મજૂર થઈને રહ્યા.

સોરઠા : **હતા ગુણો જરૂર, કળા કૌશલ્ય અતિ ઘણા;**
તોય સત્સંગ મજૂર, સ્વામી પોતાને માનતા...૮૭
આવી હસ્તી મહાન, દાસના દાસ રહી જીવી;
આપણે કેમ છે માન, મનમાં વિચારજો સહુ જરા...૮૮

જેઓએ અનેક ગ્રંથોની રચના કરી; અનેકવાર શ્રીહરિ તેમના ઉપર પ્રસન્ન થયા; છતાં સ્વામી ક્યારેય છલકાણા નથી. માણસને તો થોડીક મોટાની હૂંફ મળે ત્યાં તેનું અહં આવે. જ્યારે સ્વામી દ્વારા શ્રીહરિ આવા ઉત્તમ કામ કરાવતા છતાં અહંશૂન્ય કેમ રહ્યા ? તો

સ્વામી પોતે પોતાને 'સત્સંગનો મજૂર' માનતા. હંમેશાં દાસના દાસ થઈને સેવા કરતા. આમ ડૂબીને સેવા કરે, તેને માન ન આવે ? માટે આપણે વિચારવું. સેવા 'શ્રીહરિની પ્રસન્નતા' માટે કરીએ છીએ કે 'સ્વસ્વાર્થ' માટે કરીએ છીએ ?

આ વાત સ્વામીએ પોતે જ હ.ચ.સા.પૂર-૬/૬૩મા તરંગમાં કહી છે. સિદ્ધાનંદસ્વામી કહે છે કે, "શ્રીહરિનાં ચરિત્ર લખવાની મનમાં ઘણી ઈચ્છા છે; પરંતુ સર્વે વાત શ્રીહરિના હાથમાં છે. વિઘ્ન આવતાં પળની પણ વાર લાગતી નથી. શ્રીહરિ તથા સંતો-ભક્તો જેટલી સહાય કરે તેટલી સેવા થાય.

सोरठा : संत हरि इच्छा होई, तितनो सो बनी आव हि एहि ।।
ताके हाथ हे सोई, अपने हाथ न बात कोउ ।।१६।।

જ્યાં સુધી શ્રીહરિ અને સંતો-ભક્તોની ઈચ્છા હોય ત્યાં સુધી આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'** ગ્રંથ જેવું મહાન કામ થઈ શકે. બધું જ તેમના હાથમાં છે; મારા હાથમાં કાંઈ નથી. હું તો 'સત્સંગનો મજૂર' છું." સ્વામી કહે છે, "શ્રીહરિ, સંતો, ભક્તો વગેરેનો હું મજૂર છું. મારાથી થઈ શકે એટલી હું તેમની મજૂરી કરું છું. ધણી તો શ્રીહરિ અને સંતો છે. મજૂરને હર્ષ-શોક શું હોય ?

चोपाई :
मजुरी करन देवे ज्यां लगही, चरित्र मजुरी करनी हे त्यां लगही ॥
थोरे भाग्य कु मजुरी एसा, कोटि जन्म न मिलत तेसा ॥१८॥

તેઓ જ્યાં સુધી મને આ શ્રીહરિનાં ચરિત્રો લખવારૂપી મજૂરી કરવા દેશે ત્યાં સુધી હું લેખનરૂપી મજૂરી કરીશ. આવી મજૂરી થોડાં પુણ્યવાળાને મળતી નથી. જેના કરોડો જન્મોનાં પુણ્ય ઉદય થાય તેને શ્રીહરિનાં ચરિત્રો લખવારૂપી મજૂરી મળે છે."

આવું મોટું કામ કરે છતાં સત્સંગના મજૂર બનીને રહે એ જ

સ્વામીની અતિશય મહાનતા જણાય છે.

સ્વામી કહે છે કે, "શ્રીહરિ સહુનું મૂળ છે. મેં મારા ગુરુ મુક્તાનંદસ્વામીની કાંઈક સેવા કરી ત્યારે તેમણે કૃપા કરીને મને આશીર્વાદ આપ્યો. તેથી આ સંતો-ભક્તો અને ધર્મકુળ એ બધા રાજી થાય એવી સેવા મળી છે. નહિ તો આવી સેવા બીજાને ઝાઝી ક્યાં મળે છે ? મનુષ્યને બીજી અનેક નિધિ મળે છે, પરંતુ ચિંતામણિ એક પણ મળતો નથી. જ્યારે મારા ગુરુ મુક્તાનંદસ્વામીએ તો કૃપા કરીને મને આ **'શ્રીહરિચરિત્રામૃતસાગર'**રૂપી ચિંતામણિ મારા હાથમાં આપ્યો છે; માટે હું ભાગ્યશાળી છું. આને હું મારા ગુરુનો આશીર્વાદ તથા શ્રીહરિનો રાજીપો સમજું છું. જ્યાં સુધી મારાં ભાગ્ય હશે ત્યાં સુધી આ ચિંતામણિ મારા હાથમાં રહેશે. શ્રીહરિએ મારી બુદ્ધિમાં જેવો પ્રેરણાનો પ્રકાશ કર્યો છે, તે પ્રમાણે હું આ ગ્રંથ ઉત્સાહથી લખું છું."

'આ ચિંતામણિ મારા ગુરુએ આપ્યો છે' તેમ સ્વામી કહે છે. કેમ જે, સ્વામી ગુરુભક્ત જણાય છે. પોતાના ગુરુને જ સર્વે યશ આપે છે. હરિગુરુ કૃપા વિના ભગવાનનાં ચરિત્રો વાંચવાં, વિચારવાં, ગોખવાં, ચિંતવવાં એ બધું મળે નહિ. ગુરુની કૃપા એ જ મોટાં ભાગ્યની વાત છે. માટે આપણે પણ મોટાં ભાગ્ય માનીને આવા ગ્રંથોનું પઠન-પાઠન તથા મનન આદિક કરવું.

સોરઠા : **આવું જબરું આ કામ, મજૂર રહી કર્યા કરતા;**
ગમે નહિ મજૂર નામ, આપણને તો મન વિશે...૮૯
થવું સત્સંગ મજૂર, એને જ સદ્ભાગ્ય કે'તા;
માનને રાખવું દૂર, એવું સ્વામીને અંગ હતું...૯૦

મજૂર બનીને કામ કરવું કોઈને સારું લાગતું નથી. જ્યારે આધારાનંદસ્વામીએ આવું મોટું કાર્ય પણ 'સત્સંગના મજૂર' બનીને કર્યું છે. એ જ તેમનું સાચું મુક્તપણું, દાસપણું અને સાચી સાધુતા

છે. સ્વામી સદૈવ સેવકના સેવક બનીને કાર્યો કરતા હતા. તેથી જ મહારાજે તેઓને આવું મોટું કામ કરવાની સામર્થી આપી હોય. અહંકારીને ભગવાન આવી સામર્થી આપતા નથી. અને સ્વામી ઉપર એ જ મોટી કૃપા જાણવી જે આવું મોટું કાર્ય કરવા છતાં તેનું અહં આવતું નહીં. હંમેશાં સહુ સંતો-ભક્તોનો મહિમા રહેતો. બધાને પોતાથી મહાન માનતા. આપણે આમાંથી ઘણું બધું શીખવા જેવું છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામી સત્સંગના મજૂર બનીને રહ્યા એ વાત કહી' એ નામે ચોવીસમો અધ્યાય થયો. ॥૨૪॥

અધ્યાય - ૨૫

સ્વામી દ્વારા તિલક-ચાંદલાની શુભ શરૂઆત

સ્વામી હંમેશા દાસના દાસ રહી મહારાજ અને મોટા સંતોની મરજી હોય તેમ વર્તતા હતા. તેથી શ્રીહરિ પ્રાયઃ તેમને પોતાની સાથે રાખતા હતા અને અનેક સત્કાર્યોના નિમિત્ત બનાવતા હતા.

હ.ચ.સા.પૂ.૨૪/૫૨માં સ્વામી પોતે લખે છે કે, એકવાર લોયામાં સભા સંબોધતાં શ્રીહરિએ કહ્યું, "દરેક સંપ્રદાયોમાં તથા મતોમાં જુદાં જુદાં તિલક હોય છે. ધામોમાં ભગવાનની મૂર્તિઓ રહી છે તેમને પણ તિલક હોય છે અને તેનાથી તે મૂર્તિઓ સુંદર શોભે છે. માટે આપણે પણ બધા સંપ્રદાયથી સારું, સહુ લોકોને દેખવામાં અતિ પ્રિય લાગે એવું ચિહ્ન ધારણ કરાવવું છે. અને મોટા મોટા રાજાઓને પણ પ્રેમ થાય એવાં તિલક-ચાંદલાની પ્રથા આપણા સંપ્રદાયમાં પ્રવર્તાવવી છે."

એમ કહીને શ્રીહરિએ આધારાનંદસ્વામી તથા કપિલેશ્વરાનંદ સ્વામીને પાસે બોલાવ્યા અને કહ્યું જે, "તમે બંને ઘણા હોશિયાર છો. માટે ઈચ્છારામભાઈના મુકામે જઈને, દર્પણમાં દેખીને ગોપીચંદનનું તિલક કરજો અને તેની વચમાં કપાળમાં ગોળ ચાંદલો કરજો. વળી,

વિશેષમાં આધારાનંદસ્વામીને કહ્યું કે,

સોરઠા : **સુણો આધારાનંદ, લલાટે ઊર્ધ્વપુંડ્ર કરો;**
કહે છે સહજાનંદ, નાસા મૂળે બીજ ચંદ્રવત...૯૧

સ્વામી ! તમે ઊર્ધ્વપુંડ્ર તિલક કરજો અને તે પણ નાસિકાના મૂળમાં બીજના ચંદ્રમા જેવી ગોળાઈ આવે તેમ કરજો."

પછી તે બંને સંતો શ્રીહરિની આજ્ઞા મુજબ તિલક-ચાંદલો કરીને આવ્યા. મહારાજે તેમને પોતાની સમીપે ઊભા રાખ્યા. પોતાના બંને હાથ તે બંને સંતોના મસ્તક ઉપર રાખ્યા અને સભામાં બેઠેલા સહુ સંતોને કહ્યું, 'સહુ જૂઓ, આ બેમાં કોનું તિલક સરસ છે ?' પછી સહુ સંતોએ પોતાને જેવું જણાયું તેવું અલગ અલગ રીતે બોલ્યા.

પછી છેલ્લે મુક્તાનંદસ્વામીએ કહ્યું જે, "હે મહારાજ ! સહુ સંપ્રદાયમાં અલગ અલગ તિલક-ચાંદલા હોય છે; પરંતુ ઊભું તિલક કરીને તેમાં વચ્ચે ચાંદલો કોઈ કરતા નથી તથા તિલકના મૂળમાં બીજના ચંદ્રમા જેવો ગોળાકાર પણ કોઈ મતમાં કરતા નથી.

દોહા : **આ આધારાનંદજીનું, તિલક સહુથી છટાદાર;**
આવું નથી કોઈ મતમાં, સહુ જોયા ધર્મધાર...૯૨
આ તિલક સર્વે તિલકનો, રાજા છે મહારાજ;
અતિશય તે અનુપમ છે, માટે પ્રવર્તાવો આજ...૯૩

આ આધારાનંદસ્વામીનું તિલક સહુથી સુંદર છે. તેવું કોઈ મતમાં નથી. આ તિલક તો સર્વે તિલકનો રાજા છે. માટે હે મહારાજ, તેને સત્સંગમાં પ્રવર્તાવો, તો સહુને ખૂબ જ ગમશે." ત્યારે શ્રીહરિએ કહ્યું જે, 'આવું તિલક બધાને એકસરખું કરતા આવડે નહીં.'

પછી શ્રીહરિએ નિષ્કુળાનંદસ્વામી અને આધારાનંદસ્વામીને સાથે રાખી નારાયણજીભાઈ સુતાર પાસે સીસમના લાકડામાં તિલકનું બીબું કરાવ્યું અને પછી સહુ સંતો-ભક્તોને એ પ્રમાણે તિલક-ચાંદલો કરવાનું

કહ્યું. આ રીતે આપણા સંપ્રદાયમાં વિદ્યમાન તિલક-ચાંદલાની શરૂઆત શ્રીહરિએ આધારાનંદસ્વામી દ્વારા કરાવી હતી.

ચોપાઈ :

યશ પામ્યા છે આધારાનંદ રે, રાજી થયા છે સહજાનંદ રે;
સેવાભાવીને મળે છે આનંદ રે, શ્રદ્ધાવાળાના છૂટે છે ફંદ રે...૯૪

જે મોટાની મરજીમાં ભળે તેને અપાર યશ મળે છે. ગોપાળાનંદ સ્વામી કહેતાં કે, "જીવને જેવી આત્મબુદ્ધિ અને પૂજ્યબુદ્ધિ દેહને વિશે છે તેવી આત્મબુદ્ધિ ને પૂજ્યબુદ્ધિ જો મોટાપુરુષને વિશે સમજીને આદરે સહિત રાખે તો તેને વિશે જ્ઞાનાદિક સર્વે ગુણ આવે છે; એમાં કાંઈ સંશય નથી. ને પોતાની મેળે જીવ બહુ કરે છે પણ તે લેખે આવતું નથી ને જો મોટાપુરુષની આજ્ઞા અને મરજી પ્રમાણે વર્તે તો અલ્પ કરે તે પણ બહુ થાય છે. જેમ રસે યુક્ત અન્ન અલ્પ જમે પણ તૃપ્ત થાય છે ને ભાજી બશેર જમે તથા છાસ બે પતર પીવે તોપણ તેને સંતોષ ન થાય." ॥૧૭૩॥

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામી દ્વારા તિલક-ચાંદલાની શુભ શરૂઆત કરાવી' એ નામે પચ્ચીસમો અધ્યાય થયો. ॥૨૫॥

અધ્યાય - ૨૬

પંચાળામાં સ્વામીએ શ્રીહરિને તિલક કર્યું.

સં.૧૮૭૯માં શ્રીહરિ લોયાથી પંચાળા પધાર્યા. એક દિવસ સભામાં શ્રીહરિ કહે, "આપણા સંપ્રદાયમાં કેસર-ચંદનનું તિલક અને વચ્ચે કુંકુમનો ચાંદલો કરવો તે યોગ્ય છે. અને તે કાર્ય આપણે સત્સંગમાં પ્રવર્તાવ્યું છે. અમારે પણ સહુની પ્રેરણા માટે આ પ્રથા શરૂ કરવી છે. માટે કોઈ ચતુર સંત હોય તે ચંદનનું સુશોભિત તિલક અમારા કપાળે કરવા ઊઠો."

ત્યારે વૈષ્ણવાનંદસ્વામી ઘણા ચતુર કહેવાતા હતા તે ઊઠ્યા. તથા બીજા બે-ચાર સંતો પણ શ્રીહરિને તિલક કરવા માટે ઊઠ્યા અને કહે, 'હે મહારાજ ! અમને સરસ તિલક કરતા આવડે છે. આપ કહો તો અમે તિલક કરી આપીએ.' પરંતુ શ્રીહરિએ તેમને ના પાડી જે, 'તમે બેસી જાઓ.' તેથી તેઓ બેસી ગયા.

પછી શ્રીહરિએ આધારાનંદસ્વામીનું નામ લઈને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, 'તમે તિલક કરી આપો.' પછી સ્વામીએ શ્રીહરિને તિલક કરી આપ્યું. આમ, શ્રીહરિ જેને સામે ચાલીને બોલાવતા હશે તે સંતનું કેવું અદ્‌ભુત વ્યક્તિત્વ હશે ?!

સોરઠા : **લઈ સ્વામીનું નામ, તિલક કરાવે વા'લમો;**
જૂવે સભા તમામ, હરિ સ્વામીનું હેત અહો...૯૫
રાખતા બહુ વહાલ, શ્રીહરિ સ્વામીની ઉપરે;
સ્વામી થતા'તા ન્યાલ, વાલપ પામી વહાલાની...૯૬

આખી સભા સર્વાવતારી શ્રીહરિ અને આધારાનંદસ્વામીની પરસ્પરની પ્રીતિ જોઈ રહ્યા. આમ, માત્ર એક શ્રીહરિની પ્રસન્નતાને જ કેન્દ્રમાં રાખીને કાર્ય કરતા સ્વામી પર શ્રીહરિ વારંવાર વહાલ વરસાવતા હતા. સ્વામિનારાયણ ભગવાનનો સ્નેહ પામી આધારાનંદ સ્વામી આવી રીતે અનેકવાર ધન્ય ધન્ય બન્યા હતા.

(સંદર્ભ : હ.ચ.સા.પૂ.૨૫/૯)

❊ સ્વામીએ શ્રીહરિને મુખશોભા જોવા દર્પણ આપ્યું :

શ્રીહરિ એકવાર પંચાળા હતા. ત્યારે એક દિવસ બુંદેલખંડના હરિભક્તોએ શ્રીહરિની અતિશય ભાવ સહિત પૂજા કરી. કોઈને એમ થાય કે, 'બુંદેલખંડના લોકોને શ્રીહરિના પ્રાગટ્યના સમાચાર કોણે આપ્યા ?' તો ત્યાં એક સાથે અનેક ગામમાં ઘોડિયામાં ઝૂલતા છ મહિનાના નાના બાળકો બોલ્યાં, 'અત્યારે પશ્ચિમ પાંચાળ દેશમાં

સ્વામિનારાયણ ભગવાન પ્રગટ થયા છે.' તેથી તેમના માતપિતાઓ અને વડિલો ભેગા થયા. સહુએ પોતપોતાના ઘરે બાળકો બોલ્યા તે વાત કરી. તેથી એકબીજાનું વૃત્તાંત જાણી સહુને આશ્ચર્ય થયું. અને મનમાં નિશ્ચય થયો કે, 'ચોક્કસ આ કાર્ય પરમેશ્વરનું છે. ભગવાનની પ્રેરણા સિવાય આવું બની શકે નહીં.'

આ રીતે તેમને શ્રીહરિએ પરમેશ્વરપણાનો નિશ્ચય કરાવ્યો. તેથી પૂછતા પૂછતા બુંદેલખંડનો મોટો સંઘ પંચાળામાં શ્રીહરિને આવીને મળ્યો. તેમણે શ્રીહરિની સુંદર પૂજા કરી. સાથે લાવેલ તમામ ભેટ-સામગ્રી શ્રીહરિને અર્પણ કરી. સુંદર પોશાક ધરાવ્યો. તે સમયે શ્રીહરિની મૂર્તિ અતિશય સુંદર બની હતી; તેનું વર્ણન કરવું અશક્ય છે. અનંત બ્રહ્માંડોમાં જે જે કાંઈ શ્રેષ્ઠ શ્રેષ્ઠ શોભા કહેવાય છે, તે બધી જ શોભા શ્રીહરિની મૂર્તિમાં પ્રગટ દેખાવા લાગી.

બધાં બ્રહ્માંડોના દેવતાઓ, રાજાઓ, મનુષ્યો, પશુ, પક્ષી, વૃક્ષ, નગર, સાગર, સરોવર એ બધાં જ તે સુંદર સુશોભિત એવી શ્રીહરિની મૂર્તિમાં દેખાઈ આવતા હતા. તે સમયે શ્રીહરિની મૂર્તિ એવી રમણીય બની હતી કે જોતાં જ સહુ તેમાં તલ્લીન થઈ જતા હતા. અને સર્વે ચિત્રમાં દોર્યા હોય તેના સમાન સ્થિર દેખાતા હતા. અને સહુને એક મૂર્તિનું જ ધ્યાન રહેતું હતું. કોઈને પોતાના દેહની પણ સ્મૃતિ રહેતી નહિ અને શ્રીહરિની આ મૂર્તિથી અધિક બીજી કોઈ વસ્તુને દેખતા નહીં. શ્રીહરિએ આવું અલૌકિક સહુને દર્શન આપ્યું.

બુંદેલખંડના ભક્તોએ આ રીતે શ્રીહરિને શણગાર ધરાવ્યો. શ્રીહરિએ પોતાની મૂર્તિમાં અનંતકોટિ બ્રહ્માંડની શોભા દેખાડી. તે સમયે શ્રીહરિની જેવી મૂર્તિ બની હતી તેવી તેમને દેખાડવા માટે આધારાનંદસ્વામી તત્કાળ ઊઠ્યા અને એક દર્પણ લાવીને શ્રીહરિના હાથમાં આપ્યું. અને કહ્યું, 'હે નાથ ! આપનું સ્વરૂપ આજ આપ જ

આ અરીસામાં જુઓ.' તેથી પોતાની મૂર્તિ જે રીતની સુશોભિત બની હતી તેને શ્રીહરિએ તેવાં રૂપમાં દર્પણમાં દેખી. દર્પણમાં મૂર્તિ દેખીને શ્રીહરિ મરક મરક હસવા લાગ્યા અને પછી મુખ દેખીને તે દર્પણ શ્રીહરિએ સ્વામીને પાછું આપ્યું.

અહો..! પરસ્પર શ્રીહરિ અને સંતો-ભક્તોને કેવો મહિમા અને અલૌકિકભાવ હશે..!! મુક્તો અને મનોહર માવ મારો મહારાજ કેવો આનંદ કરતા હશે..!!

સોરઠા : **અહો પરસ્પર ભાવ, હરિ હરિજનને કેવો હતો;**
મુક્ત ને મનોહર માવ, આવો આનંદ નિત કરતા...૯૭
આપણે કરવું આમ, હેત હરિમાં અખંડપણે;
રાજી થાય ઘનશ્યામ, મૂર્તિ વિના ના જાણો અધિક...૯૮

આ પ્રસંગ પરથી આધારાનંદસ્વામીને મહારાજમાં કેવું અલૌકિક હેત હશે ? શ્રીહરિ સાથે કેવી અલૌકિક આત્મીયતા હશે ? તે જણાઈ આવે છે. આમ, આપણે પણ શ્રીહરિમાં હેત કરીએ તો મહારાજ રાજી થાય. મહારાજની મૂર્તિ વિના બીજું કાંઈ અધિક ન જણાય ત્યારે મૂર્તિનો મહિમા સમજાયો ગણાય. શ્રીહરિ સિવાય બીજે ક્યાંય સુખ મનાય છે, કર્તાભાવ મનાય કે બીજો કોઈ માલિક મનાય ત્યાં સુધી મહારાજને સમજવામાં ફેર છે. જેને મહારાજની મૂર્તિ સમજાણી તેને ક્યારેય વિષયસુખો તાણી ન શકે. અને જે વિષયનો લીધો લેવાય છે તેને મહારાજની મૂર્તિ સમજાણી નથી. આપણું કેમ છે ? તે તપાસવું.આમ, અનેક ઐતિહાસિક પ્રસંગોના સ્વામી સાક્ષી બન્યા છે.

(સંદર્ભ : હ.ચ.સા. ૨૫/૧૬)

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'પંચાળામાં સ્વામીએ શ્રીહરિને તિલક કર્યું' એ નામે છવ્વીસમો અધ્યાય થયો. ॥૨૬॥

અધ્યાય - ૨૭

સ્વામીએ વડતાલસ્થિત ધર્મભક્તિ તથા રાધા કૃષ્ણની મૂર્તિ બનાવી.

આધારાનંદસ્વામી પ્રત્યે મહારાજને કેટલું હેત હતું ? તે દર્શાવતો આ એક સુંદર પ્રસંગ છે. શ્રીહરિ ઠેર ઠેર નાનાં-મોટાં મંદિરો બંધાવતા હતા. તે મંદિરો માટે મૂર્તિઓની ખૂબ જરૂર હતી. તેથી એક દિવસ ગઢપુરમાં સંતો-હરિભક્તોની સભા પૂર્ણ થઈ ત્યાર બાદ મહારાજે આધારાનંદસ્વામીને કહ્યું, "તમે વડોદરા જાઓ.

दोहा : वटपतन जाओ तुम हि, धर्म भक्ति दोऊ ताकी ।।
मोरलीधर श्रीकृष्ण की, राधीकाजी जो वाकी ।।२६।।

सोरठा : धातु जो जोउ ताकी, मूर्तियु करावहु जो तुम ।।
पाषाण एक वाकी, चतुरभुज मूर्ति जो तेही ।।२७।।

ત્યાં જઈને તમે ધર્મભક્તિ તથા રાધાકૃષ્ણની સુંદર ધાતુની મૂર્તિઓ બનાવો. તેમાં પણ પાષાણની ચતુર્ભુજ મૂર્તિ ત્યાં મંદિરમાં પથાજી સલાટ કરે છે તેમની પાસે કરાવજો. અને રામનવમી ઉપર તૈયાર થાય એમ ધાતુની સર્વે મૂર્તિઓ કરાવજો."

વડતાલ ધામમાં રહેલી ધર્મભક્તિની મૂર્તિઓ તથા રાધાકૃષ્ણદેવની મૂર્તિઓ બનાવવાનો ઈતિહાસ આધારાનંદસ્વામી સાથે જોડાયેલો છે. મહારાજે સ્વામીને વડોદરા મોકલીને ત્યાં જ ધર્મદેવ, રાધાકૃષ્ણદેવ વગેરેની મૂર્તિઓ બનાવી છે. તેમાં એક પાષાણની તથા ચાર ધાતુની મૂર્તિઓ બનાવવાની હતી. તેથી આધારાનંદસ્વામી કહે, 'મહારાજ ! ધાતુની ચારેય મૂર્તિઓ તરત બની શકશે નહિ. તે દિવાળી કે પ્રબોધિની સુધીમાં પ્રયત્ન કરતા બનશે.' ત્યારે શ્રીહરિ કહે, 'સારુ.' એમ કહી પૈસાની લેણદેણનો પત્ર નાથભક્ત ઉપર લખી આપ્યો. અને કહ્યું, "કોઈ કામમાં અવરોધ થાય તો તમારે નાથ ભક્તને પૂછવું; તે તેનો ખુલાસો કરશે. તમારે ખૂબ આનંદ અને ઉત્સાહમાં રહેવું."

ધાર્યું કાર્ય ન થાય છતાં શ્રીહરિની આજ્ઞાથી ઉત્સાહમાં રહેવું; તે આધારાનંદસ્વામી જેવી સંપૂર્ણ નિષ્ઠા હોય તો થાય; બાકી બધાનું કામ નથી. વળી શ્રીહરિએ કહ્યું, "સ્વામી ! ધાતુની મૂર્તિઓનાં કામકાજ માટે રોજે તમારે શહેરમાં એકવાર જાવું. ત્યાં જાઓ ત્યારે કાયમ એક હરિભક્તને સાથે રાખવા. હરિભક્ત વિના ક્યાંય પગ મૂકવો નહિ. અને નાથભક્ત કહે ત્યાં તમારે રહેવું. તે ભક્ત તમારી બધી જ બરદાસ કરશે. અમે હુતાશનીનો ઉત્સવ અમદાવાદ કરી રામનવમી ઉપર વડતાલ જરૂર આવશું."

પછી શ્રીહરિની આજ્ઞા લઈ સ્વામી વડોદરા જવા નીકળ્યા. ત્યારે તેમની સાથે શ્રીહરિએ કેશવાનંદ નામે એક નવા સાધુ કરીને જોડમાં મોકલ્યા. સ્વામીએ વડોદરા આવી નાથભક્તને પત્ર આપ્યો. તેમણે તરત જ સારા શિલ્પીને તત્કાળ બોલાવ્યા અને ધાતુની ચાર મૂર્તિ કરાવવા માટેનો બંદોબસ્ત કરાવ્યો. *(સંદર્ભ : હ.ચ.સા. ૨૮/૯૬)*

❊ શ્રીહરિએ સ્વામીને સંભારીને પ્રસાદી આપી :

પછી શ્રીહરિ ફરતાં ફરતાં રંગોત્સવ કરવા અમદાવાદમાં પધાર્યા હતા. તે સમયે ત્યાં વડોદરાના નાથભક્તની ઘેબરની રસોઈ હતી. સહુ સંતો જમવા બેઠા હતા. શ્રીહરિ અતિ પ્રેમથી ઘેબરના ચાર ચાર કટકા કરી સંતોને પીરસતા હતા. દરેકને ઘેબરના બબ્બે ટુકડા આપતા હતા. ત્યાં પીરસતાં પીરસતાં અચાનક શ્રીહરિને આધારાનંદસ્વામી યાદ આવ્યા. હેતની વાત જુદી હોય છે. એટલે તેમના ભાગના બે ઘેબર કપિલેશ્વરાનંદસ્વામીને ઘણા પ્રેમથી આપ્યા.

देत भये करी बहुत हि भावा, आधारानंद हि हित रहावा ॥
पंक्ति में फीरत फीरत हि जेहा, निष्कुळमुनि तिहां आये तेहा ॥२३॥
आधारानंद मुनि ताके हिता, घेबर दीने करि के प्रीता ॥
मुनी कोउक बोले ईमी, दूजी वेर पीरस दीने कीमी ॥२४॥

વળી ફરતાં ફરતાં શ્રીહરિ નિષ્કુળાનંદસ્વામી બેઠા હતા ત્યાં પહોંચ્યા. ત્યાં બીજીવાર શ્રીહરિને આધારાનંદસ્વામી યાદ આવ્યા. એટલે સ્વામીના વતી નિષ્કુળાનંદસ્વામીને બે ઘેબર વધારે દીધા. ત્યારે કોઈએ કહ્યું, 'હે નાથ ! આવો પક્ષપાત શા માટે કરો છો ?'

ત્યારે શ્રીહરિએ ખુલાસો કરતાં કહ્યું કે, "આપણે આધારાનંદ સ્વામીને વડોદરા મોકલ્યા છે. તે પરિશ્રમ વેઠીને ત્યાં ગયા છે. ને અમારાં વચનથી તે ત્યાં રહ્યા છે. વળી, રસ્તામાં તેમને ખાવા-પીવાનું ઠેકાણું રહેશે નહિ. અને તમે તો અહીં રોજ રસોઈ જમો છો. તેથી અમે આધારાનંદસ્વામીને યાદ કરીને તેમના વતી બે વખત આ બંને સંતોને પ્રસાદી આપી છે. તેમાં તમને શું થયું ?" આમ, મહારાજે કહ્યું એટલે તે મુનિ તથા બીજા સહુ સંતો ચૂપ રહ્યા; સહુએ જાણ્યું જે, 'મહારાજની અકળ કળા છે, તેમાં આપણને ખબર ન પડે. માટે આપણે તો દિવ્યભાવ રાખવો.'

પછી મહારાજે અમદાવાદમાં ભવ્ય રંગોત્સવ કર્યો. ત્યાંના ભક્તોને ખૂબ સુખ આપ્યું. સહુને રાજી કર્યા. પછી ત્યાંથી જેતલપુર થઈ શ્રીહરિ વડતાલ આવ્યા. મંદિરમાં ઉતારો કર્યો. જ્યારે રામનવમીનો ઉત્સવ આવ્યો ત્યારે અસંખ્ય ભક્તો વડતાલ આવ્યા. શ્રીહરિ ત્યારે ગોમતી ગળાવતા હતા. એક દિવસ શ્રીહરિ વાંકા લીંબડાના છાંયે પાટ ઉપર વિરાજમાન હતા. ત્યારે દોઢ પહોર દિવસ ચઢ્યો હતો. ત્યાં અચાનક વડોદરાથી આધારાનંદસ્વામી વડતાલ આવ્યા.

सोरठा : वटपतन से जोउ, आधारानंद मुनि आत भये ।।
दंडवत करे तेउ, श्रीहरि उठीके मिलत रहे ।।२८।।

चोपाई :

गुलाब के हरि हार हि जेते, तोरे बाजु पहोंची पे'रे तेते ।।
आधारानंद मुनि हि ताकू, देत भये प्रसन्न भई वाकू ।।२९।।

આધારાનંદસ્વામીએ આવીને શ્રીહરિને તરત દંડવત્પ્રણામ કર્યા. સ્વામીને જોતાં જ શ્રીહરિ ઊભા થયા. અતિ ભાવથી સ્વામીને ભેટ્યા. અને પોતાના કંઠમાં જેટલા ગુલાબના હાર હતા તથા બાજુબંધ, પોંચી અને તોરા વગેરે જે કાંઈ પોતે પહેર્યું હતું, તે બધું જ અતિશય પ્રસન્ન થઈને શ્રીહરિએ આધારાનંદસ્વામીને આપી દીધું. આમ, સ્વામી પર અતિશય રાજીપો બતાવ્યો. પછી શ્રીહરિએ સ્વામીને પોતાની પાસે બેસાર્યા અને મૂર્તિઓ સંબંધી વાતો પૂછી. એટલે સ્વામીએ તે તમામ વાત કરી. તે સાંભળી શ્રીહરિ અતિ પ્રસન્ન થયા.

પછી શ્રીહરિ કહે, "અમે અમદાવાદમાં રંગોત્સવ કર્યો. ત્યારે ત્યાં નાથભક્તે રસોઈ આપી હતી. તે સમયે હે સ્વામી ! અમે તમને સંભારીને તમારા ભાગનાં ઘેબર નિષ્કુળાનંદસ્વામી તથા કપિલેશ્વરાનંદ સ્વામીને બે ભાગે આપ્યાં હતાં. તેમાં ઘેબરનો એક ભાગ નાથભક્ત તરફથી તમને આપ્યો હતો અને બીજો ભાગ અમારા તરફથી તમને આપ્યો હતો. માટે હવે તમને જ્યારે મળે ત્યારે તે ઘેબરનો પ્રસાદ તેમની પાસેથી તમે લઈ લેજો."

આ રીતે તે સમયે સંતોને શ્રીહરિ એકબીજાની બદલીમાં પ્રસાદ આપતા. અને તેઓ જ્યારે ભેગા થાય ત્યારે તે વાત કરી રાજીપો જણાવવારૂપી પ્રસાદ તેમને આપતા. આવી પરસ્પર આત્મબુદ્ધિ ને દઢપ્રીતિ હતી. આ પ્રસંગ ઉપરથી 'શ્રીહરિ સ્વામી ઉપર કેટલા રાજી હશે ?' તે તથા 'ત્યારે પરસ્પર સંતોમાં કેવો સ્નેહ, સુહૃદભાવ અને દિવ્યતા હશે ?' તે જણાઈ આવે છે. માટે આપણે પણ શ્રીહરિને રાજી કરવા આવા સદ્ગુણો શીખવા. *(સંદર્ભ : હ.ચ.સા.૨૮/૧૦૯)*

સોરઠા : **સ્વામી આધારાનંદ, સેવાથી કૃપા પાત્ર બન્યા;**
રિજિયા સહજાનંદ, શાસ્ત્રમાં અમર થઈ રહ્યા...૯૯
સેવા કરે જે સંત, તેને મેવા જરૂર મળે;
રાજી થાય ભગવંત, ધામે આપે નિજ સેવા...૧૦૦

સેવામાં રાખો ભાવ, સેવા છે દુર્લભ ઈશ્વરને;
રીઝાવો પ્રગટ માવ, હરિ મરજીમાં સદા રહી...૧૦૧

આમ, જે આધારાનંદસ્વામીની જેમ ભગવાનની મરજીમાં રહીને સેવા કરે; ભૂખ-તરસ, માન-અપમાન વગેરેને સહન કરે અને જેમ મહારાજની આજ્ઞા હોય તેમ પ્રગટ પ્રભુને રાજી કરે, તેનો જન્મ સુધરી જાય. શ્રીહરિએ કહ્યું, 'સ્વામી ! નાથભક્ત કહે તેમ કરવું. તેમને લીધા વગર શહેરમાં ક્યાંય જાવું નહીં. રોજે એકવાર શહેરમાં જાવું.' આ બધી જ આજ્ઞાઓ સ્વામીએ પાળી. આ ઉપરથી સ્વામી કેવા નિર્માની હશે ? તેમને રાજીપાનું કેવું તાન હશે ? તે જણાઈ આવે છે. આમ, શ્રીહરિ કે સંતોને પ્રસન્ન કરવા, નિર્માની થઈ તેમની આજ્ઞામાં રહેવું, તે ઘણું કઠણ છે; પરંતુ સ્વામી હસતાં હસતાં આમ રહેતા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ વડતાલસ્થિત ધર્મભક્તિ તથા રાધાકૃષ્ણની મૂર્તિ સ્વામી પાસે બનાવડાવી અને સ્વામી પ્રત્યેના મહારાજના પ્રેમનું વર્ણન કર્યું' એ નામે સત્યાવીસમો અધ્યાય થયો. ॥૨૭॥

અધ્યાય - ૨૮

સ્વામીએ પુરુષોત્તમ કડિયાનું દુઃખ ટાળ્યું.

આ પ્રસંગ આપણે સહુને ખૂબ જ સમજવા જેવો છે. સ્વામી જ્યારે વડોદરામાં મૂર્તિઓનું કામ કરાવતા હતા ત્યારે સ્વામીના યોગથી પચાસેક જેટલા કડિયાના ઘર સત્સંગી થયા હતા. સ્વામીની વાત સાંભળી તેઓ કુસંગનો ત્યાગ કરી ભાવથી સત્સંગ-ભક્તિ કરતા હતા. તેમાં પુરુષોત્તમભાઈ, કેવળરામ તથા તેમના ભાઈ નંદલાલ, જગજીવનભાઈ, દામોદરભાઈ અને આદિતરામ વગેરે કડિયા પાકા હરિભક્ત થયા હતા. આ કડિયાઓ સત્સંગી થયા તેથી કુસંગી કડિયાઓ ભેગા થયા અને હરિભક્ત કડિયાઓને નાત બહાર મૂકવાનો નિર્ણય કર્યો. તેથી બીજા

ગરીબ કડિયા નવા ભક્તો થયા હતા, તે નાતના પ્રબંધમાં ભળ્યા. વ્યાવહારિક દુઃખ આવ્યું ત્યાં પચાસમાંથી છેતાલીસ છટકી ગયા; માત્ર ચાર કડિયાઓએ શીરસાટે સત્સંગ રાખ્યો.

આપણને પ્રભુનો આશરો છે કે નહીં ? નિશ્ચય છે કે નહીં ? તથા સમજણની પક્વતા થઈ છે કે નથી થઈ ? તે વિપત્તિકાળમાં જ ખબર પડે છે. કપરા કાળમાં પણ જે અડગ રહે તેના ઉપર જ ભગવાન અને સંતો રાજી થાય છે. જેઓ સત્સંગને મૂકીને નાતમાં ભળ્યા તેમનું કોઈએ નામ લીધું નહીં. પરંતુ જેમણે શીરસાટે સત્સંગ રાખ્યો એવા ચાર કડિયાઓને નાતના આગેવાનોએ ભેળા મળી નાત બહાર મૂકવાનો ઠેરાવ કર્યો. તેમ છતાં આ ચાર જણા મૂંઝાણા નહીં.

'દૂબળા ઢોરને બે જેઠ મહિના' આ કહેવત અનુસારે હજી આ નાતનો ટંટો ચાલતો જ હતો; તે સમયમાં મૂર્તિનું કામ કરનાર એક શિલ્પીની માતા ગુજરી ગયા. તે પુરુષોત્તમ કડિયાની સાસુ થતા હતા. તેના નિમિત્તે જલેબીનો ખર્ચ કરવાનું નક્કી કર્યું. પછી કુસંગી કડિયાઓએ સરકારમાં બસો રૂપિયા લાંચ ભરી અને હરિભક્તના ચાર ઘરને નાત બહાર રાખવાનો ઠરાવ કરાવ્યો.

પુરુષોત્તમ કડિયા આધારાનંદસ્વામી પાસે આ અચાનક આવી પડેલા દુઃખની જાણ કરી રડવા લાગ્યા અને કહે, "સત્સંગ માટે અમારે બહુ કષ્ટ આવ્યું; તે કોઈ ઉપાયે છૂટવાનું નથી. માટે તમે કાંઈ સહાય કરો તો થાય. કેમ જે, કુસંગી નાતિલાઓ એમ કહે છે કે, 'હજાર હજાર રૂપિયા દંડ ભરે તો જ આ ચારને નાતમાં લેવા છે." સ્વામીએ તેમને ખૂબ આશ્વાસન આપ્યું અને કહ્યું, 'મોટેરા હરિભક્તોને વાત કરો; તે તમને સહાય કરશે.'

આમ જીવનમાં ક્યારે, કઈ દિશામાંથી, કેવું દુઃખ આવી પડે તેનું કાંઈ નક્કી નથી હોતું. આવી આપત્તિમાંથી તો શ્રીહરિ અને મોટા

સતંનો આશરો જ ઉગારી શકે છે. આશરો જ આત્માને અંતે આનંદ આપે છે. માટે તુચ્છ પદાર્થની આશા છોડી શ્રીહરિ અને સંતોનો દઢપણે આશરો રાખવો.

સ્વામીના કહેવાથી પુરુષોત્તમભાઈએ નાથભક્ત તથા સદાશિવભાઈ વગેરેને વાત કરી. આ ભક્તોએ તેમના નાતિલાને સમજાવ્યા પરંતુ કોઈ માન્યા નહીં. વટે ભરાયેલા તેઓ એકના બે ન થયા. બધા પ્રયત્નો નિષ્ફળ ગયા. કડક સ્વભાવના કડિયા સહેજ પણ નમ્યા નહીં. તે સમયે નાતનું દુઃખ બહુ હતું. એમાંય લગભગ નાતના જે આગેવાન હોય તે તો અહંના ઠૂંઠા હોય, જીદ્દી સ્વભાવના હોય, મનધાર્યું કરવામાં જ સુખ માનનારા હોય; એટલે કોઈની સાચી વાત સમજી શકે નહીં. સહુને નાતના આગેવાનોનો બહુ વજન પડતો; તેથી તેમની ખોટી વાત પણ સાચી જ મનાતી. અને ઘણાને સમજાતું હોય પણ નાતનો દઃખદાયી રીવાજ જાણીને મૂંગે મોઢે સહન કરતા. એટલે સાચા ભક્તોને નાત તરફથી બહુ જ દુઃખ આવતાં. આજે ભગવાનની કૃપા થઈ એટલે માણસો થોડા સમજણા થયા છે.

પછી બંને ભક્તો પાછા આવ્યા. સઘળી વાત હરિભક્તોને કહી. તેમાં નંદલાલ કડિયાને સત્સંગ અચળ હતો; પરંતુ પુરુષોત્તમ કડિયાને એટલી દઢતા ન હતી. વળી, પોતાની જ સાસુ મરી ગઈ હતી, એટલે થોડો નજીકનો સંબંધ હોવાથી તેઓ વિહ્વળ થઈ ગયા અને કહે, ‘નાત વિના હવે કેમ કરવું ?’ એમ હિંમત હારી ગયા.

પછી પુરુષોત્તમ કડિયા સ્વામી પાસે આવીને કહે, “કાલે બધી નાત અમને છોડીને પકવાન જમશે, તેથી અમારે જીવ્યા ન જીવ્યા બરાબર થશે. અમે શું મોઢું દેખાડીશું ? અને અમારું આ દુઃખ કોણ સાંભળે ? હવે અમારી કોણ સહાય કરે ? અમે નિરાધાર થઈ ગયા છીએ. અત્યારે તો મરેલાને જીવતા કરે એવા સંત હોય તે અમારું દુઃખ ટાળે.”

તેથી સ્વામીને એવું લાગ્યું કે, 'આ આમ બોલે છે તે ઠીક ન ગણાય.' સ્વામી બહુ સ્પષ્ટ વક્તા હતા. એટલે કહી દીધું કે, "અમે કાંઈ મરેલાને જીવતા કરતા નથી; પરંતુ અહીં વડોદરામાં ઘણા સમાધિનિષ્ઠ ભક્તો છે તેને જઈને તમે વાત કરો, તો તેઓ મહારાજને સમાધિમાં પૂછી આવશે ને તમારા દુઃખનો અંત આવશે."

તે સમયે જમનાબાઈ, મોંઘીબાઈ, ઉમૈયાબાઈ, લાખાભક્ત વગેરે સમાધિનિષ્ઠ હરિભક્તો વડોદરામાં હતા. કોઈને કાંઈ દુઃખ આવે તો તે સમાધિનિષ્ઠ ભક્તોને વાત કરે. તેથી તે ભક્તો સમાધિમાં મહારાજ વડતાલ, ગઢપુર જ્યાં હોય ત્યાં જાય. અને જે ભક્તોને દુઃખ આવ્યું હોય તેની વાત કરે. પછી મહારાજ તેનો જે ઉપાય બતાવે તે ઉપાય આ ભક્ત સમાધિમાંથી જાગ્રત થાય ત્યારે આવીને તેમને કહે. તેથી તે પ્રમાણે કરે એટલે સહુના દુઃખ ટળી જતા. અત્યારે ટેલીફોનનું જે કાર્ય છે તે તે વખતે સમાધિનિષ્ઠ ભક્તો આ રીતે કરી આપતા હતા. તેથી આધારાનંદસ્વામી પુરુષોત્તમ કડિયાને સમાધિનિષ્ઠ ભક્તો દ્વારા શ્રીહરિને પૂછવાની વાત કરી.

चोपाई : पुरुषोत्तम कहे संत तामें, भगवान प्रगट रहत यामें ।।
संत कु छोड हम दोडत नाही, संत सम न हरिजन रहाही ।।२९।।

ત્યારે પુરુષોત્તમ કહે, "સંતમાં ભગવાન પ્રગટ રહે છે. માટે સંતને છોડીને મારે બીજે ક્યાંય જાવું નથી. કેમ જે, સંત સમાન બીજા કોઈ હરિભક્ત કહેવાય નહીં. કેમ જે, ગમે તેવો સમાધિનિષ્ઠ હોય તોપણ હે સ્વામી ! તમારામાં શ્રીહરિ સાક્ષાત્ રહ્યા છે. માટે હું તો તમને હરિભક્તો કરતાં શ્રેષ્ઠ માનું છું. માટે તમો મને ભક્તો પાસે શા માટે મોકલો છો ?" આવી તેમની સમજણ હતી.

સંતો પ્રત્યેનો આવો સદ્‌ભાવ અને વિશ્વાસ જોઈને સ્વામીને તેના પર બહુ દયા આવી. શરણે થયા વિના કોઈ દયા કરતા નથી. જો

મોટાની કૃપા જોઈતી હોય તો તેમનાં શરણે થાવું ફરજિયાત છે. પછી સ્વામી તેમને કહે, 'જેમ શ્રીહરિની ઇચ્છા હશે તેમ થશે. માટે તમે ધીરજ રાખો, હું બનતા પ્રયત્ન કરું છું.' એમ કહી ઈશ્વર ભક્તને સાથે લઈને સ્વામી નારુપંતનાના પાસે ગયા.

નારુપંતનાનાએ સ્વામીને આદર આપીને બેસાર્યા. સ્વામીએ પુરુષોત્તમ કડિયાની બધી વાત કહી; પરંતુ નારુપંતનાનાએ સ્વામીની આ વાત બરાબર સાંભળી નહિ અને બીજા-ત્રીજા બહાનાં બતાવ્યાં. નારુપંતનાના સારા ભક્ત હતા. સ્વામી તેને ઓળખતા. વળી તેઓ દિવાન હતા. એટલે જ આ કાર્ય તેનાથી થઈ શકશે એવી આશાથી સ્વામી તેમની પાસે ગયા હતા; છતાં તેણે સ્વામીની વાત ન સાંભળી.

જીવનમાં ક્યારેક આવું પણ બને. પાર્વતીએ પણ શિવજીની વાત સાંભળી ન હતી. માટે ક્યારેક કોઈ આપણી વાત ન સાંભળે તો મૂંઝાવું નહીં. નજીકના પણ આપણી વાત ન સાંભળે તેને જ ભૂંડો દેશકાળ કહેવાય. તેવા સમયે ભગવાનનું બળ રાખી આનંદમાં રહેવું. આધારાનંદસ્વામીની વાત નારુપંતનાના જેવા ન માનતા હોય, તો આજકાલના કહેવાતા હરિભક્તો સંતોનું ન માને તેમાં શું કહેવું ?! પરંતુ જેના ઉપર વિશ્વાસ હોય તે જ્યારે ધ્યાન ન આપે ત્યારે દિલમાં દુઃખ થાય.

નારુપંતે વાત ન સાંભળી તેથી સ્વામી અંતરમાં દુઃખાઈ ગયા. પછી તરત ત્યાંથી ચાલી નીકળ્યા. તે જ સમયે શ્રીહરિએ સ્વામીના અંતરમાં પ્રેરણા કરી કે, 'તમે હવે બીજા-ત્રીજા ભક્ત પાસે ન જતા; રામચંદ્ર વૈદ્યને જઈને મળો.' તેથી સ્વામી સીધા રામચંદ્ર વૈદ્યના ઘેર ગયા. સ્વામીને આવેલા જાણી રામચંદ્ર વૈદ્ય બહુ જ રાજી થયા. આસન આપી બેસાર્યા. પછી આધારાનંદસ્વામીએ હરિભક્ત કડિયાને નાત બહાર મૂક્યા તથા તેમને દુઃખ આવ્યું, તે બધી વાત તેમને કરી.

તેથી રામચંદ્ર વૈદ્ય કહે, "સ્વામી, ચિંતા કરશો નહીં; મારાથી બનશે તેટલી હું ચોક્કસ કોશીષ કરીશ. સરકાર જે વાત પકડે અને દીવાન જે વાતમાં ભળે તે છોડવી ઘણી કઠણ છે; પણ સરકારના હાથમાં સહુના નાડી-પ્રાણ ક્યાં છે ? શ્રીહરિ જેમ ધારે તેમ થાય છે. અને તે શ્રીહરિ તો તમારે વશ છે તેમજ તમારા અંતરમાં અખંડ રહ્યા છે, બધું તેમનું ધાર્યું જ થાય છે. હું તો નિમિત્તમાત્ર છું. જરૂર પ્રયત્ન કરીશ, મહારાજ આપણને મદદ કરશે." વૈદ્યની વાત સાંભળીને સ્વામીને આનંદ થયો. પછી સ્વામી મંદિરે આવ્યા.

રામચંદ્ર વૈદ્ય ગાડીમાં બેસી સરકાર પાસે ગયા. વૈદ્યરાજને આવતા જોઈ સરકારે તેમને સ્નેહથી બોલાવ્યા. પછી વાત કરતા સરકારે કહ્યું, 'શું અચાનક આવવાનું થયું ? અમારા જોગ કાંઈ કામ હોય તો કહો.' ત્યારે વૈદ્યે હરિભક્ત કડિયા ઉપર તેમના નાતિલા કડિયાઓએ મૂકેલો ખોટો પ્રતિબંધ તથા હજાર હજાર રૂપિયાના દંડની વાત કરી. પછી કહ્યું, 'આપ જેવા ન્યાયમૂર્તિ નરેશ જ્યાં હોય અને આવા ગરીબ લોકોને અન્યાય થાય તે અયોગ્ય ગણાય. માટે તમને આ વાત કરવા આવ્યો હતો.'

તેથી સરકારના મનમાં એમ થયું કે, 'રામચંદ્ર વૈદ્ય જેવા પ્રમાણિક માણસ વાત કરતા હોય તે સાચી હોય અને એમાં અમારી આબરૂ વધે તેમ હોય. માટે આ કાર્ય કરવું જોઈએ.' તરત જ સરકારે દૂતને બોલાવ્યો અને હુકમ કર્યો કે, 'જાઓ, કુસંગી કડિયાઓને કહો કે કાલે કોઈ નાત જમે નહીં અને જો હરિભક્ત કડિયાને નાતમાં બેસાડ્યા વિના જમશે તો મોટો દંડ થશે.' તેથી સરકારના માણસો ઝટ ઊપડ્યા. અને કડક ભાષામાં કડિયાઓને સરકારનો હુકમ સંભળાવ્યો. આ હુકમ સાંભળીને હરિભક્તોનું દુઃખ ટળ્યું ને કુસંગીઓને દુઃખ આવ્યું.

दोहा : भगवान ताके सम हि, समर्थ कोउ न रहाय ।।
भूलत मारग तिनकु जो, मारग देत चढाय ।।१४।।

માણસનું ધાર્યું કાંઈ થતું નથી. ભગવાન જેમ ધારે તેમ થાય છે. કેમ જે, ભગવાન સમાન બીજું કોઈ સમર્થ નથી. ભૂલેલાને સાચો માર્ગ બતાવનારા એક શ્રીહરિ જ છે. કુસંગી કડિયાઓ અહંને કારણે માર્ગ ભૂલ્યા હતા. શ્રીહરિએ તેને સાચો માર્ગ બતાવવા આ દંડ કર્યો.

सोरठा : दुःख आवत हि ताकु, करत न कोउ सहाय जब ।।
हरि कु समरत वाकु, दुःखमेसु सुख होत तब ।।१५।।
दुःख में धीरज हि जेह, रखना बहु कठिन रहेऊ ।।
सहाय विन जो तेह, दुःख के पूर तिन महि ।।१६।।

માણસને જ્યારે દુઃખ આવે છે ત્યારે કોઈ તેની સહાય કરે નહીં. સ્વાર્થી સંબંધીઓ છેટા થઈ જાય ત્યારે વ્યક્તિ ભગવાનને સંભારે છે. છતાં ભગવાન તત્કાળ તેની મદદે આવે છે અને સુખિયા કરે છે. પરંતુ જ્યારે દુઃખ આવી પડે ત્યારે ધીરજ રાખવી એ ઘણું કઠણ કામ છે. કેમ જે, દુઃખમાં જ્યારે કોઈ સહાય ન કરે ત્યારે માણસની ધીરજ અને સહનશીલતાનું તળિયું આવી જાય છે. તે સમયે શ્રીહરિ કે મોટા સંતો સહાય ન કરે તો વ્યક્તિ દુઃખના પૂરમાં તણાઈ જાય છે.

આધારાનંદસ્વામીએ હરિભક્ત કડિયાની મદદ કરી. મહારાજે તેમની પ્રાર્થના સાભંળી. તેથી કડિયાઓનું બધું જ દુઃખ ટળી ગયું. અને કુસંગી કડિયાઓને દુઃખ આવ્યું. જે બીજાને હેરાન કરવા જાય તે પોતે જ અંતે હેરાન થાય છે. અને જે બીજાને સુખી કરે છે તે પોતે જ સુખી થાય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ પુરુષોત્તમ કડિયાનું દુઃખ ટાળ્યું' એ નામે અઠ્યાવીશમો અધ્યાય થયો. ॥૨૮॥

અધ્યાય - ૨૯

સ્વામીએ સાચા હરિભક્તની સમજણ કહી

હરિભક્ત કડિયા સુખી થયા તે સાંભળીને નારુપંત નાનાએ આધારાનંદસ્વામી પાસે આવીને કહ્યું કે, “સ્વામી, તમે તો ખૂબ બુદ્ધિ માન છો, એમ અમને સારી રીતે જણાયું છે. કડિયાઓની વાત એવી ઘૂંચવણવાળી હતી કે તેનો ક્યારેય પાર આવે તેમ ન હતું. આમાં કોણે કોણે બુદ્ધિ ચલાવી છે તેને હું સારી રીતે જાણું છું. આપે એક જ દિવસમાં આ દુઃખનો પાર લાવી દીધો અને કડિયાઓને ઘણા સુખી કર્યા છે.”

ત્યારે આધારાનંદસ્વામી બોલ્યા કે, “સંત મેં પ્રતાપ દેખાવે જિતના, શ્રીહરિ કે દેખના સબ તિતના’ આ બધો શ્રીહરિનો પ્રતાપ છે તેમ તમે જાણો. સંતોમાં જે જે પ્રતાપ જણાય છે તે માત્ર એક સર્વકર્તા શ્રીહરિનો છે; સંતોનો પ્રાઈવેટ પ્રતાપ નથી હોતો. સંત દ્વારા શ્રીહરિએ જણાવેલી સામર્થીને જે તે સંતની જ છે એમ સમજે તે હરિભક્ત કાચા છે, પ્રાકૃત બુદ્ધિવાળા છે. અને સંતો દ્વારા સર્વે કાર્યો શ્રીહરિ જ કરી રહ્યા છે, એમ જે સમજે તેને જ સાચા હરિભક્ત કહેવાય. માત્ર સંતનો જ પ્રતાપ સમજી લે તે પાકો ભક્ત નથી. અને જે સંતો પોતા દ્વારા જણાવેલો તમામ પ્રતાપ શ્રીહરિનો જ માને છે તેવા સંતો દ્વારા શ્રીહરિ પોતાનાં ઐશ્વર્ય-પ્રતાપને જણાવે છે.

જે સંતને પોતામાં આવેલી સામર્થી કે ઐશ્વર્ય પોતાનું પર્સનલ મનાય તેના દ્વારા પછી શ્રીહરિ ઐશ્વર્ય બતાવતા નથી. વળી સંતો દ્વારા બતાવેલા શ્રીહરિના પ્રતાપને જે ભક્ત માત્ર સંતનો જ સમજે છે તે ભક્ત દ્વારા ભગવાન કાંઈક ઐશ્વર્ય જણાવે તો તે ઐશ્વર્ય તેને પોતાનું સમજાય છે. પછી તેનું અહં આવે, તેથી તેનું પતન થાય છે. માટે એ હરિભક્ત કાચો છે. જ્યાં જ્યાં જે કાંઈ પ્રતાપ કે ઐશ્વર્ય

જણાય તે બધું જ મને મળ્યા એવા જે મારા ઈષ્ટદેવ સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાનનું જ છે, એમ સમજે એ જ ડાહ્યો ભક્ત છે.

મહારાજે વ.ગ.પ્ર.૨૭માં તો ત્યાં સુધી કહ્યું છે કે, **"અનંત આશ્ચર્ય છે તે સર્વે મને મળ્યા એવા જે ભગવાન તેનાં કર્યાં જ થાય છે' એમ સમજે, પણ પ્રગટ પ્રમાણ જે ભગવાન તે વિના બીજો કોઈ એ આશ્ચર્યનો કરનારો છે એમ માને નહિ. અને 'પૂર્વે જે જે અનંત પ્રકારનાં આશ્ચર્ય થઈ ગયાં છે તથા હમણાં જે થાય છે તથા આગળ થશે તે સર્વે મને મળ્યા એવા જે પ્રત્યક્ષ ભગવાન તે વતે જ થાય છે' એમ સમજે."**

પૂર્વે થયેલા અવતારો કે મોટા ઋષિમુનિઓમાં પણ જે કાંઈ ઐશ્વર્ય-પ્રતાપ દેખાયાં છે તે બધું મને મળ્યા એવા જે પ્રગટ મહારાજ તેનું દીધેલું જ છે. કોઈની પાસે વ્યક્તિગત પ્રતાપ છે જ નહિ. એમ જે સમજે તે જ પાકો હરિભક્ત કહેવાય અને તે જ જ્ઞાની તથા એકાંતિક ભક્ત કહેવાય.

આમ, આધારાનંદસ્વામીએ કચેરીમાં જઈને તથા હરિભક્તોની પાસે જઈને અને શ્રીહરિને પ્રાર્થના કરીને કડિયા પુરુષોત્તમ ભક્તનું દુઃખ ટાળ્યું હતું. આ રીતે હરિભક્તો સંતોની સેવા કરતા અને સંતો હરિભક્તોની સેવા કરતા. સહુ એકબીજાના સુખ-દુઃખના ભાગીદાર બનતા, એ જ આ સંપ્રદાયની અલૌકિકતા અને દિવ્યતા છે.

સ્વામિનારાયણ સંપ્રદાયમાં જેટલું પોતિકાપણું છે, સાચા સંતો-ભક્તોને પરસ્પર લાગણી છે, એકબીજા પ્રત્યેની સેવાભાવના છે; એવું બીજે ઓછું જોવા મળે છે. આપણા આ સત્સંગમાં પણ સંતોને એવું મનાય છે કે, 'હરિભક્તો અમારા છે.' અને ભક્તોને એવું મનાય છે કે, 'સંતો અમારા છે.' તથા સંતો-ભક્તો સહુને એવું મનાય છે કે, 'સ્વામિનારાયણ ભગવાન અમારા છે. આ સંપ્રદાય અમારો છે.' આવું

સહુને જે પોતાપણું મનાય છે એ શ્રીહરિની મોટી કૃપા છે. ભગવાનની કૃપા હોય ત્યારે આવું મહિમાસભર વાતાવરણ સર્જાય છે.

સોરઠા : **આવા દયાળુ સંત, સ્વામી આધારાનંદ હતા;**
દુઃખનો આણ્યો અંત, હરિભક્તોને સુખી કર્યા...૧૦૨
હરિભક્તોનું દુઃખ, ટાળે સાચા સંત સદા;
વિઘ્ન ટાળી દે સુખ, આ લોકે પરલોકે સદા...૧૦૩

સંતો મહાદયાળુ છે. તેથી જ આધારાનંદસ્વામી જેવા મોટા સંતો સત્સંગના આવાં અનેક કાર્યો કરે છે. અને શ્રીહરિ પણ એવા સંતોમાં રહીને હરિભક્તોનાં વિઘ્નો તથા દુઃખોને દૂર કરે છે, ભક્તોને સુખ આપે છે. જેમના અંતરમાં રહી મહારાજ ભક્તોનાં દુઃખ દૂર કરે છે એવા સંતનાં ચરણોમાં લાખ લાખ વંદન છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ સાચા હરિભક્તની સમજણ કહી' એ નામે ઓગણત્રીશમો અધ્યાય થયો. ॥૨૯॥

અધ્યાય - ૩૦

શ્રીહરિ તથા સ્વામીની વિશેષતા

દોહા : **અતિ દયાળુ છો સદા, તમે તમારા સંત;**
મુજ જેવાનો કૃપા કરી, આણો છો ભવ અંત...૧૦૪
અમારે અર્થે દાખડો, કરો છો તમે ને સંત;
અમે તમને શું આપીએ, મોટા તમે અત્યંત...૧૦૫

મહારાજ અને તેમના મહાન સંતો અતિ દયાળુ છે. આપણા જેવા જીવ ઉપર તેઓ અકારણ કરુણા વહાવે છે. સહજમાં જીવનાં જન્મમરણ, જમપુરી અને લખચોરાસીનાં બંધનો કાપી અક્ષરધામ આપે છે. માત્ર કરુણા કરી તેઓ આપણે માટે રાત્રી-દિવસ દાખડો કરે છે. દુનિયામાં જીવમાત્ર પોતાના અહંને ટકાવવા અને વિસ્તારવા જ મથે

છે; ત્યારે મોટા પુરુષો અહંશૂન્ય બની દેહરૂપ જીવને બ્રહ્મરૂપ બનાવવાનો દાખડો કરે છે, આપણા અંતરની મલિનતા ટાળે છે. એમની મહાનતા, ઉદારતા અને સાધુતાના બદલામાં આપણે તેમને શું આપી શકવાના છીએ ? તેઓ જ કેવળ કરુણા કરી આપણો ઉદ્ધાર કરવા અહીં આવ્યા છે. તેઓ આપણી માટે નિસરણી બન્યા છે. તેઓ આપણો વજન સહી આપણને ઉપર ઉઠાવે છે. ખરેખર આપણે તો અજ્ઞાની અને આંધળા છીએ; એ જ આપણા સાચા નયન છે. માટે આપણે લળીલળીને પ્રભુને પ્રાર્થના કરીએ કે, **'હે મહારાજ ! આવા તમારા સમાન સંતોનો અમને સદાય ગુણ રહેજો, હેત રહેજો, સંગ રહેજો, સેવા દેજો, રાજીપો રહેજા. કોઈ વાતે તેમનો અભાવ ન આવે અને એમના ઉપકારો અમે ક્યારેય સુખ-સાયબીમાં આળોટતા હોઈએ તો પણ ભૂલીએ નહી એવી કૃપા રાખજો. હે નાથ ! તમો અમને જ્ઞાનરૂપી સાચી જ્યોતિ આપજો. આપને રાજી કરવાની પાત્રતા આપજો તથા આપને પામવાની દિવ્ય દૃષ્ટિ આપજો. અમારું ભવભ્રમટકણ ટાળજો. સર્વે વૃત્તિઓ આપમય બનાવજો.'**

અમૂલ્ય તમે ને સંત છો, મહા મોટા ઉદાર;
કરવા આવ્યા છો અમ તણો, કેવળ કૃપાથી ઉદ્ધાર...૧૦૬
અમે અજ્ઞાની આંધળા, તમે અમારા નયન;
જ્ઞાનની જ્યોતિ આપજો, વા'લા હરિ હરિજન...૧૦૭
માયામય આ જગતમાં, ભટકીએ છીએ સદાય;
આ ફેરે ખૂબ દયા કરી, તમે કરો છો સહાય...૧૦૮
સાથે રહ્યા છો સદા તમે, ભૂલતા નથી એક પળ;
અમે તમોને એમ જ હરિ, સંભારીએ હરપળ...૧૦૯
જ્ઞાનજીવનની ઉપરે, એવા રાજી થાઓ રાજ;
તમારે અર્થે પળ પળ મારી, વિતાવજો મહારાજ...૧૧૦

"હે વાલમ ! હે કૃપાળુ સંતો-ભક્તો ! દયા કરી અમારી સહાય કરજો. આજ દિવસ સુધી સાથે રહ્યા છો; તેમજ સાથે રહીને મૂર્તિમાળે

વિરામ કરાવી દેજો. અમે તમને ભૂલી જઈએ છીએ તોપણ આપ અમને ભૂલતા નથી. હે કરુણાસાગર ! હવે એવી કરુણા વહાવો કે અમારી હરક્ષણ અને દરેક શ્વાસ આપની સ્મૃતિમાં જ વહે. આપ અને આપના લાડીલાની મરજી જ અમારું જીવન બને. અમારું હું સહિત સર્વસ્વ આપના રાજીપાર્થે જ વપરાય; પળપળ આપની અને આપના લાડલાની પ્રસન્નતા વધે, કૃપા વધે અને આપનું જ સુખ વધે, તે માટે જ ખર્ચાઈ જાય, એવી કૃપા કરજો."

સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન અક્ષરધામમાં રહ્યા થકા અહીં દેખાય છે અને અહીં બેઠા છે છતાં અક્ષરધામમાં વિચરનારા છે. ધામમાં બેઠા થકા જ જે બ્રહ્માંડમાં જેટલા જીવોનાં કલ્યાણ કરવા હોય ત્યાં તેવા રૂપે દેખાઈને અનેક પ્રકારનાં કાર્યો કરે છે, અનેક ચરિત્રો કરે છે, અનેકને જ્ઞાનોપદેશ આપે છે, પોતાનું સર્વોપરીપણું સમજાવે છે, જેનું યથાર્થ વર્ણન શબ્દમાં થઈ શકે તેમ નથી; છતાં સ્વામિનારાયણ ભગવાન વિશે નંદસંતોએ બહુ બહુ લખ્યું છે; પરંતુ તે બધામાં સહુથી વધારે લખનારા જો કોઈ હોય તો તે એકમાત્ર આધારાનંદસ્વામી છે.

સ્વામિનારાયણ ભગવાનનાં ચરિત્રો ઘણા સંતોએ લખ્યાં છે. આજ પણ ઘણા લખે છે. પરંતુ ગૌરવ સાથે કહી શકાય કે, 'આધારાનંદસ્વામીએ એકલાએ એ જમાનામાં જેટલું લખ્યું છે અને તેમાં જે ઊંડાણ ભરી ચિંતનાત્મક વાતો મૂકી છે, તેટલું લખાણ અને તેવી રહસ્યમય વાતો આજ સુધી કોઈ લખી શક્યું નથી.'

શ્રીહરિ જનકલ્યાણનાં કાર્ય માટે પૃથ્વી પર પધાર્યા હતા. એટલે જીવોનાં કલ્યાણ માટે મહારાજ સંતો દ્વારા અનેક પ્રકારનો પ્રતાપ વહાવતા હતા. એ જ રીતે આધારાનંદસ્વામી દ્વારા પણ મહારાજે ઘણો પ્રતાપ વહાવ્યો છે. અને તેમના દ્વારા ઘણાં ઘણાં કાર્યો કર્યાં છે. માટે આવા સમર્થ સંત આધારાનંદસ્વામીને લાખો ધન્યવાદ..! અને આવા અનેક

મુક્તોનું નિર્માણ કરનારા સર્વોપરી શ્રીસ્વામિનારાયણ ભગવાનનાં સુખકારી ચરણારવિંદમાં કોટિ કોટિ વંદન..!

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિ તથા સ્વામીની વિશેષતા વર્ણવી' એ નામે ત્રીશમો અધ્યાય થયો. ॥૩૦॥

અધ્યાય - ૩૧

શ્રીહરિએ સ્વામી પાસે સરમાલ્કમનું ચિત્ર દોરાવ્યું.

સર્વાવતારી શ્રીહરિ ધરા પર ધર્મ સ્થાપવા પધાર્યા ત્યારે ભારતમાં સામાજિક, રાજકીય અને ધાર્મિક વગેરે દરેક ક્ષેત્રે ભરપૂર અધર્મ વ્યાપી ગયો હતો. અનેક પ્રકારની કુટેવો અને કુરિવાજોએ માઝા મૂકી હતી. તેમાં પણ સ્ત્રીસમાજનું તો અતિશય શોષણ થતું હતું. પતિ મરી જાય એટલે પત્નીની ઈચ્છા ન હોય છતાં તેને સળગતી ચિતામાં ફેંકી દેવામાં આવતી. આવો સતીપ્રથાનો તથા દીકરીને દૂધપીતી કરવી, સ્ત્રીઓને નિરક્ષર રાખવી વગેરે અનેક પ્રકારના કુરિવાજો ચાલતા હતા.

જે સતી નારી હોય અને પતિ વિના જીવી શકે તેમ ન હોય, એવી પતિવ્રતા નારી હોય અને કદાચ સતી ન થાય તોપણ પતિ વિયોગે તેનું આપોઆપ પંડ્ય પડી જાય તેમ હોય, અને તેને જો ઈચ્છા હોય તો તે સ્વેચ્છાથી સતી થાય; તેમાં કોઈ દોષ નથી, એમ સદ્ગ્રંથો કહે છે. પરંતુ કાળ જતાં અજ્ઞાની લોકોએ કોઈ પણ પુરુષ મરે એટલે તેની નારીને સળગાવી જ દેવી - આવો કુરિવાજ પ્રવર્તાવ્યો. તેની સ્ત્રી જીવવા માગતી હોય, પોતાનો મોક્ષ કરવા માગતી હોય છતાં સગાંવહાલાં ભેગાં થઈ પરાણે તેને સળગાવી દેતાં. આવો નારીસમાજમાં શોષણનો કપરો યુગ ચાલતો. તેમાં પણ અમુક અમુક પ્રાંતમાં તો બહુ જ જુલમ થતો હતો. ખાસ કરીને બંગાળ તથા ઓરિસ્સા વગેરે પ્રદેશોમાં તો સતીપ્રથાનો ભયંકર કુરિવાજ હતો.

આવા સમયે સર્વાવતારી શ્રીહરિએ સ્ત્રીસમાજ ઉપર કૃપા કરી. ગુજરાતમાંથી સતીપ્રથાનો તથા બાળકીને દૂધપીતી કરવી વગેરે કુરિવાજો નષ્ટ કર્યા. સ્ત્રીઓમાં શિક્ષણની પ્રવૃત્તિ કરાવી, તેમના માટે નિરાળાં મંદિરો બંધાવવાં વગેરે જનહિતનાં અનેક કાર્યો કર્યાં. તેમાં ઘણીવાર શ્રીહરિને પોતાનો પ્રૌઢપ્રતાપ પણ વાપરવો પડ્યો હતો. અને તે કાર્યમાં એકવાર આધારાનંદસ્વામીને પણ શ્રીહરિએ નિમિત્ત બનાવ્યા હતા. આ પ્રસંગ અતિ સુંદર છે અને સહુને માટે જાણવા જેવો છે.

પૂર્વછાયો :

કુરિવાજ હતો સતી પ્રથાનો, તે આપી ગયો બહુ દુઃખ;
માતા ભાભીને બાળી દેતા, રાજા રામને ન રહ્યું સુખ...૧૧૧

બંગાળના રાજારામમોહનરાયની આ વાત છે. તેનું મૂળ નામ રામમોહનરાય છે. અને રાજાની તેને પદવી મળેલી છે. તેની નજર સામે જ તેના કુટુંબમાં હૈયાને હચમચાવી નાખે એવી એક - બે ભયંકર ઘટનાઓ ઘટી. તેમના પિતા સ્વર્ગવાસી થયા ત્યારે તેની માતાને ઈચ્છા ન હતી છતાં કુટુંબીઓએ ભેગા મળી પરાણે બાળી દીધાં. એવી જ રીતે તેમના ભાઈ સ્વર્ગવાસી થયા ત્યારે તેની સગી ભાભીને પણ બધાએ ભેગા મળી પરાણે બાળી દીધાં. તેમના ભાભી ના પાડતાં અને રડતાં હતાં, છતાં સહુ કુટુંબીઓ કહે, 'જેનો પતિ મરી જાય તેને જીવવાનો અધિકાર જ નથી.' એમ કરી સળગતી ચિતામાં સળગાવી દીધાં.

આ પ્રસંગો તેણે નજરે જોયા. આનાથી રાજારામમોહનરાય બહુ દુઃખી થયા. અંતરમાં વલોપાત થયો. મનમાં વિચાર આવ્યો કે, 'પતિ મરી જાય અને સ્વેચ્છાથી પ્રાણ નીકળી જાય તેવી નારી સતી થાય તેમાં તો કોઈ બાધ નથી, પરંતુ જેને જીવવું જ હોય છતાં પરાણે સળગાવી દે. આ તો મોટું પાપ છે, કુરિવાજ છે. ખરેખર આ શાસ્ત્રીય

રીતિ નથી. પતિ મરી જાય પછી તેની પાછળ આવી રીતે બળી મરવું તે કરતાં પરમેશ્વરને સાચા પતિ માની તેમના ભજનમાં આયુષ્ય પૂર્ણ કરવું, તે અનંત ગણી શ્રેષ્ઠ બાબત છે.' આવા ક્રાંતિકારી વિચારો મોહનરાયના મનમાં ઘોળાવા લાગ્યા. પછી છેવટે તે અંતિમ નિર્ણય ઉપર આવ્યા અને દૃઢ સંકલ્પ કર્યો કે, 'કોઈ પણ ભોગે મારે આ કુરિવાજ નાબૂદ કરવો જ છે.'

તે અરસામાં ઈ.સ.૧૮૨૭, વિ.સં.૧૮૮૩માં અલાહાબાદના પ્રયાગક્ષેત્રમાં મોટો કુંભમેળો ભરાયો હતો. કોઈ મહાપુરુષની મદદ મળે એવા હેતુથી રાજારામમોહનરાય ત્યાં ગયા. આ કુંભમેળામાં વિશ્વના અનેક સંપ્રદાયના ઘણા ધર્માચાર્યો તથા મઠાધિપતિઓએ પડાવ નાખ્યા હતા. જેઓ જનકલ્યાણનાં ઘણાં કાર્યો કરતા હતા. તેમને રામમોહનરાય મળ્યા. સતીપ્રથાના કુરિવાજને અટકાવવા મદદરૂપ થાવાનું કહ્યું. ને આ કુરિવાજને અટકાવવો એ પણ એક જનકલ્યાણનું કાર્ય છે. આ મારા એકથી થાય તેમ નથી. આપ મને સાથ આપો. એવી ઘણા પાસેથી આશા રાખી; પરંતુ ધન-નારીના બંધનમાં ફસાયેલા અને ધર્મના નામે ધતિંગ ચલાવનારા કોઈ ધર્માચાર્યોએ આ બાબતમાં ધ્યાન દીધું નહીં. તેઓ એક પછી એક ઘણા સંતો-મહંતોને મળતા રહ્યા.

ભગવાનનું કાર્ય અકળ હોય છે. પવિત્ર સંતનાં દર્શન થશે તો અનેક જીવનો ઉદ્ધાર થશે - આવા હેતુથી શ્રીહરિએ પણ પોતાનું એક સંતમંડળને આ કુંભમેળામાં અલાહાબાદ મોકલ્યું હતું. પોતાના પરમહંસ નમોનારાયણાનંદસ્વામીને સંતમંડળ સાથે મોકલ્યા હતા. રાજારામ-મોહનરાયનું આ સંતમંડળની સાથે મિલન થયું. સંતોનાં દર્શન, વાણી અને વર્તનથી તેમનું દિલ ઠર્યું. પોતાના કાર્યમાં મદદની માંગણી કરી.

ત્યારે સ્વામીએ કહ્યું, "રામમોહનરાય ! હું તો શું મદદ કરી શકું ? પરંતુ તમે નિરાશ ન થાશો. આવાં અનેક જનહિતનાં કાર્ય

કરવાં અને સમાજમાં ધર્મને નામે ચાલતાં દૂષણોને ટાળવાં અત્યારે પૃથ્વી ઉપર પરમેશ્વર પ્રગટ થયા છે.

સોરઠા : **પ્રગટ્યા ધરાપર હાલ, સ્વામિનારાયણ મહાપ્રભુ;**
થાય જો તેહ નિહાલ, આશિષથી જ કામ થાયે...૧૧૨

તે સ્વામિનારાયણ ભગવાન અમારા ગુરુ છે. અત્યારે તેઓ ગુજરાત રાજ્યના કાઠિયાવાડ પ્રદેશમાં ઉન્મત્તગંગાને કિનારે આવેલા ગઢપુર ગામમાં બિરાજે છે. જો તમે મારી સાથે ગઢપુર આવો, સ્વામિનારાયણ ભગવાનને મળી પ્રાર્થના કરો અને જો તેમની કૃપા થાય તો તમારું કાર્ય સિદ્ધ થશે. પછી તમે જે ધારશો તે કાયદો પસાર કરાવી શકશો."

રામમોહનરાયને આ સંતમાં વિશ્વાસ આવ્યો. પોતાનું કાર્ય આ સંત દ્વારા સિદ્ધ થશે એવી આશા બંધાણી. પછી નમોનારાયણાનંદ સ્વામીની સાથે રામમોહનરાય ગઢપુર આવ્યા. સભા મધ્યે બિરાજતા સ્વામિનારાયણ ભગવાનનાં દર્શન કર્યાં. આ દિવ્ય સભાને વંદન કરી રામમોહનરાય અતિ રાજી થયા. નમોનારાયણાનંદસ્વામીએ મહારાજને બંગાળમાં ચાલતા કુરિવાજોની બધી વાત કરી. વળી કહ્યું, 'તેમની માતા તથા ભાભીને સળગાવી દીધાં. તેથી તેઓ ખૂબ દુઃખી છે. હે મહારાજ ! આપ તેના ઉપર કરુણા કરો તો સારું.'

રામમોહનરાયે પણ શ્રીહરિને સર્વે વાત કહી. ત્યારે શ્રીહરિ કહે, "પતિ મરી જાય અને તેના વિયોગે જે સતીનું શરીર પડી જાય તેમને તેની પાછળ સળગાવવી એ તો ઠીક, પરંતુ સ્ત્રીની ઈચ્છા ન હોય છતાં બાળી દેવી એ તો સ્ત્રીહત્યા કરી કહેવાય. આ તો મોટો અધર્મ કહેવાય. ખરેખર આવાં દૂષણો સમાજમાંથી કાઢવાં જ જોઈએ."

ત્યારે રામમોહનરાય કહે, 'હે પ્રભુ ! તેથી જ હું આપને શરણે આવ્યો છું. આપ મને મદદ કરો.' વળી, મોટીબાએ પણ આ વાત

જાણી. તેથી તેમનું અંતર પણ ખિન્ન થયું. સ્ત્રીસમાજ પર દયા પ્રગટી. એટલે મહારાજને પ્રાર્થના કરી જે, “હે નાથ ! સ્ત્રીસમાજના હિતનું આ કાર્ય છે. આપ તેમના ઉપર કૃપા કરો તો એ કુરિવાજ બંધ થાય. માટે કાંઈક દયા કરો.”

પછી તે સભામાં બેઠેલા સંતમંડળ સામે શ્રીહરિએ દૃષ્ટિ કરી. આધારાનંદસ્વામીને પાસે બોલાવ્યા. પછી તેમને કહ્યું, ‘સ્વામી ! તમે ધ્યાનમાં બેસો.’ તરત જ સ્વામી આંખો મીંચી ધ્યાનમાં બેસી ગયા. થોડીવારે ધ્યાનમાંથી જાગૃત થયા. શ્રીહરિએ પૂછ્યું, ‘સ્વામી, તમને ધ્યાનમાં શું દેખાયું ?’ ત્યારે તેઓ કહે, ‘મને એક અંગ્રેજ અધિકારી દેખાયો.’ શ્રીહરિએ કહ્યું, ‘સ્વામી ! તમને ધ્યાનમાં જે વ્યક્તિ દેખાણી છે તેનું આબેહૂબ ચિત્ર દોરો.’

શ્રીહરિએ સ્વામીને ધ્યાનમાં તે સમયે મુંબઈમાં ગવર્નર તરીકે નિમાયેલા અંગ્રેજ અધિકારી સર માલ્કમનું રૂપ બતાવ્યું હતું. સ્વામીએ શ્રીહરિની મરજી જોઈ એક જ દિવસમાં ધ્યાનમાં દેખાયેલું સાહેબનું ચિત્ર સુંદર રીતે તૈયાર કર્યું. પછી તે ચિત્ર બીજે દિવસે મહારાજના હાથમાં આપ્યું.

દોહા : **સ્વામીએ સર માલ્કમનું, ચિત્ર દોર્યું આબેહૂબ;**
દેખાડ્યું બીજે દિ હરિને, રાજી થયા પ્રભુ ખૂબ...૧૧૩

આ સરમાલ્કમનું ચિત્ર જોઈ શ્રીહરિ આધારાનંદસ્વામી ઉપર ખૂબ જ રાજી થયા. પછી શ્રીહરિએ તે સાહેબના ચિત્ર નીચે શુકમુનિ પાસે ભલામણ લખાવી કે, ‘સરમાલ્કમને માલુમ થાય કે અત્યારે બંગાળ પ્રાંતમાં સતીપ્રથા તથા સ્ત્રીશોષણનો અતિ કુરિવાજ ચાલે છે. તે માટે તમારે અમારું એક કામ કરવાનું છે. તમો અત્યારે ઈશ્વર ઈચ્છાથી મુંબઈના ગવર્નર તરીકે નિયુક્ત થયા છો. અને હાલ બંગાળમાં ત્યાંના

ગવર્નર મિસ્ટર લોર્ડ વિલિયમ બેંટીનિક આપના સ્નેહી છે. માટે આ કાગળ લઈને આવેલ વ્યક્તિની વાતને તમે સાંભળજો. અને બંગાળના વાઈસરોયની પદવીએ નિમાયેલા તમારા મિત્ર ગર્વનર બેંટીનિકને ભલામણ કરજો કે, રામમોહનરાયને આ કાર્યમાં મદદ કરે. અને કહેજો કે તેઓ નારીસમાજના હિત માટે તે પ્રાંતમાં યોગ્ય પગલાં લે. અને તેવો કાયદો પસાર કરે.' આવો શ્રીહરિએ સર માલ્કમના ચિત્ર નીચે ભલામણ પત્ર શુકમુનિ પાસે લખાવ્યો.

પછી આ પત્ર શ્રીહરિએ રામમોહનરાયને આપ્યો. અને તે લઈને મુંબઈ જાવા કહ્યું; પરંતુ તેનાથી તેને સંતોષ ન થયો. એટલે શ્રીહરિએ તેમની સાથે ગઢપુરથી દાદા ખાચરના કારભારી હરજી ઠક્કરને મોકલ્યા. અને કહ્યું, 'અમારા વતી તમે જાઓ. અમારા આશીર્વાદથી તમારું કામ સિદ્ધ થશે. કોઈ ચિંતા કરતા નહીં.'

ઈ.સ. ૧૮૨૮માં આ બંને મુંબઈના ગવર્નર સર માલ્કમને મળ્યા. શ્રીહરિએ આપેલો આ પત્ર બંનેએ સર માલ્કમને આપ્યો. પોતાની અદ્‌ભુત પ્રતિકૃતિ નિહાળી તે અચંબો પામી ગયા અને પૂછ્યું, 'આ ચિત્ર કોણે દોર્યું છે ?' ત્યારે હરજી ઠક્કરે કહ્યું કે, 'અમારા ભગવાન શ્રીહરિએ આધારાનંદસ્વામી દ્વારા આ આપનું ચિત્ર દોરાવેલ છે.' પછી ઉપરોક્ત બધી વાત કહી. અને શ્રીહરિએ કરેલાં સમાજ સુધારણાનાં અનેક કાર્યોની પણ વાતો કહી. પછી કહ્યું, 'સ્વામિનારાયણ ભગવાન માત્ર સમાજ સુધારણા માટે જ નથી, પરંતુ અનંત જીવાત્માઓનાં આત્યંતિક કલ્યાણ કરવાં સારું પ્રગટ થયા છે. અસંખ્ય લોકોને સમાધિમાં દિવ્ય દર્શન કરાવે છે. તે પ્રભુ હાલ ગઢપુરમાં બિરાજે છે. તેમના હજારો પરમહંસો પણ મહાસમર્થ છે.' આ રીતે શ્રીહરિના મહિમાની ઘણીક વાત કહી. અને આ રામમોહનરાયને મદદ કરવાની શ્રીહરિએ કહેલી ભલામણ પણ કહી.

પછી રામમોહનરાયે બંગાળમાં પણ આવાં નારી હિતના તથા સમાજ સુધારણાનાં કાર્યો થાય, તે માટે ત્યાંના ગવર્નરને ભલામણ પત્ર લખી આપવા અને તે માટે યોગ્ય પગલાં લેવાં માટે વ્યવસ્થિત રીતે વિનંતિ ભર્યા શબ્દો કહ્યા. અંતમાં ઊમેર્યું, 'સાહેબ ! આ કાર્ય કરવા જેવું છે. તેનાથી આપની કીર્તિ વધશે.'

ત્યારે શ્રીહરિએ સર માલ્કમના અંતરમાં રહી પ્રેરણા કરી. તેથી તેમણે તેમના ઉપરી અધિકારી બંગાળમાં નિમાયેલા પોતાના મિત્ર મિ.લોર્ડ વિલિયમ બેંટીનિક ઉપર એક ભલામણ પત્ર લખી આપી તેમાં પોતાની સહી કરી. ત્યાર બાદ હરજી ઠક્કરને કહ્યું, 'હવે આપ આપના વતનમાં જાઓ.' અને રામમોહનરાયને કહ્યું, 'તમો બંગાળ જાઓ. ત્યાંના ગર્વનરને આ પત્ર આપજો. જરૂર એ તમારું કાર્ય કરી આપશે.'

પછી હરજી ઠક્કર ગઢપુર આવ્યા. રામમોહનરાય પોતાના વતન બંગાળ ગયા. ઈ.સ.૧૮૨૯માં આ પત્ર ત્યાંના ગવર્નર મિસ્ટર લોર્ડ વિલિયમ બેંટીનિકને આપ્યો. તેણે ત્યાંની વર્તમાન સ્થિતિ તપાસી અને તેના ઉપર કેમ અંકુશ લેવો તેની યોગ્ય ગોઠવણી કરવા લાગ્યા. તેમ છ મહિના જેટલો સમય વિત્યો. ત્યાર બાદ એક વર્ષે ઈ.સ.૧૮૩૦માં બંગાળ નારીસમાજના હિતમાં સતિપ્રથા નાબૂદીનો કાયદો પ્રસાર કર્યો. આમ, અંગ્રેજોએ ભારતમાં આ કાયદો પ્રસાર કરેલો. આ રીતે બંગાળ પ્રાંતમાં સ્ત્રીસમાજ હિતનાં કાર્યો થયાં, સતીપ્રથા નાબૂદ થઈ. આવાં સમાજ હિતનાં કાર્યોમાં પણ શ્રીહરિએ આધારાનંદ સ્વામીને નિમિત્ત બનાવ્યા હતા.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિએ સ્વામી પાસે સરમાલ્કમનું ચિત્ર દોરાવ્યું અને સમાજમાંથી સતીપ્રથા જેવાં દૂષણો દૂર કર્યાં' એ નામે એકત્રીશમો અધ્યાય થયો. ॥૩૧॥

અધ્યાય - ૩૨

સ્વામીએ યમયાતના ગ્રંથની રચના કરી.

આધારાનંદસ્વામીએ શ્રીહરિની સાથે રહી મહારાજની મરજી મુજબ અનેકવિધ સત્સંગનાં કાર્યો કર્યાં હતાં. જેમ મહારાજ અને મોટા સંતોની જીભ વળે તેમ સ્વામીનું જીવન વળતું હતું. તેથી જ શ્રીહરિએ સ્વામીને અનેક સત્કાર્યોના નિમિત્ત બનાવ્યા છે. ત્યાર બાદ સં.૧૮૮૬ જેઠ સુદ-૧૦ શ્રીહરિએ સ્વેચ્છાથી અંતર્ધાન લીલા કરી.

સ્વામિનારાયણ ભગવાન સર્વાવતારી અને સર્વોપરી હતા, છતાંય સેવામૂર્તિ બનીને જીવન જીવ્યા છે. પોતે અતિશય વૈરાગ્ય અને અસંગી હતા, છતાં ભક્તવત્સલ બનીને રહ્યા છે. મહારાજ મહાસમર્થ હતા, છતાં સહુનું ખમતા રહ્યા છે, સહુને નમતા રહ્યા છે. અને ૪૯ વર્ષ સુધી મનુષ્યલીલા કરી પોતે અંતર્ધાન થયા, છતાં મોટા સંતો દ્વારા હંમેશાં પૃથ્વી ઉપર પ્રગટ રહ્યા છે. કેમ કે, એ તો સંતોના જીવનકાર્ય જ પ્રત્યક્ષ પુરાવારૂપે છે.

વૃક્ષોનાં પારખાં તેનાં ફળ-ફૂલથી થાય છે. ગમે તેટલું ઊંચું વૃક્ષ હોય પણ ફળ, ફૂલ કે છાયા ન આપતું હોય એવાં વાંઝિયાં વૃક્ષનો કોઈ અર્થ નથી. ગમે તેટલી મોટી ગાય હોય પરંતુ વરોળ ગાયને સેવવાનું કોઈ ફળ નથી. તેમ ગમે તેટલી વિદ્વત્તા, કળા કે ધર્મસત્તાનો ઊંચો હોદ્દો હોય પરંતુ શિષ્યોમાં ચારિત્ર્ય ઘડતર ન થાય, ધર્મશુદ્ધિ, જીવનશુદ્ધિ કે જ્ઞાનશુદ્ધિ ન થાય તો તે ધર્મસત્તા વિદ્વત્તાદિકનો કોઈ અર્થ નથી. માત્ર ઊંચા વિચારો આપ્યા કરવા એટલું જ મહાપુરુષનું લક્ષણ નથી, પરંતુ એ વિચારોનું સંતો-ભક્તોના અંતરમાં વાવેતર કરી તેમનું જીવન પરિવર્તન કરે તે ખરા અર્થમાં યુગપુરુષ કહેવાય.

સ્વામિનારાયણ ભગવાન અને તેમના પરમહંસો આવા મહાન હતા. જેમણે સમાજની શોભારૂપ અનેક સંતો-ભક્તો તૈયાર કર્યા છે.

એક એક સંતો-ભક્તોની જીવનગાથાના પ્રસંગો ગ્રંથોમાં કંડારાયા છે. જે આપણા અંતરમાં અતિશય પ્રેરણા પૂરે છે, રોમાંચ જગાડે છે. આ સંતોના જપ, તપ, ત્યાગ, વ્રત, ટેક, સેવા, સમર્પણ અને ભક્તિ સાથેની વિરક્તિ આપણા અંતરમાં અનોખું બળ જગાવે છે, નૂતન પ્રેરણાના સ્રોત વહાવે છે. આવી અનેક પ્રેરણા વહાવતું જીવન આધારાનંદસ્વામીનું છે. તેમનું રચેલું સાહિત્ય પણ આપણામાં જ્ઞાનશુદ્ધિ, ધર્મશુદ્ધિ, વૈરાગ્યશુદ્ધિ અને સમજણશુદ્ધિના પિયુષ પાય છે.

સોરઠા : **વળી આધારાનંદ, સાંપ્રદાયિક સાહિત્ય રચ્યું;**
આશ્ચર્યજનક આનંદ, તે જોઈ સહુ જન લૂંટતા હતા...૧૧૪

જે દિવસે ખોલડિયાદથી સુતાર કુળમાં જન્મેલા આ બાપ-બેટાએ વૈરાગ્યનો પંથ લીધો ત્યારે વિરજીની માતા મણિબાએ કહ્યું હતું કે, “તમારા બેમાંથી જે ઝાઝી શ્રીહરિ અને સત્સંગની સેવા કરી શકે તે સાધુ થજો. અને મહારાજને બંનેની જરૂર હોય તો બંને રોકાઈ જજો.” વળી, વિરજીને તો તેમની માતૃશ્રીએ ૧૭ વર્ષની ઉંમરે રાજી થઈ અંતરના આશીર્વાદ આપ્યા હતા કે, “બેટા ! જેમ શ્રીહરિ અને સંતો રાજી થાય એમ કરજે. તારા લોહીનું એક એક બુંદ શ્રીહરિ, સંતો અને સત્સંગની સેવામાં વાપરી નાખજે.” ખરેખર આધારાનંદસ્વામી સંત બન્યા પછી તેમનાં માતાનાં આ વચન સત્ય કરી બતાવ્યાં.

સોરઠા : **એવી સેવા અદ્ભુત, કરતા રહ્યા જીવનભર;**
ધન્ય ધન્ય એહ સપૂત, વચન માતાનાં સફળ કર્યાં...૧૧૫

આધારાનંદસ્વામીએ પોતાના જીવનમાં માત્ર ૨૩ વર્ષની ઉંમરે સૌ પ્રથમ **‘નારાયણ અંગચિંતામણિ’** ગ્રંથ રચ્યો. પછી **‘શ્રીહરિની સચિત્ર જન્મપત્રી’** તો તેઓએ શ્રીહરિની હયાતીમાં રચેલ છે. હવે શ્રીહરિના ધામગમન બાદ તેમના હાથે લખાયેલા ગ્રંથો વિષેનો થોડો પરીચય આપું છું.

આ સહુ વાતોનું સંશોધન ન કરીએ, સમજીએ નહિ, વિચારીએ નહિ, તો આ સંત કેવા મહાન હતા ? અને તેમણે આપણા માટે કેવા કેવા ઉપકારો કર્યા છે ? તે બધું જાણી ન શકીએ. સ્વામીએ અહંશૂન્ય બની પોતાનું જીવન સત્સંગને અર્થે કેમ વાપર્યું છે ? કેવું જીવન જીવ્યા છે ? તે બધા પ્રસંગો આપણને જીવન જીવવાનો રાહ બતાવે છે.

શ્રીહરિ ધામમાં ગયા પછી સ્વામીએ સૌ પ્રથમ ‘યમયાતના’ નામે ગ્રંથ લખ્યો. આ ગ્રંથ તેમણે સં.૧૮૯૬ આસો વદ-૧૪ના દિવસે વડતાલમાં રહીને પૂરો કર્યો છે. આ ગ્રંથમાં ૩૪૬ કડીઓ છે. ૨૮ નરકના કુંડોનું વર્ણન છે. જે જીવ જેવાં પાપ કરે તેને તેવું નરક મળે તેની સુંદર વિગત આપી છે. આ ગ્રંથ પદ્યમાં અને ગુજરાતી ભાષામાં છે. વળી, પોતાના હાથે જ તેનાં ચિત્રો દોરી જે તે વર્ણનને તાદૃશ કરી આપ્યું છે.

આ દુનિયામાં ગ્રંથો તો ઘણા છે, પરંતુ પોતે જેવું વર્ણન કર્યું હોય તેવાં જ ચિત્રો દોરી તેનું વર્ણન ખડું કરી શકે એવા સચિત્ર ગ્રંથો લખનારા કોઈક વિરલ વ્યક્તિ જ હોય છે. મારી દષ્ટીએ આ આધારાનંદસ્વામી એવા વિરલ સંત હતા. તેમણે સચિત્ર ગ્રંથ લખીને સત્સંગને ભેટ આપ્યો છે. માત્ર ૨૮ કડવાના આ ગ્રંથમાં ૬૦ ચિત્રો સ્વામીએ દોર્યાં છે. આજથી પોણા બસો વર્ષ પહેલાં જ્યારે કોઈ સુવિધા ઉપલબ્ધ ન હતી ત્યારની દૃષ્ટિએ વિચારીએ તો આ એક અદ્ભુત કામ કર્યું કહેવાય. વળી, તે સમયે કેવાં ચિત્રો બનતાં ? તે આજ જોવાથી જણાઈ આવે છે. વળી, તેના રંગકામમાં કેવા વનસ્પતિજન્ય દેશી રંગ વપરાતા, કે જે આટલા વર્ષોએ પણ હજુ એવાને એવા જ છે, બગડતા નથી. એ આ ગ્રંથ જોતાં અને વાંચતાં પ્રત્યક્ષ અનુભવાય છે.

આ ગ્રંથમાં સ્વામીએ યમપુરીમાં જીવાત્માને કેવાં કેવાં દારુણ દુ:ખો ભોગવવાં પડે છે ? તેનું હૃદયદ્રાવક લખાણ તથા ચિત્રણ કર્યું

છે. અને યમયાતનાનાં તથા જન્મમરણનાં દારુણ દુઃખ ટાળવાનો ઉપાય ભગવાનનો દૃઢ આશરો અને સદ્ગુરુ સંતનો સમાગમ બતાવ્યો છે. આ બે બાબત ઉપર સ્વામીએ ખૂબ જ વજન આપ્યું છે. જીવ જો શ્રીહરિનો આશરો કરે અને પ્રગટ સાચા સંતની સેવા-સમાગમ કરે તો જ ભવસાગર તરે. સદ્ગુરુને શરણે ગયા વિના જીવ માથેથી જમપુરી અને જન્મમરણનાં દારુણ દુઃખ મટતાં નથી. તેથી જ આ ગ્રંથમાં સ્વામી કહે છે કે,

દોહા : **શ્રીનારાયણ સ્વામીનો જે, ઉર ધરી દૃઢ પ્રતાપ;**
શરણે થાતાં તે જ ઘડી, છૂટે જીવ મહાપાપ.
સત્સંગ વિના જીવના, પાપ મટે નહિ ઘોર;
સત્સંગ કરે પાપ જાવે, શુભમતિ પામી સુનોર.

'જેને પ્રગટ હરિ કે પ્રગટ સાચા સંત મળે તેનું જન્મમરણ ટળે છે અને પરમપદ મળે છે.' એવું આ ગ્રંથમાં સુંદર વર્ણન કરેલું છે. સ્વામીએ આપણા માટે કરેલો આ દાખડો જોતાં સહેજે જ તેમના પ્રત્યે અહોભાવ પ્રગટ થાય છે.

દોહા : **ધરા પર ધર્મ સ્થાપવા, ધાર્યું'તું ધર્મકુમાર;**
આવા ગ્રંથો રચાવી, અમલમાં મૂક્યો વિચાર...૧૧૬

'ધરા ઉપર ધર્મ સ્થાપવો છે, અધર્મ કાપવો છે, શુદ્ધ મોક્ષમાર્ગ ચલાવવો છે, અનેક જીવોનાં દુઃખો અને દોષો ટાળવાં છે, સહુની વાસના બાળવી છે અને જીવને અક્ષરધામમાં વાળવા છે' આવો શ્રીહરિનો સંકલ્પ હતો. તે સંકલ્પને અમલમાં મૂકવા માટે શ્રીહરિએ પોતાના હાથમાં કલમ લઈ શિક્ષાપત્રી લખી છે, ઘણા પત્રો લખાવ્યા છે, વેદરસ લખાવ્યો છે, બીજા સંતો દ્વારા પણ ઘણું સાહિત્યનું સર્જન કરાવ્યું છે. પરંતુ તે સહુમાં આધારાનંદસ્વામીનું સાહિત્ય સર્જન અજોડ છે. શ્રીહરિની ઈચ્છામાં પોતાના શરીરના એક એક કોષને જેમણે વાપર્યા છે એવા આધારાનંદસ્વામીએ શ્રીહરિની ખૂબ સેવા કરી હતી.

મહારાજને રાજી કરવા તેમણે રાતદિવસ દાખડો કર્યો છે. જેમ આધારાનંદસ્વામીએ શ્રીહરિને રાજી કરવા પોતાનું આખું આયખું વાપરી નાખ્યું હતું, તેમ આજે પણ આ સત્સંગમાં રહી ઘણા સંતો-પાર્ષદો અને હરિભક્તો મોટા સંત જે જે કામ કરવાનો સંકલ્પ જાહેર કરે તેને માટે રાતદિવસ મથે છે, તન-મન-ધનથી સેવા કરે છે; જેને જે કળાઓ, ગુણો કે બુદ્ધિ હોય તે શ્રીહરિને રાજી કરવા સત્કાર્યમાં વાપરે છે; તેથી શ્રીહરિ તે સહુના ઉપર ખૂબ રાજી થાય છે.

આ સત્સંગમાં માત્ર શ્રીહરિ અને સત્સંગ માટે જ જીવનારા ઘણા બધા છે. એવા પ્રગટ સંતો-ભક્તોને ઓળખીએ, તેનો મહિમા સમજીએ, તેને વંદન કરીએ અને તેમના ગુણો ગ્રહણ કરીએ તો તેમના જેવા જ ગુણો આપણામાં પણ અવશ્ય આવે. કોઈ ધામમાં જતા રહે પછી તેના ગુણોને કે ખૂબીઓને ખોળી ખોળીને ગાઈએ તે સારી વાત છે; પરંતુ પ્રગટના ગુણો અને ખૂબીઓથી જીવમાં અસર બહુ થાય અને આપણી કસર પણ સહેજે જ ટળે.

માટે આજે પણ સત્સંગને અર્થે, શ્રીહરિ અને સંતોની સુખાકારી માટે જીવનારા, રાત્રી-દિવસ સેવા કરનારા, સંતો-ભક્તો કે ભાઈઓ-બહેનોને ઝીણી નજરેથી જોવા અને તેમને ઓળખી તેમાં ગાઢ પ્રીતિ કરવી, આત્મીયતા રાખવી; તો મફતમાં મોક્ષ મળી જશે, સહેજે આપણો ઉદ્ધાર થશે. પ્રગટની વાતોથી જીવમાં બળ બહુ આવે છે અને પ્રગટનું બળ જ જીવને સહેજે માયા પાર કરે છે. માટે શ્રીહરિ અને સંતો માટે જીવનારા સંતો-ભક્તોને હૃદયથી વંદન કરવા.

એમાં આધારાનંદજીએ, જબરો આપ્યો છે સાથ;
રાત દિવસ કર્યો દાખડો, રીઝવવા નિજ નાથ...૧૧૭

આધારાનંદસ્વામીના અંતરમાં મહારાજને રાજી કરવાની ભૂખ હતી. તેમને વ્યક્તિગત પોતાની આઈડેન્ટી કરવાનો શોખ ન હતો.

પોતાનું નામ કે ફોટો આવે એવી કોઈ ઈચ્છા ન હતી. કોઈ સ્ટેજ ઉપર બોલાવી પોતાને સન્માને કે હાર-તોરા કરે, બહુમાન થાય એવી વખાણની સહેજ પણ ભૂખ ન હતી. માત્ર એક શ્રીહરિ અને સંતોના રાજીપાની જ ભૂખ હતી. મારો મહારાજ મારા અંતરમાં પ્રગટ બિરાજે છે અને તે મારી તમામ સેવાને જાણે છે. બસ મારે તેમને રાજી રાજી કરવા છે. આ એક ભૂખે તેમણે રાત-દિવસ મહેનત કરી સત્સંગમાં અલૌકિક સાહિત્યનું સર્જન કર્યું છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ યમયાતના ગ્રંથ વગેરે રચનાની વાત કરી' એ નામે બત્રીશમો અધ્યાય થયો. ॥૩૨॥

અધ્યાય - 33

સ્વામીએ અક્ષરબાવની તથા શિક્ષાપત્રીભાષા રચી.

સં.૧૮૯૬માં સ્વામીએ યમયાતના ગ્રંથની રચના કરી. ત્યાર બાદ 'અક્ષરબાવની' નામનો નાનકડો ગ્રંથ સિદ્ધાનંદસ્વામીએ ગઢપુરમાં શ્રીગોપીનાથજી મહારાજની સાનિધ્યમાં રહીને લખ્યો છે. સં.૧૯૧૦ આસો સુદ એકાદશીએ આ ગ્રંથ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથનો મહિમા સમજાવતાં સ્વામી કહે છે કે,

सिद्धानंद के' अक्षर बावनी, यह ग्रंथ को नामा,
याकुं चित्त दई पढत सुनत, होवत निष्कामा,
अक्षर मिलत धाम जाहिमें, सुख हैं अपारा,
जन्म मृत्युको दुःख न होवत, वारमवारा;
संवत ओगनिसदश ही वर्ष, ग्रंथ कियो गढपुरमें,
आसो ही सुदी शुभ एकादशी, सिद्धानंद धरी हरिउरमें ॥५४॥

'જે કોઈ ચિત્ત દઈને આ ગ્રંથ વાંચે કે સાંભળે તે નિષ્કામી બને છે. જન્મ-મૃત્યુનાં દુઃખોને તરે છે અને અંતે અક્ષરધામમાં અપાર સુખને

પામે છે.' આ ગ્રંથમાં શ્રીહરિનો મહિમા તથા જગતનું નાશવંતપણું સમજાવ્યું છે. સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ આ ગ્રંથમાં કક્કાના અનુક્રમમાં ૫૪ છંદ-છપ્પઈ લખી છે.

આ ગ્રંથની અમે યુ.એસ.એ.ના ૨૦૦૯ના જ્ઞાનયજ્ઞમાં કથા કરી છે. અને તે 'શ્રીહરિચરિત્રામૃતસાગર ભાગ-૧૦'ના અંતમાં પ્રકાશિત કરેલ છે. સ્વામીએ જેમ હિંદી ભાષામાં આવા અનેક ગ્રંથો રચ્યા છે તેમ જ ગુજરાતી ભાષામાં ઘણાં કીર્તનો પણ લખ્યાં છે. પ્રથમ તો મનમાં એમ હતું કે, સ્વામીએ માત્ર ગ્રંથો જ રચ્યા છે; પરંતુ સ્વામીએ અદ્ભુત કીર્તનોની પણ સુંદર રચના કરી છે. આ કીર્તનો આપણ સહુને પ્રેરણા આપે એવાં છે. તેમનાં કીર્તનનો થોડો આસ્વાદ માણીએ.

પદ-૧

હું તો મોઈ રે શ્રીઘનશ્યામ...લટકે તારે રે;
વશ થઈ હું સુખના ધામ...લટકે તારે રે...૧
મુને ઝેર થયો રે સંસાર...લટકે૦ તમ ઉપર થયો બહુ પ્યાર...લટકે૦ ૨
તારે ચરણે ચોટ્યું ચિત્ત...લટકે૦ હવે સહુથી થઈ છું નચિંત...લટકે૦ ૩
સિદ્ધાનંદ કે' તન મન પ્રાણ...લટકે૦ લઈ વારું હું શ્યામ સુજાણ...લટકે૦ ૪

પદ-૨

મુને વાલા છો મહારાજ, સહજાનંદ સ્વામી;
મેં તો લોકની મેલી લાજ, સહજાનંદ સ્વામી...૧
હું તો મોઈ રે તમારે રૂપ...સહ૦ તમે ચરિત્ર કરો છો અનૂપ...સહ૦ ૨
છો બ્રહ્માદિકના નાથ...સહ૦ તમે સાયો મારો હાથ...સહ૦ ૩
સિદ્ધાનંદના જીવન પ્રાણ...સહ૦ છો સુંદર જાણ સુજાણ...સહ૦ ૪

સ્વામીની કલમે લખાયેલાં કીર્તનોમાં નિષ્ઠા અને પ્રેમ નીતરે છે. અજોડ સમર્પણભાવ આંખે ઊડીને દેખાય છે. અને અનેક વિષયો ઉપર

સ્વામીએ લખેલાં પદો ગાવાની પણ ખૂબ મજા આવે છે. સત્સંગમાં એક બાર માસનું પંદર કડીનું વિરહનું કીર્તન કીર્તનાવલીમાં છે,

શ્રીહરિ વહેલા પધારજો, સુંદર શ્યામ સુજાણ;
તમ રે વિના ઘડી પલમાં, જાશે મારા રે પ્રાણ...શ્રી૦

આ પદ શિઘ્રાનંદસ્વામીના નામથી છપાયું છે; પરંતુ ખરેખર તે શિઘ્રાનંદસ્વામીનું નથી સિદ્ધાનંદસ્વામીનું છે. તે આપણને હસ્તપ્રત મળી તેના આધારે જાણવા મળ્યું છે. માટે તમારી આગળ ખુલાસો કરું છું.

❊ શિક્ષાપત્રી દોહાવલી :

આ 'શિક્ષાપત્રી દોહાવલી' ગ્રંથ પણ સિદ્ધાનંદસ્વામીએ ગઢપુરમાં રહીને લખ્યો છે. આ ગ્રંથ સંવત ૧૯૧૩ ભાદરવા વદિ એકાદશીએ પૂર્ણ કર્યો છે. આ ગ્રંથમાં પૂ.સ્વામીએ સહુ સંતસમાજના સુખાર્થે ચિંતામણિ તુલ્ય એવી 'શિક્ષાપત્રી'ને હિંદી પદ્યમાં ગૂંથી છે. આ ગ્રંથ પણ શ્રીહ.ચ.સા.ભાગ-૧૦ના અંતમાં પ્રકાશિત કર્યો છે.

સ્વામીએ સત્સંગ ઉપયોગી આવાં અનેક સાહિત્યનું સર્જન કર્યું છે; છતાં તેમના હૈયાનું તાન તો શ્રીહરિની મૂર્તિમાં અખંડ જોડાયેલા રહેવું, તે જ હતું; બીજું કોઈ તાન હતું નહીં. પુસ્તકો લખવાં કરતાં તેમને પરમેશ્વર અને સંતો-ભક્તો જ પ્રધાન હતા, પુસ્તકો નહિ.

અને એમને તો માત્ર સંતો-ભક્તોનો રાજીપો રળવો એ જ પ્રધાન હતું. પુસ્તકો તેમને મન સાધન હતાં અને પ્રગટ સંતો-ભક્તોનો રાજીપો સાધ્ય હતો. આ બહુ મોટી વાત છે. કામ તો ઘણા ઘણું કરી શકે છે, પરંતુ જ્યારે વ્યક્તિ કોઈ કામ લઈને બેસે પછી તે કાર્યમય બની જાય છે. અને તે કામ જ તેનું સાધ્ય થઈ જાય છે. 'હું શા માટે આ કામ કરું છું ?' તે જ ભૂલી જાય છે.

જે સજાગ હોય તે આ વાતને જાણી શકે કે, 'હું મનને રાજી કરવા માટે આ બધું કરું છું ? કે સંતો-ભક્તોને રાજી કરવા માટે આ

કામ કરું છું ?' શ્રીહરિ અને સંતને અર્થે થાય તો જ તે સેવાકાર્ય ભક્તિ બને છે. આધારાનંદસ્વામી ક્યારેય કાર્યમાં બંધાણા નથી. કેમ જે, કાર્ય વડે થયેલો રાજીપો એ જ તેમનું લક્ષ્ય હતું. અને તેથી જ તેઓ તે રાજીપો મેળવીને શ્રીહરિની મૂર્તિમાં જ બંધાયા હતા. આપણે પણ ત્યાં સુધી પહોંચવાનું છે; એ વાત ક્યારેય ભૂલવી નહીં.

દોહા : **કરતા સેવા અતિ ઘણી, તોય હતા નિર્બંધન;**
બંધન રાખ્યું એક મૂર્તિનું, બીજું જાણ્યું વિઘન...૧૧૮
આવા નિર્લેપ આ સંતના, આપણે ગુણો શીખાય;
જોઈ સ્વામીના જીવનને, આપણે એવું થવાય...૧૧૯

સેવા કરતા તેમાં બંધાઈ ગયેલા તો ઘણા હોય છે, પરંતુ સેવા કરે છતાં અકર્તા બની તેનાથી નિર્બંધ રહે એવા સંતને વંદન છે. આધારાનંદસ્વામી આવા મહાન સંત છે. આવા નિર્બંધન સંતના ગુણો આપણે શીખીએ તો મોટું કામ થઈ જાય. નિર્બંધન અને નિર્વાસનિક થાવું એ જ સેવાદિક તમામ સદ્‌ગુણોનું ફળ છે. માટે સ્વામીના જીવનમાંથી આપણે આ શીખવું. વળી, સ્વામીની સાહિત્ય ક્ષેત્રે સહુથી મોટી સેવા 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ બનાવ્યો તે છે. હવે તે વિશે હું થોડીક વિસ્તારથી વાત લખું છું.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીએ અક્ષરબાવની તથા શિક્ષાપત્રીની રચના કરી તથા આજીવન એક રાજીપાનો જ આલોચ રાખ્યો' એ નામે તેત્રીશમો અધ્યાય થયો. ॥૩૩॥

અધ્યાય - ૩૪

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની રચના

શ્રીજીમહારાજ સ્વધામ સિધાવ્યા તેને ૨૭-૨૮ વર્ષનાં વાણાં વહી ગયાં. પોતાના પ્રિયતમ પ્રાણઆધાર શ્રીહરિને તથા તેમનાં ચરિત્રોને

સ્વામી સંભારતા રહ્યા. નાના-મોટા ગ્રંથો તથા કીર્તનો લખતા રહ્યા. આ રીતે સ્વામી સતત અનેક પ્રકારની સત્સંગની સેવા કરતા રહ્યા. પછી એક દિવસ સં.૧૯૧૪માં સ્વામીના અંતરમાં સંકલ્પ થયો કે, "ગોપાળાનંદસ્વામી, ગુણાતીતાનંદસ્વામી અને વિધાત્રાનંદસ્વામી જેવા મોટા મોટા સંતો દ્વારા નિત્ય સત્સંગમાં વાતો સંભળાય છે કે, 'શ્રીજીમહારાજના જેવો કોઈ અવતાર થયો નથી. મહારાજ તો સર્વોપરી અને સર્વ અવતારના અવતારી છે.' વળી, નિષ્કુળાનંદસ્વામીએ પણ પુરુષોત્તમપ્રકાશના પ્રકાર-૩૨માં કહ્યું છે કે,

આ વારનો જે અવતાર રે, એવો ન થાયે વારમવાર રે;
નથી આવ્યા ને આવશું ક્યાંથી રે, જન જાણજ્યો સૌ મનમાંથી રે.

આ બ્રહ્માંડની અડધી આવરદા પૂરી થઈ ત્યારે શ્રીહરિ પહેલીવાર અહીં પધાર્યા છે. સર્વે અવતારોનું મૂળ કારણ તથા તમામ દેવો-ઈશ્વરોના શક્તિદાતા અને સહુનું કલ્યાણ કરનારા શ્રીહરિ આ બ્રહ્માંડમાં પ્રથમવાર આવ્યા છે.

चोपाई :

सर्वोपरी यह भये अवतारा, एसे अवतार न भये कोउ वारा ।।
सर्वोपरी जो चरित्र कर ताही, सत्संग में जन बोलत रहाही ।।३७।।

આ શ્રીહરિનો સર્વોપરી અવતાર થયો છે. આવો અવતાર ક્યારેય થયો નથી. આ શ્રીહરિના સર્વોપરી અવતારની જેમ જ તેમનાં ચરિત્રો પણ સર્વોપરી છે. પરંતુ એનો સર્વોપરી ગ્રંથ જો લખાય અને તેમાં આ બધાં ચરિત્રો લખાઈ જાય તો લોકોને ભવિષ્યમાં તે બહુ જ ઉપયોગી બની શકે. કેટલાક સંતો આવું લાંબું વિચારી શકતા. મહારાજના સમયમાં ઘણા સંતો-ભક્તો શ્રીહરિની સર્વોપરીતાની વાતો કરતા હતા; પરંતુ તેના ગ્રંથ ન લખાયા એટલે આજ આપણે તેનું પ્રમાણ આપી ન શકીએ. લોકોને તો ગ્રંથથી જ શ્રીહરિની સર્વોપરીતા પ્રમાણભૂત થાય

છે. માટે એવો એક ગ્રંથ કરવો જોઈએ. પૂર્વે જે અવતારો થયા તેમને વિશે જેટલું લખાણું છે એટલું જ આજ લોકોમાં પ્રવર્ત્યુ છે. ગ્રંથમાં લખ્યા વિનાનું તો કાળે કરીને નષ્ટ થઈ જાય છે”

આવા વિચારો સ્વામીના અંતરમાં ઘોળાવા લાગ્યા. પછી વિ.સં.૧૯૧૪માં સ્વામીએ નક્કી કર્યું કે, ‘જો મહારાજ કૃપા કરે તો હું જ આ કામ કરું.’ આ રીતે શ્રીહરિ ધામમાં ગયા બાદ સત્યાવીશ-અઠ્યાવીશ વર્ષે સ્વામીના અંતરમાં આ ગ્રંથની પૂર્વભૂમિકા તૈયાર થઈ. તે વાત સ્વામીએ પોતે જ લખી છે...

सर्वोपरी ग्रंथ बिन ताके, प्रमान कबहु न होवत वाके ॥
लक्ष श्लोक होवे जिहां लगहु, ओर अवतार सम तिहां लगहु ॥३८॥

સર્વોપરી ગ્રંથ વિના કોઈ પાછલા દિવસોમાં આ વાતને પ્રમાણભૂત માની નહિ શકે. માટે એક લાખ શ્લોકો થાય ત્યાં સુધીનો એક વિશાળકાય ગ્રંથ લખવો. જેથી આ ગ્રંથ ઉપરથી લોકો શ્રીહરિને સર્વોપરી અવતારી કહેશે. કેમ જે, સર્વોપરી ગ્રંથ સિવાય અન્ય મતના લોકો ક્યારેય શ્રીહરિની સર્વોપરીતા તથા આ સંપ્રદાયની અને સંતની વાતને કબૂલ નહિ કરે. કારણ કે, બધા લોકો લૌકિક બુદ્ધિના હોય છે. જે લૌકિક બુદ્ધિવાળા મનુષ્ય છે, તેને લૌકિક કળાનો જ ભાર પડે છે. જે અલૌકિક બુદ્ધિવાળા માણસો હોય તે જ અલૌકિક વાતને સમજી શકે છે અને તેની કિંમત પણ કરી શકે છે. લૌકિક માણસોને અલૌકિક વાત સમજાવવી હોય તોપણ તેના માટે પ્રથમ લૌકિક માણસોને અનુરૂપ જ સમૈયા-ઉત્સવ કે સાહિત્યો રચવાં પડે છે.

વલ્લભાચાર્યજી મહારાજ આ વાતને યથાર્થ સમજતા. તેથી તેમણે બુદ્ધિ વાપરીને પુષ્ટિ સંપ્રદાયમાં ભક્તિમાર્ગની સુંદર પરંપરા અને સેવાની પદ્ધતિને ઉપસાવી. લૌકિક માણસોને જેવા શણગારો ગમે એવા ઠાકોરજીને શણગાર ધરાવ્યા. લૌકિક માણસોને કાચનાં, સોનાનાં કે

કલાકોતરણીવાળાં મંદિરોમાં ખેંચાણ હોય; એટલે એવાં પ્રકારનાં મંદિરોની રચના કરાવી. લૌકિક માણસોને ઉત્સવ-સમૈયામાં રસ હોય એટલે તેમણે રંગોત્સવ, હિંડોળાઉત્સવ, અન્નકૂટોત્સવ વગેરે ઉત્સવપરંપરા શરૂ કરાવી. તેથી જ વલ્લભાચાર્યજીની આ ભક્તિપરંપરાને શ્રીહરિએ પણ સ્વીકારી. અને તેમાં અમુક અમુક વિશેષતાઓ મહારાજે ઊમેરી. એટલે શ્રીહરિને સર્વે 'લલિતકળાના પોષક' તરીકેનું લોકોએ બિરૂદ આપ્યું છે.

આધારાનંદસ્વામીના મનમાં પણ આવા મોટા ગ્રંથનો આરંભ કરતાં આ જ વિચારો આવ્યા કે, 'લૌકિક બુદ્ધિવાળા મનુષ્યોને લૌકિક બાબતમાં રસ પડે છે. માટે એવા લોકો પણ આ સર્વોપરી ગ્રંથને જોઈને મનમાં આશ્ચર્ય પામશે. અને શ્રીહરિને બીજા બધા અવતારો કરતા પર – સર્વોપરી કહેશે.' *(સંદર્ભ : હ.ચ.સા.૧૫/૪૮)*

સ્વામીના અંતરનો આ અતિ મહત્ત્વનો પોઈન્ટ છે. સ્વામી અહીં ગ્રંથ લખવાનો હેતુ બતાવે છે કે, 'હું આ ગ્રંથ લખીશ તેથી સર્વ અવતારના અવતારી પૂર્ણપુરુષોત્તમનારાયણનો સર્વોપરી મહિમા લોકોને સમજાશે, તેમના ગળે ઊતરશે. આ વિચારમાંથી જ સ્વામી આવો મોટો ગ્રંથ લખવા પ્રેરાયા છે. 'શ્રીહરિની સર્વોપરીતા સહુ સંતો-ભક્તો સમજે એ જ સ્વામીને આ ગ્રંથ લખવાનો મુખ્ય હેતુ છે.' આ અતિ મહત્ત્વની બાબત છે. તેને કોઈક સુજ્ઞપુરુષો જ જાણી શકે છે.

સ્વામીના અંતરમાં તેમની **૫૯ વર્ષ**ની ઉંમરે આ ગ્રંથ લખવાનો સંકલ્પ થયો. પછી તે વાત તેમણે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ તથા મોટા મોટા સંતોને કહી. તેથી આચાર્યશ્રીએ તેમજ સંતોએ હર્ષભેર આ વાતને આવકારી. તેથી સ્વામીશ્રીએ રામાયણના જેવી સાદી-સરળ શૈલીમાં હિંદી ભાષામાં વડતાલમાં હાલ જે પ્રસાદીનો બુરજ છે તેની નીચે એક સરસ મજાનો સુશાંત ઓરડો છે તેમાં રહીને સં.૧૯૧૪,

જેઠ સુદ આઠમે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ લખવાની શરૂઆત કરી. આ વાત તેમણે જ આ ગ્રંથમાં કહી છે.

दोहा : ओगणसाठ तन वर्ष भये, ग्रंथ आरंभ हि किन ॥
संवत् ओगणिश चौदमें, जिष्ट शुदि अष्टमि दिन ॥११॥

જ્યારે આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો ત્યારે સ્વામીની ઉંમર ૫૯ વર્ષની હતી. પછી તો સ્વામી જે રીતે શ્રીહરિ પ્રેરણા કરતા ગયા તે રીતે એક પછી એક પૂર લખતા ગયા. સ્વામી દરેક પૂરના પ્રારંભે પ્રાયઃ આવું લખે છે કે, 'શ્રીહરિની કૃપાથી મને તેમનાં જેવાં ચરિત્ર અંતરમાં દેખાય છે તેવાં હું લખું છું. શ્રીહરિની મૂર્તિ અને તેમનાં ચરિત્ર જ્યારે હું કહેવાં લાગું છું ત્યારે તે બધાં મને દૃષ્ટિ આગળ પ્રત્યક્ષ દેખાય છે અને તે પ્રમાણે હું લખું છું. અને મને ખૂબ મજા આવે છે. કેમ જે, અખંડ વૃત્તિરૂપી મારો ધ્યેય સિદ્ધ થાય છે.' જેમ દેખાય તે પ્રમાણે લખવું તે બહુ જ મહત્ત્વની બાબત છે. બધા લેખકો આવા હોતા નથી. આ પરથી હું સ્વામીની અમુક વિશેષતાઓ ગણાવું છું.

(૧) સ્વામી કહે, 'હું જેવું ચિંતવન કરું તેવી મહારાજની મૂર્તિ મને દેખાય છે.' કોઈ વનમાં જઈ કેવળ પાંદડાં જ ખાય કે ઊંધે માથે તપ કરે તોપણ આ મૂર્તિનું જેવું ચિંતવન કરે અને તેવી જ દેખાય એ વાત શક્ય નથી. જેવું ચિંતવે એવી મહારાજની મૂર્તિ દેખાય તે સ્વામી અને શ્રીહરિની આંતરિક એકતા બતાવે છે.

(૨) 'શ્રીહરિ લખાવે તે મુજબ જ હું લખું છું.' આ વાતનો મને અતિશય ભાર પડ્યો છે. કેમ જે, સહુ માણસો પોતાના અંતરમાં વિચાર ચાલતા હોય તે પ્રમાણે લખે છે. ત્યારે સ્પષ્ટ શબ્દમાં સ્વામી કહે છે કે, 'શ્રીહરિ લખાવે તેમ હું લખું છું.' માટે સ્વામીના અંતરમાં રહી ખુદ શ્રીજીમહારાજ આ ગ્રંથના કર્તા થયા. અને સ્વયં શ્રીહરિ જે કાર્ય કરતા હોય તે કેટલું મહત્ત્વનું હોય ? તે વિચારવા યોગ્ય છે.

(૩) 'આયુષ્ય શ્રીહરિને આધીન છે. એક ઘડી કે પળનો પણ નિરધાર નથી.' અર્થાત્ મારી આયુષ્ય કાળ, કર્મ કે માયાને આધીન નથી. આપણે બધા કહીએ છીએ કે આપણે કાળને આધીન છીએ કે કર્મને આધીન છીએ. પ્રારબ્ધકર્મ પૂરું થાય પછી કોઈ બચાવી શકતું નથી. ત્યારે સ્વામી કહે છે, 'મારું આયુષ્ય શ્રીહરિને આધીન છે.' આ જ સત્સંગની અલૌકિકતા છે.

(૪) 'જ્યાં સુધી શ્રીહરિ કૃપા કરતા રહેશે ત્યાં સુધી ચરિત્ર લખતો રહીશ.' દેહનો એક ઘડી કે એક પળનો પણ નિર્ધાર નથી છતાં શ્રીહરિ લખાવશે ત્યાં સુધી હું શ્રીહરિચરિત્ર લખીશ. સ્વામીના દેહનો કાળ હરિના હાથમાં છે. વળી, સ્વામી કહે છે, 'હું શ્રીહરિની કૃપાથી લખું છું.'

(૫) 'સૂર્ય સિવાય આપણી આંખો કાંઈ દેખી શકે નહિ, તેમ શ્રીહરિની મૂર્તિની સ્મૃતિ સિવાય હું કાંઈ પણ દેખી કે લખી શકતો નથી.' જેમ સૂર્ય ન હોય તો કાંઈ દેખાય નહિ તેમ સ્વામીને મહારાજની મૂર્તિ વિના કાંઈ દેખાતું કે લખાતું નથી. આ તેમના અંતરની સ્થિતિને ઓળખાવે છે.

(૬) 'જ્યાં સુધી ભગવાનનો રાજીપો રહેશે અને શરીરની સાનુકૂળતા રાખશે, ત્યાં સુધી શ્રીહરિનાં જેટલાં ચરિત્રો છે તેને શ્રદ્ધા રાખીને મારે લખવાં છે.' મહારાજ ન લખાવે કે મહારાજની ઈચ્છા ન હોય તો મારે કાંઈ લખવું નથી. મારા તમામ શ્વાસો તેમના રાજીપા માટે જ છે. આ વાત પણ અતિ મહત્ત્વની છે.

(૭) 'શ્રીહરિનાં આ ચરિત્રને લખું છું, ત્યાં સુધી જેવા શ્રીહરિ હતા અને જેવાં ચરિત્ર તેમણે કર્યાં હતા તે મને પ્રત્યક્ષ સમીપ દેખાય છે. આ ચરિત્ર લખવામાં આટલો મને લાભ થાય છે.' આ ચરિત્ર મને પ્રત્યક્ષ દેખાય છે અને જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી લખું છું.

મને લખવાની મજા આવે છે; તેથી હું આ મહિમાસભર ગ્રંથ લખવાનો લાભ લઉં છું. આ દિવ્ય ચરિત્રના માધ્યમે મહારાજનું ધ્યાન ધરું છું.

चोपाई :

न देखे कबहु हरि कु जाही, चरित्र करीके तिनकु ताही ॥
प्रत्यक्ष हरि देखे में आते, देखनेकी जीमी रीत रहाते ॥३१॥

હવે સ્વામી સ્પષ્ટ કહે છે કે, 'મેં તો મહારાજને જોયા છે, મહારાજની ભેળો રહ્યો છું, આ હાથેથી તેમની સેવા કરી છે, આ દેહથી તેમને અનેકવાર ભેટ્યો છું. માટે હું ચરિત્ર ન લખું છતાં મને તો જેવું ચિંતવું તેવા શ્રીહરિ દેખાય છે; પરંતુ જેણે ક્યારેય શ્રીહરિનાં દર્શન કર્યાં ન હોય, તેને માટે શ્રીહરિનાં પ્રત્યક્ષ દર્શનની જેમ રીત હોય એવી રીતે આ શ્રીહરિનાં ચરિત્ર લખું છું.'

આગામી પેઢીના ઉદ્ધાર માટે સ્વામીએ આ ગ્રંથ રચ્યો છે. કેમ જે, તેઓ જ્યારે આ ચરિત્ર વાંચશે ત્યારે તેમને ભગવાનની પ્રત્યક્ષ મૂર્તિ દેખાશે. માટે આ ચરિત્રનો ગ્રંથ વાંચવા જેવો, સાંભળવા જેવો અને અંતરમાં ઉતારવા જેવો છે. આ બધા પોઈન્ટો સમજવા જેવા છે.

(સંદર્ભ : હ.ચ.સા. ૨૭/૨૦)

એકવાર સ્વામી ગ્રંથ લખતા હતા ત્યારે કોઈ સંતે આવીને કહ્યું કે, 'સ્વામી, જય સ્વામિનારાયણ.' સ્વામીએ તેમને આવકાર્યા. પ્રેમથી પાસે બેસાડ્યા. ત્યારે તે સંત કહે, 'હે સ્વામી ! તમે આ સ્થળે મહારાજ હાથીની સવારી ઉપર બેઠા હતા, એમ વર્ણન કર્યું તે બરાબર નથી; કેમ જે, તે પ્રસંગે હું હાજર હતો. ત્યાં મહારાજ ઘોડેસવાર થયા હતા અને શ્રીહરિની શોભાયાત્રા નીકળી હતી.' ત્યારે સ્વામી કહે, 'મને જેવા શ્રીહરિ પ્રત્યક્ષ દેખાય છે અને અનુભવાય છે તેમ હું આ ચરિત્રો અને ગ્રંથ લખું છું. તમને જેમ દેખાતા હોય તેમ તમે લખજો.'

આ પ્રશ્ન માત્ર તે એક સંતનો ન હતો, આ 'શ્રીહરિચરિત્રામૃત-

સાગર' ગ્રંથ વાંચનાર આપણા બધાનો છે. સ્વામી દાદા ખાચરના દરબારમાં સોનાની થાંભલીઓ હતી એમ લખે, વળી ઠેર ઠેર સોનાની અંબાડીવાળા હાથી ઉપર શ્રીહરિ બિરાજતા એમ લખે. તેથી વાંચનારાને સહજ એમ થાય કે, 'આવું હશે..?' પરંતુ મહારાજે સ્વામીના અંતરમાં રહી આપણા સહુની માટે આ ઉત્તર આપ્યો છે કે, 'જેવા મને મહારાજ દેખાય છે, તેવું હું લખું છું. મારા અનુભવો લખું છું.' માટે આવા અલૌકિક સ્થિતિવાળા આ સતંનાં ચરણોમાં વંદન.

સ્વામીના અનુભવના ખજાના જેવો આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ શ્રીજીમહારાજની રોજનીશી જેવો છે. તેમાં શ્રીહરિની લીલા, ઉપદેશ તથા મૂર્તિનું વિગતવાર ઝીણવટભર્યું વર્ણન કર્યું છે. સ્વામી ઘણીવાર લખે છે કે,

सोरठा : कोटिमेसु एक, बात लिखत हे याद कर ।।
बात रहेउ अनेक, आयुष रहे निरधार बिन ।।२८।।
पलक नहि निरधार, तन रहे यह इस विध हि ।।
श्रीहरि धर्मकुमार, आयुष हाथ हि रहे यह ।।२९।।

કરોડો બાબતમાંથી કોઈ એક વાત યાદ કરીને લખું છું. વાતો અનેક છે, આયુષ્યનો કોઈ નિર્ધાર નથી. આ દેહનું આયુષ્ય તો શ્રીહરિના હાથમાં છે. શ્રીહરિએ મનમાં જેવો ધાર્યો છે તેવો આ ગ્રંથ થશે.

આ ગ્રંથની ભાષા ઉપર કોઈ મહત્ત્વ આપતા નહીં. કેમ જે, સ્વામીએ ભાષા કરતાં ભગવાનના રાજીપાને વિશેષ મહત્ત્વ આપ્યું છે. અને ભાષા તો અમુક વર્ષે બદલાતી રહી છે. મોટા પુરુષોની વાણીમાં અમુક આજકાલના વ્યાકરણના નિયમો બધી જગ્યાએ બંધ ન પણ બેસે. તેનો અર્થ એવો નથી કે, 'તે વાત ખોટી છે.'

સ્વામીને પોતાના શરીરની પણ કોઈ પરવા નથી. તેઓ વારે વારે કહે છે કે, 'મારું આયુષ્ય શ્રીહરિના હાથમાં છે. હું તો જેમ

પવનને આધારે ધજા ફરે તેમ શ્રીહરિના આધારે ચાલનારો છું, લખનારો છું.' આવી સ્વામીની અજોડ નિષ્ઠા અને સમજણ હતી.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની રચના તથા મહત્ત્વ વિશે કહ્યું' એ નામે પચ્ચીસમો અધ્યાય થયો. ॥૩૪॥

અધ્યાય - ૩૫

આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે.

સ્વામી લખે છે કે, "વડતાલ ધામમાં રહેતા થકા હું આ ગ્રંથ લખતો હતો. તેમાં આ ગ્રંથના ૧૫માં પૂરનો ૪૧મો તરંગ હું જ્યારે લખી રહ્યો ત્યારે સં.૧૯૧૯, મહા સુદ બીજને દિવસે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ અક્ષરવાસી થયા. જે દિવસથી મેં આ ગ્રંથ લખવાનો આરંભ કર્યો તે દિવસથી રોજ આચાર્યશ્રી મારી પાસે આવીને મને પૂછતા કે, 'સ્વામી, કેટલી વાત લખાણી ?' આ ગ્રંથના ઘણાં પાનાં તો તેમની માટે નિત્ય નવીન રહેતાં; અર્થાત્ આચાર્યશ્રી રઘુવીરજી મહારાજ આ ગ્રંથનું વાંચન કરી આશ્ચર્ય અનુભવતા અને કહેતાં કે, 'વાહ..! કેવા ચરિત્રો લખાણાં છે ? કેવો મહિમા લખાણો છે ? કેવી અદ્‌ભુત વાત લખાણી છે ?' આમ તેમને નવીન ને નવીન વાતો લાગતી હતી.

આ ગ્રંથના પ્રારંભના પાંચ પૂરોની કથા તો આચાર્યશ્રી રઘુવીરજી મહારાજે તેમની હયાતીમાં કરાવી હતી અને સાંભળી હતી. આ ગ્રંથના પૂર વાંચીને તેઓ અતિ પ્રસન્ન થતા અને એવું બોલતા કે, 'આ ગ્રંથના પૂરમાં જેટલી મહાન વાતો આવી તે બધો ઉપદેશ આશ્ચર્યકારી છે.' કેમ જે, આ ગ્રંથનો ઉપદેશ રઘુવીરજી મહારાજના અંતરને હચમચાવતો હતો; હૃદયમાં સ્પર્શી જતો. એટલે કહે છે કે, આ ગ્રંથમાં શ્રીજીમહારાજનો ઉપદેશ લખાયો છે તે આશ્ચર્યકારી અને અદ્‌ભુત છે."

બીજી વાત, રઘુવીરજી મહારાજને આ ગ્રંથમાં શ્રીહરિએ જે જે ચરિત્ર કર્યાં હતાં તેનું સ્વામીએ સુંદર વર્ણન કર્યું છે તે વાત સ્પર્શી ગઈ હતી. અને ત્રીજી વાત, શ્રીજીમહારાજે સંતો-ભક્તોને જે રીતે વર્તાવ્યા છે, તે બધું જેવું છે તેવું આ ગ્રંથમાં લખાયું છે; તેવું બીજે ક્યાંય, કોઈ ગ્રંથોમાં લખાયું નથી. માટે આ ગ્રંથ અજોડ છે, આ ગ્રંથનો જોટો જડવો અશક્ય છે. અર્થાત્ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' જેવો ગ્રંથ આજે વિશ્વમાં ક્યાંય નથી. *(સંદર્ભ : હ.ચ.સા.૧૫/૪૮)*

સોરઠા : **નથી જોટો જગમાંય, હરિચરિત્રામૃત સાગરનો;**
ગ્રંથ બન્યો મહાકાય, યુગ યુગ ગુણલા કે'તો રે'શે...૧૨૦
સર્વોપરી સુખદાય, મહિમા ગાશે મહારાજનો;
ગાતો રહેશે સદાય, અવતારના અવતારીને...૧૨૧

આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' જેવો ગ્રંથ યુગો સુધી શ્રીહરિનો સર્વોપરી મહિમા કહેતો રહેશે. સર્વાવતારી શ્રીહરિના ગુણલા ગાતો રહેશે. અને જે કોઈ આનો પાઠ કરશે તેને મહાસુખ આપતો રહેશે.

❊ અધૂરા કામે પણ અંતર પૂર્ણ :

સં.૧૮૮૨ની સાલ સુધીની લીલા આ ગ્રંથમાં લખાઈ છે. પરંતુ સ્વામીના અંતરમાં પૂર્ણતા છે. તેથી જ વારે વારે સ્વામી કહે છે કે, 'જ્યાં સુધી શ્રીહરિની ઈચ્છા હશે, ત્યાં સુધી હું આ ગ્રંથ લખીશ. જ્યારે મહારાજ મને ધામમાં લઈ જશે ત્યારે સુખેથી ત્યાં શ્રીહરિની સેવા કરીશ.' તેથી કદાચ સ્વામીને પણ આ ગ્રંથ પૂર્ણ નહિ થાય એવો અંદાજ આવી ગયો હશે એવું જણાય છે.

પૂ.સ્વામી 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથના એક પછી એક પૂર લખતા ગયા. અમુક પૂરના અંતે તથા આરંભમાં પોતે કયા વારે અને કઈ તિથિએ તે પૂરનો આરંભ કર્યો છે અથવા પૂર્ણ કર્યું છે, તે પણ આ ગ્રંથમાં લખ્યું છે. તેની વિગત હવે લખું છું.

પૂર-૧ સં.૧૯૧૪ જેઠ સુદ-૮ વડતાલ ધામમાં ગ્રંથનો આરંભ કર્યો.
પૂર-૯ સં.૧૯૧૬ વડતાલ ધામમાં રહીને પૂરું કર્યું છે.
પૂર-૧૦ સં.૧૯૧૬ વૈશાખ વદ-૫ ને ગુરુવારે વડતાલમાં પૂરું કર્યું છે.
પૂર-૧૧સં.૧૯૧૭ ભાદરવા સુદ-૧ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું.
પૂર-૧૩સં.૧૯૧૮ માગશર વદ-૪ના રોજ વડતાલમાં પૂરું કર્યું છે.
પૂર-૧૪સં.૧૯૧૯ કારતક સુદ-૫ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું.
પૂર-૧૫સં.૧૯૧૯ જેઠ સુદ-૫ ને શુક્રવારે વડતાલમાં પૂરું કર્યું છે.
પૂર-૧૬ સં.૧૯૨૦ દ્વિતીય શ્રાવણ વદ-૮ ને શનિવારે વડતાલમાં પૂરું કર્યું.
પૂર-૧૭ સં.૧૯૨૧ આસો સુદ-૩ ને સોમવારે વડતાલમાં પૂરું કર્યું.

આમ, સ્વામીએ સં.૧૯૧૪ થી ૧૯૨૧ એટલે કે સાત વર્ષ ને ચાર મહિનામાં સત્તર પૂર લખ્યા છે. ત્યાર બાદ પણ સ્વામી શક્તિ પ્રમાણે ભક્તિ કરતા રહ્યા. અને એક પછી એક તરંગ તથા પૂરો કરતા રહ્યા. વચ્ચે સ્વામી બે ત્રણવાર બીમાર પડી ગયા. એવો પોતે જ આ ગ્રંથના ૨૭ અને ૨૮ના પૂરમાં ઉલ્લેખ કર્યો છે. ૨૮ પૂર પૂરા થયા. ૨૯માં પૂરનો આરંભ કર્યો તેના ત્રણ તરંગ લખાયા. અને ચોથા તરંગની ૨૮ પંક્તિઓ લખાઈ છે. પછી સ્વામી લખી શક્યા નથી. સં.૧૯૨૮ માગશર સુદ-૭, તા.૧૮/૧૨/૧૮૭૧ ને સોમવારના રોજ સ્વામી અક્ષરવાસી થયા. એટલે કુલ ૧૩ વર્ષ, ૫ માસ અને ૧૪ દિવસ સ્વામીએ આ ગ્રંથ લખ્યો.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'આ ગ્રંથની અજોડતા તથા સ્વામીની પૂર્ણકામતા વર્ણવી' એ નામે પાંત્રીશમો અધ્યાય થયો. ॥૩૫॥

અધ્યાય - ૩૬

શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષતા

જેમ નદીઓમાં ગંગા શ્રેષ્ઠ છે, મણિઓમાં ચિંતામણિ શ્રેષ્ઠ છે, પર્વતોમાં હિમાલય શ્રેષ્ઠ છે; તેમ દુનિયાના તમામ ગ્રંથોમાં આ

'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ શ્રેષ્ઠ છે, બેનમૂન છે. આ ગ્રંથમાંથી અનેક પ્રકારની અમૃતની ધારાઓ વહે છે. આને જે કોઈ નિયમ રાખીને વાંચે, ગાય કે સાંભળે તેનો બેડો પાર થઈ જાય, એવો આ ગ્રંથ છે.

ચોપાઈ :

ગ્રંથ હરિનાં ચરિત્ર રૂપ રે, અમૃતવત અતિ સુખરૂપ રે;
ઉપદેશાત્મક અતિ સારો રે, સંજીવની ઔષધિથી ન્યારો રે...૧૨૨

અનુભવી ભોમિયાની જેવો રે, પ્રગટ સદ્‌ગુરુ સંત હોય તેવો રે;
સારે ગરજ અતિ અજોડ રે, નથી જગમાં આની બીજી જોડ રે...૧૨૩

જેમ અમૃત પીધે રોગ જાય રે, તેમાં સર્વે ઔષધિઓ સમાય રે;
તેમ આ ગ્રંથ છે સુખદાય રે, લોકે પરલોકે સુખિયા થવાય રે...૧૨૪

આમાં આત્યંતિક મોક્ષકારી રે, સર્વે વાતો સમાવી છે સારી રે;
આના સેવનથી અંતર રોગો રે, નાશ પામે સર્વે વિષય ભોગો રે...૧૨૫

એવો અતિ આ ગ્રંથ અણમોલ રે, ના'વે હરિચરિત્ર સમતોલ રે;
માટે આ ગ્રંથનું જે જે જન રે, કરે એકાગ્ર મનથી વાંચન રે...૧૨૬

કરી શ્રવણ ચિંતવશે મન રે, તેના સર્વે ટળશે વિઘન રે;
સહેજે પામશે સર્વોપરી ધામ રે, કૃપા કરશે એવી ઘનશ્યામ રે...૧૨૭

એમાં કોઈ સંશય ન કરશો રે, આને સેવશો તો હરિ વરશો રે;
જેનાં કોટિ જન્મનાં સુકૃત રે, ઊગ્યા હોય તે પીવે આ અમૃત રે...૧૨૮

કહે જ્ઞાનજીવન ગુણ ગાય રે, આવા ગ્રંથને સેવજો સદાય રે;
હરિચરિત્રામૃતનો સાગર રે, તમે રહેશો ના એના વગર રે...૧૨૯

સુખી થાવું હોય તો આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથને વાંચ્યા-સાંભળ્યા વિના રહેશો નહીં. આ ગ્રંથ જે કોઈ શ્રવણ કરી મનમાં ચિંતવશે તેનાં તમામ વિઘ્નો ટળશે, ભગવાનનું સર્વોપરી અક્ષરધામ મળશે. રોગી હશે તે નિરોગી થશે, દુખિયા હશે તે સુખિયા થશે. આ લોક અને પરલોકના તમામ મનોરથ સિદ્ધ થશે. આમાં કોઈ સંશય

કરતા નહીં. જેના અનંત જન્મના પુણ્ય ઉદય થાય એ જ આ ગ્રંથરૂપી અમૃતનું પાન કરી શકે છે.

સમગ્ર ભારતમાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથ હિંદી સાહિત્યની દૃષ્ટિએ અદ્વિતીય ગ્રંથ છે. હિંદી સાહિત્યના ઇતિહાસમાં હજુ સુધી બીજો કોઈ આટલો મહાન ગ્રંથ રચાયો નથી. મહાભારતને ભારતીય વિદ્વાનો પંચમ વેદ ગણે છે. મહાભારતની સ્પર્ધા કરે એવો આ ગ્રંથ છે. પરંતુ આ બન્ને ગ્રંથની સમાલોચના કરીએ તો આખો મહાભારત ગ્રંથ કોઈ અભ્યાસની દૃષ્ટિએ વાંચે તો 'મારે કોની ઉપાસના કરવી ? કોનો સંગ કરવો ? કેવા સંગનો ત્યાગ કરવો ? શું કરવાથી મારું જીવન બદલે ? હું ભગવાનને કેવી રીતે પામું ?' આવી બધી વાતો બહુ જ ઓછી જોવા મળે છે. આજ્ઞા અને ઉપાસના આ બે ધામમાં જવાની પાંખો છે; પરંતુ મહાભારત ગ્રંથમાં અનેક જગ્યાએ શિવ, શક્તિ, સૂર્ય, વિષ્ણુ, બ્રહ્મા, ઇન્દ્ર વગેરે ભિન્ન-ભિન્ન દેવોની સ્તુતિ તથા ઉપાસનાનું વર્ણન આવે છે. તેથી મુમુક્ષુને જલદી નક્કી ન થાય કે 'મારે કોની ઉપાસના કરવી ?'

જ્યારે 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથમાં તો તરંગે તરંગે જીવને જાગ્રત કર્યા છે. વળી આજ્ઞા, ઉપાસના તથા મોક્ષના પાયારૂપ એવા ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય તથા માહાત્મ્યે સહિત ભક્તિનું વર્ણન કર્યું છે. તથા મોક્ષના દાતા એવા શ્રીહરિ અને સંતો-ભક્તોનો અસીમ મહિમા કહ્યો છે. વળી મહિમા અને સદ્‌ગુણો કેળવવામાં વિઘ્નરૂપ એવા કુસંગ અને દંભાદિક અધર્મ સર્ગનું અતિ ખંડન કર્યું છે. અને સ્વામીએ સત્સંગનું અતિશય મંડન કર્યું છે, સત્સંગનો મહિમા ખૂબ ગાયો છે. જેથી જીવન જીવવાનો તથા મોક્ષનો રાજમાર્ગ સહુને સહેજે સ્પષ્ટ જણાઈ આવે છે.

સોરઠા : **ધન્ય ધન્ય આવો ગ્રંથ, સંત આધારાનંદે કર્યો;**
પ્રગટ મોક્ષનો પંથ, હરિચરિત્રામૃત સાગર છે...૧૩૦

મળે ન જગમાં જોડ, હરિચરિત્રામૃત સાગરની;
એવો છે ગ્રંથ અજોડ, મોક્ષ આત્યંતિક આપે એવો...૧૩૧

માટે પ્રગટ મોક્ષના પંથને બતાવતો અને આધારાનંદસ્વામી જેવા સિદ્ધયોગી સંતે લખેલા આ 'શ્રીહરિચરિત્રામૃતસાગર' ગ્રંથને લાખો લાખો ધન્યવાદ છે. આ ગ્રંથની જોડ જગતમાં મળવી અશક્ય છે. આત્યંતિક મોક્ષને અપાવતો એવો આ ગ્રંથ વિશ્વમાં અજોડ છે.

જેમ સપ્તરંગી મેઘધનુષ્ય આકાશને શોભાવે, ઘરેણાં શરીરને શોભાવે તેમ શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથનું પઠન-મનન હજારો માનવ-જીવનને શોભાવે એવું છે. મહાભારતની અનેક હસ્તપ્રતો મેળવી ભાંડારકર ઓરિયન્ટલ રીસર્ચ-પૂના વાળાએ શ્લોકની ગણના કરી તો તેમાં ૮૪,૦૦૦ શ્લોકો થયા છે. જ્યારે પુર્તિ સહિત આ ગ્રંથમાં **૧,૦૨,૫૫૧** છંદ-ચોપાઈઓ છે. દોહા, સોરઠા, ચોપાઈ અને છંદોમાં ગૂંથાયેલા આ ગ્રંથમાં ખરેખર ગંગા નદીની જેમ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને પરાભક્તિના પૂર વહે છે. મહિમા, દિવ્યભાવ, સ્નેહ, સમર્પણ, ગુણગ્રાહી દૃષ્ટિ તથા અંતરખોજના તરંગો તો વારંવાર રેલાય છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથની વિશેષતા વર્ણવી' એ નામે છત્રીસમો અધ્યાય થયો. ॥૩૬॥

અધ્યાય - ૩૭

ગ્રંથની સર્વોપરીતા અને શ્રીહરિના હૃદગત સિધ્ધાંતો

જેમ સ્વામિનારાયણ ભગવાન સર્વોપરી છે, તેમ જ તેમની વિશાળ જીવનગાથાને વર્ણવતો આ ગ્રંથ પણ સર્વોપરી છે. શ્રીહરિના નાનાં-મોટાં તમામ લીલાચરિત્રોમાં અવગાહન કરાવતો તથા સત્સંગની સર્વોપરીતાને વારંવાર કહેતો આ ગ્રંથ ખરેખર અદ્વિતીય છે.

આ ગ્રંથ માત્ર આકારથી જ વિશાળ છે, એમ નથી. ઘણા માણસો જાડા હોય પરંતુ બળ ન હોય, પરંતુ આ ગ્રંથ વિશાળતાની સાથોસાથ તે સમયના સમાજની રચના, ઐતિહાસિક ઘટનાઓનું વર્ણન અને લોકોના રીત-રિવાજને પણ તાદૃશ્ય કરી આપે છે. વળી, માનવજીવનનાં મૂલ્યોને બદલી આપે એવો જીવંતબોધ પણ આ ગ્રંથમાં વારંવાર અમૃતની પેઠે રેલાયો છે. જીવનપરિવર્તન કરવાની, સમજણ સુધારવાની અમોઘ તાકાત આ ગ્રંથમાં રહી છે. વળી, આ ગ્રંથમાં ભગવાન અને સાચા સંતના કૃપાપાત્ર બનવાની અલૌકિક શક્તિઓ સમાયેલી છે.

ભારતની રાષ્ટ્રીય ભાષામાં લખાયેલો આ ગ્રંથ ખરેખર રાષ્ટ્રીય એકતા, સાંપ્રદાયિક એકતા અને ભક્તોની ભગવાન સાથેની આંતરિક એકતા કરતો મહાન સેતુ સમાન છે. આમ, વિશાળતાની સાથે અનેક આધ્યાત્મિક વૈભવના ખજાનારૂપ આ ગ્રંથ છે. તેમાં અનેક સાચા હીરા, માણેકો અને મણિઓ સમાયેલા છે. તેમાંથી થોડાં સારરૂપ રત્નો હવે લખું છું.

❊ આ ગ્રંથ સાંપ્રદાયિક સિદ્ધાંતોનો ખજાનો છે :

ભવિષ્યમાં આ ગ્રંથનો સંપૂર્ણ અભ્યાસ કરનારા ઘણા વિરલાઓ થશે. ઘણા આ ગ્રંથ ઉપર પી.એચ.ડી. કરશે અને અનેક પ્રકારની વિભાવનાઓ કરી અનેક પ્રકારનાં તારણો કાઢશે. આપણે તો અહીં થોડુંક, તે પણ ટૂંકમાં જોવું છે. આ ગ્રંથમાં સ્વામીએ સૈદ્ધાંતિક બાબતોને ખૂબ જ વર્ણવી છે. તથા શ્રીહરિના હૃદગત અભિપ્રાયોને અનેક જગ્યાએ ખુલ્લા વર્ણવ્યા છે. જેમ કે, મહારાજ આ ગ્રંથમાં ૫/૫૮માં કહે છે,

चोपाई :

दासानुदास हरिजन के होऊ, इतनो घाट रहत हे मोऊ ।
धर्म भक्ति वैराग्य रु ज्ञाना, ताको निशदिन रखना ताना ।।

આ ચોપાઈમાં બે બાબત ખુલ્લી કરે છે : (૧) ભગવાનના

દાસના પણ દાસ થઈને રહેવું. સ્વામી કહે છે, 'મને તો અખંડ હરિભક્તના પણ દાસ થઈને રહેવું; એવું અંતરમાં વર્તે છે.' આવી તેમની સરળતા અને અહંશૂન્યતા છે. અને (૨) ધર્મ, ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાન -- આ ચાર સાધનો સિદ્ધ કરવાનું અખંડ તાન રાખવું. આ ચાર સાધનોને જ એકાંતિક ધર્મ કહેવાય છે. અને તેનાથી જ આત્યંતિક મોક્ષ થાય છે. આ બંને બાબતોનું આ ગ્રંથમાં બહુ જગ્યાએ ખૂબ પ્રતિપાદન કરેલું છે. વળી, બ્રહ્મવિદ્યા કોને કહેવાય ? તે સમજાવતાં ધમડકામાં વિશાળ સભાને સંબોધતાં મહારાજ કહે છે,

सोरठा : स्मृति दिन अरु रात, हरि मूर्ति की करावे जेहु ।
ब्रह्मविद्या सो साक्षात्, हम निश्चे सो कीये हि तेउ ।। (७/१५)

શ્રીહરિ કહે, 'અમે નિશ્ચય કર્યો છે કે જે રાત-દિવસ ભગવાનની મૂર્તિની સ્મૃતિ કરાવે તેને જ અમે મૂર્તિમાન બ્રહ્મવિદ્યા કહીએ છીએ.' ભગવાન ભુલાડે તે માયા અને શ્રીહરિની સ્મૃતિ કરાવે તે બધી જ વાતો બ્રહ્મવિદ્યા છે. વળી, જૂનાગઢમાં એકવાર મહારાજ આ વાતને સમજાવતાં ૧૧/૬૧માં કહે છે,

चोपाई :

अमायिक कर देखे सब तेहु, अमायिक जो कहावत जेहु ।
सुलट समझ मोक्षदायी जेती, ब्रह्मविद्या सो कहावत तेती ।।

જે ભગવાનના સંતો-ભક્તોને અમાયિક છે એમ જોવે છે. અમાયિક કહેતાં બ્રહ્મરૂપ છે, દિવ્ય છે એમ કહે છે. આવી દિવ્ય ભાવના એ જ બ્રહ્મવિદ્યા છે. બીજું, મોક્ષદાયી જેટલી વાતો હોય તે બધી સમજી-વિચારીને સવળી રીતે જ ગ્રહણ કરાય. ક્યારેય અવળું લે જ નહીં, તેને જ બ્રહ્મવિદ્યા કહેવાય.

भगवान अरु भगवान के दासा, ब्रह्मरूप रहे दिव्य प्रकाशा ।
प्राकृत भाव आवे ज्यां लगही, प्राकृत भक्त कहे तिया लगही ।।

ભગવાન અને ભગવાનના સંતો-ભક્તો સહુ બ્રહ્મરૂપ છે, ચૈતન્યની મૂર્તિ છે, જ્ઞાનાકાર છે; તેઓમાં હંમેશાં શ્રીહરિની દિવ્યતા પ્રકાશે છે; છતાં તેમાં જે પ્રાકૃતભાવ કે દેહભાવ પરઠે છે તે બધા પ્રાકૃત ભક્ત છે. તેને સાચી બ્રહ્મવિદ્યા હાથમાં જ આવી નથી. તે માયિક બુદ્ધિવાળો અને માયિક ભક્ત છે.

हरि संबंध जेती जेह बाता, यह लोक परलोक हि रहाता ।
ब्रह्मविद्या हे ताके नामा, अर्थ जान बिन लहत न ठामा ।।

જેને જેને શ્રીહરિનો સંબંધ થયો છે તે વાત, વ્યક્તિ કે વસ્તુ આ લોકની હોય કે પરલોકની હોય પરંતુ તેને દિવ્ય સમજવી એ જ સાચી બ્રહ્મવિદ્યા છે. આવી રીતે બ્રહ્મવિદ્યાને સમજતો નથી તેને કોઈ અર્થ સિદ્ધ થતા નથી. બીજાને બ્રહ્મરૂપ માનવા એ જ સાચી બ્રહ્મવિદ્યા છે અને એ જ બ્રહ્મગતિ કહેતાં આત્યંતિક કલ્યાણને પામે છે.

दोहा : **ब्रह्मरूप जीव करन हित, मैं धारे अवतार ।**
साधुरूप धरि फिरत हे, करन अनंत उद्धार ।।

શ્રીહરિ કહે, 'અનંત જીવોનો મોક્ષ કરવા અને બ્રહ્મરૂપ કરવા માટે આ વખતે અમે સંતરૂપે અવતાર ધર્યો છે. એકાંતિક સંતથી અધિક બીજી કોઈ વાત નથી. (૩/૪૯) 'સંતનો દ્રોહ કરે તે ગળું કાપ્યા બરાબર છે.' (૩/૫૨)

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'ગ્રંથની સર્વોપરીતા તથા શ્રીહરિના હૃદગત સિદ્ધાંતો કહ્યા' એ નામે સાડત્રીસમો અધ્યાય થયો. ॥૩૭॥

અધ્યાય - ૩૮

શ્રીહરિજીની સર્વોપરીતાનો પુરાવો

આધારાનંદસ્વામીએ શ્રીજીમહારાજ દ્વારા પ્રબોધિત ઉપાસના તેમજ તેમના અક્ષરધામ વગેરેનું વર્ણન આ ગ્રંથમાં બહુ જગ્યાએ સ્પષ્ટ રીતે

કર્યું છે. સ્વામીએ હ.ચ.સા.૩/૨૫માં કહ્યું છે,

चोपाई :

परम चैतन्य सत्य हि ज्ञाना, अनंत हे जाको न कभी प्रमाना ।
अक्षरब्रह्म कहत वेद जाकु, पुरुषोत्तम स्थान कहावे वाकु ॥

दोहा : **कोटि सूर्य सम कांति हि, एक एक रोम के मांहि ।**
ऐसे भक्त अनंत हि, रहत अलौकिक ताहि ।।
तेहि तेज शीतल महा, सुखमय अनंत अपार ।
काल को नहि प्रवेश तिहा, पुरुषोत्तम एक सिरतार ।।

શ્રીહરિનું અક્ષરધામ કેવું છે ? તો પરમ સત્ય છે, ચૈતન્યરૂપ છે, જ્ઞાન છે, અનંત છે; તેના પારને કોઈ પામી શકતું નથી. વેદો તેને અક્ષરબ્રહ્મ કહે છે. તે સર્વાવતારી શ્રીહરિને રહેવાનું ધામ છે. જેના એક એક રોમમાં કરોડો કરોડો સૂર્ય-ચંદ્ર સમાન કાંતિ છે એવા અનંત મુક્તો આ અક્ષરધામમાં રહે છે. આ ધામનું તેજ શીતળ અને શાંત છે. આ એક અલૌકિક સંમેલન છે. વળી, તે તેજ સુખમય, અને અતિશય અપાર છે. ત્યાં કાળ-માયાદિકનો પ્રવેશ નથી. અક્ષરધામમાં તો એક પુરુષોત્તમનારાયણ સહુના શિરમોડ કે સરદાર છે. આમ જ્યાં કાળ, કર્મ અને માયાનો પ્રવેશ નથી એવું મહા તેજોમય અને અપાર સુખ-શાંતિના સ્થાનરૂપ સર્વાવતારી શ્રીહરિનું અક્ષરધામ છે. આપણે બધાએ ત્યાં જવાનું છે. તે માટે એક તો શ્રીહરિની સર્વોપરી ઉપાસનાની દૃઢતા કરવી અને બીજું મહારાજની આજ્ઞાનું દૃઢપણે પાલન કરવું. અને એક સ્વામિનારાયણ ભગવાન સિવાય ક્યાંય પ્રીતિ રહેવા દેવી નહીં.

अनंत कोटि ब्रह्मांड को सुखा, अक्षर आगे सब लगत हे लूखा ।
एसो सुख अक्षर में रहेउ, अनंत सुख न बनत कीयेउ ।।
अनंत कोटि सुख अक्षर केरा, हरि के एक अंग में हे घनेरा ।
मूर्ति में एसो सुख हे अपारा, सो जानत कोउ जाननहारा ।।*(१/५२)*

તે અક્ષરધામનું કેવું સુખ છે ? તો અનંતકોટિ બ્રહ્માંડનું સુખ અક્ષરધામની આગળ અતિશય લુખ્ખું છે. અક્ષરધામમાં આવું અલૌકિક અને અનંત સુખ રહ્યું છે. તેનું કોઈથી વર્ણન થઈ શકે તેમ નથી. અને એવા અનંતકોટિ અક્ષરનું સુખ છે તે બધા કરતાં પણ સ્વામિનારાયણ ભગવાનના એક રોમમાં અનંતગણું સુખ રહ્યું છે. જેના એક રોમમાં આટલું સુખ હોય તો એવા શ્રીહરિનાં એક અંગમાં કેટલું સુખ રહ્યું હશે ? અને જેનાં એક અંગમાં એટલું સુખ હોય તો નખશિખ સદા સાકાર દિવ્ય કિશોરમૂર્તિ શ્રીહરિના સંપૂર્ણ સુખની વાત જ શું કહેવી?

વિધાત્રાનંદસ્વામી સહજાનંદ અર્થદીપિકામાં કહે છે કે, 'શ્રીજી-મહારાજની મૂર્તિના સુખ આગળ અક્ષરધામનું સુખ અતિ અલ્પ જણાય છે. અને તે અક્ષરધામના સુખ આગળ અનંતકોટિ બ્રહ્માંડના તમામ સુખ અતિશય તુચ્છ લાગે છે, લુખ્ખા લાગે છે.' આવી દિવ્ય-અલૌકિક સુખમય મૂર્તિ સ્વામિનારાયણ ભગવાન છે. તેમને આપણે પામવું હોય તો થોડું સાવધાન બનવું જોઈએ. કેવળ આ લોકના વિષયસુખના ચાળા ચૂથ્યા કરીએ અને અહીંની મોટાઈ વધારવાનો જ મોહ રહે તો મૂર્તિનો મહાઆનંદ હાથમાં નહિ આવે. માટે મહારાજની મૂર્તિના સુખની મોજું માણવા આજ્ઞા - ઉપાસનાની અતિશય દૃઢતા કરવી, સત્સંગ વધારવો. સેવા, સ્મરણ અને ભજન - ભક્તિ વધારવાં. જ્ઞાન - વૈરાગ્યાદિકની અતિશય દૃઢતા કરવી.

આપણે થોડીવાર આ માર્ગે ચાલીએ; વળી પાછા આ લોકની આબરૂ, ધન, માલ-મિલકત કે સ્ત્રી-પુત્ર-પરિવાર માટે દોટો દઈએ, તો જિંદગી પૂરી થઈ જાય અને જેને પામવાનું છે તે બાકી રહી જાય. માટે 'સુખ તો એક શ્રીહરિની મૂર્તિમાં જ છે' આ વાતની દૃઢતા કરી તેમને પામીને જ જંપવું છે; એવો પાકો ઠેરાવ કરવો તો જરૂર ભગવાન સહાય કરશે. અક્ષરબ્રહ્મ કરતાં પણ શ્રીહરિના એક રોમમાં અનંત-

અપાર સુખ રહ્યું છે. તે વાતને તો કોઈ જાણનારા જ જાણી શકે છે, વિરલ પુરુષો જ સમજી શકે છે. અને જેને આ વાત સમજાય છે તે મહારાજને મેળવવા દોટું કાઢે છે, તે આખો બદલાઈ જાય છે. જ્યાં સુધી આ વાત સમજાણી નથી ત્યાં સુધી દુઃખરૂપ એવા દેહ અને દુનિયામાં સુખ મનાય છે. જો મહારાજનો આનંદ સમજાય કે ચખાય તો જગત ઝેર થઈ જાય, ભૂંડો ઘાટ ન થાય અને એક મૂર્તિમાં જ માલ મનાય; એવો તે દિવ્યાનંદ છે.

શ્રીજીમહારાજે સમાધિ પ્રકરણ ચલાવ્યું તે વખતે મુક્તાનંદસ્વામીને ખૂબ ઉદ્વેગ થયેલો. ત્યારે એક દિવસ ખાખરાના વનમાં રામાનંદસ્વામીએ દર્શન દીધાં. રામાનંદસ્વામીએ મુક્તાનંદસ્વામીને જે કહ્યું તેનું વર્ણન તેમજ શ્રીજીમહારાજ કોણ છે ? તેની યથાર્થ વાત સ્વામી લખે છે કે,

हमार प्रतीत न तुमकु लेशा, बालक ज्युं करत मन क्लेशा ।
हमार स्वामी के स्वामी हे एहु, सत्य करीके मानो तुम तेहु ।।
अनंत प्रताप हरि जब देखाये, तोउ अब मन में न लाये ।
इनकी सेवा दुर्लभ हमारे, सो सहज मिलि हे तुमारे ।।

(હ.ચ.સા.૩/૩૩)

"હે મુક્તાનંદસ્વામી ! તમને મારી લેશમાત્ર પણ પ્રતીતિ નથી, વિશ્વાસ નથી; એટલે જ બાળકની જેમ મનમાં કલેશ કરો છો. અને આ સહજાનંદસ્વામીને ઓળખતા નથી. તમને એમ લાગે છે કે, મેં એક હિંદુસ્તાની બાળકને ગાદીએ બેસાડ્યો છે; પરંતુ સ્વામી, એ કોણ છે તમને ખ્યાલ છે ? આ સહજાનંદસ્વામી તો અમારા સ્વામી ગોલોકવાસી શ્રીકૃષ્ણ પરમાત્મા છે તેના પણ આ સ્વામી છે, અક્ષરાધિપતિ છે, સર્વનું કારણ છે. આ વાત તમે સત્ય કરીને માનજો.

આ સહજાનંદસ્વામીએ અનંત પ્રકારનો પ્રતાપ દેખાડી, અનંત લોકોને સહજમાં સમાધિ કરાવી, તમામ અવતારો પોતાની મૂર્તિમાં લીન થતાં દેખાડ્યા; છતાં તમને કેમ સમજાતું નથી ? સમાધિમાં બીજા

ધામધામના વાસીઓ તથા ધણીઓ કહે છે કે, 'આ શ્રીહરિ તો અમારું પણ કારણ છે. અનંત જીવોના ઉદ્ધાર માટે પુરુષોત્તમનારાયણ પ્રથમવાર પધાર્યા છે. અમે બધા માન મૂકી તેમને ભજીએ છીએ;' એવા શ્રીહરિની સેવા અમારે પણ દુર્લભ છે, તે તમને સહેજે મળી છે. માટે સમજી જાઓ અને તેમને સેવી લેજો. જેમ બાળકના હાથમાં ચિંતામણિ આવ્યો હોય તે કાંઈ સમજે નહિ, તેમ તમે કેમ કરો છો ?" આમ કહી રામાનંદસ્વામી અદૃશ્ય થયા. આ રીતે આ ગ્રંથમાં આધારાનંદસ્વામીએ પોતાના ગુરુનો અનુભવ પણ લખ્યો છે.

વળી, આધારાનંદસ્વામીએ આ ગ્રંથમાં શ્રીહરિ બદરિકાશ્રમમાં જાય છે ત્યારે નારાયણના મુખથી કહેવાયેલું મહારાજનું અપાર સર્વોપરીપણું લખ્યું છે. તથા લાડુદાન ગઢવી, કહેતાં બ્રહ્માનંદસ્વામીને સમાધિ થઈ એ પ્રકરણમાં પણ નરનારાયણ ભગવાનના મુખથી કહેવાયેલ શ્રીહરિની સર્વોપરીતાનું પ્રતિપાદન કર્યું છે. પર્વતભાઈના પ્રસંગે શ્રીહરિના સ્વમુખથી તેમની સર્વોપરીતા વર્ણવી છે. આ રીતે અનેક જગ્યાએ શ્રીજીમહારાજને સર્વોપરી સર્વાવતારી તરીકે વર્ણવ્યા છે, એવો અદ્‌ભુત આ ગ્રંથ છે. સ્વામીએ આ ગ્રંથ પોતાની છેલ્લી ઉંમરમાં લખેલો છે; એટલે પોતાના અનુભવો પણ આમાં સહેજે કંડારાયા છે.

ઈતિશ્રી સ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રથમાં શ્રીહરિજીની સર્વોપરીતાનું વર્ણન કર્યું છે તે વાત કહી' એ નામે આડત્રીસમો અધ્યાય થયો. ॥૩૮॥

અધ્યાય - ૩૯

અંતિમ ઉપસંહાર

આવી રીતે આધારાનંદસ્વામીનું સમગ્ર જીવન પૂર્ણપુરુષોત્તમ શ્રીસ્વામિનારાયણ ભગવાન તથા તેમના સંતો-ભક્તોની સેવામાં વીત્યું

છે. તેમજ સત્સંગની મા સદ્ગુરુ શ્રીમુક્તાનંદસ્વામીના સેવક અને લહિયા તરીકે જીવન વિતાવ્યું છે. તથા સંપ્રદાય માટે શ્રીહરિનાં ચરિત્રનો રસાસ્વાદ કરાવનાર મહાન કવિ એટલે આધારાનંદસ્વામી..! સ્વામિનારાયણ ભગવાનની મૂર્તિ સહુના મનમંદિર પર અંકિત કરાવનાર ચિત્રકાર એટલે આધારાનંદસ્વામી..! મંદિરના કારીગરો માટે માર્ગદર્શક તરીકે જીવન પસાર કરનારા એટલે આધારાનંદસ્વામી..!

પૂ.સ્વામીશ્રીમાં અનેક સદ્ગુણોનો અને કળાઓનો વાસ હતો. જેમ કે, (૧) આદર્શ કવિ, (૨) અનુપમ ચિત્રકાર, (૩) શ્રેષ્ઠ ગાયક, (૪) સુંદર સિતારવાદક, (૫) ઉત્તમ શિલ્પકાર, (૬) સર્વોત્તમ લહિયા, (૭) અનુપમ વ્યવહારદક્ષ અને (૮) નૂતન ગ્રંથ રચનાર વગેરે અનેક કળાઓનો સદ્.શ્રીઆધારાનંદસ્વામી ખજાનો હતા.

હવે તેમના થોડા દિવ્ય ગુણો વર્ણવું છું. સ્વામીને અનેકવાર શ્રીહરિએ મોજું આપી, પોતાની સાથે રાખ્યા; છતાં તેઓ ક્યારેય છલકાણા નથી. ક્યારેય કોઈનો અભાવ-અવગુણ લીધો નથી. સદા મહિમા સભર સહુમાં દિવ્યદૃષ્ટિ રાખી છે. તેમનામાં નિર્માનીતા, નિર્બંધતા, નિર્લેપપણું, સેવામાં શ્રદ્ધા, રાજી કરવાનો ઉત્સાહ, મોટા સંતોનો વિશ્વાસ, નિખાલસતા, સર્વોપરી નિષ્ઠા, દૃઢ વૈરાગ્ય, દેહનો અભાવ, આત્મનિષ્ઠા જેવા અનેક સદ્ગુણો ઊડીને આંખે આવે એવા હતા. આમ, સ્વામી લૌકિક કળાઓ અને અલૌકિક સદ્ગુણોના નિધિ સમાન હતા.

પૂ.સ્વામીશ્રી પોતાના જીવનમાં ૧૭ વર્ષ ગૃહસ્થાશ્રમમાં રહ્યા, ૧૪ વર્ષ શ્રીહરિની સાનિધ્યે રહ્યા અને શ્રીહરિ સ્વધામ પધાર્યા બાદ ૪૧ વર્ષ આ સત્સંગમાં રહ્યા. આમ, સ્વામીએ કુલ ૭૩ વર્ષ સુધી અવની ઉપર રહી સંપ્રદાયની અવર્ણનીય સેવા કરી છે. સં.૧૯૨૮ માગશર સુદ-૭, તા.૧૮/૧૨/૧૮૭૧ ને સોમવારના રોજ સ્વામી

અક્ષરવાસી થયા. આવા સદ્‌ગુરુશ્રી આધારાનંદસ્વામીને છેલ્લે ટૂંકમાં વંદના કરીએ. અને તેમના સદ્‌ગુણોને સંભારીને શ્રીહરિ તથા સ્વામી પાસે માંગણી કરીએ કે, 'અમને પણ આપના જેવા સદ્‌ગુણો અને સમજણ આપજો.' સ્વામી અનેકના આદર્શ હતા.

દોહા : **આવા આપણા સહુના, જીવન ઉદાહરણ રૂપ;**
અનેક કળા ને ગુણોના, ધામ હતા સુખરૂપ...૧૩૨
નિર્માનીતા અતિ શ્રદ્ધા, પ્રેમી પ્રગટ વિશ્વાસ;
હરિ દીક્ષિત હોવા છતાં, મુક્ત મુનિના દાસ...૧૩૩
ગુણ કળાની ખાણ છતાં, રહ્યા સહુના મજૂર;
ક્ષણ પણ નિજ હૃદયથી, પ્રભુ કર્યા નહિ દૂર...૧૩૪
આધારાનંદ સિદ્ધ યોગી, હરિ મરજી મૂર્તિમંત;
પ્રગટ પ્રભુના હૃદય સમા, અતિ લાડીલા સંત...૧૩૫

પોતે શ્રીહરિના દીક્ષિત હોવા છતાં મુક્તાનંદસ્વામીના દાસ બનીને રહ્યા હતા. સત્સંગના મજૂર બનીને રહ્યા હતા. અનેક ગુણો અને કળાની ખાણ હોવા છતાં હૃદયથી સત્સંગના મજૂર બનીને રહે તેને મારા મહારાજ ક્યારેય દૂર કરતા નથી. આવા આધારાનંદસ્વામી શ્રીહરિની મરજીના મૂર્તિમંત સ્વરૂપસમા હતા. અનેકના તે લાડીલા સંત હતા. સ્વામી મહારાજની મરજી સમજીને 'શ્રીહરિચરિત્રામૃતસાગર' જેવા મહાકાય ગ્રંથને અધૂરો મૂકી અખંડ શ્રીહરિની સેવામાં પહોંચી ગયા. આ સંત જે દિવસે અક્ષરવાસી થયા તે દિવસે સ્વામીના સદ્‌ગુણોને, તેમની ડૂબીને સેવા કરવાની ભાવનાને, તેમના દાસત્વને અને તેમના ઉપકારોને સંભારીને આખો સત્સંગ રડ્યો હતો.

સંભારી ઉપકારને, રડ્યો હતો સતસંગ;
આવા સંત ગયા ધામમાં, તેથી થ્યાતા મનભંગ...૧૩૬

આવા આધારાનંદને, કરીએ કોટિ વંદન;
એના જેવા ગુણ માગીએ, પ્રાર્થીએ પ્રાણજીવન...૧૩૭
જે જે ગાયા આખ્યાનમાં, પૂજ્ય સ્વામીના ગુણ;
તેથી તેમાં અનંત હતા, પાર પામે જન કુણ...૧૩૮
તે સર્વે ગુણ આપજ્યો, શ્રીજી ને સિદ્ધાનંદ;
જ્ઞાનજીવન કહે રહો, રાજી સહજાનંદ...૧૩૯

સ્વામી ધામમાં ગયા ત્યારે અનેક સંતો-ભક્તો ઉત્સાહભંગ થયા હતા, હૃદયથી રડ્યા હતા.

❊ આધારાનંદસ્વામીની શિષ્ય પરંપરા :

યોગીરાજ ગોપાળાનંદસ્વામીના શિષ્યના શિષ્ય પુરાણી રૂગનાથ-ચરણદાસજીસ્વામીના હસ્તલિખિત ખરડા મુજબ આધારાનંદ સ્વામીને બે શિષ્યો હતા : (૧) નાર ગામના પુરાણી આનંદજીવનદાસજીસ્વામી (૨) ડભાણ ગામના સુજ્ઞસંત સદ્‌ગુરુ હરિપ્રિયદાસજીસ્વામી. વળી, અલીંદ્રા ગામના પાર્ષદ શામજીભગતે પણ આધારાનંદ સ્વામીની ખૂબ સેવા કરેલી. સ્વામી ધામમાં ગયા બાદ હરિપ્રિયદાસજીસ્વામીએ તેમને દીક્ષા અપાવી વૈકુંઠચરણદાસજીસ્વામી નામ રાખ્યું હતું. તેમના બે શિષ્ય હતા : (૧) મહેળાવ ગામના નારાયણસ્વરૂપ દાસજીસ્વામી અને (૨) સંજાયા ગામના માળી પાર્ષદ ઝવેરભગત હતા. તેમણે શ્રીહરિચરિત્રામૃતસાગરનો પાઠ કરેલો. નારાયણ-સ્વરૂપસ્વામીને બે શિષ્યો : (૧) પુરાણી નંદકિશોરદાસજીસ્વામી (૨) નિરન્નમુક્તદાસજી સ્વામી. તેમાં પુરાણી નંદકિશોરદાસજીસ્વામીના બે શિષ્યો : (૧) પુ.ભક્તિકિશોરદાસજીસ્વામી (૨) શા.ઘનશ્યામપ્રકાશ દાસજીસ્વામી-કંડારી (હાલ ચેરમેન-વડતાલ).

જેઓને સર્વાવતારી શ્રીસ્વામિનારાયણ ભગવાન ગુરુસ્થાને આજીવન માનતા રહ્યા એવા સત્સંગની મા મુક્તાનંદસ્વામીની સાતમી પેઢીએ

સદ્‌ગુરુ શાસ્ત્રી શ્રીઘનશ્યામપ્રકાશદાસજીસ્વામી હાલ સત્સંગને દીપાવી રહ્યા છે. શાસ્ત્રીસ્વામી દ્વારા આધારાનંદસ્વામીનું કુળ ઘણું જ વિસ્તારને પામ્યું છે. આજે શાસ્ત્રીસ્વામીને પચાસથી ઉપરાંત ત્યાગીઓનું મંડળ છે અને હજારો સદ્‌ગૃહસ્થ શિષ્યો છે. લોયા, કંડારી, નાવલી, વડોદરા તથા વિદેશમાં અનેક મંદિર-સંસ્થા અને ગુરુકુળ દ્વારા તેમનું બહોળું વિદ્વાન અને સંસ્કારી શિષ્યમંડળ અતિ દાખડો કરીને સત્સંગને ખૂબ વધારી રહ્યા છે. એવં અનેક સંસ્કારી એકાંતિક સદ્‌ગૃહસ્થ ભક્તોનું નિર્માણ કરી રહ્યા છે. એવી રીતે સ્વામિનારાયણ સંપ્રદાયનો ખૂબ જ વિકાસ થઈ રહ્યો છે. શ્રીહરિકૃષ્ણ મહારાજની સર્વોપરિ ઉપાસના, એકાંતિકધર્મ અને શ્રીહરિના મૂળ સૈદ્ધાંતિક મૂલ્યના પાયા ઊંડા રોપાઈ રહ્યા છે અને અનેક ભક્તો અક્ષરધામને પામી રહ્યા છે. તે જોઈને આધારાનંદસ્વામી, મુક્તાનંદસ્વામી, ખુદ શ્રીહરિ અને મારા જેવા અનેક સંતો-ભક્તો ખૂબ રાજી થઈ રહ્યા છે.

પૂ.શા.શ્રીઘનશ્યામપ્રકાશદાસજીસ્વામી કહે, મારા ગુરુ કહેતા કે, ‘જ્યારે આચાર્ય શ્રીરઘુવીરજી મહારાજ આ મહાકાય ગ્રંથ લખવા માટે આધારાનંદસ્વામીને વડતાલ લાવ્યા. ત્યારે તેમને સાઠી ખાતાના મંડળમાં ઉતારો આપેલો. હાલ પણ વડતાલમાં સંતોની ધર્મશાળાના વચલા મંજુકેશાનંદસ્વામીના આસનથી પૂર્વ તરફ સ્વામીની પરંપરાના સંતોના કબાટ છે.’ વળી, તેમની પરંપરા તથા જૂના ખરડા મુજબ વડતાલમાં હાલ બુરંજ છે તેની નીચેનો ઓરડો મુક્તાનંદસ્વામીનો કહેવાતો. તે સ્થળે બેસીને જ સદ્.શ્રીઆધારાનંદસ્વામીએ આ મહાકાય શ્રીહરિ-ચરિત્રામૃતસાગર ગ્રંથ રચ્યો છે.

વળી, આજે તો શાસ્ત્રીશ્રી જ્ઞાનપ્રકાશદાસજીસ્વામીએ ખૂબ જ મહેનત કરીને તેનો ગુજરાતીમાં અનુવાદ કર્યો છે. અને શાસ્ત્રીશ્રી હરિપ્રકાશદાસજીસ્વામીએ ગાંધીનગર ગુરુકુળ દ્વારા બાર ભાગમાં

પ્રકાશિત કરી સત્સંગનું અદ્વિતીય કામ કર્યું છે. અને અમે મૂળ હિન્દી શ્રીહરિચરિત્રામૃતસાગર ગ્રંથ પૂર્તિ કરીને સંપૂર્ણ ગ્રંથ બાર ભાગમાં પ્રકાશિત કરવાનો નિર્ધાર કર્યો છે. તેનું લોકાર્પણ ટૂંક સમયમાં જ સં.૨૦૬૮ના કાર્તિક સુદ લાભપાંચમ થી કાર્તિક સુદ આઠમ સુધી તીર્થધામ કુંડળમાં ભવ્ય રીતે યોજાનાર **'શ્રીહરિચરિત્રામૃતસાગર પૂરશ્ચરણ મહોત્સવ'**માં કરાશે.

આવા અલૌકિક ગ્રંથના રચયિતા આધારાનંદસ્વામીનાં શ્રીચરણોમાં કોટિ કોટિ વંદના કરીએ અને ગદ્ગદિતભાવે પ્રાર્થનાપૂર્વક શ્રીહરિ પાસે માંગણી કરીએ કે, **'હે વહાલા મહારાજ ! અમને પણ સ્વામીના જેવા સદ્ગુણો આપજો. તેમના જેવું દાસત્વ આપજો. સેવામાં શ્રદ્ધા અને અહંશૂન્યતા આપજો.'** જો કે સ્વામીમાં અનંત ગુણો હતા. તેમાંથી આપણે તો અહીં થોડા લખ્યા છે. સમુદ્રને કિનારા હોય છે પરંતુ મહાપુરુષોના સદ્ગુણોને કિનારા હોતા નથી, એ તો અસીમ હોય છે. જેમ ભગવાનના ગુણોનો પાર નથી તેમજ સંતના ગુણોનો પણ પાર પામી શકાતો નથી. બસ એવા સંતોના સેવકના સેવક બનીને રહીએ. માત્ર મહારાજ અને મોટાના રાજીપાને જ સાધ્ય માનીએ તથા જેમ જળે પત્ર વહે તેમ મોટાની તથા મહારાજની મરજીમાં રહી તેમને રાજી કરવા સેવા-ભક્તિ કરતા રહીએ; એ જ શ્રીહરિનાં ચરણોમાં પ્રાર્થના...

આ રીતે આ **'શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન'** ગ્રંથમાં **સંવત્ ૨૦૬૭ આસો સુદ પૂનમ, તારીખ ૧૨/૧૦/૨૦૧૧ બુધવાર**ના રોજ ઉતાવળી નદીને તીરે તીર્થધામ કુંડળમાં આ પાંચ પ્રકરણ પૂર્ણ થયા છે. જેમાં પ.પૂ.સદ્.શ્રીસ્વરૂપાનંદસ્વામી, પ.પૂ.સદ્.શ્રીનૃસિંહાનંદસ્વામી, પ.પૂ.સદ્.શ્રીશુકાનંદસ્વામી, પ.પૂ.સદ્.શ્રીભાયાત્માનંદસ્વામી તથા પ.પૂ.સદ્.શ્રીઆધારાનંદસ્વામી – આ પાંચ સંતોના જીવનને સંશોધન કરીને લખ્યા છે.

દોહા : સર્વોપરી હે શ્રીહરિ, તવ વ્હાલા સર્વે જન;
ગ્રંથ લેખનથી મુજ પર, થજો સર્વે પ્રસન્ન...૧૪૧
સહુની પ્રસન્નતા ચાહુ છું, કર જોડી જ્ઞાનજીવન;
કર્યું કરાવ્યું શ્રીહરિ તમે, નિમિત્ત બન્યું મમ જીવન...૧૪૨

ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે પંચમ પ્રકરણે સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીના આખ્યાનમાં 'સ્વામીના આખ્યાનનો અંતિમ ઉપસંહાર કહ્યો' એ નામે ઓગણચાલીસમો અધ્યાય થયો. ॥૩૯॥

ઈતિ સદ્.શ્રીજ્ઞાનજીવનદાસજીસ્વામી લિખિત
શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન મધ્યે
સદ્‌ગુણમૂર્તિ સદ્‌ગુરુ શ્રીઆધારાનંદસ્વામીનું આખ્યાન કહ્યું
એ નામે પંચમ પ્રકરણ સમાપ્ત ॥૫॥

॥ ઈતિ શ્રીસ્વામિનારાયણીય સંતઆખ્યાન ભાગ-૧ સમાપ્ત ॥

સંદર્ભ ગ્રંથ તથા સંકેતસૂચિ

૧.	વચ.	:	વચનામૃત
૨.	શિક્ષાપત્રી	:	શિક્ષાપત્રી
૩.	હ.લી.	:	હરિલીલામૃત
૪.	શ્રીહ.ચ.ચિં.	:	શ્રીહરિચરિત્રચિંતામણિ *(ભાગ-૧ થી ૩)*
૫.	ભાયા. વાત	:	સદ્.શ્રીભાયાત્માનંદસ્વામીની વાતો
૬.	શ્રીહ.કૃ.ચ.સા.	:	શ્રીહરિકૃષ્ણચરિત્રામૃતસાગર
૭.	હ.કૃ.લી.સા.	:	શ્રીહરિકૃષ્ણલીલામૃતસાગર
૮.	સ.જી.	:	સત્સંગિજીવન
૯.	ભ.ચિં.	:	ભક્તચિંતામણિ
૧૦.	નિ.કાવ્ય	:	નિષ્કુળાનંદ કાવ્ય
૧૧.	હ.ચ.સા.	:	શ્રીહરિચરિત્રામૃતસાગર
૧૨.	ગો.સ્વા. વા.	:	સદ્.શ્રીગોપાળાનંદસ્વામીની વાતો
૧૩.	ગુ.સ્વા. વા.	:	સદ્.શ્રીગુણાતીતાનંદસ્વામીની વાતો
૧૪.	ઉપદેશામૃત	:	ઉપદેશામૃત
૧૫.	ઉ.મા.	:	ઉન્મત્તગંગામાહાત્મય
૧૬.	દુ.મા.	:	દુર્ગપુરમાહાત્મ્ય
૧૭.	હ.લી.ક.	:	શ્રીહરિલીલાકલ્પતરુ
૧૮.	અક્ષર. વા.	:	સદ્.શ્રીઅક્ષરાનંદસ્વામીની વાતો
૧૯.	સ્વા.ના.ચ.ર.	:	શ્રીસ્વામિનારાયણ ચરિત્રરત્નાકર
૨૦.	મો.વાતો	:	મોનજીભગતની વાતો
૨૧.	નિર્ગુણ. વાત	:	નિર્ગુણદાસજીસ્વામીની વાતો
૨૨.	સ.ચ.	:	સહજાનંદ ચરિત્ર
૨૩.	ઘ.લી.સા.	:	ઘનશ્યામલીલામૃતસાગર
૨૪.	પુ.ચ.	:	પુરુષોત્તમ ચરિત્ર *(કવિ દલપતરામ કૃત)*

૨૫. લીલાચરિત્ર	:	લીલાચરિત્ર
૨૬. હ.ચ.ચિં.	:	હરિચરિત્રચિંતામણિ *(વાસુદેવચરણસ્વામીકૃત)*
૨૭. લી.ચિં.	:	લીલાચિંતામણિ *(શાસ્ત્રી લક્ષ્મીરામકૃત)*
૨૮. પુ.ચ.પુ.	:	પુરુષોત્તમચરિત્રપુષ્પમાળા *(વાઘજીભગતકૃત)*
૨૯. સ્વા.ના.ચ.ચિં.	:	શ્રીસ્વામિનારાયણ ચરિત્ર ચિંતામણિ
૩૦. સ્વા.ના.વિ.લી.	:	સ્વામિનારાયણ વિચરણ લીલામૃત *(પ્રસાદાનંદસ્વામીની વાતો)*
૩૧. આચાર્યોદય	:	આચાર્યોદય
૩૨. હ.વા.સુ.	:	હરિવાક્યસુધાસિંધુ *(સેતુમાળાટીકા)*
૩૩. શુક.વાત	:	શુકાનંદસ્વામીની વાતો
૩૪. અ.પૂ.વા.	:	અક્ષરપુરુષદાસજીસ્વામીની વાતો
૩૫. હ.પ્રિ.ચો.	:	સદ્.શ્રીહરિપ્રિયદાસજીસ્વામીનો ચોપડો
૩૬. જુના ખરડા	:	નથુરામ દાડમાવાળાનો ચોપડો
૩૭. ભાગવત	:	શ્રીમદ્ભાગવત પુરાણ
૩૮. રામાયણ	:	રામચરિત્માનસ
૩૯. ભ.ગી.	:	શ્રીમદ્ભગવદ્ગીતા
૪૦. મ.ભા.	:	મહાભારત
૪૧. જાડેજા વંશનો ઇતિહાસ		



પરાત્પર, પૂર્ણપુરુષોત્તમ, સર્વાવતારી, અક્ષરધામાધિપતિ શ્રીહરિજી પૃથ્વી પર પ્રગટ થયા. તેમની સાથે અનંત મુક્તો પણ આવ્યા. **તે બધાએ ભેગા મળી મુમુક્ષુને સહેજે પરમેશ્વરની પ્રાપ્તિ કેમ થાય ? તેના માટેનું નવલું નાટક કર્યું. તે નાટકના પ્રત્યેક પાત્રો જાણવા-માણવા જેવા અનુપમ છે.** શ્રીહરિના સહચરો એક જૂઓ ને બીજા ભૂલો તેવા છે. તેથી તેમને વિશે લખવું મારા જેવાને તો ઘણું કઠણ પડે તેમ છે.

પરંતુ શ્રીહરિજી, યોગીરાજ સદ્.શ્રીગોપાળાનંદસ્વામી તથા મારા ગુરુવર્ય સદ્.શ્રીરાધારમણદાસજીસ્વામી-ખાનદેશી(વડતાલ), તેમજ સર્વે વહાલા વહાલા સંતો-ભક્તોની કૃપા, ઇચ્છા અને પ્રેરણાથી જ આ કાર્ય સહજ અને સરળ થયું છે. મારો ખુદનો અનુભવ છે કે, **'એક સાધકની સિદ્ધદશા સુધીની જીવનયાત્રા બીજા અનેક સાધકોને જેવી પથદર્શક, બળપોષક, વિઘ્નનિવારક અને ભવતારક બને છે તેવી બીજી કોઈ વાત બનતી નથી.** આ મહાન સંતોના જીવનકવનને વ્યવસ્થિત સંશોધન કરી-કરાવીને ગ્રંથરૂપે જો તૈયાર કરવામાં આવે તો તે લુપ્ત નહિ થાય. અને લાંબા કાળ સુધી દરેક સાધકોને સિદ્ધદશા સુધી લઈ જવામાં અતિ ઉપયોગી થાય.' આવું વિચારી **સર્વના રાજીપાર્થે આ આખ્યાનો લખવાનો કિંચિત દાખડો કર્યો છે. આમાં સારું હશે તે શ્રીહરિ અને નંદસંતોનું હશે.** અને જે નબળું હશે તે મારી નબળાઈ હશે. તેથી સહુ સુજ્ઞ વાચકજનો નીર-ક્ષીર ન્યાયે ગ્રહણ કરી મને રાજીપો આપશો. એ જ અપેક્ષા સહ...

લિ.સ્વામી જ્ઞાનજીવનદાસના ભાવથી જય શ્રીસ્વામિનારાયણ

-: પ્રકાશક :-

શ્રીસ્વામિનારાયણ મંદિર કુંડળધામ તથા કારેલીબાગ-વડોદરા

ISBN 978-93-83456-08-6